HISTORY OF THE KAIANIANS:

BEING

An account of the grand deeds and achievements of the great and popular hero Rustam.

From various Sources, with copious Notes and Appendices.

BY

Palanji Barzoji Desai,

Author of the "History of the Kings of Persia," &c.

Hamá námdárán-o bá jáh-o áb—
Chu Tūr-o chu Salm-o chu Afrásiyáb;...
Chu Káūs Kai Khusrav-i tájvar;
Chu Rustam, chu Ruintan-i námvar;...
Hamá námvar sháh-i Lohrásp-rá;
Zarīr-i sapchdár-o Gushtásp-rá;
Hamé mordeh az ruzgár-i daráz,
Shud az gofte man námishán zindeh báz.—

FIRDAUSI.

BOMBAY.
1916.

તંવારીખે કયાનીઆન:

યાને

કયાની શાહનામું.

કયાની તબક્કાના યજદાંપરસ્ત પાદશાહોની જેહાંપેહલવાનં રૂસ્તમે બજાવેલી મહાભારત રાજ્ય સેવાઓનાં રસીલાં દાસ્તાનો.

અવસ્તા, પેહલવી, ફારસી અને ઈંગ્રેજી ગ્રંથોને આધારે, તેમજ નવી તવારીખી રોશનીને આધારે, પુષ્કળ નોટો અને ખાસ વધારાઓ સાથે,

રચનાર

પાહલનજી બરજોરજી દેશાઈ,

તે "તારીખે શાહાને ઈરાન" વગેરેના કર્ત્તા.

"જાહોજલાલી અને દમામવાળા નામદાર પાદશાહો અને પેહલવાનો, જેવા કે—તૂર અને સલમ અને અફ્રાસિયાબ,...કાઉસ અને તાજદાર કયખુસરૂ; રૂસ્તમ અને અસ્ફંદિયાર જેવા નામદાર શૂરવીરો;...વળી નામદાર શાહ લોહરાસ્પ અને જરીર અને શાહ ગુસ્તાસ્પ;—તેઓ સર્વેજણા જોકે લાંબી મુદ્દત થઈ મરણ પામ્યા છે તોપણ મારાં (શાહનામાનાં) બયાનથી તેમનાં નામો પાછાં જીવતાં થયાં છે."—**ફિર્દુસી.**

મુંબાઈ.

ઈસવી ૧૯૧૯.

યજદેઝર્દી ૧૨૮૫.

આ પુસ્તક ધી જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઑરફ્નેજ કૅપટાન પ્રિંટીંગ વર્કસ, નાં૦ ૧૪૧, લાલબાગ, પરેલ, મુંબઇમાં મેહરજી એરાંમજી મીહાઇવાળાએ છાપ્યું છે, અને પાહલનજી બરજોરજી દેશાઇએ મુંબઇમાં ધોબી સ્ટ્રીટ, નાં૦ ૭૪, કોટ, મધે છપાવી પ્રગટ કર્યું છે.

મર્હુમ શેઠ કાવસજી દીનશાહ એદનવાળા, સી૦ આઇ૦ ઇ૦,

જેઓ ગયા જમાનાના ઝળકતી કારકિર્દીવાળા પ્રખ્યાત જરતોસ્તી
અકાબરો મધેના એક હતા,

તથા જેઓ જરતોશ્તી ફિર્કા તરફ સદા દયા અને દિલસોજી
ધરાવતા હતા,

અને જેમનું નામ એક પારસી શાહ સોદાગર તરીકે મશહુર છે,
તેમનાં અશો ફરોહરની ભલી યાદમાં આ પુસ્તક,

કે જે

પુરાતન કથાની અને જરતોશ્તી જાહોજલાલીનાં અસરકારક
બયાનોથી ભરપુર છે,

તે

માન સહિત અર્પણ કર્યું છે.

દીબાચો.

ફિર્દુસીના શાહનામામાં જો સૌથી સરસ ભાગ જોશો તો તે કયાની પાદશાહોને લગતાં બયાનોનો છે. તે જેમ રસીલો, જુસ્સાદાર, તેમ ધર્મનો એનેકાદ ઉત્પન્ન કરનારો ભાગ છે. આં તે ભાગ છે કે જેમાં કયકાઉસ જેવા એલમનાં શોકીન શાહનું બયાન આપણે વાંચિયે છિયે, જેમાં કયખુસરૂ જેવા લોકપ્રિય યાને પ્રજાપ્યારા શાહનું વર્ણન આપણી આગળ રજુ થાય છે. વળી આ તે ભાગ છે કે જેમાં અશો જરતોસ્ત જેવો મોટો ધર્મસ્થાપક દેખાત દે છે અને જેના પવિત્ર મજહબને પાદશાહી ટેકો આપનાર શાહ ગુસ્તાસ્પ ઇરાનનાં તખ્ત ઉપર બિરાજતો જણાય છે, કે જે પોતે અખ્તિયાર કીધેલી ભલી દીનને ખાતર શત્રુ સાથ લડાઇમાં ઉતરે છે, પોતાના સપેહસાલાર જેવા ભાઇ અને બેટાઓ અને પાદશાહી ખાન્દાનીઓના ભોગ આપે છે, અને તોપણ દીનને ખાતર લડીને શેવટની ફતેહ મેળવે છે.

કયકોબાદથી કયાની વંશની શુરૂઆત થાય છે, અને આ શાહથી ગુસ્તાસ્પ સુધીના સઘળા શાહોનાં નામો અવસ્તાનાં પુરાણાં ભણુતરમાંથી મળે છે. આ પુરવાર કરે છે કે આ સઘળા શાહો જોકે તવારીખના જમાના આગમજ થઇ ગયા હતા તોપણ તેઓ કલ્પિત નહિ પણ હસ્તી ભોગવી જનારા પાદશાહો હતા. વળી ગુસ્તાસ્પ શાહનાં અમલ વેળા અશો જરતોસ્તે નવી દીન જાહેર કીધી હતી, અને જરતોસ્ત એક હૈયાત પુરૂષ સાબેત થયો છે, માટે તેની હૈયાતીને આધારે ગુસ્તાસ્પની હસ્તીને વધારે મજબુત ટેકો થાય છે. આ શાહોમાંના માત્ર બે —કયખુસરૂ અને ગુસ્તાસ્પ—નાં સંબંધમાંજ અવસ્તામાંથી લગાર વધુ ઇશારા મળે છે; બાકીના શાહોનાં તો નામો સિવાય વિશેષ કાંઇ જણાતું નથી.

હવે દાનેશમંદ વાંચનાર સવાલ કરશે કે આટલા ટુક ઇશારા અવસ્તાવાણીનાં ભણાણો-માંથી મળી આવે છે તે ઉપરથી શું આ કયાની પાદશાહોનાં શાયર ફિર્દુસીએ આપેલાં વર્ણનને તવારીખનું નામ આપી શકાશે? આપણા નામાંકિત શાયર તરફનાં સઘળાં માન અને હેશાન છતાં એક અપક્ષ લેખક તરીકે અમારે કબૂલ કરવું જોઇએ કે શાહનામામાં આપેલાં આ શાહોનાં સઘળાંજ બયાનને તવારીખનું નામ આપી શકાશે નહિ. "તવારીખ" શબ્દ "તારીખ"નું બહુવચન છે, અને તારીખ સાથના જે બનાવો તે શુધ્ધ, સહી અને બરૂસે-દાર ગણાવા જોઇયે. આપણાં શાહનામામાં આવી તારીખ શોધવા જઇશું તો તે મળનાર નથી, માટે તેને "તવારીખ"નું નામ આપી શકાશે નહિ. અગત્ય કરીને કયાની પાદશાહોનાં ઘણાં ખરાં બયાનો તો તવારીખ તરીકે લખાશેજ નહિ. છતાં આટલું કબૂલ રાખવું પડશે કે આપણાં શાયરે આપેલાં વર્ણનોમાંના કોઇ કોઇ બનાવો દંતકથાને બદલે તવારીખનો ખયાલ આપનારા છે, તો જોકે તેઓને બનવાના દહાડા વાર યાને તારીખ મુકરરર કરવી કેવળ અશકય છે.

હવે આવી તારીખવાર નોંધો વિનાના આ ગ્રંથને અમે "તાવારીખ"નું નામ આપ્યું છે તે બરાબર તો નથીજ, તોપણ તેમ કરવાંનો એકજ સબબ છે અને તે એ કે અમારા આગળા ગ્રંથો—"તવારીખે હખામનીઆન" અને "તવારીખે સાસાનીઆન,"—ને મળતોજ ઇરાનમાં રાજપાટ ભોગવી જનારા નામીચાં અને પારસી કોમને મોઢે ચઢી

ગયલાં ક્યાની ખાન્દાન અથવા વંશનો આ ગ્રંથ છે, જેથી તેને અમે "તવારીખ"ને નામે ઓળખાવવાનું દરસ્ત ધાર્યું છે. તોપણ તેનું બીજું નામ "ક્યાની શાહનામું" આપવાનું અમને વાજબી લાગ્યું છે. આ ગ્રંથમાં મોટે ભાગે વાંચનાર દંતકથાઓ અને કહાણી કિસ્સા જેવા હેવાલો જોશે, પણ તે કિસ્સાઓ અને દાસ્તાનો સાથ જગપ્રસિધ્ધ રૂસ્તમ પેહલવાનનું નામ જોડાયલું છે તેથી આ ગ્રંથની રસીકતામાં ઘણો વધારો થાય છે. બીજી કહાણીઓથી આ ગ્રંથ એકજ બાબતમાં જુદો પડે છે, અને તે એ કે આમાં કેવળ કલ્પનાથી સઘળી રચના થઇ નથી, પણ હસ્તી ભોગવી ગયલા પાદશાહોને લગતી ઘટતી ઓછી સાચી વાતો પણ જોડાયલી છે, કે જે હકીકતોની આસપાસ શાયરી વગેરેહ અને કલ્પનાશકિતની મજાહદાર રચનાનું પડ ફરી વળેલું છે. ખરૂં કહિયે તો શાયરાન શાયર ફિર્દુસીએ અસલ વાતોને જાળવી રાખવા માટે તેમને પોતાની મનશકિતનાં બળથી બીજી વાતો વચ્ચે લપેટી લીધી છે, અને આમ કરીને તે નામાંકિત નરે આપણા ક્યાની શાહોનાં નામો અને કામોને સલામત રાખવાની તારીફલાયક તજવીજ કીધી છે. આ કામ બજાવતાં આપણા શાયરે આસપાસની પ્રજાઓના કેટલાક કહાણીકિસ્સાઓ અને વાર્તાગ્રંથોને પોતાની મદદમાં લીધેલા જણાય છે, અને જો અમો ભુલતા ન હોઇયે તો કેટલીક પારકી વાર્તાઓમાં જરૂર જોગો નામ ઠામ વગેરેનો ફેરફાર કરીને તેમને ઇરાની દાસ્તાનનું રૂપ બહુ શિફતથી આપી દીધું છે. આ માટે શાયર અનેક ઠેકાણે પોતાના પારકા આધારના ઇશારા કરી ગયો છે તે બતાવી આપે છે કે પોતાની કલ્પના શકિતને કામે લગાડવા ઉપરાંત તેને બીજી તરફની મદદની પણ જરૂર જણાઇ છે.

આ પુસ્તકમાં મૅશર્સ વૉર્નર ભાઇઓએ કરેલા "The Shahnama of Firdausi" નામના ગ્રંથનો અમે મૂખ્ય આધાર લીધો છે, કે જે ફિર્દુસીનાં શાહનામાંનો સૌથી છેલ્લો ઇંગ્રેજી તરજુમો છે, છતાં આ ગ્રહસ્થોના તરજુમા ઉપરથી તરજુમો નહિ કરતાં અમારા આગળા ગ્રંથોમાં જે ગોઠવણ અમે પસંદ કીધી છે તેજ ગોઠવણને અનુસરીને આ પુસ્તક રચવામાં આવ્યું છે. આમાં અમને આપણા શાયરથી વેગળા જવાના અનેક સબબ જણાયા છે તે અમે ઠેકાણે ઠેકાણે બતાવ્યા છે. અહીં અમે પુષ્કળ નોટો મારફતે કેટલોક ગુચવાડો દૂર કરવાની બની શક્તી તજવીજ કીધી છે, તથા કેટલીક વિશેષ બાબતો ખાસ વધારા તરીકે જુદી લખી છે.

વળી આ ગ્રંથને ખરેખરી શોભા આપવા માટે અમે પેગમ્બર સાહેબ અશો જરતોસ્તનું જન્મ ચરિત્ર દાખલ કીધું છે, કે જેથી આ પુસ્તકનાં ઘણાં પાનાં રોકાયાં છે. આ જન્મ ચરિત્ર એક નહિ પણ ત્રણ જુદાં જુદાં છે. ગાથા અને અવસ્તાવાણીમાંથી આ મહા પુરૂષના સંબંધમાં જે હકીકત મળેછે તે જુદી ઉતારી છે, ત્યારપછી પેહલવી લખાણોમાંથી મળતી બિનાનું જુદું પ્રકરણ બનાવ્યું છે, અને છેલ્લે ફાર્સી જરતોસ્ત નામાનો જુદો ઇતેખાબ આપ્યોછે. આ રીતે મળી આવતી હકીકતોને જુદી પાડવાનો ખાસ સબબ એ છે કે પેગમ્બર સાહેબના સંબંધમાં અસલ શું અને કેટલું છે તથા ત્યાર પછી શું અને કેટલું મળે છે તે એને જોડી નાખ્યાથી વાંચનારને જે ગુચવાડો પેદા થાય તે દૂર કરવો અને આગળું શું તથા પાછલું શું તેનું તોલ કરવાનું તેનીજ સારી સમજ અને મુનસફી ઉપર રાખવું.

આ પુસ્તકમાં કેટલાંક ઇરાની નામોને તેમના અસલ અવસ્તાઇ તેમજ ફારસી ઉચ્ચાર સાથ લખવાની સંભાળ રાખવામાં આવી છે. અગત્યકરીને ઇંગ્રેજી z નો કે zh ના ઉચ્ચારને મળતાં અવસ્તા, પેહલવી અને ફારસી નામો ગુજરાતી ભાષામાં લખતી વેળા મોટો ગુચવાડો થાય છે, કારણકે આ છેલ્લી ભાષામાં ઉપલા ઉચ્ચારને મળતા અક્ષરો નથી. આમ હોવાથી z ને મળતો ઉચ્ચાર કરવા માટે "જ" અને zh ને મળતો ઉચ્ચાર કરવા માટે "ઝ" અક્ષરો વાપરવાની અમે સંભાળ રાખી છે.

છેલ્લે આ ગ્રંથ તૈયાર કરવામાં અમને નીચલાં પુસ્તકોની મદદ લેવી પડી છે, જે માટે તેમના બનાવનારાઓનો આભાર માનિયે છિયે :—

Ararat and Eden (a paper in the "Contemporary Review," Sept. 1881. by W. F. Warren.
Arctic Homes in the Vedas, by B. G. Tilak.
Asiatic Papers, by J. J. Modi.
Aurora Borealis, by Alfred Angot.
Babylonian and Assyrian Antiquities, A Guide to the, (British Museum, 1900).
Cama Memorial Volume (S. D. Bharucha's paper on "the Date of Zoroaster.")
Farthest North, Vols. I & II., by F. Nansen.
Foreign Elements in the Hindu Population (a paper in the "Indian Antiquary," Jan. 1911), by D. R. Bhandarkar.
Pahalavi Texts, Part I., "The Bundahis" &c. (Sacred Books of the East Series), by E. W. West.
Pahalavi Texts, Part V., "Marvels of Zoroastrianism" (Sac. Bks. of the East Series) by E. W. West.
Paradise Found: the Cradle of the Human Race at the North Pole, by W. F. Warren.
Parsis, Essays on the Sacred Language, Writings and Religion of the, by M. Haug. (2nd Ed.)
Persia, History of the Early Kings of, by David Shea.
Persia, Ancient History of, Epitome of the, by W. Ouseley.
Persia, Past and Present, by A. W. Jackson.
Sanskrit-English Dictionary, by V. S. Apte.
Shahnama of Firdausi, Vols. I to V., by A. G. and E. Warner.
Shahnamah of Fardusi, by A. Rogers.
Shahnameh of the Persian Poet Firdausi, by J. Atkinson.
Sohrab and Rustem, by M. A. Potter.
Vicissitudes of the Aryan Civilization in India, by M. M. Kunte.
Zarathushtra, the Life and Legend of, by F. Justi (a paper in "Avesta, Pahalvi and ancient Persian Studies").
Zoroaster, the Prophet of ancient Iran, by A. W. Jackson.
Zoroaster and his Contemporaries in the Rig Veda, by S. K. Hodivala.
ऐयादगारे जरीरान—जी. ज. मोदी.
ખોરદેહ અવસ્તા બા માએની— કાવસજી એદલજી કાંગા.
ગાથા બા માએની— કા. એ. કાંગા.
જરતોસ્ત નામુ (૧લી તથા ૨જી આવૃતિ.)—ખ. ૬. કામા.
જરતોસ્તી દીનની ખોળ કરનારી મંડળી—૧૮૬૯-૭૦ સુધીનો હેવાલ. (૧૮૫૧.)
તવારીખે સાસાનીઆન—બ. પા. દેશાઇ તથા પા. બ. દેશાઇ.
તવારીખે હખામનીઆન—„ „ „ „

તારીખે શાહાને ઇરાન— પા. બ. દેશાઇ.
નવું જરતોસ્ત નામું—પા. બ. દેશાઇ.
નૂરે એલમ—દફ્‍૦ ૧૨ મું, ૧૮૮૨.
પેગામબર સાહેબ અશો જરતોસ્તના જનમારાનો અહેવાલ, દસ્તુર પે. બે. સંજાણા.
મોખ્તેસર શાહનામું—ફરેદુનજી મરજબાનજી.
યસ્ત બા માએની—કા. એ. કાંગા.
તરજુમો વંદીતદાદ,થા ફરહંગ—કા. એ. કાંગા.
શાહનામું, દફ્‍૦ ૩, મીનોચેહેર જામાસ્પઆસાના.

પાહલનજી બરજોરજી દેશાઇ.

મુંબઇ, ૧ લી ડીસેમ્બર ૧૮૮૫.

કયાની શાહોની યાદ.

અવસ્તા પ્રમાણે.

કવોઇથ કવાતહે અષઓનો ફ્રવષીમ્ યજમઇદે; કવોઇથ અઇપિવંધ્રહેઉથ અષઓનો ફ્રવષીમ્ યજમઇદે; કવોઇથ ઉસધનો અષઓનો ફ્રવષીમ્ યજમઇદે; કવોઇથ અર્શ્નો અષઓનો ફ્રવષીમં યજમઇદે; કવોઇથ પિસિનંધ્રહો અષઓનો ફ્રવષીમ્ યજમઇદે; કવોઇથ બ્યર્ષાનો અષઓનો ફ્રવષીમ યજમઇદે; કવોઇથ સ્યાવર્ષાનો અષઓનો ફ્રવષીમ્ યજમઇદે; કવોઇથ હુઓસ્રવંધ્રહો અષઓનો ફ્રવષીમં યંજમઇદે.—ફ્રરવરદીન યસ્ત, ફકરો ૧૩૨.

અર્થ—અશો કયકોબાદનાં ફરોહરને અમો યાદ કરિયે છિયે; (કયકોબાદના બેટા) અંશો કયઅપિવંધુનાં ફરોહરને અમો યાદ કરિયે છિયે; અશો કયઉસધન (કાઉસ)નાં ફરોહરને અમો યાદ કરિયે છિયે; અશો કયઅર્શન (અર્શ)નાં ફરોહરને અમો યાદ કરિયે છિયે; અશો કયપિસિનંધ (પસીન)નાં ફરોહરને અમો યાદ કરિયે છિયે; અશો કયબ્યર્ષન (બ્યાર્સ)નાં ફરોહરને અમો યાદ કરિયે છિયે; અશો કયસિયાવુશનાં ફરોહરને અમો યાદ કરિયે છિયે; (સિયાવુશના બેટા) અશો કયખુસરનાં ફરોહરને અમો યાદ કરિયે છિયે.—યસ્ત બા માએની: સફે ૨૪૭.

કય ગુશ્તાસ્પની યાદ.

અવસ્તા પ્રમાણે.

કવોઇથ વીસ્તાસ્પહે અષઓનો ફ્રવષીમ્ યજમઇદે, તખ્મહે તનુ-માથ્રહે દર્ષિ-દ્રઓથ્ર આહૂઇર્યેહે. યો દ્રુચ પઉર્વાંન્ચ અષાઇ રવો યએષ; યો દ્રુચ પઉર્વાંન્ચ અષાઇ રવો વીત્રએધ યો બાજુશ્ચ ઉપસ્તાચ વીસત અહ્રિધ્રહાઓ દએનયાઓ યત્ આહુરોઇથ જરથુશ્ત્રોઇથ.

યો હીમ્ સ્તાતાંમ્ હિતાંમ્ હઇતીમ્ ઉજ્વઅત હચ હુનૂઇબ્યો. ની હીમ્ દસ્ત મઇધ્યોઇષાધેમ્ બેરેજિ-સજેમ્ અરૂકષવઇંતીમ્ અષઓનીમ્ થ્રાંદ્રધાંમ્ ગેઉસ્ચ વાસ્રહેચ, ફ્રિથાંમ્ ગેઉસ્ચ વાસ્રહેચ.—ફ્રરવરદીન યસ્ત, ફકરા ૯૯ અને ૧૦૦

અર્થ—કુવતવાળા, માંથ્રનાં તનવાળા, મજબુત હથિયારવાળાં, હોરમજદના તરીકા મુજબ ચાલનાર, કયાની ખાન્દાનના અશો ગુસ્તાસ્પ (પાદશાહ) નાં ફરોહરને અમો યાદ કરિયે છિયે; જેણે (પોતાના) જોરેમંદ બાલાથી રાસ્તીને માટે ફરાખીને ખુલ્લો માર્ગ કરી આપ્યો, તથા જેણે (પોતાના) જોરેમંદ બાલાથી રાસ્તીને માટે ફરાખીને ખુલ્લી દેખાડી, (તથા) આ હોરમજદી જરતોસ્તી દીનની બાજુ તથા (તેના) ટેકાવ તરીકે થયો.

જેણે (શાહ ગુસ્તાસ્પે) (તે) ઉસ્તવાર, મોજુદ, પવિત્ર દીનને હુન જેવા બુરા માણસોથી છુટી પાડી અને તેને બુલંદ, રાજ કરતી, ચોમેર ફેલાતી, નીતિનાં ફરમાનવાળી, વચમાં બીરાજતી (યાને લોકની મંડળીમાં માન પામેલી), ગાયઢોર તથા ઘાસચારાને ભરપુર કરનારી તથા ગાયઢોર તથા ઘાસચારાને પ્યારી થયલી (યાને ગાયઢોર તથા ખેતીનો વધારો કરવાને ઉત્તમ ફરમાન આપનારી) મુકરર કીધી—યસ્ત બા માએની, સફે ૨૨૧-૨૨૨.

કયાની શાહોની યાદ.

(શાહનામા પ્રમાણે.)

હમાં નામદારાન બા જાહોઆબ—
ચૂ તૂરો ચુ સલ્મો ચુ અફ્રાસિયાબ ;
ચુ શાહ આફ્રીદૂનો ચુ કય કોબાદ,
ચુ જાહાકે બદ કીશો બદ દીનો દાદ ;
ચુ કર્શાસ્પે સામે નરીમાન ગોર્દ,
જેહાં પેહલવાનાન બા દસ્તબોર્દ ;
ચુ હૂશંગો તેહમૂરસે દીવબંદ,
મિનુચેહરો જમ્શીદે શાહે બુલંદ ;
ચુ કાઊસો કયખુસ્રવે તાજવર,
ચુ રૂસ્તમ ચુ રૂઇન્તને નામવર ;

ચુ ગુદર્જો હશ્તાદ પૂરે ગુજીન,
સવારાને મૈદાનો શીરાને કીન ;
હમા નામવર શાહે લોહરાસ્પરા,
જરીરે સપેહદારો ગુસ્તાસ્પરા ;
ચુ જામાસ્પ કન્દર શુમારે સપેહર,
ફ્રૂજન્દેહતર બુદ જે તાબંદેહ મેહર ;

* * *

ચનીન નામદારાને ગર્દનકશાન,
કે દાદમ એકાએક અજ ઇશાનં નિશાન ;
હમે મોર્દેહ અજ રૂજગારે દરાજ,
શુદ અજ ગોફતે મન નામેશાં જિન્દેહ બાજ.

ફિર્દુસી.

અર્થ—જાહોજલાલી અને દમામવાળા નામદાર પાદશાહો અને પેહલવાનો, જેવા કે—તુર અને સલમ અને અફ્રાસિયાબ ; ફરીદૂન અને કયકોબાદ ; નઠારી રાહરસમનો તથા બદ મજહબનો અને બેદાદગર જહાક ; કેરશાસ્પ અને સામ અને નરીમાન જેવા સર્વોત્તમ જેહાં પેહલવાનો; હુશંગ અને તેહમુરસ દેવબંદ ; મીનોચેહર અને મહાન શાહ જમશીદ ; કાઉસ અને તાજદાર કયખુસરૂ ; રૂસ્તમ અને અસ્ફંદિયાર જેવા નામવર શૂરવીરો ; ગુદર્જ અને તેના ૭૦ નામદાર બેટાઓ, જેઓ જંગ મેદાનમાં સવારી કરનારા અને કીનો લેવામાં વાઘની મિસાલના હતા; વળી નામવર શાહ લોહરાસ્પ અને સપેહસાલાર જરીર અને ગુસ્તાસ્પ ; જામાસ્પ જે આસ્માનની ગણુતરી કરનારો હતો, અને જે પ્રકાશિત ખોરશેદ કરતાં વધારે રોશન હતો ;— * * * એવા એવા સરફરાજ પાદશાહો, જેઓમાંના દરેકનું મેં બયાન આપ્યું છે, તેઓ સઘળા જોકે લાંબી મુદત થઇ મરણ પામ્યા છે તોપણ મારાં (શાહનામા મધેનાં) બયાનથી તેમનાં નામો પાછાં જીવતાં થયાં છે.

સાંકળિયું.

ભાગ ૧ લો—મૂળ વતન ઇરાનવેજ.

બાબ.૧—ઇરાનવેજ: તે કયાં હતું?

ફસલ ૧—વંદીદાદવાળું બાગે બહેશ્ત.
ઇરાનવેજ અને વેહદાઇતી—જમશેદનું ઇરાનવેજ—જમશેદનો "વર" યાને સંસ્થાન-નવું ઇરાનવેજ. ... ... ૧—૫

ફસલ ૨—ઇરાનવેજ બાબે માનવા જોગ તર્ક.
ઇરાનવેજ વિષે જુદા જુદા તર્ક—અસલી આર્યનો જમાનો-આર્ય ટોળાઓની આમદરફ્ત-પુરાણા આર્યનું મૂળ મથક-બર્ફમાં દટાઇ ગયલી ભૂમિઓ-શું આર્યો ધ્રુવ તરફ વસતા હતા?-ધ્રુવ તરફનો લાંબો દિવસ અને લાંબી રાત-વંદીદાદનાં લખાણનો ભેદ ... ૫—૯

ફસલ ૩—જમશેદના "વર"માંની રોશનીઓ.
"ઉત્તર ભણીની રોશની"-ધ્રુવ તરફની વર્ષની વહેંચણી—ધ્રુવ તરફની ચમત્કારિક રોશનીઓ-ઇરાનવેજના પત્તાની શુરૂઆત... ૧૦—૧૪

ફસલ ૪—અવસ્તાનું "ખનિરથ બામી."
ઇરાનવેજ અને ઉત્તર ધ્રુવ-અસલી જમાનાનાં કદાવર ઇનસાનો અને પશુ પક્ષિઓ-ઇદનનો બાગ અને ઇરાનવેજ: તે કયાં હતાં?-ધ્રુવનો સુખવાસી મુલ્ક—જગરેલ બાબે વિદ્વાનોનો ખુલાસો-બહુ પુરાણો માનવી કેવો હશે?-અલ્બોર્જ પહાડની મોટાઈ-શેવરનાં અનુમાનો ... . ૧૫—૨૪

ફસલ ૫—ઇરાનવેજ તેજ ધ્રુવનો મુલ્ક.
અવસ્તાવાણીનું પુરાતનપણું-ધ્રુવ ભણીનું બાગે બહેશ્ત-૧૦ મહિનાની થંડીવાળો મુલ્ક—હારેમને પેદા કીધેલો સર્પ-એક સાચી પડેલી પુરાણી દંતકથા-કયાની વંશનો જમાનો—વંદીદાદનો જમાનો... ... ... ૨૪—૨૮

બાબ ૨—સંસારી તથા ધર્મ સંબંધી સ્થિતિ.

ફસલ ૧—પહેલા ઇરાનીઓની રાહરસમ.
ઇરાની પ્રજાઓના મુલ્કનો વિસ્તાર—ઇરાની અને હિંદુ આર્યો-મજદયસ્ની ઇરાનીઓ-શાદીના રિવાજ અને કાયદા—મપી મપ્યાહનું જોડું-રાચ રચીલું, ઘરેણું-લડાઈનાં અસ્ત્ર શસ્ત્ર ... ... ૨૯—૩૬

ફસલ ૨—પેશદાદ જમાનાના મહા પુરૂષો.
પેશદાદ જમાનાની વંશાવળિ—તેમનાં બંદગીનાં મથકો-શાહ જમશેદ-ફરીદુન-થ્રીત-કેરશાસ્પ—જિયાંગાર જહાક ... ૩૬—૪૩

ફસલ ૩—કયાની જમાનાના મહાપુરૂષો.
પાદશાહો અને ઇજદોનાં એક મળતાં નામો-ધર્મક્રિયાઓ-જુદા પડવાના સબબો-કવી યાને ધર્મગુરૂ વર્ગ—પાદશાહો તરફના ભોગની ક્રિયા-હોમની ક્રિયા-દીનનો ફેલાવો ધર્મગુરૂઓ કરતા—અર્સમહોનવરની બંદગી—અષેમની

બંદગી—ઇરાની ખોરેહ—ક્યાની ખોરેહ ૪૩-૫૪

ફસલ ૪—સઓશ્યન્ત અને સોશ્યોસ.

સઓશ્યન્ત તે કોણ?—આગળા સઓશ્યન્તો-સોશ્યોસ: અવસ્તાઇ બયાન—બુંદેહેશ, રસ્તાખેજ અથવા કિયામત-જરતોશ્તની આગમજના પેગમ્બરો — ફ્રાની જમાનાના હજદો ૫૪-૬૬

ભાગ ૨—અશો જરતોશ્ત.

બાબ ૧—જરતોશ્તનામું: અવસ્તા પ્રમાણે.

ફસલ ૧—જરતોશ્ત કોણ હતો?

જરતોશ્ત હૈયાત પુરૂષ હતો કે નહિ?—એકથી વધારે જરતોશ્ત—જરતોશ્તના જાયેનશીનો—જરતોશ્ત એટલે શું? ... ૬૭-૭૧

ફસલ ૨—જિંદગીનાં પહેલાં વર્ષો.

પેગમ્બરનું ખાન્દાન-જન્મસ્થળ—જન્મ વેળાના બનાવો—જરતોશ્તનું ખોરેહ—જરતોશ્તનું બયાન—ઇરાની ખોરેહ—યજદાંપરસ્તી અને દેવયસ્ની ૭૧-૭૭

ફસલ ૩—પેગમ્બરી માટેની તૈયારીઓ.

હોરમજદ સાથની મુલાકાત-સવાલ જવાબવાળાં મથકો—જરતોશ્તે હોરમજદને કેમ જોયો-પેગમ્બરે પુછેલા પ્રશ્નો-જરતોશ્ત અને સરોશ—આતશને માટે નમાજ—દુનિયાના આત્માનો પુકાર-સરદાર તરીકે જરતોશ્તની પસંદગી—હોરમજદની મદદની જરૂર—પેગમ્બરી માટેની કોશેશ ... ૭૭-૮૩

ફસલ ૪—દીન દુશ્મનોની પહેલી શિકસ્ત.

દીનના ફેલાવાની ખાહેશ—પેગમ્બરનું પહેલું બાષણ—એક દીન દુશ્મન બાબે ફરિયાદ—ગનામીનોનો ગભરાટ-હારેમન તરફનો નવો ફરેબ-પેગમ્બરનું પવિત્ર હથિયાર—હોનવરનો કલામ—જરતોશ્તના દુશ્મનોની નાસભાગ ... ૮૩-૮૫

ફસલ ૫—પેગમ્બરી માટેની નવી કોશેશ: સંભાષણ અને બાષણ.

પેગમ્બરની ફરિયાદ-જરતોશ્તે હોરમજદને પુછેલા સવાલો-ખુદાઇ જ્ઞાનની વધુ ખાહેશ—દીનના ફેલાવા માટેની નવી કોશેશ—જરતોશ્તની વાઅજ—તેની રૂડી અસર ૮૫-૯૪

ફસલ ૬—અશો જરતોશ્તના સોનેરી સખુનો.

જરતોશ્તની દાનાઇના દાના: ગાથા અહુનવદમાંથી—ગાથા ઉસ્તવદમાંથી—ગાથા સ્પેન્તોમદમાંથી—ગાથા વોહુક્ષથ્રમાંથી—ગાથા વહિશ્તોઇસ્તમાંથી. ૯૫-૧૦૫

ફસલ ૭—મહાન મદદગારો અને શાગેર્દો.

જરતોશ્ત: એક શાયર અને ફિલસુફ—તેના દોસ્તો અને મદદગારો—તેનો મુરબ્બી શાહ ગુસ્તાસ્પ—પેગમ્બરનો પાદશાહી ચેલો-પેગમ્બરના બાનુ-ચેલી: રાણી હુતોસ—ગુસ્તાસ્પે બજાવેલી દીનની સેવા—ગુસ્તાસ્પના દીન દુશ્મનો—પેગમ્બરના પાદશાહી મદદગારો—જરતોશ્તનાં ખાન્દાન બાબે વધુ ખુલાસો—પેગમ્બરનો પહેલો ચેલો: મેદીઓમાહ—બીજા ચેલા ચેલીઓ:

પોરૂચિસ્ત-બાનુ હવોવી-ફરશોસ્તર અને જામાસ્પ—પહેલા શાગેર્દોનું ઓળખાણું ૧૦૫-૧૧૫

ફસલ ૮—પેગમ્બરના હરીફો તથા સમકાળિક પુરૂષો.

અવસ્તામાંથી મળતાં પુરાણાં નામો—પેંગમ્બરના મદદગારો અને હરીફો—તેમનાં નામોની સમજણ. ૧૧૫-૧૨૩

ફસલ ૯—જરતોસ્તનો જમાનો... ૧૨૩-૧૨૯

ભાગ ૨—જરતોશ્તનામું: પેહલવી પ્રમાણે.

ફસલ ૧—ઇરાની ખોરેહની હકીકત.

પેહલવી જરતોસ્તનામું—પેશદાદી ખોરેહ—કયાની ખોરેહ ... ૧૩૦-૧૩૨

ફસલ ૨—જરતોસ્તનો જન્મ.

જરતોસ્તનો મા તરફનો વડવો—દોગદોનું ખોરેહ—જન્મ આગમજનાં કારસ્તાન—જન્મ વેળા હસવાનું કારણ ૧૩૨-૧૩૬

ફસલ ૩—બચપણ અને જવાની.

જરતોસ્તને મારવાની યુક્તિઓ—જરતોસ્ત પેગમ્બર થશે એવી આગાહી—બાપ બેટા વચ્ચે તકરાર—જરતોસ્તના નાશની ધમકી—જરતોસ્તના ભાઇઓ—તેનાં દયાળુ દિલના દાખલા—તેની ઓરતસચ્ચાઇની શોધમાં—મજહબની બુલંદીની નિશાનીઓ ... ૧૩૬-૧૪૧

ફસલ ૪—પેગમ્બરીની શુરૂઆત.

દાઇતી નદી ઉપર મુલાકાત—બહમન સાથ વાતચીત—અમશાસ્પંદોની મજલિસમાં—જરતોસ્તે જોયલા ચમત્કારો—દશ વર્ષમાં સાત મુલાકાતો—ધર્મની પહેલી કાશીશ—જરતોસ્તના ખૂનીઓ—પેગમ્બરનો પહેલો રક્ષક—જરતોસ્તી બનેલો પહેલો હાકમ—દેવોની શિકસ્ત—એક ઓરતનો ફરેબ ૧૪૧-૧૪૭

ફસલ ૫—શાહ ગુસ્તાસ્પની દરબારમાં.

દશ વર્ષમાં એકજ ચેલો—પેગમ્બર એક કેદી—અંતે ધર્મો જય!—શાહના મહેલમાં અમશાસ્પંદો—જરતોસ્તનું ગુજર પામવું—તેમનું બહોળું જ્ઞાન—મરણનું કારણ—ફરશોસ્તર વગેરેનાં મરણ—દીનના ૭ સ્તંભો—પેગમ્બરનાં ફરજંદો.. ૧૪૭-૧૫૨

વધારો ૧ લો—દીનને લગતા અગત્યના બનાવોની નોંધ... ૧૫૨-૧૫૪

ભાગ ૩—જરતોશ્તનામું: ફારસી પ્રમાણે.

ફસલ ૧—જન્મ અને બાળપણ.

ફારસી જરતોસ્તનામાંનો આધાર—માતાનો ખાબ અને તેનો ભેદ—જરતોસ્તના દુશ્મનોનો ગભરાટ—પેગમ્બરનું ભવિષ—શત્રુઓની નામુરાદી—તેમની ધમકી: જરતોસ્તનો જવાબ ૧૫૫-૧૫૮

ફસલ ૨—પેગમ્બરીની પહેલી મુશ્કેલીઓ.

જવાની વેળાના બનાવો—એક ખાબની તાબીર—દાદારની દરગાહમાં—શાહ ગુસ્તાસ્પની દરબારમાં—જરતોસ્તની જીત—શાહ અને પેગમ્બર—શત્રુઓનાં કારસ્તાન—કેદખાનું ૧૫૮-૧૬૨

ફસલ ૩—દીનની શેવટની ફતેહ.

"અસ્પે સિયાહ"—તેને પેગંબરે કેમ સાજો કીધો—પેગમ્બર અને

રાણી—બદખાહોનો નાશ-પેગમ્બરની ફતેહ—ચાર પાદશાહી ખાહેશો—દરબારમાં દાદારના પેગામીઓ ૧૬૨-૧૬૫

ભાગ ૩ જો—રૂસ્તમ નામું

બાબ ૧—રૂસ્તમના નેયાગાનો.

ફસલ ૧—રૂસ્તમ વડવા.

શાહ મિનોચેહર—રૂસ્તમના વડવા: થ્રીત અને કેરશાસ્પ—કેરશાસ્પ પછીનાં વડવાઓ: નરીમાન અને સામ ૧૬૬-૧૭૧

ફસલ ૨—જાલનાં પરાક્રમ.

જાલનો જન્મ-સામની નાઉમેદી-સફેદ બાલનું બાળક—દસ્તાન જાલ—બેટાની શોધમાં—બાપ બેટાનો મેળાપ—જાલ શાહની દરબારમાં ૧૭૧-૧૭૭

બાબ ૨—જાલ અને રૂદાબેહનું દાસ્તાન.

ફસલ ૧—જાલની જંજાલ.

બાપની શીખામણ—કાબુલનો હાકમ મેહરાબ—રૂદાબેહ—મોહબતનો આતશ-સ્ત્રીચરિત્ર-છુપી મુલાકાત ... ૧૭૮-૧૮૩

ફસલ ૨—રૂદાબેહનું રૂદન.

જાલ પોતાના હાલથી સામને વાકેફ કરેછે—સામનો જવાબ—માતાનો ગુસ્સો-પિતાનો જુસ્સો—શાહની બેચેની=સામે સવારની દલેરીનું દાસ્તાન—કાબુલની તારાજીનો હુકમ. ... ૧૮૩-૧૮૯

ફસલ ૩—નારાજીનું પરિણામ તારાજી.

સામનું શાહ જોગું નામું—બીજું સ્ત્રીચરિત્ર—વહેવાઇ અને વહેવાણુ. ૧૮૯-૧૯૫

ફસલ ૪—મોહબતની ફતેહ.

શાહની દરબારમાં જાલ એકવાર ફરીને—જાલની દાનાઇની તપાસ—શાદી બાબે શાહની પરવાનગી—અંતે શાદી. ... ૧૯૫-૧૯૮

બાબ ૩—જોહાં પેહલવાન રૂસ્તમ.

ફસલ ૧—"હું છુટી!"

"રોસ્તમ" યાને "હું છુટી!"—સામ નબીરાને જોવા આવેછે. ૧૯૮-૨૦૧

ફસલ ૨—પહેલવહેલાં પરાક્રમો

રૂસ્તમે સફેદ હાથીને માર્યો-નરીમાનનો કીનો-સિપંદ કિલ્લાની ફતેહ-બાપ બપાવાની ખુશહાલી. ૨૦૧-૨૦૪

બાબ ૪—ઈરાન ઉપર આફત.

ફસલ ૧—શાહ નોદર.

શાહ મિનોચેહરની કુચ—નવો શાહ નોદર—ઇરાન ઉપર તુરાની દરોડો—બાર્માનના હાથ ઉપર કોબાદની કતલ—શાહનુ જંગમાં ઉતરવું-તેનું કેદ પકડાવું-કોબાદનો કીનો-જાલનું જાબુલી જંગ-તુરાનીઓની નાસભાગ-નોદરશાહની કતલ-અઘ્રીરસ અને ઇરાની સરદારો-અઘ્રીરસનું ખૂન ૨૦૫-૨૧૪

ફસલ ૨—નોદર પછીના પાદશાહો.

નવો શાહ જવ-અફ્રાસિયાબનો ઇરાનમાં અમલ-તુરાની દરોડા પછીના બનાવો-શાહ ગર્શાસ્પની તુરાની ચઢાઇ-રૂસ્તમની સપેહસાલારી—રૂસ્તમના રક્ષનું બયાન ૨૧૪-૨૧૯

ફસલ ૩—નવા શાહની શોધમાં.

રૂસ્તમ અને કોબાદ—શાહ કોબાદ. ૨૧૯-૨૨૧

વધારો ૨ જો—પેશદાદ વંશ બાબે વિચાર ૨૨૧-૨૨૩

ભાગ ૪ થો—કયાની પાદશાહત.

બાબ ૧—શાહ કયકોબાદ.

ફસલ ૧—રૂસ્તમની પહેલી જવાંમર્દી.

કોબાદની કહાણી—ને જંગમાં ઉતરે છે—રૂસ્તમ અફ્રાસિયાબ સાથ લડવા માગે છે—અફ્રાસિયાબનું છટકવું—ઇરાની ફતેહ—અફ્રાસિયાબનો બળાપો—સુલેહ માટે પશંગનું નામું—સુલેહ તરફ શાહની પસંદગી—કયકોબાદના વારેસો ૨૨૪-૨૩૧

બાબ ૨—શાહ કયકાઉસ—૧.

[માજન્દરાનની ફતેહ.]

ફસલ ૧—માજન્દરાનની મુસીબત.

શુરૂઆતના થોડાક વિચારો—માજન્દરાનની તારીફ—શાહ અને જાલ—માજન્દરાન ઉપર ચઢાઇ—શાહની ગિરફતારી—રૂસ્તમની માજન્દરાન ઉપર ચઢાઇ ... ૨૩૨-૨૩૮

ફસલ ૨—રૂસ્તમનાં હફતખાન.

૧ લી મંજલ: સિંહ સાથની લડાઇ—૨ જી મંજલ: પાણીની પિડાકારી—૩ જી મંજલ: અઝદહા સાથ યુધ્ધ—૪ થી મંજલ: એક ડાકણનાં પરાક્રમ—૫ મી મંજલ: રૂસ્તમનો ભવિષનો ભોમિયો—૬ ઠી મંજલ: અર્ઝંગ દેવ સાથ જંગ—૭ મી મંજલ: સફીદ દીવનો સંહાર—દેવોની ગુફા—સફીદ દીવ સાથ કુસ્તી—આંધળા જોતા થયા ... ૨૩૮-૨૪૫

ફસલ ૩—માજન્દરાનની ફતેહ.

શાહ તરફનું નામું—માજન્દરાની દરબારમાં રૂસ્તમ—લડાઇ—માજન્દરાની શાહનું પકડાવું—ફતેહનું માનવાજોગ કારણ—રૂસ્તમને સરોપા ૨૪૫-૨૪૯

બાબ ૩—શાહ કયકાઉસ—૨.

[હામાવરાનની ફતેહ.]

ફસલ ૧—કાઉસ કેદમાં.

રાજ્યમાં શાહી સવારી—બર્બરી લોકોનો બળવો—શાહી સવારીનું આગળ વધવું—ને સંબંધી એક ગુચવાડો—માનવાજોગ ખુલાસો—ત્રણ એકસંપી રાજાઓ—રાણી સુદાબેહ—સસરાની પરોણાગત—જિયાફતમાં આફત ... ૨૫૦-૨૫૫

ફસલ ૨—ત્રણ ખંડિયા રાજાઓનો એકસંપ.

ઇરાન ઉપર પરદેશી હુમલા—કાઉસની મદદે રૂસ્તમ—રૂસ્તમની ફતેહ—કાઉસનો છુટકારો—અફ્રાસિયાબનું બીજી વાર છટકી જવું ૨૫૫-૨૫૮

ફસલ ૩—શાહની એલમ પાછળ શુઘલ.

એલમનાં મંદિરો—હવામાં ઉડવાની પહેલી કોશેશ—એક શેખચલ્લી સહી યુક્તિ—શાહ માટે શોધ ખોળ—શાહની અગમ બુધ્ધિ—કાઉસ એલમનો શોકીન હતો—એએલમીઓને તાનો ... ૨૫૮-૨૬૨

બાબ ૪—શાહ કયકાઉસ—૩.

[રૂસ્તમ-સોહરાબનું જંગ]

ફસલ ૧—સરહદ ઉપર લડાઇ.

તુરાની શાહના બગીચામાં ઇરાની નામદારો ૨૬૩-૨૬૪

ફસલ ૨—રક્ષની ચોરી અને તેનો ભેદ.

રક્ષની ચોરી-સમનગાનની શાહજાદી-રૂસ્તમ અને તેહમીના ... ૨૬૪-૨૬૬

ફસલ ૩—બેટો બાપની શોધમાં.

સોહરાબ-તે બાપને મળવા જાયછે -અફ્રાસિયાબના પ્રપંચ ... ૨૬૬-૨૬૮

ફસલ ૪—શાહ અને પેહલવાન વચ્ચે તીખાસ.

સોહરાબ અને ગોર્દાફ્રીદ-રૂસ્તમનો અંદેશો-પાદશાહ અને પેહલવાન વચ્ચે તડાતડી-અને પાછી દોસ્તી -કમનસીબ રૂસ્તમની પહેલી ભુલ -પિતાને મળવાની આતુરતા... ૨૬૮-૨૭૩

ફસલ ૫—બેટાનું ખૂન.

બાપ બેટા વચ્ચે જંગ—બાપ તરફ દોડતું બેટાનું દિલ—રૂસ્તમનો દગો-ખૂની બાપ ૨૭૩-૨૭૭

વધારો ૩—બાપ બેટા વચ્ચેનાં જંગની બીજી પ્રજાઓમાંથી મળતા દાખલા.

બાપની શોધમાં નીકળેલા બેટા-લગ્ન વિનાનાં ફર્ઝન્દ—માતાને નામે ઓળખાતાં બાળકો—ઉત્તમમાં ઉત્તમ ઉત્પન્ન કરવાની ખાહેશ—પુરાણાં સ્વયંવર—મામાથી થતી પરવરશી—નામ છુપાવવાનો રિવાજ ... ૨૭૭-૨૮૨

બાબ ૫—શાહ કયકાઉસ-૪

[શાહજાદા સિયાવુશનું બયાન—ભાગ ૧.]

ફસલ ૧—જમાનાની એક કહાણી.

શાહજાદો સિયાવુશ—રાણી સુદાબેહ—તેનાં ફેલ અને મકર-નિર્દોષની ફતેહ—સિયાવુશે સુદાબેહને બચાવી ... ૨૮૩-૨૮૬

ફસલ ૨—શત્રુ સાથનો કોલ અને પિતા તરફનો ખોફ.

સિયાવુશની સપેહસાલારી—તુરાન ઉપર ફતેહ—સુલેહની શર્તો—કાઉસને તે ગમતી નથી—તે રૂસ્તમનું અપમાન કરે છે-અને સિયાવુશને ધમકાવેછે—શાહજાદો કોલ તોડવા ના પાડે છે—વજીર પીરાનની સલાહ—સિયાવુશ તુરાન જાય છે ... ૨૮૭-૨૯૨

બાબ ૬—શાહ કયકાઉસ-૫

[શાહજાદા સિયાવુશનું બયાન—ભાગ ૨.]

ફસલ ૧—દુશ્મનનો દામાદ.

સિયાવુશને તુરાનમાં માન—દડીદાવ—નિશાનબાજી—શીકારગાહ—શાદી—તુરાની પ્રાંતની હાકમી—કંગદેઝનું બયાન-બહેસ્તખાનું તેજ મોતખાનું—સિયાવુશની ગમખારી ને આ ગાદી-સિયાવશગર્દ ... ૨૯૩-૨૯૭

ફસલ ૨—કર્સીવજનાં કારસ્તાન.

સિયાવશગર્દમાં કર્સીવજ—અદેખાઇના સબબો—કારસ્તાનની શુરૂઆત—કારસ્તાનની બીજી બાજી—કર્સીવજનો ભોગ-સિયાવુશનો સ્વપ્નો-તે અફ્રાસિયાબને મળવા જાય છે ... ૨૯૭-૩૦૨

ફસલ ૩—કાચા કાનની ખરાબી-કર્સીવજ અને સિયાવુશ અફ્રાસિયાબની નાદાની-ઝેહરી નાગના ફુંફારા-ફરંગીસના કાલા-

વાલા—નાગનો ભોગ—પીરાન ફરંગીસને બચાવે છે. ... ૩૦૨-૩૦૫

બાબ ૭—શાહ કયકાઉસ—૬
[પેહલવાન ગીવનાં પરાક્રમ.]

ફસલ ૧—શાહજાદા ખુસરૂનું બચપણ.
ખુસરૂનો જન્મ-મમાવાની દરબારમાં-ગાંડાઇના જવાબો-બાપનાં પાયતખ્ત ખાતે ... ૩૦૬-૩૦૯

ફસલ ૨—સિયાવુશનો કીનો.
રૂસ્તમનો શોક— કીનાનો આતશ—ફરામર્જની દલેરી-સિયાવુશના કીનાનો પહેલો ભોગ-પેહલવાન પીલ્સમ-રૂસ્તમ સાથ તેની લડાઇ જંગનું શાયરી બયાન-રૂસ્તમ અને અફ્રાસિયાબની લડાઇ-તુરાની શાહની નાસભાગ—શાહજાદો ખુસરૂ-તુરાનમાં રૂસ્તમનો અમલ— ઇરાની જુલ્મ—ઇરાનમાં અંધાધૂંધી ... ૩૦૯-૩૧૫

ફસલ ૩—શાહજાદાની શોધખોળ.
ગુદર્જનો ખાબ— ખુસરૂની શોધમાં—ગીવની રખડ – કયખુસરૂનો પત્તો ઇરાન તરફ કુચ—ગીવની જવાંમર્દી—પીરાનનો છુટકારો-ખુસરૂને પકડવા અફ્રાસિયાબની ઇંતેજારી-તુરાની શાહની નામુરાદી—ગીવનું ઇનામ. ... ૩૧૫-૩૨૩

બાબ ૮—શાહ કયખુસરૂ—૧.
[તખ્તનશીની આગમજનાં કામો.]

ફસલ ૧—બહમનદેઝની ફતેહ.
તખ્તના બે દાવાદારો-કાઉસનો ચુકાદો—બહમનદેઝ—આજર ગુશસ્પ ૩૨૪-૩૨૭

ફસલ ૨—શાહજાદા ફરૂદની જવાંમર્દી.
નવો શાહ-રાજ્યમાં પ્રવાસ—નવા કીનાનો કરાર-શાહ તરફનાં ઇનામો-લશ્કરી કવાયદ: શાહની તૂસને સલાહ—શાહજાદો ફરૂદદુધ ભાઇઓ વચ્ચે દોસ્તી-તૂરાની તુંદી-બીઝનની બહાદુરી-ફરૂદનો નાશ ૩૨૭-૩૩૪

ફસલ ૩—તૂરાનની ચઢાઇમાં ઇરાનની હાર.
પલાશાન ઉપર બીઝનની જીત-તૂરાનમાં ગભરાટ-દગાખોર તઝાવનાં કારસ્તાન-તેની નાસભાગ-ઇરાનીઓનું શબેખૂન-તૂસની બરતરફી અને નામુસી-નવી લડાઇ, નવી શિકસ્ત-એક ચાબુકની કહાણી ૩૩૪-૩૪૦

બાબ ૯—શાહ કયખુસરૂ—૨.
[રૂસ્તમનું તૂરાનમાં જંગ.]

ફસલ ૧—કામુસ કાશાનીની કતલ.
તૂરાની ઉપર તૂસની બીજી ચઢાઇ—લડાઇમાં જાદુઇ-ઇરાની લશ્કરની બતંગ હાલત-ફરીબોર્જ અને ફરંગીસની શાદી—લડાઇ આગમજની તૈયારી-તૂરાનીઓને મોટી મદદ-રૂસ્તમનું આવી પુગવું-અશ્કબુસ અને રૂસ્તમ-રૂસ્તમની કામૂસને મળેલી ઓળખ-લશ્કરોની ગોઠવણ-જાબુલી અસવાનો અંત-કામૂસ કશાનીનો અંત... ૩૪૧-૩૪૫

ફસલ ૨—ચીનનો ખાન અને પુલાદવંદ.
ચંગીજખાનની દિલાવરી-તૂરાન સુલેહ ચાહે છે-રૂસ્તમ અને પીરાનની મુલાકાત-કીનો લેવા નીકળેલા તરાની મદદગારો-હિંદી શંગુલની જવાંદરાજી-પીરાન સામે ગુદર્જનો ધુજારો-પીરાનને રૂસ્તમનો ઠપકો-શંગુલની

શિકસ્ત-ખાને ચીનનું કેદ પકડાવું-તુરાનીઓની નાસભાગ-તુરાની પાયતખ્ત ઉપર ચઢાઇ-માણુસખાઉ જંગી સાથ લડાઇ-તુરાનીઓની નવી તૈયારી-પુલાદવંદ દેવ-તેની ઇરાનીઓ ઉપર ફતેહ-તેનું રૂસ્તમ સાથ જંગ-કરાર તોડવાનો અફ્રાસિયાબનો ગુનાહ-પુલાદવંદ દેવ કેમ છટકી ગયો-અફ્રાસિયાબની નાસભાગ ૩૫૦-૩૫૮

ફસલ ૩-અકવાન દેવનું જંગ... ૩૫૯-૩૬૧

બાબ ૧૦-શાહ કેયખુસરૂ--૩.

[બીઝન અને મનીઝેહ]

ફસલ ૧—છુપી મોહબતનો નતીજો.

ફિર્દુસીનાં મોહબતનાં દાસ્તાનો-ઇર્મનની ફરિયાદ--ગુર્ગીનની અદેખાઇ-ગુર્ગીન બીઝનને ઉશ્કેરે છે—બીઝન ફસ્યો-મનીઝેહનું નોતરૂં-સ્ત્રી શાસ્ત્ર-કર્સીવજનો દગો—ફાંસીની ટેપ—અંધારા ગારમાં બીઝનનો હાર. ... , ... ૩૬૨-૩૬૭

ફસલ ૨—બીઝનના બચાવની તૈયારી.

ગુર્ગીનના ગપાટા—બીઝન માટે શોધ-જામે જેહાંનુમા-રૂસ્તમની નવી ચઢાઇ—ઇરાની સોદાગર. ૩૬૭-૩૭૧

ફસલ ૩-છુટકારો, જંગ અને ફતેહ.

મનીઝેહની મુસીબત-રૂસ્તમની અંગુસ્તરી—રૂસ્તમ અને મનીઝેહ—છુપી ગોઠવણ—અંતે છુટકારો--તુરાની મહેલ ઉપર ધુજારો—નવી લડાઇ—સૌ સારૂં જેનું શેવટ સારૂં ... ૩૭૧-૩૭૫

બાબ ૧૧-શાહ કેયખુસરૂ-૪.

[ગુદર્જની તુરાનમાં ફતેહ.]

ફસલ ૧—લશ્કરોની ધુગધુગી.

નવી તુરાઇ ચઢાઇ—ઇરાનીઓની તૈયારી—પીરાન જોગો ગુદર્જનો સંદેશો—પીરાનનો જવાબ-ઇરાની તુરાની લશ્કરોની ગોઠવણ—બીઝન બાપને લડવા ઉશ્કેરે છે—હુમાનની અધીરાઇ—ઇરાની નામદારોનો તેને જવાબ-ગુદર્જનું લડાઇ નહિ કરવાનું બહાનું... ૩૭૬-૩૮૨

ફસલ ૨—બીઝનની બહાદુરી.

બીઝનનો ગુસ્સો-લશ્કરી દુભાબ્યા-હુમાન અને બીઝનનું જંગ—હુમાનનું બેજાન થવું-બીઝનને મળેલી બેવડી શાબાશી—હુમાનનો ફીનો: તુરાનીઓની હાર—ગુદર્જનું શાહ જોગું નામું-શાહ તરફની જાણવાજોગ બાતમી—નવી લશ્કરી તૈયારી—પીરાન સુલેહ ઇચ્છે છે-ગુદર્જનો જવાબ-લશ્કરો વચ્ચે મોટું જંગ ... ૩૮૨-૩૮૯

ફસલ ૩—"જંગે યાજદેહ રૂખ."

અગ્યાર પેહલવાનોનાં જોડકાં—"યાજદેહ રૂખ"ની લડાઇ—ગુદર્જ અને પીરાનનું જંગ—ઇરાનીઓની જીત-તુરાની લશ્કરની તાબેદારી-પીરાનના ભાઇઓની નાસભાગ-શાહની પધરામણી— પીરાન માટે તેની દિલગીરી—તુરાની લશ્કર તાબે થાય છે—ગુસ્તેહમની જખમી હાલત — ખરી દોસ્તીની ફતેહ.... ... ... ૩૮૯-૩૯૮

બાબ ૧૨—શાહ કયખુસરૂ—૫.

[અફ્રાસિયાબનો અંત.]

ફસલ ૧—અંતની શુરૂઆત: શદિહની કતલ અને અફ્રાસિયાબની પહેલી નાસભાગ.

ઇરાની લશ્કરોની ગોઠવણ-તૂરાનીઓની તૈયારી — સામસામાં લશ્કરો-તૂરાની પેગામ—ઇરાની સરદારો સુલેહની તરફેણમાં—શાહનો ઠપકો-પેગામનો જવાબ-શાહ કુસ્તી ખેલવા ઉતરે છે-લડાઇ-ફતેહ-લશ્કરો વચ્ચે મોટું જંગ—અફ્રાસિયાબ નાઠો-શાહ કાઉસ જોગું નામું... ... ૩૯૫-૪૦૧

ફસલ ૨—બીજો તબક્કો: નવી શિકસ્ત અને નવી નાસભાગ.

ઇરાની હીલચાલ-કયખુસરૂની તૂરાન ઉપર સવારી—નવી લડાઇ-પાયતખ્ત કંગ-સુલેહ માટે નવી માંગણી—શાહનો તુચ્છકાર-કંગદેઝ ઉપર હુમલો-રૂસ્તમની નામદારી-તૂરાની શાહની નાસભાગ-તેનાં તખ્ત ઉપર ઇરાની શાહ... ૪૦૧-૪૦૫

ફસલ ૩—ત્રીજો તબક્કો: ત્રીજી નાસભાગ અને કીનાની પૂઠ.

ડુબતો ફીણને વળગે છે-શાબે ખૂનની તૂરાની બાજી-અફ્રાસિયાબની છેલ્લી નાસભાગ—શાહની ગોઠવણ-અફ્રાસિયાબની પૂઠે કયખુસરૂ-મક્રાનના રાજાને સજા-ચીનના દરિયા તરફ કુચ ... ૪૦૫-૪૧૦

ફસલ ૪—અફ્રાસિયાબનો અંત.

દરિયાઇ મંજલની મુશ્કેલીઓ—અફ્રાસિયાબનો પત્તો મળે છે-કંગદેઝની મોહિની—શાહની પાછી ફરતી સવારી-કયખુસરૂની પારસમાં પુસરામણી—આજર ગુશસ્પનું એબાદતખાનુ-"અફ્રાસિયાબની ગુફા"—હોમ અને અફ્રાસિયાબ-ચયચેસ્ત સરોવરમાં અફ્રાસિયાબ-તેનો અંત-સિયાવુશના કીનાનું શેવટ ... ૪૧૦-૪૧૬

બાબ ૧૩—શાહ કયખુસરૂ—૬.

[શાહનું અજાયબ જેવું ગુજર પામવું.]

કાઉસનો ૧૫૦ વર્ષનો અમલ-તેનું દખ્મું-કયખુસરૂનાં ૬૦ વર્ષ—દુનિયા છોડી જવાનો શાહનો ઇરાદો-દરબારીઓનો ગુસ્સો અને ગુચવાડો-શાહનો ખુલાસો-સરોષની બશારત-જાલનો શેકવો અને પસ્તાવો-શાહની છેલ્લી દરબાર-નવા શાહની પસંદગી—લોહરાસ્પ સામે ઇરાનીઓની સરકશી—કયખુસરૂએ તેમને કેમ જીતી લીધા-જેહાન ગુજર માટેની તૈયારી-છેલ્લી વિદાયગીરી-કયખુસરૂનું ગુમ થવું-તેના સાથીઓનો નાશ—નવો શાહ અને ઇરાની નામદારો ૪૧૭-૪૨૫

વધારો ૪—અવસ્તા મુજબ કયાની શાહ કયખુસરૂનું બયાન.

કયખુસરૂ કોનો બેટો હતો?-કયખુસરૂનો શત્રુ ઔર્વસાર... ... ૪૨૫-૪૨૯

વધારો ૫—અફ્રાસિયાબ વિષે અવસ્તામાંથી મળતી હકીકત.

અફ્રાસિયાબે નદીઓનાં મૂખ ફેરવ્યાં-તેની છુપાવાની ગુફા—તેનાં ફર્જન્દો-તેની લાંબી ઉમરનો ભેદ-તેની વંશાવળી ૪૨૯-૪૩૨

બાબ ૧૪—શાહ લોહરાસ્પ.

[શાહજાદા ગુસ્તાસ્પની કહાણી.]

ફસલ ૧—એક શાહજાદાનો દેશવટો.

લોહરાસ્પ કોણ હતો?-નવું પાય-

તખ્ત બક્ષ—એક ઉછાછળો શાહજાદો-ફિર્દુસીની બેખબરી-ગુસ્તાસ્પની મુશ્કેલીઓ—રૂમમાં હિંદુ સ્વયંવર-કતાયૂનનો ખાબ-ગમગીન ગુસ્તાસ્પનો નવો ગમ.. ૪૩૩-૪૩૭

ફસલ ૨—રૂમમાં ગુસ્તાસ્પનાં પરાક્રમો.

મીરીનની માંગણી-ગુસ્તાસ્પે વરૂને કેમ માર્યું-દુખીનો દિલાસો—અઝદહા સાથ ગુસ્તાસ્પની લડાઇ-સચ્ચાઇની ફતેહ-ખઝરનો મુલ્ક ગુસ્તાસ્પ તાબે કરે છે-કયસરનો નવો લોભ-લોહરાસ્પની આશા-ગુસ્તાસ્પ બાબે જરીર ખાતરી કરે છે—ગુસ્તાસ્પની ઉમેદ-નવો શાહ ગુસ્તાસ્પ-ગુસ્તાસ્પની કહાણીની સરખામણી... ... ૪૩૭-૪૪૪

બાબ ૧૫—શાહ ગુસ્તાસ્પ—૧.

ફસલ ૧—નવી દીન.

ફિર્દુસી અને દકીકી-દકીકીની એક હજાર બેતો-તે ફિર્દુસીનીજ હોવાના સબબો-બલ્ખનું આતશકદેહ-શાહ ગુસ્તાસ્પ—પેગમ્બર જરતોસ્તનું જાહેર થવું-શાહે નવી દીન કબુલ કીધી-જરતોસ્તે રોપેલું સર્વનું ઝાડ-તેનો સમજણ ૪૪૫-૪૫૨

ફસલ ૨—દીન માટે લડાઇ

દીન દુશ્મન અર્જાસ્પ-તેનું નામું-ગુસ્તાસ્પનો જવાબ-ઇરાન ઉપર ચઢાઇ-ભવિષવાણી—લડાઇની તૈયારી ૪૫૨-૪૫૬

ફસલ ૩—દીનની ફતેહ.

ખૂનખાર લડાઇ-જરીરનો અંત-તેનો કીનો—તખ્ત આપવાની પહેલી કબૂલત-નસ્તૂરનાં પરાક્રમ-જરીરનો કીનો-ગુસ્તાસ્પની મોટી ફતેહ—નવી દીનનો ફેલાવો ... ૪૫૬-૪૬૨

બાબ ૧૬—શાહ ગુસ્તાસ્પ—૨.

[તેહમતન અસ્ફંદિયારનાં પરાક્રમ.]

ફસલ ૧—કાચા કાનની નવી ખરાબી.

અસ્ફંદિયારનું કેદખાનું—ઇરાન ઉપર નવો હુમલો-ગુસ્તાસ્પ સામો થાય છે—કેદી અસ્ફંદિયારના બખાળા-તેનાં નવાં પરાક્રમ-અસ્ફંદિયાર કીનો લેછે-અર્જાસ્પ નાઠો-તેની પુઠ પકડવાનો ઇરાદો ... ૪૬૩-૪૭૦

ફસલ ૨—અસ્ફંદિયારનાં હફતખાનો.

ગુર્ગસારનો કોલ — રૂઇનદેઝનું વર્ણન—૧લી મંજલ: બે વિકરાળ વરૂઓ—૨ જી મંજલ: સિંહો સાથ લડાઇ—૩ જી મંજલ: અઝદહા સાથ જંગ—૪થી મંજલ: એક ડાકણની મોહબત—૫ મી મંજલ: એક રાક્ષી સીમુર્ગ.—૬ ઠી મંજલ: સખ્ત બર્ફનો વરસાદ—૭ મી મંજલ: ત્રાંબાનો કિલ્લો ૪૭૦-૪૭૫

ફસલ ૩—દીનની છેલ્લી ફતેહ.

ઇરાની સોદાગર—તુર્કી નામદારોને ખાણું—લડાઇ: કિલ્લાની બાહેર—લડાઇ: કિલ્લાની અંદર-રૂઇનદેઝની ફત્તેહ ... ૪૭૬-૪૭૯

બાબ ૧૭—શાહ ગુસ્તાસ્પ—૩.

[અસ્ફંદિયાર અને રૂસ્તમનું જંગ.]

ફસલ ૧—તખ્ત માટે રીકઝીક.

શાહની કબૂલતની કસોટી-રૂસ્તમની તારીફ-છેડાયલો શાહજાદો ૪૮૦-૪૮૧.

ફસલ ૨—રૂસ્તમ ઉપર ચઢાઇ.
નરમ ઘી જેવી વાત—રૂસ્તમનો જવાબ—બે તેહમતનોની મુલાકાત—શાહજાદાની તુંદી—તે પોતાનાં કામો ગણાવે છે—હાથનાં જોરની આજમાયશ—રૂસ્તમનું ખાનપાન—તેના સંદેશો ... ૪૮૧-૪૮૬

ફસલ ૩—અસ્ફંદિયારની કતલ.
સુલેહ માટેની સલાહ—પહેલી લડાઇ: બન્ને એકસરખા—બીજી લડાઇ: રૂસ્તમની હાર—સીમુર્ઘની મદદ—પરસ્તાનના જેવી એક વાર્તા—રૂસ્તમ શાહજાદાને વિનવે છે—બે કાપલાના તીરનું કાર્ય—અસ્ફંદિયારનું મોત—શાહજાદો બેહમન ૪૮૬-૪૯૧

બાબ ૧૮—શાહ ગુશ્તાસ્પ-૪.

[કયાની વંશની આખર.]

ફસલ ૧—રૂસ્તમનું દગાભરેલું મોત.
શઘાદ—રૂસ્તમના નાશની યોજના—સસરા જમાઇ વચ્ચે તડાતડી—પ્રપંચની ફતેહ: રૂસ્તમનો અંત—કર ને જો!—રૂસ્તમની લાંબી ઉમર. ૪૯૨-૪૯૪

ફસલ ૨—ગુસ્તાસ્પ પછી ઈરાનની હાલત.
શાહ બેહમન—કયાની અને હખામની શાહોની ભેળસેળ—મદા અને મન્દા—બાબુલના જરતોશ્તી પાદશાહો—એલામ અને મીડિયા ૪૯૫-૪૯૯

કયાની શાહોની વંશાવળિ ... ૪૯૯

કયાની પેહલવાનોની વંશાવળિ... ૫૦૦

તવારીખે કયાનીયાન:

યાને

કયાની શાહનામું.

ભાગ ૧ લો.

મૂળ વતન ઈરાનવેજ.

બાબ ૧–ઇરાનવેજ: તે કયાં હતું ?

અવસ્તા:	અર્થ:
નૅમૅમ્ ક્વએૅમ્ ખરેનો ;	નમાજ હોજો કેયાની ખોરેહને ;
નૅમો ઐર્યને વએૅજહિ.	નમાજ હોજો ઇરાનવેજને.

ફસલ ૧–વંદીદાદવાળું બાગે બહેસ્ત.

ઈરાનવેજ અને વેહાદાઇતી.

ઇરાનવેજ અસલ આર્ય લોકોનું મૂળ વતન મનાય છે. અવસ્તાવાણીમાં એ મુલકને બાબજા વખાણ્યો છે અને યાદ કીધો છે. વંદીદાદ નામના અવસ્તાઇ નસ્ક મુજબ અહીં શાહ જમશેદ રાજ્ય કરતો હતો. તે વેળા આ ઇરાનવેજમાંથી વંઘુદાઇતિ (વેહદાઇતી) નામની નદી વહેતી હતી. આ નદી કયાં આવી હતી, કયા પહાડમાંથી નિકળી કયા દરિયામાં ખાલી થતી હતી, તે જો નક્કી થાય તો ઇરાનવેજની જગા મુકર્રર થાય. બુન્દેહશ નામની પેહલવી કેતાબ મુજબ ઇરાન-વેજ હાલના જમાનાના ઇરાન દેશની ઉત્તરે આવ્યો હતો; પણ તેમાંથી વહેતી વેહદાઇતી નદીની જે ઓળખ આપી છે તે સાથ ઇરાનવેજનું ઉપલું સ્થળ બંધબેસતું જણાતું નથી. પેહલવી ગ્રંથ મુજબ વેહદાઇતી નદી એક નહિ પણ "વેહ" અને "દાઇતી" નામની બે જુદી જુદી નદીઓ છે, જેઓ મધેની વેહ નદી સિંધમાંથી પસાર થઇ દરિયા (અરબી સમુદ્ર) માં પડે છે, જ્યાં તેને "મેહરાં" નામથી ઓળખવામાં આવી છે.[1] આ ઉપરથી આ નદી આજની સિંધુ નદી હોય એમ લાગે છે.[2] બીજી નદી "દાઇતી" ઇરાનવેજમાંથી નિકળી પહાડી મુલ્કમાં વહે છે,

---

૧ બાબ ૨૦, ફકરો ૯.

૨ વૅસ્ટ: બુન્દેહશ: બાબ ૨૦, ફ૦ ૯, નોટ ૭. વૅસ્ટ મુજબ વેહ નદીમાં જીહુન નદીને પણ કોઇ વાર ગણેલી છે, કેમકે બુન્દેહશમાં આગળ ચાલતાં (બાબ ૨૦, ફ૦ ૨૨, ૨૮) જણાવેલું છે કે બલ્ખ અને તરેમેત નામની નદીઓ વેહ નદીમાં ખાલી થાય છે.

અને બીજી સઘળી નદીઓ કરતાં તેમાં જિયાંગાર પ્રાણીઓ ઘણાં છે.[1] બુન્દેહેશની આ ઓળખ સંપૂર્ણ નથી. વંદીદાદમાં જણાવેલી અસલ વેહદાઇતિ નદી તો એકજ હતી. તેમાં જ્યાં ઇરાનવેજ અને વેહદાઇતિનો ઇશારો છે ત્યાં જણાવ્યું છે કે તે તરફ, (યાને જ્યાં પુરાતન ઇરાનવેજનો મુલક હતો અને જેમાંથી વેહદાઇતી નદી પસાર થતી હતી તે તરફ) વર્ષના દશ મહિના સર્દી અને બે મહિના ગર્મી હતી. કુદ્રતી આબોહવાનો આવો મામલો જેમ ગેર્ગસ્તાનમાં જણાતો નથી તેમ મધ્ય એશિયાના મુલકમાં પણ જણાતો નથી. એટલામાટે એ બેમાંની હરકોઈ જગા તરફ અસલી ઇરાનવેજ આવેલું હોય એમ લાગતું નથી; કારણ કે વંદીદાદમાં[2] વળી વિશેષ એમ પણ જણાવ્યું છે કે વેહદાઇતી નદીવાળાં ઇરાનવેજમાં જ્યાં ૧૦ મહિના થંડી પડતી હતી તે પાણી, જમીન, ઝાડપાન એ સર્વેને માટે ઘણીજ સખ્ત અને કાતેલ હતી; ત્યાં થંડીનું દિલ યાને મધ્યસ્થળ હતું; ત્યાં બર્ફ અને કરા પડ્યા કરતાં, બર્ફના તુફાનો થતાં, થંડો કાતેલ પવન ફુંકતો, અને એ રીતે ત્યાંની વસ્તી ઘણી જાતનાં દુઃખો ભોગવતી.

જમશેદનું ઇરાનવેજ.

એવું જણાય છે કે ઇરાનવેજ જ્યારે પહેલું વસ્યું ત્યારે ત્યાંની આબોહવા કાંઇ ઉપર વર્ણન કીધું તેવી શિતળ અને દુઃખભરેલી ન હતી. વંદીદાદ[3] મુજબ ઇરાનવેજ જગાઓ અને શેહેરોમાં સૌથી સરસ જગા અને શ્રેષ્ટ શેહેર હતું, પણ પાછળથી ત્યાં સખ્ત થંડી અને બર્ફ અને તુફાન વગેરેની પિડાકારી પેદા થઇ. આવી દુઃખદાયક પિડાકારી આગળ ચાલતાં એટલી બધી વધી ચાલી કે બર્ફનો ઢગલો થઇ પડી રહેતો હતો તેને બદલે હવે તે પિગળીને તેની નદીઓ વહેવા લાગી અને તેમનાં પાણીથી ગંજાવર રેલ ફરી વળી. પણ એ દુઃખો આવી પડે તે આગમજ જમશેદનાં ઇરાનવેજમાં થંડો પવન કે ગરમ પવન, દુઃખ કે મર્કી, કાંઇ હતું નહિ[4], જેથી જમશેદ પછીનાં પહેલાં ૩૦૦ વર્ષમાં એ સુખકારી મુલકમાં વસ્તીનો બહોળો વધારો થઇ ગયો, અને ઇરાનવેજની અસલ જગા વધુ વસ્તીને માટે પુરતી જણાઇ નહિ. એ અસલ મુલક પશુઓથી, ઢોરોથી, ઇનસાનોથી, કુતરાઓથી, પક્ષિઓથી, રોશન આતશથી (યાને સુખી કુટુંબોથી) ભરપુર થઇ ગયો, એટલી બધી હદ સુધી કે વંદીદાદમાં જણાવ્યા મુજબ[5] પશુ, ઢોર અને માણસને માટે વસવા લાયક વધુ જગા મળી શકી નહિ. આથી જમશેદે ઇરાનવેજના મુલકનો અસલ વિસ્તાર હતો તે કરતાં ૧/૩ જેટલો નવો વધાર્યો—એટલી જમીન ખેડવા તથા વસવા લાયક તેણે બનાવી—જેથી પશુઓ અને ઢોરો અને માણસોની વસ્તી આ નવા વધારેલા ભાગમાં ફેલાવો પામી, અને સર્વ કોઇ પોતાની મર્જી તથા ખુશી પ્રમાણે જિંદગી ગુજારવા લાગ્યાં.[6]

એ રીતે બીજાં ૩૦૦ વર્ષ વહી ગયાં ત્યારે એક વાર ફરીને ઇરાનવેજના વિસ્તારમાં નવેસરથી વધારો કરવાની ફર્જ પડી, અને એજ રીતે ત્રીજી મરતબે પણ તેણે તેવોજ વધારો કીધો, જેથી અંતે ઇરાનવેજનો અસલ વિસ્તાર

---

૧ બાબ ૨૦, ફ૦ ૧૩. યુસ્ટી ઉપલા પહાડી મુલક (કુર્દિસ્તાન—ગોપેસ્તાન)ને ગુર્જિસ્તાન (જીઑર્જિયા) સમજીને દાઇતી નદીને ત્યાંની અરાસ (Araxes) નદી સાથ સરખાવે છે. (જુઓ વૅસ્ટ: બુન્દેહેશ: સફે ૭૮, નોટ ૧.) જૅકસન દાઇતીને સફીદરૂદ નદી માને છે. (Persia, Past and Present: સફે ૪૪૫) ડાર્મેસ્ટેટે તેને અરસ અને બાઇગર "જરફશાન" સાથ સરખાવે છે.

૨ પરગ૦ ૧, ફ૦ ૪.

૩ તેજ, ફ૦ ૩.

૪ તેજ, પરગ૦ ૨, ફ૦ ૫. ૫ તેજ પરગ૦ ૨, ફ૦ ૮.

૬ પરગ૦ ૨, ફ૦ ૧૧.

હતો તેથી ત્રેવડો થયો, અને એવા મોટા મુલકમાં સર્વ કોઇ ખુશી તનદુરસ્તીથી વસવા લાગ્યાં. જમીનનો આ સઘળો વધારો જમશેદે દક્ષિણ દિશા ભણીજ કીધો હતો એવું વંદીદાદમાં જણાવેલું છે.[1] ત્યાં જણાવ્યા મુજબ જમશેદ ઉપલી ત્રણે મરતબે જે તરફ આગળ વધ્યો હતો તે દક્ષિણ દિશા હતી; જે ઉપરથી લાગે છે કે તેનો ઇરાનવેજનો મુલ્ક એટલો બધો ઉતરભણી આવેલો હશે કે તે કરતાં વધારે ઉત્તરે જમીન જેવું કાંઇ હશેજ નહિ. તોપણ દક્ષિણ સિવાય ઉત્તરે કે ઉગમણે યા આથમણે પોતાના મુલ્કોનો વધારો કરવાનું તેને બન્યું ન હશે તેથી દર વેળા તે દક્ષિણ તરફજ પોતાનાં હથિયારો વાપરીને જમીન ખેડતો ગયો અને આગળ વધતો ગયો હતો, એમ સમજવાનું નથી.[2] અસલ ઇરાનવેજની તથા ત્યારપછી ત્રણ મરતબે વધારેલી આ નવાં ઇરાનવેજની ભૂમિ ઘણી આબાદ અને તનદુરસ્ત અને સુખવાસી હોવી જોઇયે, અને તેટલામાટેજ એ ભૂમિ જગાઓમાં અને શેહેરોમાં સર્વથી સરસ લેખાઇ છે.

જમશેદનો "વર" યાને સંસ્થાન.

પણ જમશેદનું કર્તવ્ય એટલુંજ નથી. આ બાગેબહેસ્ત જેવો મુલ્ક પાછળથી વસ્તીવાડીને માટે તદન નાલાયક થઇ પડ્યો. ઉપર જણાવી ગયા તેમ ત્યાં ૧૦ મહિના સુધી ચાલુ રહે એવી કાતેલ થંડી પડવા લાગી અને જીવલેણ બર્ફ વરસવા લાગ્યો, જેથી ઇનસાન, હેવાન અને ઝાડપાન, એ સર્વ મરી જવા લાગ્યાં. એટલુંજ નહિં પણ બર્ફની નદીઓ વહીને ઇરાનવેજના મુલ્ક ઉપર તમામ ઠેકાણે બર્ફની રેલ ફરી વળે એવો ભય પેદા થયો. "સખ્ત અને મારી નાખે એવી થંડી"થી બચવા માટે, તથા "ઉંચા પહાડોથી તે અર્દ્વિસુર નદીની ખીણો સુધી વહેતા પુષ્કળ બર્ફ"થી નિપજતી "શિયાળાની ખરાબી"થી દૂર રહેવા માટે જમશેદે દૂર અંદેશી વાપરીને એક મોટું સંસ્થાન વંસાવ્યું અને ત્યાં તેણે પશુ, ઢોર, માણસ, કુતરાં, પક્ષિ તથા આતશ એ સર્વમાં જે સૌથી સરસ હતાં તેમને લઇ જઇ આશ્રો આપ્યો. આ સંસ્થાન તેણે દરેક બાજુથી ચોરસ યાને એક સરખી લંબાઈ પહોળાઇનું બનાવ્યું, જે દરેક બાજુથી એક "ચરેતુ" યાને એક "ઘોડો દોડી શકે એટલું લાંબુ" હતું. આ સંસ્થાનમાં તેણે પુરતું પાણી ભરી રખાવ્યું, તર તરકારી અને તાજા ખોરાકનાં બજાર વસાવ્યાં, ફરતી દીવાલ અને ઓરડા સાથનાં ઘરો બંધાવ્યાં, અને સૌથી મોટાં, સૌથી સોહામણાં અને સૌથી સરસ નર નારીઓ, ગાય ઢોરો, ખુશબોદાર ઓરવરો, ખાવા લાયક અને સ્વાદિષ્ટ ખોરાકો, વગેરે વગેરેને આ સંસ્થાનમાં ભેગાં કીધાં,[3] આ નવું સંસ્થાન પણ ઇરાનવેજના જેવુંજ સુખવાસી હતું, કેમકે આપણને જણાવવામાં આવ્યું છે તેમ ત્યાં મગરૂરી, બાળસાઇ, અપવિત્રાઇ, જુલ્મ, કંગાલિયત, દંગાઇ, નીચપણું, અપ્રમાણિકપણું, બદ સખુન, ઇત્યાદિ ન હતું, તેમ વળી મોત પણ ન હતું.[4]

આ સુખવાસી સંસ્થાનને માટે જણાવ્યું છે કે તેમાં જેમ કુદરતી રોશની ઉંચેથી તેમજ હાથની બનાવેલી રોશની અંદરથી પ્રકાશે છે.[5] હવે આ રોશની જે ઉંચેથી પ્રકાશે છે તે કાંઈ સુર્યની હોય નહિ, કારણ કે તુરતજ ખુલાસો આપવામાં આવ્યો છે કે ઉપલાં નવીન સંસ્થાનમાં "તારા તથા ચંદ્ર તથા સુર્ય એકજ વખ્તે ઉગતા અને અસ્ત પામતા દેખાય છે." સવાલ થશે કે એક વખ્ત એટલે શું? કેટલી મુદતમાં એક વખ્ત? દરરોજ એક વખ્ત કે દર સાલ એક વખ્ત? સર્વ તરજુમો કરનારા "(દરરોજ) એક

---

૧ ફરગ૦ ૨, ફ૦ ૧૦, ૧૪, ૧૮.

૨ એ બાબેનો ખુલાસો આગળ ચાલતાં સફે ૧૩–૧૪ માં જણાશે. આ જમીનનો વધારો તે કોઇ કલ્પિત નહિ પણ ખરેખરોજ હોવો જોઇએ.

૩ ફરગ૦ ૨, ફ૦ ૩૩ થી ૩૬. ૪ ફ૦ ૩૭.

૫ ફ૦ ૪૦.

વખ્ત," એમ જણાવી જાય છે; પણ બીજાજ ફકરામાં[1] જે કાંઈ ખુલાસો છે તે ઉપરથી સિધ્ધ થાય છે કે ત્યાં સુર્ય, ચંદ્ર, અને સેતારા દરરોજ એક વખ્ત દેખાવ દેતા ન હતા. જો તેમ હોત તો એ બાબતના ઇશારાની કાંઇ જરૂર ન હતી, કેમકે એ બનાવતો આજે આપણી તરફ સાધારણ છે. પણ ઉપલા ફકરામાં ચોખ્ખું લખ્યું છે કે "તેઓ (ઉપલાં સંસ્થાનના લોકો) એક વર્ષને એક દહાડો વિચારે છે," તે ઉપરથી જણાય છે કે જમશેદનાં સંસ્થાનવાળા મુલકમાં આખું વર્ષ એક દિવસ અને એક રાતમાં વહેંચાયલું હોય તેમ ત્યાંના લોક ગણુતા હતા, અને તેથી ત્યાં આફતાબ અને માહતાબ અને સેતારા દરરોજ નહિ પણ દર સાલ એકજ વખ્ત ઉગતા અને અસ્ત પામતા હતા.

એમ કેમ બને? નહિ બને—પણ એમ બનતું ત્યાંના લોકોને "દેખાતું હતું." ત્યારે આમ દેખાવાનો સબબ શો? ઇરાનવેજનો મુલક પૃથ્વીની કઇ બાજુએ અને ક્યાં આવેલો હોવો જોઇયે કે ત્યાંના સુખવાસી લોકોને કુદ્રતી ગોળાઓ વર્ષમાં એકજ વખ્ત ઉગતા હોય અને એકજ વખ્ત આથમતા હોય એમ દેખાય?

આ સવાલનો ખુલાસો ઘણો મુસ્કેલ છે; પણ તેની જે સમજણ આપવામાં આવી છે તે ઘણીજ રસીલી છે.

નવું ઇરાનવેજ.

એવું જણાય છે કે જમશેદે જે નવું સંસ્થાન વસાવ્યું તે અસલ ઇરાનવેજની સુખવાસી ભૂમિ બર્ફ પડવાથી દટાઇ ગયા પછી અને તે મુલકમાં બર્ફની રેલ ફરી વળ્યા પછીજ બનાવ્યું હતું. એટલા માટે તેને આપણે "નવું ઇરાનવેજ" ગણીશું. આ નવું સંસ્થાન પણ અસલ વતન જેવુંજ આબાદ અને સુખવાસી હતું. તેને ત્રણ ભાગમાં વહેંચેલું હતું, જેમાંના ૧ લાને આગળો, ૨ જાને વચલો, અને ૩ જાને નીચલો એવે નામે ઓળખાવ્યા છે. આવા તફાવતનો શો સબબ છે તે જણાતું નથી. કદાચ એમ હોય કે ત્રણ મરતબે આ સંસ્થાન વસાવી શકાયું હોય; અથવા કદાચ અસલ વતન સાથના સંબંધમાં આ સંસ્થાનના વિભાગોને આગળો, વચલો અને પાછળો એવાં ત્રણ નામે ઓળખાવ્યા હોય; એટલે કે "આગળો" તે અસલ વતન જે સખ્ત કાતેલ થંડીથી નાશ પામ્યું તેની નજદીકનો, "વચલો" તે ૧ લા અને ૩ જા ભાગની વચ્ચેનો, અને "નીચલો" તે અસલ ઇરાન વેજથી બહુ છેટેનો અથવા દક્ષિણ તરફનો. આ ત્રણે વિભાગોમાંના ૧ લા માં જવા આવવાના ૯ રસ્તા (અથવા વેપાર ધંધાના નવ તાલુકા), ૨ જામાં છ અને ૩ જામાં ત્રણ એ રીતે બનાવવામાં આવ્યા. વળી ૧ લા ભાગમાં ઉત્તમ પ્રકારનાં નરનારિનાં ૧૦૦૦, ૨) જા ભાગમાં ૬૦૦, અને ૩ જા ભાગમાં ૩૦૦ તોખિમ વસાવવામાં આવ્યાં. આ ત્રણ વિભાગ અથવા ત્રણ જુદાં જુદાં સંસ્થાનોમાં મકાનો બાંધવામાં આવ્યાં, જેમાં "કુદ્રતી રોશની" દાખલ થવા માટે બારી બારણાં બનાવ્યાં હતાં. અગરજો વંદીદાદમાં આવેલા "વર" શબ્દનો અર્થ "ગુફા" કરવામાં આવે છે તેમ આ નવું સંસ્થાન અથવા સંસ્થાનો જો કોઇ પહાડી ગુફા હોય તો ત્યાં મકાનો શી રીતે બંધાય, અને તે મકાનોમાં "કુદ્રતી રોશની" ક્યાંથી આવી શકે કે બારી બારણાં બનાવે? આ "વર" તે કાંઇ "ગુફા" નહિ પણ કોઇ ઉંચાણ પહાડી મુલક હોવો જોઇયે, કે જ્યાં બર્ફની રેળ પહોંચી યા ફરી વલી શકે નહિ.[2]

[1] ફ૦ ૪૧.

[2] એરવદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચા "વર" ને સં૦ "વાર" ફારસી "બાલહ" અને ઇંગ્રેજી barge, bark સાથ સરખાવી તેનો મુળ અર્થ વાસણ અને મુરાદી અર્થ "વહાણ"નો કરે છે, અને જણાવે છે કે વંદીદાદમાં જમશેદની બાબતમાં "આ વરોમાં" એવા શબ્દો છે તે ઉપરથી જમશેદે "વર" યાને "વહાણો" બાંધ્યા હોય.—"જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડળી" નો ઇસ્વી ૧૮૬૯–૭૦ સુધીનો હેવાલ (૧૮૯૧), સફે ૪૨–૪૪.

"કુદ્રતી રોશની" તે કઇ? દિવસે જણાતી આફતાબની અને રાત્રે મળતી માહતાબની રોશની? એ બાબે કોઇબી વિદ્વાને ખુલાસો કરવાની જરૂર જોઇ નથી તે આમ સમજીનેજ હશે. પણ આ "કુદ્રતી રોશની" તે કાંઇ સૂર્ય, ચંદ્રની કે સેતારાઓની રોશની હોય એમ લાગતું નથી. એ તો બીજીજ આકાશી રોશની છે, જે બાબે આગળ ચાલતાં જાણવાજોગ ખુલાસો આપણ વાંચીશું,[1] કે જે ઉપરથી વંદીદાદનાં આ ઇશારાની સચ્ચાઇ પુરેપુરી રીતે જાહેર થશે.

બારીબારણાં, ઘરો, વગેરે સર્વ કાંઇ જમશેદે "સોનેરી ઘોળ ચઢાવેલાં હથિયાર" વડે બનાવ્યું હતું. વળી એજ હથિયાર વડે પ્રથમ જમીન ખેડીને, ખોદીને, ઉથળપાથળ કરીને આ "વર" યાને સંસ્થાન વસાવ્યું હતું, તેની સમજણ એજ કે ચોતરફ ફરી વળેલો બર્ફ ખોદી કહાડીને તથા એ રીતે જમીનને પાછી હસ્તીમાં આણીને નવું પહાડી સંસ્થાન વસાવ્યું હતું. આ નવી ભુમિમાં સઘળી પાંતિનું સુખ હતું. ત્યાંના વતનીઓ પોતાનું વર્ષ શિયાળાથી ગણતા હોવાથી વંદીદાદમાં જણાવ્યું છે કે ૪૦ શિયાળા પુરા થવે નર નારિથી એ બાળકો જન્મ લેતાં, અને પ્રાણીઓના સંબંધમાં પણ એમજ બનતું હતું. આ મુલ્કનાં લોકો મજદયસ્ની દીન પાળતાં હતાં, જે દીન વીસ્કરિશ નામના પેગમ્બરે ફેલાવી હતી.

ફસલ ૨—ઇરાનવેજ બાબે માનવા જોગ તર્ક.

ઇરાનવેજ વિશે જુદા જુદા તર્ક.

હવે વંદીદાદમાં વર્ણવેલું ઉપલું અવસ્તાઇ બહેસ્ત કયાં આવેલું હશે? આપણે ઉપર જોઇ ગયા તેમ તે જરફશાન નદી તરફ કે અરસ નદી ભણી આવેલું હોયજ નહિ. તે આજનાં ઇરાનમાં તો કેથે હતુંજ નહિ; પણ શું મધ્ય એશિયામાં જ્યાં અસલી આર્યો એકત્ર પ્રજા દાખલ વસી ગયલી મનાય છે ત્યાં પણ તે નહિજ હોય? ત્યારે તે કયાં હતું? ડૉ૦ શ્રેડર કહે છે કે આર્યો મધ્ય એશિયામાં આવી વસે તે આગમજ તેઓ યુરોપીઅન રશિયા દેશના દક્ષિણ ભાગમાં વસતા હતા, અને ત્યાંથી તેઓ નીકળીને કૅસ્પીઅન સમુદ્રની ઉત્તરે થઇ જરફશાન નદી તરફ આવ્યા હતા. બીજાઓ કહે છે કે આર્ય તે કાંઇ પહેલો માનવીજાત ન હતો, અને પહેલો માણસ કાંઇ મધ્ય એશિયામાંજ પેદા થયો ન હતો. તેનાં મૂળ વતનને માટે આપણે ઉત્તર ધ્રુવ તરફ શોધ કરવી જોઇએ. ડૉ૦ વૉરન નામે વિદ્વાન કે જે બોસ્ટન યુનિવરસિટિનો પ્રમુખ છે, તેણે એજ રીતે માણસજાતને ધ્રુવનો અસલ વતની સાબેત કરવા માંગે છે. પ્રોફેસર રિહસ (Rhys) ઉત્તર ધ્રુવની આસપાસનાં ગોળ ચકરડાં આર્કટિક સર્કલ (શિત કટિબંધમાં) કોઇ ઠેકાણે આ ઉત્પત્તિ થયેલી સુચવે છે. બીજાઓ ઉત્તર જર્મની અથવા નૉર્વે અને સ્વીડનથી બનેલા સ્કેન્ડીનેવિયાના મુલ્કને આપણું મૂળ વતન ઠરાવવા માંગે છે. મી૦ બાળ ગંગાધર ટિળકનો તર્ક આ સઘળાંને લગભગ મળતો છે. તે માણસજાતને પડતો મુકીને આર્યનેજ પકડે છે, અને વેદ તથા અવસ્તાની દંતકથાઓને આધારે તેમજ ભુસ્તર વીદ્યાની સર્વેથી છેલ્લી શોધોને આધારે દેખાડવા માંગે છે કે આર્ય લોકોનું પ્રથમ વતન મધ્ય એશિયા તો નહિજ પણ ઉત્તર ધ્રુવ તરફ કેથે હતું, કે જ્યાં તેમનું આ દુનિયાનાં બહેસ્ત જેવું સંસ્થાન દુનીયા ઉપર બર્ફની છેલ્લી રેલ (glacial epoch) ફરી વળે તે આગમજ તેવીજ એક બીજી વચગાળેની રેલથી નાશ પામ્યું હતું.[2]

---

[1] જુઓ પછાડી, ફસલ ૩ જી.

[2] The Arctic Home in the Vedas, સફે ૨૩.

પણ આ અને એવાંજ બીજા[1] મતો તરફ ગમે એટલું માન ધરાવ્યા છતાં, વંદીદાદમાં આપેલાં વર્ણન મુજબનું બયાન જે જગા આજે આપી શકતી હોય યા આગળ આપતી હતી એવું સાબેત થાય તે જગાને આપણુ ઇરાન વેજ દાખલ કબુલ રાખવાને લલચાઇશું. એ કારણ માટે વિદ્યાને આપણી મદદે લેવી જોઇશે, અને ભુસ્તર અને શીલ્પ વિદ્યા એ બાબતમાં આપણને મદદ આપી શકે એમ છે.

અસલી આર્યનો જમાનો.

વંદીદાદમાં જે કાંઇ અસલી આર્ય અથવા ઇરાની બહેસ્તને માટે જણાવેલું છે તે બયાનની ઘણાં વર્ષો આગમજ એ બાબેના કાંઇક ઇશારા રીગ વેદમાંથી મળી આવે છે. રીગવેદનો જુનામાં જુનો જમાનો ઇસ્વી પૂર્વે ૪૫૦૦ નો ટિળક ગણે છે, પણ આ ઉપરથી આપણે એવાં અનુમાન ઉપર આવી જવાનું નથી કે અસલી આર્યો આજથી ૬૪૦૦ વર્ષ ઉપર પહેલી હૈયાતી ભોગવી ગયા હતા. પુરાણા આર્યની હસ્તીને તો એજ લેખક ઇ. પૂ. ૮૦૦૦ વર્ષ ઉપર લઇજવા માંગે છે, એટલે તેની પ્રથમ હસ્તી આજથી ૧૦ હજાર વર્ષ જેટલી પુરાણી ગણાય. સૌથી મુખ્ય અગત્યની શાહાદત અસલી આર્યનું બહેસ્ત શોધી કહાડવા માટે અવશ્યની છે તે તો વંદીદાદમાં જણાવેલો આ વાકય છે કે ત્યાંનાં લોક પોતાનાં આખાં વર્ષને એક દહાડો ગણે છે, અને ત્યાં આફ્તાબ, માહતાબ અને સેતારા વર્ષમાં એકજ વખ્ત ઉગતા અને એકજ વખ્ત અસ્ત પામતા જણાય છે. આ કાંઇ અમસ્થકું યા કલ્પિત લખેલું નથી; પણ વંદીદાદના જમાનાની સેંકડો વર્ષ આગમજ કોઇ બનેલા બનાવ ઉપરથીજ એમ લખાયલું હોવું જોઇયે. તેમજ હોય તો એ માટેની શાહાદત આપણે શોધી કહાડવી જોઇયે.

તવારીખના બનાવો ઇ. પૂ. ૫ થી ૬૦૦૦ વર્ષ કરતાં વધારે પુરાણા ગણાતા નથી. તોપણ એ મુદ્દત આગમજના બનાવોને દંતકથા એ સલામત રાખેલા હોવાથી તે કથા તરીકે મશહુર છે. હવે પૃથ્વીની સપાટી ઉપર થયલા અનેક ફેરફારોની શોધ ખોળ થાય છે તે તરફ જોતાં એવું ભાસે છે કે માણસની હસ્તી હાલ જેમ જણાય છે તેમ સિલસિલાબંધ ચાલી આવેલી નથી, પણ વચમાં વચમાં તે ખતમ થઇને નવેસરથી પાછી સજીવન થઇ હતી. જે ફેરફારો વિશે આપણ બોલિયે છિયે તેઓમાંનો એક પૃથ્વીની સપાટી ઉપર ફરી વળતી બરફની રેલનો છે. આવી એક રેલ બાબેની દંતકથા અત્યાર સુધી તમામ માણસજાતને જાણીતી છે. તેના ઇશારા જેમ વંદીદાદમાં, પુરાણમાં, બેબીલોન્યન લોકોનાં લખાણોમાં, બાઇબલમાં, તેમજ અમેરિકાનાં અસલી લોકોની દંતકથાઓમાંથી મલી આવે છે. એ રેલ આવ્યાથી તમામ માણસજાત ડુબી ગઇ હતી, પણ થોડાંજ ખુદાઇ પસંદગી પામેલાં જીવતાં રહેવા પામ્યાં હતાં, એમ સઘળી દંતકથાઓમાં જણાવેલું છે. હવે આવી રીતે નાશ પામેલી માણસજાત પછી જેમ હાલની નવી પ્રજાએ જન્મ લીધો છે એમ આપણે માનિયે છિયે, તેમ એ બનાવ આગમજ પણ એવીજ એક બીજી રેલ આવી હતી અને તેમાં પણ એક પ્રજા નાશ પામી હતી એવાં અનુમાન ઉપર મી૦ ટિળક આવે છે, અને તે પ્રજા કોઇજ નહિ પણ અસલી આર્ય પ્રજા હતી એમ તેનું કહેવું છે. એ બનાવ ઇ. પૂ. ૮૦૦૦ વર્ષ ઉપર બનેલો ધારવામાં આવે છે.

આર્ય ટોળીઓની આમદરફત.

આજે યુરોપ અને એશિયામાં વસતી આર્ય પ્રજાઓની એકબીજા સાથ સરખામણી કરવામાં આવે છે, અને તેમની ભાષા, તવારીખ, ધર્મ, દંતકથા, ક્રિયા વગેરે આગળ એકમળતાં હતાં એમ સિદ્ધ કરવામાં આવે છે. આમ હોવા માટે એક વાર એમ મનાયું હતું કે

1 The Arctic Home, દીબાચો, ૬.

આર્ય ટોળાઓ મધ્ય એશિયા છોડીને યુરોપ ગયા હતા. તેઓ આ સત્ત્વજ્ઞુ ત્યાં લઈ ગયા હતા. ત્યારબાદ એવો પણ દાવો ઉઠાવવામાં આવ્યો છે કે આર્યો યુરોપથી એશિયા આવ્યા હતા, અને ત્યાંથી તેઓના તાયફા હિંદુસ્તાન અને ઇરાનમાં દાખલ થયા હતા. આ સામસામા બન્ને દાવાઓમાંનો એક ખરો હોય યા ખોટો હોય, પણ મી૦ ટિળક અને ડૉ૦ વૉરન વગેરે આપણને સમજાવવા માગે છે તેમ મૂળ આર્ય વસ્તી જો ઉત્તર ધ્રુવ તરફ થઇ હોય તો ત્યાંથી આર્યો જેમ એશિયાટિક રશિયામાં થઇને મધ્ય એશિયા મારફતે ઇરાન અને હિંદુસ્તાનમાં ઉતર્યા હોય, તેમજ સ્કેન્ડિનેવ્યામાંથી યુરોપમાં જર્મની અને રશિયામાં દાખલ થઇ શકયા હોય, એ બન્ને બાબતો બનવાજોગ છે. આમ જો હોય તો યુરોપ અને એશિયાના આર્યો અસલ એક હોવા છતાં તેઓ એક ખંડમાંથી બીજા ખંડમાં ગયલા નહિ પણ બંન્ને ખંડોમાં એક-સરખા દરીદામ થયા હોય.

મી૦ ટિળક એટલું ઉમેરવા માંગે છે કે યુરોપમાં ધાતુની આયાત એ ખંડનાજ લોકોથી નહિ પણ કોઇ પરદેશી લોકોથી થઇ હતી અને તે લોકો એશિયાથી યુરોપ ગયલા આર્ય લોકો હતા..

પુરાણા આર્યનું મૂળ મથક.

હવે આ આર્ય પ્રજા યુરોપ અને એશિયામાં ક્યાં વસતી હતી તેની અમૂક જગા મુકરર કરવી મુશકેલ છે. મી૦ ટિળક તેને જેમ એશિયામાં તેમજ યુરોપમાં છેક ઉત્તર ભણીના ભાગમાં વસતી કલ્પે છે. આર્કટિક સર્કલ (શિતકટિબંધ) નું ચક્ર, કે જેમાં ગ્રીનલેંડ, સ્કેન્ડિનેવ્યાનો થોડોક ભાગ, લૅપલેંડ, રશિયાનો ઉત્તર ભાગ, વગેરે આવેલાં છે,—ત્યાં આ આર્યો વસતા હતા, અને અહીં તેઓ સુખવાસી જિંદગી ગુજારતા હતા, એવાં પરિણામ ઉપર મી૦ ટિળક આવે છે. આ પરિણામ ઉપર આવવાના ટેકામાં તે વેદ, અવસ્તા, અને આજના લેખકો તથા ધ્રુવ તરફના મુસાફરોનાં લખાણો વગેરેનો ટેકો લે છે. બર્ફની છેલ્લી સામાન્ય રેલની આગમજ આ આર્કટિક ચકરડાં વાળા મુલકમાં ઉનાળામાં થંડક અને શિયાળામાં ગર્મી રહેતી હતી અને ત્યાં ગોયા વસંત અથવા બહારની મોસમ્ બારેમાસ ચાલુ જણાતી હતી; અને સ્પિટ્ઝબર્ગેન નામના એ ચકરડાં માંહેલા ટાપુ જેવી ભૂમિઓ કે જ્યાં નવેમ્બરથી માર્ચ સુધી સૂર્ય દેખાતોજ નથી ત્યાં વનસ્પતિ એવા જથ્થામાં અને એવી ફલદ્રુપતામાં ઉગી નિકળતી હતી કે જેવી તે હાલ સમશિતઉષ્ણ તથા ઉષ્ણકટિબંધોમાંજ ઉગતી જણાય છે. વળી મી૦ ટિળક જણાવે છે કે બર્ફની જગરેલ આ સુખવાસી મુલક ઉપર ફરી વળી, જેથી ત્યાંની ઉપર કલ્લા જેવી બારે માસની વસંત જેવી આબોહવા ખરાબ થઇ ગઇ, અને વંદીદાદવાળાં વર્ણનમાં આપણ ઉપર વાંચી આવ્યા તેમ એ હવા જેમ ઇનસાનો અને હેવાનો તેમજ ઝાડપાનોને મટે થંડી અને કાતેલ થઇ પડી.

બર્ફમાં દટાઇ ગયલી ભૂમિઓ.

બર્ફની આવી રેલોને બર્ફના જમાના (Ice Age) ને નામે વિદ્વાનો ઓળખે છે. પ્રોફેસર ગીકી મુજબ્ એવી બર્ફની જગરેલ એક નહિ પણ અનેક વાર આવી હતી, અને આવીજ એક રેલમાં ઉત્તર ધ્રુવ તરફનાં આર્ય સંસ્થાનો, અથવા વંદીદાદને આધારે બોલિયે તો ત્રણ ત્રણ વાર વિસ્તારમાં વધેલાં સંસ્થાનો નાશ પામ્યાં હતાં. હવે બહુ આગળા હજારાઓમાં ધ્રુવ તરફ જમીન હતી, પણ પાછળથી તે બર્ફમાં ઢંકાઇ ગઇ હતી, તેની સાબેતી આંજે ખુલ્લી મળે છે. ગ્રીનલેંડનો દક્ષિણ અમેરિકાના ખંડ કરતાં પણ વિસ્તારમાં મોટો ખંડ, કેજે ઉત્તર અમેરિકાને

માથે આવેલો છે, તે બર્ફમાં દટાઇ ગયલો આજે જાહેર થયો છે. એજ રીતે ઉત્તર ધ્રુવ તરફ બીજી અનેક ભૂમિઓની શોધ થતી જાય છે, તે જોતાં આગલા હજારો વર્ષો ઉપર ઘણી જમીન બર્ફમાં દટાઇ ગયલી હોવી જોઇએ.[1] પણ તેજ ભુમિ ઉપર અસલ આર્યની વસ્તી હતી એમ ફક્ત એટલા ઉપરથીજ સાબેત થઇ શકે નહિ. તે માટે મુસ્તકીમ પૂરાવા જોઇયે. વંદીદાદમાં આપ્યું છે તે વર્ણનને હુબહુ મળતી કોઇ ભૂમિ ધ્રુવ તરફ મળી આવે ત્યારેજ મૂળ આર્યની વસ્તી અવ્વલ ત્યાં હતી એમ આપણાથી કબૂલ રાખી શકાય.

શું આર્યો ધ્રુવ તરફ વસતા હતા ?

એ બાબત બે રીતે સાબેત થઈ શકેઃ (૧) દટાઇ ગયલા ખંડો અજવાળાંમાં આવે ત્યારે, અથવા તે ખંડને લગતા જે ટાપુઓ હાલ અજવાળાંમાં આવ્યાછે તે ઉપરથી અસલી આર્યોને લગતી શહાદતો મળી આવે ત્યારે; અથવા (૨) અસલી આર્યોને લગતાં જે સાહિત્યો આજે હૈયાત હોય તેઓ મધેથી કાંઇ એવી શહાદતો મળી આવે કેજે ઉપરથી ખાતરીપૂર્વક સાબેત થાય કે આર્ય કોમ અવ્વલમાં ધ્રુવ તરફ વસતી હતી. હવે આ બે રીતમાંની પહેલી રીતે સાબેત કરવા માટે નવી શોધો થાય ત્યાં સુધી આપણને થોભવું જોઇયે; પણ બીજી રીતને માટે આપણને વેદ અને અવસ્તાનાં ચોકકસ લખાણો મદદગાર થઇ પડે એમ છે. ડૉ૦ વૉરન પોતાના ગ્રંથમાં વેદમાંથી કેટલીક દંતકથાઓ ટાંકીને એમજ દેખાડવા માંગે છે; પણ મી૦ ટિળકે વેદના ખાસ સ્વદેશી અભ્યાસી દાખલ આ બાબત લગભગ સાબેત કરવા જેટલી હદ સુધી ઉપાડી લઇને બતાવ્યું છે કે અસલી આર્યની વસ્તી પ્રથમ ઉત્તર ધ્રુવ તરફજ હતી. વંદીદાદમાં આવેલું વર્ણન એ બાબતમાં મૂળ આધાર જેવું ગણીને હવે આપણ જોઇયે કે રીગવેદ એ બાબતમાં શું કહે છે.

આપણ આજે ઉષ્ણકટિ અને સમશિતોષ્ણ કટિબંધોમાં વસિયે છિયે તેથી આપણને સઘળા આકાશી ગ્રહો અને સેતારાઓને ઉગમણેથી ઉગી આથમણે અસ્ત પામતા જોવાની તમે પડી ગયલી છે; પણ જો એક મુસાફર ઉત્તર ધ્રુવ ભણી જઇને નિગાહ કરે તો તેને આ આકાશી ગોળાઓ ઉગતા અને આથમતા નહિ પણ માથા ઉપર પકડેલી છત્રીને જેમ ગોળ ફેરવિયે તેમ ડાબીથી જમણી બાજુએ ગોળ ને ગોળ ફરતા જણાશે. ત્યાં ૭ મહિનાનો દિવસ અને ૭ મહિનાની રાત હોય છે. જ્યારે આફતાબ દૃષ્ટિ મર્યાદાપર દેખાવ દેછે ત્યારે તેબી ઉપલા ગોળાઓની પેઠેજ ગોળ ને ગોળ ફરતો જણાશે. મુસાફરનાં માથાં ઉપર આકાશી ઉત્તર ધ્રુવ હોવાથી તેજ તેની ઉત્તરે દેખાયા કરશે. જે પૃથ્વીના વિભાગો તેની દ્રષ્ટિ મર્યાદાની નીચે છે, જેઓ તેને દેખાતા નથી, તે સઘળા તેની દક્ષિણે આવેલા ગણી શકાશે. તેની ઉત્તરે તો એક ગંજાવર છત્રી ઉઘાવેલી હોય તેમ કુદ્રતી ઉત્તર ગોળાર્ધ દેખાયા કરશે, અને દક્ષિણ ગોળાર્ધ મુસાફરની દ્રષ્ટિ મર્યાદાની નીચે ઢંકાયલો રહેશે. આ દૃષ્ટિ મર્યાદા જેમ આપણી પૃથ્વીની તેમજ આકાશની પણ છેઃ માટે જ્યારે ૭ મહિનાની રાત પછી આફતાબ દૃષ્ટિમર્યાદા ઉપર પાછો દેખાય ત્યારે ધ્રુવના વતનીને તે ઉગમણેથી ઉગતો નહિ પણ દક્ષિણેથી ઉગતો જણાય!

[1] નૉવૈયા જૅમ્લિયા અને સ્પિટજબર્ગન તથા ફ્રાન્સિસ જોસેફલેંડના રશિયાને માથેના ટાપુઓને માટે કહે છે કે તેઓ બર્ફમાં દટાઈ ગયલા અને પાણીમાં ઢંકાઇ ગયલા ખંડના ઉચા પર્વતોનાં માત્ર મથાળાં છે. આ ઉપરથી એમ અનુમાન કહાડવામાં આવે છે કે બહુ પુરાણા કાળમાં ઉત્તર તેમજ દક્ષિણ, એ બન્ને ધ્રુવોને ફરતી જમીન હશે, જે પાછળથી બર્ફમાં ઢંકાઇ ગયલી હોવી જોઇયે. દક્ષિણ ધ્રુવની શોધ ૧૯૧૨ માં થઇ ચુકી છે, અને ઉત્તર ધ્રુવની શોધ પણ લગભગ થઇ ચુકેલી છે.

ધ્રુવ તરફનો લાંબો દિવસ અને લાંબી રાત.

"આ રીતે દક્ષિણેથી ઉગતો દેખાતો સૂર્ય આખા વર્ષમાં આ એકજ વેળા દક્ષિણેથી ઉગે છે. એક વાર ઉગ્યા પછી છ મહિનાની મુદત સુધી તે આથમતોજ નથી. તે દરરોજ દેખાયાજ કરે છે. દરરોજ એટલે દિવસે દેખાઇને રાત્રે ગુમ થાય એમ નહિ, પણ આખા દહાડાના ચોવીશે ચોવીશ કલાક તે દેખાયાજ કરે છે, અને આમ છ મહિનાના ૧૮૨ દહાડાના કુલે ૪૩૬૮ કલાક સુધી ચાલુ દેખાયા કરે છે. આમ દેખાયા કરવાને લીધે ધ્રુવનો વતની પોતાનાં વર્ષનો એકજ લાંબો દિવસ—આપણા છ મહિનાનો, અથવા આપણા ૧૮૨ દહાડાનો, અથવા ૪૩૬૮ કલાકનો, એક અતિ લાંબો દિવસ—ગણેઃ અને રાતનું પણ એમજ સમજવું; કારણ કે ત્યાં એજ રીતે છ મહિનાની લાંબી રાત હોય છે. હવે આ છ મહિના લાગટ દેખાયા કરતો ખુરશેદ કાંઇ આપણી તરફ આવે છે તેમ ત્યાં માથે આવતો નથી. તે તો દૃષ્ટિમર્યાદાથી માત્ર ૨૩॥ ડીગ્રી જેટલોજ ઉંચો ચહડે છે, અને એટલીજ ઉંચાઇએ છ માસ સુધી ચાલુ દેખાયા કરીને પછી પાછો અસ્ત પામે છે, એટલે ધ્રુવ તરફ છ મહિનાની રાત શુરૂ થાય છે. પણ એમ છતાં ધ્રુવનો વતની આપણા ૨૪ કલાકના દહાડા જેવા પોતાના દહાડાના બી વિભાગો પાડવામાં માગે તો તે સહેલથી બની શકે એમ છે, અને તેમ અસલી આર્યે પણ કીધું હશેજ, કેમકે આજે ધ્રુવ તરફના વતનીઓ તેમ કરે છે. બીજા સર્વ આકાશી ગોળાઓની માફક સૂર્ય પણ ૨૪ કલાકેજ પોતાનું ચક્ર ફરી વળતો જણાય છે, માટે તે જેટલી મુદતમાં એક ચક્ર પુરૂ કરે તે ધ્રુવના મુલ્કમાં એક આખો દહાડો ગણાય, કે જે ૨૪ કલાકનોજ છે. એ રીતે છ મહિના યાને ૧૮૦ ક તેથી કંઇક વધારે દિવસે સૂર્યાસ્ત થયો કે તેનાં તેજમાં ઢંકાઇ ગયલા સઘળા તારાઓ દેખાય છે અને તેઓનુંજ રાજ્ય રાત્રિને બદલે દિવસે પણ ચાલુ થાય છે, અને તેમ છ મહિના સુધી ચાલુ રહે છે.

વંદીદાદનાં લખાણનો ભેદ.

આ મુજબ બનતું આવ્યું છે અને આજેબી બને છે. આમ ધ્રુવ તરફના મુલકમાં, એટલે કે શિતકટિબંધ (arctic circle) અને ધ્રુવની વચ્ચે આવેલા ફરતા સઘળા દેશોમાં અને દરિયામાં બને છે. વંદીદાદમાં પણ આપણે એવુંજ વર્ણન વાંચ્યું છે, માટે એ ઉપરથી ઠરે છે કે જમશેદ પાદશાહના "વર" યાને સંસ્થાનમાં એક વર્ષને એક દહાડો (યાને રાત દિવસ) ગણવાની જે ભેદ ભરેલી વાત છે તેનો ખુલાસો આ છે. વળી ત્યાં જણાવ્યું છે કે ઇરાનવેજમાં તારા તથા ચંદ્ર તથા સૂર્ય એક વખ્ત ઉગતા અને અસ્ત પામતા દેખાય છે, તેનો ભેદ પણ એજ છે કે છ મહિના સુધી આફતાબ દેખાઇને ગુમ થાય છે ત્યારે છ મહિના સુધી ચંદ્ર, તારા વગેરે દેખાવ દઇ રાત બનાવે છે. આમ હોવાથી તેઓ સઘળા વર્ષમાં એકજ વખ્ત ઉગતા અને આથમતા સિદ્ધ થાય છે.

આ ખુલાસાથી વંદીદાદની એક મુસ્કેલ બાબત ઉપર જેમ અજવાળું પડયું છે તેમ બીજી બે ત્રણ બાબતોનો ખુલાસો પણ એજ રીતે થઇ જાય છે. ત્યાં આપણે જોઇ આવ્યા છિયે તેમ એવું જણાવેલું છે કે જમશેદે ત્રણ મરતબે જમીન વધારી તે કાંઇજ નહિ પણ વસ્તી વધી પડવાથી અને આસપાસની જમીન બર્ફથી ઢંકાઇ ગયલી અને વેરાન પડેલી હોવાથી તેને ખણી ખોદી સાફ કરીને ખેડવા તથા વસવા લાયક બનાવેલી હોવી જોઇએ. વળી જે "કુદરતી રોશની" બાબે વંદીદાદનાં બ્યાનમાં જણાવવામાં આવ્યું છે તેનો ખુલાસો પણ આજની ઉત્તર ધ્રુવ તરફની શોધખોળ વેળા થતાં આકાશી અવલોકન ઉપરથી મળી આવે છે.

ફસલ ૩—જમશેદના "વર" માંની રોશનીઓ.

"ઉત્તર ભણીની રોશની"

અસલ ઇરાનવેજના નાશ પામ્યા પછી જમશેદે વસાવેલાં સંસ્થાનમાં વર્ષમાં એકજ વખ્ત સુર્ય, ચંદ્ર અને સેતારા ઉગતા અને એકજ વખ્ત આથમતા હતા, તથા ત્યાં વસનારાં લોકો આખા વર્ષને એકજ દહાડો વિચારતાં હતાં. આના ખુલાસામાં આપણે ઉપર જોયું તેમ નવાં ઇરાનવેજનાં આર્યો, જેઓ મજદયસ્નની ધર્મ પાળતા હતા તેઓનું અર્ધું વર્ષ એકજ આખા દિવસનું અને બાકીનું અર્ધું વર્ષ એકજ આખી રાતનું હતું. હવે આ છ મહિનાની લાંબી એકજ રાત કાંઇ આપણી ૧૨ કલાકની આખી રાત જેવી કાળી અને બીઆમણી સદા પસાર થતી હોય એવું ધ્રુવ તરફ મુસાફરી કરી આવનારાઓનું કહેવું નથી. તેઓના જણાવ્યા મુજબ—અને એ બાબતમાં એક છેલ્લો મુસાફર મી૦ નૅન્સન જે કાંઇ લખે છે તે જાણવા જોગ છે તે મુજબ—ધ્રુવ તરફ છ મહિનાની રાત સદાજ કાળી અને અંધારી હોતી નથી. એ મુદત દરમિયાન વારંવાર એક જાતની કુદરતી રોશની, જે "ઑરોરા બોરીઆલીસ" (Aurora Borialis) ને નામે ઓળખાય છે તે દેખાવ દે છે અને તેથી બહુ મજાહ મળે છે. આને "ઉત્તરની રોશની"નું નામ મળ્યું છે, કેમકે તે ઉત્તર તરફ દેખાવ આપે છે. તેનો ઉજાસ બામદાદના ઉજાસ કરતા ચળકતો અને વળી ભવ્ય હોય છે. એ રોશની જાત જાતના આકારની હોય છે, તેમાં જાત જાતના રંગો પ્રગટેલા જણાય છે, અને ચોકકસ વખ્ત રહીને તે વરસાદની કમાન પેઠે પાછી ઓગળી જાય છે.

ધ્રુવ તરફની વર્ષની વહેંચણી.

ઉત્તર ભણીની બામદાદ જેવી તેજસ્વિ વિજળીક રોશનીઓ જોડે ધ્રુવ તરફની છ મહિનાની રાતને રોશન બનાવનારાઓમાં માહતાબ મૂખ્ય જગા રોકે છે. ચંદ્ર દર માસે ત્યાં દેખાવ દે છે, અને એક પખવાડિયું સુધી દૃષ્ટિમર્યાદા પર ચાલુ પ્રકાશતો રહે છે, અને દરરોજ પોતાનું વધવું ઘટવું બતાવતો જાય છે. ચંદ્રણી ઉપરાંત એક ત્રીજી રોશની જે ધ્રુવના રહેવાસીને રાત્રે ખુશ બનાવે છે તે તો સૂર્યોદય આગમજ અને સૂર્યાસ્ત પછીનાં લાંબી મુદતનાં ઝઝકળાં છે. આપણી તરફ ૨૪ કલાકનો દહાડો હોવાથી આ ઝઝકળું જેમ સહવારે તેમજ સાંજે કલાક બે કલાકનુંજ હોય છે; પણ ધ્રુવ તરફ તો ૧૮૦ દહાડાનો એક આખો દહાડો હોવાથી ત્યાં સૂર્ય વર્ષમાં એકજ વખ્ત ઉગે છે અને એકજ વખ્ત અસ્ત પામે છે, તે ઉગતી અને અસ્ત પામતી વેળા, આ ઝઝકળું કલાકના કલાક સુધીજ નહિ, પણ દહાડાના દહાડા સુધી ચાલુ રહે છે. કોઇ કહે છે કે બન્ને સહવાર સાંજનાં ઝઝકળાં ૪૫ દહાડા સુધી અને કોઇ કહે છે કે ૬૦ દાહડા સુધી ચાલુ રહે છે. માર્ચની અધવચ્ચે સૂર્યોદય થાય છે, જેની આગમજ ૪૭ દહાડા સુધી યાને તા. ૨૯મી જાન્યુઆરિથી તા. ૧૫મી માર્ચ સુધી કૅપ્ટન પિમ નામે મુસાફરે એકવાર ઉત્તર ધ્રુવ તરફ સહવારનું ઝઝકળું અનુભવ્યું હતું. એ પછી તા. ૨૫મી સપ્ટેમ્બરે સૂર્યાસ્ત થયો ત્યારથી તે તા. ૧૩મી નવેમ્બર સુધી યાને ૪૮ દહાડા તુલક સાંજનું ઝઝકળું ચાલુ રહ્યું હતું. આ પછી ધ્રુવના મુલકમાં રાત્રિનું રાજ્ય પુર બહારમાં ખીલી નિકળે છે અને ૧૩મી નવેમ્બરથી ૨૯મી જાન્યુઆરિ સુધીના ૭૬ દહાડા સુધી કાળો અંધકાર વ્યાપી રહે છે, જે ચંદ્રની રોશની હોય ત્યારે અને ઉત્તર ભણીની રોશની પ્રકાશે ત્યારેજ તુટે છે. કૅપ્ટન પીમ મુજબ ધ્રુવ તરફનું વર્ષ આ રીતે વહેંચાયલું છેઃ—૧૯૪ દહાડા આફતાબી રોશનીના, ૭૬ દહાડા અંધારી રાતના, ૪૭ દહાડા બામદાદની રોશનીના, અને ૪૮ દહાડાના સાંજના ઝઝકળાંના, વળી બીજા

મુસાફરો મુજબ રોશનીના દહાડા આ કરતાં પણ વધારે હોય છે, અને કાળી રાત્રિની મુદત ૭૬થી ૬૦૦ દહાડા જેટલીજ હોય છે.

ધ્રુવની ઉપલી લાંબી રાત દક્ષિણાયન (winter solstice) થી શુરૂ થાય છે, અને ત્યાં શિયાળાનું રાજ્ય લાંબો કાળ ચાલુ રહે છે, તેથી ડૉ૦ નૅન્સને પોતાના ગ્રંથમાં એને "શિયાળાની લાંબી રાત" એવું નામ આપ્યું છે. એજ રીતે દહાડો ઉત્તરાયન (summer solstice) થી શુરૂ થાય છે.

આ સઘળી રોશનીઓ કુદ્રતી રોશનીઓ છે. જેમાં સૂર્ય, ચંદ્ર, બામદાદ અને સાંજની રોશનીઓ સાધારણ છે, તોપણ તેમની અસાધારણ લંબાઇને લીધે, તથા વળી ઉત્તર તરફની તેજસ્વિ ચમત્કારિક રોશનીઓને લીધે વંદીદાદમાં તેમની ખાસ નોંધ લીધેલી દિસે છે. ત્યાં જમશેદના 'વર'માં બાંધેલાં ખાસ મકાનોને બારી બારણા વાટે કુદ્રતી રોશનીઓ દાખલ થવાનો જે ઇશારો છે તે આવી ચમત્કારિક રોશનીઓને માટેજ હશે, કાંએકે જો હાલ આપણ ભોગવિયે છિયે તેવીજ સૂર્ય વગેરેની તે રોશની હોય તો તે માટે ખાસ ઇશારો કરવાની જરૂર શી હોય ?

ધ્રુવ તરફની ચમત્કારિક રોશનીઓ.

ઉત્તર ધ્રુવ તરફ દેખાતી કુદ્રતી રોશનીઓ જેમ યુરોપ, એશિયા અને અમેરિકાના ઉત્તર ભણીના મુલકમાં દેખાય છે, તેમ વળી તેવીજ રોશનીઓ દક્ષિણ તરફ, યાને ભૂમધ્ય રેષાની દક્ષિણ બાજુના દેશોમાંબી જણાય છે. પણ દક્ષિણ કરતાં ઉત્તર ભણી વધારે દેખાય છે, અને ધ્રુવ તરફના દેશોમાં—ઉત્તર મહાસાગરમાં ધ્રુવની શોધમાં ગયલા કાફલાઓને—તો તે વારંવાર, બલકે શિયાળામાં દર રાતે દેખાય છે. જેમ રાત અંધારી તેમ રોશનીનું તેજ વધારે મારે છે. તેઓ દિવસે કદી પ્રકાશિતી નથી. ચંદણીમાં પણ કદાચજ દેખાય છે. જબરદસ્ત આતશી ચેહ સળગી હોય તેવા તેના ભભુકા દેખાય છે. કોઇ વાર તેમાંથી તીર જેવા શોળા ઉડે છે, અને બળતાંની માફક તે હવામાં ધ્રુજતા જણાય છે. જ્યારે આ ભભુકદાર કિરણો ખુબ તેજથી પ્રકાશે છે ત્યારે એટલી બધી રોશની પડે છે કે ઘરની બાહેર કામેકાજે જવું સહેલ થઇ પડે છે અને શીકારે વટીક જઇ શકાય છે. બારીઓ સાથનાં મકાનોમાં એટલી બધી પુરતી રોશની પડી શકે છે કે એક બીજાના ચેહરા પણ જોઇ પીછાની શકાય છે. રાત પુરી થવે અને દિવસ પ્રગટ થવે આ રોશની ઝાંખી પડી જઇ ઓગળી જાય છે. મી૦ ઍાલ્ફ્રેડ એંગૉટનો એવો અભિપ્રાય છે કે બર્ફસ્તાનના મુલકમાં દિવસે બર્ફે જે રોશની ચુસી લીધી હોય તે તે રાતે પાછી મારે છે, અને તેથી આ રોશની કાળી રાત્રે પ્રગટી નિકળે છે.[1]

આ રોશનીઓ ધ્રુવ તરફ તરેહવાર આકાર લે છે. કોઇ વાર આર્કનો, કોઇ વાર આર્કમાં આંકો અને ખુણાંઓમાંથી તીર જેવા શોલાનો, કોઇ વાર જુદાં જુદાં આર્કોનો, કોઇ વાર આર્કોઓમાંથી કિરણો પથરાવાનો, કોઇવાર આફતાબનાં તાજ જેવો, કોઇ વાર કપડાંની ઝાલરનો, કોઇવાર પર્દા જેવો, કોઇવાર ગંજાવર સર્પ જેવો વાંકો ચુકો, અને એવાજ બીજા જાતજાતના દેખાવ ધારણ કરે છે. આ દેખાવો આપતી વેળા આ રોશની અનેક તરેહવાર રૂપ જોડે તરેહવાર રંગ પણ પકડે છે. સાધારણ રંગ સફેદ હોય છે, જેમાં પીળા રંગનો કાંઇ ભાસ જણાય છે. જ્યારે તે ઝમકે છે ત્યારે રંગ ખુલ્લો પીળો જણાય છે. કેટલીક વાર રોશનીના આકારોનો એક છેડો લીલા રંગનો તો બીજો લાલ રંગનો હોય છે. જ્યારે હવા સ્વચ્છ હોય છે ત્યારે રંગ

1 The Aurora Borealis, ૧૮૯૬, સફે ૯-૧૨.

દીપતો નથી. આ રોશની ચાંદણી કરતાં ઘણી ઉતરતી હોય છે, કેમકે જે લખાણ ચાંદણીમાં મુસાફરો વાંચી શક્યા છે તે આ ઉત્તરની રોશનીનાં કિરણ વડે વાંચી શક્યા નથી. પુર ચંદણીમાં તો આ રોશનીઓ ઝાંખી પડીને દંકાઇજ જાયછે. ચાંદરાતની આગમજનું પહેલું અજવાળિયું, તેમજ ચાંદરાત પછીનું અજવાળિયું, કે જયારે ચંદણીનું તેજ ઓછું હોય છે ત્યારે આ રોશનીઓ બહુજ દીપી નિકળે છે. સ્પેક્ટ્રોસ્કોપ નામનાં યંત્રથી સિદ્ધ થયું છે કે આ રોશનીઓ વરસાદની કમાનની પેઠે કોઇ બીજી રોશનીનો પડછાયો જેવો દેખાવ નથી, પણ તે પોતેજ આપોઆપ તેજ મારે છે. વળી એમબી જાહેર થયું છે કે આ રોશનીઓ પ્રકાશવા માંડે છે ત્યારે રેશમી પોશાકનો જેવો ખણખણાટ થાય તેવો ખણખણાટ સંભળાય છે. લૅપલેંડના રહેવાસીઓને તો આ રોશની વેળા કડાકા થતા સંભળાય છે. પણ જેમ આ આવાજ થવાની બિના તેમજ વળી આ રોશની પ્રગટ થતી વેળા કોઇ જાતનો વાસ નિકળવાની બિના ઘણા વિદ્વાનો માનવાની ના પાડેછે. બીજાઓને આ વાસ ગંધક જેવો અથવા તુરો જણાયો છે. આ રોશનીઓ આકાશમાં ૧૦૦ થી ૩૦૦ લીગ (૯૦૦ મૈલ) જેટલી ઉંચી ફેલાયલી જણાઇ છે. નોવા જૅમ્બ્લા જેવા ઉત્તરના ટાપુ ખાતે તેમજ સાઇબીરીયાની ઉત્તરે અને બેહરિંગના દરિયામાં વર્ષમાં ૧૦૦ રાત સુધી ઑરોરા રોશનીઓ દેખાય છે.

હવે આ રીતે આ રોશનીઓ આર્કો, કિરણ, ચક્ર વગેરેના જે દેખાવ આપે છે તે, તથા કિરણ રૂપે પ્રકાશે તેનો સમય વગેરે કાંઇ નિયમ વગર હોતાં નથી, કેમકે ખાસ તપાસ અને અભ્યાસથી જણાયું છે કે આ રોશનીઓ ચોકસ ઠેકાણે ચોકસ વખ્તેજ દેખાય છે, ચોકસ વખ્તેજ કિરણ પ્રકાશે છે, ચોકસ વેળાએજ ઝમક ઝમક થાય છે, ચોકસ સમયેજ રંગ પકડે છે, ઇત્યાદિ.

ડૉ૦ નૅન્સન પોતાની ઉત્તર ધ્રુવની શોધને લગતી કેતાબમાં[૧] પોતે બુધવાર, તા૦ ૧૭ મી અકટોબર ૧૮૯૪ મે દિને જોયલી આવી રોશનીના સંબંધમાં આ મતલબનું બયાન લખે છે કે—

આજ સાંજે ૮ કલાકે સુંદર ઑરોરા દેખાઇ. આકાશ ઉપર તેણે એક આતશી અજદહા ખેંચાઇ ગયો હોય તેવું રૂપ ધારણ કીધું. તેની પુછડી પ્રથમ ઉત્તરે હતી તે ઉગમણે લંબાઇ અને પછી આથમણે જઇને આખા આકારે આર્કોનું રૂપ ધારણ કીધું. પછી દડાનું રૂપ લીધું તેમાંથી તીરો ફુટી નિકળ્યા. આખો સર્પ મોજા માફક હાલ્યા કરતો હતો. ધીમે ધીમે તે છેક આકાશની ટોંચે પુગ્યો, અને તેમાંથી નાનાં આર્કો, દડા, કિરણ વગેરેના આકાર ફુટી નિકળ્યા. આ રોશની જયારે પોતાના પુર બહારમાં હતી ત્યારે તેનો રંગ મુખ્ત પીળો હતો. કેથે તે પીળા રાતા રંગની તો કેથે વળી લીલા સફેદ રંગની હતી. વખ્ત જતાં આ રોશની પોતાની જગા પણ બદલતી. પ્રથમ ઉત્તર ભણી હતી ત્યાંથી તે ખસતી ખસતી વાવ્ય ખુણે અને ત્યાંથી આકાશના દક્ષિણ ભાગ તરફ દેખાવા માંડી. એ વેળા આકાશની ટોંચથી તે દક્ષિણ સુધીમાં ચાર આર્કો દેખાતાં હતાં. ડૉ૦ નૅન્સન નોંધ કરે છે કે "કોઇજ રાત એવી હશે, અથવા હું સલામતી સાથ કહી શકીશ કે કોઇબી રાત એવી નથી, કે જયારે આકાશ ખુલ્લો થતાંજ ઑરોરાની રોશનીએ દેખાવ દીધો ન હોય. એ રોશનીઓ મોટે ભાગે આકાશના દક્ષિણ ભાગમાં દેખાય છે." વળી ફરીથી તે જણાવે છે કે આ ઉત્તર ભણીની રોશનીઓ આકાશમાં "દરરોજ અને દરરાતે પ્રકાશી નિકળે છે; જામદાદનાં પહેલાં કિરણ કરતાંબી તે ખુબસુરત દિસે છે. ડૉ૦ નૅન્સનને આ રોશનીઓ એકજ રાત્રે કોઇવાર ભભુકદાર બાલાની હાર જેવી, તો

[૧] "Farthest North," દફ્તર ૧, સફે ૩૩૨-૩૬.

કોઇ વાર રૂપેરી બુર્ખામાં બદલાઇ જતી, તથા પવનથી મોજા જેવું રૂપ ધારણ કરતી, જણાઇ હતી. તે લખે છે કે "રાત્રે પ્રકાશતી આ અજાયબ જેવી અસર કરનારી રોશની સદા નવી લાગ્યા કરે છે, અને જાનને પોતાની ચુંગાલમાં ખેંચી લે છે."[1] આ રોશનીના પ્રકાશ છતાં તારાઓ તેનાં તેજમાં ઢંકાઇ જતા નથી, પણ પ્રગટી નિકળે છે એમ નૅન્સન પણ નોંધી જાય છે.[2] એ દેખાડે છે કે આ રોશનીઓનું તેજ ચંદ્રણીથી ઓછું હોવું જોઇએ. આ રોશનીઓ જેમ ઉત્તરે અને દક્ષિણે, તેમજ વળી ઉગમણેથી આથમણે પણ લંબાતી નૅન્સનને જણાઇ છે.[3] કોઇ કોઇ વાર આ રોશનીઓ વરસાદની કમાન જેવા જાત જાતના મનમોહન રંગોથી જોનારને છક્ક કરે છે. પ્રથમ સૌથી તેજસ્વિ રંગ પીળો જણાય છે, પછી લીલો તેની જગા લે છે, ત્યારબાદ લાલ ફાવી નિકળે છે. એ પછી આથમણેથી એક આતશી અઝદહા આવતો હોય તેવી રોશની જેમ જેમ નજદીક આવતી જાય છે તેમ તેમ વધારે પ્રકાશી નિકળતી જણાય છે. આ સર્પ ત્રણ કટકામાં વહેંચાઇ જાય છે; તેના રંગો બદલાઇ જાય છે:—દક્ષિણ તરફનો પીળી છાંટ સાથ લાલ રંગ પકડે છે, ઉત્તર ભણીનો લીલા સફેદ રંગમાં દીપે છે, વચોવચમાંનો પીળા રંગમાં ફાવી નિકળે છે. અઝદહાના આ કટકાઓમાંથી રોશનીનાં કિરણો ફેલાતાં રહે છે.[4] નૅન્સનને એમ લાગ્યું છે કે પવન જેમ ફરે તેમ આ રોશનીનાં રંગરૂપ બદલાય છે. આ રોશનીઓ ચંદ્રણીમાં જણાતી નથી, તોપણ એક વાર નૅન્સને એક ગમ આકાશમાં રોશનીઓ જોઇ ત્યારે બીજી ગમ ચાંદની આસપાસ રોશનીનાં કુંડાળાં ફરી વળેલાં દેખાયાં. ચંદ્ર જ્યારે દૃષ્ટિમર્યાદા તરફ ઉતરેલો હોય છે ત્યારે આવા દેખાવો નજરે પડે છે, અને કોઇ કોઇ વાર તો ચંદ્રની આસપાસ એક બે નહિ પણ ચાર ચાર કુંડાળાં જણાયાં છે. જેમ ચંદ્રની તેમજ સૂર્યનો આસપાસ આવાં કુંડાળાં દેખાય છે. તે હવામાં ઉડતી બર્ફની, કરચોથી મરડાયલાં રોશનીનાં કિરણોથી બને છે.[5] વળી આ રોશનીઓ રાત્રેજ નહિ પણ દિવસેબી દેખાય છે. તા૦ ૩૧ મી અકટોબર ૧૮૯૬ ને દિને પાછલા પોહરે ત્રણ કલાકે નૅન્સને આ રોશનીઓ આકાશમાં જોઇ હતી.[6]

ઇરાનવેજના પત્તાની શુરૂઆત.

આ સઘળાં બયાન ઉપરથી આપણું એવા સાર ઉપર આવી શકિયે છિયે કે વંદીદાદમાં જે કુદરતી રોશનીઓ બાબે લખેલું છે તે માત્ર આફ્તાબ અને માહતાબનીજ રોશની માટે નથી, પણ ઉપર વર્ણવેલી ઉત્તર ધ્રુવ તરફ દેખાતી રોશનીઓ માટે પણ છે; કારણકે ત્યાં સૂર્ય અને ચંદ્ર અને તારાને તો નામ દઇને ઓળખાવ્યા છે, ત્યારે ઑરોરા બોરીઆલિસને માત્ર "કુદ્રતી રોશનીઓ"ને નામે નહિ પણ "પોતાની મેળે પેદા થયલી" ("ખધાત") ને નામે ઓળખાવી છે.[7] એ રોશનીઓ જ્યાં દેખાતી હોય ત્યાં આપણા અસલી આર્ય પૂર્વજો અવ્વલમાં વસતા હોવા જોઇયે. તે મુલક એવો હોવો જોઇયે કે જ્યાં ૧૦ મહિના થંડી અને બે મહિના ગર્મી હોય. તે દેશ એવો હોવો જોઇયે કે જ્યાંનું ૧૨ મહિનાનું વર્ષ અર્ધી રાત અને અર્ધા દિવસમાં વહેંચાઇ ગયું હોય. વળી તે સંસ્થાન એવું હોવું જોઇયે કે જ્યાં ઘણી ગર્મી નહિ, ઘણી થંડી નહિ, પણ સમધાત આબોહવા હોય. ટુંકમાં તે જગા આ દુનિયાનું બહેસ્ત હોવું જોઇયે અને જમશેદનો 'વર' તેવું એક બહેસ્ત હતું. તે કયાં હતું? ઇરાનવેજ કયાં આવ્યું હતું? ત્યાં વહેતી વેહદાઇતી નદી તે કઇ? એ બધી જગાઓની શોધ થવી જોઇયે. ડૉ૦ જૅકસન

૧ તેજ, સફે ૨૫૯. ૨ તેજ, સ૦ ૨૧૭.
૩ તેજ, સ૦ ૧૯૦. ૪ તેજ, સ૦ ૧૮૭–૮૮.
૫ તેજ, સ૦ ૧૮૫–૮૬. ૬ તેજ, સ૦ ૧૭૯–૮૦.
૭ પરગ૦ ૨, ફ૦ ૪૦.

કહેવા માંગે છે[1] કે માજન્દરાનની આથમણે કેસ્પીઅન સમુદ્ર (જરે વર્કશ)ના દક્ષિણ કાંઠા ઉપર આવેલા ઘીલાનના પ્રાંતમાંથી કીઝીલ ઉઝન નામની જે નદી વહે છે, તેજ વંદીદાદની વેહદાઇતી નદી છે. આ નામ રશિયનોએ આપેલું છેઃ એનું આજનું ઇરાની નામ તો સફીદ રૂદ છે. સફીદ રૂદ તેજ વેહદાતી કાં, તેનો ખાતરીપૂર્વક ખુલાસો મળતો નથી. જો એજ નદી વેહદાઇતી હોય તો ઇરાનવેજને કેથે દૂર શોધવા જવું પડે નહિઃ માંજન્દરાન અને ઘીલાનના પ્રાંતોવાળી સરઝમીન તેજ ઇરાનવેજ સાબેત થાય. પણ શું જમશેદના 'વર'ની આબોહવાને મળતી આ પ્રાંતોની આબોહવા છે? શું અહીં બર્ફની રેલ આવે છે? શું અહીં છ મહિનાનો દિવસ અને છ મહિનાની રાત છે? શું અહીં ઑરોરા બોરીઆલિસની "કુદરતી રોશનીઓ" દેખાય છે? આપણે તો તેવીજ કોઇ જગા શોધવી જોઇયે. મધ્ય એશિયામાં જીહુન અને સીહુન નદીઓવાળા મુલકમાં આર્યોનાં પહેલાં સંસ્થાનને ગોઠવાયલું આપણ આજ સુધી કબૂલ રાખતા આવ્યા છિયે ત્યાં પણ ઉપલી સઘળી શર્ત મુજબની સ્થિતિ હોય એમ જણાતું નથી.

ત્યારે આપણે મુસાફરો અને શોધકો જેઓ એ કરતાં વધારે ઉત્તરે ગયા હોયં તેમની તપાસ કરિયે. આ લખિયે છિયે (૧૯૧૦) ત્યાં સુધીમાં તો જે નામ પ્રખ્યાત છે તે તો નૉર્વેવાળા વિદ્વાન શોધક ડૉ૦ નૅન્સનનું છે. તે ઉત્તર ધ્રુવની શોધમાં લગોલગ જઈ આવ્યો છે. મી૦ ટિળક ડૉ૦ વૉરનને આધારે માને છે કે આર્યોનું અસલ વતન ઉત્તર ધ્રુવ તરફ હોવું જોઇયે. હવે આપણે પણ પ્રથમથીજ એ મત સ્વિકારવા જેવું ગણ્યું છે, માટે ડૉ૦ નૅન્સન ઉત્તર ધ્રુવ તરફની આબોહવા વિશે શું કહે છે તે જોઇયે, અને જોઇયે કે તે આબોહવા વંદીદાદમાં જણાવેલી ઇરાનવેજની આબોહવાને મળતી આવે એવી લાગે છે કે નહિ. આ મુસાફર પોતાના છેલ્લા ગ્રંથમાં લખે છે[2] કે "મારાં મત મુજબ ધ્રુવ તરફની લાંબી શિયાળાની રાતથી માણસજાત પોતાની જવાની ગુમાવીને ઘરડો બની જતો નથી; મારી પોતાની ઉપર તો કોઇબી જાતની નબળો બનાવનારી અસર થઇ નથી. સામો હું તો જવાન બન્યો છું. અમારી શાંત, નિયમિત જિંદગી મને તો અચ્છી રીતે માફક આવીછે; અને હાલ છું તે કરતાં હું વધારે તનદુરસ્ત હતો એવી મને યાદ નથી. જેઓ નાકુવ્વતી અને નબળાઇને લીધે ખખડી ગયા હોય તેમને હવા ખાવા માટે એક સરસ હવાખાનાં દાખલ હું આ જગાની ભલામણ કરી શકું." આ અભિપ્રાય નૅન્સન એવા બર્ફસ્તાની મુલકમાં આગળ વધતાં પોતાનાં બારકસ ઉપરથી આપે છે કે જ્યાં શીશીમાં પારો—૩૬ ડીગ્રી સુધી ઉતરી ચુકેલો હતો. એવી કકડતી થંડીવાળા બર્ફના દરિયામાંથી તે આ અભિપ્રાય આપતાં વળી લખે છે કે જેવો હું તેવાજ મારા સાથીઓબી તનદુરસ્ત, ફર્બે અને આસુદા દેખાય છે, કોઇમાં ફિક્કા ચહેરાનો, બેઠેલાં ડાચાંનો કે નિસ્તેજ જણાતો નથી.

વળી બીજી જગાએ[3] ડૉ૦ નૅન્સન કહે છે કે આ તરફની સખ્ત થંડી વિશે લોકોમાં શહરાવેલી વાતો ચાલે છે. મારાં વતનમાં જ્યારે—૨૦ ડીગ્રી જેટલી થંડી હોય તોપણ શાંત હવા છતાં ઘરની બાહેર નિકળવું મને મુસ્કેલ લાગતું હતું; પણ અહીં તો—૫૦ ડીગ્રી જેટલી થંડીમાં અને વળી સાથે થંડો પવન વાય છે તે છતાં મને કશી વધુ થંડી જણાતી નથી.

આ ખુલાસો વંદીદાદનાં બયાનને જોકે બોલેબોલ મળતો જણાતો નથી, તોપણ ડૉ૦ નૅન્સનનું આ બયાન આપણને સૂચવે છે કે ઇરાનવેજનો પત્તો મળવાની શરૂઆત થઇ ચુકી છે.

૧ Zoroaster, the Prophet of ancient Iran, સફે ૨૧૧.

૨ Farthest North, દફ૦ ૧, સફે ૨૧૫-૧૬.

૩ તેજ, સફે ૨૫૮.

ફસલ ૪—અવસ્તાનું "ખનિરથ બામી."

ઇરાનવેજ અને ઉત્તર ધ્રુવ.

બોસ્ટન યુનીવર્સિટીના પ્રૅસિડંટ ડૉ૦ વિલ્યમ ઍફ. વૉરને "Paradise Found: the Cradle of the Human Race at the North Pole" એ નામનો એક વિદ્વતા ભરેલો ગ્રંથ ૧૮૯૮માં લખ્યો છે તેમાં તે બેશુમાર દાખલા દલીલોને આધારે એવાં શેવટ ઉપર આવે છે કે માણુસજાતની વસ્તીનું મૂળ મથક ઉત્તર ધ્રુવ ખાતે હતું. એ બિના ખુલાસાવાર સમજાવતાં ડૉ૦ વૉરન જણાવે છે કે મોટી જગરેલ અથવા મહાપ્રલયની આગમજ માણુસજાતની વસ્તી ઉત્તર ધ્રુવના આજના અતિ થંડા મુલકમાં હતી, ત્યાં તે વેળા જમીન હતી, અને ત્યાંની આબોહવા તરોતાજગી ભરેલી હતી. વંદીદાદમાં જણાવ્યું છે કે સખ્ત બર્ફને લીધે ઇરાનવેજની થંડી પાછળથી પાણી, ઝાડપાન, પ્રાણીઓ અને માણુસજાતને માટે કાતેલ થઇ પડી હતી; પણુ ડૉ૦ વૉરન બીજા વિદ્વાનોના વિચારને આધારે રચાયલા ગ્રંથો અને આજના મોજુદ દાખલાઓની શહાદતથી બતાવે છે કે ઉત્તર ધ્રુવ તરફની આબોહવા જગરેલ આગમજ ઘણી માફકસરની હતી. પોતાનાં આખાં પુસ્તકમાં તે એવું પુરવાર કરવા માંગે છે કે ઉત્તર ધ્રુવનો મુલક તેજ આગળાં લોકોનું બહેસ્ત હતું, અને એ પુરવારી માટે તેણે જેમ બીજી અસલી પ્રજાઓનાં ધર્મ પુસ્તકો યા દંતકથાઓની મદદ લીધી છે, તેમ તેણે આપણા વંદીદાદની મદદ લીધી છે. વંદીદાદની બીજી પરગરદમાં જમશેદે અનેક વાર જમીન વધારીને તે વસાવવાની નોંધ છે તે કામને ડૉ૦ વૉરન ઉત્તર ધ્રુવ તરફની વસ્તીના દક્ષિણુ ભણી એક પછી એક નિકળી આવવાના તબકા ગણે છે; અને અસલ ઇરાનવેજમાં ગર્મી ધીમેધીમે ઓછી થતી જઇને પછી બર્ફનું રાજ્ય ચાલવાથી અસલી તાયફાઓને આ રીતે દક્ષિણુ તરફ અને આફતાબની સામે (કારણુ કે ધ્રુવ તરફ આફતાબ દક્ષિણેથી ઉગતો જણાય છે) જવાનું કારણુ માને છે.

અસલી જમાનાનાં કદાવર ઇનસાનો અને પશુપક્ષિઓ.

હવે એક દેશની આબો હવાની ત્યાંની વસ્તી ઉપર સારી કે માઠી અસર થાય છે, તેમ જ્યારે આબોહવા બદલાયાથી ધ્રુવની જમીન બર્ફમાં ગર્ક ગઇ ત્યારે ત્યાં વસનારો માણુસ પણુ પાછળથી પોતાના અસલી નેયાગાન જેવો રહ્યો નહિ, અને તે વેળાનાં પ્રાણી કે ઝાડપાનબી રહ્યાં નહિ. આપણુ સાંભળતા આવ્યા છિયે કે અસલ માણુસો જેવા કદાવર, જોરાવર, બહાદુર હતા, અને લાંબી ઉમર સુધી જીવતા હતા, તેવા આજના નથી. આપણુ આજેબી રૂસ્તમ પહેલવાનને માટે સાંભળિયે છિયે કે તે મોટા કદનો હતો, પુષ્કળ ખાતો હતો, અને અતિ ભારી જોર ધરાવતો હતો તથા લાંબી ઉમર સુધી જીવ્યો હતો. હવે આ બધી વાત કલિપત હોય યા તેમાં કેટલીક સચ્ચાઇ હોય, પણુ પ્રાચિન કાળના સઘળા લખનારાઓ પોતાની આગમચના માણુસનાં કદ, બળ અને ઉમરને માટે એકસરખું લખી જાય છે કે તેવાં કદ, બળ અને ઉમર આજે નથી. તે વેળાના જમાનાને સોનાનો જમાનો કહેવામાં આવે છે, અને તેની જોડે સરખાવતાં આજનો કથીલ અથવા લહોડાંનો મનાય છે. તે જમાનાના લોકો પવિત્ર હતાં; આજનાં બદ છે. તે વેળા તેઓ ઉંચાં અને ઉમરદરાજ હતાં; આજે રફતે રફતે નાનાં અને નબળાં થઇ ગયાં છે. આગળ કેટલાં ઉંચાં કદનાં અને કેવાં જબરાં કદનાં આદમીઓ હશે તે આપણુ જાણુતા નથી, કારણુ કે ઉત્તર ધ્રુવ તરફનાં ઇનસાનનાં

હાડપિંજર યા હાડકાં ભુસ્તર વિદ્યાએ હજુ આપણી આગળ રજુ કીધાં નથી. ત્યાં ફરી વળેલા બર્ફના દરિયાને લીધે ત્યાંની જમીનમાં ખોદકામ થઇ શકે નહિ, પણ ગ્રીનલેંડનો આખો ખંડ છેલ્લા દાહેકામાં શોધી કહાડયો છે તેના ઉત્તરના ભાગમાં હવે પછી ખોદકામ થશે તો શાયદ કે રેલ આગમજના જમાનાના માણસનાં હાડકાં મળી આવશે. આજે સાઇબીર્યા અને કેલિફોર્નિયા જેવા મુલ્ક મધે જે હાથીની જાતનાં પ્રાણીઓનાં હાડકાં મળે છે અને જે મસમોટાં ઝાડો ઉગતાં જણાય છે તે ઉપરથી સમજ પડે છે કે આગળના જમાનાઓમાં જો મસમોટાં ચોપગાં હોય અને ગંજાવર ઝાડપાન હોય તો તેજ મિસાલનો માણસ પણ મોટાં કદનો વસી ગયો કાં નહિ હોય? કહે છે કે સાઇબીર્યા દેશ, જગરેલની આગમજ, હાલ છે તે કરતાં વધારે ગરમ હતો, અને ત્યાં વસતા હાથીઓ જેઓ એ રેલમાં ડુબી મુઆ અને જેમનાં હાડકાંના મોટા ડુંગરો આજે હાથ લાગ્યા છે તેઓ આગળ આજનો હાથી બચ્ચાં જેવો છે. તે જમાનાના હાથીની એક જાત જે આજે "ડેનોથેર્યમ"ને નામે ઓળખાય છે તેનાં હાડકાં ૧૮૩૬ માં પહેલાં મળી આવ્યાં તે તપાસતાં જણાયું છે કે તે હાથીનાં માથાંની ડુંબડી ૪॥ ફીટ જેટલી લાંબી હતી. તે જમાનાના ઘોડા, હરણ, સાબર વગેરે સઘળાં પ્રાણી આજના પોતાના જાત ભાઇઓ કરતાં ઘણાં મોટાં હતાં. વાંદરા પણ આજના માણસ જેવા પાંચથી ૭ ફીટ જેટલા ઉંચા હતા, જે ઝાડોમાં વસતા અને ફળો ખાતા હતા.

પક્ષિઓના બાબમાં પણ એમજ જણાય છે. "ઐપીયોનીસ" નામે એક ગંજાવર કદનાં પક્ષીને માટે કહે છે કે તેનાં ઇંડાંની મધ્ય રેષા ૧૩ થી ૧૪ ઇંચની હતી. ઑસ્ત્રીચ યાને શાહમુર્ગ આજે આપણાં પક્ષિઓમાં સૌથી મોટું ગણાય છે, પણ ઉત્તર અમેરિકાના કનેકટિકટનાં રાજ્યની ખીણમાંના રેતીના બનેલા પથરોની ખાણમાં જે પક્ષિઓનાં પગલાં પડેલાં છે તે આજનાં સૌથી મોટાં આફ્રિકાનાં શાહમુર્ગનાં પગલાં કરતાં ચાર ગણાં મોટાં જણાય છે, કેમકે તે લંબાઇમાં ૨૨ ઇંચનાં અને પહોળાઇમાં ૧૨ ઇંચનાં છે.

અઝદહાની જાતનાં પ્રાણીઓ પણ અતિ મોટા કદનાં હતાં. કેરશાસ્પ પેહેલવાને અતિ મોટા કદના અઝદહાને મારવાની વાત આપણ હશી કહાડિયે છિયે; તેમજ રૂસ્તમ, અસ્પંદિયાર, ગુસ્તાસ્પ, વગેરે પહેલવાનોએ એવાજ અઝદહા મારેલા તેના શાહનામામાં વર્ણન છે. પણ તે રાક્ષી કદનાં પ્રાણીઓ ખરેખર હસ્તી ભોગવી ગયાં હશે એમ માનવાને નીચલા આજની વિદ્યાએ જાહેર કરેલા દાખલાઓ ઉપરથી કારણ મળે છે. અમેરિકામાં કોલોરેડો નદીની ખીણમાંથી ટેટેનોસૉરસ" Titanosaurus) નામના પ્રાણીનાં હાડકાં મળી આવ્યાં છે, જેને માટે સર જૉન લબ્બક (લૉર્ડ આઇવબરિ) જણાવે છે કે તે પ્રાચિન કાળની દુનિયામાં જમીન પર ચાલનારૂં સર્વેથી મોટું જાનવર હોવું જોઇયે, કે જેની લંબાઇ ૧૦૦ ફીટની, અને ઉંચાઇ ૩૦ ફીટની હતી. પણ એ કરતાં વધારે મોટું જાનવર "ઍટલૅન્ટોસૉરસ (Atlantosaurus) નામનું હતું. "મીગેથેર્યમ" (Megatherium Cuvieri) નામનાં પ્રાણીની જાંગનું હાડકું મળી આવ્યું છે, તેની જાડાઇ આજનાં તેનીજ જાતનાં હાથી જેવા પ્રાણીનાં હાડકાં કરતાં ત્રણ ગણી વધારે છે.[1]

---

૧ મીગેથેર્યમ પ્રાણીને માટે એવો ખુલાસો મળે છે કે તે પુરાણા કાળમાં હસ્તી ભોગવી ગયું છે અને આજનાં "સ્લોથ" (sloth) તથા "ઍંટ ઇટર" (કીડી ખાનાર) પ્રાણીઓને મળતું પણ તે કરતાં ઘણા મોટા કદનું હતું. દક્ષિણ અમેરિકાનાં આર્જેન્ટાઇન રીપબ્લિક તથા બીજા ભાગો ખાતેથી તેનાં હાડપિંજરના સારા નમુના અનેક મળી આવ્યા છે, જે ઉપરથી જણાય છે કે આ પ્રાણી હાથી જેવડું મોટું અને લંબાઈમાં ૧૮ ફીટથી પણ વધારે હતું.

એક બીજું પ્રાણી મીગેલોસૉરસ નામનું થઇ ગયું છે,

આ રવેશે આજના કરતાં મહાપ્રલય આગમજનાં પ્રાણીઓ મુસમોટા કદનાં હતાં તો તે જમાનાનો માણુસ પણુ તેવોજ કદાવર અને જોરાવર હોઇ શકે. આજેભી મોટા કદના માણુસો મળી આવે છે. જેઓ સાધારણુ માણુસ કરતાં ઉંચા હોય તેઓ રાક્ષી કદના—બલકે રાક્ષસ- કહેવાય છે. દંતકથા મુજબ રાક્ષસોનાભી મહેલો હતા અને તેઓ અતિ મોટા કદના હતા. એ બધી વાતો કદાચ ખોટી હશેઃ બુખ્નરે (Büchner) નામે વિદ્વાન એ વાત હસી કહાડે છે, તોપણુ તે આટલું તો કબૂલ કરે છે કે જે અસલી માણુસનાં હાડપિંજર અથવા તેમનાં હાડકાં મળી આવ્યાં છે તે આજના માણુસનાં કરતાં મોટાં કદનો અને જોરાવર હોવો જોઇએ. "નીએંડર્થોલ માનવી" (Neanderthal Man) નામે ઓળખાતા આદમીનું હાડપિંજર મળી આવ્યું છે તે ઉપરથી જેમ બુખ્નર ઉપલા અભિપ્રાય ઉપર આવ્યો છે, તેમ પ્રખ્યાત ચાર્લ્સ ડાર્વિનનો જાણીતો જર્મન ચેલો કાર્લ વોટ (Carl Vogt) અસલી માણુસને માટે એવા અભિપ્રાય ઉપર આવ્યો છે કે તે મોટા કદનો, મજબૂત બાંધાનો અને લાંબાં માથાંનો હોવો જોઇયે.[1]

અસલી જમાનાનાં પ્રાણીઓની વિદ્યા જાણુનારા શાસ્ત્રીઓ એવા સારાંશ ઉપર આવતા જાય છે કે મહાપ્રલયની આગમજના જમાનામાં માણુસજાતની હસ્તી હોવી જોઇયે. કહે છે કે માણુસજાત આ પૃથ્વી ઉપર આજ બે લાખ લાખ વર્ષેથી હસ્તી ભોગવે છે.

જેમ પ્રાણીઓ તેમજ ઝડપાનને માટે પણુ ઉત્તર ધ્રુવ તરફની આબોહવા ઘણીજ ફાયદેમંદ હતી. હાલમાં "લાઇકોપૉડસ" (Lycopods) નામનો રોપો એક વાર જેટલો ઉંચો થાય છે; પણુ અસલી સમયમાં તેનાં ઝાડ ૮૦થી ૯૦ ફીટની ઉંચાઇએ ઉગતાં જણાયાં છે. એજ રીતે બીચ, ઓક, પ્લેન, પૉપ્લર, અખડોટ, લીંબુ વગેરે ઝાડો મોટા કદનાં, મોટાં પાત્રાંનાં ઉગતાં હતાં, અને એવાં ૯૫ જાતનાં મોટાં ઝાડોના નમુના સ્વીડન દેશને માથે આવેલા સ્પિટ્ઝબર્ગન નામના ટાપુ ખાતેથી મળી આવ્યા છે, કેજે ટાપુ અસલમાં ગર્ક ગયલા ઉત્તર ધ્રુવની આસપાસના ખંડનો કોઇ પર્વત હોવો જોઇએ.

ઇદનનો બાગ અને ઇરાનવેજ, તે કયાં હતાં?

આ બધી હકીકત આપણુ ડૉ૦ વૉરનના ગ્રંથ ઉપરથી ભેગી કરી શકિયે છિયે. એ બધાં ઉપરથી તે એવું દેખાડવા માંગે છે કે ઉત્તર ધ્રુવ તરફ તેની આસપાસ એક ખંડ હતો, જ્યાંની આબોહવા ઘણીજ ખુશનોમા

જેનાં હાડકાં ઇંગ્લંડ અને ફ્રાન્સમાંથી મળી આવ્યાં છે. તેનું જાંગનું હાડકું ત્રણુ ફુટ લાંબું હતું, જે ઉપરથી જણાય છે કે તેનું પુરેપુરૂં કદ ત્રીશ ફીટની લંબાઇનું હશે. તે માંસ ખાનારૂં પ્રાણી હતું. એટલે-ટોસોરસને માટે એવું જણાયું છે કે પૃથ્વી ઉપર હસ્તી ભોગવી ગયલાં સઉથી મોટાં પ્રાણીઓમાં સર્વથી મોટું તે હતું. અમેરિકાના કોલોરેડો પ્રાંતમાંથી તેનાં હાડકાં મળી આવ્યાં છે તે ઉપરથી જણાય છે તેની જાંગનું હાડકું લંબાઇમાં ૭ ફીટ બે ઇંચનું હતું. તે વનસ્પતિ ખાનારૂં હતું.

હિંદુસ્તાનમાં શિવાળિક પર્વતની માટીમાંથી એક જાતના કાચબાઓના નમુના મળ્યા છે તે ઉપરથી જણાય છે કે તે બીજા કોઇબી કાચબાઓ કરતાં અતિ મોટા કદના હોવા જોઇયે, કારણુ કે તેમની લંબાઇ ૨૦ ફીટની અને ઉંચાઇ સાત ફીટની મપાઇ છે.

[1] આ માણુસને માટે વિશેષ હકીકત એવી મળી છે કે તે ઘણી ઉતરતી મનુષ્યસ્થિતિનો યુરોપીઅન હતો, જેનો વંશવેળો આજ લાંબી મુદતનો નાબુદ થઇ ગયો છે. ડુસલ્ડૉર્ફ ખાતે નીઍન્ડરથૉલ નદીની માટીમાંથી ૧૮૫૬ માં આ માણુસનાં હાડકાં મળી આવ્યાં છે, જે પરથી જણાય છે તેનાં માથાંની ટુંબડી ઘણી જાડી અને અસાધારણુ મોટાં કદની હતી અને કપાળ નીચું હતું. આજ કિસમની ટુંબડીઓ બેલ્જિયમ, વર્ટમ્બર્ગ, આલ્સાસ, ટિલ્બરિ, જિબ્રાલ્ટર, વગેરે ઠેકાણેથી મળી આવી છે. એવી કલ્પના થઇ છે કે આ પહેલો માણુસ અથવા માનવી જાતનો નમુનો માથું નીચું રાખીને સુસ્ત અથવા જંગલી માફક ચાલતો હતો.

અને ઓરવર, ગોસ્પંદ તથા મર્દુમને માટે ઘણીજ તનદુરસ્તી ભરેલી હતી, પણ પાછળથી બર્ફનો હરોડો પડવાથી તે બિગડતી ગઇ, માણુસો દક્ષિણે કુચ કરતાં ગયાં, અને શેવટે બર્ફનો મહાપ્રલય જમીન ઉપર ફરી વળ્યો, જેમાં ઝાડપાન અને પ્રાણીઓ નાશ પામ્યાં. ડૉ૰ વૉરન આ પુરાણા મુલ્કને બાઇબલમાં જણાવેલો ઇદન-નો બાગ કહેવા માંગે છે. વંદીદાદમાં જણાવેલું ખુશનુમા અસલી ઇરાનવેજ અહીંજ હતું એમ તે કહે છે. ઇરાનવેજમાં દહાડો એક વર્ષ જેવો લાંબો હતો એવું જે, વંદીદાદમાં જણાવેલું છે તેનો આધાર પકડીને તે ધ્રુવ તરફ મુસાફરી કરી આવેલા ઘણીઓની શહાદતથી બતાવે છે કે ત્યાંનો એક દહાડો અને એક રાત મળીને આખું વર્ષ બને છે. આ મુસાફરો મુજબ ઉત્તર ધ્રુવ ખાતે તા૰ ૨૩ મી સપ્ટેમ્બરે સુર્ય અસ્ત પામે છે, જે પછી ત્યાં વસનારાં-ઓને દૃષ્ટિમર્યાદાની નીચે ૧૮ ડીગ્રી સુધી "ઑરોરા બોરીઆલિસ" નામની કુદ્રતી રોશ-નીનું અજવાળું જાથુકનું મળે છે. સુર્ય પાછો ઉગવાની બે મહિના આગમજથી ત્યાં બામદાદ-ની રોશની દેખાવા માંડે છે અને તે એટલી મુદ્દત સુધી ચાલુ દેખાયજ કરે છે. બે મહિના પુરા થતાંજ આફતાબ દૃષ્ટિમર્યાદાથી ૧૮ ડીગ્રી જેટલો નીચો આવી લાગે છે ત્યારે વળી નવીજ કિસમનું ઝળકલું દેખાવા માંડે છે, જે જેમ જેમ અફતાબ ઉપર આવતો જાય છે. તેમ તેમ પ્રકાશમાં વધતું જાય છે. આમ બીજા બે મહિના સુધી ચાલુ રહે છે, જે પુરા થતાંજ ખોરશેદ નજરે દેખાય છે અને ઉગેલો જણાય છે. એ રીતે ત્યાં આફતાબની રોશની વધતી કે ઓછી દશ મહિના સુધી ચાલુ રહે છે; અને જ્યાંસુધી તે મુતલક દેખાતી નથી ત્યાંસુધી જાથુક પ્રકાશીને રોશની આપે છે. કેવળ અંધકારનાં તો એજ પખવાડિયાં હોય છે, કે જે વેળા સેતારા પ્રકાશે છે અને ઑરોરાની રોશની અચરતી પમાડે છે. આ બધાં ઉપરથી ડૉ૰ ટૉમસ ડિક નામે ખગોળશાસ્ત્રી કહે છે કે ઉત્તર ધ્રુવ જેવા આપણી પૃથ્વીના બીજા કોઇ ભાગો એવા નથી કે જ્યાં આખાં વર્ષમાં સૂર્યની રોશનીનો આટલો બધો ઉપભોગ થતો હોય.[1]

ધ્રુવનો સુખવાસી મુલ્ક.

ઉપલો ખુલાસો વંદીદાદનાં લખાણને ટેકો આપે છે; એટલુંજ નહિ પણ તેમાં આવેલા "કુદ્રતી રોશનીઓ"ના ઇશારાની જે સમજ આપણે ઉઠાડવા માંગી છે તેનેબી ડૉ૰ ડિકના ખુલાસાથી ટેકો મળે છે. કૅપ્ટન બૅક્ડ પિમ નામે બાદશાહી નેવિ (દરિયાઇ કાફલા)વાળો મુસાફર પોતાનો અનુભવ જાહેર કરતાં ઉત્તર ધ્રુવનાં વર્ષને આ રવેશે વહેંચે છે:—૧૯૪ દહાડા આફતાબની પુર રોશની; ૭૬ દહાડા અંધકાર; ૪૭ દહાડા બામદાદ જેવો ઉજાસ, ૪૮ દહાડા ઝળકલું.[2] આ ઉપરથી વૉરન કહે છે કે ભૂમધ્યરેખા તરફ રોશની અને ગર્મીનો જથ્થો પુષ્કળ મળે છે તે છતાં ઉત્તર ધ્રુવ તરફ તે કરતાં બેવડી મુદ્દત સુધી ચાલુ રોશની અને ગર્મી મળ્યા કરે છે, જે જિંદગીના ઉછેર-ભાવને માટે ઘણી ઉપયોગી છે. આ ઉપરથી તે એ મુલ્કને સૂર્યપૂર યાને આફતાબનું શેહેર ગણે છે, અને આપણા વંદીદાદનું સુખવાસી ઇરાનવેજ પણ એજ છે એમ તે જણાવે છે.

જગરેલ બાબે વિદ્યાનો ખુલાસો.

હવે બર્ફની રેલનો જે ઇશારો વંદીદાદમાં છે, અને જે બાબે પાદશાહ જમશેદને દાદાર હોરમજદે ખબર આપી હતી, તેની વિદ્યાની રૂએ કંઇક સમજ લઇને આપણે આગળ ચાલીશું. ફ્લેમૅરીન નામે એક ફ્રેંચ ખગોળવેત્તા-ના સમજાવ્યા મુજબ વિદ્વાનોમાં એવો તર્ક છે કે ઉત્તર ધ્રુવ તરફના બર્ફની જે રેલથી

1 "Paradise Found," સફે ૬૧-૬૨

2 તેજ, સફે ૬૪.

દુનિયા ગર્ક ગઇ તે કાંઇ એવી એકલીજ રેલ સમજવી નહિ, પણ એવી રેલ અનેક છે, અને તે એક વાર ઉત્તરના તો બીજી વાર દક્ષિણના ધ્રુવ તરફથી આવવી જોઇએ. આ તર્કનો આધાર પૃથ્વીના બન્ને ગોળાર્ધની ઋતુઓની અસરખી લંબાઇ ઉપર છે. ઉત્તર ગોળાર્ધમાં શિયાળા અને પાનખરના ૧૭૯ દહાડા છે— દક્ષિણમાં ૧૮૬ છે. આ સાત દહાડાનો તફાવત વધતો જંઇને ઉત્તર ધ્રુવને દર સાલ એટલા દહાડા વધારે થંડો બનાવતો જાય છે. ૧૦૫૦૦ વર્ષની મુદ્દતમાં એક ધ્રુવ તરફ બર્ફ ભેગું થાય છે ત્યારે બીજા ધ્રુવ તરફ તે પીગળી જાય છે, જેથી જમીનનું ગુરૂત્વમધ્યબિંદુ બદલાઇ જાય છે. એમ કરતાં એક વખ્ત એવો આવશે કે જ્યારે એક તરફ ગર્મી પુરેપુરી હદ સુધી વધી ગયા પછી એવો બનાવ બનશે કે ઉપલું મધ્યબિંદુ પાછું પોતાની અસલી જગાએ આવશે અને તેથી મહાપ્રલય થશે.[1]

જ્યારે પૃથ્વી પોતાની ધરી ઉપર ફરતાં સુર્યની આસપાસના પોતાના માર્ગમાં બહુ વાંકી વળી જાય છે ત્યારે ગર્મી અને થંડીની મોસમોની મુદ્દતમાં મોટો ફેર પડી જાય છે. વિદ્વાનોને એમ જણાયું છે કે આ ફેર વધતામાં વધતો ૩૩ દહાડાનો છે, અને હાલ તે શુમારે ૭॥ દહાડાનો છે. હાલ ઉનાળાની મુદ્દત વધારે છે, પણ ૧૦૫૦૦ વર્ષ પુરાં થતાં શિયાળો ૩૩ દહાડા જેટલો લાંબો થશે.

બહુ પુરાણો માનવી કેવો હશે ?


થોડાંક વર્ષ ઉપર એમ મનાતું હતું કે પૃથ્વીની સપાટી ઉપર માણસ જાતની વસ્તી ઉપલી મોટી જગ રેલ પછીજ થઇ હતી. આપણી પૃથ્વી પોતાના જન્મ વેળા એક આતશી ગોળા સમાન હતી, જે થંડી પડયા પછી તે ઉપર ખડકો બન્યા, ઝાડપાન ઉગ્યાં અને પ્રાણીઓ વસ્યાં, તે પછીજ માણસજાતની વસ્તી થયલી હોવી જોઇયે. એ વાત ખરી હશે; પણ ઉપલી જગ રેલનો જમાનો આજે દશથી બાર હજાર વર્ષ ઉપર મેલાય છે, માટે જુનામાં જુનો માણસ ૧૨ હજાર વર્ષ ઉપરજ હતો એમ માનવાને ભુસ્તર વેત્તાઓ ના પાડે છે. કોઇ કહે છે કે માણસ પૃથ્વી ઉપર આજથી બે લાખ ત્રીશ હજારથી બે લાખ ચાલીસ હજાર વર્ષ ઉપર હસ્તી ભોગવતો હોવો જોઇયે. હૅકલ નામનો જર્મન વિદ્વાન તેને ઓછામાં ઓછાં બે હજાર વર્ષથી વધતાંમાં વધતાં લાખો વર્ષ ઉપર મુકી જાયછે. ડૉ॰ ક્રોલની ગણુતરીને આધારે બીજાઓ તેને ઉગમણુ તેમજ આથમણુના ખંડોમાં હજારો સદીઓ ઉપર હસ્તી ભોગવી ગયલો ગણે છે. એક વિદ્વાન માણસને આઠ લાખ વર્ષ જેટલો પુરાણો માને છે. પણ પુરાણા માણસને આટલો જુનો લેખ ગણવા છતાં આ વિદ્વાનોમાંના કેટલાક તેને અતિઘણો જંગલી—આજના જંગલીઓ કરતાં પણ બહુજ અણુસમજ—જણાવી જાય છે. તેઓ મુજબ તે જંગલી અને ગુફાઓનાં જંગલી જાનવરોના જેવી જિંદગી ગુજારતો હતો. તેનું એકજ કામ હતું અને તે પેટ ભરવાનુંજ હતું. તે તદ્દન નાગી હાલતમાં વસ્ત્ર વિનાનો, બચાવ વગરનો, હથિયાર વિનાનો હતો. વળી તે એટલો ગાફેલ અને મુરખ હતો કે તે નીચેથી ઉચું જોઇ શકતો ન હતો. તેને જમીન તરફજ જોતો રહેવાની આદત પડી ગઇ હતી. તે ઝાડોને આકાશ સાથ લાગી રહેલાં સમજતો. વળી તે ઝાડ અને માણસ વચ્ચે કશો તફાવત સમજી નહિ શકે એવી સ્થિતિમાં હતો.[1] પણ આ બધા ફડાકા માત્ર છે. પાછળથી વિદ્વાનોમાં મોટો મતફેર પડયો છે, અને અસલી માણસ બીજા જંગલી પ્રાણીઓ કરતાં શાણો હતો એવું કહેનારા નિકળી આવ્યા છે.

---

૧ "Paradise Found," સફે ૭૫.

૧ Paradise Found, સફે ૪૦૭, નોટ ૨ જી; ૪૦૮, ૪૦૯.

જેમજેમ જમાના ગુજરતા ગયા તેમતેમ માણુસ સુધરતો અને આગળ વધતો ગયો, અને શેવટે અસલી ઇરાનવેજમાં તે જ્યારે વસતો થયો ત્યારે ત્યાં તે બહેસ્ત જેવા બાગમાં—બલકે આ દુનિયાનાં બહેસ્તમાંજ—વસવા લાગ્યો, કેજ્યાંથી વંદીદાદ મુજબ, અને વંદીદાદનાં લખાણને ટેકો આપનારી ભુસ્તર વગેરે વિદ્યા મુજબ, બર્ફની રેલે તેને ડુબાડી માર્યો. આ આફત વેળા માણસનું મથક ઉત્તર ધ્રુવની આસપાસ હતું, કેજે ભૂમિ જેમ સઘળાં ઓરવરોની તેમજ સઘળાં મર્દુમ અને સઘળાં ગોસ્પંદોની પણ માતા હતી, એવું અનેક વિદ્વાનોનું કહેવું છે.[1] આ ધ્રુવની આબોહવા, માણસ આપણી દુનિયામાં પહેલો અવતર્યો ત્યારે, ઘણીજ મનપસંદ અને દિલખુશ હતી. એજ ભાગો સૌથી પહેલા થંડા પડયા હતા, અને તેથી ગરમ પૃથ્વી ઉપર સૌથી પહેલી ઝાડપાન કે જાનવરની વસ્તી થઇ તે અહીંજ થઇ હતી. જેને ડૉ૦ વૉરન મુજબ અવસ્તામાં દાઇતિ નદી કહેલી છે, અને જેને હરબેરેજઇતિ પહાડ જણાવેલો છે, તે બન્ને કાંઇ આજનાં ઇરાનમાં નથી, પણ અસલી ઇરાનવેજ કેજે જગરેલમાં નાશ પામ્યું તેમાં આવેલાં હતાં, અને તે ઇરાનવેજ ઉત્તર ધ્રુવવાળો મુલ્ક હતો. વળી તે કહે છે કે જેને અવસ્તામ "ખનિરથ બામી" કહે છે તેજ અસલી ઇરાનવેજનો મુલ્ક હતો. ઇરાનવેજના મુલ્કને માટે બુન્દેહશમાં કહે છે કે તે દુનિયાની વચોવચમાં હતો, અને તે ઉપરથી તેમાં અસલી ઇરાની દુનિયાના આ રીતે વિભાગો પાડવામાં આવ્યા છે,[1] જેઓમાં ખનિરથ બાકીના સઘળા કેસ્વરો જેટલો મોટો છે.



આ "ખનિરથ" નો મુલ્ક (કેસ્વર) ચળકાટ ભરેલો ("બામી") ગણાયો છે, અને આગળ આપણુ જે કાંઇ વાંચી આવ્યા તે મુજબ અહીં આફતાબ, માહતાબ, અને સેતારાઓની રોશની ઉપરાંત બીજી બેશુમાર ચળકાટવાળી રોશનીઓ ("અનઘ્ર રઓચાઓ") હતીજ, એમ વંદીદાદ જણાવે છે. અહીંજ, યાને ખનિરથમાંજ હરબેરેજઇતિ (અલ્બોર્જ) પહાડ હતો, અને અહીંજ અમર જિંદગીનો રોપો (હઓમ=સોમ) ઉગતો હતો. વૉરનના આ સારાંશને મળતું અને વંદીદાદનાં બયાનને થોડે ભાગે મળતું આવતું વર્ણન અલ્બોર્જ પહાડના સંબંધમાં મેહર યશ્તમાં (ક૦ ૫૦) આ મતલબનું મળે છે કે—ચળાટવાળા અલ્બોર્જ પહાડની આસપાસ ઘણી રોશનીઓ (સૂર્ય, ચંદ્ર, તારા, ઑરોરા, બામદાદ, ઝઝકલું, વગેરે) ફરે છે, અને જ્યાં

1 Paradise Found, સફે ૯૫, ૯૬.

૧ બાબ ૧૧.

નથી અંધારૂં કે નથી રાત, નથી થંડો પવન કે નથી ગરમ પવન, નથી મર્કીવાળી બીમારી કે નથી ખરાબ ગલીચી, નથી ધુમસ કે નથી વાદળાં. મેહર યસ્તનાં આ વર્ણન ઉપરથી લૅનૉર્મેન્ટ નામે લેખક લખી જાય છે કે હિંદુ લોકોના મેરૂ (પર્વત) ની માફક હરબેરેજયતિ (અલ્બૉર્જ) દુનિયાનો ધ્રુવ અને મધ્ય બિંદુ છે, કે જે બિંદુની આસપાસ આફતાબ અને ગ્રહો ગિર્દેશ ફરે છે

વળી જે "ચીન્વત પુલ" ને નામે ઓળખાય છે તેને માટેઓ વૉરન આ મુજબની સમજ આપે છે કે તેનો એક છેડો દાઇતિની ટોંચે અને બીજો છેડો અહુરમજદનાં ગરોથમાન બહેસ્તમાં છે, કે જ્યાં ભલાં રવાનો આ પુલ મારફતે જઇ શકે છે. અશો જરતોસ્ત પોતાની ગાથાવાણીમાં જણાવી જાય છે (ગાથા ઉસ્તવદ, ફ૦ ૧૦—૧૧) કે સખી, રાસ્ત અને ભલી મનસ્નીવાળા માણસનાં રવાનને તે ચીન્વત પુલ પસાર કરાવી લઇ જશે, પણ બદ મનસ્નીના માણસનાં રવાનો આ પુલ પસાર કરી જવા માંગતાં હોવા છતાં તેઓ હમેશ સુધી દરૂજનાં મુકામમાંજ પડયાં રહે છે. "દાદેસ્તાને દીની" વગેરે પેહલવી કેતાબો મુજબ આ પુલ ગોળ નહિ પણ ઘણી બાજુવાળા બારત્રટિયા યા બીમ જેવા આકારનો છે, જેની કોઇ કિનારી બહુ પહોળી હોય છે, જે ઉપરથી ભલાં રવાનો પસાર થઇ જાય છે, અને કોઇ કિનારી છરીની ધાર જેવી પાતળી હોય છે, જે ઉપરથી બદ રવાનો પસાર થઇ શકતાં નથી.

હવે આ પુલને 'પોલ' (ધ્રુવ) ગણીને તેને પૃથ્વીના ઉત્તર ધ્રુવથી આકાશના ઉત્તર ધ્રુવ સુધી લંબાયલો સમજવામાં આવે છે. આ પુલ પૃથ્વીના સર્વથી ઉંચા પહાડ (એટલે અવસ્તાવાણી મુજબ અલબોર્જ ની સર્વથી ઉંચી ટોંચ જેને એ પવિત્ર લખાણમાં હુકર્ય-હુકૈરે પહાડને નામે ઓળખી છે તે) ને મથાળેથી શુરૂ થઇને ઇજદો, અમશાસ્પંદો અને હોરમજદનાં મકાન —ગરોદેમાન (ગરોથમાન બહેસ્ત)—સુધી પહોંચે છે.

આ ઠેકાણે એક બિના ખાસ નોંધ લેવા જોગ છે, અને તે એ કે વંદીદાદ મુજબ, તેમજ અવસ્તાનાં બીજાં લખાણો મુજબ, અને સૌથી પહેલાં પવિત્ર ગાથાવાણી મુજબ, અસલી ઇરાનીઓ આપણી પૃથ્વીને ચોરસ નહી, સપાટ નહિ, પણ ગોળ ફરતી સમજતા અને સમજાવતા આવ્યા છે. વળી તેઓ આકાશના સૂર્ય અને ગ્રહોને તથા સેતારાઓને પણ પોતપોતાની ગિર્દેશ કરતા યાને પોતપોતાના માર્ગમાં ગોળ ફરતા સમજી ગયા છે. આ ગિર્દેશ તેઓ કોણુની આસપાસ કરે છે તે ખુલ્લું જણાતું નથી. ગાથાવાણી મુજબ સેતારા, ખોરશેદ, દિવસ થવાની ખબર આપનાર બામદાદ, એ બધાં હોરમજદની કીર્તિ ગાવા માટે ગિર્દેશ કરે છે (ગાથા સ્પેન્તોમદ, હા ૫૦, ફ૦ ૧૦); પણ મેહર યસ્ત મુજબ તેઓ અલ્બોર્જ પહાડની આસપાસ ફરે છે (ફ૦ ૫૦). અલ્બોર્જને જો આપણ એક વાર ખનિરથનો પર્વત કબૂલ રાખિયે, અને ખનિરથને ડૉ૦ વૉરન સાથ મળતા થઇ અસલી ઇરાનવેજ ગણિયે, અને વળી એ ઇરાનવેજને ઉત્તર ધ્રુવ તરફ આવેલું માનિયે, તો આ ગિર્દેશ ઉત્તર ધ્રુવનીજ આસપાસ થતી લેખી શકાય. અને આજની વિદ્યા એ વાતને ટેકો આપે છે તે આપણ આગળ જોઇ ગયા છિયે; કેમકે પશ્ચિમ તરફના મુસાફરો અને શોધકો મુજબ જેમ એક છત્રી આપણાં માથાં ઉપર ગોળ ફેરવિયે, તેમ ઉત્તર ધ્રુવ ને માથે આફતાબ, માહતાબ, સેતારા વગેરે ગોળ ફરતા જણાય છે.

બુનદેહશમાંથી આ બાબતના સંબંધમાં આપણને કેટલેક જાણવાજોગ ખુલાસો મળે

૧ જુઓ તેનું "Ararat and Eden" નામનું "Contemparary Review" ૧૮૮૧ ના સપ્ટેંબર માસના અંકમાં પ્રગટ થયલું લખાણ; Paradise Found, સફે ૧૭૫, નોટ ૧૯૧.

છે. તેમાં જણાવ્યા પ્રમાણે અલ્બોર્ઝ પહાડ કાંઇ બીજા પહાડો જેવો એક દેશનો કે એક જગાનો, કે સાધારણ ઉંચાઇનો પહાડ નથી. અલ્બોર્ઝ પહાડ આ દુનિયાની આસપાસ ફરી વળેલો છે અને તે આસ્માન સાથ જોડાયલો છે. આ પહાડ દુનિયાની આસપાસ એક 'વર' મિસાલ ફરી વળેલો છે અને તેની વચોવચમાં "તેરક" (જમ્યાદ યસ્તનો "તએર") પહાડ આવેલો છે, જે તેની ઉંચામાં ઉંચી ટોંચ છે. વળી લખે છે કે તેરક પહાડ તે કે જેમાંથી સેતારાઓ, માહતાબ અને આફતાબ માર્ગ લે છે અને પાછા ફરે છે. અલ્બોર્ઝની બીજી ટોંચો મધેની એક "હુગર" નામની છે, કે જે ઉપરથી અર્દ્વીસુર નદીનાં પાણી ૧૦૦ માણુસ જેટલી ઉંચાઇએથી કુદીને નીચે પડે છે. આને અવસ્તામાં "હુકેર્ય બેરેજ" ને નામે ઓળખ્યો છે.[૧] આસીન્દોમ આકાશના જેવા રાતા રંગનો પહાડ છે અને તે પહોળા બનેલા સમુદ્ર (વોઉરૂકષ=કેસ્પીઅન)ની વચોવચમાં છે, જેમાં હુગાર ઉપરથી વહેતી નદી મારફતે પાણી જમા થાય છે.

એક બીજી ટોંચ "ચકાધે દાઇતીક" ને નામે ઓળખાઇ છે, કેજે દુનિયાની વચોવચમાં છે. તેની ઉંચાઇ ૧૦૦ માણુસ જેટલી છે, અને તે ઉપર ચીન્વત પુલ આવેલો છે, કે જ્યાં રવાન કને તેની કરણી માટેનો હિસાબ લેવામાં આવે છે.[૨]

અલ્બોર્ઝ પહાડની મોટાઇ

હવે ઉપર જોયું તેમ અલ્બોર્ઝ દુનિયાની આસપાસ ફરી વળેલો બહુ ઉંચો પહાડ છે, અને તેનાથી બનેલાં ચક્રની વચોવચમાં તેરક (તએર) પહાડની ઉંચી ટોંચ આવેલી છે. એઓની આસ પાસ સુરજ ચકાવો લેછે, અને અલ્બોર્ઝનાં ગોળ ચક્રને લીધેજ તે ગોળ ચક્રમાં ફરે છે. જાણે અલ્બોર્ઝની એક કિલ્લો હોય અને તેની આસપાસ પાણીની ચર અથવા ખાઇ ખોદેલી હોય અને તે ખાઇમાંથી કોઇ ગોળ ચક્રમાં ફરતું હોય તેમ આફતાબ ફરે છે. અવસ્તામાંથી જણાવેલું છે કે અલ્બોર્ઝ પહાડની તએર નામની ટોંચની આસપાસ સેતારા, માહતાબ અને આફતાબ પોતાની ગિર્દેશ કરે છે.[૩]

આ પહાડનું વર્ણન અવસ્તાવાણીમાં અનેક ઠેકાણે આવેલું છે, તે આપણા હાલના વિષયને માટે ઘણું જાણવાજોગ છે. રશ્નું યશ્ત મુજબ[૪] એ પહાડ ચળકાટવાળો છે, જેની આસપાસ ઘણા આકાશી ગોળા ફરે છે. એ પહાડ તરફ રાત, અંધારું, થંડો પવન, પુર મર્કીવાળી બીમારી, યા નાશકારક ગંદકી હોતી નથી, તથા ત્યાં ધુમસ પહોંચતું નથી. વળી મેહર યશ્તમાંથી એજ મુજબનું બયાન આવેલું છે.[૫]

ઇરાની વર્ષની લંબાઈ.

હવે આ અલ્બોર્ઝ પહાડના સંબંધમાં એક જાણવાજોગ વાત બુન્દેહેશમાં[૬] જણાવેલી છે તે બતાવે છે કે આગળા જરતોસ્તીઓમાં વર્ષની લંબાઇ ૩૬૦ દહાડાનીજ હતી. તે બિનાનો સાર એ છે કે "અલ્બોર્ઝ પહાડમાં ઉગમણે ૧૮૦ અને આથમણે ૧૮૦ એ રીતનાં બાકોરાં પાડેલાં છે, જેમાંના એકમાં દરરોજ આફતાબ દાખલ થાય છે અને બીજામાંથી બાહેર નિકળે છે; ચંદ્ર, સેતારાઓના ઝુમખા અને ગ્રહોની ગતી અને તેઓ વચ્ચેનો સંબંધ તે પ્રમાણે રહે છે. દરરોજ આફતાબ નજરે દેખાતા ૩૧ કેશ્વર અથવા કટિબંધ (zone) ને પ્રકાશિત કરે છે અથવા ગર્મી આપે છે, અને દર સાલ બે મરતબે દિવસ અને રાત એકસરખાં થાય

૧ ઇજાને—હા ૬૪, ફ૦ ૧૪; આંવાં યશ્ત—૩, ૨૫, ૯૬; ગોશ યશ્ત—૮; મેહેર યશ્ત—૮૮; રશ્નુ યશ્ત—૨૪; ફરવરદીન યશ્ત—૬; રામ યશ્ત—૧૫.

૨ બુન્દહેશ: બાબ ૫, ફ૦ ૩.

૩ રશ્નુ યશ્ત—ફ૦ ૨૫.

૪ ફકરો ૨૩.

૫ ફકરો ૫૦.

૬ બાબ ૫, ફ૦ ૫ થી આગળ.

છે. જ્યારે પહેલી મરતબે એકસાં થાય છે ત્યારે બહારની મોસમ હોય છે. જ્યારે સૂર્ય કુલચ્યુંગ (Cancer-કર્ક રાશી) ના પહેલા નુકતા ઉપર આવે છે અને દહાડો સર્વેથી લાંબો હોય છે, ત્યારે ઉનાળાની શુરૂઆત થાય છે. જ્યારે આફતાબ તરાજુક (Libra-તોલા) ના નુકતા ઉપર આવે છે ત્યારે દિવસ અને રાત એકસરખાં થાય છે, અને તે વેળા પાનખર ઋતુ હોય છે, પણ જ્યારે તે વહીક (Capricorn-મકર રાશી) નુકતા ઉપર આવે છે ત્યારે રાત લાંબામાં લાંબી થાય છે, અને શિયાળો શુરૂ થાય છે; તથા જ્યારે તે વરક (Aries-મેષ) નુકતા ઉપર આવે છે ત્યારે રાત અને દિવસ પાછાં એકસરખાં બને છે. વરક નુકતા આગળથી ગયલો આફતાબ ૩૬૦ દહાડા ઉપરાંત ગાથાના બીજા પાંચ દહાડા પછી ૩૬૫ દહાડે પાછો ત્યાંજ આવી લાગે છે. તે એકને એકજ બાકોરાંમાંથી જાય છે ને પાછો આવે છે.

જે ઠેકાણેથી સુરજ લાંબામાં લાંબે દહાડે નિકળેલો જે ઠેકાણે ટુકામાં ટુકે દહાડે આવી પુગે છે ત્યાં સુધીનો ઉગમણુનો મુલક અથવા કેસ્વર "સવેહ" છે; જે ઠેકાણે તે ટુકામાં ટુકે દહાડે આવીને જે ઠેકાણે ટુકામાં ટુકે દહાડે પાછો જાય છે ત્યાં સુધીનો દક્ષિણ ભણીનો કેસ્વર "ફ્રદધફ્ષ" અને "વીદધફ્ષ" છે; જ્યાંથી તે ટુકામાં ટુકે દહાડે જઇને જ્યાં લાંબામાં લાંબે દહાડે આવે છે ત્યાં સુધીનો આથમણુનો કેસ્વર "અર્જેહ" છે; જે ઠેકાણે તે લાંબામાં લાબે દહાડે આવે છે ત્યાંથી તે જે ઠેકાણે લાબામાં લાંબે દહાડે જઇ પુગે છે ત્યાં સુધીના ઉત્તર ભણીના કેસ્વર "વૉરૂબર્સ્ત" અને "વોરૂજર્સ્ત" છે. જ્યારે આફતાબ આવે છે ત્યારે તે સવેહ, ફ્રદધફ્ષ, વીદધફ્ષ, અને ખ્વનીરસનો અર્ધો, એમ ૩।। કેસ્વરોને પ્રકાશિત બનાવે છે; જ્યારે તે અંધારી બાજુએ જાય છે ત્યારે તે અર્જેહ, વોરૂબર્સ્ત, વોરૂજર્સ્ત, અને ખ્વનીરસનો બાકીનો અર્ધો, એમ બીજા ૩।। કેસ્વરોને પ્રકાશમાન કરે છે. જ્યારે આ તરફ દહાડો હોય છે ત્યારે ત્યાં રાત થાય છે. આ સાત કેસ્વરોમાં ખ્વનીરસનો કટિબંધ (torrid zone) દુનિયાની વચોવચમાં આવેલો છે; અને કયાનીઓ અને પેહલવાનો એજ કેસ્વરમાં પેદા થયા હતા; તથા મજદયસ્નાનોની ભલી દીન પણ એજ કેસ્વરમાં બરપા થઇ હતી. સોસ્યાંસ પણ ખ્વનીરસમાંજ જન્મેલો છે, કેજે હારેમનને નિર્બળ બનાવે છે, અને જે કેયામત કરે છે, અને ભવિષની જિંદગીને કારણ આપે છે.

આ સઘળું વર્ણન બુન્દેહશમાં આવેલું છે. એમાંથી જે કાંઈ આપણા વિષયને લાગતું વળગતું છે તે એજ સાબેત કરે છે કે ઇરાનવેજનો મુલક તેજ અલ્બોર્જ પહાડવાળો મુલક છે, અને એ બિનાને જુદી જુદી યસ્તોમાં આવેલાં આ પાહાડની આબોહવાવાળાં બયાનોથી ટેકો મળે છે; અને અલ્બોર્જ પહાડ તે ઉત્તર ધ્રુવ છે.

શેવટનાં અનુમાનો.

અમો ધારિયે છિયે કે ઇરાનવેજ કયાં હતું તે બાબે નકકી શેવટ ઉપર આવવું હજુ દૂર ગણાશે, કેમકે કેટલાક અભ્યાસી વિદ્વાનોમાં હજુ મતફેર છે. પણ જેઓ એમ કહેતા હતા કે તે મધ્ય એશિયામાં કેસ્પીઅન સમુદ્રની ઉગમણે આવેલું હતું તેઓમાંના ડૉ૦ ઓટો શ્રેડર જેવા એ વિચાર છોડતા ચાલ્યા છે, અને કાર્લ પૅન્કા જેવાઓ અસલી આર્યસ્થાનને આજના નોર્વે અને સ્વીડન દેશોથી બનેલા અસલી સ્કેન્ડિનેવ્યા નામના મુલકમાં મુકે છે. ડૉ૦ વૉરન તેને ઉત્તર ધ્રુવની આસપાસ ગોઠવવા માંગે છે. ગમે તેમ હોય, પણ આટલું તો વંદીદાદ પ્રમાણે સિધ્ધ થાય છે કે આપણા આર્ય પૂર્વજો સૌથી પહેલાં કોઇ દૂરના મુલકમાં વસતા હશે, અને તે મુલક

આજનાં ઇરાનની ઘણો ઉત્તરે આવેલો હશે. તે મુલકમાં બર્ફની રેલ આવવાનો હિંગામ આગમજથી આર્યોને જણાઇ ચુકયો હશે, અને તેથી જમશેદ પાદશાહના અમલ વેળા તેની રૈયતનો ત્રણ મરતબે ઉત્તર છોડીને વધારે ને વધારે દક્ષિણે જઇ વસી હશે. તેમ છતાં રેલની આફતમાંથી છુટાય એમ નહિ જણાયું હશે ત્યારેજ કોઇ ઉંચી જગા ઉપર નવું સંસ્થાન વસાવવું પડયું હશે, અને રેલ આવી ગયા પછી તે સંસ્થાનીઓ બચી ગયા હશે. એ સંસ્થાન કોઇ એવી જગામાં હોવું જોઇએ કે જયાંની આબોહવા ઘણીજ મધ્યમસરની અને ઓરવર, ગોસ્પંદ તથા મર્દુમને માટે ઘણીજ તનદુરસ્તી ભરેલી હોય. વળી તે સંસ્થાન એવી જગામાં હોવું જોઇયે કે જયાંનો એક દહાડો એક આખા વર્ષ જેટલો લાંબો હોઇ શકે. તે કેમ બને તેની સમજ આગળા સફાએમાં આપણે પુરતી વિગત સાથે મેળવી છે. અને તે સમજ મુજબ ઇરાનવેજની ભૂમિ તે અસલી ખનિરથ બામી હોય યા નહિ હોય, તોપણ તે કોઇ ઘણા ઉત્તરના મુલકમાં હોવી જોઇયે —પછી તે ઘણો ઉત્તરનો મુલક ડૉ૦ વૉરન કહે છે તેમ ધ્રુવની આસપાસનો પ્રદેશ હોય યા કાર્લ પૅન્કા મુજબ સ્કેન્ડિનેવ્યાનો મુલક હોય, યા મી૦ ટિળક મુજબ ઉત્તર મહાસાગર તરફની ભૂમિ હોય. અગરજો વંદીદાદને પગળે ચાલીને અટકળ કરિયે તો અમને એમ લાગે છે કે તે મુલક એશિયાખંડવાળા રશિયા દેશની ઉત્તરે આવેલો અને આર્કટિક મહાસાગરને કાંઠે આવેલો કોઇ પ્રદેશ હોવો જોઇયે, કે જયાં ઓબી, એનિસી અને લૅના નામની મોટી નદીઓ વહે છે, જેઓ મધેની એક તે ઇરાન વેજવાળી દાઇતિ નદી હોય, અને જયાંનો કોઇ પહાડ તે અસલી અલ્બોર્જ હોય.

આ બાબતમાં ડૉ૦ વૉરને જે શોધખોળ ચલાવીને પોતાનો કાબેલ્યત ભરેલો ગ્રંથ (Paradise Found) લખ્યો છે, તે ઉપરથીજ મી૦ ટિળકને પોતાનો ગ્રંથ ("The Arctic Home in the Vedas") લખવાનું સુઝ પડેલું લાગે છે, અને ટિળકે જોકે વેદિક અને પુરાણા સંસ્કૃત ગ્રંથોના અભ્યાસ કરીને તેઓને આધારે આર્યોનું મૂળસ્થાન ઉત્તરધ્રુવ તરફ હોવાનું સિદ્ધ કરવા માંગ્યું છે, તોપણ એ લખાણોના તેમજ અવસ્તાના અને બીજી સંખ્યાબંધ અસલી પ્રજાઓના ગ્રંથોના તરજુમાઓને આધારે મી૦ ટિળકની ઘણાં વર્ષ આગમજ વૉરન એજ સારાંશ ઉપર આવી ચુકયો હતો.

હવે મી૦ ટિળક પોતાના ગ્રંથમાં વંદીદાદનો આધાર પકડીને શું કહેવા માંગે છે તે આપણ તેનાં પુસ્તકનાં ૧૧ માં પ્રકરણને આધારે ટુકમાં જોઇયે.

ફસલ ૫–ઇરાનવેજ તેજ ધ્રુવનો મુલક.

અવસ્તાવાણીનું પુરાતનપણું.

થોડાંક વર્ષ ઉપર જેઓ અવસ્તાનાં પુરાતન લખાણને સંસ્કૃત ઉપરથી બનાવી કહાડેલું માનતા અને મનાવતા હતા તેઓને માટે આ વાત જાણવાજોગ થઇ પડશે કે મી૦ ટિળક જેવો સંસ્કૃતનો મોટો અભ્યાસી એ લખાણને વેદનાં જેટલું પુરાણું ગણે છે; એ બન્નેને એક નદીની બે શાખા લેખે છે; અને બ્રાહ્મણો તથા પારસીઓનાં પવિત્ર પુસ્તકોને આર્ય કોમની જોડ–કેતાબો માને છે. વેદનાં પુસ્તકો જેવી રીતે જળવાયાં છે તેવી રીતે અવસ્તાનાં જળવાયાં નથી, તોપણ વેદમાંથી જ્યારે અસલી આર્યોનાં ઉત્તર ભણીનાં મૂળ વતન બાબેની કશી શહાદત મળતી નથી ત્યારે તે અવસ્તાના ચોક્કસ ફકરાઓમાંથી મળી આવે છે. કેટલાક યુરોપીઅન વિદ્વાનો—જેવાકે હીરિન, રહોડ, લૅસન, પિકટે, બુન્સન, હાગ વગેરે—વંદીદાદની પહેલી

બે પરગરદોને અર્ધી કલ્પિત અને અર્ધી તવારીખી શહાદત ધરાવનારી ગણે છે; સ્પીગલ પણ પ્રથમ એમજ માનતો હતો; પણ બ્રીઆલ, ડાર્મેસ્ટેટે વગેરે તેમને ભૂગોળની કંઇક સમજ આપનારી ગણે છે. છેલ્લી જગરેલ પછીજ માણસ જાતની વસ્તી થયલી છે, અને ધ્રુવ તરફ તમામ બર્ફ હોવાથી માણસ જાતથી ત્યાં વસી શકાયજ નહિ, એમ ગણીને આ વિદ્વાનો ધ્રુવ તરફથી આર્યો ઉતરી આવ્યા હોય એમ માનવાની ના પાડે છે. તેઓ વંદીદાદની ૧ લી પરગરદમાં આવેલાં ૧૬ શેહરોને અસલી આર્યોના તાયફાઓ એક પછી એક દક્ષિણ ભણી ઉતરી આવ્યા હતા એમ ગણતા નથી, પણ ૧ લી સરસ જગા ઇરાનવેજમાં વંઘુદાઇતિ નામની નદીવાળી હતી, અને ૧૬ મી યાને છેલ્લી જગા રંઘા નામની નદીવાળી હતી, માટે એ બન્ને નદીઓની વચ્ચેના મુલકને આ વિદ્વાનો અસલી ઇરાની આર્યોનાં રાજ્ય દાખલ ગણે છે. આમ ગોઠવવામાં ડાર્મેસ્ટેટે મુખ્ય છે, જે રંઘા નદીને કેસ્પીઅન સમુદ્રમાં ખાલી થતી આજની સફેદ રૂદ અથવા કીઝીલ ઉજન નદી માને છે, તો જોકે રંઘા કયાં આવી હતી તે વિશે વંદીદાદમાં જણાવેલું નથી. હવે એ નદીનું નામ ૧૬ માં સ્થાન દાખલ જણાવ્યું છે, તેની આગમજ ૧૫ માં સ્થાન દાખલ હફ્ત હિંદુ યાને પંજાબની પુરાતન સાત નદીઓવાળા મુલકનો ઇશારો છે. ત્યારે હફ્ત હિંદુથી અસલી આર્યો કેપસ્પીઅન તરફ સંસ્થાન વસાવવા ગયા હોય તો તેમને અતિઘણો મોટો માર્ગ કાપવો પડે. હવે ખરૂં જોતાં તો રંઘા તે કોઇજ નહિ પણ વેદની રસા નદી છે, કેજે સિંધુ નદીની એક શાખા છે. અને ૧૫ માં સંસ્થાન પંજાબમાં આવ્યા પછી આર્યોએ રસાના કાંઠા ઉપર પોતાનું ૧૬ મું સંસ્થાન વસાવ્યું હોય, એ બેશક બનવા જોગ છે.

ધ્રુવ ભણીનું બાગે બહેશ્ત.

હવે વંદીદાદની ૧ લી પરગરદનાં આ ૧૬ મથકોના સંબંધમાં વિદ્વાનો આ બાબતમાં તો એકમત છે કે ૧ લાં સઉથી સરસ સંસ્થાનમાં પાછળથી ૧૦ મહિનાની થંડી અને બે મહિનાની ગર્મી હતી. મોસમનો આવો ચમત્કાર ત્યાંજ હોય કે જ્યાં સખ્તમાં સખ્ત થંડીનું રાજ્ય ચાલતું હોય અને તેવું રાજ્ય આજે ઉત્તર ધ્રુવ ખાતે ચાલતું જણાય છે. જ્યારે વંદીદાદની રચના થઈ ત્યારે ઉપલી પરગરદ લખનારના જણાવ્યા મુજબ ઉત્તર ધ્રુવ ખાતે ૧૦ મહિનાની થંડી અને બે મહિનાની ગર્મી હોવી જોઇયે, કેમકે તે આગમજ તે તરફ બર્ફનું રાજ્ય ચાલુ થઇ ચુકયું હતું. પણ અસલી ઇરાનવેજ કે જ્યાં જમશેદ રાજ્ય કરતો હતો ત્યાં એવો મામલો નહિ હોય, કેમકે તે વેળા તો ત્યાં સઘળી આબાદી અને ખુશહાલી અને સુખ હતાં. તે વેળા જમીનની સપાટી ઉપર ઉત્તર ધ્રુવ તરફથી બર્ફની નાશકારક રેલ ફરી વળી ન હતી, અને તમામ વસ્તી અને ભલી પેદાયશ ખરાબ થઇ ન હતી. તે ખરાબ થઇ ન હતી ત્યારે સઘળે આબાદી અને સુખ હતાં. ત્યારે ગોયા અસલી ઇરાનવેજમાં—પાદશાહ જમશેદના ઇરાનવેજમાં—૧૦ મહિનાની ગર્મી; અને બે મહિનાની સર્દી જેવો મામલો હતો ત્યારે ધ્રુવ તરફની આબોહવા સર્દ બની ન હતી અને ત્યાંનો દેખાવ ગોયા બાગે બહેસ્ત[1] જેવો લાગતો હતો.

૧—ઇરાનવેજ જો અસલી ઇરાનીઓનું આ દુનિયાનું બહેશ્ત હતું એમ ગણિયે તો એવાં અનેક પ્રજાઓનાં અનેક બહેશ્તોની દંતકથા આપણ અનેક પુસ્તકોમાં વાંચિયે છિયે. પણ તે સર્વની જગા આ ઠેકાણે થઇ શકે એમ નથી. માત્ર એકજ પુરાણી કથાનો દાખલો આપીશું કે જેથી વંદીદાદનાં બયાનને અનેક રીતે ટેકો મળે એવું છે. અસલી દંતકથા મુજબ હાઇપરબોરીઅન (Hyperboreans) નામની એક પુરાતન પ્રજા થઇ ગઈ છે, જેને માટે કહે છે

૧૦ મહીનાની થંડીવાળો મુલ્ક.

પણ એ હાલત બદલાઇ ગઇ. વંદીદાદમાં અલંકારિક ઢબે જણાવ્યું છે તેમ હોરમજદના પેદા કીધેલાં સર્વથી સરસ ઇરાનવેજમાં હારેમને ઝેહરી અઝદહા અને બર્ફ પેદા કરીને તેને એટલું ખરાબ કીધું કે ત્યાં ૧૦ મહિના જેટલો લાંબો શિયાળો ચાલુ રહેવાથી માણસ, પશુ અને ઝાડો પણ જીવી શકયાં નહિ. હવે આજે જો તપાસ કરિયે કે દુનિયાના કયા ભાગમાં ૧૦ મહિનાનો શિયાળો અને બે મહિનાની ગર્મી છે તો માલુમ પડશે કે તે ઉત્તર ધ્રુવ ભણી છે. એ ઉપરથી જણાશે કે વંદીદાદવાળું ઇરાનવેજ એજ ધ્રુવ તરફ હતું. વળી જ્યાં એક વર્ષ એક દહાડા જેટલું હોય, અથવા બીજા બોલોમાં, જ્યાં એક દહાડો (રાત સુધાં) એક આખાં વર્ષ જેટલો લાંબો હોય, એવો બનાવ પૃથ્વીની સપાટી ઉપર ઉત્તર ધ્રુવ સિવાય બીજે કેંઇ બની શકે એમ નથી. એ બનાવ વંદીદાદ મુજબ જમશેદે બનાવેલા "વર" (યાને સંસ્થાન) માં બનતો હતો, અને એ "વર" ઇરાનવેજમાંજ હતો, એમ મીનોખેરદમાં જણાવ્યું છે, ત્યારે આ વર સાથનું ઇરાનવેજ ઉત્તર ધ્રુવની આસપાસનો મુલ્ક હોય એમ ખુલ્લું થાય છે. અલબત વંદીદાદની ૧લી અને ૨જી પરગરદ રચનાર દસ્તુરોના જમાનામાં ૧૨ માસ જેટલો લાંબો દહાડો, (રાત સાથનો) ન હશે, અને ૧૦ માસ જેટલી થંડી પણ ન હશે, કેમકે તેમના જણાવ્યા મુજબ તેમના મુલ્કમાં તો ૭ માસની ગર્મી અને પાંચ માસની થંડી પડતી હતી; પણ પોતાની આગમજ હૈયાતી ભોગવી ગયલા પોતાના પૂર્વજોના મુલ્કમાં આમ હતું એવી તેમને ખબર હતી, અને તે ખબરનીજ તેઓ આ તવારીખરૂપી પરગરદોમાં નોંધ કરી ગયા છે. કદાચ એ બે પરગરદો કોઇ બીજાજ એજ કિસમના યાને તવારીખી નસ્ક મધેની પણ હોય, જેના ગુમ થવાથી પાછળથી તેમને વંદીદાદમાં દાખલ કરી દીધી હોય. પણ તે સાથ અહીં આપણને કામ નથી. પુરાણા અવસ્તામાં આજે glacial epoch ને નામે ઓળખાતો બનાવ બનવાની નોંધ છે અને તેને

કે તે યુરોપ અને એશિયાના ઉત્તરના ભાગોમાં વસતી હતી, ત્યાંનાં લોકો આજે આપણાથી નહિ મનાય એટલી લાંબી ઉમર—શુમારે ૧૦૦૦ વર્ષની—ભોગવતાં હતાં, અને સદા સુખમાં દહાડા ગુજારતાં હતાં. કહે છે કે ત્યાં આફતાબ વર્ષમાં એકજ વખત આથમતો હતો. આમ હોવાથીજ વર્જિલ નામનો રૂમી કવિ આ લોકોનું મથક ઉત્તર ધ્રુવ ભણી હતું એમ જણાવી જાય છે. "હાઇપરબોરીઅન" એ નામનો અર્થ "બોરીઆસ નામના પવનની પણ ઉપર (અથવા ઉતરે) વસનારાં" લોકો એવો થાય છે. આ ઉત્તર ભણીનો પવન તે હતો કેજે હાઇપરબોરીઅન પર્વતો ઉપરથી ફુંકતો હતો. આ લોકો ઉત્તર ધ્રુવ તરફ વસનારાં હોવાથી, પાછળથી તેમનું નામ થંડા મુલ્કમાં વસનારાં સઘળાં લોકોને લાગુ પાડવામાં આવ્યું હતું.

આ અસલી લોકોને માટે વિશેષ એમ કહે છે કે માણસ જાતમાં તેઓ સર્વથી પુરાણાં, સર્વથી નીતિવાન અને સર્વથી સુખી હતાં. તેમના આકાશમાં વાદળ થતું નહિ, ખેતરો બેવડો પાક આપતાં, અને તેઓ સદા વસંત યાને બહારની મોસમ જેવી હવા ભોગવતાં. જ્યારે તેઓ જિંદગીથી ધરાઇ જતાં ત્યારે પોતાનાં માથાં ઉપર ફુલોનાં તાજ પહેરતાં, અને હુન્નેબર્ગ (Hunneberg) અથવા હલ્લેબર્ગ (Halleberg) નામના પર્વત ઉપરથી ઉંધે મસ્તક દરિયામાં પડતાં, અને ઓડિન (Odin) નામના વડા દેવતાના બહેસ્તમાં દાખલ થતાં. [આ દંતકથા સ્કેન્ડિનેવ્યા યાને નોર્વે તથા સ્વીડન દેશોના રહેવાસીઓમાં મશહુર છે, કેજે મુલ્ક યુરોપની ઉતરે ધ્રુવ તરફ આવેલો છે. ઉપલો પર્વત હલ્લેબર્ગ તે શું ઇરાની લોકોનો અલ્બોર્જ (હરબેરેજઈતિ) હશે ?]

પ્લેટો જણાવી જાય છે કે એટલેન્ટિસ નામનો એક મોટો ટાપુ અથવા ખંડ યુરોપ અને અમેરિકાની વચ્ચેના દરિયામાં બહુ પુરાણા કાળમાં ગર્ક ગયો હતો, જેને માટે બીજાઓ કહી જાય છે કે તેજ હાઇપરબોરીઅન લોકોનો મુલ્ક હતો.

વળી મારોપેઇસ (Maropeise), મારોપિસ (Maropese) અથવા મારોપે (Marope) નામનો એક અસલી ટાપુ કેજે પાછળથી કૉસ (Cos) ને નામે ઓળખાતો હતો, ત્યાંનો રાજા મેરોપ્સ (Meropse) નામનો હતો, જેણે ઇરાનીઓના યિમ અથવા જમશેદ પાદશાહની માફક પોતાની પ્રજામાંના ચુનંદાં લોકોને મોટી જગ રેલમાં ડુબી જતાં બચાવ્યાં હતાં, એવીબી એક દંતકથા અસલી યુનાની લોકોમાં હતી.

ભૂસ્તરવિદ્યાથી ટેકો મળે છે એટલુંજ આપણને અહીં જોવાનું છે. અવસ્તાના અભ્યાસીઓ એમ સમજાવી ગયા છે કે ઇરાનવેજ મધ્ય એશિયામાં હતું અને પાછળથી આર્યોની વસ્તીવાળો ભાગ વધારે ઉંચો યાને પહાડી થયાથી ત્યાં ૧૦ મહિનાની થંડી ચાલુ રહી હશે. પણ જીહુન અને સીહુન નદીઓવાળો પ્રદેશ જો અસલી ઇરાનવેજ હોય તો તે આજેબી એટલો ઉંચો નથી કે ત્યાં ૧૦ મહિના સુધી થંડી ચાલુ રહે. બુન્દેહશ અને બીજાં પેહલવી લખાંણોને આધારે એમ મનાવવામાં આવે છે કે ઇરાનવેજ આજના ઇરાન દેશમાંજ હતું, અને તે કેસ્પીઅન સમુદ્રની દક્ષિણે હતું. વળી હખામની પાદશાહતના જમાનામાં આજનાં ઇરાનમાં એક પ્રાંતને યુનાનીઓ "આરિયાના" એટલે આર્ય લોકોના સ્થાન દાખલ ઓળખી ગયા છે. પણ તે પરથી જો એમ ઠરતું હોય કે ઇરાનવેજ ત્યાંજ હતું તો મી૦ ટિળક કહે છે કે ઇરાનવેજ હીમાલય અને વિંધ્યાચળ પર્વતોની વચ્ચેના હિંદુસ્તાન દેશમાં હોવું જોઇયે, કારણકે એ પહાડો વચ્ચેના મુલકને પાછલાં સંસ્કૃત સાહિત્યમાં "આર્યવર્ત" યાને આર્યસ્થાન ગણેલું છે.

હારેમને પેદા કીધેલો સર્પ.

પણ નહિ. ખરૂં અસલ ઇરાનવેજ તો ઉત્તર ધ્રુવની આસપાસના મુલ્કમાં હતું. તે મુલ્ક આજે હસ્તી ભોગવતો નથી. ગોયા હારેમને પેદા કીધેલા સર્પ અને બર્ફે તેનો નાશ કરીને તેનો કબ્જો લીધો છે.[1]

આ સર્પ તે બર્ફની ગંજાવર રેલ હોવી જોઇયે, કેજે ઇસ્વી પૂર્વે ૮૦૦૦ વર્ષ ઉપર આવી હતી, એમ અમેરિકાના ભુસ્તરવેત્તાઓ આજે જણાવે છે. એટલે કે આજે બરાબર ૧૦૦૦૦ વર્ષની વાત ઉપર એ નાશકારક રેલમાં અસલી ઇરાનવેજ ફના થયું હતું, અને માણસ જાતની આજની વસ્તી ત્યાર પછી પાછી ચાલુ થઇ હતી.

એ બિના દેખાડે છે કે ત્યારે જમશેદના જમાનાને આજે ૧૦ હજાર વર્ષ થયાં છે. એ બિના વળી દેખાડે છે કે તે જમાનાના આર્યોને આ નાશકારક રેલ બાબેનું જ્ઞાન હતું. એ બિના એમ પણ સાબેત કરે છે કે અસલ ઇરાનવેજ ઉત્તર ધ્રુવની આસપાસનો ખંડ હતો, કેજે આજે બર્ફમાં ગર્ક ગયો છે.

એક સાચી પડેલી પુરાણી દંતકથા.

જમશેદે ત્રણ મરતબે ઇરાનવેજની ભૂમિને વધારી તે કદાચ આ બર્ફની રેલની નિશાનીઓ આગમચથી જેમ જણાતી ગઇ હોય તેમ તે તરફનું વતન છોડીને દક્ષિણ તરફ ઉતરવા માંડયું તે હોય. ગમે તેમ હોય પણ તે દક્ષિણ તરફ ઉતર્યો હતો. ત્રણ મરતબે ઉતર્યો હતો; પણ ચોથી મરતબે તો તેનો તમામ દેશ નાશ પામનાર હોવાથી તેને ઉંચામાંઉંચા પહાડ ઉપર પોતાનું ખાસ સંસ્થાન વસાવવું પડયું હતું. તે તેનો "વર" હતો, પછી તે ગમે તે હોય. તે "વર" ઇરાનવેજમાંજ હતો, પણ તે ઇરાનવેજ દક્ષિણમાં નહિ પણ ઉત્તરમાંજ હતું. આ બિના અવસ્તામાંથી મળતાં ઉપલાં બયાનથીજ સિદ્ધ કરવાની હિંમત થઇ છે, કારણ કે વેદમાંથી ઉતર ધ્રુવના સંબંધમાં ઘણી શહાદતો મળવા છતાં ત્યાંનું સુખવાસી વતન કાં છોડવું પડયું તે બાબતમાં કશો ઇશારો એ સર્વથી પુરાણા ગણાતાં કાવ્યોમાંથી મળતો નથી. પણ એ ઇશારો—ઇશારોજ માત્ર નહિ પણ તેને લગતું બયાન—અવસ્તા-

---

૧ વંદીદાદ મુજબ ઇરાનવેજ ઉપરનાં ઉંચામાં ઉંચા પહાડ ઉપર પણ એક "અરેંદી" જેટલું બર્ફનું પડ ફરી વળ્યું હતું. "અરેંદી" એટલે કેટલું તે જણાયું નથી. પણ શરેહ કરનારે જણાવ્યા મુજબ જ્યાં ઓછામા ઓછો બર્ફ પડયો હતો ત્યાં તે ૧૪ આંગળ જેટલો હતો, માટે ઉંચા પહાડો ઉપર તે એટલો જાડો (યાને ૧૪ આંગળ જેટલો) વર્સેલો હોવોજ જોઇયે. ટિળક કહે છે કે એક હાથ જેટલો જાડો બર્ફ પહાડ ઉપર તેમજ ખીણોમાં માણસ અને તમામ પ્રાણીમાત્રનો નાશ કરવાનો પુરતો છે.—"The Arctic Home in the Vedas." સફે. ૩૮૧.

માંથી (વંદીદાદમાંથી) મળે છે. એ બયાનને ટિળક માણુસાઇ યાદદાસ્તમાં સલામત રહેલી સૌથી પુરાણી દંતકથાઇ નોંધ લેખે છે.[1] વંદીદાદમાંની એ નોંધને અત્યાર સુધી આપણુ એક કલ્પિત કહાણી જેવી માનતા આવ્યા છિયે. ૧૨ માસ જેટલો લાંબો એક દિવસ હોય, અને આફતાબ, માહતાબ તથા સેતારા વર્ષમાં એકજ વખ્ત ઉગે એ આપણી અક્કલમાં ઉતરે નહિ એવી હદ-બાહેરની અતિશયોક્તિ લાગતી હતી. પણ તેમ નથી. ઉત્તર ધ્રુવ તરફ મામલો તેવોજ છે. ત્યાં છ મહિનાઓ જેટલી લાંબી રાત અને તેવોજ લાંબો દહાડો છે. ત્યાં આફતાબ અને માહતાબ એકજ વખ્તે ઉગી એકજ મરતબે અસ્ત પામે છે. ત્યાંની આબોહવા આજે વસવા લાયક નથી, પણ ૧૦ હજાર વર્ષ આગમજ તે કેવી મનપસંદ હતી તે વંદીદાદમાંનાં આગળ જણાવી ગયા છિયે તે બયાન ઉપરથી જણાય છે. ખરેખર ટિળક કહે છે તેમ પુરાતન કાળની અર્ધ-ધાર્મિક નોંધનાં ચોક્કસપણાંને વિદ્યાએ આમ ખરૂં પાડવાના આવા દાખલા બહુજ જુજ હશે.

કયાની વંશનો જમાનો.

વંદીદાદની ૧ લી અને ૨ જી પરગરદો અત્યાર સુધી એક ઉખ્યાણાં દાખલ આપણી આગળ ઉભેલી હતી તે હવે ખુલ્લી થઇ ગઇ છે. તેઓમાં કરેલું વર્ણન શી બાબતનું છે તેનો ભેદ મળી આવ્યો છે. ૨ જી ઉપરથી હવે સિદ્ધ થાય છે કે સર્વથી સરસ ઇરાનવેજની ભુમિ બર્ફની નાશકારક રેલથી ખરાબ થઇ હતી, અને ૧ લી ઉપરથી જણાય છે કે તે ખરાબી પછી અસલી આર્યો દક્ષિણે ઉતરતા ઉતરતા પંજાબમાં છેક રંધા (રસા) નદી સુધી આવીને વસ્યા હતા. ટિળક કહે છે કે તેઓ બર્ફની રેલ પછીની મુદતની શુરૂઆતમાં છેલ્લા રંધા નદીપર, આવી ઠરીઠામ થયા હતા. તે મુદત આજથી ૧૦ હજાર વર્ષ ઉપર શુરૂ થઈ હતી. ત્યારે તેઓ ૯૦૦૦ વર્ષ ઉપર અહીં આવી વસેલા હોય. એ મુદત આગમજ આપણા ઇરાની અથવા કયાની પાદશાહો અમલ ચલાવી ગયલા હોવા જોઇએ. જમશેદ પછી જહાક, ફરેદૂન અને મિનોચેહર બાદ કયાની અમલ શુરૂ થયો હતો, માટે જહાકી વંશનાં ૧૦૦૦, ફરેદુની વંશનાં ૫૦૦, મિનોચેહર અને તેના પછીના પાદશાહોનાં ૧૫૦, એમ વર્ષો ગણતાં કેકોબાદનો સમય આજથી આઠ હજાર વર્ષ ઉપર—ઇસ્વી પુર્વે ૬૦૦૦ વર્ષ ઉપર—મુકી શકાય.

વંદીદાદનો જમાનો.

વેદમાંબી જગરેલની બિના છે, પણ તે વંદીદાદ જેવી ખુલ્લી નથી. વળી તે રેલ પાણીની જણાવી છે—વંદીદાદ મુજબની બર્ફની નથી. હવે વંદીદાદ નસ્ક કયા જમાનામાં રચાયો તેની આપણી કને શહાદત નથી. ટિળક “શતપથ બ્રાહ્મણ” નામના અસલી ગ્રંથને ઇસ્વી પૂર્વે ૨૫૦૦ વર્ષ ઉપર રચાયલો ગણાવે છે[1], કે જેમાં હિંદુ શાસ્ત્ર મુજબની જગરેલની વાત છે. આ ઉપરથી ટિળક વંદીદાદનાં એજ રેલ બાબેનાં લખાણને આ પુરાણા સંસ્કૃત ગ્રંથ કરતાં પણ વધારે પુરાણું માને છે—એટલે કે આજથી ૪૫૦૦ વર્ષ કરતાં પણ તે પુરાણું હોવું જોઇએ. એજ ગણતરી ઉપરથી ગણતાં અશો જરતોસ્તના ગાથા એ કરતાં વધારે પુરાણા હોવાથી તેનો જમાનો પણ ઘણો જુનો હોવો જોઇયે. પણ એ બાબત જરતોસ્તનું બયાન કરતી વેળા આપણુ તપાસીશું.

---

૧ Arctic Home, &c. સફે ૩૮૪.

૧ Arctic Home, સ૦ ૩૮૭, ૩૮૯.

ભાગ ૨—સંસારી તથા ધર્મ સંબંધી સ્થિતિ.

ફસલ ૧ લું—પહેલા ઇરાનીઓની રાહરસમ.

[ઈરાનવેજ અવ્વલ ક્યાં હતું તે વિશે ઉપલાં પ્રકરણમાં અપાય એટલો લંબાણ ખુલાસો અનેક આધારોની મદદ લઇ આપ્યા પછી હવે તે ઇરાનવેજમાં, અને ત્યારપછી ઇરાની તાયફાઓ દક્ષિણે ઉતરીને આજનાં ઇરાનમાં દાખલ થયા ત્યાં, જે આર્ય અથવા ઇરાની લોકો મજદયસ્ની ધર્મ પાળતા હતા તેમની રાજદ્વારી, સંસારી તથા ધર્મ સંબંધી સ્થિતિનું એક ટુંક ચિત્ર આ ઠેકાણે આપવાની નેમ રાખવામાં આવી છે. આ ચિત્ર જુદે જુદે આધારે અમારા એક છેલ્લા ગ્રંથ[1]માં તે વખતે બની આવ્યું તેમ દોરવાની અમે તજવીજ કીધી હતી. પણ ત્યારબાદ મળેલી નવી શાહાદતોને આધારે આજે કાંઇ કાંઇ નવું આ ઠેકાણે ઉતારવાને બની આવે એમ છે, કેજેમાં કોઇ કોઇ ઠેકાણે અમારો આગળો અભિપ્રાય ફેરવવો યા સુધારવો પડશે. અશો જરતોસ્ત એક પેગામ્બર દાખલ ઇરાનમાં જાહેર થયા તે આગમજના મજદયસ્ની ઇરાનીઓ અથવા મજદયસ્નાનો બાબેજ મુખ્યકરીને આ ઠેકાણે આપણને બોલવું પડશે, કારણકે આ તવારીખ તેજ ઇરાનીઓને લગતી છે. વળી આ મજદયસ્નાનોના મજહબ, ધર્મ પુસ્તકો, સંસાર, ફિલસુફી, વિદ્યાજ્ઞાન અને રાજ્ય પ્રકરણ બાબે ઉપલા અમારા ગ્રંથમાં લંબાણથી વર્ણન આપેલું હોવાથી આ ઠેકાણે એ સઘળાં બાબે અમો લાંબી વિગતોમાં ઉતરીશું નહિ.]

ઇરાની પ્રજાઓના મુલ્કનો વિસ્તાર.

જમશેદ પાદશાહના વખ્તમાં બર્ફની નાશકારક રેલને લીધે સુખવાસી ઇરાનવેજની ભૂમિ છોડીને આર્ય તાયફાઓ દક્ષિણે ઉતર્યા, અને શેવટે એક એવા મુલ્કમાં આવી વસ્યા કેજે પણ પાછળથી ઇરાનવેજના નામેજ ઓળખાયો. મી૦ કુંટે મુજબ[2] આર્ય લોકોનું અસલ વતન આ નવું ઇરાનવેજ પોતેજ હતું; કારણકે આજ ૩૦ વર્ષ ઉપર એમજ મનાતું હતું. તે વેળા વંદીદાદની ૧ લી પરગરદમાં આપેલાં ૧૬ શેહરો, અથવા બરાબર બોલિયે તો આર્ય લોકોનાં સંસ્થાનોનાં નામો જોઇને યુરોપીઅન વિદ્વાનો એમ કહેતા હતા કે ઇરાનવેજની ઉત્તરે જીહુન (ઑક્સસ)[3] અને સીહુન (જકસાર્ટીસ)[3] નદીઓ, પૂર્વે પંજાબની પાંચ નહિ પણ હફ્તહિંદુની સાત નદીઓ, દક્ષિણે વગર ખેડાયલી ભૂમિ અને પશ્ચિમે તીઘ્ર, તીર અથવા ટાઇગ્રીસ નદી આવેલી હતી. આ રીતે ઇરાની પ્રજાઓના મુલ્કનો વિસ્તાર બહોળો હતો, અને એટલા વિસ્તારમાં વંદીદાદનાં ૧ લાં સિવાય બાકીનાં ૧૫ મથકોનો સમાસ થઇ જાય છે. પહેલું મથક ખુદ ઇરાન પોતે હતું, કે જ્યાં ૧૦ મહિનાની સર્દી અને બે મહિનાની ગર્મી હતી, જ્યાં આફ્તાબ, માહતાબ અને સેતારાઓ આખાં વર્ષમાં એકજ વખ્ત ઉગતા અને એકજ વખ્ત આથમતા હતા, અને જ્યાં એક આખું વર્ષ એક દહાડા જેવું ગણાતું હતું. આ કિસમની આબોહવા અને કુદરતી ગોઠવણ, ઉપર આપેલી ચતુર્દિશાવાળા મુલ્કમાં કેઠે આજે કે આગળા હજારાઓમાં, હસ્તી ભોગવતી જાહેર થઇ નથી, માટે વંદીદાદમાં જણાવેલી ઇરાનવેજની સુખવાસી

---

૧ "તારીખે શાહાને ઇરાન" (૧૮૯૬), દફતર ૧, સફે ૧૦૭–૧૫૪.

૨. The Vicissitudes of Aryan Civilization in India. (૧૮૮૦) સફે ૯૧.

૩. મી૦ કુંટે મુજબ ઑક્સસ સં૦ માં 'ઉક્ષ', જકસાર્ટીસ 'યક્ષવત', ટાઇગ્રિસ 'શીઘ્ર' તથા યુફ્રેટીસ 'સુભ્રાત્રી' છે અથવા થઇ શકે છે.—તેજ, સફે ૮૯, તથા ૯૧ની નોટ ૧.

ભૂમિ એ વિસ્તારમાં હોઇ શકેજ નહિ. તે તો આપણે પહેલા બાબમાં જોઇ ગયા તેમ ઉત્તર ધ્રુવ તરફજ કયે હોવી જોઇયે, કે જ્યાં નહિ ખમી શકાય એવી સખ્ત થંડી બર્ફની રેલ ફરી વળ્યાથી પડવા લાગી ત્યારેજ આર્ય લોકોના યિમ–યમ–જમ પાદશાહે તેમને દક્ષિણ તરફ ઉતાર્યા હતા.

ઈરાની અને હિંદુ આર્યો.

મઝ્દયસ્નાન આર્યો નવાં ઇરાનવેજમાં હિંદુ આર્યો સાથ વસતા હતા ત્યાં તેઓ વચ્ચે ધર્મ સંબંધી મતફેર પડયો. ઇરાનીઓને ઠરીઠામ જિંદગી પસંદ પડી તેથી તેઓ પોતાને માથે એક રાજા ઠરાવીને ખેતી કરવા લાગ્યા. હિંદુ આર્યોને રાજાનો અમલ ભાવ્યો નહિ માટે તેઓ વધારે આગળ વધ્યા અને પંજાબને માર્ગે હિંદુસ્તાનમાં પેઠા. ઇરાનમાં ઇરાની આર્યોને ત્યાંના અસલી રહેવાસીઓ સાથ લડાઇઓ લડવી પડી, અને જાતે બહાદુર લોકો હોવાથી તેઓએ અસલી વતનીઓને પહાડો અને જંગલોમાં નસાડયા. આ વતનીઓ ઈરાનીઓ જેવા સુધરેલા કે ધર્મ માનનારા કે લડવૈયા લોકો ન હતા. વળી દેખાવમાં પણ તેઓ તેમના જેવા ખુબ ચહેરાના ન હતા. એટલામાટે તેઓને આર્ય ઇરાનીઓએ 'દએવો' (દેવ) ને નામે ઓળખ્યા.

વરેન્ય અને માજન્ય નામના જે દેવો બાબે અવસ્તાવાણીમાં કેઠે કેઠે ઇશારા છે તે આ અસલ વતનીઓ માટેજ હોવા જોઇએ. વરેન તે આજનો ઘીલાન અને માજન્ય તે માજન્દરાન પ્રાંત છે. એ ઠેકાણેના લોકો આજે પણ ઘણા વિકાળ અને ઝનુની ગણાય છે. આ મુળ વતનીઓ ઉપરાંત મજદને માનનારા ઇરાનીઓને ઉગમણે ગંદર્વ નામના હિંદી સરહદ ઉપરના આર્યો સાથ અને આથમણે બબ્રી નામના સૅમૅટિક લોકો, જેઓ પાછળથી બૅબીલોન્યા અને ઍસીર્યાના વતનીઓ દાખલ ઓળખાઇ ગયા છે, તેઓ સાથ વારંવાર લડવું પડતું હતું. અઝીદહાક (જહાક) બબ્રી ટોળામાંનો હતો.

મજદયસ્ની ઇરાનીઓ.

મજદયસ્ની ઇરાનીઓ પહોળી છાતીના, પહોળી કમરના, ઉંચા કદના અને તિક્ષ્ણ આંખના હતા. કદે કદાવર તેમ બાંધે મજબૂત હતા. ઓરતો સારા ઘાટની, પતળી કમરની, તનદુરસ્ત આંખની અને ખુબસુરત દેખાવની હતી. આ લોકો ઘણા સાદા હતા. તેઓમાં કોઇ ભરવાડનો તો કોઇ ખેડુતનો ધંધો કરતા. જેની કને ગાય ઢોર સંખ્યામાં હોય તે માતબર ઇરાની ગણાતો. માલમતા ગાય ઢોર સિવાય બીજી કાંઇ હતીજ નહિ, અને સિક્કાનું ચલણ ન હોવાથી આપ લે પણ ગાય ઢોર મારફતે થતી. આમ હોવાથી વેપાર ધંધો ખીલેલો ન હતો. જિંદગીનો આધાર જે કાંઇ દેશમાં પાકે તે ઉપરજ હોવાથી સર્વને મહેનત કરવી પડતી, અને તેથી સર્વ મહેનતુ, ઉદ્યોગી અને કરકસર્યા હતા. ઘરબાર, પોશાક અને ખોરાક પણ સાદાંજ હતાં. તંબુ પેંડ ઉપાડી શકાય તેવાં કે પાકી બાંધણીનાં ઘરો બાંધતા. પહેલી કિસમનાં ભરવાડી જિંદગી માટે અને બીજી કિસમનાં સ્થાનિક જિંદગી માટે ઉપયોગી હતાં. ઘાસ, ઝાવલી અને લાકડાંના આ ઘરો બંધાતાં. લાકડાંના મકાનો પાકી બાંધણીનાં, હવા અને ઉજાસવાળાં, ચોક અને વાડા સાથના બંધાતાં. ઢોરોને વાડામાં રાખતા. આ ઘરો વળી ઉંચી ઉભરણીનાં, બારી બારણાવાળાં, ઓરડા ઓરડી સાથનાં દીવાલી બંધાતાં. તેઓમાં પથ્થર અને છોંય વપરાતી હતી. આ મકાનો બેઠાં અને મજલા વગરનાં હતાં. પાદશાહો માટેના મહેલો અને મોટા લશકરી કિલ્લાઓ જુદીજ ઢબના અને જુદીજ કિસમના હતા. ભટકતા લોકો ઘરબારવાળા ઉપર ધસારો લાવતા અને ઢોરઘાંક લુટી જતા, ત્યારે તેમની સાંથે લડાઇમાં ઉતરવું પડતું. આ લડાઇ વેળા મકાન અને ગાય ઢોરનો બચાવ ઘરના માટીડાજ કરી શકે એમ હોવાથી મજદયસ્નાનો શાદીના રિવાજને મોટું માન આપતા અને બેટાના ફરજંદની ભારી ખાહેશ રાખતા. શાદી કરવા લાયક કન્યાએ

નહિ પરણાવવાનો મોટો ગુનાહ ગણાતો. પરણનાર જવાન પ્રથમ નાજનીનનાં માબાપની પરવાનગી મેળવતો, પણ કેટલીક વાર કન્યા પોતાની પસંદગી પણ વાપરતી. શાદી પછી કન્યા ઘરધણિયાણી (ન્માનો–પથ્નિ) ગણાતી અને તેનો ખાવિંદ ઘરધણી ("ન્માનો–પઇતિ") કહેવાતો. અવસ્તા પ્રમાણે ધણીધણિયાણી એક સરખા દરજ્જાનાં લેખાતાં હતાં, તે ઉપરથી જણાય છે કે તે જમાનાંમાં ઇરાની ઓરત પોતાના મર્દની તાબેદાર ગુલામડી જેવી ન હતી. ડૉ૦ ગૈગર મુજબ "તે તેની ગુલામડી નહિ પણ સાથી હતી, તેના સઘળા હક જેવા તેણીના પણ હક હતા, અને ઘરખટલાનો કારોબાર તેની જોડે મળીને તેણી ચલાવતી."

શાદીના રિવાજ અને કાયદા.

ઘણા પુરાણા કાળમાં શાદી વિષે આજના જેવા અંકુશ ન હતા એવું બીજી પ્રજાઓના રિવાજો ઉપરથી માલુમ પડે છે. અવસ્તાઇ જમાનામાં અતલકના ખેશીઓ સાથ શાદી કરવાની મનાઇ હતી: અને માત્ર કાકામામાના કે ફુઇમાસીનાં છોકરાંઓ વચ્ચેજ અતલકની ખેશાવંદી થઇ શકતી હતી; પણ અવસ્તાઇ જમાના આગમચ મજ્દયસ્નાન ઇરાનીઓમાં—એટલે કે જરતોસ્તની આગમજના કયાની પાદશાહોના સમયમાં—લગ્નના કાયદા જોઇએ તેવા સખ્ત હોય એમ ધારી શકાતું નથી. એ બાબતમાં આપણને કોઇ લેખિત પુરાવા મળી શકતા નથી, કારણ કે જરતોસ્તની ગાથાવાણી આગમજનાં કોઇ મજ્દયસ્ની લખાણો આજે મોજુદ નથી. કોઇ એવી શહાદતો પણ મળતી નથી કે જેને આધારે કયાની જમાનામાં લગ્નના સંબંધમાં કેવો રિવાજ હતો તે સ્પષ્ટ કહી શકાય. પણ જો હિંદુ આર્યોના રિવાજ જેવાજ મજ્દયસ્ની ઇરાનીઓના પણ રિવાજ હોય તો બેશક એમ સાબેત થવું જોઇયે કે પેગમ્બર જરતોસ્તે ધર્મ સુધારવા જોડે ઇરાની સંસારમાં પણ મોટો અને પસંદ પડતો સુધારો દાખલ કીધો હતો. જરતોસ્ત પછીના અવસ્તાઇ જમાનાનું ચિત્ર આપતાં ગૈગર એવાં અનુમાન ઉપર આવે છે કે ગરીબ જરતોસ્તીઓ એકજ બાયડી પરણતા, પણ માતબર લોકો પોતાની દોલતનાં પ્રમાણમાં એકથી વધુ ઓરત પરણતા. અવસ્તાઇ જમાના પછીના જર્મની વગેરે દેશો ખાતેની આર્ય પ્રજાઓમાં શાહજાદાઓ અને અમીરો અનેક બાયડી પરણતા હતા, અને ઇરાની આર્યોની ભાઇબંધ પ્રજા હિંદુ આર્યોમાં પણ અનેક સ્ત્રીઓ પરણવાના પુરાવા તેમનાંજ લખાણો ઉપરથી મળે છે, ત્યારે કયાની જમાનાના ઇરાની આર્યોમાં પણ લગ્ન સંબંધી ધારો ઢીલો હોય, અને માતબર લોકો અનેક ઓરતો ધરાવતાં હોય તો તેમાં અચરત થવા જેવું કાંઇ નથી. આ સબબ ઉપરથી ગૈગરનું અનુમાન ગમે એવું આપણને તોછડું લાગે તોપણ અવસ્તાઇ જમાનામાં એકથી વધુ બાયડી પરણવાની મનાઇ ધર્મ પુસ્તકોમાંથી મળતી નથી એ તો સત્ય છે.[1]

૧. ઇરાની અને હિંદુ આર્યોથી છુટા પડી યુરોપ તરફ ગયલા આર્ય તાયફાઓ જેઓ 'ઇંડો-યુરોપીઅન' ને નામે ઓળખાય છે તેઓમાં લગ્નનો રિવાજ કેવો હતો તેની ટુંક નોંધ આ ઠેકાણે લીધેલી ઉપયોગી જણાશે. કવિ હોમરના જમાનામાં યુનાનીઓમાં એવો ધારો હતો કે કન્યાનાં માતપિતાને વરે કીમતી બક્ષેશો આપવી. કેટલીક વાર તો કન્યાના બદલામાં સારી કીમત આપવામાં આવતી. આ પરથી એમ સમજાય છે કે તે જમાનામાં અને તેની આગમજ બાયડીને અમુક રકમે વેંચાતી લેવામાં આવતી હતી. આ રિવાજ પુરાણી જર્મન અને બીજી ટ્યુટૉનિક આર્ય પ્રજાઓમાં પણ હતો. અસલી રૂમી આર્યોમાં પણ સ્ત્રીને વેચાતી લેવાનો રવૈયો હતો, અને તેઓમાં વપરાતા ચોક્કસ શબ્દોના અર્થ ઉપરથી તે સાબેત થાય છે. સાટાંથી જે શાદી થતી તે ઉંચા પ્રકારની ગણાતી, અને સાટાં વગર ગમે ત્યારે લગ્નની ગાંઠ છોડી યા તોડી નાખવાની રીતિ તેથી ઉતરતી ગણાતી. એક ત્રીજે પ્રકારતો કોઇપણ જાતનાં સાટાં કે ક્રિયા વિના બે સ્ત્રી પુરૂષ એક બીજા સાથ લાંબી મુદત સુધી વસીને ધણીધણિયાણી ગણાવાને લગતો હતો.

શાહનામા મુજબ જેહાં પેહલવાન રૂસ્તમ ગુદર્જની બેટી સાથ પરણ્યો હતો, જ્યાં પોતાની બેટી તેણે ગુદર્જના બેટા

નજદીકનાં ખેશીઓ સાથની શાદી

મજદયસ્ની ઇરાનીઓમાં નજદીકનાં ખેશીઓ વચ્ચે શાદી કરવાનો રિવાજ હોય, એ પણ બનવા જોગ છે. તેનું કારણ એ કે અનેક આર્ય તાયફાઓમાં એવો રિવાજ હતો એમ જણાય છે. આજે પારસીઓમાં પિત્રાઇઓ શાદીના ગાંઠથી જોડાય છે, અને તેવોજ રિવાજ ઇરાની આર્યોમાં પણ હશેજ. પણ અવસ્તાવાણીમાંથી "ખ્વએત્વોદથ" શબ્દ મળે છે.તે ઉપરથી તે વેળાના ઇરાનીઓમાં ભાઇ બહેન વચ્ચે શાદી થવાનો રિવાજ હશે એમ યુનાની લખનારાઓ જણાવી જાય છે. તેઓ આમ જણાવીને ચૂપ નહિ બેસતાં ઇરાનીઓનાં આ વર્તનને કલંકિત ગણે છે, પણ એજ ધારાના કલંકમાંથી તેઓ પોતે મુકત થઇ શકતા નથી. આગળા યહુદી, રૂમી, મિસરી, યુનાની અને હિંદુઓમાં આવોજ રિવાજ હતો અને તેના દાખલા તેમનાંજ લખાણો મધેથી મળે છે. ઇરાનીઓનાં પવિત્ર લખાણોમાંથી એવા

ગીવને આપી હતી. યુનાનીઓમાં એ રસમ જેનોફનના સમય સુધી ચાલુ હતી, કારણકે જ્યારે આ યુનાની સરદાર ઇરાન ઉપરની નાના કુરૂશની ચઢાઇનો અંજામ માઠો આવ્યા પછી પોતાના ૧૦ હજારમાંના બાકી રહેલા યુનાની સિપાહીઓને તેમની પડતી ખડતી હાલતમાં લઇને પોતાને વતન પાછો ફર્યો ત્યારે માર્ગમાં સ્યુથીસ નામે સરદારે તેને પોતાની બેટી શાદીમાં આપીને તેની બેટી પોતે લગ્નમાં લેવાની માંગણી કીધી હતી. યુરોપની દક્ષિણે વસતા સ્લેવોન્યન ટોળાઓમાં પણ બાયડી વેચાતી લેવાનો રિવાજ હતો, અને થોડેક દરજજે આજે પણ છે.

ખુદ હિંદુઓમાં આજેબી કન્યા વેચાતી લેવાનો રવૈયો ચાલુજ છે, અને તે "કન્યા વિક્રય" ને નામે ઓળખાય છે. આ રસમ પરાપૂર્વેથી ચાલી આવેલી ભાસે છે, કારણ કે વેદના જમાનામાં કન્યાને તેના માબાપ કનેથી વેચાતી લેવામાં આવતી હતી એમ જૉલી, જીમર વગેરે સંસ્કૃત વિદ્વાનો જણાવી જાયછે.

સ્ત્રીને કીમત યા બક્ષીશ આપી પરણવાની રીત તો તેને જોર જુલ્મથી ઉઠાવી જવાની રીત કરતાં સુધરેલી ગણાય. વધારે પુરાણા કાળમાં તો બાયડીને ઘેર લાવવાની રીત તેને ચોરી યા લુટી કે જીતી લાવવાનીજ હતી.

એવું પણ જણાય છે કે આગળા આર્યો એકજ નહિ પણ અનેક સ્ત્રી પરણતા હતા. એકથી વધારે બાયડી કરવાનો સબબ પહેલી સ્ત્રીથી બેટાનું ફરજંદ નહિ થવાનો, નવી બાયડીથી તેણીના ખેશીઓ યા ખાન્દાનીઓ સાથ મિત્રાચારી વધારવાનો, અથવા પોતાની ગાયઢોરની વધતી જતી મિલ્કત ઉપર ચાંપ અને દેખરેખ રાખનાર કોઇ અંગી ભાગ્યો ધરાવવાનો હોવો જોઇયે. આ રીતે વધુ સ્ત્રીઓ કરવાનું માતબર આસામીઓથીજ બની શકે, માટે અનેક બાયડીનો રિવાજ જેબી તાયફામાં હોય તે તેના શ્રીમંત વર્ગમાંજ હોવો જોઇયે.

શાદીના રિવાજને આજે આપણ પવિત્ર ગણિયે છિયે, અને એકજ ઓરતની રસમની હિમાયત કરિયે છિયે. પણ આ તો પાછલો સુધારો છે. એ સુધારો ન હતો તે સમયમાં તો બેટાનાં ફરજંદની એટલી બધી અભિલાષા રહેતી કે અગર એક સ્ત્રી બેટો નહિ જણતી તો તેના સંબંધમાં તેણીના ધણીની રાજી ખુશીથી તેનો પોતાનો ભાઈ યા કોઇ શૂરવિર યા કોઈ મહાપુરૂષ મુકાતો. આજની આપણી સુધરેલી નજરે તિરસ્કારવા જેવો આ રિવાજ આગળ હિંદુ આર્યોમાં, તેમજ ટયુટન અને યુનાની તાયફાઓમાં પણ હતો. આવા હિંદુ દાખલા મહાભારત વગેરે ગ્રંથોમાં નોધાયલા છે. તે જમાનાઓમાં ઓરત તેના ખાવંદની માયાપુંજી લેખાતી હતી અને તેથી તેની મરજીને આધિન થવાની તે બીચારીને ફરજ પડતી હતી.

આજે આપણ જોઇયે છિયે કે હિંદુઓમાં મર્દ અનેકવાર પરણી શકે છે પણ સ્ત્રીથી બીજી મરતબે, લગ્ન કે નાતરૂં કરી શકાતું નથી. સ્ત્રી ઉપર પરાપૂર્વથી મર્દનો ધણી તરીકેનો કાબુ ચાલતો આવવાનું આ પરિણામ છે. તે આગળા જમાનાઓમાં તો મર્દનો જુહાકી દોર એટલો બધો હતો કે મર્દ જનાકાર જણાય તો તેની સામે કશી ફરિયાદ ચાલી શકે નહિ, પણ જો તેની ઓરત તેવી માલુમ પડે તો તેણીને તેમજ તેના દોસ્તોને મારી નાખવા જેટલી પણ છુટ તે સ્ત્રીના ખાવંદને મળી હતી! પુરાણી જર્મન અને બીજી ટયુટન તથા સ્લેવોન્યન પ્રજાઓમાં આ મુજબનો રિવાજ ચાલુ હતો.

જેમ હિંદુઓમાં આજે કેટલીક સદીઓ થઇ વિધવાઓને પરણવાની મનાઇ છે તેમ અસલી યુનાનીઓ અને આથમણ તરફની જર્મન પ્રજાઓમાં કુમારિકાઓનેજ શાદીની છુટ મળતી, અને કમનસીબ વિધવા તો નવો ખાવંદ કરી શકતીજ નહિ. કહે છે કે રિગવેદના જમાનામાં પુત્ર વિનાની વિધવા પોતાના ધણીના ભાઇની ઓરત દાખલ વર્ત્તતી હતી.

ઉપર આપેલા દાખલાઓ મુજબનો કોઇ રિવાજ મજદયસ્નાન ઇરાનીઓમાં હોય એમ જણાતું નથી; તોપણ તે જમાનામાં એકથી વધુ બાયડી પરણવાનો અમીરો, શાહાજાદાઓ, પાદશાહો કે માતબર આસામીઓમાં શિરસ્તો હોય એ બનવાજોગ છે. અબી યશ્ત મધેનો એક ઇશારો આ અનુમાનના ટેકામાં લેવામાં આવે છે. (જુઓ એ યશ્તનો ફકરો ૧૦.)

દાખલા મળતા નથી. તોપણ અગર તેઓમાં એવો રિવાજ હતો એમ સિધ્ધ થાય તો તેથી આંજે કોઇએ શરમાવા જેવું કાંઇજ નથી. જે જમાનની આપણુ વાત કરિયે છિયે તે જમાનાના એક રિવાજને આજની સુધરેલી સ્થિતિને નરસું લગાડનારો ગણીને ભુસારી નાખવાની તજવીજ કરવી જોઇતી નથી. જો તેમ કરવામાં આવે તો તે પુરાતન જમાનાની ખરી રાહરસમ ઉપર ઢાંકણું વાળેલું ગણાય અને ખરી તવારીખ છુપાવેલી લેખાય.

મષી મષ્યાહનું જોડું.

પેહલવી લખાણોમાં જણાવ્યા મુજબ માષ્ય (મષી) અને માષ્યોઇ (મષ્યાહ) ભાઇ બહેન હતાં, અને તેમના સંબંધથી વસ્તી વધી હતી.[1] યમ અને યમીને માટે પણ કહે છે કે તેઓ ભાઇ બહેન છતાં તેમનું જોડું બનેલું હતું.[2] આ

---

૧. બુન્દેહેશ પ્ર૦ ૧૫, ફ૦ ૬. તેમાં જણાવ્યા પ્રમાણે હોરમજદે તેમને કહ્યું કે 'તમો ઇનસાન છો, દુનિયાના તમો નિયાગાન છો, ભક્તિભાવમાં મેં તમને સંપુર્ણ પેદા કીધાં છે. દીનનાં કર્મ દિલોજાનથી કરજો. ભલા વિચાર વિચારજો, ભલા સખુન બોલજો, ભલાં કામ કરજો. દેવ દેવીઓને પુજતાં ના.' એજ પ્રકરણમાં આગળ ચાલતાં જણાવ્યું છે કે મષીમષ્યાને શરૂઆતમાં હોરમજદ તરફ દિલગીરી બતાવી, પણ પછી તેમનું મન બિગડયું અને ખરાબ વિચાર પેવસ થયા, અને તેથી તેમનાં રવાનને ખમવું પડયું. તેમને કેટલીક મુદત સુધી ખોરાકી પોશાકી મળી નહિ. પછી તેઓ દુધપર રહ્યાં, ત્યારબાદ આતશ રોશન કરતાં શિખ્યાં અને તે ઉપર ગોશ્ત પકાવી ખાવા લાગ્યાં. પ્રથમ મેંઢાનાં ચામડાં અને ત્યારબાદ કપડાં વણી પહેરવા લાગ્યાં. પછી જમીનમાં ખાડા ખોદી તેમાંથી લોઢું કહાડયું અને તેને પથર વડે ટીપી ટીપીને ધારદાર બનાવ્યું, અને તે વડે ઝાડ કાપી મકાન બાંધ્યું. પછી તેઓ વચ્ચે કજિયો બરપા થયો. પચાશ શિયાળા (વર્ષ) સુધી તેમને કશાં ફરજંદ થયાં નહિ. તેઓ એકબીજા સાથે ભાઈ બહેન તરીકે રહેતા હતાં. પણ હવે તેમનો વંશ વેળો વધ્યો. પહેલી વાર એક બેટા અને એક બેટીનાં જોડકાંની વૃધ્ધિ થઇ; અને પછી એવાં જોડકાં સાત મરતબે તવલુદ થયાં, અને એ દરેક જોડકું એકેકનું ભાઇ બહેન છતાં પતિ પત્નિ તરીકે વસવા લાગ્યું. પચાશ વર્ષમાં આ સાતે જોડકાં નરનારીઓમાંથી ધણીએક વસ્તીવાડી વધવા પછી એકશો વર્ષ બાદ મષી અને મષ્યાન મરણ પામ્યાં. ઉપલાં સાત જોડકાંમાંનું એક સિયામક (નર) અને નશાક (નારી) નામનું હતું. એ જોડકાંમાંથી ફ્રવાક અને ફ્રવાકઇત નામનાં બેટા બેટીનું જોડકું ઉત્પન્ન થયું. આ છેલ્લાંમાંથી બીજાં ૧૫ જોડકાં પેદા થયાં. આ દરેક જોડકાંમાંથી એકેકો કબીલો ઉત્પન્ન થયો, અને એ રીતે દુનિયામાં માણસજાતની વસ્તીનો વધારો થતો ચાલ્યો. એવા છ કબીલા ખનિરથ બામી નામનાં અસલ વતનમાં રહ્યા, અને બાકીના બીજા છ કેશ્વર યાને મુલકમાં વિખરાયા.

આ વિખરાયલા છ ટોળા અથવા તાયફાઓમાંના એકના માબાપનું નામ તાજ અને તાજક હતું, તેઓ તાજીકાન (અરબસ્તાન)નાં મેદાન તરફ જઈ વસ્યાં. બીજા કબીલાના માત પિતાનું નામ હોશંગ અને ગુજક હતું, જેઓમાંથી ઐરાનકાન (ઇરાનીઓ)નો ટોળો ઉત્પન્ન થયો. બીજાં એક જોડકાંમાંથી માજન્દરાનીઓનો ટોળો નિકળ્યો. બીજા ટોળાઓ સુરાક અથવા સુરીક (= સુગ્ધ, સોગ્દિયાના, યાને જીહુનની ઉગમણનો મુલક) તરફ. અનીર (=અન્ઐર્ય=અનાર્ય= અનાડીઃ કેસ્પીઅન સમુદ્રની ઉગમણના ઇરાનીઓથી જુદા મુલક) તુરાન (=તુર્કસ્તાન) તરફ, સેલમના મુલક અરૂમ (= અવ૦ સઇરિમ યાને એશિયા માઇનર) તરફ, સીની (=અવ૦ સાઈની) યાને ચીનીસ્તાન (કે જે કદાચ આજનાં સમરકંદનો મુલક હોય તે) તરફ, દાહી અને સીંદ (હિંદુસ્તાનના વાવ્ય ખુણા તરફનો બલખ સુધીનો મુલક) તરફ, જઈ વસ્યા. એ રીતે મૂળ પુરૂષ ગયોમર્દથી ગણતાં પચીશ તાયફાઓ ચો તરફ ફરી વળ્યા.

આ રીતે બુન્દેહેશ મુજબ પ્રથમ માણસજાતની ઉત્પત્તિ ભાઈ બહેનનાં જોડકાંમાંથી પેદા થઈ હતી.—પ્ર૦ ૧૫.

૨. બુન્દેહેશ, પ્ર૦ ૩૧, ફ૦ ૪. અહીં જણાવે છે કે યિમ અને તેની બહેન યિમક એક જોડકાં રૂપે જન્મ પામ્યાં હતાં. તેઓથી એક જોડકું પેદા થયું, તેમાં બેટાનું નામ મીરક આસ્પિયાન અને બેટીનું ઝીયાનક જર્દાહિમ હતું. આ બે પણ વર વહુ બની સાથે વસ્યાં હતાં, અને એ રીતે તેમનો વંશ વેળો આગળ વધ્યો હતો.

બુન્દેહેશે ટાંકેલી આ બાબત ઋગ્વેદમાંના એક ચોક્કસ ફકરા (મંડળ ૧૦, શ્લોક ૧૭, ૧૦) ને આધારે હોવી જોઇયે. આ શ્લોકની સૌયણ નામના વેદનો ખુલાસો આપનાર વિદ્વાને આપેલી સમજણ મુજબ યમ રાજા અને તેનીબહેન યમીના સમય સુધી ભાઇ બહેનો એક બીજા જોડે શાદીની ગાંઠથી જોડાતાં હતાં. પણ મી૦ મહાદેવ મો. કુંટેએ એજ શ્લોકના કરેલા નવીન તરજુમા મુજબ યમી (બહેન) એ યમ (ભાઇ) જોડે શાદી કરવા ચાહ્યું ત્યારે યમએ તેને ઉત્તર દીધો કે "તે આગળો સમય કે જ્યારે બહેનો પોતાને ઘટારત નહિ એવું કર્મ કરતી હતી, તે સમય જો (તારી માગણી સ્વિકારવાને) હું કબુલ થાઉં તો પાછો ચાલુ થાય. માટે કોઇ બીજા ધણીને તારો ભર્તાર કર, અને હે ભલી બાઇ, મારે બદલે કોઇ બીજાને તારો પતિ પસંદ કર." મી૦ કુંટે ઉમેરે છે કે આગળ એવા જમાના થઇ ગયા છે કે જ્યારે નજદીકનાં ખેશીઓ પોતાને નહિ

બિના આજના સુધરેલા સંસારની નજરે નહિ પણ તે બહુ પુરાણા જમાનાની રીતે જોઇશું તો એમાં કશી નવાઇ જણાશે નહિ. વળી તે જમાનામાં જોડાં અવતરવાની વાતો પણ અચરત થવા જોવી નથી, કારણ કે પેહલવી ગ્રંથો મુજબ મશ્રા અને મશ્રાયાઓ (મષી મષ્યાન) જનમ્યાં ત્યારે એકબીજા સાથ કમ્મરેથી એવી રીતે જોડાયલાં હતાં કે આ બેમાંથી નર કયો અને નારી કઇ તે પિછાની શકાયું ન હતું.[1]

પણ આ બધું કયાની જમાનામાં ન હતું. કયાની પાદશાહત વેળા ૪૦ વર્ષે બાળકોની વૃદ્ધિ થાય, નર માદા બાળકો એકબીજા સાથ જોડાયલાં જન્મે, એવું ન હતું; અસલી ધારા મુજબ ભાઇ બહેન યા નજદીકનાં ખેશીઓ વચ્ચે શાદીનો રિવાજ પણ કદાચ ન હશે. તોપણ લગ્નનો ધારો જેવો આજે મજબૂત છે, તેવો તે વખ્તે તો નહિજ હોય. એટલેકે મર્દ અનેક ઓરતોને પરણતો હોય, અને શાદીની ગાંઠ વિના વર વહુનું જોડું બનતું હોય, એ નહિજ બને એમ નથી. જરતોસ્ત પેગામ્બરની આગમજ કયાનીઓના આ રિવાજની બાબતમાં આ ચાલ હોય યા નહિ હોય તે ખાતરી ભરેલી રીતે કહી શકાય એમ નથી.

રાચરચીલું, ઘરેણું.

કયાની જમાનાના ઇરાનીઓમાં લગ્ન સંબંધી સ્થિતિ કેવી હતી તે અવસ્તાવાણી ઉપરથી સ્પષ્ટ જણાતું નથી. અબિસ્વંગ યસ્ત ઉપરથી ઇરાની આર્યોની ઘરસંસારી જિંદગીનું કંઇક ઝાંખું ચિત્ર આપણા જોવામાં આવે છે. તેમાં[2] જણાવ્યા પ્રમાણે તે જમાનાનાં ઘરો સારી રીતે શણગારેલાં તથા તેઓમાં બેઠકો બિછાવેલી હતી. તે સમયમાં ખુરસી અને કોચ જેવાં સ્થાનો જોડે ગાદી તકિયાથી બેઠકો આરાસ્તા કરવામાં આવતી હોય એમ જણાય છે. ઉગમણુ તરફના દેશોમાં પ્રથમથીજ ગાદી તકિયાની બેઠકો ઉપર પગ વાળીને બેસવાનો રિવાજ હતો, અને આજે પણ હિંદુસ્તાનમાં મારવાડ, પંજાબ વગેરે પ્રાંતોમાં એ રિવાજ ચાલુ છે. પણ વળી ઉપલી યસ્તમાં "સોનું જડેલા પઇયા" વાળી બેઠકોના ઇશારા મળે છે[2] તે ઉપરથી જણાય છે કે પૈયાવાળી બેઠકો પણ તે ઇરાનીઓમાં જાણીતી હશેજ. અગરજો પૈડાંના રથો યાને લડાઇની કે સવારીની ગાડીઓ તેઓમાં જાણીતી હોય તો પછી પૈયા સાથની બેઠકોથી તેઓ અજાણ્યા હોય નહિ.

તે જમાનામાં ઇરાની સ્ત્રીઓ હાથમાં પહોંચી પહેરતી, કાનમાં ચાર ખુણાવાળી ઝુલતી બાલી અથવા ઇયરરિંગ પહેરતી, તથા ગળાંમાં સોનાની માળા પહેરતી હતી.[3]

આ ઓરતો ખુબસુરત દેખાવની હતી.[4] તેઓ સીધાં કદની તથા સુંદર ચેહરાની હતી, અને સુશોભિત પોશાક પહેરતી હતી. તેઓ પગમાં જોડા પહેરતી, અને માથાં ઉપર ચકચકિત સોનેરી તાજ જેવો પહેરવેશ પહેરતી.[5]

મટે એવો સંબંધ એક બીજા જોડે રાખતાં હતાં.—Vicissitudes &c. સફે ૧૦૫ તથા નોટ ૧.

૧. બુન્દેહેશ, પ્ર૦ ૧૪, ફ૦ ૩. વંદીદાદની પહેલી બે પરગરદો પુરાણી ગણાય છે, તેમાંની બીજીમાં (ફ૦ ૪૧) જણાવ્યા પ્રમાણે અસલ ઇરાનવેજમાં ૪૦ શિયાળા યાને વર્ષ પછી વર વહુના સંયોગથી બે બાળકોની વૃદ્ધિ થતી હતી, અને ગોસ્પંદોના સંબંધમાં પણ તેમજ બનતું હતું. અહીં બે બાળક તે જોડ બચ્ચાંજ નહિ પણ એક બીજા સાથે વળગેલાં જોડિયાં સમજવાં, એટલે કે પાછલાં પેહલવી લખાણોમાં છે તેમ નર માદા એક બીજા જોડે કમરમાંથી વળગીને જન્મ લેતાં હતાં. આમ ઝાડપાનોમાં આજેબી બને છે, અને કેટલાક નાના જીવડાઓના સંબંધમાં હજુ એમજ બને છે. એટલે કે નરમાદા ફુલો એકજ ઝાડ ઉપર ઉગે છે, અને નરમાદા જીવડાઓ એકેક સાથ વળગીને જીવે છે. આવા કુદરતી બનાવની જીવતી સાબેતીઓ જોઇને વિદ્વાનોએ તેમને 'હર્માફ્રોડાઇટ' (hermaphrodite) યાને "ઉભય લિંગી" એવું નામ આપેલું છે. માણુસજાતની હસ્તીની શુરૂઆતમાં નર અને નારી એક બીજા સાથ જોડાયલાં જન્મ પામતાં હોય, અને પાછળથી તેઓ એક બીજાથી સ્વતંત્ર જનમવા લાગ્યાં હોય એવો કુદરતનો ચમત્કાર કલ્પી શકાય છે.

૨–૨ અબિ યશ્ત, ફ૦ ૯ ૩ તેજ, ફ૦ ૧૦
૪ આવાં યશ્ત, ફ૦ ૧૪ ૫ તેજ ફ૦ ૧૨૩

વળી તેઓ બદન ઉપરનાં સર્વ વસ્ત્ર જોડે સોનેરી ઝલો[1] યા પુષ્કળ ભરત સાથનું ખુશ-નોમા અંગંવસ્ત્ર પણ પહેરતી.[2] વળી તેઓ કમરબંદ બાંધતી[3] જેમ આજે જાતજાતના પ્રાણીઓની નરમ ચામડીના પોશાકો બનાવવામાં આવે છે, તેમ તે વેળા ઘણા શોભઇતા અને સરસ રંગના બીવર નામે ચોપગું જાનવર કેજે એકદમ ચાર બચ્ચાંને જન્મ આપે છે તેની ચામડીનાં બનાવેલાં કપડાં પહેરાતાં હતાં. આ જાનવર પાણીમાં વસે છે, અને જ્યારે તેનું ચામડું ઉતારવામાં આવે છે ત્યારે તે ઘણુંજ શોભઇતું તથા સોના રૂપાંની પેઠે ચળકતું હોય છે.[4] વળી બીજાં ઉંચી બનાવટના કીમતી લેબાસો દેશાવરો ખાતેથી પણ ઇરાનમાં આવતા હતા.[5]

ઇરાની જવાન બાનુઓની સ્તુતિમાં વળી એમ પણ જણાવવામાં આવ્યું છે કે તેઓ ખુબસુરત તનની અને પતળી કમ્મરની હતી. તથા તેમના હાથનાં આંગળાં લાંબાં હતાં. આ કુમારિકાઓ વળી પગમાં પોલ્લાં પહેરતી હતી.[6]

લડાઇનાં અસ્ત્રશસ્ત્ર.

કયાની જમાનાના ઇરાનીઓ જાતજાતનાં લડાઇના હથિયારો વાપરતા હશે એમ જણાય છે. સઉથી પહેલાં તીર કમાન છે, જે પછી ભાલા, ગુર્જ, ઢાલ તલવાર, ગોફણ, આંકડા વગેરે જણાય છે. વળી છુટે હાથે પથરા ફેંકવામાં આવતા હોય એમ પણ જણાય છે. તલવાર જેમ એક ધારની તેમ બે ધારની પણ વપરાતી. પાદશાહ જેવાં પુરૂષો બાજ પક્ષીનાં યા ગીધનાં પિછાંવાળા તીર વાપરતા. ગાય બળદનાં આંતરડાંની તાંતની જેહ સાથનાં કામઠાં બનાવવામાં આવતાં અને તેમાંથી તીરો છુટતા. આ તીરોનો હાથો શિંગડાંનો અને તેમના કાપલા લોખંડના બનાવતા. પાદશાહ જેવા નામદારોના તીરના કાપલા સોનાના બનતા. ઇરાનીઓને માટે પુરાતન જમાનાથીજ કહેવાતું આવ્યું છે કે તેઓ તીર છોડવામાં ઘણાજ કુશળ હતા. તેમનો તીર એટલા જોશથી છુટતો કે તે બહુ દૂર સુધી જવા પામતો હતો. શાહનામામાં એવું જણાવેલું છે કે તુરાની પાદશાહ અફ્રાસિયાબ સાથ કયાની શાહ મિનોચેહરને એક વાર ઇરાન અને તુરાનની સરહદ સંબંધી વાંધો ઉઠયો ત્યારે એવું ઠરાવવામાં આવ્યું કે એરેખ્ષ નામના ઇરાની તીરંદાજનો તીર ઉડેલો જ્યાં જઈ પડે ત્યાં સુધીની ઇરાનની ઉત્તર ભણીની હદ ગણાય. આ તીર છેક જીહુન નદીની પેલે પાર જઇ પડયો હતો, અને ત્યાં સુધીની ઇરાની હદ ગણાતી આવી હતી. એ બાબેનો અસલ ઇશારો ખુદ અવસ્તાવાણીમાંથી પણ મળે છે.[7]

જેહાં પહેલવાન રૂસ્તમના ગુર્જનાં પરાક્રમો વિશે પાછળા સફાઓમાં ઘણું વાંચવામાં આવશે. આ ગુર્જ બાબે અવસ્તાવાણીમાંથી પણ વર્ણન મળે છે, જ્યાં તેને 'વજ્ર' ને નામે ઓળખાવ્યો છે, કેજે ઉપરથી અક્ષરો ફેરબદલ થઇને ફાર્સી 'ગુર્જ' શબ્દ બન્યો છે. મેહર ઇજદનાં બયાનમાં તેના ગુર્જને માટે એવું વર્ણન મળે છે કે તે શોભઇતો, ભારી, એકશો ડીચકાંવાળો, એકશો ધારનો, જોરથી લાગે એવો, માણસને ઠાર કરનાર, પિત્તળનો ઓટેલો, સોનેરી ઢોળ ચઢાવેલો, હથિયારોમાં ઘણોજ મજબૂત, ઘણોજ ફત્તેહમંદ અને જોરેમંદ હતો.

વળી આ સઘળાં હથિયારોમાં પોલાદનું બે ધારવાળું ચક્ર બનાવવામાં આવતું હતું, જે અવસ્તામાં 'ચક્રુ' ને નામે ઓળખાયું છે. પુરાતન જમાનાની ઘણી આર્ય પ્રજાઓ એ ચક્ર વાપરતી હતી. આ ચક્ર ઘુમાવી ઘુમાવીને ફેંકવામાં આવતું, અને જેને માથામાં લાગે તેનો જાન તે

૧ આવાં યશ્ત, ફ૦ ૧૨૬   ૨ તેજ, ફ૦ ૧૨૭
૩ તેજ, ફ૦ ૧૨૯.   ૪ તેજ, ફ૦ ૧૨૯.
૫ અષિ યશ્ત, ફ૦ ૧૪.
૬ તેજ, ફ૦ ૧૧.

૭ તીર યશ્ત, ફ૦ ૬. ૮ મેહેર યશ્ત, ફ૦ ૧૨૮ થી ૧૩૨

લેતું હતું. લોઢાંના સોટાઓ અથવા ગદા પણ લડાઇનાં હથિયાર દાખલ જણાયલા હતા.[1]

ક્યાની ઇરાનીઓની લડાઇમાં ઘોડા અને ઉંટ ઉપયોગી જાનવરો હતાં. ઘોડાને તેઓ નાળ જડતા, અને એ રીતે પહાડી જમીન ઉપર ચાલવામાં યા પહાડો ચઢવામાં આ નાળથી તે બહાદુર જાનવરોને બહુ મદદ થતી.

લડાઇના રથો પણ તેઓમાં જાણીતા હતા.

લડાઇના પોશાકમાં કોલાહ અને બખ્તર વિશે આપણને ઇશારા મળે છે.

ફસલ ૨—પેશદાદ જમાનાના મહાપુરૂષો.

પેશદાદ પાદશાહોની વંશાવળિ.

ઉપર આપણે સહેજ જોઇ ગયા છિયે કે મૂળ પુરૂષ ગયોમર્દથી મષી મષ્યાનનું જોડું ઉત્પન્ન થયું હતું, અને એ જોડાંથી "હફતકેસ્વર જમીન" ને નામે ઓળખાયલી દુનિયાની વસ્તી વધી હતી. આપણી આ તવારીખમાં આપણ માત્ર કયાની પાદશાહોનુંજ વર્ણન કરનાર છિયે, માટે તેઓની આગમજ થઇ ગયલા પેશદાદ ટોળાના પાદશાહો વિશે અહિં ઝાઝું લખવામાં કે વાંચવામાં આવશે નહિ. હવે આ પેશદાદ પાદશાહોનો મૂળ પુરૂષ હોશંગ નામનો હતો, અને તે મષીમષ્યાનની ઓલાદનો હતો, માટે તેની વંશાવળી પેહલવી ગ્રંથોને આધારે નીચે ઉતારી લીધી છે:—

ગયોમર્દ
|
માષ્ય
|
સિયામક
|
ફ્રવાક
|
હોશ્યંગ (હોશંગ)

હોસ્યંગ
|
યંઘદ
|
વિવંઘાઉ
|
- **તખ્મોરૂપ** (તેહમુરસ)
- **યિમ** (જમશેદ)
  |
  મીરક [આસ્પિયાન]
  |
  વન્ફ્રઘેશ્ન
  |
  રમક-તોરા [આસ્પિયાન]
  |
  ગેફ્રર-તોરા „
  |
  સ્પેત-તોરા „
  |
  સિયાક-તોરા „
  |
  બોર-તોરા „
  |
  સોક-તોરા „
  |
  પૂર-તોરા „
  |
- સ્પીતુર
- નર્સિહ
  |
  [ચીનોનો રસ્નુ]

---

૧ મેહર યશ્ત, ફ૦ ૧૨૮થી૧૩૨.

ફ્રેદૂન (આસ્પિયન) (ફરીદૂન) | બર્માયૂન | કતાયૂન

સલ્મ | તુજ (તુર) | **ઐરીચ** (ઇરજ)

વાનીદાર | અનસ્તોખ | ગુજક (બેટી)

[બેટી]

[દશ પહેડી[1]]

માનુશ ખુર્શેદ–વીનીક

[માનુશ ખુર્નાક]

માનુશ ખુર્નેર

મીનૂશ ચીહર (મિનોચેહર)

ફ્રશિ | **નોતર** (નોદર) | દુરાસ્રોબ

જહાકની વંશાવળિ.

યિમ અથવા જમશેદને મારી ઇરાનનું તખ્ત હાથ કરનાર પરદેશી પાદશાહ દહાક (જહાકની વંશાવળી બુન્દેહેશમાં આ પ્રમાણેની આપી છે:—

સિયાકમક

ફ્રવાક

તાજ

વિરફશંગ

જાઇનીગાવ

પ્રતારપ

દહાક

૧ આ દશ પહેડીનાં નામ મળતાં નથી, પણ બુન્દેહેશ (બાબ ૩૧) માં આ સઘળી ટીપ ઉતારી લીધી છે તેમાં ફ્રેદૂનના બેટા ઇરજની બેટી ગૂજકથી તે માનૂશ ખુર્શેદ વીનીક સુધીમાં નીચલાં નવાં નામો ફ્૦ ૧૪ મામાં આવેલા જણાય છે :—

અફ્રાસિયાબની વંશાવળિ.

આપણી આ તવારીખમાં અફ્રાસિયાબ નામના તૂરાની પાદશાહ સાથ આપણને ઘણું કામ છે, માટે તેની વંશાવળી બુન્દેહેશ (બાબ ૩૧, ફ૦ ૧૪–૧૫) મુજબ નીચે પ્રમાણેની છે. તૂરાનીઓ ફ્રેદૂનના બેટા તૂર (તૂજ)થી ઉતરેલા હતાઃ—

- **ફ્રેદૂન**
  - તૂજ
    - દૂરેશરપ
      - રપએન્યરપ
        - તરેક
          - જએસ્મ (જાદશમ)
            - વીસક (વેસે)
              - પીરાન
              - હૂમાન
              - શાન
              - [બીજા ઘણા]
            - પશંગ
              - **ફ્રાસીયાવ**
                - ફ્રરપ–એ–ચૂર
                - શાન
                - શેતક (શાદેહ)
                - વિરપાન-ફ્રિયા (બેટી) (ફ્રરંગીજ)
                  - કઇ-ખુસ્રોબ **(કય ખુસરો.)**
              - કર્સેવજ
              - અઘ્રેરત
                - ગોપતશાહ

તેમનાં બંદગી માટેનાં મથકો.

ઉપર જણાવેલા પેશદાદ પાદશાહોએ કયાં રાજ્ય કીધું હશે તે નક્કીપણે જણાતું નથી. ફિર્દુસી તૂસી પોતાનાં શાહનામામાં આ પાદશાહોનું પાયતખ્ત આજના ઇરાન દેશના પાર્સ શેહરને જણાવી જાય છે, પણ તે કબૂલ રખાય એમ નથી; કારણ કે અવસ્તાવાણીના વંદીદાદ તથા યસ્તોવાળાં ભણતર મુજબ જમશેદ ઇરાન-વેજમાં, તથા બીજા પાદશાહો નીચે મુજબનાં શેહરોમાં પરસ્તેશ કરતા જણાય છેઃ—

હોશંગ=અલ્બોર્જ પહાડની ઊંચ-તએર.
તેહમુરસ=
જમશેદ=હુકર પહાડ.
ફ્રેદૂન=ઘીલાન.

દૂનૂન–ઐરીજ–મૂજ,ક (બેટી)–ફ્રમૂજ.ક—.જૂશક–બીતક–ફ્રીતક–ઐરક–માનૂશ ખૂર્નાક–માનૂશ ખૂર્નર–માનૂશ ચીહર. એ રીતે મીનોચેહર શાહ ફરેદૂનની નબીરીથી દશમી પહેડીએ ઉતરેલો જણાય છે.

મીનોચેહરના બાપાવા માનૂશ ખુર્શેદ વીનીકના સંબંધમાં બુન્દેહેશ જણાવે છે (બાબ ૩૧, ફ૦ ૧૨) કે તે પોતાની બહેન સાથે પરણ્યો હતો.

હોમ (પહેલવાન)=અરૂઓર્જ પહાડ.
કએખુસરો=ચયચેસ્ત સરોવર.
જરતોસ્ત=વેહદાઈતી નદીવાળુ ઈરાનવેજ.
ગુસ્તાસ્પ=વેહદાઇતી નદી.
કેરશાસ્પ (પહેલવાન)=પિશીન સરોવર; રંઘાનદી.
કાઉસ=એરેજિફ્ય પહાડ.
ગુસ્તેહમ બિન નોદર=નીત ધુહઇતિ નદી.
ગોસ્ત ફ્રિયાન=રંઘા નદી.

શાહ જમશેદ.

જે થોડાક પુરાતન નામીચા પાદશાહોનું બયાન અવસ્તાવાણીમાંથી મળે છે તેઓ મધેનો એક જમશેદ છે. આ વર્ણન કાંઇ ઘણું લાંબું નથી, તોપણ જેટલું જમશેદનું વર્ણન આ પવિત્ર વાણીમાંથી મળી આવે છે તેટલું બીજા એક પણ શાહનું મળતું નથી—ખુદ ગુસ્તાસ્પશાહનું પણ નહિ. જમશેદનું નામ ગાથામાંથી મળે છે. જમશેદનું બયાન વંદીદાદની બીજી પરગરદમાં આવેલું છે. જમશેદના ઇશારા યશ્તોમાંથી મળે છે, અને જમશેદનાં રાજ્યની ફતેહ તથા તેનાં ખોરહેની બિના જમ્યાદ યશ્તમાં આવેલી છે.

ગાથા—અહુનવદ ગાથા (ઇજશને હા ૩૨, ફકરો ૮) માં જમશેદ બાબે જે ઇશારો છે તેને જમ્યાદ યશ્ત મધેનાં જમશેદનું ખોરેહ યાને નૂર યાને પાદશાહી અમલ બંધ પડવાને લગતાં બયાન સાથ સંબંધ છે, માટે તે ઇશારા વિશે આગળ ચાલતાં ઘટતી જગાએ આપણુ બોલીશું.

વંદીદાદ—વંદીદાદની બીજી પરગરદમાં જરતોસ્ત અને અહુરમજદ વચ્ચે વાતચીત થાય છે, જેમાં જરતોસ્તના પુછવાથી તેને જવાબ મળે છે કે હોરમજદી મજહબનો ફેલાવો કરવા માટે હોરમજદે જરતોસ્તની આગમજ, જરતોસ્ત સિવાય, જે માણસ સાથે વાતચીત કીધી હતી તે યિમક્ષયત યાને જમશેદ હતો. હોરમજદે તેને પોતાના ધર્મનો ફેલાવો કરવા કહ્યું ત્યારે જમશેદે તે માટે પોતાની કમશક્તિ બતલાવી. આ ઉપરથી હોરમજદે તેને ઇરાનવેજનો વિસ્તાર વધારવા ફરમાવ્યું, કે જે કામ કરવાનું જમશેદે કબૂલ રાખતાં અર્જ કીધી કે મારા આ મુલ્કોમાં થંડો પવન કે ગરમ પવન, ધુમસ કે મોત હોવાં નહિ જોઇયે. આ અર્જ બહાલ રહી, અને જમશેદે ત્રણ મરતબે ઇરાનવેજનો વિસ્તાર વધાર્યો. આ કામમાં ૯૦૦ શિયાળા પુરા થયા—યાને જમશેદે ૯૦૦ વર્ષ સુધી અમલ ચલાવ્યો—જે પછી હોરમજદ અને અમશાસ્પંદો, તથા જમશેદ અને તેના પ્રધાનો વચ્ચે મુલાકાત થઇ. આ વેળા હોરમજદે બર્ફની મોટી રેલથી જાનદાર પેદાયશનો નાશ થવાની જમશેદને ખબર આપી અને થોડીક ચુનંદી પેદાયશનાં રક્ષણને માટે એક નવું સંસ્થાન વસાવવા ફરમાવ્યું.

યશ્તો—જમશેદના અમલમાં જે સૌથી મોટું અને ભલું કામ થયું તે એ કે ઇરાનવેજની પ્રજા મોત અને માંદગીથી મુકત થઈ, પાણી અને ઝાડપાન ટીપણી અને દુકાળથી મુકત થયાં, અને ખોરાકી નહિ ખૂટે એટલી વધી પડી. જમશેદનાં રાજ્યમાં બાપ અને દીકરો ૧૬ વર્ષના જવાન હોય એવા લાગતા.

જમશેદને મળેલાં ખોરેહ યાને પાદશાહી નૂરને લીધે દેવો યાને બદ માણસો, દીન દુશ્મનો, જાદુગરો અને જુલ્મગારો તેના તાબામાં રહેતા. તેઓ કનેથી દોલત, ફાયદો, આબાદી, જિયાદતી, તૃપ્તિ, કીર્ત્તિ, એ સઘળું જમશેદે જીતી લીધું. તેનાં રાજ્યમાં ખાનપાનની વસ્તુઓ અખૂટ હતી; પશુઓ અને માણસો અમર હતાં; પાણી અને ઝાડપાન સદા તાજાં રહેતાં.

આ સઘળાંથી જમશેદના મનમાં ગરૂરીએ ઘેર કીધું. મગરૂરીના બહારમાં તેણે ઠગાઇ કરવા માંડી. તે એક જુઠો અને નારાસ્ત સખુન ઓચર્યો, અને તેનાં પરિણામે તેનો અમલ

આખર થયો અને તે જાનથી ગયો. આ બનાવ આગમજ તેનાં રાજ્યમાં અતિશય થંડી કે ગર્મી, બુઢાપો કે મોત, અદેખાઇ કે કીનો કપટ, ન હતાં. આ સઘળાંથી તે ફુલી ગયો, તેણે (ખુદાઈ દાવો કરવા જેવો) જુઠો સખુન બાહેર કહાડયો, અને પેલું ખોરેહ તેની આગળથી પક્ષીના આકારમાં ઉડી ગયું. અથી તે સૌથી ચઢતા દરજ્જાનો અને રૈયતોની પાસ્બાની કરનાર પાદશાહ દિલગીર થઇ ધ્રુજવા લાગ્યો, અને પોતાના દુશ્મન જહાકની ચઢાઇની ખબર સાંભળીને ગભરાટમાં પડયો, અને માર્યો ગયો.

હવે આ મગરૂરીનાં તોહમતના સંબંધમાં ગાથાવાણીનો ફકરો અગત્યનો છે. ત્યાં જણાવ્યા પ્રમાણે જરતોસ્ત, જમશેદની સઘળી સેવાઓ અને સઘળા ભલા ગુણો છતાં, તેને પાપી માણસો મધેના એક લેખે ઓળખાવે છે. ગાથામાં જમશેદ બાબેનો ઇશારો આ મતલબનો છે:—"આ પાપી માણસોમાંનો એક વીંઘાંમનો બેટો જમશેદ જણાયલો છે, જેણે મનમાં મગન થઇને અભિમાની ભરેલા સખુનનાં કુવતથી આપણા માણસોનું દિલ દુખવ્યું હતું."[1]

ફરીદૂન.

આ પાદશાહનું વર્ણન અવસ્તામાંથી બહુ ટુંક મળે છે. પેહેલવી પુસ્તકો ઉપરથી જણાય છે કે જમશેદ અને ફરીદૂન વચ્ચે ૧૦ પહેડી જેટલો અંતર હતો. વંદીદાદમાં 'થ્રએતઓન (ફરીદૂન) વિશે કશું નથી, ફકત એટલુંજ કે હોરમજદે પેદા કીધેલાં સૌથી સરસ ૧૬ મથકો મધેનાં ૧૪ માં વરેન (ઘીલાન) માં ફરીદૂન પેદા થયો હતો, જેણે અઝીદહાકનો નાશ કીધો હતો. ઇજશને (હા ૯) મુજબ હોમને આરાધવાથી અને હોમનો રસ પીવાથી અથ્વ્ય (આથ્બીન) ને જે બક્ષીશ મળી હતી તે ફરીદૂન જેવા બેટાની હતી, જેણે દહાક નામના સર્પને માર્યો હતો. યસ્તો મુજબ ફરીદૂને જુલ્મગાર જહાકને મારવા માટે અર્દિસૂર અનાહિત, મિથ્ર અને ગોશ ઇજદો કનેથી બક્ષીશ માગી હતી. કે જે તેને મળી હતી. જમ્યાદ યસ્ત મુજબ ઇરાનના જે જે નામીચા શાહોને આકાશી ખોરેહ મળ્યું હતું તેઓ મધેનો એક ફરીદૂન પણ હતો, જેને પ્રતાપે તે મહત્વનાં કામો કરવાને શકિતવાન થયો હતો.

ફરીદૂન ઘણો પુરાણો શાહ જણાય છે. વંદીદાદ જેવાં પુરાણાં ભણતરમાંજ તેનું નામ જણાયું છે એમ નથી, પણ તે કરતાં વધારે પુરાણા વેદ જેવાં ભણતરમાંથી પણ તેનું કંઇક બયાન મળે છે. ત્યાં ત્રેતન નામે એક શૂરવિરનું નામ મળે છે, જેણે એક રાક્ષસનું મસ્તક છેદી નાખ્યું હતું. વેદમાં આ રાક્ષસનું નામ જણાવ્યું નથી, પણ ત્રૈતનના બાપનું જે નામ (અપ્ત્ય) આપ્યું છે તે ફરીદૂનના બાપનાં નામ (અથ્વ્ય) સાથે બરાબર મળે છે. આ 'અપ્ત્ય' કે 'અથ્વ્ય' કાંઇ ત્રૈતન કે થ્રએતઓનના બાપનું નામ નથી, પણ તેના વંશનું નામ છે.

થ્રીત.

આ એક પ્રખ્યાત વૈદરાજ થઇ ગયો છે. તે સામ ખાન્દાનનો હતો. હોમને આરાધવા તથા તેનો રસ પીવાના બદલામાં તેને બે ચુનંદા બેટાઓની નવાજેશ થઇ હતી, જેઓ મધેનો એક ઉર્વાક્ષય અને બીજો કેરેસાસ્પને નામે પ્રખ્યાત થઇ ગયા છે. થ્રીત વંદીદાદ (પરગ. ૨૦–૨૨) મુજબ પહેલવહેલો નામીચો વૈદ હતો, જેણે રોગોથી પિડાતી માણસજાતમાં દુખો ટાળ્યાં હતાં. આ થ્રીત અને શાહ થ્રએતઓન એકેકથી જુદા હોવા છતાં પાછલા લખનારાઓએ તેમને એકેક સાથ ભેળી દીધા છે. થ્રીત સામ તોખમનો હતો, અને તેનાંજ ખાન્દાનમાં શાહનામાંએ મશહુર કરેલો જેહાંપહેલવાન રૂસ્તમ પેદા થયો હતો.[1]

---

૧ ઇજશને, હા ૩૨. ફ૦ ૮.

૧ બુનદેહેશ (પ્ર. ૩૧, ફ. ૨૭) મુજબ અથત (=થ્રીત) ફરીદૂનની ઓલાદનો હતો, કેમકે તે ફરીદૂનના બેટા તુજના

આ થ્રીત પણ ઘણો પુરાણો પુરૂષ જણાય છે, કેમકે રિગ વેદમાંથી તેનું નામ મળે છે. ત્યાં તે 'ત્રીત'ને નામે એક વૈદરાજ દાખલ ઓળખાયો છે. "અથર્વ વેદ"માં લખ્યું છે કે જેમ દેવતાઓએ મેહરબાન થઇને ત્રીતના દિલમાંથી બીમારીને દૂર કીધી હતી તેમ ત્રીત પોતે માનવી જાતની બીમારી દૂર કરતો હતો, જેથી માણસની જિંદગી લંબાતી હતી. જેમ અવસ્તાનો થ્રીત તેમજ વેદનો ત્રીત પણ સામ વંશનો હતો, જે બિનાં સિદ્ધ કરે છે કે આ બન્ને એકજ પુરૂષ હતા, 'સામ'નો અર્થ 'શાંત પાડનાર' થાય છે, અને એક વૈદ્ય દાખલ તે લાગુ પડતું નામ છે. રિગવેદમાં ત્રીતને ઋષિ ગણેલો છે, અને કેટલાંક કિર્તન તેની ખુબીમાં જોડેલાં છે. થ્રીત બાબે અવસ્તામાં તેવું કશું જણાતું નથી, કારણકે અવસ્તામાં માણસ જાતમાંના અશો જરતોસ્ત જેવાને માટે પણ ખાસ બણતર બનાવેલાં હોતાં નથી. પણ વેદમાં ત્રીત એક માનવી છતાં એક દેવતા જેવો જણાય છે.

કેરશાસ્પ.

ત્રીતના બે બેટાઓ મધે આ નાનો બેટો હતો. વડો બેટો હોમ યસ્ત (ફ. ૧૦) મુજબ પોતાના જમાનામાં એક પ્રખ્યાત ન્યાયાધિશ થઇ ગયો હતો, પણ નાનો બેટો કેરશાસ્પ એક શૂરવીર દાખલ પંકાઇ ગયો છે. ઉપલીજ સત્તા મુજબ કેરશાસ્પ પેચદાર, લાંબા વાળ ધરાવતો હતો, અને હાથમાં ગુર્જ લઇ જવાન વયથીજ બહાદુરીના કામો બજાવતો હતો. તેણે સૂઅર નામે એક અઝદહાને માર્યો હતો, જે માણસો અને ઘોડાઓને ગળી જતો હતો, જે પીળા રંગનો અને જેહરી હતો, અને જેનાં શરીર ઉપરથી પીળા રંગનું પુષ્કળ જેહર વહેતું હતું. આ રાક્ષી સર્પની પિઠ ઉપર કેરશાસ્પે મધ્ય બપોરે એક વાસણમાં ખાણું પકાવ્યું હતું અને જ્યારે આતશની ગર્મી તેની ચામડીને લાગી ત્યારેજ તે દૈત્ય સુસવાટા સાથ ઉઠી ઉભો થયો; ખળખળતું પાણી ઘોળાઇ ગયું, અને કેરશાસ્પ પોતે ગભરાઇને નાસી ગયો.

હોમ યસ્ત કરતાં જમ્યાદ યસ્તમાં કેરશાસ્પનું વર્ણન વધારે વિગત સાથ આપેલું છે. ત્યાં (ફ. ૩૮, ૪૩) જણાવ્યા પ્રમાણે જ્યારે જમશેદ પાદશાહનું આકાશી ખોરેહ બીજી વાર તેને છોડી જતું રહ્યું ત્યારે બહાદુર કેરશાસ્પે તેને સંગ્રહી લીધું. આ પહેલવાનને માટે ત્યાં જણાવ્યું છે કે તે મરદાનગીનાં કુવતમાં અને જોરાવર માણસોમાં અશો જરતોસ્તથીજ ઉતરતો હતો. આ તેની જોરેમંદીને લીધે એ પહેલવાન "નરીમાન કેરશાસ્પ"ને નામે ઓળખાયો છે, જે ઉપરથી પહેલવી અને ફારસી લખાણોમાં "નરીમાન" કોઈ બીજાજ ધણીનું—કેરશાસ્પના બેટાનું નામ હોય—તેમ જણાવવામાં આવ્યું છે. પણ તે ભૂલ છે. અવસ્તાઈ શબ્દ "નઇરે મનાઓ કૅરૅસાસ્પો"નો અર્થ "નરીમાન કેરશાસ્પ" નહિ પણ "નર યાને પહેલવાનના જેવી છાતીનો—દૃઢ મનનો કેરસાસ્પ" એવો થાય છે, અને એ વિશેષ ગુણ કેરશાસ્પ ધરાવતો હતો એવું અવસ્તાનાં લખાણ ઉપરથી જણાય છે, માટે "નઇર્ય મન" તે કોઈ માણસનું વિશેષ નામ નથી, પણ કેરશાસ્પને માટેનું વિશેષણાર્થક નામ છે. વળી એજ જગા ઉપર (ફ૦ ૩૮ તથા ૩૯) કેરશાસ્પનાજ સંબંધમાં "નઇરે હામ-વરેતિશ" જેવો શબ્દ આવે છે, કેજે કોઇ જુદા પુરૂષને માટે નહિજ પણ ખુદ કેરશાસ્પને માટેજ વપરાયલો છે, જેનો અર્થ "મર્દાન્ગીવાળો બચાવ અથવા ટેકો" એવો

બેટા દુરોશસ્પના બેટા સ્પઍનિયસ્પના બેટા તૂરકના બેટા સાહુમનો બેટો હતો. શાહનામા મુજબ અત્રત (થ્રીત) જમશેદની ઓલાદનો હતો, અને તે તે શાહના બેટા તૂરના બેટા શીદસ્પના બેટા તૂરગના બેટા શામનો બેટો હતો. શાહનામાની વંશાવળી ભૂલ ભરેલી છે, પણ બુન્દેહશ મુજબ જો થ્રીત ફરીદુન પછી આતમી પહેડીએ હોય તો કેરશાસ્પનો જમાનો એથી પણ વધારે પાછલો જણાય.

થાય છે. કેરશારપ પોતે આવો "બચાવ અથવા ટેકો" હતો, એમ આ ઉપરથી સમજવાનું છે. આ વિશેષણાર્થક નામ કેરશારપને લાગુ પાડેલું છે, અને તેમ કરતાં જણાવ્યું છે કે જ્યારે ખુદાઇ ખોરેહ જમશેદ કનેથી ઉડી ગયું ત્યારે નઇર્ય હામ્ વરેતિ (=કેરશારપ) તેની પુઠે દોડયો યાને તે પોતે મેળવવાની તલબ કીધી. તે પોતે ખડે પગે ઉભું રહેવાની શક્તિ ધરાવનો હતો, ઉંઘ વગરનો યાને જાગૃત અને પોતાનાં કામ ઉપર ઓરતવાર હતો (ફ૦ ૩૯).

આવા એક બહાદુરે બીજાં સહાસ કર્મો શાં શાં કર્યાં છે તે જમ્યાદ યસ્તમાં આગળ ચાલતાં આ મુજબનાં જણાવેલાં છે: જેમકે—

(૧) કેરશારપે ગન્દરેવ નામના એક નાશકારક દૈવ યાને બદ માણસને મારી નાખ્યો, કેજે સોનેરી એડીવાળો હતો, અને અશોઇના મુલુકનો નાશ કરવા મોં ઉઘાડું રાખીને ચો તરફ ધસારો કરતો હતો. રામયશ્ત (ફ૦ ૨૮) મુજબ આ દૈત્ય પાણીમાં યાને દરિયામાં વસતો હતો (કોઇ દરિયાઇ ચાંચિયો હશે?), અને ઉંડા ગારનો એકલો ધણી હતો. (આ ગાર તે કોઇ ટાપુ હશે?)

(૨) પથન નામનો એક જોરેમંદ વાટ-પાડો હતો તેની નવ ઓલાદનો તેમજ નિવિક અને દાસ્તઘ્ન નામના દુશ્મનોની ઓલાદોનો નાશ કીધો હતો.

(૩) હિતારપ નામનો એક દુશ્મન, જેણે કેરશારપના ભાઇ ઉર્વાક્ષને મારી નાખ્યો હતો, અને જે સોનેરી તાજ ધરાવનારો હતો, તેને માર્યો હતો, અને રામયસ્ત મુજબ (ફ૦ ૨૮) તેને પોતાના લડાઇના રથ સાથે ઘસડી લઇ ગયો હતો. તેમજ દાનયનાં ખાન્દાનના વરેષવ નામના દેવો અથવા દૈત્યોને, તથા પિતઓન નામે સરદાર કે જેની ખિદમતમાં પુષ્કળ પરીઓ રહેતી હતી તેનો સંહાર કીધો હતો. આ પરીઓ મધેની એક, જેનું નામ ખ્નાથઇતિ જણાવેલું છે, તેણે કેરશારપને પોતાની ખુબ-સુરતીથી લલ ચાવ્યો હતો.

(૪) અરેજોષમન નામના રાક્ષસને તેણે ઠાર કીધો, જેની ઓળખાણમાં જણાવ્યું છે (ફ૦ ૪૨) કે તે મર્દાન્ગી ભરેલી હિમતવાળો, જોરેમંદ, દગારો, પાછો નહિ હટનારો, ફતેહની પુર ખાતરી સાથ યુદ્ધમાં ઉતરનારો હતો.

(૫) વળી તેણે સ્નાવિદક નામના દૈત્યને પણ મારી નાખ્યો, જે પોતાનાં નખ વડે હરીફોનો જાન લેતો હતો, અને જેના હાથ પથર જેવા સખ્ત હતા. આ બદ માણસ કોઇ મોટો નાસ્તિક જણાય છે, કારણકે તે પોતાના લોકો આગળ એવી બડાઇ મારતો હતો કે હાલ હું માત્ર એક બચ્ચું છું; હજુ પુરતી ઉમરે પહોંચેલો નથી; પણ જયારે હું ઉમરે પુગીશ ત્યારે, અગરજો નરીમાન (યાને દલેર હિમતનો) કેરશારપ મને મારી નહિ નાખે તો, આસમાનને ગાડી બનાવીશ અને જમીનને તેનું પૈડું બનાવીશ (યાને મારી મરજી મુજબ એ બન્નેને ચલાવીશ), તથા સપેનામિનોને રોશન ગરોથમાન બહેસ્તમાંથી નીચે ઉતારીશ, અને ગનામિનોને દોજખમાંથી ઉપર ખેંચી લાવીશ, અને એ બન્ને પાસે મારી આસ્માની ગાડી ઘસડાવીશ. પણ તેની આ ઉમેદ બર આવી નહિ. (નરીમાન) કેરશારપે તેને મારી નાખીને તેની જિંદગીનો છેડો આણ્યો અને તેની હસ્તીનો નાશ કીધો. (ફ૦૪૩–૪૪)

કેરશારપે જે સૂઅર અઝદહાને માર્યો હતો તેનું નામ વેદમાંથી સર્વર અથવા સબ્બર એવું મળે છે. કૅરેસારપને મળતુંજ નામ વેદમાંથી કૃસશ્વ મળે છે. આ ઉપરથી જણાય છે કે આ નામનો શૂરવિર બહુ પુરાણો હતો, અને જ્યારે ઇરાની આર્યો અને વેદિક આર્યો ઇરાનવેજમાં ભેગા વસતા હતા ત્યારે ઉપલાં બહાદુરી ભરેલાં કામો એક મહા વિરપુરૂષે બજાવ્યાં હતાં, કેજે

વેદ કરતાં અવસ્તામાં વધારે સારી રીતે જળવાઇ રહ્યાં છે. સૂર્વર સાપને ઇંદ્ર દેવતાએ માર્યો હતો. આવાજ એક દૈત્યનું નામ યુનાની દંતકથામાંથી પણ મળે છે. ત્યાં તે કર્બેરૉસ (Kerberos) ને નામે ઓળખાયો છે. સૂવર, સર્વર, કર્બર અથવા સર્બર, એ સઘળાં નામો મૂળમાં એકજ છે. ઇરાની અને વેદિક લખાણોમાં જે જિયાંગીર સર્પને નામે લેખાયો છે તે યુનાની કથામાં કુતરા તરીકે ઓળખાયો છે. કહે છે કે આ કુતરો અનેક માથાં ધરાવતો હતો, અને તેને હૅરાક્લીસ પહેલવાને માર્યો હતો.

જિયાંગાર જહાક

ફરીદૂને ખુદાઇ ખુરેહની બરકતથી જે જિયાંગાર દુશ્મનને માર્યો તેનું નામ અઝી-દહાક (યાને દહાક નામનો સર્પ) હતું. આ નામ ઉપરથી પાછળથી દરેક નાશકારક સર્પને અઝ-દહા કહેવામાં આવે છે. અઝીદહાક અથવા દહાક નામના સર્પ (અઝી) ને માટે પહેલો ઇશારો વંદીદાદમાંથી મળે છે, જ્યાં જણાવ્યા પ્રમાણે તેને મારવા માટેજ ફરીદૂન પેદા થયો હતો. હોમ યસ્ત (ફ૦ ૭) મુજબ અઝીદહાક ત્રણ મોઢાં, ત્રણ માથાં, છ આંખ, અને એક હજાર તદબીરવાળો દૈત્ય હતો. તેનું બળ અતિ જબરૂ હતું, આર્ય સંસ્થાનોનો તે નાશ કરનાર હતો, અશોઇની દુનિયાના નાશને માટેજ ગનામિનોએ તેને પેદા કીધો હતો. આવાં યસ્ત મુજબ જેમ ઇરાની શાહો અર્દ્વિસૂરની આરાધણા કરી પોતાની મુરાદ મેળવતા તેમ અઝીદહાકે પણ દુનિયાનો નાશ કરવાની મુરાદ ચાહી હતી, જે તેને મળી ન હતી (ફ૦ ૩૧). અહીં જણાવ્યા મુજબ જહાક બબ્રિ યાને બાબુલ (બૅબીલન) શેહરનો હતો, જ્યાં તેણે શો ઘોડા, હજાર બળદ અને દશ હજાર નાનાં ગોસ્પંદોનો ભોગ આપીને અર્દ્વિસૂરને આરાધી હતી. જહાકે બાબુલમાં પોતાનું પાયતખ્ત કરેલું હોય એમ આ ઉપરથી જણાય છે, અને તે ઉપરથી ધારવામાં આવેછે કે તે એક પરદેશી પાદશાહ હતો અને તેણે ઇરાન ઉપર ચઢાઈ લાવીને જમશેદનાં રાજ્યની સમાપ્તિ આણી હતી. તેણે એક હજાર વર્ષ રાજ્ય કર્યું હતું એમ કહેવામાં આવે છે તેની સમજણ એ કે તેના સૅમિટિક વંશના અમલ તળે એટલી લાંબી મુદત સુધી ઇરાનનું રાજ્ય રહ્યું હતું, જે પછી ફરીદૂને તે પાછું આર્ય વંશના કબજામાં લીધું હતું. વળી રામ યસ્ત (ફ૦ ૧૯) મુજબ જહાકે બબ્રુલ ખાતેના પોતાના "ક્વિરિન્ત દુઝિત" નામના મહેલમાં એ ઇજદને આરાધીને હફતકેશ્વર જમીનનો નાશ કરવાની મુરાદ ચાહી હતી, જે તેને મળી ન હતી. આ "ક્વિરિન્ત દુઝિત" ઉપરથી પાછળથી ફાર્સીમાં "કુલંગ દીસ" થયલું દિસે છે, કારણકે હમ્ઝા ઇસ્ફહાનીના જણાવ્યા પ્રમાણે જહાક કેજે બાબુલમાં રહેતો હતો, તેણે ત્યાં બગલાના આકારનો એક મહેલ બાંધ્યો હતો, જે ઉપરથી તે "કુલંગ દીસ"ને નામે ઓળખાતો હતો, પણ ત્યાંના રહેવાસીઓ તેને "દીસ હત" કહેતા હતા, કે જે નામ અવસ્તાના "દુઝિત" ઉપરથી બનેલું છે. એ નામને ફિર્દૂસી "દઝૂખ્ત" લખી ગયો છે. અવસ્તાઇ શબ્દ "દુઝિત"નો અર્થ "કોઇથી દાખલ નહિ થઇ શકાય" એવો કરવામાં આવે છે. આ એક કિલ્લારૂપી મહેલ હોવો જોઇયે, જે ઉંચા પહાડ ઉપર બાંધેલો હશે, જ્યાં શત્રુથી દાખલ થઇ શકાતું નહિ હશે.

ફસલ ૩—કયાની જમાનાના મહાપુરૂષો.

પાદશાહો અને ઇજદોનાં એકમળતાં નામો.

એવું જણાય છે કે અશો જરતોસ્તની આગમજ જે, જે પેશદાદ તથા કયાની પાદશાહો થઇ ગયા હતા, તેઓ વેદિક અને ઇરાની આર્યો એકબીજા સાથે ભેગા વસતા હતા તે વેળાના પાદશાહ હતા. આ સઘળા પાદશાહોનાં નામો

અવસ્તાવાણીમાંથી મળી આવે છે, પણ વેદિક લખાણોમાંથી તેવા થોડાજ પાદશાહોનાં નામો મળે છે. જેમકે—

	અવસ્તા	વેદ
ગયોમર્દ	ગયો મરેથ્ન	ગયઃ
જમશેદ	યિમ	યમ
ફરીદૂન	થ્રએતઓન	ત્રૈતન
કેઓકાઉસ	કવ ઉસ	કાવ્ય ઉષન
કએખુસરો	કવી હુસ્રવંઘ્	કવિ સુસ્રવસ
કેરશાસ્પ	કેરેસાસ્પ	કૃસશ્વ
અથ્રત	થ્રીત	ત્રીત
	કેરેસાનુ	કૃશાનુ

વેદિક આર્યોમાં બીજા પાદશાહોનાં નામો પણ જાણીતાં હોવાં જોઇયે, પણ અસલ વતનમાંથી છુટા પડયા પછી રિગવેદનાં મંડળો લખાયાં હતાં માટે તે વેળા ઘણાં નામો ભુલી જવાયાં હશે.

જેમ આ પાદશાહો વગેરેનાં નામો તેમજ ઇજદો અને દેવતાઓનાં નામો પણ બન્ને આર્ય ટોળાઓમાં એકમળતાં હતાં. જેમકે—

	અવસ્તા.	વેદ.
ખુર	હ્વૈર્	સૂર
મેહર	મિથ્ર	મિત્ર
બેહરામ	વેરેથ્રઘ્ન	વૃત્રહન્
હોશબામ	ઉષ	ઉષા
	એર્યમન	અર્યમન
હોમ	હઓમ	સોમ
ગોવાદ	વયુ	વાયુ
સ્પંદારમદ	અર્મઇતિ	અર્મતિ

ધર્મક્રિયાઓ.

એજ રીતે ઇરાની અને વેદિક આર્યોની ક્રિયાઓ પણ એકમળતી હતી, અને એ સઘળાં પરથી વાજબી શક ખેંચી શકાય તેમ તેઓની ભાષા પણ એકમળતી હતી. મૂળમાં તો આર્ય ભાષા વપરાતી હોવી જોઇયે, પણ બન્ને તાયફા છુટા પડયા પછી તેઓ જે વેદિક અને અવસ્તાઇ ભાષા વાપરવા લાગ્યા તે પણ કેવળ એકમળતી હતી. આ બાબત એટલી બધી સારી પેઠે જણાયલી છે, તથા અમારા આગળા ગ્રંથોમાં એ સર્વ બાબતોમાં અમે પુરતું જણાવેલું છે, માટે અહીં તેજ બિના પાછી લખવાની જરૂર જોતા નથી. પણ બન્ને ટોળાઓ વચ્ચેની ક્રિયાઓના સંબંધમાં કાંઇક વધુ હકીકત અત્રે ટપકાવવી જોઇયે, કેજે વિશે આગળ અમે ટુંકમાંજ જણાવેલું હતું. ક્રિયાના સંબંધમાં બન્ને ટોળાઓ વચ્ચે જે મળતાપણું છે તે નીચલાં નામોની સરખામણી ઉપરથી જોવામાં આવશેઃ—

પાજંદ	અવસ્તાઇ	વેદિક
હેર(મજદ)	અહુર	અસુર
જોતી	જઓતા	હોતા
	ઇસ્તિ	ઇષ્ટિ
	આજુઇતિ	આહુતિ
રાથ્વી	રથ્વ્ય	ઋત્વિજ
આતશ	આતર્શ	હુતાષ
આદર	આથ્ર	અથર
ઇજશ્ને	યસ્ન	યજ્ઞ
જોર	જઓથ્ર	હોત્
બર્સમ	બેરેસ્મન્	બર્હિસ્
આફ્રીનગાન	આફ્રિતિ—આફ્રીન	આપ્રિ
માથ્રવાણી	માંથ્ર	મંત્ર
અથોરનાન	આથ્રવન્	અથર્વન્
ઇજદ	યજત	યજત

જુદા પાડવાના સબબો.

જેમ આ નામો એક બીજાને મળે છે તેમ એ નામોને લગતાં ક્રિયાકામો અને તે ક્રિયા કરનારા ધર્મગુરૂઓ પણ મળતાં આવતાં જણાય છે. આ સઘળું છતાં પાછળથી વેદિક અને ઇરાની આર્યો વચ્ચે કજિયો બરપા થયોઃ ઇરાનીઓએ ઠરીઠામ જિંદગી પસંદ કીધી, છાકટપણાંના બહારમાં કરવામાં આવતી લુટફાટ

ધિક્કારી કહાડી, સંખ્યાબંધ દેવતાઓને માનવાનું પડતું નાખ્યું, અને પોતાને અહુરનો ધર્મ પાળનારા જાહેર કીધા.

આ વાત વેદિક આર્યોને ગમી નહિ. તેઓ દક્ષિણે વધારે આગળ વધતા ચાલ્યા. સોમનો રસ પી છાકટા બનવાનું, લટફાંટ કરવાનું, અને ઇરાની આર્યોનાં ઘરબાર તથા ખેતરોપર દરોડા પાડવાનું ચાલુ રાખ્યું. આથી ઇરાનીઓએ તેમની દેવપરસ્તીને લીધે તેમને "દેવ" ને નામે ઓળખ્યા, અને તમામ અવસ્તાવાણીમાં વેદિક આર્યોને એજ નામે ઓળખાવેલા જોવામાં આવે છે. અશો જરતોસ્તના રચેલા ગાથામાં પણ તેઓને "દએવ" તરીકે ઓળખાવ્યા છે.

બીજા હાથ પર વેદિક આર્યોએ પોતાના ઉપલા ભાઇબંધોને હવે પોતાના શત્રુ ગણ્યા અને તેમને "અસુર"ને નામે ઓળખ્યા. જોકે વેદમાં અગ્નિ, વરૂણ, મિત્ર વગેરે દેવતાઓ "અસુર" (જીવતા—પવિત્ર—આકાશી)ને નામે ઓળખાયલા છે, તોપણ પાછલથી એ નામ ઇરાની આર્યોને આપવામાં આવ્યું. પુરાણો વગેરેમાં ઇરાનીઓ એજ નામે ઓળખાયા છે. વધારે પાછલા વખતમાં 'અસુર'થી ઉલટો 'સુર' શબ્દ બનાવી કહાડીને સુર અસુર વચ્ચેની અનેક લડાઇઓની વાતો જણાવવામાં આવી છે.

આ બન્ને તાયફાઓ વચ્ચેની આ દુસ્મનીના સબબ અનેક હતા. સોમનો દારૂ પી છાકટા થવું, લુટફાંટ કરવી, પ્રાણીઓના ભોગ આપવા વગેરે ઇરાની આર્યોને પસંદ આવ્યું નહી. જોકે અવસ્તાવાણીમાંથી પાદશાહ પેહલવાનોએ આવા આપવાના ઘણા દાખલા મળે છે, તોપણ એ કામ ક્યાની જમાનાના ઇરાનીઓએ નાપસંદ કીધું. તેઓ ગોસ્ત ખાવાની વિરૂધ ન હતા, પણ ઇજદો આવા ભોગથી સંતોખાયછે અને તે ભોગમાં ભાગ લે છે, અને આતશ ઉપર તે, ભોગની સર્વથી સરસ ચીજોનું બળિદાન આપ્યાથી દેવતાઓ તે મારફતે તૃપ્ત થાય છે, એમ માનવાની તેઓએ ના પાડી. ભોગની વસ્તુ આતશ ઉપર નાખવાને બદલે તે તેને દેખાડીને પછી ઇરાની ધર્મ ગુરૂઓ વગેરે ગંભીરપણે તેની ચાશની કરતા હતા એવું જણાય છે, આ કામ વેદિક આર્યોને પસંદ આવ્યું નહિ અને બન્ને વચ્ચે માંહોમાંહેની લડાઇઓ ચાલુ થઇ. આ લડાઇનું એક બીજું કારણ એ હતું કે પ્રથમ જ્યારે બન્ને ભરવાડી હાલતમાં ભેગા વસતા હતા ત્યારે મરનારની લાશને જંગલી જાનવરો અને પક્ષીઓને ખાવા માટે છોડી જવામાં આવતી હતી, તથા તે વેળા બહુ અતલકનાં ખેશીઓ વચ્ચે લગ્ન થતાં હતાં. આ બન્ને રિવાજો વેદિક આર્યોને પાછળથી પસંદ આવ્યા નહિ, પણ ઇરાનીઓએ તે ચાલુ રાખ્યા, જેથી તેઓ વચ્ચે દુસ્મનીનાં બી રોપાયાં.[1]

કવી યાને ધર્મગુરૂ વર્ગ.

આ બન્ને તાયફા છુટા પડયા ત્યારે ઇરાની આર્યો પોતાના એક સરદાર અથવા પાદશાહને તાબે હોવા જોઇએ. જરતોસ્તે પોતાની દીન જાહેર કીધી તે આગમજ બન્ને ટોળાઓ વચ્ચે ઝગડો ચાલુ થઇ ઘણો આગળ વધ્યો હતો. ક્યાની ઇરાનીઓ અહુરને માનવા લાગ્યા, દરીહામ થયા, ખેતી કરવા લાગ્યા, અને ભટકતી મારફાડની જિંદગી ગુજારવા કરતાં આ ઉદ્યોગી જિંદગી તેમને વધારે માફક આવી. આથી તેમને ઘણી ફુરસદ મળી, અને લડાઇ નહિ હોય ત્યારે તેઓ આસાયશમાં રહેવા લાગ્યા. તેઓના સરદાર અથવા પાદશાહ ધર્મગુરૂ વર્ગનાજ થતા. તેઓ કાવ્ય અથવા કવિને નામે ઓળખાતા. ધર્મ જાણનાર કવિતા પણ બનાવી જાણતા, અને કવિતા મારફતે તેઓ ધર્મનાં ફરમાનો રચતા. લોકો પોતાને ફુરસદ મળતી ત્યારે આ કવિઓનાં કાવ્યો સાંભળતાં, મનન કરતાં અને તે પ્રમાણે ચાલતાં. લોકો કરતાં કવિઓ બધી રીતે બાહોશ અને ચપળ હોવાથી લોકોને તેઓ

[1] જુઓ, Vicissitudes &c., સફે ૧૦૪, તથા નોટ ૧.

જેમ દોરવતા તેમ તેઓ દોરવાતાં. આ રીતે ધર્મ ગુરૂ વર્ગનો વગવસીલો અને સત્તા વધી પડયાં. ધર્મ ગુરૂ ધર્મનો અને રાજ્યનો વડો થાય તેમાં આખા વર્ગનો લાભ સમાએલો હોવાથી આખો વર્ગ તેને માન આપતો અને લોકો પાસે અપાવતો. લોકો પરના પોતાના મોટા કાબુને લીધે તેઓ આમ સહેલથી કરી શકતા, અને એ રીતે શુરૂઆતનાં રાજપાટની સ્થાપના થતી. આમ હોવાથીજ કયાની તખ્તના સઘળા પાદશાહો જેમ રાજ્યના તેમજ ધર્મના વડા હતા. એ વંશનો સ્થાપક કએકોબાદ અવસ્તામાં 'કવિ કવાત' ને નામે ઓળખાયો છે. કવાત (કોબાદ) તેનું નામ હતું, પણ તે જાતે ધર્મ ગુરૂ વર્ગનો હોવાથી તે કાવ્ય (કવિ) તરીકે ઓળખાયો. એજ રીતે તેના પછીના પાદશાહો છેક જરતોસ્તના મુરબ્બી વીસ્તાસ્પ (ગુસ્તાસ્પ) સુધી કવિ (કએ) તરીકે ઓળખાઇ ગયા છે. ગુસ્તાસ્પ પોતે પણ ધર્મગુરૂ વર્ગનો, વડો ધર્મગુરૂ, કવિતા રચનાર કવિ, અને પાદશાહ પોતે હતો. એવા એક ધર્મ અને રાજ્યના મોટા સરદારને પોતાના મજહબનું મહત્વ બતાવીને જરતોસ્તે તેની મદદ મેળવી હતી. આખો કયાની વંશ એ રીતે ત્યારે કવિ યાને ધર્મગુરૂ વર્ગનો હતો. તે વખ્તનાજ નહિ પણ ત્યાર પછીના જમાનાઓમાં ખાલ્દીઅન અને એસીર્યન જેવી સૅમૅટિક પ્રજાઓમાં પણ પાદશાહો જેમ રાજ્યના તેમજ ધર્મના વડા રક્ષક હતા. એવો દીન અને દુનિયા (રાજ્ય) નો પાદશાહ કવિ વીસ્તાસ્પ (કએ ગુસ્તાસ્પ) છેલ્લોજ હતો—કેમકે તેના સમય પછી કોઇ પણ ઇરાની પાદશાહનું નામ અવસ્તામાં જણાતું નથી. એ પાદશાહે જરતોસ્તના સુધારાના ધર્મને[1] ઉત્તેજન આપવાથી દેવયસ્ન વેદિક આર્યો સાથ મજદયસ્ન ઇરાનીઓને છેલ્લી મોટી લડાઇ ચાલી.

૧ ઘૂંટે ઇરાની આર્યો અને જરતોસ્તને સુધારાવાળા નહિ ગણતાં વેદિક આર્યોને એ નામ આપે છે. સરે ૯૦, ૯૪ તથા ૧૦૮.

તે બેશક ધર્મ સંબંધી લડાઇ હતી. એ લડાઇમાં પરાજય થયા પછી વેદિક આર્યોનો છેલ્લો ટોળો દક્ષિણે હિંદુસ્તાન ભણી ઉતરી પડયો અને પોતાની આગમજ ત્યાં જઈ વસેલા આર્યોને હડસેલી પોતે તેમની જગા ઉપર ઠરીઠામ થયો.

પાદશાહો તરફના ભોગની ક્રિયા.

જ્યારે આ બન્ને તાયફા ભેગા વસતા હતા ત્યારે તેઓમાં જે અનેક દેવતાઓ અથવા ઇજદોની આરાધના સામાન્ય હતી તેઓમાં મુખ્ય મિથ્ર (મિત્ર) આતર (આથર), હઓમ (સોમ) વૅરેથ્રઘ્ન (ઇંદ્ર), તિસ્ત્રય (ત્વષ્ટ્રિ) વગેરે હતા. આ ઇરાની ઇજદોની ખુબીમાં જે યશ્તો બનાવવામાં આવી છે તેઓમાંથી કયાની જમાનાના ઇરાનીઓમાં ધર્મસંબંધી ક્રિયાને લગતા કેવા રિવાજો હતા તેની આપણને સમજ પડે છે. એ રિવાજોનું વેદિક, યુનાની અને રૂમી આર્યોનાં પુરાણાં લખાણો ઉપરથી જે જ્ઞાન થાય છે,[1] તે આપણા ઇરાની

૧ ઇરાની રિવાજો જોડે વેદિક આર્યોના ભોગ આપતી વેળાના એવાજ રિવાજોની સરખામણી કરવાને બની આવવા માટે તેમનો ટુંક સાર નીચે આપિયે છિયે. આ ભોગો વેળાની વેદિક રીતભાત યુનાની આર્યોનાં રીત રિવાજને આબાદ મળતી આવે છે, અને તે ઉપરથી જણાય છે કે ઇરાની આર્યોમાં પણ પ્રથમ એવાજ રિવાજ હશે:—

એવું જણાય છે કે જ્યારે ભોગ આપવાનો હોય ત્યારે ભોગવાળાં પ્રાણીની આસપાસ સરદારો ભેગા થાય, અને નિમકથી ખારી બનાવેલી રોટીના પ્રસાદ લે, જે પછી ભોગ આપનાર રાજા જે દેવતાને ભોગ ચઢાવવો હોય તેની નઇયતે ગંભીર પ્રાર્થના પોતે કરે અથવા ધર્મગુરૂ પાસે કરાવે જેમાં એજ માગણી અથવા ઇચ્છા જાહેર કીધેલી હોય કે ફલાના ચીના શત્રુનો નાશ કરવા, તેના કિલ્લાને આગ લગાડી ભસ્મ કરવા, દુશ્મનની છાતીમાં ભાલો ભોકી દેવા, અને એવાંજ બીજાં સહાસ બજાવવાની ભોગ આપનારને શકિત આપવી. આ મતલબની પ્રાર્થના પછી પેલાં પ્રાણીનું ચામડું ઉતારી તેનું ગોશ્ત વેતરવામાં આવતું, અને દેવતાઓને અર્પણ કરવાની ચીજો અનામત રાખવામાં આવતી. ગોશ્તના કટકા સળગાવેલા આતશને અર્પણ થતા, અને પછી સર્વ હાજર રહેલાઓને તેમનો હિસ્સો મળતો. ગોશ્તનાં ઝોટાં વગેરે સીકમાં ખોસીને તેઓના

આર્યોનાં ધર્મ સંબંધી દફતરો ઉપરથી થતુ નથી. એટલું તો જણાય છેજ કે ઇરાનીઓ આવાં, વગેરે ઇજદોને ભોગ આપતા હતા. ઇરાની પાદશાહો, પહેલવાનો વગેરે આ ઇજદોને ભોગ આપી ગયા ન હોય તો પછી એ ઇજદોની સ્તુતિમાં રચાયલી યસ્તોમાં આપણ એમ વાંચિયે છિયે કે તેમને (દાખલા તરીકે આવાંને) શો ઘોડા, હજાર બળદ અને દશ હજાર નાનાં ગોસ્પંદોથી આરાધવામાં આવ્યા હતા તેનો શો અર્થ? અસલી આર્ય પ્રજાઓ ભોગ આપતી હતી એ વાત બિનતકરારે કબૂલ રખાયલી છે; વેદિક આર્યો પણ તેમ કરી ગયા છે; તો પછી ઇરાની આર્યો તેમ કરે તેમાં અજબ થવાનું નથી. બેશક 'યસ્ન' શબ્દ વેદિક 'યજ્ઞ'ને મળતોજ છે, અને 'યજ્ઞ,' નો અર્થ ભોગ થાય છે. આ ભોગ માટેનાં જાનવર 'યજ્ઞપશુ' ને નામે ઓળખાયલાં છે, જેમનું દેવતાઓને બળિદાન આપવામાં. આવતું હતું. યસ્તોમાં સેંકડો અને હજારોની સંખ્યામાં આ યજ્ઞપશુઓનો ભોગ અપાતો જણાય છે, પણ તેનું

કવાબ ભુજવામાં આવતા, અને આ ભુંજેલું ગોશ્ત તથા રોટી વડે સઉ જણ પોત પોતાની જગા લઇને ભોગી ચાશની કરતા. આ જાતની ક્રિયા "પશુ ઇષ્ટિ" (પશુનો ભોગ) કહેવાતી. યુનાનીઓમાં નૅસ્ટર નામનો એક ડાહ્યો ધર્મ-ગુરૂ હતો, જે આવી ક્રિયાઓનું વડપણ લેતો હતો. મી૦ કુંટે કહે છે કે એને મળતુંજ નેષ્ટ નામ વેદમાંથી પણ મળે છે.[1] Vicissitudes, સફે ૮૩. મી૦ આપ્ટેના સંસ્કૃત-ઈંગ્રેજી શબ્દ કોશમાં જણાવ્યા પ્રમાણે આ નેષ્ટ "સોમ ઇષ્ટિ" વેળાના મૂખ્ય ગુરૂઓ મધ્યેનો એક હતો, અને તેનો અંક ૧૬ છે. નૅસ્ટર યુનાની દંતકથામાં એક લડાયક સરદાર લેખાયો છે; પણ તે બહુ જુના કાળમાં એક ધર્મગુરૂ લડાઈના હથિયારો પણ સજતો હતો.

યુનાની આર્યો પોતાની રીતભાતમાં વેદિક આર્યોને વધારે મળતા આવે છે, ત્યારે રૂમી આર્યો ઇરાની આર્યોને વધારે મળતા જણાય છે. રૂમીઓમાં ઇરાનીઓ જેવોજ ધારો હતો કે જેઓ ભોગ આપનાર હોય તેઓ પવિત્ર અને સુઘડ હોવા જોઇયે, તેઓએ સ્નાન કરેલુ હોવું જોઇયે, સફેદ જામા પહેરવા જોઇયે, અને જે દેવતાને ભોગ આપવો હોય તેને જે ઝાડ પસંદ હોય તેનાં પાત્રાંના હારડા માથે પહેરવા જોઇયે. તેઓ ભોગ આગળ બાધા લેતા અને પ્રાર્થના કરતા. વળી જે પ્રાણીનો તેઓ ભોગ આપતા તે કાંઇ પણ દુષણવાળું નહિ જોઇયે, બળદ કે ઘોડો હોય તો તેને ખેતરમાં ઘાલેલો નહિ જોઇયે. આમ હોવાથી ભોગનાં પ્રાણી ધર્મગુરૂ પોતેજ ગોવાળાંમાંથી પસંદ કરતા, જે પછી તેમને શણગારતા અને તેમનાં શીંગડાંને ચકચકિત બનાવતા. સઘળા ધર્મગુરૂઓ એકબીજાના હાથમાં હાથ મેળવીને પ્રાણીને ભોગવાળી જગાએ ઢીલી દોરી રાખીને લાવતા, એવું દેખાડવા કે તેઓ તેને જબરદસ્તીથી તાણી લાવતા નથી; પછી તેને પવિત્ર જગાએ છુટું મુકતા. જો આ વેળા તે નાસી જાય અથવા તેને ખેંચીને લાવવું પડે તો ધારેલી મુરાદ બર પડતી નહિ. આ પછી ગુરૂઓ પોતાના જામા ઉંચા ખોશીને તે પ્રાણીને જબે કરતા, તેનું લોહી ઝીલતા અને તે યજ્ઞકુંડ ઉપર છાંટતા. પછી ચામડું ઉતારી તેને વેતરતા. કોઇ વાર તેને આખું સળગાવી મેલતા, પણ હમેશ થોડોજ ભાગ આતશ ઉપર ચઢાવતા અને બાકીનો ભાગ ધર્મગુરૂઓ (ગોર) અને ભોગ આપનાર (યજમાન) વહેંચી લેતા. દેવતાઓને ભાગનું ગોશ્ત તે ઉપર આટો, શરાબ અને ખુશબો છાંટીને આતશ ઉપર ચઢાવતા. હિંદુ આર્યો પાછળથી શરાબને બદલે ઘી રેડતા હતા, જે "અભિઘાર" કહેવાય છે. ભોગની ક્રિયા પછી ધર્મ-ગુરૂ હાથો ધોઇ પ્રાર્થના કરતો, ફરીથી ઉપલી વસ્તુઓ આતશપર નાખતો અને પછી જે મજલિસ હાજર થઇ હોય તે ધીમે વિખરાઇ જતી. પણ પછી ભોજન લેવા સઉ જણ હાજર થતા. જો ભોગની ક્રિયા જાહેર રીતે થઇ હોય, યાને પાદશાહ કે પેહલવાનોએ મોટી સંખ્યામાં પશુ આપ્યાં હોય તો ઉમદા ખાણું થતું, પણ ખાનગી ક્રિયાવેળા જેઓ હાજર થતા તેઓ ચાશની કરીનેજ સંતોષ પામતા. રૂમી લોકો ભોજન લેતી વેળા દેવતાઓની પ્રાર્થના કરતા અને તેમની યાદમાં શરાબ અને ખાણાના થોડાક ભાગનું તર્પણ (libation) કરતા, કે જેમ આજે ઘણા જરતોશ્તી મોબેદો ભોજન લેતી વેળા રોટી અને ગોશ્તનો એક લુકમો બાહેર કહાડે છે, તથા થોડાક શરાબ જમીન ઉપર ઘોળે છે યા આંગળી વડે છટકાવે છે. જેમ અસલી રૂમીઓ તેમજ ઇરાની આર્યો દેવતા યાને ઇજદને ખાનપાનનો એક ભાગ. અર્પણ કર્યા વિના પોતે કદી ખાતાપિતા નહિ. રૂમીઓ એજ વેળા આતશ ઉપર પણ એક ભાગ ચઢાવતા, પણ આજે મોબેદો તેવું કાંઇ નહિ કરતાં શરાબ નોશ કરતી વેળા અશો ફરોહરોની યાદમાં આતશ ઉપર સુખડ લોબાન મુકે છે. એજ રીતે ઉપર વર્ણવેલી વસ્તુઓને બદલે અસલી ઇરાનીઓ પણ આતશ ઉપર ખુશબો મુકતા અને ગોશ્તને બદલે અને બીની જગા ઉપર ચરબી મુકતા હતા.

કારણ છે. આ ભોગ પાદશાહ પહેલવાનો લડાઇમાં ઉતરતી વેળા ઇજદોની મદદ મેળવવા માટે આપતા હતા, અને તેમની જોડે તેમનાં લશ્કરો મોટી સંખ્યામાં હોવાને લીધે તે સર્વની ખોરાકી માટે સંખ્યાબંધ પશુઓની જરૂર પડે એ દિસતું છે. પશુઓના આ ભોગ પછી માનવાને કારણ મળે છે કે ઇરાની આર્યો બળદો વટીક ખોરાકમાં લેતા હશે.

હવે આ રીતના ભોગ સઘળાજ ઇજદોને અપાતા હોય એમ નથી. અવસ્તામાંથી માત્ર આવાં વગેરે થોડાજ ઇજદોનાં નામો મળે છે કે જેમને ભોગ અપાતા હતા. રાંમ ઇજદ વગેરેને કોઇપણ પ્રકારના ભોગને બદલે "તાજા દોહવેલાં પુષ્કળ દુધની ભેટ" આપવામાં આવતી, અને એટલેથીજ તેની મદદ ચહાવામાં આવતી. રશ્ને ઇજદ માટેની ભેટ પણ તાજા દુધનીજ હતી. અષિ અથવા અશીશ્વંગ ઇજદ કનેથી મદદ માંગનાર તો દુધ પણ નજર કરતો નહિ. વળી જરતોશ્ત પેગમ્બરને તો આવાંને કશા ભોગ વિના આરાધી તથા તેની મદદ મેળવી ગયલો જણાવ્યો છે. એજ રીતે પહેલવાન તૂસ, તેનો બેટા ગુરતહમ, વક્રોનવાજ વગેરેએ પણ ભોગ કે ભેટ આપ્યા વિના મદદ માંગી અને મેળવી હતી.

ભોગ આપતી વેળા પાદશાહો વગેરે સોનેરી છત્ર સાથની સોનેરી બેઠક બનાવી સોનેરી ગાલીચા પાંથરતા, અને તેવી બેઠક ઉપર બિરાજમાન થઇને પોતાના ધોયલા હાથમાં બરસમ પકડતા અને આરાધનાની ક્રિયા કરતા. મેહર ઇજદની આરાધનાના સંબંધમાં જણાવ્યું છે કે પ્રથમ આરાધના કરનારે બન્ને હાથ ધોઇને સ્વચ્છ કરવા, અને પછી પોતાના હાથમાં એસમ (યાને સુખડ, અગર, લુબાન વગેરે સુગંધી વસ્તુઓ), બરસમ (યાને એક જાતનાં ઝાડની ડાંખલીઓ), જીવામ (દુધ), તથા હાવનીમ (હોમ કુટવા યાને છુંદવા માટેનું વાસણ) લઇ તે સર્વેને ધોવાં, અને પછી બરસમ પાંથરી હાવનીમમાં હોમ કુટવો. આ વેળા જે હોનવર ભણવામાં આવે તે માત્ર ભણી જવાતો મ હતો, પણ તે ગાયનમાં આવેલો હોવાથી ગાઇને ભણવામાં આવતો. અશો જરતોશ્તને માટે જણાવેલું છે કે તે હોનવરની બંદગી ધીમે તેમજ બુલંદ સાદે ગાઇને ભણતો હતો.

ભોગવાળી વસ્તુનો ઉપભોગ સૌ કોઇથી થતો ન હતો. ચોક્કસ માણસો જેઓ ભણી જાણતાં ન હોય,[1] અથવા જેઓ ચોક્કસ જાતની ખામી ધરાવતાં હોય, અથવા વધારે ખુલાસાથી આવાં યશ્તમાં જણાવ્યું છે તેમ દુખ દેનાર, ગરમ મિજાજી, દગારો, હીચકારો, કહોડિયો, તથા જે કોઇ ગાથાવાણી ગાયા વિના ભણી જાય તે, વગેરે ધણીઓએ આ ચાસ્ની કરવી નહિ. આવાં યશ્તમાં ચાસ્નીમાંથી જેમને બાકાત રાખ્યાં છે તેઓમાં ઓરત પણ છે. સ્ત્રીજાતને આમ બાતલ રાખવાનું કશું કારણ જણાતું નથી. કદાચ એમ હોઈ શકે કે ઇજશ્ને, જશન વગેરેમાં સ્ત્રીથી ભાગ લઇ શકાતો નથી, માટે તેમાં નહિ ભાગ લેનાર તરીકે તે ચાસ્નીમાં ભાગ પાડી શકે નહિ.

હોમની ક્રિયા

ઇરાનીઓમાં સૌથી પહેલી અને પહેલી અગત્યની ક્રિયા હોમની જણાય છે. આ હોમ (હઓમ) તે વેદિક આર્યોનો સોમ છે. હવે સોમનો રસ અથવા દારૂ પીધાથી માથું ફેરવી નાખતો અને તે પીનારા છાકટ બનીને તુફાન મચાવતા તથા લુટફાંટ કરતા હતા; પણ હોમનો રસ પીધાથી કશી કેફ થતી ન હતી. એટલામાટેજ અપી યશ્તમાં હોમની ખુબીમાં જણાવ્યું છે કે "બીજી તમામ જાતની કેફ ઘાતકી હથિયારવાળા એશમ યાને ગુસ્સાના દેવને માર્ગે ચલાવે છે, પણ હોમની જે કેફ તે ખુદ પવિત્રાઇને માર્ગે ચલાવે છે,[2] હોમ યશ્તમાં આ હોમના

---

૧ મેહેર યશ્ત, ક૦ ૧૨૨. આવાંયશ્ત, ક૦ ૯૨

૨ હોમ યશ્ત.

રસની ખુબીમાં જણાવ્યું છે કે તે દર્દને પછાત નાખે છે, યાને તે પીધાથી દર્દ થતું અટકે છે. તેના રોપાની, નૂમતી, લીલી ડાંખલી લાવીને તેને છુંદીને ક્રિયા કરનાર પીતા અને તે પીનારના જાનને માટે ઘણો સરસ અને તેનાં રવાનને બિનોઇ રસ્તો દેખાડનાર ગણાતો. તનને દુરસ્તી, જાનને લાંબી જિંદગી તેનાથી મળતી મનાતી. ઇરાની આર્યો માનતા કે શર્તનાં મેદાનમાં ઘોડો દોડાવનારાંઓને હોમ પીધાથી જોર તથા કુવત મળતું. હોમનો રોપો અલ્બર્જ પહાડપર ઉગતો, જ્યાંથી તેને લાવી, છુંદી, ગાળીને પીવામાં લેતા હતા. આ હોમનો રંગ સોનેરી યાને પીળો હતો, તે તનદુરસ્તી આપનારી ખાસિયતો ધરાવતો હતો અને રોગને દૂર કરનારાં સાધનો તેમાંથી મળી આવતાં હતાં. આ હોમ અનેક જાતનો હતો અને તે બધામાંથી ગુણકારક પીણું તૈયાર કરવામાં આવતું હતું.

દીનનો ફેલાવો ધર્મગુરૂઓ કરતા.

ક્યાની જમાનામાં અને ત્યારબાદ અશો જરતોસ્તના વખ્તમાં અને તે પછી દીનના ફેલાવાનું કામ ધર્મગુરૂઓ મારફતે થતું, અને જેઓ જુદદીન હોય તેમને મજદયસ્ની અથવા જરતોસ્તી દીનમાં દાખલ કરવામાં આવતા આ કામ મુસ્કેલ હતું, અને તેથીજ આ ધર્મગુરૂઓ તિક્ષણ અને ચપળ બુધ્ધિનાં તથા હિંમતવાન અને મજબૂત બાંધાના પસંદ કરવામાં આવતા, જેમને દેસપરદેશ આ ફેલાવાનાં કામ માટે આજના ખ્રિસ્ટી મિશનરિઓની પેઠે જવું પડતું હતું. એવું જણાય છે કે તે જમાનામાં હિંદુ આર્યોના વડવા જેઓ સોમની ક્રિયા કરતા હતા તેમના વચ્ચે ઇરાની ધર્મગુરૂઓ જઇને પોતાની દીનનો ફેલાવો કરતા હશે. તે વેળા કૃષાનુ નામે એક હિંદુ આર્ય રાજા હશે, જેણે આ ઇરાની ગુરૂઓ, જેઓ તે વખ્તે આથ્રવનને નામે ઓળખતા હતા, તેમને પોતાનાં રાજ્યમાં મજદયસ્ની દીનનો ફેલાવો કરવા માટે આવવા દેવાની ના પાડી હતી. પણ હોમ નામના પેહલવાને તે રાજા સામે લડાઇ લઇ જઇ તેને તખ્તપરથી ઉઠાડી મુકયો હતો, એમ હોમ યસ્ત ઉપરથી જણાય છે.[2] અહીં તે રાજાને કૅરેસાની કહ્યો છે, કેજે કૃષાનુનું અવસ્તાઇ રૂપ છે.

ક્યાની ઇરાનીઓની ક્રિયાઓમાં મુખ્ય હોમ અને બર્સમનાં નામો જાણીતાં છે. હઓમ અથવા હોમ નામનો એક પેગામ્બર શાહ જમશેદની પણ અગાઉ હસ્તી ભોગવી ગયો છે. તેના વખ્તથી હોમની ક્રિયા ચાલુ થયલી જણાય છે. અવસ્તામાં એક ઠેકાણે[3] જણાવ્યા મુજબ હોમે અલ્બોર્જ પહાડ ઉપર હોમનો રસ કહાડયો હતો. હાવનીમ નામનાં વાસણમાં તેને કુટીને આ રસ કહાડવામાં આવતો, હોમનો રોપો પહાડો ઉપર ઉગતો હતો. રસ કહાડી તેમાં જોશ આવે યાને ખમીર ચઢે તે આગમજ તે પીવામાં આવતો. અવસ્તાનો આ હોમ શબ્દ વેદમાં જણાવેલા 'સોમ'ને મળતો છે. સોમનો રસ પણ કુટીનેજ કહાડતા, પણ તે ખમીર ચઢયા પછી પીવામાં આવતો હોવાથી કેફ ચઢતી અને એ કેફી વસ્તુની ઝુમમાં વેદિક આર્યોને લુટફાટ કરવાનું તથા મારફાડ અને લડાઇનું જોશ ચઢતું હતું. જ્યારે હિંદુ અને ઇરાની આર્યો એકબીજાની સાથે એકત્ર વસતા હતા ત્યારથી તેઓમાં આ હોમને છુંદી તેના રસ કાઢી ઇજવાનો રીવાજ હતો એમ ચોક્કસ ઠરેછે. જમશેદનો બાપ વીવંઘામ, ફરીદૂનનો બાપ આથ્વિયાન, કેરશાસ્પનો બાપ થ્રીત તથા અશો જરતોસ્તનો પિતા પોરૂષસ્પ, એ બધાઓએ હોમ પેગામ્બર પછી હોમ ગાળવાની ક્રિયા ચાલુ રાખેલી જણાય છે.[4]

૧. દીન યશ્ત, ક૦ ૧૭

૨ ક૦ ૨૪ (=ઇજ.રને, હા ૯, ક૦ ૨૪.)

૩ મેહરયશ્ત, ક૦ ૯૦

૪ ઇજશને, હા ૯ ક૦ ૪–૭–૧૦–૧૬.

એવું જણાય છે કે હોમના રોપાની ડાંખળીઓ સોનેરી તેમજ લીલા રંગની હોય છે, અને એ ડાંખળીઓને છુંદીને તેનો રસ ગાળ્યા પછી પીવામાં આવતો નો તેથી દુખદર્દ થતાં નહિ, અને પીનારને ડહાપણુ, તનદુરસ્તી, ફતેહ, મોટાઇ, હિમત વગેરે પ્રાપ્ત થતાં. હોમની ખુમીમાં વિશેષ એમ જણાવે છે કે શર્તનાં મેદાનમાં ઘોડા દોડાવનારાઓને હોમને રસ પીધાથી જોર તથા કુવત આવે છે[1] હોમનો રોપો સારો સુગંધ ધરાવતો હોય એમ પણુ જણાય છે.[2] હોમના રસથી પણુ કેફ ઉત્પન્ન થતી જણાય છે, પણુ તેની ખુબીમાં કહે છે કે જ્યારે બીજી સઘળી જાતની કેફથી ગુસ્સો ઉત્પન્ન થાય છે ત્યારે હોમની કેફથી ખુશહાલી ઉપજે છે અને હોમ પીનારને એ કેફ ચપળ બનાવે છે. હોમનો રસ દુધ જેવો સફેદ, લેહજતદાર હોય છે. દર્વીશ યાને અશો માણસનું મન હોમ પીધાથી એક તવંગર માણુસ જેવું મોટું બને છે, અને એટલું બુલંદ થાય છે કે તે દર્વીશ પોતે હાંસલ કરેલી વિદ્યાને લીધે બુલંદ વિચારમાં મશગુલ રહે છે.[3]

આ રીતે હોમની ક્રિયા અશો જરતોસ્તે દાખલ કીધી ન હતી, તેમજ તે તેની પછી પણુ દાખલ થઇ ન હતી, પણુ તે તો છેક જમશેદ પાદશાહની પણુ આગમજની પહેલી દીનવાળાઓને જાણીતી હતી અને ત્યારથી તે ચાલતી આવેલી આજ સુધી ચાલુ છે.

બર્સમ.

હોમની માફક બર્સમની ક્રિયા પણુ બહુ પુરાણી છે, અને તે પણુ અશો પેગામ્બરની આગમજની જણાય છે. હોમની માફક બર્સમ પણુ વેદિક હિંદુઓમાં જાણીતી હતી. હોમની ક્રિયા હોમ પેગામ્બરે દાખલ કીધી હતી, પણુ બર્સમની ક્રિયા કોણે દાખલ કીધી હશે તે જણાતું નથી. સરોશ યસ્ત મુજબ સરોશ ઇજદે બર્સમ પાંથરીને દાદાર હોરમજદને સૌથી પહેલાં ઇજ્યો હતો.[4] પણુ સરોશ મિનોઇ ઇજદ છે, માટે આ ઇશારો વહેવારૂ ક્રિયા માટે ઉપયોગી નથી. એટલામાટે રામ યસ્તનો બર્સમ બાબેનો ઇશારો વધારે કીમતી છે. ત્યાં જણાવ્યા મુજબ પાદશાહ અને પેગામ્બર હોશંગના વખ્તથી બર્સમની ક્રિયા ચાલતી આવી છે, કારણકે એ પાદશાહ રામને બિછાવેલી બર્સમ સાથ ઇજ્યો હતો.

બર્સમ શી ચીજ છે? ઇજસ્નેની ક્રિયા બર્સમ વિના થઈ શકતી નથી. તેમાં બીજી ચીજો ઉપરાંત બર્સમને કાપી તેના નાના ટુકડાઓની ભારી બનાવી તેને વચમાંથી બાંધી લઇને ગોઠવવામાં આવે છે. ઇરાનમાં કોઇ ચોકસ જાતની ડાંખળીઓને કાપી તેમની ભારી બનાવતા અને તે બર્સમને નામે ઓળખાતી. વેદિક હિંદુઓ પણુ બર્હિસ નામના એક જાતનાં ઘાસનો ઉપયોગ પોતાની ક્રિયાઓમાં કરતા હતા. બર્સમના ટુકડાઓની સંખ્યા જુદી જુદી ક્રિયા વેળા જુદી જુદી હોયછે. ત્રણ, પાંચ, પંદરથી ૬૯ અને છેક ૫૫૧ સુધીના ટુકડાઓની ભારી બાંધીને ક્રિયામાં તેમનો ઉપયોગ થતો હતો. હાલ ઝાડની ડાંખળીઓને બદલે ધાતુના પતળા તાર ઉપયોગમાં લેવાય છે. અસલી જમાનામાં મજદયસ્નાનો આફતાબની સેતાયશ વેળા પણુ હાથમાં બર્સમ રાખતા હતા, જે વાતની ગવાહી એક તરફથી બૅબીલોન્યન, ઍસીર્યન અને યહુદીઓના ધર્મ પુસ્તકોમાંથી અને બીજી તરફથી યુનાનીઓનાં લખાણોમાંથી મળેછે. હિંદુઓનાં બર્હિસ ઘાસ સાથે નહિ પણુ કુશ નામનાં લાકડાં સાથ ડૉ૦ હાઉગ બર્સમની સરખામણી કરે છે.[1] તેઓમાં પણુ બર્સમની માફક ઝાડની આ ડાંખળી અથવા સોટીઓની સંખ્યા જુદે જુદે વખ્તે જુદી જુદી હોય છે.

૧ તેજ, કર્દો ૪૦ ,૨૨ ૨ તેજ, કર્દો ૨ ૪૦ ૪
૩ તેજ, કર્દો ૨ ૪૭ ૮

૧ Essays on the Parsis: બીજી આવૃત્તિ, સફે ૨૮૩

હોનવરની બંદગી

ઇરાની આર્યોની સઘળી બંદગીઓમાં બે ઘણીજ ઉત્તમ ગણાઇ છે: ૧ લી યથા અહુ વઇર્યો યાને હોનવરની, અને બીજી અષવહિસ્ત યાને અષેમની. આ બન્ને બંદગીઓને માટે કહે છે કે તે બહુ પુરાણી છે અને અશો જરતોશ્તની આગમજનાં મજદયસ્નાન ઇરાનીઓમાં તે સારી પેઠે જાણીતી હતી. હોનવરની ખુબીથી સરેશ યસ્ત (હાદોખ્ત) ભરપુર છે. અવસ્તામાં[1] જણાવ્યા પ્રમાણે આકાશ, પાણી, જમીન, પ્રાણી, વનસ્પતિ, આતશ, ફરેસ્તાઓ અને બીજી સર્વ પેદાયશોની આગમજ—સૃષ્ટિની આગમજ—જે સખુન અશો હોરમજદે જાહેર કર્યો હતો તે અહુનવઇર્ય (હોનવર)નો હતો; કેજે હોનવર જો ભૂલ વિના શુધ્ધ ઉચ્ચારે ભણવામાં આવે તો તે ગાથાવાણીના બીજા એકસો શ્લોકો ભણવા બરાબરના છે; એટલુંજ નહિ, પણ ભૂલથી અને અશુધ્ધ રીતે આ હોનવર ભણવામાં આવ્યો હોય તોપણ તે એટલો બુલંદ છે કે બીજા દશ શ્લોકો ભણ્યા બરાબરનો છે; તથા જો આ હોનવર યાદ કરવામાં આવે અને યાદ કરતાં ભણવામાં આવે, અને ભણતી વેળા ગાવામાં આવે, અને ગાતી વેળા તેને આરાધવામાં આવે તો તેમ કરનારનું રવાન ચિન્વત પુલ પસાર કરીને બેહસ્તમાં જઇ શકે છે.

અવસ્તામાં બીજે ઠેકાણે[2] જણાવ્યા પ્રમાણે જ્યારે અશો જરતોસ્તને ફસાવવા માટે ગનામિનોએ તજવીજ કીધી અને દેવી દ્રુજ તથા બૂઇતિ દેવ વગેરેને તેને ખરાબ કરવા તથા તેનો જાન લેવા મોકલ્યાં ત્યારે હોનવર ભણીને જરતોસ્તે તેમને પાછાં હટાવ્યાં હતાં અને ગનામિનોને ધમકી આપી હતી કે તારાં સર્વ બુરાં કર્તકોનો હું હોનવરનાં હથયાર વડે નાશ કરીશ. ગનામિનોએ જરતોશ્તને લાલચ આપી કે તું જો મજદયસ્ની મજહબ તજી દે તો રાજા વધધન[3]ને મળ્યું હતું તેવું રાજ્ય તને આપું.

૧ ઇ.જશ્ને, હા ૧૯ મો. ૨ વંદીદાદ, ફરગરદ ૧૯ મી.
૩ આ જહાક પાદશાહનું બીજું નામ છે.

જરતોશ્તે આ લાલચનો તિરસ્કાર કરતાં જણાવ્યું કે મારૂં તન, મારો જાન, મારો જીવ ફના થાય તોપણ હું ભલો મજદયસ્ની મજહબ તજું નહિ, પણ હોરમજદે મને કહેલા હોનવરના સખુનથી તારી સામે લડીને તને હરાવું.

એક ત્રીજે ઠેકાણે[1] હોનવરના કલામની ખુબી વિશે ઘણુંએક બયાન કરેલું છે. ત્યાં જણાવ્યા મુજબ જે કોઇ ઘણી દરિયાનાં તુફાન વેળા, ઘણી ધાસ્તી વેળા, અંધારી ધુમસવાળી રાતે રસ્તે ભૂલો પડયો હોય ત્યારે, મોટી દબદબા ભરેલી મજલિસમાં અથવા બદ માણસોનાં ટોળામાં, યા કોઇ પણ ભય યા બીક વેળા ખરા એતેકાદથી હોનવર ભણે તો તેને કશી ખરાબી પહોંચી શકે નહિ.

આ સઘળાનો સાર એજ કે અહુનવરનાં અહુરમજદનું નામ આવેછે. હોરમજદનું નામ યાદ કીધાથી એક જરતોસ્તીનાં દિલમાં મોટી હિમત પેદા થાય છે. જેનાં દિલમાં હિમત હોય તે ભયથી બીતો નથી. જે ભયથી ડરે નહિ અને સમયસૂચકતાથી કામ કરે તે સદા ફાવેછે; જીતે છે, તેના દુસ્મનો નિરાશ થાય છે. ત્યારે હોનવરની તમામ ખુબીનો ભાવાર્થ એજ કે હોરમજદને પુર એતેકાદથી યાદ કરી હિમત પકડવી. જરતોસ્તી મજહબ બુતપરસ્તીનો નાશ કરનારો હોવાથી ગનામિનોએ જરતોસ્તને મારવા માટે બુઇતિ નામના દેવને મોકલ્યો તેની સમજણ એજ કે બુતપરસ્ત દુસ્મનો તેને લલચાવવા આવ્યા, પણ હિમત પકડીને જરતોસ્ત તેમની સામે થયો ત્યારે તેઓ નિરાશ થઇને પાછા ફર્યા.

અષેમની બંદગી.

હોનવરના જેવી એક બીજી બંદગી અષેમ (અષ વહિસ્ત) ની ગણાય છે. "હદોખ્ત નસ્ક" નો જે ભાગ અવસ્તાવાણીમાં બચવા

૧ સુરેશ યસ્ત હાદોખ્ત.

પામ્યો છે, અને જે "હાદોખ્ત યશ્ત" ને નામે પણ ઓળખાય છે, તેમાં[1] જણાવ્યા પ્રમાણે રાસ્તી યાને સચ્ચાઇની વખાણમાં બનાવેલો અષેમવોહુનો કલામ કે જે હોનવર જેટલોજ પુરાણો છે તે ભણવો તે ગોયા સપેનામિનોની પેદાયશ કે જે ભલી છે તેની ખુબી અને સ્તુતિ ગાવા બરાબર છે. આ એક પુરાતન બંદગીનો કલામ છે, જેને માટે કહ્યું છે કે જે કોઇ ફિદા કીધેલાં દિલના સંપૂર્ણ એતેકાદથી રાસ્તીને વખાણે છે (યાને અષેમ વોહુ ભણે છે) તે ગોયા દાદાર હોરમજદને વખાણે છે અને તેની પેદા કીધેલી અશોઇનાં તોખમવાળી તમામ પેદાયશને વખાણે છે, અને અષેમવોહુનો રાસ્ત બોલેલો કલામ જ્યારે શુદ્ધ ઉચ્ચારે સ્પષ્ટ રીતે ભણવામાં આવે છે ત્યારે તે ભણનારનાં દિલમાં હિમત અને ફત્તેહનો વધારો થાય છે. જ્યારે એક માણસ ભલા વિચાર, વચન અને કામ એખ્તયાર કરીને તથા બદ વિચાર, વચન અને કામ તર્ક કરીને અષેમવોહુ ભણે ત્યારે બીજી હર કોઇ વેળાની સંખ્યાબંધ અષેમવોહુ કરતાં તેની કીમત વધે છે.

અષેમ અને યથાની નામીચી બંદગીઓનું પુરાતનપણું આ ઉપરથી જણાય છે કે તેમને હજરતના હાઓ[2] માં નામ દઇને માન સાથ યાદ કીધી છે, તથા તેમની શરેહ આપી છે. આ બન્ને બંદગીઓનાં પુરાતનપણાંને લીધે તેમને બહુજ પવિત્ર ગણીને અવસ્તાઇ ભણતરોમાં સંખ્યાબંધ ઠેકાણે એક યા વધારે મરતબે ફરી ફરીથી ભણવામાં આવે છે.

ઇરાની ખોરેહ.

ઇરાની ખોરેહ અથવા ક્યાની ખોરેહની અવસ્તામાં[3] બબજા યાદ અને વખાણ કીધી છે. આ ખોરેહ તે શું? તેની ખુબીમાં લખે છે કે તે નૂરમંદ અને જોરેમંદ છે, તે જ્યાં હોય ત્યાં પુરતી ફતેહ હોય છે—કામ કરવાની વધારે શક્તિ હોય છે. આ ખોરેહને લીધે દુનિયા તરો તાજગીવાળી રહે છે; તે જુની થતી નથી, નાશ પામતી નથી, ખરાબ થતી નથી; પણ હંમેશ હૈયાતી ભોગવતી રહે છે, ફાયદો કરતી રહે છે. આ ખોરેહની ખુબીથી ગુજર પામનારાં પાછાં સજીવન થશે અને જિંદગી અને અમરપણું ભોગવશે. આ ખોરેહને લીધેજ અશોઇનાં તોખમની ફાયદાકારક પેદાયશો અમર થશે અને તેમને ખરાબ કરવા માંગનાર દરૂજ નાશ પામશે. આ ખોરેહ જેમ દાદાર હોરમજદનું છે તેમ અમશાસ્પંદોનું પણ છે. વળી આ ખોરેહ મિનો અને ગેતીના ઇજદોનું છે, તથા વળી જન્મ પામી ગયલા અને હવે પછી જન્મ પામનારા સોસ્યન્તો, જેઓ દુનિયાની આબાદી કરનારા છે તેઓનું પણ છે. પેશદાદ વંશનો પાયો નાખનાર હોશંગ પાદશાહ આ ખોરેહ ધરાવી ગયો છે, જેની બરકતથી તે હફ્ત કેશ્વર જમીનમાં તમામ દેવો યાને બુરા આદમીઓ, જાદુગરો, પરીઓ, કીકો, કરપો અને જુલમગારો ઉપર સત્તા ભોગવી ગયો છે. એજ રીતે પાદશાહ તેહમુરસે આ ખોરેહ ધરાવ્યાને લીધે હોશંગના જેવીજ સત્તા ભોગવી હતી. તેણે બુરા માણસોને જેર કીધા હતા, અને બુરાઇનો સરદાર જે ગનામિનો છે તેને વશ કરીને ત્રીશ વર્ષ સુધી તેના ઉપર સરસાઇ ભોગવી સવારી કીધી હતી. ત્યારબાદ આ ખોરેહ જમશેદ પાદશાહને મળ્યું, જે રૈયતોની અચ્છી રીતે પાસબાની કરનાર દાખલ પ્રખ્યાત થઇ ગયો છે.

તેણે દેવો ઉપર સરસાઇ ભોગવી તેમને તાબે રાખ્યા એટલુંજ નહિ, પણ તેણે તેઓના એખ્તયારમાંથી દોલત, આબાદી, કીર્તિ, જિયાદતી, વગેરે છનવી લીધાં. આ ખોરેહને

---

1 હા ૧ લો.

2 હા ૧૯, ૨૦, ૨૧ અને ૬૧.

3 આસ્તાદ યશ્ત, ફ૦ ૧-૨. જમયાદ યશ્ત, ફ૦ ૯ થી શેવટ સુધી.

લીધે જમશેદનાં રાજ્યમાં ખોરાકી અખૂટ હતી—ઇનસાન અને હેવાન અમર હતાં—પાણી અને ઓરવરો સદા તાજાં હતાં. વળી શાહ જમશેદનાં મનમાં અભિમાન અને ગરૂરી પેદા થાય તે આગમજ એજ ખોરેહને લીધે તેનાં રાજ્યમાં જેમ ઘણી થંડી તેમ ઘણી ગર્મી ન હતી—જૈરી કે મોત ન હતું—અદેખાઇ કે કીનો કપટ ન હતાં તેજ એક એવો ઇરાની પાદશાહ થઇ ગયો છે જેની કનેથી આ ખોરેહ મગરૂરીના આવેશમાં તેણે ખુદાઇ દાવો કર્યાં જેવો જુઠો અને નારાસ્ત સખુન ઓચર્યો તેથી જતું રહ્યું હતું.[૧]

જમશેદ કનેથી ઉડી ગયલું આ ખોરેહ તેનો પરાજય કરનાર જહાક પાદશાહે મેળવવા માંગ્યું, પણ તે તેને નહિ મળતાં તેના એક ખાનદાની ફરીદૂનને અને ઇરાની પહેલવાન મહાન કેરશાસ્પે તે ખોરેહ પોતાને હાથ કરી લીધું. આ ફરીદૂન શાહને માટે જણાવે છે કે તે ફતેહમંદ માણસોમાં ઘણોજ ફતેહમંદ અને અશો જરતોસ્તથીજ ઉતરતો હતો. કેરશાસ્પને માટે જણાવે છે કે તે મર્દાનગીનાં કુવતમાં ઘણોજ જોરેમંદ હતો અને તે પણ એ બાબતમાં અશો જરતોસ્તથીજ ઉતરતો હતો. તે પહેલવાની છાતીનો અને દૃઢ મનનો સરદાર હતો, અને એમ હોવાથી તે નરીમાન કેરશાસ્પને નામે ઓળખાઇ ગયો છે.

ફરીદૂન પછી ઇરાનમાં રાજ્ય સંબંધી અફડા તફડી ચાલી, જેથી આ પાદશાહી ખોરેહ પાછળથી તૂરાની અફ્રાસિયાબે ત્રણ મરતબે મેળવવા ચાહ્યું. પહેલી મરતબે તે આ કામમાં નિષ્ફળ થયો ત્યારે તેણે ઇરાનની ખાનપાનની ચીજોનો નાશ કરવા ચાહ્યું હતું.

કયાની ખોરેહ

અંતે આ ખોરેહ કયાની ખાન્દાનના પાદશાહોને મળ્યું. આ કયાની પાદશાહોનાં રાજ્યની હદ અવસ્તામાં જણાવ્યા પ્રમાણે પ્રથમ આ પ્રમાણેની હતી:—આજની હીલમંદ (અવસ્તાઇ જમાનાની "હયતુમત") નદી કાંસવ (કાંસૂ) નામે સરોવરમાં ખાલી થાય છે તે તરફના મુલ્કથી તે ઉત્તરે ઉપિદરેન નામનો પહાડ (કેજે ઉપરથી પેગામ્બર જરતોસ્તને દીનની બશારત મળી હતી તે) આવેલો છે તે તરફના મુલ્ક સુધીના પ્રદેશમાં કયાની શાહોએ રાજ્ય ચલાવ્યું હતું, કેજે પહાડ ઉપરથી નિકળીને સંખ્યાબંધ નદીઓ આસપાસ વહે છે. આ નદીઓનાં નામ આ મુજબનાં જણાવ્યાં છે:—ખાસ્ત્ર, હ્વૈસ્પ, ફ્રદથ, ખરેનંઘ્રુહતિ, સોહામણી ઉસ્તવઇતિ, પુરતા ઘાસ ચારાવાળી મોટી નદી ઉરંધ, (વોઉરૂ કષ દરિયામાં ખાલી થતી) એરેજિ અને જરેતુમત, દોલતમંદ તથા ભપકાદાર હીલ્મંદ નદી, કેજે સફેદ મોજા ઉછાળતી અને તમામ મર્કીઓનો નાશ કરતી આગળ વધે છે.

આ કયાની ખોરેહની ખુબીમાં વિશેષ એમ જણાવ્યું છે કે આ ખોરેહ, કેજે શાહાનશાહી દબદબો છે, તે ધરાવનાર ઘોડા અને ઉંટના જેવું, અને પહેલવાનના જેવું જોર હાસલ કરે છે, અને જરતોસ્તી દીન કબૂલ નહી રાખનારા દેશોનો આ ખોરેહ ધરાવનાર નાશ કરી શકે છે. આ કયાની ખોરેહ ઇરાની મુલ્કોનો બચાવ હતું, રાસ્ત માણસો અને મજદયસ્ની દીનની મદદ હતું. કયાની શાહોમાં સૌથી પહેલું આ ખોરેહ કયકોબાદને મળ્યું, અને ત્યારબાદ કય અઇપિવંઘુ, કય કાઉસ, કય અરશ, કય પીસીન, કય બ્યર્શન, અને કય સ્યાવક્ષને મળ્યું હતું, અને એ બાદશાહી ખોરેહને લીધે આ સઘળા કયાની પાદશાહો નામીચા, જોરેમંદ, તનદુરસ્ત, દબદબાવાળા, તદબીરવાળા અને મહાભારત કામ માથે ઉઠાવનારા થઇ ગયા હતા.

સ્યાવક્ષ પછી આ ખોરેહ યાને પાદશાહી દબદબો તેના બેટા કય ખુસરોને મળ્યો, જેથી તેને હિમત,

---

૧ ખોરેહનાં આ અને બીજાં સઘળાં બયાન ઉપરથી જણાય છે કે "પાદશાહી સત્તા" (Kingly Power)ને અવસ્તામાં ખરેનંઘ્ (ખોરેહ) નામ આપવામાં આવેલું હતું.

ફ્તેહ, સરસાઇ, કુવત વગેરેની પ્રાપ્તિ થઇ. આ ખોરેહની બરકતથીજ એ પાદશાહે પોતાના ઘાતકી દુશ્મન ઓર્વસારના પુઠ પકડીને તે જુલ્મગાર તુરાનીને જેર કીધો હતો. જયારે કય ખુસરો પોતાના બાપ સિયાવુશ અને અફ્રાસયાબના ભાઇ અઘ્રો-રેસના કીનો લેવા તુરાન ઉપર ચઢાઇ લઇ ગયો હતો ત્યારે આ ઔર્વસાર નામનો સરદાર તેની સામે તુરાનીઓ તરફથી લડવા આવ્યે હતો, કે જેને કય ખુસરોએ રપઓતિત નામનાં જંગલમાં લડાઇ કરીને હરાવ્યો હતો, તેમજ ખુદ અફ્રાસિયાબની પણ પુઠ પકડીને મોટી મહેનતથી તેનો અને તેના ભાઇ ગર્સીવજનો નાશ કીધો હતો.

આ પછી આ ખોરેહ પેગામ્બર અશો જરતોશ્તને મળ્યું, જેની બરકતથી એ સાહેબ ઘણોજ રાસ્ત, ઘણોજ નૂરમંદ ઘણોજ ખોરેહમંદ, ઘણોજ ફ્તેહમંદ થવા પામ્યો, તેની નજર પડતાંજ દુષ્ટ માણસો તેની આગળથી નાસી જતા, તેમની ખરાબી નાબુદ થતી, અને તેઓ ખરાબી કરતા અટકતા હતા.

ક્યાનો તોખમનો છેલ્લો પાદશાહ અવસ્તાવાણી મુજબ ગુસ્તાસ્પ હતો તેને હવે ઉપલું ખોરેહ મળ્યું, જેની બરકતથી તેણે મજદયસ્ની જરતોસ્તી દીન એખ્તિયાર કરીને તેના કાયદા મુજબ વિચાર્યું, બોલ્યો અને કામ કીધું. આનાં પરિણામમાં તેણે પોતાના સઘળા દુશ્મનો અને બદ માણસોનો નાશ કીધો. ખરાબ ધર્મ પાળનાર તાંથ્રયાવન્તને, દેવને પૂજનાર પેશનને, બુરા અર્જાસ્પને, તથા બીજા પાપી અને ઇજત વગરના ખ્યઓનોઓને હરાવ્યા.[1]

શેવટે આ ક્યાની ખોરેહ ભવિષ્યમાં આવનાર કહેવાતા પેગામ્બર સોશ્યોસને મળશે, જ્યારે રસ્તાખેજ થશે, અને દુનિયા નવેસરથી તરોતાજગીવાળી બનશે, અને અશોઇના મુલકમાંથી નારાસ્તીને દૂર કરશે.

ફેસલ ૪—સઓષ્યન્ત અને સોષ્યોસ.

સઓષ્યન્ત તે કોણ?

દજશ્નેનાં ભણતરમાં વારંવાર "સઓષ્યન્તો" બોલ આવ્યા કરે છે. અશો જરતોસ્તની આગમજ થઇ ગએલા દીનનો એલમ શીખવનારા મોટા ધર્મગુરૂઓ એ નામે ઓળખાઇ ગયા છે. આ અવસ્તાઇ શબ્દના ધાતુ (સુ=ફાયદો પહોંચાડવો) પ્રમાણે આ સઓષ્યન્તો નામના ગુરૂઓ ઘણા ફાયદાનાં કામો કરી ગયા છે.

ડૉ૦ હાઉગ વૈદિક આર્યોના "અંગીરસ" નામના ધર્મગુરૂઓ સાથ અવસ્તાના "અંથ્ર"ને સરખાવીને કહે છે કે અંગીરસો અગ્નિના પુજારી હતા, અને "અથર્વન" ગુરૂઓ સાથ તેમને સંબંધ હતો. હવે અવસ્તાવાણીમાં કે ગાથાવાણીમાં "અંથ્ર" જેવા કોઇ આતશની પરસ્તેશ કરનારા હોય એવું જણાતુંજ નથી, તો જોકે અંગિરસના સંબંધમાં તેવું ઘણું મળે છે ખરું.[2] આ ઉપરથી ડૉ૦ હાઉગ સઓષ્યન્તોને પણ આતશપરસ્ત ગુરૂઓ જણાવવા માંગે છે. પણ એ શબ્દના ધાતુ કે અર્થમાં આતશની

---

૧ ફિર્દૂસીને આધારે અત્યાર સુધી આપણુ સાધારણ રીતે અર્જાસ્પ વગેરેને તુરાની ગણતા આવ્યા છિયે, પણ ગોશયશ્ત (ફ૦ ૩૧), જમ્યાદ યશ્ત (ફ૦ ૮૭) વગેરે પ્રમાણે અર્જાસ્પ તો ખ્યઓન નામના ટોળાનો હતો. કેસ્પીઅન સમુદ્રની દક્ષિણે ઘીલાનની પડોશમાં ખિયોનૈટી (Chionitae) નામે એક ટોળો વસી ગયલો જણાય છે તેજ આ અવસ્તાવાળા ખ્યઓન લોકો હશે. વેદમાંથી અર્જારપનું નામ મળે છે, માટે એ ટોળો વૈદિક આર્યોને લગતો એક હશે.

૨. અંગિરઃ અંગિરસ—આ એક પ્રખ્યાત વૈદિક ઋષિનું નામ છે, કે જેને માટે કહે છે કે તેણે રિગવેદનાં ઘણાંએક ભજનો બનાવ્યાં હતાં. 'અગ્નિ' શબ્દ સાથ 'અંગિરસ' શબ્દને સંબંધ છે, અને તેથી એકને બદલે બીજો શબ્દ વપરાય છે. કોઈ કહે છે કે અગ્નિ પિતા અને અંગિરસ તેનો પુત્ર હતો. બીજાઓ કહે છે કે બ્રહ્મનાં મનમાંથી ઉત્પન્ન થયલા ૧૦ પુત્રો મધેનો તે એક હતો. "મત્સ્ય પુરાણ" મુજબ વરણ દેવતાની યજ્ઞ ક્રિયામાંથી ઉત્પન્ન

પરસ્તેશ જેવું કાંઇ જણાતુંજ નથી.[1] સઓષ્યન્તો જરતોસ્તની આગમજ થઇ ગયલા હોવાથી તેમને પેગામ્બર સાહેબે પોતાના ગાથામાં યાદ કીધા છે અને જણાવ્યું છે કે રાસ્તીના માર્ગ તેજ સઓષ્યન્તના દીન છે, અને તે હોરમજ્દે તેમને શિખવી હતી. જરતોસ્તની આગમજની મજદયસ્નની દીન તે આ સઓસ્યન્તોની દીન છે અને એ પણ સુધારાની દીન હતી, કેમકે દએવયસ્નની (દેવપરસ્તી) ની સામે તેઓએ આ દીન ચલાવી હતી અને એ દીન ઉપરથી પોતાની વધારે સુધારીને સ્વચ્છ બનાવેલી દીન ચલાવવાનું પેગામ્બરને સવલ થઇ પડયું હતું.

ડા૦ હાઉગ મુજબ વેદિક આર્યોથી પહેલીવાર છુટા પડયા પછી ઇરાની આર્યોએ કેટલીક સદીઓ સુધી તેમની જોડે લડત ચાલુ રાખ્યા બાદ જરતોસ્ત પોતાની નવી દીન લાવેલા હોવા જોઇયે, અને અસલ બુતપરસ્તી હજુ સુધી ચાલુ હતી તેને શેવટનો ફટકો લગાવીને તોડી નાખેલી હોવી જોઇયે. સાચો યાને સ્વચ્છ મજદયસ્ની મજહબ એ રીતે જરતોસ્તેજ સ્થાપ્યો અને એ દીનમાં તેની આગમજની અહુરપરસ્તીની દીન કેજે સઓષ્યન્તની દીન હતી તે આમેજ થઇ ગઇ હતી. જરતોસ્ત પોતેબી એક સઓષ્યન્ત હતો એમ હાઉગ કહે છે, કારણ કે પોતાની વાએજો આપતી વેળા તેણે આગળી દીનવાળાઓની પેઠે પવિત્ર આતશને પોતાની સન્મૂખ રોશન રાખ્યો હતો, અને તેની મારફતે પોતાના સવાલોના જવાબો હોરમજ્દ તરફથી મેળવ્યા હતા.[2] સઓષ્યન્ત મહાન ગુરૂઓ અથવા પેગામ્બરો પોતાની સુધરેલી દીન છતાં અનેક ભલા દેવના યાને ઇજદોને માનતા હતા, અને તેમને તેઓ "અહુર" (યાને હયાતી ધરાવનાર) ગણીને દએવો (યાને વેદિક આર્યોના દેવતાઓ)નો તિરસ્કાર કરતા હતા. પણ દેવતાઓ યાને ઇજદો માત્ર માટી કે પથરનાં પુતળાં નથી પણ હૈયાતી ભોગવનારા છે, તથા તેઓ બુરા નહિ પણ ભલા છે, એટલોજ ધર્મ સંબંધી સુધારો સપેતમાન જરતોસ્તને પુરતો જણાયો નહિ. આરાધનાને લાયક અનેક નહિ પણ એકજ દેવતા હોય એમ તેને લાગ્યું અને તેથી એકજ અહુર (યાને હૈયાતી ધરાવનાર) તેને 'મજદ" (યાને મહાજ્ઞાની) નામનો જણાયો, અને તેનીજ પરસ્તેશ તેણે જાહેર કીધી.

આગળા સઓષ્યન્તો

જરતોસ્તની આગમજ અનેક દીન અથવા કાયદા હતા. એવી ઇરાની આર્યોની દીનવાળા તે સઓષ્યન્ત હતા. આગળી દીનવાળા યને તે દીન પાળનારા "પોર્યોદકેશો" કહેવાયા છે. એ આગળી દીનો ગયોમર્દથી ચાલુ થયલી જણાય છે, કેજે પોતાના જમાનાનાં લોકોના જેમ પાદશાહ તેમજ પેગામ્બર પણ હતો. જરતોસ્ત

થયલા ત્રણ ઋષિઓ મધેનો એક અંગિરસ હતો અને અગ્નિએ તેને પોતાનો પુત્ર કરી લીધો હતો, તેથીજ તે અગ્નિની જગા ઉપર કામ કરતો હતો. વળી બીજાઓ મુજબ અગ્નિ પોતેજ અંગિરસનો પુત્ર હતો. સાત મોટા મશ્હુરાત ઋષિઓમાંનો તે એક હતો, અને વળી તે માણુસજાતને ઉત્પન્ન કરનારા દશ પ્રજાપતિઓ મધેનો એક હતો. અર્વાચિન કાળમાં અંગિરસ કાયદા બાંધનારાઓમાંનો એક લેખાયો છે. વળી તે દેવતાઓની પુજા કરનાર ગુરૂ તથા યજ્ઞોનો વડીળ પણ ગણાયો છે. "ભાગવત પુરાણ" પ્રમાણે 'રથીતર' નામે એક ક્ષત્રીને પુત્રો ન હોવાથી તેની બાયડીએ અંગિરસ મારફતે પુત્રો જણ્યા હતા, જેઓ સઘળા અંગિરસનાં વંશજ દાખલ ઓળખાયા છે. આવા ૩૩ અંગિરસ પુત્રો વેદના મુખ્ય ભજનો રચી ગયલા કહેવાય છે.

૧. સુ=ફાયદો કરવો, ફાયદો મેળવવો. આ અવસ્તાઇ ધાતુ ઉપરથી પહેલવી 'સુત' અને ફારસી 'સૂદ' (=ફાયદો, નફો) શબ્દો નિકળેલા છે. આ ધાતુ ઉપરથી સઓષ્યન્ત શબ્દ બન્યો છે, જેનો અસલ અર્થ "ફાયદો કરતો—કરનાર, લોકોનું ભલું કરનાર" થાય છે; અને ત્યારપછી "દીનનો માર્ગ દેખાડનાર, ધર્મ સમજાવનાર, પરહેજગારીમાં કાબેલ, દીનના એલમમાં પુરો, પેગમ્બર," એવા અર્થો નિકળ્યા છે.

૨ Essays on the Parsis, આવૃત્તિ બીજી, સફે ૨૫૮, ૨૯૪—૯૫, ૩૦૧.

પોતેબી પોર્યોદકેશ હતો એમ ફ્રવરદીન યસ્તમાં[1] જણાવેલું છે, માટે જરતોસ્તની આગમજ થઇ ગયલા જે પેગમ્બરો સઓષ્યન્તને નામે ઓળખાએલા છે તેઓ પણ પોર્યોદકેશ ગણાય. હોમ યસ્તમાં[2] આગળી દીન સમજાવનારા સઓષ્યન્તને યાદ કીધા છે, અને તેઓમાંના જેઓએ હોમ ઇજદની આરાધના કરી હતી તેમનાં નામો આપ્યાં છે, તે ઉપરથી જણાય છે કે જમશેદ પાદશાહનો બાપ વિવંઘામ, ફરીદૂન શાહનો બાપ, કેરશાસ્પ પહેલવાનનો બાપ, અને જરતોશ્ત પેગમ્બરનો બાપ પોરૂષસ્પ એ સઘળા સઓષ્યન્ત હતા મી૦ ખ. રૂ. કામા મુજબ 'જેઓ દીન સમજાવતા તેઓ 'સઓષ્યન્તો' કેહેવાતા હતા."[3] એજ રીતે ગયોમર્દ, હોશંગ, તેહમુરસ, જમશેદ, ફરીદૂન, કયકાઉસ, કયખુસરો, હોમ, વગેરે પાદશાહ પહેલવાનો જેઓ એક યા બીજી રીતે પોતાના સમયની પ્રજાઓને દીન સમજાવનારા, રાસ્તીને માર્ગે ચલાવનારા, બદકારી અને જાદુગરી તોડનારા તથા બુતપરસ્તો ઉપર ફતેહ મેળવનારા હતા તે સઘળા સઓષ્યન્ત યાને લોકોને ફાયદો કરનારાજ હતા એમ ગણી શકાય. આવા સઓષ્યન્ત કેટલા હતા, દીન સમજાવનારા અને ફેલવાનારા પેગામ્બર કેટલા હતા, તેમની કશી ગણતરી થઇ શકે એમ નથી. મી૦ ખ. રૂ. કામા જરતોસ્તની આગમજ નીચલા નવને સઓષ્યન્ત તરીકે ગણાવે છે:—ગયોમર્દ, હોશંગ, તેહમુરસ, જમશેદ, ફરીદૂન, કયકાઉસ, કયખુસરો, વાસ્કરીત અને હોમ.[4] આ નવ મધેના ચાર ગયોમર્દ, હોમ, જમશેદ અને વીસ્કર્પતને માટે "અવસ્તામાં ખુલ્લું લખેલું છે કે તેઓને હોરમજદ તરફથી માજદયસ્ની દીન મળી હતી અને તે તેઓએ લોકોને સમજાવી હતી."[5] એરવદ તેહમુરસ દીનશાહજી અંકલેશ્વરિયા પોતે પ્રગટ કરેલી "જરતોસ્ત નામા"ની બીજી આવૃત્તિમાં સફે ૧૮૩-૮૪ માંની પોતાની નોટમાં જણાવે છે કે ઇજસ્નેના ૨૮ મા હાના ૧૦ મા ફકરામાં જરતોસ્તે દીન ફેલાવવાનું પોતે માથે લીધેલું કામ પાર પાડવા માટે શુરૂઆતમાં હોરમજદથી કેટલીએક બક્ષેશો માંગે છે. તેમ કરતાં તે આ મુજબ કહે છે કે—"અમો જેઓ તારી સ્તુતિ કરનારાઓ મધેના **દશમા** એટલે આગળ થઇ ગયલા સઓષ્યન્તોના અનુક્રમમાં દશમી વખ્તના કોશેશ કરનારા છિયે." આ ઇશારા ઉપરથી એરવદ તેહમુરસ સાર ખેંચે છે કે "ઉપલા ફકરામાં જરતોસ્ત પોતાને તથા તેના મુખ્ય મદદગારો ગુસ્તાસ્પ તથા ફરશોસ્તરને પોતાની આગમજ થઇ ગયલા કોઈ નવ સોશ્યંતો સાથે ગણતાં દશમી વારના દીન ફેલાવનારા તરીકે ગણે છે."[6] જો આ સાર બરાબર હોય તો મી૦ કામા જરતોસ્ત આગમજ નવ સઓષ્યન્ત થઇ ગયલા જણાવેછે તે વાતને ટેકો મળે છે.

મી૦ કામાજી મુજબ જેઓ રાસ્તીનો માર્ગ દેખાડી ગયા છે તે સઓષ્યન્ત હતા. દીન સમજાવીને લોકોને ખુદાઇ માર્ગની રોશની આપનાર સઓષ્યન્તો હતા. તેઓ પેગામ્બર તરીકે ઓળખાઇ ગયા છે અને તેજ રીતે અશો જરતોસ્ત દીન ફેલાવનાર, સમજાવનાર, ખુદાઇ માર્ગની રોશની આપનાર સઓષ્યન્ત હતો, માટે તે પણ પેગામ્બર હતો.

સોષ્યોસઃ અવસ્તાઇ બયાન.

જરતોશ્ત પછી કોણ અને કેટલા સઓષ્યન્તો અથવા પેગામ્બર થઇ ગયા તે જણાતું નથી. પણ તેવા એક ભવિષ્યના પેગામ્બર બાબેની

૧ ફકરો ૧૫૨. ૨ ઇજશને, હા ૯, ફ૦ ૨.
૩ "જરતોશ્ત નામુ," ત્રીજી આવૃત્તિ, સફે ૧૬૫.
૪ "જરતોશ્તનામું", ત્રીજી આવૃત્તિ, સ૦ ૧૮૨.

૫ તેજ, એ આવૃતિ પ્રગટ કરનાર તરફની નોટ* સ૦ ૧૮૨–૮૩
૬ તેજ, સફે ૧૬૪, તથા નોટ ૧૪૩મી (સફે ૧૬૫).

આગાહી અવસ્તાવાણીમાંથી મળે છે.[૧] તેનું નામ "સઓશ્યાંસ" (સોશ્યોસ) છે, કારણકે તે ભવિષ્યમાં લોકોને ફાયદો કરનાર છે. તમામ હાડમંદ દુનિયાનું તે તારણ કરનાર છે. વળી તેનું નામ "અસ્તવત્ એરેત" છે, કારણકે તે તન અને જાન ધરાવનાર માનવી હોવા છતાં તેવાજ બીજા માનવીઓનાં દુખની સામે થઇ તેમનો નાશ થવા નહિ દેતાં તેમના જાનનું તારણ કરનાર છે. હાડમંદ પેદાયશને તે પાછી સજીવન કરનાર છે. અવસ્તાવાણીમાં એક ઠેકાણે જણાવ્યું છે કે તે 'એરેદત્ ફ્રેધ્રી' નામની માતાને પેટે જન્મ લેશે. દરૂજની ખસલતના બુરા માણસોની સામે થવા માટે તેમજ અશો માણસોની વિરૂધ્ધમાં ઉત્પન્ન થયલી ખરાબીને દાબી દેવા માટે સોશ્યોસ જન્મ લેશે. વળી બીજે ઠેકાણે જણાવ્યું છે કે આ રીતે દુનિયાને તરોતાજગી ભરેલી કરતી વેળા સોશ્યોસને બીજા છ ગોહિઆઓ મદદ આપશે જેનાં નીચલાં નામો અવસ્તામાંથી મળે છે:— (૧) રઓચશ ચશ્મન (૨) હવરે ચશ્મન, (૩) ફ્રાદત્ ખરેનધ્રૂહ, (૪) વિદત્‌ખરેનધ્રૂહ, (૫) વોઉરૂ મનધ્રૂહ અને (૬) વોઉરૂ સવંધ્રૂહ. આ છ મદદગારો દુનિયાના છ કરશવરામાં પેદા થશે, જેઓ મધેનો પહેલો રોશનચશ્મ અર્જેહ નામે ખંડમાં, બીજો ખુર ચશ્મ સવહ ખંડમાં, ત્રીજો ફ્રાદદ ગદમન ફ્રદદફ્શ ખંડમાં, ચોથો વરેદદ ગદમન વિદદફ્શ ખંડમાં, પાંચમો કામકન્યાએશુ વોઉરૂબરસ્ત ખંડમાં અને છઠો કામફ્રસુત વોઉરૂજરસ્ત ખંડમાં જન્મ ધારણ કરશે. સોશ્યોસ પોતે ખનિરથ બામી નામની ભૂમિ જે સઘળા સરસ છે તેમાં જન્મ લેશે. વળી કહે છે કે તે અને છ સાથીઓ એક બીજા સાથે જુદા જુદા ખંડો ખાનેથી વાતો કરશે અને મસલેહત ચલાવશે. (આજની વિદ્યાની ફતેહ ઉપરથી કહી શકાશે કે તેઓ વીજળીના તારની યા "વાયરલેસ"ની મદદથી એક બીજાના વિચાર વાંચવાના વિદ્યાની મદદથી ગમે એટલા દૂર હોવા છતાં સંદેશા ચલાવી પોતાનું રસ્તામેજ અથવા ફર્ષોગર્દનું કામ બજાવશે. વળી હવાઈ વીમાનો કે બારકસો મારફતે તેઓ એકેકની ભેટ લઇ શકશે.)

સોશ્યોસની મદદમાં તેના બે ભાઇઓ વિશે પણ આપણ વાંચિયે છિયે. તેઓ ઉક્ષ્યત્ એરેત (હોશેદર બામી) અને ઉક્ષ્યત્ નેમંધહ (હોશેદર માહ) નામના છે. તેઓ અને સોશ્યોસ પોતે પેગામ્બર જરતોસ્તના પોતાના બેટાઓ કહેવાય છે, અને જેમ સોશ્યોસની માતાનું નામ એરેદત્ ફ્રેધ્રી કરી મળે છે, તેમ હોશેદર બામીની માનું નામ સ્રતત્ ફ્રેધ્રી અને હોશેદર માહની માનું નામ વંઘુ ફ્રેધ્રી કરી મળે છે.[૫] સોશ્યોસની માતાનું બીજું નામ વીસ્પ તઉર્વઇરી કરી મળે છે, અને તેનું એવું કારણ જણાવવામાં આવ્યું છે કે "જહિ યાને એરેતરૂપી બદીથી ઉત્પન્ન થયલી ખરાબી સામે લડત લડવા માટે દેવથી તથા બુરા માણસોથી ઉત્પન્ન થતી તમામ ખરાબીઓને તોડનાર સોશ્યોસને તે જન્મ આપશે.[૬]

ઉપર આપણ દાનની અને કવાની ખોરેહ વિશે વાંચ્યું છે. એ ખોરેહ શેવટે સોશ્યોસ અને તેના મજકુર સાથીઓ સાથ જોડાશે એમ જણાવવામાં આવ્યું છે,[૭] અને વંચાયું છે કે એ ખોરેહની મદદથી તે "દુનિયાને તરોતાજગી વાળી, નહિ જુની થતી, નહિ નાશ પામતી, નહિ ખરાબ થઇ જતી, નહિ વાસ મારતી, હમેશ સજીવન, હમેશ આબાદ, અને પોતાની મર્જી મુજબ સા-

---

૧ ફરવરદીન યશ્ત (ફ૦ ૧૨૮); જમ્યાદ યશ્ત (ફ૦૮૯—૯૫).

૨ ફરવર૦ યશ્ત, ફ૦ ૧૨૯.

૩ દાદેસ્તાન; ૩૬, ૫-૬ (વેસ્ટનો તરજુમો). આ ગોહિઆઓ આબે જમ્યાદ યશ્ત (ફ૦ ૯૫) માં ઇશારો છે.

૪ ફરવર૦ ય૦, ફ૦ ૧૨૮.

૫ ફરવર૦ ય૦, ફ૦ ૧૪૧-૧૪૨. અહીં આ બન્નેને અશો કન્યા યાને કુમારિકા તરીકે વર્ણવી છે.

૬ તેજ, ફ૦ ૧૪૨. ૭ જમ્યાદ યશ્ત, ફ૦ ૮૯.

હેમી ભોગવતી કરશે, કે જ્યારે ગુજરેલાંઓ પાછાં ઉઠશે, તેમને જિંદગી અને અમરપણું મળશે" ઇત્યાદી. આ ખોરેહ જેમ સોષ્યોસને તેમ તેના છ મદદગારોને પણ મળશે. આ મદદગારોની સંખ્યા ઉપર આપણે છની જોઈ છે, પણ બુન્દેહેશ અને દીનકર્દ નામની પેહલવી કેતાબોમાં તેમની સંખ્યા ૩૦ની જણાવી છે

સોષ્યોસને માટે જમ્યાદ યસ્તમાં જેટલું બયાન છે તેટલું અવસ્તામાં બીજે કેથે નથી. ત્યાં તેને હોરમજદનો દોસ્ત અને ફ્તેહમંદ તોખમનાં ફળ દાખલ ઓળખાવ્યો છે, અને કાંસવ નામની નદીમાંથી તે જાહેર થશે એમ જણાવ્યું છે. તેની ખુબીમાં જણાવે છે કે તે અશોઇના મુલકમાંથી નારાસ્તીને દફે કરશે, અક્કલની આંખથી જોશે, તેની એ નજર તમામ દુનિયાને અમરપણું બક્ષશે. તેના સાથીઓ માટે જણાવે છે[1] કે ફ્તેહમંદ સોષ્યોસના આ દોસ્તો તેનાં મહામારત કામમાં મદદ કરવા માટે બાહેર આવશે, કે જેઓ સઘળા નેક વિચાર રાખનારા, નેક સખુન બોલનારા, નેક કામ કરનારા, ભલી દીન પાળનારા નિવડશે. તેઓ મધેના કોઇની પણ જબાને કદી જુઠો સખુન ઓચરેલો નહિ, એવા તેઓ રાસ્ત અને ભલા સાબેત થશે.

ફ્રષોગર્દ. રસ્તાખેજ, અથવા કિયામત.

કિયામતને દહાડે ગુજરેલાં પાછાં જીવતાં થશે, એવી માન્યતા જરતોસ્તી મજહબમાંજ પહેલી જોવામાં આવે છે. તોપણ એ માન્યતા ગાથામાં નથી—એ માન્યતા વદીદાદ કે યજશ્ને કે વીસ્પરદમાં જણાતી નથી. વળી એ માન્યતા હાદોખ્ત અને આસ્તાદ યસ્તો સિવાય બીજી કોઇપણ યસ્તમાં જોવામાં આવતી નથી. અશો જરતોસ્તની ગાથાવાણીમાં[2] "ફ્રષેમ્ કેરેનાઉન્ અહૂમ્" એવા શબ્દો આવે છે, જેમનો અર્થ એવો થાય છે કે "તેઓ જિંદગીને 'અમર' બનાવે છે." આ ઉપરથી ફ્રષો કેરેત શબ્દ (ફ્રષોગર્દ) બન્યો છે, જેનો અર્થ "તાજું બનાવવું—નવું કરવું." એવો થાય છે. અને ગાથાના એજ શબ્દો ઉપરથી પાછલા જમાનામાં સોષ્યોસ જેવા પેગમ્બરને આવવાની[3] અને ગુજરેલાંને જીવતાં કરી દુનિયા અમર અને તનદુરસ્ત બનાવવાની માન્યતા ઉભી થઇ. વળી વંદીદાદમાં પણ એક ઠેકાણે[3] "સૂશ્યન્તો ફ્રષો કેરેતીમ્." એવા શબ્દ આવ્યા છે, જેમનો અર્થ "ફર આપનારા રસ્તાખેજ"નો કરવામાં આવે છે. એ સઘળાં ઉપરથી ડા૦ હાઉગ કહે છે કે જીવની અમરી અને ગુજરેલાંને સજીવન કરવાની માન્યતા સૌથી પહેલી જરતોસ્તી મજહબેજ શિખાડી છે,[4] અને જરતોસ્તની પોતાની ગાથાવાણીમાંથી તેની ખીલવણી થઇ છે. તે વિદ્વાન જણાવે છે કે આ માન્યતા અવસ્તા જમાનાના ઇરાનીઓએ કોઇ બીજી પ્રજાઓ ઉપરથી લીધી હોય એમ છેજ નહિ.

આટલા અગત્યના ખુલાસા પછી હવે આપણે જોઇએ કે ફ્રષોગર્દ કેવી રીતે થશે. અલબત્ત એ બાબેનું બયાન આપણને અવસ્તાઇ પુસ્તકો ઉપરથી મળતું નથી, પણ કોઇ આગમાં નાશ પામેલાં અવસ્તાઇ નસ્કોને આધારે હોય તેમ બુન્દેહેશ, દીનકર્દ વગેરે પેહલવી પુસ્તકોમાં આ બયાન આપવામાં આવ્યું છે, જેનો સાર નીચે મુજબ છે:[5]

જ્યારે પેગમ્બર હોશેદર માહનો જમાનો આવી પહોંચશે ત્યારે માનવી જાતની ભુખનું જોર ઘટી જશે, ત્યારે માનવીઓ એક વખ્ત ખોરાક લીધાથી ત્રણ દહાડા અને રાત સુધી ખોરાક વિના તૃપ્ત રહી શકશે. આ પછી તેઓ માસનો ખોરાક

---

૧ જમ્યાદ યશ્ત, ક૦ ૯૫.

૨ યજશ્ને, હા ૩૦, ક૦ ૯. ૩ ફરગરદ ૧૯, ક૦ ૫૧.

૪ Essays on the Parsis, સ૦ ૩૧૨—૧૩.

૫ બુન્દેહેશ, બાબ ૩૦.

છોડી દેશે અને અન્નફળ, ભાજી તરકારી અને દુધ પર ગુજારો કરશે: એમ કરતાં વખ્ત જવે તેઓ અન્નફળ તથા દુધ ખાવું તું પણ છોડી દેશે અને એકલાં પાણી ઉપરજ નિર્વાહ કરશે. અને જ્યારે પેગામ્બર સોશ્યોસને આવી પુગવાને દશ વર્ષ બાકી રહેશે ત્યારે માણસજાત સઘળું ખાનપાન છોડી દેશે તોપણ મરણને શરણ થશે નહિ.

એમ કરતાં જ્યારે સોશ્યોસ આવશે ત્યારે તે અને તેના સઘળા સાથીઓ ગુજરેલાંએને સજીવન કરવા માંડશે. આ બાબતમાં બુનદેહશમાં જરતોસ્ત અને હોરમજદ વચ્ચે થયલા સવાલ જવાબ કોઇ નાશ પામેલાં દફતરને આધારે નોંધ્યા છે તે પ્રમાણે જરતોસ્તે પુછ્યું કે—એક માણસનાં શરીરનાં રજકણોને પવન ઉડાવી લઇ ગયો હોય અને પાણી ઘસડી લઇ ગયું હોય તો પછી તે તન પાછું કેવી રીતે આખુ થઇ સજીવન થઇ શકે? હોરમજદ જવાબ આપે છે કે—જ્યારે મેં વગર સ્થંભે આકાશ બનાવ્યો, જ્યારે મેં હાડમંદ જિંદગી સાથની જમીન પેદા કીધી, જ્યારે મેં આફતાબ, માહતાબ અને સેતારાને ચળકતા આકાશમાં ફરતા કીધા, જ્યારે મેં ફરી-ફરીથી પુષ્કળ જથામાં ઉગનો દાનો પેદા કીધો, જ્યારે મેં રંગ બેરંગી ઝાડપાનો પેદા કીધાં, જ્યારે મેં ઝાડપાનમાં અને બાજે બધે ઠેકાણે ગુર્મી વિનાનો આતશ પેદા કીધો, જ્યારે એક માતાનાં પેટમાં બેટા પેદા કરીને તેને મેં રૂપ આપ્યું, જ્યારે મેં પાણીને વહેવા માટે પગ આપ્યા, દુનિયાનું પાણી ભેગું કરીને જ્યાં જરૂર હોય ત્યાં વરસાદ રૂપે વરસાવનારાં વાદળાં પેદા કીધાં જ્યારે મેં ઝડપી ચાલનો પવન પેદા કીધો કે જેને કોઇ પકડી શકતું નથી; ત્યારે શું ગુજરેલાંને હું સજીવન નહિ કરી શકીશ? આ સઘળું પેદા કરવા જેટલી મહેનત ગુજરેલાંને સજીવન કરવામાં નથી, કારણકે જ્યારે શુરૂઆતની પેદાયશ પેદા કીધી ત્યારે તે વેળા જે મુશ્કેલી હતી તેવી આ વેળા નથી. તે વેળા જે કાંઇ ન હતું તે મેં બનાવ્યું હતું; આ વેળા જે કાંઇ છે તેમાંથી નવું બનાવવાનું છે. જે હતું તેમાંથી ગયું બનાવવામાં અશક્ય જેવું શું છે?

આમ હોવાથી સોશ્યોસ સૌથી પહેલાં ગયો-મર્દને સજીવન કરશે પછી મશી મશ્યાનને, અને ત્યારબાદ સર્વ માણસ જાતને. આ કામ સોશ્યોસનાં ૫૭ માં વર્ષમાં બજાવવામાં આવશે. જેઓ નેક હશે અને જેઓ બદ હશે તેઓ સઘળાંને એકસરખી રીતે જિંદગી પાછી મળશે. તેઓનો જીવ જ્યાં ખતમ થયા હશે ત્યાંજ તેઓ પાછાં સજીવન થશે. આ રીતે નવેસરથી જિંદગી ધારણ કીધા પછી તેઓ વચ્ચેનો તમામ તફાવત દૂર થશે અને સઘળાં એકસરખા દરજ્જાના થશે, સૌ કોઇ પોતપોતાનાં માતા, પિતા, ભાઇ, બહેન બાયડી અને છોકરાં બચ્ચાં તથા સગાંસ્નેહી અને દોસ્ત આસ્નાઓને પિછાનશે. પછી સઘળાં પોતપોતાનાં આગળાં નેક અને બદ કામોને જોઇ શકશે. પણ નવી જિંદગીમાં બદ માણસ એકદમ ઓળખાઇ આવશે, જે મિસાલે કે સફેદ મેંઢો કાળાં મેંઢાંઓમાં ઓળ-ખાઇ આવે છે. તે વખ્તે બદ માણસ પોતાની ખેજાલત જઇને જે ભલો માણસ પોતાનો દોસ્ત હશે તેને પુકાર કરી કહેશે કે ભલાં કામોથી તેં દુનિયામાં મને વાકેફ કાં નહી કીધો? આ પછી નેક માણસોને બદ માણસોથી છુટાં પાડીને પહેલાંઓને બહેસ્તમાં અને બીજાઓને દોજખમાં મોકલવામાં આવશે. ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી આ સ્થિતિમાં સઘળાં રહેશે. એ પછી ધાતુની નદીમાંથી સઘળાંને પસાર થવું પડશે; જેઓ ભલા હશે તેમને ગરમ દુધમાં ચાલતાં હોય તેવું લાગશે, પણ બદ માણસોને તો ખખળની ધાતુમાંથી ચાલવા જેવુંજ લાગશે આ નદીમાંથી બાહેર નિકળ્યા પછી સોશ્યોસ પોતાનાં સાથીઓ જોડે યજશ્નેની

ક્રિયા કરશે, જે વેળા "હધયોશ" નામે બળદ (કેજેને સરસઓક પણ કહે છે તે ને કાપી તેની ચર્બી તથા સફેદ હોમમાંથી "હુશ" નામનો અમર્ગીનો શરાબ બનાવવામાં આવશે, કેજે પીધા પછી સઘળાં માણસો સદાને માટે અમર બનશે. સઘળાં પોતપોતાનાં બચ્ચાં છોકરાં સાથ જિંદગી ભોગવશે, પણ તેમને પેટે ફરજંદ હવે થશે નહિ. આ પછી દુનિયામાંથી બદી નાબુદ થશે.

ઉપલા સાર ઉપર કશી પણ ટીકા કરવાની જરૂર નથી. ભવિષ્યની વાત જાણવાનો દાવો કરવાને કોઇપણ વિદ્વાન શક્તિવાન નથી.

જરતારતની આગમજના પેગામ્બરો

પેગામ્બર અશો જરતોસ્તની આગમજ નવ સોષ્યન્તો થઇ ગયા તે સઘળા પેગામ્બરો હતા. જરતોસ્તની નવી સુધારેલી દીન હોરમજદી-જરતોસ્તી ('મજદયસ્ની જરથુસ્ત્રી')ને નામે ઓળખાય છે, પણ પેગામ્બર સાહેબની આગમજની દીન એકલી "મજદયસ્ની" ને નામે ઓળખાઇ હતી, અને બીજા કોઇ પણ પેગામ્બરો કે સોષ્યન્તોનાં નામ તેની સાથે જોડાયલાં ન હતાં. આગળી દીન એક નહિ પણ અનેક હતી, અને તે પાળનારા સઘળાઓ "પઓઇર્યો-ત્કએષ" યાને પહેલી દીનવાળા ગણાતા હતા. જરતોસ્તી દીન બીજી સર્વ દીનો કરતાં બુલંદ છે એવું અવસ્તાવાણીમાં વારંવાર અનેક ઠેકાણે જોવામાં આવે છે તે પરથી જણાય છે કે આગળા જમાનાઓમાં ઘણી દીન[1] ચાલી હશે. આ અનેક દીનો મધેની એક તે હોવી જોઇયે કે જે ઇરાની આર્યો અને હિંદ આર્યો જ્યારે એકબીજાની જોડે વસતા હતા ત્યારે તેઓ પાળતા હતા. આ દીન મધેની કેટલીક વાતો ઇરાની આર્યોને પસંદ પડી ન હશે તેથીજ તેઓ પોતાના ભાઇબંધોથી જુદા પડયા હશે, અને પોતાની મજદયસ્ની દીન બરપા કીધી હશે, કેજે મજદયસ્ની દીનમાં ઘણા એક સુધારો કરીને અશો જરતોસ્તે પોતાની દીન સ્થાપી હતી.

હવે જે પહેલા પેગામ્બરો હતા તેઓનાં નામ નીચે મુજબનાં જોવામાં આવે છે:—૧ ગયોમર્દ; ૨—હોશંગ; ૩—તેહમુરસ; ૪—જમશેદ; ૫—ફરીદુન; ૬—કયકાઉસ; ૭—કયખુસરો; ૮—વિશ્કરીસ; અને ૯—હોમ.

ગયોમદ ગયોમર્દ માટે સાધારણ રીતે એમ મનાય છે કે તે સઉથી પહેલો આદમી હતો. અવસ્તા મુજબ સઉથી પહેલો પુરૂષ જે દીનની રાહે ચાલ્યો તે ગયોમર્દ હતો, પણ જો ગયોમર્દ સઉથી પહેલો આદમ હોય તો તેના અને આપણા જમાના વચ્ચે લાખો વર્ષનો અંતર પડવો જોઇએ વળી સઉથી પહેલા આદમીઓ એટલીબધી અજ્ઞાન અને જંગલી હાલતમાં હતા કે તેઓ દીનની રાહે ચાલવું તે શું તે મુતલક સમજી શકે નહિ. એટલામાટે આપણને એવાં શેરટ ઉપર આવવું વાજબી છે કે ગયોમર્દ તે કાંઇ સઉથી પહેલો પેદા થયલો આદમી નહિ, પણ માણસજાતની સુધરેલી હાલત થયા પછીનો પહેલો સુધરેલો આદમી હશે. ગયોમર્દથી સોષ્યોસ સુધીના તમામ અશો

[1] મર્હુમ એરવદ તેહમુરસ દીનશાહ અંકલેસરીયા મી૦ ખ૦ રૂ૦ કામવાળાં "જરતોશતનામાં"ની બીજી આવૃત્તિમાં પોતાની તરફથી અનેક દીનોના સંબંધમાં જાણવાજોગ ખુલાસો કરે છે. ઇજશ્નેના ૪૬ મા હાના ૬ ઠા ફકરામાં 'દએનાઓ' બોલ છે તેનો અર્થ મી૦ કામાજીએ "દીનો" કીધો છે, પણ એ૦ તેહમુરસ સમજાવે છે કે એ ઠેકાણે ઉપલા શબ્દનો અર્થ અષ (રાસ્તી) અને દરૂજ (નારાસ્તી) વચ્ચેનો તફાવત પીછાનવાનો થઇ શકે છે, પણ દીન=ધર્મનો અર્થ લાગુ પડતો જણાતો નથી. વળી ફરવરદીન યશ્તના ૭૪મા ફકરામાં પણ એકથી વધારે દીનોને આરાધવાનું મી૦ કામાજીને લાગ્યુ છે, પણ એ૦ તેહમુરસ સમજાવે છે કે આ ઠેકાણે "દએનાઓ" શબ્દની આગમજ "આસ્નાઓ" (=જાણવા તથા સમજવાની શક્તિ)અને "મનાઓ" (=વિચાર) એવા બે શબ્દો આવેલા છે તેથી એ ફકરામાં "દએનાઓ"નો અર્થ ધર્મ નહિ પણ "અંતઃકરણ"નો થઇ શકે છે, કે જેની મદદથી અશોઇ અને નારાસ્તી વચ્ચેનો તફાવત પિછાની શકાય છે.—જરતોશત નામું, બીજી આવૃતિ, સ૦ ૧૬૨ની નોટ.

લોકોનાં ફરાહરોને ઇજસ્નેમાં યાદ કીધાં છે અને આરાધ્યાં છે તે સુધરેલી સ્થિતિ પછી-નાંજ અશો લોકોનાં ફરોહર હોવાં જોઇએ. સૌથી પહેલી દીનવાળાઓ અને હોરમજદી શિખામણ સૌથી પહલી સાંભળનારાઓમાં ગયોમર્દ બેશક સૌથી પહેલો હશેજ; અને ફરવરદીન યસ્ત મુજબ તેમજ હતું, કારણકે ત્યાં જણાવ્યા મુજબ હોરમજદના વિચાર અને સખુનોને તેણેજ સૌથી પહેલા સાંભળ્યા (એટલે કે હોરમજદ વિશેની પહેલી કલ્પના–પહેલો વિચાર–તેનાથીજ ઉત્પન્ન થયા, અને તેણેજ એ વિચાર બીજાઓમાં જાહેર કરી તેમને હોરમજદી તરીકા ઉપર ખેંચ્યા). વળી એજ ઠેકાણે વિશેષ એમ જણવ્યું છે કે ગયોમર્દથી ઇરાની મુલકના નાભ (યાને કુટુંબ અથવા સિલસિલો) અને મુલકનાં નોખમ ઉત્પન્ન થયાં. આનો ખુલાસો અમો એમ સમજિયે છિએ કે આ વખ્તથી અર્ય અથવા આર્ય તાયફાની ઉત્પત્તિ થઇ હશે. એક સુધરેલો માનવી બીજા અર્ધ સુધરેલાઓને જો પોતાના વિચાર મુજબ ચલાવી શકે તો તે માનવી તેઓના ધર્મગુરૂ, વડો, સરદાર, કે પાદશાહ ગણાવા પામે. આ રીતે જેમ ગયોમર્દ પાદશાહ હતો તેમ ગયોમર્દ પેગામ્બર પણ હતો, અને મજદયસ્ની દીન જો તેણેજ બરપા કીધી હોય તો મઝદનો મજહબ પહેલો ફાહેશ કરનાર તેજ હતો, અને તેથી મજદયસ્ની દીનનો પહલો આદમ તે હતો.

હોશંગ-હોશંગની પેગામ્બરીને પણ ઉપલીજ સમજણથી સમજાવી શકાશે. તેના સમયમાં જાદુગરો અને પરીક લોકોનો દોર ઘણો વધી ગયો હતો, અને માજંદરાન તથા ઘીલાનના પ્રાંતોમાં એટલી બધી ખરાબી ચાલતી હતી કે ત્યાંના લોક "દએવ" યાને દેવને નામેજ અવસ્તાવાણીમાં ઓળખાઇ ગયા છે. આમ હોવાથી હોશંગે જાદુગરોવાળા મુલક જીતી લીધા, અને માજંદરાન (માજન્ય)ના દેવો તથા ઘીલાન (વરેન્ય)ના દુર્વંદો (દ્રવન્ત) ને એટલા બધા ફના કીધા કે તેમની વસ્તીનો ત્રીજો ભાગજ બચી જવા પામ્યો. જાદુગરની સાથે જુઠાઇ અથવા નારાસ્તીને સંબંધ હોય છે. જાદુઇ બદમનસ્તીથી ઉત્પન્ન થતી ગણાય છે, માટે જાદુગરો દુષ્મત યાને ખરાબ વિચારવાળા અને પછી ખરાબ સખુન બોલનારા અને ખરાબ કામ કરનારા હોય છે. એવા લોકોનાં આ કામો મજદને લગતાં ભલાં શિક્ષણથી ઉલટાં હોવાથી તેઓની બદકારી તોડનાર પાદશાહ હોશંગ પેગામ્બર દાખલ લેખાયો છે.

તેહમુરસે હોશંગ પછી જે બદકારી બાકી રહી હતી તે સઘળી નાબુદ કીધી, અને ત્રીશ વર્ષ સુધી હારેમન ઉપર ઘોડાની માફક સવારી કરીને તેને પોતાના તાબામાં રાખ્યો, એટલે કે એટલી મુદ્દત સુધી બદકાર દેવો અને દુર્વંદો માથું ઉચકવાને કેવળ અશકત હતા અને તેઓને સદા પોતાના જાન માટે બીવું પડતું હતું. હારેમન ઉપર સ્વારી કરવાનો ભાવાર્થ એ છે કે બદકાર લોકો જેવા કે દેવો, દુર્વંદો, જાુલમગારોની બદીને તેહમુરસે સદંતર દાબી નાખીને તેવા લોકોને પોતાની દીનમાં લીધા હતા અને તાબે રાખ્યા હતા.

જમશેદ—જમશેદના સંબંધમાં વંદીદાદમાં જણાવે છે કે અહુરમજદે તેને પોતાની દીન ફેલાવવા માટે પસંદ કીધો, પણ જમશેદે મજદયસ્ની દીનનો ફેલાવો કરવાના સંબધમાં પોતાની કમશક્તિ બતાવી હતી. જો એમજ હોય તો જમશેદ જેમ પાદશાહ હતો તેમ પેગામ્બર પણ હતો એમ કહેવાય નહિ. છતાં જમશેદે હોરમજદના પસંદ કીધેલા ખાસ પેગામ્બરને બદલે ઉપર જણાવેલા બીજા સોષ્યન્તો યાને દીન ફેલાવનારાઓની માફક પોતાના મુલકમાંથી બદી અને દુર્વંદીનો નાશ કીધેલો જાવો જોઇયે. તેણે આવાં ઇજદ કનેથી જે અર્જગુજારી કીધી હતી તે ઉપરથી

---

૧. હા ૨૬, ક૦ ૬૦. ૨ ક૦ ૮૭.

જણાય છે કે તમામ દેશોના દેવો, પાપી માણસો, જાદુગરો, પરીઓ, જુલ્મગારો, કીક યાને જોતી આંખે આંધળાઓ અને કરપ યાનો છતે કાને બહેરાઓ ઉપર સૌથી સરસ હકુમત મેળવીને તેમને આજેજ કીધા તથા સઘળાઓ કનેથી દોલત, ફાયદો, વૃધ્ધિ, કીર્તિ વગેરે સર્વ સારૂં હતું તે જીતી લીધું.

ફરીદૂન—ફરીદૂને જહાક જેવો બદદીનવાળો અને મૂર્તિપૂજક દીન દુશ્મન, કેજે ઇરાની આલમનો ધણી થઇ બેઠો હતો, તેના ઉપર ફતેહ મેળવીને મજદયસ્ની મજહબ પાછો ચાલુ કીધો હતો, માટે એ પાદશાહ પણ પેગામ્બરી દરજજે પહોંચ્યો છે. જહાકને મૂળ આર્ય તાયફાના લોકો સાથ કશો સંબંધ જણાતો નથી, એ ખરૂં છે. પણ ઇરાની આર્યોમાં ફરીદૂનનું જે નામ 'થ્રએતઓન' મળે છે તે વૈદિક આર્યોના એક રાજા 'ત્રૈતન'ને મળતું છે. ફરીદૂનની સરખામણી આ ત્રૈતન સાથ અનેક રીતે થઇ શકે એમ છે, અને બન્નેનાં ખાન્દાનનું નામ (આથ્વ્ય=અપ્ત્ય) પણ એકજ છે. ફરીદૂને જહાક જેવા દીન દુશ્મનને મારવાની વાત અનેક પુરાણી પ્રજાઓમાં પ્રસરેલી જણાય છે. એ વાર્તાને મળતી બિના યુનાનીઓ અને ઇજીપ્શ્યનોની દંતકથાઓમાંથી પણ મળી આવે છે, જે બાબે અમે બીજી જગાએ લંબાણ ખુલાસા આપેલા છે.[1] ફરીદૂને જહાક જેવા ત્રણ માથાં અને છ આંખવાળા સર્પને માર્યો તેની સમજણ એજ લેવાની છે કે તેણે જમશેદ પછી ઇરાનમાં ચાલુ થયલા પરદેશી અમલનો નાશ કીધો હતો. પણ એવાજ પરદેશી હુમલા પાછળથી ઇરાન ઉપર થવા લાગ્યા હતા તે વંદીદાદ ઉપરથી જણાય છે. તેમાં[2] જણાવ્યા પ્રમાણે જ્યારે ફરીદૂન જેવો બહાદુર વરેન (ધીલાન) માં જન્મ પામ્યો ત્યારે ઇરાન ઉપર અન-આર્ય હુમલાઓ[3] ચાલુ થયા હતા.

કયકાઉસ—ફરીદૂન પછી પેગામ્બર દાખલ કયકાઉસ પાદશાહનું નામ જણાવેલું છે. શાહનામા મુજબનું કયકાઉસનું તમામ બયાન પાછળા સફાઓમાં આગળ ચાલતાં આપણે જોઇશું, જેમાં તે ધર્મના રક્ષક હોય, ધર્માધ્યક્ષ હોય, પેગામ્બર હોય, એવું કશું જણાવેલું નથી. તોપણ તેણે પોતાની બાજુનાં બળથી જાદુગરો, પરીઓ, દેવો અને બદ માણસોને જેર કીધા હતા, માટે તેમ કરીને તેણે મજદયસ્ની મજહબની સેવા બજાવેલી ગણાય. આવાં વસ્ત મુજબ તેણે ઉપલાઓ ઉપરાંત કરપ અને સાતર (જુલ્મગાર) ધણીઓનો સંહાર કર્યો હતો.

કયખુસરો—એજ રીતે આ પાદશાહે પણ ઉપલા સઘળા ખરાબ માણસોનો નાશ કર્યો હતો યા તેમને તાબે કરી સારા રસ્તા ઉપર આણ્યા હતા. સૌથી મોટો અને ઘણોએક બદકારોનો પાદશાહ તુરાની અફ્રાસિયાબ મનયો છે, તેને કયખુસરોએ માર્યો હતો, તુરાનને ઇરાન સાથ જોડી નાખ્યું હતું, અને એ રીતે મજદયસ્ની દીનની બારી સેવા બજાવી હતી. આ અફ્રાસિયાબ સબંધી અવસ્તામા જે બયાન જણાય છે તેનો સાર એ છે કે તેણે અનેક મરતબે કયાની ખોરેહ યાને ઇરાનની હકુમત મેળવવાની કોશેશ કીધી હતી, જેમાં તે ફાવ્યો ન હતો. વળી તેણે ઇરાનની નદીઓના માર્ગ ફેરવી નાખી ત્યાંનાં લોકોને મળતું પાણી બંધ કીધું હતું, પણ તે માર્ગો પાછળથી પાછા ખુલ્લા કરવામાં આવ્યા હતા. શેવટે કયાનીઓ સાથની છેલ્લી લડાઇમાં મોટી હાર ખાઇ તે ચએચેસ્ત સરોવર તરફ નાઠો હતો, જ્યાં હોમ ફ્રાષ્મિ નામે પરેહજગાર મર્દે તેને પકડયો હતો અને કયખુસરોએ તેને જબે કીધો હતો.

1 જુઓ નૂરે એલમ, પુ૦ માં આ લખનારની દંતકથાઓ ઉપરથી ઉપજાવેલી વાર્તા નામે "શત્રુજીત."

2. ફરગ૦ ૧, ફ૦ ૧૮.

3 તરજુમો કરનારા 'હુમલા' ને બદલે 'મર્કી' જણાવી ગયા છે.

વીશ્કરીપ્ત—આઠમો પેગમ્બર નવાઇ જેવાં નામનો છે. એનાં સંબંધમાં અવસ્તા ઇથી કશો જાણવાજોગ ખુલસો મળતો નથી. વદીદાદ મુજબ[1] જમશેદે જગરેલ આગમજ જે નવું સંસ્થાન વસાવ્યું હતું ત્યાં જેણે દીન ફેલાવી તેનું નામ વીશ્કરીપ્ત હતું. આ કોઇ આદમીજાદ નહિ પણ પક્ષિરૂપ હતો એવું સમજાવામાં આવ્યું છે. જમશેદે જ્યારે હોરમજદી દીન ફેલાવવાનું કામ મુશ્કેલ જાણીને ના પાડી ત્યારે વીશ્કરીપ્ત નામના કોઈ ધણીએ મજદયસ્ની દીન એ પાદશાહનાં નવાં સંસ્થાનમાં ફેલાવી હશે.

હોમ—નવમા પેગામ્બર હોમ વિશે કેટલીક જાણવાજોગ બિના મળે છે. હોમની ક્રિયા મજદયસ્ની દીનમાં દાખલ કરનાર આ પેગામ્બર પોતેજ હતો. ડૉ૦ હાઉગ આ રીતે હોમ શબ્દ એક પુરૂષને અને એક વનસ્પતીને લાગુ પાડી જાય છે. જે વસ્તુને છુંદી, તેનો રસ કહાડી પીવામાં આવતી તેને જેમ અસલી ઇરાનીઓ હોમ કહેતા હતા, તેમજ એ વસ્તુ પીધા પછી શરીરમાં જે જુસ્સો ઉત્પન્ન થતો તેને પુરૂષનું રૂપ આપીને તેઓ તેનેબી હોમને નામે ઓળખતા હતા. આ રીતે જોતાં હૈયાત વસ્તુ ઉપરથી એક કલ્પિત ઇજદની ઉત્પત્તિ કરવામાં આવી હતી એવું હાઉગનું મત છે. પણ શું ખરેખર તેમજ છે! મી૦ ખ. રૂ. કામા પોતાનાં "જરથોસ્ત નામાં"[2] માં આ બાબત જુદીજ રીતે સમજાવે છે. તેમના જણાવ્યા પ્રમાણે ઇજસ્નેનો ૯ મો અને ૧૦ મો હા હોમની બાબતમાં લખાયલો છે તેમાં કેટલેક ઠેકાણે જેમ હોમના રસની બિના છે તેમ કેટલેક ઠેકાણે હોમ નામના પેગામ્બરની બાબત છે. હાઉગ જેને ઇજદ કહે છે, અને સાધારણ રીતે "હોમ ઇજદ" નેજ નામે આજે પણ ક્રિયાઓ વેગા ઓળખાય છે તેને મી૦ કામા હોમ તરીકે લે છે. ઉપલા હાઓમાં જરતોસ્ત અને હોમ વચ્ચે થયલા સવાલ જવાબ ઉપરથી મી૦ કામા જવાબ આપનારને હોમ ઇજદ નહિ પણ હોમ પેગમ્બર ગણે છે, કારણ કે ઉપલા હાઓમાં જણાવ્યા પ્રમાણે જરતોસ્ત જેને સવાલો કર્યા હતા તે કોઇ "નર" યાને માણસ હતો, કાંઇ "યજત" યાને ઇજદ કે અમશાસ્પંદ ન હતો. મી૦ કામાની આ સમજણ ધ્યાન પુગાડવા જોગ છે. વળી જો હોમ કોઇ ઇજદ યાને ફરેસ્તો હોત તો જરતોસ્ત તેને એમ નહિ કહેત કે "મેં તને આ દુનિયામાં ઘણીજ ઉત્તમ જિંદગીવાળો જોયો." જ્યાંસુધી હોમ કોઇ "નર" નહી હોય ત્યાંસુધી તે આ દુનિયામાં ઉત્તમ જિંદગી ગુજારેજ નહિ, કારણ કે ઇજદો અને અમશાસ્પંદો મિનોઇ જિંદગી ગુજારનારા લેખાયા છે. જોકે અનેક ઠેકાણે હોમને આરાધ્યો છે, વખાણ્યો છે, તોપણ તેને કોઇપણ ઠેકાણે "યજત", યાને ફરેસ્તો જણાવ્યો નથી. મી૦ કામા વધુ એમ સમજાવે છે કે અવસ્તાવાણીમાં કેઠે કેઠે જરતોસ્ત જેવા માનવીને "ઇજદ" જણાવી માન આપ્યું છે, પણ હોમને તેવું માન આપ્યુ નથી. જો તે ફરેસ્તો હોત તો તેવું માન તેને બેશક અપાત; પણ પેગામ્બરોમાં તે જરતોસ્ત કરતાં ઉતરતો હતો માટે તે "ઇજદ" ગણાયો નથી.

અમારી શંકા એટલીજ છે કે અવસ્તાવાણીમાં એક પણ આદમજાદને માટે ખાસ યસ્ત કે આરાધણા જોડાયલી જણાતી નથી. ત્યારે હોમ જેવા એક પેગામ્બરને માટે તે શા માટે જોડાય? જરતોસ્તને "ઇજદ" કહ્યા છે ખરો, તોપણ તેને માટે કોઇ યસ્ત, કે હા, કે પરગરદરૂપે અવસ્તાઇ લખાણ રચાયલું ઓળખાયું નથી. ત્યારે હોમ જેવા એક "નર"ને માટે તે કાં રચાય? બીજું એ કે હોમ જો માનુંવીજ હોય, અને તે શાહ જમશેદની આગમજ થઇ ગયો હોય, તો તે છેક અશો જરતોસ્તના જમાના સુધી હૈયાત

---

૧ પરગ૦ ૨, ક૦ ૪૨.

૨ જરથોસ્ત નામું, બીજી આવૃત્તિ, સફે ૧૭૨.

રહેવા પામે એ બહુ અસંભવિત લાગે છે. ખરી વાત છે કે જમશેદ, ફરીદૂન વગેરે પાદશાહનો અમલની મુદત સેંકડો વર્ષની જણાવેલી છે, પણ તેની સમજણ એમ આપી શકાય છે કે તેમના વંશના બીજા શાહોના અમલનો સમાસ તેઓનાજ અમલમાં કરવામાં આવ્યો હશે અને તેથી સેંકડો વર્ષો એકજ જમશેદ અને એકજ ફરીદૂને રાજ્ય કરેલું ગણાયું હશે. તેજ સમજણ હોમ પેગામ્બરના સંબંધમાં આપી શકાશે નહિ. અસલ હોમ પછી કાંઇ તેના વંશજો એજ નામે ઓળખાયા હોય અને તેવા એક વંશજના સમયમાં અશો જરતોસ્તને તેની સાથે સવાલ જવાબ થયા હોય એમ માનવું કે મનાવવું કેવળ અશક્ય છે.

પણ બીજા હાથ ઉપર મી૦ કામાજીની સમજણને વધુ ટેકા મળી શકે એમ છે. ઇજસ્ને પ્રમાણે[1] સરોષ ઇજદને હોમે અલબુર્જ પહાડની ઉંચામાં ઉંચી ટોંચ ઉપરથી ઇજ્યો હતો. હવે જો હોમ ખરેખર ફરેસ્તો હોય તોજ આમ બની શકે. સરોષ જેવા એક ફરેસ્તાએ હોમ જેવા બીજા ફરેસ્તાને આરાધવાનો આ એકલોજ એવો દાખલો છે. વળી ઉપલેજ ઠેકાણે હોમના સંબંધમાં એવું જણાવ્યું છે કે તે નેક સખુનવાળો, "પાપો" ના સખુનવાળો, "પઇરિગા"ના સખુનવાળો માંથ્રનાં પુરાતનપણા તથા તમામ આરાસ્તગી ભરેલી, સંપુર્ણ શરેહ સાથની દાનાઇની રાહે ચાલનારો હતો. હોમની આ સિફત બતાવે છે કે તે કોઇ ઇજદ નહિ પણ આદમ હતો. દાનાઇની રાહે ચાલનાર દુનિયામાં એક આદમીજ હોય શકે. ઇજદો અને ફરેસ્તાઓને તેવી રાહની ગર્જ હોતી નથી, કેમકે તેઓ તો સર્વ વાતે સંપૂર્ણ ગણાયલા છે. ઉપલાં વર્ણનમાં જે 'પાપો' અને 'પઇરિગા' શબ્દ આવ્યા છે તેમના સંબંધમા મી૦ કામા ધારેછે કે એ નામના બે ગ્રંથો હોમ પેગામ્બરના રચેલા હશે. જેમ જરતોસ્ત ગાથાવાણીમાં જણાવી જાય છે કે સરોષ ઇજદ મારફતે તેને હોરમજદની બશારત થતી હતી તેમ ઇજસ્નેનાં મજકુર લખાણમાં જણાવ્યા મુજબ હોમને સરોષ મારફતે બશારત થતી હતી. સરોષ યસ્ત[1] ઉપરથી મી૦ કામા એવો સાર ખેંચે છે કે "એ પેગમ્બર (હોમ) અલબુરજ પાહાડ ઉપર રહીને સરોષ યજદની મારફતે દીનની આગાહી મેલવતો હતો અને તેનાં ફલમાં તેણે 'વૈયાઓ,' 'પાપો વચાઓ,' 'પઇરિગા વચાઓ'. નામના નસ્કો બનાવ્યા હતા." [2]

આગળ ચાલતાં આ વિદ્વાન લખી જાય છે કે આપણી પાસે ૨૧ નસ્કો યાને પુરાતન દફતરોનાં નામ હૈયાત છે તેઓમાંના બે દફતરોને 'પાજે' અને 'બરેશ' ને નામે ઓળખાવેલાં છે. આ બેમનાં પહેલાંને એરવદ શેહરીઆરજી દાદાભાઇ ભરૂચા નામના હૈયાત કામેલ ધર્માભ્યાસીએ 'પપો' સાથ અને બીજાને 'પઇરિગા' સાથ સરખાવ્યું છે.[3] મી૦ કામા લખે છે કે "હોમ પેગમ્બરે ખચીત કોઇ નસ્કો બનાવ્યા હશે. કાંએ જે આખા અવસ્તામાં નસ્કનો બોલ હાવનીમના હામાંજ આવે છે અને ત્યાં લખી જાયછે કે જેઓ ઘરમાં બેઠા નસ્કો પઢે છે તેઓને હોમ દહાપણ અને અકકલ બખશે છે. એ નસ્ક ધાર્યા પ્રમાણે હોમના બનાવેલા 'પાજે' તથા 'બરેશ' હશે. હોમે ગાથાની એબારતમાં નસ્કો બનાવ્યા હતા. એવું ૧૦ મા હામાં જણાવે છે."[4]

આ રીતે હોમને એક ઇજદને બદલે એક પેગામ્બર દાખલ ગણવાના ટેકામાં એક વધુ પુરાવો આ છે કે એક ઠેકાણે[5] જણાવ્યા મુજબ ભલી માજદયસ્ની દીન અહુરમજદે હોમને

---

૧ હા ૫૭, ફ૦ ૧૯

૧ ફકરે ૧૯.
૨ જરતોસ્તનામું (બીજી આવૃત્તિ), પાને ૧૭૪
૩ તેજ.
૪ તેજ, સ૦ ૧૭૪-૭૫. ઇજશ્ને, હા ૧૦, ફ૦ ૧૮.
૫ ઇજશ્ને, હા ૯, ફ૦ ૨૬.

શિખવી હતી, એમ અશો જરતોસ્ત પોતે બોલે છે. જરતોસ્તને જેમ હોરમજદે સરોષ મારફતે દીન શિખવી હતી તેમ. હોમને પણ શિખવવામાં આવી હતી ત્યારે તો તે શિક્ષણ મેળવનાર તે એક માનવીજ હોવો જોઈયે, કારણ કે કોઈ ફરેસ્તાએ મિનોઇ જેહાનથી ઉતરી આવીને આ દુનિયામાં દીન શિખવવાનો દાખલો અવસ્તાવાણીમાંથી મળતો નથી. મી૦ કામા હોમને એક ફરેસ્તો નહિ પણ પેગામ્બર લેખવાની પોતાની તકરારના ટેકામાં વધુ એમ જણાવી જાય છે. કે જેમ જરતોસ્ત અથોરનાન હતો તેમ હોમ પણ હોય એવું એક ઠેકાણે ચોક્કસ ઇશારા ઉપરથી લાગે છે. હોમને વિદ્યાનો ધણી કહ્યો છે, તેનાં શિક્ષણ (નસ્કોના અભ્યાસ) પ્રમાણે ચાલ્યાથી ગરીબ માણસ પણ મોટું ડહાપણ મેળવે છે; તેથીજ પુષ્કળ લોકો ડાહ્યા અને વાકેફગારી ધરાવનારા થાય છે. એ સઘળાંનો ભાવાર્થ એજ કે હોમના નસ્કોમાં શિખવેલી દીન મુજબ ચાલ્યાથી ડહાપણ અને વાકેફગારી મળતી હતી. વળી ઇજસ્નેમાં એક ઠેકાણે હોમ તથા જરતોસ્તનાં માથ્રને યાદ કીધાં છે, તે બતાવે છે કે જેમ જરતોસ્ત માનવી હતો તેમ હોમ પણ માનવીજ હતો કે જેણે જરતોસ્તની માફક (પણ તેની ઘણું આગમજ) માંથ્રવાણી બનાવી હતી. છેલ્લે મી૦ કામા પોતાની સરખામણી પુરી કરતાં કહે છે કે જેમ જરતોશ્તનો એલકાબ 'અષવ' (અશો) છે "તેમજ દુરઓષ હઓમ, કે જેને હું પેગામ્બર ધારૂં છું, તેનો એલકાબબી 'અષવ' (અશો) છે."

હોમ પહેલવાન—આ ઠેકાણે એક ત્રીજા હોમને યાદ કરવાની જરૂર છે. હોમના રોપા અને રસને લગતું તથા હોમ પેગામ્બરને લગતું બયાન આપણે જોયું; પણ એવું જણાય છે કે હોમ નામનો એક પહેલવાન પણ હતો. તે તો ખરેખર ઇનસાન હતોજ. અવસ્તાવાણીમાં એક "હઓમ જાઇરિ" બોલ મળે છે, જે રોપાને કુટીને રસ કહાડવાની ક્રિયા માટેનો હશે, બીજો "હઓમ ફ્રાષ્મિશ" તે હોમ પેગામ્બર તથા પહેલવાન હશે, અને ત્રીજો બોલ "હઓમ દૂરઓષ" તે હોમ પેગામ્બર હોય એમ મી૦ કામા ધારે છે.[4] આ હોમ પહેલવાન વિશે અવસ્તાવાણીમાંથી આપણને અનેક ઇશારા મળે છે, પણ તે ઇશારા હોમ પેગામ્બર તેમજ પહેલવાન એ બન્નેને લાગુ પાડી શકાય એવા છે. દાખલા તરીકે ગોશ યસ્ત[5] મુજબ હોમ ફ્રાષ્મિએ અલ્બુર્ઝ પહાડ ઉપરથી ગોશ ઇજદને આરાધીને એવી મુરાદ માંગી કે "હું ખૂની તુરાની અફ્રાસિયાબને બાંધું અને પાદશાહ કયખુસરો આગળ લઇ જાઉં, કેજે તેને ચયચેસ્ત સરોવરની પેલી બાજુએ જુલ્મથી માર્યા ગયલા સિયાવશના કીનમાં તથા નર ખાન્દાનના શૂરા અગ્રેરસના કીનામાં ઠાર કરે." આ મુરાદ બર આવી હતી, અને શાહનામા મુજબ હોમ નામના શાહ ફરીદૂનની ઓલાદના પહેલવાને અફ્રાસિયાબને પકડી કયખુસરો આગળ હાજર કીધો હતો. આ રીતે હોમ નામનો એક શુરવિર પણ હતો એમ જણાય છે, તોપણ અવસ્તાવાણી મુજબ તો જે પેગામ્બર હતો તેજ પહેલવાન પણ હતો.

ગમે તેમ હોય, પણ ત્રણ હોમ હતા, અને તે ત્રણ જુદા હતા એવું જણાય છે, કારણકે એક ઠેકાણે[6] જણાવ્યા મુજબ એક લીલા રંગનો, તાજો, જરગુન (સોનેરી) હોમ (જાઇરી) હતો, બીજો દુનિયાની વૃદ્ધિ કરનાર હોમ (ફ્રાષ્મિશ) હતો, અને ત્રીજો આજારને દૂર કરનાર હોમ (દુરઓષેમ) હતો.

૧ ઇજશ્ને, હા ૧૦, ફ૦ ૧૦.
૨ તેજ, હા ૮, ફ૦ ૧.
૩ જરતોશ્તનામું, સ૦ ૧૭૮.

૪ જરતોશ્ત નામું સ૦ ૧૭૮, ૧૮૧
૫ ગોશ યશ્ત, ફ. ૧૮
૬ ઇજશ્ને, હા ૧૦, ફ૦ ૨૧

જોકે અવસ્તાવાણીમાં હોમને ઇજદ દાખલ કેહે જણાવ્યો નથી, તોપણ પહેલવી કેતાબ બુન્દેહશ, કેજે છેક સાસાની જમાનામાં ઇસ્વી સને શુરૂ થયા પછી કેટલેક વર્ષે રચાઇ હતી, તેમાં હોમને ફરેસ્તો ગણેલો છે. વળી કોઇ કોઇ ફાર્સી રેવાયત લખનારાઓ વધારે પાછળા જમાનામાં જણાવી ગયા છે કે હોમ નામના બે ધણીઓ હતા-એક પેલી દુનિયાનો ઇજદ અને બીજો આ દુનિયાનો માનવી. આજે કોઈ લખનારા "હોમ દસ્તુર" પણ કહી ગયા છે.[1]

ક્યાની જમાનાના જઇદો.

આ ઠેકાણે મુખ્તેસરમાં એક બિના જણાવી જઇશું કે ઇરાની આર્યો વેદિક આર્યો સાથે એગા વસતા હતા ત્યારે તેઓમાં જે ઇજદો અથવા દેવતાઓની આરાધના સામાન્ય હતી તે આરાધના છેક કય ગુસ્તાસ્પના અમલની શુરૂઆત સુધી ઇરાનમાં ચાલુ રહી હતી. તે વેળા બન્ને આર્યોમાં જે ઇજદો સામાન્ય હતા તેઓમાંના મૂખ્ય નીચે પ્રમાણેના હતા :—

ઇરાની	વેદિક
મિથ્ર	મિત્ર
વૅરૅથ્રઘ્ન	વૃત્રહન્
હઓમ	સોમ
ઉષહ	ઉષા
વયુ	વાયુ
નૅર્યોસંઘ	નરસિંહ
ઍર્યમન	અર્યમન

આ સરખામણીઓનાં કામોની સરખામણી સારી રીતે થઇ શકે એમ છે. ઇરાની ઇજદોનાં વર્ણન ઇજશ્ને અને યશ્તોમાં લંબાણથી આપેલાં છે. મેહર, બેહરામ, હોમ, અષિ, રામ વગેરે યશ્તોમાં આ વર્ણન જોવામાં આવે છે.

---

[1] જરતોશત નામું, બીજી આવૃતિ પ્રગટ કરનાર તરફની નોટ, સફે ૧૭૯.

ભાગ ૨.

અશો જરતોશ્ત.

(અવસ્તા, પેહલવી અને ફારસી પ્રમાણે પેગમ્મર સાહેબનું બયાન.)

બાબ ૧—જરતોશ્ત નામું: અવસ્તા પ્રમાણે.

ફસલ ૧—જરતોશ્ત કોણ હતો?

જરતોશ્ત હૈયાત પુરૂષ હતો કે નહિ?

અશો જરતોસ્તની આગમજના પેગામ્બરો બાબે છેલ્લા બાબમાં થોડીક હકીકત લખ્યા પછી હવે સપેતમાન જરતોસ્તના પોતાના સંબંધમાં આપણુ થોડુંક જ્ઞાન મેળવીશું.

પુરાતન જમાનાના મહાન નરોના સંબંધમાં અનેક નવાઇ જેવી વાતો જોવામાં આવે છે. પહેલાં તો તેઓનો જન્મ ચમત્કારિક રીતે થયલો કહેવાય છે. વળી તેઓ ગરીબાઇમાં ઉછરી મોટપણે મોટી બુલંદીએ ચઢેલા જણાય છે. વળી તેમનો સિલસિલો તેમની આગમજ થઇ ગયલા નામચીન પાદશાહો યા પહેલવાનો સાથે જોડી આપવામાં આવે છે. અશો જરતોસ્તના સંબંધમાં પણુ તેમજ છે. પણુ એ સાહેબના સંબંધમાં થોડાંક વર્ષ ઉપર એવો શક ઉત્પન્ન થયો હતો કે એમના જેવો કોઇ નર હસ્તી ભોગવી ગયો હતોજ નહિ. બીજા હાથ ઉપર વળી એમ પણુ મનાતું આવ્યું છે કે જરતોસ્ત નામના એક નહિ પણુ અનેક પુરૂષો થઇ ગયા છે અને સપેતમાન જરતોસ્ત એવા અનેક પેગામ્બરો મધેના સર્વથી છેલ્લા છે. વળી 'જરતોસ્ત' નામના અર્થ વિશે પણુ મોટો મતફેર ઉભો થયો છે.

આ અને એવીજ બીજી તકરારી બાબતોના સંબંધમાં આ ઠેકાણે થોડીક સમજણુ મેલવવાની જરૂર છે, કેમકે તે વગર જરતોસ્તની જિંદગીના બનાવોની નોંધ લેવી અધુરી ગણાશે.

પહેલો સવાલ એ છે કે અશો જરતોશ્ત હયાત પુરૂષ હતા કે કલ્પિત. આગળા જમાનાઓના કોઇપણુ મહાપુરૂષની હસ્તી બાબે શક ઉત્પન્ન થયો નથી. બાવા આદમ, કે નુહ પેગામ્બર, મનુ કે જમશેદ કે ફરીદુન, એ સઘળાઓની હૈયાતી બાબે શક ઉભો થયો નથી; ત્યારે તેઓ સર્વની હસ્તી પછી હયાતી ભોગવી ગયલા જરથુસ્ત્ર જેવા મહાપુરૂષની હયાતીને માટે જે શક ઉભો થાય તે કવચિત પણુ ધ્યાન આપવા જોગ જણાય નહિ. આગળા યુનાની લખનારાઓ, જેમને ઇરાન દેશના લોકો સાથે રાજદ્વારી તેમજ સંસારી સંબંધ પડયો હતો, તેઓ પણુ જણાવી ગયા છે કે જરતોસ્ત નામે એક મોટો ધર્મગુરૂ થઇ ગયો છે, એટલુંજ નહિ પણુ એ નામના ઘણા પુરૂષો ઘણી ઘણી સદીઓ આગમજ થઇ ગયા હતા. પણુ જરતોસ્તની હયાતીનો સર્વથી સરસ, સર્વથી મોતેબર, સર્વથી વાસ્તવિક પુરાવો તો એ સાહેબના પોતાનાં રચેલાં કાવ્યમાંથી મલે છે. મનૂ સ્મૃતિને નામે ઓળખાતો ગ્રંથ જે મનૂનો પોતાનો રચેલો લેખાય છે તે વાત જો સાચી હોય તો તે કરતાં વધારે સાચી બિના આ છે કે ગાથાવાણીને નામે જાણીતાં કાવ્ય જરતોસ્ત નામના મોટા ધર્મગુરૂએ રચ્યાં હતાં. એ કાવ્યમાં તેમનો રચનાર પોતાને પહેલો પુરૂષ સર્વનામમાં મુકે છે—જગતના રચનાર સાથે પોતે વાત કરતો હોય તેવી રીતે પોતાને એકવચનમાં

મુકીને સવાલો પુછે છે અને ખુલાસા જાણવા માંગે છે. આમ હોવાથી આવાં એક લખાણનો કર્તા જે કોઇ હોવોજ જોઇયે તે સ્પિતમાન ખાન્દાનવાળો જરતોસ્ત પોતે છે એમ ખુલ્લું સિદ્ધ થાય છે. ગાથાનાં આ લખાણોમાં રચનાર પોતાને "હું, જરતોસ્ત" એવા નામે ઓળખાવે છે, જે ઉપરથી ઠરે છે કે તેમના બનાવનાર કોઇ હતો અને તેનું નામ જરતોસ્ત હતું. ઋગવેદના બનાવનારાઓ અનેક હતા, જેઓમાં કેટલાકે પોતપોતાના રચેલા સ્લોકો સાથ પોતાનાં નામો આપ્યાં છે. અવસ્તાવાણીના રચનારાઓ પોતાનાં નામો એવી રીતે આપી ગયા નથી; પણ ગાથાવાણીનાં ગાયનોમાં તેમના રચનારે એકથી વધારે મરતબે પોતે પોતાનું નામ દઇને પોતાને ઓળખાવેલો છે. એટલામાટે જરતોસ્ત હૈયાતી ભોગવી ગયા હતા, પણ કલ્પિત ન હતા, એમ ખુલ્લું સાબેત થાય છે.

જ્યારે ગાથા સિધ્ધ કરે છે કે જરતોસ્ત હસ્તી ધરાવનાર મહાપુરૂષ હતા, ત્યારે તે પછીના અવસ્તાવાણીમાં પેગમ્બર સાહેબને એવા ચમત્કારિક પુરૂષ દેખાડયા છે કે તે ઉપરથી તેમને કોઇ શંકાશિલ માણસ કલ્પિત ગણવાને લલચાય. પણ આપણે યાદ રાખવું જોઇએ કે પુરાતન જમાનાઓમાં રચાયલાં ગાયનો અને બીજાં લખાણો જેમ કવિતામાં બન્યાં હતાં તેમ અલંકારિક ભાષામાં રચાયાં હતાં. તે સમયમાં જે કાંઇ કહેવાનું હોય તેને અલંકારિક ઢબમાં ઉતારવાનો સરેસ્તો હતો. તે રિવાજ પ્રમાણે અશો જરતોસ્તના સંબંધમાં પાછળાં અવસ્તાઇ લખાણોમાં અલંકારિક ઢબ વાપરેલી હોવાથી તે ઉપરથી કોઇને એમ લાગી જાય કે જરતોસ્ત જેવો કોઇ મહાન પુરૂષ ન હતો, પણ તે તો કલ્પિત દેવતા જેવો હતો, અને તેના સંબંધમાં દેવતાઇ ચમત્કારો બન્યા હતા, માટે તે કોઇ હૈયાત નર નહિ પણ કલ્પિત ધણી હતો. પણ તેમ નથી. પાછળા અવસ્તામાંથી જરતોસ્તની આસપાસ વિટળાયલી અલંકારિક વાતોનું પડ ઉખેડી કહાડવામાં આવશે તો તે સાહેબ એક સાચી હસ્તી ધરાવી જનાર મહાપુરૂષ ખુલ્લા સાબેત થશે.

એકથી વધારે જરતોસ્ત?

બીજો સવાલ જરતોસ્ત નામના અનેક પેગમ્બરો સંબંધી છે. આ સવાલના પેહલાંજ સ્વરૂપ ઉપરથી આટલું તો જણાઇ આવે છે કે એ સવાલ ઉઠાવનારાઓ જરતોસ્ત નામના કોઇ મહાન નરને હયાતી ભોગવી ગયલો માને છે; વળી એ ઉપરથી વિશેષ એમ જણાઇ આવે છે કે આ ધણીઓની માન્યતા મુજબ આવો મહાન નર એકજ થઇ ગયો ન હતો, પણ તેવા અનેક હતા, અને તેઓ મધેનો એક પાદશાહ કય ગુસ્તાસ્પના જમાનામાં પ્રખ્યાત થઇ ગયલો સપેતમાન જરતોસ્ત હતો. હવે ત્યારે આ સવાલ કરનારાઓથી ઉપર જણાવી ચુકયા છિયે તે હકીકતને મજબૂત ટેકો મળેછે કે જરતોસ્ત કોઇ કલ્પિત નહિ પણ ખરો હયાત નર હતો. એટલામાટે આ ઠેકાણે આપણે જે બિના તપાસવાની છે તે એજ કે અનેક જરતોસ્ત થઇ ગયા હોય તો (૧) તેઓ કોણ હતા, (૨) તેઓ કયારે કયારે થઇ ગયા હતા, અને (૩) તેઓ મધેથી સપેતમાનનાં ખાન્દાનમાં જન્મ ધારણ કરનાર જરતોસ્તનો જમાનો કયો હતો.

જરતોસ્ત બાબે પહેલા પરદેશી લખનારા યુનાનીઓ હતા, જેઓમાં મુખ્ય પ્લેટો, ડાયોડોરસ સીકેલૉસ, પોલીહિસ્ટર, પ્લિનિ, પ્લુટાર્ક, પ્રોકોપ્યસ, એગેથ્યસ, વગેરે હતા. એક દિલસોજ દીનદોસ્ત અમેરિકન લખનાર[૧] મુજબ એકંદર ૮૦ લખનારાઓના ગ્રંથોમાં ૨૦૦ ઠેકાણે જરતોસ્તના સંબંધમાં ઇશારાઓ, ફકરાઓ અને લખાણો આવ્યાં છે. આ લખનારાઓમાં ઉપર જણાવેલા અને બીજા વધારે યુનાની ગ્રંથકારો ઉપરાંત રૂમીઓ, આર્મીન્યનો,

૧ જૅકસન, Zoroaster, the Prophet of Iran, સફે-

ચીનાઓ, અને અરબો છે; એટલુંજ નહિ પણ આજના જમાના સુધી ઉતરતા આવિયે તો યુરોપીઅનો અને અમેરિકનો પણ છે. હવે આ સઘળા લખનારાઓએ જરતોસ્તની હસ્તી કબૂલ રાખીને યા તેઓ મધેના બે ચારે તે નાકબૂલ રાખીને કરેલાં લખાણો વિશે આપણે આ ઠેકાણે ચુનોચેરા ચલાવવી નથી. અહીં અમારે એટલુંજ જણાવવું છે કે આટલાબધા જે પરદેશી લખનારાઓ જરતોસ્તને યાદ કરી ગયા છે તેઓ મધેના ઉપર લખેલાં નામવાળા યુનાનીઓ સૌથી પહેલા હતા—એટલે કે જરતોસ્ત જેવો ઇરાનીઓનો (પાર્સીઓનો) એક મહાન પેગમ્બર થઇ ગયો છે એમ જાહેર કરનારા પહેલા પરદેશી લખનારા તેઓજ હતા. પણ આ બિના તેઓએ ઇસ્વી પુર્વે પાંચમી સદીથીજ જાહેર કરવા માંડી હતી. તે આગમજ ઘણા યુનાની લખનારા થઇ ગયા છતાં તેઓ જરતોસ્ત બાબે કશું જણાવી ગયા નથી, અને જેઓ જણાવી ગયા છે તેઓ ઇરાનીઓ યાને પાર્સીઓના આધારેજ જણાવી ગયા છે. યુનાન અને ઇરાન વચ્ચે હખામની ટોળાના પાર્સી પાદશાહો દારાયસ હીસ્તાસ્પીસ, જર્કસીસ વગેરેના વખ્તમાં ધાડો સંબંધ પડયો ત્યાર પછીજ સૌથી પહેલાં પ્લેટોએ જરતોસ્તની હસ્તીની બિના યુરોપમાં અજવાળાંમાં આણી હતી (ઇ. પુ. ૪૨૭–૩૪૭). આ ઉપરથી જણાશે કે યુનાની લખનારાઓને જરતોસ્ત બાબેની ખબર અવસ્તાવાણી માનનારા હખામની પાર્સીઓ અથવા તેમના ધર્મગુરૂ મજાઇ અથવા મગાઇ (મુબદો) તરફથીજ મળી હતી. હવે આ લખનારાઓ આમ પણ જણાવી ગયા છે કે અનેક જરતોસ્ત થઇ ગયા છે જેઓ મધેનો સૌથી પુરાણો ઇસ્વી પૂર્વે ૬૦૦૦ વર્ષો ઉપર થઇ ગયો હતો. આમ કેહવાનો તેમનો આધાર હખામની જમાનાના પાર્સીઓજ હોય એમ સંભવે છે, પણએ પાર્સીઓ જે પવિત્ર ભણતરને કબૂલ રાખતા હતા તેમાં એકથી વધારે જરસ્તોત હોવાનો કશો ઇશારો નથી; વળી અશો જરતોસ્ત ગુસ્તાસ્પ પાદશાહના વખ્તમાં પ્રખ્યાત થઇ ગયા હતા તે સિવાય તેમના જમાના બાબે આપણને કશું જણાવવામાં આવ્યું નથી. એટલામાટે હખામની જમાનાના પાર્સીઓને પોતાના પેગામ્બર વિશે પુરતું જ્ઞાન હોય એમ લાગતું નથી, તેમજ તેમને આધારે યા બીજા કોઇ પણ આધારે યુનાની લખનારાઓએ અનેક જરતોસ્ત થઇ જવાનું જણાવ્યું છે તે બિના પણ શકભરેલી જણાય છે. જરતોસ્તની આગમજ નવ સઓષ્યન્તો અથવા મહાન ધર્મગુરૂઓ અથવા પેગામ્બરો થઇ ગયા હતા, પણ તેમનાં નામો કાંઇ "જરતોસ્ત" ન હતાં. માટે એજ નામના અનેક પેગામ્બરો થઇ જવાની બિના શકભરેલીજ નહિ પણ કલ્પિત લાગે છે. જોઆ લખનારાઓ એમ જણાવી ગયા હોત કે જરતોસ્તની આગમજ પાર્સીઓના અનેક પેગામ્બર થઇ ગયા હતા તો તે બિના કબૂલ રખાત, પણ "જરતોસ્ત" નામ તો એવું અપૂર્વ છે કે એ નામના એકથી વધુ સઓષ્યન્તો કે પેગામ્બરો હોવાના પુરાવા કે શહાદત કલ્પના સિવાએ દસ્તાવેજી પુરાવાથી સિદ્ધ થવી કેવળ અશક્ય છે.

જરતોશ્તના જાયેનશીનો.

આ બાબતના સંબંધમાં એક વિશેષ બિના તપાસવાની રહી છે. અશો જરતોસ્ત પછી તેની જગાએ આવનારાઓ "જરથુસ્ત્રોતેમો" એવે નામે ઓળખાતા હતા. આ છેલ્લા મહા ગુરૂઓ બેશક પેગમ્બરથી ઉતરતા હતા, પણ તે સાહેબના જાયેનશીન હતા. તેઓને એક પછી એક મળતું આ એકનુંએક નામ રોમના "પોપ" નાં નામની આપણને યાદ આપે છે. આજસુધીમાં સેંકડો "પોપ" થયા હશે, પણ તેમનાં નામને બદલે આપણ સાધારણ રીતે તેમને "પોપ" ને નામેજ ઓળખિયે છિયે. એજ રીતે પેગમ્બર પછીના ધર્માધ્યક્ષો

પોતાનાં અસલ નામ જુદાં ધરાવતા હોવા છતાં પોતાના અધિકારનાં નામ ઉપરથી "જરથુસ્ત્રોતેમો" કહેવાતા હતા. પાછળથી "તેમો" બોલ પડતો નખાઇને આ જાયેનશીનો પણ જરથુસ્ત્ર=જરતોસ્તનેજ નામે ઓળખાયા હશે, અને તેથી એકને બદલે અનેક જરતોસ્ત હૈયાતી ભોગવી ગયલા ગણાયા હશે. આવા કેટલા જાયેનશીનો હૈયાતી ભોગવી ગયા છે તે આપણ જાણતા નથી, પણ તેઓ મધેના એકે પેગમ્બર પછી કેટલીક મુદતે બેબીલન જીતીને ત્યાં પોતાનાં વંશનો પાયો નાખેલો સંભવે છે.

આ રીતે જરતોસ્ત નામના અનેક પેગામ્બરો થઇ જવાની વાયકામાં જો સચ્ચાઇ હોય તો તેઓમાં અશો જરતોસ્ત સર્વથી છેલ્લા નહિ પણ સર્વથી પહેલા થઇ ગયલા હોવા જોઇયે.

જરતોશ્ત એટલે શું ?

હવે આપણ છેલ્લો સવાલ તપાસિયે. 'જરથુસ્ત્ર" શબ્દ એવો છે કે જેના અનેક અર્થો ઉભા થઇ શકે છે, અને એ સઘળા અર્થો મધેથી ખરો અને બંધબેસતો કયો છે તે પુષ્કળ ચુનોચેરા છતાં હજુ સુધી મુકરર થઇ શક્યો નથી. અત્યાર સુધીમાં આ નામના નીચે મુજબના અર્થ કરવામાં આવ્યા છે:—

૧ જરથ્=પીળું+ઉસ્ત્ર=ઉંટઃ તે ઉપરથી **પીળું ઉંઠ રાખનાર.**

૨ જર=સોનેરી+થુસ્ત્ર=તારોઃ તે ઉપરથી **સોનેરી સેતારો**

૩ જર=સોનુ+થુસ્ત્ર=ઘડનારઃ તે ઉપરથી **સોની**

૪ જરથ્ (સં૦ જરદ્)=બુઢો + ઉસ્ત્ર=ઉંટ : તે ઉપરથી **બુઢ્ઢું ઉંઠ રાખનાર.**

૫ જરથ્=દિલગુર્દો+ઉસ્ત્ર (સં૦ उत्तर)= ઉંચો, સરસઃ તે ઉપરથી **ઉમદા દિલગુર્દાનો.**

૬ જરથ્ (સં૦ जरत्)=બુઢું+ઉસ્ત્ર (સં૦ उत्तर)=સરસઃ તે ઉપરથી **સૌથી સરસ ગાનાર** અથવા **કવિ.**

૭ જરથ્ (સં૦ जरत्)=બુઢું+ઉસ્ત્ર (સં૦ उत्तर)=સૌથી સરસઃ તે ઉપરથી સૌથી સરસ બુજર્ગ, **ધર્મનો વડો ગુરૂ.**

૮ જરથ (સં૦ हर्)=લેવું+ઉસ્ત્ર=ઉંટઃ તે ઉપરથી **ઉંટ પકડનાર.**

આ અને એવાજ બીજા અર્થો ઉપજાવવામાં યુરોપીઅન આલમાઓ બર્નુફ, વિન્ડિશ્મૅન, હાઉગ, મ્યુલર, વગેરેએ ભેજું કસ્યું છે, પણ અત્યારસુધી ઉપલા આઠમાંનો એકપણ અર્થ સર્વ તરફથી બહાલી મેળવે એવો સિદ્ધ થયો નથી. મર્હુમ મી૦ ખ. રૂ. કામાને પ્રો૦ બર્નુફનો સૌથી પહેલો અર્થ, એટલે કે "પીળું ઉંઠ રાખનાર", પસંદ આવે છે, તો જોકે પાછળથી એજ વિદ્વાને પોતાનો કરેલો એ અર્થ પોતેજ નાપસંદ કરી ડૉ૦ વિન્ડિશ્મૅનનો કરેલો "સોનેરી સેતારા"વાળો અર્થ પસંદ કીધો હતો. પાંચમો, છઠ્ઠો અને સાતમો અર્થ ડૉ૦ હાઉગના ઉપજાવેલા છે. અમને "સૌથી સરસ ગાનાર" અને તે કરતાં પણ વધારે "ધર્મનો વડો ગુરૂ" એ અર્થો પસંદ છે; પણ એ અર્થો સામે અનેક મુશ્કેલી છે. અવસ્તામાં ઉસ્ત્ર શબ્દ છે તે સં૦ उत्तर સાથ મળતો આવતો નથીઃ उत्तर ને મળતો 'ઉસ્તર' શબ્દ છે, પણ અહીં 'ઉસ્તર' નહિ પણ 'ઉસ્ત્ર' છે. આ ઉસ્ત્ર'ને મળતો વેદિક શબ્દ એજ વાને उष्ट्र છે, જેનો અર્થ ઉંટ થાય છે. બીજો વાંધો એ છે કે જરતોસ્ત' જેવો મહાન પેગામ્બર માત્ર એક "સૌથી સરસ ગાનાર" દાખલજ ઓળખાય એ તેનાં નામને જોઇયે એટલું પ્રકાશિત કરનારી બિના નથી. બેશક તે મોટો કવિ અને ગાયક હતો, અને તેના રચેલા ગાથા તે ગાયનજ હતાં. પણ એક મોટા ધર્મનો સ્થાપક આને બદલે કોઇ વધારે ઉત્તમ નામે ઓળખવો જોઇયે.

પણ આ વાંધો એક રીતે નિર્મૂળ થાય છે. જો "જરથુસ્ત્ર" નામ ડૉ૦ હાઉગ કહે છે તેમ જાતિને બદલે સિફાતી હોય, યાને એ નામ પેગામ્બર સાહેબનું અસલ નહિ હોય પણ પાછળથી તેમના મહાન અધિકાર પછીજ તેમને મળ્યું હોય, તોજ આ વાંધો ચાલી શકે. પણ જો આ નામ તેમનું જાતિ હોય, તેમનાં માતપિતા તરફથી આ નામ તેમના જન્મ વખ્તે મળ્યું હોય તો ઉપલો વાંધો ટકી શકતો નથી. મૂળ નામનો અર્થ ગમે તે હોય તેને તે નામ ધરાવનાર ધણીનાં મહાભારત કામો સાથ કશો સંબંધ હોય નહિ.

ફસલ ૨—જિંદગીનાં પહેલાં વર્ષો.

પેગામ્બરનું ખાન્દાન.

અશો જરતોસ્તની હસ્તી બાબેના સવાલોનો ફડચો થયા પછી હવે આપણ એમનાં ખાનદાન અને જન્મભૂમિ વગેરે વિશે થોડીક સમજણ લઇશું.

અવસ્તાવાણીમાં "સ્પિતમ જરથુસ્ત્ર" યાને "સ્પિતમ નામનાં ખાન્દાનવાળો જરતોસ્ત" એવો લોગત મળે છે. એપરથી જણાય છે કે પેગામ્બર "સ્પિતમ" નામનાં ખાન્દાનમાં જન્મ પામ્યા હતા. આ ખાન્દાન વળી "હયચતસ્પ" ને નામે પણ ઓળખાતું હતું: એટલે કે આ બન્ને નામો એકજ ખન્દાન માટે વપરાતાં હતાં. પેગામ્બર સાહેબની એક બેટી પોરૂચીસ્ત ઉપલાં બન્ને ખાન્દાનની હોય તેમ ગાથાવાણીમાં એક ઠેકાણે જણાવેલું છે. જરતોસ્ત પોતે હયચતસ્પના ખાન્દાની દાખલ અવસ્તામાં કેથે પણ ઓળખાયા નથી. આનું કારણ એ સંભવે છે કે પેગામ્બર સાહેબથી પાંચમી પહેડીના વડવાનું નામ હયચતસ્પ હતું, અને દશમી પહેડીના વડવાનું નામ સ્પિતમાન હતું, માટે જરતોસ્તે વધારે દૂરના પૂર્વજનાં નામથી પોતાને ઓળખાવવાનું પસંદ કીધેલું હોવું જોઇયે.

આ સ્પિતમાન ખાન્દાન પાદશાહી હતું, કેમકે જરતોસ્તની પહેડીને છેક શાહ મિનોચેહર અને તેની પણ આગમજ છેક શાહ ફરીદૂન અને ત્યાંથી છેક ગયોમર્દ સુધી લઇ જવામાં આવે છે. પેગામ્બર સાહેબનો દશમી પહેડીનો વડવો સ્પિતમાન મિનોચહેર શાહથી ૯ ડી પહેડીએ ઉતરેલો હતો, એવું પેહલવી કેતાબો ઉપરથી જણાય છે.

જરતોસ્તના બાપનું નામ પોરૂષસ્પ હતું, એમ અવસ્તામાંથી મળે છે.[૨] પણ પેગામ્બરની માનું નામ અવસ્તામાંથી મળતું નથી. તેની મા બાબે મોઘમ ઇશારા સિવાય નામ જણાવેલું નથી.

જન્મસ્થળ.

પોતાના બાપનાં મકાનમાંજ જરતોસ્તનો જન્મ થયો હતો—તેના મમાવાને ઘેર યા બીજે ઠેકાણે તે જન્મ પામ્યો ન હતો એવું અવસ્તા ઉપરથી સિધ્ધ થાય છે.[૩] પોરૂષસ્પનું આ ઘર જબાર નામના પહાડમાંથી વહેતી દર્જીક[૪] નામની નદીના કાંઠા ઉપર આવેલું હતું. આ દર્જીક નદી અને જબાર પહાડ કયાં હતાં તે અવસ્તા ઉપરથી જણાતું નથી, તેમજ પેગામ્બર સાહેબનાં જન્મ શહેર બાબે પણ એટલોજ ઇશારો છે કે "રએ શેહરથી જરતોસ્ત

---

૧ મી૦ ડી. આર. ભાંડારકર Indian Antiquary ના જાન્યુઆરિ ૧૯૧૧ના અંકમાં જણાવે છે ("On Foreign Elements in the Hindu Population") કે ગયા ખાતેના મગ બ્રાહ્મણો તે અસલી ઇરાની મગુ ધર્મગુરૂઓ છે, જેઓનો વડો जरसस्त નામનો હતો. આ નામ જરથુશ્ત્રને મળતું આવે છે.

૨ "પોરૂષસ્પનો બેટો અશો જરતોસ્તઃ" આવાં યશ્ત ક૦ ૧૮. "પોરૂષસ્પનો બેટોઃ" વંદીદાદ, પરગરદ ૧૯, ક૦ ૬.

૩ વંદીદાદ, પરગ૦ ૧૯, ક૦ ૪૬.

છે."[1] તોપણ તેમની બંદગી કરવાની જગાને "વેહદાઇતી નદીવાળું ઇરાનવેજ" તે નામે જણાવી છે, તે ઉપરથી એવી અટકળ થાય છે કે તેઓનું વતન આ પુરાતન પ્રખ્યાત સુખવાસી મુલ્ક ઇરાનવેજમાં હશે. પણ અનેક કારણો ઉપરથી સિદ્ધ થાય છે તેમ જેમ બુન્દેહશમાં જણાવેલું ઇરાનવેજ તે કાંઇ અસલ વંદીદાદમાં આપેલાં બયાનવાળું ઇરાનવેજ નથી, તેમજ યસ્નોમાં જે ઇરાનવેજ વિશે ઇશારો છે તે પણ જમશેદ પાદશાહવાળું ઇરાનવેજ નથી. ઇરાનવેજ અને વેહદાઇતી નદી એ ઘણાં ઘણાં પુરાણા અને પવિત્ર નામો હોવાથી તેઓ પાછલા વખત સુધી પવિત્ર લેખાયાં છે અને પેગામ્બર સાહેબનાં જન્મસ્થળ દાખલ તેઓ ગણાયાં છે. પણ જમશેદ પાદશાહ પછી અસલ ઇરાનવેજમાં બર્ફની રેલ ફરી વળવાથી તે સુખવાસી શેહર અથવા મુલ્ક નાશ પામ્યો હતો, અને અશો જરતોસ્ત ત્યારપછી ઘણા સેંકડા બાદ જન્મ પામ્યા હતા, માટે "વેહદાઇતી નદીવાળું ઇરાનવેજ" તે કાંઈ પાક દાદાર હોરમજદ અને પાદશાહ જમશેદની કલ્પિત મુલાકાતવાળું અસલ અને સુખવાસી ઇરાનવેજ હોય નહિ. જરતોસ્તની જન્મભૂમિ રગે શેહર કહેવાય છે, જેનું અવસ્તાઇ નામ 'રઘ' છે. એ રઘ શેહર આજનાં ઇરાનનાં પાયતખ્ત શેહર તેહરાનની પડોશમાં હતું કે જ્યાં એ નામનું એક ગામડું ખંડિયેર હાલતમાં જણાય છે. આ રગે શેહેર અસલી મીડિયા પ્રાંતમાં આવેલું હતું, માટે એ પ્રાંત અને તેની આસપાસનો મુલ્ક જો ઇરાનવેજ કહેવતો હોય તો એ ઇરાનવેજ પેશદાદ જમશેદવાળું નહિ પણ કયાની ગુસ્તાસ્પવાળુંજ હોઇ શકે. આમ હોવાથી પેગામ્બર સાહેબનું જન્મ શેહેર કયું અને તે ક્યાં હતું તે બાબે નક્કીપણે કહી શકાતું નથી. એજ રીતે વેહદાઇતી નદી તે આજની કઇ નદી છે તે પણ મુકરર થઇ શકતું નથી. વંદીદાદમાં જણાવેલું રઘ શેહેર અસલી ઇરાની અથવા આર્ય તાયફો ઇરાનવેજથી નિકળીને બારમી મરતબે જે ઠેકાણે સંસ્થાન કરી રહ્યો હતો તે છે. તે સંસ્થાન ક્યાં હતું તે જણાવેલું નથી, પણ ત્યાં તેને "ત્રણ તોખમવાળું" એવી ઉપમા આપેલી છે, જેની સમજણ અથોરનાન, રથેસ્તાર, અને વાસ્તર્યોશ એવા ત્રણ ધંધાના તબક્કા એ શેહેરમાંથી શુરૂ થયા એવી આપવામાં આવે છે. જો એમ હોય તો શાહ જમશેદના જમાના આગમજનું એ પુરાણું ગણી શકાય, કેમકે ધંધાના ચાર તબક્કા જમશેદે પાડેલા કહેવાય છે.

જન્મ વેળાના બનાવો.

અશો જરતોસ્ત કયે દહાડે જન્મ્યો હતો તે અવસ્તા ઉપરથી માલુમ પડતું નથી, અને ખરૂં જોઇયે તો અવસ્તાવાણીમાંથી પેગમ્બર સાહેબની શુરૂઆતની જિંદગી વિશે કશોજ ઇશારો મળતો નથી. જે કાંઇ મળે છે તે પોતાની નવી સુધારાની દીન અહુરમજદી જરતોસ્તી અથવા "માજદયસની જરથુસ્ત્રી" દીનના સંબંધમાંજ સઘળા ઇશારા મળે છે. પણ પેહેલવી લખાણોમાં જણાવેલી દંતકથા મુજબ જરતોસ્તનો જન્મ પાદશાહી વર્ષને દહાડે યાને ફરવરદીન

---

૧ ઇજશ્ને, હા ૧૯.

આ દઈક અથવા 'દરેજય' નદીના સંબંધમાં વંદીદાદ (પરગ૦ ૧૯, ફ૦ ૪) માં જણાવે છે કે તે જબર નામના પહાડમાંથી વહેતી હતી. પેહલવીવાળાઓ 'દઈક' ને 'દર્ગા' તથા 'દારજ'ને નામે પણ ઓળખી ગયા છે. આ નદી અને પહાડ ઇરાનવેજમાં હતાં એવું બુન્દેહશન ઉપરથી જણાય છે, પણ ત્યાં ઇરાનવેજનું જે સ્થળ બતાવ્યું છે તે બાબે આગળા સફાઓમાં અમે લંબાણથી આપેલા ખુલાસા ઉપરથી જણાશે કે આ કાંઇ વંદીદાદમાં જણાવેલું અસલ નહિ પણ પાછળા વખતનું ઇરાનવેજ છે. ઇરાનવેજ પહેલું ઉત્તર ધ્રુવ તરફના પુરાણા મુલ્કમાં હતું, અને ઇરાનવેજ બીજું તે કાસ્પીઅન સમુદ્રના દક્ષિણ ભાગમાં મીડિયા અને આજરબાઈજાન ભણી હતું, એવા મારા તર્ક બાબે જુઓ દસ્તુર ધાલાવાળું માસિક "અષ," પુસ્તક ૧ લું, અંક ૧ લો તથા ૮ મો.

મહિનો ને ખોરદાદ રોજ (ખોરદાદસાલ)ને દિને થયો હતો.[1]

તેના જન્મ વેળા બનેલા ખડખડ હસવાના જે ચમત્કાર બાબે દીનકર્દ વગેરે પેહલવી કેતાબોમાં લખેલું છે તેવું અવસ્તાવાણીમાં કશું નજર આવતું નથી. આવો બનાવ નહિ બની શકે એવું કાંઇજ નથી. કુદરતના સામાન્ય બનાવોથી ઉલટા અને જુદા ઘણા બનાવો અપવાદ તરીકે બનેલા જણાંયલા છે. આ બનાવ બાબે અવસ્તા કે ગાથાવાણીમાં કાંઇ પણ ઇશારો નથી.[2]

જોકે અશો જરથોસ્તે એક જન્મ લેનાર બાળકના સરેસ્તા પ્રમાણે રડવાને બદલે હસવાના બનાવની નોંધ અવસ્તાનાં પુરાણાં ભણતરોમાં નથી, તોપણ ત્યાં એક એવી સુંદર નોંધ કરેલી છે કે જે ઉપરથી પેગમ્બર સાહેબે જન્મ લેતી વેળા હસવાના બનાવની દંતકથાને કેમ જન્મ મળ્યો હશે તેની આપણને માહિતી થાય છે. ફ્રવરદીન યસ્તમાં[2] જણાવ્યું છે કે

"સપેતમાન જરતોસ્તના જન્મ લેવામાં અને વધવામાં પ્રાણીઓ અને ઓરવરો ખુશહાલ થયાં અને આગળ વધવા લાગ્યાં, અને સપેનામિનોની પેદા કીધેલી તમામ પેદાયશો શાબાશીનો પુકાર ઉઠાવી બોલવા લાગી કે 'શુક્રાના! આપણે માટે સપેતમાન જરતોસ્ત નામનો એક અથોરનાન જન્મ પામ્યો છે!"

અશો જરતોસ્ત એક અથોરનાન ખાન્દાનમાં જન્મ પામ્યો હતો અને પોતે અથોરનાન હતો, એમ આ ફકરા ઉપરથી જણાય છે.

જરતોસ્તનો બાપ પોરૂશસ્પ પોતે પણ અથોરનાનજ હતો એવું અવસ્તાનાં એક લખાણ ઉપરથી જણાય છે, કે જ્યાં જણાવ્યા પ્રમાણે તેણે "હોમની ક્રિયા" કીધી હતી. આજે પણ એ ક્રિયા જરતોસ્તી મોબેદો કરે છે. હોમ નામનાં ઝાડની ડાંખળીને હાવનીમ નામનાં વાસણમાં પાણી સાથ છુંદીને તેનો જે રસ બને તે ભણતર વેળા પીવો, તે હોમની ક્રિયા કહેવાય છે. ઇજસ્ને અને વંદીદાદની ક્રિયા વેળા આમ કરવામાં આવે છે. એ ક્રિયા પોરૂશસ્પે કીધી હતી, અને એવી ક્રિયા માત્ર અથોરનાનથીજ થઈ શકે છે. હોમ યસ્ત મુજબ હોમ ઇજદ અંશો અને મોતને દૂર કરનાર મનાતો હતો, અને હોમની ક્રિયા કરીને પોરૂશસ્પે તેની બંદગી

---

૧ મી૦ શાપુરજી કાવસજી હોડીવાળા Zarathushtra and his Contemporaries in the Rigveda and the Date of Zarathushtra એ નામના પોતાના ગ્રંથ કેટલીક દલીલો કરીને જણાવે છે કે જરતોશ્ત વસંત યાને બહારની મોસમની શરૂઆતમાં જન્મ્યો હતો, અને જરતોશ્તના જમાનામાં મહાવિષુવકાળ યાને બહારની મોસમમાં સૂર્ય ભૂમધ્ય રેખા ઉપર વૃષભ (Taurus) ના સેતારાઓના ઝુમખા સાથ ભેગો રહેલો હતો. હવે વૃષભ સેતારાઓનો અમલ ઇસ્વી પૂર્વે ૨૫૦૦ આગમજ હતો એમ ગણીને મી૦ હોડીવાળા કહે છે કે જરતોશ્તના સનનો આશરો એજ હોવો જોઇયે.—સફે ૬૦, ઇત્યાદિ.

૨ નોર્વે દેશની પુરાણી ધર્મપોથી નામે "સ્નોર્રા એડ્ડા" (Snorra Edda માં જરતોશ્તના સંબંધમાં એક નવાઈ જેવી દંતકથા લખેલી છે, જે કેટલી પુરાણી હશે તે આપણ જાણતા નથી, પણ તેમાંથી જરતોશ્ત જન્મ લેતી વેળા હસ્યો હતો તેની શાહાદત મળે છે. ડૉ૦ જૅકસને આ દંતકથા પોતાની રચેલી Zoroaster, the Prophet of Iran " માં ઉતારી લીધી છે, જેનો સાર એ કેતાબના અમે કરેલા ગુજરાતી તરજુમાવાળાં "નવું જરતોશ્તનામુ" નામનાં પુસ્તકમાંથી નીચે ઉતારી લઇયે છિયે :—

"(બાબીલનો બુર્જ બાંધનારાઓમાં) જે ધણી સર્વેથી આગેવાન હતો તેનું નામ જરતોશ્ત હતું. જ્યારે તે જન્મ્યો ત્યારે રડવાને બદલે હસ્યો હતો. (બુર્જ) બાંધનારાઓમાં સર્વેથી વડા બોતેર જણા હતા, અને તેટલી બધી જબાન યાને ભાષા દુનિયામાં ફેલાઈ છે. આ જરતોશ્તનાં ઘણાં નામ હતાં, અને જોકે ઉપલાં કામથી તેની મગરૂરીને ધોકો લાગેલો તે સારીપેઠે સમજતો હતો, તોપણ તે દુનિયામાં વખાણાયો, અને એસીર્યનોની ઘણીએક પ્રજાઓએ તેને પોતાનો પાદશાહ પસંદ કીધો, તેના ઉપરથી મુર્તિ બનાવવાની ભૂલે જન્મ લીધો, અને જ્યારે તેની મુર્તિને ભોગો અપાવા લાગ્યા ત્યારે તેને 'બાઅલ'નું નામ મળ્યું. અમે તેને 'બેલ' કહિયે છિયે; તેનાં બીજાં ઘણાંએક નામો હતાં. પણ જેમ તેનાં નામો વધી ગયાં તેમ અસલ સચ્ચાઈ ગુમ થઇ ગઇ."

૨ હોમ યસ્ત, ફ૦ ૧૩; અથવા ઇજશ્ને, હા ૯ ફ૦ ૧૩.

કરેલી હોવાથી તેને આ ફાયદો મળ્યો કે તેને ત્યાં દેવોને દફે કરનાર, અહુરમજદી દીન ધરાવનાર, ખાલેસ જરતોસ્ત પેદા થયો.[1] હવે આ બાળક ખુબસુરત અને સારા ઘાટ ઘટમનું હશે એવું અષિસ્વંઘ યસ્ત ઉપરથી જણાય છે. ત્યાં [2] અષિ નામની સ્ત્રી-ઇજદના મૂખમાં સખુનો મુકયાછે તે પ્રમાણે જરતોસ્ત "સોહામણો" "સારા ઘાટનો," "મજબૂત ટેટાંવાળો," "લાંબી બાજુનો" "ખુદાઇ ખોરેહ ધરાવનાર" હતો.

જરતોશ્તનું ખોરેહ.

આ ખુદાઇ ખોરેહ અથવા નૂર બાબે બીજે ઠેકાણેથી પણ ખુલાસો મળે છે. જમ્યાદ યશ્ત [3] મુજબ જરતોસ્ત સાથ જોડાયલાં યાને તેને મળેલાં આ નૂરથી તમામ દેવો યાને બદ મનશ્નીના અને બુતપરસ્ત લોકોમાં એટલો બધો ત્રાસ બેઠો હતો કે "તેની નજર પડવાથી તે દેવો તેની આગળથી દૂર નાસી જતા હતા; તેની નજર પડવાથી દેવને લગતી ખરાબી નાબુદ થઇ જતી હતી; તેની નજર પડવાથી જીન જેવા બદકાર લોકો માણસો આગળથી પાછા હટી જતા હતા, અને વિળાપ તથા પુકાર કરતા તે દેવો અને જીનો લુટફાટ કરવાથી અટકતા હતા."

જરતોસ્તનાં બાળપણ વેળા આ કિસમના બદ માણસો અને બુતપરસ્ત દેવયસ્ની લોકો જરતોસ્તને મારવા જતાં પોતેજ કેવી શિકસ્ત ખાઇને નાશ પામતા હતા તે પેહલવી દીનકર્દ વગેરે કેતાબોમાં જળવાઇ રહેલી દંતકથાના થોડાક દાખલાઓ, જે પાછલા બાબમાં જોવામાં આવશે, તે ઉપરથી જણાય છે.

જરતોસ્તની શાદી એક સુંદરી સાથે થઇ હતી, એવું અવસ્તાવાણી ઉપરથી જણાય છે, કેજે તેની આ તરફની સગી હતી, વળી એવું પણ જણાય છે કે તેના ત્રણ બેટા ઇસતવાસ્ત્ર, ઉર્વતતનર અને હ્વરેચિથ્ર, તથા ત્રણ બેટી ફ્રેની, થ્રિતી અને પોઉરૂચિસ્તિ હતાં.[4]

પેગમ્બર સાહેબની બસ આટલીજ શુરૂઆતની અને સંસારી જિંદગીની હકીકત અવસ્તામાંથી મળી આવે છે. પણ એ બાબતમાં ઘણું વધારે પેહલવી ગ્રંથોમાં જળવાઇ રહેલું છે તે આપણ આગળ ચાલતાં વાંચીશું.

જરતોશ્તનું બયાન.

અવસ્તાવાણીમાં પેગમ્બર સાહેબને લગતું બયાન તેમના પેગમ્બરીને લગતા પહેલા તબક્કાથી શુરૂ થાય છે. જોકે આ બયાન પણ કાંઇ સંપૂર્ણ અથવા વિગતે આપેલું નથી, તોપણ જુદે જુદે ઠેકાણે છુટક છુટક બિના વેરવિખેર હાલતમાં કેઠે ઇશારા રૂપે તો કેઠે દ્રષ્ટાંત રૂપે, કેઠે એ સાહેબનાં રૂડાં કામો રૂપે તો કેઠે એમની

---

૧ કર્દો ૨૪, ફ૦ ૯૩-૯૪. ૨ કર્દો, ૨, ફ૦ ૨૨. ૩ કર્દો ૧૩, ફ૦ ૯૯-૮૦.

૪ દંત કથા પરથી જણાય છે કે જરતોશ્તની ત્રણ ઓરતો હતી, અને ત્રણે તેની હયાતી બાદ જીવતી હતી. આ બિના ખરી દિસતી નથી. અવસ્તા (ફરવરદીન યશ્ત, ફ૦ ૧૩૯)માંથી પેગમ્બર સાહેબની એકજ ઓરત 'હ્વોવી'નું નામ મળે છે. જરતોશ્તે એક પછી એક ત્રણ ઓરત કીધી હોય એ બનવા જોગ છે, અને હ્વોવીને પેટે કશાં ફરજંદ થયાં ન હતાં એમ જણાવવામા આવે છે, તે પણ ખરૂં હશે; પણ જરતોશ્તની ત્રણે ઓરતો એકજ વેળાએ હયાત હતી એમ લાગતું નથી, કારણકે તેમ જો હોત તો જ્યાં હ્વોવીનાં ફરોહરને અને તેની જોડે પેગમ્બરની ત્રણે બેટીઓનાં ફરોહરોને યાદ કીધાં છે ત્યાં ઉપલી બાકીની બે ઓરતોનાં નામો પણ જણાવ્યાં હોત. પેગમ્બરના પહેલા ચેલાચેલીઓ અથવા હોરમજદી દીન કબૂલ રાખનારાંઓનાં જ્યાં નામો આવ્યાં છે ત્યાં એકલી હ્વોવીનુંજ નામ છે, બીજી બે સ્ત્રીઓનાં નામ નથી. તે ઉપરથી જણાય છે કે એ સ્ત્રીઓ પેગમ્બરે દીન જાહેર કીધી તે આગમજ મરણ પામેલી હોવી જોઇયે. ડૉ૦ જૅકસન દંતકથાને આધારે જણાવે છે કે પહેલી અને હકદાર ઓરતને પેટે ઇસતવાસ્ત્ર બેટો અને ત્રણે બેટીઓ જન્મ્યાં હતાં, બીજી ઓરત કેજે એક વિધવા હતી. તેને પેટે બાકીના બે બેટાઓએ જન્મ લીધા હતા, અને ત્રીજી હ્વોવીનાં ફરજંદો તો હવે પછી જન્મ લેશે, જેમનાં નામ આ પ્રમાણેનાં અવસ્તામાં જણાવેલાં છે:-ઉક્ષ્યત્ એરેત (હોશેદર), ઉક્ષ્યત્-નેમંઘ (હોશેદરબામી) અને સઓશ્યન્ત (સોશ્યોસ.)

જિંદગીનાં અમુક બનાવ રૂપે આવેલી છે, તે ઉપરથી નીચલો સિલસિલો ઉપજાવી કહાડવાની અદના કોશેશ કરવામાં આવી છે. મર્હુમ વિદ્વાન શેઠ ખ. રૂ. કામાએ અવસ્તા ઉપરથી જરતોસ્ત નામું બનાવ્યું છે અને તે બહુ કામેલ્યતભરેલું દફતર છે. પણ તે કીમતી ગ્રંથના જેટલો મારા નીચલા હેવાલને લંબાવવાનું અમે દરસ્ત ધાર્યું નથી, અને આ તવારીખમાં તેમ બની શકે એમ પણ નથી, વળી ડૉ. જૅકસને ઈંગ્રેજી જબાનમાં નવું જરતોસ્ત નામું રચ્યું છે, કે જેનો ગુજરાતી તરજુમો ખુલાસાવાર નોટો સાથ આ અદના કલમે કીધો છે, પણ તેને પગળે ચાલવાનું પણ આ તવારીખમાં અમને ઠીક લાગ્યું નથી. આ તવારીખમાં અમે જરતોસ્ત બાબેના અવસ્તાઇ હેવાલને પેહલવી હેવાલથી જુદોજ રાખ્યો છે, અને તેમ વળી પહેલવી-માંથી મળતો હેવાલ આ પછીના બાબમાં ઉતાર્યો છે અને ફાર્સીમાંથી મળતા વધારે પાછલા હેવાલથી અળગ રાખ્યો છે. ફાર્સી જરતોસ્ત નામાનો ઇંતેખાબ પણ ત્રીજા બાબમાં ઉતારેલો આગળ ચાલતાં જોવામાં આવશે.

ઇરાની ખોરેહ.

હવે અવસ્તામાં જરતોસ્તના બાપ, વતન, જન્મ વગેરે વિશે ઉપર મુજબ ઇશારા મળ્યા છે તે પછી પેગમ્બરીના જે ઇશારા મળે છે તે તે સાહેબના પોતાના રચેલા ગાથા યાને ગાયનરૂપી બંદગીઓ અને ભણુતરોમાંથી મળે છે. આ ગાથા, જેમને " પવિત્ર " લેખવામાં આવ્યા છે, તેમની મદદથી આપણ આગળ વધિયે તે આગમજ જણાવવું જોઇયે કે જરતોસ્તને તેના જન્મથીજ ખુદાઇ નૂર અથવા અવસ્તામાં સામાન્ય રીતે જણાવ્યું છે તમ " કયાની ખોરેહ" મળ્યું હતું. આ ખોરેહ જરતોસ્તને મળે તે આગમજ આગળા પેશદાદ પાદશાહોને તે મળ્યું હતું અને પાછળાથી જરતોસ્તને મળે તે આગમજ તુરાની અફ્રાસિયાબે તે મેળવવાની અનેક તજવીજ કીધી પણ તેમાં તે નિરાશ થયો હતો. આ નિરાશીથી ઉત્પન્ન થયલા ગુસ્સાના આવેશમાં તે આ રીતે બોલ્યો હતો કે—

" તે ખોરેહ કેજે જન્મ પામી ગયલા અને હવે પછી જન્મ પામનારા ઇરાન દેશના શાહોનું છે, તથા જે ખોરેહ અશો જરતોસ્તનું છે, તે મેળવવાને હું ફતેહ પામ્યો નથી, માટે તમામ ખાનપાનની ચીજોને ખરાબ કરીને ઇરાન દેશની મોટાઇ, ખુબી અને શોભાનો અંત લાવીશ."[1]

પેશદાદ શાહો પછી આ ખોરેહ કયાની શાહોને મળ્યું, જેઓમાંના કયખુસરો પાદશાહે તે નૂરની બરકતથી અફ્રાસિયાબ વગેરે દુશમનોનો નાશ કર્યા બાદ આ ખુદાઇ ખોરેહ જરતોસ્ત સાથ જોડાયું, જે બાબતમાં જમ્યાદ યસ્તમાં[2] આ મતલબનું લખાણ આવ્યું છે કે—

" તે ખુદાઇ ખોરેહ અશો જરતોસ્ત સાથે જોડાયું હતું તેની બરકતથી તે સાહેબે દીનના કાયદા મુજબ વિચાર્યું, તે મુજબ તે બોલ્યો અને તે મુજબ તેણે કામ કીધું. આથી કરીને અશો જરતોસ્ત આ હાડમંદ દુનિયામાં સચ્ચાઇમાં ઘણોજ સાચો, હકુમતમાં ઘણોજ સારી હકુમત ધરાવનાર, નૂરમાં ઘણોજ નૂરમંદ, ખોરેહમાં ઘણોજ ખોરેહમંદ, અને ફતેહમાં ઘણોજ ફતેહમંદ હતો."

યજદાંપરસ્તી અને દેવયસ્ની.

આ રીતનાં નુર અને ખોરેહ મેળવ્યા પછી જરતોસ્ત જેમ જેમ ઉમરે પુગતો ગયો તેમ તેમ તે પોતાના જમાનામાં ચાલતી દુરવંદી, હારેમની, બુતપરસ્તી, દેવયસ્ની તોડતો ગયો. એવું જણાય છે કે તેના વખ્તમાં મજદયસ્ની પણ હોય એમ જણાય છે, તોપણ તેની જોડે

---

૧ જમ્યાદ યશ્ત, ફ૦ ૬૧.

૨. ફ૦ ૭૯.

જોડે મજદના જેવીજ શકિત અને સત્તાના બીજા ઇજદોની આરાધના અથવા યજદાંપરસ્તી પણ હોય એવું માલુમ પડે છે. આ યજદાંપરસ્તી તે ઋગવેદમાં જણાવેલા જેવા અનેક દેવો યાને દેવતાઓની પુજા હતી. વેદમાં કેટલાક દેવો સારા તેમ કેટલાક માઠા હતા, પણ યજદાં (એટલે અનેક ઇજદ) પરસ્તીમાં સઘળા સારાજ ઇજદોની આરાધના હતી, જેમકે મિથ્ર (મેહર), હઑમ (હોમ), વયુ (રામ), વૅરેથ્રઘ્ન (બેહરામ), હવરેખ્ષયત (ખોરશેદ), અપિ (અશીસ્વંઘ) વગેરે.

પણ પાછળથી યાને કયાની શાહોના એયામમાં આ યજદાંપરસ્તીમાં કેટલોક નઠારો ભેળ થયો હોય, અને દેવયસ્ની યાને દેવપરસ્તી પણ દાખલ થઇ હોય એમ લાગે છે. આ વેળા ઇરાની આર્યો અને હિંદુ આર્યો સાથેજ વસતા ન હશે, પણ તેમના તાયફા જુદા જુદા હશે, તેમના સરદારો અથવા શાહો કે રાજાઓ જુદા હશે, પણ હિંદુ આર્યોનુ જોઇને ઇરાની આર્યોએ પોતાની પરસ્તેશમાં માંથ્રવાણી યાને રૂડી કે ફાયદેમંદ પવિત્ર વાણીઓની જોડે મંત્રવાણી યાને નઠારી કે નુકસાનકારક ક્રિયાઓ, જાદુગરી, વગેરે આમેજ કીધી હશે. આવી ક્રિયા કરનારા પોતાને "કવી"ને નામે ઓળખાવતા હતા, અને કયાની ખાન્દાનનો પહેલો શાહ કયકોબાદ પોતે પણ એક આવો "કવી"જ હતો અને તેથીજ તેને અવસ્તાવાણીમાં "કવી કવાત" ને નામે ઓળખ્યો છે, તે અને તેની પછીના છેક ગુસ્તાસ્પ સુધીના શાહો "કવી"ને નામેજ ઓળખાયા છે. એ સઘળા પાદશાહો જેમ દેશના તેમજ દીનના પણ શાહ હતા અને હવે આપણને માલુમ પડે છે કે છેક ગુસ્તાસ્પ શાહના અમલ વેળા પણ "કવી"ઓનો ધર્મગુરૂ તરીકે મોટો કાબુ હતો. આ કવીઓને પાછલા જમાનામાં "કીક" નું નામ મળ્યું હતું, જેમની એવી સમજ આપવામાં આવે છે કે તેઓ અહુરમજદી દીનની વાતો અને તે દીનની સચ્ચાઇ જાણવા જોવા છતાં તે તરફ અખાડા કરતા હતા, માટે તેઓ આંખ છતાં ગોયા આંધળા હતા તેજ પ્રમાણે આગળા કયાની યાને કવીઓના જમાનામાં બીજી કિસમના ધર્મગુરૂઓ "કરપ"ને નામે ઓળખાતા હતા, જેમને પાછલા વખ્તમાં "કરફ" યાને કાન હોવા છતાં દીનની વાતો નહિ સાંભળનારા બહેરા કહેવામાં આવતા હતા. આ "કરપ" ગુરૂઓનો દોર અશો જરતોસ્તના વતનમાં ઘણો ચાલતો હતો અને તેઓની બુતપરસ્તી તથા દેવયસ્ની સામેજ પેગમ્બરે મહાભારત લડત ચલાવેલી પેહલવી "દીનકર્દ" વગેરે કેતાબો ઉપરથી જણાય છે. એક ત્રીજો વર્ગ "ઉસિખ્ષ" નામે ગુરૂઓનો હતો, અને તેઓ પણ બુરા દેવતાઓને ઇજનારા અને બુરાં મંત્રો પઢનારા દેવપરસ્તો હતા.[1]

આ સઘળા વર્ગના ધર્મગુરૂઓ જરતોસ્તના જમાનામાં જે કિસમનો ધર્મ પાળતા અને પળાવતા હતા તે આપણા પેગમ્બરને પસંદ પડયું નહિ. એ સાહેબની આગમજના પેશદાદ જમાનાના ઇરાની શાહો અને ઇરાનીઓ અવસ્તાવાણીમાં "પઑઇર્યો તકયષ" (પોર્યોદકેશી)ને નામે ઓળખાઇ ગયા છે, જેમની યજદાંપરસ્તી દીન ભલા ઇજદોને ઇજવાની હોવાથી તેઓને અવસ્તામાં વખાણ્યા છે. ત્યારબાદ જરતોસ્તના વખ્તની લગોલગ આગમજના જેઓ તે જુની ભલી દીન પ્રમાણે ચાલતા હતા તેમને પણ "નબાનર્જદિસ્ત" ને નામે વખાણ્યા છે, પણ જરતોસ્તના સમયના લોકો જેઓ તે પુરાણી ભલી દીનનો તિરસ્કાર કરી અથવા તેમાં પુષ્કળ પારકી બુરી રાહરસમનો ભેળ કરીને તે પ્રમાણે ચાલતા હતા તેમની સામે જરતોસ્તે શબ્દરૂપી લડત ચલાવીને તેમને હરાવ્યા અને ગુસ્તાસ્પના ઇરાનદેશમાં તે શાહની સાહેતા હેઠળ

૧ વેદમાંથી આ ત્રણે વરગોનાં નામો આ પ્રમાણે મળે છે:—કવિ, કૃપણ, ઉશિક્ષ.

પોતાની અહુરમજદી–જરતોસ્તી દીનનો ફેલાવો કીધો.

જરતોસ્તી દીન શાહ ગુસ્તાસ્પે કબૂલ રાખી, એટલુંજ નહિ પણ તેનો ફેલાવો કીધો, એટલા માટે અવસ્તામાં એ શાહની બાબજા સ્તુતિ ગાવામાં આવી છે. જરતોસ્તે પોતે ગાથાવાણીમાં તેને વખાણ્યો છે. વળી આ કામ માટેજ એ શાહને જરતોસ્ત પછી ખુદાઇ નૂર મળ્યું હતું. જમ્યાદ યસ્ત મુજબ ખુદાઇ ખોરેહ ગુસ્તાસ્પને મળ્યું તેની બરકતથી તે શાહે મજ્દયસ્ની જરતોસ્તી દીનને વખાણી અને તેના દુસ્મનો તથા નાપાક દેવો (યાને દેવપરસ્ત લોકો) નો નાશ કીધો.

પ્રથમ જરતોસ્તે પોતાની દીન માટેની લડત કેમ ચલાવી અને ત્યારબાદ ગુસ્તાસ્પે દુસ્મનોનો કેમ નાશ કીધો તે હવે આપણ વાંચીશું.

ફસલ ૩—પેગમ્બરી માટેની તૈયારીઓ.

હોરમજ્દ સાથની મુલાકાત.

અશો જરતોસ્ત હોરમજ્દનો પેગમ્બર મુકરર થાય અને તેની દીન ફેલાવે તે આગમજ અનેક બનાવો બન્યા. તેમાંના મુખ્ય એ કે જરતોસ્તની હોરમજ્દ સાથની મુલાકાત—તેણે તેને જોવો—તેની જોડે વાતો કરવી—તેને સવાલો પુછી દીનના ભેદો જાણી લેવા. પેગમ્બરીને માટેનું તમામ જ્ઞાન હાંસલ કરવું. આ સઘળું બન્યું. જરતોસ્તને જે જોઇતું હતું તે મળ્યું. તેને મજ્દનાં દર્શન થયાં. તેણે તે સાહેબની મુલાકાત લઇ પોતાનાં દિલમાં ઉત્પન્ન થતા સવાલો સર્વે પુછી લીધા અને એ રીતે જોઇતું જ્ઞાન પ્રાપ્ત કીધું.

કોઇએ એમ નહિ સમજવું કે બે માણસો વચ્ચે થાય છે તેવી આ મુલાકાતો હતી યા તેવા આ સવાલ જવાબો હતા. ગાથામાં જરતોસ્ત પોતે એ બાબતમાં અચ્છી સમજણ પાડે છે, તેણે અહુરમજ્દને જોયો ખરો, પણ તેને પોતાનાં તનની નહિ પણ મનની આંખે તેણે જોયો હતો. તેણે તેને સવાલો પુછી જવાબો મેલવ્યા ખરા, પણ તે જવાબ હોરમજ્દે પોતાની કોઇ માણસના જેવી જબાન બોલીને આપ્યા નહિ હતા. જરતોસ્તે તે જવાબો સાંભળ્યા ખરા, પણ તે તેનાં શરીરના કાનો વડે સાંભળ્યા ન હતા. જરતોસ્તનો કલ્પેલો જગતનો કર્તા માણસનાં જેવાં રૂપ કે ઘાટ, સ્વભાવ કે ખવાસ, આકૃતિ કે પ્રકૃતિનો નથી. તેની સાથની મુલાકાતની જ્યારે જરતોસ્ત ખાહેશ કરે અને તે ખાહેશ પાર પડે ત્યારે તે માણસાઇ આકૃતિ કે પ્રકૃતિની હોઇ શકેજ નહિ.

સવાલ જવાબવાળાં મથકો.

પેહલવી "દીનકર્દ" મુજબ જરતોસ્ત ૩૦ વર્ષનો થયા પછી પોતાનું ઘર છોડી ચાલી ગયો હતો, અને દશ વર્ષ બાદ તેણે પેગમ્બરીનો દાવો કીધો હતો. ઘર છોડીને તે કયાં ગયો હતો? એવું જણાય છે કે તે એક પહાડ અને એક જંગલ તરફ ગયો હતો. વંદીદાદમાં એક ઠેકાણે આ પહાડ અને જંગલને "પવિત્ર સવાલ જવાબવાળાં" કહ્યાં છે. આ "પવિત્ર સવાલ જવાબ" તે કયા? એનો ખુલાસો એમ આપવામાં આવે છે કે હોરમજ્દ અને જરતોસ્ત વચ્ચે જે સવાલ જવાબો થયા હતા તે. જો એમ છે તો સવાલ થશે કે તે કયો પહાડ અને કયું જંગલ હતાં કે જ્યાં આ પુરસેશ પાશોખ (સવાલ જવાબ) થયા હતા? આ બાબતમાં જંગલ વિશે કાંઇપણ ઇશારો મળતો નથી, પણ ઇજશ્નેમાંથી પહાડનું નામ મળે છે. ત્યાં[2] માંથ્રવાણીને, વંદીદાદને, જરતોસ્તી કાયદા યાને દીંનને, ભલી મજ્દયસ્ની દીનના લાંબા વખ્તના રિવાંજને, વગેરેને યાદ

૧ ફરગરદ ૨૨, ક. ૧૯. ૨ હા ૧, ક ૧૩–૧૪.

કીધા પછી સ્તુતિ કરનાર કહે છે કે "મજદના પેદા કીધેલા, પુરતું સુખ આપનારા ઉષિદરેન પહાડને હું યાદ કરૂં છું." આ ઉષિદરેન પહાડ તે કયો અને તેને યાદ કરવાનો શો સબબ? આ પહાડને માટે કહેવામાં આવેછે કે તે વએકેરેત (સજીસ્તાન) પ્રાંતમાં આવેલો હતો, જેને પેહલવી લખાણોમાં "હુશદાસ્તાર"નું નામ મળ્યું છે, જેનો અર્થ "હુશિયારી ધરાવનાર" એવો થાય છે. એ પહાડને આ નામ એટલા માટે આપવામાં આવેલું મનાય છે કે એ પહાડ અને તેને લગતાં જંગલમાં અશો જરતોસ્ત રિયાજતમાં વર્ષો ગુજાર્યાં હતાં અને અહીંજ તેણે આસમાની હોશ યાને અક્કલ મેળવી હતી, અને અહીંજ હોરમજદ સાથે જરતોસ્તને દીનની બાબતમાં વાતચીત થયલી કહેવાય છે.[1] બીજાઓ વળી એમ ધારે છે કે આ વાતચીત અસનવત પહાડ ઉપર થઇ હતી, કેજે આજરબાઇજાનમાં આવેલો છે, અને આજરબાઇજાનની પડોશમાંજ મીડિયા પ્રાંતમાં રગએ શેહર હતું, માટે જરતોસ્તે ત્યાં જઇ ખુદાઇ જ્ઞાન મેળવવાની કોશેશ કીધી હોય.[2]

આ કરતાં વધારે અવસ્તાવાણીમાંથી આપણને કશું મળતું નથી, તોપણ સવાલ જવાબ થયા હતા એ બિના તો ગાથાવાણીમાં પેગમ્બર પોતે જાહેર કરી જાય છે, માટે તે બાબે કશો શક રહેતો નથી. આ સવાલ જવાબ ગમે તે પહાડ ઉપર થયા હોય તેનો વાંધો નથી.

જરતોશ્તે હોરમજદને કેમ જોયો.

હવે આ સવાબ જવાબ કેવા પ્રકારના હતા? જરતોસ્તને શું જોઇતું હતું? તે શું જાણવા માંગતો હતો? દુનિયાદારી ત્યાગ કરીને, ઘરબાર છોડી જંગલમાં જઇને તેણે હોરમજદ ઉપર મન લગાડયું હતું તે તો તે સાહેબ પોતેજ જણાવી જાય છે. પ્રથમ તો તે પોતાના જમાનાનાં લોકોની ધર્મ સંબંધી નીચી સ્થિતિ જોઇને કમકમ્યો, તે સુધારવાની કોશેશમાં નહિ ફાવ્યો, ત્યારે તે પોતાનાં મનમાંથી અનેક ઇજદોનો વિચાર કહાડી નાખીને એકજ સર્વ શક્તિવાન ખુદાની શોધમાં મંડયો રહ્યો. આ જગપિતા કોણ અને કેવો હોવો જોઇએ તેની તેણે પોતાના મનથી કલ્પના કીધી. રિયાજતમાં તેને એક વેળા એવું લાગી ગયું કે પોતે જેની શોધમાં હતો તે પોતાને મળી ચુકયો છે. પોતાની નજરમાં તેણે જગકર્તાને જોઇ લીધો. આ તેનાં મનની નજર હતી. આમ કરીને પછી તે બોલી ઉઠયો[3] કે—

> અય હોરમજદ! તને મેં મારી આંખો વડે જોયો છે, જોઇને પકડી રાખ્યો છે, મારી આંખોમાં મેં તને સમાવ્યો છે, અને હવે મેં તને સર્વથી પેહલો, પાક મનશનીથી પરસ્તેશ કરવા લાયકનો, ભલાં મનનો પિતા, રાસ્તીનું ખરૂં મૂળ, તથા દુનિયાનાં તમામ કામો ઉપર સાહેબી ભોગવનાર ગણ્યો છે. તુંજ સંપૂર્ણ મનશની ધરાવનારો છે, દુનિયાને બનાવવાની મિનોઇ અક્કલ તુંજ ધરાવે છે, અને જે ઘણી ઉદ્યોગી હોય તેને યા જે નિરૂદ્યોગી હોય તેને માટેના સારા માહા રસ્તા તેંજ મુકરર કીધા છે. જે ઉદ્યોગી છે તેને તેં આબાદી કરનાર, રાસ્તીનો સાહેબ, અને ભલી મનસ્નીનો વધારો કરનાર તરીકે પસંદ કીધો છે, કારણકે અય હોરમજદ, આળસુ માણસ કેજે ઠગારો હોય છે તે દીનના સારા કાનુનનો ફાયદો મેળવી શકતો નથી.

પેગમ્બરે પુછેલા પ્રશ્નો.

આ ઢબથી પોતાના કલ્પેલા જગકર્તાનો પોતે એકરાર કરવા પછી હવે જરતોસ્ત તેને કેટલાક

---

૧ કાંગાઃ ખોરદેહ અવસ્તા બા માયેની; હોરમજદ યશત, ફ૦ ૨૯ ની નોટ.

૨ કામાઃ જરતોશ્ત નામુઃ બાબ ૪, સફે ૧૪૫-૪૬, બીજી આવૃતિ.

૩ ગાથા અહુનવદઃ ઇજ૦ હા ૩૧, ફ૦ ૮, ૯, ૧૦.

સવાલો પુછવાની ખાહેશ કરે છે. તે પોતાના ખુદાને પુછી જ્ઞાન મેળવવા માગે છે કે—

જે કાંઇ હમણા બને છે અને હવે પછી બનશે તે તું મને કહે. અશો માણસને સારાં કામોનો બદલો શેવટે મળનાર છે તે બાબે તું મને સમજાવ. જે ધણી દુષ્ટ પાપીને સત્તા મેળવી આપે છે તેને તથા જે શખ્સ ખેતી કરનાર ખેડુતને, ગાયઢોરને અને અશો માણસને દુખી કરે છે તેને કેવી શિક્ષા મળવી જોઇયે તે તું મને જણાવ. હું તને પુછું છું કે જે દાના આદમી સારી સત્તાના વધારાને માટે કોશેશ કરતો હોય, તેનાં તે કામો કેવાં હોવાં જોઇયે, તે પોતે કેવો હોવો જોઇયે, તે તારી સફનો કયારે થઇ શકે ? વધારે ચઢતા દરજ્જાનું શું છે—રાસ્ત માણસ જે પસંદ કરે તે કે દુષ્ટ માણસ પસંદ કરે તે ?

આ સઘળા શરૂઆતના સવાલો[1] છે, અને તે પુછીને જરતોસ્ત અર્જ કરે છે કે—અય હોરમજદ ! તારાં ભલાં મન (બહમન) ની નિશાનીઓ હવે તું મને જાહેર કર.

અને આ સવાલોના જવાબો પોતાને મળ્યા હોય એવું ગાથાવાણીમાં આગળ ચાલતાં જરતોસ્ત ખુલ્લું જણાવે છે. પેગમ્બરીનું મહાભારત કામ માથે ઉઠાવી ગુમરાહ લોકોને ભલી રાહનુમાઇ કરતી વેળા જરતોસ્ત કહે છે કે—દીનની બાબતોથી જાણીતો થઇને મહાજ્ઞાની સાહેબ મજદને હવે "હું મારી નજરે ખુલ્લી રીતે જોઉં છું."[2]

જરતોશત અને સરોશ.

પણ એ આગમચ ભલાં મન (બહમન) મારફતે તેને હોરમજદ તરફની જે નિશાનીઓ જોઇતી હતી તે તેને મળી ચુકી હતી. ભલું મન યાને અક્કલ. અક્કલથીજ જરતોસ્તે ખુદાઈ નિશાનીઓ જોઇ. અક્કલનીજ આંખે તેણે હોરમજદ તરફના પેગામી અથવા કાસદને પોતાની આગળ આવેલો પિછાન્યો. આવા સંદેશા પહોંચાડનાર બે કાસદોનાં નામો અવસ્તાવાણીમાંથી મળે છે. તનદુરસ્તીની બાબતમાં સંદેશો પહોંચાડનાર કાસદ અઇર્યમન નામનો છે, અને દીનની બાબતનો હુકમ પુગાડનાર સરોશ ઇજદ છે. એક વેળા રિયાજતમાં જરતોસ્તે સરોશને જોયો અને તે ઉપરથી તે અશોએ આ પ્રમાણે હોરમજદને ખબર આપી[3] કે—

અય હોરમજદ ! જ્યારે તારો પેગામ લાવનાર (સરોશ) અક્કલ (બહમન) ની મારફતે મારી પાસે આવ્યો અને મને પુછ્યું કે તું કોણ છે ? અને ક્યાં ખાનદાનનો તું છે ? ત્યારે ખચીત મેં તને આબાદી કરનાર કબૂલ રાખ્યો.

અહીં સરોશ પોતેજ આ સંદેશો લાવ્યો હતો એમ જણાવેલું નથી, પણ આગળ ચાલતાં બીજે ઠેકાણે સરોશનું નામ ખુલ્લું કરેલું છે. ત્યાં[4] જરતોસ્ત હજુ તો પોતાને પેગમ્બરીનાં કામ માટે તૈયાર થતો જણાવે છે. તે હોરમજદને કહે છે[5] કે—

રાસ્તી મુજબ ચાલનારો સરોશ મોટા દબદબાથી મારી નજદીક (તારી તરફની બશારત આપવા અથવા પેગામ કહેવા) આવે તેની આગમજ હું (તારી પેગમ્બરીનાં કામને માટે) તૈયાર થાઉં છું.

ત્યારે આ રીતે એટલું તો સિદ્ધ થાય છે કે હોરમજદ તરફથી જેની મારફતે જરતોસ્તને પેગામ મળ્યા તે સરોશ હતો. પેહલવીવાળાઓ સરોશને બદલે બહમનનું નામ લખી જાય છે, અને તે પણ એક રીતે ખરૂં છે, કેમકે આ પેગામો અને સવાલ જવાબોનો મૂળ ભેદ ભલું મન અને અક્કલમાંજ સમાયલો છે અને ગાથામાંથી પણ બહમનનું નામ મળે છે. ઉપલા

---

1 ઇ.જ૦ હા ૩૧, ક૦ ૧૪, ૧૫, ૧૬, ૧૭.
2 ઇ.જ૦ હા ૪૫, ક૦ ૮.
3 ઇ.જ. હા. ૪૩, ક. ૭ 4 તેજ, ક૦ ૧૨.
5 ઇ.જ૦ હા. ૪૩, ક૦ ૧૨.

સખુનો બોલ્યા પછી જરતોશ્ત તરતજ આગળ ચાલતાં કહે છે કે સરોશ બહમનની મારફતે મારી પાસે આવ્યો હતો.[૧]

હવે જ્યારે સરોશે જરતોસ્તને દેખાવ દીધો અને તેને તેનું નામનિશાન પુછ્યું ત્યારે પોતે ગભરાઇ તો ગયોજ નહિ, કારણકે તેણે સરોશ મારફતે હોરમજદથી બશારત મેળવવાની-ખુદાઈ જ્ઞાન હાંસલ કરવાની-ખાહેશ કીધી હતી અને તે બાબે તેણે પોતાના મહાજ્ઞાની સાહેબને આગમજથી અર્જ કીધી હતી.[૨] એટલામાટે જરતોસ્તે સરોશને પોતાનાં મનની આંખે જોતાંજ અને તેનો સવાલ મનના કાને સાંભળતાંજ પોતે જવાબ આપ્યો કે—

> હું જરતોસ્ત, સપેતમાન ખાન્દાનનો, બદ માણસને માટે એક જાહેર જોરાવર દુશ્મન થવાની અને નેક માણસને માટે તેવોજ જોરાવર ખુશહાલી આપનાર થવાની ખાહેશ રાખું છું.[૩]

આતશને માટે નમાજ.

સરોશે એકવાર ફરીને પુછ્યુ[૪] કે—કઇ ચીજને મોહબત અને માનની નજરથી જોવાને તું ઇચ્છે છે ? ત્યારે જરતોસ્તે તેને—અથવા ગાથામાં છે તે પ્રમાણે હોરમજદને—જવાબ દીધો કે—

> અય સાહેબ, જ્યાં સુધી મારામાં તાકાત રહેશે ત્યાં સુધી તારા આતશને માટે નમાજની અને રાસ્તીની ભેટ હું ખચીત કીમતી ગણીશ.[૫]

રાસ્તી અને આતશ તરફ માન અને મોહબતની નજરથી જોવાની પોતાની ઇચ્છા દેખાડીને હવે જરતોસ્તે પોતાની તરફના જે વધુ સવાલો પુછવાની ખાહેશ કીધી તે સવાલો દીન બાબેનું જ્ઞાન મેળવવાને લગતા હતા. સરોશના આવ્યાથી અને તેના તરફથી ખબરદારી મેળવ્યાથી પોતે દાનાઇ હાંસલ કીધી હતી, એમ કબૂલ કર્યા છતાં જરતોસ્તને હજુ વધારે જ્ઞાનની તલબગારી હતી.

એવું જણાય છે કે આ વેળાએજ હોરમજદે જરતોસ્તને પેગમ્બરીનું મહાભારત કામ સોંપ્યું હતું, પણ તે કામની ફતેહ બાબે પોતાને શક પડવાથીજ તે નવું જ્ઞાન સંપાદન કરવા માંગતો હતો. પેગમ્બરીનું આ કામ તેને મળે તે આગમજ એક બનાવ બન્યો. આ એક અલંકાર માત્ર છે, અને તે ગાથામાં જરતોસ્તે પોતે અસરકારક રીતે રજુ કીધો છે.

દુનિયાના આત્માનો પુકાર.

અવસ્તાવાણીમાં—બલકે ખુદ ગાથાવાણીમાં—આ દુનિયાને એક ગાયનું અલંકારિક રૂપ આપ્યું છે. દુનિયામાં જ્યારે અનેક કિસમની બદીઓ વધી પડે છે અને ચોતરફ ખરાબીઓ ફરી વળે છે ત્યારે સમજુ માણસો તે સામે મોટો પુકાર ઉઠાવે છે અને જગકર્તાની પ્રાર્થના કરી કોઇ મોટા ધર્મગુરૂ કે પેગમ્બરની માંગણી કરે છે. ગાથાની અલંકારિક ભાષા મુજબ આ દુનિયાના આત્માએ અહુરમજદની દરબારમાં પુકાર ઉઠાવ્યો કે—મારી ઉપર ગુસ્સા, લૂટફાટ મારામારી, ખરાબી, બખેડા, જુલમ, વગેરેનું રાજ્ય ચાલે છે, તેમાંથી તમો સિવાય મને બીજું કોણ બચાવશે ? જો તમો મને ભલો ઉદ્યમ શિખવો યાને લોકો મારફાડ અને બુરાઇ છોડી દઇને ઉદ્યોગી થાય તો આ સઘળી ખરાબીઓ દફે થઇ જાય.[૬]

આ ફરિયાદ સાંભળીને મજદે "અષ" યાને સુલેહશાંતી ભરેલી રાસ્તીના ખાવંદ અથવા સરદારથી જાણવા માંગ્યું કે—દુનિયાની ખલકતનાં

૧ ઇજ૦ હા ૪૩, ફ૦ ૧૩, ૧૫.
૨ હા ૨૮ ફ. ૫. ૩ હા ૪૩, ફ૦ ૮
૪ હા ૪૩ ફ૦ ૯
૫ હા ૪૩, ફ૦ ૯

૬ ગાથા અહુનવદ: ઇજરને, હા ૨૯, ફ. ૧

રક્ષણને માટે કોણને સરદાર તરીકે ઠરાવિયે, કે જે તેનો બચાવ કરે અને તેની ઉપર સત્તા ભોગવે, ઉદ્યમથી તેને આબાદ કરે, અને બુરા માણસોના જુસ્સાને હટાડીને તેની વૃદ્ધિ કરે? અષ તરફથી જવાબ મળ્યો કે—તે સરદાર એવો હોવો જાઇયે કે જે દુનિયાનાં લોકો ઉપર ધાતકીપણું નહિ ગુજારતાં બેઆજાર હોય; પણ દુનિયામાં વસનારાં માણસોમાંનો કોઇ પણ એવો બેઆજાર મને જણાતો નથી કેજે આબરૂદાર અને રાસ્ત લોકોની વૃદ્ધિ કરે. દુનિયામાં વસતા હૈયાત માણસોમાં તે સૌથી જોરાવર હોવો જોઇયે, કે જેથી તેના મદદગારો તેના સખુન અને હુકમને માન આપે.

સરદાર તરીકે જરતોશ્તની પસંદગી.

આ ઉપરથી અહુરમજદે દુનિયાની સરદારી માટે જરતોસ્તને પસંદ કીધો. તે આબાદી કરનારે પોતાના પસંદ કરેલા પેગમ્બરને કહ્યું કે—

> દુનિયા અને દીનને લગતો કારોબાર ચલાવી શકે એવો સરદાર બીજો કોઇ જણાયલો નથી, માટે દુનિયાની આબાદી કરનાર અને દીનને માટે મહેનત કરનાર તરીકે મેં તને પેદા કીધો છે, અય જરતોસ્ત!

આ રીતે જરતોસ્તને પોતાના પેગામી તરીકે પસંદ કરી અહુરમજદે દુનિયાના આત્મા (ગાય) ને ખબર આપી કે—

> જેણે એકલાએ મારી શિખામણ સાંભળી છે અને જે મને આ દુનિયામાં ઉત્તમ જણાયો છે, તે સપેતમાન જરતોસ્ત છે, જે પોતે મારી મદદથી રાસ્તીનો ફેલાવો કરવા તથા દુનિયાની ખરી ફરજ શું છે તે જાહેર કરવા ઇચ્છે છે, માટે હું તેને સત્તા આપવા માંગું.

પણ આ પસંદગી દુનિયાના આત્માને પ્રથમ વાજબી લાગી નહિ. જરતોસ્તની દીન અને દુનિયા ઉપરની સરદારી તેને ફતેહમંદ જણાઇ નહિ. તેણે ફરીથી પુકાર મારીને ફરિયાદ કીધી અને દાદ ચાહી કે—

> મારાં સંકટો દૂર કરવા માટે એક અણગમતો સરદાર અથવા એક નબળો માણસ મને કશી મદદ આપી શકે નહિ; માટે હું તો એક આપએખ્તિયાર સરદાર માગું છું, કેજે ખલકતને પોતાની મર્જી મુજબની મજબૂત મદદ આપી શકે.

આ અવિશ્વાસ છતાં અહુરમજદની પસંદગીમાં ફેરફાર થયો નહિ. ખુદ જરતોસ્તને પણ આનાકાની કરતો જોઇને તે મહાત્માની સાહેબે તેને કહ્યું કે—

> તારી રાસ્તીને લીધે, અય જરતોસ્ત, દીન અને દુનિયાનો કારોબાર ચલાવનારો તારા સિવાય બીજો કોઇ પણ સરદાર કે વડો ધર્મગુરૂ મને જણાતો નથી, અને તેટલામાટેજ હું જગકર્તાએ આ દુનિયાની આબાદી કરનાર તરીકે તથા દીનને માટે કોશેશ કરનાર તરીકે ખચીત તનેજ પેદા કીધો છે.[1]

હોરમજદી મદદની જરૂર.

આ રીતે સપેતમાન જરતોસ્ત દીન અને દુનિયાનો સરદાર નેમાયો. પણ અહુરમજદી પસંદગી પછી અહુરમજદી મદદની મોટી જરૂર જણાઈ. જરતોસ્તે તે આ રીતે માગી—

> અય સાહેબ! મારા શાગેર્દો અને મદદગારોને તું કુવત તથા સત્તા આપ, કે જેથી અમો દુનિયાના લોકોને નેકી મારફતે ખુશહાલ તથા સુખી બનાવિયે.

ફરીથી જરતોસ્ત માગે છે કે—

> મને રાસ્તી, નેક વિચાર અને કાબુ ક્યારે મળશે? પેગમ્બરીનું જે મોટું સવાબકર્મ બજાવવાનું તેં મને સોંપ્યું છે તે

---

1 ઇ.જ૦ હા ૨૯, ૬૦ ૬

માટે મને પુરતી મદદ આપ, કારણ કે એ તારી બક્ષેશની મને ઘણી જરૂર છે.

દુનિઆનું રવાન પણ એજ રીતની માગણી કરતું હતું. તેને પણ જરતોસ્ત જેવા એક ધર્મગુરૂ અને વાઅજ કરનારની જોડે એક સ્વતંત્ર સરદાર જોઇતો હતો. જરતોસ્ત અથોરનાન હતો, પણ તેની જોડે તે રથેસ્તાર યાને પાદશાહી દરજ્જાનો અને પેહલવાની બાજુનો હોવો જોઇયે, એ ઉપલાં રવાનની માગણી હતી. અને જયારે જરતોસ્તને તેવો દરજ્જો મળ્યો ત્યારેજ તે રવાન શાંત થયું—ત્યારેજ દુનિયામાંથી ગેયા અવ્યવસ્થા દૂર થઇ અને ત્યારેજ સુલેહ અને શાંતિ પંથરાઇ.[1]

પેગમ્બરી માટેની કોશેશ.

જરતોસ્તને પોતાને પણ લાગ્યું કે હોરમજદે સરોશ મારફતે તેને જેટલું જ્ઞાન આપ્યું છે તેટલું પુરતું નથી. તેણે તે મહાજ્ઞાની સાહેબને કહ્યું કે—

તારા કલામોની બરકતથી હું દાના તો થયો ખરો, પણ તેં મને જેટલું શિખવ્યું છે તેટલુંજ દુનિયાના લોકોમાં ફેલાવો પામવાને માટે મુસ્કેલ છે, કેમકે તે પુરતું નથી. તોપણ તેં મને જે કાંઇ શિખવ્યું છે તે સર્વોત્તમ છે, માટે હું તો તારો હુકમ બજા લાવીશ.

આ હુકમ પ્રમાણે જરતોસ્તે ઇરાનમાં ખુદાના પેગમ્બર દાખલ દીન અને દાનાઇનો માર્ગ દેખાડવા માટેની કોશેશ કરવા માંડી, જેમાં તે પુરતી ફતેહ મળેલી લાગતી નથી. દીનકર્દ નામે પેહલવી કેતાબમાં જણાવ્યું છે તેમ જરતોસ્તે પ્રથમ પોતાનાજ પ્રાંતના દેવયસ્ન લોકોમાં નવી દીન ફેલાવવાની કોશેશ કીધી અને તેવા લોકોના રાજાઓની મદદ માંગી, જે તેને મળી નહિ અને તેનો જાન વખતે ધાસ્તીમાં આવી પડયો. આથી તેણે પોતાના ખાવિંદ પાસે પાછો જઇ અર્જ ગુજારી[2] કે—

અય સાહેબ! મારી નેમ જે તારી દીનનો ફેલાવો કરવાની છે તે પાર પાડવા માટે તું મને લાંબી જિંદગી બક્ષ.

આ વખ્તે સરોશે તેને પાછો દેખાવ દીધો અને ધીરજ આપતાં કહ્યું કે—

તું સબુરી પકડ, કારણકે "એક સંતોષી વિચાર સૌથી સરસ ચીજ છે."

વળી તેણે વધાર્યું કે—

એક ગમે એવો સંપૂર્ણ માણસ હોય તોપણ તે બુરા માણસોને રાજી રાખી શકતો નથી, કારણ તે બુરાઓ તો રાસ્ત માણસોને નઠારા ગણતા આવેલા છેજ.[3]

આથી જરતોસ્તને દિલાસો મળ્યો અને હિમત આવી. પેલી ગાયના અથવા દુનિયાના રવાને પોતાને માટે જે સખુનો કહ્યા હતા તે યાદ કરીને હવે પેગમ્બરે પોતાના પેદા કરનારની નેમાજ કીધી. પોતાના હાથો ઉંચા કીધા, અને પેગમ્બરીનાં કામને ખુશહાલીભરેલું અને મહત્વનું ગણીને પેલાં રવાનને ખુશહાલ કરવા ચાહ્યું. તે બોલી ઉઠયો કે—

"નમનતાઇથી હાથ ઉંચા કરીને સૌથી પહેલાં અશુદ્દેહ આબાદી કરનાર હોરમજદનાં તમામ રાસ્તીભરેલાં કામોને અને ભલાં મનની અક્કલને આ ખુશહાલીમાં હું માગું છું; કે જેથી કરીને દુનિયાના રવાનને હું ખુશહાલ કરૂં!"

---

[1] મી૦ શા૦ કા૦ હોડીવાળા કહેવા માંગે છે કે જે ગાયે ફરિયાદ કરી તે પૃથ્વીરૂપી ગાય નહિ પણ વૃષભ (Taurus) નક્ષત્રરૂપી ગાય હતી, જેનો અમલ ઉતરવાના બનાવને આપની ફરિયાદનું રૂપ મળ્યું છે.—Zoroaster &c. in the Rig Vedas—સફે ૫૮ ઇત્યાદિ.

[1] ઇ.જશ્ને, હા ૨૯, ફ૦ ૧૧ [2] તેજ, ફ૦ ૧૩. [3] તેજ, ફ૦ ૧૫.

વળી એજ વેળા તેણે હોરમજદને બહમન (ભલાં મન)ની મારફતે પહોંચવા ચાહ્યું,[1] અને કબૂલત આપી[2] કે—

"જ્યાં સુધી હું શક્તિ ધરાવું છું તથા કુવત રાખું છું ત્યાં સુધી રાસ્તીની ખાહેશમાં રહેવાને હું લોકોને શીખવીશ.[3]"

ફસલ ૪—દીન દુશ્મનોની પહેલી શિકસ્ત.

દીનના ફેલાવાની ખાહેશ—પેગમ્બરનું પહેલું ભાષણ.

અને આ કબૂલત પારં પાડવાને તે હવે ઇરાનમાં પાછો ફર્યો. પહાડ અને જંગલ છોડી તે દીનના ફેલાવા માટે વસ્તીમાં આવ્યો. તેણે હવે પોતાનાં ખુદાઇ જ્ઞાનથી બળવાન બનીને દીનની બાબતમાં વાએઝો આપવા માંડી. પહેલાં તો તેણે અહુરમઝદની બે વડી શકિતઓ સપેન્તો મિનો (સપેનામિનો) અને અંઘ્ર મિનો (ગનામિનો) વીશે સમજણ પાડી, તથા તેઓ બન્નેનો સાહેબ જે હોરમજદ પોતે છે તેનીજ સેતાયશ કરવી રવા છે એમ સમજાવ્યું, અને હોરમજદ તરફથી પોતે જે કાંઇ શિખ્યો હતો તેને પવિત્ર અને ખુબીવાળા માંથ્ર ગણીને ઇન્સાનને નેક રાહ ઉપર લાવનારાં તે શિક્ષણને શિખવા લાયક અને ફાયદાકારક જણાવ્યું. તેણે કહ્યું કે—

મારી ઉત્તમ નસીહતોને તમારા કાને સાંભળો તથા તમારી રોશન વિચારશકિતથી તે ઉપર દરિયાફત કરો. તમો દરેક જણ પોતપોતાની મરજી મુજબ સારૂં માઠું પસંદ કરો, તે આગમજ તમો મારાથી વાકેફ થવા માટે બીદાર થાઓ. પેલા બે મિનો વિચારમાં, વચનમાં અને કામમાં પોતપોતાની ખાસિયત મુજબ સારા કે માઠા છે. દુનિયાનાં લોકોમાં જેઓ સારાં ડહાપણવાળા છે તેઓએ રાસ્તી અખ્તિયાર કીધી છે, પણ ખરાબ દાનેશવાળાઓએ તેમ કીધું નહિ. આ બે મિનો જ્યારે પહેલા સાથે મળ્યા ત્યારે સપેનામિનો કે જે રાસ્ત લોકોને માટે સૌથી સારી મનસ્નીવાળો છે તેણે જિંદગી અને ગનામિનો કે જે બુરાઓમાં બદ મનસ્નીવાળો છે તેણે નાશ પેદા કીધાં. બુરા મિનોએ સૌથી દુષ્ટ કામ પસંદ કીધું; આબાદી કરનાર મિનોએ રાસ્તી પસંદ કીધી. એજ રીતે જેઓ દીન ઉપર એતેકાદ રાખીને હોરમજદને ખુશહાલ કરે છે તેઓભી રાસ્તીજ પસંદ કરે છે. જેઓ દેવયસ્ની યાને બુરાઇને પસંદ કરનારા છે તેઓ આ બે મિનો વચ્ચેનો તફાવત બરાબર સમજી શકયા નહિ અને જ્યારે તેઓ દીનની બાબતના સવાલ જવાબ કરવા માટે આવ્યા ત્યારે તેઓને અમે તકરારમાં માત કીધા હતા, છતાં તેઓએ સૌથી બુરો વિચાર એખ્તિયાર કીધો, અને ગુસ્સામાં આવીને દુનિયાની ખરાબી કરવા તૈયાર થયા, પણ જ્યારે આ ગુનેહગાર માણસો ઉપર મુસીબત આવી પડશે ત્યારેજ તેઓ હોરમજદને પાદશાહ તરીકે પિછાનશે. અય લોકો! કરણી મુજબ સુખ તથા દુઃખના જે નિયમો હોરમજદે મુકરર કીધા છે તે તમો શિખો અને જાણો કે તે આ છે કે—પાપી માણસોને લાંબા વખત સુધી દુખ ખમવું પડે છે, પણ નેક માણસો સુખ ભોગવે છે.[4]

વળી પેગમ્બરે આગળ ચાલતાં જણાવ્યું કે—

મારી શીખામણોના કલામો એવા છે કે

---

૧ ઇજ૦, હા ૨૮, ફ૦ ૧, ૨ તેજ, ફ૦ ૨.

૩ તેજ, ફ૦ ૨.

૪ ઇજશ્નૈ, હા ૩૦ નો મૂખ્ય સારાંશ.

જે આગળ કદી સાંભળવામાં આવ્યા નથી, અને એ કલામો જેઓ દેવયસ્નની શીખામણોથી અશોઇની દુનિયાને ખરાબ કરે છે તેમને માટે સારા છે, પણ જેઓ હોરમજદ ઉપર ફિદા છે તેમને માટે તો આ શીખામણનાં કલામો ઘણાજ ઉત્તમ છે. પહેલી નજરે કોઇ માણસને આ દીન ઉપર એતેકાદ નહિ બેસે તોપણ પાછળથી જાહેર સાબેતીઓથી તેનો એતેકાદ વધારે મજબૂત થશે. સુખાકારી, રાસ્તી અને અમર્ગી મળે અને કાયમ રહે એવી રીતના માંથ્ર અથવા શીખામણ જે વિદ્વાન મને આપે તેનું સૌથી વધારે ભલું થજો! હોરમજદની પાદશાહી નેક મનશનીને લીધે આબાદ રહેલી છે; સૌથી પહેલો વિચાર કરનાર તેજ છે; તેનો ચળકાટ આસ્માનની બેહદ રોશનીઓ સાથ મળી ગયલો છે; પોતાની હરવિસ્પ આગાહ અક્કલથી તમામ ખલકત પેદા કરીને રાસ્તી તથા ઉત્તમ વિચારોને તે ટેકો આપે છે. ભલો ઉધમ કરનાર તથા આળસુ રહેનાર એ બેમાંથી દુનિયાના ફાયદાને સારૂ આબાદી કરનાર ખેડુતને હોરમજદે ભલી મનસ્નીનો વધારો કરનાર તરીકે પસંદ કીધો છે. ઠગાઇ કરનાર આળસુ માણસ દીનના સારા કાનુનનો ફાયદો મેળવી શકતો નથી. જે માણસ અશોઇથી જિંદગી ગુજારનાર માણસને ઠગે તેનું ઠામ અંધકારમાં હોય છે, તેનો ખોરાક બદ અને તેનો પુકાર શોકકારક હોય છે. જે શખ્સ પોતાના વિચાર અને કામથી હોરમજદનો દોસ્ત બને છે તેને તનદુરસ્તી અને અમર્ગી મળે છે, તેમજ આબાદી, અશોઇ અને હકુમતની સરદારી તથા ભલાં મનનું સુખ તેને હાંસલ થાય છે.[1]

૧ ઇ.જરને, હા ૩૧ નો મુખ્ય સાર.

એક દીન દુશ્મન બાબે ફરિયાદ.

અશો જરતોસ્તની પેગમ્બરીની શુરૂઆતનાં ઉપર જણાવેલી મતલબનાં શિક્ષણથી દેવયસ્ની દુશ્મનોમાં મોટો ગભરાટ ઉત્પન્ન થયો. તેઓ જરતોસ્તની સામે ઉઠી ઉભા થયા. તેઓએ તેનો નાશ કરવા માંગ્યો. બેન્દ્ર અને માના નામના બે શત્રુઓ જરતોસ્તની શીખામણોથી બહુ છેડાયા. એ બાબતમાં પેગમ્બર પોતેજ આ રવેશે બોલે છે—

> જેઓ બેદિલ થયા છે તેમને રાસ્તીની મારફતે રાજી રાખવા ઇચ્છુંછુ, પણ અય હોરમજદ! મારા હરીફોમાંનો સૌથી જોરેમંદ બેન્દ્ર હમેશાં મારી સામો થયા કરે છે. આ મારાં સંકટમાં મને તું મદદ કર! નેક મનસ્નીથી હું તે દુશ્મનનું મોત (શિકસ્ત) શોધું છું.[2]

આ બેન્દ્ર દેવયસ્ન પક્ષનો કોઇ એવો મોટો સરદાર હોવો જોઇયે કે જેનાથી જરતોસ્તને અતિ મોટો ત્રાસ મળેલો જણાય છે. તેનાથી પોતે ફિકરમંદ બની ગયા હોય એમ પણ જણાય છે. જરતોસ્ત પોતે કહે છે તેમ "તે દુખ દેનારો, ઠગારો, રાસ્તીથી વેગળો રહે છે અને આબાદી કરનાર સભ્યતાને કબૂલ રાખતો નથી." એવા એક તુંદ અને સરકશ દુશ્મનનું જરતોસ્ત મોત ઇચ્છે છે તે કાંઇજ નહિ પણ તેને પોતાની સાથની તકરારમાં માત કરવાનીજ ઇચ્છા છે. એજ શત્રુના સંબંધમાં બીજે ઠેકાણે જરતોસ્ત બોલે છે કે "તેણે, તેના ખેશીઓ અને હમશરીકોએ તેમજ તેના માણસોએ પેગમ્બરીનાં કામમાં ખલલ કરવા ચાહ્યું અને તે માટેની અર્જ ગુજારી, પણ મારાં મનમાં હોરમજદની ખુશહાલી છે."— જરતોસ્તનો "હોરમજદ ખેરખાહ દોસ્ત છે,"— માટે તે સાહેબે "પોતાની સર્વોપરિ સત્તાની રૂએ," નેક વિચાર અને કીર્તિભરેલી રાસ્તીની મારફતે તે દીન દુશ્મનોની અર્જ નહિ સ્વિકારતાં પાછો

૨ ઇ.જ૦, હા ૪૯, ફ૦ ૧.

જવાબ આપ્યો કે જે કોઇ નરમાશથી કામ લઇ ભલાઇ અને આબાદીનો વધારો કરશે તેનેજ હું કબૂલ રાખીશ—તુંદ અને મગરૂર માણસને હું કબૂલ રાખતો નથી.[1]

આમ થવાથી હવે જરતોસ્તને મોટી હિમત આવી, અને તેણે પોતાના હરીફોને તકરારમાં તારાજ કીધા. તેણે તેમને ઠપકો દીધો કે—

> અય દેવો, તમો બધા અકોમન યાને બુરા વિચારની તોખમના છો; જે કોઇ તમને આરાધે તે પોને દગારો તથા ગુમરાહ છે; તમારામાં એટલી બધી ઠગવિદ્યા છે કે તે માટે તમો દુનિયાના હફ્ત કેશ્વરમાં જાણીતા થયલા છો; તમો મનને એટલું બધું પરેશાન કરોછો કે માણસો સૌથી બુરા અને નેક મનસ્નીનો ઇનકાર કરનારા બને છે; અને દેવ લોકોના મળતિયા હોય એવા સખુનો ઓચરે છે તથા રાસ્તી અને અક્કલ ગુમાવતા જાય છે. અય એન્દ્ર, અને એન્દ્રના સાથીઓ! જિંદગીનાં સુખ અને અમર્ગી બાબે તમો માણસોને ખોટું સમજાવો છો કે ગનામિનો બુરા વિચાર, બુરા સખુન અને બુરાં કામોની મારફતે હકુમત ભોગવે છે.[2] પણ તેવું કાંઇજ નથી.

ગનામિનો જરતોસ્તને લલચાવે છે.

ગાથા પ્રમાણે જરતોસ્ત આ રીતે દેવો અને તેમના વડા અકોમન તરફ તિરસ્કાર બતાવે છે, પણ વંદીદાદ પ્રમાણે તો આ અકોમન અથવા ગનામિનો જરતોસ્તને લાલચ બતાવીને પોતાની પક્ષમાં ખેંચી લેવા માંગતો જણાય છે, અને તેમાં જ્યારે દેવની ખસ્લતના તેના શત્રુઓ ફાવતા નથી ત્યારે તેઓ તેના ઉપર તોહમનો જોડી કહાડી તેને સજા કરાવે છે, કેદમાં નખાવે છે, અને બીજો જુલમ ગુજારે છે તે પેહેલવી અને ફારસી લખાણો ઉપરથી માલુમ પડે છે. એ બાબે આપણ હવે પછીનાં પ્રકરણોમાં વાંચીશું. અહીં તો વંદીદાદને આધારે જણાવીશું કે ગનામિનોને જરતોસ્તની પેગમ્બરી બાબે ખબર પડી ત્યારે તે ઉત્તર બણીથી દોડી આવ્યો અને પોતાના બૂઇતી નામના મદદનિશને ફરમાવ્યું કે તેણે દોડયો જઇને જરતોસ્તને મારી નાખવો. આ કામ બજાવવા "દુખી કરનાર, નાશ કરનાર અને બદકાર" બૂઇતી, જેને વંદીદાદમાં "દરૂજ" યાને જુઠો કહેલો છે તે, જરતોસ્તની આસપાસ ફરી વળ્યો, એટલે કે બૂઇતિ યાને બુતપરસ્તી કરનાર તે જમાનાના લોકો જરતોસ્તની મજદયસ્ની દીનનો ફેલાવો થતો જોઇને તેને દાબી દેવા માટે હુલ્લડ મચાવી બેઠા. તેઓએ અનેક પ્રપંચો લડાવ્યા, પણ જરતોસ્ત તેમનાથી ડર્યો નહિ. વંદીદાદ મુજબ તેણે બીજું કાંઇ કીધું નહિ પણ અહુનવરની બંદગી ગાઇને તે ભણ્યો અને તેમ કરીને પણ અહુરમજદને યાદ કીધો. હોરમજદને યાદ કરવાથી હિમત મળે છે. એક સંકટમાં આવેલા માણસને સૌથી પહેલી અને સૌથી વધારે જરૂર હિમતની છે. આ હિમત આપનાર કલામ હોનવર છે. એમ સમજીને જરતોસ્તે તે કલામ યાદ કીધો. આ હોનવરની બંદગીની ખુબી બાબે આપણે આગળાં પ્રકરણમાં[3] વાંચી આવ્યા છિયે. ત્યાં અવસ્તાઇ આધારે આપણે જોયું છે તેમ એ બંદગીમાં હોરમજદની યાદ કીધાથી ચઢી આવેલી બલા દફે થાય છે. હોનવરનો કલામ વળી એટલોબધો પુરાણો લેખાયો છે કે દુનિયા પેદા કરતી વેળા તે સખુન હોરમજદે પોતે યાદ કીધો હતો.[4] આ કલામની બીજી ખુબીઓ વંદીદાદ અને ઇજશ્નેમાં જણાવેલી છે, કે જે હિમત અને કુવત સાથ નિસ્બત રાખનારી છે. આવી ખુબી-

---

૧ ઇ.જ૦ હા ૩૨, ફ ૧—૨.

૨ તેજ, ફ૦ ૧—૫.

૩ જુઓ આગાડી, બાબ ૨, ફસલ ૩. સફે ૫૧.

૪ ઇજ૦ હા ૧૯, ફ૦ ૧, ૨, ૩.

વાળા હોનવરનો કલામ "યથા અહૂ વર્યો" થી "વાસ્તારેમ" સુધી જરતોસ્તે ગાયો, કારણ કે એ કલામ અથવા બંદગી ગાયનમાં રચાયલી છે, જે સાંભળીને વંદીદાદ મુજબ પેલો જુઠો બુઇતી દેવ જરતોસ્તને મારવાને બદલે પોતેજ માર ખાધો હોય તેમ ગભરાટમાં પડીને તેની આગળથી નાસી ગયો;—એટલે કે જરતોસ્તને ત્રાસ આપવા આવેલા બુતપરસ્તો અને જાદુગર લોકો જેઓ હુમલો લાવ્યા હતા તેઓ નિરાશ થઇ વિખરાઇ ગયા. તેઓએ જોયું કે જરતોસ્તને પોતાની દીન ઉપર એટલો બધો ઇતબાર છે કે તે તેને તર્ક કરે અને આપણી પક્ષમાં આવે અને બુતપરસ્તીને ટેકો આપે એ બની શકતું નથી. તેઓ તેની સામે તકરારમાં ઉતરેલા હોવા જોઇયે, અને ગાથાવાણી ઉપરથી સ્પષ્ટ એમજ જણાય છે કે દેવયસ્ની અને મજદયસ્ની પક્ષો વચ્ચે ઘણીએક તકરારો ચાલી હતી, જેમાં જુના દેવયસ્ની પક્ષનો વડો બેન્દ્ર નામનો જરતોસ્તનો હરીફ હતો, જે તેને બહુ પજવતો હતો.

ગનામિનોનો ગભરાટ.

વંદીદાદ મુજબ જ્યારે બુઇતિ દેવ જરતોસ્તને પોતાના એતેકાદ ઉપર દ્રઢ જોઇને તેની આગળથી લાઇલાજ થઇ ચાલી ગયો, અને પાછો ગનામિનોને જઇ મળ્યો ને તેને ખબર આપી કે જરતોસ્તનું મોત આણી શકાય એમ નથી, કારણકે તે પૂર ખોરેહવાળો છે, જે ખોરેહની મદદથી તે ચેતી ગયો છે કે બુરા દેવો મારૂં મોત નિપજાવવા માટે ભેગા થઇ મસ્લેહત ચલાવે છે. તે દેવોની આ મસ્લેહત પછી તેમને જરતોસ્ત સાથ સવાલ જવાબો થયા હશે અને જોશભરી તકરાર ચાલી હશે એમ પણ વંદીદાદ ઉપરથી જણાય છે, કારણ કે બુઇતિ દેવના નિરાશ થઇ પાછા ફર્યા પછી જરતોસ્ત ઉભો થઇ આગળ વધ્યો અને "બદમનસ્નીથી પુછેલા કીનાખોર સવાલો મધેના ઘણા સખ્ત સવાલોથી કુચવાયા વગર" મજબૂત રહીને તેણે ગનામિનોને ખબર આપી કે—

ગનામિનો! અય રૂએ બદકાર તું!
હું મારીશ તારી પેદાયશ જે બદ,
અને છે તરીકા દેવોનાથી પૂરં;
હું મારશ નસુશને, હું મારશ પરી
ખનાંથૈતિ બુરીને, જ્યાંસુધી પૂર્વ
તરફથી જનમશે ભલો સૉશિયોસ,
ને ફેલાવશે મજદયસ્ની તરીક,
કે જ્યારે વખત આવશે રસ્તખેજ.

અહીં જરતોસ્ત સાથની તકરારનો ઇશારો મળે છે કે જે બાબે આપણે આગળા સફાઓમાં વાંચ્યું છે અને પાછળા સફાઓમાં બીજું વધારે વાંચીશું. ગનામિનો બીધો. તે ગભરાટમાં પડ્યો. પોતાની બદ પેદાયશનો જરતોસ્તથી નાશ થવાની તેને ધાસ્તી લાગી. આથી તેણે ગભરાઇને જરતોસ્તને વિનંતી કીધી કે—

રે ના માર મારી પેદાયશને તું,
હે બેટા પોરષસ્પના તું અશો!
તજી દે, છોડી દે, ભલી તારી દીન,
ને કર માઝ્દયસ્ની તરીકાને દૂર.
કે પામે તું એવો રૂડો ફાયદો,
જે મળ્યો હતો શાહ વધ્ધનને[1] ખાસ.

હારેમન તરફનો નવો ફરેબ.

અહીં જરતોસ્તને તેના નિરાશ થયલા દુશ્મનો સમજાવી લેતા હોય, તેને પોતાની તરફ ખેંચી લેવા માંગતા હોય, તેને મોટી મોટી લાલચ દેખાડી મજદયસ્ની તરીકાથી તેનું સર ફેરવવા માંગતા હોય એમ જણાય છે. પણ તે સર્વે તરફ જરતોસ્ત પુર તિરસ્કાર બતાવે છે. અકોમનનાં રૂપમાં શત્રુઓ જરતોસ્તને

૧ એરવદ શે૦ દા૦ ભરૂચા મુજબ આ વધ્ધનશાહ બાબેનો જે ઇશારો વંદીદાદમાં છે તે કોઇજ નહિ પણ જહાક છે,—Zoro. Relig. & Customs, સફે ૩.

એક તરફથી તાનો મારે છે કે તું કોઇ મિનોઇ રવાન ધરાવનારો નથી, છતાં તેઓ તેને મોટી બક્ષીશની લાંચ આપવા માંગે છે:—

તું ખાકી છે ઇનસાન, ખાકી જનમ
દીધો જેણે તેઓમી ખાકીજ છે;
નથી તું મિનો જાન, ખાકી તું છે,
હું જાણું શી રીતે કે પાકી તું છે?
તો માની લે આ વાત મારી તું ખાસ,
કે ખાકી છે પીપી, કરે છે તે ભૂલ;
તેવી તારી છે ભૂલ આ દીને મજદ.
તું છોડી દે તેના ફેલાવાની વાંત,
ને કર આપું જે હું નિયામત કબૂલ.

આ કિસમના શત્રુના સખુનથી અશો જરતોસ્તને માઠું લાગ્યું. તેણે બુગ અંગ્રોમનને જવાબ દીધો કે—

રે જા જા, હે પાપી! રે થા થા તું દૂર!
કબુ ના હું છોડું જે છે દીને એહ.
થશે તારી ઉમ્મેદમાં તું નિરાશ,
કદી રાખતો ના તું મારેથી આશ.
અગર હાડકાં આ જુદાં તનથી થાય,
કે આ મારો પ્યારો કદી જાન જાય,
કે ગુમ થાએ આ મારી બુધ્ધિ તમામ,
ન છોડું, ન ભૂલું, કદી દીન રાસ્ત!
બશારત જે માટેની થઇ છે મને,
સરોશે પુગાડ્યો છે જેનો પેગામ,
તેની માર્ફતે મેં અહુમજ્દને
છે પક્કો કીધો રાજી કરવા ઠરાવ;
ને દુનિયાઇ લાલચ અને લોભને
કમીનાં ગણી થોકડે મારીશ હું.
ભલે જાન મારો તું લે, ભાંજ હાડ,
કે કર આ બદન ખાકીની મારફાડ;
ન છોડું, ન છોડું, રે હર્ગીજ હું
જે છે દીન સાચી ને પાપોથી દૂર!
અરે જાણ, પાપી ગનામિનો દેવ!
થશે ખાક તન પણ રવાન રે'શે પાક;
જીવીને હું મારીશ તારી તમામ
પેદાયશ, જે છે બુરી ને બદકલામ.
થશે સોશિયોસનો સમય ત્યાં સુધી
ન જંપી તને બેસવા હું દઇશ.

પેગમ્બરનું પવિત્ર હથિયાર—હોનવરનો કલામ.

ગનામિનો આ હીમત ભરેલા સખુનોથી બહુ ગભરાયો. તેણે જોયું કે વાત તો વધી પડી છે. જરતોસ્તના શત્રુઓ તેને પોતાની પક્ષમાં ખેંચવા માંગતા હતા, અને તે ગમે તે કરતાં પણ માનવીજાત છે માટે લોભને શરણ થશે એમ માનતા હતા. તેઓ પ્રથમ તેની સાથની ધર્મ સંબંધી તકરારમાં અને ત્યારબાદ તેને ફસાવવાની તદબીરમાં પણ નાઉમેદ થયા. જરતોસ્તે જ્યારે તેમની બુતપરસ્તી તોડવા અને તેમનાં કામોની ભાંજફોડ કરવાની ધમકી આપી ત્યારે તેઓ ઘણા બીધા; તોપણ તેઓએ જાણી લેવા ચાહ્યું કે જરતોસ્ત કંઇ કિસમનાં હથિયારે તેઓના દેવયસ્ની તરીકાનો નાશ કરશે. એટલામાટે અંગ્રોમને તેને આ સવાલ મુકયો—

હથીઆર વિના તું કરવાનો શું?
તું જંગી બની શી રીતે ફાવશે?
કયો તે વચન જે વડે મારશે?
કયો તે સુખન જેથી ધિક્કારશે?
ફના શા વડે કરશે મારી ફલક?
કહે તારી શી છે એવી તે કુમક?

પોતાની કને કેવાં મોતેબર, બાલ્લાતર, અને ફતેમંદ હથિયારો છે કેજે વડે પોતે દીન દુશ્મનો સામે લડાઇ કરવા અને તેમને શિકસ્ત આપવા માગે છે, તે વિશે શત્રુઓના સરદારને જાણીતો કરવાને અશો જરતોસ્તે જરાએ આંચકો ખાધી નહિ. તેણે તરત કહી દીધું કે—

સુખન મારૂં ઉત્તમ છે હથીઆર, જાણ!
ફના જેથી થાશે પેદાયશ બુરી;
તિરસ્કાર તારો તે હથિયારે હું
કરીશ, કેજે છે એજમતી, કારગર.

બુરૂં જાણનારા ગનામિનો દેવ !
મરણ તારૂં છે તે કલામે જરૂર.
જમાનો પુરાણો જેવો છે બેહદ,
હથીઆર મારૂં તેવું છે જુનું.
જો સાંભળ, તે હથિયાર હોન્વર છે,—
સપેનામિનોએ ઘડેલો કલામ !

જરતોશ્તના દુશ્મનોની નાસભાગ.

આમ કહીને જરતોસ્ત તરત તે હથિયારનો એક ફટકો ગોયા પોતાના શત્રુઓ ઉપર લગાવતો હોય તેમ હોનવર ગાવા લાગ્યો. આ હોનવર ગાઇને જેમ એકવાર પેગમ્બર સાહેબે બૂઇતિ દેવને નમાવ્યો હતો તેમ તેજ હથિયાર વાપરીને તેઓએ ગનામિનોને પણ આજેજ જીપેો. તે દેવોનો સરદાર ગભરાટમાં પડયો અને તેનું જોઇને તેના સાથીઓ પણ પોતાની હસ્તીનો નાશ થવાનો એમ સમજીને ધ્રુજવા લાગ્યા. આ દેવોનાં વંદીદાદમાં આ પ્રમાણેનાં નામો આપ્યાં છે:— પુરમોતવાળો દેવેનાંમ દેવ અંગ્રમિનો, અને તેના સાથીઓ ઇંદ્ર, સાઉર, નાઓંઘઇથ્ય, તઉર્વિ, જઇરિચિ, ઘાતકી હાથિયાર ધરાવનાર અએષ્મ, અકતશ, દેવના તરીકાવાળો જિમ (સખ્ત થંડી), પિડા કરનાર ઇથ્યજંગ, નબળાઇ તેમજ જલદીથી બુઢાપો લાવનાર જઉર્વ (જર્માન દેવ), બૂઇતિ, દ્રવિ, દઇવિ (દેવી), કરવિ, અને પઇતિશ (ઘણીજ ખરાબી કરનાર)[1]

પોતાના આ સઘળા સાથીઓમાં જઇ ગનામિનો ગુસ્સાથી પુકારી ઉઠયો કે—તમો સઘળાઓથી અત્યારસુધીમાં કશું બની શકયું નથી. જરતોશ્તને આપણ મારી કે સમજાવી શકયા નથી, માટે ચાલો તમો અને બીજા સઘળા જેઓ દુરવંદ અને બદદાનેશ છો તેઓ અરેજૂર પહાડનાં મથાળાં ઉપર ભેગા થાઓ; ત્યાં આપણ તેનો અને તેની નવી દીંનનો ઘાટ કેમ ઘડવો તે બાબે મસ્લેહત ચલાવિયેં.

પોતાના સરદારનો ઉપલો દપકો સાંભળીને સઘળા દેવો ગભરાટમાં પડી દોડધામ કરવા મંડયા તથા પોતાનો બચાવ કરવા લાગ્યા, અને પોતાથી કાંઇ બજાવી શકાયું નહિ એમ પસ્તાવો કરવા લાગ્યા. તેઓ બોલ્યા કે—

રે અફસોસ ! જન્મેલો જરતોશ્ત છે
પોરૂષસ્પને ઘેર, તેનું મરણ
શી રીતે અને કયાંથી શોધી શકાય?
તે પોતે છે દેવોનું સર ભાંજનાર,
તદ્દન ઉલટું કરનારો સરદાર છે;
જુદાહાણુને સામુ જુઠું પાડનાર;
અને દેવને ઇજનારાઓને
તથા જે છે જુદા ને બદકાર દેવ,

---

૧ પેહલવી પુસ્તકોમાં આ દેવોની સમજ નીચે પ્રમાણે આપી છે:—

૧ અંગ્ર અથવા અકોમન: દુનિયાનાં લોકોમાં બુરો વિચાર દાખલ કરનાર દેવ. ઇંદ્ર: ભલાં લોકોમાં બદદીનીનો વિચાર ફેલાવનાર દેવ. સાઉર્વ (સાવુર): લોકોને રાજ સામે ઉસ્કેરનાર, દેશમાં જુલમ અને તંગી પહોંચાડનાર દેવ. નાઓંઘઇથ્ય: લોકોને નાસિપાસી આપનાર અને નીતિના તરીકાથી પાછા ફેરવનાર દેવ. તઉર્વિ (તવરીચ): વનસ્પતિમાં ઝેહર દાખલ કરનાર દેવ. જઇરિચ: સર્વ વસ્તુઓને ઝેહરી બનાવનાર દેવ. અએષ્મ (એશમ): લોકોમાં ગુસ્સો ઉત્પન્ન કરી દુનિયાનો નાશ કરાવનાર દેવ. અકતશ: લોકોને દીનદાર દસ્તુરોનાં ફરમાનથી પાછાં ફેરવનાર દેવ. જઉર્વ (જર્માન): નબળાઇ અને બુઢાપો લાવનાર દેવ. જિમ (જમેરતાન): કકડતી થંડી ઉત્પન્ન કરનાર દેવ. બૂઇતિ (બુત): મુર્તિપુજાનો દેવ. આ ઉપરાંત પેહલવીમાં બીજા કેટલાક દેવોનાં નામ આ પ્રમાણેનાં મલે છે:—તરોમત (અભિમાન અને બુરો વિચાર ઉત્પન્ન કરનાર), મીતોખ્ત (જુઠાઇ પેદા કરનાર), વીજરેશ (અશોનાં રવાનને ઇજા પહોંચાડનાર), ખુતક (માણસોનાં કામમાં ખલલ કરી તેમને નેક રીતે ચાલતાં અટકાવનાર), ચેશ્મક (વંટોળિયા અને ધર્તિકંપ મારફતે દુનિયાને ખરાબ કરનાર), વરૂણ (કુદ્રતથી ઉલટી રીતનાં કામો કરાવનાર), બુષ્યાંસ (બુશાસ્પ) (આળસાઇ ઉત્પન્ન કરનાર), સીજ (કોતાહી અને નાશ કરનાર), ન્યાજ (તંગી અને હાજતમંદી પહોંચાડનાર), આજ (હદ બાહેરનો લોભ પેદા કરનાર), ખશ્મ (બખીલાઇ ઉત્પન્ન કરનાર), ફેરફતાર (એક બીજા સાથે અથડાવી મારનાર), સ્પજગ્ર (ચુગળીખોર), અઇઘશ (કીનાખોર), અપોશ (વરસાદની આબાદીમાં ખલલ કરનાર), ઇત્યાદિ.

એ સર્વેની સામે તે હથીઆર છે,
ને સર્વેનો તે નાશ કરનાર છે.

આ રીતે બોલતા અને પોતાની નાચારી બતાવતા ઉપલા સઘળા બદ મનશનીના દેવોને માટે વંદીદાદમાં જણાવે છે કે તેઓ એરેઝૂર પહાડ ઉપર મસ્નેહત ચલાવવાને બદલે "અંધારી દુનિયા કે જે ગંધાતું દોઝખ છે તેનાં તળીયામાં નાસી ગયા."[1]

આ અલંકારિક બયાનનો ભેદ એજ કે જરતોસ્તે જાહેર કરવા માંડેલી નવી દીન સામે તેના શત્રુઓ જેઓનો તરીકો દેવપરસ્તીનો હતો તેઓ ઉસ્કેરાયા, હુમલો લાવ્યા, તેઓએ તોહમતો જોડયાં, પણ અંતે તકરારમાં અને કાવાદાવામાં સદંતર હારીને પોતાની બુરી મોરાદમાં નિષ્ફળ થયા.

ફસલ ૫—પેગમ્બરી માટેની નવી કોશેશ—
સંભાષણ અને ભાષણ.

પેગમ્બરની ફરિયાદ.

જરતોસ્તની સામેની વિરૂધતાનું જે બયાન વંદીદાદને આધારે આપણે ઉપલી ફસલમાં વાંચ્યું છે તેને ખુદ ગાથાવાણીથી ટેકો મળે છે, એટલુંજ નહિ પણ અશો જરતોસ્તનાં પોતાનાં એ લખાણ ઉપરથી વિશેષ એમ જણાય છે કે દુસ્મનોએ પેગમ્બર ઉપર ઘણી મુસીબત આણી હતી, અને એક વાર તો તે સાહેબને પોતાના અને પોતાના સાથીઓના બચાવ માટે કયા મુલ્કમાં આશ્રો લેવા માટે જવું તેની પણ સમજ પડી ન હતી. આ વેળા તેમની હાલત એટલીબધી ખરાબ થયલી જણાય છે કે એમના ખેશીઓ અને ફરમાંબરદારો તથા નોકર નફરો પણ એમને છોડી ગયાં હતાં. પણ એકજ જણ જરતોસ્તને છોડી ગયું ન હતું, અને તે તેમનો અહુરમજ્દ હતો. પોતાનું ગમે તે થાય, પણ પોતાની માઠી સ્થિતિને લીધે પોતે હોરમજ્દને કેમ ખુશહાલ કરી શકશે, એજ પેગમ્બરની મોટાંમાં મોટી ચિંતા હતી. એટલામાટે તેઓ હવે હોરમજ્દ આગળ પોતાની ફરિયાદ લઇ જાય છે અને તેની આગળ પોતાનો હાલ જાહેર કરે છે, તે આ પ્રમાણે—

"મારાં ખેશી અને ફરમાંબરદાર મને છોડી ગયાં છે. ત્યારે હવે હું કઇ જગાએ જાઉં? કયો માર્ગ લઉં? દેશના ધંધાદારીઓ કે ઘાતકી જુલ્મગારો અને હાકમો એઓમાંનું કોઇપણ મારાં શિક્ષણ પ્રમાણે ચાલીને મને રાજી કરતા નથી, એમ છે ત્યારે અય હોરમજ્દ, હું તને કેવી રીતે ખુશહાલ કરીશ? મારાં પેગમ્બરીનાં કામમાં મને જોઇતી મદદ મળતી નથી અને મારા સાથીઓ મને છોડતા જાયછે એમ જ્યારે મેં જાણ્યું ત્યારે હું ઘણોજ નામુરાદ થયો. મારી કને સંપતિ ટુંક છે, તેમજ મને હજુ વળગી રહેલા સાથીઓ પણ જુજ છે, તો એવી મારી કમીની હાલત તરફ તું નેગાહ કર. હું નમનતાઇથી અર્જ ગુજારૂં છું કે એક દોસ્ત બીજા દોસ્તને આપી શકે તેવો દિલાસો તું મને આપ, અને રાસ્તીની મારફતે ભલું મન કેવી રીતે હાંસલ કરી શકાય તે તું મને શીખવ, કારણ કે ભલું મન એજ મારી દોલત હું ગણું છું. અય સાહેબ, મને બોધ આપનાર તરીકે હું તનેજ પસંદ કરૂં છું. કેટલાક કુવતવાળા ધણીઓ છે, પણ તેઓ તેનો ઉપયોગ ખરાબ રસ્તે કરીને જિંદગીને પાયમાલ કરે છે. એવા પાપીઓ રાસ્તીના મદદગારો

[1] વંદીદાદમાંનું ઉપલું સઘળું બયાન પરગરદ ૧૯ (ફકરા ૧-૪૭)માં આવેલું છે.—કાંગાનો વંદીદાદનો તરજુમો.

અને સચ્ચાઇના સાથીઓને તેમનાં કામો બજાવવામાં હરકતકર્ત્તા થઈ પડે છે. હું તો એમ સમજું છું કે જે કોઇ એવા દુષ્ટ માણસોને તેમની સત્તા ઉપરથી યા તેમની પાપી જિંદગીથી ઉંધે મસ્તક ગબડાવી નાખે છે તે શખ્સ સારાં ડાહપણના માર્ગો ખુલ્લા કરે છે. જેઓ શક્તિવાળા છે તેઓએ તો બુરા માણસોને કદી પણ મદદ કરવી નહિ જોઇયે—તેઓ તરફ કોઇપણ રીતની મેહરબાની કે દયા દેખાડવી નહિ જોઇયે—નેકીની રાહે ચાલનારા રાસ્ત માણસોને પોતાના ભેશી જેવા ગણવા જોઇયે. હું વળી એમ પણ સમજું છું કે જે ધણી દુષ્ટ માણસને મદદ કરે છે તે પોતેબી બુરો છે, અને જે ધણી સદગુણી માણસને મદદ આપે છે તે પોતે પણ તેવોજ નેક છે. જે માણસ દુષ્ટ માણસને સજા કરવાની સ્થિતિમાં હોવા છતાં તેમ કરતો નથી, પણ તેના તરફ મેહરબાનગી બતાવે છે, તે પોતે દુષ્ટ છે; પણ જેને રાસ્ત માણસ પ્યારો છે તે પોતેબી રાસ્ત છે. એ પ્રમાણેના દીનના કાયદા, અય હોરમજદ, તેં પોતે મુકરર કીધેલા છે.[1]

આ રીતે પોતાની અસલ ફરિયાદ રજુ કરતાં જરતોશ્ત દીનના કાયદા યાદ કરી સંતોષ લે છે. પણ હજુ ફરિયાદોનું સેવટ આવ્યું નથી. આગળ ચાલતાં તે બોલે છે કે—

જ્યારે કોઇ દુષ્ટ માણસ કીનો લેવા માટે મારી ઉપર ડોળા કકડાવે ત્યારે મને અને મારા લાગતા વળગતાઓનો બચાવ કોણ કરશે ? એવી વેળાએ તનમનની શાંતિથી રાસ્તીનો વધારો થાય છે. જેઓ મારાં માલ મિલ્કતને હાનિ પહોંચાડવા માગે છે; તેઓ ગુસ્સાથી લાલ પીળા બની જાય છે, પણ તેથી મને કશું નુકસાન થનાર નથી. અદેખા ધણીઓનાં તેવાં કામથી તેમને સુખ નહિ પણ દુખજ હાંસલ થશે. જિંદગીની સર્વોત્તમ બક્ષેશ ધરાવનાર જે નર અને નારીઓ રાસ્તીને ખાતરજ રાસ્ત અમલ કરશે, અને ભલી મનશ્નીથી પોતાની સત્તા વાપરશે, તેઓને હોરમજદની આરાધના તરફનો માર્ગ હું બતાવીશ અને તેથી તેઓ બહેસ્તનું સુખ હાંસલ કરશે, પણ જે કીકો અને કરપો પોતાની સત્તાથી કીધેલાં ખરાબ કામોથી માણસજાતની જિંદગી પાયમાલ કરવા માંગે છે તેઓની જગા હમેશાં દરૂજનાં મકાનમાંજ થવાની.

જરતોશ્તે હોરમજદને પુછેલા સવાલો.

દુનિયામાં ફેલાવવામાં આવતી બદી અને દુર્વંદીની સામે આ રીતની ફરિયાદ કરીને મુગાં નહિ બેસતાં જરતોસ્ત હવે કેટલુંક નવું જ્ઞાન હોરમજદથી જાણવા ચાહે છે, અને તેટલામાટે પોતાનાં મનમાં ઉભા થતા નવા નવા સવાલો તે તેને પુછે છે. એક તરફથી પોતે સવાલોપર સવાલો પુછે છે અને બીજી તરફથી સરોશ મારફતે પોતાને તેના જવાબો હોરમજદ તરફથી મળતા હોય એવી બશારત થતી સમજી લે છે. પહેલાંથીજ પોતે ઇચ્છે છે કે સરોશ ભલાં મન (બહમન) સાથ હોરમજદની મદદની બશારત આપવાને અમારી નજદીક આવે તો સારૂં.[3] આ પછી સવાલો શુરૂ થાય છે, તે આ રવેશે—

અય હોરમજદ, હું જે કાંઇ તને પુછું તેનો તું મને ખરો જવાબ દેજે કે (૧) સૌથી સરસ જિંદગીનું મૂળ શું છે? (૨) જે કોઇ ગેતી અને મીનો એ બંને દુનિયાને કબૂલ રાખે તેને કેવી રીતે ફાયદો હાંસલ થાય? (૩) શુરૂઆતમાં રાસ્તીનો પેદા કરનાર તથા પિતા કોણ હતો? (૪) કોણે સુરજનો તથા સેતારા-

૧. ઈજ.રને, હા ૪૬, ફ૦ ૧ થી ૬. ગાથા ઉસ્તવદ, હા૦ ૬.

૨ ઇજશ્નને, હા ૪૬, ફ૦ ૭ થી ૧૧.

૩ તેજ, હા ૪૪, ફ૦ ૧.

ઓનો માર્ગ મુકરર કીધો ? (૫) તારા સિવાય બીજો એવો કોણ છે કે જેનાથી માહતાબ બધે છે અને ઘટે છે? (૬) જમીન તથા આસમાનને પડી જવાથી કોણ ટેકાવી રાખે છે? (૭) પાણી અને ઝાડપાનને કોણે બનાવ્યાં? (૮) પવન અને વાદળાંને કોણે ઝડપ બક્ષી? (૯) ભલાં મનનો પેદા કરનાર કોણ છે? (૧૦) કયા કારીગરે રોશની અને અંધકાર બનાવ્યાં? (૧૧) કયા કારીગરે ઉંઘ અને જાગૃતિ બનાવ્યાં? (૧૨) સહવાર, બપોર અને રાત કોણે પેદા કીધાં? (૧૩) શું નમ્રતા અને નેક વિચારથી ભલાં કામો જન્મ લઇને નેકીનો વધારો કરે છે? (૧૪) તારાં રાજ્યની સ્થાપના શું નેક મનસ્ની ઉપરજ થઇ છે? (૧૫) આ ખુશહાલી ઉપજાવનારી ફરતી દુનિયા તેં કોણને માટે પેદા કીધી છે? (૧૬) બુલંદ દરજ્જાનો નેક વિચાર કેજે પસંદ કરવા જોગ છે તેનો બનાવનાર કોણ? (૧૭) કોણે દૂરઅંદેશીથી બાપને દીકરો પ્યારો કીધો? (૧૮) કઇ જાતની નેકી મારે અખ્તિયાર કરવી જોઇયે કે જેથી મારૂં રવાન (જાન) ખુશહાલ થઇને પોતાની મુરાદ હાંસેલ કરે? (૧૯) તારા જેવા દાનેશમંદ માલિકે આ પાક દીન અને તેનાં ફરમાનો જેમને શીખવ્યાં છે તેમને હું કેવી રીતે ખરાબ અસરથી દૂર રાખું? (૨૦) જેઓને તારી દીન જાહેર કરવામાં આવશે તેઓ ઉપર સંપૂર્ણ મનસ્ની કેવી રીતે અસર કરી શકશે? (૨૧) જેઓ સાથે હું દીન બાબે વાતચીત કરૂં તેઓમાં નેક કોણ છે અને બદ કોણ છે? આ બેમાંનો કોણ બુરાં મનનો છે? આ બેમાંનો કયો ગનામિનો જેવો છે? જે દુષ્ટ માણસ ગને અને તારી નિયામતોને વગોવે છે તે પોતે શા માટે ગનામીનોને લગતો ગણાતો નથી? (૨૨) જુઠાઇને અને જેઓ દીનનાં ફરમાનો ઉપર મુતલક ધ્યાન આપતા નથી તેઓને, તથા જેઓ રાસ્તીને પગલે ચાલવાને રાજી નથી તેઓને, તથા જેઓ નીતિના વધારામાં ખુશી થતા નથી તેઓને કેવી રીતે અમારી આગળથી અમો દૂર કરી શકિયે? ઠગાઇને રાસ્તીના હાથમાં હું કેવી રીતે આપું? (૨૩) જ્યારે બે લશ્કરો એકબીજાની હરીફાઇમાં સામસામાં લડવા ઉભાં થશે ત્યારે દીનના મુકરર કીધેલા કાયદાઓની રૂએ તું કયાં લશ્કરને કેવી રીતે ફતેહ આપશે? (૨૪) તારા કલામ કેજે પારસાની કરનારા છે તેમની બરકતથી એવા કોણ છે કેજે દુશ્મનને શિકસ્ત આપશે? (૨૫) તારી તરફની મોહબતનું આકર્ષણ હું કેવી રીતે મારી તરફ ખેંચું? તારી સંપૂર્ણતાને હું કેવી રીતે પહોંચું, કેજેથી મારો સુખન મુરાદ પામેલો થાય, તથા તારા રાસ્ત માંથ્ર (કલામ) કેજે એક ઉત્તમ દોલત છે તેમની મારફતે આ દુનિયાનું સુખ અને પેલી દુનિયાની અમર્ગી હું મેળવી શકું? (૨૬) રાસ્ત માણસને માટેનાં જે ઇનામ મુકરર કરેલાં છે તે જે ધણી તેવા અશો માણસને નથી આપતો, તે ધણીને આ દુનિયામાં તથા પેલી દુનિયામાં કેવી શિક્ષા થશે? (૨૭) જે દેવો અમારી સામે લડાઇ ઉઠાવે છે, જેમની કુમક ઉપર કરપ અને ઉસિક્ષ નામના બદકારો દુનિયાને ખરાબ કરે છે, અને જે દેવોને લીધે કવિઓ કુદરતમાં વધેલા છે, તથા વળી જેઓ ખેતીનો વધારો કરીને દુનિયાને તરોતાજગી ભરેલી રાખતા નથી, તેવા દેવો કેવા તરીકાના ગણાયલા છે?[1]

૧. આ સવાલો ઇજશ્ને હા ૪૪, ફ૦ ૧ થી ૨૦ સુધીમાં સમાયલા છે.—(ગાથા ઉશ્તવદ, હા ૨.)

ખુદાઇ જ્ઞાનની વધુ ખાહેશ.

આ સઘળા સવાલોમાં નવી દીન બાબેનું ઘણું એક જ્ઞાન સમાયલું છે. જરતોસ્ત જેવા હજારો વર્ષો ઉપર થઇ ગયલા પેગમ્બરે આ મતલબનાં સવાલો પોતાનાં મનમાં ઉત્પન્ન કરીને નેકીનો માર્ગ પસંદ કીધો, એખ્તિયાર કીધો, અને તેનું શિક્ષણ પોતાના ભાઇબંધોને આપવાની હામ ભીડી, એ થોડી અજાયબીની વાત નથી. પણ હજુ વધારે ખુદાઇ જ્ઞાન તેને જોઇતું હોય એમ જણાય છે, કારણ હજુ વધારે સવાલો તેનાં મનમાં ઉત્પન્ન થયલા તે જાહેર કરે છે. તે પોતાના પેદા કરનારને એક વાર ફરીને આ રીતે પુછે છે કે—

> મારી પેગમ્બરીનાં કામમાં મને અડચણો નડે અને મારા ઉપર મુસ્કેલીઓ આવી પડે તે આગમજ, અય હોરમજદ, તું મને કહે, કારણકે તું સર્વ જાણનારો છે, કે શું રાસ્ત માણસ આયંદેહ દુષ્ટ માણસ ઉપર ફાવશે?[1] તારી આદેલ પાદશાહીની મૂળ નેમ શી છે? મારાં રવાનને તેની નેકી પ્રમાણેનો પવિત્ર બદલો મળે તેને માટે અસરકારક બંદગી કઇ છે? નેક મનશ્નીનાં કામોને આગળ વધારવા માટે તારા ઠેરવેલા જાહેર મદદગારોને રાસ્તીની મારફતે હું શી રીતે મેળવું?[2] નેક મનશ્નીથી રાસ્ત જિંદગી ગુજારનારાઓનાં શેવટ વગેરે જે બાબનોનો મને શક છે તે હું ક્યારે જાણીશ?[3] —કામેલ બુદ્ધિનાં માણસો ક્યારે આવશે? અને છાકટપણાની જે જે બદીને લીધે કરપનો (બુતપરસ્ત ધર્મગુરૂઓ) અને બુરા રાજ-કર્તાઓ પોતાની કુબુદ્ધિથી દુનિયાની ખરાબી કરે છે તે ખરાબી ક્યારે દૂર થશે?[4] (યાને રસ્તાખેજ ક્યારે થશે?)—સચ્ચાઇ અને સભ્યતા અમે ક્યારે હાંસેલ કરી શકીશું? ઘાસચારા અને અનાજથી ભરપુર ખુશનુમા મુકામ તેની તમામ આબાદી સાથે અમને ક્યારે મળશે? દુષ્ટ અને ઘાતકી માણસોને લીધે અટકેલી સુખશાંતિ અમને કોણ હાંસેલ કરાવશે? ભલાં મનનું ડહાપણ કોણ ધરાવશે?[5]

દીનના ફેલાવા માટેની નવી કોશેશ.

આ રીતે પોતાનાં મનમાં ઉત્પન્ન થતા સવાલો પુછી તેમના જવાબો હાંસેલ કરીને જરતોસ્તને

૧, ઇજ૦ હા ૪૮, ફ. ૨.

મી૦ શા. કા. હોડીવાળા એક નવો તર્ક રજુ કરે છે. ગાથાવાણીમાં બે ચાર ઠેકાણે "ગેરેહ્મ" શબ્દ છે, જેનો અર્થ કાંગા વગેરે "પાપી પૈસા" યા "હરામની દોલત" એવો કરી ગયા છે, પણ મી૦ હોડીવાળા કહે છે કે આ નામ તો ધર્મની લડાઇ ઉઠાવનાર ખ્યોની પાદશાહ અર્જાસ્પનો બેટો જેને ફીર્દોસી શાહનામામાં "કોહરમ" અથવા "કેહરમ" ને નામે ઓળખાવી ગયો છે તે છે. આ એક નવાઇ જેવી કલ્પના છે, જે ઉપર અભ્યાસીઓનું બારીક ધ્યાન ખેંચાવું જોઇયે. વળી મી૦ હોડીવાળા જણાવે છે કે ગાથામાં જ્યાં જ્યાં "દ્રેગ્વન્ત" બોલ આવે છે ત્યાં ત્યાં આ દીન દુશ્મન ગેરેહ્મ (કેહરમ) નેજ સમજવો. (જુઓ મી૦ હોડીવાળાની Zarathushtra in the Rigveda, સફે ૧૬, ૧૮, ઇત્યાદિ.) હવે સવાલ એ છે કે ધર્મની લડાઇ ગુશ્તાસ્પ શાહને અર્જાસ્પ શાહ સાથે થઇ હતી, કે જેનું નામ અવસ્તાવાણીમાં આવેલું છે, પણ ગાથામા આવ્યું નથી; અને અવસ્તા-વાણીમાં કેહરમનું નામ આવ્યું નથી પણ ગાથામાં જરતોશ્તે પોતે તે વાપર્યું છે, એમ મી૦ હોડીવાળાની તકરાર ઉપરથી જણાય છે, એ કેમ બને? જો પેગમ્બરનો ખરો દુશ્મન કેહરમ હતો તો ગાથામાં તેના બાપનું નામ ક્યાંથી આવ્યું? અને કેહરમનેજ જરતોશ્તે પોતાનો દીન દુશ્મન ગણ્યો હોય અને તેનેજ ધિક્કારથી "દ્રેગ્વન્ત" ને નામે ઓળખાવ્યો હોય તો તેના બાપને કાં ભૂલી જવામાં આવ્યો? મને મી૦ હોડીવાળાનો તર્ક ધ્યાન પુગાડવાજોગ લાગે છે, અને મારી ઉપલી શંકાનો ખુલાસો મારી મેળેજ એમ માની લઉં છું કે અર્જાસ્પ (અરેજતસ્પ) વિશે તેનું નામ દઇને બોલવાને બદલે પેગમ્બરે તેને "દ્રેગ્વન્ત" (દુષ્ટ—બુરો) કરી ઓળખાવ્યો હોય.

૨ ઇજ૦ હા ૪૮ ફ૦ ૮.

૩ તેજ, ફ૦ ૯.

૪ તેજ, ફ૦ ૧૦.

૫ તેજ, ફ૦ ૧૧.

લાગ્યું કે હવે જો તે પાછો પોતાની નવી દીન સમજાવવા અને તેનો ફેલાવો કરવા માંગશે તો તેમાં પોતે ફાવી શકશે. તેણે પોતાનો સંપૂર્ણ એતેકાદ હોરમજ્દ ઉપર રાખ્યો. તેણે નેક મનશની, આબાદાની અને રાસ્તીની ઇચ્છા કીધી, અને તેમ કરીને તે હવે પોતાની એકાંત જિંદગી છોડી પાછો વસ્તીમાં આવ્યો. તેણે વાયજો કરવા માંડી, તેણે દેવયસ્નાન લોકોને પાછાં સમજાવવા માડયાં. તેની સાથે જેઓ તકરાર કરવા આવ્યા હતા તેમને હરાવીને જેર કીધા, અને એ રીતે આસ્તે આસ્તે પોતાની દીનનો કાયું વધારીને તેણે સર્વ આલમને પોતાની એક ઉમદા વાયજ સાંભળવા માટે બોલાવી. ગાથાવાણીમાં જરતોસ્ત પોતે, કે અવરતાવાણીમાં કોઇપણ જાયેનશીન, જણાવી જતો નથી કે આ યાદગાર વાયજ પેગમ્બરે શાહ ગુસ્તાસ્પની પનાહ હેઠલ બલ્ખ પાયતખ્ત ખાતે આપી હતી. પણ એજ નામવર શાહે તેને શેવટની મદદ આપી હતી અને તેની દીન કબુલ રાખી હતી, માટે વાજબી રીતે અનુમાન થઇ શકે છે કે જે વાયજનો ભાવાર્થ નીચે આપણુ વાંચીશું તે અશો જરતોસ્તે શાહ ગુસ્તાસ્પના આશરા હેઠલ આપેલી હોવી જોઇયે. ઇજશ્નેનો ૪૫ મો હા, કે જે પેગામ્બર સાહેબની પોતાની રચેલી ગાથાવાણીનોજ એક ભાગ છે, તે આવાયજથી ભરેલો છે. પોતાની આસપાસ ભેગાં મળેલાં લોકોને જરતોસ્ત આ રીતે સમજાવે છેઃ—

જરતોસ્તની વાયજ.

હે તમો મારા સાંભળનારાઓ! તમો કે જેઓ નજદીકના અને દૂરના દેશો ખાતેથી અત્રે ભેગા મળ્યા છો, અને મારા તરફથી દીનની બાબતો જાણવા ઇચ્છો છો, તેઓને હું આ જાહેર મજલિસમાં જે કાંઇ કહું છું તે તમો હવે ધ્યાન આપો અને કાન ધરીને સાંભળો. (આગળી મારી વાયજ વેળા તમોએ તેમ કીધું ન હતું, પણ) આ વખ્તે તો ખચીત તમો હું જે કાંઇ કહું છું તે સર્વ ઉપર બરાબર ધ્યાન આપી તેનાં ખરાં ખોટાંનું તોલ કરજો, કેજેથી કરીને તમોને ખોટા ધર્મ સમજાવનારા ધણીઓ બીજીવાર ફરીથી તમારી જિંદગીને ખરાબ કરે નહિ. યાદ રાખજો, હે શ્રોતાજનો, કે દુષ્ટ માણસ પોતાના ખરાબ તરીકા અને ખરાબ જબાનને લીધે આડે માર્ગે ઉતરી પડે છે. અય મજલિસીઓ! સૌથી પહેલાં હું તમોને દુનિયા બનાવનારી બે મિનોઇ શક્તિઓ વિશે સમજાવીશ. એઓમાંની એક કોતાહી અથવા નાશ કરનારી છે, અને બીજી વધારો અથવા પેદાયશ કરનારો છે. આ બન્ને મિનોઇ શક્તિઓ દરેક બાબતમાં એક બીજાથી ઉલટી અને જુદી છે. તેઓના વિચારો, તેઓની શિખામણો, તેઓની અક્કલ, તેઓની રીતભાત, તેઓના સખુનો, તેઓનાં કામો, તેઓનાં અંતઃકરણ, તેઓનાં રવાન, અને તેઓનું બીજું સર્વ એકબીજાને અનુસરતાં નથી. આમ હોવાથી, આ દુનિયાની જિંદગી માટે જે સૌથી પહેલું જ્ઞાન મેળવવાનું છે તે, સર્વ વાતો જાણનાર અહુરમજ્દે મને ફરમાવ્યું છે તેમ, હું તમને જાહેર કરૂં છું કે માંથ્રવાણી છે. મજદયસ્ની દીનના એ પવિત્ર કલામ, જેમ હું જાહેર કરૂં છું તેમ, તમારામાંના જેઓ તે ઉપર અમલ કરશે નહિ તેઓની જિંદગીનો અંત નુકસાનમાં લાવશે. હોરમજ્દ કે જે પોતાની રાસ્તીને લીધે સર્વોત્તમ છે, જે ભલાં મનનો પિતા છે, નેક કામો કરનારી સભ્યતા જેની બેટી છે, તે સર્વે ચીજનો જાણનાર છે, દરેક ચીજનો જોનાર છે, તે કોઇથી ઠગાતો નથી, અને તેણેજ આ માંથ્રવાણી (દીન)ના કલામ મને આપ્યા છે. જે સૌથી આબાદી કરનાર હોરમજ્દે આ કલામ મને કહ્યા છે અને જે સાંભળવા તમારે

માટે ઘણોજ ફાયદાકારક છે, તે એવો કલામ છે કે જેઓ મારૂં ધ્યાનથી સાંભળીને તે પ્રમાણે ચાલશે તેઓને તનદુરસ્તી તથા અમરપણું હાંસેલ થશે; એટલુંજ નહિ પણ આ કલામ કે જેથી નેક મનશ્નીનાં નીતિવાન કામો કરી શકાય છે તે જેઓ કરશે તેમને હોરમજદ પોતે હાંસલ થશે, તેઓને હોરમજદ નજરે પડશે, તેઓ હોરમજદને જઇ મળશે. હું તમોને ખુલ્લે ખુલ્લું કહું છું કે બધા ઇજદોમાં તેજ સૌથી ચઢતે દરજ્જેનો છે. રાસ્તીનું મૂળ તેજ છે, માટે તેની કીર્તિ હું ગાઉં છું. તે સારાં ડહાપણવાળો છે અને તેની આરાધના નેક મનસ્ની મારફતે કરવામાં આવે છે. જે સખાવત કરનારા હાલ હૈયાત છે, જેઓ આગળ થઇ ગયા, અને જેઓ હવે પછી હૈયાતી ભોગવશે, તેઓ સઘળા હોરમજદથી ફાયદો મેળવવાની ઉમેદ રાખે છે. જે અશો માણસ છે તેનું રવાન બહેસ્તની ખાહેશ રાખે છે, પણ પાપી માણસોને સખ્ત પિડા ભોગવવી પડે છે. એટલામાટે બંદગીનાં ગાયનોથી હોરમજદને વખાણવાની અમારી ઇચ્છા છે. દીનની બાબતોથી જાણીતો થઇને, નેક વિચાર, નેક વચન અને નેક કામના તે મહાજ્ઞાની સાહેબને હવે હું મારી રાસ્તીની મારફતે ખુલ્લી રીતે નજરે નજર જોઉંછું. તેની વખાણનાં ગાણાં છેક ગરોથ્માન બહેસ્ત સુધી અમો પહોંચાડીશું. અમારી નેક મનશ્નીથી અમો તે સાહેબને રાજી રાખવા ઇછિયે છિયે, કે જેણે આપણું ભલું ચાહીનેજ સુખ દુખ પેદા કીધાં છે. નમનતાઇભરેલી આરાધનાથી અમો તેનીજ બંદગી કરવાને ઇછિયે છિયે, કે જેનું બળ અખૂટ છે, અને જે મહાજ્ઞાની તથા જિંદગી બક્ષનાર છે, જેણે સદગુણી માણસને માટે સુખાકારી તથા અમરપણું મુકરર કીધાં છે, અને જે તે માણસને હર વખ્તે શક્તિ આપે છે અને જોર બક્ષે છે. અનેક દેવોની પરસ્તેશ કરનારા જેઓ પોતે દેવો અને નીચ માણસો છે અને જેઓ હોરમજદી દીનને ધિક્કારેછે, તેઓનો જેઓ તિરસ્કાર કરે, તથા જેઓ હોરમજદ તથા એલમ ધરાવનારા સોષ્યન્તો તરફ આ ભલી દીનની મારફતે માનની નજરથી જોય તેવા ધણીઓનો દોસ્ત, મદદગાર અથવા પિતા હોરમજદ છે.[1]

તેની રૂડી અસર.

જરતોસ્તની આ વાયજથી ઘણીજ સારી અસર થએલી જણાય છે. પેગમ્બર તરીકેનો તેનો દાવો હવે વધારે મજબૂત થતો ગયો, અને પહેલા ચેલા મેદીઓમાહ પછી બીજા ઘણાઓએ તેની દીન કબૂલ રાખી. ઇરાનીઓએ તો તે કબૂલ રાખી, પણ તૂરાનીઓએ પણ જરતોસ્તી દીન તરફ ફિદાગીરી બતાવેલી જણાય છે, કારણ કે જરતોસ્ત પોતે જણાવે છે તેમ તૂરાની "ફ્રયાન" નામની જોરેમંદ ઓલાદ અને વંશમાં કેટલાક જણાઓએ આ દીન સ્વિકારી હતી. જરતોસ્તના ચેલાઓ વિશે આગળ ચાલતાં આપણુ વધારે ખુલાસાથી વાંચીશું.

ફસલ ૬—અશો જરતોસ્તના સોનેરી સખુનો.

જરતોસ્તની દાનાઇના દાના.

ગાથાવાણી એકલુંજ એવું પવિત્ર લખાણ છે કે જે અશો જરતોસ્તે પોતે રચેલું છે. તેમાં એકલા હોરમજદની પિછાન અને પરસ્તેશ, રાસ્તી અને નેક મનસ્ની, નેકી અને તેના બદલા, વગેરે બાબે જે કાંઇ આવેલું છે તેનો થોડોક ખયાલ આગળા સફાઓ ઉપરથી વાંચનારને આવી ચુકયો

[1] ઈજશ્ને, હા ૪૫, ફ૦ ૧ થી ૧૧: ઉસ્તવદ ગાથા, હા ૪.

હશે. હવે આ ફ્સલમાં આ પવિત્ર વાણીમાંથી થોડાક ઉતમ કલામોનો ભાવાર્થ ઉતારી લેવા માગિયે છિયેં; કેજે ઉપરથી પેગમ્બર સાહિબની ફિલસુફી, વિદ્યા, નીતિ, આત્મબોધ, વગેરેનો વિશેષ ખયાલ આવી શકશે. જરતોસ્તની આગમજ આર્યો અનેક દેખઈતી અને અણદિઠ શક્તિઓને માનતા હતા. વેદિક આર્યો તેમને દેવતા કહેતા, અને અવસ્તાઇ આર્યો અથવા ઇરાનીઓ તેમને ઇજદનું નામ આપતા. વેદિક આર્યોના દેવતાઓમાં કેટલાક ખરાબી કરનારા પણ હતા, અને તેમને પણ તે આર્યો આરાધતા અને સંતોખતા હતા. ઇરાની આર્યોના ઇજદોમાં બુરા કોઇ હતા નહિ. આટલીજ હદ સુધી બન્ને આર્ય ભાઇબંધો એકબીજાથી જુદા હતા. પણ જરતોસ્તને લાગ્યું કે ઇરાની આર્યો અનેક ઇજદોને આરાધે તેબી વાજબી નથી. તેને લાગ્યું કે સૃષ્ટિનો પેદા કરનાર એકજ હોવો જોઇયે, અને તેની કલ્પના મુજબ તેણે અહુરમજદને તેવો એકલો સર્વજ્ઞાની સાહેબ મુકરર કીધો. આ સુધારો વેદિક આર્યોને તો ગમ્યોજ નહિ, પણ ઇરાની આર્યોને પણ પ્રથમ આ સુધારો કબૂલ રાખવાનું ભારી લાગ્યું. પણ અરસપરસની તકરારો પછી શેવટે જરતોસ્તનીજ ફતેહ થઈ. એ બાબતમાં આપણુ વધારે આગળ વધિયે તે આગમજ પેગમ્બર સાહેબના નીતિવચનો, દાનાઇના દાના, સોનેરી સખુનો, તથા તેમની ખબરદારીના અને બુલંદ મનના થોડાક નમુનાઓ આ ઠેકાણે જોઇ જઇશું.

ગાથા અહુનવદ.

૧. હોરમજદ અણદિઠ છે. તે આબાદી કરનાર છે, અને તેનાં કામો રાસ્તી ભરેલાં છે. ભલાં મનની મારફતે તેની નજદીક પહોંચી શકાય છે.

૨. દુનિયા બે છેઃ આ હાડમંદ અને પેલી મિનો. એ બન્ને દુનિયાનું સુખ રાસ્તીથી હાંસેલ કરી શકાય છે.

૩ હોરમજદ એવો છે કે જેની આગમજ બીજો કોઇ હતો નહિ.

૪. જ્યાં સુધી શકિત અને કુવત હોય ત્યાં સુધી રાસ્તીનીજ ખાહેશમાં રહેવું.

૫. પવિત્ર માંથ્રવાણી જે કીમતી હોરમજદી કલામ છે તેની મારફતે બુરા માણસોને ઇમાન ઉપર લાવી શકાય છે.

૬. સાચ્ચા સખુનો મોટી ખુશાલી આપનારા અને દુષ્ટ માણસોની ખરાબીઓને તોડનારા હોય છે. એ કલામો ફતેહમંદ અને એજમતી છે.

૭ હોરમજદ જેમ સર્વોત્તમ છે, તેમ તે વળી સૌથી ઉતમ દોસ્ત છે.[1]

૮ ભલા ઉદ્યમથી દુનિયામાં પેદાસ થયલો ગુસ્સો, લૂટફાંટ, મારામારી, ફેસાદ, ખરાબી અને જુલ્મ જેવી બલાઓ દૂર થઇ શકે છે. ઉદ્યમથી દુનિયા આબાદ થાય છે.

૯ હરકોઇ દુનિયાઇ સરદાર અથવા હાકમ કે પાદશાહ ઘાતકી નહિ પણ રહેમી હોવો જોઇએ. તેણે આબરૂદાર રાસ્ત માણસોને આગળ પાડવા જોઇયે. હયાત માણસોમાં તે સર્વથી જોરાવર હોવો જોઇયે, કેજેથી સર્વ કોઇ તેને માન આપે.

૧૦ હોરમજદ સર્વ સારાં નરસાંનો ઇનસાફ કરનાર છે. તે સર્વજ્ઞ છે.

૧૧ દુનિયા ચાલતી અથવા ફરતી છે.

૧૨ પ્રમાણિકપણાંની જિંદગી ગુજારવામાં હાનિ નથી.

૧૩ મહેનતુ માણસને બુરા લોકોની નજદીક જવું પડતું નથી.

૧૪ જરતોસ્તની રાસ્તીને લીધે જગકર્તાએ તેને દુનિયાની આબાદી કરનાર તરીકે તથા દીનને માટે મહેનત કરનાર તરીકે પૈદા કીધો.

---

[1] ૧ થી ૭ નંબર સુધીના વચનો હજરતના હા ૨૮ મા માંથી ટારવી કહાડયા છે. (ગાથા હોનવદ, હા ૧.)

૧૫ ખલ્કતની આબાદીને માટે તથા સાચા માણસની બેહતરીને માટે હોરમજદે માંથ્રવાણીના કલામો ફરમાવ્યા છે.

૧૬ ખુશહાલી તથા સુખનો પંદુલો ધરાવનાર હોરમજદ છે.[1]

૧૭ ખુબીવાળા માંથ્ર તેમાં સમાયલા આતમબોધને લીધે શીખવાલાયક તથા ફાયદાકારક છે.

૧૮ હોરમજદની બે મુખ્ય શકિતઓ છે. એ બન્ને મિનોઈ શકિતઓ એકજીજ સાથ અતલકનો સંબંધ ધરાવનારી જોડિયા ભાઇઓ જેવી છે. એઓમાંની એક વિચારમાં, સખુનમાં અને કામમાં વધારે સારી છે, અને બીજી વધારે નરસી છે.

૧૯ જેઓ સારાં ડહાપણવાળા છે તેઓ રાસ્તી એખ્તિયાર કરે છે; જેઓ ખરાબ દાનેશવાળા છે તેઓ નારાસ્તીના તલબગાર જેવા છે.

૨૦ બે મીનો શકિતઓમાંની પહેલી સપેનામીનોએ જિંદગી અને બીજી ગનામીનોએ નાશ પેદા કીધાં. દુનિયાની આખેરી સુધી એ પ્રમાણે જિંદગી અને નાશ ચાલુ રહેશે. આબાદી કરનાર મીનોએ રાસ્તી પસંદ કીધી છે, પણ નાશ કરનારી બુરી શકિતએ દુષ્ટ કામ પસંદ કીધું છે.

૨૧ જેઓ દીન ઉપર એતેકાદ રાખીને નેક કામોથી હોરમજદને ખુશહાલ કરે છે તેઓ રાસ્તી પસંદ કરે છે. પણ દેવપરસ્તીના પક્ષકારો બુરો વિચાર એખ્તિયાર કરે છે.

૨૨ દેવપરસ્ત લોકો ગુસ્સાને આધીન થઇ દુનિયામાં માણસજાતની ખરાબી કરે છે.

૨૩ જ્યારે ગુનેહગાર માણસો ઉપર શિક્ષા આવી પહોંચશે ત્યારેજ તેઓ હોરમજદને યાદ કરશે.

૨૪ જેઓ જુઠાઇને રાસ્તીના હાથમાં આપી દે છે તેમને તેમ કરવાની રૂડી બુદ્ધિ હોરમજદ પોતે આપે છે.

૨૫ દુનિયાને જેઓએ આબાદ કીધી હોય તેઓના જેવા થવાની હમેશ હોંશ રાખવી.

૨૬ જે તરફ ડહાપણું હોય તે તરફ અક્કલમંદ માણસ જાય છે.

૨૭ ભલી કીર્તિમાં જન્મેલા ધણીઓની રાસ્તીને લીધે નાશ કરનારી જુઠાઇ પોતેજ નાશ પામે છે.

૨૮ માણસની કરણી મુજબ સુખ દુખ હાંસેલ થાય છે. દુષ્ટ માણસને લાંબા વખ્ત સુધી દુખ ખમવું પડે છે, પણ રાસ્ત માણસને સુખનું ઇનામ મળે છે.[2]

૨૯ રાસ્તી, નમનતાઇ અને સૌથી નેક મનશનીની મારફતે જે સત્તા મળે તેની કુમકથી નારાસ્તી તોડી શકાય છે.

૩૦ હોરમજદની પાદશાહી નેક મનશનીને લીધે આબાદ અને કાયમ છે.

૩૧ હોરમજદ સૌથી પહેલો વિચાર કરનાર છે. તેનો ચળકાટ આસમાનની બેહદ રોશનીઓ સાથે મળી ગયલો છે. પોતાની હરવેસ્પ આગાહ અક્કલથી તમામ ખલ્કતનો પેદા કરનાર તે છે. તેની તે અક્કલથી રાસ્તી અને ઉત્તમ વિચારને ટેકો મળે છે.

૩૨ હોરમજદ હમેશાં એકસરખો છે.

૩૩ હોરમજદ સર્વથી પહેલો, પાક મનશ્નીથી પરસ્તેશ કરવાલાયક, ભલાં મનનો પિતા, રાસ્તીનું ખરૂં મૂળ, અને દુનિયાનાં તમામ કામો ઉપર સાહેબી ભોગવનાર છે.

૩૪ સંપૂર્ણ મનશ્ની હોરમજદની છે. દુનિયાને બનાવવાની મિનોઈ અક્કલ હોરમજદની છે.

૩૫ ઉદ્યોગથી જિંદગી ગુજારનાર તેમજ નિરૂદ્યોગી માણસને તેમને લાયકના બદલા હોરમજદ આપે છે.

૩૬ ઠગાઇ કરનાર કે જુઠું બોલનાર આળસુ માણસ દીનનો ફાયદો મેળવી શકતો નથી.

---

[1] ૮ થી ૧૬ નંબર સુધીનાં વચનો ઇજશ્નેના હા ૨૯ માંથી ટાંકી કહાડયા છે. (ગાથા હોનવદ, હા ૨.)

[2] નંબર ૧૭ થી ૨૮ સુધીના વચનો ઇજશ્નેના હા ૩૦ માંથી (ગાથા હોનવદ, હા ૩) ટાંકી કહાડયા છે.

૩૭ હોરમજદે પોતાની વિચારશક્તિથી જાનદાર પેદાયશો અને તેમને માટેના કાયદા મુકરર કીધા છે. માણુસજાતને તેણું હાડમંદ જિંદગી અને અક્કલ બક્ષી છે.

૩૮ વિદ્વાન માણુસ વિદ્વાન માણુસનેજ દીનની ખુબીઓ સમજાવી શકે છે. જાહેલ માણુસને એવું કામ સોંપવું નહિ; કારણકે તે તે બજાવી શકતો નથી.

૩૯ દુષ્ટ માણુસની શીખામણ સાંભળવી નહિ, કારણકે તેથી ઘેર, મહોલ્લો, શેહેર અને દેશ સંકટમાં આવી પડે છે. એવી ખરાબી કરનારા માણુસોને દૂર કરવા જોઇયે.

૪૦ જે વિદ્વાન રાસ્તીની બાબત સાંભળે અને તે ઉપર વિચાર કરે તે ગોયા સાચા સખુનો ઉપર સાહેબી ભોગવે છે તથા પોતાની જબાનને તાબામાં રાખી શકે છે; તે માણુસ જિંદગીના ભલા સંસારમાં મશહુર થાય છે.

૪૧ અશો માણુસને દગવો નહિ.

૪૨ બદ દિયાનતનો માણુસ પોતાના કર્તુકને લીધે અંધારી દુનિયામાં વાસો કરે છે.

૪૩ જે શખ્સ નેક વિચાર અને નેક કામોથી હોરમજદની દોસ્તી મેળવવા પામે છે તેને તનદુરસ્તી, અમર્ગી, આબાદી, સરદારી અને ભલાં મનનું સુખ હાંસેલ થાય છે.

૪૪ જે શખ્સ નેક શકિતથી, વિચારથી, તથા કામથી રાસ્તીની પક્ષમાં રહે છે તે શખ્સ હોરમજદને માટે ઘણોજ મદદગાર છે.[1]

૪૫ દરેક માણુસે હોરમજદનો પેગામ પહોંચાડનાર યાને તેની ખાલેસ દીનનો ફેલાવો કરનાર થવું જોઇયે; જેઓ હોરમજદનાં ફરમાનોનો ઇનકાર કરે તેમને હઠાવી કહાડનાર થવું જોઇયે.

૪૬ હોરમજદ એક ખેરખાહ દોસ્ત છે; પોતાની સત્તાની રૂએ સર્વ પેદાયશો ઉપર સાહેબી ભોગવનાર છે.

૪૭ સભ્યતા જે ભલી તથા આબાદી કરનાર છે તેને દરેક માણુસે કબૂલ રાખવી જોઇએ.

૪૮ બુરા માણુસો બુરાઇની તોખમના છે. બુરા માણુસને જે કોઇ આરાધે તે પોતે બુરો અને ગુમરાહ હોય છે. બુરો માણુસ ઠગાઇથી ભરેલો હોય છે. બુરો માણુસ મનને પરેશાન કરે છે, જેથી તેની શીખામણ પ્રમાણે ચાલનારા નેક મનસ્નીનો ઇનકાર કરે છે, અને બદ તથા જુઠા સખુન ઓચરે છે, અને રાસ્તી તથા અક્કલથી તેઓ નાબુદ થતા જાય છે.

૪૯ પાપી માણુસો બુરી શીખામણથી સખ્ત શિક્ષા પોતાની ઉપર ઉતારે છે.

૫૦ ખોટો ધર્મ સમજાવનાર દીનના કલામો ઉલટાવી નાખે છે, બુરી શીખામણથી માણુસની અક્કલને ગુમરાહ બનાવે છે, બીજાઓની નેક નૈયતની ખાહેશ તથા ખરી મુરાદ છીનવી લે છે.

૫૧ જે શખ્સ પૃથ્વી અને સૂર્ય જેવી હોરમજદની પેદાયશ કબૂલ રાખતો નથી, જે ઘણી બુરા લોકોને મદદ આપી તેમનું જોર વધારે છે, તથા જે આદમી ખેતરોને વેરાન કરી નેક માણુસોને દુઃખ દે છે, તે માણુસ દીનના કલામોને તદ્દન ઉંધા વાળે છે.

૫૨ જે કોઇ બુરા માણુસને મોટો ગણે છે, પોતાના શેઠ શેઠાણીની દોલતનો કબ્જો મેળવે છે, રાસ્ત માણુસને નેક વિચારથી પાછો ફેરવે છે; તે માણુસ નેક જિંદગી ગુજારવાની રીતિને ખરાબ કરે છે.

૫૩ તે માણુસ બુરો છે કેજે પોતાની ખરાબ શીખવણીથી બીજા ઘણીને નેક કામ કરતો અટકાવે છે. તે માણુસ બુરો છે કેજે ગાયઢોરને વગર કારણે હલાક કરે છે. તે માણુસ બુરો છે કેજે રાસ્તી છોડીને લુચ્ચાઇથી મેળવેલા પૈસા પસંદ કરે છે. તે માણુસ બુરો

[1] નંબર ૨૯ થી ૪૪ સુધીના વચનો ઈજશ્નેના હા ૩૧ મામાંથી ટારવી કહાડ્યા છે. (ગાથા હોનવદ, હા ૪.)

છે કેજે કરપન યાને જરતોસ્તી દીનનાં ફરમાનો કબૂલ નહિ રાખનારો અને દરૂજ યાને જુઠા તથા ઠગારા માણુસની સત્તાને ચહાનારો હોય છે.

૫૪ વળી તે માણુસ બુરો છે કેજે દુષ્ટ વિચારથી હરામના પૈસા મેળવવા ઇચ્છે છે. તે માણુસ બુરો છે કેજે દુનિયાની આબાદીની ખરાબી કરે છે. તે માણુસ બુરો છે કેજે પોતાની મુરાદ બર આવ્યા છતાં અસંતોષી રહે છે.

૫૫ હોરમજદી દીન કબૂલ નહિ કરનારા કરપો, તથા એ દીનના ફરમાનો ઉપર ધ્યાન નહિ આપનારા કવિઓ, તેમજ જેઓ શક્તિવાળા હોયા છતાં દીનનાં નેક કામમાં મદદ આપતા નથી તેઓને માટે બહેસ્તનું સુખ નથી.

૫૬ મનનો શક દૂર કરવા માટે ઘણી હુશિયારીથી આપેલું દીનદાર માણુસ તરફનું ધર્મ સંબંધી શિક્ષણ ઘણું કીમતી છે.

૫૭ પાપી માણુસને શિક્ષા ખમવાની છે.

૫૮ દીન ફેલાવવાની ખાહેશ રાખનારને તેનો ઘટતો બદલો મળશે.[1]

૫૯ જે કોઇ પોતાના વિચારથી, સખુનથી અને બે હાથોની મહેનતથી કીધેલાં કામોથી દુષ્ટ માણુસનું બુરૂં કરે છે, અથવા જે કોઇ સારાં કામ કરવા માટે બીજા માણુસને નસીહત આપે છે, તે ગોયા હોરમજદ તરફની મોહબતમાં ભેટ આપે છે: તે હોરમજદને ખુશનુદ કરે છે, અને તેના ઉપરનો પોતાનો એતેકાદ મજબૂત કરે છે.

૬૦ જે કોઈ સદ્‌ગુણી માણુસ સાથ સારી ચાલ ચલાવે છે—પછી તે સદ્‌ગુણી માણુસ તેનો ખેશી હોય, કોઇ ધંધાદારી હોય, યા તેનો તાબેદાર હોય—તથા તેના માલમિલકતનું ચોરો અને લૂટારાઓથી રક્ષણ કરે છે, તે રાસ્તી અને નેક મનસ્નીના કામો બજાવનારો ગણાયછે.

૬૧ નાફરમાની અને બદ મનસ્નીને બંદગીની મારફતે દૂર કરજો. તમારા ખેશી સાથની તુંદી, તમારા હમશરીકો સાથની ઠગાઇ, તાબેદાર માણુસો તરફનો તિરસ્કાર અને ગાયઢોરનાં રક્ષણ માટેની તમારી બેદરકારી બંદગીની મારફતે દૂર કરજો.

૬૨ નીતિના માર્ગોમાં હોરમજદ રહે છે.

૬૩ ખાલેસ પરસ્તેશથી અને નેક નૈયતથી હોરમજદને યાદ કરવાથી મુરાદ મુજબનું ધારેલું કામ પાર પડે છે.

૬૪ બંદગી એજ હોરમજદ માટેની ભેટ છે.

૬૫ હોરમજદની આરાધના અને હોરમજદની કીર્તિના સખુનો અંતઃકરણથી અને નેક નૈયતથી જારી રાખવા, જેથી આ દુનિયાનું સુખ અને પેલી દુનિયાની અમર્ગીની જાગુકની બક્ષેશ મળેછે.

૬૬ હોરમજદ અને ભલું મન નેકી અને કુવતનો વધારો કરે છે; માણુસોનાં કામોનાં પ્રમાણમાં તેમને સુખ આપે છે.

૬૭ જિંદગીની તમામ ભલી હાલતો, જે આગળ ભોગવવામાં આવી હતી, જે હાલ ભોગવવામાં આવે છે, અને જે હવે પછી ભોગવવામાં આવશે, તે પોતાના બંદા તરફની મોહબતમાં હોરમજદ તેને બક્ષે છે.

૬૮ નેક મનસ્ની, રાસ્તી, કુવત અને આબાદીથી હોરમજદ પોતાના બંદાનાં તનને મજબૂત કરે છે, બંદગીનો બદલો ભલી નિયામત વડે આપે છે, દુષ્ટ કામોથી દૂર રાખે છે, સભ્યતાને લીધે કુવત આપે છે, અશોઇને લીધે હિમત અને જોર બક્ષે છે, અને નેક મનસ્નીને લીધે સરદારી આપે છે.[2]

૬૯ જે કામ, જે સખુન અને જે ભક્તિને લીધે અમર્ગી, રાસ્તી, હકુમત અને સુખાકારી મળે તે સૌથી પહેલાં હોરમજદનેજ અર્પણ કરવાં.

---

[1] નંબર ૪૫ થી ૫૮ સુધીના વચનો ઇ.જશનેના હા ૩૨ આમાંથી ટારવી કહાડેલા છે. (ગાથા હોનવદ, હા ૫.)

[2] નંબર ૫૯ થી ૬૮ સુધીનો ભાવાર્થ ઇ.જશનેના હા ૩૩ આમાંથી ઉતાર્યો છે. (ગાથા હોનવદ, હા ૬.)

૭૦ એક માણુસ જે કાંઇ અંતઃકરણથી હોરમજદને અર્પણ કરશે તે રાસ્તીની પુઠે ચાલનાર તેનાં રવાન (જાન) નાં કરેલાં નેક કામો છે.

૭૧ હોરમજદની નજદીક પહોંચવાનો માર્ગ તેની લાયક બંદગી અને તેની કીર્તિનાં ગાયનો છે.

૭૨ હોરમજદનાં રાજ્યમાં તમામ જાનદાર પેદાયશનું રક્ષણ ભલું મન (બહમન) કરે છે.

૭૩ પુરો દાનેશમંદ શખ્સ તે છે કે જે દરેક બાબતમાં હોરમજદ અને તેને લગતાઓને યાદ કરે છે.

૭૪ હોરમજદનો આતશ જોરાવર, સૌથી તેજ, હિમત આપનાર, હમેશાં ખુશી કરનાર, ઘણી રીતે મદદ કરનાર છે. તે આતશ પોતાનાં પુરતાં કુવતથી દુશ્મની ધરાવનાર અને કીનો રાખનાર શખ્સને શિક્ષા કરે છે.

૭૫ હોરમજદની ભેસ્તીમાં રહીને નેક કામોથી અને નેક નૈયતથી ગરીબોને આશ્રા આપવો.

૭૬ તમીમ દેવો અને દુષ્ટ માણુસોથી વેગળા રહી હોરમજદનેજ સર્વોત્તમ ગણવો.

૭૭ રાસ્તી અને નેક મનસ્નીનું અલંકારરૂપ હોરમજદ છે.

૭૮ દીનનાં ફરમાનો તેજ ખરી દોલત છે.

૭૯ હોરમજદ સિવાય બીજો કોઇ બચાવ કરનાર નથી.

૮૦ દીનનાં ફરમાનોનો ઇનકાર કરનારા દેવપરસ્ત માણુસો નબળાં મનના માણુસો ઉપરજ ફાવી શકે છે. તે બદ માણુસો જેમ રાસ્તી ઉપર ધ્યાન આપતા નથી, તેમ નેક મનસ્નીવાળા રાસ્ત માણુસો જુદા અને બદ દિયાનતવાળા માણુસોથી વેગળા રહે છે.

૮૧ જેઓ નેક મનસ્નીથી ગાફેલ રહી દુષ્ટ કામ કરનારા તરીકે જિંદગી ગુજારે છે તેઓ આગળથી રાસ્તી નાસી જાય છે, જે મિસાલે કે જંગલી ખરફસ્તરો આપણી આગળથી દૂર નાસી જાય છે.

૮૨ સારી અકલવાળો શખ્સ નેક મનસ્નીનાં કામો એખ્તિયાર કરવાની ભલામણ કરે છે, અને નેક મનસ્નીને રાસ્તીનું ખરૂં મૂળ જાણે છે.

૮૩ સભ્યતા (આર્મઇતિ) ભલાં મન (વોહૂમનો) અને રાસ્તી (અષ) થી વધે છે. એ ત્રણને લીધે માણસનું કુવત અને શકિત છે.

૮૪ હોરમજદ દ્વેષ અને આજારને દૂર કરે છે.

૮૫ આ દુનિયા ફરતી છે.

૮૬ જેઓ ભલાં કામોમાં મશગુલ છે, તથા જેઓ અકલમંદીનાં કામોનો વધારો કરે છે, તેમને હોરમજદની બુદ્ધિનો કાંઇક અંશ મળેલો હોય છે.

૮૭ નેક મનસ્નીથી અને રાસ્તીથી હોરમજદની કીર્તિનાં ગાયનનું કર્જ અદા કરવામાં આવે તો તેના બદલામાં તે સાહેબ આપણી જિંદગીને તાજગી બક્ષે છે.[1]

ગાથા ઉશતવદ.

૮૮ જેનાથી બીજાઓને સુખ મળે તે પોતે આબાદ હોય છે.

૮૯ પરોપકારી માણુસને હોરમજદ તનદુરસ્તી તથા સુખ બક્ષે છે.

૯૦ નેક મનસ્ની ધરાવનારને સંપત્તિ, ભલા આશીર્વાદ અને ભલાં મનની જિંદગીની બક્ષેશ મળે છે.

૯૧ જે કીર્તિવાન માણુસ પોતાની કીર્તિ જાળવી રાખી શકે છે તે સર્વમાં ઘણો ભાગ્યશાળી છે.

૯૨ બન્ને દુનિયાના ફાયદા મળી શકે એવો રાસ્ત માર્ગ જે વ્યણી બતાવે તે ભલાંના કરતાં વધારે ભલું હાંસેલ કરી શકે. તે શખ્સ હોરમજદની સંફનો અને દુનિયાની આબાદી કરનારો ગણાય.

---

[1] નંબર ૬૯ થી ૮૭ સુધીનો ભાવાર્થ ઇજશ્નેના હા ૩૪માંથી ઉપજાવ્યો છે (ગાથા. હોનવદ, હા ૭).

૯૩ હોરમજ્દ જેમ નેક તેમ પાપી માણુસને પણ મદદ આપે છે.

૯૪ આતશ અશોઇનું કુવત ધરાવે છે. આતશના પ્રતાપથી ભલાં મનનું કુવત મળે છે.

૯૫ માણુસજાતને તેનાં કામ અને વચન પ્રમાણે બદલો મળશે—ભલાંને ભલો, બુરાંને બુરો.

૯૬ દરેક જરતોસ્તીએ જાહેર રીતે દુષ્ટ માણુસનો જોરાવર દુશ્મન અને રાસ્ત માણુસનો ભારી ખુશહાલી આપનાર થવું જોઇયે.

૯૭ દરેક જરતોસ્તીએ પોતામાં તાકત હોય ત્યાંસુધી આતશની નમાજ અને રાસ્તીને કીમતી ગણવી.

૯૮ હોરમજ્દની કુમકથી કોઇ પણ રાજકર્ત્તા પોતાની બુલંદ ઇચ્છા પ્રમાણેનું મહાભારત કામ બજાવી શકે છે.

૯૯ હોરમજ્દના કલામોની બરકતથી જરતોસ્ત દાના થયો હતો.

૧૦૦ લાંબી જિંદગી કેજે દુનિયાની પસંદ પડતી ચીજ છે તે હોરમજ્દ આપી શકે છે.

૧૦૧ એક સંતોષી વિચાર સૌથી સરસ ચીજ છે.

૧૦૨ સઘળી રીતે પુરો અને સંપૂર્ણ માણુસ પણ એક પાપી માણુસને રાજી રાખી શકતો નથી, કેમકે પાપી માણુસ સઘળા રાસ્ત માણસોને સારા લેખતો નથી.

૧૦૩ રાસ્તી પોતાના પુર તેજથી જોરાવર અને ગાલેબ થઇ શકે છે.[1]

૧૦૪ હોરમજ્દની બંદગીની જરૂર છે, કારણુ તે વડે તે બંદગી કરનારને પોતાનો દોસ્ત ગણીને તેને મદદ કરે છે.

૧૦૫ હોરમજ્દ રાસ્તીથી આબાદી કરનાર, તથા પોતાના બંદાઓથી ખરાબીને દૂર રાખનાર, અને બન્ને દુનિયામાં તેમનો દોસ્ત છે.

[1] નંબર ૮૮ થી ૧૦૩ સુધીનો ભાવાર્થ ઇજશ્નેના ૪૩ મા હા ઉપરથી ઉપજાવ્યો છે. (ઉશ્તવદ ગાથાનો, હા ૧)

૧૦૬ રાસ્તીનો પેદા કરનાર અને પિતા હોરમજ્દ છે.

૧૦૭ સુરજ અને સેતારાઓનો માર્ગ મુકર્રર કરી આપનાર હોરમજ્દ છે.

૧૦૮ જેનાથી માહતાબ વધે છે અને ઘટે છે તે હોરમજ્દ સિવાય બીજો કોઇ નથી.

૧૦૯ જમીન તથા આસમાનને પડી જવાથી ટેકાવી રાખનાર હોરમજ્દ છે.

૧૧૦ પાણી તથા ઝાડપાન હોરમજ્દે બનાવ્યાં છે.

૧૧૧ પવન તથા વાદળાંને ઝડપ બક્ષનાર હોરમજ્દ છે.

૧૧૨ બહમન (ભલું મન) નો પેદા કરનાર હોરમજ્દ છે.

૧૧૩ હોરમજ્દ તે કારીગર છે કેજેણે રોશની તથા અંધારૂં બનાવ્યું છે.

૧૧૪ ઉંઘ અને જાગૃતિ બનાવનાર કારીગર પણ તેજ છે.

૧૧૫ સહવાર, બપોર અને રાત પણ તેણેજ પેદા કીધાં છે.

૧૧૬ સપૂર્ણ મનશની અશોઇને વધારે છે.

૧૧૭ હોરમજ્દનું રાજ્ય નેક મનશની ઉપર સ્થાપેલું છે.

૧૧૮ આ ફરતી દુનિયા ખુશહાલી ઉપજાવનારી છે.

૧૧૯ પસંદ પડતી આર્મઇતિ (સંપૂર્ણ મનસ્ની) ને બુલંદ દરજ્જા સાથે બનાવનાર હોરમજ્દ છે.

૧૨૦ બાપને દીકરો પ્યારો કરનાર દૂરઅંદેશ હોરમજ્દ છે.

૧૨૧ નેક માણુસનું રવાન ખુશહાલી પામશે અને પોતાની મુરાદ હાંસલ કરશે.

૧૨૨ પાક દીન અને તેનાં ફરમાનોને સદા પવિત્ર રાખવાં.

૧૨૩ જ્યાં રાસ્તી (અર્દીબહેસ્ત) અને નેક મનસ્ની (બહમન) છે તેજ આદેલ પાદશાહીમાં હોરમજદનું મુકામ છે.

૧૨૪ હોરમજદી દીન સઘળી મોજુદ દીનોમાં સર્વોત્તમ છે. તે રાસ્ત હોવાથી માલ મિલ્કતનું રક્ષણ કરે છે, અને તેના નેક કલામોને લીધે તે માણસને સદાચારી અને નીતિવાન બનાવેછે.

૧૨૫ આપણી તમામ ડહાપણભરેલી મુરાદોએ હોરમજદ તરફનીજ ખાહેશ રાખવી જોઇયે.

૧૨૬ જે દુષ્ટ માણસ હોરમજદની નિયામતોને વગોવે તે અનામીનોની તરફનો છે.

૧૨૭ તેઓને તમો તમારી આગળથી હાંકી કહાડજો કેજેઓ જુઠા, ઠગારા, દીનનાં ફરમાનો ઉપર ધ્યાન નહિ આપનારા છે, તથા જેઓ રાસ્તીને પગલે નહિ ચાલતાં નીતિના વધારાથી ખુશી થતા નથી.

૧૨૮ જુઠા અને ઠગારાને ઉઘાડા પાડજો. જુઠાઇને તોડવા, બુરા માણસોની મોટી પાયામાલી કરવા, તથા તેઓનાં કાવત્રાં અને દગાબાજીને ફાવવા નહિ દેવા માટે રાસ્તીના હાથમાં ડગાઇને સોંપી દેજો.

૧૨૯ સામસામે લડનારાં બે લસ્કરોમાંથી તેને હોરમજદ ફતેહ આપશે કેજે તેના મુકરર કીધેલા કાયદા પ્રમાણે ચાલતું હોય.

૧૩૦ હોરમજદના કલામ આફત વેળા પાસ્બાની કરે છે. તે કલામની બરકતથી દુશ્મન ઉપર જીત મેળવી શકાય છે.

૧૩૧ ડહો રાજકર્તા તે છે કેજેને હોરમજદ ચાહે છે.

૧૩૨ જે કોઇ હોરમજદની મોહબત મેળવવાને શક્તિવાન થાય તેનો સખુન પોતાની મુરાદ પામે.

૧૩૩ પવિત્ર માંથ્ર (કલામ) રાસ્તીને લીધે એક ઉતમ દોલત છે. તેની મારફતે આ દુનિયાનું સુખ (ખોરદાદ) અને પેલી દુનિયાની અમર્ગી (અમેરદાદ) મેળવી શકાય છે.[1]

૧૩૪ દુષ્ટ માણુસ પોતાના ખરાબ તરીકા અને બદ જબાનને લીધે આડે માર્ગે ગયેલો હોય છે.

૧૩૫ આબાદી અને નાશ વચ્ચે સદાનું બિયાબાન છે: તેમના વિચાર, શિખામણ, અક્કલ, રીતભાત, સખુન, કામ, અંતઃકરણ, રવાન, એ સઘળાં એક બીજાથી કેવળ જુદાં છે.

૧૩૬ પવિત્ર માંથ્રવાણી પ્રમાણે જેઓ અમલ નહિ કરશે તેઓની જિંદગીનો અંત નુકસાનમાં આવશે.

૧૩૭ હોરમજદ દરેક ચીજનો જોનાર છે. અને તે કોઇથી ઠગાતો નથી.

૧૩૮ દીનનો કલામ કેજે ઘણો ફાયદાકારક છે તેની તરફ જે તાબેદારીથી ધ્યાન આપશે તેને તનદુરસ્તી તથા અમરપણું મળશે.

૧૩૯ અશો માણસનું રવાન બહેસ્તનાં સુખની ખાહેશ રાખે છે; પણ પાપી રવાનને સખ્ત પિડા ભોગવવી પડે છે.

૧૪૦ હોરમજદે આપણું ભલું ચાહીનેજ સુખ દુખ પેદા કીધાં છે.

૧૪૧ જે કોઇ બદ માણસને ધિક્કારે અને હોરમજદની પવિત્ર દીનની મારફતે તેના તરફ માનની નજરે જોય તેનો તે દોસ્ત, મદદગાર તથા પિતા છે.[2]

૧૪૨ સંકટ અને નામુરાદી વેળા હોરમજદથી દિલાસો માંગવો. જેમ એક દોસ્ત બીજા દોસ્તને એવી વેળા દિલાસો આપે છે તેમ હોરમજદ પણ આપે છે.

---

૧ નંબરની ૧૦૪ થી ૧૩૩ સુધીનો ભાવાર્થ ઇ.જરનેના હા ૪૪ મા ઉપરથી ઉપજાવ્યો છે. (ઉશ્તવદ ગાથા, હા ૨.)

૨. નંબર ૧૩૪ થી ૧૪૧ સુધીનો ભાવાર્થ ઇ.જરનેના હા ૪૫ મા ઉપરથી ઉપજાવ્યો છે (ગાથા ઉશ્તવદ, હા ૩.)

૧૪૩ રાસ્તીની મારફતે ભલાં મનની દોલત હાંસેલ થાય છે.

૧૪૪ બોધ આપનાર તરીકે સદા હોરમજદને પસંદ કરવો.

૧૪૫ જે શખ્સ દુષ્ટ માણુસને શિકસ્ત આપે છે તે સારાં ડહાપણુના માર્ગો ખુલ્લા કરે છે.

૧૪૬ શક્તિવાન માણુસે બુરા માણુસને કદી મદદ કરવી નહિ, યા તેઓ તરફ કોઇપણુ જાતની મેહરબાની કે દયા દેખાડવી નહિ. શક્તિવાળા માણુસે નેક માણુસને પોતાના બેશી તરીકે ગણુવો.

૧૪૭ જે કોઇ દુષ્ટ માણુસને મદદ કરે તે બુરો છે; જે કોઇ સદ્‌ગુણી માણુસને મદદ કરે તે નેક છે.

૧૪૮ તાકતવાળો માણુસ બદ માણુસને સજા નહિ કરે તો તેનેબી બદ જાણુવો.

૧૪૯ જે કોઇ બદ માણુસને માટે ઘણો સારો તે પોતે બદ છે; જે કોઇને રાસ્ત માણુસ પ્યારો હોય તે પણુ રાસ્ત છે.

૧૫૦ ઘરબારનાં સુખ અને મનની શાંતિથી નીપજતાં કામો રાસ્તીનો વધારો કરે છે.

૧૫૧ જે કોઇ સખાવત કરે, સચ્ચાઇની ખાતરજ રાસ્તીનો અમલ કરે, પોતાની સત્તાનો રૂડો ઉપયોગ કરે, અને હોરમજદની કીર્તિનાં ગાણું ગાય, તે ચીન્વત પુલ પસાર કરી જવાને શક્તિવાન થશે.

૧૫૨ જે કોઇ પોતાની સત્તાની રૂએ ખરાબ કરી યા કરાવીને જિંદગી પાયમાલ કરે છે, અને જેનું રવાન અને અંતઃકરણ સખત બનેલું છે, તેની રહેવાની જગા દરૂજનું મુકામ છે.

૧૫૩ જેઓને હોરમજદે બહેસ્તની મજલિસમાં બેસવાને લાયક ગણ્યા છે તેઓને નેક મનશ્નીના કલામોથી આપણે યાદ કરવા જોઇયે.

૧૫૪ જે તરફ સભ્યતા (સપંદારમદ) રાસ્તી (અર્દીબહેસ્ત)ની પુઠે ચાલે છે, અને જે તરફ ભલી મનશ્ની (બેહમન)ની પસંદ પડતી સત્તા ચાલે છે, તે તરફ હોરમજદ પોતનાં સૌથી માન પામેલાં મુકામમાં રહે છે.

૧૫૫ જે કોઇ અશો માણુસને દુખ દેશે તેના ઉપર દુખ આવી પડશે.[1]

ગાથા સ્પેન્તોમદ.

૧૫૬ સૌથી નેક વિચાર, સૌથી નેક સખુન, તથા સૌથી નેક કામ રાસ્તીથી ઉત્પન્ન થાય છે. એવા વિચાર, વચન અને કામને લીધે સુખ, અમર્ગી, સંપત્તી, અને સંપૂર્ણુ મનશ્ની હોરમજદ આપે છે.

૧૫૭ કોઇબી શખ્સ નેક સખુન અને નેક કામને લીધે બહેસ્તનું સુખ હાંસેલ કરી શકે છે.

૧૫૮ પોતાની હર્વિસ્પઆગાહ અક્કલને લીધે હોરમજદ પોતે રાસ્તી (અર્દીબહેસ્ત) નો પિતા છે.

૧૫૯ હોરમજદ મિનો જેહાનનાં આબાદી કરનાર, રામશ્ની બક્ષનાર, અને ખુશહાલી ઉપજાવનારી જગતનો બનાવનાર છે.

૧૬૦ જેઓ દુખી થાય છે તે પાપી માણુસો છેઃ રાસ્ત માણુસો દુખી થતાં નથી.

૧૬૧ રાસ્ત માણુસ થોડીજ ચીજથી રાજી રહે છે. બદ માણુસ પુષ્કળ ચીજોથી પણુ સંતોષ પામતો નથી.[2]

૧૬૨ જ્યારે સદ્‌ગુણી માણુસ પરોપકારી કામોથી જુઠ્ઠાઇને મારશે, તથા જ્યારે ઠગાઇ પોતાના ખરા આકારમાં ઉઘાડી પડશે, ત્યારે હોરમજદની પરસ્તેશ તેથી ઉપજતા ફાયદાઓ સાથ ફેલાવો પામશે.

૧૬૩ રાસ્ત માણુસ દુષ્ટ માણુસ ઉપર ફાવશે.

૧૬૪ કોઇ પણુ શખ્સ ભલાં મન (બહમન)ની અક્કલથી હોરમજદની નજદીકનો થઇ શકે.

---

૧ નંબર ૧૪૨ થી ૧૫૫ સુધીનો ભાવાર્થ ઇ.જરનેના ૪૬ મા હા ઉપરથી ઉપજાવ્યો છે (ગાથા ઉશ્તવદ, હા ૪)

૨ નંબર ૧૫૬ થી ૧૬૧ સુધીનો ભાવાર્થ ઇ.જરનેતા. હા ૪૭ મા ઉપરથી ઉપજાવ્યો છે (સ્પેન્તોમદ ગાથા, હા ૧.)

૧૬૫ જે શખ્સ પોતાની મનસ્નીને વધારે નેક અને વધારે પાક રાખે છે તે પોતાનાં વચન અંને કામથી 'દીનને' પણ તેવીજ પાક રાખે છે. તે શખ્સની ખાહેશ તેના એતેકાદ અને ધર્મને અનુસરતીજ હોય છે.

૧૬૬ ભલાં ડહાપણનાં કામથી સારા પાદશાહ અમારી ઉપર રાજ કરો! બુરા પાદશાહ અમારી ઉપર રાજ મા કરો!

૧૬૭ પવિત્રાઈ માણસને માટે જન્મથીજ સૌથી સરસ ચીજ છે.

૧૬૮ ગાય ગોસ્પંદોની પરવરશીને માટે માણસે મહેનત કરવી જોઇયે, કારણકે તેઓ આપણા ખોરાકનો વધારો કરનારાં છે; તેઓ આપણી કીમતી મતા છે; આપણી નેક નૈયતની મુરાદમાં તેઓ આપણને કુવત અને જોર બક્ષે છે.

૧૬૯ જેઓ નેક વિચારના માર્ગને સચ્ચાઇથી મજબૂત પકડી રાખવા ઇચ્છે છે તેઓએ ગુસ્સાના દેવને દાબેલો રાખવો અને મારામારીને દૂર દફે કરવી.

૧૭૦ રવાનને શેવટે પવિત્ર બદલો અને આશીર્વાદ મળે તે માટે બંદગી અસરકારક ઇલાજ છે.[1]

૧૭૧ જેઓ બેદિલ થયા હોય તેમને રાસ્તી મારફતે રાજી રાખવા.

૧૭૨ દુનિયાને ફાયદો કરવા માટે હોરમજદી દીનને સારૂ રાસ્તી મુકરરર કીધેલી છે.

૧૭૩ ભલાં મનની સરદારીને તમો પસંદ કરજો: બુરા માણસના તમામ સોહબતીઓને ધિક્કારી રદ કરજો.

૧૭૪ બુરી અક્કલ અને બુરી જબાનથી ગુસ્સો અને અદેખાઇ વધે છે.

૧૭૫ બુરી જબાન અને બુરી અક્કલનો માણસ ઉદ્યોગી માણસોમાં નકામો છે.

૧૭૬ જેની વળાણુ સારાં નહિ પણ ખરાબ કામ તરફ હોય છે તે બુરા તરીકાને ટેકો આપે છે.

૧૭૭ રાસ્તી ફરમાવે છે કે ખરૂં એખ્તિયાર કરવું.

૧૭૮ સાચું બોલનારે દુષ્ટ માણસની મારફતે યા તેના હાથ તળે સરદારી લેવી નહિ.

૧૭૯ બદીમાં ગિરફતાર થયલી સત્તાનો નાશ થશે.

૧૮૦ અનીતિનાં કામ કરનારા અને સખુન બોલનારાં, બદ દિયાનત અને બદ મનસ્નીવાળાં રવાનોને દેવો મારફતે ખરાબ ખોરાક મળે છે અને તેમની હૈયાતી દરૂજનાં મુકામમાં ગુજરે છે.[2]

૧૮૧ આ દુનિયા ખુશહાલી ઉપજાવનારી છે.

૧૮૨ અશોઇથી ખાલેસ જિંદગી ગુજારનારા તથા પ્રકાશિત થયલાઓનું મુકામ ખુરશેદના પુષ્કળ ચળકાટવાળાં બહેસ્તમાં હોય છે.

૧૮૩ કોઇપણ શખ્સ નેક મનસ્નીથી હોરમજદી દીનના ભેદો શીખવી શકે છે.

૧૮૪ જે જે સારાં કામો એક પછી એક તમો કરશો તે નેક નૈયતથી કીધેલાં હોવાને લીધે માણસોની નજરમાં માનને લાયક ગણાશે.

૧૮૫ સેતારા, ખુરશેદ, દિવસ થવાની ખબર આપનાર બામદાદનું ઝઝકળું, એ બધાં હોરમજદની કીર્તિ ગાવાને માટે પોતાની ગિર્દેશ કરે છે.

૧૮૬ રાસ્ત કામો કરનારાઓની ખાહેશ જે સૌથી ચઢતે દરજ્જેની છે તે તેમની નેક મનસ્નીને લીધે દુનિયાનો પેદા કરનાર હોરમજદ પાર પાડે છે.[3]

---

૧ નંબર ૧૬૨ થી ૧૭૦ સુધીનો ભાવાર્થ ઇજશ્નેના હા ૪૯ મા ઉપરથી ઉપજાવ્યો છે (ગાથા સ્પેન્તોમદ, હા ૨).

૨ નંબર ૧૭૧ થી ૧૮૦ સુધીનો ભાવાર્થ ઇજશ્નેના હા ૪૯ મા ઉપરથી ઉપજાવ્યો છે (સ્પેન્તોમદ ગાથા, હા, ૩).

૩ નંબર ૧૮૧ થી ૧૮૬ સુધીનો ભાવાર્થ ઇજશ્નેના હા ૫૦ મા ઉપરથી ઉપજાવ્યો છે (ગાથા સ્પેન્તોમદ હા ૪).

ગાથા વોહૂ ક્ષથ્ર.

૧૮૭ રાસ્તીનાં અને પવિત્ર કામોમાં વાપરવાને લીધે સારી સત્તા દુનિયાનાં લોકોને આબાદ અને સુખી કરવા માટે એક દોલત સમાન છે.

૧૮૮ નેક મનસ્નીથી કીધેલી બંદગીથી ફાયદા હાંસેલ થાય છે.

૧૮૯ શક્તિવાળા અને નીતિવાન શખ્સે પોતાની સાચ્ચાઇને ચહાનાર સરદાર તરફ માનની નજરથી જોવું.

૧૯૦ હોરમજદની ભક્તિ કરનારના હકમાં ઘણું સારૂં થાય છે, પણ જે તેની ભક્તિ નથી કરતો તેને શેવટે ઘણું ખમવું પડશે.

૧૯૧ આબાદી કરનાર હોરમજદ જેણે જાનવર, પાણી તથા ઝાડપાન પેદા કીધાં છે તે નેક મનસ્નીવાળા ધણીને તનદુરસ્તી તથા અમર્ગી બક્ષે છે.

૧૯૨ દીનદાર માણસે સમજુ માણસને જણાવવું જોઇએ કે આકેબત બુરા માણસને સજા ભોગવવી પડનાર છે, પણ રાસ્તીને ટેકો આપનારને સુખાકારી મળનાર છે.

૧૯૩ ડાહ્યા માણસને માંથ્રની ખુબીઓ સમજાવવામાં મોટી ખુશહાલી ઉત્પન્ન થાય છે.

૧૯૪ હોરમજદ બન્ને દુનિયામાં પાપીને શિક્ષા કરે છે અને નીતિવાનને સુખ બક્ષે છે.

૧૯૫ રાસ્તીના તરીકાથી ઉલટો જઇ જે ધણી નેક માણસને ઇજા કરે તે દરૂજની પેદાયશનો છે.

૧૯૬ દરેક માણસે રાસ્તીને ધણીને રાસ્તી હાંસેલ થાય એવી દુઆ ગુજારવી.

૧૯૭ આ દુનિયા બહેસ્ત ભણી જવા માટેનો ખાકી પુલ છે.

૧૯૮ રાસ્ત માણસનો દીનનો તરીકો દુષ્ટ માણસના તરીકાને શેવટે બેશક કચડી નાખશે.

૧૯૯ દુષ્ટ માણસનું રવાન બહેસ્તના માર્ગ તરફ પહોંચવા ઇચ્છે છે, પણ તેમ બની શકતું નથી ત્યારે તે પોતાની બદ જબાન અને બદ કામોને લીધે ઘણું કચવાય છે.

૨૦૦ જેઓ દીનના કલામો સાંભળતા નથી તેઓથી કોઈ પણ ખુબીવાળું કામ બજાવી શકાતું નથી.

૨૦૧ ગરોથમાનમાં સૌથી પહેલો દાખલ થનાર હોરમજદ છે.

૨૦૨ જે કાંઇ હોરમજદને ખુશહાલી આપનારૂં હોય તે બજાવવા ઉપર મન લગાડો.

૨૦૩ હોરમજદની ખુશહાલીને આતુરતાથી શોધો અને નમ્રતાથી યાદ કરો.

૨૦૪ જે અશો લોકો આગળ થઇ ગયા અને હાલમાં હૈયાત છે તેમના નામ દઇને તેમને યાદ કરો અને ખરા પ્યારથી તેઓની નકલ કરો[1].

ગાથા વહિશ્તોઇશ્ત.

૨૦૫ જે છોકરી અશો રહીને પોતાના બાપ, ખાવંદ, ખેશીઓ, રાસ્ત માણસો તથા નોકરો સાથનો સંબંધ કાયમ રાખશે તેની નેક નૈયતની મુરાદ પાર પડશે.

૨૦૬ દીનદાર માણસોની મારફતે ભણેલા થઇને નેક મનસ્નીની જિંદગી હાંસલ કરજો! ખરાં અંતઃકરણથી એકબીજાને ચહાતા રહેજો!

૨૦૭ જુઠાઇનો માર્ગ બંધ કરજો અને તેના વધારાનો અટકાવ કરજો!

૨૦૮ બેઇજતી અને નામોસી સાથની મોટાઇ નુકસાનકારક છે.

૨૦૯ રાસ્તીની હાનિ કરનારા બુરા માણસોથી ભવિષ્યની જિંદગી ખરાબ થાય છે.

૨૧૦ બાતેનનો લોભ દૂર કરો. પાપી વિચાર તદન નાબુદ કરો. રૂડાં કામ માટે અત્યારથીજ

---

૧ નંબર ૧૮૭ થી ૨૦૪ સુધીનો ભાવાર્થ ઈ.જશનના હ ૫૧ મા ઉપરથી ઉપજાવ્યો છે. (ગાથા વોહુ ક્ષથ્ર.)

કમર બાંધો. નહિ તો આયંદેહ તમને અફસોસ! અફસોસ! એમ પુકાર મારવો પડશે.

૨૧૧ બુરાં કામ કરનારા શીકસ્ત પામજો!
તેઓ સઘળા ધીક્કાર પામજો અને
હસી કહડાજો!
તેઓ સઘળા વિલાપ કરતા થજો!
સત્તાવાળાઓથી તેઓ દુખ અને
જખમ ખમજો!
અન્જુમનો અને કુટુંબોમાંથી તેઓ
ન્યાત બાહેર થજો!
તેમને હાથે પગે બેડી ઠોકાજો!
તેમનું મોત જલદીથી આવી પુગજો!

૨૧૨ ખોટા એતેકાદવાળાઓથી રાસ્ત માણુસોને સંકટ વેઠવું પડે છે.

૨૧૩ નેક જિંદગી ગુજારનાર ગરીબ માણુસ હોયા છતાં તેને બુલંદ દરજ્જો મળે છે.[1]

આ સઘળા કેવા નેકી, નીતિ, નમ્રતા અને ભલી નૈયતના, રાસ્તી, સુખ અને આબાદીના વધારા માટેના સખુનો છે! અશો જરતોસ્તે જાહેર કરેલા વચનોનો આ સઘળો બોલેબોલ ઉતારો નથી, પણ તે સાહેબે પોતાની ગાથા-વાણીમાં વાપરેલા સખુનોનો ખરો ભાવાર્થ આ ટારવી કહાડેલા સખુનોમાં ઉપજાવવામાં આવ્યો છે, જે પેગમ્બર સાહેબના હેતુને દરેક વાતે મળતો છે.

ફસલ ૭—મહાન મદદગારો અને શાગર્દો.

જરતોશ્ત—એક શાયર અને ફિલસૂફ.

હવે આપણુ એક તબક્કો આગળ વધિયે. ઉપર ટાંકેલા ભાવાર્થવાળા ઉત્તમ સખુનો પછી સહેલથી જોઇ શકાશે કે અશો જરતોસ્ત એક શાયર હતો—કારણ કે તેના વચનો ગાથા યાને ગાયનમાં, ગાયનરૂપી બંદગીમાં, રચેલા છે. પણ તે એકલો શાયરજ ન હતો. ઉપલાજ સખુનોમાં સમાયલી ફિલસૂફી ઉપરથી ખુલ્લું દિસે છે કે તે સાહેબ એક શાયરની જોડે એક ફિલસૂફ પણ હતો. અનેક આકાશી શક્તિઓને બદલે એકજ મોટામાં મોટી શકિતની જે કલ્પના ગાથામાં જણાય છે તે કલ્પના કરનાર પોતાને એક મોટા ફિલસૂફ તરીકે સાબેત કરી આપે છે. પણ જરતોસ્ત શાયર અને ફિલસૂફ જેમ હતો તેમ વળી તે એક પેગમ્બર પણ હતો. તે પોતાના કલ્પેલા એકજ મહાજ્ઞાની સાહેબ (મજદા અહુરા) તરફથી પોતાને બશારત થયલી ગણીને પોતાના કલામો પોતાના જમાનાની દુનિયામાં ફેલાવવાની હામ ભિડે છે—પોતાને પોતાના તે સાહેબ સાથ વાતચિત થતી હોય એમ સમજાવે છે—પોતાની ખામી દૂર કરવા તે તેની કનેથી અનેક વાર દીનની બાબતનું જ્ઞાન હાંસેલ કરવાની તલબ કરે છે, અને તે જ્ઞાન તે મહાજ્ઞાની તરફથી પોતાને મળ્યા પછી તે આલમમાં પાક્રો દેખાવ દઇ તેને તેથી વાકેફ કરે છે. આ તેની પેગમ્બરી છે. પોતાનાં મૂખથી બાહેર પાડેલા સખુનોમાં તેણે જે કાંઇ નમનતાઇથી, પ્રમાણિકપણે, તમામ સાદાઇ સાથ જાહેર કીધું છે તે એજ છે. એક ખુદાને પિછાનવો, રાસ્તીની રાહ લોકોને બતાવવી, અને બુતપરસ્તીનો પરાજય કરવો—એજ જરતોસ્તી દિનનો મૂળ હેતુ છે.

તેના દોસ્તો અને મદદગારો.

હવે આપણે જોઇયે કે તેની આ હોરમજદી દીનને કબૂલ કરનારા કોણ કોણ હતા. પોતાની પેગમ્બરીનાં પહેલાં વર્ષોમાં તેણે ઘણું ખમ્યું હશે એમ તેના પોતાના થોડાક સખુનો ઉપરથી જણાય છે, કે જ્યારે તે મદદ માંગવા, દિલાસો

[1] નંબર ૨૦૫થી ૨૧૩ સુધીનો ભાવાર્થ ઇ. જરનેનાં હા ૫૩ મા ઉપરથી ઉપજાવ્યો છે. (ગાથાં વહિશ્તોઇશ્ત.)

મેળવવા પોતાના ખુદા પાસે જાય છે, અને તેની તરફથી જે જરૂરનું હોય તે મેળવવાને શક્તિવાન થાય છે. આ રીતે ખુદાઇ મદદ મેળવીને તે પોતાનાં કામમાં—પોતાની દીન ફેલાવવાના પ્રયાસમાં—બેધડક આગળ વધે છે. દેશના કેટલાક હાકમો પાસે મદદ માંગવા તે ગયલો હોવો જોઇયે, અને તેઓએ તેને મદદ નહિ આપતાં હાંકી કહાડી તેના ઉપર સખ્તી આણી હોય એવું પણ ગાથાવાણી ઉપરથી માલૂમ પડે છે. આ પવિત્ર વાણીમાં એવા અનેક ઇશારા છે, અને તે આગળા સફાઓમાં આપણુ વાંચી ચુકયા છિયે, કે જેમાં સત્તા ધરાવનારા, શક્તિવાળા અને હાકમ લોકો અશો માણુસોને મદદ આપતા નથી, ડોળા કકડાવે છે, ખરાબી કરવા માગે છે, વગેરે ફરિયાદો જોવામાં આવે છે. પણ જ્યારે આવા રાજકર્ત્તાઓ, જેઓ જરતોશ્તના જમાનામાં ચ.લતા દેવયસ્ન તરીકાને વળગી રહ્યા હતા અને જરતોશ્તના સુધારાના ધર્મને કબૂલ રાખતા ન હતા, તેઓ તરફથી મળેલી નિરાશીથી નાસુરાદ નહિ થતાં કે હિમત નહિ હારતાં પેગમ્બરે પોતાની કોશેશ ચાલુજ રાખી. અને સારાં ભાગ્યે અંતે તેને ફતેહ મળી. તેને એક એવો હાકમ મળી ગયો કે જેણે તેની વાતો સાંભળવાની ના પાડી નહિ. તે કવિ વીશ્તાસ્પ હતો, જેણે જરતોશ્તને આશ્રો આપ્યો, તેના સખુનો સાંભળ્યા અને છેલ્લે પોતે જરતોશ્તી બન્યો.

આ ચમત્કાર કેમ બનવા પામ્યો તેનું જે બયાન પેહલવી અને ફાર્સી લખાણોમાંથી મળે છે તે ગાથામાંથી કે બીજી અવસ્તાવાણીમાંથી મળતું નથી. ગાથા મુજબ ગુશ્તાસ્પ એકલોજ જરતોશ્તનો શાગેર્દ ન હતો, પણ તેની રાણી હુતોસ, તેનો વજીર જામાસ્પ, તેનો ભાઇ ફ્રષઓશ્ત્ર, અને જરતોશ્તનો પિત્રાઇ મઇદ્યોમાહ પણ હતા. ફ્રવરદીન યશ્તમાં[1] જણાવેલું છે તે પ્રમાણે તો આ છેલ્લો પેગમ્બરનો સૌથી પહેલો શાગેર્દ હતો. આ સઘળાંઓને જરતોશ્તે પોતે યાદ કીધાં છે. એક ઠેકાણે[2] તે તેમનાં નામો દઇ અમૂક સખુનો કહી સંભળાવે છે. પ્રથમ તે આ પ્રમાણે બોલે છે—

> "માણુસોમાંથી જે કોઇ સ્પેતમાન જરતોશ્તને મેહરબાનીથી ખુશ કરશે તે માણુસ પોતે દીનનાં ફરમાનો જાહેર કરવાને લાયક હોવો જોઇયે. તેવા માણુસને હોરમજદ બહેસ્ત બક્ષશે, અને તેની નેકમનસ્નીને લીધે તેનાં બચ્ચાં બાળાં અને તેનાં પશુ ઢોરોને આબાદ કરશે. તેવા માણુસને અય રાસ્ત! હું તારો ખરો દોસ્ત ગણું છું."

તેનો મુરબ્બી શાહ ગુશ્તાસ્પ.

આ રીતે જરતોશ્ત બોલી રહે છે ત્યારે તેના શાગેર્દોમાંથી કોઇ તેને પુછે છે કે—

> "અય જરતોશ્ત, પેગમબરીના માહભારત કામમાં મદદ આપવા માટે તારો ખરો દોસ્ત કોણ છે?"

આ સવાલનો જવાબ જરતોશ્ત પોતે આપે છે. તે બોલે છે કે—

> "ખચીત બહાદુર કય ગુશ્તાસ્પ પોતે!"

બીજે ઠેકાણે[3] પેગમ્બર એક વાર ફરીને કય ગુશ્તાસ્પને આ પ્રમાણે યાદ કરે છે:—

> "પાદશાહ ગુશ્તાસ્પે પોતાની નીતિભરેલી વર્ત્તણુકથી, આદેસ પાદશાહીમાં નેક નેયતનું ડહાપણ (સારી દિયાનત રાખ્યાથી જે ફાયદા હાંસલ થાય છે તે) ખરૂં પરેલું જોયું છે. તે એક દાનેશમંદ અને પરોપકારી પાદશાહ છે. તે અમારૂં ભલું કરશે."

ગુશ્તાસ્પ શાહે દીન કબૂલ રાખ્યા પછીના આ સખુનો ઓચરાયલા લાગે છે. એ પછી શેવટે જ્યારે પોતાની દીનનો ફેલાવો બને એટલો

૧ ફ૦ ૯૫.

૨ ઈ.જરને, હા, ૪૬, ફ૦ ૧૩ થી ૧૯.

૩ ઈ.જરને, હા ૫૧. ફ૦ ૧૬.

કીધા પછી જઁરીને લીધે અશો જરથોસ્તે એ કામથી ફારેગ થવા ચાહ્યું ત્યારે પેગમ્બર સાહેબના ચેલાઓ આ રીતના સખુનો બોલે છે—

"સપેતમાન જરતોસ્તની રાસ્તીને લીધે જ્યારે હોરમજદે તેમને આ બે બક્ષેશ આપી ત્યારે તેમની સર્વોત્તમ મુરાદ પાર પડી—(૧) હંમેશ સુધીની સારી જિંદગી (યાને બહેસ્તનું સુખ), અને (૨) જેઓ તેમને પહેલાં દુખ દેતા હતા. તેઓ પાછળથી તેમની ભલી. દીનનાં વચનો અો કામો જાણવાની ખાહેશ રાખવા લાગ્યા."

"હવે જ્યારે મનસ્ની, ગવસ્ની, અને કુનસ્નીથી દીનના એલમ તથા ક્રિયા સાથની આરાધના ઉપર એતેકાદ રાખીને હોરમજદની કીર્ત્તિ ગાવા માટે તેઓ તત્પર છે ત્યારે તો સપેતમાન જરતોસ્તની દીન કબૂલ કરનાર કય ગુશ્તાસ્પ તથા દીન આગાહ ફરષોસ્તર તે દરેકને રાસ્તીનાં માર્ગો અને સોષ્યંતોની દીન કેજે હોરમજદે બનાવી છે તે તેઓને શીખવશે."

પેગમ્બરનો પાદશાહી ચેલો.

આ બન્ને ફકરાઓ ઉપરથી ઘણું જાણવાનું મળે છે. શાહ ગુશ્તાસ્પ પેગમ્બરનો નામાંકિત ચેલો થઇ ચુકયો હતો, એટલુંજ નહિ પણ દીનનો ફેલાવો એવો સારી રીતે અને ખાતરી ભરેલી રીતે થતો હતો કે જેઓ પેગમ્બરીની શુરૂઆતમાં જરતોસ્તને દુખ દેતા હતા અને તેમના ઉપર અનેક પ્રકારની જાસ્તી ગુજારતા હતા તેવાં દેવયસ્ન બુરાઓ—જેવા કે કીકકરપ અને ઉસિખ્ષ ધર્મગુરૂઓ—તેઓ પણ હોરમજદી જરતોશ્તી દીનના વચનો અને કામો જાણવા અને કબૂલ રાખવાની ખાહેશ બતાવવા લાગ્યા. હવે આવા લોકોને દીનમાં લેવા કે નહિ? તેઓ જુદદીન હતા એ તો ખરૂંજ છે, કેમકે તેમનો તરીકો દેવને લગતો, જુઠાઇને લગતો, દગાઇ ભરેલો હતો, અને તે તરીકાથી તેમને ફેરવવા માટેજ રાસ્તીનો તરીકો જરતોસ્તે ફેલાવવાની બાથ ભીડી હતી. તેઓ જુદદીન હતા એટલુંજ નહિ પણ તેઓ દીનદુશ્મન હતા, કેમકે તેમની અસલ દીન ઉપર નવી દીનની ચઢાઇ હતી. એવા ધણીઓને પોતાની દીનમાં દાખલ કરવાની જરતોસ્તે ના પાડી નહિ. ખરૂં જોતાં પોતાની રાસ્ત દીનથી જેઓ વેગળા હોય તેઓ સર્વેને તેમાં દાખલ કરીને નેક રાહ ઉપર તેમને લાવવાની મતલબથીજ હોરમજદી જરતોસ્તી દીને જન્મ લીધો હતો. એટલામાટે આવા બુરાઓએ જ્યારે ભલા થવાની ખાહેશ બતાવી ત્યારે તેમને નેકીનો માર્ગ બતાવવાને જરતોશ્ત શી રીતે ના પાડી શકે? પણ જ્યારે તે જુદદીન દીનદુશ્મનોની ખાહેશ જાહેર થઇ ત્યારે પેગમ્બર સાહેબ પેગમ્બરીનાં કામથી ફારેગ થયલા જણાય છે. તેમના ઉપર ઉમરનો બોજો વધી પડેલો ધારી શકાય છે. તેઓએ પોતાનું દીન ફેલાવવાનું, તેનું શિક્ષણ આપવાનું કામ પોતાના બે મોટામાં મોટા ચેલાઓ, હમશરીકો, અને મદદગારોને સોંપી દીધેલું જણાય છે. આ બે નામવર નરોમાંનો એક શાહ ગુશ્તાસ્પ પોતે છે, અને બીજો હવુમનાં ખાનદાનનો ફરશોસ્તર છે, કેજે શાહના વજીરનો વડો ભાઇ થાય છે, અને વળી ગાથાના એક ફકરાની જે સમજણ[૨] ઉઠાડવામાં આવે છે તે પ્રમાણે પેગમ્બર સાહેબનો સસરો થાય છે. આ રીતે પોતાના પાદશાહ અને પોતાના અતલકના બેશી એવા બે ચેલાઓને જરતોસ્તે પોતાની દીનના ફેલાવાનું કામ સોંપી દીધેલું હોવાથીજ ઉપલા ફકરાઓની શેતરે જણાવવામાં આવ્યું છે કે તેઓ પેલા જુદદીનોને ધર્મના માર્ગો શીખવી દીનમાં દાખલ કરશે. જરતોશ્તી દીનમાં જુદદીનને

૧ યજશ્ને, હા ૫૩, ફ૦ ૧ અને ૨.

૨ યજશ્ને, હા ૫૧, ફ૦ ૧૭.

દાખલ કરવાની મનાઇ નથી એમ આ ફકરા સાબેત કરે છે.

પેગમ્બરની બાનુ ચેલી—રાણી હુતોસ.

પોતાની દીનના ફેલાવાને માટે જરતોસ્તે ગુસ્તાસ્પ શાહ અને તેની રાણી હુતોસ એ બન્નેની મદદની ખાહેશ રાખી હતી એમ ગાથા સિવાયનાં અવસ્તાઇ ભણતરો ઉપરથી જણાય છે. આવાં યશ્ત[1] માં જણાવ્યા પ્રમાણે જરતોસ્તે ગુસ્તાસ્પ માટે એવી ખાહેશ રાખી હતી કે—

"લોહરાસ્પના બેટા જોરેમંદ કય ગુસ્તાસ્પને મારી દીનના વિચાર મુજબ, મારી દીનના વચન મુજબ, અને મારી દીનનાં કામ મુજબ હું ચલાવું."

આ માગણી કબૂલ રખાઇ અને જરતોસ્તનાં મનની એ મુરાદ પાર પડી તે આપણુ આગળા સફાઓમાં વાંચી આવ્યા છિયે. હવે એવીજ એક બીજી ખાહેશનો ઇશારો અશીશવંઘ યશ્ત[2] ઉપરથી આ રવેશનો મળે છે—

"સદ્ગુણી અને અશ્રાફ ખાનદાનની રાણી હુતોસને દીનનાં મત પ્રમાણે, દીનના વચન પ્રમાણે, તથા દીનનાં કામો પ્રમાણે હું ચલાવું, તથા જે હુતોસ રાણી માજ્દયસ્ની દીન ઉપર પોતાનું મન લગાડે, તથા પોતાની જે કાંઇ ખાહેશ હોય તે જાહેર કરે, અને વળી જે રાણી પેગમ્બરીનાં કામને માટે મને સારી શીખામણ (સલાહ) આપે."

ગાથામાં રાણી હુતોસ બાબે કાંઇ ઇશારો મળતો નથી, પણ યશ્તોમાં તેમજ પેહલવી અને ફાર્સી ગ્રંથોમાં તે બાબેના ઇશારા છે, જે આપણ હવે પછીના બાબોમાં વાંચીશું. યશ્તોમાં જણાવ્યા પ્રમાણે રાણી હુતોસની મદદ મેળવવામાં પણ પેગમ્બર સાહેબ ફતેહ પામ્યા હતા. જેમ ગુસ્તાસ્પ તેમ હુતોસ એ બન્ને નોદર શાહનાં પાદશાહી ખાન્દાનમાં જન્મેલાં હતાં. ગુસ્તાસ્પની પોતે રાણી થાય એવી મુરાદ આ શાહજાદીએ પોતાની શાદી આગમજ ચાહી હતી એવું એક ઠેકાણે[3] જણાવેલું છે—

"હું કય ગુસ્તાસ્પનાં મકાનમાં પ્યારી, ચહવાયલી અને માન પામેલી થાઉં."

આ તેની ખાહેશ બર આવી અને તેથી જરતોસ્તનાં કામને મોટી મદદ મળી, કારણ કે ઇરાનમાં સ્ત્રીનો દરજ્જો ચઢતો હતો એમ જણાય છે અને તેથી હુતોસની મદદ વગર ગુસ્તાસ્પની મદદ કમજોર થઇ પડશે એમ જાણીને પેગમ્બરે તેણીની મદદ માટે ખાહેશ બતાવેલી હોવી જોઇયે.

ગુસ્તાસ્પે બજાવેલી દીનની સેવા.

શાહ ગુસ્તાસ્પે જરતોસ્તની દીન કબૂલ રાખીને બજાવેલાં કામોની યાદ ભારી આભાર સાથ અવસ્તાવાણીમાં કરવામાં આવી છે. ફરવરદીન યશ્તમાં ગુસ્તાસ્પે પોતાની બાજુનાં બળથી તથા બીજી રીતની મદદથી જરતોસ્તી દીનનો કેટલે દરજ્જે અને કેવી રીતે ફેલાવો કીધો તેનું કેટલુંક બયાન આવેલું છે. તેમાં એક ઠેકાણે[4] આ મતલબનું જણાવ્યું છે કે—

"કુવતવાળો, માંથ્રનાં તનવાળો, મજબૂત હથિયારવાળો, હોરમજદના તરીકા મુજબ ચાલનારો કયાની ખાન્દાનનો અશો ગુસ્તાસ્પ પાદશાહ......જેણે આગળા

---

૧ ફ૦ ૧૦૪-૧૦૫.

૨ ફ૦ ૪૬. આ બાબતને મળતોજ ફકરો ગોશ યશ્તમાં પણ છે. જુઓ ફ૦ ૨૬.

૩ રામ યશ્ત, ફ૦ ૩૬.

૪ ફ૦ ૯૯. કામાઃ જર૦ નામું, બીજી આવૃત્તિ, સ૦ ૧૯૪.

દરૂજોને રાસ્તીના માર્ગ તરફ ખેંચીને દીનનો ફેલાવો કીધો, જેણે આગળા દરૂજોને અશોઇને માટેની ફરાખી શીખવી, અને આ દીન કેજે હોરમજ્દી જરતોસ્તી છે તેની બાજુ તથા મદદ થવાને જે કબૂલ થયો."

આ ફકરો બતાવે છે કે અશો જરતોસ્તે પોતાની છેલ્લી વસીહત વેળા દીનનો વધુ ફેલાવો કરવાનું કામ શાહ ગુસ્તાસ્પ ઉપર રાખ્યું હતું તેમ એ શાહે દીનમાં દાખલ થવા માંગનારા આગળા દરૂજ યાને જુઠા અને જુઠી દીન પાળનારા લોકો હતા તેમને નવી દીન શીખવીને તેમાં દાખલ કીધા હતા અને એ રીતે જેઓ એ દીનમાં દાખલ થવા માંગતા હતા તેમને દાખલ કરીને તેનો ફેલાવો કીધો હતો. આગળ ચાલતાં[1] વિશેષ એમ જણાવવામાં આવ્યું છે કે—

"શાહે ગુસ્તાસ્પે ઉસ્તવાર મોજુદ પવિત્ર દીનને હુનુ[2] જેવા બુરા માણસોથી છુટી પાડી, અને તેને બુલંદ રાજ કરતી, ચોમેર ફેલાતી, નીતિનાં ફરમાનવાળી, લોકોમાં માન પામેલી, ગાયઢોર અને ઘાસ ચારાની ભરપુરતા અને આબાદી કરનારી મુકર્રર કીધી."

ગુશ્તાસ્પના દીન દુશ્મનો.

આ ફકરામાંથી એક નવી બિના એ જાહેર થાય છે કે અશો જરતોસ્તે સદંતર નવીજ દીન સ્થાપી ન હતી, પણ જુની દીનમાં યોગ્ય સુધારો કરીને તેને રચી હતી તથા વળી હુનુ નામના ટોળાના બદ લોકોના હાથમાં એ જુની પવિત્ર દીન બિગડેલી હાલતમાં હતી તેને વધારે બિગડીને નાશ પામવા નહિ દેતાં શાહ ગુસ્તાસ્પે તેને જુદી પાડીને બચાવી લીધી હતી. પણ નવી સુધારેલી દીનનો મોટો ફેલાવો તો એ દીન માટે ઉઠેલી મોટી ધર્મ સંબંધી લડાઇમાં મળેલી ફતેહ પછીજ થયો. આ લડાઇ ઇરાન દેશની ઉત્તરે આવેલા મુલ્ક નામે ખ્યોનના શાહ અર્જાસ્પ સાથે થઇ હતી, કેજે કયાની શાહોની પેઠે જુની દીન પાળતો હતો અને તેનો ચુસ્ત હીમાયતી હતો. તેણે જ્યારે જાણ્યું કે ગુસ્તાસ્પે નવી દીન અખ્તિયાર કીધી છે ત્યારે તેણે પોતાના બે સરદારો વીદરફ્શ અને નામખાસ્તેને તે શાહની દરબારમાં મોકલીને ગુસ્તાસ્પને આ દીનથી પાછો ફેરવવા માંગ્યો, જેમ કરવાની તેણે ના પાડવાથી મોટી લડાઇ ચાલી, અર્જાસ્પનો નાશ થયો અને દીનનો ચોતરફ ફેલાવો થયો. આ લડાઇમાં અર્જાસ્પની મદદે બીજા કેટલાક હાકમોબી મેદાન પડયા હતા અને તેઓ સર્વેને ગુસ્તાસ્પે એકલે હાથે હરાવીને દીનની ચઢતી કીધી હતી એમ અવસ્તાવાણી ઉપરથી જણાય છે. એ બાબતમાં ગોશ યશ્ત[3]માં જણાવ્યા પ્રમાણે ગુસ્તાસ્પે ગોશની આરાધના કરીને એવી બક્ષેશ માંગી કે—

"લડાઇમાં નીચલા આઠ હરીફ પેહલવાનોને હું નસાડું:—(૧) વીસ્પ-થૌર્વો-અસ્તિનો બેટો વીસ્પ-થૌર્વ, (૨) ઉર્વી ખઓધ, (૩) ઉર્વી-વૅરૅથ, (૪) સ્તી મનોથ્રી (કેજે પોતાની જોડે ૭૦૦ ઉંટ ઉપર લુટનો માલ લાધીને લાવ્યો હતો), (૫) ઉસ્કેરાયલા અને ખૂની ખ્યોની લોકોનો રાજા અર્જાસ્પ, (૬) બુતપરસ્ત દર્શીનીક, (૭) ખરાબ દીનવાળો તાંથ્રયંત, અને (૮) બુતપરસ્ત સ્પંજઉરૂસ્ક.

આ ફકરામાં જણાવેલા આઠ દીન દુશ્મનોને ધાર્મિક લડાઇમાં મારી હટાડવા ઉપરાંત ગુસ્તાસ્પે

---

[1] ફ૦ ૧૦૦. કાંગાઃ યશ્ત બા માયની. કામાઃ જરતોશ્ત નામુ, બીજી આવૃતિ, સ૦ ૨૮૫.

[2] આ હુનુ લોકો તે વેદના સુનુ અને પાછળથી યુરોપમાં જણાયલા હન-હુન (Huns) લોકો હોય એમ લાગે છે.

[3] ફ૦ ૩૦—૩૧.

બીજી જે મુરાદ માંગી હતી તે એજ યસ્તમાં જણાવ્યા પ્રમાણે ખ્યોન અને વરેધક નામના દેશોમાં સારા કાયદા અથવા સારી દાનાઇભરેલી રીતો દાખલ કરી તેમને સુધારવાની હતી.[1]

ઉપલા સઘળા દીનદુશ્મનો, અથવા દેવપરસ્ત અને બદ દીન પાળનારા હાકમો, ખાકાનો અને શાહોને ગુસ્તાસ્પે મુરાદ ચાહી હતી તે પ્રમાણે હરાવ્યા. આ ઉપરાંત બીજા અનેક દુશ્મનોને ગુસ્તાસ્પે શિકસ્ત આપેલી જણાય છે, કેમકે આવાં યસ્ત મુજબ ઉપર જણાવેલા તાંથવંત અને અર્જાસ્પ ઉપરાંત "દેવપરસ્ત પેષન,"[2] આઠ ભોંયરાંવાળો પેષોચંઘ અને "દેવપરસ્ત હુમવાક" નામના પણ તેના શત્રુઓ હતા, જેમને લડાઇમાં હરાવવાની જેમ ગુસ્તાસ્પે તેમજ તેના ભાઇ જરીરે મુરાદ ચાહી હતી, અને તેનું ફળ તેમની ફતેહમાં મળ્યું હતું.

પેગમ્બરના પાદશાહી મદદગારો.

ગુસ્તાસ્પ અને જરીર શાહ નોદરનાં ખાન્દાનથી ઉતરેલા હતા, માટે તેઓએ તેમજ શાહજાદા અસ્પંદિયારે અને શાહજાદા પેશોતને જરતોસ્તી દીન એખ્તિયાર કીધાથી બીજા નોદરિયાનોએ પણ તેમજ કીધું, અને એ રીતે એ પાદશાહી ખાન્દાનીઓનો પેગમ્બરને મસમોટો ટેકો મળ્યો. એજ ખાન્દાનની બાનુઓનો ટેકો પણ એજ રીતે જરતોસ્તને રાણી હુતોસની મદદથી મળ્યો. ઉપર ઇશારો કરી ગયા છિયે તેમ આ રાણી પણ નોદરનાંજ ખાન્દાનની હતી, અને તેના ઘણા ભાઇઓ હતા. તેઓ કોણ હતા યા તેમનાં નામ શું હતાં તે અવસ્તાવાણીમાં જણાવ્યું નથી, પણ તેણી "ઘણા ભાઇઓવાળી" અને નોદરિયાન ખાન્દાનની હતી, અને તેણે "કય ગુસ્તાસ્પનાં ઘરમાં ઘણી ચહવાયલી અને માન પામેલી ધણિયાણી" થવાની મુરાદ ચાહી હતી, એમ રામ યસ્ત[1] ઉપરથી જણાય છે. ગોશ યસ્ત[2]માં જરતોસ્ત તેને "આજાદે હુતોસ" અથવા "સદગુણી અને અશ્રાફ ખાન્દાનની હુતોસ" ને નામે ઓળખી છે; અને તે પોતાની મજ્દ-યસ્ની દીન ઉપર દિલ લગાડે અને પોતાની ખાહેશ જાહેર કરે તથા પોતાની પેગમ્બરીનાં કામને જશ મળે એવી સલાહ આપે એમ ઇચ્છેછે. આ રાણી કેજેને શાહનામામાં કેતાયુનને નામે ઓળખાવી છે તથા જેને રૂમના કયસરની બેટી જાહેર કીધી છે, તે ભૂલ છે. ગુસ્તાસ્પના જમાનામાં રૂમના કયસર (Caesar) જેવા કોઈ શાહાનશાહોની હસ્તી હતીજ નહિ, અને અવસ્તાવાણીમાં જે નામ આપ્યું છે તેથી આ તદન જુદુંજ છે. આ રાણીથી જરતોસ્તનાં કામમાં મોટી મદદ મળેલી હોવીજ જોઇયે, કાંયકે અશીશવંગ યસ્ત[3] પ્રમાણે પેગમ્બરે તેણી તરફથી જે ઉમેદ ચાહી હતી તે પાર પડી હતી.

આ રીતે જરતોસ્તને ઇરાનના શાહ અને રાણી એ બન્નેની મદદ મળી. આ મદદ તેને સહેલથી મળી ન હોય. એ માટે પેગમ્બરે આ નામવર જોડાંની ઘણીએક રીતે ખાતરી

---

૧ ફ૦ ૩૧.

આ ખ્યોન અને વરેધક દેશો કયાં આવ્યા હતા તે નક્કી થઈ શકતું નથી. પ્રો, ડાર્મેસ્ટેટેના જણાવ્યા પ્રમાણે યુનાની ગ્રંથોમાં ચિયોનાઇટી (Chionitae) અને વર્ટી (Vertae) નામે જે ટોળાઓ કેસ્પીઅન સમુદ્રની પશ્ચિમ દિશાએ વસતા હતા તે આ ખ્યોન અને વરેધક ટોળા હશે. શાહનામા મુજબ અર્જાસ્પ ચીનનો ખાકાન હતો પણ રિગ્વેદ-માંથી તેનું નામ મળે છે તે ઉપરથી જણાય છે કે તે જર-તોસ્તી આર્યોના હરીફ વેદિક આર્યોના એક ટોળાનો સર-દાર હતો.

૨ આવાં, યશ્ત, ફ૦ ૧૧૩. કાંગા: જરતોશ્ત નામું, સફે ૨૮૯. કાંગા 'પેશોચિંહ' નામ વાંચે છે ને તેને "મુરદાં દાટનાર" લખે છે. યશ્ત બા માયની, સફે ૪૪.

૧ ફ૦ ૩૬.

૨ ફ૦ ૨૬.

૩ ફ૦ ૪૬-૪૭

કરેલી હોવી જોઇયે. ધારવામાં આવે છે તેમ ગુમ થયલા નસ્કો મધે જે "વીશ્તાસ્પ નસ્ક" હતો તેમાં શાહ અને પેગમ્બર વચ્ચે થયલા સવાલ જવાબોનું વર્ણન હોવું જોઇયે. આ નસ્કમાંનો થોડોક ભાગ આજે મોજુદ છે, જે "વીશ્તાસ્પ યશ્ત" ને નામે ઓળખાય છે. પણ તેમાં ગુશ્તાસ્પના બેટા ઉપર જરતોસ્તે કરેલી આફ્રીન સિવાય બીજું વધારે જાણવાજોગ કાંઇ નથી, અને મી૦ ખ. રૂ. કામા લખે છે કે "તેની એબારત ઘણી ગુંચવણ ભરેલી છે."[1]

જરતોશ્તનાં ખાન્દાન બાબે વધુ ખુલાસો.

પેગમ્બર જરતોસ્તનું ખાન્દાન તેના નજદીકના પૂર્વજોનાં નામ ઉપરથી સ્પીતમને નામે અને હયચતસ્પને નામે ઓળખાયું છે. અવસ્તાવાણીમાં કોઇપણ ઠેકાણે જરતોસ્તને નોદરનાં ખાન્દાનનો જણાવેલો નથી. તેમજ છેક અત્યારસુધી પેહલવી લિખાણોમાં પણ પેગમ્બર સાહેબને નોદરિયાન તરીકે કોઇ ઓળખાવી જતું નથી. તોપણ બુન્દેહશમાં એક ઠેકાણે આવેલા એક વાક્યનું જુદુંજ વાંચન થયું છે અને તે ઉપરથી એમ સમજાય છે કે અશો જરતોસ્ત નોદરનાં ખાન્દાનના હતા.[2]

૧. જરતોશ્ત નામુ, સફે ૨૮૮.

૨ પ્રો૦ યુસ્ટીવાળી પેહલવી બુન્દેહશમાં એક વાકય "નો દર્ગા હિદઇનિશ." એવો છે, જેનો અર્થ મી૦ કામા "પોરૂશસ્પથી જરથોશ્ત દરગા હિદઇનીશમાં (?) જનમ્યો" એવો કરી જાય છે (જરતોશ્ત નામું, સ૦ ૨૮૩, નોટ ૩૪૫) પણ એરવદ તેહમુરસ દીનશાહજી અંકલેસરીઆ ઉપલીજ નોટ ઉપર બીજી નોટ (+) આપી જણાવે છે કે એમની કનેની એક પુરાણી બુન્દેહશની નકલમાં ઉપલો વાકય "વદરીગાહ અન્દઇનિશ" એવો લખેલો છે, જેનો અર્થ પણ ઉપરના જેવોજ થાય છે પણ એ૦ તેહમુરસ લખે છે કે "એ બેઉ નકલોમાં ભુલ થએલી લાગે છે. એને જરથોશ્ત એ નોદરગા હુદીનીહ (=જરથોશ્ત જે નોદરનાં ખાંદાનનો અને નેક દીનવાળો) વાંચવો જોઇએ. જરથોશ્તને ફરેદુનનાં ખાંદાનનો ગણેલો છે તેને બદલે હિયાં નોદરનાં ખાંદાનનો કહેલો છે અને નોદર, પોતે પણ ફરેદુનનો પ્રપૌત્ર હતો."—કામાઃ જરતોશ્ત નામું (બીજી આવૃત્તિ), સફે ૨૮૩ ની નોટ†

જરતોસ્ત પોતાને ગાથાવાણીમાં હયચતસ્પના નહિ પણ સ્પીતમનાં ખાન્દાનનો જણાવી જાય છે. હયચતસ્પ તેની પાંચમી પહેડીનો વડવો હતો, પણ સ્પીતમ દશમી પહેડીનો વડવો હતો. વળી જરતોસ્ત ઇરાનના શાહ મિનોચહેરથી ૧૫ મી પહેડીએ ઉતરેલા હતા, જેના એક બેટા દોરાસરૂબથી પેગમ્બરની પહેડી ઉતરી હતી. ત્યારે બીજા બેટા નોદરથી બીજી પહેડી ચાલી હતી. એ રીતે જોતાં પેગમ્બર સાહેબ નોદરનાં ખાન્દાનથી ઉતરેલા નહિજ ગણાય. જોવાનું એજ છે કે જરતોસ્ત હયચતસ્પ નામના પાંચમા વડવાનાં નામથી ઓળખાતા હતા કે ૧૦ મા વડવા સ્પીતમનાં નામથી? ગાથા પ્રમાણે તો એઓ સ્પીતમનાં ખાન્દાનથી હતા અને પોતાની દીનના ફેલાવાને માટે જ્યારે પેગમ્બર સાહેબ હયચતસ્પના ખાન્દાનીઓને સંબોધે છે અને તેમને સ્પીતમના ખાન્દાનીઓ તરીકે ઓળખે છે, ત્યારે જણાય છે કે આ બન્ને ખાન્દાનો એકજ હતાં. પેગમ્બરના પહેલા અને ચુસ્ત શાગર્દોમાં અને ખરાં દિલથી તનપર સખ્તી ખેંચીને જેહમત ખેંચનારાઓમાં હયચતસ્પનાં ખાન્દાનવાળાઓ મૂખ્ય હતા. તેઓ પેગમ્બરને પ્રથમ મદદ આપવાથી અગાગ હતા, પણ તેઓ ખરૂં ખોટું પિછાનીને તે મુજબ અમલ કરનારા હતા, માટે જ્યારે તેઓએ પોતાના એક ખાન્દાની નબીરાને નવી સુધારેલી દીન બરપા કરતાં જોયો અને તેની સચ્ચાઇ તેઓને મનપતીજ જણાઇ ત્યારે તેઓએ તે દીન એખ્તિયાર કરવાની અને તેને મજબુતીથી વળગી રહીને તેનો ફેલાવો કરવાનાં કામમાં મદદ આપવાની ના પાડી નહિ. જરતોસ્ત તેમને આ રીતે સંબોધે છે—

અય સપેતમાન ખાન્દાનના હયચતસ્પના નબીરાઓ! તમોને હવે હું દીનનાં ફરમાનો

જાહેર કરીશ, કારણકે ખરૂં શું છે અને ખોટું શું છે તે તમો પીછાની શકો છે.[1]

પેગમ્બરનો પહેલો ચેલો—મેધોમાહ.

આ વાત જાણવાજોગ છે કે જરતોસ્તનો સૌથી પહેલો ચેલો તેના આ ખાન્દાનીઓ મધેનોજ એક હતો. વળી તે તેના કાકા આરાસ્તનો બેટો હતો. તેને પેગમ્બર એક ઠેકાણે આ રીતે સંબોધે છે —

"અય સપેતમાન ખાન્દાનના મેધોમાહ! જે કોઈ દીનનો એલમ પુરતી રીતે હાંસેલ કરીને, તથા દુનિયાનાં લોકો ઉપર પોતાની મોહબત બતાવીને, તથા પોતાની જિંદગીનાં કામોથી વધારે નેકીવાળો થઇને, હોરમજદના કાયદા જાહેર કરે છે તે શખ્સ પોતે અમારી સફનો તથા અમારાં કામને મદદ કરનારો ગણાય છે."[2]

મેધોમાહના સંબંધમાં ફ્રવરદીન યસ્તમાંથી પણ ઇશારો મળે છે. ત્યાં જણાવ્યા પમાણે—

"આરાસ્તનો અશો મેધોમાહ......જે પહેલો જરતોસ્તના માંથ્ર અને સખુન અથવા શીખામણ સાંભળનાર થયો હતો."[3]

પેહલવી જાદસ્પરમમાં જણાવ્યા પ્રમાણે દશ વર્ષની જેહમત પછી જરતોસ્તે જે સૌથી પહેલો ચેલો મેળવ્યો તે મેધોમાહ હતો, જેના સંબંધમાં તેણે દશ વર્ષ આગમજ ખ્વાબમાં એવું દીઠું હતું કે પોતાની પાછળ એક મોટાં ટોળાં સાથ મેધોમાહ જરતોસ્તને મળવા આવે છે અને ખરેખર આ રીતે મેધોમાહે પોતાના નામાંકિત પિત્રાઇ ભાઇની દીન સૌથી પહેલાં કબૂલ કીધા પછી ગોયા તેની સરદારી હેઠળ પોતે ચાલતાં હોય તેમ બીજાં લોકો આ દીન કબૂલ રાખવા લાગ્યાં. જરતોસ્તના બનેલા અનેક ચેલાઓમાં મેધોમાહના એક બેટાનું નામ પણ જણાય છે, જેને પેહલવીમાં "અહરૂબો-સ્તોતો" ને નામે ઓળખાવ્યો છે, પણ અવસતામાં એ નામ "અષસ્તવો" મળે છે.[1] પેગમ્બરના છ મોટા શાગેર્દ મદદગારો અને દીન ફેલાવનારાઓ મધેનો આ અષસ્તવો ત્રીજો હતો.[2]

બીજા ચેલાચેલીઓ—પોરૂચિસ્ત.

હએચતસ્પનાં ખાન્દાનીઓમાં અશો જરતોસ્તના બેટા બેટીઓ મૂખ્ય ગણાવાં જોઇયે. ફ્રવરદીન યસ્તમાં[3] દીનનાં કામમાં મદદ આપનારા દાખલ જે સંખ્યાબંધ નામો જોવામાં આવેછે તે નામો જો જરતોસ્તના ચેલાઓની અથવા દીન કબૂલ કરનારાઓની ચઢ ઉતર સંખ્યા બતાવતાં હાય તો મેધોમાહનું નામ પહેલું જણાવ્યા પછી ૧૪ મું, ૧૫ મું અને ૧૬ મું એમ ત્રણ નામો પેગમ્બરના ત્રણ બેટાઓ ઇસતવાસ્ત્ર, ઉર્વતત્નર, તથા હ્વરેચિથ્ર (ખુરશેદચેહર) નાં જોવામાં આવે છે. એ પછી ૧૮ મો શાગેર્દ સપેતમાન ખાન્દાનનો થ્રિમિથ્વત નામનો જણાય છે, કેજે સ્પિતામનો બેટો હતો. આ સ્પિતામ અને તેનો બેટો થ્રિમિથ્વત્ કોણ હતા અને તેઓ શી રીતે ઉપયોગી થઇ પડયા હતા તે જણાયું નથી. પેગમ્બર સાહેબની ત્રણ બેટીઓમાંની બે ફ્રેની અને થ્રિતીનાં નામો દીન ફેલાવનારી બાનુઓ તરીકે "જાદસ્પરમ"માં જોવામાં આવે છે.[4] એક ત્રીજી બેટી પોરૂચીસ્તનું નામ ત્યાં નથી, તે ઉપરથી ડૉ૰ વૅસ્ટ એમ ધારે છે કે કદાચ તે બેટી પોતાના પિતાની આગમજ ગુજર પામી હોય.[5] પણ ગાથામાં પેગમ્બર સાહેબે અથવા કોઇ તુરતના શાગેર્દે આ પોરૂચિસ્તને સંબોધીને દીનની બાબતમાં જે શીખામણ દીધી છે તે બતાવે છે કે આ બાનુ પણ પોતાના બાપના

---

૧ ઇ.જ૰ને, હા ૪૬, ક૰ ૧૫ ગાથા બા માએની, સ૰ ૧૫૩.

૨ ઇ.જ૰ હા ૫૧, ક૰ ૧૯: ગાથા બા માએની, સ૰ ૨૧૬.

૩ ક૰ ૯૫.

૧ ફ્રવરદીન યશ્ત, ક૰ ૧૦૬.

૨ જાદસ્પરમ પ્ર૰ ૨૩, ક૰ ૧૧

૩ ક૰૯૫ તથા ૯૮. ૪ પ્ર૰ ૨૩, ક૰ ૧૧.

૫ Marvels of Zoroastrianism, સ૰ ૧૬૬. નોટ ૨.

જાહેર કરેલા મજહબને કબૂલ રાખનારી અને આગળ વધારનારી હતી. ત્યાં[1] આ રીતે બોલવામાં આવ્યું છે કે—

> અય હએચતસ્પનાં ખાન્દાનની તું પોઉરૂચિસ્ત! અય સપેતમાનની ઓલાદની જરતોસ્તની દીકરીઓમાં (સૌથી) જવાન! હોરમજદે નેક મનસ્ની અને રાસ્તી ઉપરં ફિદા થયલા (ફરશોસ્તર) ને તારે માટે દીનના સરદાર તરીકે મુકરર કીધો છે, માટે હવે તું તેની મસ્લેહત લેતી રહેજે, તથા સંપૂર્ણ મનસ્નીની તારી ઘણીજ પાક અક્કલથી સારાં ડહાપણની રૂએ કામ કરતી રહેજે.

ફરવરદીન યસ્તમાં પેગમ્બરની દીન કબૂલ રાખનારાંઓનાં જ્યાં નામો આપ્યાં છે ત્યાં પોતાની બન્ને વડી બહેનો જોડે ઉપલી નાનીનું નામ પણ જોવામાં આવે છે.[2] ત્યાં પ્રથમ પેગમ્બર સાહેબનાં ધણિયાણી અશો હવોવીનું અને તેની પછી અશો ફ્રેની, અશો થ્રિતી અને અશો પોઉરૂચિસ્તનાં નામો આપેલાં છે. આ ચારે જરતોસ્તના કબીલાની બાનુઓ છે, જેમને પોતાના મુરબ્બી સરતાજની દીન દિલોજાનથી કબૂલ રાખનાર તરીકે આપણે એકદમ માની લેવાં જોઇયે.

બાનું હવોવી.

હવોવીને માટે કહે છે કે તે હવોગ્વ (હબૂબ) નાં ખાન્દાનની હતી અને ફરશોસ્તરની બેટી થતી હતી. પણ તેણી ખરેખર ફરશોશ્તરની બેટી હતી, એવું ગાથામાં આવેલા ઇશારા ઉપરથી માલૂમ પડતું નથી. ત્યાં એમ જણાવવામાં આવ્યું છે અને તે જરતોસ્તના પોતાના શબ્દોમાં જણાવેલું છે કે "હબૂબ ખાન્દાનના ફરશોશ્તરે મને પોતાનું બુલંદ તન (કેહર્પ) બતાવ્યું છે." આ "તન" શબ્દને ફેરવીને "કેહર્પ"નો અર્થ "બેટી" તરીકે બંધ બેસાડવામાં આવે છે, જે રીતે જોતાં સિલસિલાબંધ અર્થ આ રીતનો ઉપજાવી શકાયછે:—

> "હબૂબ ખાન્દાનના ફરશોશ્તરે પોતાની બુલંદ દરજ્જાની છોકરી મને દેખાડી છે. ભલી મજદયસ્ની દીનના ફેલાવાને માટે સર્વ શક્તિમાન હોરમજદ તેની (ફરશોસ્તરની) દિલપસંદ છોકરી મને આપે તો સારૂં! રાસ્તી મેળવવાને માટે અય મજદયસ્નાનો! તેણીને તમો માન સાથે કબૂલ રાખો.[3]

ફરશોશ્તર અને જામાસ્પ.

હબૂબ ખાન્દાનમાં બે નામીચા નરો પેગમ્બરના વખતમાં હૈયાત હતા તે, આગળ આપણ વાંચી આવ્યા છિયે તેમ, ફરશોસ્તર અને તેનો ભાઇ જામાસ્પ હતા. આ મહાપુરૂષો દોલતમંદ હતા એવું આવાં યસ્ત[4] ઉપરથી જણાય છે, અને પોતાની દોલત અને શેહાઇને જોરેજ તેઓ શાહ ગુસ્તાસ્પની દરબારમાં માન પામેલા હોવા જોઇયે, અને તેઓ મધેનો નાનો ભાઇ જામાસ્પ તો શાહના વજીરને દરજ્જે પણ પહોંચવા પામ્યો હતો. આ બન્ને ભાઇઓએ પેગમ્બરની દીન પ્રથમથીજ નહિ પણ છેક પછવાડેથી કબૂલ રાખી હશે એમ મી૦ કામા ધારે છે.[5] કારણકે ફરવરદીન યસ્તમાં તેમનાં નામો પેગમ્બરના ચેલાઓની ટીપમાં છેક ૫૧ અને ૫૨) માં જણાય છે. ગાથામાં[6] જરતોસ્ત ફરશોસ્તરને "દીન આગાહ"ના એલકાબથી ઓળખીને તેને એવું ફરમાવે છે કે જે દીનદુસ્મનો પસ્તાવો કરીને દીન કબૂલ કરવા માંગતા હોય તેમને રાસ્તીના માર્ગ ઉપર પાછા લાવવા. બીજે ઠેકાણે[7] પેગમ્બર ફરશોસ્તરના સંબંધમાં આ રીતે કહેછે—

---

૧ ગાથા વહિશ્તોઇશ્ત. ઇજ૦ હા ૫૩, ક૦ ૩.

૨ ક૦ ૧૩૯.

૩ ગાથા બા માઅ્એની, સંક ૨૧૪—૧૫

૪ ક૦ ૯૮.

૫ જરતોશ્તનામુ, સ૦ ૨૯૧ (બીજી આવૃત્તિ).

૬ ગાથા વહિશ્તોઇશ્તઃ ઇજ૦ હા ૫૩, ક૦ ૨.

૭ ગાથા ઉશ્તવદઃ હા ૪૬, ક૦ ૧૬,

અય હબુબ ખાન્દાનના ફરષોસ્તર! તે મદદગારો, જેઓને દુનિયાના ફાયદાને માટે આપણે બે જણે પસંદ કીધાછે તેઓની સાથે તે તરફ તું જા, કેજે તરફ સભ્યતા રાસ્તીની પુંઠે ચાલે છે, જે તરફ ભલી મનસ્નીની પસંદ પડતી સત્તા હોય છે, તથા જે તરફ હોરમજદ પોતાનાં સૌથી માન પામેલાં મુકામમાં રહે છે, અને જે તરફ અય ફરષોસ્તર અને દાનેશમંદ જામાસ્પ! તમારે સારૂં વજન વિનાના નહિ પણ વજનથી ગવાઇ શકાય એવા[1] ગાથા હું ગાઇશ.

જામાસ્પ બાબે એક બીજો ઇશારો જરતોસ્ત પોતે[2] આ પ્રમાણે કરે છે—

"હબુબ ખાન્દાનનો જામાસ્પ હકીમ પોતાની મુરાદ મુજબનું પુરતું ડહાપણ તથા નામદારી, તથા રાસ્તીની મારફતે મેળવેલી હકુમત તથા નેક નૈયતની પ્રાપ્તિ ઇચ્છે."

જામાસ્પ ઘણો દાનેશમંદ હતો અને દરેક વાતની ખબરદારીને લીધે તે "હકીમ"ને નામે ઓળખાઇ ગયો છે.[3] જરતોસ્ત પોતે તેને "દે-જામાસ્પા" એવે નામે ઓળખી જાયછે, જેનો અર્થ "દાનેશવર, અથવા એલમમાં પૂર, જામાસ્પ" એવો થાય છે. આની જોડે વળી જામાસ્પ એક લડવૈયો પણ હતો. જ્યારે દીનદુસ્મન અર્જાસ્પ સાથ જરતોસ્તી દીન બાબે લડાઇ ચાલી ત્યારે જામાસ્પ શાહ ગુસ્તાસ્પ તરફથી લડયો હતો, એવું અવસ્તાવાણી ઉપરથી જણાય છે.[1]

ફરષોસ્તર અને જામાસ્પ ઉપરાંત હબુબ ખાન્દાનના ચાર નબીરાઓ જરતોસ્તના ચેલા હતા એવું પણ જણાય છે. એઓ મધ્યેના બે નામે હુષ્યઑથ અને ખાદએન ફરષોસ્તરના બેટા હતા; ત્રીજો હંઘરૂવિ જામાસ્પનો બેટો હતો, અને ચોથો વરેસ્ન તે હંઘરૂવંઘનો બેટો હતો.[4]

એવું જણાય છે કે ફરષોસ્તરને પેગમ્બર સાથ દીન બાબે સવાલ જવાબો થયા હતા, અને તેઓ મધ્યેના એકાદ બે સવાલ તથા તેમના જવાબનો ઇશારો ઇજસ્નેના ૭૨મા હા ઉપરથી મળે છે.

પહેલા શાગેર્દોનું ઓળખાણ.

હવે આપણ બીજા શાગેર્દો અથવા દીન કબૂલ કરનારા જાણીતા અથવા નામીચા નરો અને નારીઓનાં જે નામો ફરવરદીન યસ્તમાં આવેલાં છે તે તરફ નજર કરિયે, અને તેઓ કોણ છે તથા તેઓએ શું કામો બજાવ્યાં છે તે જોઇયે. ઉપલાં ભણતરમાં કુલે ૨૨૫ નામો આપેલાં છે, પણ તે સઘળાં અત્રે નહિ ઉતારતાં, જે ઘણાં અગત્યનાં જણાય છે તેમનીજ આ ઠેકાણે આપણ નોંધ લઇશું. શાહ ગુસ્તાસ્પ, રાણી હુતોસ, વજીર જામાસ્પ, દીનઆગાહ ફરષોસ્તર, બાનુ હવોવી, મેદ્યોમાહ, અને પેગમ્બર સાહેબના બેટાબેટીઓ પછી જે નામો અગત્ય ધરાવતાં મળી આવે છે તે નીચે મુજબનાં છેઃ-

અરૂમ્-સ્તુતનો બેટો અશો સએન, કે જેના ૧૦૦ શાગેર્દો હતા.

અશો જરીર, શાહ ગુસ્તાસ્પનો ભાઇ.
અશો ગુસ્તેહમ, શાહ નોદરનો બેટો.
અશો અસ્ફંદિયાર, શાહ ગુસ્તાસ્પનો બેટો.
અશો બસ્તૂર, શાહજાદા જરીરનો બેટો.
અશો ગોજમ, ગુસ્તાસ્પનો બેટો.[5]

અશો વોહુ-નેમંઘ, ખરાબી કરનારી યાને સુસ્તી પેદા કરનારી નકામી ઉંઘ,

૧ કામાઃ જરતોસ્તનામુઃ સ૦ ૨૯૨, નોટ ૩૬૧.
૨ ગાથા વોહુક્ષથ્ર : હા ૫૧, ફ૦ ૧૮.
૩ આવાં યસ્ત, ફ૦ ૧૮.
૪ ફરવરદીન યસ્ત, ફ૦ ૧૦૪.
૫ નોદરશાહનો બેટો ગુસ્તાસ્પ શાહના જમાના સુધી જીવતો હોઇ શકે નહિ.
૨ અસ્પંદિયાર સાથ કરેલી બદી છતાં દીનનાં કામમાં મદદ આપેલી હોવાથી આ શાહજાદાને અશો ગણેલો હોવો જોઇયે.

બુરા સ્વભા, નજર પડતા ખરાબ દેખાવો (અથવા અજીરણ) અને ખરાબ બોરતો, એ સર્વેની સામે થઇ તેમનો નાશ કરનાર.

અશો માંથ્રવાક, દીનનો એલ્મ જાણનાર તથા આતશ ઉપર કાઢી મુકી બોય દેનાર, જેણે અશો માણસોની વિરૂધમાં ઉત્પન્ન થયલી ખરાબીઓની સામે થઇને, ગાથાવાણીનાં ગાયનોને અપવિત્ર કરનાર, બુરા, નાપાક, ધણી કે ધર્મગુરૂ વગરના, ભયંકર અને ખરાબ ફરોહરવાળા ઘણા આસ્મોગોને માર્યા હતા.

અશો કારન, કેજે કુવતવાળો, માંથ્રનાં તનવાળો, મજબૂત હથિયાર રાખનાર, તથા હોરમજદના તરીકા મુજબ ચાલનાર હતો. પેહલવાન પોતાની બાજુનાં કુવતથી લડાઇનાં મેદાનમાં ધસારાથી જઇ દુશ્મનની સામે ઘણીજ હિમતથી લડતો હતો. આ પેહલવાન જોડે તેના ત્રણ બેટાઓ વીરારપ, આઝાત, અને ફ્રાયઓષ, એઓને પણ અશો ગણવામાં આવ્યા છે.

અશો અર્ષ્ય, કે જે મજદયસ્નોમાં ઘણોજ ચાલાક તથા અન્જુમનનો સરદાર હતો.

અશો હાંમ્ બરેતર્-વંધ્વીંમ, કે જેને વળી બહાદુર પણ કહ્યો છે.

અશો અતરજદઘ્ન, પોરૂશ્વાહ્નિનો બેટો. એણે તથા સાયુજદ્રિના બે બેટાઓ અતરજદંઘ્ન અને થ્રિતએ તૂરાની દુશ્મન સરદારો નામે કર અસ્ભન, વર અસ્ભન અને ઘણા જોરેમંદ દૂરએ કએતને લડાઇઓમાં શિકસ્ત આપી હતી.[1]

અશો ઉશ્નન, કેજે બહુ પ્રસિદ્ધતા પામેલો અને બુલંદ દરજ્જાનો હતો.

અશો ગોસ્ત ફ્રયાન, જેણે અખ્ત જાદુ નામના દીનદુશ્મનને સવાલ જવાબમાં હરાવી મારી નાખ્યો હતો.[2]

અશો ઉરમાનર, પએષતંઘ્ન પઇતિ સ્રીરનો બેટો, કેજે બેશાઓમાં ઉભા થતા ટંટા ફેસાદ દૂર કરી સમાધાની કરાવી આપનાર હતો.

અશો હુમાય, શાહ ગુસ્તાસ્પની બેટી.

ફ્રેની નામની ચાર અશો બાનુઓ, જેઓમાંની એક અશો ઉસિનેમંઘ્નની, બીજી અશો ફ્રાય જેન્તની, ત્રીજી અશો ક્ષોઇવ્રારપનની અને ચોથી અશો ગયધાસ્તની બાયડી હતી.

ફ્રષો-હાંમવરેત (ફ્રશીદવર્દ), ગુસ્તાસ્પ શાહનો બેટો.

આ ઉપરાંત બીજા ઘણા શાહજાદાઓ વગેરેનાં નામો જરતોસ્તી દીન કબૂલ કરનાર દાખલ ફરવરદીન યશ્તમાં જોવામાં આવે છે, પણ તેમની ઓળખાણ આપેલી ન હોવાથી અહીં તે નામો ઉતારી લીધાં નથી.

ફસલ ૮—પેગમ્બરના હરીફો તથા સમકાલિક પુરૂષો.

અવસ્તામાંથી મળતાં પુરાણાં નામો.

અશો જરતોસ્તની જિંદગીને લગતા જે કટકા બુટકા આપણને મળે છે તે ભેગા કરીને એક સિલસિલામાં ગોઠવવાની આગળા સફાઓમાં તજવીજ કીધી છે, તેવીજ કોશેશ પેગમ્બરના જમાનાના પુરૂષો જેઓ ગાથાવાણીમાં, અવસ્તાવાણીમાં અને વેદવાણીમાં જુદે જુદે નામો જણાયલા છે તેમને આ ઠેકાણે રજુ કરવા માટે કરીશું. ગાથામાં કેટલાંક વિશેષ નામો છે, જેઓ અત્યાર સુધી સામાન્ય નામ તરીકે લેખાયલાં છે, પણ જેમ જેમ ગાથા જોડે રૂગવેદનો અભ્યાસ આપણા જરતોસ્તી અભ્યાસીઓમાં વધતો જાય છે તેમ તેમ તેઓ તરફથી થોડીક નવીજ વાતો

---

૧ આવાં યશ્ત, ફ૦ ૭૨-૭૩.

૨ આવાં યશ્ત, ફ૦ ૮૧-૮૨

આપણા જાણવામાં આવતી જાય છે, કેજે વાતો વધારે ભણેલા અને વધારે ચંચળ બુદ્ધિના યુરોપીઅન સાક્ષરો તરફથી હજુ જણાવવામાં આવી નથી. દાખલા તરીકે જેમ અવસ્તાવાણીમાંથી જરતોસ્તી દીનના સૌથી મોટા શત્રુ અર્જાસ્પનું નામ મળે છે તેમ જરતોસ્તની વિરૂદ્ધમાં રચાયલાં ઋગવેદનાં મંડળોમાંથી જરતોસ્તી દીનના મોટામાં મોટા મદદગાર અને દોસ્ત શાહ ગુસ્તાસ્પનું નામ મળે છે, એમ આપણા એક જરતોસ્તી વિદ્વાનેજ[1] પહેલું જાહેર કીધું છે. એરવદ શેહરિયારજી ભરૂચાએ વળી ઉપલા અર્જાસ્પનુંજ નહિ પણ તેના ભાઇઓ વગેરેનાં નામો પણ વેદમાંથી શોધી આપ્યાં છે, એટલુંજ નહિ પણ એક વૈદિક ઋષી જે જરતોસ્તનો મોટો હરીફ હતો તેનું નામ પણ પેગમ્બરનાં પોતાનાં મુખમાંથી ઓચરાયલું ગાથામાંથી કહાડીઆપનાર એઓજ છે. બીજા હાથ ઉપર એક બીજા જરતોસ્તી અભ્યાસીએ પેગમ્બરના જમાનાના તેમના કેટલાક વૈદિક હરીફોનાં નામો ઋગવેદમાં છે તેમ ગાથા અને અવસ્તામાંથી બતાવી આપવાની કોશેશ કીધી છે. આ બે અભ્યાસીઓની શોધખોળને આધારે નીચલી હકીકત ભેગી કરવામાં આવી છે, જે ઉપરથી અશો જરતોસ્તનું પોતાનું નામ પણ વેદમાંથી મળી આવતું સંભવે છે. સૌથી પહેલાં તેજ આપણ જોઇશું.

મી૦ હોડીવાળા મુજબ વેદમાં 'દસ્યૂ' નામ જેમ જરતોશતને માટેનું વિશેષ નામ છે તેમ જરતોશતીઓ માટેનું એક ટોળા અથવા પંથનું સામાન્ય નામ પણ છે. એમના જણાવ્યા પ્રમાણે જેમ જરતોસ્તને વેદમાં 'દસ્યૂ'ને નામે ઓળખ્યો છે તેમ પેગમ્બરનો મોટો હરીફ જેને શાહનામામાં 'દોહરમ'નું નામ આપવામાં આવ્યું છે અને જેને ગુસ્તાસ્પ શાહના મોટા શત્રુ અર્જાસ્પના બેટા તરીકે ઓળખાવ્યો છે, તેને ગાથામાં 'ગૅરહ્મ'ને નામે ઓળખાવ્યો છે, અને પાછળથી તેને 'દ્રેગ્વંત'ને સામાન્ય અથવા બુરી સિફતવાળાં નામે ઓળખ્યો છે, અને તેના સાથીઓને 'દ્રેગ્વાઓ' અથવા 'દર્વંદ' અથવા 'દએવ'ને નામે ઓળખ્યા છે. આ કિસમની તજવીજ હજુ બીજી તરફથી પુષ્ટિ પામી નથી, તોપણ તે નોંધવાજોગ તો છેજ.

હવે પેગમ્બર સાહેબના જે મદદગારો અને હરીફોનાં નામો ગાથા અને અવસ્તા વાણીઓમાંથી મળે છે તેમની મુકાબેલ તેજ અને બીજાં નામો જે વેદમાંથી મળે છે તેમને અમો નીચે ગોઠવિયે છિયે :—

અવસ્તા પ્રમાણે—

૧—પેગમ્બરના મદદગારો.

અવસ્તાઇ નામો:—	ફારસી નામો:—	વેદમાંથી મળતાં નામો:—
જરથુસ્ત્ર ...	જરતોસ્ત ...	દસ્યૂ[3]
વીસ્તાસ્પ ...	ગુસ્તાસ્પ ...	ઇષ્ટાશ્વ[4]
જઇરિવઇરિ ...	જરીર ...	......
વિસ્તઉરૂ ...	ગુસ્તહમ ...	ઇષ્ટરશ્મ[4]
ફ્રષઓસ્ત્ર ...	ફ્રેશોસ્તર ...	......
જામાસ્પ ...	જામાસ્પ ...	......
મેઘોમાઓંઘહ...	મેઘોમાહ ...	......
ફ્ર્યાન ...	... ...	......
શિમુજિ ...	... ...	સિમ્યુ[4]

૨—પેગમ્બરના હરીફો.

અરેજતઅસ્પ...	અર્જાસ્પ .	ઋજાશ્વ[4]
વન્દરેમન ...	અન્દરીમાન .	ભયમાન[4]
વીદરફ્રિષનિક / દર્ષિનિક	બીદરફ્ષ .	અમ્બરીષ[4]

1 એરવદ શે. દા. ભરૂચા : Cama Memorial Volume : સફે ૪

2 મી. શાપુરજી કાવસજી હોડીવાળા : Zarathushtra and his Contemporaries, &c. સફે ૧૧ થી ૨૬.

3 મી૦ હોડીવાળા પ્રમાણે.

4 એરવદ શેહેરિયારજી પ્રમાણે.

કુમયક ...	... સુરાધસ[2]
તાંથ્રવન્ત ...	... દીર્ઘતમસ[2]
માન[2] ...	... માન / અગસ્ત્ય[1]
માન્ય ...	... માન્ય
બૅન્દ્ર ...	... .
ઉસિખ્શ્ ...	... ઉશિજ
....	... કક્ષિવન્
....	... અગસ્ત્ય
ઉસધા ...	... ઔશિજ[2] / કક્ષિવન્[2]
વહિસ્ત[1] ...	... વશિષ્ઠ
પોઉરૂ[1] ...	... પુરૂ
અંઘ્ર[1] ...	... અંગિરસ્
મઇન્યૂ[1] ...	... .
ઍરેષિ (ગઍાતેમ) ...	... ગોતમ (ઋષિ)
બુઇધિ / બુઇતિ (દેવ)...	... બુધ[1] (ઋષિ)
તૌઉરૂ ...	... તુર્વિતિ[1]
દઇવિ ...	... દભિતિ[1]

આ નામોની સમજણ.

ઉપલાં નામોમાં જે જે નવાં છે, યાને જે અવસ્તામાં છે પણ વેદમાંથી નવાંજ મળી આવ્યાં છે, તેમજ જે વેદમાં છે પણ અવસ્તામાંથી નવાંજ મળી આવેલાં સંભવે છે, અને તેવાં જે જે નામો ઉપર અમે (૩–૪) અને (૧–૨) એવા નંબરો મુકેલા છે, તે તે નવાં નામો વિષે થોડીક સમજણ નિચે ભેગી કરિયે છિયે.

દસ્યૂ—મી૦ હોડીવાળાને અધારે આપણુ ઉપર વાંચી આવ્યા છિયે કે વેદમાં જ્યાં આ શબ્દ વિશેષ નામ તરીકે વાપરવામાં આવ્યો છે ત્યાં વૈદિક ઋષિઓએ પોતાના જુના ધર્મના મોટા હરીફ તરીકે જરતોસ્તને માટે વાપરેલો છે.

ઇષ્ટાશ્વ—એરવદ શેહરિયારજીએ આ નામ વેદમાંથી મળી આવતું પહેલ વહેલુંજ જાહેર કીધું છે. એમની આગમજ કોઇપણ જરતોસ્તી કે ખ્રિસ્તી વિદ્વાને એવું જાહેર કીધું ન હતું કે અવસ્તાનો વિસ્તાસ્પ (શાહનામાનો ગુસ્તાસ્પ) તે ઋગવેદમાંનો ઇષ્ટાશ્વ છે. એ વેદમાં એક ઠેકાણે[3] આ પ્રમાણે આવ્યું છે કે—

> ઇષ્ટરસ્મનાં ખાન્દાનનો ઇષ્ટાશ્વ શું કરી શકનાર છે? આ સર્વોપરિ રાજાઓ (વૈદિક દેવતાઓ) લોકોને તાબે કરી લેશે."

આ ઠેકાણે જે બે નામો છે તેમાંનું બીજું વીસ્તાસ્પનું અને પહેલું તેનાં ખાન્દાનનું છે. આગળા સફાઓમાં આપણુ વાંચી આવ્યા છિયે કે ગુસ્તાસ્પ શાહ નોદરનાં ખાન્દાનનો હતો, પણુ અહીં તેને 'ઇષ્ટરસ્મ'નાં ખાન્દાનનો જણાવ્યો છે. આ ઇષ્ટિરસ્મ તે અવસ્તાનો વીસ્તઉરૂ અને શાહનામાનો ગુસ્તહમ છે. ગુસ્તહમ તે શાહ નોદરના બે બેટાઓ તૂસ અને ગુસ્તહમ મધેનો એક છે, અને તેટલામાટે વીસ્તાસ્પને વેદવાળાએ 'ઇષ્ટરસ્મ'ના કૂળનો જણાવ્યો છે. વૈદિક ઋષિઓ વિસ્તાસ્પ અને વીસ્તઉરૂમાંના પહેલા અક્ષર 'વી'ને બદલે 'ઇ' વાપરી ગયા છે, પણુ 'ઇષ્ટરસ્મ'માં છેલ્લો અક્ષર 'મ' છે તે અવસ્તાના 'વીસ્તઉરૂ'માં નથી જણાતો તેથી એ અવસ્તાઇ નામ અધુરૂં જણાય છે, પણુ 'વીસ્તઉરૂ' ઉપરથી ફાર્સીમાં બનેલાં 'ગુસ્તહમ' નામમાં આ 'મ' અક્ષર જળવાઇ રહેલો જણાય છે.

સિમ્યુ—આ એક વૈદિક શબ્દ છે જેનો અર્થ આજે 'ચોર–લુટારા'નો કરવામાં આવેછે. પણુ એરવદ શેહરિયારજીએ જાહેર કીધું છે કે એ કાંઇ સામાન્ય નહિ પણુ વિશેષ નામ છે, અને ફરવરદીન યશ્તમાં જ્યાં અશો જરતોસ્તના ચેલા તથા ધર્મ કબૂલ કરનારા અને મદદ આપનારાઓનાં નામો છે ત્યાં માંથ્રવાક નામે

1 મી૦ હોડીવાળા પ્રમાણે.

2 એરવદ શેહેરિયારજી પ્રમાણે.

3 મંડળ ૧, મંત્ર ૧૨૨, શ્લોક ૧૩.

એક એવા ધણીનું નામ આવેલું છે તેનો બાપ સિમુઝી નામનો હતો. તેના વંશજોને માટે અસલ વેદવાળા કવિએ ઉપલો "સિમ્યુ" બોલ વાપરેલો છે. ઉપલી યશતમાં[1] જણાવ્યું છે કે આ માંથવાક નામના પહેલવાને ઉસધા નામના જરતોસ્તી દીનની સામે થનારા લોકોમાંના ઘણાએકનાં માંથા ભાંજ્યાં હતાં. હવે આ ઉસધા દીન દુસ્મનો ઔસિજ નામે વેદિક કવિની ટોળીવાળાઓ હતા, અને આ ઔસિજ કવિ કક્ષિવનને નામે પણ ઓળખાયલો છે. માટે વેદમાં જ્યાં સિમુઝીનાં ફર્જંદો વિશે જણાવ્યું છે ત્યાં તેમને 'સિમ્યુ' ને નામે ઓળખ્યા છે, પણ ત્યાં એ બોલનો અર્થ ચોર અને લુટારાનો કરવામાં આવ્યો છે. એરવદ શેહરિયારજી મુજબ વેદનો મોટો ટીકાકાર સાયનાચાર્ય પણ ઉપલા 'સિમ્યુ' બોલને વિશેષ નામ તરીકે પીછાની શકયો નથી, પણ તેમને રાક્ષસ અને બદ રૂહ તરીકે ઓળખાવી ગયો છે.

ઋજાશ્વ—વેદમાં જણાવેલું આ નામ અવસ્તામાં જણાવેલા અરેજત્ અસ્પ (અર્જાસ્પ)નું નામ છે એમ એરવદ શેહરિયારજી એ પહેલું જાહેર કીધું છે. શાહનામા મુજબ અર્જાસ્પ તૂરાની શાહ હતો, પણ અવસ્તા મુજબ તે તૂરાની નહી પણ ખ્યોની લોકોનો રાજા હતો. એરવદ શેહરિયારજી જણાવે છે કે જ્યારે વેદમાંથી આ ધણીનું નામ મળે છે અને તે વેદિક લોકોના પક્ષનો છે ત્યારે તે પણ ગુશ્તાસ્પના જેવોજ આર્ય રાજા હોવો જોઇયે. અવસ્તામાં ગુશ્તાસ્પની માફક અર્જાસ્પને પણ ઇરાની ઇજદોની આરાધના કરતો આપણુ જોઇયે છિયે. તે ઉપરથી પણ જણાય છે કે એક સરખા ઇજદોને આરાધનારા આ બન્ને હાકમો અસલ અર્ય કુળનાજ હતા. ગુશ્તાસ્પે આવાં ઇજદથી એવી મુરાદ ચાહી કે—

"ખરાબ દીનવાળા તાંથ્રયંતને, દેવપરસ્ત પેશનને, અને બુરા અર્જાસ્પને આ દુનિયાની લડાઇઓમાં શિકસ્ત આપનારો હું થાઉં."

હવે એજ ઇજદથી અર્જાસ્પે પોતે પણ આ પ્રમાણેની મુરાદ ચાહી હતી કે[3]—

"જોરેમંદ કયગુશતાસ્પને તથા ઘોડે સ્વાર થઇ લડાઇ કરનાર જરીરને શિકસ્ત આપનારો થાઉં."

આ ઉપરથી જોવાનું છે કે ગુસ્તાસ્પ અને અર્જાસ્પ બન્ને ઇરાની બુનિયાદના હરીફો હતા. ગુસ્તાસ્પે ઉપલી મુરાદ ચહાતી વેળા પોતાનો મુકામ ફરજદાનવ નામે નદી ઉપર રાખ્યો હતો, જે તેનાં પાયતખ્તની નજદીકની કોઇ નદી હોવી જોઇયે. અર્જાસ્પનો મુકામ ઉપલી યશત મુજબ વોરૂકષ દરિયાનો કાંઠો હતો, કે જેની બાજુમાંજ અસલી ક્યિોનાઇટી લોકો વસતા હતા, જે નામ અવસ્તાઇ ખ્યોની લોકોનાં નામને મળતુંજ છે. આ ક્યોન અથવા ખ્યોનનો મુલક આજના કેસ્પીઅન સમુદ્રની બાજુએ આવેલો હતો, અને જીહુન નદી ઉત્તરના તૂરાની મુલકને લગતોજ એ મુલક હોવાને લીધે શાહનામામાં અર્જાસ્પને તૂરાની પાદશાહ લખવાની ભૂલ થયલી હોવી જોઇયે.

ભયમાન—આવાં યશતમાં જ્યાં અર્જાસ્પ મુરાદ ચાહે છે ત્યાં તેને "વન્દરેમનીશ અરેજત અસ્પો" યાને "વન્દરેમનનો અર્જાસ્પ" એ નામે ઓળખાવ્યો છે. તરજુમો કરનારાઓ ઉપલા અવસ્તાઇ શબ્દોનો અર્થ "વન્દરેમનનો (ભાઇ) અર્જાસ્પ" એવો કરે છે. એરવદ શેહરિયારજી ઋગવેદમાંથી શ્લોક ટાંકીને બતાવે છે કે આ વન્દરેમન અર્જાસ્પનો ભાઇ થાય, એટલુંજ નહિ પણ અર્જાસ્પના ચાર ભાઇઓ હતા, અને તેઓ સઘળાના બાપનું નામ "કૃષાગિર" હતું. આ શ્લોક આ પ્રમાણેનો છે—

---

૧ ફકરો ૧૦૫.

૨ મંડળ ૧, ભજન ૧૦૦, શ્લોક ૧૮.

૩ આવાં યશત, ફ૦ ૧૦૯.

હે ઇંદ્ર! વૃષગિરના પુત્રો ઋજ્રાશ્વ, અમ્બરીષ, સહદેવ, ભયમાન, અને સુરાધસ તથા તેઓના સંગાથીઓ આ રીતે તારી સ્તુતિ ગાય છે, અને હે શૂરવિર, તને આ બળિદાન અર્પણ કરે છે.

વૃષાગિર રાજાના ઉપલા પાંચ પુત્રોએ બનાવેલાં ઉપલાં કાવ્યમાં અર્જાસ્પનું જે નામ આપ્યું છે તેને જો અવસ્તા જબાનમાં ઉતારવામાં આવે તો એરવદ શેહરિયારજી મુજબ "અરેજાસ્પ" થાય, અને ફરવરદીન યસ્તમાં બરાબર એજ નામનો એક ધણી છે, જેને "ઉપાંસ્નુનો બેટો અરેજાસ્પ" એ રીતે જણાવેલો છે, કેજે જરતોસ્તી દીનનો મદદગાર હતો. પણ તે નામ અર્જાસ્પ માટેનાં "અરેજત્ અસ્પ" નામથી જુદું છે. આ છેલ્લાં નામનો અર્થ "ઝડપી ઘોડા ધરાવનાર" થાય.

હવે ઉપલા પાંચ ભાઇઓમાંના એક અર્જાસ્પ પછી આપણે બીજા ભાઇઓ તરફ નજર કરિયે. અવસ્તામાં અર્જાસ્પને "વન્દરેમનનો અર્જાસ્પ" એમ જણાવ્યું છે, પણ એ નામને મળતું નામ વેદના ઉપલા શ્લોકે ઉપરથી મળતું નથી, તોપણ એરવદ શેહરિયારજી કહેવા માંગે છે કે વન્દરેમન તેજ ઉપલાં પાંચ નામો મધેનું ચોથું "ભયમાન" નામ છે.

અમ્બરિષ—ઉપલાં પાંચમાંનું બીજું નામ આ છે. એને મળતું અવસ્તાઇ નામ એરવદ શેહરિયારજી "દર્શિનિક" ધારે છે. એમના જણાવ્યા પ્રમાણે એજ નામ "વીદરફશ્નિક" રૂપે કોઇ જુનાં અવસ્તાઇ લખાણમાં જણાવેલું છે. આ ઉપરથીજ શાહનામાનું બીદરફ્સ નામ નિકળેલું છે. હવે "દરફ્ષ" ફારસી બોલ છે, જેનો અર્થ "વાવટાનું કપડું" થાય છે, જે અર્થને મળતા અર્થનો સંસ્કૃત શબ્દ "અમ્બર" છે. આ ઉપરથી ઉપલા "અમ્બરીષ"ને એરવદ શેહરિયારજી દર્શિનિક નામ ધારે છે, જેના સંબંધમાં શાહ ગુસ્તાસ્પ એવી મુરાદ ચાહે છે કે—

"ત્યાર પછી લડાઇમાં ઉશ્કેરાયલા ખુની ખ્યઓન અર્જાસ્પને હું નસાડું, તેમજ લડાઇમાં બુતપરસ્ત દર્શિનિકને પણ હું નસાડું"[1]

સુરાધસ—અર્જાસ્પના એક બીજા ભાઇને અવસ્તામાં "હુમયાક" જણાવેલો છે. જેમ અર્જાસ્પ તે ગુસ્તાસ્પનો હરીફ છે તેમ આ હુમયાક તે ગુસ્તાસ્પના ભાઇ જરીર (જઇરિવઇરિ)નો હરીફ છે. પણ વેદમાં આ હુમયકને એ નામે નહિ પણ "સુરાધસ"ને નામે ઓળખાવ્યો છે. એરવદ શેહરિયારજી મુજબ વેદિક ધાતુ 'સુ' તે અવસ્તીક 'હુ' ને મળતો છે, અને અવસ્તીક 'મય' (એટલે દોલત, થાપણ) ના અર્થનો વેદિક શબ્દ 'રાધસ' છે, માટે 'હુમયક' તેજ 'સુરાધસ' સાબેત થાય છે. આવાં યસ્ત પ્રમાણે જરીરે આ મુરાદ ચાહી ને મેળવી હતી કે—

"મુર્દા દાટનાર પેશોચંધને, દેવપરસ્ત હુમયકને અને બુરા અર્જાસ્પને આ દુનિયાની લડાઇઓમાં શિકસ્ત આપનારો હું થાઉં."

દીર્ઘતમસ—વેદિક અને અવસ્તાઇ જમાનામાં મર્દો પોતાનાં બાપિકાં નામે તેમજ પોતાનાં મમ્સાર યાને માના બાપનાં નામે પણ ઓળખાતા હતા. તેવાં વેદિક નામો મધેનું એક અવસ્તામાં "તાંથ્રવન્ત" છે, પણ તે વેદમાં "દીર્ઘતમસ" છે. 'તાંથ્રવન્ત' નો અર્થ "ગુસ્સો ધરાવનાર" થાય છે, અને એજ અર્થ "દીર્ઘતમસ" નો પણ થાય છે, એટલે કે "લાંબો વખત સુધી ગુસ્સો ધરાવનાર." આ તાંથ્રવન્તને "ખરાબ દીનવાળો" ગણીને ગુસ્તાસ્પે તેનો પરાજય કરવા માટે મુરાદ ચાહેલી આપણે ઉપર જોઇ છે.

---

૧ મંડળ ૧, મંત્ર ૧૦, શ્લોક ૧૭.

[1] ગોશ યશ્ત, ક૦ ૩૧.

કક્ષિવન્—ઉપર જણાવેલા દીર્ઘતમસનો આ દીકરો થાય છે, પણ એનાં નામને મળતું કોઇ પણ નામ અવસ્તામાંથી મળતું નથી. તો પણ ગાથાવાણીમાં અશો જરતોસ્તે પોતાના અનેક હરીફોનાં નામો જાહેર કીધાં છે તેઓ મધે "ઉસિખ્શ" નામ જોવામાં આવે છે, જે એક નહિ પણ અનેક વચનમાં હોવાથી એ નામો ઓળખાતાં કોઇ ખાન્દાન અથવા ટોળીનું સામાન્ય નામ હોય એમ લાગે છે. આ ઉસિખ્શને જરતોસ્ત "કરપન" કહે છે, અને કરપ અથવા કરપન તે પેગમ્બરની સામે થનારો દેવયસ્ની દીનવાળો ટોળો હતો, માટે ઉસિખ્શ લોકો તેજ ટોળા મધેના હોવા જોઇયે. ગાથામાં અશો જરતોસ્તે અહુરમજદને પુછેલા અનેક સવાલો મધેનો એક આ[1] છે કે—

> "અય સારી પાદશાહી ધરાવનાર હોરમજદ! દેવો (દેવ પરસ્તો) કેવા તરીકાના ગણાયલા છે તે વિષે હું તને પુછું છું, કારણ કે તેઓ રાસ્ત માણસની સામે લડાઇ કરે છે, તથા જેઓની કુમકથી કરપ ઉસિખ્શો[2] પૃથ્વીને ખરાબીમાં સોંપે છે,[3] તથા જેઓને લીધે કવી કુવતમાં વધેલા છે. રાસ્તીથી ખેતીને વધારવાને માટે દેવપરસ્તો આ પૃથ્વીને તરોતાજગીવાળી રાખતા નથી.

આ ફકરામાં જણાવેલા ઉસિખ્શ ટોળીમાંનો એક કક્ષિવન્ નામનો હતો એમ વેદ ઉપરથી જણાય છે, જ્યાં તેને દીર્ઘતમસનો બેટો જણાવેલો છે. ઉશિજ નામે સ્ત્રીને પેટે અવતરેલો હોવાથી આ કક્ષિવન્ વળી પોતાની મા યા મમાવાનાં નામ ઉપરથી "ઔશિજ" નામે પણ ઓળખાયો છે, અને એવા "ઔશિજ" ખાન્દાનીઓ ગાથામાં અને અવસ્તામાં "ઉસિખ્શ" ને નામે ઓળખાયા છે. કક્ષિવન્ પોતાને "ઔશિજ" તરીકે ઓળખાવી જાય છે, અને એરવદ શેહેરિયારજી આ ઉપરથી કહેવા માંગે છે કે શાહ ગુસ્તાસ્પે જે "તાંથ્રવન્ત" ને મારવા માટેની મુરાદ ચહાવાનું આવાં યશ્તમાં છે તે ધણી અને કક્ષિવન્ એકજ છે. એમના જણાવ્યા પ્રમાણે કક્ષિવન્નું મા તરફનું નામ "ઔશિજ" અથવા "ઉસિખ્શ" છે અને બાપ તરફનું નામ "તાંથ્રવન્ત" છે.

માન—આ નામનો એક ઋષિ વેદમાં જાહેર થયલો છે, કેજે જરતોસ્તનો હરીફ હતો. ગાથામાં[4] પણ તેનું નામ છે, પણ એ૦ શેહેરિયારજી તે વિશે જાહેર કરે તે આગમજ તો એ શબ્દ ("માના") નો અર્થ "તે શખ્સ" એવો કરવામાં આવતો હતો.

બીજો એવાંજ નામનો એક હરીફ "માન્ય" હતો, કેજે એક કવિ હતો, એમ એ૦ શેહેરિયારજી ધારે છે. ગાથામાં[5] તેને માટે બી ઇશારો છે.

આ માન કે માના અને માન્ય, ઉસિખ્શ, વગેરે ઉદ્યોગીને બદલે મારફાડની જિંદગી પસંદ કરતા હતા, અને તેથી જરતોસ્તનાં સુધારા અને સુલેહ તથા આબાદીનાં કામમાં ઘણી ખલલ થતી હતી. એ ધણીઓનો તરીકો પેગમ્બરે તુચ્છકારીને નવી દીન જાહેર કીધી હતી. ઉપર જણાવેલા માન ઋષિનો એક વંશજ નામે "અગસ્ત્ય" એક કવિ

---

૧ ઇ.જરને, હા ૪૪, ફ૦ ૨૦.

૨ એરવદ શેહરિયારજી મુજબ. કાંગા મુજબ "કરપ તથા ઉસિક્ષ"

૩ કાંગા: ગાથા બા માયની, સ૦ ૧૨૭. એરવદ શેહરિયારજી મુજબ "કરપ ઉસિખ્શોએ ગાયને અએશ્મ (લુટફાંટના દેવ) ને આપી દીધી છે."—કદાચ આની ખરી સમજણ એ હોય કે દેવપરસ્તો ગાય ઢોરના ભોગ દેવતાઓને આપતા હતા તે સામે પેગમ્બરે પોતાનો તિરસ્કાર બતાવવા માટેનો આ ઇશારો છે એમ અમો ધારિયે છિયે.

૪ ઇ.જરને, હા ૩૨, ફ૦ ૧૦.

૫ ઇ.જરને, હા ૪૩, ફ૦ ૯.

તરીકે વેદમાં ઓળખાયો છે,[1] જે પોતાને ઋષિ માનના બાર્ચાંઓમાંનાં એક તરીકે જણાવે છે.

ઈષ્ટરસ્મ—નોદરશાહના બેટા ગુસ્તેહમનું આ વૈદિક નામ છે. આવાં યસ્ત પ્રમાણે ગુસ્તેહમે પોતાના દુશ્મન ઉપર ફતેહ મેળવવા માટેની મુરાદ ચાહી તે "વીતંધુહઇતિ" નામે નદીના કિનારા ઉપર બંદગી કરીને ચાહી હતી. ત્યાં જણાવ્યું છે કે—

> નોદરનાં ખાન્દાનનાં ગુસ્તેહમે વીતંધુહઇતિ નદીને કિનારે રાસ્ત બોલેલા બંદગીના કલામથી નીચે પ્રમાણેના સખુનો બોલીને મુરાદ ચાહી કે—"ખચીત આ બિના ખરી છે, આ બિના રાસ્ત કહેલી છે, કે મારાં માથાં ઉપર જેટલા બાલ હું રાખું છું તેટલા દેવયસ્નોને મેં મારેલા છે. એટલાસાટે અય નિર્મળ અર્દ્વીસૂર, ખુબીવાળી વીતંધુહઇતિ નદીની આરપાર જવાનો સુકો માર્ગ કરી આપ."[2]

ગુસ્તેહમનું નામ વેદમાંથી "ઇષ્ટરસ્મ" મળે છે, જે અવસ્તાઇ નામ "વીસ્તઉરૂ"ને મળતું છે. હવે ગુસ્તેહમે પસાર કરવા માંગેલી નદીનું ઉપર "વીતંધુહઇતિ" નામ આપ્યું છે તે નદી કયાં આવી હતી તે જણાયું ન હતું; પણ એ૦ શેહરિયારજીના જણાવ્યા પ્રમાણે વેદમાં જણાવેલી પાંચ નદીઓ મધેની એક જે વિતસ્વત અથવા વિતસ્તા નામની છે તેજ આ વીતંધુહઇતિ નદી છે.

વસિષ્ઠ, પુરૂ અને અંગિરસ—મી૦ હોડીવાળા આ ત્રણ વેદિક ઋષિ અથવા કવિઓને પેગમ્બર જરતોસ્તના હરીફ તરીકે જણાવે છે, એટલે કે તેઓ પણ તેના જમાનામાં હૈયાત હતા અને તેની સામે થનારા હતા. એમના વિચાર પ્રમાણે ગાથામાં એક ઠેકાણે[3] **વહિસ્તા, પોઉરૂ** અને **અંગ્ર** શબ્દો આવ્યા છે તે વિશેષ નામો છે, અને તે વેદિક "વસિષ્ઠ" તથા "પુરૂ" તથા "અંગિરસ" નામના ધણીઓ માટેનાં અવસ્તાઇ નામો છે. પુરાણા આર્યોના બહુ જુના અને પ્રખ્યાત ધર્મગુરૂ ખાન્દાનો મધેનું એક અંગિરસ ખાન્દાન જાણીતું છે. ડૉ૦ હાઉગ મુજબ[4] આ વેદિક અંગિરસ ગુરૂઓને આતશની જાળવણી કરનારા અથર્વન ગુરૂઓની જોડેજોડ યાદ કરવામાં આવેલા છે, અને એ બન્ને ખાન્દાનવાળાઓ "અથર્વ વેદ"ના કર્તા તરીકે ગણાયલા છે. બ્રાહ્મણો આ વેદને લાંબો વખત સુધી ખરા વેદ તરીકે કબૂલ રાખતા ન હતા, કેમકે તેમાં મોટો ભાગ અસલી વેદનાં શિક્ષણથી તદ્દન અળગ જણાય છે. ડૉ૦ હાઉગ મુજબ આ "અથર્વ વેદ"માં અને યસ્ત તથા વંદીદાદનાં અવસ્તાઇ લખાણોમાં ઘણું મળતાપણું છે. આમ છતાં ઋગ્વેદમાં આ અંગિરસોને માટે ધિક્કાર બતાવેલો જણાતો નથી, તે ઉપરથી મી૦ હોડીવાળા ધારે છે કે અંગિરસો જરતોસ્તી ધર્મ તરફ ઢળ્યા ન હતા, અને તેઓ કાંઇજ નહિ તો ઋગ્વેદના જમાનામાં જરતોસ્તીઓના મિત્રો તો હતાજ નહિ, અને તેથી મી૦ હોડીવાળા કહેવા માંગે છે કે જરતોસ્તે તેમને ગાથામાં બીજી મરતબે પણ[5] નામ દઇને પોતાના હરીફ તરીકે ધિક્કાર્યા છે.

પુરૂને પણ એજ રીતે જેમ આ ઠેકાણે તેમજ બીજે ઠેકાણે[6] પણ નામ દઇને જરતોસ્તે ધિક્કાર્યો છે, એવું મી૦ હોડીવાળા ધારે છે.

વેદિક ઋષિ વસિષ્ઠ ઘણો જાણીતો છે, જેણે "દસ્યુ" લોકો તરફ પુષ્કળ તિરસ્કાર વેદમાં બતાવ્યો છે, કે જે લોકોને મી૦ હોડીવાળા "જરતોસ્તીઓ" ગણાવવા માંગે છે. વસિષ્ઠ પુરૂનો

---

૧ ઋગ્વેદ, મંડળ ૧, મંત્ર ૧૮૨ તથા ૧૮૪. આ અગસ્ત્ય ઋષિનાં બનાવેલાં જણાય છે.

૨ કાંગાઃ યસ્ત બા માએનીઃ સફે ૨૮. આવાં યસ્ત, ક૦ ૭૬—૭૭.

૩ હા ૪૩, ક૦ ૧૫.

૪ The Parsis, their Religion and Customs: સફે ૨૯૪.

૫ હા ૪૪. ક૦ ૧૨.

૬ હા ૩૨, ક૦ ૬.

મિત્ર હતો, અને પુર કોઇ ગુરૂ નહિ પણ રાજા હોય એમ માનીને તેનો મુલક સરસ્વતિ નદીના કાંઠા ઉપર આવેલો કહે છે, કે જે અવસ્તાની હરઅહતિ નદી છે. અંગિરસ ઋષિ આગળ જણાવી ગયા તે કક્ષિવન્તનો ભેશી હતો, કે જે ઔશિજને નામે પણ ઓળખાયો છે.

ગોતમ ઋષિ—આ એક જાણીતો વેદિક કવિ છે, જેણે ઋગ્વેદનાં ૧લાં મંડળના ૭૪થી ૯૩ સુધીનાં મંત્રો લખ્યાં છે. તેના બાપનું નામ રહુગણ હતું. કાવ્ય અને અત્રિનો તે દોસ્ત હતો, કે જેઓ જરતોશ્તના સમકાળિક હરીફો હતા. મી૦ હોડીવાળા મુજબ જરતોસ્ત સાથ ધર્મ સંબંધી તકરારમાં ઉતરનારા હરીફો મધેનો એક ગોતમ પણ હતો. ગાથામાં પેગમ્બર સાહેબ પોતાના જે હરીફોનાં નામો આપી જાય છે તેઓમાં ગોતમનું નામ નથી, પણ ફરવરદીન યસ્તમાં[1] ગોતમનું નામ તેના પુત્ર નોધસ જોડે વપરાયલું મનાય છે, અને આ નોધસને જરતોશ્તે તકરારમાં હરાવ્યો હતો એવી મતલબનો અર્થ ઉઠાડવામાં આવે છે. જેમ કે—

> "તે ફરોહરોનાં તેજ અને પ્રતાપને લીધે અન્જુમનમાં સરદારી ભોગવનાર તથા મજલિસોમાં દીનના કલામ સમજાવનાર [યાને પેગમ્બર જરતોશ્ત] બુલંદીથી પેદા થયો છે, જે અક્કલને પસંદ કરનાર છે, તથા જે ગઓતેમના પુત્ર નોધસ સાથની દીન બાબેની તકરારમાંથી ફતેહમંદ ઉતર્યો છે."

હવે ગોતમનો પુત્ર નોધસ પણ વેદમાં જાણીતો છે, માટે જો આ જવાન હરીફને પેગમ્બરે શાહ ગુસ્તાસ્પની દરબારમાં ચાલેલી તકરાર દરમિયાન હરાવ્યો હોય તો તે પણ બનવાજોગ છે. પણ નોધસ કાંઇ તેના બાપ જેવો ઋષિ ગણાયેલ નથી. સાત વેદિક ઋષિઓમાંનો ગોતમ પાંચમો હતો.

બીજા હાથ ઉપર ફરવરદીન યસ્તવાળા નાઇધાઓંગ્રહ"નો અર્થ પ્રથમ "વધારે નબળો-કંગાળ, તુચ્છકારી કહડાયલો" એવો પણ થાય છે, અને આ વિશેષણ "ગઓતેમ" નું છે એમ ગણીને "તુચ્છકારી કહડાયલો ગઓતેમ" એવો કરવામાં આવતો હતો. તેમ જો હોય તો જેને પેગમ્બરે તકરારમાં હરાવ્યાનો ઇશારો છે તે ગોતમ ઋષિને માટેજ હોય એમ લાગે છે. મી૦ હોડીવાળા અનેક સબબો બતાવી એમજ જણાવે છે.

પ્રો૦ ડાર્મેસ્ટેટે ઉપલા ગોતમ ઋષિને ગૌતમ બુદ્ધ તરીકે ઓળખાવે છે, અને તેમ કરીને અવસ્તાવાણીનાં પુરાતનપણાને બુદ્ધના જમાના (ઇસ્વી પૂર્વે પાંચમી સદી) ઉપર લાવી મુકે છે. આ વિદ્વાન કહેછે કે વંદીદાદ મુજબ જે બુઇતિ દેવને ગનામિનો જરતોશ્તનો જાન લેવા મોકલે છે અને જે દેવ મૂર્તિઓમાં વસેછે અને જે હિંદુસ્તાનમાં "બુતાસ્પ" ને નામે બુદ્ધ ધર્મના સ્થાપક તરીકે પૂજાય છે, તેજ ફરવરદીન યસ્તવાળો ગઓતેમ છે.[1] પણ તેમ નથી. ગઓતેમ=ગોતમ ઋષિ અને ગૌતમ બુદ્ધ જુદા જુદા જમાનાઓમાં થઇ ગયલા જુદા જુદા ધણીઓ છે. બુદ્ધ "બોધિસત્વ"ને નામે પણ ઓળખાયોછે અને તે ઉપરથી તે ફાર્સીમાં "બુતાસ્પ" લખાયેલ છે, પણ બુદ્ધ તે કાંઇ બુઇતિ દેવ નથી અને તેટલા માટે પ્રો૦ ડાર્મેસ્ટેટે મનાવવા માગે છે તેમ જરતોશ્ત કાંઇ ઇ. પૂ. પાંચમી સદીમાં થઇ ગયો નથી.

આ બાબતમાં મી૦ હોડીવાળા એક બીજી વાત એ જણાવે છે કે ઋગ્વેદ મુજબ બુદ્ધ નામે ઋષિ થઇ ગયો છે, કે જે તેના બેટા પુરૂરવસ જેવો વખાણાયલો જાણાતો નથી. પણ પુરૂરવસને બુદ્ધઃ સુત કહ્યો છે તે સિવાય બુદ્ધઃ

---

૧ ફ૦ ૧૬. ડૉ. વિન્ડિશ્મૅન નામના એક યુરોપીઅન વિદ્વાને ૧૮૫૭માં પહેલું જાહેર કીધું હતું કે ઉપલા ફકરામાં "ગઓતેમ" સાથે "નાઇધાઓંગ્રહો" બોલ આવેલો છે તે વિશેષ નામ છે. આ ઉપરથી "નાઇધાઓંગ્રહો ગઓતેમહે" નો અર્થ "ગઓતેમનો બેટો નાઇધાઓંગ્રહ" (અથવા વેદિક નામો વાપરિયે તો "ગોતમનો પુત્ર નોધસ") થાય છે.

નામનો કોઇ અમુક ઋષિ હતો એવું અમને જણાયું નથી.[1]

તુર્વીતિ અને દભીતિ.

વંદીદાદમાં જરતોસ્તના દુશ્મન અને ખુની તરીકે જે દેવોનાં નામો આપ્યાં છે તેઓમાંનો એક ઉપર જણાવેલો "બુઇતિ" અને બીજા "તૌરૂ" અને "દૈવી" છે. આ છેલ્લા બેને મી૦ હોડીવાળા "તુર્વીતિ" અને "દભીતિ" સાથ સરખાવે છે, જેમને વિશે વેદમાં ઇશારા છે. તુર્વીતિ એક વૈદિક રાજાનું નામ છે, જેના ઉપર ઇંદ્ર દેવતા પ્રસન્ન હતો. જેમ ગુસ્તેહમને માટે અર્દ્વિસૂર ફરેસ્તાએ વીતંઘુહઇતિ નદીનાં પાણીને વહેતાં અટકાવી તેને પોતાનાં લશ્કર સાથ નદીને બીજે પાર જવા દીધો હતો, તેમ તુર્વીતિને ઇન્દ્રે એક મોટી નદીનાં પાણી થોભાવીને બીજે કિનારે જવામાં મદદ આપી હતી.

વંદીદાદમાં દએવીને ઠગાઇની દેવી ગણી છે. પણ વેદમાં એને મળતું "દભીતિ" નામ છે, જેના સંબંધમાં જણાવ્યું છે કે ઇંદ્ર આ ધણીને ખાતર દસ્યુ દુશ્મનોને કાપી નાખી દભીતિને સલામત રાખે છે.[2] આ ધણી પણ કોઇ રાજવંશી જણાય છે. એ રીતે ત્યારે તૌરૂ અને દૈવી નામના પેગમ્બરના શત્રુઓ કોઇ ઋષીઓ કે કવિઓ નહી પણ રાજવંશીઓ હતા.

ફસલ ૯—જરતોશ્તનો જમાનો.

આપણા પેગમ્બરની જિંદગીનું ગમે એવું અધુરૂં અમારૂં આ બયાન તેમના જમાના વિશેની જિક્ર વિના ઘણુંજ અધુરૂં ગણાય. આ જમાના બાબે અમારાં આગળાં પુસ્તકોમાં અમે વધારે લંબાણથી બોલી ચુકેલા છિયે, અને તેમાં આજે અમને વધારો કરવાનું બહુજ થોડું છે. તોપણ પેગમ્બર સાહેબનું જેટલું વર્ણન અમે આ ગ્રંથમાં લખ્યું છે તેટલું લંબાણથી આગળ કદી લખ્યું નથી, માટે તેવાં એક વૃત્તાન્તમાં એમના જમાના બાબે કાંઇ આવવું તો જોઇયેજ. વળી આ કેતાબ તે જમાનાના ઇરાની નેશાગાનોની તવારીખને લગતી છે કે જે જમાનામાં ગુસ્તાસ્પ જેવો શાહ જાહોજલાલી ભોગવી ગયો છે, અને જે શાહના વખ્તમાં સપેતમાન જરતોશ્તે પોતાનો ખાલેસ મજહબ ફેલાવ્યો હતો. એટલામાટે અમારી કેતાબમાં તે શાહ અને તે પેગમ્બરની હસ્તીના અટકળાનું કાંઇ બયાન આવવું તો જોઇયેજ. આગળા ગ્રંથોમાં અમો એવાં શેવટ ઉપર આવેલા હતા કે આ નામચીન નર આજથી સાડાચારથી પંચ હજાર વર્ષો ઉપર થઇ ગયો હતો. એ મુદત કાંઇ ઘણી લાંબી નથી, પણ જેઓ તે સાહેબને ઇશવીપૂર્વે ૭મી સદીમાં હૈયાત હોવાનું જણાવી જાય છે તેઓની તે તકલીદી ગણતરી કરતાં આ મુદત વધારે પુરાણી છે, અને જેઓ જરતોશ્તને ઇશવીપૂર્વે હજારો વર્ષ ઉપર મુકી ગયા છે તેમની તે ગણતરી કરતાં આ મુદત ઓછી અશક્ય છે. આ બધું શું છે અને કેમ છે અને કાં છે તે હવે આપણે જોઇયે.

અશો જરતોસ્તના જમાનો તવારીખનવેશો અને બીજાઓ હેરફેર જણાવી ગયા છે તેનો એક મુખ્ય સબબ એ નામના અનેક ધણીઓ હસ્તી ભોગવી ગયલા મનાય છે તે છે. નવથી વધારે જરતોસ્ત થઈ ગયલા કહેવાય છે. આ નવ જણ જો ખરેખર હસ્તી ભોગવી ગયા હોય તો તેઓ એકજ વખ્તે હૈયાત હોય એમ. તો

[1] જુઓ મી૦ આપ્ટેની Sanskrit-English Dictionary માં 'બુદ્ધ' 'બુધ', અને 'બુધ :, શબ્દો.

[2] (૧) ઋગ્વેદ, મંડળ ૨, મંત્ર ૧૩, શ્લોક ૧૨; તથા મંડળ ૪, મંત્ર ૧૦, શ્લોક ૬.

(૨) ઋગ્વેદ, મંડળ ૨, મંત્ર ૧૩, શ્લોક ૯, તથા મંત્ર ૨૫, શ્લોક ૯.

૧ "તવારીખે-સાસાનીઆન" સફે ૯૨; "તારીખે શાહાને ઇરાન," દફ૦ ૧, સફે ૬૭-૭૭; "નવું જરતોશ્ત નામું," સ૦ ૧૫૫-૧૫૭.

અનેજ નહિ. તેમના જુદાજુદા જમાના હોવા જોઇયે, અને પ્રત્યેક જમાનો જો જરતોસ્તનો જમાનો હોય તો જરતોસ્ત પ્રત્યેક જમાનામાં થઇ ગયલો ગણાય—પછી તેઓ મધ્યેથી ખરો પેગમ્બર ગમે તે હોય ને તેનો સહી જમાનોબી ગમે તે હોય! આ સઘળા જરતોસ્તોમાં બે તરફ આપણું મૂખ્ય ધ્યાન દોડવું જોઇયે. બરાબર જોઇશું તો આ બે નહિ પણ એકજ જરતોસ્ત છે, અને તે ખરેખરો અશો પેગમ્બર પોતેજ છે, તોપણ ભૂલેલા તવારીખનવેશો વગેરેની એક મોટી ભૂલને પરિણામે એકજ જરતોસ્ત બે જુદાજુદા ધણીઓમાં ગોયા વહેંચાઈ ગયો છે. વાંચનાર અત્યાર આગમજના જાણે છે તેમ ઇ. પૂ. ૬ ઠી સદીમાં દારાયસ હીસ્તાસ્પીસ નામે એક પાદશાહ ઇરાનમાં અમલ ચલાવી ગયો છે. આ તેનું યુનાનીઓએ જણાવેલું નામ છે. પણ એજ પાદશાહે પહાડો ઉપર કોરાવેલા ખીલારોકા લેખોમાં તો તેણે પોતાને દારયવુશ વીશતાસ્પને નામે ઓળખાવ્યો છે. દારાયવુશ (દારા) તેનું પોતાનું અને વીસ્તાસ્પ તેના બાપનું નામ હતું. આ પાદશાહ હખામની વંશનો હતો, અને તે અહુરમજદ કેજે પેગમ્બર જરતોસ્તનો કલ્પેલો સર્વશક્તિવાન અને જગતનો સાહેબ હતો તેને સરોચશમથી માનનારો હતો. પોતાના લેખોમાં દારાયવુશે પુષ્કળ ઠેકાણે હોરમજદને યાદ કીધો છે, અને પોતાને મળેલી તમામ ફતેહો વગેરે તે સાહેબ તરફથીજ મળેલી સ્વિકારી છે.

હવે અવસ્તાવાણીમાં જણાવેલું છે તેમ શાહ વીસ્તાસ્પના વખ્તમાં જરતોસ્ત હૈયાતી ભોગવી ગયો હતો. આ ઉપરથી પુરાણા યુનાની લખનારાઓમાંના કોઇ કોઇ એમ લઈ નાઠા કે અવસ્તાવાળો જે વીસ્તાસ્પ તેજ આ દારાયવુશ (દારા) વીસ્તાસ્પ હતો અને તેનાજ વખ્તમાં જરતોસ્ત થઇ ગયો હતે આ દારા વીસ્તાસ્પનો સને પુર ખાતરીભરેલો મળી આવે છે, કેમકે તેણે યુનાન દેશ ઉપર તથા યુરપ ઉપર ચઢાઇ કીધી હતી, જેથી ઇરાનીઓને યુનાનીઓ સાથ સંબંધ પડગો હતો, અને યુનાનીઓ દરેક મહાભારત બનાવની નોંધ રાખતા હતા માટે તેઓએ દારયવુશ વીસ્તાસ્પના અમલની પણ નોંધ રાખી છે, જે મુજબ એ શાહ ઇ. પૂ. ૫૨૧ થી ૪૮૫ સુધી અમલ ચલાવી ગયે હતો. આમ જોઇને ઉપરના લખનારાઓ વધારે તેહકીક કર્યા વિના એવાંજ શેવટ ઉપર આવ્યા કે જરતોસ્ત જે ગુસ્તાસ્પના અમલમાં થઇ ગયો તે આજ ગુસ્તાસ્પ (દારયવુશ વીસ્તાસ્પ) હતો! હવે જોકે આ દારયવુશનું પોતાનું નહિ પણ તેના બાપનું નામ ગુસ્તાસ્પ હતું અને તેણે પોતાના સઘળા લેખોમાંના એકમાં પણ પેગમ્બર જરતોસ્તનું નામ વાપરેલું નથી, બલકે જરતોસ્ત નામનો કોઈપણ સરદાર કે નામીચો નર તેના અમલ વેળા ઇરાનમાં કે તેને તાબેનાં રાજ્યોમાં કે બીજા સ્વતંત્ર મુલકમાં તે વખ્તે થઇ ગયલો જણાતો નથી, તોપણ એકે લખ્યું તે ઉપરથી બીજાઓએ વગર તેહકીક કરવે તેની પછવાડે ચાલવું કરી જણાવ્યું કે જરતોસ્ત દારાયસ હીસ્તાસ્પીસના અમલ દરમિયાન ઇ. પૂ. ૬ઠી અને ૭મી સદીની વચ્ચે થઇ ગયો હતો!

બીજા હાથ ઉપર બીજી કિસમના લખનારાઓમાંના કોઇ કોઇ પેગમ્બર જરતોસ્તને ઇ૦ પૂ૦ ૬૦ મી સદી ઉપર મુકી જાય છે. આ સઘળા લખનારાઓએ આપેલાં જુદાંજુદાં વર્ષોનો કોઠો નીચે પ્રમાણે ઉપજાવી શકાય છે:—

	ઇ૦ પૂ૦
જેન્થસ (ડાયોજીનીસની ગણતરી પ્રમાણે)	... ૬૫૦૦
ઍરિસ્ટોટલ (પ્લિનિ પ્રમાણે)	... ૬૩૪૮
હરમૉન્ડર	... ૬૨૦૯
હર્મિપસ (ઍગોનિકસ પ્રમાણે)	... ૬૧૮૦
યુડોક્સસ, હર્મોડોરસ	... ૬૧૮૦

પ્લિનિ (યહુદી પેગમ્બર મૂસાની આગમજ)... ...	...હજારો વર્ષ
ઍગેથ્યસ ... ઍમિયેનસ માર્સેલિનસ	ગુસ્તાસ્પના જમાનામાં
ઍરોસસ	... ૨૨૦૦
પ્લુટાર્ક સાઇડસ	... ૧૭૦૫
જસ્ટિન	... ૧૩૦૦
ટીસ્યસ	... ૧૨૨૦
ડાયોજીસ	... ૧૦૮૦
મોઝીઝ (ખોર્નનો મૂસા) ...	... ૮૦૦
પૉર્ફિયેરી	... ૬૦૦

ડૉ૦ વીલ્યમ્સ જૅક્સન, જેણે અશો જરતોસ્તની જિંદગીનો હેવાલ તથા ઇરાનની મુસાફરી વગેરેનાં અનેક પુસ્તકો લખીને ઇરાન અને જરતોસ્તી મજહબ તરફ ભારી ફિદાગીરી બતાવી છે, તે પોતાના જરતોસ્ત બાબેના ગ્રંથમાં[1] જરતોસ્તી સનેના સંબંધમાં ત્રણ વિભાગ પાડીને લખનારાઓને આ પ્રમાણે વહેંચી જાય છે :—

૧—જેઓ જરતોશતને ઇ. પુ. ૬૦૦૦ ઉપર મુકી જાયછે તેઓ :—

૧—પ્લિનિ (વડો)
૨—પ્લુટાર્ક.
૩—ડાયોજીનીસ લેયર્શિયસ.
૪—લૅક્ટૅન્શિયસ.
૫—સુઇડાસ.
૬—જ્યૉર્જિયસ સીન્સૅલસ.

૨—જેઓ જરતોશતનું નામ સૅમિરામિસ અને નાઇનસ સાથ જોડી જાયછે તેઓ:—

૧—ટીસ્યસ
૨—સીફૅલ્યન (ખોરીનીનો મૂસા, જ્યૉર્જિયસ સીન્સૅલસ.)
૩-થીઅન
૪-જસ્ટિન
૫-આર્નૉબ્યસ
૬-યુસીબ્યસ
૭-ઑરોસ્યસ
૮-સુઇડાસ.
૯-સ્નૉરૅા ઍડા.
૧૦-બર અલી.

૩—દંતકથા મુજબ જરતોશતનો જમાનો નોંધનારા :—

૧-અર્દા વીરાફ નામુ
૨-બુન્દેહિશ્ન.
૩-અલ બીરૂની
૪-મસૂદી.
૫-તબરી
૬-દબીસ્તાન
૭-ફિર્દુસી
૮-મુજમલ અલ તવારીખ, અને ઉલમાએ ઇસ્લામ.
૯-ચીનાઈ-પાર્સી સને. ૧૦-જરતોશ્ત અને જૅરૅમ્યાહને જોડનારી કથાઓ.
૧૧-નબુખદ નજર સાથ તાલુકો ધરાવનારા પેહલવી પાર્સી-અરબી ઇશાન.
૧૨-ઍમિયેનસ માર્સેલિનસ.
૧૩-નિકોલસ (દમશ્ક વાળો,) પૉર્ફાઇરિ, વગેરે.

ડૉ૦ જૅક્સન એક બીજા દિલસોજ વિદ્વાન ડૉ૦ વૅસ્ટનો ચેલો છે. આ બન્ને સાહેબો ઇરાની દંતકથા તરફ વધારે ઢળેલા છે. એ દંતકથા અર્દા વીરાફ નામામાં અને બુન્દેહશ કેતાબમાં જળવાઇ રહી છે, તે મુજબ પેગમ્બરની હૈયાતી બાદ જરતોસ્તી ધર્મ ૩૦૦ વર્ષ સુધી સલામત રહ્યા હતો. અને ત્યારબાદ સિકંદર રૂમીએ તેનો નાશ કીધો હતો. સિકંદર રૂમી ઇ. પુ. ૩૨૭ માં મરણ પામ્યો હતો, તેની આગમજનાં ૩૦૦ વર્ષ ઉમેરતાં ૬૨૭ નો આંકડો આવે છે, માટે દંતકથાનો આધાર લેનારાઓ મુજબ ઇ. પુ. ૬૨૭ ને શુમારે પેગમ્બર હૈયાતી ભોગવી ગયા હતા! એક તરફથી આ ગણતરી, અને બીજી તરફથી દારાયસ હીસ્તાસ્પીસનો જમાનો, એ બન્ને એકજ

[1] Zoroaster, the Prophet of Ancient Iran: સફે ૧૫૧—૫૨

ઐયામ ઉપર મુકી શકાય એમ છે, માટે દારાયસને ગુસ્તાસ્પ માનનારાઓ જરતોસ્તને ઇસ્વી પુર્વે ૬ ઠી અને ૭ મી સદીની વચ્ચે મુકવામાં પોતાને વાજબી સમજે છે. પણ દારાયસ હીસ્તાસ્પીસ તે કાંઇ વીસ્તાસ્પ નથી એમ આપણુ હવે તો તદન સારી રવેશે જાણી ચુકયા છિયે, માટે એ કલ્પના ખોટી તરીકે ઠરાવી આપણુ હવે બીજી તરફ નજર કરિયે.

બુન્દેહશ અને અર્દા વીરાફ પેહલવી ભાષામાં લખાયલા ગ્રંથો છે, અને એ બન્ને ઝાઝા ભરુસેદાર નથી. છતાં તેમાં જણાવેલી આ બિના કબુલ રાખિયે કે પેગમ્બર પછી ત્રણશે વર્ષે ધર્મ ખરાબ થયો હતો તો તે પરથી એમ નથી ઠરતું કે જરથોસ્તી મજહબ સિકંદરેજ ખરાબ કીધો હતો. સિકંદર અને દારાયસ હીસ્તાસ્પીસ વચ્ચે ત્રણ સદીના તફાવત જેવું કાંઇ છે ખરૂં પણ દારાયસ તે કાંઇ ગુસ્તાસ્પ નથી માટે ગુસ્તાસ્પ શાહે કબુલ રાખેલો ધર્મ સિકંદરે ૩૦૦ વર્ષે ખરાબ કીધેલો સાબેત થતો નથી. ગુસ્તાસ્પ પછી સેંકડો વર્ષે દારાયસ તખ્તે આવ્યો હતો. ગુસ્તાસ્પની ભાષા જે અવસ્તાની જબાન હતી તે દારાયસની હખામની જબાન કરતાં પુરાણી હતી. ગુસ્તાસ્પનો અમલ ઇરાનના ઉગમણુ ભાગમાં ત્યારે દારાયસનો દક્ષિણ ભાગમાંથી શરૂ થયો હતો. ગુસ્તાસ્પનું નામ ગાથાવાણીમાં અને અવસ્તાવાણીમાં મોજુદ છે, પણ દારાયસનું ત્યાં નથી. અહુરમજદનું નામ દારાયસના લેખોમાં છે, પણ જરતોસ્તનું નામ નથી. જરતોસ્તી ધર્મને માટે લડાઇ થવાના ઇશારા અવસ્તામાં અને ગાથામાં છે, પણ દારાયસના લેખોમાં નથી. આ અને એવાજ બીજા સબબોને લીધે દારાયસના વખ્ત પછી ત્રણ સદી બાદ હખમની પાદશાહતની આખેરી આવી તે કાંઇ જરતોસ્ત પછીની ત્રણ સદી નથી.

ત્યારે તે બીજી કઇ ત્રણ સદી હતી? પુરાતન લખનારાઓ તરફ આપણને ફરીથી નજર કરવી પડશે. તેઓમાંના એક નામે ડાયોડોરસ સીક્યુલસના જણાવ્યા પ્રમાણે એસીર્યા દેશના પાદશાહ નાઇનસે બલ્ખ ઉપર ચઢાઇ લઇ જઇ તેને તાબે કર્યું. ત્યારે ત્યાં ઓક્ષિયાર્ટીસ નામે પાદશાહ રાજ્ય કરતો હતો. આ તે કયો પાદશાહ યાને તે ક્યાં ખાન્દાનનો હતો તે આપણુ જાણતા નથી. ડૉ૦ જૅકસન ફરવરદીન યસ્તના ૧૨૮ માં ફકરામાં આવેલાં ઉખ્ય-ઍરૅત નામ સાથ આ નામને સરખાવે છે. પણ ત્યાં ઉખ્યત-ઍરૅત નામ કોઇ પાદશાહનું હતું એમ જણાવેલું નથી: જેમ બીજા નામોની તેમ આ નામ ધરાવનારની " ફરવિને યાદ કરવા " ઉપરાંત વધારે કશું ઉપલા ફકરામાં જણાવ્યું નથી. આવાં યસ્તની આખેરીએ હુઆસ્રીત નામે એક ધણીનું નામ મળે છે, અને તે હુઆસ્રીત નામે એક ઇરાની રાજવંશી ખાન્દાનનો નર હોય એમ જણાય છે. શું તેજ ખાન્દાનનો આ ઉખ્યત-ઍરૅત હતો? કદાચ તેમ હોય, જે વિશે ફરવરદીન યસ્ત લખનારને ખબર ન હોય. ગમે તેમ હોય, પણ ઉખ્યત-ઍરૅત (ઓક્ષિયાર્ટીસ) નામે જરથોસ્તી પાદશાહને એસીર્યાના રાજા નાઇનસે હરાવ્યો હતો એટલી તવારીખી બિના ધ્યાનમાં રાખીને આપણુ આગળ વધીશું.

યુસીબ્યસ નામે લખનાર સીફ્લ્યન નામે એક બીજા લખનારને આધારે જણાવે છે કે એસીર્યા દેશની રાણી સૅમિરામિસે બલ્ખના પાદશાહ જરથોસ્ત માજી (મગ્વ) ને હરાવ્યો હતો. હવે નાઇનસ પછી તેની ઉપલી રાણીએ ઘણાં વર્ષ રાજ્ય ચલાવ્યું હતું, માટે જરથોસ્ત મગ્વને સૅમિરામિસ હરાવે તેની કેટલાંક વર્ષ આગમજ નાઇનસે ઑક્ષિયાર્ટીસ યાને ઉખ્ય-ઍરૅતને હરાવ્યો હશે. હવે આ બંને કાંઇ ઇરાનના પાદશાહો હોય નહિ. પાદશાહ તો ઉખ્યત-ઍરૅત હતો, જેનાં રાજ્યની સમાપ્તિ નાઇનસે આણી હતી, અને ત્યાર બાદ રાણી સૅમિરામિસે જેની સમાપ્તિ આણી તે રાજા ગયા છતાં

ઈરાનમાં ચાલુ રહેલા જરથોસ્તી મજહબની હોઇ શકે. જરતોસ્ત મથ્ર તે પેગમ્બર સાહેબ પછી તેમની મોટી ખુર્સી ઉપર બિરાજનાર ધર્મગુરૂ કેજે " જરથુસ્ત્રોતેમો " ને નામે ઓળખાતો હતો તે હોઇ શકે. આ જાનેનશીનનો દીનને લગતો અમલ ઇરાનના પાદશાહની નાઇનસના હાથ ઉપર શિકસ્ત થયા પછી કેટલાંક વર્ષ સુધી ચાલુ રહ્યો હોય, અને જરતોસ્તી પ્રજાએ નવા ફતેહ કરનારા ઍસીર્યન પાદશાહનો દેવ દેવીઓની પૂજાનો સૅમિટિક ધર્મ પોતાનો એક ખુદાને માન-નારો આર્ય ધર્મ તજીને કબૂલ નહિ રાખ્યો હોય, અને તે કબૂલ રખાવવા માટે રાણી સૅમિરામિસે નાઇનસનાં મરણ પછી તખ્તનશીન થયા બાદ કેટલેક વર્ષે ઇરાન આવીને તે વેળાના વડા જરતોસ્તને હરાવીને ઇરાનમાં ઍસીર્યન ધર્મનો ફેલાવો કીધો હોય એ બનવાજોગ છે: તો જોકે આવી બે મરતબેની ઍસીર્યન ચઢાઇ વિષે ખાતરી ભરેલી શહાદતો મળી નથી.

હવે ઉપલા હેવાલ ઉપરથી એક અગત્યની બિના એ સાબેત થાય છે કે નાઇનસ અને સૅમરામિસના જમાનામાં પેગમ્બર જરતોસ્તનો ધર્મ ચાલું હતો, એટલેકે ગુસ્તાસ્પ પછી ઘણાંએક વર્ષો સુધી જરતોસ્તના મજહબની ઇરાન અને તેને તાબેના મુલુકમાં ધજા ઉડતી હતી. સવાલ ઉત્પન્ન થશે કે આમ ક્યારે બન્યું હતું ? નાઇનસનો જમાનો શો હતો ! કેટલાકો મુજબ તે ઈ. પૂ. ૮૦૦ માં થઇ ગયો હતો. જો આ વર્ષ કબૂલ રાખિયે તો જરતોસ્ત અને ગુસ્તાસ્પ એ તારીખની ૩૦૦ વર્ષ આગમજ, યાને ઇ. પૂ. ૧૧૦૦ માં થઇ ગયલા હોવા જોઇએ. આ ઉપરથી સાબેત થશે કે દારાયસ હીસ્તાસ્પીસ તેજ ગુસ્તાસ્પ ન હતો. બીજા લખનારાઓ મુજબ નાઇનસ ઇ. પૂ. ૨૦૦૦ વર્ષ ઉપર થઇ ગયો હતો. જો આ તારીખને બરૂસેદાર ગણિયે તો પેગમ્બર સાહેબનો જમાનો ઇરાનીઓની દંતકથાને આધારે ઇ. પૂ. ૨૩૦૦ નો ગણી શકાય.

પણ બીજી શહાદત મળી છે તેને આધારે અશો જરતોસ્તનો જમાનો આ કરતાં પણ વધારે પુરાણો સિધ્ધ થાય છે. સીન્કૅલસ નામે એક યુનાની લખનારને આધારે ગણતરી થઈ છે કે પેગમ્બરનો એક જાનેનશીન (જરથુસ્ત્રોતેમો) અથવા જરતોસ્ત મથ્ર ઈ. પૂ. ૨૪૫૮ માં બૅબીલન ઉપર ચઢાઇ લઇ ગયો હતો, અને ત્યાં ફતેહ કરીને તેણે અને તેની પછીના બીજા સાત પાદશાહોએ ૨૨૪ વર્ષ સુધી ત્યાં રાજ્ય ચલાવ્યું હતું. આ બિના દેખાડે છે કે પેગમ્બરનો જમાનો ૨૪૫૮ ઇ. પૂ. કરતાં પણ જુનો હતો. તે કેટલો પુરાણો હતો તે કહી શકાય એમ નથી. તોપણ માત્ર બેજ સદી જેટલો જુનો ગણિયે તો અશો જરતોસ્ત આજે ૪૫૭૦ વર્ષ ઉપર થઇ ગયા હતા એમ સિધ્ધ થાય છે, તે આ રીતે :—

ઈ. પૂ.	૨૪૫૮	જાનેનશીન જરતોસ્તે બૅબીલન ફતેહ કરી પોતાનો વંશ સ્થાપ્યો.
	૨૦૦	તે બનાવની બે સદી આગમજ પેગમ્બર હૈયાત હતા.
ઈ. પૂ.	૨૬૫૮	પેગમ્બરનો જમાનો
ઇસ્વી	૧૯૧૫	ઇસ્વી સન પછી આજ સુધીની મુદત
	૪૫૭૩	પેગમ્બરનો જમાનો આજે.

આ રીતે જોતાં પેગમ્બર જરતોસ્ત ઇસ્વી પૂર્વે ૨૬૫૮ વર્ષને શુમારે, અને આજે ૪૫૭૩ વર્ષ ઉપર થઇ ગયલા જણાશે.

યુરોપીઅન વિદ્વાનોની ગણતરી અને બીજી તવારીખી શહાદતોને આધારે, જ્યારે પેગમ્બરનો જમાનો ઉપર મુજબનો મળે છે, ત્યારે આપણા દેશના અભ્યાસીઓની જુદીજ કિસમની અને

જુદાજ આધાર ઉપરથી ચલાવવામાં આવેલી ગણુતરી ઉપરથી આપણને જરતોસ્તની તારીખ નીચે પ્રમાણેની મળે છે.

૧—મી૰ બાળ ગંગાધર ટિળક ઋગ્વેદનો સમય ઈ. પૂ. ૪૦૦૦ વર્ષ ઉપર મુકે છે. હવે આપણે આગળા સફાઓમાં જોઈ ગયા તેમ આ વેદમાંથી શાહ ગુશતાસ્પ વગેરે પેગમ્બર સાહેબના મદદગારો અને હરીફોનાં નામો મળે છે, તે જોતાં જરતોશ્તનો જમાનો પણ ટિળક પ્રમાણે ઈ. પૂ. ૪૦૦૦ વર્ષ ઉપર મેળાવો જોઇએ. મી૰ ટિળક ઋગ્વેદમાંથી કેટલીક બિનાને ખગોળ વિદ્યાને આધારે સમજાવીને પુરાવામાં એજ વિદ્યાને લગતી કેટલીક દલીલો રજુ કરી કહેછે કે આ વેદનો જમાનો ઈ. પુ. ૪૦૦૦ની પણ આગમજનો છે. હવે આ વેદમાં કેટલાંક નામો આવેલાં છે તે ગુશતાસ્પ, અર્જાસ્પ જેવા જરતોસ્તના સમકાળિક પુરૂષોનાં નામ છે, તે ઉપરથી જણાય છે કે તેઓ અને જરતોશ્ત પોતે ઇ. પૂ. ૪૦૦૦ વર્ષ આગમજ એટલે આજે શુમારે ૬૦૦૦ વર્ષ ઉપર થઇ ગયલા હોવા જોઇએ.

૨—મી૰ શાપુરજી કાવસજી હોડીવાળા જણાવે છે કે ઋગ્વેદના પ્રથમના ભાગો ઈ. પૂ. ૩૦૦૦ને શુમારે લખાયા હતા. વળી આકાશી સેતારાઓ અથવા નક્ષત્રોની ચાલને આધારે મી૰ હોડીવાળા એવાં શેવટ ઉપર આવેછે કે ઇ. પૂ. ૨૫૪૦માં જરતોસ્ત હૈયાત હતા. એઓ કહેછે કે ફરવરદીન યસ્ત (ફકરો ૯૩) અને અષિ યસ્ત (ફ૰ ૧૮) પ્રમાણે જરતોસ્તનો જન્મ બહારની મોસમની શુરૂઆતમાં થયો હતો, કે જે વેળા વૃષભ (ગોધો) (Taurus) નાં નક્ષત્રમાં સૂર્ય હતો. આ નક્ષત્રનો અમલ ઇ. પૂ. ૨૫૪૦ની આગમજના હજારામાં હતો. અને ત્યારેજ જરતોસ્તનો જન્મ થયો હતો. એ રીતે મી૰ હોડીવાળા પ્રમાણે જરતોસ્તને આજે ૪૪૦૦ વર્ષ થવાં જોઇયે.[1]

૩—એક બીજા જરતોસ્તી અભ્યાસી મી૰ મેહરજીભાઇ નોશરવાનજી કુકા એમ. એ. એ અશો જરતોસ્તના સને બાબે બે ભાષણ “રાહનુમા એ મજદયસ્નાન” સભા તરફથી ૧૯૦૧માં આપ્યાં હતાં જેમાં તેઓ એવા સાર ઉપર આવ્યા હતા કે જરતોસ્ત ઇ. પૂ. ૫૦૦૦ વર્ષ ઉપર થઇ જવો જોઇયે. મી૰ કુકાના મત મુજબ ઇરાનીઓના સમાગમમાં રહીને તુરાની લોકોએ જે સુધારો હાંસલ કીધો હતો તે તેઓએ સુમીર્યન અને ઍક્કેડયન પ્રજાઓને નામે બેબીલન અને ઍસીર્યાના પુરાતન મુલ્ક હાથ કરીને ત્યાં દાખલ કીધો હતો. આ બાબતમાં મી૰ કુકાના વિચારો વાંચવાજોગ છે. એમના શેવટના શબ્દો આ પ્રમાણેના છેઃ—

“ મારા વિચાર પ્રમાણે જરથોશ્ત સાહેબના જમાના પછીજ આ બનાવ બનેલો (યાને અક્કદીઅન લોકો બેબીલોન્યામાં આવી વસેલા) હોવો જોઈયે,...આ પ્રમાણેનો આપણી આરાધાણામાં ફેરફાર થવાને કમમાં કમ ૪૦૦–૫૦૦ વરસ જરતોશ્ત સાહેબના જમાના પછી ગુજરેલાં હોવાં જોઇયે. આપણે જોઈ ચુકા કે ઇ૰ પૂ૰ ૪૫૦૦ ઉપર તો તુરાનીઓ બાબીલોનિયામાં ઠરીઠામ થઇ ચુકેલા હતા, અને અગરજો તેમને માત્ર ૧૦૦ વરસ આગમજનાજ આવેલા આપણે ધારીયે તો તેઓ ઇ૰ પૂ૰ ૪૬૦૦ ને આશરે આર્યન મુલુકો છોડી આવેલા કહેવાય; અને અશો જરતોશ્તનો જમાનો તેજ ૪૦૦–૫૦૦ વર્ષ આગમજનો ગણતાં આપણે તે મહાન પયગમબરના જમાના માટે ઇ૰ પૂ૰ ૫૦૦૦ થી ૫૧૦૦ વરસના આંકડા ઉપર પોહચીયે છીયે...”

---

૧ પેગમ્બર સાહેબના રચેલા ગાથામાં ગાયને અહુરમજ્દની દરગાહમાં ફરિયાદ ઉઠાવતી કલ્પેલી છે. ત્યાં ગાયને જે નામે ઓળખી છે તે પહેલવી તરજુમો કરનારાઓ અને દસ્તુર નેર્યોસંઘ ધવલ મુજબ “અજી” નામની હતી. આ નામને મી૰ હોડીવાળા ઈજીપ્શ્યન લોકોના “ઍપિસ” ગોધાના નામને મળતું ધારે છે, અને તેમનો મોટો દેવતા ઓસિરિસ ‘અહી’ને નામે પણ ઓળખાયલો છે. શું આ અહિ (ગોધો) તેજ અવસ્તાની “અજી” (ગાય) હશે?૰

આ રીતે જોતાં મી૦ કુકા જરતોસ્તી સનેને આજથી ૭૦૦૦ વર્ષ ઉપર મુકે છે.[1]

૧ જો મી૦ કુકા એમ કહેવા માંગતા હોય કે મધ્ય એશિયામાંથી તુરાનીઓ બેબીલોનિયામાં જઇ વસ્યા અને એક્કેડિયનને નામે ઓળખાયા, અને તેઓ ત્યાં ઇ. પૂ. ૪૫૦૦માં ઠરીઠામ થઇ ચુકયા હતા, તો એ ગણતરી સંપુરણ જણાતી નથી. બેબીલોન્યન તખ્તીઓ અને લેખોની શોધખોળ ઉપરથી જણાયું છે કે ત્યાં થયલા સુમીર્યન (અથવા એક્કેડિયન) સુધારાની શરૂઆત ઈ. પૂ. ૮૦૦૦ ઉપર થઇ હતી. [જુઓ A Guide to the Babylonian and Assyrian Antiquities (British Museum, 1900), સફે ૩.] આમ જોતાં જરતોસ્તનો જમાનો આજથી ૧૦૦૦૦ વર્ષ જેટલો જુનો જણાય. અમને લાગે છે કે બેબીલોન્યામાં જઈ વસેલી ઉપલી કોમ તુરાની નહિ પણ આર્ય હોવી જોઇયે, અને તેણેજ ત્યાં આર્ય સુધારો દાખલ કરેલો હોવો જોઇયે. તે આર્ય કોમ હતી તે તેનાં વસાવેલાં શેહેરોનાં નામોમાં જણાતા આર્ય પ્રત્યય વગેરે ઉપરથી પણ જણાય છે—જેમકે ઉર, નિપ્પુર, અરઇદુ, અરઅખ, ઈત્યાદિ. હાલ સર્વથી છેલ્લી શોધોને આધારે ડા૦ એલ્યટ સ્મિથ નામે વિદ્વાન જણાવે છે કે ઉપલા સુમીર્યન લોકો તુરાની નહિ પણ અરબ અથવા બહુ પુરાણા મિસરીઓ હતા. જો તેઓ અરબ હોય તો તેઓ આર્ય હતા એમ કદાચ ઠરે, કારણ કે બહુ પુરાણા અરબો આર્ય વંશના હતા એમ જણાયલું છે.

બાબ ૨-જરતોશ્ત નામું : પેહલવી પ્રમાણે.

ફસલ ૧—ઇરાની ખોરેહની હકીકત.

પેહલવી જરતોશ્તનામું.

અવસ્તાવાણીને આધારે અહીં સુધી પેગાબમ્બર સાહેબ વિશેનું બયાન જોયા પછી હવે આપણુ પેહલવી પુસ્તકોને આધારે એ સાહેબનું જે કાંઈ વર્ણન મળે છે તે તરફ નજર દોડાવીશું. આ કારણ માટે આપણને "દીનકર્દ," "બુન્દેહેશ," "જાદસ્પરમ" વગેરે ગ્રંથોનો આધાર લેવો પડશે. પેહલવી ભાષાના મોટા ઉસ્તાદ ડૉ૦ ઇ. ડબ્લ્યુ. વૅસ્ટે "Marvels of Zoroastrianism" એ નામનો એક ગ્રંથ ઉપર જણાવેલા ૧ લા અને ૩ જા પેહલવી ગ્રંથોને આધારે તેમના તરજુમા રૂપે રચ્યો છે તે ઉપરથી ઉપજાવેલો પેગામ્બર સાહેબનાં થોડાંક બયાનનો સાર આપણે અત્રે વાંચીશું અને બુન્દેહશ વગેરે કેતાબોમાંથી જે કાંઇ વિશેષ હકીકત મળશે તે ઉમેરા તરીકે જોઇશું.

દીનકર્દ કેતાબ બનાવનારાઓએ પોતાનો આધાર જે પુરાણી કેતાબ ઉપરથી લીધેલો જણાય છે તેનું નામ "નિકયૅજો-એ વેહદયૅનો" હતું.

નીચલાં લખાણમાં કેટલીક બિના ચમત્કારિક જણાશે, જે બાબે ખુલાસો કરવાની જરૂર છે કે જરતોસ્તી ધર્મમાં ચમત્કાર જેવું કાંઇ નથી. એવું લખાણ પેહલવીમાંજ જણાય છે, જે બીજા ધર્મોની નકલ હોવી જોઇયે.

પેશદાદી ખોરેહ.

આપણે આગળા સફાઓમાં ક્યાની ખોરેહ વિશે થોડુંક બયાન વાંચ્યું છે. આ ખોરેહ ક્યાની શાહોને મળે તે આગમજ તે અઝલથી કેમ ઉતરતું આવ્યું હતું તેનું જે વર્ણન અવસ્તામાં (જમ્યાદ યશ્ત) છે તેને દીનકર્દમાં વિસ્તારીને જણાવ્યું છે. આ વિસ્તારનો સાર જાણવા માંગિયે તો તે આ પ્રમાણે છે:— સૌથી પહેલા ઇનસાન દાખલ આ ખોરેહ યાને નૂર કે જેની સાથ ટોળા અથવા કોમનું વડપણ જોડાયલું છે તે ગયોમર્દને મળ્યું. તેના પછી તેનાં ફરજંદો મશ્યે અને મશ્યાઓઇને તે ખોરેહ મળ્યું. આ બે શબ્દોનો અર્થ બુન્દેહશ પ્રમાણે 'મર્દ' અને 'ઓરત' થાય છે, જેઓ ગયોમર્દ ફોતેહુપ કરેલી ખાકમાં ઝાડ રૂપે નિકળ્યાં હતાં (પ્ર૦ ૧૫, ફ૦ ૧—૫) દીનકર્દ મુજબ (દફતર ૭, ફ૦ ૧૨) આ બન્ને પોતાની અક્કલનાં બળથી અનાજ ઉગાડતાં, કપડાં વણતાં, ઢોર ચારતાં, ઘર બાંધતાં અને સુથારનું કામ કરી જાણતાં હતાં. તેઓનું ખોરેહ તેમના બેટા સામકને મળ્યું. સામક પછી તેના બે નબીરા વાએગરદ અને હોશંગને તે મળ્યું. આ હોશંગ "પેશદાદ"ને નામે ઓળખાય છે, કારણકે તેણે દુનિયામાં ખેતીને લગતા કાયદા તેમજ પ્રજાના સંરક્ષણ માટેના કાયદા બનાવ્યા હતા. આ ખોરેહ યાને વડપણને બળે કરીને હોશંગે માજનો (માજન્ય=મજન્દરાનના) દેવો (બદ ખસલતના રહેવાસીઓ) મધેના બે તૃત્યાંસ જેટલાનો નાશ કીધો. તેના પછી તખ્મોરૂપ (તેહમુરસ) ને ખોરેહ મળ્યાથી તેણે દેવો, બદ માણસો, જાદુગરો, ડાકણો વગેરેનો નાશ કીધો, બુતપરસ્તીનો સંહાર કીધો, અને એક ખુદા અને પેદા કરનાર સર્વશક્તિવાન છે એમ જાહેર કરી

તેનાં નામનો ફેલાવો કીધો. બદ રૂહ (હારેમન)-ને પોતાનો ઘોડો બનાવીને તેણે તેના ઉપર ત્રીશ શિયાળા (વર્ષ) સુધી સવારી કીધી.

આ પછી હોરમજદ સાથની મસ્લેહતને કાજે તે ખોરેહ જમશેદ (યિમ)ને મળ્યું, કે જે વીવંઘનો બેટો હતો. તેણે પોતાની પ્રજાને ચાર વર્ગોમાં વહેંચી, અને ધર્મના એ ૪ વર્ગો (અથોરનાન, રથેસ્તાર, વાસ્ત્રયોશ અને હુતોખ્શ) ની મારફતે દુનિયાના લોકોનો સુધારો વધારો કીધો. તેણે વળી ખુદાની જાનદાર પેદાયશને એક લેખે અમર બનાવી. હોરમજદના હુકમથી જમશેદે પોતાના મુલ્કનો વધારો કીધો અને ત્યાં વધતી જતી વસ્તીને વસાવી અને "મહર્કુસ"ના શિયાળાની એક અતિઘણી સખ્તાઇમાંથી લોકોને બચાવવા માટે "વર" (કિલ્લો) બાંધ્યો.

જમશેદ પછી આ ખોરેહ ફ્રેતૂન આરપીગાન (ફરીદૂન આથ્વ્યાન)ને મળ્યું, જે તે વેળા હજુ તો માતાનાં ગર્ભસ્થાનમાં હતો. નવ વર્ષનો થતાંજ તે અરબ પાદશાહ જહાકનો નાશ કરવા માટે કમર બાંધી નિકળ્યો, કે જેણે જમશેદ પછી (જમશેદી વંશની આખર આણીને) ઇરાનનું રાજ્ય તાબે કીધું હતું. ફરીદૂને આ પરદેશી વંશના અમલની સમાપ્તિ આણીને તેના જુલ્મી દોરમાંથી ઇરાની આલમનો છુટકારો કીધો, માજન્દર અને બાદના બદ લોકોને માર્યા, અને એ રીતે ખ્વનીરસ (ખનિરથ બામી) ના મુલ્કનો છુટકારો કરી તેને પોતાના ત્રણ બેટાઓ માટે રાખ્યો. તે જમાનાના ઇરાનીઓના મજદયસ્ની ધર્મના ચાર પેશા અથવા ધંધા મધેનો ખેતીવાડીનો પેશો ત્રીજો હતો, જેને લીધે ફરીદૂને દેશમાંથી દુખદર્દ અને મરકી વટીકને મારી કહાડયાં અને દવાદારૂથી પ્રજાનાં લોકોને તનદરસ્ત બનાવ્યાં.

ફરીદૂનની હૈયાતીમાંજ ઉપલું ખોરેહ તેના બેટા ઐરીચ (ઇરજ) ને મળ્યું, જેના પછી માની તરફથી આ ખોરેહ નેર્યોસંગ ફરેસ્તા મારફતે માનુશ્ચીહર (મીનોચેહેર) ને મળ્યું. [ઐરચ પછી અનેક પહેડી વિતી ગયા બાદ મીનોચેહેર જન્મ્યો હતો, માટે ગોયા નેર્યોસંગ ફરેસ્તો કે જે હોરમજદનો કાસદ લેખાયો છે તેણે પાદશાહી ખોરેહને પોતાના એખ્તિયારમાં સલામત રાખ્યું હતું.] મીનોચેહેરે પોતાના નિયાગાન ઇરજના ખૂની બાઇઓ તૂજ (તૂર) અને સઇમ (સેલમ) ને (અથવા તેમના વંશજોને) માર્યાં, ઇરાન દેશની બરાબર ગોઠવણી કીધી, જમીન સુધારીને ફળદ્રુપ બનાવી, અને પરદેશીઓમાં ઇરાનનું નામ બુલંદ બનાવ્યું.

આ પછી બીજે વખ્તે આ ખોરેહ મીનોચહેરના એક વંશજ અને તુમાસ્પ (તેહમાસ્પ) ના બેટા અઉઝવો (જાબ અથવા ઝૂ) ને મળ્યું, જેણે પરદેશીઓની ચઢાઇ મારી કહાડી તૂરના ફ્રંઘ્રસિયાક (તુરાની અફ્રાસિયાબ) ને હરાવી પાછો નસાડયો, દેશને આબાદ કીધો, નદી નાળાં ખોદાવ્યાં, અને ખેતીવાડીનો વધારો કીધો.

આ ખોરેહ હવે મજહબનો બીજો પેશો જે રથેસ્તારીનો છે તેમાં વડો હોવાથી સામાન ખાન્દાનના કેરેશાસ્પો (સામના કેરેશાસ્પ)-ને મળ્યું, જેણે ઘોડા તથા માણસોને ગળી જનાર સર્પ નામે સ્રોઆવર (સ્રુવર) નો, તેમજ ગંદરેપો (ગંધર્વ) નામે સુનાની એડી-વાળા દૈત્યનો અને બીજા દેવોનો નાશ કીધો.

કયાની ખોરેહ.

આ પછી આ બખ્તાવર ખોરેહ કયાની શાહોને મળવા લાગ્યું, જેઓમાં પહેલો કયકો-

બાદ હતો. કયાની ખાન્દાનનો તે મૂળ પુરૂષ હતો.[1]

આ પછી આ નૂર કય અર્શ અને તેના ભાઇઓને મળ્યું, જેઓ કોબાદના નબીરા હતા. એઓ મધેનો સઉથી વડો કવ ઉસ (કયકાઉસ) હતો, જે પોતાનાં બળથી અને દાનેશથી હફતકેશ્વર જમીનનો (યાને પોતાના જમાનામાં જણાયલી તમામ ભુમિનો) પાદશાહ થયો. તેનો વડો વજીર અઓશનર નામનો હતો, જે ઘણોજ ખબરદાર હતો, અને પરદેશી લોકોની ભાષા જાણનાર હતો.

કાઉસ પછી તેના બેટા કય સીયાવખ્શને આ નૂર મળ્યું. અને તે બાદ તેના બેટા કય ખુસરોને મળ્યું, કેજેણે તુરાની ફ્રંઆસિયાક તથા તેના ભાઇ કેર્સેવજદને મારી તેનો નાશ કીધો, તથા ચયચેસ્તના સરોવરના કાંઠા ઉપરનાં બુતખાનાનો પણ તેણે નાશ કીધો.

કયખુસરો પછી આ ખોરહે સ્પીતમાન ખાન્દાનના જરતોસ્તને મળ્યું, અને તે હોરમજદની મુલાકાત લઇને તેના તરફની દીન પાદશાહ ગુસ્તાસ્પ આગળ જાહેર કીધી અને દેશના દાનાઓની મારફતે હફતકેશ્વર જમીનમાં તેનો ફેલાવો કીધો.

ફસલ ૨—જરતોશતનો જન્મ.

જરતોશતનો મા તરફનો વડવો.

અહીં સુધી પુરાતન પ્રખ્યાત ઇરાની ખોરેહનું વર્ણન કર્યા પછી દીનકર્દ જણાવે છે કે આ નૂર જરતોસ્તને મળે તે આગમજ કયખુસરો પછી તે હોરમજદની આગળથી આકાશની બેહદ રોશનીઓમાંથી પોતાનો માર્ગ લઇને, આફતાબ, માહતાબ અને સેતારાઓને છોડીને આ દુનિયામાં જોઇશ નામે ધણીનાં મકાનમાંના આતશને જઇ મળ્યું અને તે આતશને છોડીને તે જોઇશના બેટા ફ્રાહીમ્રવના બેટા જોઇશની ઓરતને જઇ મળ્યું, જેણીએ જરતોશ્તની માદરને જન્મ આપ્યો. [પહેલો જોઇશ તે જરતોસ્તના મમાવાનો બપાવો હતો.] જોઇશને આ ખોરેહ બાબેની કશી ખબર ન હોવાથી તેનાં ઘરનો આતશ બળતણ વિના કેમ બળતો હતો તેની તેને સમજ પડી નહિ, પણ શેહરના હાકેમને આ વાતની ખબર પડવાથી તેણે ખરી સમજ પાડી.

---

૧ દીનકર્દવાળો અહીં લખે છે કે કયકોબાદ પછી આ ખોરેહ અરબોના પાદશાહ પાતખ્સ્રોબો ઇબ્ન એર્થેફ્રવા ઇબ્ન તાજને મળ્યું હતું. બુન્દેહેશ (પ્ર૦ ૩૧. ફ૦ ૬)માં આ એર્યેફ્રવા અથવા એર્યેફ્રનીગને વિરફસંગને નામે ઓળખ્યો છે, અને ઇરાની બુન્દેહશની બે નકલોમાં એ નામ અવિરફ્રશનેગ અને આઇરફ્રશનિગ એ ઉચ્ચારે લખાયું છે. બુન્દેહશ મુજબ ઇરાનનું તખ્ત જીતનાર જહાક તાજના બેટા વિરફ્રશંગના બેટા જાઇનીગાવના બેટા પ્રુતાસ્પનો બેટો હતો. આ ઉપરથી જણાય છે કે જહાકનો બપાવો જાઇનીગાવ ઉપલાં ઇરાનમાં ખોરેહ મેળવનાર પાતખ્સ્રોબોનો ભાઇ હતો. દીનકર્દનાં આઠમાં દફતરમાં ગુમ થયલાં ૨૧ નસ્કોનો ઇતેખાબ આપ્યો છે તેમાં "ચિત્રદાદ નસ્ક" વિશે લખતાં જણાવે છે (પ્ર૦ ૧૩, ફ૦ ૯) કે તાજના વંશજ અને અરબોના રાજા પાતસ્રોબોની ત્રણ બેટીઓ સાથ ખનિરસના પાદશાહ ફરીદૂનના ત્રણ બેટાઓ સલ્મ, તૂજ અને એરચની શાદી થઇ હતી. જો ફરીદૂનના સમયમાં પાતસ્રોબો હૈયાત હોય તો ત્યાર બાદ લાંબી મુદતે કયકોબાદ પછી તેને ઇરાની ખોરેહ કેમ મળી શકે તે સમજાતું નથી. એજ રીતે તેજ પાતખ્સ્રોબો જહાકના બપાવાનો ભાઇ હોય તો છેક કયાની જમાનામાં કયાની કુટી નિકળે? આ સઘળા એકજ નામના જુદા જુદા અરબ પાદશાહો હોવા જોઇયે. પાતખ્સ્રોબો બહુ દોલતમંદ હતો, અને તે પુરાતન મજદયસ્નની મજહબ પાળતો હતો, જે ઉપરથી તેની અરબ રૈયત જે મૂર્તિપુજક હતી તેણે બળવો ઉઠાવ્યો, અને તે બેસાડી દેવામાં ઇરાની પ્રજાએ મદદ આપી હતી—દીનકર્દ. દફ્૦ ૭. પ્ર૦ ૧. ફ૦ ૩૪. નોટ ૧: Marvels. સફે ૧૩. પુરાતન અરબો આર્ય તોખમના હતા.

દોગદોનું ખોરેહ.

જોઇશની નણીરીનાં ખોરેહને લીધે પોતાનાં બુરાં કામોમાં પોતે ફાવતા નથી એમ જોઇને ત્યાંના દેવ લોકો કકડતા શિયાળા, મરકી અને શત્રુઓના હુમલા રૂપે ત્રણ મોટી બલા તે પ્રાંત ઉપર લાવ્યા, અને પછી તેઓએ લોકોનાં દિલમાં એવો વહેમ ઉત્પન્ન કીધો કે જન્મ પામેલી આ છોકરીની જાદુઇને લીધે શેહરને આ બલાઓની આફ્ત ખમવી પડે છે. આથી ત્યાંનાં લોકો પેલી છોકરીનાં માબાપ સાથે વઢવા લાગ્યાં અને તેને પોતાનાં શેહરની બાહેર કહાડી મુકવા માંગી. આના જવાબમાં તે બાળકના પિતાએ ખુલાસો કીધો કે જ્યારે આ છોકરીનો જન્મ થયો ત્યારે તેનો ચેહરો આતશી ઝળકાટ જેવો ચમકવા લાગ્યો હતો અને રાત્રીનાં અંધારામાં તે પ્રકાશ આપે છે. જ્યારે એ બાળક ઘરના જે ભાગમાં આતશ ન હોય ત્યાં બેસે છે ત્યારે આતશને રોશન કીધો હોય તે કરતાં વધારે ઝળકાટ આપે છે. તેનાં બદનમાંથી એવો પ્રકાશ પડે છે કે જોનારની આંખ અંજાઇ જાય છે, અને એક જાદુ કે જાદુઇ અસરથી ચળકાટ બતાવે તે કરતાં પણ વધારે ચળકાટ તેનો છે.

પણ આ ખુલાસાથી તે પ્રાંતના બુરા લોકોના લાગવગને લીધે ત્યાંના કવી અને કરપ[1] લોકો (કેજેઓ બુત યાને મૂર્તિના પુજારી અને ધર્મગુરૂઓ હતા તેઓ) ને સંતોષ ઉપજ્યો નહિ. આ ઉપરથી પેલી બાળકીને તેના બાપે અલાક નામે જિલ્લામાં સ્પીતમ નામે ખાન્દાનના વસતું હતું તેના વડા પતીરગતરાસ્પો (અથવા પદતરાસ્પ, પદીતરાસ્પ, પઇતિરસ્પ=પેતેરસ્પ) ની સાહેતા હેઠળ મોકળી આપી. આ પેતેરસ્પ નામનો સપીતમ ખાન્દાનનો વડો પોરૂશાસ્પો (પોરોશસ્પ) નો બાપ હતો, અને પોરોશસ્પ સાથે તે છોડીનાં લગ્ન કરવાની મતલબથીજ અષવહિશત (અર્દીબહેશત) અને બીજા ફરેસ્તાઓએ તેણીને તેનાં ગામમાંથી બાહેર મોકળવાનું પેલા દૈત્યોને કારણરૂપ બનાવ્યા હતા.

એવું જણાય છે કે પેલી છોડીને તેનાં માતપિતાએ રવાના કીધી ત્યારે માર્ગમાં તેને કાને એવા સખુન પડયા કે "સપીતમ ખાન્દાનીઓનાં ગામ તરફ તું આગળ વધ; તે નીચાણમાં આવેલું છે, પણ ઘણું મોટું છે; ત્યાં માણસો અને ઢોરો એકેકની જોડમાં ચાલે છે; તારી સાહેતાને માટે તે ગામને તારે લાયકનું બનાવેલું છે." પેલી છોડીએ પોતાના હાથ સારી પેઠે ધોયા અને આગળ વધીને પેતેરસ્પનાં ગામમાં જઇ પુગી, કેજ્યાં પેલું ખોરેહ તેણી તરફથી પોરૂશસ્પને જઇ મળ્યું.

બીજી તરફથી હોરમજદના હુકમથી જરતોસ્તનું ફરોહર હોમ મારફતે જરતોસ્તનાં માતપિતાને જઇ મળ્યું. આ હોમ વોહુમનો (બહમન) અને અષવહિસ્ત (અર્દીબહેસ્ત) અમશાસ્પંદો પોતાની જોડે લઇને સપીતમનાં ગામમાં માણસરૂપે ગયા અને દાઇતી (વેહેદાઇતી) નદીના કાંઠા ઉપર પોરૂશસ્પ બંદગી કરવાની મતલબથી ગયો ત્યારે તેણે ત્યાં પેલા હોમને

---

૧ જરતોસ્તના જમાનામાં જે કરપ બુતપરસ્તો જાણીતા હતા તેમનાં નામો આ મુજબનાં મળેછેઃ—દૂરાસ્રોબો બ્રાત્રોક-રેશ (તુરાની), વએદવોઇશ્ત, અને જાક.

કવીગ, કીગ અને કઇ એ સઘળાં એકજ પંથનાં નામો છે. તેઓનો અધિકાર શો હતો તે ખુલ્લું જણાતું નથી. જેમ તેઓ તેમજ કરપો સત્તાધારી હતા, પણ તેમનાં 'કીક' અને 'કરપ' નામ તેમની સત્તા બતાવનારા ખેતાબો હતા કે તેમના પંથ અથવા ટોળાનાં તે નામ હતાં, તે જણાતું નથી. અવસ્તામાં તેઓ 'કવિ' અને 'કરપન'ને નામે ઓળખાયા છે. 'કવિ' એ કયાની શાહો માટેનો પાદશાહી ખેતાબ પણ છે, અને વિશ્તાસ્પ પાદશાહ પણ કવિ હતો, કે જેવા કયકોબાદ અને તેનાં સઘળાં વંશજો હતા.—Marvels, સફે ૧૯, નોટ ૨.

એક ઝાડરૂપે ઉગેલો જોયો, અને તે મેલવવાની ખાહેશ કીધી. તે તેને મળ્યો, જે લઇને તે પોતાને ઘેર ગયો, અને પેલી પુર જળાકાટવાળી છોડી સાથ તેનાં લગ્ન થઇ ચુકયાં હતાં અને હવે જે તેની ઓરત બની ચુકી હતી તેને તે હોમ બતાવીને સલામત રાખવા કહ્યું. આ બાઇનું નામ દૂકતાઉબ (દોગ્દો) હતું.[1]

જરતોશ્ત જન્મ પામશે એવી ખબર પડવાથી દેવો અથવા શત્રુઓ ભેગા થયા અને તેનો નાશ કરવાની ગોઠવણ કરવા લાગ્યા. દેવેનાંમ દેવના પુછવાથી ચેશ્મક નામે દેવે આ કામનું બિડું ઝડપ્યું. આ વંટોળિયો ઉત્પન્ન કરનારો દેવ હતો, કે જે પોતાના ૧૫૦ સાથીઓને લઇને પોરૂષસ્પનાં ગામમાં ગયો, જ્યાં તેણે વંટોળિયાથી થાય એટલી ખરાબી કીધી.

જન્મ આગમજનાં કારસ્તાન.

આ પછી પોરૂષસ્પે દોગ્દો કનેથી હોમ લઇ તેને દુધ સાથ કુટીને તેનો રસ પીધો, કે જેમ આજે પણ ઇજશ્નેની ક્રિયા વેળા કરવામાં આવે છે. દેવોએ જરતોસ્તનો જન્મ નહિ થઇ શકે તે માટે ઘણા ઉપાય કીધા, પણ તેમાં તેઓ નિષ્ફળ ગયા. તેની માતાના ગર્ભ તોડી પાડવાની પણ તેઓએ યુક્તિ લડાવી, જેથી તે બાઈ બીમાર પડી અને તેને બહુ દુખવા લાગ્યું. જાદ-સપરમ પ્રમાણે[2] તેણી ઉપર તાવ, દુખારો અને વાયુએ ગલબો કીધો, અને એ દુખના ઇલાજ માટે તેણી પોતાનાં ગામથી એક ફરસંગ દૂર વસતા સ્તોકો નામે વૈદની દવા લેવા ગઇ. પણ માર્ગમાં દાદાર હોરમજદ તરફથી આવેલા એક પેગામીએ તેણીને આ વૈદને ત્યાં દવા લેવા જતી અટકાવી અને સલાહ આપી કે તારે ઘર જઇને ગાયનાં દુધમાંથી બનાવેલાં માખણને આતશ ઉપર ગરમ કરીને તે વડે તારા હાથ મસળીને ધો અને આતશ ઉપર સુખડ અને લોબાન મુક. આ પ્રમાણે દોગ્દોએ કીધું અને તેણી સારી થઈ. દીનકર્દ પ્રમાણે[3] દોગ્દોને એવી સલાહ મળી કે સારી પેઠે હાથ ધોઇને પછી હાથમાં કાડી (સુખડ) લઇ આતશ ઉપર મુકવી, અને સાથે ગોશ્ત (ચર્બી?) પણ આતશ ઉપર મુકવી, અને ગાયનું માખણ ગરમ કરવું અને યોગ્ય વખ્તે તે પી જવું. દોગ્દોએ આ પ્રમાણે કીધું અને તેનું દુખ દફે થયું.

એમ કરતાં જ્યારે જરતોશ્તના જન્મનો વખ્ત નજદીક આવી પુગ્યો અને તે વાતને ત્રણ દહાડા બાકી હતા એટલામાં પોરૂષસ્પનાં ગામમાં ત્રણ રાત સુધી રોશનીનો પ્રકાશ જણાવા લાગ્યો. આ બનાવની સમજણ નહિ પડવાથી ઘર ધણીઓ અને ઢોરોના માલિકો, જેઓ સ્પીતમનાં ખાન્દાનના હતા તેઓ, નાસભાગમાં પડયા અને કોઇ ઘણો ત્રાસદાયક અથવા આફતકારક બનાવ બનવાનો છે એમ સમજીને ખુદાની મેહરબાની ચહાવા લાગ્યા.[4]

---

૧ જાદ-સ્પરમનું પેહલવી લખાણ બીજી રીતે વાંચતાં એવો પણ અર્થ થઇ શકે કે "જરતોશતની માતાનું નામ ફ્રેનો હતું, અને તેઓ દુકતકને નામે બોલાવતા હતા." જો આ બાનુનું નામ ફ્રેનો હોય તો અવસ્તાવાણીમાં જણાવેલી ફ્રેનિ નામની કોઇપણ બાનુ સાથ તે મળતી આવતી જણાતી નથી, એમ વેસ્ટ જણાવે છે.—Marvels, સફે ૧૩૮, નોટ ૩.

૨ Marvels, સફે ૧૪૦–૪૧.

૩ તેજ, સફે ૩૦.

૪—જરતોશતના જન્મ બાબે જમશેદ, ફરીદૂન અને બીજા નામીચા મહા પુરૂષો આગાહી કરી ગયા છે, એમ જણાવીને દીનકર્દમાં તેમજ જાદસ્પરમમાં એક કથા જણાવી જાય છે, જેની મતલબ આ પ્રમાણેની છે:—

શાહ કયકાઉસના રાજ અમલ વેળા એક બળદ એવો જણાયલો હતો કે જેનું શરીર નૂરાની હતું. જ્યારેબી સરહદ બાબે ઇરાન અને તુરાન વચ્ચે વાંધો ઉઠતો ત્યારે આ બળદને લાવતા અને તે સરહદ નકી કરી આપતો. જ્યારે આવો વાંધો ઉઠતો ત્યારે તૂરાનીઓજ જુઠા પડતા અને તેમની સામેજ ચુકાદો મળતો, અને તેઓજ ઇરાનીઓના હાથ ઉપર હાર પામતા. આ કિસમની ચમત્કારિક શકિત ધરાવીને પોતાની સામે ચુકાદો આપી પોતાને ખોટા પાડતો હોવાથી તુરાનીઓએ આ બળદનો નાશ કરવા

જન્મ વેળા હસવાનું કારણ.

જે રાત્રે જરતોશ્તનો જન્મ થયો તેજ રાત્રે ગનામીનો અથવા હારેમને પોતાના સાથીઓને બોલાવીને આ બાળકનો કોઇ પણ રીતે નાશ કરવાના ઇરાદાથી તૈયાર કીધા. બીજા હાથ ઉપર અમશાસ્પંદો અને ઇજદો તેજ બચ્ચાંનું રક્ષણ કરવા માટે તૈયાર હતાજ. ગનામીનોએ પોતાના વડા સરદાર અકોમનને એવું કામ સોંપ્યું કે તુ દગાદથી જરતોશત બાળકનું મન ફેરવી નાખ અને તેને આપણા પક્ષમાં લાવ. અકોમન આ પ્રમાણે કરવા પોરૂષસ્પના દરવાજા આગળ ગયો અને અંદર જવા માંગ્યું, કે જ્યાં આગમજથી વોહુમનો યાને બેહમન અમશાસ્પંદ હાજર હતો, જેણે અંદર નહિ જતાં પાછો ફરી અકોમનને કહ્યું કે 'તું અંદર જા.' અકોમન સમજ્યો કે 'જ્યારે વોઉમન પાછો ફરે છે ત્યારે હવે મારે માટે કશું કરવાનું બાકી રહેલું હોવું નહિ જોઇયે.' આમ સમજી તે પણ પાછો ફર્યો ત્યારે વોહુમન એકલો પોતે અંદર ગયો અને જરતોશતનાં મનમાં ડહાપણ રૂપે દાખલ થઇ એવી ખુશી પેદા કીધી કે જેની બરકતથી તે બાળક ખડખડ હસી પડયો.[2]

દીનકર્દ પ્રમાણે[3] જ્યારે આ રીતે જન્મ લેતો બાળક શરેરતા મુજબ રડવાને બદલે બેધડક હસી પડયો ત્યારે એ અલૈકિક બનાવથી ત્યાં હાજર થયલી સાત દાયાઓ ઘણી ગભરાઇ. પોરૂષસ્પે તે બાળકને ઘેટાંનાં રૂઆંની બનાવેલી નરમ ગાદી ઉપર સુવાડેલું પોતાની નજદીક જોવા મંગાવ્યું, અને પછી પોતાની ઓરતને

ઘાયું", અને પોતાની જાદુગરી વગેરેથી શાહ કાઉસનું મન ફેરવી નાખીને પેલા બળદને મારી નાખવા માટેનો હુકમ ઓીતો નામે એક લડવૈયાને અપાવ્યો. આ બળદને માટે કહે છે કે તે એક જંગલમાં વસતો હતો અને જ્યારે તેનું કામ પડતું ત્યારે તેને ત્યાંથી લાવીને વાંધાવાળી જગાએ લઇ જતા, અને તે પોતાની ખડી વડે સરહદ નક્કી કરી આપતો હતો. એક વાર કાઉસની મતલબ તૂરાન કનેથી ઇરાનનો એક ભાગ પાછો મેળવવાની હતી, અને એ લોભી ધારણા આ બળદ મારફતે પાર પડશે નહિ એમ તેને જણાયું. આ ઉપરથી કાઉસે ઉપલા ઓીતો પેહલવાનને આ બળદનો નાશ કરવાનું કામ સોંપ્યું. ઓીતો સાત ભાઇઓ મધે સર્વથી નાનો હતો, તોપણ તેઓમાં તે સર્વથી કદાવર, જોરાવર અને અમીરી દરજાનો હતો.

ઓીતો પોતાના શાહના હુકમ મુજબ અમલ કરવા પેલા બળદવાળાં જંગલમાં ગયો, પણ બળદે ઇનસાનની પેઠે બોલીને તે પેહલવાનને વિનંતિ કીધી કે 'તું મને મારતો ના, કારણકે જરતોશ્ત સ્પીતમાન કેજેનું ફરોહર મોત નાબુદ કરનાર હોમની અંદર છે તે જેહાનમાં જાહેર થનાર છે, અને તે તારાં આ ખૂની કામની બિના આ દુનિયામાં જાહેર કરશે,' ઇત્યાદિ. આ સાંભળી ઓીતો કાઉસની દરબારમાં પાછો ફર્યો અને સઘળી બિનાથી તેને વાકેફ કીધો; પણ કાઉસે તેને ફરીથી હુકમ કીધો અને ઓીતાએ જંગલમાં જઇ પેલા બળદની કમર ત્રણ મુક્કા લગાવીને ભાંગી નાંખી, જે પછી તે માણી પુકાર મારી મરણ પામ્યો.

આ દયામણા પુકારથી બેજાર થઇ ઓીતો કાઉસ પાસે ગયો અને બળદનાં મરણની ખબર આપીને અર્જ ગુજારી કે તું પોતે હવે મને મારી નાખ, કારણ કે હવે મારે જીવવું નથી. કાઉસે તેમ કરવાની પ્રથમ ના પાડી ત્યારે ઓીતાએ કહ્યું કે "જો તું મને પુરો કરશે નહિ તો હું તારો જાન લઇશ." કાઉસે તેને એક જંગલ બતાવ્યું જ્યાં ઓીતો ગયો અને ત્યાં એક ડાકણુ કુતરાનો જાન લીધો, જેમાંથી બે અને બેમાંથી ચાર એમ એક હજાર ઉત્પન્ન થયા, જેમના હાથ ઉપર ઓીતાનો જાન ગયો. (Marvels, સફે ૩૧-૩૨ અને ૧૩૫-૧૩૬.)

આ ઓીતો કોણ હશે તે જણાયું નથી. પેહલવાન કેરશાસ્પના બાપનું નામ સામનાં ખાન્દાનનો થ્રિત હતું, પણ તે પોતાના ભાઇઓમાં ત્રીજો હતો એમ પેહલવી દંજશાનેના ૯ મા હા માં જણાવેલું છે. વૅસ્ટ ધારે છે કે આ વીજાપ ખાન્દાનનો ઓીતો હોય, કે જેનાં સ્વાને આ બનાવ પછી ૩૫૦ વર્ષે શાહ ગુશતાસ્પનાં અમલનાં છેલ્લાં વર્ષો ઉપર તેની મુલાકાત લીધી હતી. આ પાછળા બનાવને લગતી દંતકથા જુદી છે, જે પાછળા સફાઓમાં જોવામાં આવશે, પણ કાઉસના અમલ વેળાનો ઓીતો ગુશતાસ્પના અમલ સુધી જીવતો હોઇ શકે તે બાબે શક છે.—Marvels, સફે ૩૧-૩૬, નોટ ૧.

જરતોશતના જન્મ બાબેની ઉપલી દંતકથા મુજબની આગાહી જરતોશતની આગમજ ૩૦૦ વર્ષ ઉપર અપાયલી કહેવાય છે.

૨ જાદસ્પરમમાં આવેલી વિગત—Marvels, સફે ૧૪૧-૪૨

૩ Marvels, સફે ૩૫.

કહ્યું કે—'એ બનાવ તારી ખુશીથી બન્યો છે, હે દોસ્તો ! આ બાળક જન્મ ધારણ કરતાંજ ખડખડ હસી પડયો ત્યારે તેની કીર્તિ અને ઝળકાટની પુરી માહિતી મળીછે.' આ વેળા ત્યાં સાત જાદુ યાને મંત્ર જાણનારા પણ બેઠેલા હતા, જેઓએ ત્યાં પુરતી રોશની કરેલી હોવાથી પેલા બાળકને હસતો બરાબર જોયો હતો. જાદ-સ્પરમ્ કહેછે[1] કે એજ વખતે જરતોસ્ત એક નવોજ બાળક છતાં મોટા માણસની પેઠે બોલ્યો અને તેણે અહુરમજદી મજહબ કબુલ રાખ્યો. તેનો આ વચન અહુનવરને લગતો હતો.

ફસલ ૩—બચપણ અને જવાની.

જરતોશતને મારવાની યુક્તિઓ.

પણ હવે બાળક જરતોસ્ત ઉપરનાં સંકટો શુરૂ થાય છે. તેનો બાપ પોરૂપસ્પ કરપ ધર્મગુરૂઓનો યજમાન હોય એમ જણાય છે. પોતાના જિલ્લામાં સર્વથી ખબરદાર ગણાતા દુરાસ્રોબો નામે કરપ જાદુગર અથવા ધર્મગુરૂ કને જઇને તેણે પોતાને ઘર થયલી બેટાની વૃદ્ધિની ખબર આપી, અને તે વેળા થયલા ચમત્કારોથી તેને વાકેફ કીધો, તથા તે કરપને પોતાને ઘેર તેડી લાવીને જરતોસ્તને દેખાડયો. આ નૂરમંદ બાળકને જોઇ તે જાદુગરે કપટથી તેનો જાન લેવાની ધારણા રાખી અને પોતાનો પંજો તેનું માથું મરડી નાખવા માટે લંબાવ્યો. પણ એજ વખતે તે કરપનો હાથ મરડાઇને એવો ફરી ગયો કે ફરીથી તેનાથી તે હાથે ખોરાક ખાઇ શકાયો નહિ. જરતોસ્તને જોતી વેળા તે કરપે તેનાં શરીર ઉપરની નિશાનીઓ પણ તપાસી જોઇ હતી. દીનકર્દમાં જણાવેલી આ હકીકતમાં જાદ-સ્પરમ કેટલોક વધારો કરી જણાવે છે કે જરતોસ્તના જન્મ વેળા પાંચ કરપ ભાઇઓ હાજર હતા, જેમનાં નામ આ પ્રમાણેનાં હતાં:—બ્રાત-રૂખ્ય, બ્રાત-રોઇશ્ન, બ્રાત-રેશ (ઉર્ફે તુર્કી), હજાન અને વદસ્ત.[2]

પોરૂષસ્પે એઓમાંના એકને બીજે દિને બોલાવીને જરતોસ્તનાં શરીર ઉપરની નિશાની બરાબર ધ્યાનથી જોવા કહ્યું, જે ઉપરથી તે કરપે નિશાની તપાસવાને બહાને જરતોસ્તની ડોક સારી પેઠે મરડી, એવી મતલબથી કે તે બાળક મરી જાય. પણ આથી તે બાળકને કાંઇ થયું નહિ, કારણકે અહુરમજદના ફરમાવ્યાથી સ્પંદારમદ અને અરેદ્વિસૂર નામની બે ઇજદો, જેઓ જમીન અને સ્વચ્છ પાણી ઉપર મવકલ છે, અને અર્તાઇ-ફ્રવર્ત (યાને અશો ફરોહર જેઓ રક્ષક શક્તિ છે, તેઓ આ ભૂમિ ઉપર જરતોસ્તનાં રક્ષણ માટે આવી હતી. પણ તે બાળકને ઇજા થવાને બદલે પેલા ખૂની કરપનોજ હાથ ચીમડાઇ ગયો, જે ઉપરથી તેણે જરતોસ્તનો જાન લેવાની પોરૂષસ્પ કને માંગણી કીધી. આમ કરતી વેળા તેણે દીનકર્દ મુજબ[3] તે બાળકના બાપનાં મનમાં જરતોસ્તથી થનારી ભયંકર ખગાબી બાબેનો ભારી ભય ઉત્પન્ન કીધો, અને તેથી પોરૂષસ્પનું મન એટલું તો બિગડી ગયું અને ભયભિત થયું કે તેણે ધાસ્તી ખાઇને પોતાના બાળક બેટાનો માઠો હાલ કરવા માટે તે કરપની મદદ અથવા સલાહ માંગી. આ કરપ ઉપર કહ્યું તેમ દુરાસ્રોબો નામનો હતો, જેણે પ્રથમ આતશની ચેહમાં, ત્યારબાદ બળદનાં ટોળાંમાં, ત્રીજી બરતબે ઘોડાનાં ટોળાંમાં અને ચોથી વેળા વરૂની ગુફામાં તે બાળકને લઇ જઇ મુકયો, પણ આતશમાં તે બળ્યો નહિ, એક જોરાવર બળદ અને તેવાજ જોરાવર ઘોડાએ બીજાઓથી તેનું રક્ષણ કીધું, અને

૧. Marvels, સફે ૧૪૨.

૨ આ નામો અવસ્તામાંથી મળતાં નથી "વદસ્ત નામને મળતું નામ દીનકર્દમાંથી વઇવોઇસ્ત" મળે છે—Marvels, સફે ૧૪૩, તથા નોટ ૬.

3 Marvels, સફે ૩૬.

વરૂની માદા પણ તેનો ખોરાક કરી શકી નહિ.[૧] આ દર વેળા જરતોસ્તની માતા પોતે જઇને પોતાના બાળકને પાછો લઇ આવતી હતી. રાત્રે બાળકને એવી રીતે લઇ જવામાં આવતો કે દાયાઓને પણ તેની ખબર પડતી નહિ, અને તેઓ પણ ગભરાટમાં રાત પસાર કરતી હતી. માતા દોગ્દો જાણુતી હતી કે આ સઘળાં કામ તેના ખાવંદ પોરૂષસ્પનાં હતાં, માટે છેલ્લી વાર તેણીએ તેને તાનો મારીને કહ્યું કે "વરૂની માદા પણ તારા કરતાં મારા બેટા તરફ વધારે દયાળુ છે." પોતાના બાળકને આ રીતે બચાવતી વેળા દોગ્દોએ તેને કહ્યું કે "મારા બેટા, હવે હું તને મારી આગળથી કોઇને લઇ જવા દઇશ નહિ—એરચ અને નોદર જેવા નામદારો આવે તોપણ હું તેમ કરીશ નહિ.[૨] જાદ-સ્પરમ જણાવે છે[૩] કે વરૂની ગુફામાં સરોશ ઇજદની મદદથી એક પુષ્કળ દુધવાળી મેંઢીએ બાળક જરતોસ્તને દુધ પાઇ તનદુરસ્ત રાખ્યો હતો, જે બાબેની ખબર તેની માતાને ન હોવાથી તે તો તેનાં માત્ર હાડકાંજ હાથમાં આવશે એવી ધાસ્તીમાં હતી. અને જ્યારે દોગ્દો પોતાના બેટાની ભાળ કહાડવા ગુફામાં ગઇ ત્યારે તેણી ત્યાંથી પેલી મેંઢીને તેમાંથી બાહેર નિકળી જતી જોઇને તેને વરૂની માદા સમજી, પણ જ્યારે તેણે પોતાના બેટાને સલામત દીઠો ત્યારે હર્ખથી ઉઠાવી લઇ ઘેર પાછી ફરી.

જરતોશ્ત પેગમ્બર થશે એવી આગાહી.

આ રીતે દૂરાસ્રોબોએ આપેલી સલાહ મુજબ પોતાના બેટાની ધારેલી ખરાબી થઇ શકી નહિ ત્યારે પોરૂષસ્પ ચાર ઘોડાની ગાડીમાં બેસીને પેલા પાંચ કરપ ભાઇઓમાંના વચલા યાને ત્રીજા ભાઇ બ્રાત્રોક-રેશ, કે જેણે જરતોસ્તનો નાશ કરવાનું બિડું ઝડપ્યું હતું તેની પાસે ગયો અને તેને પુછ્યું કે 'કોઇ પણ બાળક જન્મ વેળા રડે છે, પણ મારો દીકરો રડવાને બદલે હસ્યોછે તેનું કારણ શું? તારો દીકરો પણ જન્મ વેળા હસ્યો હતો કે? તને હું મારો બેટો દેખાડવા લઇ ગયો ત્યારે તેણે બહુ ઉંચે જોયું, બહુ નીચે જોયું, અને તારી આસપાસ લાંબી નજર નાખી તેનું કારણ શું?' પેલા કરપે જવાબ આપ્યો કે 'તારો આ બેટો એમ ધારેછે કે હું આ હાડમંદ દુનિયાને બીજા કોઇપણ કરતાં વધારે બુલંદ દરજ્જાની બનાવીશ; એજ રીતે તે તારી બિનોઇ જિંદગીને પણ બુલંદ કરશે; અને આ તારો બેટો તારા સંરક્ષણ તળે નહિ પણ શાહ વિસ્તારપના પાદશાહી આશ્રા હેઠળ માન પામશે.'

એમ કરતાં જ્યારે જરતોસ્ત સાત વર્ષનો થયો અને પોતાની ઉમરનાં નાનાં બાળકો સાથે રમતો હતો ત્યારે દૂરાસ્રોબોની જોડે બ્રાત્રોક-રેશ તેને જોવા માટે ગયો. આ છોકરાંઓએ એક ઝુપડું બાંધ્યું હતું અને ત્યાં તેઓ રમતાં હતાં, માટે પેલા જાદુગરો પણ ત્યાં જઇ બેઠા. તેઓએ જરતોસ્તનાં દિલમાં ધાસ્તી પેદા કરી તેનું મન બિગાડવાની તજવીજ કીધી, પણ તેમને જોઇને જ્યારે બીજાં સઘળાં બાળકો બીધાં ત્યારે જરતોસ્ત જરાએ બીધો નહિ.

બાપ બેટા વચ્ચે તકસર.

આ કામમાં જ્યારે પેલા જાદુગરો ફાવ્યા નહિ ત્યારે તેઓએ બૂમ ઉઠાવી કે પોરૂષસ્પનો

---

૧ દીનકર્દ મુજબ પેલા કરપના ફરમાવ્યાથી પોરૂષસ્પે પ્રથમ વરૂની માદાની ગેરહાજરીમાં તેનાં બચ્ચાંને મારી નાખ્યાં, એવી મતલબથી કે તેમના કીનામાં તે માદા જરતોશ્તનો ભક્ષ કરે. પણ પવિત્ર ઇજદોની મદદથી માદાનું મોઢું ગોયા સીવાઇ ગયું હોય તેમ તે કશું કરી શકી નહિ હતી.

૨ નોદર શાહ મિનોચહેરનો બેટો અને રાક અથવા અઇરિચો અથવા અઇરિચો તે નોદરના ભાઈ દૂરાસ્રોબોનો બેટો હતો. એ બેનાં નામ ઉપરથી તે જમાનામાં જે કહેવત ચાલી હતી તે આપણી આ કહેવતને મળતી જણાય છે કે "ભલો ભ્રનેતર આવે તોપણ હું ફલાનું કામ કરૂં નહિ."

૩ Marvels, સફે ૧૪૬.

દીકરો બેઅકલી અને મૂર્ખો છે, અને છુપી રીતે બિગડેલો છે, માટે કોઇપણ નર કે નારી તેને કબૂલ રાખશે નહિ. આ ઉપરથી બાપે બેટાને ઠપકો દીધો કે 'હું તો જાણુતો હતો કે તું એક અથોરનાન, એક રથેશ્તાર અને એક વાસ્તર્યોશ થશે, પણ તું તો બેવકુફ જણાય છે, માટે ચાલ પેલા કરપો પાસે તને લઇ જઇને દવા કરાવું.' જરતોશ્તે જવાબ આપ્યો કે 'હું તે છું કે જે તારો બેટો છે, તેમજ હું અથોરનાન, રથેશ્તાર અને વાસ્તર્યોશ પણ છું.'

પછી પોરૂષસ્પના હુકમથી એક ગાડીને બે ઘોડા જોડીને બન્ને બાપ દીકરા પેલા પાંચ કરપ ભાઇઓ મધેના એકની આગળ ગયા, જે વેળા સર્વ હકીકત સાંભળીને તે કરપે એક જામમાં પીશાબ ભરી તે પોરૂષસ્પને આપી કહ્યું કે 'એ તારા દીકરાને પાઇ દેજે કે જેથી તેને સારૂં થશે. પણ જરતોસ્તે એવું કશું નહિ કરતાં પોતાના બાપને કહ્યું કે 'તારા રક્ષક અને વડા ધર્મગુરૂને આ પાછી આપ.' અને પછી પોતે ત્યાંથી ઉઠીને પોતાને ઘેર પાછો ફર્યો. માર્ગમાં તેણે બન્ને ઘોડાઓને તરસ લાગેલી હોવાથી પાણી પાયું અને મનમાં બોલ્યો કે 'કરપોને મકાને જવામાં લાભ તો કાંઈ થયો નહિ, પણ ઘોડાઓ તરસા થયલા હોવાથી તેમને પાણી પાયાથી મારો જીવ ખુશહાલ થયો છે.'

આ પછી એવું બન્યું કે એક દહાડો દુરેસ્રોબો નામનો કરપ પોરૂષસ્પને ઘેર આવ્યો ત્યારે ભોજન તૈયાર કરાવીને મુકયું, અને તેની જોડે કળસિયો ભરીને ઘોડીનું દુધ પીવા માટે હાજર કીધું. પોરૂષસ્પે તેને કહ્યું કે 'આ પ્રગણામાં તુંજ મૂખ્ય ધર્મગુરૂ છે, માટે આ વસ્તુઓ તારેજ ઇજવી જોઇયે.' આ સાંભળીને જરતોસ્ત, કેજે હજુ નાનો બાળક હતો, તેણે કહ્યું કે 'આ ભોજન હું ઇજીશ; જે ઇજશ્નને મારે કરવાની જરૂરી છે તે આ કરપે કરવી જોઇયે નહિ.' પોરૂષસ્પે જવાબ આપ્યો કે 'એ ઇજશ્નને કરશે, અને તું આફ્રીન ભણજે.'

ત્રણ મરતબે બાપ દીકરા દરમ્યે આ બાબતમાં તકરાર ચાલી, જે દરમિયાન પોરૂષસ્પે પોતાના બેટાને આમ કહીને તાનો માર્યો કે 'તું જેને આરાધે છે તે મારી આરાધના નથી, અને હું જેમને આરાધું છું તેમને આ કરપ આરાધે છે.' આ તકરાર પછી જરતોસ્તે ઉઠી ઉભો થઇને પોતાને જમણે પગે દુધનો કળસિયો ઉંધો વાળી દીધો અને આ મુજબ બોલી ઉઠયો કે 'રાસ્ત માણસોને હું નમસ્કાર કરૂંછું—પછી તે મર્દ હોય કે ઓરત; ગરીબોને હું માન આપુંછું—પછી તે મર્દ હોય કે ઓરતઃ પણ ધાતકી નરનારિઓને હું નમતો નથી. જ્યારે પોરૂષસ્પો ઇજશ્નને કરતો હોય ત્યારે જે કોઇપણ માણસ તેમાં શામેલ થવા માંગે તેણે જેની પરસ્તેશ ઘટારત હોય તેનીજ પરસ્તેશ કરવી જોઇયે. અય પુરૂષસ્પો! તું તે માણસને ભોજનમાં ભાગ આપ, કે જેનામાં તે ભોજન માટેની લાયકાત હોય.'

જરતોશ્તના નાશની ધમકી.

આ સખુનો સાંભળીને પેલો કરપ દુરેસ્રોબો બુમ પાડીને જરતોશ્તને કહેવા લાગ્યો કે 'મારા ખોરાકનો એક ભાગ તેં ઉડાડી નાખ્યોછે ખરો, પણ તારી આ અને પેલી બન્ને જિંદગીઓ દરમિયાન એ તારી કનેથી પાછો લઇશ, અને તારો સદંતર નાશ કરીશ.' પણ પેલો કરપ પોતાની ધમકીનો વાક્ય પુરો કરી રહે તે આગમજ જરતોસ્ત વચ્ચે બોલી ઉઠયો કે 'પુરેપુરાં ધ્યાનથી મારી બન્ને આંખો વડે તારી ઉપર નેગાહ રાખતો રહીશ અને હુંજ તારો સદંતર નાશ કરીશ.'

આ પછી કેટલોક વખત સુધી બન્ને એક બીજા તરફ નજર પાછી ફેરવ્યા વિના દુરે-

કરતા રહ્યા. ઉપલા જવાબથી પેલો જાદુગર નિર્મળ થઇ ગયો અને દુધાળી દશ ઘોડીઓનું દુધ દોતાં 'એક દોનારીને જેટલો લાંબો વખ્ત લાગે તેટલા વખ્ત સુધી તે બેભાન બની ગયો. જ્યારે શુદ્ધિમાં આવ્યો ત્યારે ફરીથી તેણે જરતોસ્તને ઉપર મુજબની ધમકી આપી, અને પાછો ઉપર પ્રમાણેનોજ જવાબ જરતોસ્ત તરફથી મેળવ્યો, જેની અસરથી વીશ ઘોડીઓને એક જણે દોતાં જેટલો સમય જાય તેટલો સમય તે બેહોશ પડી રહ્યો. જ્યારે તે કરપ ફરીથી હોશમાં આવ્યો ત્યારે તેણે ત્રીજી મરતબે પોતાની ધમકી કહી સંભળાવી, પણ જ્યારે જરતોસ્તે તેને ત્રીજી મરતબે પોતાનો ઉપલોજ જવાબ કહી ઠઠરાવી નાખ્યો ત્યારે દુરાસ્રોબો ત્રીશ દુધાળી ઘોડીઓને દોતાં એક છોડીને જેટલો લાંબો વખ્ત લાગે તેટલો વખ્ત સુધી નિરાધાર પડી રહ્યો.

આ બેખબુરીમાંથી જ્યારે તે જાગૃત થયો ત્યારે તેણે પોતાનો ઘોડો ગાડીએ જોડાવ્યો અને બોલ્યો કે 'ખરેખર આ શેકસ્તાર (જરતોસ્ત) પવિત્ર વાણીથી અને પેગમ્બરી સત્તાથી મારો નાશ કરશે'[1] પછી તે ગાડીમાં બેસીને પોતાનાં ઘર તરફ પાછો ફરતાં કેટલાક યુજયાસ્ત[2] જેટલો આગળ હંકારી ગયો ત્યારે તે ગભરાટથી દુખી થવા લાગ્યો. તેની કમર ભાગી ગઇ, અને તેજ પળે મરણ પામ્યો. અને તેજ જગાએ તેના બચ્ચાંનાં બચ્ચાંના બચ્ચાનું પણ શેવટ આવ્યું.[3]

* • * *

જરતોશતના ભાઇઓ.

એવું જણાય છે કે જરતોસ્તના બીજા ચાર ભાઇઓ હતા, જેઓમાંના બે જેઓ તેના વડા ભાઇઓ હતા તેઓ પોરૂષસ્પની પહેલી ઓરતને પેટના, અને બીજા બે જરતોસ્ત કરતાં નાના હતા. વડા ભાઇઓનાં નામ રતૂસ્તર અને રંગૂસ્ત તથા નાના ભાઇઓનાં નામ નોતરીગા અને નીવેતીશ હતાં. જેમ વડા તેમજ નાના ભાઇઓ વિશે જાદસ્પરમ સિવાય બીજે કેડે લખાણ હોય એમ જણાતું નથી.[4]

જ્યારે જરતોસ્ત ૧૫ વર્ષનો થયો ત્યારે પોરૂષસ્પના બેટાઓએ પોતપોતાનો ફાળો માંગવાથી તેણે તેમને તે વહેંચી આપ્યો, જેમાં કપડાંની વહેંચણી કરતી વેળાએ જરતોસ્તને ભાગે ચાર આંગળાંની પહોળાઇનો એક કમરબંદ આવ્યો, જે તેણે કમરે બાંધ્યો.

તેનાં દયાળુ દિલના દાખલા.

જરતોસ્ત દયાળુ દિલનો અને હિંમતવાન હતો તેનો એક દાખલો જાદસ્પરમ આ મુજબનો નોંધે છે. અરંગિસ્તાન નામે પ્રગણામાં અરંગ અથવા અરગ નામે એક નદી વહેતી હતી, જે ઘણી ઝડપવાળી અને જોરાવર હતી. આ નદી ઓરતો પસાર કરે ત્યારે તેમને પોતાનાં કપડાં કહાડી નાખીનેજ તેમ કરવું પડતું હતું, કારણ કપડાં સુધ્ધાં તેમને તણાઇ જવાની ધાસ્તી રહેતી હતી. એજ રીતે સીતેર વર્ષના ઘરડા મર્દને પણ કપડાં ઉતારીનેજ આ નદી પસાર કરવી પડતી હતી, કેમકે તેઓમાં નદી પસાર કરવા માટે જોઇતું બળ હોતું નથી. એક દિને આ નદીમાંથી પસાર થતી વેળા જરતોસ્તે

---

૧ 'જાદસ્પરમ' મુજબ—આ છોકરાને લીધે મારે વધુવાર થોભવું અશક્ય છે.

૨ એક હજાર કદમના એક રૂમી માઇલ જેટલા ૧૬ માઇલનો એક 'યુજયાસ્ત' થાય. પણ ડૉ. વૅસ્ટ કહે છે કે દીનકર્દના આ લખનારને આ લાંબા તફાવતની ખબર હોય એમ લાગતું નથી.—Marvels, સફે ૩૯, નોટ ૧.

૩ એટલે કે વૅસ્ટ મુજબ ઘણું કરીને તે ફર્જંદ વિના મરણ પામ્યો.—Marvels, સફે ૧૪૧, નોટ ૧.

૪ જરતોશતના ચારે ભાઇઓનાં નામોનું આ ઉકલાણ ડૉ૦ વૅસ્ટે અટકળે કરેલું છે.—Marvels, સફે ૧૪૯ તથા નોટ ૧.

સાત ઓરતો અને ઘરડા મર્દોને પાણીમાં તણાઈ જતાં જોયા, જે ઉપરથી તેમની દયા ખાઇને તેણે પોતે પુલ હોય તેવી રીતે દરેકના હાથ પકડીને તેમને નદી પસાર કરાવીને કિનારે ઉતાર્યાં.

જરતોસ્તનો દિલગુર્દો મોટો હતો. તેના બાપ પોરૂષસ્પના ઘોડા અને ઢોરોને માટે ઘાસ ચારો મોટા જથામાં ભેગો કરી રાખવામાં આવતો હતો. પણ જ્યારે પ્રગણામાં દુકાળ પડતો હતો ત્યારે આ ઘાસ ચારો પોતાનાં ઢોર ધાંકને પુરો પાડયા ઉપરાંત જરતોસ્ત બીજા ધણીઓનાં ઢોરોને પણ વહેંચી આપતો હતો, કે જે ઢોરો ભુખ નહિ ખમાયાથી ઘાસચારા વિના એકબીજાનાં પુછડાં કરડી ખાતાં હતાં. આવાં ઢોરોને આ ચારો પુરતો ખવાડવામાં આવતો હતો.

વીશ વર્ષનો થયો ત્યારે જરતોસ્તે દુનિયાની મોજમજાહ ઉપરથી હાથ ઉઠાવવા માંડયો અને રાસ્તીની શોધમાં નિકળ્યો. પોતાનાં માતપિતાની મર્જી વિના તે ઘેરમાંથી બાહેર નિકળી પડયો, અને જ્યાં જ્યાં જતો ત્યાં પુછતો કે 'તમારામાં એવો કોણ છે કેજે રાસ્તીની ભારી ખાહેશ ધરાવે છે અને ગરીબોનો મોટો રક્ષક છે? જવાબ મળતો કે 'ઑર્વઇતો-દિક નામના તુરાનીનો સર્વથી નાનો બેટો, કેજે દરરોજ એક ઘોડાની ઉંચાઇ જેટલી મોટી ડેગ, રોટી અને દુધ અને બીજા ખોરાકથી ભરીને ગરીબોને વહેંચી આપે છે.' આ સાંભળીને જરતોશ્ત ઉપલા તુરાનીનાં ગામમાં ગયો, અને તેની મેહરબાનીથી તથા ત્યાંનાં આગેવાન માણસોની મદદથી ગરીબોને માટે ખોરાક લાવી પોતે તેમનું પોષણ કીધું અને તેમને ભુખે મરતા બચાવ્યા.

જરતોસ્તનાં દયાળુ દિલનો એક બીજો દાખલો જાદસ્પરમ આ નોંધે છે કે એકવાર એક કુતરીએ પાંચ બચ્ચાંને જન્મ આપ્યો હતો પણ ત્રણ દહાડાની તે ભુખી હતી. આથી જ્યારે તે પોતાની આગળથી જેમ્મી માણસને પસાર થતાં જુએ તેના તરફ પોતાનું મોં કરીને ગોયા ખોરાક માંગતી હોય તેવો દેખાવ કરે અને પછી ભુખમરાથી સુસ્ત બની જાય. જરતોશ્ત તેને આ હાલતમાં જોતાંજ તેને માટે ખોરાક લેવા દોડયો, પણ જ્યારે તે રોટી લઇ આવ્યો ત્યારે તે બીચારી મરણ પામી હતી.

તેની ઓરત.

જે જમાનામાં જરતોસ્ત થઇ ગયો તે જમાનામાં જેમ બાળલગન હોય એમ જણાતું નથી, તેમજ ઉમરે પુગેલાં બાળકો પોતપોતાને મનપસંદ ખત્રંદ યા ઓરત સાથ સાદી કરવાનો હક ધરાવતાં હોય એમ પણ જણાતું નથી. વીશથી વધારે વર્ષનો થયલો હોવા છતાં હજુ જરતોસ્ત પરણ્યો ન હતો. તે ઉપરથી જણાય છે કે તે જમાનાના મજ્દયસ્નાનોમાં બાળકોને નાની ઉમરે પરણાવવાનો રિવાજ ન હતો. અને જરતોસ્ત માટે તેના માતપિતાએ બાયડી પસંદ કીધી હતી તે ઉપરથી જણાય છે કે ઉમરે પુગેલા ફર્જંદોને માટે વર બાયડી પસંદ કરવાનો હક માબાપ ધરાવતાં હતાં. જરતોસ્તની બાયડી તેના પિતાએ પસંદ કીધી ખરી, પણ તેણી પોતાને લાયકની છે કે નહિ—તે સારી ખાસયતની છે કે કેમ—તે જાણ્યા વિના જરતોસ્તે તેની સાથ સાદી કરવા ના પાડી. તે વેળાની સંસારી રીતભાત પ્રમાણે આ પસંદ કીધેલી વહુ પોતાનો ચેહરો ઢાંકતી હતી. જરતોસ્તે પોતાની ભવિષ્યની બાયડીની મુલાકાત લઈને તેનો ચેહરો જોવા અને તે પોતાને પસંદ પડે એવી છે કે નહિ તે જાણવા માંગ્યું. તેનો આ સવાલ સાંભળીને પેલી કન્યાએ શરમાઇ જઇને પોતાનું મોં ફેરવી દીધું, જે ઉપરથી જરતોસ્તે તેને કહ્યું કે 'જે કોઇ

મને પોતાનો ચેહરો જોવા દે નહિ તે મારે માટે માન ધરાવતું નહિ હોય.' અલબત, આ પછી પેલી શરમાઇ ગયલી નાજનીને પોતાના ભર્તાર થનારને પોતાનો ખુબસુરત ચેહરો દેખાડવો જોઇએ, અને તેણે તેને પસંદ કરવી જોઇએ.

સચ્ચાંઇની શોધમાં

સચ્ચાંઇની શોધમાં નિકળ્યા પછી જેઓ આડે માર્ગે ચાલતા હતા તેમની કનેથી પણ સારી વાતો મળી શકતી હોય તો તે જાણી લેવાની જરતોસ્તે કોશેશ કીધી. પોતાના પ્રાંતમાં સારી ખબરદારી ધરાવનાર તરીકે સારી પેઠે જાણીતા થયલા ધણીઓની એક મજલિસમાં જરતોસ્ત એકવાર દાખલ થયો અને તેમને સવાલ પુછી જાણવા માંગ્યુ કે—'રવાનને ખુશહાલ કરનારી સરસ ચીજ શી છે?' જવાબ મળ્યો કે "ગરીબોનું પોષણ કરવું, ઢોરોને ઘાસચારો આપવો, આતશ ઉપર કાઠી બાળવી, પાણીમાં હોમ કુટીને તેનો રસ રેડવો, અને ઘણા દેવતાઓની પવિત્ર શબ્દોથી પરસ્તેશ કરવી." જરતોસ્તે આ પાંચમાંની પહેલી ચાર વાતો પસંદ કીધી, પણ કોઇપણ દેવતાની વચનોથી પરસ્તેશ કરવાની સાફ ના પાડી.

મજહબની બુલંદીની નિશાનીઓ.

હવે જરતોસ્ત ત્રીશ વર્ષની ઉમરે પુગ્યો. અસ્પંદારમદ મહિનાના અનેરાન રોજે તેણે ૩૦ મું વર્ષ પુરું કીધું. ત્યાર પછી બહારની મોસમના ગાહામ્બાર કે જે નવુ વર્ષ બેઠા પછી ૪૫ મે દહાડે પડે છે,[1] તેમાં શામેલ થવા માટે તે પોતાને ઘેરથી નિકળ્યો. આ જશન કોઇ ચોક્કસ ઠરાવેલી જગાએ થતાં હોવાથી અને જ્યાં ઘણા ભાગો ખાતેનાં લોકો આવતાં હોવાથી જરતોસ્તને લાંબો માર્ગ કાપવાનો હતો.

માર્ગમાં એક મેદાન આવ્યું ત્યાં જરતોસ્ત થોભ્યો, અને અહીં વીસામો લેતાં તેના ખયાલમાં એવું દેખાયું કે માણસજાતનું મોટું ટોળું અને મોભાદાર માણસો ઉત્તર દિશાએ ભેગાં થયાં હતાં, અને માનવીઓનાં એ ટોળાંની હરોલમાં પોરૂષસ્પના ભાઈ અને પોતાના કાકા આરાસ્તાઇનો બેટો મેદીઓમાહ ચાલતો હતો.

જરતોસ્તનો આ ખયાલ પાછળથી એમ ખરો પડયો કે તેનો મજહબ સૌથી પહેલો કબુલ રાખનાર તેનો આ પિત્રાઇ મેદીઓમાહ પોતેજ હતો, અને તેની પુઠે બીજા ઇરાનીઓ તે તરફ ખેંચાયા હતા, જેમનો આગેવાન મેદીઓમાહ હતો, અને એ સઘળા જરતોસ્ત પાસે તેના મજહબની તાલીમ લેવા તેની મુલાકાતે આવ્યા હતા.

અહીંથી જરતોસ્તના મજહબની શુરૂઆત થાય છે.

ફસલ ૪—પેગમ્બરીની શુરૂઆત.

દાઇતી નદી ઉપર મુલાકાત.

મેદીઓજરૅમ ગાહામ્બારનાં જશનની ક્રિયા દાઇતી નદીને કાંઠેનાં કોઇ શેહરમાં થયલી હોવી જોઇએ. અહીં અર્દીબહેશ્ત મહિનાના દેપમેહર રોજે બામદાદને સમયે જઇ પુગ્યા પછી, જરતોસ્ત હોમ કુટવાની મતલબથી દાઇતી નદીને કિનારે ગયો, જેના ચાર ફાંટા હતા. પહેલા ફાંટાના પાંણી તેના પગના નળા જેટલાંજ ઉંડાં હતાં. પણ બીજાનાં ઘુટણ જેટલાં, ત્રીજાનાં કમ્મર જેટલાં અને ચોથા ફાંટાનાં ગર્દન જેટલાં ઉંડાં હતાં. જાદસ્પરમ આ બનાવ ઉપરથી એવો સાર કહાડે છે કે જરતોસ્તનો મજહબ ચાર મરતબે બુલંદી ઉપર આવનાર હતો; તે જરતોસ્તે પોતે જાહેર કરતી વેળા બુલંદીપર

૧. ડૉ૦ વૅસ્ટ કહે છે કે આ મેદીઓજરૅમ ગાહામ્બારનો અવસર હતો, કે જે બીજા પારસી મહિનામાં પડે છે.—Marvels, સફે ૧૫૪, નોટ ૩.

આવ્યો હતો, ત્યારબાદ ઐશીદર અને ઐશીદર-માહ અને છેલ્લે સોસ્યોસ તેને બુલંદી ઉપર લાવશે.

હવે જ્યારે જરતોસ્ત નદીનો ચોથો ફાંટો જેનું નામ ઐશાન રૂદ હતું તેમાંથી બાહેર નિકળ્યો અને પોતાનાં ઉતારેલાં કપડાં તેણે પાછાં પહેરી લીધાં, ત્યારે તેણે એક એવા માણસને દિઠો કે જે ખુબસુરત ચેહરાનો, ઝળકતી પેશાનીનો, શોભીતો, જેના બાલ ગોળ વાળેલા હતાં, જેણે એવો રેશમી પોશાક પહેરેલો હતો કે જે કરતાં વધારે ભભકદાર, રોશની સિવાય, બીજું કોઇ હોઇ શકે નહિ. પણ આ માણસ જરતોસ્ત કરતાં ઉંચાઇમાં નવગણો વધારે હતો.[1]

આ બહમન અમશાસ્પંદ હતો. તેના હાથમાં એક ઝાડની ચલકની ડાંખળી હતી, જે તોડયાથી ઝાડને કશી ઇજા થઇ ન હતી. આનો સર એ ઉઠાવવામાં આવ્યો કે નવા મજહબની આ બિનોઇ ડાંખળી હતી, અને નવા ધર્મે પણ એવી રીતે કામ લેવાનું છે કે જેથી કોઇને ઇજા થવા પામે નહિ, અને સઘળે સુલેહ સંપ જ સાથ મજહબનો ફેલાવો થાય.

બહમન સાથ વાતચીત.

જ્યારે ઐશાન રૂદ નદીને કાંઠે કપડાં પહેરીને ઉભો ત્યારે પેલો માણસ કે જે બહમન હતો તેણે પુછયું કે 'તું કોણ છે? અને તારૂં ખાન્દાન કયું?'[2] જરતોસ્તે જવાબ આપ્યો કે 'હું જરતોસ્ત છું અને સ્પીતામનાં ખાન્દાનનો છું.'

વોહુમનો (બહમન) એ પુછયું કે 'સ્પીતામના ખાન્દાનના અય જરતોસ્ત! જ્યારે તારા ઉપર બહુજ દુખ આવી પડે ત્યારે તને શાની ગર્જ પડે? ત્યારે તું સૌથી પહેલો શો ઇલાજ લે? અને તું શાની ખાહેશ કરવાને લલચાય?' જરતોસ્તે જવાબ આપ્યો કે 'સચ્ચાઇને હું પહેલી શોધું, રાસ્તી માટે હું પહેલી તજવીજ કરૂં, અને અશોઇની હું પહેલી તલબ કરૂં.'

બહમને કહ્યું કે 'સચ્ચાઇ એક ખરેખરી અને હસ્તી ભોગવતી ચીજ છે, અને તેથી જે માણસ સચ્ચાઇ એખ્તિયાર કરે તે રાસ્તી પોતાની કને ધરાવે છે.' જરતોસ્તે ઉત્તર વાળ્યો કે 'સચ્ચાઇ મોજુદ છે તેથી હું જાણીતો છું અને મને કશો શક નથી. પણ તારા ચેહરા ઉપર જે પ્રકાશ પથરાયલો છે તે તો વોહુમનો મારફતે મળે છે તે તને કેવી રીતે મળ્યો અને તે તું કયાંથી લાવ્યો?'

બહમન બોલ્યો—'અય જરતોસ્ત, તારા હાથમાંનું કપડું તું મુકી દે, કે પછી જેણે તને પેદા કીધો છે અને જેનાથી હું પેદા થયો છું, કે જે ઇજદોમાં સૌથી મેહરબાન છે, કે જે સૌથી માયાળુ છે; અને જેની યાદ આપનાર હું વોહુમનો છું, તેની જોડે આપણ મસ્લેહત ચલાવિયે.'

જરતોસ્ત મનમાં બોલ્યો કે 'ભલો તે છે કે જે પેદા કરનાર છે, કે જે તેની યાદ આપનાર કરતાં બેહતર છે,' અને પછી પ્રથમ બેહમન અને તેની પુઠે જરતોસ્ત, એમ તેઓ ત્યાંથી ચાલી ગયા. જાદસ્પરમ અલંકારિક જબાનમાં લખે છે કે વોહુમનો જો નવ કદમ ચાલતો, તો જરતોસ્તને તેની બરાબર ચાલવા માટે નેવું કદમ ચાલવું પડતું હતું. અને એ રીતે બીજાં નેવું કદમ આગળ વધ્યા પછી તેઓ સાત અમશાસ્પંદોની મજલિસમાં જઇ પુગ્યા. જરતોસ્ત જ્યારે આ મજલિસથી ચોવીશ કદમ દૂર હતો ત્યારે તેણે પોતાનાં બદનનો ઓળો પડતો દિઠો નહિ, કેમકે ત્યાં સઘળી રોશની ફરી વળેલી હતી. આ મજલિસ

---

૧ આમ જાદસ્પરમ લખે છે. દીનકર્દ મુજબ આ ભભકદાર માણસની ઉંચાઇ ત્રણ ભાલા જેટલી હતી.

૨ આને ગાથાનાં વર્ણન સાથ સરખાવો. જુઓ અશાડી, સફે ૭૯.

ઇરાનમાં દાઇતી નદીના કાંઠા ઉપરનાં મુલકમાં મળી હતી.

અમશાસ્પંદોની મજલિસમાં.

જરતોસ્તે વાંકો વળીને અમશાસ્પંદોને નમન કીધું અને બોલ્યો કે 'અહુરમજદની હું નમાજ કરૂં છું—અમેશાસ્પંદોને હું નમું છું.'

આમ બોલીને તે ત્યાં જઇને બેઠો કે જ્યાં સવાલ પુછનારાઓ માટે બેઠક કીધેલી હતી. તેણે અહુરમજદને[*] પ્રથમ આ સવાલ પુછ્યો કે 'હાડમંદ દુનિયામાં સંપૂર્ણ ચીજોમાં પહેલી કઇ છે, અને બીજી કઇ તથા ત્રીજી કઇ છે?' અહુરમજદે જવાબ આપ્યો કે 'હુમત (નેક વિચાર) સૌથી પહેલી સંપૂર્ણ ચીજ છે, હુખ્ત (નેક વચન) બીજી અને હ્વર્સ્ત (નેક કામ) ત્રીજી સંપૂર્ણ ચીજ છે.'

જરતોસ્તે ફરીથી પુછ્યું કે 'ભલી ચીજ કઇ છે, તેથી વધારે સારી કઇ છે, અને સૌથી સરસ કઇ છે?' અહુરમજદે જવાબ આપ્યો કે 'અમેશાસ્પંદ એ નામ ભલું છે, અમેશાસ્પંદોને જોવા એ બેહતર છે, અને અમેશાસ્પંદોના હુકમ બજા લાવવા એ સૌથી સારૂં કામ છે.'

અમશાસ્પંદોની આ મજલિસમાં અહુરમજદ પોતે પણ તેમના વડા દાખલ શામેલ હતો એમ[*] જાદસ્પરમ જણાવે છે, અને તે એમ પણ સમજેલો લાગે છે કે અહુરમજદ પોતાનાજ પેદા કીધેલા હારેમન (અહ્રમિનો) નો હરીફ હતો. જરતોસ્તે પાછળથી પોતાનો મજહબ જાહેર કરતી વેળા રચેલાં ગાથાનાં ગાયનોમાં હારેમનની હરીફાઇમાં સપેનામિનોને રજુ કીધેલો છે, અને હોરમજદને તેઓ બન્નેના પેદા કરનાર તરીકે જણાવ્યો છે. તે રચનાથી પેહલવી લખાણની ઉપલી કલ્પના કેવળ જુદી છે. સપેનામિનોની ખાહેશ સઘળું ભલું અને અના મિનોની ખાહેશ સઘળું બુરૂં કરવાની હોવાથી ગાથામાં આ બન્નેના આચાર વિચાર એક-બીજાથી કેવા જુદા પડે છે તેની જે વિગત આપેલી છે, તેને મળતોજ જાદસ્પરમમાં એક ફકરો છે કે જેમાં સપેનામિનોને બદલે હોરમજદ આ મુજબ જરતોસ્તને કહે છે કે—"નથી અમારી ખાહેશો, નથી અમારા સખુનો, નથી અમારાં કામો, નથી અમારો મજહબ કે નથી અમારી શક્તિ એકબીજાને મળતાં આવતાં. જે રોશનીને ચાહે છે તે રોશનીઓના ચળકાટમાં વસે છે; અને જે અંધકાર પસંદ કરે છે તે અંધારા સાથીઓ સાથ વસે છે."

જરતોશ્તે જોયલા ચમત્કારો.

જરતોશ્તની અમેશાસ્પંદો સાથની આ પહેલી મુલાકાતમાં તેણે જોઇ લીધું કે તેઓ જોકે એકસરખા કદાવર હતા, તોપણ તેમની પાયરી પ્રમાણે દરેક પોતપોતાના વડાથી એક આંગળ જેટલો ટુંકો હતો. આ અમેશાસ્પંદોએ જરતોસ્તને ત્રણ કિસમના ચમત્કાર બતાવી નવા મજહબની સચ્ચાઇ બાબે ખાતરી કરી આપી. પહેલો ચમત્કાર આતશનો હતો, કેજે ઉપરથી જરતોસ્ત 'હુમત,' 'હુખ્ત' અને 'હ્વર્સ્ત' એ સખુન ભણતો ત્રણ કદમ આગળ વધ્યો તોપણ તેને કશી ઇજા થઇ નહિ. બીજો ચમત્કાર તપાવેલી ધાતુનો હતો, કેજે તેની છાતી ઉપર રેડવામાં આવી ત્યારે તે થંડી પડી ગઇ, અને તે તેણે હાથમાં પકડીને અમેશાસ્પંદો આગળ ધરી. આ ચમત્કારની ખુબી પછી અહુરમજદે જરતોસ્તને કહ્યું કે પાક મજહબની સ્થાપના થયા પછી જ્યારેબી ધર્મ સંબંધી વાંધો ઉઠે ત્યારે તારા ચેલાઓ તપાવેલી ધાતુ પોતાના વડા ગુરૂ ઉપર રેડશે અને તે તેને પોતાના હાથમાં પકડી શકશે, અને પછી લોકો તેના ઉપર પુરું ઇતબાર લાવશે. ત્રીજો ચમત્કાર છુરી વડે જખમ કરવાનો હતો.[૧] પેટ ચીરીને

૧ સરખાવો ગાથા ઉશ્તવદ, યજશને હા ૪૫, ફ૦ ૨.

અંદરના ભાગો ખુલ્લા કર્યાં છતાં અને લોહી વેહ્યા છતાં આ જખમ ઉપર જો હાથ ફેરવે તો તે તરત રૂઝાઇ જાય.

દશ વર્ષમાં સાત મુલાકાતો.

આ પછી પહેલી મુલાકાતનું શેવટ આવ્યું; અને ત્યારબાદ દશ વર્ષની મુદતમાં જરતોસ્ત બીજી છ મરતબે અમેશાસ્પંદોની મુલાકાતે ગયો હતો, જેઓમાંની પહેલી બહેમન અમેશાસ્પંદ સાથની, બીજી અર્દિબહેસ્ત સાથની, ત્રીજી શેહેરેવર સાથની, ચોથી અસ્પંદારમદ સાથની, પાંચમી ખોરદાદ સાથની, અને છઠ્ઠી અમેરદાદ અમેશાસ્પંદ સાથની હતી. આ મુલાકાતો દરમિયાન જાનવરો, આતશો ધાતુઓ, જમીન, પાણી, અને ઝાડપાનને લગતી સમજ જરતોસ્તને મળી હતી.

દર પાંચ મહિનાના શિયાળા દરમિયાન આ મુલાકાતો થઇ હતી અને એ વેળા જરતોસ્તે સવાલો પુછીને ખુલાસા મેળવ્યા હતા.

ધર્મની પહેલી કોશેશ.

દશ વર્ષમાં સાત મુલાકાતો પુરી થઇ હતી, પણ પહેલીજ મુલાકાત બાદ જરતોસ્તે પોતાના નવા મજહબના ફેલાવાનો કસ્દ કરવા માંડયો, અને પોતાની આ પહેલી કોશેશ તેણે પોતાના ઇરાની લોકોમાં નહિ કરતાં તે જમાનાના કીક અને કરપ નામના ધર્મગુરૂઓ અને તૂરાની લોકોમાં કીધેલી જણાય છે, કારણકે અહુરમજદ સાથની પહેલી મુલાકાત પછીનાં બે વર્ષમાં તે પ્રથમ આ કીક અને કરપ લોકોની મજલિસમાં જઇને પોતાના મજદયસ્ની મજહબની ખુબી જાહેર કરવા લાગ્યો. એવા એક મેળાવડામાં જઇ તેણે બુલંદ આવાજે અહુરમજદની ખુબીઓ ગાવા માંડી અને આ નવા મજહબ તરફ ભેગાં મળેલાં લોકોને ખેંચ્યાં. તેણે રાસ્તીની તારીફ કીધી અને દેવપરસ્તી તરફ તિરસ્કાર બતાવ્યો. પણ દીનકર્દમાં લખ્યું છે[1] કે આ બધાં જોડે જરતોસ્તે બહુજ નજદીકનાં ખેશીઓ વચ્ચેના લગ્નની હિમાયત કરી કહ્યું કે દેવપરસ્તીનો નાશ એથીજ થશે.

[આ બિના ગલત હોવી જોઇયે. ગાથાવાણી જે જરતોસ્તે પોતે અહુરમજદની ખુબી ગાવા માટે ગાયનમાં રચેલી છે તેમાં આવાં લગ્ન વિશે કશું જણાવેલું નથી.]

જરતોસ્તના ખૂનીઓ.

ખેશાવંદીનાં લગ્નોને "ખ્વેતૂક-દસ" (ખયત્વોદથ)નું નામ આપવામાં આવ્યું છે. આવી શાદીનો રિવાજ જરતોસ્તની આગમજ તુરાનીઓમાં હોય એમ લાગતું નથી, માટે જરતોસ્તે જ્યારે એવાં લગ્નોની હિમાયત કીધી ત્યારે તેમના ધર્મગુરૂ કીક અને કરપ (અવસ્તા મુજબ કવી અને કરપન) તેના ઉપર છેડાઇ પડયા અને તેને મારી નાખવા માટે તેની ઉપર ધસ્યા. એઓમાંનો એક ઔર્વાઇતા-દંગ નામના તે પ્રાંતના હાકમનો ભાઇ હતો. મજલિસમાં ભેગા થયલા સઘળા તૂરાનીઓએ પ્રથમ તો જરતોસ્તનું ભાષણ ધ્યાનથી સાંભળ્યું, પણ જ્યારે ઉપલી કિસમની શાદીની હિમાયત તેઓએ તેને કરતો સાંભળ્યો ત્યારેજ તેઓ ખૂનપર ચઢયા. તેઓ પોતાના મજકુર હાકમ આગળ ફરિયાદ લઇ ગયા, અને તેમની તે ફરિયાદને હાકમના ભાઇએ ટેકો આપ્યો. તેઓએ હાકમથી જાણવા માંગ્યું કે આ રીતે જે માણસ ખયત્વોદથની હિમાયત કરે, પણ બીજી બધી રીતે સારૂં શિક્ષણ આપે, તે માણસનો જાન લેવો જોઇયે કે નહિ?

આ ઔર્વાઇતા-દંગને માટે કહે છે કે તે તૂરાની હતો, અને તે બખીલ તરીકે ઓળખાતો હતો. તે પોતાનાં પ્રગણામાં મોટો શાહ હોય તેમ અમલ ચલાવતો હતો. તેની નોકરીમાં ઘણું લશ્કર હતું અને તે ઘણી સત્તા ધરાવતો હતો. આ હાકમે જરતોસ્તનો જાન લેવા આંગ-

[1] દફતર ૭, પ્રકરણ ૩, ફકરો ૫.-Marvels, સફે ૫૧.

નારા લોકોથી તેને બચાવીને પોતાનાં રક્ષણ તળે લીધો હતો, અને તેથી લોકો તકાજો કરતાં હતાં કે તું નામદારના આશ્રામાંથી અમો આ તુચ્છ માણસનો કબ્જો લઇ તેનો જાન લઇશું.[૧]

પોતાના ભાઇની અને પ્રજાનાં લોકોની વાતો સાંભળીને હાકમ ઔર્વાઇતા-દંગે જવાબ આપ્યો કે—'તારે તે માણસનો નાશ કરવો જોઇતો નથી, કેજેને આખી હાડમંદ દુનિયામાં ઘણીજ મોહબતનાજ ચશ્મ ધરાવનાર તરીકે મારી આંખોએ પિછાન્યો છે. એ તો બળવાન થશે, કારણ જો તું એનો નાશ કરશે તો મને નથી લાગતું કે લાંબો વખ્ત સુધી ડહાપણની વાતો આ તરફ સમજવામાં આવે, અને એ જે બતાવે છે તેવા ડહાપણના કાયદા દુનિયામાં જાહેર થાય.'

આ રીતે પોતાના ભાઇને સમજાવીને હાકમે જરતોસ્તને કહ્યું કે 'મારાં મનથી તું કેજે લોકોને નસીહત કરેછે તે એક અશો માણસ છે.

પેગમ્બરનો પહેલો રક્ષક.

આથી જરતોસ્તનો જાન બચ્યો. તૂરાની હાકમ ઔર્વાઇતા-દંગના અમીરો બહુ ગુસ્સે થયા અને તેઓ તેનો જીવ લેવાની ધમકી આપવા લાગ્યા. પણ જયારે તેઓનું કાંઇ વળ્યું નહિ ત્યારે જરતોસ્તે પોતાનો મજહબ કબુલ રાખવા તે હાકમને એલતેમાસ કીધી. ઔર્વાઇતા-દંગે તેને જવાબ આપ્યો કે 'સ્પીતામનાં ખાન્દાનના અય જરતોસ્ત, જે બુરાઇમાં તું ખરેખર છે તે તરફ તું મને ખેંચી શકશે નહિ.'

આટલેથી હિમત નહિ હારતાં જરતોસ્તે આ હાકમને વધારે સમજાવવાની કોશેશ કીધી. તે બોલ્યો કે—

'અહુરમજદે મને આ રીતે પુછ્યું કે "અય જરતોસ્ત, તું અમો મિનોઇ અમેશાસ્પંદો વચ્ચે આવ્યોછે ત્યારે તું અમોને જણાવ કે હાડમંદ દુનિયામાં પાદશાહ જેવા બળવાન નરોમાં રક્ષણહાર એવો કોણ છે કેજે મોટો કાયદો કરી આપે, ગાયઢોરનું પોષણ કરે, લોકો સાથે સારી પેઠે ભળાય, લોકોની હાજત સારી પેઠે પુરી પાડે, અને સૌથી સરસ પરોણાગત કરે?" ત્યારે મેં તેને જવાબ આપ્યો કે "એવો માણસ ઔર્વાઇતા-દંગ જે તૂરાની છે તે છે."'

'ત્યારે અહુરમજદે મને પાછો ઉત્તર વાળ્યો કે "અય જરતોસ્ત, આ મજહબ કેજે અહુરમજદનો અને જરતોસ્તનો છે તેના વિચાર, વાણી અને કર્મ તરફ પાદશાહોમાં સૌથી પહેલાં તારે તેને ખેંચવો જોઇયે. અય જરતોસ્ત, જો તું તેને આ મજહબ તરફ ખેંચી શકે અને તે આ દીન કબૂલ રાખે, અને વળી તારી એ દીનનો ફેલાવો કરે, અને તારો ચેલો થઇને દીનનું જ્ઞાન મેળવે, અને દીનની જે વાતો સાંભળે તેમનો ફેલાવો કરે, તો તે નર, અય જરતોસ્ત, જે ભલા પાદશાહો જન્મ્યા છે અને હવે પછી જન્મ લેશે તેઓમાં સૌથી પહેલો ગણાશે. પણ જો તું તેને ખેંચી નહિ શકે, તે તારી દીન કબૂલ નહિ રાખે, તેનો ફેલાવો નહિ કરે, દીનની વાતો નહિ સાંભળે, તારો ચેલો બનીને શિક્ષણ નહિ લે, તો તારે તેને આ મુજબ કહેવું કે 'રાસ્તીનો તું તલબગાર નથી, અને મોતને લાયકના પાપીઓનાં રવાન માટે અફસોસ પેદા કરનાર તું છે;' કારણકે તેવોજ તે છે, અને એ કારણને લીધે તે મોતને લાયકનો થાય છે, કારણકે દીનની હસ્તી તેને જાહેર કરવામાં આવી છે."

અહુરમજદ તરફનો આ પેગામ જાહેર કરીને પછી જરતોસ્તે ઔર્વાઇતા-દંગને પોતાની તરફથી ચેતવણી આપી કે 'અય તૂરાની ઔર્વાઇતા-દંગ, હું તને એટલુંજ કહું છું કે રાસ્તીનો તું તલબ-

[૧] Marvels, સફે પર.

ગાર નથી અને મોતને લાયકના પાપીઓનાં રવાનને એક અભિમાની હાકમ માટે અફસોસ પેદા કરનાર તું છે.'

આથી પેલા તૂરાની હાકમ ઉપર કશી સારી અસર થયલી જણાતી નથી. જરતોસ્ત તેની દરબાર છોડી ગયો અને બીજા રાજાઓને સમજાવવાની કોશેશ કરવા લાગ્યો. જેમ હોરમજદે પોતાને ઑર્વાઇતા-દંગ કને મોકલ્યો હતો એમ જરતોસ્તે તે હાકમને જણાવ્યું હતું, તેમ હવે હોરમજદે પોતાના પસંદ કીધેલા પેગમ્બરને વએદવોઇસ્ત (અથવા વેદવોઇસ્ત) નામે એક બીજા હાકમ પાસે મોકલ્યો, જે એક કરપ હતો અને જે દેવોનો મળતો હોવાથી ઇજદ અમેશાસ્પંદોનો તિરસ્કાર કરનારો હતો. આ હાકમ પાસે જઇને જરતોશ્તે એક શો પુર તનદરોસ્ત જવાન મર્દો અને નાજનીનોની તથા ચાર ઘોડાની જોડીની માંગણી કીધી, અને જણાવ્યું કે 'જો આ માંગણી તું સ્વિકારશે તો તારી કીર્તિમાં વધારો થશે, અગર નહિ તો તારી કમબખ્તી આવેલી જાણજે.'

આ સાંભળીને પેલો કરપ હાકમ વએદોઇસ્ત છેડાઇ પડયો અને બૂમ પાડી બોલી ઉઠયો કે 'તારેથી કે તારા હોરમજદથી મારી દોલતમાં કશો વધારો થવાનો નથી. હું પોતેજ દેવતાઇ ગુણ વધારે ધરાવું છું અને તારા હોરમજદ કરતાં હું વધારે દોલતમંદ છું. એકેક હજાર ઢુકરોનાં ઘણાંએક ટોળાનો હું ધણી છું.' જરતોસ્તે આ જવાબથી હોરમજદને વાકેફ કીધો, અને તેને પાછો જવાબ મળ્યો કે આ માણસ ઘણી દોલતથી છકી ગયો છે ખરો, પણ તેનાં મરણ પછી ત્રીજી રાત્રે તેનાં રવાનને અમેશાસ્પંદો તરફથી કશી મદદ મળી શકશે નહિ.

જરતોશ્તી બનેલો પહેલો હાકેમ.

હવે જરતોસ્ત સગાસ્તાન (અથવા આજના સીસ્તાન) ના હાકમ પર્શદ તોરા[1] પાસે ગયો. આ હાકેમે જરતોસ્તના હાથમાં હોમનું પાણી જોઇને તે માંગ્યું, કેજે પાણી લઇને દાઇતી નદીમાંથી બાહેર નિકળતાંજ જરતોસ્તની બહમન અમેશાસ્પંદ સાથે મુલાકાત થઇ હતી અને તે પાણી સુધાંજ તે તેને હોરમજદની દરગાહમાં લઇ ગયો હતો. ત્યાંથી પાછો ફર્યો ત્યારે જરતોસ્ત કને હજુ આ પાણી હતું એમ જણાય છે. હવે જ્યારે પર્શદ તોરાએ આ પાણી માંગ્યું ત્યારે જરતોસ્તે તેને કહ્યું કે 'અય પર્શદ તોરા, તું રાસ્તીની સ્તુતિ કર અને દેવો તરફ તિરસ્કાર બતાવ, તથા જેઓ નારાસ્ત છે તેઓમાં મજદયસ્ની દીનનો જે કલમો[2] છે તે તું ભણવાને કબૂલ થા.

પર્શદ તોરા આ કલામો ભણ્યો અને દેવો તરફ તેણે તિરસ્કાર બતાવ્યો, પણ પોતે મજદયસ્ની મજહબ જાહેર રીતે કબૂલ રાખ્યો નહિ. તેને પોતાની દીનમાં આવેલો જોઇને જરતોશ્ત પેલું હોમનું પાણી લઇ તેની નજદીક ગયો. પર્શદ તોરાનો ચાર વર્ષની ઉમરનો એક ગોધો જવાન છતાં નાતવાન થઇ ગયો હતો તેને માટે આ હોમનું પાણી હતું, અને તે પીધાથી તે જાનવર પાછું તનદુરસ્ત બન્યું હતું.

દેવોની શિકસ્ત.

હવે જરતોસ્તનો જાન લેવાનું કાવત્રુ ગેબી દેવો તરફથી રચાયું. તેમના સરદાર ગનામિનોએ બુદ અને બીજા દેવોને જરતોસ્તને મારવા

૧ આ હાકમનું નામ પર્શદ હતું, અને તે 'તોરા' (યાને ગોધા) ના એલકાબથી ઓળખાતો હતો. અવસ્તામાં એ નામ 'પર્શદ ગાઉ' તરીકે આવેલું છે (યશ્ત ૧૩, ફ૦ ૯૬ તથા ૧૨૭). પણ અવસ્તામાં જણાવેલો 'પર્શદ ગાઉ' તેજ દીનકર્દમાં જણાવેલો 'પર્શદ તોરા' હતો એ ચોક્કસ નથી.

૨ આ કલામો તે 'ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રીશ' નો અવસ્તાઇ ફકરો છે, કેજે ઇજશ્નેના ૧૧ મા હાનો ૧૬ મો ફકરો છે, અને જે દરરોજ અનેક વેળા દરેક જરતોશ્તીના ભણવામાં આવે છે.

મોકલ્યા, પણ જ્યારે જરતોસ્તે હોનવર મોટે સાદે ગાઇને તેમને આજેજ કીધા ત્યારે તેઓ નાસીને ગેનાફ્રિનો પાસે પાછા ગયા. જરતોસ્તે વિચાર્યું કે આ દેવો મારો નાશ કરવાનો મનસુબો કરે છે, અને પછી તે તેમની સામે થવા માટે આગળ વધ્યો. તેની કને એકજ હથિયાર હતું અને તે 'યથા અહુ વઇર્યો' (હોનવર)નો કલામ હતો.[1] આ હોનવર ગાઇને ભણવાની અસર એટલી બધી હતી કે જ્યારે જરતોસ્ત દેખાવ દેતો ત્યારે સઘળા દુર્વંદો જમીનદોસ્ત થતા, તેમના ટાંટિયા ઢીલા થઇ જતા,' વેશિયાઓ નાબુદ થતી, અને દેવોને જેઓ માનતા હતા તેઓ સમજતા કે આ કોઇ મિનોઇ દેવતા નથી પણ માત્ર બદ રૂહો છે.

એક ઓરતનો ફરેબ.

એક વેળા દાઇતી નદીના કાંઠા ઉપર જરતોસ્ત બેઠેલો હતો ત્યાં એક સોનેરી ઝળકાટની નવજવાન નાજનીન તેની પાસે આવી અને તેણીએ તેની સંગતમાં વખ્ત ગુજારવાની ખાહેશ બતાવી. વળી તેણી બોલી કે હું સ્પંદારમદ છું.

જરતોસ્તે તેને જવાબ આપ્યો કે 'સ્પંદારમદને મેં કશી પણ વાદળી વિનાની રોશનીમાં સારી પેઠે જોયલી છે અને તે મને જેમ આગળથી તેમ પાછળથી અને સઘળી બાજુથી ખુબસુરત દેખાઇ હતી. માટે તું તારી પીઠ ફેરવ અને તને પછવાડેથી જોઇને હું જાણીશ કે તું સ્પંદારમદ પોતેજ છે કે કોઇ બીજી.'

પેલી ઓરતે કહ્યું કે 'અય જરતોસ્ત, આ દુનિયામાં તો ઓરતો આગળથીજ ખુબસુરત હોય છે, પણ પાછળથી બદસુરત જણાય છે, માટે તું મને મારી પીઠ ફેરવવા ના કહે.'

આ રીતે ત્રણ બરતબે ફરેબ ભરેલો જવાબ આપ્યા પછી તે ઓરતે પીઠ ફેરવી ત્યારે જરતોસ્તે તેને એક બદકાર સ્ત્રી તરીકે જોઇ લીધી. એજ વેળા તે 'યથા અહૂ વઇર્યો'નો કલામ લલકાર્યો, કે તરત પેલી ઓરત ત્યાંથી નાપેદ થઇ ગઇ.

ફસલ ૫—શાહ ગુશતાસ્પની દરબારમાં.

દશ વર્ષમાં એકજ ચેલો.

આ રીતે નવો ધર્મ ફેલાવવાની કોશેશમાં દશ વર્ષ વહી ગયાં. એ મુદતમાં જરતોસ્ત સાત બરતબે હોરમજદનાં દર્શન કરી આવ્યો. તેણે પોતાની મુસ્કેલી જાહેર કીધી, પોતાનો શક ખુલ્લો કીધો, મુસ્કેલ બાબતોના ખુલાસા પુછ્યા, અને એક પેગમ્બર દાખલ જોઇતી માહિતગારી મેળવી. પણ આ દશ વર્ષમાં હોરમજદનો પસંદ કરેલો પેગમ્બર એક કરતાં વધારે માણસને પોતાના નવા મજહબમાં દાખલ કરી શકયો નહિ. હોરમજદી મુલાકાત યાને બશારતની મુદત પુરી થઇ ત્યારેજ આ એક માણસે હોરમજદી-જરતોસ્તી દીન કબૂલ રાખી. તે મેદીઓમાહ હતો, કેજે જરતોસ્તના કાકા આરાસ્તાઇનો બેટો હતો.

હોરમજદ પછી અમેશાસ્પંદો તરફથી પણ પોતાના સવાલોના જવાબો અને ખુલાસાઓ મેળવ્યા બાદ જરતોસ્ત હોરમજદની દરગાહમાં એકવાર ફરીને હાજર થયો. ત્યાં તેણે જાહેર કીધું કે 'દશ વર્ષમાં એકલા એકજ માણસને હું ખેંચી શકયો છું.' હોરમજદે હવે તેને એક નવું કામ સોંપ્યું, અને તે શાહ ગુસ્તાસ્પને નવી દીનમાં દાખલ કરવાને લગતું હતું.

શાહ ગુસ્તાસ્પનું પાયતખ્ત બલ્ખ શહેર હતું.[2]

---

૧ આ અને એથી વધારે વંદીદાદની ૧૯મી ફરગરદમાં જણાવેલું છે. જુઓ આગળા ભાગમાં "જરતોસ્ત નામું—અવસ્તા પ્રમાણે" વાળું પ્રકરણ ૧ લું, સફે ૮૩ થી ૮૯.

૨ આ બાબતમાં મોટો મતફેર ઉભો થયો છે. બલ્ખને બદલે આજરબાઇજાનમાં કહે આ પાયતખ્ત હતું એમ કેટલાક યુરોપીઅન વિદ્વાનો જણાવે છે. ડૉ૦ જેકસન અને ડૉ૦ યુસ્ટીનો પણ તેવોજ વિચાર છે.

ઇરાનમાં આ વેળા કવી અને કરપ ધર્મગુરૂ-ઓનું પ્રબળ હતું, જેઓ જરતોસ્તના નવા ધર્મના મોટા વિરોધી હતા. પાદશાહના કરપ ધર્મગુરૂઓમાં જાક નામે વડો ગુરૂ હતો અને તેના ફતવા પ્રમાણે ધર્મ સંબંધી અમલ થતો હતો. આ ધણીઓ નવા જરતોસ્તી ધર્મનો પગપેસારો ઇરાનમાં થતો અટકાવવા માટે જરતોસ્ત સામે તરેહવાર કાવત્રાં રચી તેનું મોત નિપજાવવા માંગતા હતા.

જ્યારે જરતોસ્ત ગુસ્તાસ્પની દરબારમાં પોતાની સુધારેલી દીન લઇને તેના ફેલાવા માટે આવ્યો ત્યારે તે જમાનાના દાનાઓ, ઓલમાઓ, ધર્મગુરૂઓ વગેરે સાથ અનેક મજલિસોમાં તેને તકરાર થઇ હોય એમ જણાય છે. આ વેળા જુના દેવયસ્ની ધર્મવાળાઓએ જરતોસ્તને ૩૩ સવાલો પુછેલા જાદ-સ્પરમ જણાવે છે, અને શાહ ગુસ્તાસ્પના હુકમથી જરતોસ્તે આ સવાલના જવાબો આપ્યા હતા. આ પછી પોતાની પુરેપુરી ખાતરી કરીનેજ શાહ ગુસ્તાસ્પે હોરમજદી-જરતોસ્તી દીન કબૂલ રાખી હતી.

પેગામ્બર એક કેદી.

પણ એ આગમજ જાક અને તેના મદદગાર કરપોએ જરતોસ્ત સામે અનેક તોહમતો જોડી કહાડી શાહના કાન ભંભેર્યા, અને અંતે તેઓ એટલી હદ સુધી ફાવ્યા કે તેઓએ શાહના હુકમથી જરતોસ્તને બંદીખાને નખાવ્યો, અને તેના ઉપર ભુખમરો પાડવાની સજા ફરમાવી. જરતોસ્ત પોતે કહેછે[૧] તેમ '૩૩ માંના ત્રણ સવાલોના જવાબ મેં આપ્યા છે, અને બાકીના ૩૦ થી તેઓએ મને બાંધ્યો છે. ખૂનીઓ, ઘાતકીઓ અને દેવયસ્નાનોની ૩૩ બેડીથી મને ઝીકડયો છે. ભુખથી મારા પગનું કુવત, મારા હાથોનું જોર, મારા કાનોની સાંભળવાની શક્તિ, મારી આંખોની જોવાની શક્તિ, એ બધું ઘટી ગયું છે; અને હવે ભુખથી મારૂં પેટ અને બરડો એક બીજા સાથ મળી જશે."

ભારી બેડીનાં દુખ જોડે ભુખ અને પિયાસનાં દુખથી જરતોસ્ત બહુ સંકટમાં આવી ગયો. પોતાના સઘળા દુશ્મનો સામે લડનાર તે પોતે એકલોજ હતો. આ સઘળાં દુખોથી તે હવે જલદીથી મરી જશે એમ શાહ અને જરતોસ્તના ખૂનીઓ ધારતા હતા. પણ જ્યારે કેટલીક મુદત ગયા છતાં તેવું કાંઇ બન્યું નહિ અને જરતોસ્ત તો સલામત છે એવું તેઓએ જાણ્યું ત્યારે તેમની અચરતીનો પાર રહ્યો નહિ.

અંતે ધર્મોજય !

આ પછી પાછી દરબારીઓની મજલિસો ભેગી મળવા લાગી અને તેમાં જરતોસ્તે એક પુરા તનદુરસ્ત માણસ પેઠે દેખાવ દીધો. દીન-કર્દમાં શાહ ગુસ્તાસ્પ અને ઇરાની અમીરો અને દસ્તુરો તથા દાનાઓ ઉપરાંત આખી દુનિયાના આલેમો હાજર હતાઃ એટલે કે તે જમાનામાં ઇરાનની આજુબાજુના જે મુલ્કમાં જરતોસ્તની દીન બાબે ખબર પડી હશે ત્યાંના દાનાઓ તે સભામાં હાજર થયા હતા. જરતોસ્તની પવિત્ર ગાથાવાણીમાં જ્યાં તેણે ભેગી મળેલી મજલિસમાં ભાષણ કરવા બાબેનાં ગાયનો આવેલાં છે તે મજલિસ આ શાહી દરબારની મજલિસો-માંનીજ હોવી જોઇયે, એમ જણાય છે.[૨] આ દરબારોમાં જરતોસ્તે અહુનવરના સાચા કલામનાં બળ અને આશિષની બરક્તથી ફતેહ મેળવી, એજ કલામથી મદદથી પોતે તનદુરસ્ત થયો, અને તેનીજ બરક્તથી શાહ ગુસ્તાસ્પના માનિતા ઉમદા ઘોડાના સંબંધમાં ચમતકાર કરી બતાવ્યો.[૩]

---

૧ દીનકર્દ, દફ્તર ૭, બાબ ૪, ફ૦ ૬૭.—Marvels,સફે ૪૫.

૨ જુઓ ઇજશ્ને, હા ૩૦, ૩૧, વગેરે.

૩ આ ચમતકારની બિના પેહલવી લખાણમાં જણાવેલી નથી, તોપણ તે બાબેની દંતકથા ફાર્સી જ.રતોશ્ત નામામાં છે, જે બાબે હવે પછીના બાબમાં આપણ વાંચીશું.

હવે જરતોસ્તની ફતેહ વધતી ચાલી. તેણે શાહ ગુસ્તાસ્પનાં અને તેના વજીરો અને અમીરોનાં મનમાં કેવા વિચારો રમતા હતા તે કહી બતાવ્યા અને એવી બીજી ઘણી છુપી વાતો અજવાળાંમાં આણી. તેના ખુદાઇ પરસ્તેશના કલામોથી, છેક જહાક પાદશાહના વખ્તથી બાએલ યાને બાબીલનમાંની બુતપરસ્તી ઇરાનમાં ચાલુ થઈ હતી અને અત્યારસુધી ફેલાવો પામી હતી, તે સઘળીનો નાશ થયો. દીનકર્દમાં લખે છે કે આ બુતપરસ્તીથી દુનિયાનો ગોયા નાશ થયો હતો. પણ દીનના ફતેહમંદ વચનો કે જે જરતોસ્તે તેની સામે બળાત્કારીથી ઓચર્યા, તેથી આબાદી વધી અને દુર્વંદી દફે થઇ હતી.

શાહના મહેલમાં અમશાસ્પંદો.

પણ જરતોસ્ત અને તેની દીનની આ સઘળી ફતેહોમાં અહુરમજદની પોતાની મોટી મદદ હતી. દીનકર્દ પ્રમાણે[1] તેણે બહમન અને અર્દીબહેસ્ત અમેશાસ્પંદોને તથા આદર ઇજદ[2] ને ગુસ્તાસ્પની દરબારમાં મોકલીને જરતોસ્તની દીનની સચ્ચાઇ બાબે ખુદાઇ યાદી મોકલાવી હતી, અને આ દીન ઇરાનનો શાહ કબૂલ રાખે અને દુનિયામાં તેનો ફેલાવો કરે એવી ખાહેશ જણાવી હતી. અહુરમજદના હુકમથી આ ફરેસ્તાઓ આ દુનિયામાં આવ્યા, અને ગુસ્તાસ્પ કે જે બહુ પંકાયલો હતો અને જેની દોલત તેનાં ઢોરો હતાં તેની દરબારમાં જાહેર થયા. અહીં શાહે પોતાના મહેલને તમામ આકાશી રોશનીથી ઝળઝળી રહેલો જોયો. એટલામધે ઝળકાટ ત્યાં વ્યાપી રહ્યો કે શાહ ગુસ્તાસ્પ તે જોઇ ધ્રુજવા લાગ્યો, તેના દરબારીઓ અને સરદારો ગભરાટથી કાંપવા લાગ્યા.

આ તમાશો જોઇ આદર ઇજદે પહેલવાની જબાનમાં કહ્યું કે 'અય બુલંદ દરજ્જાના કય વીસ્તાસ્પ, તું બીતો ના, કારણ કે તારે માટે ડરવા જેવું કાંઇ નથી. અમો તને ગભરાવવા આવ્યા નથી; અર્જાસ્પના મોકલેલા એલચીઓ પેઠે અમો તારી તાબેદારી માંગવા કે ખંડણી લેવા કે મેહસૂલ વસૂલ કરવા આવ્યા નથી; વળી કોઇ લૂટારા, ચોર યા વાટપાડ પણ અત્રે આવેલા નથી; વોહૂમનો, અશવહિસ્ત અને આદર અહીં આવ્યા છે, જેઓને તેં ભારી અને વાજબી ડહાપણ વાપરીને પિછાન્યા છે. જો તું ડહાપણની આંખે જોશે તો તને જણાશે કે આ દુનિયામાં હસ્તી ભોગવનારાઓને ભલા મજહબની જરૂર છે, કે જે સપેતમાન ખાન્દાનનો જરતોસ્ત શીખવે છે. તું અહુનવરને કલામ ગા, તું સંપૂર્ણ સચ્ચાઇની સ્તુતિ કર,[3] અને દેવોની પૂજા છોડી દે. અહુરમજદની ખાહેશ છે કે તું આ દીન ઉપર ઇતબાર લાવે; અને ફરેસ્તાઓની ખાહેશ પણ એવીજ છે. જો તું અશો સપેતમાન જરતોસ્તના ભલા અને પવિત્ર મજહબની સ્તુતિ ગાશે તો અમો તને લાંબી પાદશાહત અને ૧૫૦ વર્ષની લાંબી જિંદગી બક્ષીશું; અમો તને નેકી (અષિશ વંઘુહિ) અને પ્રમાણિકપણું (અરસ્તાત) તારી હમેશની મદદને માટે આપીશું; અને તને પેશોતન નામનો એક એવો બેટો બક્ષીશું કે જે ભુખ, પિયાસ અને નાશ વિના સદા અમર રહેશે, અને આ ગેતી તથા પેલી મિનોઇ એ બન્ને દુનિયાઓમાં સર્વોપરી થશે, અને જીવતો રહેશે. પણ જો તું આ જરતોસ્તી દીનની વખાણ નહિ

---

૧ બાબ ૪, ફ૦ ૭૩ થી આગળ.—Marvels, સફે ૬૭.

૨. જાદ-સ્પરમ પ્રમાણે આદરબુર્જીનમેહર.—બાબ ૨૩, ફ૦ ૭.

બુન્દહિશમાં લખે છે કે દીન કબૂલ કર્યા પછી શાહ ગુસ્તાસ્પે આ આદરબુર્જીનમેહર આતશની રેવંદ પહાડ ઉપર સ્થાપના કીધી હતી.—બાબ ૧૭, ફ૦ ૮.

૩ એટલે કે ડૉ૦ વૅસ્ટ પ્રમાણે યથા અહેમના કલામો ભણ.—Marvels, સફે ૬૯, નોટ ૧.

ગાશે તો અમો તને બહેશ્તમાં નહિ લઇ જઇશું, અને તારૂં શેવટ આણીશું."

નવી દીન શાહ કબૂલ કરે છે.

દીનકર્દમાં જણાવ્યું છે કે આ પછી શાહ ગુશ્તાસ્પને જરતોસ્તી દીન ઉપર વિશ્વાસ આવ્યો, અને તેણે તે કબૂલ રાખી, જે ઉપરથી ખ્યોન નામના લોકોનો હાકમ અર્જાસ્પ ઇરાન ઉપર ચઢાઇ લાવ્યો, કારણકે તેને ચોથાઇ આપવાની ગુશ્તાસ્પે ના પાડી હતી અને અર્જાસ્પની શીખામણ માનીને નવી દીન તર્ક કરી ન હતી. શાહની રાણી હુતોસ નામની હતી, તેને પણ ગુશ્તાસ્પે જરતોશ્તી મજહબ કબૂલ રાખવા અને તેની ખુબીઓ જાહેર કરીને તેનો ફેલાવો કરવાની સલાહ આપી હતી.

આ રીતે જ્યારે ગુશ્તાસ્પ શાહે અહુરમજદી જરતોશ્તી દીનનો એકરાર કીધો ત્યારે દોજખના દેવો નબળા પડી ગયા, અને તેઓમાંના "અએશ્મ" નામના (ગુસ્સાના) દેવે ખ્યોન ટોળાના ઇરાનના દુશ્મનો અને તેમના હાકમ અર્જાસ્પને ગુશ્તાસ્પ સામે લડાઇ લઇ જવા માટે ઉશ્કેર્યા, પણ એ લડાઇમાં અંતે તેનોજ નાશ થયો.

જરતોશ્તનું ગુજર પામવું.

ગુશ્તાસ્પે દીન કબૂલ રાખ્યા પછી ૩૫ વર્ષ સુધી જરતોશ્ત જીવ્યો. પોતાના જન્મ પછી ૩૦ મે વર્ષે તે હોરમજદની મુલાકાતે ગયો. પહેલી મુલાકાત પછી ૧૨ વર્ષે શાહે દીન કબૂલ કીધી, અને ત્યાર પછીનાં ૩૫ વર્ષમાં તેનો ફેલાવો થયા બાદ પેગમ્બર ૭૭ વર્ષની ઉમરે આ જેહાન છોડી ગયા.[1]

તેમનું બહોળું જ્ઞાન.

દીનકર્દ મુજબ જરતોસ્ત તમીખી જ્ઞાન ધરાવતા હતા, માણસની ખાસિયત પિછાની શકતા હતા, કાયદાનું જ્ઞાન મેળવ્યું હતું, અને એ સઘળાં જોડે તેમણે પોતાના મજહબને લગતી અવસ્તાવાણી રચી હતી, કેજે હફતકેશ્વર જમીનના સઘળા ભાગો ખાતેથી ફરી વળેલા સમાચાર મુજબ ડહાપણના સર્વેથી સરસ ભંડાર જેવી છે.

દીનકર્દમાં જણાવ્યા પ્રમાણે શાહ ગુશ્તાસ્પના વજીર જામાસ્પે પેગમ્બરનાં શિક્ષણ મુજબ ગાયનાં ચામડાં ઉપર સુનાના અક્ષરે આ પવિત્ર વાણી લખી હતી અને એ તમામ લખાણને પાદશાહી ખજાનામાં જાળવીને રાખી હતી. પાદશાહોના દસ્તુરાન દસ્તુરોએ આ અસલ ઉપરથી પાછળથી ઘણીએક નકલો ઉતારી હતી.

શાહને મળેલી કબુલત મુજબ તેને ત્યાં પેશોતન નામનો બેટો પેદા થયો હતો, કેજે અમર્ગ અને અવિનાશી હતો, જેને ભુખ નથી, જે તને તવાના, જોરાવર, પૂર ખોરેહવાળો, બળવાન, ફતેહમંદ, અને પવિત્ર ઇજદને મળતો છે. કંગદેજની પાદશાહી તે ભોગવે છે.

મરણનું કારણ.

પેગમ્બરનાં મોત વિશે દીનકર્દમાં કશું બ્યાન નથી. પણ એજ કેતાબના એક ભાગ (દફ્‍૦ ૭, બાબ ૩, ફ૦ ૩૫)માં જણાવેલું છે કે દુરાસ્રોબ નામે કરપના ભાઇ બ્રાત્રોક-રેશની બુરી નજર જરતોસ્તનાં મોતનું કારણ થઇ પડશે. બીજે ઠેકાણે (દીન૦, દફ૦ ૫, બાબ ૩, ફ૦ ૨) જણાવેલું છે કે બ્રાદ્રોરેશ તૂરના હાથ ઉપર જરતોશ્તનું મરણ નિપજ્યું હતું. સાધારણ માન્યતા એવી છે કે તૂરે બરાતૂરે જરતોશ્તને એજાન કીધા હતા, જે વેળા પેગમ્બર બંદગીમાં મશગુલ હતા, અને તેમના હાથમાંની તસ્બીહ ઉછળીને પેલા તૂરને લાગવાથી તે તત્કાળ મરણ પામ્યો હતો.

---

૧ જાદ-સ્પરમ મુજબ ૭૭ વર્ષ ને ૪૦ દહાડા ઉપર: અર્દીબહેશ્ત મહિનો ને ખોરશેદ રોજે; વહીજકી દએ મહિનો ને ખોરશેદ રોજે.

ફ્રશોશ્તર વગેરેનાં મરણ.

જરતોશ્તનાં મરણ પછી ૧૯ વર્ષે, દીનના ફેલાવાનાં ૬૭માં વરસના અર્દીબહેશ્ત મહિનામાં ફ્રશોશ્તર મરણ પામ્યો, કેજે જરતોશ્તની ઓરત હવોવીનો બાપ હતો અને જે હવૂબ ખાન્દાનનો હતો. શાહ ગુશ્તાસ્પના વજીર જામાસ્પનો તે ભાઈ હતો, અને જરતોસ્ત પછી દીનના ફેલાવાનું કામ તેણે ઉઠાવી લીધું હતું. ફ્રશોસ્તરના અધિકાર વેળા ફ્રદધફ્ષ (યાને અગ્નિ ખુણાના) મુલુકનો વડો ધર્મગુરૂ સ્પીતોઇશ અને વીદધફ્ષ (યાને નૈરૂત્ય ખુણાના) મુલુકનો વડો દસ્તુર નામે અરૅજાસ્પો જરતોશ્તી મજહબ એખ્તિયાર કરવા તેની આગળ આવ્યા હતા. આ બન્નેના પિતાનું નામ અવસ્તામાં ઉસ્પાસ્નુ જણાવેલું છે અને તેઓ પરદેશી એલચીઓ તરીકે દીનનો એલમ શીખવા આવેલા જણાય છે. બીજા દીન કબૂલ કરનારા અને તેનો ફેલાવો કરનારાઓ જોડે આ બેનાં ફ્રોહરની આરાધના અવસ્તા (ફ્રવરદીન યશ્ત)માં કરવામાં આવેલી છે.

દીનનાં ૭૩ માં વર્ષમાં વજીર જામાસ્પનો બેટો હંગાઉરૂપ, અને ૮૦ માં વર્ષમાં અસ્મો-ખન્વતો મરણ પામ્યો, કેજે પણ દીનનો ફેલાવો કરનારો હતો. આ છેલ્લાં વર્ષમાં જરતોશ્તી દીનનો એક મોટો દુશ્મન જે અખ્તજાદૂને નામે ઓળખાયો છે, પણ જેને જાદસ્પરમ કમેદ ઉસસ્પાએને નામે ઓળખાવી જાય છે, અને જે અવસ્તામાં જણાવેલા "પોઉરૂસ્પાધ" ને મળતું નામ ડૉ૦ વૅસ્ટ ધારે છે,[૧] તે મરણ પામ્યો હતો.

દીનના છ સ્તંભો.

જાદ-સ્પરમ વધુ એમ જણાવે છે કે દીનના છ મોટા સ્તંભો મધે બે બાનુઓ હતી, અને તે (ફ્રેનો) ફ્રેની અને સ્રીતો (થ્રીતી) નામની પેગામ્બર જરતોશ્તની બેટીઓ હતી. ત્રીજો જરતોશ્તના પીત્રાઇ મેદ્યોમાહનો બેટો અહરૂબો-સ્તોતો (જેનું અવસ્તાઇ નામ અપસ્ત્વ હતું તે), ચોથો વોહુનેમ કેજે દીનનાં ૪૦ માં વર્ષમાં જન્મ્યો હતો, અને પાંચમો શેનો નામનો હતો, કેજે દીનનાં ૧૦૦ માં વર્ષમાં જનમ્યો હતો. છઠા સ્તંભનું નામ જાદ-સ્પરમ જણાવી જતો નથી, પણ પેગામ્બરની બે બેટીઓનાં નામો આપ્યા છતાં ત્રીજી પોઉરૂચીસ્તીનું નામ તેણે આપ્યું નથી, કે જેને દીનનાં કામ માટે જરતોશ્તના પોતાની રચેલી પવિત્ર ગાથાવાણીમાં યાદ કીધી છે, માટે તે દીનનો બાકીનો સ્તંભ હોવી જોઇએ. આ બાનુનું નામ નથી આપ્યું તે ઉપરથી વૅસ્ટ એમ અનુમાન કરે છે કે પેગામ્બરની આગમચ તેણી મરણ પામી હોય.

પેગમ્બરનાં ફર્જંદો.

પેગામ્બરની ત્રણ બેટીઓ જોડે ત્રણ બેટાઓ પણ હતા, જેમનાં નામ અવસ્તામાં આપેલાં છે તે મુજબ આ હતાં :—(૧) ઇસતવાસ્ત્ર (ઇસદ-વાસ્તર) ઉર્વતતનર (અઉર્વતત્-નર) અને (૩) હ્વૅરેચિથ્ર (ખુર્શેદ-ચિહર).

આ ત્રણે અથવા તેઓ મધેના કોઇપણ બેટાએ દીનનો ફેલાવો પેગામ્બર સાહેબ પછી કીધો હોય એવું પેહલવી કેતાબો જણાવી જતી નથી. પણ ફ્રવરદીન યશ્તમાં તો બીજાઓ જોડે તેમનાં ફ્રોહરને વખાણ્યાં છે. બુનદેહેશ મુજબ ઇસતવાસ્ત્ર મોબેદોનો વડો (દસ્તુરાન દસ્તુર) હતો, અને દીનનાં ૧૦૦માં વર્ષમાં ગુજર પામ્યો હતો. અઉર્વતતનર ખેડુત હતો, અને જમશેદનાં 'વર'નો વડો હતો, અને ખુર્શેદચેહર લશ્કરી હતો, અને તે ગુસ્તાસ્પ શાહના બેટા પેશોતનનાં લશ્કરનો વડો હતો.

બુન્દહેશ વળી પેગમ્બર સાહેબના આ ત્રણે

---

૧ અવસ્તામાં અખતજાદુને "અખ્ત્ય" ને નામે ઓળખેલો છે (યશ્ત ૫, ફ૦ ૮૨), માટે પોઉરૂસ્પાધ કોઈ બીજો પ્રાણી પણ હોય—Marvels, સફે ૧૬૬.

બેટાઓના સંબંધમાં એવું જણાવેછે કે બીજો અને ત્રીજો એ બન્ને બેટાઓ પેગમ્બરની "ચાકર-ઓરત"[1]થી જન્મેલા હતા, અને પહેલો બેટો તથા ઉપર જણાવેલી ત્રણે બેટીઓ તે સાહેબની પાદશાહ-ઓરત યાને પરણેતરથી જન્મ્યાં હતાં. આ ઉપરથી જણાય છે કે પેગમ્બર જરતોસ્તની બે ઓરતો હતી, જેઓ મધેની પહેલી પરણેતર અથવા પાદશાહ-જનથી ચાર ફરજંદો થયાં હતાં, અને બીજી ઓરત જે એક વિધવા હતી તેનાથી બે બેટા પેદા થયા હતા.

વડા બેટા ઇસદ-વાસ્તરનો એક બેટો ઉર્વતિંજ (અથવા અઉવાર્વિંજક અથવા ખૂરરૂપક) નામનો હતો.

પેગમ્બરની પરણેતર હવોવી નામની હતી, અને તેને પેટે ઉખ્ખ્યત-અૅરેત (હૂશેદર), ઉખ્ખ્યત-નેમંઘ (હૂશેદર-માહ), અને સઓસ્યાંસ નામના ત્રણ બેટા પેદા થયા હતા, જેમને માટે બુન્દેહિશ અને બીજાં પેહલવી લખાણોમાં જણાવ્યું છે કે તેઓ રસ્તાખેજ વેળા નવો જન્મ ધારણ કરી દુનિયાને પાછી જીવતી કરશે.

*   *   *

વધારો ૧ લો.

દીનને લગતા અગત્યના બનાવોની નોંધ.

પેહલવી કેતાબોને આધારે ઉપર મુજબ પેગમ્બર જરતોસ્તના જન્મારાનો હેવાલ ઉપજાવી કહાડયા પછી હાલ બચેલાં પેહલવી પુસ્તકોમાંથી જરતોસ્ત અને તેની દીન વગેરેના સંબંધમાં જે અગત્યજોગા ઇશારા મળેછે તેમની એક મુખ્તેસર નોંધ યાદદાસ્ત તરીકે નીચે ઉતારી લીધેલી ઉપયોગી થઇ પડશે. આ પેહેલવી ગ્રંથોને આધારે એવી ગણતરી કરવામાં આવે છે કે જરતોસ્ત દીન લાવે તે આગમજ ૯૦૦૦ વર્ષ વહી ગયાં હતાં. આ નવ હજાર કેવી રીતે પસાર થયાં તેના ઇશારા આ મુજબના મળેછે:—

વર્ષ આગમજ	
૯૦૦૦	પહેલા હજારાની શરૂઆત. ફ્રવશિ અથવા ભલી પેદાયશના મૂળ વિચારોની ઉત્પત્તિ. આ ફ્રવશિઓ ત્રણ હજારા સુધી અસ્વસ્થ સ્થિતિમાં રહી હતી એવું બુન્દેહશમાં જણાવેલું છે. (પ્ર૦ ૧, ફ૦ ૮; પ્ર૦ ૩૪, ફ૦ ૧)
૬૦૦૦	ચોથા હજારાની શરૂઆત. જરતોસ્તનાં મિનોઇ શરીરની રચના. ૩૦૦૦ વર્ષ સુધી તેનું અમેશાસ્પંદો સાથ રહેવું. (દીનકર્દ, દફ્૦ ૭, પ્ર૦ ૨, ફ૦ ૧૫, ૧૬). આ મુદતમાં પહેલો માણસ અને બળદ દુનિયામાં શાંતિથી વસતા હતા. આ વેળા ગનામિનો બેગાહિન અને ગભરાયલો હતો.
૩૦૦૦	સાતમા હજારાની શુરૂઆત. ગનામિનો નવાં વર્ષને દિને ભલી પેદાયશ ઉપર હુમલો લઇ જાય છે. પ્રાથમિક બળદનો નાશ કરે છે, અને મૂળ પુરૂષ ગાયોમર્દને ત્રાસ આપે છે. (બુન્દેહશ, બાબ ૧, ફ૦ ૨૦; બા૦ ૩, ફ૦ ૧૦–૨૦, ૨૪–૨૭; બા૦ ૩૪, ફ૦ ૨.) જરતોસ્ત અમેશાસ્પંદો જોડે બીજાં ૨૯૬૯ વર્ષો સુધી વસે છે.
૨૯૭૦	ગયોમર્દ ગુજર પામે છે (બુન્દે૦, બાબ ૩, ફ૦ ૨૧–૨૩; બાબ ૩૪, ફ૦ ૨).
૨૯૩૦	મશ્યે અને મશ્યાઓઇનો જમાનો (બુન્દે૦ બાબ ૧૫, ફ૦ ૨; બાબ ૩૪, ફ૦ ૩.)
૨૭૮૭	હોશાંગનો અમલ (બુન્દે, બાબ ૩૪, ફ૦ ૩.)

[1] ચાકર અથવા ચકર ઓરતના સંબંધમાં એવો ખુલાસો મળેછે કે તેણી વીધવા હોઇને ફરીથી પરણે છે.—વૅસ્ટની બુન્દહિશ, પ્ર૦ ૩૨, ફ૦ ૬, નોટ ૧૦.

૨૭૪૭ તાખ્મોરૂપ (તેહમુરસ)નો અમલ (તેજ, ફ૦ ૪).

૨૭૧૭ યિમ (જમશેદ) અને તેનાં ખાનદાનનો અમલ.

૨૦૦૦. આઠમો હજારો. દહાક (જહાક) નું તખ્તનશીન થવું (તેજ, ફ૦ ૪, ૫.) જહાક અને તેનાં ખાન્દાનનો અમલ.

૧૦૦૦ ૯મો હજારો. ફ્રેદૂન (ફરીદૂનનું તખ્તનશીન થવું (તેજ, ફ૦ ૫, ૬). ફરીદૂન અને તેનાં ખાન્દાનનો અમલ.

૫૦૦ માનૂશ્ચીહર (મિનોચેહર) નું તખ્તનશીન થવું.

૪૨૮ ફ્રાંસીયાવે (અફ્રાસિયાબે) એક હજાર નદીઓના માર્ગ ફેરવીને તેમને કિયાન્સીહના દરિયામાં વહેતી કીધી, અને જરીનમંદ (હેતુમંદ—હીલમંદ) નદીનો માર્ગ પણ તેણે એજ દરિયામાં ફેરવ્યો હતો (બુન્દે૦ બાબ ૨૭, ફ૦ ૩૪), તે અને એવાંજ બીજાં નેહરોનાં બાંધકામ બાબે સ્પેન્દારમદ અમેશાસ્પંદ મિનોચેહરને ખબર આપવા આવેછે.[૧] (જાદસ્પરમ બાબ ૧૨, ફ૦ ૩–૬)

૩૮૦ અઆઝોબો (જૂ)નો અમલ (બુન્દ૦ બાબ ૩૪, ફ. ૬).

૩૭૫ કયકોબાદ (તેજ, ફ૦ ૬, ૭).

૩૬૦ કયકાઉસ (તેજ, ફ૦ ૭).

૩૦૦ કયકાઉસના અમલ વેળા ઇરાનનાં જંગલમાં ઇરાન અને તૂરાન વચ્ચેની સરહદ મુકર્રર કરી આપનાર એક બળદ હતો, જેને કાઉસે સ્રીતો નામે પહેલવાન પાસે મારી નખાવ્યો ત્યારે તે બળદે જરતોશ્તની નવી દીન બાબે આગાહી કીધી હતી (જાદસ્પરમ, બાબ ૧૨, ફ૦ ૭–૨૦).

૨૧૦ કયખુસ્રો (બુન્દ૦, બાબ ૩૪, ફ. ૭)

૧૫૦ લોહરાસ્પ (તેજ).

૪૫ ક્યાની નૂર અથવા ખોરેહ જરતોશ્તની માતા દૂકદકના જન્મ વેળા આકાશ ઉપરથી ઉતરે છે (જાદ૦, બાબ ૧૩, ફ૦ ૧).

૩૦ કયગુશ્તાસ્પનું તખ્તનશીન થવું (બુન્દ૦, બાબ ૩૪, ફ૦ ૭)—વોહૂમનો અને અષવહિસ્ત હોમની ડાંખળી સાથ આ દુનિયામાં ઉતરે છે (દીન. દફ૦ ૭, બાબ ૨, ફ૦ ૨૪)—જરતોશ્તનો જન્મ (તેજ, બા૦ ૫, ફ૦ ૧).

૨૩ જરતોશ્તને ૭ મે વર્ષે બે કરપ તેના બાપને મળવા આવે છે, જેમાંનો એક દુરાસ્રોબો મરી જાય છે (તેજ, બાબ ૩, ફ૦ ૩૨, ૩૪, ૪૫)

૧૫ જરતોશ્ત ૧૫ વર્ષનો હતો ત્યારે તેણે અને તેના ચાર ભાઇઓએ કુટુંબની મિલ્કતનો ફાળો માંગ્યો (જાદ૦, બાબ ૨૦, ફ૦ ૧)

૧૦ વીશ વર્ષની ઉમરે જરતોશ્ત પોતાનું મકાન છોડી જાય છે. (તેજ, ફ૦ ૭).

[અહીં દીન આસ્કારા થવા આગમચના હજારા પુરા થાય છે. હવેથી દીન આસ્કારા થયા પછીના બનાવો બને છે.]

ધર્મ પછી.

વર્ષ.

૧ દશમાં હજારાની શુરૂઆત. શાહ ગુસ્તાસ્પના અમલનાં ૩૧માં વર્ષને ૪૫ મે દહાડે જરતોશ્ત હોરમજદની મુલાકાતે જાય છે. (દીન૦ દફ૦ ૭, બાબ ૩, ફ૦ ૫૧–૬૨; બાબ ૮, ફ૦ ૫૧, જાદ૦, બાબ ૨૧, ફ૦ ૧–૪)

[૧] મિનોચેહરના અમલ દરમિયાન તૂરાનમાં અફ્રાસિયાબની નહિ પણ તેના બાપ પશંગની હકુમત હતી.

૩ હોરમજદની મુલાકાતેથી જરતોશ્ત બે વર્ષ પછી પાછો ફરે છે, અને ઑર્વાંદ્દતા-દંગ નામે હાકમ તથા કરપ લોકો આગળ દીન બાબે વાઅજ કરે છે, પણ તેમાં તે ફાવતો નથી (દીન૦ દફ૦, ૭, બાબ ૪, ફ૦ ૨-૨૦).

૧૧ દશમાં વર્ષમાં ૭ મી મુલાકાત પુરી થાય છે. જરતોશ્ત ગુશતાસ્પની દરબારમાં દીન સમજાવવા જાય છે. મેદ્યોમાહ સૌથી પહેલો ભલી દીન કબૂલ રાખે છે. (તેજ, ફ૦ ૧, ૬૫; જાદ, બાબ ૨૧, ફ૦ ૩,—બાબ ૨૩, ફ૦ ૧, ૨, ૮.)

૧૩ હોરમજદની પહેલી મુલાકાત પછી અને દીન સમજાવવાની પહેલી કોશેશ પછી ૧૨ મે વર્ષે શાહ ગુશતાસ્પ બેહતર દીન કબૂલ રાખે છે, તો જોકે કરપ દરબારીઓએ તે નામદારને તેમ કરતો બે વર્ષ સુધી અટકાવ્યો હતો. (દીન૦, દફ૦ ૭, બાબ ૫, ફ૦ ૧; જાદ૦, બા૦ ૨૩, ફ૦ ૫, ૭).

૨૦ કુન્દા નામે એક કવી અથવા કીકનો બેટો ભલી દીન કબૂલ રાખે છે (જાદ૦, બાબ ૨૩, ફ૦ ૮).

૩૦ અર્જાસ્પ અને તેનાં લશ્કરની શિકસ્ત (તેજ.)

૪૦ વોહૂનેમનો જન્મ (તેજ).

,, એજ વખતને શુમારે જરતોશ્તનાં શિક્ષણ પ્રમાણે જામાસ્પે અવસ્તાવાણી લખી (દીન૦, દફ૦ ૪, ફ૦ ૨૧; દફ૦ ૫, બાબ ૩, ફ૦ ૪; દફ૦ ૭, બા૦ ૫, ફ૦ ૧૧).

૪૮ જરતોશ્તનું ગુજરવું; ઉમર ૭૭ વર્ષ અને ૪૦ દહાડાની. નવાં વર્ષને ૪૧મે દહાડે (દીન૦, દફ૦ ૫, બાબ ૩, ફ૦ ૨; દફ૦ ૭, બાબ ૫, ફ૦ ૧;—જાદ૦ બાબ ૨૩, ફ૦ ૯).

૫૮ હફતકેશ્વર જમીન ઉપર ભલી દીનનું જાહેર થવું (દીન૦, દફ૦ ૭, બાબ ૬, ફ૦ ૧૨).

૬૩ ફરશોસ્તરનું ગુજરવું. (જાદ૦, બાબ ૨૩, ફ૦ ૧૦.)

૬૪ જામાસ્પનું ગુજરવું (તેજ).

૭૩ જામાસ્પના બેટા હંઘાઉરૂપનું ગુજરવું. (તેજ.)

૮૦ અસ્મો ખન્વતનું ગુજરવું. (તેજ).
,, અષ્ત જાદૂનું માર્યું જવું. (તેજ).

૩૦૦ દીનની ખરાબી—સિકંદરની ઇરાન ઉપર ચઢાઇ.

૮૦૦ થી ૯૫૦ પુરો જમાનો-અજ્ઞાનપણું-દીનની બાબતમાં અંધકાર.

૯૭૧ અઉશેદરનું જન્મવું (દીન૦, દફ૦ ૭, બાબ ૮, ફ૦ ૫૫-૫૭).

૧૦૦૧ અગ્યારમો હજારો.

અઉશેદર ૩૦ વર્ષની ઉમરે અમેશાસ્પંદો સાથ મુલાકાત કરશે (તેજ, ફ૦ ૫૮-૬૦).

૧૯૭૧ અઉશેદર માહનું જન્મવું (તેજ, બાબ ૯, ફ૦ ૧૮-૨૦).

૨૦૦૧ બારમો હજારો.

અઉશેદર માહ ૩૦ વર્ષની ઉમરે અમેશાસ્પંદો સાથ મુલાકાત કરશે (તેજ, ફ૦ ૨૧-૨૩).

૨૯૭૧ સોશાંસનું જન્મવું (તેજ, બાબ ૧૦, ફ૦ ૧૫-૧૮).

૩૦૨૮ દુનિયાનો નવો જન્મ. સોશાંસનું ૫૭ મું વર્ષ (તેજ, બાબ ૧૧, ફ૦ ૪, ૭).

બાબ ૩—જરતોશ્ત નામું: ફારસી પ્રમાણે.

ફસલ ૧—જન્મ અને બાળપણ.

ફારસી જરતોશ્ત નામાનો આધાર.

[જરતોસ્ત બેહરામ પઝદુ નામે રએ શેહરના એક વતનીએ "જરતોસ્ત નામુ" નામનો ફારસી ગ્રંથ આજ સાડીછશો વર્ષની વાત ઉપર (ઇસ્વી ૧૨૭૮માં) રચી તૈયાર કીધો હતો, કેજે બેત-બાજીમાં રચેલો છે, અને જેની ૧૫૭૦ બેતો છે. આ પુસ્તકનો તરજુમો મર્હુમ શમ્સ ઉલ ઓલમા દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાએ ગુજરાતી ભાષામાં ૧૮૬૪માં કીધો હતો, જે આગમજનો તરજુમો ૧૮૪૩માં મી૦ ઇસ્ટવિકે ઇંગ્રેજી કાવ્યમાં કરેલો હતો, અને તે તેણે ૧૬૩૬માં દસ્તુર બર્જો કિયામઉદ્દીન (કામદીન)ના કરેલા અસલ જરતોસ્ત નામાના ઉતારા ઉપરથી કીધો હતો. જરતોસ્ત બેહરામ પોતાનાં રચેલાં નામામાં જણાવે છે કે રએમાં કયકાઉસ બિન કયખુસરો નામનો એક મોબેદ વસતો હતો, જેણે એક જુનાં પેહલવી પુસ્તકમાંથી અશો જરતોશ્તનું બયાન મને વાંચી સમજાવ્યું હતું અને તેને આધારે આ નામું તૈયાર કરવામાં આવ્યું હતું.[1] આ નામું કઇ પેહલવી કેતાબ ઉપરથી રચ્યું છે તે જરતોસ્ત બેહરામ જણાવતો નથી, અને જે હૈયાત પેહલવી કેતાબો આજે મોજુદ છે કે જેઓમાં અશો જરતોસ્તનું બયાન છે તેઓ મધેનીં કોઇપણ કેતાબ મધેના હેવાલ સાથ સરખાવી જોતાં જણાયછે. કે જરતોશ્ત બેહરામે કેટલોક હેવાલ પેહલવીને આધારે લીધોછે ખરો પણ તેમ વળી કેટલોક પડતો મુકીને તેણે પોતાની તરફથી (અથવા બીજા કોઇ હેવાલો કે જેનો આધાર આપણુ જાણતા નથી તે ઉપરથી) ઉમેર્યો છે. તેણે લખેલું બયાન મુખ્તે-સરમાં આ બાબમાં અમે ઉતારી લીધું છે:—]

માતાનો ખ્વાબ અને તેનો ભેદ.

જ્યારે દુનિયામાં કોઇ ધર્મોપદેશ કરનાર તથા રસ્તો બતાવનાર રહ્યું નહિ, અને લોકો બેખબરીને લીધે યજદાંપરસ્તીથી સર ફેરવવા લાગ્યાં, ત્યારે પાદશાહ ફરીદૂનનાં ખાન્દાનથી અશો જરતોસ્તે જન્મ લીધો. એ પાદશાહનાં ખાન્દાનથી ઉતરેલો પેતેરસ્પ નામે એક દાનેશમંદ નર રએ શેહરમાં રહેતો હતો, જેનો બેટો પોરૂશસ્પ અશો જરતોસ્તનો બાપ થતો હતો. એજ ટોળાના તોખમની જડાવનાં તાજ સાથેની, શાણુ શોકટ, દબદબો અને ઝળકાટ ભરેલી એક નાજનીન નામે દોગદો પોરૂશસ્પની ઓરત અને જરતોસ્તની માદર હતી. હમેલ દરમિયાન છઠે મહિને દોગદોએ એક ભયંકર ખ્વાબ દીઠો, જેની મતલબ એવી હતી કે, એક દિને એક સિયાહ વાદળથી આકાશની રોશની ઢંકાઇ ગઈ, અને તે વાદળમાંથી કેટલાંક ફાડી ખાનારાં પશુઓ નીકળી આવ્યાં, જેઓ મધેનાં એકે દોગદોની ઉપર ધસારો કરી તેનું પેટ ફાડયું, માંહેથી બાળકને બાહેર કહાડયો અને તેને ખાઇ જવા

---

૧ આ લખનાર જરતોશ્ત બેહરામ કાંઇક ગુમાન સાથ પોતાના દીબાચામાં જણાવે છે કે "આ કિસ્સો વાંચીને દીનદાર મરદો મારી ઉપર દુઆ અને આફરીન કરશે, એવી હું ઉમેદ રાખું છું." વળી તે લખે છે કે "મેં આ હેવાલ યઝદેગર્દી સને ૬૪૭ના વર્ષમાં આવાં મહિનો ને આદરરોજે હાથમાં પકડયો, અને આવાં રોજે જશન હતું તેથી હું મસ્ત રહયો અને ખોરશેદ રોજની રાત્રે બે દાહડામાં મેં તેને લખીને તમામ કીધો છે.... હું જરતોશ્ત બેહરામ ઇબ્ન પજદુથી એક યાદગાર બેટો છું.... મેં આ કીસ્સો વાંચ્યો ત્યારે મેં ઘણી એક દોઆ અને તારીફ કીધી કે આવી બેતો કોઇ બોલશે નહિ."—જુઓ દસ્તુર પે. બે. સંજાણાવાળો તરજુમો: "પેગમ્બર સાહેબ અશો જરતોશ્તના જનમારાનો અહેવાલ."

યઝદેગર્દી ૬૪૭ના આવાં મહિનાને ખોરશેદ રોજે ઇસ્વી તારીખ ૧૨મી ઑગસ્ટ ૧૨૭૮નું વર્ષ હતું એમ વૅસ્ટ ગણતરી કરેછે.—Marvels, દીબાચો, સફે ૨૦, ફકરો ૩૨.

આવ્યું. દોગ્દોએ મદદ માટે પુકાર કરવા ચહાયું પણ તેના બાળકે તેને સધ્યારો તથા હિંમત આપી, અને આ ફાડી ખાનારાં પોતાને કશી ઇજા કરી શકનાર નથી એમ જણાવ્યું. એજ વખ્તે એક નૂરમંદ પહાડ તેઓ તરફ આવ્યો, જેમાંથી ૧૫ વર્ષની ઉમરનો એક જવાન અને ખુબસુરત શખ્સ બાહેર નીકળ્યો, જેના એક હાથમાં નૂરમંદ લાકડી અને બીજા હાથમાં એક નામું પકડેલાં હતાં. આ નામું તે મર્દે પેલાં ફાડી ખાનારાં પશુઓ તરફ ફેંકતાંજ તેઓ મધેનાં ત્રણ સિવાય બાકીનાં સઘળાં નાસી ગયાં, પણ જેઓ નહિ નાઠાં તેઓ ઉપર પોતાની લાકડી તે જવાને ફેંકતાંજ તેઓ બેજાન થઇને ત્યાંજ પડયાં. પછી તે જવાને પેલા બાળકને તેની માનાં પેટમાં પાછો ગોઠવ્યો અને તેની એજમતી ફુંકથી પેટનો જખ્મ તરત રૂઝાઇ ગયો, તે મર્દે દોગ્દોને કહ્યું કે 'તું કશી ધાસ્તી રાખતી ના; તારા બેટા ઉપર આલમનો પેદા કરનાર નેધેમાન છે; સઘળી દુનિયા તારા બેટાના મુબારક દીદારની ઉમેદવાર છે; એ છોકરો પાક દાદાર તરફથી આલમનો પેગમ્બર થશે, તેની દીનથી દુનિયા રોશની ભરેલી થશે, બુરા લોકોને હલાકી પહોંચશે,' ઇત્યાદિ. આમ બોલીને પેલો જવાન ગેબ થઇ ગયો. અને બીજે દિને દોગ્દો એ ખ્વાબની તાબીર કહેનાર જેફ શખ્સ કને ગઇ અને સઘળી વાતથી તેને વાકેફ કરી ખ્વાબનો ભેદ પુછયો. તે ધણીએ ઉમેદના સારા સખુનો કહ્યા કે તારો બેટો મોટા દરજાનો નામીચો થશે; ખ્વાબમાં જોયલો જવાન સરોશ ઇજદ હતો, તેના હાથમાંની લાકડી તે દરેક બદીને દૂર રાખનારું ખુદાઇ નૂર હતું, અને બીજા હાથમાંનું નામુ અથવા કેતાબ તે તારા બેટાની પેગમ્બરીની નિશાન હતી, જેની મારફતે દુનિયામાં નેકીનાં બીજ રોપાશે, વહેમ અને બુતપરસ્તી નાબુદ થશે; પેલાં ત્રણ ફાડી ખાનારાં માર્યા ગયાં તે તારા બેટાના ત્રણ મોટા દુશ્મનો છે, જેઓ તેને હલાક કરવાની પોતાની કોશેશમાં કદી ફાવશે નહિ પણ આજેજ થશે, ઇત્યાદિ.

જરતોશ્તના દુશ્મનોનો ગભરાટ.

દોગ્દોએ પોતાના ખ્વાબ તથા તેની આ તાબીરની સર્વ હકીકતથી પોતાના ખાવંદને અને પોરૂશસ્પે પોતાના બાપ પેતેરસ્પને વાકેફ કીધો. એમ કરતાં પુરે દહાડે બાળકનો જન્મ થયો અને તે રડવાને બદલે હસ્યો ત્યારે પોરૂષસ્પે એ યજદાંની તરફનું ખોરેહ છે એમ જાણીને તે બાળકનું નામ જરતોશ્ત રાખ્યું. જરતોસ્ત જન્મ લેતી વેળા હસ્યો તેથી ત્યાં વસતાં બદ લોકોનાં દિલમાં મોટી ધાસ્તી પેદા થઈ. તે લોકોનો પાદશાહ દોરાસરૂન નામનો હતો, જે જાદુઇ યાને દગાઇ તથા બુતપરસ્તીનો ધર્મ પાળતો હતો, અને તેને ખબર હતી કે જરતોશ્ત જનમશે ત્યારે તમામ જાદુઇનો નાશ થશે. આ ઉપરથી જ્યારે તેને જરતોશ્તના જન્મની ખબર થઇ ત્યારે તેણે ઘોડા પર સ્વાર થઈ પોરૂષસ્પને ઘરે જઇ તેના હસતા ચેહરાના બેટાને જોયો, જેનો તત્કાળ જાન લેવાની મતલબથી તેણે તેને પારણાંમાંથી બાહેર કહડાવી તેને પોતાનું ખંજર મારવાની મતલબથી હાથ ઉંચો કીધો, પણ તેજ વેળા તે હાથ જુકો થઇ ગયો.

આ અને એ પછી જરતોશ્તને આતશની ચેહમાં, ગાયનાં તથા ઘોડાનાં ગોવાળાંમાં, અને વરૂની ગુફામાં નાખવાનું બયાન આવે છે, જે બાબે પેહલવી ગ્રંથોને આધારે આપણુ આગળા સફાઓમાં વાંચી ગયા છિયે.[1] જ્યારે સઘળી આફતોમાંથી જરતોશ્ત સલામતી સાથ બચવા પામ્યો ત્યારે દોરાસરૂન પાદશાહ અને તેના દરબારીઓમાં ભારે ગભરાટ ચાલ્યો અને આ બાળકનો નાશ કેમ કરવો તેના નવા ઇલાજો

૧ જુઓ અગાડી, સફે ૧૩૬–૩૭.

ઉપર વાદવિવાદ ચાલ્યો. આ તકરાર દરમિયાન બોરાંતરોશ નામનો મોટા દરજ્જાનો જાદુગર બોલ્યો કે જરતોસ્તને આપણી તરફથી કશો આસેબ પહોંચનાર નથી, તેનો નેઘેબાન અને બચાવનાર યજદાં છે, જેની દરગાહમાં બેહમન અમેશાસ્પંદ જરતોસ્તને લઇ જનાર છે, અને યજદાં તેને પેગમ્બર તરીકે આ જેહાનમાં મોકલનાર છે. વળી એક આદેલ શાહ જરતોસ્તને યારી આપશે અને મદદ કરશે, અને તેની દીન દુનિયામાં ફેલાશે ને બુતપરસ્તીનો નાશ થશે.

પેગમ્બરનું ભવિષ.

પોરૂપસ્પને ઉપલા ધણીના આ સખુનો વિશે ખબર પડવાથી તે પોતાના બેટાના સંબંધમાં વધુ હકીકત જાણવા માટે બોરાંતરોશ પાસે ગયો, જેણે જણાવ્યું કે તારો બેટો દુનિયામાં મોટી બુજર્ગી ભોગવશે, તે નેકીની રેહનુમાઇ કરશે, બુરાઇને આ દુનિયાની સપાટી ઉપરથી નાબુદ કરશે, જેથી જાદુગરીનો અંત આવશે. વળી શાહ ગુસ્તાસ્પ તેની દીન કબૂલ કરશે અને તેને ખરાં હેતથી ચહાશે.

આ પછી બુર્જીન કરૂસ નામે એક બુજર્ગ અને અક્કલમંદ પરહેજગાર મર્દે પોરૂષસ્પ કને જઇ જરતોસ્તને વધુ આફતોમાંથી બચાવવા અને પ્યાર અને મોહબતથી પરવરશી કરવાની કબૂલાત સાથ પોતાની જોડે લઇ જઇ રાખવાની માંગણી કીધી, જે જરતોસ્તના પિતાએ કબૂલ રાખી, અને એ રીતે સાત વર્ષનો થયો ત્યાં સુધી તે બાળક પેલા બુજર્ગ સાથ રહ્યો.

શત્રુઓની નામુરાદી.

સાત વર્ષની ઉમરથીજ જરતોશ્તનું ધક ધ્યાન પાક દાદાર તરફ લાગેલું જણાયું. એ વેળા એક દિને દોરાસરૂન અને બોરાતરૂશે જરતોસ્તનાં મકાનમાં જાદુઇના અખ્તરાઓ અને બીક તથા ધાસ્તી ભરેલા દેખાવો કરી બતાવ્યા, એવી મતલબથી કે તેથી તે બાળકનાં દિલને ધાસ્તી ભરેલું કરે. પણ જ્યારે ઘરમાંનાં લોકો આ દેખાવોથી ધાસ્તી ખાઇ નાસી ગયાં ત્યારે જરતોસ્ત જરાએ બીધો નહિ, પોતાની જગા ઉપર બેસીજ રહ્યો, અને તેને બીવાડવા આવેલા ધણીઓ નિરાશ અને નાસિપાસ થઇ ત્યાંથી ચાલી ગયા.

એ પછી થોડીક મુદતે જરતોસ્ત બીમાર થયો, જેથી તેનાં માતપિતાને ચિંતા પેદા થઇ. તેઓ બોરાતરૂશ જાદુગર કને દવા માટે ગયા, જેણે છુપી રીતે દગલબાજીથી તરેહવાર દવાઓ એકઠી કરીને તેઓની મેળવણી આદમીની મુતીનાં પાણીથી કીધી. પણ આ દવાથી પોતાને નુકસાન થશે એમ સમજી જઇને જરતોસ્તે તે ઘોળી નાખી. જરતોસ્તના શત્રુઓની આ નવી નામોરાદી હતી.

તેમની ધમકી—જરતોશ્તનો જવાબ.

એક દિને પોરૂષસ્પે ઉપલા બન્ને જાદુ જાણનારા દોરાંસરૂન અને બોરાંતરૂશને તથા તેમના જેવાજ બીજા કેટલાક બદકારોને પોતાનાં મકાનમાં ખાણું લેવા બોલાવ્યા. ખાણાં પછી બોરાતરૂશને એલતેમાસ થઇ કે તેણે ભેગા મળેલા મજલિસીઓનું દિલ ખુશ થાય એવો એક ખેલ કરી બતાવવો. પોતાના બાપને આ રીતની ભલામણ કરતો જોઇને જરતોસ્તે પોતાની નાપસંદગી બતાવી. પોરૂષસ્પને કહ્યું કે આવા ધુતારા લોકોનું ઠામ દોજખ છે, અને તું જો એવા લોકોને મદદ આપશે તો તારો ઠાર પણ ત્યાંજ થવાનો, માટે તેમ નહિ કરતાં ખલકતના પેદા કરનારની નેક રાહ ઉપર ચાલવું બેહતર છે. આ સાંભળીને પેલો જાદુગર છેડાઇ પડયો, તેણે જરતોસ્તને ચૂપ રહેવા કહ્યું, અને ધમકી આપી કે તું મારૂં અપમાન કરેછે, માટે હું તને રૂસ્વા કરીશ અને તારી ઉપર ખોટાં બોહતાનો જોડીને તને બેઆબરૂં કરીશ. જરતોસ્તે તેને હિમતથી જવાબ દીધો કે 'તારૂં

બોટાઈ મારી ઉપર કદી અસર કરવાનું નથી, અને મારે માટે તું જુઠું બોલશે તો તારોજ વજન હલકો થશે અને તારી ઇજત જશે. પણ હું જે કાંઇ તારે માટે બોલીશ તે સર્વે સાચુંજ બોલીશ, અને વાજબી દલીલોથી તકરાર કરીને તને આજેજ અને રૂસ્વા કરીશ.' આ તડાતડીથી શરમિંદો બેરાંતરૂશ દુખી દિલ સાથે ઘેર ગયો અને તાવ ચઢવાથી બીમાર પડયો.

ફસલ ૨—પેગમ્બરીની પહેલી મુશ્કેલીઓ.

જવાની વેળાના બનાવો.

હવે જરતોસ્ત ૧૫ વર્ષનો થયો અને નવજવાનીએ પહોંચ્યો. આ દુનિયાની કોઇ ચીજ ઉપર ધ્યાન નહિ આપતાં ખુદાતાલાની બંદગીમાં મશઘુલ રહ્યો. આ વખ્તથી તેને સરોશ મારફતે બશારત થવા માંડી અને ખુદાઇ ઓલખ તથા ભેદોથી પોતે વાકેફ થવા લાગ્યો. તે મુફલિસ લોકો ઉપર પ્યાર રાખતો અને તેમને પોતે છુપી રીતે ખોરાકી પોશાકી તેમજ ખર્ચી પુરી પાડતો.

ત્રીસ વર્ષની ઉમરે સરોશ તરફથી બશારત મળતાં જરતોસ્ત ઇરાન જમીન[1] તરફ પોતાના કબીલાનાં કેટલાંક મર્દ અને ઓરત સાથ જવા નિકળ્યો. માર્ગમાં તેમને આબહી[2] નામની નદી મળી, જે ઉંડી હોવાથી હોડીમાં બેસીને તે પસાર કરવી પડતી હતી. પણ આ વેળા હોડી મળી શકી નહિ તેથી જરતોસ્તની સાથવાળી ઓરતોએ પાછી ફરવાનો ઇરાદો બતાવ્યો, કેમકે જો નદી પગે ચાલી પસાર કરે તો તેમને પોતાનાં વસ્ત્રો કહાડી બેમલાહજે બેગાના મર્દો જોડે જવું પડે. પણ જરતોસ્તે દાદારની મદદ માંગી, અને પોતાની સાથવાળા સઘળા લોકોને તેમનાં કપડાં સુધાં નદીમાંથી ચલાવી લઇ ગયો.

એક ખ્વાબની તાબીર.

સફંદારમદ મહિનાના અનેરાંન રોજે જરતોશત ઇરાનની સરહદે જઇ પહોંચ્યો, કેજે એક મોટાં જશન[3]નો દિવસ હતો. આ સવાબનો હમબહેરો મેળવવા સારૂ તમામ લોકો તે માટેના મકાન તરફ જતાં હતાં, પણ રાત પડી જવાથી જશનગાહમાં જવાના પોતાના ઇરાદા છતાં જરથોશ્તે એક મકાનમાં એકલોજ વાસો કીધો. અહીં તેણે એવી મતલબનો એક ખ્વાબ દીઠો કે ઉત્તર તરફથી એક લશ્કરે ધસી આવીને જરતોસ્તનો જવાનો માર્ગ બંધ કીધો. એ પછી દક્ષિણ તરફથી તેવુંજ એક બીજું લશ્કર આવી લાગ્યું, અને બંને વચ્ચે લડાઇ ચાલી, જેમાં ઉત્તરનું લશ્કર હાર ખાઇ નાસી ગયું. આ ખ્વાબની તાબીર પાછળથી એવી જાહેર થઇ કે જ્યારે જરતોસ્ત પેગમ્બર તરીકે જાહેર થશે ત્યારે બદકાર લોકો તેની સામે લડવા નીકળશે, જે બાબેની ખબર મેદીઓમાહ (જરતોસ્તના પીત્રાઇ) ને પડતાંજ તે જરતોસ્તની હજુરમાં આવી તેની દીન કબૂલ રાખશે, અને પછી સઘળા દેવ યાને આડે માર્ગે ચાલનારા ગુમરાહ અને બદકાર લોકો નેસ્ત નાબુદ થશે.[4]

---

૧ આ ઇરાન જ.મીન તે શાહ ગુશતાસ્પનું બાગ્ધી યાને બલ્ખ પાયતખ્તવાળું ઇરાન હોવું જોઇયે, અને તેમ હોય તો જ.રતોશતનાં જન્મ શેહર રગેવાળો મુલ્ક ઇરાનથી જુદો હોવો જોઇયે. કદાચ તે જ.માનામાં ઇરાન નાના નાના પ્રાંતોમાં વહેંચાઇ જઇ ત્યાં જુદાજુદા હાકેમો રાજ્ય ચલાવતા હશે. ડૉ૰ ગુસ્ટી વગેરે થોડાક યુરોપીઅન વિદ્વાનોનું મત એવું છે કે ગુશતાસ્પનું પાયતખ્ત બલ્ખ નહિ પણ મીડિયામાં હતું.

૨. દસ્તુર પેશોતનજી પ્રમાણે આ નદીને 'રોદઆબ' અને 'વેહરોદ'ને નામે પણ ઓળખેલી છે, અને તે અલ્બોર્જ પહાડની આથમણે આવેલી છે.—"પેગમ્બર સાહેબ અશો જ.રતોશતનાં જનમારાનો અહેવાલ," સફે ૬૪ ની નોટ.

૩ આ જશન વર્ષની આખરીના છેલ્લા દિવસનું, અથવા ફરવરદેગાનના પહેલાપાંચ દિવસો જેમને "પંજે કેહ" કેહે છે, તેમાંના છેલ્લા દહાડાનું હશે.

૪ ખ્વાબની ખરી તાબીર તવારીખ ઉપરથી એ મળે છે કે શાહ ગુશતાસ્પે જરતોશતની દીન કબૂલ રાખવાથી

બીજે દહાડે જરતોસ્ત જશનગાહમાં શામેલ થયો અને તેમાં તેણે ઉલટથી ભાગ લીધો.

આ પછી જરતોસ્ત બેસતાં સાલના અર્દી-બહેસ્ત મહીનાના દેપમહેર રોજને દીને આફતાબ રોશન થતી વેળા દાઇતી નામે નદીમાં ઉતર્યો ત્યારે નદીનું પાણી ચાર મરતબે તેના ઉપર ચઢી આવ્યું. પહેલી મરતબે તે પાણી તેના પગની ઘુંટી જેટલું, બીજી વેળા ઘુટણ સુધીનું, ત્રીજી વખ્ત કમર તુલીક અને ચોથી વાર ગરદન સુધી જણાયું હતું.

દાદારની દરગાહમાં.

આ વેળા બહમન અમશાસ્પંદ નૂરી પોશાકમાં જરતોસ્ત આગળ જાહેર થયો અને તેને પુછ્યું કે 'તારૂં નામ શું છે અને તું દુનિયામાં શાંની શોધમાં છે?' જરતોસ્તે જવાબ આપ્યો કે 'મારી ઇચ્છા ખુદાતાલાની ખુશી અને તેના હુકમ સિવાય બીજી કાંઇ નથી. મારૂં દિલ રાસ્તી સિવાય બીજી કશી ચીજનું તલબગાર નથી.' બેહમને તેને ખુદાની હજુરમાં લઇ જવા કહ્યું ત્યારે જરતોસ્તે પોતાની તૈયારી બતાવી. બહમને તેને આંખ મીચવા કહ્યું અને તેમ કરીને એક લેહજામાં તે પાછી ઉઘાડી તો જરતોસ્તે પોતાને રોશન મીનોઇ આલમમાં દીઠો. ત્યાં ફરેસ્તાઓનાં અન્જુમનો મળેલાં હતાં. અહીં તેઓ સાથની મુલાકાત પછી જરતોસ્ત અહુરમજદની હજુરમાં જઇ પુગ્યો, જ્યાં તેને થયલા સવાલ જવાબનો સાર આ પ્રમાણેનો છેઃ—

જરતોસ્તે પુછ્યું કે—અય દાદાર! પૃથ્વી ઉપર ભલો શખ્સ કોણ છે?

અહુરમજદે જવાબ આપ્યો કે—જેનાં દિલમાં સાચવટ હોય, જેનાં કામો રાસ્ત હોય, જેની સખાવત એવી સાચી હોય કે જેથી સર્વનાં દિલ ખુશ થાય, જે બેઉ આંખોનો ઉપયોગ કરી સરખી નજરે જોતો હોય, દુનિયાની જાનદાર પેદાયશોને જે ઇજા નહિ પહોંચાડતો હોય, તે શખ્સ ભલો છે અને હમેશગીનું સુખ તેજ મેળવે છે. એથી ઉલટો ચાલનારનું ઠામ દોજખ છે.

જરતોસ્તના બીજા સવાલોના જવાબમાં હોરમજદે કહ્યું કે "નેકી કરવી એ મારી મોરાદ છે; બદ કર્તુકનો શખ્સ મને અણગમતો છે; દુનિયામાં કોઇનું કામ ખરાબ થવું નહિ જોઇએ; આલમને ગમ, સખ્તી, પિડા, અને દુખ પહોંચે એમ થવું નહિ જોઇયે," ઇત્યાદિ.

આ પછી જરતોસ્તને સઘળી આકાશી એલમની માહિતગારી આપવામાં આવી. દુનિયાની ઉત્પત્તિ વગેરેની સર્વે ખબરદારી જરતોસ્તે મેળવ્યા પછી તેને બળતા આતશમાંથી ચાલી જવાના, શરીર ઉપર ધાતુ રેડાવવાના, તથા પેટ ચીરાવવા પ્રયોગો કરાવવા પડયા, જે દરેકમાં તેને કશી ઇજા થઇ ન હતી.

જરતોસ્તે વધુ સવાલ એ પુછ્યો કે—પાક દાદારની પરસ્તેશ કરનારા મુબેદો અને બીજાઓ કઇ ચીજની સન્મૂખ ઉભા રહીને તેમ કરે? જવાબ મળ્યો કે—જે ચીજ પોતે નૂરમંદ તથા રોશન હોય તેને ખુદાઇ નૂર સમજીને તેની રોશની તરફ પોતાનું મોં રાખે અને તે ઉપર પોતાની નજર રાખીને મારી (અહુરમજદની) એબાદત કરે.

શાહ ગુશ્તાસ્પની દરબારમાં.

આ અને એવીજ બીજી અનેક બાબતોની માહિતગારી પાક દાદારથી મેળવીને તે સાહેબની દરગાહથી પાછા ફરતી વેળા જરતોસ્તે સઘળા છ અમેશાસ્પંદોની મુલાકાત લઇ તેઓથી બીજી વધુ ખબરદારી હાંસેલ કીધી, અને પછી તે આ દુનિયામાં પાછો આવ્યો. તેના આવ્યાની ખબર ત્યાંના દેવયસ્નાન લોકોને પડવાથી તેઓ તેની સામે

ઉત્તરેથી ખ્યોન લોકોનો રાજા અર્જાસ્પ લડાઈ લાવ્યો હતો, જેની સામે દક્ષિણેથી ઈરાની લશ્કરે લડીને તેનો નાશ કીધો હતો.

થયા અને નવી દીન જાહેર નહિ કરવાની તેને સલાહ આપવા લાગ્યા. પણ જરતોસ્ત અહુનવરનો કલામ ("યથા અહૂ વઇર્યો") બુલંદ આવાજે પઢયો, જે સાંભળીને તેના શત્રુઓ નાસભાગમાં પડયા. આ રીતે પોતાની પેગમ્બરીનાં કામમાં ખલલ કરનારા દીનદુશ્મનોને લાઇલાજ કરીને હવે જરતોસ્ત શાહ ગુસ્તાસ્પની દરબારમાં જાહેર થવા માટે પાયતખ્ત બલ્ખમાં ગયો. દરબારમાં તેણે હાકમો, સરદારો અને અમીરોને બે હારમાં સફ સમારી કમર બાંધી ઉભેલા દીઠા. એવીજ બીજી બે સફમાં નામીચા આલમાઓ અને ફિલસુફો ઉભેલા હતા. આ સઘળાઓની વચ્ચે જરતોસ્તે શાહ ગુસ્તાસ્પને બુજર્ગીદાર તખ્ત ઉપર કીમતી તાજ પહેરીને બિરાજેલો દીઠો. તે નામદારની નજદીક જઇ અશો જરતોસ્તે તેના ઉપર દુઆ કીધી, અને આ દુઆ કરનારને જોતાંજ શાહે તેને બુજર્ગવાર તરીકે પિછાની લીધો અને મેહરબાનગીથી તેની ખબર અંતર પુછીને તેના દરજ્જા અને મરતબાને છાજતી એક જગા પેલા વિદ્વાનોવાળી હારની આગળ પોતાની સામણે આપી, તથા એક ખુર્સી ગોઠવાવીને તે ઉપર જરતોસ્તને બાઆબરૂ બેસાડયો, અને પછી તે જે કાંઇ એલમ જાણતો હોય તે જાહેર કરવા ફરમાવ્યું. આ ઉપરથી જરતોસ્તે પોતાની નવી દીન અને ખલકના પેદા કરનાર તરીકે અહુરમજદ અને તેની પેદાયશો વગેરે વિશે સમજણ આપવા માંડી, અને દીનની એ ખુબી જાહેર કરતી વેળા દરમિયાન જે વિદ્વાનો પોતાને સવાલો પુછી ખુલાસો ચહાતા તેમને જરતોશ્ત ખુબી ભરેલા શબ્દોમાં તે આપતો અને તકરાર કરનારાઓની તકરારનું ખોટારૂં બતાવતો.

જરતોશ્તની જીત.

હવે જરતોસ્તને શાહની દરબારમાં એક નહિ પણ અનેક વારે દીનના સંબંધમાં તકરાર ચાલી હતી. પહેલે દિને પાદશાહના જમણા હાથપરની સફના એક વિદ્વાને તકરાર ઉઠાવી, જેમાં તે જ્યારે જરતોસ્તના હાથ ઉપર હાર્યો ત્યારે તેણે તેનો સખુન કબૂલ રાખ્યો અને પોતાની ખુર્સી છોડી દઇને તે ચઢતા દરજ્જાનું માન જરતોસ્તને આપ્યું. બીજા એક ફિલસુફે પુરાણા એલમો વિશે તકરાર ઉઠાવી, જેમાં તે પોતે પણ આજેજ થયો. આ રીતે દરબારની બન્ને બાજુની હારોમાં બિરાજેલા ત્રીશ ત્રીશ દરબારીઓને જરતોસ્તે માત કીધા, અને તે સઘળા તેને પોતાની બેઠકનું માન આપવા ઉભા થયા. જાહેરમાં આમ કરવા છતાં તેઓ સઘળા બાતેનમાં તો ઘણા બળવા લાગ્યા.

શાહ ગુસ્તાસ્પે આ પછી જરતોસ્તથી કેટલીક બાબતોના ખુલાસા મેળવ્યા અને તેથી પોતે ખુશ થઇને પેગમ્બરને પોતાના મહેલની નજદીકમાં એક મકાન રહેવા માટે આપ્યું.

પેલી તરફથી કચેરીમાં શિકસ્ત પામેલા સઘળા દરબારીઓએ પોતાનું ગયલું માન પાછું કેમ મેળવવું અને જરતોસ્તને કેમ માત કરવો તે બાબે ભેગા મળીને આખી રાત મસ્લતમાં ગુજારી. પણ અશો પેગમ્બરે પોતાનાં મકાનમાં જઇ પોતાના પાક દાદારની હજુરમાં પોતાની ફતેહને માટે મિનત ગુજારીમાં તે રાત પસાર કીધી.

બીજે દિને શાહના દરબારમાં ફરીથી તકરાર ચાલી, પણ તેમાંબી સઘળા હકીમો અને દાનાઓ હાર્યા. ગુસ્તાસ્પે આ જોઇ જરતોસ્તનો મરતબો વધારી તેને પોતાની આગળ બેસાડયો અને તેનાં નામ નિશાન તથા ખાન્દાન અને વતનની વાતો પુછી પોતે વાકેફ થયો. આ વેળા પેગમ્બરે શાહને અર્જ કીધી કે આવતી કાલે અહુરમજદ રોજ છે માટે એ દિને તારી દરગાહમાં સઘળા લશ્કરી અમલદારો અને તમામ વિદ્વાનોને હાજર થવાનું ફરમાન આપ કે તેઓ મધેથી જેઓ જે કાંઇ સવાલ પુછે તેનો ખરો ખુલાસો આપી તેમનો શક સુબેહ હું દૂર કરૂં, અને ત્યાર પછી જે કાંઇ દાવો હું ધરાવું છું

તેનો હું તને પેગામ પહોંચાડું." શાહે આ મુજબ હુકમ કહાડયો અને પછી દરબાર બરખાસ્ત થઇ. જે સઘળા દરબારીઓ અશો જરતોસ્તના હાથ ઉપર તકરારમાં હાર્યા હતા તેઓ પોતપોતામાં બળાપો કરવા લાગ્યા કે "એક બેગાનો શખ્સ પાદશાહની દરબારમાં આવીને આ રીતે આપણી હોરમત લે, આપણી આબરૂનો નાશ કરે અને આપણી સફમાં ઉંચો મરતબો મેળવે એ આપણે માટે ઘણું શર્મિંદગી અને નામોસીભરેલું છે, તથા આપણા મોભાને હલકો પાડનારૂં છે, માટે હવે આપણુ એક દિલથી અને એક જબાનથી રહીને તેની સઘળી તકરારોને રદ કરિયે અને તેની કીર્તિને ઝાંખ પહોંચાડિયે." પણ આ ગોઠવણ ભાગી પડી. ત્રીજી મરતબે મળેલી દરબારમાં થોડીજ વારમાં સામા પક્ષવાળા નિર્બળ થઇ પડયા અને તેઓ જરતોસ્તની દલીલોને તોડવાને અશકત થઇ પડયા.

શાહ અને પેગમ્બર.

તેઓની આ હાલત જોઇને હવે જરતોસ્તને પોતાની દીન શાહ ગુસ્તાસ્પ આગળ રજુ કરી તેની કને તે કબૂલ કરાવવાની હિમત આવી. તેણે પાક ખુદાતાલાની તારીફ કરીને પછી શાહ આગળ પોતાના મજહબને લગતી અવસ્તા જબાનમાં લખેલી કેતાબ હાજર કીધી અને તે પ્રમાણે અમલ કરવા જણાવ્યું, અને કહ્યું કે આ કેતાબ આવીને પાક દાદારે મને આલમનાં લોકમાં તે જાહેર કરવા મોકળેલો છે, માટે તું તેનાં ફરમાન મુજબ ચાલ અને અમલ કર, કે જેથી તારૂં દિલ ખુશહાલી ભરેલું છે તેવુંજ ખુશહાલ તે બહેસ્તનાં મકાનમાં પણ રહેશે. અગર નહિ તો "તારૂં તાજ અને બુજર્ગી ધુળમાં મળી જશે." શાહ ગુસ્તાસ્પે આ સઘળું સાંભળીને તેની સાબેતીમાં કાંઇ ચમત્કાર અથવા મોજેજો જાણવા માંગ્યો, પણ પોતાની દીનની સચ્ચાઇ પુરવાર કરનારા કશા ચમત્કાર બતાવવાની ના પાડીને પેગમ્બરે કહ્યું કે આ કેતાબમાં જે ફરમાનો છે તેજ બસ છે. શાહે જરતોસ્તને કહીને આ કેતાબમાંનો થોડીક બિના વંચાવી અને તેનો ખુલાસો મેળવ્યો, પણ શાહને "અવસ્તા અને તેની માએની તરત વેળા પસંદ પડી નહિ." ગુસ્તાસ્પે જરતોસ્તને કહ્યું કે પેગમ્બરીનો તેં જે દાવો કીધો છે "તે ઉતાવળેથી સરંજામ ઉતરશે નહિ. હું એ બાબતમાં પહેલાં સારી તરેહથી ધ્યાન આપીને તે ઉપર પુરતો વિચાર કરૂં, અવસ્તાના બાબો અર્થ સાથે હું શીખું, તેની મતલબ તપાસું, તે મતલબને તારા દાવા સાથે સરખાવી જોઉં, અને તારો દાવો અસલ મતલબની સાથે મળતો ઉતરશે તો હું એ કામ કબૂલ રાખીને આસ્કારા કરીશ."

શત્રુઓનાં કારસ્તાન.

આ જવાબથી રાજી થઇ જરતોસ્ત પોતાને મકાને ગયો, પણ પેલા નિરાશ થયલા હોકમાઓએ તો કોઇબી રસ્તે તેનો ઘાત ઘડવાનો ઠરાવ કીધો. તેઓએ એક એવી યુક્તિ શોધી કહાડી કે જેથી જરતોસ્તના જાનને બેશક હલાકી પહોંચી. ઉપલા બનાવો પછી એક દિને જ્યારે જરતોસ્ત શાહના ફરમાવ્યા મુજબ તેની દરબારમાં જવા નીકળ્યો ત્યારે પોતાનાં મકાનની કુંચી રાબેતા મુજબ તેણે દરબાનને હવાલે કીધી, જેને લાલચ આપીને બે મુખ્ય દુશ્મનોએ તે કુંચી પોતાને સ્વાધીન લીધી અને પછી ગુપ્ત રીતે મુએલાં આદમીનાં હાડકાં, કુતરાં બિલાડાંનાં ડોકાં, બાલ અને બીજી નસાની જિંનસો ભેગી કરીને જરતોસ્તનાં મકાનમાં છુપાવી અને પછી બારણાં બંધ કરીને પેલી કુંચી પાછી દરબાનને હવાલે કીધી.

કેદખાનું.

આ કાર્ય બનાવીને પેલા હકીમો દરબારમાં જઇ બેઠા, જ્યાં તેઓએ શાહને જરતોસ્ત સાથ તેની દીન બાબેની વાતો કરતો અને

માહિતગારી મેળવતો જોયો. આ વેળા તેઓએ શાહને ખબર આપી જરતોસ્ત પર એવું તોહમત મેલ્યું કે "આ કેતાબમાં તમામ જાદુઇ છે અને આ મર્દ જાદુપરસ્ત છે, માટે તે પોતાનાં જાદુ અને ફરેબથી તને તાબે કરવા માંગેછે." પેલાઓએ જરતોસ્તનાં મકાનમાં તપાસ કરવાને શાહને અર્જ કીધી, અને તેમ કરવાનો ગુસ્તારપે પોતાના માણસોને હુકમ આપવાથી ત્યાંથી પેલી છુપાવેલી નજીસ ચીજો મળી આવી. આ જોઇ શાહે જરતોસ્ત ઉપર ખફા થઇ તેને હલકા સખુનો કહ્યા. જરતોસ્તે બચાવ કીધો કે આ કમકમાટ ઉપજાવનારી વસ્તુઓ મેં ભેગી કીધી નથી. એ કામ મારા બદખાહ દુસ્મનોનું છે,' માટે દરબાનને બોલાવી આ બાબતનો ખુલાસો મેળવ. પણ દરબાન જુઠું બોલ્યો, શાહ વધારે રીશે ભરાયો, જરતોસ્તને બદસખુન કહ્યા, અવસ્તાની કેતાબ ફેંકી દીધી, અને પેગમ્બરને કેદખાને મોકલ્યો, જ્યાં દર ત્રણ દહાડે તેને માટે રોટી અને પાણી મળતાં હતાં, પણ જરતોસ્તે આ ચીજોને નહિ અડકતાં સાત દિવસ કેદખાનામાં ભુખે તરસે ગુજાર્યાં.

ફસલ ૩—દાનની શેવટની ફતેહ.

"અસ્પે સિયાહ."

તેને પેગમ્બરે કેમ સાજો કીધો.

પેગમ્બરના સંબંધમાં આવો મામલો હતો તે દરમિયાન એક નવાઇ જેવો બનાવ બન્યો. શાહ ગુસ્તારપનો "અસ્પે સિયાહ" નામનો કાળા રંગનો એક માનિતો અને મુબારક ઘોડો હતો, જે ઉપર સવાર થઇને તે હમેશાં લડાઇ લડવા જતો અને ફતેહ મેળવી આવનો હતો. આ ઘોડા પાછળની સઘળી માવજત છતાં એક દિને સહવારે તબેલામાં તે નિરાધાર થઇ પડેલો જણાયો. તેના ઝડપચાલના પગ તેનાં પેટમાં ગોયા ગર્ક ગયા હોય તેમ કેમે કરીને સીધા થતા ન હતા, અને ઘોડો ઉઠીને ઉભો થઇ શકતો ન હતો. આથી ગભરાટમાં પડીને ઘોડશાળા યાને પાયગાહના ઉપરી અમલદારે શાહ આગળ જઇ સઘળી બિના કહી સંભળાવી, જેથી ગુસ્તારપને મોટી અચરતી સાથે ભારે દિલગીરી પેદા થઇ. ઘણાએક ઉપાયો કરી જોયા, પણ આ ઘોડો ઉઠી ઉભો થઇ શકયો નહિ. ઘોડાના તબીબો જ્યારે દવાદારૂ કરવા છતાં નિષ્ફળ થયા ત્યારે શાહને મોટો ગમ લાગ્યો અને શેહરમાં આ વાત ફેલાયાથી લોકો શાહી ઘોડાનો હાલ જોવા અસ્પગાહ તરફ આવ્યા. અને જ્યાં ત્યાં બસ એજ વાતો થવા લાગી.

અશો જરતોસ્તનું ખાણું લઇ જનાર દરોગો પણ ઉપલાં લોકો મળતો "અસ્પે સિયાહ" ને લગતી પરપુછમાં રોકાયલો હતો માટે જ્યારે ધારા પ્રમાણે તે જરતોસ્તનું ભોજન લઇ ગયો નહિ અને સાંજ સુધી તેની આગળ ગયો નહિ ત્યારે જરતોસ્તે તેની ગેરહાજરીનું કારણ પુછ્યું. દરોગાએ આ ઉપરથી શાહના ઘોડાને લગતી સર્વ હકીકત કહી સંભળાવી, જે સાંભળીને જરતોસ્તે તેને કહ્યું કે બામદાદે શાહ આગળ હાજર થઇ મારા તરફથી અર્જ કરી કહેજે કે આ નામચીન ઘોડાની દવા હું કરીશ અને તેના ચારે પગોને અસલ હાલતમાં લાવીને તેને ફરતો હરતો કરી આપીશ, અને પાદશાહના દીલનો ગમ બરતરફ કરીશ.

આ સંદેશો ભારે ખુશી સાથ સાંભળીને ગુસ્તારપે જરતોસ્તને છુટો કરાવી પોતાની નજદીક તેડાવ્યો, અને તન પાક કરી તથા સ્વચ્છ પોશાક પહેરીને જરતોસ્ત શાહની દરબારમાં ગયો. અહીં કેટલીક વાતો પછી પેગમ્બરે કહ્યું કે આ ઘોડાના ચારે પગ પાછા દરસ્તીમાં લાવવાનું કામ સહેલ નથી. એ કામ હું બજાવી શકીશ, તે આગમજ ચાર કૉમો

બજાવવાનો તારે કરાર કરવો પડશે. શાહે આ માટેની કબૂલત આપીને તે કામો જાણવા માંગ્યા‑થી જરતોસ્તે શાહની સાથે ઘોડા આગળ જઇ તેને તપાસીને જોયો, અને પછી ત્યાં હાજર રહેલા લશ્કરી અમલદારો અને બીજાઓનાં દેખતાં પેગમ્બરે પોતાના કિર્તારનું નામ યાદ કરીને તે ઘોડાના જમણા પગ ઉપર પોતાનો હાથ ફેરવ્યો, કે જેની અસરથી તરત તે પગ લાંબો અને સીધો થયો. આ જોઇ શાહ અને બીજા સર્વ અચરત થયા અને પેગમ્બરની વખાણ ગાવા લાગ્યા. આ કામ બજાવ્યા આગમજ જરતોસ્તે ગુસ્તાસ્પને સર્વનાં દેખતાં કહ્યું હતું કે "હું અહુરમજ્દ તરફથી આવેલો પેગમ્બર છું એમ તારે બેશક માનવું. જો તું આ વાત ઉપર દિલોજાનથી એકીન લાવશે તો તારી મોરાદ હાંસલ થશે; અગર નહિ તો મારી મહેનત ફોકટ જશે."

ગુસ્તાસ્પે જરતોસ્તના આ સખુનો કબૂલ રાખ્યા પછીજ પેગમ્બરે ખુદાની બંદગી કીધી અને ઘોડાનો એક પગ બાહેર નીકળ્યો.

બીજો પગ બાહેર કહાડતી વેળા જરતોસ્તની ખાહેશ મુજબ શાહે પોતાનાં તેહમતન બેટા અસ્પંદિયારને હાજર રાખ્યો અને તે બહાદુર શાહજાદાએ પેગમ્બર સાથ કરાર કીધો કે મારે તારી. ખુદાઇ દીનનો ફેલાવો કરવો અને તે દીનના હુકમ મુજબ ચાલવાની બુતપરસ્તોને ફર્જ પાડવી, અથવા તો તેમની બુનએખ ઉખાડી નાખવી. અસ્પંદિયાર નામદારે કબૂલત આપી કે હું મારા હાથ અને તલવાર અને દિલ અને જબાનથી જરતોસ્તી દીનની મદદ અને યારી કરીશ અને ઉલટો ચાલનારને સજા કરીશ. આ પછી જરતોસ્તે અહુરમજ્દની હજુરમાં દુઆ માંગી અને ઘોડાનો પાછળો જમણો પગ બાહેર નીકળ્યો. આ જોઇ સર્વેએ જરતોસ્ત ઉપર આફ્રીન કીધી.

પેગમ્બર અને રાણી

ત્રીજો પગ બાહેર કહાડતી વેળા જરતોસ્તે માંગણી કીધી કે રાણી કેતાયુને[1] મારી દીન. કબૂલ કરવી. આ માટે તેણે શાહને અર્જ કીધી કે મારે તે નામદાર બાનુની હજુરમાં જઇને તેને મારી પવિત્ર દીન બાબેની નસીહત કરવી જોઇયે. આ પછી શાહની પરવાનગી લઇ જરતોસ્ત રાણી આગળ ગયો અને તેને ઘણી‑એક દુઆ દઇને કહ્યું કે મને ઇનસાફના સાહેબ ખુદાતાલાએ સઘળા કાયદા અને તરીકાઓથી વાકેફ કરીને પાદશાહની નજદીક મોકલ્યો છે કે તે સાહેબના હુકમ મુજબ દુનિયામાંથી અણઘટતી દીન અને તરીકાઓનો નાશ કરી ખરી દીન અને વાજબી માર્ગ આલમના લોકોને હું જાહેર કરૂં. હમણા બુજર્ગ પાદશાહ ગુસ્તાસ્પ અને અસ્પંદિયારે મારી તરફની ઘણીએક નિશાનીઓ જોઇને પોતાનાં ખરાં દિલ અને એકીનથી મારો હુકમ તથા ફરમાનો કબૂલ કીધાં છે; માટે હવે અય બાનુઓની બાનુ! તને ઘટારત છે કે તું બી મારાં કામોને વગર શકનાં ગણીને તે ઉપર એકીન લાવે અને તારાં ખરાં દિલથી ભલી દીન કબૂલ કરી તે ઉપર તું એસ્તવાર અને કાયમ રહે." રાણી કેતાયુને જરતોસ્તના સખુનો કબૂલ રાખ્યા, તેનાં કામો વિશે પોતાનું ઉંચું મત જાહેર કીધું, અને શેવટે કહ્યું કે "હું મારાં ખરાં દિલથી ભલી દીનને કબૂલ કરૂં છું અને પાક ખુદાના હુકમ પ્રમાણે ચાલવાને ખાહેશમંદ છું." એશો જરતોસ્ત રાણી સાહેબને દુઆ દઇ અસ્પે સિયાહ આગળ પાછો આવ્યો અને પાક દાદારની મંદદ માગીને તેનો ત્રીજો પગ સીધો કીધો.

બદખાહોનો નાશ.

આ રીતે પોતાની ધારણા મુજબનાં ત્રણ

૧ અવસ્તા અને દીનકર્દ મુજબ આ રાણીનું નામ હુતોસ હતું.

કામો બજાવીને જરતોસ્તે હવે પોતાની દામાનને લાગેલો દાગ ધોઇ નાખવા માટે શાહને એવી મતલબની અર્જ કીધી કે "મારી ગેરહાજરીમાં મારાં મકાનમાં કોણ ગયું હતું અને ત્યાં નજીસ વસ્તુઓ કોણે મુકી હતી તે બાબે મારાં મકાનનાં દરબાનને બોલાવીને તારે પુછી ખાતરી કરવી જોઇયે. તે પ્રથમ જે કાંઇ બોલ્યો હતો તે ખોટું હતું, તેજ પ્રમાણે તે જો હાલ પણ ખોટું બોલશે તો તારો ઘોડો નબળી હાલતમાં રહેશે." પાદશાહનાં હુકમથી દરબાને હાજર થઈ ખરો ખુલાસો પોતાના ગુનાહની માફી ચાહીને એવી મતલબનો કીધો કે શાહની દરબારના ચાર દાનાઓ અને સુફીઓએ મને લાલચ આપીને સઘળી બિના છુપી રાખવા ફરમાવ્યું હતું અને તેઓએજ મુરદાર ચીજો જરતોસ્તના એવાનમાં જઇ મુકી હતી, ઇત્યાદિ. આ ખુલાસા પછી શાહનાં મનમાં જરતોસ્તની દીન વિશે કશો શક રહ્યો નહિ. તેણે પેલા ફીલસુફોને તકસીરવાર ઠરાવ્યા અને તેમને ફાંસી દીધા. આ પછી જરતોસ્તની દુઆથી ઘોડાનો ચોથો પગ પણ બાહેર નીકળ્યો. અને તેમ થતાં તરત તે ઉઠીને ઉભો થયો.

પેગમ્બરની ફતેહ.

આ બનાવથી શાહ અને તેની દરબારના ખરા દાના આદમીઓએ જરતોશ્ત તરફ મોહબત બતાવી, તેની વખાણ ગાઇ, અને ઇજત તથા માન આપ્યાં; એટલુંજ નહિ પણ પેગમ્બરને મળેલી કેદની સજા માટે શાહે માફી ચાહી, અને એ રીતે તેની દિલગીરી દૂર કીધી. હવેથી શાહની દરબારમાં જરતોસ્તનો દરજ્જો ઘણો વધી ગયો. શાહ પોતે પેગમ્બરના હુકમ પ્રમાણે ચાલવા લાગ્યો, અને સઘળા ધારા અને કાયદા પેગમ્બરનાં ફરમાન મુજબના બનાવીને તે પ્રમાણે અમલ કરવા લાગ્યો.

ચાર પાદશાહી ખાહેશો.

એમ કરતાં એક દિને દરબારમાં શાહ ગુસ્તાસ્પે જરતોસ્ત મારફતે હોરમજદથી આ મતલબની ચાર મુરાદ ચાહી. ૧ લી એ કે આખેરસ મારૂં મકાન કેવું છે તે મને માલુમ પડે; ૨ જી એ કે દીનને માટેની લડાઇઓમાં દુસ્મનો તરફથી મને હથિયારનો જખ્મ લાગુ નહિ પડે અને તેની ધાસ્તી મને નહિ રહે એવું મારૂં શરીર બને; ૩ જી એ કે નેક અને બદ જે કાંઇ થયું અને થાય તેની સઘળી કેફિયતથી હું વાકેફ બનું; અને ૪ થી એ કે રસ્તાખેજ સુધી મારૂં રવાન (જાન) તનથી છુટું નહિ પડે.

જરતોસ્તે આ માંગણી સાંભળીને કહ્યું કે ખુદાતાલા એકજ ઇનસાનને આ સઘળી બક્ષીશ કરે નહિ, માટે એમાંની ગમે તે એક તું તારે પોતાને માટે પસંદ કર, અને બાકીની ત્રણ જુદા જુદા ત્રણ ધણીઓ માટે માંગ. ત્યારે ગુસ્તાસ્પે કહ્યું કે મારૂં બહેસ્ત મને દેખાડ, મારા બેટા અસ્પંદિયારને કાંસાંનાં બદનનો બનાવ, તથા મારા વજીર જામાસ્પને સઘળી બનનારી વાતોથી જાણીતો કર, અને મારા બેટા પેશોતનને અમર્ગ બનાવ. જરતોસ્ત પોતાનાં મકાનમાં ગયો અને શાહ માટે દુઆ માગવા બંદગીમાં મશગુલ થયો. તેને જવાબમાં ચેતવણી થઇ કે તેની માંગેલી મુરાદ મળશે.

દરબારમાં દાદારના પેગામીઓ.

બીજે દિને દરબારમાં શાહ અને પેગમ્બર બિરાજ્યા હતા તે વેળા નકીબે ખબર આપી કે મહેલના દરવાજા આગળ ચાર સવારો તમામ ભપકાદાર હથિયારો બાંધીને અને ઝકઝકતા પોશાકમાં સજ્જ થઇને આવીને ઉભા છે, કે જેવા સવારો મેં આગળ કદી દિઠા નથી. શાહ આ બાબે જરતોસ્તને પુછે અને નકીબને જવાબ આપે તે

આગમજ તો પેલા સવારો દરબારમાં દાખલ થઇ ચુકયા હતા. તેઓનો લેબાસ લીલા રંગનો હતો અને રોબ અને દબદબા સાથે નેજા ઉઠાવી ઉભા હતા. આ સવારોમાંના બે બહમન અને અર્દીબહેસ્ત અમેશાસ્પંદો અને બે આદર. ખોરદાદ અને આદર ગોશસ્પ હતા. તેઓએ પોતાને પાક દાદાર તરફના પેગામી તરીકે ઓળખાવ્યો, અને તે સાહેબને નામે કહ્યું કે જરતોસ્તને પેગમ્બર તરીકે મોકલેલો છે, અને સર્વ કોઇએ તેના હુકમ પ્રમાણે ચાલવાનું છે, માટે તેના તરફ માનની નજરથી જોવું, તેની ભલી દીન કબૂલ કરી તેના કાયદા પ્રમાણે ચાલવું, તેનાં ફરમાન ઉપર સારીપેઠે ધ્યાન આપવું અને તેના હુકમને તાબે રહેવું.

ફરેસ્તાઓનો ચળકાટ અને રોબ જોઇને શાહ ગુસ્તાસ્પ ડરી ગયો અને તેમના ઉપલા સખુનો સાંભળ્યા પછી તે બેહોશ થઇ ગયો. જ્યારે હોશમાં આવ્યો ત્યારે તે બોલ્યો કે "અય પાક પરવરદેગાર ! હું તારા સઘળા બંદાઓમાં કમતર છું, અને મેં તારાં ફરમાનો ઉપર કમર બાંધેલી છે." આ પછી પેલા ફરેસ્તાઓ ત્યાંથી વિદાય થયા હતા.

દસ્તુર જરતોસ્ત બહેરામ જણાવે છે કે આ પછી અશો જરતોસ્તે દરૂન ઇજ્યા, અને તેની આગળ શરાબ, ફુલ, દુધ અને દાડમ એટલી ચાર ચીજો મુકી. આ ઇજસ્ને કીધા પછી પેગમ્બરે ઇજાયલો શરાબ શાહ ગુસ્તાસ્પને પાયો જેથી તે પોતાનું બહેસ્ત મિનોઇ જેહાનમાં જઇ જોઇ આવ્યો. ઇજેલું દુધ પીધાથી પેશોતન બેમર્ગી પામ્યો, ઇજેલું ફુલ સુંઘ્યાથી જામાસ્પ સઘળા એલમોથી વાકેફગાર થયો અને ભવિષ્યના બનાવો તેની આગળ ખુલ્લા થયા. છેલ્લે ઇજેલું દાડમ અસ્પંદિયારને આપ્યાથી તે ખાધા બાદ તેનું તન કાંસાના જેવું મજબૂત અને હથિયારની અસર નહિ થઇ શકે એવું બન્યું. આ પછી પેગમ્બરના ફરમાવ્યાથી શાહ ગુસ્તાસ્પે ગુંબજ સાથનાં આતશખાનાં બાંધ્યાં અને ત્યાં જુદા જુદા આતશોને તખ્તનશીન કીધા.

અહીં જરતોસ્ત બેહરામનાં લખેલાં જરતોસ્ત નામાનું શેવટ આવે છે.

ભાગ ૩ જો.

રૂસ્તમ નામું.

બાબ ૧—રૂસ્તમના નેયાગાનો.

શાહ મિનોચેહર

શાહનામાનો બનાવનાર ફિર્દુસી લખી જાય છે કે પાદશાહ ફરીદૂન[1]ના જવાન શાહજાદા ઇરજ[2]નો કીનો તેના બન્ને ભાઇઓ તુર[3] અને સેલ્મ ઉપર લેવાનું મહાભારત કામ બજાવ્યાનાં ઇનામ દાખલ શાહ મિનોચેહર[4] ઇરાનનાં તખ્ત ઉપર બેઠો. એ પાદશાહને આ કામમાં મદદ આપવા લડવૈયાઓ અને સરદારોમાં સામ નરીમાન નામનો પહેલવાન હતો. સામના બેટા જાલ અને જાલના બેટા રૂસ્તમના જન્મ મિનોચેહરશાહના અમલ દરમિયાન થયા હતા, એટલી એ શાહની પાદશાહીની મુદ્દત લંબાઇ હતી.

૧—અઝીદહાક નામના ઇરાનના પરદેશી પાદશાહને મારી તેનો જુલમ ટાળી ઇરાનમાં પાછો સ્વદેશી અમલ સ્થાપનાર પાદશાહ, જેને અવસ્તામાં "થ્રએતઓન" ને નામે ઓળખ્યો છે, અને જે નામને મળતું વેદિક નામ "ત્રેતન" છે, તે આ ફરીદૂન છે. થ્રએતઓન ઉપરથી પેહલવીમાં "ફ્રેતૂન" અને ફારસીમાં "ફરીદૂન" થયું છે. એ પાદશાહે પોતાની હઇયાતીમાંજ પોતાનું રાજ્ય ત્રણ બેટાઓને વહેંચી આપતાં ઇરજને ઇરાનમાં પોતાની નજદીકનું રાજ્ય સોંપવાથી સેલમ અને તૂર નામના વડા બેટાઓને અદેખાઇ લાગવાથી તેઓએ તેને દગાથી મારી નાખ્યો હતો.

૨—ઇરજનું અવસ્તાઇ નામ "ઐર્યવ" છે, જે ઉપરથી પેહલવી અને ફારસીમાં ઇરિજ બન્યું છે. ઇરાન નામ અવસ્તાના "ઐર્યન" શબ્દ ઉપરથી બન્યું છે. અસલી ઐર્ય અથવા આર્ય પ્રજાની એક શાખા જે મધ્ય એશિઆમાંથી આથમણે જઈ વસી તેના ઉપરથી તે મુલ્ક ઇરાનને નામે ઓળખાયો. જમશેદના સમયનું ઇરાન જીહુન નદીની બહુ ઉત્તરે હોવું જોઈયે. ફરીદૂનનાં ઇરાનમાં કાસ્પીઅન સમુદ્રની દક્ષિણે આવેલા વરેન (ઘીલાન) વગેરે પ્રાંતોનો સમાસ થયલો હોવો જોઈયે.

૩—તુર ઉપરથી તેને મળેલો દેશ તુરાનને નામે ઓળખાયો છે, અને એ દેશ જીહુન નદીની ઉત્તરે આવેલો છે, જયાંના તુરાનીઓ સાથ ઇરાનીઓને જેમ ઈસ્વી પુર્વે તેમજ ઈસ્વી પછીની લડાઇઓ ચાલુજ રાખવી પડેલી જણાય છે. અસલી સ્કીથ્યા દેશ તે આ તુરાન મનાય છે. સ્કીથ્યનો (તુરાનીઓ) અનેક કોમમાં વહેંચાયલા હતા. તેઓ ગૉથ, વૅન્ડાલ, સકા, વગેરે નામે હજારો ને લાખોની સંખ્યામાં આબાદ મુલક ઉપર તુટી પડતા અને લુટફાંટ કરતા. ઇરાન ઉપર તુરાનીઓના હરોડા એજ કિસમના હતા.

૪—અવસ્તામાં આ પાદશાહ "મનુશ્ચિથ્ર (ફરવરદીન યશ્ત, ફકરો ૧૩૧) ને નામે ઓળખાયો છે. પેહલવીમાં તેનું નામ "માનુશચિહર" એવું મળે છે. બુન્દેહશ નામની પેહલવી કેતાબમાં (પ્રકરણ ૧૨, ફકરો ૧૦) જણાવ્યા મુજબ માનુશ નામના પહાડ ઉપર આ પાદશાહનો જન્મ થયલો હતો; અને "રોજતસ સફા" માં મિર્ખુંદ જણાવી જાય છે કે માનુશાન નામનો પહાડ, કે જે કોઇ વાર અનુશાનને નામે પણ ઓળખાય છે, તે ઉપર જન્મ થયલો હોવાથી મિનોચેહરને માનુશ અથવા માનુશચેહર જેવું નામ મળ્યું હતું. માનુશ પહાડ અવસ્તામાં "અરેઝો મનુષ" ને નામે ઓળખાયો છે.

મિનોચેહરને માટે ફિર્દુસી જણાવી જાય છે કે તે ફરીદૂનના બેટા ઇરજની મહાઆફ્રીદ નામે ઓરતને પેટે અવતરેલી બેટીનો બેટો હતો. આ બેટીનુ નામ શાયર જણાવી જતો નથી, પણ એમ જણાવે છે કે તેના બાપનું નામ પશંગ હતું, અને તે શાહ ફરીદૂનના ભાઇનો બેટો થતો હતો. પણ આ વંશાવળિ અધુરી હોવી જોઇયે. બુન્દેહશ મુજબ મિનોચેહર ફરીદૂનથી ૧૨ મી પહેડીએ ઉતરેલો હતો, અને તે આ રીતે:— ફરીદુન—ઇરજ—ગુઝક—ઝગુઝક—જુશાક—ઝજુશાક—બીતક—થ્રીતક—ઐરક—માનુશ.

રૂસ્તમના વડવાઃ—

રૂસ્તમના બાપ જાલના બાપ સામના બાપ નરીમાનના બાપ કેરશાસ્પ સુધીની પહેડી ફિર્દુસી ઉપરથી મળે છે. કેરશાસ્પ મોટો જેહાંપેહલવાન હતો. તેના ઇશારા ખુદ અવસ્તાવાણીમાંથી પણ મળે છે. રૂસ્તમ એ નામીચા નેયાગાનથી ઉતરેલો હતો, માટે એ પીલતનનું બયાન કરિયે તે આગમજ તેના આ નેયાગાનોનો થોડો થોડો અહેવાલ આપણ અહીં પહેલાં વાંચીશું.

૧ શ્રીત : હકીમ અને ધર્મ ગુરૂ.

રૂસ્તમના નેયાગાનને ફિર્દુસી "ગર્શાસ્પ" ને નામે ઓળખાવી જાય છે, પણ અવસ્તામાં તે "કૅરૅશાસ્પ" ને નામે ઓળખાયો છે. કૅરૅશાસ્પ શ્રીત નામે એક તબીબનો બેટો હતો. આ હકીમ વળી ધર્મગુરૂ પણ હતો. તે જમાનામાં જેઓ ધર્મ જાણનારા હતા તેઓ હકીમું પણ જાણતા હતા. હઓમ અથવા હોમ નામના રોપાનો રસ કહાડી હોમને ઇજવાનાં કામ માટે જેમ પાદશાહ જમશેદના બાપ વિવંઘામને "યિમક્ષયત" (જમશેદ) નામનો બેટો ઇનામ દાખલ મળ્યો હતો, તેમ શ્રીતને ત્યાં કેરેશાસ્પની વૃદ્ધિ થઇ હતી. એજ રીતે આથ્વ્ય નામના એક ધર્મગુરૂને થ્રએતઓન (ફરીદૂન) નામના પ્રખ્યાત બેટાનું ઇનામ હોમ તરફથી મળ્યું હતું. ફરીદૂન પોતે જેમ પાછળથી પેહલવાન અને પાદશાહ તરીકે વખણાયો છે તેમ વળી તે તબીબાતમાં પણ હુશયાર હતો. કેરેશાસ્પનો બાપ શ્રીત કેટલીક વાર "સામ"ના લકબથી પણ ઓળખાતો હતો, અને તેથી તેનો બેટો પાછળથી "સામ કેરેશાસ્પ" (યાને સામનો બેટો અથવા સામની ઓલાદનો) એ નામે ઓળખાયો હતો. એજ રીતે વળી કેરેશાસ્પને "નૈર્યમનાઓ" (યાને મર્દાન્ગી ભરેલાં મજબૂત મનનો) એવો એલકાબ પણ મળ્યો હતો.[1]

આ રીતે પહેલવાન કેરેશાસ્પ કોઇ વાર "સામ કેરેશાસ્પ"નાં નામથી તો કોઇ વાર "કેરેશાસ્પ નૈર્યમનાઓ"નાં નામથી ઓળખાયો હતો, તેથી પાછળા જમાનામાં ઇરાનીઓએ "નૈર્યમનાઓ" ઉપરથી "નરીમાન" નામ ઉપજાવી કહાડયું, અને તેને ગર્શાસ્પનો બેટો ઠોકી બેસાડયો, તથા વળી "સામ કેરેશાસ્પ" નામ ઉપરથી રૂસ્તમના બપાવા સામને આ "નરીમાન"નો બેટો અને ગર્શાસ્પનો નબીરો ઠરાવીને રૂસ્તમનું વંશ છેક શ્રીત સુધી ગોઠવી દીધું.

આ શ્રીત પ્રથમ કોણ હતો યાને કોણ નિયાગાનથી ઉતરેલો હતો તે અવસ્તાવાણી ઉપરથી જણાતું નથી. પણ બુન્દેહશ નામની પેહલવી કેતાબમાં (પ્રકરણ ૩૧, ફકરો ૨૭) જણાવ્યા મુજબ અથ્રત નામના એક શખ્સનો

ખુનીર્ક-માનુશ ખુર્નર-માનુશ ચિહર (પ્ર૦ ૩૧, ફ૦ ૧૪). અવસ્તામાં આ શાહને "માનુશ્ચિથ્ર ઐર્યવન" (યાને ઇરજની ઓલાદનો મિનોચેહર) એમ ઓળખાવ્યો છે. ફરીદૂને ૫૦૦ વર્ષ રાજ્ય કર્યું અને પછી તેણે મિનોચેહરને તખ્તનશીન કીધો, એવાં શાહનામાંનાં લખાણનો ભેદ આ ઉપરથી એવો સમજાય છે કે ફરીદૂન પછી ૧૦ પહેડી થયા બાદ મિનોચેહર પેદા થયો હતો, જે દરમિયાન ઇરાનમાં તૂર અને સેલ્મના વંશજોનો અમલ ચાલ્યો હશે, અને ત્યારબાદ મેદાન પડીને મિનોચેહરે પોતાના બાપદાદાનું રાજ્ય હાથ કીધું હશે. મિનોચેહરે ૧૨૦ વર્ષ જેટલી લાંબી મુદત સુધી રાજ્ય કરેલું કેહેવાય છે તેમાં બીજા પાદશાહોના અમલનો પણ સમાસ થયો હોય.

"જેહાન આરા" નામે તવારીખનો લખનાર ઇરાનની તવારીખને લગતા "લબ ઉલ તવારીખ" નામના ભાગમાં મિનોચેહરના સંબંધમાં આ રીતે જણાવે છે કે તેના બાપનું નામ મીશાખૂર હતું અને તેની પહેડી ફરીદૂન સુધી આ રવેશાની હતીઃ—મિનોચેહર-મીશાખૂર-દીરક-સર્દસક—ઐરૅક—સૅક—રૈસૅક—ઇરજ-ફરીદૂન. આ શાહ "ફીરૂજ" ને નામે ઓળખતો હતો.—Epitome of the Ancient History of Persia, by W. Ouseley, 1799, સફે ૧૧.

[1] જુઓ ઇજ૦ ૯, ફ૦ ૩૧, ૩૬, ૩૯. વંદી૦ ૧, ફ૦ ૩૬; આવાં ય૦ ફ૦ ૩૭; ફરવ૨૦ ય૦, ફ૦ ૬૧, ૧૩૬; રામ ય૦ ફ૦ ૨૭; જમ્યાદ ય૦ ૩૮–૪૪; આફ્ર૦ જર૦ ૩.

બેટા હતો, કેજે ફરીદૂનથી ઉતરેલો હતો; યાને ફરીદૂનના બેટા તૂજના બેટા દૂરોશસ્પના બેટા સ્પએન્યસ્પનાં બેટા તૂરકના બેટા સાહમનો બેટો તે આ અથ્રત હતો. હવે અવસ્તાનો થ્રીત "સામ" ને નામે અથવા સામના ખાન્દાનથી ઓળખાતો હતો, તે આ બુન્દેહેશમાં જણાવેલો "સાહમ" હશે, કેજે અથ્રત (થ્રીત) નો બાપ પોતેજ હતો. વળી બુન્દેહશ મુજબ કેરેશાસ્પનો એક ભાઇ હતો તેનું નામ ઓર્વાક્ષ હતું. એ નામના એક ધણીનું નામ અવસ્તાવાણીમાંથી "ઉર્વાક્ષય" એવું મળે છે (જુઓ ગોશ યશ્ત, ફ૦ ૩૧ મો; રામ યશ્ત, ફ૦ ૩૧મો તથા આફ્રીનગાને જરતોસ્ત.)

૨—પેહલવાન કેરશાસ્પ.

અવસ્તામાં જુદે જુદે ઠેકાણે (ઇજશને હા ૯, ફકરા ૩૧, ૩૬, ૩૯; વંદીદાદ, ૫રગરદ ૧, ફ૦ ૩૬; આવાં યશ્ત, ફ૦ ૩૭; ફરવરદીન યશ્ત, ફ૦ ૬૧, ૧૩૬; રામ યશ્ત, ફ૦ ૨૭; જમ્યાદ યશ્ત, ફ૦ ૩૮ થી ૪૪; આફ્રીને જરતોસ્ત, ફ૦ ૩.) કેરેશાસ્પ બાબે ઇશારા તેમજ થોડુંક બયાન આવેલું છે. પુરતું બયાન "સુદકર નસ્ક" નામની અવસ્તાઇ કેતાબની ૧૪ મી પરગરદમાં હતું, પણ તે ગૂમ થઇ છે. એ કેતાબના પેહલવી સારાંશ મુજબ કેરેશાસ્પ મોટો પેહલવાન હતો, પણ ખ્નાથૈતી નામે એક પૈરિક યાને પરી અથવા દેવીનો પૂજારી બન્યો અને તેનો મૂર્તિપૂજક થઇ પડયો હતો. આમ હોવાથી તેના જમાનાના ઇરાનીઓની આતશની આરાધના તે ભૂલી ગયો હતો. આ રીતનો મૂર્તિપૂજક તે મરતાં સુધી રહ્યો, જેથી તેનાં રવાનનો વાસો બહેસ્તમાં નહિ થતાં દોજખમાં થયો. અને જ્યારે પેગમ્બર જરતોસ્તે કેરેશાસ્પનાં કામોનાં વખાણ કર્યાં ત્યારે દાદાર હોરમજ્દે તેને પોતાની આગળ બોલાવ્યો, જ્યાં કેરેશાસ્પે પોતે દુનિયામાં કરેલાં ભલાં કામોના બદલામાં દોજખથી છુટકારો મેળવવાની અર્જ ગુજારી. તેણે કહ્યું કે સ્રોવર નામનો અઝદહા કેજે ઘોડા અને બાણુસોને ગળી જતો હતો, અને જે જબરદસ્ત દાંત અને કાન અને આંખ ધરાવતો હતો, તથા જેને માથે એક મોટું શિંગડું હતું, તથા જેની પિઠ ઉપર ચાલીને તેનાં માથા સુધી જતાં અર્ધો દિવસ લાગતો હતો, તે દૈત્યનું માથું મેં મારે માટે ખાસ બનાવેલા ગુર્જ વડે છુંદી નાખીને તેનો જાન લીધો હતો. તે દૈત્યનું નામ "ગંદારપ" હતું, કેજે એવો જબરો અને એવો બળવાન હતો કે તેણે બાર જિલ્લાઓનો એકી વખ્તે નાશ કર્યો હતો. તેનાં મરણ પછી તેનાં મોમાં નજર કરતાં મરણ પામેલાં માણસો તેના દાંતમાં ખુંટી બેઠેલાં જણાયાં હતાં. મેં તેને દરિયામાંથી બાહેર ખેંચી કહાડયો હતો. અમો વચ્ચે નવ દહાડા અને નવ રાત સુધી દરિયામાં લડાઇ ચાલી હતી, જે પછીજ હું ગંદારપ દૈત્ય ઉપર ફાવી શકયો હતો. મેં તેના પગની પાટલી પકડીને તેનું ચામડું માથાં સુધીનું ઉખેડી કહાડયું, અને તે વડે મેં તેનાં હાથ પગ બાંધ્યા, અને એ પછીજ મેં તેનો જીવ લીધો હતો.

આ પછી પોતાનાં બીજાં બહાદુરીનાં કામો ગણાવતાં ઉપલાં પેહલવી લખાણ મુજબ કેરેશાસ્પે વધારે એમ જણાવ્યું કે મેં એવા મોટા અને બળવાન વાટપાડાઓને માર્યા છે કે જેઓ જ્યારે જમીન ઉપર ચાલતા ત્યારે સેતારા અને માહતાબ અને બામદાદનો આફતાબ તેમના પગની નીચે હોય એમ લોકોને લાગતું હતું. દરિયાનાં પાણી તેમના પગના નળા સુધીજ પહોંચતાં હતાં. મેં તેમની નજદીક જઇને તેમના પગ ઉપર ફટકા લગાવ્યા જેથી તેઓ તુટી પડયા, અને તેમના પડવાથી જમીન ઉપરના ડુંગરોના ટુકડા થઇ ગયા. આ પછી વધારે આગળ વધીને કેરેશાસ્પે અહુરમજ્દને જણાવ્યું કે દેવોએ પોતાની મદદે પવનને બોલાવ્યો, જેણે

પુર જોરમાં આવીને દરેક ઝાડ અને છોડ ઉખેડી નાખ્યો, અને જમીનની રજ કરી નાખી. પણ એ સઘળું છતાં હું તેમાં બળની સામો મજબૂત ઉભો રહ્યો અને તેના ઉપર ફાવ્યો. શેવટે કેરેશાસ્પે એવી અર્જ ગુજારી કે ફરીદૂન પાદશાહે જહાકને દેમાવંદ પહાડ ઉપર બેડીમાં બંધ કરેલો છે તેમાંથી છુટી જવાનો વખ્ત આવી પુગે અને તે દુનિયાને ખરાબ કરવાનો ભય પેદા થાય, ત્યારે હુંજ એકલો એવો છું કે જે તે બુરા ગનામીનો ઉપર ફાવીશ અને તેનો નાશ કરીશ. અહુરમજ્દે આતશ ઉપર પાડવામાં આવેલા અજાબને લીધે ઘણો વખ્ત સુધી કેરેશાસ્પની મિનતજારી ઉપર ધ્યાન આપ્યું નહિ, તો જોકે અશો જરતોસ્ત અને બીજાઓ તેના પક્ષમાં હતા. પણ કહે છે કે અંતે તે સાહેબ તેના ઉપર મેહરબાન થયો અને કેરશાસ્પ બેહસ્તમાં દાખલ થવા પામ્યો.

કેરેશાસ્પના સંબંધમાં બુન્દેહશ અને બહમન યસ્ત નામનાં પેહલવી પુસ્તકોમાંથી થોડીક હકીકત મળેછે તેનો સાર આ મુજબનો છે:—

કેરેશાસ્પને આ દુનિયામાં અમર્ગી મળી હતી, પણ આતશની આરાધના તરફ તેણે તિરસ્કાર બતાવ્યો જેથી નિહાવ નામના એક તુર્કીએ તેને જખ્મી કીધો અને કાબુલિસ્તાનમાં આવેલી પિશીનની ખિણમાં તે મોટી ઉંઘમાં પડયો. અહીં તે હજુ પડેલોજ છે, અને આકાશી ખોરેહ તેમજ અશોઓનાં ફરોહરો ત્યાં તેની ચોકી કરે છે. જ્યારે નેકી સામે છેલ્લી લડાઈ લડવા માટે બદી તરફથી હુમલો લાવવાનો વખ્ત આવી પુગશે, અને જ્યારે હારેમન જહાકને દેમાવંદ પહાડ ઉપરથી બોલાવશે, ત્યાં સુધી કેરેશાસ્પ આ હાલતમાં ઉંઘાઇ રહેશે. આ વેળા ફરીદૂનની બેડીઓમાંથી છુટો થઇને જહાક દોડયો આવશે અને પ્રથમ દેખીતી રીતે હારેમનને પોતાનેબી તે ગળી જશે, અને પછી માણસજાત તથા ઢોરઢાંક, તથા મેંઢા અને હોરમજદની બીજી પેદાયશોના ત્રીજા ભાગનોં નાશ કરશેઃ પછી પાણી, આતશ અને ઓરવરોને ખરાબ કરશે અને બીજા ભયંકર પાપી કામો કરશે. આ ઉપરથી પાણી, આતશ અને ઓરવરો અહુરમજ્દ આગળ જારી કરશે. અને જહાકને મારવા માટે ફરીદૂનને સજીવન કરવાની મિનત કરશે. આ ઉપરથી અહુરમજ્દ સરૂશને ફરમાવશે કે સામ કેરેશાસ્પને તેની ઉંઘમાંથી જગાડવો.

ત્રણ મરતબે કેરશાસ્પને જગાડવામાં આવશે, અને ચોથી મરતબે તે ઝટ ઉઠી ઉભો થશે અને જહાકની સામે લડવા જઇ પોતાનો પ્રખ્યાત ગુર્જ તેનાં માથાંમાં મારી તેને બેજાન કરશે. આ પછી બદી નાબુદ થઇ હમેશાગીનું સુખ જારી થશે.

ઉપલાં વર્ણનમાં જે દૃષ્ટાંતરૂપી કથાનો ભેળ છે તે બાદ કરતાં એટલું ચોખું જણાય છે કે કેરશાસ્પ ફરીદૂનથી ઉતરેલો હતો અને તેનાં ઇલકાબ સાથનાં આખાં નામ (સામ કેરેશાસ્પ નૈર્યમનાઓ) ઉપરથી નરીમાન નામનો તેનો કોઇ બેટો અને સામ નામનો તેનો કોઇ નબીરો શાહનામામાં ઉત્પન્ન કરવામાં આવ્યો છે, અને રૂસ્તમના બાપ જાલને આ સામનો બેટો ગોઠવી દેવામાં આવ્યો છે. નરીમાન જેવા કોઇ પુરૂષનું નામ શાહનામા સિવાય અવસ્તા કે પેહલવીમાંથી મળતું નથી.

કેરશાસ્પ એક જોરેમંદ પેહલવાન હતો એમ ઉપર ટાંકેલાં વર્ણન ઉપરથી જણાય છે. તે સામનાં ખાન્દાનના કેરેશાસ્પ દાખલ ઓળખાયો છે, જેને ફિર્દુસી "ગર્શાસ્પ" લખે છે.

કેરશાસ્પ પછીના વડવાઓ.

રૂસ્તમનું તોખમ ફિર્દુસી ગમે એટલું લંબાવે, પણ બુન્દેહશ પ્રમાણે તો તેના બપાવા સામથી વધુ આગળ લંબાવવાનો આધાર નથી. રૂસ્તમનું, કે તેના બાપ જાલનું, કે બપાવા સામનું નામ વટીક અવસ્તમાંથી મળતું નથીં, પણ ઉપર જણાવ્યું તેમ "સામ કેરેશાસ્પ નૈર્યમનાઓ"

એવું જે પેહલવાનનું નામ મળે છે તેને રૂસ્તમના વડવા સામ અને નરીમાન અને ગર્શાસ્પ સમજવા અને સમજાવવાની ભૂલ થયલી જણાય છે.

બુન્દેહશમાંથી જેમ રૂસ્તમનું, તેમજ તેના બાપ બપાવાનું નામ મળે છે. ત્યાં જણાવ્યા પ્રમાણે સામના ત્રણ ત્રણ જોડકાં રૂપે છ ફરજંન્દો હતાં. દરેક જોડકું બેટાબેટીનું હતું, અને દરેક જોડકું દમ્નક, ખુસ્રોવ અને માર્ગન્દક એવાં એકજ નામે ઓળખાતું હતું. આ છ ઉપરાંત સામનું એક સાતમું ફરજંન્દ દસ્તાન નામનો બેટો હતો, કેજે શાહનામાવાળા જાલ પેહલવાનનું બીજું નામ છે. દસ્તાનના બે દીકરાઓ મધેનો એક રૂદસ્તામ અને બીજો હૂજવારક નામનો હતો, જેમને ફિર્દુસી રૂસ્તમ અને જવારેહને નામે ઓળખાવી જાય છે.

સામ પેહલવાનને અવસ્તામાં પિછાન્યો નથી તોપણ આ તે લખાણમાંથી સામ નામના એક નરનું નામ મળે છે ખઈ. તેમાં એક ઠેકાણે સામને ખુદ પુરાતન પેહલવાન કેરેશાસ્પનો વડવો ગણેલો છે (ફરવરદીન યશ્ત, ફકરો ૬૧ તથા ૧૩૬.) આ કેરશાસ્પ થ્રિત નામના એક નામાંકિત તબીબનો બેટો હતો, કેજે તબીબ પણ "સામના ખાન્દાનનો ઘણોજ ફાયદો કરનાર" એવે નામે બીજે ઠેકાણે ઓળખાયો છે (ઇજશ્ને, હા ૯, ફકરો ૧૦). શાહનામામાં સામના બાપનું નામ નરીમાન અને બપાવાનું નામ કેરશાસ્પ જણાવેલું છે. કદાચ એમ હોય કે મૂળ પુરૂષ સામ નામનો ધણી જુદોજ હોય અને તેનાં ખાન્દાનમાં આ બીજો સામ ઉત્પન્ન થયો હોય. પણ જ્યારે અવસ્તામાં સામ, થ્રિત, અને કેરેશાસ્પ, એટલાં નામો મળે છે ત્યારે કેરશાસ્પ પછીના શાહનામાના પેહલવાનો નરીમાન, સામ, જાલ, રૂસ્તમ, સોહરાબ, ફરામર્જ વગેરનાં નામો સુતલક જણાતાં નથી.

૩—નરીમાન.

નરીમાન પેહલવાનની હકીકતમાં મિર્ખોંદ (રોજતસ સફામાં) જણાવે છે કે ફરીદૂન શાહે તખ્ત જીતી લીધા પછી એ કામમાં પોતાને મદદ આપનારા સરદારો મધેના ગર્શાસ્પ તથા તેના બેટા નરીમાનને તુરાન તાબે કરવા મોકલ્યા. તૂરાનથી પાછો ફર્યા પછી શાહે ગર્શાસ્પને વળી "તિન્જેહે મુગ્રબ" (જેને કેટલાકો આફ્રિકામાં આવેલું આજના મોરૉક્કો દેશનું તાન્જિયર શેહર અટકળે છે તે) જીતવા મોકલ્યો, જ્યાંથી પાછો ફર્યા પછી એ પેહલવાન મરણ પામ્યો. શાહે વળી નરીમાનને માજન્દરાન્ ખાતેના બળવાખોર લોકોને તાબે કરવા ફરમાવ્યું, જેમનો હાકમ ગુર્દજશાહ નામનો હતો. નરીમાને આ હાકમ ઉપર ફતેહ મેળવી, જે પછી તે હિંદુસ્તાન તરફ મુલકગીરી કરવા ગયો અને ત્યાંના રાજાને શાહનો ચોથાઇ આપનાર બનાવ્યો, કે જે લાંબો વખ્ત થયો શાહની સત્તા સામે બંદ મચાવતો હતો. આ ફતેહ પછી શાહ ફરીદૂને પેહલવાન નરીમાનને રૂમ[1] જીવતા મોકલ્યો, કે જ્યાં મૂર્તિપૂજક લોકો વસતા હતા. આ લોકોને પુરેપુરા તાબે કરીને જ્યારે તે પાછો ફર્યો ત્યારે ફરીદૂને તેને સિકાવંદનો કિલ્લો તાબે કરવા મોકલ્યો. આ તેજ કિલ્લો છે, જેને ફિર્દુસી કિલ્લે સિપંદને નામે ઓળખાવી જાય છે, અને જે તાબે કરવાનું કામ પાછળથી જાલ પોતાના પ્રખ્યાત બેટા રૂસ્તમને સોંપે છે. નરીમાને આ કિલ્લાને ઘેરો ઘાલ્યો, પણ દુશ્મનોએ તક જોઇને તેના ઉપર એક એવો મોટો ખડક ગબડાવી દીધો કે જેથી તે છુંદાઇ મરણ પામ્યો.

૪—સામ.

નરીમાનનાં મરણ પછી ફરીદૂનશાહે પોતાનાં

૧. આ રૂમ કયાં આવ્યું હતું? આજે જે શેહર રોમનાં નામથી મશહુર છે તે આ ન હતું. રૂમી શાહાનશાહતની બે ભાગમાં વહેંચણી થયા પછી ઉગમણુ ભણી યુફ્રેટીસ નદીની આથમણે આવેલા અને કાળા તથા ભૂમધ્ય સમુદ્રોની વચ્ચેના તમામ મુલકને મુસલમાન લખનારાઓ રૂમને સામાન્ય નામે ઓળખાવી જાય છે. આથમણુ ભણીના રૂમી મુલક વિશે તેમને કશી ખબર હોય એમ લાગતું નથી.

રાજપાટની વહેંચણી કીધી, અને ઇરિજને ઇરાન, તૂરને તૂરાન, અને સલ્મને રૂમ તથા ખાવરના મુલ્ક સોંપ્યાં.

આ પછી શાહને તરતજ ખબર મળી કે તેને તાબેના હિંદના મહારાજાને સગસાર[1] નામની લોકો હેરાન કરે છે. આ ઉપરથી નરીમાનના બેટા સામને ફરીદૂને સગસાર લોકોને સજા કરવા માટે મોકલ્યો, જેમના ઉપર ફતેહ મેળવ્યા બાદ ઇરિજનો કીનો લેવાના કામમાં સામ રોકાયો. આ ફતેહ પછી મિનોચેહેર તખ્તનશીન થયો ત્યારે એ શાહે સામને પોતાના તમામ સરદારોમાં વડો બનાવ્યો અને તે "જંગજોય" યાને લડાઇમાં ઝોકાવનાર શૂરવીર લેખાયો. મિર્ખુન્દ મુજબ તેને "જેહાં પેહલવાન" નો ખેતાબ મળ્યો. શાહે તેને નીમરૂજ, જાબુલ, કાબુલ, અને હિંદના બીજા પ્રાંતોની હકુમત સોંપી.

સામની આ પછીની હકીકત આપણી આ તવારીખમાં વિગતવાર વાંચવામાં આવશે.

તખ્તે બેઠો ત્યારે ફિર્દૂસી મુજબ મિનોચેહરે એક ભાષણ કરીને પોતાની રાજનીતિનું વર્ણન કીધું. આ વેળા પેહલવાન સામે ઉઠીને સઘળા પેહલવાનો તરફથી જવાબ આપતાં પાદશાહ ઉપર દુઆ ગુજારીને કહ્યું કે "અય આદેલ શાહ, જ્યારે તેં તારી હિંદી શમ્શીરથી આ હફ્ત કેશ્વર જમીનને સાફ કીધી છે ત્યારે હવે તું આરામ લે અને મજાહમાં દહાડા ગુજાર. હવે પછી લડાઇનું સર્વ કામ અમો બજાવીશું. મારા નિયાગાનો પેહલવાની તોખમના હતા—ગર્શાસ્પથી નરીમાન સુધી તેઓ લડવૈયા બહાદૂરો હતા. હવે હું આ સરજમીન ઉપર ફરી વળું છું અને તારા દુશ્મનોને બેડીમાં ઝીકડું છું. તારા નિયાગાન ફરીદૂને મને પેહલવાન બનાવ્યો છે, તારી મોહબત અને મસલેહતે મને દાના બનાવ્યો છે."

આવા મુબારકબાદીના લાયક સખુનો સાંભળીને શાહે તેના ઉપર મોટી નવાજશ કીધી, અને એ રીતે ઇનામ અને માનપાન મેળવીને સામ પોતાના સાથીઓને લઇ પોતાને વતન ગયો. સામનું રાજ્ય નીમરૂજ, જાબુલ, કાબુલ[1] અને હિંદુસ્તાનના કેટલાક જિલ્લાઓ સુધી ફેલાયલું હતું. અહીં તે અમલ ચલાવતો હતો, અને વારંવાર મિનોચેહર શાહની દરબારમાં જઇ પોતાની તાબેદારી જાહેર કરતો હતો.

ફસલ ૨—જાલનાં પરાક્રમ.

જાલનો જન્મ.

હવે આપણ સામના બેટા જાલની બિના તપાસિયે, કેજે આપણા જેહાંપેહલવાન (રૂસ્તમ)નો બાપ થતો હતો.

સામ બહાદૂર, લડાયક અને પાદશાહ મિનોચેહેરથી માન પામેલો પેહલવાનોનો સરદાર હતો. પણ તેને પેટે ફર્જંદ ન હતું માટે તે દિલગીર રહેતો હતો. તે જમાનાની રીત મુજબ તેની અનેક ઓરતો હતી, જેમાંની એકને પેટે એક બેટો અવતર્યો, કે જે બીજી બધી રીતે ઘણોજ ખુબસુરત હતો, પણ તેના સઘળા બાલ સફેદ રંગના હતા. આ બનાવ અસાધારણ હતો, અને સામ જો આ વાત જાણે તો એ બચ્ચાંનો જાન લે એમ ભય રાખીને જનાનખાનાંની ઓરતો અને દાયાઓએ એક હફતા સુધી આ

૧—આ નામનો અર્થ "કુતરાંનાં જેવાં માથાંના" એવો થાય છે. ફિર્દૂસી મુજબ સગસાર તો માજન્દરાનનો એક ભાગ હતો. તે જમાનામાં આજનો અફ્ઘાન મુલ્ક હિંદમાંજ ગણાતો હશે.

૧ આ અને એની જોડનાં બીજાં સઘળાં નામો પાછળથી અપાયલાં છે. સામના સમયમાં એ મુલ્કોનાં આ નામો હોય એમ લાગતું નથી. નીમરૂજ એ ફાર્સી નામ છે; કાબુલનું અવસ્તાઇ નામ "વએકેરેત" ધારવામાં આવે છે.

બિના સામથી છુપી રાખી. તેઓ સઘળી આપા કેશના બાળકને જોઇને તેના જાનની ધાસ્તીથી રોવા લાગી, પણ તેઓમાંથી એકની-બી હિમત ચાલી નહિ કે સામને જઇને આ વાતથી વાકેફ કરે. અંતે તે બાળકની એક દાયાએ હિમત પકડી, અને સામ આગળ બેધડક જઇ તેને તેનાં ફરજંદની બિનાથી વાકેફ કીધો. તે બોલી કે "સામ પેહલવાનનો સિતારો બુલંદ હોજો, અને તેના દુસ્મનો ઉંધા પડજો. અય નામદાર, તું જે માંગતો હતો તે ખુદા-તાલાએ તને બક્ષ્યું છે. વગર ખામીનો તમામ ખુબીથી ભરેલો શેરદિલ બેટો તારાં ખાન્દાનમાં પેદા થયો છે. પણ તેનામાં એકજ એબ છે અને તે એ કે તેના બાલ સફેદ છે. તું આ બનાવથી ગમગીન થતો ના, યા ખુદા તરફ હેસાન વિનાનો બનતો ના; પણ જે બક્ષેશ થઇ છે તેથી સંતોષ પકડજે."

સામની નાઉમેદી.

આ વેળા સામેસવાર પોતાનાં તખ્ત ઉપર બિરાજેલો હતો તે ઉતરી પડયો અને વસંતના બહાર મિસાલનાં તે બાળકને પોતાની નજરે જોયું. તેણે જોયું તો તમામ બર્ફ જેવા સફેદ તેના વાળ હતા, તો જોકે તેના ગાલ તો ગુલાબી હતા. આ જોઇ તે નાઉમેદ થયો. તેને લાગ્યું કે હવે મારી નામુસીનો વખ્ત આવ્યો છે. તેનું ડહાપણ તેને છોડી ગયું. તેણે બુલંદ આસ્માન તરફ જોયું અને પોતે જે તકસીર કરનાર હતો તે માટે આગમચથી ખુદાની માફી ચાહી. તે બંદગી કરતાં પુકાર્યો કે—

"અય તું, કેજે ઇજા કે નુકસાન જાણતો નથી; જેનાં ફરમાનથી સદા નેકીજ હાંસેલ થાય છે. અય સાહેબ, અગરજો મેં કોઇ અજીમ ગુનાહ કીધો હોય, અથવા હારેમનને રસ્તે ચાલ્યો હોઉં, તો મારી આ બંદગી કબૂલ રાખીને તારી ગેબી શક્તિથી મારી તકસીર મને માફ કરજે. શરમથી મારૂં મોત થઇ જાય છે; મારાં બદનની નેસોમાં ગરમ લોહી જુસ્સો કરી રહ્યું છે. મારે ઘર અવતરેલું બાળક હારે-મનની પેદાયશ જેવું છે." તેની ચસ્મો કાળી છે પણ તેના બાલ યાસ્મીન ફુલ જેવા સફેદ છે. જ્યારે અમીરો અને પેહલવાનો મારી મુલાકાતે આવશે અને આ બદફાલનું બચ્ચું જોશે ત્યારે હું તેમને શું એમ કહીશ કે એ દેવજાદ છે, જીનપરીની ઓલાદનું છે, યા ફાડી ખાનાર ચિત્તા જેવું છે? મહા પુરૂષો એને જોઇને જાહેરમાં તેમજ બાતેનમાં મારી હાંસી કરશે, જે નહિ ખમાયાથી અંતે શરમનો માર્યો હું ઇરાન સરજમીનને બદ દુઆ દઇ તેને સદાનું છોડી જઇશ."

આમ બોલીને ભારી ગુસ્સાથી તે કિસ્મતને ગાળો દેવા લાગ્યો, અને પછી માણસોને હુકમ કીધો કે આ બાળકને ઉપાડી શેહરથી અને વસ્તીથી દૂર લઇ જઇ કેથે મુકી આવે.

સફેદ બાલનું બાળક.

અલબુર્જ [૧] પહાડ, જેનું સર આફતાબને લાગે એટલું ઉંચું છે, અને જે વસ્તીથી ઘણો દૂર છે, તેની ટોચ ઉપર સીમુર્ઘ [૨] એકાંત

૧—અલ્બુર્જ પહાડ—ઈરાનમાં આ જાણીતો પહાડ છે. તે છેક પુરાણા યાને અવસ્તાઇ જમાનાથી વખાણાતો આવ્યોછે. અવસ્તાઇ લખાણોમાં તે "હરબેરેજઇતી" ને નામે ઓળખાયો છે અને એ ઉપરથીજ બિગડીને આજનું ફારસી નામ "અલબુર્જ" બનેલું છે. એ નામ જે શબ્દનું બન્યું છે તેમને છુટા પાડીને અર્થ કરિયે તો પાણીવાળી ઉંચી જગા અથવા જ્યાંથી પાણી વહેછે એવી ઉંચી જગા એવો થાય છે: એટલે કે આ પર્વત ઉપર બર્ફ પડવાથી પિગળીને નદીઓ વહે છે. આગળ એ પહાડની હાર ઉગમણે વધારે લંબાયલી હોવાથી તે ઉપરથી બીજી વધારે નદીઓ વહેતી હતી. આ પહાડની ઉંચાઈ હાલ ૧૮૯૦૦ ફીટની મપાઈ છે.

૨—સીમુર્ઘ—કેટલાક અભ્યાસીઓ આને એક રાક્ષી કદના પક્ષિનું નામ ગણીને તેને "અરેબ્યન નાઇટસ" વાળાં રૉક (roc) પક્ષિ સાથ સરખાવેછે. બુન્દેહેશમાં સીમુર્ઘને ત્રણ ખાસિ-યતનું મુર્ઘ (griffon of three natures) કહ્યું છે, કેમકે તે વાગળાં, કુતરા, અને કસ્તુર્યા પ્રાણીની ખાસિયત ધરાવેછે. તે વા-ગળાંની માફક ઉડે છે અને પોતાનાં બચ્ચાંને પક્ષિ પેઠે ચાંચ ખ-વાડવાને બદલે છાતીએ લગાડી ધવાડે છે; તેનાં ઘણાં દાંત કુતરા

જોઇને પોતાનો માળો બાંધ્યો હતો. આ પહાડ ઉપર પેલાં સફેદ બાલવાળાં બાળકને છોડીને સામના માણસો પાછા ફર્યા. અહીં તે રહ્યો. જે બચ્ચું કાળા અને સફેદ વચ્ચે કશો તફાવત સમજી નહિ શકે તે વગર વાંકે પોતાના પિદરની મહેરબાનથી બીગાનું બની ત્યાં પડયું રહ્યું. પણ જે સાહેબ સર્વનું પોષણ કરે છે તેણે આ ફુલ બચ્ચાનું પણ રક્ષણ કીધું.

શાયર ફિરદુસી કહે છે કે આ બહોળી જેહાનમાં આપણ આદમીજાદ કરતાં જંગલી જનાવરોને પોતાનાં બચ્ચાં તરફ વધારે વહાલ હોય છે. એક સિંહણ પોતાનાં બચ્ચાંને ધવાડી તૃપ્ત કીધા પછી એવું બોલે છે કે "જો હું તને મારાં બદનનું લોહી પાઉં તોપણ મેં તારા ઉપર ઉપકાર કરેલો લેખું નહિ; કારણ કે તું છે તો મારી જિંદગી છે."

હવે પેલું સફેદ બાલવાળું બેગુનાહ બાળક રાત અને દહાડો તદન એકલું જ્યાં હતું ત્યાંજ પડી રહ્યું. તે પોતાનાં આંગળાં ચુસતું અને રોતું. ત્યાંજ સીમુર્ઘનો માળો હતો, જેનાં બચ્ચાં ભુખ્યાં થયાં ત્યારે માદાએ તેમનો ખોરાક શોધવા માટે આસપાસ નજર ફેંકી. તેણે એક બાળકને દીઠું, જે એટલું અતુલું ભોંય ઉપર પડીને રડતું હતું, તે તદન નગ્ન હાલતમાં હતું, તેના હોઠ દુધ વિના સુકાઇ ગયલા હતા. આ જોઇ સીમુર્ઘને દયા આવી, અને તે તેને પોતાની ચાંચમાં ઉઠાવીને પોતાનાં રેઠાણમાં લઇ ગયું, એવી મતલબથી કે તેનાં બચ્ચાં તે બાળકનો ખોરાક કરે. પણ સીમુર્ઘ તથા તેનાં બચ્ચાંનાં દિલમાં પરવરદેગારે રેહમ મુકી, તેને જોતાંજ તેઓને દયા છુટી. સીમુર્ઘ અને બચ્ચાં તે બાળક ઉપર મેહરબાન થયાં; પોતે જે શિકાર લાવતું તેનો નરમ ભાગ ચુસવા તે તે બાળકને આપતું, એટલે કે તે બચ્ચું દુધને બદલે લોહી ચુસતું. આ રીતે સીમુર્ઘે તેને ઉછેર્યું, અને તેને "દસ્તાન" એવું નામ આપ્યું.[1]

દસ્તાન જાલ.

એમ કરતાં જ્યાર દસ્તાન મોટો થયો ત્યારે પહાડ આગળથી પસાર થતા એક કાફલાએ સરવનાં ઝાડ જેવા સીધા, પતળી કમરના અને

જેવા હોય છે; અને કસ્તુર્યાં ઉંદર માફક જમીનમાં કોતર ખોદી તેમાં વસે છે. આ રીતે ત્યારે સીમુર્ઘ દાંત વડે કરડનારૂં, થાણુ વડે ધવાડનારૂં અને પાંખવડે ઉડનારૂં પ્રાણી હોય (બુન્દેહેશ, બાબ ૧૪, ફ૦ ૧૧, ૨૩, ૨૪). અવસ્તાઇ શબ્દો ઉપરથી સીમુર્ઘ નામ નિકળેલું છે, કેમકે બેહરામ યશ્ત (ફ૦ ૪૧) માં તેને મેરેઘો સએનો" (સીનમુર્ઘ) ને નામે ઓળખ્યું છે, જે ઉપરથી પેહલવીમા "સેનો મુરૂક" બોલ નિકળ્યો છે. આમ હોવાથી કેટલાકો આ પક્ષિને "સીનમુર્ઘ" ને નામે પણ ઓળખે છે.

સીમુર્ઘની સિફત સઘળાં લખાણોમાં એક પક્ષિ દાખલનીજ મળેછે; પણ આવું કોઈ પક્ષિ આજે હયાત જણાતું નથી, યા આગળા જમાનામાં હોય અને તે માણસના જેવી વાચા ધરાવી ગયું હોય એ નહિ મનાય એવી વાત છે. જાલનાં દાસ્તાનમાં આગળ ચાલતાં વાંચવામાં આવશે કે સીમુર્ઘ અથવા સીનમુર્ઘ વાચા ધરાવતું હતું, અને તેણે જાલ તથા તેના બાપ સામ સાથ વાતો કીધી હતી. ત્યારે આમ પહાડ ઉપર વસી પક્ષિને નામે ઓળખાઇ વાચા ધરાવનાર પ્રાણી કોણ હશે? "રોજતસ સફા" નો બનાવનાર મીરખુંદ અફલ પસંદ ખુલાસો આપે છે કે સામના બેટાની જેણે પરવરશી કરી તે સીમુર્ઘ નામનો એક જોગી હતો, કેજે પહાડમાં ગુફા બનાવીને તેમાં વસતો હતો. વળી સામે પોતાનાં બાળકને ઘાતકીપણે પહાડ ઉપર નખાવી નહિ દેતાં આ જોગીની સંભાળમાં ઉછેરવા સોંપ્યું હતું, જ્યાંથી જાલની સાત વર્ષની ઉમરે તેણે તેને પોતાને સ્વાધિન લીધો હતો (રોજ તસ સફા-મિનોચેહેરનું દાસ્તાન). મીરખુંદે કરેલો આ ખુલાસો ધ્યાનમાં ઉતરે એવોજ છે. સીમુર્ઘની કલ્પનાને મળતીજ કલ્પના યુનાની દંત કથામાં "ચિરૉન" નામે એક અર્ધ મનબ્યના સંબંધમાં કરેલી દીસેછે, કે જેનું બાકીનું અધું શરીર ઘોડા જેવું હતું. આ ચિરૉન ગાયન, વૈદું, શિકારબાજી વગેરે હુન્નરોમાં હુશિયાર હતો, અને એકિલીસ, હર્કયુલીસ, એસ્કયુલેપિયસ, વગેરે નામીચા પુરૂષો તેના ચેલા હતા. સીમુર્ઘ પણ વૈદાંની બાબતમાં બહુ કાબેલ હતો એમ આગળ ચાલતાં જોવાંમાં આવશે, જે ઉપરથી ખુલ્લું જણાશે કે જો જાલની કહાણી ખરીજ હોય તો તેનો રક્ષક કોઈ પક્ષિ નહિ પણ ઇનસાન હતો.

[1] જાલને "દસ્તાન"—"દસ્તાને જંદ"—એવા નામો સીમુર્ઘે આપવાનું કારણ એ કે એ બાળકને તેના પિતા તરફથી વેદના ખમવી પડી. "દસ્તાને જંદ"નો અર્થ મેશર્સ વૉર્નર ભાઇઓ much defrauded એવો કરે છે—The Shahnama of Firdaushi, દફતર ૧લું, સફે ૨૪૫, નોટ ૧

ફરાખ છાતીના એક જવાનને જોયો. પહાડ ઉપર આમ એકલા વસતા જવાન વિશેની આ બિના કાફલા મારફતે ચોતરફ ફેલાઇ, અને તે પેહલવાન સામને કાને પણ આવી. એજ વેળા સામે એક ખ્વાબ દીઠો, જેમાં તેણે હિંદ તરફથી એક અમીરને અરબે તાજી યાને અરબ ઘોડા ઉપર સવાર થઈને આવતો દીઠો, જેણે તેને તેના તજી દીધેલા બેટાના સલામત હોવા બાબેની ખુશ ખબર આપી. સામે આ ખ્વાબની તાસીર મોબેદોથી પુછી. તેઓએ જવાબમાં જણાવ્યું કે જંગલો અને પહાડોમાં વસતા ચિત્તા અને સિંહો તેમજ પાણીમાં વસતાં માછલાં અને સુસવાટ પણ પોતાનાં બચ્ચાં ઉપર માયા બતાવી ખુદાના શુક્ર બજા લાવે છે, પણ જેણે તારા ઉપર નવાજેશ કીધી તેનો તિરસ્કાર કરીને તેં એક નિર્દોષ ફુલ બચ્ચાંને તેના સફેદ બાલને થકી તર્ક કીધું. આ તારૂં બાળક કાંઈ મરી ગયું નથી, માટે તેની શોધમાં નિકળ અને પરવરદેગારની મદદ માટે અર્જ ગુજાર.

બેટાની શોધમાં.

બીજે દિને સહવારમાં સામ પોતાના બેટાની શોધમાં નિકળ્યો, અને દુખી દિલે અલબુર્ઝ ઉપર ગયો. આખો દહાડો શોધ ચલાવીને રાત પડી ત્યારે તે બેચેન હાલતમાં સુતો. તેણે આ વેળા ફરીથી એક ખ્વાબ જોયો, જેમાં તેણે એવું દીઠું કે હિંદી પહાડો ઉપર એક ધજા ફડફડ ઉડે છે, અને એક ખુબસુરત દેખાવનો નવજવાન મોટાં લશ્કર સાથ ઉભો છે, જેની જમણી બાજુએ એક દાના આદમી અને ડાબી બાજુએ એક મોબેદ ઉભેલા છે. આ બેમાંનો એક સામની નજદીક આવ્યો અને ઠપકાની ઢબમાં બોલવા લાગ્યો કે "અય બુરી ધારણાના મર્દ! શું તારી ચશ્મમાં ખુદાની પણ શરમ નથી? જો એક પરંદુ રક્ષણ કરનાર હોત તો પછી પેહલવાનોની જરૂર શી રહેત? જો સફેદ બાલ આદમજાદમાં ખામી ગણાત તો તારાં પોતાનાં માથાં અને દાઢીના બાલબી સફેદ થઇ ગયા છે તેનું કેમ? ખુદાએ તારા ઉપર રહેમ કરીને તને ફરઝંદની બક્ષેશ કરી ત્યારે તેં તેનો તુચ્છકાર કેમ કીધો? તારાં બચ્ચાંનો તેં તિરસ્કાર કર્યો તો હવે તારા પેદા કરનારનો પણ કર. હે દયાહિણ મર્દ, તારામાં જરાબી મોહબત નથી?"

એક મોટો સિંહ સપડાઈ જઇને જેવો પુકાર મારે તેમ સામ ઉંઘમાંથી પુકાર કરી ઉઠયો. તેને લાગ્યું કે ખુદા તરફનો કેહર હવે વરસવાનો. બીજે દિને તે પોતાના સાથીઓ જોડે પહાડ ઉપર વધારે આગળ વધ્યો અને તેને મથાળે જઇ પહોંચ્યો. અહીં તેણે એક બુલંદ માળો બાંધેલો દીઠો. તે અબનુશ અને સુખડનાં લાકડાંનો બનાવેલો હતો. તેમાં પથર કે માટીનું નામ ન હતું. ત્યાં તેણે એક નવજવાનને ઉભેલો દીઠો, કેજે આબાદ સામની પોતાનીજ નકલ હતી. તેને જોતાંજ તે પેહલવાન જમીનને બોસ્સો દઇ પરવરદેગારના શુક્ર બજા લાવ્યો. પણ માળા અથવા મકાન ઉપર જવા માટેનો માર્ગ તેને દેખાયો નહિ. તેણે હવે પોતાના પેદા કરનારને યાદ કીધો, પોતાની તકસીર કબૂલ કીધી અને તેની માફી ચાહી.

સીમુર્ઘે સામને તેના સોહબતીઓ સાથ ઉપર-

---

૧ ફિર્દોસીના આ અને એવાજ બીજા ઇશારાઓ ઉપરથી જણાય છે કે તેનાં મનમાં અલબુર્જ પહાડ સામનાં મકાનની પડોશમાંજ હોય. આજનાં આપણાં જ્ઞાન મુજબ એ પહાડ તો ઇશાનમાં ઉત્તરે માજન્દરાન અને ઘીલાનના પ્રાંતોની લગોલગમાં આવેલો છે, જયાંથી જાબુલિસ્તાન બહુ દૂર હોવું જોઇએ. તોપણ શાહનામા મુજબ એક બે દિવસમાં એ પહાડ ઉપર જઇ પુગાતું હતું. આ ઉપરથી એમ સમજ પડે છે કે અવસ્તાનાં લખાણોમાં અલબુર્જ પહાડને ઉગમણે અને આથમણે લંબાયલો જણાવ્યો છે તેમ તેની શાખાઓ છેક આજના બલુચિસ્તાન સુધી લંબાઈ હોય. આજે કોહેકાફ પર્વતનાં સર્વથી ઉંચાં મથાળાંનેજ અલબુર્જનું નામ મળ્યું છે; પણ અવસ્તાઇ તથા શાહનામાનો અલબુર્જ એટલો બધો લંબાયલો હોવો જોઇએ કે જે ઉપરથી બુન્દેહેશમાં એમ જણાવવામાં આવ્યું છે કે અલબુર્જમાંથી ૨૨૪૪ પહાડો નિકળ્યા હતા.

થી જોયો. તે માદા સમજી કે આ લોકો મારી ખાતર નહિ પણ આ જવાનને મેળવવાની ખાતર આવ્યા છે. તેણે પોતાથી રક્ષણ પામેલા જવાનને પોતાની નજદીક બોલાવીને કહ્યું કે "તને ઉછેરીને મોટો કરનારી, તારૂં ભલું કરનારી અને તને 'દસ્તાને જંદ'નું નામ આપનારી તારી એકલી દાયા[1] હુંજ છું; તારા બાપે તારી સાથે દગાબાજી ચલાવી છે. તારો બાપ સામ પેહલવાન છે, કેજે નામીચા શૂરવીરોનો સરદાર છે, અને બુજરગવારોમાં તે બુલંદ દરજ્જો ભોગવે છે. તે અહીં પોતાના બેટાને શોધવા આવ્યો છે, અને તેની જોડે મોટું લસ્કર તને લેવા આવ્યું છે. એટલામાટે હવે મારે તને લઇ જઇને તારા બાપને સ્વાધિન કરવો જોઇએ."

દસ્તાને જંદે (યાને જાલે) આ સઘળા સખુનો આંખમાં પાણી લાવીને દુખી દિલે સાંભળ્યા. તે બોલ્યો કે "શું તું મને રાખવાથી હવે કંટાળી ગઇ, ઓ મારી મેહરબાન દાયા! તારો માળો તો મારે મનથી ઝળકતું તખ્ત છે; તારી પાંખોનો સાયો તે મારૂં કીર્ત્તિ ભરેલું તાજ છે. ખુદા પછી હું તારો ઉપકારી છું, કારણ મારાં દુખોને સુખમાં બદલી નાખનાર તુંજ છે."

સીમુર્ગે પાછો જવાબ દીધો:—"જો એકજ વખત તું તાજેતખ્ત અને દરબારનો ભપકો જોશે તો આ મારૂં મકાન તારી નજરમાંથી ખસી જશે. હું તારી સાથ તરછોડ કરીને તને મોકલી દેતી નથી. હું તો તને પાદશાહી તખ્ત ઉપર બિરાજવા માટે રવાના કરૂં છું. હું તો તને અહીં મારી સાથે રાખવાને ઘણી ખાહેશમંદ છું, પણ તારૂં ભલું અહીંથી જવામાંજ છે. આ મારૂં એક પિછું આપું છું તે તું લે, અને મારૂં સ્મરણ કરતો રહેજે. જો આજ પછી કોઇ મર્દુમજાદ તને ઇજા કરે, તારૂં ખરાબ કરે, તારી સામે પુકાર ઉઠાવે, તો આ મારૂં પર તું સળગાવજે, અને પછી મારૂં બળ જોજે. મેં તને મારી પાંખ હેઠળ રાખીને મારાં બાળકો સાથ મોટો કીધો છે. તારી દાયાને તું ભુલતો ના. મારૂં દિલ તારાથી જુદા પડતાં ભાગી જાય છે."

બાપ બેટાનો મેળાપ.

આ પ્રમાણે તેને દીલાસો દઇને સીમુર્ગે તેને પોતાની પિઠ ઉપર સ્વાર કરી તેના બાપની નજદીક લાવ્યું. તે જવાન પીલતન જેવો હતો. તેના માથાના સફેદ બાલ તેની છાતી સુધી ઉતરેલા હતા. તેના રૂખ્સારા બહારની મોસમ જેવા ખિલેલા હતા. સામ પોતાના બેટાને જોઇ રોવા લાગ્યો, અને પછી સીમુર્ગ તરફ જોઇ, તેને નમન કરી, તેના ભારે ઉપકાર માનવા લાગ્યો તથા તેની વખાણ ગાવા લાગ્યો.

આ પછી સીમુર્ગ ત્યાંથી વિદાય થયું અને પહાડ ભણી ઉડી ગયું. સામ તેને જોતોજ ઉભો. પછી તેણે પોતાના સફેદ બાલવાળા બેટાને માથાંથી પગ સુધી તપાસીને તેને તાજોતખ્ત માટે લાયક ગણ્યો. તેની છાતી અને અવયવો નરેશીર જેવાં, ચહેરો આફતાબ જેવો, દિલ પેહલવાનો જેવું, હાથ તલવાર ઉઠાવવા જેવો, તેનાં ગાલ લોહી જેવા રાતા, તેના હોઠ પરવાળા જેવા, તેની આંખ કાળી ભમ્મર જેવી; એ રીતનો તે જવાન કશી ખામી વિનાનો સામને દેખાયો:—ફક્ત તેના બાલના રંગનીજ ખામી

1 અહીં સીમુર્ગ પોતાને માદા તરીકે ઓળખાવે છે, અને આગળ ચાલતાં સામ પણ તેને પક્ષિઓની રાણી તરીકે બોલાવે છે. વૉર્નર ભાઇઓએ સીમુર્ગને પક્ષિની માદા તરીકે જ ગણ્યું છે; પણ ઍટકિન્સને તેને નર પક્ષિના અર્થમાં લીધું છે. બરચાંઓનું પોષણ નર નહિ પણ માદાજ કરે છે, માટે ઍટકિન્સન પણ તેને માદા ગણવાનું કબૂલ રાખે છે. તોપણ તે કહે છે કે આ સીમુર્ગ નહિ નર કે નહિ માદા કે નહિ કોઇ પક્ષિ હોઇ શકે. બીજા લખનારાઓને આધારે તે જણાવે છે કે પહાડોમાં વસતા કોઇ પવિત્ર સાધુ અથવા આબેદે સામના બાળકને ઉછેરી કેળવીને મોટો કર્યો હતો. એજ ખુલાસો બંધબેસતો અને અકલમાં ઉતરે એવો છે.

હતી. સામ તેને જોઇને બાગબાગ થઈ ગયો. તેણે પોતાના આ નિર્દોષ બેટાને આશિષ દીધા, અને તે બોલ્યો કે—

“બેટા, તારા મનમાં કાંઇ પણ બુરો વિચાર લાવતો ના. ગઇ ગુજરી ભૂલી જા, અને મજ જેવા પરવરદેગારના કમીના ગુલામ તરફ તારી મોહબત ચાલુ કર. હું કિર્તાર આગળ કસમ લઉં છું કે હવે તને હું પામ્યો છું માટે હવેથી હું તારા તરફ માયાથી વર્તીશ, તારી ખાહેશ બર લાવીશ, અને તું કહેશે તેમ ચાલીશ.”

સામે પોતાના બેટાને એક પેહલવાનને છાજતો પોશાક પહેરાવ્યો, અને પછી તે તેને લઇને પોતાના સાથીઓ જોડ પહાડ છોડી ચાલ્યો, અને મેદાનમાં આવ્યા પછી તે જવાન બેટાને માટે તેને લાયકનો એક ઘોડો તૈયાર કરાવ્યો, તેને બાદશાહી લેબાસમાં સજ્જ કીધો, અને તેને **જ઼ાલેજર** એવું નામ આપ્યું, તો જોકે સીમુર્ગે તો અવલ તેને **દસ્તાન**ને નામે બોલાવ્યો હતો.[1]

આ પછી સઘળું લશ્કર જેને સામ પાછળ રાખી આવ્યો હતો તે તેની શોધમાં નિકળેલું તેને આવી મળ્યું. અહીંથી તેઓ વાજતે ગાજતે ઘર તરફ ચાલ્યા, અને પેહલવાનોમાં એક નવા જવાનનો વધારો થયો હતો તે માટેની ખુશી જાહેર કરતા તેઓ સામના પાયતખ્ત ખાને જઈ પુગ્યા.

જ઼ાલ શાહની દરબારમાં.

પેલી તરફથી શાહ મિનોચેહરને ઇરાન સરજમીનનાં પાયતખ્ત શેહરમાં ખબર પડી કે પેહલવાન સામ અલ્બુર્જ તરફ ગયો હતો તે ત્યાંથી સીમુર્ગનાં મકાનમાં ઉછરેલા પોતાના બેટાને લઇને પાછો ફર્યો છે. આ ખબર સાંભળીને નામદાર શાહે પોતાના નવજવાન બે બેટાઓ નૌદર અને જરરૂપ મધેથી વડાને સામના શેહર તરફ રવાના કીધો અને તેને હાસેલ થયલી નવી ખુશહાલી માટે શાહ તરફની મુબારકબાદી આપવા હુકમ કીધો; અને વળી કહેવાડયું કે આ બેટાને લગતો તમામ હેવાલ કહી સંભળાવવા માટે સામે શાહની મુલાકાતે આવવું.

જયારે શાહજાદો નૌદર સીસ્તાન જઈ પુગ્યો ત્યારે સામે તેની સામે જઇને તેને ખુશ આવકાર દીધો, બગલગીરી કીધી, તથા શાહની ખુશીના સમાચાર પુછયા. પછી જ્યારે શાહજાદાએ તેને મિનોચેહરનો હુકમ કહી સંભળાવ્યો ત્યારે સામે જમીનબુસી કીધી, અને તાબડતોબ તે નામદારની હજુરમાં જવાને તૈયાર થયો. શાહને સામના આવ્યાની ખબર મળતાંજ તે તેની સામે ગયો. સામ પોતાના પાદશાહનો લશ્કરી ઝુંડો જોતાંજ ઘોડા ઉપરથી ઉતરી પડયો અને પાઉપ્યાદો તેના શાગિયાના તરફ જઈ જમીનને બોસ્સો દીધો. પાદશાહે તેને ઉઠાડયો અને પછી બન્ને મહેલ તરફ ગયા. અહીં દરબાર ભરાઈ, જ્યાં શાહ તાજ પહેરીને તખ્તનશીન થયો, અને તેની એક બાજુએ કારન[2] તથા બીજી બાજુએ સામ બેઠા. પછી એક સરદાર જવાન જ઼ાલને પોતાની સાથે લઇને દર-

---

૧ “જ઼ાલેજર” એટલે બુઢો જ઼ાલ અથવા સફેદ બાલવાળો જ઼ાલ, ફિર્દોસી પોતે કૈથે કૈથે જ઼ાલને વળી “દસ્તાને જ઼ાલ” ને નામે બી ઓળખાવી જાય છે. બુન્દેહેશમાં તેને “દસ્તાન” ને નામેજ ઓળખાવ્યો છે. (પ્ર૦ ૩૧, ફ૦ ૩૭). અહીં જણાવ્યા મુજબ જ઼ાલ કાંઇ તેનાં માત પિતાનો એકપુરો બેટો ન હતો. સામને ઘર બેટા અને બેટીનાં ત્રણ ત્રણ જોડકાંનો જન્મ થયા પછી જ઼ાલનો જન્મ થયો હતો. (ફ૦ ૩૬), માટે જ઼ાલ તો ૭ મું ફરજંદ હતો. આ ત્રણ જોડકાંમાંનું પહેલું (બેટો અને બેટી) “દમ્નક” ને નામે, બીજું “ખૂસ્રોવ” ને નામે, અને ત્રીજું “માર્ગદક” ને નામે ઓળખાયું હતું; એટલે કે દરેક જોડકાંમાંનો બેટો તેમજ બેટી આ નામે ઓળખાયાં હતાં (ફ૦ ૩૬). એ સઘળાં ભાઇ બહેનો કરતાં દસ્તાન ઘણો નામીચો હતો; અને તેને સગાનસીહ (સગસ્તાન—સજસ્તાન) તથા દક્ષિણનો જિલ્લો બક્ષવામાં આવ્યો હતો.

૨ કાવે આહંગર નામે પ્રખ્યાત પહેલવાનનો બેટો.

બારમાં હાજર થયો, જેના હાથમાં સોનાનો ગુર્જ ઉઠાવેલો હતો અને જેણે પેહલવાની તાજ પહેરેલું હતું. તેનો ચેહરો અને કદ જોઇને શાહ ખુશહાલી સાથ અચરત થયો. તેણે સામને ફરમાવ્યું કે "મારી ખાતર આ જવાન બેટાની સંભાળ લેજે, નકામી ઇજા દેતો ના, કારણ કે એજ તારૂં સુખ છે. એ બાદશાહી અદાવાળો, શીરના જેવા પંજાનો, દાના દિલનો, અને બુજર્ગવાર જેવાં ડહાપણનો છે. જંગ અને ઝિયાફતના આપણા કાનુન એને શિખવજે."

સામે હવે આ જવાનને લગતું સર્વ દાસ્તાન શાહ આગળ માંડીને કહ્યું, અને અલ્બુર્જ પહાડનું તથા તેના શિખર ઉપરના સીમુર્ધના માળાનું બયાન કરતાં કહ્યું કે તેની ટોચ આસ્માન સાથ લાગી રહી છે, અને તે ઉપર માળો છે તે ગોયા ઉંચા મહેલ જેવો છે.

સર્વ હકીકત સાંભળી લીધા પછી મિનોચેહરે સેતારેશનાસોને બોલાવી જાલની જન્મપત્રિકા બનાવી તેનું ભવિષ્ય જાણવા માગ્યું, અને એ જવાન ઘણો નામીચો પેહલવાન થઇ પડશે એવું જ્યારે તેઓથી શાહે સાંભળ્યું ત્યારે તે બહુ ખુશ થયો, તથા સામને દિલે ટાઢક વળી. પછી શાહે અરબી ઘોડા, તથા સોનાનાં મિયાન સાથની હિંદી શમ્શીર, જરબફતના અને ઝવેરાત મઢી લીધેલા પોશાકો, રૂમી પોશાકમાં સજ્જ થયલા રૂમી ગુલામો, સોનેરી ફરશો, સોનાં અને હીરાની જામો, જેમાં જાફરાન, કસ્તુરી અને કપુર ભરેલાં હતાં, બખ્તરો, હથિયારો, તીરકમાન, નેજા અને ભાલા, અને તાજોતખ્ત, મહોરની અંગૂસ્તરી અને સોનાના કમરબંદ;—એ સર્વ સામ અને તેના બેટા જાલને એનાયત કીધાં. આટલાંથી નહિ ધરાતાં વળી મિનોચેહર શાહે સામને એક પાદશાહી પરવાનો લખી આપીને તેમાં તેને હિંદનું મઇ,[1] દમ્બર,[1] કાબુલિસ્તાન, સિંધુ નદીથી ચીનના દરિયા સુધીનો તમામ મુલક, તથા જાબુલથી બુસ્ત નદી[1] સુધીના જિલ્લાની હકુમત સોંપી.

સામે આ સર્વ બક્ષેશો માટે શાહનો ભારી આભાર માન્યો, અને પછી તે પોતાના બેટા અને રસાલા સાથ જાબુલ તરફ રવાના થયો. તેની સવારી જોવા માટે શેહરો અને ગામોનાં લોકો ભેગાં મળવા લાગ્યાં. નીમરૂજને માર્ગે આ સવારી આગળ વધી; સીસ્તાનમાં તેને આવવાની ખબર પડતાંજ તેણે બહેસ્તનો દેખાવ ધારણ કીધો. ફિર્દુસી શરેહ કરે છે કે ત્યાંની ઇંટ સોનાની હતી અને ત્યાંની જમીન કસ્તુરીની હતી. લોકો સિક્કાની ખેરાત કરવા અને કસ્તુરી તથા જાફરાન વહેંચવા લાગ્યા. આસપાસના સરદારો સામને એસ્તેકબાલ જઇને મુબારકબાદી આપવા તથા આશિષ દેવા, તથા જાલનાં સરપરથી ઝવેરાત વરસાવવા લાગ્યા. આ રીતે તે દિવસ એક મોટા તહેવાર જેવો પળાયો.

[1] આ સઘળાં શેહરો આજ કયે નામે ઓળખાતાં હશે તેની ખબર પડતી નથી.

બાબ ૨—જાલ અને રૂદાબેહનું દાસ્તાન.

ફસલ ૧—જાલની જંજાલ.

બાપની શીખામણ.

હવે સામે પોતાના બેટાને લશ્કરી તેમજ મજહબી વગેરે તાલીમ આપવા માટે ઉસ્તાદો ઠરાવ્યા. તેણે ધર્મગુરૂઓની એક મજલિસ બનાવીને તેમને ખબર આપી કે "મિનોચેહર શાહે મને ફરમાવ્યું છે કે માજન્દરાનના કર્ગસાર લોકો ઉપર ચઢાઇ લઇ જઇ તેમને સજા કરવી. ¹ એટલામાટે લશ્કર લઇને હું ત્યાં જાઉં છું, પણ મારો બેટો જાલ તો અહીંજ રહેશે. આ બેટો મારી ખાહેશ ઉપરથી કિર્તારે મને બક્ષ્યો, પણ જેની કદર નહિ બુઝીને મેં તેને પહાડ ઉપર છોડી દીધો. પણ કિર્તારે તેને છોડી દીધો નહિ. સીમુર્ગે તેને પાળીપોષીને મોટો કીધો. પરવરદેગારે મારી તકસીર માફ કરીને એ બેટો પાછો મારે હવાલે કીધો છે. હવે ત્યારે તમો એને મારો બદલી સમજજો. એને હું તમારા સ્વાધીનમાં આપી જાઉં છું, માટે મને પોતાને હાજર સમજીને તમો એને માન આપજો. દરેક ચીજની એને તર્બિયત આપજો, જે કાંઇ ભલું હોય તે એને શીખવજો, એને યોગ્ય શીખામણ દેજો, એની છાતીમાં નેકીનો જુસ્સો ઉશ્કેરજો, અને જે કાંઇ ભલું અને ઉમદા હોય તે એની કને એખ્તિયાર કરાવજો."

પછી જાલ તરફ ફરીને સામ બોલ્યો કે "સુલેહ, ઇનસાફ અને સખાવત ભરેલો થજે, જાબુલિસ્તાનનો અમલ ચલાવજે, એ વતનને વધારે આબાદ અને દોસ્તોને વધારે સુખી કરજે. મારા ખજાનાની ચાવી તને આપી જાઉં છું. જે કાંઇ ફાયદો હાંસેલ કરશે તેથી મને સુખ અને ખોટથી દુખ ઉપજશે. જંગમાં અને જિયાફતમાં તને જેમ સારૂં લાગે તેમ અમલ કરજે."

જાલે દિલગીરી દેખાડી જે ઉપરથી સામે તેને દિલાસો દઇ ધીરજ આપી, અને હિમતના સખુનો કહ્યા. પછી લશ્કરી તૈયારીઓ કરીને સામ આગળ વધ્યો ત્યારે બે મંજલ સુધી જાલ તેને વળાવા ગયો, અને પછી પોતાના બાપને રડતી આંખે ભેટીને દુખી દિલ સાથ જાબુલ ખાતે પાછો ફર્યો.

પછી ગાવના મુખનો ગુર્જ લઇને જાલ પોતાના હાથીદાંતનાં તખ્ત ઉપર બેઠો. પછી ધર્મગુરૂઓ અને નજુમીઓ, બહાદુર લડવૈયાઓ અને શૂરા સરદારો રાત દહાડો તેની સાથે રહીને તેને રૂડી સલાહ આપવા તથા શિખામણ દેવા લાગ્યા. આ રીતે જાલ પોતાની તર્બિયતમાં આગળ વધતો અને ખબરદારી મેળવતો ચાલ્યો.

કાબુલનો હાકમ મેહરાબ.

એમ કરતાં એક દહાડે જાલ પોતાને તાબેના કાબુલ દન્બર, મર્ઘ, મઇ અને હિંદ, એ સઘળાં શેહરોમાં ફરવા નિકળ્યો. દરેક મંજલે તે મજલિસ સમારતો, ખાનપાનમાં મશ્ગુલ થતો, અને મર્જી મુઆફેક ખજાનો ખર્ચતો. આ વેળા કાબુલમાં મેહરાબ નામે રાજા રાજ કરતો હતો, કેજે માતબર, ખબરદાર, ફતેહમંદ, ડાહ્યો, અને બહાદુર હતો. તે જહાક પાદશાહથી ઉતરેલો હતો. સામ સામે લડવાને અશક્ત હોવાથી તે તેને ખંડણી આપતો હતો. સામે સવારનો બેટો કાબુલ તરફ આવે છે એવી ખબર મળતાંજ તે તેને ભેટવા સામો ગયો. પોતાની સાથે ખજાનો, ઘોડા, ગુલામ, કસ્તુરી, મસાલો, રેશમી

---

૧ મિર્ખુંદ મુજબ સામ હિંદુસ્તાન સર કરવા ગયા હતા.

કાપડ, બખ્તેરપાન, ઝવેરાતનું તાજ અને બીજો કીમતી હદિયો તથા વળી રસાલા દાખલ અકાબરો અને લશ્કર લઇને જાલને જઇ મળ્યો. જાલે તેને યોગ્ય માનથી આવકાર દીધો. તેઓ શીરોજાનાં તખ્ત ઉપર બેઠા, અને સાથે ભોજન લીધું; પછી તેઓ ખેરઆફિયત પુછીને ખુશીથી છુટા પડયા. બન્નેનાં દિલમાં એક બીજાને માટે માન અને મોહબત પેદા થયાં.

રૂદાબેહ.

મેહરાબના ગયા પછી જાલે તેને લગતી હકીકત જાણવા માંગ્યાથી એક સરદારે ખુલાસો કીધો કે—"મેહરાબની એક બેટી છે, તે આફતાબ કરતાં વધારે રોશન ચેહરાની છે, અને માથાંથી પગ સુધી ગોયા હાથીદાંતનું હોય એવું બદન તે ધરાવે છે. સૈરવ જેવી તે સીધી છે, અને બહેશતની પરી જેવા તેના ગાલ છે. તેની રૂપેરી ગર્દન ઉપર તેનાં માથાંના બાલની લટ બે ભાગમાં વહેંચાઇને ઘુંટણી સુધી પડે છે. તે પરવાળા જેવા લાલ હોઠવાળી, કાગડાની પાંખ જેવાં કાળાં પાંપણવાળી, ચાચી કમાન જેવાં ભવાં વાળી છે. જો તું કોઇ માહતાબની શોધમાં નિકળ્યો હોય તો આ તે માહતાબ છે. જો તને કસ્તુરીની ખુશબો ભાવતી હોય તો તે તેના બાલમાં ભરેલી છે. સરતાપા તે બહેસ્ત મિસાલની છે."

આ સખુનો સાંભળીને જાલની છાતીમાં તુફાન જાગ્યું. તે બેકરાર બની ગયો. તેણે મેહરાબને જોયો હતો તે ઉપરથી તે મનમાં વિચાર કરવા લાગ્યો કે "જે મેહબૂબનો બાપ ખૂબ ચેહરાનો હોય તે પોતે બહેસ્તની પરી નહિ કાં હોઇ શકે?"

રાત બેકરાર પસાર થઈ. બીજી સહવારે મેહરાબ પાછો જાલની મુલાકાતે આવ્યો, અને અર્જ કરવા લાગ્યો કે "મારા મેહલમાં પધારવાની મેહરબાની કરવી."

જાલે જવાબ આપ્યો કે "આમ કાંઇ બને નહિ: મારાથી તારા મેહલમાં અવાય નહિ. સામેસવાર યા શાહ પોતે એ કામ પસંદ કરે નહિ. તમારૂં ખાન્દાન બુતપરસ્ત[1] છે, માટે તે ખાન્દાનવાળાના મેહલમાં જઇ ખાનપાન કરવું અમો મજદયસ્નાનોને રવા નથી.[2]"

મેહરાબ આ જવાબ સાંભળી જાલને મનમાં ગાળ દેતો, પણ બાહેરથી તેની સ્તુતિ કરતો પાછો ફર્યો. જાલનું મન હવે ચોરાઇ ગયું. તે પોતે કોણ છે તે તે ભૂલી ગયો. તેનાં દિલમાં નવો શોખ ઉત્પન્ન થયો.

મેહેરાબની રાણીનું નામ સીન્દુખ્ત હતું, જે ડાહી અને પતિવ્રતા હતી; તેની બેટી રૂદાબેહ નામની હતી. જાલ તરફથી નાસિપાસીભર્યો જવાબ મેળવીને જ્યારે તે પોતાના મહેલમાં પાછો દાખલ થયો ત્યારે સીન્દુખ્તે તેને પુછયું કે "સામનો બેટો કેવો છે? તે તખ્તને શોભાવશે કે સીમુર્ઘના માળાને? તે આદમજાદ જેવો છે કે કેવો છે? તારાં ઇજનના શા સમાચાર?"

મેહરાબે ઉત્તર વાળ્યો કે "તમામ પેહલવાનોમાં

---

૧ મેહરાબ જોહાકના ખાન્દાનથી ઉતરી આવેલો હોવાથી તેને બુતપરસ્ત ગણ્યો છે. જોહાકને ફિર્દોસી અરબ તોખમનો જણાવી જાય છે. અરબો મૂર્તિપૂજક હતા. છેક મોહમ્મદ પેગામ્બરના જમાના સુધી અરબો બુતપરસ્ત હતા. તેઓ વર્ષના ૩૬૦ દહાડા ગણતા, અને દરરોજ એકએક બુતની પરસ્તેશ કરવાનો તેઓમાં રિવાજ હોવાથી ૩૬૦ જુદી જુદી મુર્તિ તેઓએ એક મકાનમાં ગોઠવી હતી.

૨ જાલ અને સામ અને શાહ મિનોચેહર બુતપરસ્ત નહિં હતા. પેશદાદ પાદશાહો કુદરતી શક્તિઓ અને રોશનીઓ, જેમકે મેહર, આફતાબ, માહતાબ, તેશ્તર, આતશ, વગેરેને પણ માનતા હતા. આ તેમનો મજહબ હતો, જે જેમ શાહનો તેમ તેના પેહલવાનો અને તમામ રૈયતનો હતો. પાછળથી જરતોશ્તે તેમાં સુધારો કરી એકલા એકજ ખુદાને પિછાનવાનું જાહેર કીધું ત્યારે જાલના બેટા રૂસ્તમે તે કબુલ નહિ રાખવાથીજ શાહ ગુશ્તાસ્પે પોતાના શાહજાદા અસ્પંદિયારને રૂસ્તમને સમજાવવા સીસ્તાન ખાતે મોકલ્યો હતો. એ બાબે હવે પછી વિગતવાર ખુલાસો કરીશું.

એવો એકબી નથી કેજે જાલની બરાબરી કરી શકે. આપણા મેહલમાં શાહો અને પેહલવાનો અને સરદારોની જે તસ્વીરો છે તેઓમાં એવી એકબી નથી કે જે એના જેવા અસ્પસવારને મળતી આવે. દિલે જે શીર જેવો અને જોરમાં જે પીલ જેવો; તખ્તે બેસીને જે સોનાનો નેસાર કરે, અને જંગમેદાનમાં જે દુશ્મનનાં સર ઊરાડતો ફરે; તેની બરાબરી કોણ કરી શકે? બધી રીતે તે સંપૂર્ણ છેઃ ખામી એકજ છે, અને તે તેના સફેદ બાલ છે. અને તોબી એ સફેદ બાલમાં તે સરસ રીતે બિરાજી રહેલો છે. તું કહેશે કે તે પોતાની આસપાસનાઓનાં દિલ જીતી લેનારો છે."

મોહબતનો આતશ.

આ હેવાલ સાંભળીને શાહાજાદી રૂદાબેહ શરમાઇ ગઇ. તેના ગાલ પર દાડમના ગુલ્લા જેવી સુર્ખી ચહડી આવી. તેના દિલમાં જાલની મોહબતનો આતશ સળગી ઉઠયો. તે ભુખ અને સુખ ભૂલી ગઇ. તેની ખિદમતમાં પાંચ સાહેલીઓ હતી. તે બધી તુરાની ગુલામડી હતી. સઘળી વિશ્વાસુ અને ડાહી હતી. તેઓ આગળ તેણીએ પોતાનો ભેદ ખોલીને કહ્યો. જાલે તેણીનું દિલ જીતી લેવાની વાતનો તેણીએ એકરાર કીધો. તેણીએ તેમની મદદ માંગી, અને પોતાનાં મન પરનો ભાર કહાડી નાખવા સમજાવ્યું. પણ આ પાંચે સાહેલીઓ તો છેડાઇ પડી. તેમને લાગ્યું કે શાહજાદીએ એક પરદેશી ઉપર પ્યાર બાંધવામાં ખોટું કીધું છે. તેઓ બોલી કે —

"અય દુનિયાની નાજનીનોના સરતાજ! હિંદુસ્તાનથી ચીન સુધી જેની ખુબી અને ખુબસુરતીની તારીફ ફેલાયલી, જેની બરાબરનું સરવ કોઇ પણ બાગમાં નજર આવનાર નથી. શું તું જાણતી નથી કે તારી તસ્વીર કન્નુજ અને મઇ, અને આથમણના રાજા ઊપર મોકલી આપવામાં આવેલી છે? શું તારી આંખમાંની શરમ જતી રહી? શું તને તારા બુજર્ગ બાપની કાંઇ કદર આવતી નથી, કે તું એક એવા ધણીને દિલ આપી બેઠી છે કે જેને તેના પોતાના બાપે તજી દીધો હતો? તમામ લોકોને જોવા માટેનો એ તો એક તમાશો છે. આવા બુઢા બાળકને બીજી કોઇબી માદરે જન્મ અપેલો છે કે? એવાં ફર્જન્દ ઉત્તમ કે ઉમદા કયાંથી હોય? એવા એક ધણીને તારાં આ બે પરવાળાં અને કસ્તુર્યા કેશ એનાયત કરવા માંગે છે? અય બાનુ, તારી તસ્વીર તમામ પાદશાહી મહેલોમાં બિરાજે છે; સર્વ કોઇ તને ચાહે છે; તારૂં કદ, અદા, ચેહરો અને બાલ એવા છે કે આફતાબ પોતે પણ પોતાના ચોથા આસ્માન ઉપરથી ઉતરી આવી તારા હાથની માગણી કરવાને તૈયાર થાય!"

રૂદાબેહ આ સઘળી તાનોજની સાંભળીને ઉશ્કેરાઇ. તેણી આંખ બંધ કરીને બોલી કે "તમારા સખુન બંધ કરો. તે ફોકટ છે. મારે સે સાંભળવા નથી. અગર મેં કોઇ સેતારાને મારૂં દિલ આપી દીધું હોત તો શું માહતાબથી મને સંતોષ મળાત? ગુલાબ મીટી કરતાં ઉતમ છે, છતાં જેઓ માટી ખાનારાં છે તેમને ગુલાબની શી દરકાર છે! જો કલેજાનું દર્દ સરકાથી દફે થતું હોય તો મધથી તેમાં વધારોજ થવાનો. મને રૂમનો કયસર,[1] કે ચીનનો ફગફુર, કે ઇરાનનો શાહજાદો જોઇતો નથી. સામનો બેટો જાલ મારા લાયકનોજ છે. તેને લોકો ગમે જર (બુઢો) કહે કે જવાન કહે, પણ મારાં મન અને જાનને રાહત બક્ષનાર તો તેજ છે. મેં તેને દીઠો નથી, તોપણ તેના

---

૧ મિનોચેહર શાહના સમયમાં રૂમના કયસર જેવું કોઇ હોય એમ જણાતું નથી. જુલ્યસ સીજર (કયસર) પછીજ રોમ (રૂમ) ના પાદશાહો યા શાહાનશાહો કયસરને નામે ઓળખાવા લાગ્યા હતા. પણ જુલ્યસ સીજરના જમાના (ઇસ્વી પૂર્વે પહેલી સદી)ની ઘણાં ઘણાં વર્ષો આગમજ મિનોચેહરશાહ ઇરાનમાં અમલ ચલાવી ગયો હતો. એટલા માટે રૂદાબેહનાં મુખમાં શાયરે 'કયસર'નું નામ મુકયું છે તે બંધબેસતું નથી.

સિવાય બીજા કોઇની વાત મારી આગળ કરશો ના. હું તેના ચેહરાને કે તેના બાલને ચાહનારી નથી; હું તો તેને પોતાને ચાહુ છું–તેની ખુબીઓ માટે ચાહુ છું."

આવા જુસ્સાદાર સખુનો સાંભળીને સાહેલીઓ થંડી પડી ગઇ. તેઓ રૂદાબેહ ફરમાવે તેમ અમલ કરવાને તૈયાર થઇ, જેથી શાહજાદી ખુશ થઇ. પછી આ સાહેલીઓએ પોતપોતામાં વિચાર કરી આ કામનો ચારો શોધી કહાડયો.

સ્ત્રી ચરિત્ર.

રૂમી કીનખાબનો પોશાક પહેરી તથા પોતાના બાલમાં ગુલાબના ફુલ ખોસીને તેઓ નદી[1] ઉપર ફરવા નિકળી, અને ગોયા હસ્તી રમતી બહારની મોસમ જેવી જવાન અને નાજુક દીસતી હતી. તેઓ તાજા રંગથી રંગીન અને ખુશબોથી તર હતી. એ દિવસ ફરવરદિન મહિનાનો હતો, કેજે વર્ષનો પહેલો મહિનો હતો. જાલની છાવણી નદીને બીજે કાંઠે હતી. પેલી નાજનીનો નદીને કાંઠે કેટલેક છેટે સેલ કરતી હતી. તેઓ જાલનીજ વાતો ચલાવતી હતી. તેઓએ ગુલાબનાં ફુલો ભેગાં કીધાં. તેમના ગાલ ગુલાબી હતા; તેમના ખોળા ગુલાબથી ભરપુર હતા. ગુલાબી ગાલ અને ગુલાબી ખોળાની આ ગુલબદનીઓ અહીં તહીં ભટકતી હતી. એમ કરતાં તેઓ ગુલ ચુંટતી અને ખોળા ભરતી, પોતપોતામાં હસતી અને ફુલો સાથ રમતી જાણે કાંઇ જાણુતીજ ન હોય તેમ બેખબર બનીને જાલની છાવણી તરફ અને વળી જાલના પોતાના તંબુની સામે આવી ઉભી.

જાલે તેમને આ પારથી દીઠી. પોતાનાં તખ્ત ઉપર બેઠા બેઠા તેણે પુછ્યું કે "આ ગુલપરસ્ત ગુલઆરજ ગુલાબો કોણ છે?" જવાબ મળ્યો કે "એ તો મેહરાબના મહેલમાંથી ભૂલી પડેલી કાબુલની હુરીઓ છે—એ તો તેની દાસીઓ છે."

જાલ તખ્ત ઉપરથી ઉઠયો. તેનાં દિલમાં જે આતશ પજરતો હતો તેની ગરમીથી તે ચોંકયો. એકજ નોકરને પોતાની સાથે લઇને તે નદી તરફ ફરવા નીકળી પડયો. તેણે પેલી નાજનીનોને દૂરથી જોઇ. તેણે કમાન લઇ નદીમાં મછીની તલબ કરતા એક મુર્ઘ ઉપર તીર છોડી તેને બેમાલૂમ રીતે બેજાન કીધો. તેનાં લોહીથી પાણી રંગાઇ ગયું. નોકરને ફરમાવ્યું કે જઇને તે જખ્મી મુર્ઘને ઉઠાવી લાવે.

જાલનો તુરાની નોકર કિસ્તી ઉપર સવાર થઇ નદીને પેલે પાર ગયો. અહીં મુર્ઘ ઉઠાવતાં પેલી નાજનીનોએ તેને જાલને માટે પુછ્યું કે "આ પીલતન નરેંશીર કોણ છે? કયાંનો પાદશાહ છે? અમે તો એવો કોઇ આ જગા પર દીઠો નથી."

નોકરે જવાબ દીધો કે "એ તો નીમરૂજના શાહ સામનો બેટો જાલ છે, જેને દસ્તાન કરી પણ કહે છે. એ તો એવો જવાન છે કે જેની બરાબર કોઇ આવી શકે નહિ અને જેની હરીફાઇ કોઇથી થઈ શકે નહિ."

પેલી નાજનીનોને આથી ગોયા ગુસ્સો લાગ્યો હોય તેમ તેઓ બોલી ઉઠી કે—"અરે જા રે! અમારા પાદશાહ મેહરાબના મેહલમાં એક એવો માહતાબ પ્રકાશે છે કેજે તારા આ દસ્તાન કરતાં એક માથાં પુર ઉંચો છે! કદે સીસમ જેવી, રંગે હાથીદાંત, તાજને ઠેકાણે માથે કસ્તુર્યા કેશોનાં કુદ્રતી તાજની ખુદાઇ બક્ષેશ! એ રીતે તારો પીલતન આફતાબી ઝળકાટ ધરાવતો હશે તો મારી બાનુ માહતાબનાં તેજથી ભરપુર છે."

---

[1] આ નદી આજની કાબુલ નદી હોવી જોઇયે. તે કાબુલિસ્તાન (આજનું અફઘાનિસ્તાન) અને જાબુલિસ્તાન (આજનું બલુચિસ્તાન) વચ્ચેથી વહે છે.

[2] ફિર્દોસી વારંવાર જણાવી જાય છે કે ફરવરદીન મહિનામાં બહારની મોસમ બેસતી હતી, અને એજ મહિનો ઇરાનીઓમાં વર્ષનો પહેલો મહિનો હતો.

આના ઉત્તરમાં પેલા તુરાનીએ હસીને ખુશીના સખુનો કહ્યા, અને પછી નદી પસાર કરીને તે જાલને પાછો જઇ મળ્યો. તેને હસનો જોઇને જાલે કારણ પુછ્યું, અને જ્યારે સઘળી વાતો જાણી ત્યારે ખુશી થઇને નોકરને પાછો પેલી નાજનીનો તરફ મોકલ્યો અને તેમને એવું કહીને થોભાવી કે તમો જશો નહિ—શાયદ કે તમને બાગમાંના ગુલદસ્તા સાથે વળી જવાહીરોની પણ ભેટ મળશે. આ હુકમ લઇને નોકર કિસ્તીપર સવાર થયો કે તેની પુઠે જાલે સોનું, ઝવેરાત, સિક્કા અને કસબના તાકાઓ આપી માણસો દોડાવ્યા અને પેલી છોડીઓને તે આપવા ફરમાવ્યું. આ બધું લઇને તે પછી છોકરીઓએ તુરાની નોકર મારફતે કહેણ મોકલ્યું કે "છુપી વાતનો ભેદ એજ માણસોથી રહી શકે; ત્રણનાં પેટમાં એ વાત છુપી રહી શકેજ નહિ, અને ચાર જણ જાણે તો આખી દુનિયાને ખબર પડેલી જાણવી. વાસ્તે તારા સાહેબને જઇને કહે કે તારે જો અમને કંઇ ભેદ કહેવો હોય તો અમને તું પોતેજ કહે—બીજા પાસે ના કહેવાડ."

આ સંદેશો લઇને તે નોકર ગયો કે આ બધી છોડીઓ પોતપોતામાં બોલવા લાગી કે "શીર સપડાયો ખરો. જાલ અને રૂદાબેહની ખાહેશ હવે બર આવશેજ."

જાલે એ છોડીઓનો સંદેશો સાંભળ્યો ત્યારે તેનું દિલ ખુશહાલીથી ઉછળવા લાગ્યું. તે નદી પસાર કરીને પેલે કાંઠે ગયો અને તેની સામે કાબુલી નાજનીનો જઇ નમન કરી ઉભી. તેણે રૂદાબેહ માટે જે કાંઇ જાણવાનું હતું તે સઘળું તેમને પુછી લીધું, અને ખરીજ હકીકત જાણવા માટે તેણે તેમને લાયક ઇનામનો કોલ આપ્યો, તેમજ ખોટારૂં જણાય તો તેમને હાથીના પગ તળે કચડી નાખવાની ધમકી આપી. અને જ્યારે તેઓમાં જે સર્વથી નાની અને બોલકણી વધારે હતી, તેણીથી રૂદાબેહ બાબેની સર્વ હકીકત તેણે જાણી લીધી ત્યારે તે તેણી ઉપર ખરાં જિગરથી ફિદા થયો અને તેને મળવાની ખાહેશ બતાવી, કે જે બર લાવવાની કબુલત આપીને પેલી નાજનીનો પોતાની શાહજાદીના મેહેલ તરફ પાછી ફરી. દરેકના હાથમાં ફુલની બબે તબક ભરેલી હતી. પણ તેઓ આટલી મોડી આવી તેથી મહેલના દરબાને તેમને નરમ ઠપકો આપવા માંડયો જેની દરકાર વિના તેઓ પોતાની શેઠાણીને જઈ મળી અને જાલની સર્વ બનેલી વાતોથી તેને વાકેફ કરીને ખુશહાલ બનાવી. પાંચે સાહેલીઓને રૂદાબેહે જાલ બાબે ફરી ફરીથી પુછ્યું, અને તેની ખુબી અને ખુબસુરતીની હકીકત ફરી ફરીથી જાણી લીધી. તે નાજનીનોએ જાલની સ્તુતિ ગાવામાં કશી મના રાખી નહિ, જે ઉપરથી તેમની સાહેબજાદીએ તેમને હસતાં હસતાં તાનો માર્યો કે અવલ તો તમોએ તેં તુચ્છકારી કાહડયો હતો અને આજે તેની બક્ષેશોથી રાજી થઇને મારી આગળ તેને બેમિસાલ ફરેસ્તો ચિતારો છો કે?

છુપી મુલાકાત.

પણ એ સઘળું છતાં રૂદાબેહેનું દિલ જાલની હકીકત જાણી બાગબાગ થવા લાગ્યું. તેણે એક સાહેલીને ફરમાવ્યું કે બામદાદે જઇ જાલને મળીને તેને અત્રે અવવાનું ઇજન કરવું. આમ થયું. રાતનું અંધારૂં થતાંજ મેહરાબના મહેલમાં જે ભાગમાં રૂદાબેહ વસતી હતી તેની બારી નીચે જાલને એક સાહેલી જઇને તેડી લાવી. અહીં બન્નેએ એક બીજાને દીઠાં, બન્ને સંતોષ પામ્યાં. બન્નેની પરસ્પર ખાતરી થઇ કે તેણે જેના ઉપર દિલ લગાડયું હતું તે તેની મોહબતને લાયકનુંજ હતું. પણ હવે જાલ અધીરો પડયો. તે બોલ્યો કે "તું મહેલને મથાળે અને હું નીચે, એમ કાંય?"

રૂદાબેહે એક કમંદ નીચે ઉતારી. તે બાલની કમંદ હતી. તે તેનું પોતાનું સંરતાજ હતું.

તેના કસ્તુર્યા કેશ એવા લાંબા હતા કે તેની ઘુંટણી સુધી ઉતરી પડેલા હતા. આ કેશ છોડીને બારી વાટે તેણીએ ઉતાર્યાં અને ઝાલને તે એનાયત કરીને બોલી કે "એ પકડીને તું ઉપર આવ." ઝાલે તે રેશમ જેવા કાળા ભમર કેશને બોસ્સો દીધો, પણ તે પકડીને કાંઇ ઉપર જવાય? તેણે પોતાની જંગી કમંદ પોતાના નોકર કનેથી માંગી લીધી, અને તે બારી ઉપર ઉછાળીને ભેરવી દીધી, અને પછી તે મારફતે તે તેણીના ઝરૂખા ઉપર ચઢી ગયો. અહીંથી હાથમાં હાથ ભેરવીને તેઓ પાછાં નીચે ઉતરી બાગમાં બનાવેલા પાદશાહી મુલાકાતના માંડવામાં ગયાં. અહીં પુર રોશનાના વચ્ચે બન્નેએ એકબીજાને પેટ ભરતાં જોઇ લીધાં. પછી ઝાલે રૂદાબેહને કહ્યું કે—

"અય કસ્તુરીની સુગંધવાળા અને રૂપેરી બદનના સરવ! તારી સાથની મારી શાદી શાહ મિનોચેહર કદી કબૂલ કરનાર નથી, અને મારો પિદર સામે હાથ ચોળશે અને તુફાન મચાવશે; તોપણ પાક પરવરદેગારના કસમ લઇ કહુંછું કે શાદીના તને જે કોલ હું આપુછું તે કદી તોડીશ નહિ. તેઓ બન્નેના દિલમાંથી ગુસ્સો અને કીનો ધોઇ નાખવા માટે હું ખુદાતંઆ-તાલાની બંદગી કરીશ; અને તે સાહેબ જો મારી અર્જ કબૂલ રાખશે તો કુલ દુનિયાની હજુરમાં હું તને મારી મોહરદાર બનાવીશ."

હવે રૂદાબેહે કસમ લીધાઃ "રાસ્તી અને ઇમાનના ખુદા પાકના કસમ લઇ કહુંછું કે ઝાલ સિવાય મારો કોઇ બીજો સરદાર થઇ શકશે નહિ. અને ખુદા મારો શાહેદ છે."

આ પછી બન્ને છુટાં પડયાં. બન્નેને ભારી દિલગીરી લાગી. જ્યારે આફતાબને તલુ થવાનો વખ્ત આવી પુગ્યો ત્યારે બન્ને દિલદારોએ તે દિવસના સાહેબને અર્જ કીધી કે "જગતનાં અય નૂર! એક પળ થોભ; આટલું જલદી તારે ઉગવું જોઇતું નથી!"

પછી ઝાલ જેમ ચઢયો હતો તેમ પોતાની કમંદ મારફતે ઉતરીને પાધરો પોતાની છાવણી તરફ ચાલ્યો ગયો.

ફસલ ૨—રૂદાબેહનું રૂદન.

ઝાલ પોતાના હાલથી સામને વાકેફ કરે છે.

બીજે દિને પેહલવાનો અને સરદારોની મુલાકાત લીધા પછી ઝાલે મુબદો અને બીજા દાનાઓને બોલાવ્યા, અને તેમની આગળ પોતાની મોહબતની વાત જાહેર કરીને તેમની સલાહ પુછી કે રૂદાબેહ સાથની શાદીથી સામ અને શાહ રાજી થશે કે નહિ? મુબદો ચૂપ રહ્યા. તેઓ જાણતા હતા કે રૂદાબેહનો બાપ મેહરાબ જહાકનાં વંશનો હતો, અને શાહ મિનોચેહર એ બન્નેને ધિક્કારતો હતો. જ્યારે કોઇપણ દાનાએ ઝાલના સવાલનો જવાબ આપ્યો નહી ત્યારે તેણે તેમને ફરીથી વિનવ્યા. અંતે તેઓએ

---

૧ ઝાલ અને રૂદાબેહની મોબત ભરેલી મુલાકાતની આ બિના આજના જમાનામાં કોઇને નવાઇ જેવી લાગશે. યાદ રખવું કે ફિર્દોસીએ શાહનામામાં બે ત્રણ મોહબતનાં દાસ્તાનો દાખલ કીધાં છે તેઓ મધેનું આ એક છે. પણ આ એક કિસ્સો હોવા છતાં તે મધે જણાવેલા બે મોહબતવંતા જીવડાઓની આવી છુપી મુલાકાતની બિના ખોટી યા નહિ બને એવી નથી. તે જમાનો કે જ્યારે શાદીને માટે આજના જેવી ક્રિયાઓની જરૂર ન હતી, ત્યારે આજની માફક મર્દ તરફની માંગણી જતીન હતી, યા ઓરત તરફથી પૈસાની લાલચ બતાવવામાં આવતી નહતી. તે વખ્તે તો નાજનીન પોતાના બાપના પરોણાની મુલાકાત આપમેળે લેતી. મેજબાન તેથી નારાજ થતો નહિ, બલકે બહાદુર કે નામીચા પરોણાની સર્વ હાજત એક ફર્જ ગણીને પુરી પાડતો. એ બાબતમાં લંબાણ અને વિગતવાર ખુલાસો રૂસ્તમ અને તેહમીનાની મુલાકાતનાં બયાન વેળા આગળ ચાલતાં વાંચવામાં આવશે.

પણ જે વાત આપણા મનપર વધારે ઠસે છે તે જુદીજ છે. ઝાલ અને રૂદાબેહ બે શત્રુઓનાં ફરજંદ છતાં તેઓ એક એકનાં આશના બને છે તે બિના શું "રોમીઓ અને જુલ્યટની" દોસ્તીના બનાવને મળતી આવતી નથી?

ઉત્તર દીધો કે "અમો તારી વાત સાંભળીને અચરત થયા છિયે. જોકે મેહરાબ તારી બરાબરનો દરજ્જો ધરાવનાર હાકમ નથી, અને તે જહાક જેવા અઝદહાનાં ખાન્દાનથી ઉતરેલો અરબ સરદાર છે, તોપણ તે હકુમત ધરાવનાર, બહાદુર અને માતબર છે. હવે આ વાતનો ઇલાજ તો એજ છે કે તને સારૂં લાગે તેમ તું સામ ઉપર આ હકીકત લખી જણાવ, કેજે અમારા કરતાં વધારે ડાહ્યો અને દુરઅંદેશ છે, અને તે જો નામવર શાહ ઉપર સમજાવીને એક પત્ર લખશે તો તારી સઘળી મુસ્કેલીઓ દૂર થઇ જશે."

આ ઉપરથી જાલે નવીસંદાને બોલાવીને સામ ઉપર એક નામું લખાવ્યું, જેમાં પોતાની મોહબતની ખરી હકીકત જાહેર કરવા જોડે એમ પણ લખ્યું કે "પરવરદેગારે જ્યારે મને અલ્બુર્ઝ પહાડ ઉપરથી તારે હવાલે કીધો ત્યારે તેં સર્વ માણસો દેખત એવો કોલ આપેલો હતો કે "તારાં દીલની એક પણ ખાહેશ બર લાવવાની હું ના પાડીશ નહિ, તો હે પિદર, હવે તું મારી આ ઉમેદ બર લાવ."

આ નામું લઇને એક સવારને વિજળીને વેગે દોડતો સામ તરફ રવાના કીધો, અને તેને એક બીજો ઘોડો આપીને ફરમાવ્યું કે "જો એક ઘોડો દોડતાં થાકી જાય તો વગર થોભવે બીજા ઉપર સવાર થઇને આગળ વધજે." જ્યારે તે સવાર સામને જઇ મલ્યો અને જાલનો પત્ર હવાલે દીધો ત્યારે તે વાંચીને સામ વિચારમાં પડયો. "જો હું તેને આ કામથી પાછો ફરવા કહું, અને મારી સામે થવું નહિ એમ ફરમાવું, તો જેમ ખુદા તેમજ આદમ કોલ તોડવા માટે મને ઠપકો દેશે; પણ જો હું તેને એમ લખું કે તેં જે કીધું છે તે ભલું છે તો પછી એનાં ફર્જંન્દ કેવાં પેદા થશે—એક જોઇએ તો સીમુર્ઘથી ઉછરેલો, બીજી જોઇએ તો દેવજાદી"

સામનો જવાબ.

આવા સામસામા વિચારમાં જેમ તેમ રાત ગુજારીને સામે બીજે દિને સેતારેશનાસોને બોલાવી જાલ રૂદાબેહનાં લગ્ન જોવાડયાં. આખો દહાડો તપાસ ચલાવી અને ગણતરી કરીને તેઓએ હસતે મુખડે જવાબ આપ્યો કે આ બેનો જુગ ઉત્તમ છે; એમની પીડે જે બાળક થશે તે પીલતન નિવડશે, જેહાંપેહલવાન થશે, શાહનાં તખ્તને આસ્માન જેટલી બુલંદી ઉપર લઇ જશે, બુરાઓને જમીન પરથી દફે કરશે, સગસારો[1]ને નાબુદ કરશે, માજન્દરાનીઓને જીવતા રહેવા દેશે નહિ, અને પોતાના ભારી ગુર્જ વડે જમીનને સાફ કરી નાખશે. આ ફર્જંન્દ એવું નીવડશે કે તેનાથી તુરાનને ભારી દુખ ભોગવવું પડશે, ઇરાનને બેહદ લાભ થશે, અને વારંવાર ઉઠતી લડાઇનું શેવટ આવશે."

આ અને એવીજ બીજી ખુશીની વાતો સાંભળીને સામ ખુશ થયો. તેણે સેતારેશનાસોને ઇનામ આપ્યાં. પછી તેણે પેલા કાસદને બોલાવી કહ્યું કે—"તું જાલને જઇને નરમાશથી એમ કહેજે કે 'જોકે તારી ખાહેશ પસંદ કરવા જોગ નથી, તોપણ મેં તારી ખાહેશ બર લાવવાની કબૂલત આપેલી છે માટે મારે તે પાળવીજ જોઇયે. કાલે હું જંગનું મેદાન છોડી ઇરાનની રાહ ધરીશ અને નામવર શાહનો હુકમ શું છે તે જાણી લઇશ."

આ રીતે કાસદને ઇનામ આપી રવાના કીધા પછી સામ એક હજાર કર્ગસારી દુશ્મનોને બાંધીને પોતાની સાથે લઇ દહીસ્તાન[2]ને માર્ગે ઇરાન તરફ ચાલ્યો.

---

૧ "કુતરાનાં મુખનાં." આ નામની કોઇ કોમ હોવી જોઇયે.

૨ દહી અથવા દાહી લોકોનો મુલ્ક. આ લોકો બહુ પુરાણા જણાય છે, કેમકે હીરોડોટસની તવારીખમાં એ મજાનું વર્ણન છે. પણ ફિર્દોસી મુજબ મિનોચેહરના જમાનામાં બી તેમનો મુલ્ક તેમના નામથી ઓળખાતો

પેલી તરફથી સામ તરફનો કાસદ જાલને જઇ મલ્યો, અને પોતાના બાપ તરફનો પેગામ સાંભળીને તે જવાનં સરદાર સંતોષ પામ્યો. તે આ માટે ખુદાતાલાના શુક્ર બજા લાવ્યો, ગરીબોમાં દિર્હેમ અને દીનાર વહેંચ્યા, પોતાના ખેશીઓ ઉપર મેહેરબાનગી બતાવી, અને સામે માયા ભરેલો જવાબ મોકળાવ્યો હતો માટે તેના ઉપર હજારો આફ્રીન કીધી. તો પણ તે ઉંઘ અને ભૂખ ભૂલી ગયો. તેનું ધ્યાન તો તેની બાનુમાંજ ભરાયલું હતું. રૂદાબેહ સિવાય તેનાં મોંમાં બીજું નામ હતુંજ નહિં.

માતાનો ગુસ્સો.

પોતાના પિતા તરફથી મળેલા ઉપલા પેગામથી ખુશી થઇને જાલે એ ખુશ ખબરથી રૂદાબેહને વાકેફ કીધી. તેઓ બન્ને વચ્ચે પેગામ લઇજા લાવ કરનાર એક હસતાં મુખડાંની અને શીરીન જબાનની ઓરત હતી, જે બન્નેના ભેદથી વાકેફગાર હતી. આ પેગામથી હરખાઇ જઇને રૂદાબેહે તે ઓરતને સરપાવ આપ્યો અને જાલને માટે કીમતી પોશાક તથા હીરાની અંગુસ્તરી ભેટ મોકલાવી.

હવે આ ઓરત રૂદાબેહ આગળ આવજા કરતી હતી તે જોઇને તેની માદર સીન્દુખ્તને શક પડયો, અને તેણીએ તે ઓરતને એક રોજે આવતી જતી પકડીને તેમ કરવાનો ખુલાસો માંગ્યો. આથી ગભરાઇ ન જતાં તે ઓરતે સમયસૂચકતા વાપરી હાજર જવાબ આપ્યો, પણ તેનું જુઠાણું તુરત પકડાઇ આવ્યું. તે બોલી કે "હું ગરીબ ગરજાઉ માણસ છુ તેથી તવંગર લોકોને પોશાક તથા ઝવાહીરો વેચી પાંચ પૈસા પેદા કરૂં છું. રૂદાબેહને કીમતી ઝવેરાત અને ઘરેણાં જોઇતાં હતાં માટે આજે હું તે લઇને આવી હતી. તે હાલ તેણી કને છે, જેનાં નાણાં તેણીએ મને આવતી કાલે આપવા કહેલું છે"

પણ રાણી સીન્દુખ્તને આ સર્વ હકીકત ઉપર વિશ્વાસ નહિ આવવાથી પેલી ઓરતની વધુ તપાસ લેતાં તેની કનેથી રૂદાબેહની અંગુસ્તરી તથા જાલ માટેનો પોશાક મળી આવ્યાં. આ જોઇ રાણીએ તેનો ચોટલો પકડીને તેને જમીન ઉપર પટકી અને ગુસ્સામાં આવી જઇ તેને બદસખુનો કહીને સારી પેઠે ખોખરી કીધી. પછી ભારી દુખ અને ગુસ્સા સાથ પોતાનાં એવાનમાં જઇને ત્યાં રૂદાબેહને બોલાવી મંગાવી. જ્યારે તે શાહજાદી આવી ત્યારે સીન્દુખ્ત તેને આ મુજબ ઠપકો દેવા લાગી:-- "અય મારી માહતાબ ચેહરાની બેટી! તું તખ્તને બદલે ગલીચ ખાઈ કાં પસંદ કરે છે? તું તારી માને તારા સઘળા ભેદથી કાં નથી વાકેફ કરતી? મને કહે કે આ ઓરત તારી પાસે શા માટે આવી હતી અને તે કોની તરફથી આવી હતી? આ કીમતી સરપેશ અને આ અંગુસ્તરી તેં કોને માટે મોકલાવી છે? અરે, કોઇ માતા બેટી જણો તો મારી બેટી જેવી મા જણતાં!"

રૂદાબેહે પોતાની માનો ગુસ્સો જોઇને માથું નીચું નમાવી અને આંખમાં આંસુ લાવીને આ મુંજબ કહ્યું:--"અય મારી દાના માદર, મારો જાન મોહબતનો શીકાર બન્યો છે. જાબુલનો હાકમ હાલ કાબુલમાં છે. તેની મોહબતથી મારાં દિલમાં આગ સળગી છે. તેનો ચેહરો જોવાને હું સદા તલબગાર છું. તેનો એક બાલ તે મારે મનથી આખી દુનિયા છે. તું જાણ કે તેણે મને જોઇ છે અને તે મારી પાસે બેસી ચુકયો છે, અને અમો બન્નેએ

હોય ત્યારે તો આ પ્રજા એ શાહના જમાના કરતાં પણ પુરાણી હોવી જોઇએ. દહી લોકો કાસ્પિયન સમુદ્ર (અવસ્તાનો વોઉરૂકશ) ના કાંઠા ઉપર વસતા હતા. તેઓ સ્કીથ્યન નામની તુરાની પ્રજા હતી. આસ્રાબાદની લગોલગ ઉત્તરેથી આ મુલક શુરૂ થતો હતો અને તે જીહુન નદી સુધી લંબાતો હતો.

એકેકના હાથમાં હાથ ભેળવીને એકબીજા તરફ વફાદાર રહેવાના અને શાદી કરવાના કસમ લીધા છે. અમે બન્નેએ એક બીજાંને દીઠાં છે, એટલુંજ નહિ પણ અમો બન્નેનાં દિલમાં મોહબતનો શોલો ઉઠયો છે. બહાદુર સામે સવાર ઉપર પેગામ મોકલવામાં આવ્યો હતો, જે સાંભળી પ્રથમ તે ખિજાયો, પણ પાછળથી રીઝાઇને તેણે પોતાના બેટા જાલ ઉપર પેગામ મોકળી તેને રાજી કીધો છે. જે ઓરતના તેં બાલ પિખ્યા અને જમીન પર પટકી, તે ઓરત મારફતે મેં સામનું જાલ ઉપર આવેલું નામું વાંચ્યું છે—માદર, આ મારી તરફનો આ સઘળો ખુલાસો છે."

સીન્દુખ્ત કાંઇક રાજી થઇ. જાલ જેવા જંવાન પેહલવાન સાથ પોતાની દીકરીની શાદી થાય એમ જાણી તે અચરત થઈ. જાલની તેણે તારીફ કીધી, પણ શાહ મિનોચેહર રૂદાબેહ સાથની શાદી માટે કદી પરવાનગી આપનાર નથી એવો અંદેશો બતાવ્યો. પછી પેલી ઓરતને પટાવી લીધી; અને પોતાનો ખાવંદ મેહરાબ જાલની મુલાકાતે ગયો હતો તેના પાછા ફરવાની વાટ જોવા લાગી.

પિતાનો જુસ્સો.

જ્યારે તે જાલ તરફથી મળેલાં માનઅક્રામથી ખુશ થતો પાછો ફર્યો ત્યારે મેહરાબે પોતાની રાણીને દિલગીર ચેહરે બેઠેલી જોઈ. તેણે તેની દિલગીરીનું કારણ પુછ્યું. આ ત્રણ પાંચ દહાડાની દુનિયા, જે કોઇને માટે સદા સાબેત રહેતી નથી, તે બાબે બન્ને વચ્ચે વાતો થયા પછી સીન્દુખ્તે ખરો ખુલાસો કીધો. તે બોલી કે "સામના બેટાએ રૂદાબેહ માટે જાળ પાંથરી છે, અને તેને આડે માર્ગે દોરવી છે. હવે એનો આપણે ઇલાજ શોધવો જોઇયે."

આ સખુનોથી મેહરાબ એક ખૂની ચિત્તા માફક છેડાયો. તે તલવાર લઇ ઉઠયો ને રૂદાબેહનું સર તનથી જુદું કરવા તૈયાર થયો. સીન્દુખ્ત આ સાંભળી અકળાઇ. તે પોતાના ખાવંદને કમરમાંથી પકડીને પટાવવા લાગી. પણ પેલો તેને હડસેલી કહાડીને મસ્ત હાથી મિસાલ બરાડયો કે "મારે તેના જન્મ વેળાજ તેનું સર કાપી નાખવું જોઇતું હતું. મેં તેને જીવતી રાખી તેનું આ ફળ! જે બેટો પોતાના પિદરને પગળે ચાલતો નથી તે એક બહાદુર માણસની નજરમાં લોંડીજાયો છે. જો સામ અને મિનોચેહર શાહને આ બાબતની ખબર પડી તો કાબુલની પાયમાલી જાણવી.'

સીન્દુખ્તે પોતાના ખાવંદને થંડો પાડીને કહ્યું કે "સામ તો બધી બિનાથી વાકેફ છે, અને આ કામ માટેજ તે કુર્ગસારની વિલાયતથી પાછો ફરી આ તરફ આવવા નિકળ્યો છે. આ વાતની ખબર તો સૌને પડી ચુકેલી છે."

"ખુબસુરત મેહબુબ!" મેહરાબ પુકાર્યો, "મને છેતર ના. શું પવન કદીબી ખાકની તાબેદારી કરશે? સૌ કોઇ જાણે છે કે નામદાર જાલ કરતાં વધારે સારો દામાદ કેથે નથી. અહવાજથી કંદહાર[1] સુધીના વિસ્તારમાં એવો કોણ છે જે સામનો વહેવાઇ થવાને રાજી નહિ થાય?"

---

૧ શાયર દેખાડવા માંગે છે કે આથમણે અહવાજથી ઉગમણે કંદરહાર સુધીનો મુલક શાહ મિનોચેહરના તાબામાં હતો. અહવાજ અને કંદહાર એ બન્ને આજના જમાનાનાં નામો છે. મિનોચેહરના સમયમાં તેમનાં નામ જુદાંજ હશે. કંદહારનું નામ અવસ્તામાંથી મળતું નથી. યુનાની લખનારાઓ એ શેહેરને ઓર્ટોસ્પાના (Ortospana) અને કરરા (Carura) ને નામે ઓળખી ગયા છે.

અહવાજ ખુઝીસ્તાનને નામે ઓળખાય છે. યુનાની લખનારાઓ તેને સુસિયાના કહેતા. તે આગમજ આ પ્રાંત એલામ (Elam) ને નામે ઓળખાતો. બાઈબલના જમાનાની આગમજ એ એલામ પ્રાંતમાં બહાદુર પાદશાહો થઇ ગયા છે જેઓ પોતાના પાડોશી બેબીલોન્યન લોકોથી જુદીજ રીતભાતના હતા. બાબુલી લોકો મુર્તિ પુજક હતા, એલામીઓ મુર્તિ તોડનાર હતા. બાબુલ સેમેટિક કોમ હતી: એલામ આર્ય કોમ હતી.

જ્યારે મેહેરાબે આ રીતે પોતાની રાણીની વાતો માનવાની ના પાડી ત્યારે સીન્દુખ્ત બોલી કે—"અય સરતાજ! તારી સાથે હું કદી દગાઇ રમું નહિ: તારૂં જે માઠું તે મારૂં છે; તારી દિલગીરીમાં મારો ભાગ છે. હું જે કહું છું તે ખરૂંજ છે. તું જાણે છે કે યમનના સર્વ રાજાઓએ શાહ ફરીદુનને રાજી કીધો હતો.[1] એ બિનાથી દસ્તાને જાલ અજાણો હોય નહિ. આબ સાથે આતશ અને ખાક સાથ હવાને મેળવ્યાથી જમીનનો સિયાહ ચેહરો રોશન બને છે."

આમ કહીને સીન્દુખ્ત જાલ પર આવેલો સામનો પત્ર લાવી, કે જે રૂદાબેહ ઉપર જાલે વાંચવા મોકળ્યો હતો. આ વાંચીને મેહેરાબ કાંઇક ખુશહાલ થયો ખરો, અને રૂદાબેહને પોતાની આગળ લઇ આવવા તેણીને ફરમાવ્યું. પણ સીન્દુખ્ત બીધી કે તેનો ખાવંદ પોતાની બેટીનો જાન લેશે. એટલામાટે તેણીએ તેની કને વચન લીધો કે તેણીના એક બાલને બી તે ઇજા પુગાડે નહિ. મેહરાબે કબુલત આપી ખરી, પણ પોતાની રાણીને ચેતાવી કે "જોજે—એનો અંજામ એ આવશે કે શાહ આપણી ઉપર કીનો લેશે."

સીન્દુખ્ત ખુશહાલ ચેહરે પોતાની બેટી પાસે ગઇ, સઘળી વાંતથી તેને ટુકમાં જાણીતી કીધી, અને કહ્યું કે "તારાં આ સઘળાં ઘરેણાં ઉતારી નાખીને રોતી રોતી તારા બાપ આગળ જા."

રૂદાબેહ બોલી કે—"ઘરેણા શા વાસ્તે ઉતારૂં? એ ઝવેરાત મારી જે ખરેખરી માયાપુંજી છે તે તેની આગળ શી બિસાતમાં? મારો જાન સામના બેટાને અર્પણ થઇ ચુકયો છે, ત્યારે જે વાત આવી ખુલ્લી છે તે હું શા માટે છુપાવું?"

આમ કહીને રૂદાબેહ પોતાના બાપની આગળ હાજર થઇ, જેને પોતાનાં સર્વ ઝવેરાત સાથ એક ઉગતા આફતાબ જેવી રોશન જોઇને મેહેરાબે ખુદાના શુક્ર કીધા. તેણી એક આરાસ્તા કરેલાં બહેસ્ત સમાન હતી. તે બોલ્યો કે:—

"અરે મૂર્ખી! એક પરીજાદ સાથ હારેમન જાદો શાદી કરે તે વાત શું નેક લોકો પસંદ કરશે? તાજ તારે સર મા હોતું, ને અંગુસ્તરી તારી આંગળીએ મા હોજો! જો એક ગારૂડી જેવો માણસ મુબદ હોવાનો દાવો કરે તો આપણે તેને તીરે વીંધી નાખવો જોઇયે."

આ અને એવાજ બીજા ગુસ્સા અને ઠપકાના સખુનો મેહરાબને મુખથી નીકળ્યા ત્યારે રૂદાબેહે તે ગુપચુપ સાંભળ્યા કીધા; તેનું દિલ ભરાઇ આવ્યું; તેની આંખમાં અંધારાં આવ્યાં; તેનો દમ બંધ થઇ ગયો. પછી તે ત્યાંથી મુગી મુગી ચાલીને પોતાના ઓરડામાં ગઇ, અને એટલામાંજ સઘળું પતી ગયું છે એમ સમજીને સીન્દુખ્તે ખુદા પાકનો ઉપકાર માન્યો.

---

૧ ફરીદુન શાહ કે જેનાથી મિનોચેહર શાહ ઉતરી આવ્યો હતો તેને યમનના રાજા સર્વે રાજી કરવા બાબેના આ ઇશારાનો ખુલાસો આ મુજબનો છે:—ફરીદુનના ત્રણ બેટાઓ હતા: સલમ, તુર અને ઇરજ. તેઓ ઉમરે પુગ્યા ત્યારે પાદશાહે જંદલ નામના મીઠી જબાનના સરદારને યમનના અરબ રાજા સર્વની દરબારમાં તેની ત્રણ બેટીઓની માગણી કરવા મોકલ્યો. સર્વે પોતાના જમાઇઓને જોવા માંગ્યા, ત્યારે શાહે તેમને કેટલીક શીખામણ દીધી અને દાનાઇથી વર્તવા સમજાવ્યું. તેઓ યમન ગયા ત્યારે સર્વે પોતાની સર્વથી નાની બેટીને પહેલી ચલાવી, બીજીને તેની પુઠે અને વડીને સઉથી છેલ્લી રાખી. પછી શાહજાદાઓને પુછયું કે એઓમાં સૌથી વડી કઇ અને વચલી કઇ અને નાની કઇ? ફરીદુને આગમજથી કહી રાખ્યું હતું તેમ શાહજાદાઓએ જવાબ દીધા કે વડીની જગા નાનીએ લીધી છે, વચલી પોતાની યોગ્ય જગાએ છે, અને વડા નાનીની જગાએ છે. આથી સર્વનું ગુમાન ઉતરી ગયું, કારણકે શાહજાદાઓ જો આમ ખરો જવાબ ન આપત તો તે તેમને રદ કરી પાછા વાળત. એ પછી તેણે ત્રણે શાહજાદાઓને કકડતી થંડી, ઠાર અને પવન છતાં બાગમાં સુવાડયા, એવી મતલબથી કે તેઓ ત્યાં અકડી રહે તો તેની બેટીઓ તેનાથી જુદી પડે નહિ. પણ શાહજાદાઓ પોતાની કળાથી આ સખત બર્ફમાંથી બચી જવા પામ્યા. અંતે સર્વ રાજાએ પોતાની બેટીઓ તમને શાદીમાં આપી અને એ રીતે તેણે શાહ ફરીદુનને રાજી કીધો હતો.

શાહની બેચેની.

હવે પેલી તરફથી જાલ અને મેહરાબ વચ્ચેની દોસ્તી અને તેની તથા રૂદાબેહની મોહબતની વાતો શાહ મિનોચેહરના કાન ઉપર આવી. દસ્તુરો અને દાનાઓ સાથ તેણે એ બાબતમાં મસ્લેહત ચલાવી, જેમ કરતાં તે નામવર બોલ્યો કે "આથી હવે આપણો બુરો વખ્ત આવશે. ફરીદૂને જહાકને આ દુનિયાથી બારેસ્તા કીધો તે શું એટલામાટે કે તેનોજ વંશજ કાબુલમાં અમલ ચલાવે? એ અમલને જાલનાં કામથી મજબૂતી મળવી જોઇતી નથી. જો મેહરાબની બેટી અને જાલના મેળાપથી એક શમ્શીર ઉઠાવનાર બહાદુરને જન્મ મળે તો તેની એક બાજુ જુદ્દીન જેવી લેખાય; ત્યારે એ રીતે જેહર અને તેનો ઇલાજ એ બન્ને ભેગાં શી રીતે મળે? જો તે શમ્શીરજન પોતાની માદરનો પક્ષ તાણે અને તેનાં માથાંમાં બુરા વિચારો ઉભા થાય તો તે તાજ અને ખજાનો પાછો હાથ કરવા માટે ઇરાનમાં જંગ અને ફેસાદ બરપા કરે."

પછી શાહે પોતાના બેટા નોદરને બોલાવીને એમ કહીને સામેસવાર તરફ મોકલ્યો કે "તેને કર્ગસારની લડાઇના સમાચાર પુછ, અને તેને અવલ મારી દરબારમાં આવીને પછી કાબુલ તરફ જવા સમજાવ."

નોદર પોતાની જોડે રસાલો લઇને સામને જઇ મળ્યો. તે આવે છે એવી ખબર પડતાંજ સામ તેને સામો લેવા ગયો, અને સર્વ વાતોથી વાકેફ થઇને સામે શાહના દીદાર જોવા માટેનો હુકમ માથે ચહડાવ્યો. એક દહાડો શાહજાદાને તેણે પોતાના મેહમાન દાખલ રાખ્યો, અને બીજી સહવારે શાહનાં અથક તરફ તેઓ ઉપડી ગયા.

સામેસવારની દલેરીનું દાસ્તાન.

શાહની હજુરમાં જતાંજ સામે કુર્નસ બજાવી અને જમીનને બુસો લીધો. શાહ મિનોચેહરે ઉઠીને તેને પોતાની પાસે હાથીદાંતનાં તખ્ત ઉપર બેસાડ્યો. પછી કર્ગસારની લડાઇ વિશે, માજન્દરાનના દેવ લોકો, લશ્કર વગેરેને લગતી સર્વ હકીકત પુછી પોતે વાકેફ થયો. સામે આ સર્વ બાબતોનો ખુલાસો કરતાં શાહ ઉપર આફ્રીન કરીને કહ્યું કે "હું તે બહાદુર દેવ લોકોની વિલાયત ઉપર ચઢાઇ લઇ ગયો ત્યારે મેં તેમને જંગમાં સિંહ જેવા, અરબી ઘોડા કરતાં વધારે ઝડપવાળા, અને ઇરાનના બહાદુરો કરતાં વધારે હિમતવાન જોયા. વળી વિક્રાળ સગસાર લોકો જેઓ લડાઇમાં ચિત્તા જેવા છે, તેઓ મારા આવી પુગવાથી છેડાયા અને મને આગળ વધતો અટકાવવા લડાઇનો શોજો ઉઠાવી લડવાને મેદાન પડયા. તેમની બેશુમાર સંખ્યાથી પહાડના પહાડ ઢંકાઇ ગયા. આ જોઇ મારૂં લશ્કર ગભરાયું. મેં અંદેશો કરીને ત્રણશો મણના વજનનો મારો ગુર્જ હવામાં ઉડાવ્યો અને મારા ફોલાદના અસ્પને આગળ ઝોંકાવ્યો. મેં દુશ્મનોનાં માથાં ભાંજી તેમનાં ભેજાં બાહેર કહાડવા માંડયાં. બહાદુર સહમનો નબીરો એક વરૂ પેરે મારી સામે આવી ઉભો. તે સરપ જેવો ઉંચો જવાન કર્કવી નામનો હતો. મા તરફથી તે જાલેમ જહાકથી ઉતરેલો હતો. તેનું લશ્કર તીડ યા કીડી મિસાલનું બેશુમાર હતું, જેથી મેદાન, ખીણ અને પર્વત ઢંકાઇ ગયાં હતાં. તેને જોઇ મારા બહાદુરો ઉજળા બની ગયા, તોપણ મેં ગુર્જ ઉઠાવ્યો અને મારી પુઠે સઘળા આવ્યા. મેં એક એવો આવાજ ઉઠાવ્યો કે દુશ્મનોને મનથી જમીન ચક્કી મિસાલ ફરતી જણાઇ. આથી મારાં લશ્કરને જીવ આવ્યો. હવે કર્કવી એક મસ્ત પીલ મિસાલ મારી સામે આવ્યો. તેની પાસે એક બુલંદ કમંદ હતી, જે વડે તે મને ફાંસમાં લઇ બાંધવા માંગતો હતો; પણ મેં બાજી તપાસી લીધી અને તેના માર્ગમાંથી ખીસી જઇને પછી

મેં પાદશાહી કમાનને ચિલ્લો ચઢાવી ફોલાદની અણીવાળા તીરો આતશના શોલા મિસાલ તેની ઉપર ગેરૂડની ઝડપથી ધસી જઇને વરસાવ્યા. તેને મેં પાછો મારી વધારે નજદીકીમાં લાવવાની મતલબથી હું થોડોક પાછળ હટી ગયો, અને જેવો તે મારી લગોલગ આવ્યો કે તેનો કમરબંધ પકડી લઇને તેને તેના ઘોડાની જીન ઉપરથી ગોયા તોડી કહાડયો હોય એટલી જેહમતથી ઉપાડીને એક ખીજવાયલા હાથી મિસાલ મેં તેને જમીન ઉપર પટકયો, તેં એવી રીતે કે તેનાં હાડકાંબી છુટાં પડી ગયાં. પોતાના સરદારના આ હાલ જોઇને તેનું લશ્કર નાસભાગમાં પડયું. દશ હજાર દુશ્મનો બેજાન થયલા ગણાયા, જેમની કુલે સંખ્યા ત્રણ લાખની હતી.

કાબુલની તારાજીનો હુકમ.

જ્યારે શાહ મિનોચેહેરે આ બયાન સાંભળ્યું ત્યારે પોતાનું તાજવર સર આસ્માન તરફ ઉંચું કરીને પછી સામેસવારની ફતેહને માટે તે રોજ તેહવાર દાખલ પાળવાનો હુકમ આપ્યો. એ રીતે તે દહાડો પસાર થયા પછી જ્યારે આફતાબ પાછો ઉગ્યો ત્યારે શાહે દરબાર ભરી અને સામ કુર્નેસ બજાવી નજદીક ગયો અને કાબુલના સરદાર મેહરાબ અને જાલના સંબંધમાં વાતો કરવાની રજા માંગી; પણ મિનોચેહરે તેને અટકાવીને ગુસ્સાથી કહ્યું કે "અબ ઘડી તું ચુનંદા સવારોને લઇને હિંદુસ્તાન તરફ જા અને મેહરાબનો મહેલ તથા કાબુલને બાળી નાખ. મેહરાબને છટકવા દેતો ના. તે પેલા અઝદહાનાં ખુનથી છે, અને દુનિયામાં ફેસાદ બરપા કરેછે. તેના ખેશીઓ અને દોસ્તોનાં સર તનથી જુદાં કર અને જિયાંગાર જહાકના વંશવેળા અને ખુનબેખથી હફતકેશ્વર જમીનને સાફ કર."

સામની મકદુર નહિ કે આ હુકમની સામે કાંઇબી બોલે. શાહનો એટલોબધો ગુસ્સો જોઇને તેણે તેનાં તખ્તને બોસ્સો લીધો, અને શાહના હુકમ મુજબ અમલ કરીને તેનો ગુસ્સો નરમ પાડવાના કસમ લઇ તે પોતાને માર્ગે લાગ્યો.

ફસલ ૩–નારાજીનું પરિણામ તારાજી.

પેલી તરફથી મેહરાબ અને જાલને ઉપલા બનાવની ખબર આગમજથી પડી ચુકી હતી. કાબુલમાં કલાપિટ ચાલી અને મેહરાબના મહેલમાંથી ફરિયાદ અને જારીના પુકાર નીકળ્યા. જાલ પોતેબી બહુ દિલગીર તથા નિરાશ થઇને પોતાના બાપને મળવા તેની સામો ગયો. તેને આવતો જાણી સામ પોતેબી સામો ગયો, જેને જોઇને જાલ પોતાના ઘોડા ઉપરથી ઉતરી પડી પાઉંપિયાદો થયો અને જમીનને બોસ્સો લઇ ઉભો. બન્ને બાપ દીકરા વચ્ચે થોડોવાર વાતચિત થઇ, જે પછી સામ પોતાના અરબી ઘોડા ઉપર પાછો સવાર થયો અને પોતાની છાવણી તરફ પાછો ફર્યો.

અહીં બાપ દીકરા ખાનગીમાં મળ્યા, અને જાલે પોતાને થયલા અને થતા ગેરઇનસાફના રોદરા રડવા માંડયા. બાપ તરફથી બચપણમાં પોતાની થયલી વલે વિષે બોલીને તે હાલના હિંગામ ઉપર બોલવા લાગ્યો કે —

"તારા હુકમ પ્રમાણે હું કાબુલ તરફ તપાસ કરવા ગયો. તું મને કહેતો ગયો હતો કે 'હવેથી હું તુને નારાજ કરીશ નહિ, પણ રોપેલાં ઝાડ ઉપર ફળ આવે એમ કરીશ.' પણ તેવું કાંઇ કરવાને બદલે તો તું માજન્દરાનથી તું મારે માટે

૧ સલ્મ તે શાહ ફરીદુનનો વડો બેટો. શાહનામામાં જેમ મિનેચેહરને ફરીદુનના બેટા ઇરજની બેટીનો બેટો ઓળખાવ્યો છે, તેમ કર્કવીંને ફરીદુનના બેટા સલ્મનો નબીરો ગણાવ્યો છે. પણ જેમ મિનોચેહર અને ફરીદુન વચ્ચે ૧૦ પહેડીઓ થઇ ગયલી બુન્દેહેશ જણાવે છે, તેમ કર્કવી અને સલ્મ વચ્ચે પણ ઘણી એક પહેડીઓ થઇ જવી જોઇએ.

આ શી બક્ષેશ લાવ્યો છે! તું ઠગસાર લોકો તરફથી ઊતાવળો કુચ કરતો મારાં સુખનો નાશ કરવા આવ્યો છે. આ તે તારો ઇનસાફ કે? જો, મારા બહાદુર બાપ! આ હું તારી સામે ઉભો છું, અને તારા ગુસ્સાનો ભોગ થવાને તૈયાર છું. કાપીને મારાં તનના બે ટુકડા કર, પણ કાબુલનું નામ દેતો ના. તારે ગમે તે કર, તું બળવાન છે અને તારા હાથમાં કુલ સત્તા છે, પણ જાણજે કે કાબુલની ખરાબી તે મારી ખરાબી છે.”

સામે પોતાના બેટાના સર્વ વચનો સાંભળ્યા, અને પછી પોતાનું સર નીચું નમાવીને તે આ મુજબ બોલ્યો:—

“તું જે કાંઇ કહે છે તે ખરૂં છે; અવલથીજ હું તારી સાથે ગેરવાજબી રીતે ચાલ્યો છું. તું જે કાંઇ માંગે છે તે તારાં દિલની ખાહેશ છે. આ મુશ્કેલીમાં તારા જીવને કરાર નથી એ ખરૂં છે, તોપણ તું જાહેલ બનતો ના. મને મારૂં કામ બજાવવા દે. શાહ ઉપર હું એક નામું લખું છું જે હું તું મારા વહાલા બેટા મારફતેજ તેની તરફ મોકળાવનાર છું. તારો ચેહરો તથા તારૂં બળ જોઇને શાહ તને ઇજા કરશે નહિ.”

સામનું શાહ જોગું નામું.

આ સાંભળીને જાલ થંડો પડયો, અને પછી શાહ જોગો રૂક્કો લઇ આગળ વધ્યો. એ પત્રમાં સામે સર્વ હકીકત ખુલાસાથી લખીને શાહની ખાતરી કરવા માંગી હતી. પ્રથમ ખુદાતાલાની તારીફ તથા શાહની સ્તુતિ આઇને સામે લખ્યું કે,

“હવે હું ઘરડો થયો છું, કારણ ૧૨૦ વર્ષની મારી ઉમર થઇ છે. મારી બરાબર ઘોડાની લગામ પકડનાર, સરદારોનાં માથાં ભાંજનાર, અને ગુર્જ ઉઠાવનાર કોઇ બીજો જણાયો નથી. માજન્દરાનના લડવૈયાઓને મારા ગુર્જે અંધકારમાં મોકલ્યા છે. એક અઝદહા કશફમાં ત્રાસ વર્તાવતો હતો. શેહરે શેહર અને ડુંગરે ડુંગર તે ફરતો અને લોકો ગભરાટમાં પડતા. રાત દહાડો તેઓને કરાર ન હતો. તે જિયાંગાર અઝદહાએ આકાશમાં ઉડતાં પરંદાઓનો અને જમીન પર ફરતાં ચરંદાંઓનો ભક્ષ કરી તેમને સાફ કરી નાખ્યાં હતાં. પોતાના ફુંફાડાથી તેણે ગીધનાં પીછાં બાળી નાખ્યાં હતાં, અને પોતાની જેહરી લબથી જમીન ઉપર આગ સળગાવી હતી, પાણીમાંથી તેણે સુસ્વાટને અને હવામાંથી ગરૂડોને ખેંચી કહાડયાં હતાં. ઇનસાન અને હેવાન તેના ત્રાસથી વતન છોડી નાસી ગયાં હતાં. આવા દેવનો નાશ કરવા માટે કોઇને મેદાન પડેલો નહિ જોઇને મેં ખુદા પાકનું નામ લીધું જબાનપર, દૂર કીધી દિલમાંથી તમામ ફિકરને, અને બાંધી કમર તે નાપેકાર સાથના લડાઇની, થયો સવાર હું મારા પીલતન અસ્પ ઉપર. લીધો મારો ગાવાની ગુર્જ મારી સાથે. મારી કમાન અને મારી ઢાલ લઇને હું આગળ વધ્યો. મારો ગુર્જ ઉઠાવેલો જોઇને સૌ કોઇએ મને છેલ્લી સલામ કીધી. હું તે નાપાકની સામે ગયો. જોયો મેં તેને, કેજે ગોયા એક પહાડ જેવો મસ્ત હતો. તેનાં શરીરના બાલ કમંદ જેવા ગુચ્છાદાર હતા, તેની જીભ ઝાડના બળી ગયલાં થડ જેવી કાળી હતી; તેનાં જડબાં ખુલ્લાં અને મારા રસ્તા સુધી લંબાયલાં હતાં; તેની આંખો લોહીની બે ટાંકી જેવી લાલ હતી. મને જોતાંજ તે નાપેકારે પુકાર માર્યો, અને આતશી દેખાવ સાથ પુર ગુસ્સામાં તે મારી સામે ધસી આવ્યો. મને દુનિયા તરતી જણાઇ. એક કાળો ધુંઓ આકાશ તરફ ચાલ્યો. જમીન તેના પુકારથી ધુજવા લાગી. તેનું જેહર ચીનના દરિયા જેવું જણાયું. પછી જેમ નરેંશીર પુકારે તેમ એક બહાદુર પેહલવાનને છાજે તેવા આવાજથી મેં ગર્જના કીધી; અને કશી પ્લાટ નહિ જોતાં

કમાન ઉપર ચિલ્લો ચહડાવી એક એવો તીર કકડાવીને તેનાં ઉઘાડાં જડબાંમાં છોડયો કે તેની જીભ ગળી સાથ સંધાઇ ગઇ. આથી તે દેવ ગભરાયો અને ગુસ્સામાં આવ્યો. મેં એક બીજો તીર છોડીને તેનું મહોડું વીંધી નાખ્યું. આથી તે બદકાર પોતાનું શરીર દુખથી મરડવા લાગ્યો. હવે મેં એક ત્રીજો તીર છોડીને તેનાં દિલનું ખૂન વહેતું કીધું. તે હવે નજદીક આવી મને ઘેરી લેવા લાગ્યો, ત્યારે મારો ગઓ-ચિથ્ર (ગાયના ચેહરાનો) ગુર્જ ઉઠાવીને ખુદાના નામથી મારા ઘોડાને આગળ દપટાવ્યો, અને તેનાં માથાંનો છુંદો કરવા માંડયો. મેં એવા જર્બ લગાવ્યા કે તે જોઇને તું કહેતે કે આસ્માન ઉપરથી પહાડોના ફટકા પડે છે. મેં તેનું ટાળકું છુંદી નાખ્યું, અને તેમાંથી જેહરી લોહી નીલના દરિયા મિસાલ વહેતું થયું. મેં એવા જર્બ લગાવ્યા કે તે અઝદહા પાછો ઉઠવા પામ્યોજ નહિ. કશફમાં હવે લોહીની નદી વહેવા લાગી અને ત્યાં સઘળે શાંતિ ફેલાઇ. પહાડનાં મથાળાં ઉપર તમાશો જોવા લોકોનાં ટોળાં એકઠાં થયાં અને તેઓ મને આશિષ દેવા લાગ્યાં. આ કારણથી લોકો મને "એક ઝટકાવાળો સામ" (one blow Sam) ને નામે ઓળખવા લાગ્યાં. તેઓએ મારા ઉપર ઝવેરાત વરસાવ્યાં. ત્યાંથી હું બખ્તર વિના પાછો ફર્યો. મારાં અને મારા ઘોડાનાં બખ્તરનો ચુરો થઇ ગયો હતો. તે બદકારના જેહરી દમ અને લોહીથી ઘણા દહાડા સુધી હું બીમાર પડયો.

"દેવ લોકો સાથની મારી લડાઇનું બયાન કરૂં તો આ નામું લાંબું થઇ જાય. તેઓનાં તેમજ બીજે ઠેકાણેની લડાઇમાં આવેલા સરદારોનાં માથાં મારા પગ તળે મેં કચડી નાખેલાં છે. જ્યાં જ્યાં હું ગયો છું ત્યાં ત્યાંની જમીનને મેં જુલ્મથી સાફ કીધી છે. આજ વર્ષો થયાં મારો ઘોડો તે મારી જમીન અને જીન તે મારૂં તખ્ત થઇ પડયાં છે. મારા ભારી ગુર્જથી માજન્દરાન અને તમામ કર્ગસારને હું તારી પાદશાહત હેઠળ લાવ્યો છું. એ તારી સેવાઓના બદલામાં મેં તારી કને કશું માંગ્યું નથી. મેં તો ફકત તને ફતેહમંદ અને સુખી જોવાનીજ ખાહેશ રાખી છે. પણ હવે મારા ગુર્જના જર્બ આગળ જેવા હતા તેવા રહ્યા નથી. વીશ હાથના તફાવત સુધી હું મારી કમંદ દૂર ફેંકીને શત્રુનું સર ફાંદામાં લઇ શકતો હતો. પણ હવે મારી ઉમર ભરાઇ છે, અને મારૂં કામ મેં મારા બેટા જાલને સોંપ્યું છે. મારા કમરબંદ અને મારા ગુર્જનો હવે તેજ વારેસ છે. મારી માફક હવે એ તારા દુશ્મનોનો નાશ કરશે, અને પોતાની બાજુનાં બળથી મારા જાનને ખુશહાલ કરશે.

"એ બેટો આ પત્ર લઇને શાહની ખિદમતમાં આવ્યો છે અને પોતાનો એક છુપો ભેદ કેજે ખુદાની નજરમાં નેક છે તે તને કહેવા અને તારી મેહરબાનગી મેળવવા માંગે છે. નામદાર શાહ, કેજે દુનિયાનો પાળનાર છે, તેને સારી પેઠે રોશન હશે કે જાલને અલ્બુર્જ ઉપરથી લાવ્યો ત્યારે મેં તેને જાહેરમાં એવી કબૂલત આપેલી છે કે મારે તેની એકબી ખાહેશ ના પાડવી નહિ. હવે આજે તે ખૂન અને ખાકથી ભરાઇ ગયલો મારી પાસે આવ્યો છે અને બોલે છે કે 'કાબુલને તારાજ કરવા કરતાં આમુલનો નાશ કરવો બેહતર ગણાય.'

૧—આમુલ માજન્દરાનનું એક મજબુત ડુંગરી કિલ્લા વાળું શેહર છે. કેટલાક એને મિનોચેહરશાહનાં પાયતખ્ત તરીકે ઓળખાવી જાય છે. પણ માજન્દરાનનો મુલ્ક તો ઇરાનીઓ સાથ શત્રુવટ ધરાવનારો ગણાયલો છે, અને એજ મુલ્ક તરફ પેહલવાન સામને લડાઇઓ લડવી પડેલી છે, તથા કયાની વંશનો મોટો પાદશાહ કયકાઉસ કેદ પડયો હતો તે એજ મુલ્ક હતો. એટલામાટે અહીં મિનોચેહેરશાહનું પાયતખ્ત હોય એમ લાગતું નથી. પણ આમુલનો કિલ્લો એ શાહના હાથમાં હતો, અને તુરાનીઓ સાથની લડાઇ વેળા તે ત્યાં વારંવાર જતો હતો, તથા પાછળથી શાહ નોદરે પણ દાહિસ્તાનનાં જંગમેદાનમાંથી

હવે તું નામદાર જો કે પહાડ ઉપર સીમુર્ઘ જેવા સાથ વસીને ઉછરેલો જવાન કાબુલમાં માહતાબ ચેહરાની નાજનીનને જુએ તો પછી તેનું સર ફરી જાય તેમાં નવાઈ નથી. નામદાર શાહે તેના ઉપર ખફા થવું નહિ. એની મોહબતનું દુખ એવું છે કે સૌ કોઈ એની દયા ખાય છે. જ્યારે એ તું નામદારનાં બુલંદ તખ્ત આગળ આવી હાજર થાય ત્યારે તારા બુલંદ દરજ્જાને લાયક હોય તેમ અમલ કરજે. તું નામવર દાના છે, એટલે તને ડહાપણ શીખવવા જવું પડે એમ તો છેજ નહિ. દુનિયામાં એ ~~એ~~ એજ મારાં સુખ દુખનો ભાગ્યો અને મારી જીંદગીમાં મારો મદદગાર છે. નરીમાનના બેટા સામ તરફની હજારો હજાર દુઆ બંદગી શાહોના શાહના હકમાં આમીન હોજો."

જ્યારે આ મતલબનું નામું લખાઇ રહ્યું, અને સઘળી તૈયારીઓ થઇ ચુકી, ત્યારે જાલ જાબુલથી થોડાક સવારોને સાથે લઇ શાહની દરબાર તરફ ઉતાવળે કદમે ચાલ્યો.

બીજું સ્ત્રી ચરિત્ર

જ્યારે આ મુજબના બનાવો બનતા હતા ત્યારે મેહરાબે પોતાની રાણી સીન્દુખ્તને બોલાવીને રૂદાબેહ સામેનો પોતાનો ખોફ તે બચારી ઉપર ખાલી કીધો. તે બોલ્યો કે—

"દુનિયાના પાદશાહને મારે તાબેજ થવું જોઇએ એમ છે ત્યારે તો મારી કને એકજ ઇલાજ છે અને તે એ કે તને તારી બદકાર દીકરી સાથ આલમનાં દેખતાં બેજાન કરવી; કારણકે કદાચ એમ કીધાથી શાહનો ગુસ્સો નરમ પડશે અને દુનિયામાં શાંતિ થશે. કાબુલમાં એવો કોણ છે કેજે સામનો ગુર્જ ખમી શકે યા તેની સામે લડવાની હિમત કરે?"

આ સાંભળીને સીન્દુખ્ત વિચારમાં પડી ગઇ; પણ તેણી હુશિયાર અને પક્કી ઓરત હતી, માટે તેણીને એક વિચાર સુઝ પડયો. તે પોતાના ખાવંદ આગળ હાથ જોડીને આવી ઉભી અને બોલી કે—"મારી એક વાત સાંભળી લે, અને પછી તારે ગમે તે કરજે. જો તારી કને જાનની ખરીદી માટે દોલત હોય તો તે ખર્ચ કર; તું જાણ કે આજની રાતે કાંઇ મોટાં મોટાં કામો બનશે."

મેહરાબ બોલ્યો કે "બહાદુરો આગળ મક્કારે ઓરતનાં જેવાં ફંદ ફેલ ચાલવાનાં નથી; માટે તું જે જાણતી હોય તે કહે, અને જે કાંઇ ખર્ચ જોઇતો હોય તે લે અને જાન બચાવ. અગર નહિ તો મરવાને માટે તૈયાર થા."

સીન્દુખ્ત— ખુન રેડવાની જરૂર નથી, અય મોટા શાહ! મારે સામ પેહલવાન પાસે જઇ તેને લાયક સખુનોથી સમજાવી લેવો જોઇયે છે; તારૂં કામ એટલુંજ છે કે તેને માટેનો કીમતી હદિયો તૈયાર કરી તે મારે હસ્તક કરવો.

મેહરાબ—લે આ ચાવી. ખજાનો ખર્ચ કરવા માટે મને ખોફ નથી. ગુલામો અને ઘોડા અને તખ્ત અને પાલખી તૈયાર કરાવ. હજુ આપણા દેશને બળી જતું આપણ બચાવી શકીશું.

સીન્દુખ્ત—જો જાનની કદર હોય તો ખજાનાને નાચીજ ગણ. હું આપણે માથેનું સંકટ ટાળવા જાઉં ત્યારે મારાં બચ્ચાં તરફ તું સખ્ત થતો મા. મારી જિંદગી તેનેજ માટે છે. તું તેને હેરાન નહિ કરે તેનો મને વચન આપ. મારી પોતાની મને દરકાર નથી. મારી તમામ દરકાર તેજ છે.

મેહરાબે વચન આપ્યો. ખુશ થઇને સીન્દુખ્ત હવે કીમતી લેબાસ પહેરી તૈયાર થઇ. ખજાના

નાસી આવીને આ કિલ્લામાં આસરો લીધો હતો. એ બિના ઉપરથી જણાય છે કે આમુલ માજન્દરાનમાં આવેલું હોવા છતાં ત્યાં ઇરાનના શાહનો અમલ હતો, અને માજન્દરાનીઓને તાબામાં રાખવા માટે આ કિલ્લો ઇરાનીઓને બહુ ઉપયોગી થઈ પડયો હતો. નાદરશાહના વખતમાં અફ્રાસિયાબે એ કિલ્લો જીતી લીધેલો જણાય છે.

ખાતેથી તેણીએ ત્રણ લાખ સોનાના સિક્કા લીધા. ત્રીસ અરબી તથા ઇરાની ઘોડા તૈયાર કીધા; સાઠ ગુલામોના હાથમાં કપુર, કસ્તુરી અને સર્વ જાતનાં ઝવેરાતથી ભરેલા સોનાના લોટાઓ સાથની તેનીજ કીમતી તબકો આપી; રાતા માલની એકસો સાંઢણીઓ, બોજો ઉઠાવનારાં તેટલાંજ ખચ્ચર, પાદશાહને લાયકનું ઝવેરાતથી મઢી લીધેલું તાજ, તથા બાજુબંદ, ચરિંગ, અને સોનાનું તખ્ત જેને ઝવેરાતોથી શણગારેલું હતું; તથા ચાર મોટા હિંદી હાથીઓ જે ઉપર પોશાકનાં કીમતી તાકાઓ અને ફરશોની ગાંસડીઓ લાધી હતી;—એ સઘળું તૈયાર કરાવીને તેણીએ તે સામેસવારના મેહલ તરફ રવાના કીધું, અને તેની જોડેજ પોતે એક ઝડપી ચાલના ઘોડા ઉપર સવાર થઇને કોઇ નહિ જાણે તેમ આગળ વધી ચાલી.

જ્યારે સીન્દુખ્ત સામની દરબાર આગળ આવી પુગી ત્યારે તેણીએ એવું કહેણ મોકલાવ્યું કે "કાબુલથી એક એલચી આવ્યો છે અને તે જાબુલના મોટા પેહલવાન સામને માટે મેહરાબ તરફથી પેગામ લાવ્યો છે."

સામને આ વિશે ખબર મળતાંજ તેણે એલચીને બોલાવ્યો, જે ઉપરથી સીન્દુખ્તે તેની નજદીક જઈ જમીનને બોસ્સો લીધો, શાહ મિનોચેહર ઉપર આફ્રીન કીધી, અને પેહલવાનોના સરદાર સામની સ્તુતિ ગાઇ. તે પોતાની જોડે જે ઘોડા, હાથી, ઉંટ અને ગુલામો સાથ કીમતી હદિયો લઇને ગઇ હતી, અને જે બે માઇલ જેટલો લંબાયો હતો, તે સઘળો તેણીએ સામના પાઉં આગળ નજર કીધો, જે જોઇને તે પેહલવાન વિચારમાં પડી ગયો. તે મનમાં બડબડયો કે—

"જો આ હદિયો હું કબૂલ રાખું છું તો શાહ નારાજ થાય છે. જો નાકબૂલ કરૂં છું તો જાલ ગુસ્સે થાય છે; માટે કરવું કેમ?" પછી તેણે હુકમ આપ્યો કે "આ ગુલામો અને હાથીઓ અને બીજો સર્વ અસબાબ જાલના ખજાનચીને સ્વાધીન કરો, અને કાબુલની પરી તરફથી તે આવ્યો છે એમ નોંધાવો."

પોતે જે કાંઇ લાવી હતી તે કબૂલ રખાયું છે એમ જોઇને સીન્દુખ્ત મનથી ખુશહાલ થઇ અને અહીં સુધી તો પોતાનું મુશ્કેલ કામ આસાન થયલું માની લીધું. પછી તેણી પોતાની સાથે ત્રણ દાસીઓને લાવી હતી, જેઓ સરવ જેવી સીધી અને યાસ્મીન જેવી સુંદર હતી, અને જેમના હાથમાં મોતી અને હીરાથી ભરેલી જામો પકડેલી હતી, તે તેઓએ એકી વખતે સામેસવાર આગળ ખાલી કીધી. આ પછી દરબારમાં બેઠેલા બીજા સર્વ ઉઠી ગયા ત્યારે સીન્દુખ્તે સામને આ મુજબ કહ્યું—

"તારી દાનાઇ એવી છે કે જેથી જૈફ હોય તે જવાન બને છે. બુલંદ દરજ્જાના પાદશાહોને તું ડહાપણ શીખવે છે, કે જેઓ તારી મારફતે દુનિયાને રોશન બનાવે છે. તેં બુરાઇનો દસ્ત કાપી નાખ્યો છે અને ખુદાનો રાસ્ત માર્ગ તારા ગુર્ઝ વડે ખુલ્લો કીધો છે. અય પેહલવાન, જે કાંઇ કસુર છે તે મેહરાબની છે, જે માટે તે લોહીનાં આંસુ પાડે છે. પણ ત્યારે અમારી ગરીબ રૈયતે શું કીધું કે તું કાબુલ ને તારાજ કરવા માંગે છે? તેઓ તો તારા પાઉં ઉપરની ધુળ બરાબર છે—તારા ગુલામ જેવી છે. એવાં લોકોને જો તું તારાજ કરશે તો તારૂં એ કામ ખુદા સાંખવાનો નથી. ખૂનરેજીમાં તું તારા હાથ ખરાબ કરતો ના."

સામે તેના આ સખુનો સાંભળીને પુછ્યું કે—"હે બાનુ, તું કોણ છે? તું મેહરાબની દાસી છે કે તેની રાણી સીન્દુખ્ત છે, કે જેની બેટીને મારા જાલે કબૂલ રાખી છે? જે હોય તે મને ખરેખરૂં કહે કે તે ઉપરથી હું દરિયાફત કરૂં."

સીન્દુખ્ત—અય પેહલવાનોના પાદશાહ, અવલ તું મને કબૂલત આપ કે તું મને યા મારાંને

કદી ઇજા કરશે નહિ. હું મેહલમાં વસનારી છું, દોલતમાં રેલનારી છું, બુલંદ ખાનદાનની છું. અવલ મને કોલ આપ, અને પછી તારી મેહરબાનગી મેળવવાની ઉમેદમાં હું સર્વ વાતોથી તને વાકેફ કરીશ.

વહેવાઇ અને વહેવાણ.

સામે તેણીનો દસ્ત પોતાના દસ્તમાં લીધો અને વચન આપ્યો, જે ખરોજ કોલ છે એમ માનીને સીન્દુખ્તે જમીનને બોસ્સો લીધો, અને પછી ઉભી થઇને તેણીએ આ રવેશે પોતાનો અહેવાલ જાહેર કીધો :—

“અય પેહલવાન! હું જહાકથી ઉતરેલી છું. મેહરાબની હું રાણી છું. માહતાબ ચેહરાની રૂદાબેહની હું માદર છું, કે જેના ઉપર તારો જાલ દિલોજાનથી ફિદા છે. અમો અને અમારા ખેશ કુટુંબીઓ હર હમેશ શાહના અને તારા અને જાલના હકમાં દુઆ ગુજારિયે છિયે. જો અમો ખરાબ લોકો હોઇયે અને અમલ ચલાવવાને નાલાયક ગુનેહગાર હોઇયે તો જો, હું તારી આગળ તે માટેનો પસ્તાવો કરૂં છું. તું તેને કતલ કર કેજે કતલને લાયક છે—તેને કેદ કર કેજે કેદી થવાને યોગ્ય છે; પણ કાબુલમાં જે સઘળા બેગુનાહ છે તેમનાં દિલ તું ના બાળ; તેમના સુખી દિવસને અંધારા મા કર.’’

સામે પોતાની નજદીક એક બાહોશ ઓરતને ઉભેલી જોઇ. તે બોલ્યો કે—“મારો જાન જાય તોપણ હું મારો કોલ તોડું નહિ.[1] જા, તું તારાં ખેશીઓ સાથ ખુશી અને સલામતી ભરેલી જિંદગી ગુજાર. જાલની રૂદાબેહ સાથની શાદી માટે હું મારી બહાલી આપું છું. જોકે અમારી કોમ તમારી કોમથી જુદી છે, તોપણ તું પોતે તો તાજોતખ્તને લાયકની છે. દુનિયાનું કામ એમજ વધ્યું જાય છે ને તેમાં આપણને શરમાવાનું કાંઈ નથી.[2] ખુદા પાક સામે આપણી તદબીર ચાલતી નથી, કેજે પોતાની મર્જી મુજબ એમજ ગમે તે કરે છે. એકને અમીર તો બીજાને ફકીર બનાવે છે, તોપણ બન્ને અંતે તો ખાકમાં મળે છે. દરેક કામને પુરી કરનાર એજ ખાક છે. તારી કડની ફરિયાદ પછી હવે હું તારી તરફથી લડત ચલાવીશ. અત્યાર આગમજનું એક નામુ જાલ મારફતે હું નામવર શાહ ઉપર રવાના કરી ચુકયો છું. તે આ નામુ લઇને ગોયા હવામાં ઉડી ચાલ્યો છે, કેમકે તેના ઘોડાના પગ જમીન ઉપર ઠર્યાં નથી. મિનોચેહર શાહ આ નામુ વાંચીને મુછમાં હસશે, અને મેહરબાનગી ભરેલો જવાબ આપશેજ, એવી મારી ખાતરી છે, કારણકે જાલ તો પોતાના આંસુથી બનાવેલા કાદવમાં ચિટકાઇ બેઠો છે. જો તેની માશુક પણ તેના જેવીજ હશે તો એ બન્નેનાં સુખનો પાર રહેવાનો નથી. વારૂં હવે આ તારૂં અજદહાનાં ખાન્દાનથી ઉતરેલું ફર્જન્દ મને જરા દેખાડ તો ખરી. તું કહેશે ત્યાં હું તેને ફકત એકજ વાર જોવા આવવા તૈયાર છું. જેવા તેના

૧ આગળા ઇરાનીઓ જે કોલ આપતા તે કદી તોડતા નહિ. કોલ પોતાની બરાબરિયાને કે પોતાથી વડાને આપ્યો હોય તે તો તોડાયજ નહિ, પણ પોતાથી ઉતરતાને—પોતાના નોકરને કે કોઈ જુદદીનને—આપ્યો હોય તોબી નહિજ તોડવાનાં ફરમાનો મેહર યશતમાં અને બીજે ઠેકાણે આવેલાં છે. જે રાજવંશીઓ આપેલો કોલ તોડે તેમના ઉપર મેહર બહુજ રીશે ભરાય છે ને તેમનો મુલ્ક વેરાન કરે છે, એવું પણ લખેલું છે. આમ હોવાથી સામ સીન્દુખ્તને કોલ આપતી વેળા કહે છે. તે ખરૂંજ છે કે જાન જાય તોપણ મારો કોલ તુટશે નહિ.

૨ સામ ઈરાની (આર્ય) તોખમનો અને સીન્દુખ્ત જહાકની સેમિટિક તોખમની હોવાથી આ બન્નેની કોમો અહીં જુદી દેખાડી છે. એ બન્ને કોમો એકબીજા સાથ શાદીથી જોડાય નહિ એમ હોવાથીજ શાહ મિનોચેહર જાલની રૂદાબેહ સાથની મોહબતની વાતથી ગુસ્સે ભરાયા હતો. પણ સામ કેહછે તેમ મામલો એમજ ચાલ્યો જાય છે. ફેરફાર થતોજ રહે છે. કુદરતનાં કામ સામે તદબીરનું ચાલતું નથી. તેથીજ સામ આ જુદદીન અને પરકોમ સાથની શાદી તરફ આંખ મીચામણાં કરે છે, અને તેથીજ પાછળથી શાહ પોતે પણ આખાડા કરી જાય છે.

બાલ લાંબા છે તેવોજ તેનો ચેહરોબી ખુબસુરત હશે તો હું તેને જોઇને ખુશી થયા વિના રહીશ નહિ."

સીન્દુખ્ત આ સર્વથી ખુશખુશ થઇ ગઇ અને નમન કરીને બોલી કે "જો તારા જેવો પાદશાહ એક વાંર કાબુલ આવે તો અમો અમારા જાન કુર્બાન કરિયે."

સામને હસતો જોઇ સીન્દુખ્ત સમજી કે તેનાં દિલમાંથી હવે કીનો તદ્દન નીકળી ગયો છે. તેણીની ખાહેશ મુજબ થશે એમ સામથી જવાબ મેળવીને કાબુલની રાણી હવે સંતોષ પામીને ત્યાંથી પાછી ફરી. તેણીએ તરત એક પવનની ઝડપથી દોડનારા કાસદને પોતાના ખાવંદ તરફ રવાના કરી તેને વધામણી કહેવાડી કે "તું મનમાંથી ગમ કુહાડી નાખ અને પાદશાહી પરોણાગત માટે તૈયારી કર; હું ઝડપમાં આવી મળું છું."

બીજે દિને સીન્દુખ્ત સામની દરબારમાં પાછી ગઇ, અને પોતે કાબુલ વતન જવાની પરવાનગી માગતાં જણાવ્યું કે પેહલવાન સામે જે નવો ક્યાલો કીધો છે તેથી હું મેહરાબને વાકેફ કરવા તથા તારી મહેમાની માટે તૈયારી કરવા માંગુ છું."

સામે આ માટેની રજા ખુશીથી આપી, જેમ કરતાં તેણે સીન્દુખ્ત, તથા મેહરાબ, અને રૂદાબેહને માટે ખાસ ભેટની કીમતી જિનસો તૈયાર કીધી. તેણે સીન્દુખ્તનો હાથ એક વાર ફરીને પોતાના હાથમાં લઇને બીજી મરતબે કોલ આપતાં કહ્યું કે "કાબુલમાં તું સુખી રહેજે—કોઈ દુશ્મનથી ડરતી મા."

જેમ ઝળકતા સેતારાઓની રોશનીથી ફિક્કા પડી જતા ચંદ્રનો મુખડો ફરી પ્રકાશે છે તેમ પ્રકાશમાન થઇને સીન્દુખ્ત પોતાને ઘેર પાછી ફરી.

ફસલ ૪—મોહબ્બતની ફતેહ.

શાહની દરબારમાં જાલ એકવાર ફરીને.

હવે પેલી ગમ જાલના સંબંધમાં શું બન્યું તે જુઓ.

સામનો બેટો જાલ શાહને માટે નામુ લઇને આવે છે એવી ખબર પડતાંજ અમીરો તેની સામે મળવા ગયા. જાલે દરબારમાં જઇ કુર્નસ બજાવી નામું રજુ કીધું, અને જમીન ઉપર નજર ફેંકેલી રાખીને ઉભો. શાહે મેહરબાન થઇ ફરમાવ્યું કે જાલનો ચહેરો રસ્તાની ગિર્દથી ખરાબ થઈ ગયો છે માટે તેને સ્નાન કરાવી કસ્તુરીથી ખુશબોદાર બનાવો. આ રીતે તાજો બનીને જ્યારે જાલ શાહની ખિદમતમાં આવી ઉભો ત્યારે મિનોચેહરે માયાથી તેની ખબર અંતર પુછી, અને જાલે અદબથી લાયક જવાબ દીધા પછી મિનોચેહરે સામનું નામું વાંચ્યું. વાંચીને તે નામદાર હસ્યો, તોપણ બોલ્યો કે "મારી જુની દિલગીરીમાં તેં વધારો કીધો છે; તોપણ તારા બુઢા બાપે પોતાની મુસ્કેલીના વખ્તમાં લખેલાં આ અસરકારક નામાને લીધે આ દિલગીરીનો હવે હું વિચાર કરતો નથી, અને તારી જે ખાહેશ છે તે બર લાવીશ. પણ તારા આ મામલા બાબે આપણ એક ઠરાવ ઉપર આવિયે ત્યાંસુધી તું અહીં થોભજે, અને પાછો ફરવાની ઉતાવળ કરીશ મા."

આ વખ્તે બાવરચીઓ સોનાના ખાન્ચાઓમાં ખાણું લાવ્યા, જે ખાવા માટે શાહાનશાહ જાલ સાથે બિરાજ્યો, અને સઘળા સરદારોને પણ પોતાની સાથે ભોજન લેવા તે નામદારે નોતર્યા. ખાઇ રહ્યા પછી શરાબ લેવા બીજાં દીવાનખાનામાં તેઓ ગયા. આ કામથી પરવારીને જાલ ઘોડા ઉપર સ્વાર થઇ પોતાને ઉતારે ગયો. બીજે દિને તે શાહની દરબારમાં પાછો હાજર થયો, જે વેળા તે નામદારે નજુમીઓને અને

દાનાઓને બોલાવી જાલના સેતારાની ચાલ જોવા ફરમાવ્યું. ત્રણ દહાડા સુધી તેઓએ ગણતરી ચાલુ રાખી અને પછી પોતાનો અભિપ્રાય આ મુજબનો આપ્યોઃ—"સામના બેટા અને મેહરાબની બેટીથી બળવાન અને નામદાર એવો એક બેટો પેદા થશે. સદીઓ સુધી તેની જિન્દગી લંબાશે. જંગમાં અને ખાનાનમાં તેની બરાબરી કોઇ કરી શકશે નહિ. તે ઉંચા કદનો, મોટા બળનો, અને નરેંશીરને પણ પોતાની કમંદમાં ખેંચનારો થશે. જંગલી ડુક્કરોને તે આતશમાં ભુંજીને ખાઇ જશે. પોતાની શમ્શીરથી તે ગોયા હવાને રોતી કરશે. શાહની સેવામાં તે કમર બાંધશે, અને ઇરાનના સિપાહેનો તે આધાર થઇ પડશે."

જાલની દાનાઇની તપાસ.

આ હકીકત શાહે ખાનગીમાં જાણી લીધી હતી, માટે તે ખાનગીજ રાખવાની નજુમીઓને તાકીદ ફરમાવવામાં આવી. બીજે દિને મોટી દરબાર ભરાઇ, જેમાં દાનાઓએ જવાન જાલને તેનાં જ્ઞાનનાં સંબંધમાં તપાસ લેવા માટે કેટલાક સવાલો પુછ્યા.

૧ લાએ પુછ્યું કે—એવાં બાર સરવના ઝાડ તે ક્યાં છે કે જેમાંનાં દરેકની ૩૦ ડાળી છે, અને એ ડાળી ઇરાન સરજમીનમાં નથી વધતી કે નથી ઘટતી?

૨ જાનો સવાલ એ હતો કે—બહુ ઝડપથી દોડતા એવા બે ઘોડા ક્યા છે, કે જેઓમાંનો એક બિલોર જેવો ઝળકતો અને બીજો સિયાહી જેવો કાળો છે? જેઓ એકબીજાને પકડવા એકેકની પુંઠે દોડે છે, તોપણ પકડી શકતા નથી?

૩ જા દાનાએ સવાલ કીધો કે— એવા ત્રીસ સવારો ક્યા છે કે જેઓ એક પછી એક પોતાના પાદશાહ આગળથી પસાર થઇ જાય છે, છતાં તેઓ માત્ર ઓગણત્રીશ જેવા લાગે છે, પણ બરાબર ગણે તોજ ત્રીસ મણાય છે.

૪ થો સવાલ એ હતો કે—એવું ચોગાન મેદાન કયું છે કે જ્યાં સંખ્યાબંધ ઝરાઓ વહે છે; જ્યાં ઘાસ ચારો ભભરીને ઉગી નીકળે છે; પછી ત્યાં એક વિક્રાળ માણુસ હાથમાં લાબું અને ધારદાર દાંતરડું લઇને આવે છે, કેજે સઘળાં લીલાં તેમજ ચુકાં ઘાસ કાપી નાખે છે, અને જો તું પુકાર અને જારી કરે તોપણ તે કાંઇ સાંભળતો નથી?

૫ મો પ્રશ્ન આ મતલબનો પુછાયો કે—તે ક્યાં બે ઉંચાં સરવ છે કેજે દરિયાનાં પાણીને મથાળે ઉગેછે અને ત્યાં કયું પક્ષી સહવારે એક ઝાડ ઉપર અને સાંજે બીજાં ઝાડ ઉપર આરામ લે છે? જેવું આ પક્ષી ઉડી જાય છે કે ઝાડનાં પાંદડાં ફિક્કાં મારી જાય છે, પણ તેને પાછું ફરતાંજ તેઓ કસ્તુરીના જેવી ખુશબો આપે છે? વળી આ ઝાડો પોતાની તમામ લીલોતરીમાં ભેગાં કદી જણાતાં નથી—એક તાજું હોય છે ત્યારે બીજું સુકું જણાય છે—એ ઝાડ તે ક્યાં?

૬ ઠાએ જાણવા માંગ્યું કે—એક પર્વત ઉપર મેં એક એવું શેહર જોયું કે જેને મજબૂત કિલ્લેબંદી કરેલી હતી. ત્યાંના રહેવાસીઓ ઘણાજ બાહોશ છતાં તેઓ આ શેહેરને બદલે ઉજાડ વેરાણ કાંટાદાર રહેઠાણ પસંદ કરે છે, જ્યાં તેઓ રાજા અને રૈયત બનીને મકાનો બાંધી વસે છે. પેલાં શેહરની યાદ તેઓ ભૂલી ગયાં છે, કોઇને તેની ખબર રહી નથી, પણ ભવિષમાં કોઇ દહાડો આ મુકામ ફના થશે ત્યારે પેલાં શેહરની યાદ પાછી તાજી થશે અને રહેવાસીઓ પસ્તાવામાં પડશે. પેલું શેહર તે કયું ને કાંટાવાળું મુકામ તે શું?

આ સઘળા સવાલો એક પછી એક પુછાયા ત્યારે જાલ થોડોવાર વિચારમાં પડયો. પછી તેણે દરેકનો જવાબ આ રીતે આપ્યોઃ –

૧ લો જવાબ – ૩૦ ડાળી સાથના ૧૨ સરવનાં ઝાડ તે ૩૦ દહાડાના ૧૨ મહિના છે.

૨ જો જવાબ – સફેદ અને કાળા રંગના બે ઘોડા એકેકની પુઠે દોડે છે તે દિવસ અને રાત છે.

૩ જો જવાબ – પોતાના પાદશાહ આગળ દોડતા ઘોડા ૨૯ લાગે છે પણ ખરેખર ૩૦ છે તે માંહતાબની વધઘટના ૩૦ દેખાવો છે. છેલ્લી રાતે ચંદ્ર દેખાતો ન હોય તેમ લાગે છે, પણ ખરેખર તો તે ઉગેછેજ.

૪ થો જવાબ – જે બે સરવ અને પક્ષી અને માળા વિષે પુંછવામાં આવ્યું તેનું જાણવું એ જે આ બે સરવનાં ઝાડ તે ધનથી તોલા સુધીની અને વૃશ્ચિકથી મીણ સુધીની રાશિઓની બે મુદ્દત છે. આ ઝાડ ઉપર જે પક્ષી સહવાર સાંજ બોલવું કરે છે તે આફતાબ છે, કેજે વડે દુનિયાને ઉમેદ અને બીક પેદા થાય છે.

૫ મો જવાબ – પહાડ ઉપર બાંધેલું શેહર તે આપણું સદાનું આખર મુકામ છે, ને કાંટા-દાર મુકામ તે આ ત્રણ પાંચ દહાડાની દુનિયા છે.

૬ ઠો જવાબ – લીલાણમાંનું લીલું તેમજ સુકુ ઘાસ દાંતરડાં વડે કાપી નાખનાર વિક્રાળ માણુસ જમાનો છે, કેજે તારી જારી ઉપર ધ્યાન આપતો નથી. તેને મનથી બુઢા અને જવાન સરખાજ છે. જે તેના રસ્તા વચ્ચે આવે તેની તે ખબર લઇ નાખે છે.

શાદી બાબે શાહની પરવાનગી.

જવાન જાલ તરફના આ સઘળા જવાબો સાંભળીને આખી દરબાર ખુશહાલ થઇ; શાહ મિનોચેહેરે તેને શાબાશી આપી; પછી સઘળાઓ ખાનુ લઇ શરાબ નોશ કરવા બેઠા.

બીજે દિને જાલ શાહની રજા લઇ જાબુલ પાછો ફરવા તૈયાર થયો. તેણે કહ્યું કે હું મારા પિદર સામના દીદાર જોવાને તલબગાર છું. શાહે તેને એક દિવસ વધુ થોબાવી કહ્યું કે તું સામની નાહ પણ રૂદાબેહની મુલાકાત માટે અધીરો પડયો છે. તે દિને પેહલવાનો અને સરદારો અને લડાયક જોધ્ધાઓ વચ્ચે જંગની કવાયદ ચાલી. તેઓ એકબીજા સાથ જોર અજમાવવા લાગ્યા. શાહે છુપો રહીને આ તમાશો જોયો, જેમાં તેણે જાલને એટલો તો ચબરાક જોયો કે તેની બરાબરનો કોઇ બીજો નજર આવ્યો નહિ. તેના અનેક પ્રયોગથી ખુશહાલ થઇને શાહ બોલ્યો કે સામ દુનિયામાં પોતાની પાછળ આ બેટા જેવી યાદગારી મુકી જશે. પછી જ્યારે સઘળા પેહલવાનો શાહના મેહલ આગળ ભેગા થયા ત્યારે મિનોચેહરે જાલને બેમુલાં ઝવાહિરો સાથનો પોશાક ભેટ આપ્યો. જે જમીનને બોસ્સો દઇને જાલે કબૂલ રાખ્યો.

પછી શાહે સામનાં નામાનો જવાબ લખી જાલને આપી વિદાય કીવો, જેમાં તે નામદારે એવું જણાવ્યું હતું કે તારી મર્જી મુજબ મેં જાલની સર્વ ખાહેશ બક્ષી છે.

હવે જાલ ઉપડે તે આગમજ તેણે એલચો મોકલીને આ સર્વ વાતોથી સામને આગમજથી જાણીતો કરાવ્યો, જે સાંભળીને સામે કાબુલ ખાતે મેહરાબને સર્વ ખુશખબરથી વાકેફ કીધો, અને કહેવાડયું કે જાલના આવી પુગ્યા પછી અમો તને મળવા આવીશું. મેહરાબે આ ખબરથી ખુશહાલ થઇને પોતાની રાણી સીન્દુખ્તને બોલાવી તેણીની અક્કલ અને ડહાપણની તારીફ કીધી, અને સીન્દુખ્તે આ સર્વ હકીકત પોતાની બેટીને કહી સંભળાવીને ખુશહાલ કીધી.

અંતે શાદી.

પેલી તરફથી જાલ ઇરાનથી જાબુલ આવી પહોંચ્યો. સામે તેને લાંબો વખત પોતાની બગલમાં ચાંપ્યો, જે પછી જાલની સર્વ હકીકત સાંભળી લઇને સામે કાબુલથી કીમતી હદિયો લઇને આવેલી સીન્દુખ્ત નામની બાનુએ કહેલી સર્વ વાતોથી જાલને વાકેફ કીધો. પછી બંન્ને બાપ દીકરા

કાબુલ જવા નીકળ્યા, જે વાતની ખબર મેહરાબને પડતાંજ તેણે પોતાનાં શેહરને શણગારીને જોવા લાયક બનાવ્યું અને તેજ રીતે સીન્દુખ્તે મેહલને આરાસ્તા કીધો તથા પોતાની બેટીને એક પરીનું રૂપ આપી દીધું. મેહરાબ પોતાના જમાઇ અને વહેવાઇને સામો જઇ મળ્યો, તેમની જોડે બગલગીરી કીધી, ખેરઆફિયત પુછી, અને પછી સઘળાઓ શેહરમાં આવી પુગ્યા.

અહીં રાણી સીન્દુખ્તે ૩૦૦ દાસીઓ સાથ દેખાવ દીધો, જેઓના હાથમાં પકડેલી સોનાની જામોમાં માથાં સુધી ઝવેરાત અને કસ્તુરી ભરેલાં હતાં. તેઓ સર્વેએ સામના ગુણ ગાયા, અને તેને આ કીમતી વસ્તુઓથી વધાવી લીધો, જેથી જેઓ હાજર હતા તેઓ પોતપોતાના હાથમાં જે કાંઇ આવ્યું તે લઇને સરફરાજ થયાં.

આ વેળા સામે હસતાં હસતાં પોતાની વહેવાણને પુછ્યું કે—"તું સુંદર રૂદાબેહને ક્યાં સુધી એમ છુપાવી રાખશે?" સીન્દુખ્તે હસીને જવાબ દીધો કે—"તને જો તે મારો આફતાબ બતાવું તો તું મને શું ઇનામ આપશે?"

સામ—તું માગે તે મારો ખજાનો, મારૂં તાજ, મારૂં તખ્ત, મારો મુલ્ક—એ બધું તારૂં છે.

હવે તેઓ મહેલમાં દાખલ થયાં, જ્યાંનો સર્વ ભપકો જોઇ સામ તો હેરત રહ્યો. અંતે તેણે તે મેહલના માહતાબને જોયો. પોતાની વહુને જોઇને તેની ખુશહાલીનો પાર રહ્યો નહિ. તે જાલ તરફ ફરીને બોલ્યો કે—અય નેકબખ્ત જવાન! જ્યારે આ કીર્તિવંત આફતાબે પોતાની મહોબતનાં કિરણ તારા ચેહરા ઉપર ફેંક્યા ત્યારે ખુદાની તારા ઉપર મોટી રેહમ થયલી હોવી જોઇયે. તારી જે પસંદગી છે તેનેજ પસંદગીનું નામ છાજે."

હવે સામની ખાહેશ ઉપરથી મેહરાબ નજદીક આવ્યો અને શાદીનો કબાલો કીધો. તેઓએ પ્રથમ જાલ તથા રૂદાબેહને એકજ તખ્ત ઉપર બેસાડયાં, અને તેમના ઉપર ઝવેરાતનો નેસાર કીધો. તેણીને માથેનું તાજ સોનાનું હતું, પણ જાલનું તાજ પાદશાહી ઝવેરાતનું બનાવેલું હતું. પછી મેહરાબે પોતાની બેટી તરફની જે રીત આપવામાં આવનાર હતી તેની તફસીલ કહી સંભળાવી, કેજે એટલી લાંબી હતી કે તેથી કેવડો મોટો ખજાનો ભેગો થઇ શકે તેનો વિચાર કરતાંજ સામ ગભરાઇ ગયો. તેણે ખુદાના શુક્રાના કીધા, અને એ રીતે શાદીની ખુશહાલીની મોજમજા એક હફતા સુધી ચાલુ રહી.

એમ કરતાં એક મહિનો પસાર થઇ ગયો, જે પછી સામ પોતાના રસાલા સાથ સીસ્તાન ઉપડી ગયો. તેની વિદાયગીરી માટેની તૈયારીમાં જાલ એક હફતા સુધી રોકાયલો રહ્યો, અને ઘોડા, હોદા, પાલકી વગેરે તૈયાર કરાવ્યાં. રૂદાબેહને માટે તો એક કોચ તૈયાર કરાવ્યો, કે જેને પર્દા બનાવેલા હતા. સીન્દુખ્ત, મેહરાબ અને તેમના રસાલેદારો આ સઘળી તૈયારીઓમાં ખુશીથી ભાગ લેતાં હતાં. તેઓ સઘળાં ખુશીથી સીસ્તાન સુધી પોતાની વ્હાલી બેટીને વળાવા ગયાં, કે જ્યાં સામે તેમને પોતાનાં પરોણા દાખલ રાખ્યાં. ત્રણ દહાડા પછી મેહરાબ તો પોતાને કાબુલ શેહેરે પાછો ફર્યો, પણ સીન્દુખ્ત તો બેટીની સાથે રહી. સામ હવે બેફિકરો બનીને રાજપાટનો કારોબાર પોતાના બેટાને આપી બેઠો, અને પોતે લસ્કર લઇને આથમણે કર્ગસારના મુલ્ક તરફ લડવા ગયો. તે બોલ્યો કે "હું ત્યાં એટલામાટે જાઉંછું કે એ મુલ્ક મારો છે, કેમકે શાહે તે મને બક્ષેલો છે; પણ ત્યાંનાં લોકનાં દિલ અને ચશ્મ મેં હજુ જીતી લીધાં નથી, માટે મને બય છે કે તેઓ બલવો ઉઠાવશે—અકસર કરીને માજન્દરાનના દેવલોકો બેવફા થશે. એટલામાટે અય બેટા જાલ, આ જાબુલિસ્તાનનો મુલ્ક અને તેનાં તાજોતખ્ત હું તારે સ્વાધીન આપી જાઉં છું."

આ રીતે સામ ગયો, અને જાલ સીસ્તાનમાં પોતાની મેહબુબ સાથ ખુશી ખુર્રમીથી અમલ ચલાવવા લાગ્યો.

બાબ ૩—જેહાં પેહલવાન રૂસ્તમ.

ફસલ ૧—"હું છુટી!"

"રોસ્તમ"—યાને "હું છુટી!"

વખ્ત વહેતો ચાલ્યો. પણ ઘણો વખ્ત નહિ થયો એટલામાં સીધા સરવ ઉપર ફળ ઉગેલું જણાયું! જે બહારની મોસમ જેવી ખુશનુમા હતી. તે કરમાતી ચાલી. તે દિલે દિલગીર દેખાઇ. પોતાનો કુદરતી બોજો તેનાથી ઉપાડી શકાતો ન હોય એમ લાગ્યું. ઉદાસીથી તેનો ચેહરો જર્દ થયો. સીન્દુખ્તે કારણ પુછતાં ખુબસુરત રૂદાબેહ બોલી કે "મને રાત્રે ઉંઘ નથી કે દિસે ભુખ નથી. રાત દહાડો રોઇ રોઇને હું કહાડું છું. જીવતાં મુર્દાં જેવી મારી હાલત છે. મારાં મોતનો સમય પાસે આવ્યો છે, પણ છુટવાનો હજુ આવ્યો નથી."

એમ કરતાં એક દહાડે પેટનો ભાર નહિ ખમાયાથી તેણી બેહોશ થઇ ગઇ. જાલના મેહલમાં પુકાર ઉઠયો. સીન્દુખ્ત પોતાની બેટીને મરી ગયલી સમજીને રોવા અને જારી કરવા લાગી. જાલને એ બાબે ખબર પડતાંજ તેબી ગમ કરતો પોતાની બાનુને ભેટવા આવ્યો. બધી દાસીઓ અને સાહેલીઓ રડતી હતી. રૂદાબેહ બેહોશીમાંથી પાછી જાગે એમ લાગ્યું નહિ.

અંતે જાલને એક વાત યાદ આવી. પેલા સીમુર્ગે શું કહ્યું હતું? તેની મદદની આ વેળા જરૂર હતી માટે તેણે આપેલું પીછ સળગાવ્યું. સીન્દુખ્તને એ વાતથી વાકેફ કરતાંજ તેણીએ આતશ મંગાવ્યો, અને પીછ સળગતાંજ હવા કાળી થઇ ગઇ. સહેજ સમયમાં સીમુર્ગ ત્યાં આવી લાગ્યો. જાલે તેને કુર્નસ બજાવી, તેની તારીફ ગાઇ, અને તેની મદદ માંગી. સીમુર્ગે પિતાના પ્યારથી પુછ્યું કે "બેટા દસ્તાન, તારા જેવા શીરમર્દની આંખ ભીંજી કાંય? બે-ફિકર થા. આ ખુબસુરત નાજનીનને પેટે એક ઉમદા બાળક જન્મ લેશે. એવો બાળક, કે જેના પાઉંની ખાક નરેશીર ચાટશે. તેને માથે કશો જવાલ આવશે નહિ. એનો એક પુકાર સાંભળીને મસ્ત સિંહ અને વાઘનું ચામડું ફાટી જશે અને તે પોતાનાં પંજા મોંમાં લેશે. તેનો ગુર્જ જોઇ, તેનો આવાજ સાંભળી, પોલાદનાં બદનના પેહલવાનો થરથર ધ્રુજશે. આ બાળક સામ જેવો બળવાન અને બહાદુર થશે. તે ઉંચાઇમાં સરવ જેવો, ગુસ્સામાં સિંહ જેવો, અને બળમાં હાથી જેવો થશે, અને ગોફણ ફેંકશે તો તેનો ગોળો એક ગાઉ દૂર જઇને પડશે. પણ આ બાળકનો જન્મ અસાધારણ રીતે થશે. મારી આગળ એક પોલાદનું ખંજર લાવો, પછી એક હુશિયાર વૈદને બોલાવો. આ નાજનીનને શરાબ આપીને મસ્ત બનાવો કે એને કશું દુખ લાગે નહિ. પછી પેલા વૈદ પાસે એનું પેટ ચીરાવો. એ બધું એની બેભાનીમાંજ કરો, અને શીરને તેની ગુફામાંથી બાહેર કહાડયા પછી આ બાઇનાં પેટને ટાંકા મારી લેજો. તમો કાંઇ બીશો મા. એક જડી હું બતાવું તે દુધ અને કસ્તુરીમાં ઘસીને પછી તે બોગારને ઘરમાંજ રાખી મુકવજો. આથી એવો મલમ બનશે કે જે રૂદાબેહના જખ્મ ઉપર ચોપડવાથી તેને ઠંડક વળશે અને તે શુદ્ધિમાં આવશે. જખ્મ ઉપર મારૂં પીછું ફેરવજો. તે એને આશીર્વાદ જેવું થઇ પડશે. હવે તું ખુશહાલ થા, જાલ, અને આ બાબતને થકી દુખી ના બન. તારાં

ઉમદા દરખ્તની આ ડાળી ઉપર ફળ લાગ્યાં છે. તું હવે મજદના શુક્ર બજા લાવ."

આમ બોલીને સીમુર્ગે જાલને ધીરજ આપી, તથા પોતાનું એક બીજું પીછ આપીને તે ત્યાંથી ચાલી ગયો. જાલે તે પીછ લીધું, અને સીમુર્ગના ફરમાવ્યા પ્રમાણે અમલ કીધો, જે જેઓ ત્યાં હાજર હતાં તેઓ ડોળા ફાડીને અને ધડકતી છાતી સાથ બેવિશ્વાસુ બનીને જોવા લાગ્યાં. સીન્દુખ્ત તો પોતાની બેટી મરી જાય છે એમ સમજીને લોહીનાં આંસુ પાડવા લાગી. તે સીમુર્ગની વાતો સાંભળીને તુચ્છકારથી બોલવા લાગી કે "પેટની બાજુ ચીર્યાથી વળી બચ્ચું બાહેર નિકળતું હશે?"

જાલે એક મુબદને તેડાવ્યો, કેજે વેવાડવાનાં કામમાં પોતાના વૈદના ધંધાને લીધે પ્રખ્યાત હતો. તેણે રૂદાબેહને દવા તરીકે દારૂ પાયો, અને તેણી કેવળ બેભાનીમાંજ હતી તેટલાં તેથી બાજુમાં ખંજર વડે જખ્મ કરીને તેમાં ચીરો પાડયો. અને પછી બચ્ચાંનું માથું સરખું કરીને તેને કશી ઇજા વિના બાહેર કહાડયું. આવો બનાવ અગળ કોઇએ જોયો ન હતો, માટે સર્વને ભારી નવાઇ લાગી. બાળક તો ગોયા સિંહનું કુતળ્યું હતું. તે ઉંચા કદનો અને સુંદર દેખાવનો હતો. આવાં પીલતન બચ્ચાંને આગળ કોઇએ જોયલું નહિ તેથી સઘળાં મર્દો અને ઓરતો આ વાત સાંભળીને અચરત થવા લાગ્યાં.

એક આખો દહાડો અને રાત તે બાળકની માતા પોતાની બેહોશીમાં પોઢી રહી. તેનો જખ્મ સીવી લેવામાં આવ્યો, અને મલમ પટાથી તેને રૂઝવા માંડયો. અંતે તે જાગી. ખુબસુરત રૂદાબેહ હોશમાં આવી. તેણી ધીમે આવાજે પોતાની મા જોડે વાત કરવા લાગી. આ જોઇને સૌ કોઇ ખુશ ખુશ થઇ ગયાં, અને જરઝવેરના વધાવા થવા લાગ્યા, તથા તેઓ ખુદાના શુક્ર બજા લાવ્યાં. પછી જ્યારે માતા વધારે હુશિયાર અને ટટાર બની ત્યારે તેઓ તેની આગળ તેના ફુલ બેટાને દેખાડવા લાવ્યાં. તું કહેશે, કે આતો થોડા દહાડાનું નહિ પણ બાર માસનું બચ્ચું છે. ગોયા કમળ અને લાલાનાં ફુલોના ઢગલાનું બનેલું હોય તેવું તે હતું. તેને જોઇને રૂદાબેહ હસી, અને બોલી કે "રોસ્તમ!" (યાને મારો છુટકો થયો અને હવે મારૂં દુખ દફે થયું.)

સામ નબીરાને જોવા આવે છે

તેના આ એક બોલ ઉપરથી તે બાળકનું નામ "રોસ્તમ" પાડવામાં આવ્યું.[1] આ મહાન જન્મની ખબર સામને તેમજ મેહરાબને આપવામાં આવી. સામ ઉપર તો રૂસ્તમ કેવો હતો તેનો આબાદ નમુનો બનાવીનેજ મોકલવામાં આવ્યો. પોતાના નબીરાનાં કદ વગેરેની આ રીતે માહિતી મળ્યાથી તે જંગ લડવૈયો ખુશહાલ થયો. તેણે જાલ ઉપર એક રૂક્કો લખીને રૂસ્તમની ભારી જતન લેવા ફરમાવ્યું. તે બાળકને માટે દસ ધવાડનારી દાયા રાખવામાં આવી. પછી જ્યારે તેને છોડવવામાં આવ્યો ત્યારે તેને રોટી અને ગોસ્તનો ખોરાક આપવા લાગ્યાં. તે પાંચ માણસના જેટલું ખાતો, જે લોકો જોઇ શકતાં નહિ. આઠ વર્ષનો થયો ત્યારે તે પોતાના બપાવા

૧—ફિર્દોસી "રોસ્તમ"ને ફારસી શબ્દ ગણીને એ નામની જે ઉત્પતિ જણાવે છે તે માનવા જેવી નથી. આગળા ફારસી ગ્રંથકારો આવાંજ બીજાં અનેક વિશેષ નામોના અર્થો જાણે કે તે નામો મુળમાં ફારસી જબાનનાંજ હોય તેમ બેધડક આપી જાય છે, કેજે ખરા હોતા નથી. જેમકે જહાક=દહાક (દેહ=૧૦+આક=એબ; દશ એબવાળો); અર્દશીર (અર્દ=આટો+શીર=દુધ); વગેરે નામોના તેઓ જે માએના આપી જાય છે તે ફારસી ભાષાના શબ્દોના અર્થમાં ખરા હશે, પણ જબાનશનાસીને કાયદે ખરા નથી. આ સઘળાં નામો ફારસી જબાનનાં ખાસ નથી, પણ મુળમાં અવસ્તા ભાષાનાં છે અને વપરાતાં વપરાતાં બિગડીને પાછળથી તેઓએ ફારસીમાં વપરાયાં છે તેવું રૂપ ધારણ કીધું હતું.

એજ પ્રમાણે "રૂસ્તમ" પણ મુળમાં ફારસી નામ નથી. પેહલવીમાં એનું રૂપ "રોદસ્તામ" છે, જેનો અર્થ જુદોજ થાય છે.

સામના જેવો જાગી જતો. સામને ખબર પડી કે તેનો નબીરો તો શીર જેવો જોરાવર છે, અને એવું બાળક આગળ કોઇ દીઠામાં આવ્યું ન હતું. આ ઉપરથી તેને પોતાની નજરે જોવાની સામની ખાહેશ થઇ. કર્ગસારમાં પોતાની જગા ઉપર પોતાના નાયબને રાખીને તે થોડોક રેસાલો લઇ જાબુલિસ્તાન આવ્યો. જાલ અને મેહરાબ તેને સામા લેવા ગયા. તેમની જોડે ગયલી સવારીમાં રૂસ્તમ પણ હતો. તે એક અચ્છા શણગારેલા હાથી ઉપર બેઠો હતો, જે ઉપરનો હોદો સુનાનો હતો. માથે તાજ હતું. લશ્કરી લેબાસ હતો. હાથમાં તીર કમાન અને ઢાલ હતાં. સામે તે હાથીસવારને પોતાની નજદીક મંગાવી તેની પેશાની, કદ, અદા, વગેરે જોઇ ખુશી થઇને તેને આશીષ દીધાઃ—" ઘણું જીવજે અને સુખી રહેજે, હૈ તું બેનમૂન શીર !"

રૂસ્તમે પોતાના બપાવાના તખ્તને બોસ્સો દીધો અને પછી આ રવેશે કહ્યું કે—" અય જેહાંપેહલવાન, ખુશી થા. હું તારી એક ડાળ છું, તું મારૂં મુળ થા. સામનો હું ગુલામ છું, પણ હું કાંઇ જિયાફતોની મોજ મારીશ ને મજામાં દહાડા ગુજારીશ નહિ. મને તો ઘોડો અને જીન, અને બખ્તર અને કોલાહ જોઇશે. હું તો મારો પેગામ ગુર્જ અને તીર મારફતે રવાના કરીશ, અને દુશ્મનોનાં સર ખુદાનો હુકમ હશે તો છુંદી નાખીશ. મારી સુરત તારા જેવી તો છે; હવે મારી હિમતબી તારા જેવીજ હોજો !"

પછી તે કદાવર બાળક હાથી ઉપરથી ઉતર્યો અને સામે તેને પોતાની બગલમાં ચાંપ્યો. તેનાં સર અને ચશ્મ ઉપર બોસ્સા દીધા. પછી સઘળા મેહલમાં આવ્યા. અહીં ખાનપાન અને રામશની ચાલી. એક દિને મોજમોક ચાલી રહી હતી તે વેળા મેહરાબ શરાબની લેહરમાં આવી આ રીતે પુકારી ઉઠયોઃ—" જાલ કે સામની મને દરકાર નથી—શાહ કે તેનાં તાજો તખ્તની મને પરવા નથી. હવે તો હું અને રૂસ્તમ, અને મારો શબ્દીજ અસ્પ અને મારી શમ્શીર છિયે. અમોને કોઇબી લશ્કર ઢાંકી નાખનાર નથી. હવે હું જોહાક-ની દીન પાછી તાજી કરીશ, અને મારા પાઉં નીચેની રજને કસ્તુરી જેવી મઘમઘતી બનાવીશ. ચાલ લાવ મારાં હથિયારો !" આ રીતે મેહરાબ શરાબની ખુશ કેફમાં મશ્કરીમાં બોલ્યો, જે સાંભળીને જાલ કે સામને જરાબી ગુસ્સો ઉપજ્યો નહિ. એક મહિનો આ રીતે પુરો થતાંજ સામ પાછો કર્ગસાર જવા નીકળ્યો. તે જાલને શીખામણ દેતો ગયો કે શાહ તરફ વફાદાર રહેવું; દોલત કરતાં ડહાપણને જિયાદા ગણવું; બુરાઇથી પરહેજ રહેવું અને ખુદાઇ માર્ગ એખ્તિયાર કરવાની તલબ કરવી." પોતાનાં ફર્જંદોને ભેટીને સામ વિદાય થયો. તે જાલને કહેતો ગયો કે " મને એમ લાગે છે કે હવે મારો વખ્ત આવી પહોંચ્યો છે. તું સચ્ચાઇને માર્ગે ચાલજે. મારી શીખામણ વીસરતો મા." ત્રણ મંજલ સુધી જાલ અને રૂસ્તમ તેને વળાવા ગયા. પછી સામે આથમણ ભણીનો રસ્તો લીધો, અને જાલ પોતાનાં માણસો સાથ જાબુલ પાછો ફર્યો.

ફસલ ૨—પહેલવહેલાં પરાક્રમો.

રૂસ્તમે સફેદ હાથીને માર્યો.

એક દિને ખાનપાન અને મજા કરીને જાલ પોતાનાં એવાનમાં સુવા ગયો ત્યારે રૂસ્તમ તેના ફરમાવ્યા મુજબનાં કામો કરીને પોતાના ઓરડા ભણી ચાલ્યો. એટલામાં મહેલની બાહેરથી પુકાર ઉઠયો કે " પાદશાહનો સફેદ હાથી મસ્ત બન્યો છે અને છુટો થઇ લોકોમાં ગભરાટ

માંથરે છે." રૂસ્તમ આ પુકાર સાંભળીને તરત સામનો ગુર્જ લઇ મહોલ્લામાં ધસ્યો. દરબાન અને ચોકીબાનોએ તેને રોકવા માંગ્યો, અને કહ્યું કે "રાત અંધારી છે, હાથી મસ્ત બન્યો છે, તારેથી બાહેર કેમ જવાય ?" પણ આ સખુનોથી ગુસ્સે થઇ રૂસ્તમે એકને પુરો કીધો ત્યારે બીજા બીકના માર્યા નાસી ગયા, અને એ રીતે વગર હરકતે આગળ વધી પોતાના ગુર્જ વડે રસ્તો મોકળો કરતો આગળ વધ્યો. તેણે પેલા મસ્ત હાથીને એક પહાડ જેવો દીઠો, જેને પકડવા આવેલા પોતાનાજ માણસો નાસભાગ કરતા હતા. રૂસ્તમને પોતાની તરફ આવતો જોઇને પેલા હાથીએ તેની ઉપર ધસારો કીધો અને મારવા માટે પોતાની સુંઢ ઉઠાવી. પણ તેજ વેળા રૂસ્તમે તેનાં માથામાં એવો સખ્ત એક ગુર્જનો ફટકો લગાવ્યો કે તે બીસિતુન પહાડ (હાથી) વાંકો વળી ગયો અને તંમર ખાઇને જમીન ઉપર પડયો. આમ જોઇને રૂસ્તમ ત્યાંથી પાછો ફરી પોતાને મકાને જઇ પોઢી ગયો.

નરીમાનનો કીનો.

સહવારે જાલને રૂસ્તમનાં આ કામની ખબર પડી. આ હાથી વારંવાર ભયંકર પુકાર મારતો અને જેઓ સામા થતા તેમના ઉપર હુમલો કરી જાન લેતો હતો. આવા એક પ્રાણીના મરણથી જાલ દિલગીર થયો નહિ, પણ રૂસ્તમે આ કામ બજાવ્યું તેથી ખુશી થઇ તેને પોતાની પાસે બોલાવ્યો, અને તેને શાબાશી આપીને પછી એક મહાભારત કામ તેને સોંપ્યું. તે બોલ્યો કે "અય શીરબચ્ચા, તારા પંજા હવે મોટા થયા છે અને તેં હવે બહાદુરી કરવા માંડી છે. તું જવાન છે તોપણ કદમાં, અદામાં, બહાદુરીમાં, તારી બરાબરનો બીજો કોઇ જવાન નથી. ત્યારે હવે તું 'નરીમાનનો કીનો લેવાને તૈયાર થા. સિફંદ પહાડ તરફ[1] તું જા, કે જ્યાં આસમાન સાથ સર લગાડે એવો કિલ્લો આવેલો છે. તે ચાર ફરસંગ લાંબો અને તેટલોજ પહોળો છે, અને એટલો ઉંચો છે કે એક ગરૂડ પણ ત્યાં સુધી ઉડી શકતું નથી. વનસ્પતિ અને પાણી, જર અને દોલત, ઇનસાન અને હેવાન એ સર્વથી તે ભરપુર છે. કોઇ ચીજનો ત્યાં ટોટો નથી. એવી જગા કયે દીઠામાં આવતી નથી. શાહ ફરીદુનના હુકમથી નરીમાન આ પહાડ ઊપર જઇ કિલ્લાના માર્ગ રોકી બેઠો. એક વર્ષ દહાડો સુધી તેણે તેને ઘેરો ઘાલ્યો પણ કાંઇ વળ્યું નહિ. અંતે કિલ્લામાંથી શત્રુઓએ પથર ગબડાવીને નરીમાનનો જાન લીધો. તેનું લસ્કર પાછું ફર્યું. સામને આ બાબેની ખબર મળી ત્યારે તેણે પોતે લસ્કર લઇને મહિનાઓ અને વર્ષો સુધી આ કિલ્લાને ઘેરો નાખ્યો, પણ તેનું બી કાંઇ વળ્યું નથી. એટલી મુદતમાં કિલ્લામાંથી કોઇ બાહેર નીકળ્યું નહિ તેમ કોઇ અંદર દાખલ પણ થયું નહી. તેના દરવાજા બંધ છતાં અંદર વસનારાં લોકોને બાહેરનાં ઘાસનાં તણખલાં જેટલી ચીજની પણ જરૂર પડી નહિ. આથી કંટાળીને સામ ત્યાંથી પાછો ફર્યો. હવે ત્યારે, મારા બેટા, ચતુરાઇ બતા-

1 આજનાં શીરાજ શેહરને વાવ્યખુણે ૭૬ મૈલ ઉપર આ સિપંદ કિલ્લો આવેલો છે. તે લંબચોરસ છે, અને પહાડને મથાળેની સપાટ જગાને તેણે ઘેરી લીધી છે, જ્યાં પુષ્કળ લીલોતરી છે અને સંખ્યાબંધ ઝરા વહે છે. ત્રણ મૈલ જેટલો રસ્તો પહાડ ઉપર ચહડતાં થાય છે, અને મથાળેના પાનશોથી છશો વાર જેટલો રસ્તો તો પસાર કરવો એટલો મુશ્કેલ છે કે કિલ્લાના લોક ચાહે તો શત્રુને વધારે નજદીક આવવા દેજ નહિ. આ કિલ્લામાં બચાવ રૂસ્તમના વખતમાં જેવી રીતે થતો હતો તેવીજ રીતે ગઈ સદીની શુરૂઆત સુધીમાં થતો સર જૉન માલ્કમ જણાવી જાયછે. તે એવી રીતે કે કિલ્લાવાળાઓ પર્વતને મથાળે મોટા મોટા ખડકોની હાર ગોઠવે છે, અને તેઓને નાના પથરાના ટેકા આપીને ટકાવી રાખે છે. જ્યારે દુશ્મનો છેક મથાળે સુધી ચહડી આવે છે ત્યારે કિલ્લાનું લશ્કર ઉપલા નાના ટેકા ખેંચી કહાડે છે, જેથી પેલા ગંજાવર ખડકો ગબડતા જઈ ચઢાઇ લાવનારાં લશ્કરનો ઘાણ કહાડી નાખે છે અને તેમને પાછા નસાડે છે. આ કિલ્લો પાર્સના પ્રાંતની હદમાં આવેલો છે.

વીને નરીમાનની કીનો લેવાનો તારો વખ્ત આવ્યો છે. તું સોદાગર બનીને ત્યાં જા કે ત્યાંના ચોકીઆનો તને પકડી પાડે નહિ. અને જ્યારે તારા હાથમાં કબ્જો આવે ત્યારે તું ત્યાનાં બદકારોને જડમુળથી ઉખેડી નાખજે."

રૂસ્તમે પોતાના પિદરનો આ હુકમ માથે ચહડાવાની હા પાડી, ત્યારે જાલે તેને શીખામણ દીધી કે — "મારા ડાહ્યા બેટા, સાંભળ. ઉંટના સારવાનનો તું પોશાક લે, અને બિયાબાનમાંથી ઉંટો મેળવીને કાફલો બનાવ. નિમક સિવાય બીજી કોઇ વસ્તુ તારી જોડે લેતો ના, કારણ કે એ જિનસની ત્યાંનાં લોકોને જરૂર છે. તું નિમકનો સોદાગર આવ્યો છે એમ જણાવતાંજ લોકો તને આવકાર દેશે."

સિપંદ કિલ્લાની ફતેહ.

રૂસ્તમે નિમકનો એક જથ્થો તૈયાર કીધો. તેમાં પોતાનો ગુર્જ છુપાવ્યો, અને સાથે થોડાક લડવૈયાઓને લીધા. ઉંટો ઊપરના અસ્બાબમાં તેણે પોતાનાં હથિયારો છુપાવ્યાં અને એ રીતે તૈયાર થઇને તે કિલ્લે સિપંદ તરફ કુચ કરી ગયો. તેને નજદીક આવી પુગેલો જોઇને દીદબાને કિલ્લાના હાકમને તે વિશે ખબર આપી, તથા જણાવ્યું કે આ કાફલો નિમક લઇને આવ્યો છે. હાકમની ખાતરી નહિ થવાથી તેણે ખાસ માણસને રૂસ્તમ કને મોકળાવીને પુછાવ્યું અને જ્યારે પુરી ખાતરી થઇ કે કાફલાબાશીએ નિમક સિવાય બીજું કશું લાવ્યા નથી ત્યારે તેણે ખુશી થઇને કિલ્લાની ભાગોળ ઉઘડાવી અને કાફલાને તેના સર્વે અસ્બાબ સુધાં અંદર દાખલ કીધો. કિલ્લાનાં લોકોએ રૂસ્તમને હર્ષ ભર્યો આવકાર દીધો, રૂસ્તમે હાકમને કુર્નસ બજાવીને નિમકનો જથ્થો તેની આગળ મુકયો, લોકો સાથ સભ્યતાથી વાતો કીધી, અને એ રીતે પોતે તેમનો માનીતો થવાની કોશેશ કીધી. હાકમ પોતાની તારીફના સખુનોથી તથા નિમકના હદિયાથી ખુશહાલ થયો, અને રૂસ્તમને આશિષ દીધા કે "અય ભલા જવાન, તારી ઉમર દરાજ થજો; રોશન આફ્તાબ અને ખુબસુરત માહતાબ જેવો તું ઝમકતો થજે; તને હું ખુશીથી આવકાર દઉં છું અને તારી સોદાગરી માટે મેહરબાની સમજું છું."

હવે રૂસ્તમ બાજારમાં ગયો, અને ત્યાં નિમક ખરીદવાને આતુર લોકો તેની અને તેના કાફલાની આસપાસ ફરી વળ્યાં. કોઇએ પોતાના કીમતી પોશાક તો કોઇએ સોનું અને રૂપું આપીને નિમક ખરીદ કીધું, અને તેઓ વચ્ચે શત્રુ આવી ઉભો છે એવો કોઇને વહેમ ગયોજ નહિ. રાત પડી. રૂસ્તમ હવે લડાઇ માટે તૈયાર થયો. તે પોતાના સરદારો જોડે હથિયારબંધ થઇને કિલ્લાના હાકમનાં એવાન તરફ ચાલ્યો. તે સામે થયો. રૂસ્તમના ગુર્જનો તે ભોગ થઇ પડયો. કિલ્લામાં ખબર ફેલાઇ અને ગભરાટ ચાલ્યો. લોકો કાફલાના માણસો સામે લડવા આવ્યા. અંધારી રાત્રીએ હથિયારો ચમકવા લાગ્યાં. જમીન લોહીથી લાલ બની ગઇ. કોઇ અજાણને તો એમજ લાગે કે સૂર્યાસ્ત વેળા રાતો દેખાતો આકાશ અહીં ગોયા તુટી પડયો છે! રૂસ્તમે પોતાના ગુર્જ અને કમંદ અને શમ્શીરથી શત્રુઓનો ધાણ કહાડી નાખ્યો.

સહવાર પડી ત્યારે કિલ્લામાં એકબી સિપાહી બાકી રહો નહિ. ઇરાની સિપાહોએ ખુણે ખંટોળે ફરી વળીને હાથમાં આવ્યા તેમને પુરા કીધા. બેનમૂન રૂસ્તમે કિલ્લામાં એક એવાન પથરની બાંધણીનું દીઠું; જેના દરવાજા લોખંડના હતા. પોતાના ગુર્જ વડે તેમને તોડી નાખીને તે અંદર દાખલ થયો અને તપાસ ચલાવી તો એક મોટા ગુંબજ રૂપી ઓરડામાં તેણે ખજાનો દીઠો. તેને લાગ્યું કે ગોયા તમામ ખાણો માહેલું સોનું અને મોતી અને હીરા અહીંજ લાવીને ભેગા કીધા હતા!

બાપ બપાવાની ખુશહાલી.

આ રીતે કિલ્લે સિપંદમાં જે કાંઇ મામલો બન્યો તેનો સર્વ અહેવાલ રૂસ્તમે પોતાના બાપ જાલ ઉપર લખી મોકલાવ્યો, જેમાં તેણે જણાવ્યું કે ખજાનો એટલો બધો મળ્યો છે કે તે સર્વ ઉપાડી લાવવા માટે પાંચ લાખ જાનવરો જોઇયે. વળી મહિનાઓ સુધી ગણાય એટલા બધા કીમતી રેશમી તાકાઓ વગેરે વસ્તુઓ મળી આવી છે તે તો જુદી.

જાલે રૂસ્તમનાં નામાથી ખુશહાલ થઇ ખુદાનું એહસાન માન્યું, અને પછી જવાબમાં રૂસ્તમને શાબાશી આપતાં જણાવ્યું કે—"અય મારા બેટા, આવી જંગ તને મુબારક હોજો! જોકે તું માત્ર બાળક છે, છતાં તેં મર્દને છાજે એવું કામ બજાવ્યું છે. નરીમાનનો જાન એથી રોશન થશે અને તેના દુશ્મનો બળીને કબાબ થશે. હજારોની સંખ્યામાં મેં ઉંટો મોકલ્યાં છે તે ખજાનો ઉપાડી લાવશે. હવે તું ઉતાવળો સવાર થઇ અહીં પાછો ફર. તારી ગેરહાજરી મને દુખી બનાવે છે. જે લેવાજોગ હોય તે લઇને પછી કિલ્લાને સલગાવી મુકજે."

પિદરના હુકમ મુજબ સઘળી વ્યવસ્થા કરીને હવે રૂસ્તમ પોતાના કાફલા જોડે સિપંદ પહાડને સલગાવી મુકી પાછો ફર્યો. તે જાબુલિસ્તાન ખાતે આવી પુગ્યો અને તે વિશે જાલને ખબર પડી ત્યારે લોકોએ તે દિવસ રોશની રામશની કરીને એક મોટા તેહવાર જેવો પાળ્યો. રસ્તાઓ અને ચોકો શણગાર્યા, કર્નાય અને વાજાંના સરોદ કહાડવા માંડયા, ઘંટો વાગવા લાગ્યા. માતાજી રૂસ્તમને વધાવી લેવાને તૈયાર ઉભાં હતાં તેમને પગે પડીને રૂસ્તમે તેમના આશીર્વાદ મેલવ્યા, જાલે તેને બગલગીરી કીધી, અને ગરીબોમાં ખેરાત કરવામાં આવી.

પછી જાલે રૂસ્તમની ઉપલી ફતેહની સર્વે હકીકત પોતાના પિદર પેહલવાન સામ ઉપર કર્ગસાર ખાતે લખી વાળી, જે વાંચીને તેનું દિલ બાગબાગ થયું અને તેણે જિયાફત આપીને પોતાની ખુશહાલી જાહેર કીધી. રિવાજ પ્રમાણે તેણે કિલ્લે સિપંદની ફતેહની વધામણી લાવનાર કાસદને પોશાક અને ઘોડો ભેટ આપ્યા, અને નામાનો જવાબ લખી આપીને તેને પાછો રવાના કીધો.

બાબ ૪—ઇરાન ઉપર આફત.

ફસલ ૧—શાહ નૌદર.

શાહ મિનોચેહરની કુચ.

સેતારેસનાશોએ આગમજથી ખબર આપી હતી તે મુજબ હવે શાહ મિનોચેહરનો આ ફાની જેહાન છોડી જવાનો વખ્ત આવી લાગ્યો. એકસો ને વીસ વર્ષ પસાર થયા પછી આ શાહે જ્યારે પોતાની ઉપરની આખેરી જોઇ ત્યારે પોતાના વડા શાહજાદા નૌદરને પોતાની નજદીક બોલાવ્યો અને તેને આ મુજબની કેટલીક શીખામણ દીધી:—

"અય મારા બેટા! આ પાદશાહી તાજો તખ્ત ઉપરજ તારૂં દિલ લગાડતો ના, કારણ કે આ ફાની જેહાન પવન મિસાલ ઉડતી છે—તે કોઇ જાથુફની નથી. છ કુડી વરસોમાં મેં ઘણી હેજગારી તેમ વળી ઘણું સુખ જોયું છે. ઘણીએક લડાઇઓ મેં મારી છે—ને ઘણાએક દુસ્મનોનો મેં નાશ કીધો છે. શાહ ફરીદૂનના હુકમથી મેં કમર કશી હતી, અને તેજ નામદારની શીખામણ રવેશે મેં સદા ચાલવું કીધું છે. સેલમ અને તુર જેવા ખૂની બિરાદરો ઉપર મેં ઇરચનો કીનો લીધો છે. મેં શેહેરો વસાવ્યાં છે, અને જેહર આપનારાં ઝાડોને લેજતદાર ફળો આપતાં બનાવ્યાં છે. હવે ફરિદૂનનું રાજ્ય હું તારે સ્વાધીન કરી જાઉં છું—હવે તું દુનિયાનો પાદશાહ થશે. પણ યાદ રાખ—યજદાંના માર્ગથી તું મોં ફેરવતો ના. યાદ રાખ કે તુરાની પશંગનો બેટો તારો જમ થઇ પડશે, માટે કોઇ મુશ્કેલ સવાલ ઉભો થાય ત્યારે સામ અને જાલ અને તેનો નવજવાન બેટો જે હમણાજ ખીલવા માંડયો છે, તેઓની મદદ માંગજે. રૂસ્તમ તૂરાનીને પગ તળે કચડશે અને તારો કીનો લેશે."

આ પ્રમાણેના સખુનો તે જેફ શાહે પોતાના બેટાને કહ્યા, જે વેળા દસ્તુરો, દાનાઓ અને બીજા દરબારીઓ હાજર હતા. ઉપલું ભવિષ કહેતી વેળા શાહની આંખમાં આંસુ આવી ગયાં, અને નૌદર પણ બહુ રડયો. એ પછી શાહ મિનોચેહેરે પેલી જેહાનનો વાસો કીધો.[1]

નવો શાહ નૌદર.

હવે નૌદર પાદશાહ થયો. શુરૂઆતમાં તેણે દાદ ઇનસાફથી રાજ્ય ચલાવ્યું. પણ પછી તુરતજ શાહનો મિજાજ બદલાઇ ગયો. દાદે ફરિયાદનું રૂપ લીધું. ઇનસાફને બદલે જુલ્મનો પુકાર ઉઠયો. સરદારો અને મુબદો તરફ તે સખ્ત બન્યો. ખેડુતો ઉઠી ઉભા થયા. બળવો સળગી ઉઠયો. શાહે ગભરાઇને કર્ગસાર ખાતે પેહલવાન સામ ઉપર નામુ લખીને તેની મદદ માંગી. સામ લશ્કર લઇને પાયતખ્ત ખાતે આવ્યો. સરદારો અને સપેહસાલારો તેને સામે જઇ મળ્યા, અને નૌદર શાહનાં સર્વ કામોથી તે પેહલવાનને વાકેફ કીધો. તેઓએ તેની ઘણીએક બદગૂઇ કીધી, અને પછી અર્જ કીધી કે સામે પોતેજ ઇરાનનું તખ્ત લેવું, તેનાથી દુનિયા પાછી તાજી થશે, અને સઘળા સરદારો તેનો હુકમ માથે ચહડાવશે.

---

૧ ફિર્દૂસી જણાવતો નથી, પણ મિર્ખુંદ પોતાની "રોજ તસ સફા" માં લખી જાય છે કે મિનોચેહરે યુફ્રેટીસ નદીની નેહરો બંધાવી હતી અને ત્યાંનું પાણી ઇરાક પ્રાંતમાં વહેતું કીધું હતું. વળી તેણે સઘળી કિસમનાં ખુશબોદાર તેમજ ફળ અને ફુલ આપનારાં ઝાડો અને રોપાઓ જંગલો અને પહાડો ઉપરથી મંગાવીં અને મોટા બાગો બનાવા તેમાં ભેગા કરી ઉગાડયા હતા. કિલ્લાઓની આસપાસ ચર અથવા ખાઇ ખોદવાની પહેલ પણ તેણેજ કીધી હતી તથા સહવાર સાંજ ચોઘડિયાં વગાડવાનું પણ તેના વખ્તથીજ શુરૂ થયું હતું.

આના જવાબમાં સામે કહ્યું કે—"ખુદા એ વાત પસંદ કરશે? નૌદર પાદશાહ ખાનદાનથી ઉતરેલો છે, તો મારાથી તાજોતખ્ત ઉપર દાવો કેમ થઇ શકે? એમ બનેજ નહિ. એકબારગી મિનોચેહર શાહની બેટી તખ્તનશીન થઇ હોત તોપણુ હું તેના પગ નીચેની ધુળને મારૂં બીછાણું કરત. જો નૌદર પોતાના નિયાગાનના માર્ગથી ફરી બેઠો છે તો એમ કાંઇ ઘણો વખ્ત ચાલવાનું નથી. પોલાદ કાંઇ એટલું બધું કીટ ખાધેલું નથી કે તે પાછું ઝલેહદાર નહિ થઇ શકે. હું તેને પાછો ઠેકાણે લાવીશ. મિનોચેહર શાહના પાઉની રજ મારૂં તખ્ત થશે અને તેના શાહજાદાના ઘોડાનું પગલું મારૂં તાજ બનશે. આપણી સલાહ અને શીખામણથી આપણુ ઇરાનનો દહાડો પાછો હસતો બનાવીશું. તમો કે જેઓ તેનાથી સર ફેરવી બેઠા હો તેઓ તમાગં તે કામ માટે પસ્તાવો કરો અને નવેસરથી તેના તરફની વફાદારીના કસમ લેઓ. ખુદા અને શાહ નૌદર તમારી તકસીર માફ કરે, નહિ તો શાહનો ગુસ્સો તમને અહીં ખમવો પડશે અને પેલી જેહાનમાં દોજખનો આતશ તમારૂં મુકામ થશે."

આ સખુનો ઉપરથી વિફરેલા સરદારો ઠેકાણે આવ્યા, પસ્તાવો કીધો, અને તેઓએ નવેસરથી વફાદારીના કસમ લીધા. પછી સામે શાહની મુલાકાતે જઇ કુર્નસ બજાવી. નૌદરે તખ્ત ઉપરથી ઉતરી આવી બગલગીરી કીધી, તેને પોતાની જોડે તખ્ત ઉપર બેસાડયો, અને પછી એક હફતા સુધી ખાનપાન ચાલ્યાં. સઘળા સરદારો પાછા તાબે થયા, ખેડુતોએ તમામ મેહસુલ ભરી દીધી, અને સઘળો કારોબાર આગળ મુજબ ચાલુ થયો. હવે સામે પાછા ફરવાની રજા માગી, જે વેળા તેણે આગળા શાહ હુશંગ, ફરીદુન અને મિનોચેહરની કીર્તિની તારીફ ગાઇ અને તેમના અદલ ઇનસાફ તથા સખાવતનું બયાન કહી સંભળાવ્યું. આ રીતે નૌદર શાહને ઠેકાણે લાવી તથા દરબારીઓને વફાદાર રહેવાની શીખામણ દઇ સામ પાદશાહી બેખ્શાઅત અને માન અકરામ સાથ માજન્દરાન ખાતે પાછો ફર્યો.

ઈરાન ઉપર તૂરાની દરોડો.

પેલી તરફથી તૂરાનમાં તૂરના તખ્ત ઉપર બેસીને પશંગ [૧] રાજ્ય કરતો હતો તેને શાહ મિનોચેહરના વાફાની ખબર પડી. તે મિનોચેહરની હૈયાતીમાં એકબી વાર ઇરાન સામેની લડાઇ જીત્યો ન હતો, માટે હવે તેને તૂર અને સેલમ અને પોતાના બાપ જાદશમ [૧] નો કીનો લેવાને તે તૈયાર થયો. તેણે ઇઘ્રીરસ અને બાર્માન અને કુરુબાદ અને કર્સીવઝ અને અફ્રાસિયાબ તથા વીસા જેવા પોતાના બેટાઓ અને નજદીકના ખેશીઓને ભેગા કીધા, અને કીનો લેવાને તમને ઉશ્કેર્યા. અફ્રાસિયાબે બડાઇ મારીને નૌદર સામે લડાઈ લઇ જવાનું બિડું ઝડપ્યું, તથા પોતાના બપાવા જાદશમ કરતાં વધારે ફતેહમંદીથી કામ લઇ ઇરાન જીતવાનું ભવિષ વર્ત્યું. અફ્રાસિયાબનું ઉચું કદ, હાથીના જેવું બળ, સિંહના જેવો ફરાખ સીનો, બહાદુર બાજુ અને એવીજ બીજી અનેક ખુબીઓ જોઇને પશંગે ઇરાન ઉપર ચહડાઇ લઇ જનારાં તૂરાની લશ્કરની સરદારી પોતાના એ બેટાને આપી.

બીજા સર્વમાં લડાઇ માટેનો જુસ્સો પેદા થયો, અને તૂર તથા જાદશમનો કીનો લેવાને સઘળા તૈયાર થયા, પણુ પશંગનો એક બેટો ઇઘ્રીરસ આ કામની વિરૂધ હતો. તે પોતાના પિદર આગળ ગયો, તેની તારીફ કીધી, અને બોલ્યો કે "જોકે આજે ઇરાનમાં મિનોચેહર નથી તો, પણુ નરીમાનનો બેટો સામ ઇરાની લશ્કરનો

---

૧ પશંગ પાદશાહ ફરીદુનના બેટા તૂરની ઓલાદમાં હતો. બુન્દેહશ મુજબ તેની વંશાવળિ આ રવેશની મજે છે:—તૂજ (તૂર)—દુરોશસ્પ—સ્પએનિયસ્ત—તુરક—જએસ્તી (શાહનામા મુજબ જાદશમ)—પશંગ.

સપેહસાલાર છે. તે ઉપરાંત વળી કેસ્વાદ અને કારન પેહલવાનો છે તે તો જુદા. મિનોચેહરના હાથ ઉપર બહાદર તૂર.અને સેલમે ઘણું ખમ્યું હતું તે છતાં મારા બપાવા અને પાદશાહ જાદશમે તેની હૈયાતીમાં જ્યાંસુધી ઇરાન સાથ સુલેહ. હતી ત્યાંસુધી લડાઇનું નામ દીધું ન હતું. વાસ્તે આપણે પણ આજે જંગ ખરપા કરવાથી હાથ ઉઠાવવો જોઇએ." પણ આ સલાહ પશંગને પસંદ આવી નહિ. તેણે તો અઘીરસને ફરમાવ્યું કે "જા, જઇને અફ્રાસિયાબને દરેક બાબતમાં મદદ આપ અને તેને કહે કે ઇરાનનાં પાયતખ્ત આમુલ ઉપર એકદમ ચઢાઇ લઇ જા, દહિસ્તાનના મુલ્કને ઘોડાની ખડી તળે કચડી નાખ, અને ત્યાંની નદીઓને પાણીને બદલે લોહી વહેતી કર ; કારણકે એજ ઠેકાણેથી મિનોચેહર ઇરાનનો કીનો તૂર ઉપર લેવા નીકળ્યો હતો, ત્યાંથીજ તેનું લશ્કર તૂરાન ઉપર ધુજારો લાવ્યું હતું. હવે મિનોચેહર નથીએટલે બીજા ઇરાની સરદારોની દરકાર શાની હોય? નૌદર તો બેખબર અને બિનઅનુભવી જવાન છે. કારન[1] અને ગર્શાસ્પ[2] પેહલવાનો તેની પનાહમાં છે ખરા, પણ તેમને અફ્રાસિયાબનું લશ્કર પુરા કરી નાખીને પોતાના નિયાગાનોના જાનને ખુશહાલ કરશે અને શત્રુઓનાં દિલ બાળીને કબાબ કરશે!"

શાહ પશંગના હુકમ પ્રમાણે તૂરાની ફોજો ઇરાન ઉપર ઉતરી પડી. તેમની મદદમાં ચીની લશ્કર હતું, તેમજ આથમણ તરફના ગુર્જ ઉઠાવનારાં બેશુમાર લશ્કરો જુદાં હતાં. આ સર્વ જીહુનનો દરિયા પસાર કરીને આવે છે એવી ખબર ઇરાનમાં આમુલ ખાતે નૌદરને પડતાંજ તે પોતાનું ઇરાની લશ્કર લઇને દહીસ્તાનનાં મેદાન તરફ ધસ્યો ગયો. પેહલવાન કારન લશ્કરનો સપેહસાલાર હતો, જેની પુઠે નૌદર પોતે હતો. તેઓએ ડેરાતંબુ ઠોકયા નહિ એટલામાં તૂરાની ફોજોનો સપેહસાલાર શાહજાદા અફ્રાસિયાબ, એક તરફથી પોતે નૌદરની સામે લડવા માટે કુચ કરતો આવી પુગ્યો અને બીજી તરફથી તેણે ત્રીશ હજાર માણસોનું લશ્કર શમાસાસ અને ખજરવાનની સરદારી હેઠળ આપીને જાલ ઉપર વેર લેવા માટે જાબુલ તરફ રવાના કીધું; કારણકે તૂરાનીઓને ખબર મલી ચુકી હતી કે પેહલવાન સામ ગુજર પામ્યો હતો અને જાલ તેનાં તનને ઠેકાણે પહોંચાડવાનાં કામમાં રોકાયો હતો.

બાર્માનના હાથ ઉપર કોબાદની કતલ.

અફ્રાસિયાબ દહીસ્તાન તરફ ધસ્યો આવ્યો અને નૌદરનાં લશ્કરની સામે તંબુ ઠોકી પડયો. તેનું તમામ લશ્કર ચાર લાખ માણસોનું હતું. નૌદરનાં લશ્કરની સંખ્યા એકશો ચાલીશ હજાર (૧ લાખ ૪૦ હજાર)ની હતી. આ લશ્કરની તપાસ લઇને અફ્રાસિયાબે રાતોરાત એક ઉંટસવારને નામુ આપી પશંગ તરફ રવાના કીધો, જેમાં લખ્યું હતું કે—"આપણું

૧ કાવા આહંગર (લુહાર) ને નામે પ્રખ્યાત થઇ ગયલા ઇરાની સપેહસાલાર, જે પોતાની કુડે બાંધવાનાં ચામડાંનો ઝુંડો બનાવી ફરીદુન તરફથી જાલેમ જોહાક સામે લડયો હતો, તેનો આ કારન બેટો થતો હતો. પોતાના બાપ પછી તેને ઇરાની લશ્કરની સરદારી મળી હતી. કારન પોતાના બાપના જેવોજ લડવૈયો હતો, જેની બહાદુરી જોઇને શાહ ફરીદુને તેને શાહજાદા ઇરજનાં ખૂનનો કીનો લેવા માટે ત્રણ લાખ ફોજની સરદારી આપી તુરાન લડવા મોકલ્યો હતો, જે વેળા પેહલવાન સામ પણ તેના હાથ તળે લડયો હતો. આ લડાઇમાં તુરના માર્યા ગયા પછી સેલમ જ્યારે કેસ્પીઅન સમુદ્રના કાંઠા ઉપર દરિયાનાં પાણીથી ઘેરાતો મજબૂત ડુંગરી કિલ્લો, જે અલાની લોકોના હાથમાં હતો, તેમાં જઇ ભરાઇ બેસશે તો તેને ત્યાંથી બાહેર કહાડવો મુશ્કેલ થઇ પડશે એમ સમજીને કારને ઠાગાથી તે કિલ્લો પ્રથમ હાથ કીધો હતો.

૨ શાયર ફિર્દોસી શાહ ફરીદુનનાં દાસ્તાનમાં એક ઠેકાણે પેહલવાન ગર્શાસ્પને શાહ જમશીદના બેટા લેખે ઓળખાવે છે. બીજે ઠેકાણે સામ ગર્શાસ્પને પોતાના વડવા તરીકે જણાવે છે. પૂછળથી પેશદાદ વંશની આખેરી વેળા જે છેલ્લો પાદશાહ તખ્તે બેઠો તે ગર્શાસ્પ નામનો હતો.

કિસ્મત ખુલ્યું છે. નાદરનું લશ્કર આપણા હાથ ઉપર જલદીથી શીકાર થઇ જાય એટલું છે. સામ ગુજર પામ્યો છે. ઇરાનમાં એકલા તેનાથીજ હું બીતો હતો. તેનાં મોતથી આપણો ફતેહ લેવાનું સહેલ થઇ પડશે. જાલ બાપનાં મરણ કામમાં રોકાયલો છે તેથી તે લડાઇમાં ઉતરે એમ નથી. તેની સામે મેં શમાસાસને મોકલ્યો છે તે અત્યાર સુધીમાં તો જાબુલનો ધણી થઇને તાજોતખ્ત હાથ કરી બેઠો હશેજ. હવે તો ઉતાવળે હાથ બતાવવો જોઇયે. જમાનો કોઇને માટે થોભતો નથી."

ઇરાની અને તૂરાની બન્ને લશકરો એકેકથી બે ફરસંગ દૂર પડાવ નાખી પડયાં હતાં. બાર્માન[1] નામનો એક તૂરાની સરદાર ઇરાની છાવણી ભણી આવી તેની તપાસ લઇને ગુપચુપ પાછો ફર્યો, અને અફ્રાસિયાબની આગળ જઇને તેણે કહ્યું કે હવે આપણે જંગ શુરૂ કરવામાં ઢીલ કરવી નહિ જોઇયે. ઇઘ્રીરસે તેને અટકાવીને ધીરજથી કામ લેવાની પોતાના ભાઇને સલાહ આપી. પણ અફ્રાસિયાબે તેના એવા સખુનોથી ગુસ્સે થઇ બાર્માનને હુકમ કીધો કે એકદમ લડાઇ શુરૂ કરવી.

હવે બાર્માન જંગ મેદાનમાં જઇ ઉભો, અને ઇરાની સપેહસાલાર કારનને પુકાર મારી કહેવા લાગ્યો કે "તારાં લશ્કરમાં કોઇ એવો છે કેજે મારી સામે આવી ઉભો રહે? જો હોય તો મોકલ તેને."

કારને પોતાના સરદારોમાં નજર ફેરવી, અને ધરડો કોબાદ[2] બાર્માન સામે લડવા તૈયાર થયો, તો જોકે ઘણા જવાન ઇરાની લડવૈયા હાજર હતા. કારને પોતાના ભાઇને જવાન બાર્માન સામે લડાઇમાં ઉતરતાં વારવા માંડ્યો, પણ ફેફ્ર કોબાદે હિમતભરેલો જવાબ આપી પોતાના ભાઇને દિલાસો દીધો, પણ લડાઇમાં તે માર્યો ગયો. આથી ગુસ્સે થઇને કારને ઇરાની લશ્કરને તૂરાનીઓ ઉપર ધસારો લઇ જવા ફરમાવ્યાથી ભારી જંગ ચાલ્યું. રાત પડી ત્યારે કારન પોતાનું લશ્કર લઇ પાછો દહીસ્તાનનાં મેદાનમાં જઇ થોભ્યો, પણ બીજી સહવારે પાછી લડાઇ ચાલુ થઇ.

શાહનું જંગમાં ઉતરવું.

આ બીજા દહાડાની લડાઇ દરમિયાન શાહ નાદર પોતે મેદાન પડયો, અને અફ્રાસિયાબ સાથે ભારી જંગ મચાવ્યું. આ લડાઇમાંબી તૂરાનીઓનીજ જીત થઇ, જેથી શાહે દિલગીર થઇને પોતાના બેટાઓ તૂસ અને ગુસ્તેહમને તેડાવી મંગાવ્યા અને હવે પોતાનું આવી બન્યું છે એમ માની લઇને તે તેમને ભેટયો, અને તેમને પાર્સ તરફ રવાના કરી ફરમાવ્યું કે પાદશાહી ખાન્દાનની બાનુઓને લઇને તેમને ઉગટ રાહે અલ્બુર્જ પર્વત ઉપર લઇ જઇ સલામત રાખો.

બે દહાડા સુધી લડાઇ બંધ રહ્યા પછી ત્રીજે દિને તે પાછી ચાલુ થઇ. ઇરાની લશ્કરના મધ્યભાગમાં શાહ અને કારન ઉભા, અને તેમની ડાબી પાંખની સરદારી તલીમાન તથા જમણી પાંખની શાપુર નામના પેહલવાનોને આપી. શાપુરનાં લશ્કરમાં શત્રુઓએ ભંગાણ પાડયું તોપણ તે બહાદુર સપેહસાલાર જાનથી ગયો ત્યાંસુધી ખડો રહીને લડયો. એજ રીતે ઇરાની લશ્કરના બીજા ભાગોની પણ ખુઆરી ચાલી. આવો મામલો જોઇને શાહ નાદરને લઇને સપેહસાલાર કારન દહીસ્તાનની ઇરાની છાવણી તરફ ચાલ્યો, અને ત્યાંથી દુશ્મનો સાથ લડાઇ ચલાવ્યા કીધી.

---

૧ બાર્માન અફ્રાસિયાબનો પિત્રાઇ થતો હતો. તે વિસાનો બેટો અને પાછળથી મશ્હુર થયલા પીરાન વઝીરનો નાનો ભાઇ થતો હતો. વિસા પશંગનો ભાઇ હતો. પીરાન અને બાર્માનનો એક ત્રીજો ભાઇ હોમાન નામનો હતો. એ સબળા લડવૈયા તુરાની લશ્કરમાં ઇરાની લશ્કરના પેહલવાન સામ અને તેના ખાન્દાનીઓના જેવી જગા રોકતા હતા.

૨ સપેહસાલાર કારનનો વડો ભાઇ. કાવા આહંગરનો બેટો.

બીજી તરફથી અફ્રાસિયાબે પોતાની જીત ચોતરફ થયલી જોઇને, અને નાદરની છાવણીને ઘેરી રાખીને, વીસાનાં ખાન્દાનના કુરખાન નામના એક સરદારને એક ફોજ આપી રાતદિવસ કુચ કરતો પાર્સ ખાતે મોકલ્યો, કે જ્યાં ઇરાની લડવૈયાઓનાં કુટુંબો વસતાં હતાં. આ વાતની ખબર કારનને પડતાંજ તેણે શાહને જાણીતો કીધો કે કીનાબાજ અફ્રાસિયાબે ઇરાની બાનુઓ પાર્સમાં એકલી પડેલી છે તેમની સામે લશ્કર મોકળાવ્યું છે. જો તે તેમાં ફાવે તો આપણને ઘણી નામોસી લાગે, એમ અંદેશો કરીને કારને તૂરાની કુરૂખાનની પુઠે જઇ તેને આગળ વધતો અટકાવવા માટેની નાદર શાહ પાસે પરવાનગી માંગી. તેણે શાહને કહ્યું કે તમારી છાવણીમાં તમે સલામત છો—નદી ફરી વળેલી છે તેથી અને આપણા બહાદુર સવારોથી તમારૂં રક્ષણ થશે—માટે ફિકર કરશો નહિ. વળી તે શાહને હિમત આપીને બોલ્યો કે "તું નામવર તો તારો બચાવ સહેલથી કરી શકશે, માટે નરેંશીરની મિસાલ લડજે, કાંએકે પાદશાહો તો બહાદુર હોવા જોઇએ."

શાહને આ વાત ગમી નહિ, તોપણ કારન પોતાની જોડે કેસ્વાદ અને શીદુશને લઇને મધરાત્રે પાર્સ તરફ ઉપડી ગયો. માર્ગમાં સફેદ દેજ નામના કિલ્લા આગળ જઇ પુગતાંજ તેઓએ પોતાને તૂરાની સરદાર બાર્માનના હાથ ઉપર ઘેરાઈ ગયલા જોયા. તેને જોતાંજ કારનનું લોહી પોતાના ભાઇ કોબાદનાં ખૂનને લીધે ઉકળાવા લાગ્યું, કારણ કે તેનો જાન લેનારો આ તૂરાની બાર્માનજ હતો. બન્ને લડયા, જેમાં બાર્માન કારનના હાથ ઉપર માર ખાઇ જમીનદોસ્ત થયો અને કારન ત્યાંથી પાર્સ તરફ આગળ વધી ગયો.

તેનું કેદ પકડાવું.

હવે જ્યારે નાદરશાહને કારનના ગયાની ખબર પડી ત્યારે તે હિમત હારી ગયો, અને પોતે પોતાનું રક્ષણ કરી શકનાર નથી એમ જાણીને તેબી તે સરદારની પુઠે ઘોડો ઝોકાવી ગયો. અફ્રાસિયાબ ઇરાની શાહ અને સરદારોની હીલચાલની ખબર રાખતો હતો તેને જ્યારે નાદરના નાસવાની ખબર મળી ત્યારે તેને પકડી પાડવા માટે એક લશ્કર લઇને પોતે શાહની પુઠે દોડયો. નાદર તેની સામો થયો, અને અફ્રાસિયાબ તેની જોડે બળત્વારીથી લડયો, જેમાં અંતે નાદર શાહ પોતાના ૧૨૦૦ લડવૈયા સાથ કેદ પકડાયો. તૂરાની સરદારે તેમને બેડી પોઇ, અને પછી કારનની શોધ ચલાવી. પણ જ્યારે તે તો બાર્માનનો જાન લઇને પાર્સ તરફ નીકળી ગયો છે એવી ખબર મળી ત્યારે તે બહુ દુખી થયો, અને વીસાને એક મોટું લશકર આપીને તેના આ બેટાનો કીનો લેવા મોકલ્યો.

કોબાદનો કીનો.

પોતાના બેટા ઉપર ગુજરેલી આફત નજરે દીઠા પછી વીસા પાર્સ તરફ દોડયો. તેને એક મોટું લશ્કર લઇને આવતો સાંભળીને કારન, કેજે અત્યાર આગમજનો પાર્સ જઇ પુગ્યો હતો, અને જેના આવ્યાથી ઇરાની કબીલાઓને હિમત આવી હતી, તે વીસાની સામે લડવા ગયો. તેને જોઇને વીસા પુકાર્યો કે "તારા શાહનાં તાજોતખ્ત હવામાં ઉડી ગયાં છે. કનુજથી[1] કાબુલિસ્તાન સુધીનો તમામ મુલ્ક, અને વળી ગજની[2] તથા જાબુલિસ્તાન પણ હમારા હાથમાં આવી ચુકયાં છે. ત્યાંના મહેલો ઉપર અમારાં તૂરાની તખ્તો ગોઠવાયાં છે; અને તારો શાહ પણ કેદ પકડાયો છે, ત્યારે હવે તું પોતે મારા હાથમાંથી કયાં જવાનો છે?"

આ સખુનોથી નહિ ડરતાં ઇરાની સરદાર બોલ્યો કે—"મારૂં નામ કારન છે, અને હું

૧ આ ઉપરથી જણાય છે કે મિનોચેહરે શાહના વખતમાં હિંદુસ્તાનમાં કનુજ સુધી ઇરાનની સલતનત ચાલતી હશે.

૨ ફિર્દોસી આ નામને "ગજનીન" લખી જાય છે.

ભય શું તે જાણતો નથી. તારા બેટા ઉપર મેં મારા ભાઇનો કીનો લીધો છે, અને હવે આજે તારી ઉપર તે ફરીથી લઇશ, તથા બહાદુર લડવૈયાઓ કેમ લડે છે તે મારી લડાઇથી તને બતાવીશ."

બન્ને વચ્ચે લડાઇ ચાલી, જેમાં અંતે ઘણા એક તૂરાનીઓ માર્યા ગયા, અને વીસા પોતે પિઠ ફેરવીને નાઠો. કારને તેની પુઠ પકડી નહિ. તે નાઠેલો સરદાર રડતી સુરત લઇને તુરાની અફ્રાસિયાબને જઇ મળ્યો.

.જાલનું .જાબુલી જંગ.

હવે આપણે જાબુલિસ્તાનમાં આ વેળા શું બનતું હતું તે તરફ નજર ફેરવિયે.

જ્યારે અફ્રાસિયાબ તૂરાની ફોજ લઇને ઇરાન ઉપર ચઢાઇ લાવ્યો ત્યારે તેણે ઈર્મનથી પોતાના બે સરદારો શમાસાસ અને ખજરવાનને ત્રીસ ત્રીસ હજાર લશ્કર આપીને જાલ ઉપર કીનો લેવા માટે જાબુલિસ્તાન જીતવા મોકલ્યા હતા. આ બેમાંનો એક શમાસાસ ઉતાવળો સીસ્તાન ઉપર ચઢી ગયો, ત્યારે ખજરવાન હિમંદ નદી કાંઠે આવી ઉભો. આ વેળા જાલ પોતાના મર્હુમ બાપની લાશને દફનાવવાનાં કામમાં રોકાયલો હતો.

કાબુલના મહેલમાં રાજા મેહરાબને શમાસાસની ચઢાઇની ખબર પડતાંજ તે બીધો. તેણે દુશ્મનો સાથ મળી જવાના ઇરાદાથી એક કાસદને તૂરાની સરદાર તરફ મોકળ્યો, અને તૂરાની શાહની સ્તુતિ ગાઇને કહેવાડ્યું કે "અરબ પાદશાહ જહાક મારો નિયાગાન છે. મારી કને ખંડણી લેનાર શાહ તરફ મારી પ્રીતિ નથી. બીજો રસ્તો નહિ જણાયાથી મેં મારી બેટી જાલને આપી છે. હાલ જાબુલિસ્તાનનો અમલ હું ચલાવું છું. જાલ પોતાના બાપનાં કામમાં રોકાયલો છે તે જોઇ મને ખુશી ઉપજી છે. હવે તેનું મોં હું જોનાર નથી. અફ્રાસિયાબની તાબેદારી ઉઠાવવાને હું તૈયાર છું. હદિયો મોકળીને ચોથાઇ આપવાને હું તૈયાર છું. તેનાં તખ્તની ખાક ચુમવા જવાને હું હાજર છું. મારૂં તાજ તેને આપી દેવાને હું રાજી છું."

એક તરફથી આ વાતની તદબીર કરીને મેહરાબે બીજી તરફથી જાલને કહેવાડ્યું કે "બે તૂરાની પેહલવાનો લડાઇ લાવ્યા છે; તરત વેળા મેં તેમને નજરાનાથી થોભાવ્યા છે, પણ તું જો એકદમ નિકળી પડશે નહિ તો તેઓ કાબુલ અને જાબુલ જીતી લેશે."

મેહરાબ તરફનો આ પેગામ મળતાંજ બહાદુર જાલ તરત પોતાના સસરાને મદદ કરવા કાબુલ જઇ પુગ્યો. પછી પોતાનું લશ્કર લઇને તે શત્રુની સામે ગયો. તે બોલ્યો કે "આ ખજરવાન જેવાના મને શા ભાર? તે તો મારાં મનથી ધુળની ચમટી મિસાલ છે." તેણે પોતાના ત્રણ તીર આકાશમાં ત્રણ બાજુ તરફ એવા ઉંચાં ફેંકયા કે તે તૂરાની લશ્કરમાં જઇ પડયા. તે જોઇ તેઓ ચોંકયા. શમાસાસે ખજરવાનને ઠપકો દીધો કે તેં

---

૧ આ બાબતમાં શાહનામુ બુન્દેહેશથી જુદું પડે છે. આ છેલ્લી કેતાબમાં જણાવ્યા પ્રમાણે અફ્રાસિયાબે જેને ઇરાની સિપાહો સુધાં કેદ પકડયો તે નોદર નહિ પણ મિનોચેહર હતો, જેને તેણે પાદષ્ખ્વાર નામના પહાડ ઉપર કેદ કીધો હતો, અને તેઓમાં નાશ અને તંગી વરસાવ્યાં હતાં. આ જુલ્મ જોઇને તેના ભાઇ અઘ્રીરસ (અગ્રેરદ) ને દયા આવ્યાથી તેણે ખુદાની મેહરબાનગી માગી કે ઇરાની પેહલવાનો અને લશ્કરીઓ આ દુખમાંથી છુટે. આ અર્જ મુજબ થયું. કેદ પકડાયલો શાહ મિનોચેહર પણ આ રીતે છુટી ગયો હોય, એમ આ ઇશારા ઉપરથી જણાય છે. પણ મિનોચેહરના .જમાનામાં અફ્રાસિયાબની હસ્તી હોય નહિ, કારણકે તે શાહના વખ્તમાં તો અફ્રાસિયાબનો બપાવો .જાદશમ તુરાનનો શાહ હતો, કેજે વારંવાર ઇરાન પર ચઢાઇ લઇ જઇ નિરાશ થયલો હોવાથી તેના બેટા પશંગ મિનોચેહર હૈયાત હતો ત્યાંસુધી ઇરાનનું નામ દેતો ન હતો, એમ .ફિર્દોસી ઉપરથી જણાય છે.

ઉપલો પદષ્ખ્વાર પર્વત કેસ્પીઅન સમુદ્રની દક્ષિણે આવેલો છે.

જો મેહરાબ ઉપર હલ્લો લઇ જવામાં ઢીલ કરી ન હોત તો જાલ તેની મદદે આવી પુગત નહિ."

ખજરવાન જાલ સામે લડવા જવાને તૈયાર થયો. બન્ને વચ્ચે ચાલેલી લડાઇમાં જાલનું બખ્તર તુટી ગયાથી તે જંગમાંથી પાછો ફર્યો, અને તેની જોડે સઘળું કાબુલી લશ્કર પણ પાછું ફર્યું. પણ જાલ બીજું બખ્તર પહેરીને તત્કાળ પોતાના હરીફની સામે ગયો, અને તેને પોતાની ઉપર ધસી આવતો જોતાંજ પોતાનો ગાવ મુખી ગાવ્યાની ગુર્જ તેનાં માથાં ઉપર માર્યો કે તે જમીન પર તુટી પડયો અને લોહી લુહાન થઇ ગયો. જાલ તેને પડતો મુકીને આગળ વધ્યો, અને શમાસાસ તૂરાનીને પોતાનો હમ્નબર્દ માંગ્યો.

તૂરાનીઓની નાસભાગ.

પણ આ તૂરાની સરદાર જાલનું ઉપલું પરાક્રમ જોઇને ધ્રુજવા લાગ્યો. તેનું ગરમ લોહી બંધાઇ ગયું. તેને આમ હીચકારાપણું બતાવતો જોઇને જાલ કુલ્બાદ નામના તૂરાનીને જોઇ તેની સામે લડવા ધસ્યો. આ ધણીભી જાલના હાથ ઉપર જાન ખોવાને નાખુશ હોવાથી છટકી જવા લાગ્યો, પણ જાલે તેની પુઠ પકડીને એકજ તીર વડે તેની કમરને તેના ઘોડાનાં જીન સાથ સીવી લીધી.

આ તમાશો જોઇને શમાસાસ નાઠો અને તેની પુઠે તેનું તૂરાની લશ્કર પણ નાસભાગમાં પડયું, અને જાબુલી તથા કાબુલી સિપાહોએ તેને વિખેરી નાખ્યું, જે પડતું ખડતું, મરતું બચીને અફ્રાસિયાબની ફોજને જઇ મલ્યું. પણ તે આગમચ માર્ગમાં તેની વિશેષ ખરાબી થઇ.

પેલી ગમથી કાવા આહંગરનો બહાદુર બેટો અને શાહ નોદરની ફોજનો સપેહસાલાર કારન વીસાને શિકસ્ત આપી તેનાં લશ્કરને નસાડીને પાર્સ ખાતે પાછો ફરતો હતો ત્યારે તેણે તુરાની સરદાર શમાસાસને જોયો. તેને અને તેનાં લશ્કરને જાબુલિસ્તાનથી પાછા ફરતાં જોઇ તે સમજી ગયો કે તેઓ લડાઇમાં માર ખાઇને નાસે છે. કારને એકદમ લડાઇનો હુકમ આપ્યો, અને શત્રુઓનો માર્ગ અટકાવી પોતાની સાથે જોર અજમાવવાની તેમને ફર્જ પાડી. પણ જ્યારે તુરાની લશ્કર કારનની ફોજના હાથ ઉપર ખરાબ થઇ ત્યારે તેનો સરદાર તો જીવ લઇને નાસી જવામાં ફતેહ પામ્યો.

નોદર શાહની કતલ.

પણ આ સઘળું જાલ તથા કારનની ફતેહો શાહ નોદરના કેદ પકડાયા પછી ખુનીના હાથ ઉપર જાયા થવાના દુખદાયક બનાવ આગળ નજીવી હતી.

અફ્રાસિયાબને પોતાના બાર્માન અને ખજરવાન તથા કુલ્બાદ જેવા સરદારોના માર્યા જવાની ખબર મળવાથી તે ઘણોજ નાસિપાસ અને દુખી થયો. તેણે ઇરાનીઓ ઉપર તેમનું વેર લેવાના કસમ લીધા. તે પુકાર્યો કે "હજુ તો નોદર મારો કેદી છે છતાં મારા તૂરાની સરદારોની કતલ ચાલી છે, તો હું એ ઇરાની શાહને તેમનાં વેરમાં કતલ કરીશ."

તેણે તેને બાંધીને ઉઘાડે માથે અને ઉઘાડે પગે પોતાની આગળ એક કમીના ગુલામ યા ગુનેહગાર દાખલ ખડો કરાવ્યો, તૂર અને સલ્મની વાતોની તેને યાદ આપી, અને પછી તલવાર મંગાવી શાહ નોદરની ગર્દન ઉપર મારીને તેનું સર તનથી જુદું કરી નાખ્યું.

શાયર અફસોસ કરે છે કે આ રવેશે શાહ મિનોચેહરની યાદ ભુસરાઇ ગઈ અને ઇરાન તખ્તોતાજ વગરનું થઇ પડયું! કારણ કે આ બનાવ પછી ઇરાનમાં વર્ષો સુધી તુરાની અફ્રાસિયાબનો અમલ ચાલ્યો. અગરજો તૂરાનીઓની લડાઇમાંથી કારન શાહ નોદરને લઇને દહીસ્તાનની છાવણીમાં નાસી આવ્યો ન હોત તો તેઓ

જંગમાંજ બહાદુરીથી જાન આપી નામ કહાડત, અથવા ફતેહ મેલવી સુર્ખરૂ બનત. અગરજો કારન પાર્સ ખાતેના ઇરાની કબીલાઓના બચાવની ખાતર છાવણી છોડીને ગયો ન હોત તો શાહ નૌદર પોતાના જાન ભાગી બીને તેની પુઠે જવાનું મન કરત નહિ અને માર્ગમાં અફ્રાસિયાબના હાથ ઉપર કેદ પકડાઇ આ રીતે માર્યો જાત નહિ. પણ તેની અને ઇરાનની સર્જત જુદીજ હતી.

અઘ્રીરસ અને ઇરાની સરદારો.

ફોનેબાજ અફ્રાસિયાબે બીજા ઇરાની સિપાહો જેઓ નૌદરશાહ જોડે પકડાયલા હતા તેમનેબી મારવા કહાડયા, ત્યારે અઘ્રીરસ જે "અશો નર-" ને નામે અવસ્તામાં ઓળખાઇ ગયો છે તે વચ્ચે પડયો, અને પોતાના ભાઇને સમજાવવા લાગ્યો કે "આ ધણીઓ હથિયારો મુકાવી દીધેલા બંધવા માત્ર છે, પણ જાતે સિપાહબચ્ચા છે, તેવા સિપાહોનું ખૂન રેડવું એ નીચ કામ છે. તેમના જાન બચાવવા એ ઉત્તમ કામ છે. એ લોકને તું મારે સ્વાધીન કરે તો હું એમને એક ગુફામાં બંધ કરીને એવી ચોકી રાખું કે ત્યાંથી તેઓ છટકવા પામેજ નહિ."

અફ્રાસિયાબને આ વાત પસંદ આવી. તેણે ઇરાની બંધવાઓને બેડી સાથ સારી[૧] ખાતે મોકલાવી દીધા, અને પછી પોતે દહીસ્તાનથી પડાવ ઉઠાવી રએ શેહેર તરફ ચાલ્યો, અને પોતે ઇરાનના શાહનો તમામ અખ્તિયાર હાથ કીધો.

પેલી તરફથી શાહ નૌદરનાં ખૂનની ખબર પાર્સ ખાતે તેના બેટાઓ તૂસ અને ગુસ્તેહમને મળી. ત્યાં રડારોળ ચાલી રહી. સઘળે દિલગીરી અને અફસોસ ફેલાયાં. લોકો માતમ કરવા લાગ્યાં, અને કેટલાકો આ દુખદાયક ખબર જાલને આપવા જાબુલ ગયા. તેઓએ શાહનાં ખૂનનો કીનો લેવાની માગણી કીધી, અને જાલે બેહદ દિલગીરી બતાવીને આ માગણી કબૂલ રાખી.

ઇરાની લશ્કર નવી લડાઇ માટે તૈયાર થાય છે એવી ખબર સારી ખાતે કેદમાં પડેલા ઇરાની સિપાહોને પડતાંજ તેઓએ પોતાનો જાન બચાવનાર અઘ્રીરસ શાહજાદા ઉપર પેગામ મોકલ્યો કે "અય અશો નર, તારા અમો ગુલામ છિયે, કારણકે તેં અમારા જાન બચાવ્યા છે. પણ અમારા શાહનો કીનો લેવા જાલ અને કારન, બર્જીન, ખુર્રાદ અને કેશ્વાદ લશ્કર લઇ આવે છે, જે વાતની જેમ અમને તેમ તને પોતાનેબી ખબર પડી છે. આમ હોવાથી અફ્રાસિયાબ પાછો ગુસ્સે ભરાઇ અમારી કતલનો હુકમ આપશે. વાસ્તે તું નામદાર જો અમને છુટા કરે તો અમો અહીંથી વિખરાઇ જઇએ."

પણ આવું કામ પ્રમાણિક અઘ્રીરસને ગમ્યું નહિ. તેણે જવાબ આપ્યો કે "તમને છોડી દઉં તો અફ્રાસિયાબ મને પોતાનો દુશ્મન ગણે, અને એ હારેમન મારી ઉપર છેડાય, પણ એવી કાંઇ તદબીર થવી જોઇએ કે જેથી એ પોતાનો કહેર મારી ઉપર વરસાવે નહિ. અગરજો જાલ આ તરફ લશ્કર લાવે તો હું તમો સઘળાઓને તેને સ્વાધીન કરૂં અને લડાઇ નહિ કરતાં આમુલનો કબ્જો હું છોડી જાઉં."

આ જવાબ લઇને એ મુજબ કરવા માટેનો પેગામ ઇરાની સિપાહોએ જાલ ઉપર મોકલ્યો, જે ઉપરથી જાલે પોતાના પેહલવાનોને આ સંદેશાથી વાકેફ કરીને કહ્યું કે જો કોઇ સરદાર સારી તરફ નાનું લશ્કર લઇ જવાનું માથે લે તો આપણા ૧૨૦૦ સિપાહો માર્યા જતા બચે.

કેશ્વાદ નામના સરદારે આ કામનું બીડું ઝડપ્યું અને તે અઘ્રીરસ સામે લડવા લશ્કર લઇ ગયો.

---

૧ માઝન્દરાનનું એક શેહર, જે કોઈ વાર "સરી" ને નામે પણ ઓળખાય છે.

તેને આવતો જાણીને આ તૂરાની શાહજાદો આમુલના કિલ્લામાંનું પોતાનું લશ્કર લઇને ચાલી ગયો, અને ઇરાની બંધવાઓને સારી ખાતેજ મુકી ગયો. કેશ્વાદે તેમને છુટા કીધા, અને પોતાની સાથે લઇને તે જામુલ તરફ પાછો ફર્યો જ્યાં તેમજ આખાં પાર્સમાં આ બનાવથી મોટી ખુશહાલી ફેલાઇ.

અઘ્રીરસનું ખૂન.

જોકે અફ્રાસિયાબ ઇરાનનો પાદશાહ થઇ બેઠો હતો તોપણુ તે આમુલને બદલે રએમાં વસતો હતો. અહીં જ્યારે શાહજાદો અઘ્રીરસ પોતાનાં આમુલ ખાતેનાં લશ્કર સાથ પાછો ફર્યો ત્યારે અફ્રાસિયાબે તેને આ કામ માટે ઠપકો દીધો અને તાનો માર્યો કે "જ્યારે મેં આ સિપાહોને મારી નાખવા માંગ્યા ત્યારે તેં વચ્ચે પડીને તેમને બચાવ્યા. એ કાંઇ લડવૈયાનું કામ નહિ હોય. જે સિપાહ બચ્ચો હોય તેણે તો ડહાપણુનો માર્ગ તજવો જોઇયે, કારણ ડહાપણુ અને કીનો એકબીજા સાથ કદી ભેળાતાં નથી."

આના જવાબમાં અઘ્રીરસે કહ્યું કે "મિનત અને દયા છેક નકામાં નથી. કોઇનું નુકસાન કરવાની તારામાં શક્તિ હોય તોપણુ ખુદાનો ડર રાખીને તે કામથી પાછો ફર. તાજ અને કમરબંદ પહેરનારા ઘણુા હોય છે, પણુ તાજ અને કમરબંદ સદા કોઇના કબ્જામાં રહેતાં નથી.

આ સખુનો સાંભળીને અફ્રાસિયાબ ચૂપ રહ્યો, કારણકે જ્યારે એક ભાઇ ડહાપણુ બોલતો હતો ત્યારે બીજો ભાઇ આતશથી બળતો હતો. દેવનાં માથાંમાં ડહાપણુનો સમાસ શી રીતે થઇ શકે? પોતાના ભાઇના સખુનો સાંભળીને તે એક હાથી મિસાલ મસ્ત બન્યો, તેણે પોતાની શમ્શીર મિયાનમાંથી ખેંચી કહાડી, અને પોતાના ભાઇને કાપી નાખ્યો. એ રવેશે અઘ્રીરસ જેવો અશો નર આ જેહાનથી ચાલી ગયો. [1]

---

૧ અઘ્રીરસનાં પરાક્રમની જે નોંધ ફિર્દોસીએ આપી છે તે મી૦ રોજર્સ અને મેશર્સ વૉર્નર (ભાઇઓ) એ પોતાના ૧૯૦૭ અને ૧૯૦૫ માં પ્રગટ થયલાં પુસ્તકોમાં આપેલા તરજુમા રૂપી અહેવાલોમાં એકસરખી જણુાય છે. પણુ મી૦ જેમ્સ ઍટકિન્સને આપેલા શાહનામાના તેવાજ અહેવાલમાં અઘ્રીરસનાં મોતનો સબબ જુદોજ બતાવવામાં આવેલો છે. "ચૅન્ડૉસ ક્લૅસિક્સ" નામની હારમાળામાં ૧૮૯૨ માં પ્રગટ થયલા શાહનામાના ગ્રંથમાં (સફે ૮૦) એવું જણાવવામાં આવ્યું છે કે નૌદરનાં મરણુ પછી ઇરાનનાં તખ્ત ઉપર તેના નાની ઉમરના અને કાચા અનુભવના બેટાઓ તૂસ અને ગુસ્તહમમાંથી કોઇને નહિ બેસાડતાં, અને પોતે પાદશાહી ખાન્દાનનો ન હોવાથી પોતે ઇરાની સાનેતખત કબૂલ નહિ રાખતાં, જાલે એ માન અઘ્રીરસ શાહજાદાને આપવાની માંગણી કીધી, કેજે અફ્રાસિયાબનો નાનો ભાઇ હોવા જોડે પોતાની બહાદુરી, ડહાપણુ અને રહેમને માટે વખાણુાયલો હતો. તેના બાપ (તૂરાનના શાહ) પશંગે તેને ઇરાન તાબે થયા પછી રએની હાકમી આપી હતી તેના જોગો સંદેશો મોકલાવી જાલે તેને કહેવાડયું કે તું જો સીસ્તાન આવે તો તને ઇરાનનું તખ્ત મેળવવાનાં કામમાં જોઈતી મદદ મળે, અને અફ્રાસિયાબના હાથમાંથી એ તખ્ત પાછું મેળવવાનાં કામમાં હું અને બીજા સઘળા ઇરાની લડવઇયાઓ મદદ આપિયે. અઘ્રીરસે આ માંગણી કબૂલ રાખી અને રએથી સીસ્તાન જવા નીકળી પડયો; પણુ જ્યારે બાબેલ ખાતે જઇ પુગ્યો ત્યારે અફ્રાસિયાબને તેની લોભી ધારણાની ખબર પડી, જેથી તેની પુઠ પકડી અને લડાઇ કરવા માંગી. અઘ્રીરસ મોટાં લશ્કર સામે લડવાને શક્તિવાન ન હતો માટે બન્ને ભાઇઓ વચ્ચે મસલેહત ચાલી, જેમાં અફ્રાસિયાબે તેને ઠપકો દીધો કે "શું રએની હકુમત ઓછી હતી કે તું શાહ થવા તૈયાર થયો છે? આ તે કેવી બલવાખોરી ચાલ, અને આ તે કેવી મોટી તકસીર?" અઘ્રીરસે જવાબ દીધો કે "મને આમ તાનો ના માર અને અપમાન મા કર. તારી પોતાની વર્તણુક કેવી છે તે જાણ્યા છતાં બીજાને માથે તોહમત મુકતાં તને શરમ નથી લાગતી? ખુદાએ તને સત્તા આપી છે તે બીજાને ઇજા કરવા અને અકસર કરીને તારા ખેશીને નુકસાન પહોંચાડવા આપી નથી." આ સખુનોથી રીશે ભરાઇને અફ્રાસિયાબે પોતાના ભાઇનો જાન લીધો.

હવે આ બિના ફિર્દોસીનાં શાહનામામાં નથી, અને અઘ્રીરસ જેને અવસ્તાવાણીમાં "અશો નર" તરીકે વખાણ્યો છે તે ઇરાનનાં તખ્તનો લોભ કરે, અને વળી જાલ એક તૂરાની શાહજાદાને ઇરાનનું તખ્ત આપવાની માગણી કરે એ બનવાજોગ લાગતું નથી.

આ તૂરાની શાહજાદા અઘ્રીરસના સંબંધમાં અવસ્તા વાણીમાં ગોશ, ફરવરદીન, અષિ અને જમ્યાદ યશ્તોમાં

જ્યારે જાલને સીસ્તાનમાં આ બનાવની ખબર પડી ત્યારે તે બોલ્યો કે "હવે અફ્રાસિયાબના અમલની આખેરી આવી છે." તે પાર્સ ખાતે ગયો અને ત્યાંથી મોટું લશ્કર લઈ રએ તરફ લડાઇ માટે ઉપડી ગયો. અફ્રાસિયાબને ખબર પડતાંજ તે પણ તેની સામે લડવા મેદાન પડયો.

ફસલ ૨—નૌદર પછીના પાદશાહો.

૧—નવો શાહ જવ.

જ્યારે અઘ્રીરસના ખૂનની ખબર ઇરાનીઓને પડી ત્યારે તેઓએ તેનો કીનો લેવા માટે એક લશ્કર ઉભું કરી અફ્રાસિયાબની સામે લડાઇ લઇ જઇ તેને ઇરાનમાંથી મારી કહાડવાનો ઠરાવ કીધો. પણ ઇરાનના ચોક્કસ ભાગો તેના હાથમાં હોવાથી અને તે તરફની મેહસુલ તેણે હાથ કરેલી હોવાથી તથા ત્યાંનું લશ્કર તેના સ્વાધીનમાં ગયલું હોવાથી, ઇરાની સરદારોને સૌથી પહેલાં શાહ નૌદરની જગા ઉપર પોતાનો નવો શાહ મુકરર કરવાની જરૂર જણાઈ, અને તેટલામાટે શાહી ખાન્દાનના કોઇ નબીરાની શોધ ચોતરફ ચાલી રહી. નૌદર શાહના બે બેટા હતા, પણ જેમ તૂસ તેમ ગુસ્તેહમ તખ્તને લાયકના ગુણ ધરાવનારા જણાયા નહિ. આપણને જણાવવામાં આવ્યું નથી કે તે ગુણો કેવા હોવા જોઇયે, પણ પાછળથી બનેલા દાખલાઓને આધારે અનુમાન કરી શકાય છે કે તેઓમાં તખ્તને લાયકની ખુબી નહિજ હતી. તોપણ અવસ્તાવાણીમાં તેમનાં નામો બહાદુર લડવૈયા તરીકે પ્રકાશિત થયલાંછે. ગમે તેમ હોય, પણ તેમનો હક એકથી વધારે વાર પિછાનવામાં આવ્યો ન હતો, અને તેથી વારંવાર શાહજાદો તૂસ ફરિયાદ ઉઠાવતો જણાયો છે.

તખ્ત આપવું અપાવવું એ પેહલવાન જાલનું કામ હતું. જોકે શાહનામામાં કે બીજી કોઇબી તવારીખમાં જાલને કોઇ મહાભારત લડાઇ મારવા ગયલો જણાવેલો નથી, તેના બેટા રૂસ્તમ જેવી તો નહિજ પણ તેના બાપ સામ જેવી બહાદુરી બતાવતો પણ આપણ તેને જોતા નથી, તોપણ સામ પછી ઇરાનમાં જાલ સિવાય બીજો કોઇ દાના અને સાથે લડવૈયો જણાતો નથી, માટે જાલનો કાબુ મોટો જણાય છે. નૌદરની જગા ઉપર તેના બેટાઓને નહિ બેસાડવાનો ચુકાદો પણ તેણેજ આપેલો હોવો જોઇયે, કેમકે પશંગના બેટા અફ્રાસિયાબ સામે લડાઇ લઇ જવાના નક્કી ઠરાવ ઉપર ઇરાની સરદારો આવ્યા ત્યારે જાલે તેમને જણાવ્યું હતું કે શાહી તખ્ત ઉપર કોઈ પાદશાહી બુનિયાદના નબીરાને બેસાડવો જોઇયે છે-કોઇ એવા વારેસને શોધી કહાડવો જોઇયે છે કે જે વજન પામેલો, મરતબાવાળો, મર્દાન્ગી ભરેલો હોય; તેવો કોઇ હોય તેનીજ

ઇશારા આવેલા છે, જે ઉપરથી એટલુંજ જણાય છે કે શાહ કય ખુસરૂએ પાછળથી અફ્રાસિયાબને જે બે શખ્સોના કીનામાં માર્યો તેઓમાંનો પહેલો અઘ્રીરસ અને બીજો સિયાવુશ (કય ખુસરૂનો બાપ) હતા. આ બન્ને અશો નર હતા, અને તેમને અફ્રાસિયાબે કતલ કર્યા અથવા કરાવ્યા હતા.

બુન્દેહશ મુજબ અઘ્રીરસ ગોપત નામના મુલ્કનો શાહ હોવાથી તે "ગોપતશાહ" ને નામે પણ ઓળખાય છે. આ ગોપત મુલ્ક ઇરાનવેજની લગોલગ હતો, અને ત્યાંથી દાઇતિક નદી વહેતી હતી. (પ્ર૦ ૨૯, ફ૦ ૫, નોટ ૬.)

૧ જવ (અથવા ઝુ) ના સંબંધમાં "તારીખે જેહાન આરા"માં એમ જણાવ્યું છે કે તે મિનોચેહરના બેટા તેહમાસ્પનો બેટો હતો. દિયારબેકરના પ્રાંતમાં "આબે ઝાબ" ને નામે જે નેહર (જવની નેહર) જાણીતી છે તે આ શાહે ખોદાવી હતી—ઉ. જલી, ઇરાનની તવારીખ, સફે ૧૩. મિર્ખુન્દ મુજબ આ જવ શાહ ફરીદુનના બેટા સલમના બેટા તેહમાસ્પનો બેટો હતો. પોતાના બાપના માર્યા ગયા પછી તેહમાસ્પ કોઈ જઝીરામાં છુપાઇ બેઠો હતો, જ્યાં મરણ પામ્યા પછી તેના બેટા જવને ઇરાનીઓએ નોદરશાહનું તખ્ત આપ્યું હતું. નૌદરના બેટાઓ હયાત છતાં તેમને બદલે ઇરાનીઓ પોતાના શત્રુ સલમના નબીરાને તાજ બક્ષે એ માનવા જોગ નથી.

હજુરમાં આપણું સર ઝુકાવીશું, અને તેનીજ સેવા સાથે ઉઠાવીશું. મિર્ખુંદ મુજબ એવા વીશ શાહજાદાઓની ટીપ તૈયાર કરી તે જાલની મુનસફી અને મંજુરિયત માટે રજુ કરવામાં આવી. આમાંથી કોણને લાયક ગણીને તખ્તે બેસાડવો તેના ગુચવાડામાં તે પેહલવાન હતો એટલામાં એક દાના મર્દે જવનું નામ રજુ કીધું, અને તેની બુનિયાદ તથા દાનાઇની હકીકત કહી સંભળાવી. જાલ તથા બીજા સરદારોને આ વાત પસંદ આવી, અને જોકે આ વેળા જવ ૮૦ વર્ષની ઉમરનો હતો તોપણ તે શાહ ફરીદૂનની ઓલાદનો હતો માટે તેઓએ એક આવાજે તેને પસંદ કીધો. તે જવ બિન તેહમાસ્પને નામે ઓળખાતો હતો, પણ અવસ્તા વાણીમાં તે "ઉજવ"ને નામે અને "તેહમાસ્પનાં ખાનદાનનો" કરી ઓળખાયો છે.[1]

જાલ હવે સપેહસાલાર કારનને થોડાક સિપાહોના રિસાલા સાથ જવને જઇ મળવા અને તેને તખ્ત કબૂલ રાખવા માટે સમજાવવા માટે મોકલ્યો. જવે પોતાની જઇફી છતાં ઇરાનના શાહ વિનાનાં ગભરાટને વખ્તે તખ્ત કબૂલ રાખવાની હા પાડી, અને સર્વની ખુશહાલી તથા મુબારકબાદી વચ્ચે તે તખ્તનશીન થયો.

નવા શાહની તખ્તનશીની બિના અફ્રાસિયાબને કાને આવી ત્યારે ઈરાની લશ્કર પણ તેની સામે જંગ માટે આગળ વધી ચુકેલું હતું. તૂરાની લશ્કર હવે તેની મુકાબેલ આવી ઉભું, અને બન્ને વચ્ચે લડાઇ બરપા થઇ. તેનું પરિણામ ઇરાનીઓની તરફેણુમાં આવતું જણાયું અને અફ્રાસિયાબે ઇરાન સરજમીન છોડી, જીહૂન પસાર કરી, તૂરાનમાં પાછા કદમ ભરવાનો વખ્ત આવી પુગેલો દીઠો. હાફિજ અબ્રૂ પોતાની તારીખમાં જણાવી જાય છે કે આ લડાઇ સાત મહિના સુધી ચાલુ રહ્યા પછી ઇરાનમાં ભુખમરો ચાલ્યો. વરસાદ નહિ પડવાથી અનાજ પાકયો નહિ અને દુકાળ પડયો. આથી જેમ ઇરાની તેમજ તૂરાની લશકરોને બહુ ખમવું પડયું. અંતે અફ્રાસિઆબ ઉપર પેગામ આવ્યો કે તારા જુલમ અને જબરદસ્તીનાં આ ફળ છે માટે હવે તું લડાઇ બંધ પાડ અને તારે વતન ચાલ્યો જા. અલબત, આ બળવાન તૂરાની સરદાર જેણે જીહૂન ઉતરી આવીને છેક રએ શેહર સુધીના ઇરાની મુલકનો કબ્જો લીધેલો તે મુગો મુગો ચાલ્યો તો જાયજ નહિ. એટલામાટે ફિર્દુસી જણાવે છે તેમ બન્ને પક્ષો વચ્ચે કોઇ એવી મતલબના કોલકરાર થવા જોઇયે કે જેથી સુલેહ બરપા થાય. શાહનામા મુજબ જીહૂન નદી અને તૂરાનની સરહદ વચ્ચે દહીસ્તાન, ખોતન અને ચીનનો મુલક તૂરાનીઓને મલ્યો, તેમજ સઘળી ભટકતી ટોળીઓ અથવા તાયફાઓ ઉપરની ઇરાની સલતનત પણ જાલે તૂરાનીઓને છોડી આપી, જેથી અફ્રાસિયાબ રાજી થઇને ઇરાન છોડી ગયો અને ઇરાનીઓ જંગ મેદાન છોડી પાછા ફર્યા. જવને તખ્ત ઉપર ઠરીઠામ કરીને જાલ જાબુલ ખાતે જઇ રહ્યો.

અફ્રાસિયાબનો ઇરાનમાં અમલ.

કહે છે કે અફ્રાસિયાબે ઇરાનમાં ૧૨ વર્ષ અમલ ચલાવ્યો હતો. પણ એ અમલ કોઈ ઠરીઠામ સરકારના જેવો કે સ્થાપિત રાજ્ય જેવો ન હતો. પાછળા જમાનાના સ્કીથ, શાક, અને આગળા વખ્તમાં જેઓ હુનૂ અથવા સુનૂને નામે અવસ્તા અને વેદનાં લખાણોમાં ઓળખાઇ ગયા છે તેવા કોઇ ભટકતી જિંદગી ગુજારનારા હજારો અને લાખો માણસોના ટોળાઓના બેએખ્તિયાર દરોડા અને લૂટફાટ અને ખૂનરેજી જેવો આ ૧૨ વર્ષનો તૂરાની અમલ હોય તો નવાઇ નથી. એ મુદતમાં અફ્રાસિયાબે ઇરાનમાં ઘણો ત્રાસ વર્તાવેલો હોવો જોઇએ, કે જેની નોંધ અવસ્તાવાણીમાં મોજુદ છે. તેણે બીજા જુલમી કામો જોડે નદીઓના માર્ગ પણ

૧. જુઓ "તારીખે શાહાને ઇરાન," દફ્તર ૧, સફે ૨૭૧.

બદલવાની ફરિયાદ આ પુરાણાં ભણતરોમાં નોંધાઇ છે. આ નદીઓ તે કઇ કઇ હશે તેમનાં નામો ત્યાં જણાવેલાં નથી, પણ કદાચ એમ હોય કે આ નદીઓમાંની એક તવારીખમાં મશહુર જીહૂન નદી હશે. આ એક બહુ મોટી નદી છે, જેનો પોહોળાત અર્ધા માઇલ જેટલો પહોળો છે, અને જે ઇરાન અને તૂરાનના મુલુક-ની વચ્ચે તેમની સરહદ જેવી ગણાતી હતી. તે બહુ પુરાણા જમાનાઓમાં કૅસ્પીઅન સમુદ્રમાં પડતી હતી, પણ ત્યારબાદ તે ઍરલ નામના વધારે ઉત્તરે આવેલા દરિયામાં પડે છે. આ નદી જે આજે "આમૂ દરિયા" ને નામે ઓળખાય તેનાં મૂખ આમ બદલાઇ કાં ગયાં તેનું વાસ્તવિક કારણ જણાયું નથી. અમને લાગે છે કે નદીનાં આ મૂખ કદાચ અફ્રાસિયાબે ફેરવી નાખેલાં હોય જે નદી ઇરાનના મુલકમાંથી પસાર થતી હતી તેને તેણે પોતાના રેતાળ અને ઉજડ મુલકમાંથી થોડે ભાગે વહેતી કરીને તેને આબાદ કરવાની ધારણાથી જીહૂનના મૂખને દક્ષિણે કૅસ્પીઅન સમુદ્રમાં પડવા નહી દેતાં ઉત્તરે ઍરલ સમુદ્રમાં ખેંચી લેવાની તદબીર કીધી હોય, અને તેથીજ અવસ્તાના જમાનાના ઇરાનીઓ ઉપલી ફરિયાદ ઉઠાવી ગયા હોય.

તૂરાની દરોડા પછીના બનાવો.

અફ્રાસિયાબ ઇરાન ખાલી કરી ગયા પછી શાહ જવે તૂરાનીઓથી થયલી બેશુમાર ખરાબીઓ દરસ્ત કરવા પાછળ કોશેશ કરવા માંડી. જેઓ ઘરબારથી અને માલમિલ્કતથી તારાજ થયાં હતાં તેમણે તેણે નવાજ્યાં અને પાછાં આબાદ કીધાં; ખેડુતોને માથેનો કર સાત વર્ષ સુધી માફ કીધો; કેટલીક નદીઓને તેમના અસલ માર્ગે પાછી વહેતી કીધી; અને નેહરોને પાછી જારી કીધી. આ સઘળી બિના સાથ મીર્ખુંદ જણાવે છે કે જવે ઇરાકના પ્રાંતમાં ઝાઇન અને અજાઇન નામની નેહરો ખંધાવી, અને બીજાં એવાંજ રૂડા કામો કીધાં.

ફિર્દુસી જવનો અમલ પાંચ વર્ષનો જણાવે છે, પણ મીર્ખુંદ જે આ શાહને "જાબ" ને નામે લખી જાય છે (અને કહે છે કે કોઇ કોઇ વાર તે "જૂદજીબ"ને નામે પણ ઓળખાયો છે) તેના જણાવ્યા મુજબ આ જૈફ શાહે ૩૦ વર્ષ અમલ ચલાવ્યો હતો, જે પછી તેનું તખ્ત તેના ભાઇ ગર્શાસ્પને મળ્યું હતુ. "મુફાતીદ અલ કુલૂબ" નામની કેતાબને આધારે વળી ઉપલો તવારીખનવેશ વિશેષ એમ જણાવે છે કે જવ અને ગર્શાસ્પ બન્ને સાથે મળીને અમલ ચલાવતા હતા; અને એ વાત બનવા જોગ છે, કેમકે ૮૬ વરશનો શાહ બેટા અથવા ભાઇની સલાહ રાજકાજમાં લઇને કામ કરે એમાં ખોટું કાંઇ નથી. પણ તબરી નામનો તવારીખ નવેશ, કેજે ફિર્દુસીની પણ આગમચ થઇ ગયોછે, તેના જણાવ્યા રવેશે ગર્શાસ્પ શાહ જવનો વજીર હતો. બીજા હાથ ઉપર "તારીખે મઆજમ"માં જણાવ્યું છે કે જવ પછી ગર્શાસ્પ શાહ થયો તેણે ૩૦ વર્ષ અમલ ચલાવ્યો હતો.

૨—શાહ ગર્શાસ્પ.

ઉપર જણાવ્યા મુજબ મુસલમાન તવારીખ નવેશોમાં ગર્શાસ્પ અને જવ વચ્ચેની ખેશાવંદી અને સંબંધ બાબે મતફેર છે. પણ ફિર્દૂસીને આધારે જોતાં ગર્શાસ્પ શાહ જવનો બેટો હતો અને તે નાની ઉમરનો હતો. શાહ જવ પાંચ વર્ષ અમલ ચલાવી ૮૬ વર્ષની ઉમરે મરણ પામ્યા પછી ગર્શાસ્પ તખ્તનશીન થયો. આ વાતની ખબર તૂરાનમાં પડતાંજ અફ્રાસિયાબને જાલ સાથ થયલા છેલ્લા કોલ કરાર તોડીને ઇરાન ઉપર દરોડો લાવવાનું બહાનું મળ્યું. પણ એ બાબતમાં તેને તેના બાપ પશંગ તરફથી કશું ઉત્તેજન મળ્યું નહિં. જે દહાડાથી અફ્રાસિયાબે પોતાના નાના ભાઇ અઘ્રીરસનું

ખૂન કર્યું હતું તે દહાડાથી પશંગ તેની તરફ ધિક્કારથી જોતો હતો, તેના તરફના પેગામો સાંભળતો ન હતો, તેની ફતેહ તરફ બેદરકાર રહેતો હતો. તે તેને કહેવાડી ચુક્યો હતો કે મેં તને દુશ્મન સામે લડવા મોકલ્યો હતો તેને બદલે તેં તારા ભાઇનો જાન લીધો છે તેથી હું તને મારો બેટો ગણવાની ના પાડું છું, માટે તારે મારી હજુરમાં મુતલક આવવું નહિ. પોતાના બાપનો આવો ગુસ્સો જોઇને અફ્રાસિયાબ તરત વેળા મુંગો બેઠો.

નવી તૂરાની ચઢાઇ.

નવો શાહ ગર્શાસ્પ નાની વયનો હતો, એમ ફિર્દૂસી જણાવે છે; પણ બાપના ૮૬ વર્ષની ઉમરે તેનો બેટો એટલી નાની ઉમરનો નહિ હોઇ શકે કે તે રાજકાજ ચલાવી નહિ શકે. આપણા શાયર મુજબ ગર્શાસ્પ સઘળો રાજદ્વારી કારોબાર જાલની સલાહ લઇને ચલાવતો હતો. એમ કરતાં છ વર્ષ વહી ગયાં, અને આ શાહ મરણ પામ્યો. આથી ઇરાની તખ્ત પાછું ખાલી પડયું. ગર્શાસ્પનો કોઇ બેટો હોય એમ જણાતું નથી, અને બીજો કોઇ રાજવંશી શાહી તખ્તને લાયકનો હોય એમ પણ માલૂમ પડતું નથી. આથી એક તરફથી ઇરાનીઓ અંદેશામાં પડયા, ત્યારે બીજી તરફથી તૂરાની શાહ પશંગને ઇરાન જીતવાનો નવેસરથી લોભ થયો, જેથી તેણે અફ્રાસિયાબની તકસીર માફ કીધી, અને તેને એક મોટું લશ્કર આપીને તૂરાનથી વિદાય કીધો. આ હુકમ મોટી ખુશહાલીથી કબૂલ રાખીને તે તૂરાની લડવૈયો જીહૂન નદી પસાર કરી ઇરાનમાં દાખલ થયો, અને સીપંજાબનાં મેદાનમાં છાવણી નાખી પડયો.

રૂસ્તમની સપેહસાલારી.

આ બનાવથી ઇરાની સરદારો બેવડા ગમ-ઘટમાં પડયા. દેશના શાહ વિના લશ્કરો ભેગાં થઇ શકતાં ન હોવાથી તેઓ નવા શાહની ઉતાવળમાં પડયા. જાલને તેઓએ શાહ ગર્શાસ્પનાં મરણની અને અફ્રાસિયાબની ચઢાઇની ખબર આપી, અને લશ્કરની સરદારી લેવાની આજર-ખ્વાહી કીધી. પણ જાલ લડાઇમાં ઉતરવાને નારાજ હતો. તેણે જણાવ્યું કે હવે મારી ઉમર ભરાઇ ચુકી છે, માટે હથિયાર પકડી લડવા જવાનું બને એમ નથી. તેણે કોઈ બીજા સરદારને સપેહ-સાલાર ઠરાવવા સૂચવ્યું; પણ જયારે ઇરાની સરદારો ઘણા બજીદ થયા ત્યારે જાલે તેમને એક તદન નવાજ અને નવજવાન સરદારની ભલામણ બહુ આનાકાનીથી કીધી. તેણે પોતાના જવાન બેટા રૂસ્તમને જંગ મેદાનમાં અફ્રાસિયાબ સામે લડવા મોકલવાની ખુશી બતાવી. આથી ઇરાની સરદારો ઘણા ખુશહાલ થયા. હવે જાલે રૂસ્તમને આ મુજબ કહ્યું:—

"અય મારા પીલતન બેટા, તું કે જે બીજાઓ કરતાં એક માથાંપુર ઉંચો અને કદાવર છે, તેને માટે એક મહાભારત કામ આવી પડયું છે, જેથી તારી ઉંઘ, આરાયસ અને ખુશહાલીનો અટકાવ થશે. અય બેટા, જંગમાં ઝીપલાવવા જોગ હજી તારી ઉમર થઇ નથી, તોપણ તેથી શું થયું? તારા હોઠમાંથી હજુ દુધની ખુશબો નીકળે છે; તું મોજમજા અને શિકારમાં લપટાયલો છે; ત્યારે તને શીરમર્દો સામે લડવા જંગ મેદાનમાં હું કેમ મોકલું? મારી તો હિમત ચાલતી નથી, પણ તું શું ધારે છે? તારો શો જવાબ છે?"

રૂસ્તમે જવાબ આપતાં કહ્યું કે "અય નામના ઉઠાવનાર બહાદુર પેહલવાન, પેલા મસ્ત હાથીના મેં કેવા હાલ કીધા, તથા સિપંદ કિલ્લો કેવો જીત્યો તે તું યાદ કર, અને પછી કહે કે અફ્રાસિયાબથી હું જો ડરૂં તો મારૂં નામ નહિ જાય? લડાઇથી નાસવાનો નહિ પણ તેમાં ઝીપલાવવાનો આ વખ્ત છે. જંગમાં ઝોંકાવવું, શીરમર્દોને જમીનદોસ્ત કરવા, અને

નામદારી મેળવવી, એ પેહલવાનોનું કામ છે, કાંઇ ઓરતનું નથી. તેમનું કામ તો ખાવું અને સુવું એજ છે."

જાલ આ સખુનોથી ઘણો ખુશહાલ થયો. તે બોલ્યો કે "અય બહાદુર જવાન, શાહના સફીદ હાથી અને સિપંદ દેજની તારી લડાઇની વાતો તારે મુખથી સાંભળીને મારાં હૈયાંનો હર્ષ સમાતો નથી. તે લડાઇઓ તું સહેલથી છત્યો ત્યારે હવે આજે તારે માટે મને બીવું શા માટે જોઇયે? અફ્રાસિયાબનાં કાવતરાંથી હું મારી ઉંઘ ખોઇ બેઠો છું, છતાં તને તેના જેવા લડવૈયા સામે લડવા કેમ જવા દઉં? આજે તો તારો મોજ મારવાનો ને ગાણાં બજાણાંનો, શરાબ નોશ કરવાનો અને પેહલવાનગીરીની કહાણી સાંભળવાનો વખ્ત છે--કાંઇ લડાઇમાં પડીને નામદારી મેલવવાનો વખ્ત નથી."

રૂસ્તમ બોલ્યો કે--"મોજમોક મારે જોઇતી નથી. આ મારી મસ્ત બાજુઓને અને મારા લાંબા હાથોને અયારી બનાવવા એ સારૂં નથી. જંગનું કામ મુસ્કેલ છે તો શું થયું? ખુદા અને મારૂં બખ્ત મારા દસ્તગીર છે." આમ કહીને રૂસ્તમે એક એવા અસ્પની માગણી કીધી કે જે ઉંચી પીઠનો અને તેની પોતાની કમંદમાં સપડાયલો, રૂસ્તમનો ભારી વજન ઉઠાવનારો હોય. વળી તેણે એક એવા ગુર્જની માગણી કીધી કે જે તુરાનની દુસ્મનોનાં માથાં ભાજનારો હોય.

રૂસ્તમના રક્ષનું બયાન.

જાલે ખુશહાલ થઇને તેને પોતાના બાપ સામેસવારનો પોલાદી ગુર્જ આપ્યો, કેજે વડે તે પેહલવાને માજન્દરાની દેવોનાં માથાં ભાંજ્યાં હતાં. પછી સઘળા જાબુલ તથા કાબુલના ઘોડાઓ ભેગા કરીને તેઓમાં જે પાદશાહી તોખમના હતા તે રૂસ્તમ આગળ હાજર કીધા. રૂસ્તમ આ દરેક ઘોડાની પીઠ એટલી બધી દાબતો કે જેથી તેનું પેટ જમીનને લાગતું. આમાંનો એકે અસ્પ તેને પસંદ પડયો નહિ. અંતે એક ટુંકા પગની અને ઝડપી ચાલની માદા તેણે જોઈ, કેજેની પુઠે તેનો વછેરો ચાલતો હતો. તે કદે ઉંચો, કાળી આંખનો, પહોળી છાતીનો, કઠણ અને ચલકતાં કાળાં પેટનો અને પોલાદ જેવી મજબૂત ખડીનો હતો. તેનો દેખાવ સોહામણો હતો, તેનું કદ ઉંટ જેવું ઉંચું હતું, અને તેનું જોર હાથી જેવું હતું.

રૂસ્તમ આ વછેરાને પકડવા માટે જેવો પોતાની કમંદ ફેંકવા જતો હતો એટલામાં એક બુઢા રખેવાલે તેને તેમ કરતો અટકાવ્યો. તે બોલ્યો કે "અય સરદાર! આ ઘોડો બીજાજ ધણીને માટેનો છે, વાસ્તે એને પકડશો મા."

"બીજો ધણી તે કોણ?" રૂસ્તમે પુછયું; "એની જાંગ ઉપર નિશાની કયાં છે?"

"નિશાની નથી તો શું થયું? અમે એ વછેડાને 'રક્ષ' ને નામે ઓળખિયે છિયે. એ પાણી જેવો નરમ છે તેમ વળી આતશ જેવો તેજ છે. એ તો 'રૂસ્તમના રક્ષ' ને નામે ઓળખાય છે; તેના સિવાય બીજો કોઇ એનો સવાર થઇ શકે નહિ. ત્રણ વર્ષ થયાં તે સવારીને લાયકનો થઇ ચુકયો છે. સઘળા અમીરો એને જોઇ તપાસી ચુકયા છે; પણ એના સવારને અને તેની કમંદને જોતાંજ આ ઘોડાની માતા સિંહ મિસાલ ગુસ્સામાં આવી જાય છે. એમ કાં તે કરતી હશે તેની અમને સમજ પડતી નથી; માટે એક ડાહ્યા માણસને છાજે તેમ તું આના જેવી એક નાગણને છેડવાથી પરહેજ રહે, કારણ કે આ ઘોડી જ્યારે શત્રુપર ચહડે છે ત્યારે શીરોના દિલ અને ચિત્તાનાં ચામડાં ચીરી નાખે છે."

પેલા બુઢા અસ્પબાનના સખુનો સાંભળી રૂસ્તમની આંખ ઉઘડી. તેણે પોતાની કમંદ ફેંકીને પેલા વછેરાને પકડયો. આ દેખાવ જોતાં એક હથી મિસાલ ગુસ્સામાં આવીને તેની માતા

રૂસ્તમને ચીરી નાખવા માટે તેના ઉપર ધસી આવી. પણ રૂસ્તમે જંગલનાં સિંહ મિસાલ એક એવી ગર્જના કીધી કે તેણી બીધી, અને પછી તેની પીઠનાં હાડકાં ઉપર એક એવો મુક્કો લગાવ્યો કે તેણી જમીન ઉપર લથડી પડી. તોપણ તરત ઉઠીને કુદકા મારતી ઘોડાઓનાં ગોવાળામાં જઇ મળી.

આ રીતે માતાને નસાડીને રૂસ્તમે તેના વછેરાને પોતાની કમંદનાં ફાંસામાં વધારે ને વધારે ઝીકડીને પોતાની નજદીક ખેંચ્યો અને હાથ મુકી તેની પીઠ પસવારી. વછેરાએ તેને બેસવા દીધો નહિ; તે રૂસ્તમને ઘસડતો થોડે છેટે સુધી નાઠો. પણ રૂસ્તમને લાગ્યું કે મને જે જોઇએ છે તે ઘોડો આજ છે. તે પવન જેવી ઝડપથી તેની પીઠ ઉપર ચહડી બેઠો અને તે જવાન ઘોડો તેને લઇ નાઠો. તે તેની કીમત પુછવા લાગ્યો, પણ ઘોડાના ધણીએ કહ્યું કે "જો તુંજ રૂસ્તમ હોય તો ઇરાનને દુશ્મનના પંજામાંથી ખલાસી અપાવ, એજ એની કીમત છે."

રૂસ્તમે પોતાના જવાન ઘોડાને દરેક રીતે સારીપેઠે તપાસી જોયો, અને તે તેને પસંદ પડયો તે જોઇને જાલ ખુશ થયો.

ફસલ ૩—નવા શાહની શોધમાં.

રૂસ્તમ અને કોબાદ.

હવે લડાઇ માટેની તૈયારીઓ ચાલી, અને જાલની સરદારી હેઠળ એક મોટું લશ્કર અફ્રાસિયાબની સામે લડવા માટે જાબુલથી ઉપડયું. પણ ઇરાન દેશને માથે હાલ કોઇ શાહ હતો નહિ. એટલામાટે ઇરાની સરદારો સાથ મસ્લહત કરીને જાલે પાદશાહી ખાન્દાનીઓ બાબે ખબર કહડાવતાં અંતે ફરીદૂનની નસલથી ઉતરેલા કોબાદ નામના જવાન રાજવંશીનો પત્તો મલવાથી સાહી તાજોતખ્ત લેવા માટે અલબોર્જ પહાડ તરફ રૂસ્તમને મોકળ્યો, કે જ્યાં તે શાહજાદો રહેતો હતો. તેણે રૂસ્તમને તાકીદ ફરમાવી કે એક પખવાડિયાંમાં કોબાદને લઇને જલદી પાછું ફરવું, અને મોજમજા માટે કયે થોભવું નહિ. આ વેળા ઇરાની અને તૂરાની લશ્કરો એકબીજાથી બે ફરસંગ જેટલાં દૂર હતાં.

રૂસ્તમના માર્ગ વચ્ચે તૂરાની કિલ્લો હતો, જ્યાંનું લશ્કર તેને રોકવા આવ્યું. રૂસ્તમ તેઓ સાથ લડયો અને તેમને શિકસ્ત આપી નસાડીને, પોતાના સાથીઓ સાથ આગળ વધ્યો. અફ્રાસિયાબને આ બાબેની ખબર પડતાંજ તેણે કુલૂન નામે તૂરાની સરદારને એવો હુકમ આપીને ઉપલા તૂરાની કિલ્લા ખાતે મોકલ્યો કે જ્યારે રૂસ્તમ પાછો ફરે ત્યારે તેનો માર્ગ રોકીને તેને હરાવવો.

પેલી તરફથી રૂસ્તમ કુચ કરતો આગળ વધ્યો અને અલબુર્જ તરફ જઇ પુગ્યો. પણ હજુ કોબાદનું મકાન દૂર હતું એટલામાં તે એક સોહામણી બેઠક આગળ જઇ પુગ્યો કે જ્યાંથી નાળાંઓ વહેતાં હતાં અને જ્યાં પુષ્કળ ઝાડો ઉગેલાં હતાં. નદીકાંઠા ઉપર ઝાડોના છાંયડા નીચે એક તખ્ત બનાવેલું હતું, જે ઉપર માહતાબી ચેહરાનો એક જવાન મર્દ બેઠેલો હતો અને તેની આજુબાજુ અદબ આદાબથી કેટલાક દરબારીઓ કમર કશીને ઉભા હતા. આમ ખિદમતમાં ઉભા રહેવાનો રિવાજ મોટાં માણસોમાં ચાલુ છે. રૂસ્તમને પોતાના સાથીઓ સાથ આવતો જોઇને આ દરબારીઓ તેની આગળ ગયા અને તેને પોતાનો મહેમાન થવાની અર્જ ગુજારી.

પણ રૂસ્તમે ઘોડાપરથી ઉતરવાની ના પાડીને કહ્યું કે મારે તો જરૂરનાં કામસર અલબુર્જ પહાડ ઉપર જવાનું છે; અને ઇરાનનું તખ્ત શાહ વગર ખાલી છે અને ઇરાની કબીલાઓ

માતમમાં છે ત્યાંસુધી મારે મનથી મોજમજાહ હરામ છે."

પેલાઓએ પુછયુ કે અલ્બુર્જ પહાડ ઉપર તું કોણની શોધમાં જાય છે તે અમને કહે, કારણકે અમોજી ઇરાન સરજમીનનાજ લડવૈયા છિયે, માટે અમો તારા ભોમિયા થઇ તને રસ્તો બતાવીશું."

રૂસ્તમે ખુલાસો કીધો કે "ઇરાનમાં તખ્તનો ભવિષનો શાહ ત્યાં વસે છે; તેનું નામ કોબાદ છે. તે શાહને જો તમો ઓળખતા હો તો તેની આગળ મને લઇ જાઓ."

અહીં પેલા લડવૈયાઓના વડાએ આવીને ખબર આપી કે તે કોબાદને હું ઓળખું છું; તું ઘોડાપરથી ઉતર અને અમારાં દિલ ખુશ કર; હું કોબાદ આગળ તને લઇ જઇશ, અને તેના તમામ બયાનથી તને વાકેફ કરીશ."

રૂસ્તમ રક્ષ ઉપરથી ઉતર્યો, અને સઘળાઓ શરાબ નોશ કરવા બેઠા. પેલા સરદારે જામ શરાબથી ભરીને રૂસ્તમની સલામતી લીધી, અને પછી તે રૂસ્તમને આપીને પુછયું કે "અય સરદાર, તેં કોબાદનું નામ કયાંથી જાણ્યું?"

રૂસ્તમે સઘળો ખુલાસો કરતાં પોતાના બાપ જાલની ઓળખ આપી, તથા ઇરાનની હાલત કહી સંભળાવી. આ સઘળું સાંભળીને પેલો માહતાબ ચેહરાનો જવાન સરદાર બોલ્યો કે "ફરીદુન શાહની ઓલાદથી ઉતરેલો કોબાદ તે હુંજ છું, અને મારા બાપ બપાવાના વંશ-વેળાથી વાકેફ છું." ૧

શાહ કોબાદ.

રૂસ્તમ આ સાંભળીને પોતાની બેઠક ઉપરથી ઉઠયો, શાહને નમ્યો, અને બોલ્યો કે "અય જેહાનના શાહોના શાહ, તારી બેઠક હવે અહીં નહિ પણ ઇરાનનું તખ્ત છે. પેહલવાનોના પેહલવાન જાલ તરફથી હું કુર્નસ બજાવું છું. અગર શાહ ફરમાવે તો મારો પેગામ કહી સંભળાવું."

કોબાદ શાહ પોતાની જગાએથી ઉઠયો, કે જે વેળા રૂસ્તમે જાલ તરફનો શાહ માટેનો પેગામ કહી સંભળાવ્યો, કે જેમાં એમમી જણાવ્યું હતું કે—"અય શાહ, તમામ લશ્કરો અને સિપાહો તારી વાટ જુએ છે, અને તારે માટે તખ્ત તૈયાર રાખ્યું છે, માટે તું જલ્દી આવ, તે ઉપર બિરાજ, અને સર્વનાં દિલ રોશન કર. ઇરાનનાં તાજોતખ્ત માટે તારા કરતાં કોઇ બીજાને અમો વધારે લાયક જોતા નથી."

આ સખુનો સાંભળતાંજ કોબાદનુ દિલ ખુશહા-લીથી ભરાઇ ગયું. તેણે ધડકને દિલે શરાબ મંગાવી રૂસ્તમની તનદુરસ્તી ચાહી, અને તેજ રીતે રૂસ્તમે નવા શાહની સલામતી લીધી. વાજાં વાગાં, શરાબનો દોર ચાલ્યો, અને શાયર કહે છે કે ગમ દૂર થઇ ગયો. પછી જવાન શાહે રૂસ્તમને આ મુજબ કહ્યું—

"ખ્વાબમાં મેં બે સફેદ બાજ પક્ષીઓને ઇરાન તરફથી આ તરફ આવતાં જોયાં, જેઓ પોતાની સાથે આફતાબના જેવું રોશન તાજ લઇને ઉડતાં હતાં. તે મારી નજદીક આવ્યાં, અને ઘણોએક ગેલ અને લાડ કરીને તે તાજ મારે માથે મુકયું. પુર ઉમેદ સાથ

૧ કોબાદના સંબંધમાં "જેહાનઆરા" કેતાબમાં લખે છે કે તે તેહમાસ્પનો બેટો હતો. [કયો તેહમાસ્પ? જો મિનો-ચેહરનો બેટો તેહમાસ્પ કોબાદનો બાપ હોય તો તખ્તનશીની વેળા ફિર્દોસી જણાવે છે તેમ એ શાહ જવાન નહિ પણ પીરમર્દ હોવો જોઇયે.] એના વખતમાં ઇરાન અને તુરાનની વચ્ચે જયહૂન નદી સરહદ ગણાતી હતી. કોબાદનું પાએતખ્ત ઇસ્ફહાન હતું—ઉ. જલી: ઇરાનની તવારીખ: સફે ૧૫.

તેહમાસ્પ નામનો જે ધણી "તારીખે શમ્શેરખાની" મુજબ શાહ જ.વનો બાપ હતો તેજ જો કોબાદનો પણ બાપ હોય તો તેની નેમણુક પણ તુસ અને ગુસ્તેહમ જેવા મિનોચેહર શાહના નબીરાઓને પડતા મેલીને કરવી સ.જાવાર ગણાય નહિ.

હું બીદાર થયો, કેમકે પેલાં સફેદ બાજ અને પેલું તાજ, એ બેની તાસીર શી હશે, તે જાણવાની મને ખાંહેશ પેદા થઇ. મેં આ ઉપરથી આ નદી કાંઠે પાદશાહોના જેવી એક દરબાર બનાવી, અને ખ્વાબ કેવી રીતે ખરો પડે છે તેની વાટ જોતો હતો એટલામાં બેમિસાલ રૂસ્તમ પેલાં સફેદ બાજની મિસાલે પાદશાહી તાજની વધામણી લઇને મને આવી મળ્યો."

રૂસ્તમે કહ્યું કે "તું નામવરના ખ્વાબમાં થયલી આગાહી ખરી પડી છે. એ બાજમાંનું એક હું અને બીજું મારો બાપ જાલ છે, કે જે તારે માથે તાજ મુકશે. હવે ચાલો આપણે તૈયાર થઇને ઇરાન અને તેના પેહલવાનોને જઈ મળિયે."

આ પછી કોબાદ અને રૂસ્તમે ઇરાનની રાહ ધરી, અને રાત દહાડો કુચ કરતા તેઓ પેલાજ તૂરાની કિલ્લા આગળ પાછા આવી પુગ્યા, કે જ્યાં રૂસ્તમને આગળ વધતો અટકાવવામાં આવ્યો હતો. અહીંનો તૂરાની સરદાર હાલ કુલૂન હતો, જેને રૂસ્તમના આવ્યાની ખબર મળતાંજ તે તેને પસાર થતો અટકાવી લડાઇ કરવા સામો થયો. નવો શાહ પોતે આ લડાઇમાં પોતાનું જોર અજમાવવાને તૈયાર થયો, પણ રૂસ્તમે તેને એ કામથી વાર્યો, અને પોતેજ દુશ્મનોની સામે લડવા ગયો.

બન્ને વચ્ચે કેટલોક વાર લડાઇ ચાલ્યા પછી રૂસ્તમે કુલૂનને પોતાના ભાલાની અણી વડે ઉડાવીને હવામાં ઉંચો કીધો, અને પછી તે ભાલો જમીન ઉપર ગોઠવ્યો, જેથી કુલૂનની કેવી હાલત હતી તે સઘળા તુર્કીઓના જોવામાં આવ્યું. પછી તેને જમીન ઉપર પટકી રૂસ્તમ પોતાનો રક્ષ તેનાં શરીર ઉપરથી ચલાવી લઈ ગયો. કુલૂનને આવી રીતે મરી ગયલો જોતાંજ તેનું તુર્કી લશ્કર નાસી ગયું. હવે રૂસ્તમ શાહ કોબાદને લઇને જાબુલ તરફ ચાલ્યો ગયો. માર્ગમાં તેઓ એક ઘાસપાણીવાળી જગાએ વીસામો લેવા થોભ્યા, અને આફતાબ ગુમ થયા પછી રાત પડી ત્યારે તેઓ પાછા ગુપચુપ આગળ વધ્યા, અને તેજ રાત્રે જાલના મહેલમાં જઇ પુગ્યા. અહીં રૂસ્તમે જાલ સાથ શાહની મુલાકાત કરાવી, અને બન્ને એકબીજાને ભેટ્યા પછી એક હફતા સુધી તેઓએ ઇરાની અમીરો અને સરદારો સાથ મળીને તાજોતખ્ત અને જંગ અને અફ્રાસિયાબને લગતી મસ્લેહત ચલાવી. આ સઘળું ખાનગી રીતે કરી પરવાર્યા પછી આઠમે દહાડે કોબાદનાં સર ઉપર ઇરાન સરજમીનનું તાજ મુક્યું, અને એ તાજપોષીની ખબર આખા દેશમાં જાહેર કરવામાં આવી.

* * *

વધારો ૨ જો.

પેશદાદ વંશ બાબે વિચાર.

અહીં પેશદાદ વંશના અમલની સમાપ્તિ થાય છે. પેશદાદ વંશમાં નીચલા શાહોનાં નામો જોવામાં આવે છે, જે નામો અવસ્તાવાણીમાંથી પણ મળે છે:—

ફારસી:	અવસ્તા:
ગયોમર્દ	ગયોમરેથન
હોશંગ	હઓષ્યંગ
તેહમુરસ	તખ્મઉરૂપ
જમશીદ	યિમક્ષયત
[જહાક]	[અઝીદહાક]
ફરીદૂન	થ્રએતઓન
મિનોચેહર	મનુશ્ચિથ્ર
નૌદર	નઓતર
જવ	ઉઝવ
ગર્શાસ્પ	....

પેશદાદ વંશની પાદશાહી કેટલાં વર્ષ સુધી ચાલી હશે તે નક્કી કરવું—માત્ર અડસટ્ટો કહાડવો પણ—મુશ્કેલ છે. જુદા જુદા મુસલમાન તવારીખ નવેશો એ મુદત આ મુજબની આપી જાયછે:—

૧-તારીખે હમ્જા બિન હુસેન ઇસ્ફહાની મુજબ ૨૪૭૦ વર્ષ.

૨-તારીખે બેહરામશાહ બિન મર્દાનશાહ મુજબ ૨૭૩૪ વર્ષ

૩-એક નનામી તારીખ મુજબ ૨૪૪૧ વર્ષ

૪-બ્રિટિશ મ્યુઝીઅમ મધેની શાહનામાની એક સુંદર નકલ સાથ જોડેલી ઇરાનના પાદશાહોની હાથે લખેલી ટીપ મુજબ ૨૪૭૦ વર્ષ.

પાદશાહોની જિંદગીનાં વર્ષને તેમની પાદશાહીનાં વર્ષની મુદત દાખલ લેવાથી, તથા એક આખાં ખાન્દાનના જુદા જુદા પાદશાહોના અમલની મુદતને તે ખાન્દાનના મૂળ પુરૂષ અથવા વધારે પ્રખ્યાત થયલા શાહના અમલની મુદત દાખલ ગણવાથી વર્ષોની ભેળમભેળ અને ભુલ ભાલ થાય એ બનવાજોગ છે. ઇંગ્લંડમાં જુદાં જુદાં ખાન્દાનના રાજાઓ રાજ કરી ગયા છે, તેઓમાંનાં દરેક ખાન્દાનના અમલની મુદત ભેગી કરિયે તો વર્ષનો સરવાળો મોટો આવે, પણ તે જેમ એક પાદશાહના અમલનો સરવાળો નથી, તેમજ પેશદાદ વંશમાં અનેક વંશોનો સમાસ થયલો હોવાથી તેની હડી હજાર વર્ષની લાંબી મુદત તે એક વંશના અમલની મુદત માની શકાય નહિ. જમશેદ, જહાક, ફરીદૂન—એ સઘળાં જુદાં જુદાં ખાન્દાનો છે, અને ૫૦૦ યા ૧૦૦૦ વર્ષનો અમલ તે એક શાહનો નહિ પણ તેનાં આખાં ખાન્દાનના અમલનો ભેગો સરવાળો છે.

જમશેદ પછી જહાક, જહાક પછી ફરીદૂન, અને ફરીદૂન પછી મિનોચેહર, એમ શાહો એક પછી એક આવ્યા હોય એ આપણી સાદી અક્કલમાં ઉતરે એવી વાત નથી. બુન્દેહેશ નામની પેહલવી કેતાબમાં જણાવ્યા મુજબ આ સઘળા શાહોના લાંબા અમલમાં અનેક પહેડીઓનો સમાસ થાય છે. જેમકે જમશેદથી ફરીદૂન સુધીના જહાકના પરદેશી અમલ દરમિયાન નીચે મુજબની[1] આઠ પહેડીઓ હતી; એટલે કે ફરીદૂન જમશેદથી ૧૦ મી. પહેડીએ ઉતરેલો હતો:[1]—

નિય—વન્ફ્રઘેશ્ન[2]—રમક-તોરા[3] આસ્પિયાન—ગેફરતોરા આસ્પિયાન—સ્પેદતોરા આસ્પિયાન—સિયાકતોરા આસ્પિયાન—બોરતોરા આસ્પિયાન—સોકતોરા આસ્પિયાન—પૂરતોરા આસ્પિયાન[4]—ફ્રેદૂન આસ્પિયાન. ફરીદૂન જમશીદના નબીરા રમક તોરાથી એક આસ્પિયાન દાખલ ઓળખાય છે. ફિર્દૂસી મુજબ તેના બાપનું નામ આત્બીન હતું એની સમજ એ છે કે તેનો વડેરો આસ્પિયાનની અટકથી ઓળખાતો હતો તેથી ફરીદૂન સુધીના તેના સઘળા વંશજો એજ અટકે ઓળખાયા હતા એમ બુન્દેહેશ ઉપરથી જણાય છે. જમશીદ અને ફરીદૂન વચ્ચે આઠ પહેડી જેટલો ગાળો હતો એમ મિર્ખુંદ પોતાની "રોઝત અસ સફા" કેતાબમાં લખી જાય છે તે બુન્દેહેશને આધારેજ હશે.

જમશીદથી ફરીદૂન સુધીની દશ પહેડીની મુદત બતાવે છે કે ઇરાનમાં જહાક જેવા પરદેશી પાદશાહનું એકલું નહિ પણ તેના આખા વંશનું રાજ્ય ચાલ્યું હતું, અને તે વંશના શાહો અનેક હોવા જોઇયે. અગરજો દર પહેડી ૩૦ વર્ષની મુદત

૧. બુન્દેહેશઃ બાબ ૩૧—ફકરો ૭.

૨. આ નામ વન્ફ્રાકિશ્ન અથવા વન્ફ્રાકગાન એવું પણ મળે છે.

૩. ઉપલાં સઘળા નામોને છેડે "તોરા" બોલ છે તેનો અર્થ 'બળદ' થાય છે, અને આ દરેક નામવાળો ધણી ગોયા પુષ્કળ સફેદ, કાળા, બદામી વગેરે રંગના બળદ ધરાવતો હોય એવો અર્થ નિકળે છે. આ ઉપરથી જણાય છે કે આગળા જમાનાઓમાં જાનવરો ઉપરથી નામો પાડવામાં આવતાં હશે. જેમ જમશીદ અને ફરીદુનની વચ્ચેના જમાનામાં ગાય બળદ ઉપરથી તેમ કયાની અમલ વેળા ઘોડા (અસ્પ) અને ઉંટ (ઉશ્ત્ર) ઉપરથી નામો બનેલાં સંભવે છે.

૪. આ નામ પાઝંદમાં પુરગૈ છે, અને તે અવસ્તાનાં પૈરૂગૈ ઉપરથી બનેલું છે.

ગણિયે તો જહાક અને તેનાં વંશનો અમલ ૩૦૦ થી વધારે મુદતનો થતો નથી. માટે તેણે ૧૦૦૦ વર્ષ રાજ્ય કરવાનો સરવાળો ટકી શકતો નથી.

એજ રીતે જમશીદે ૬૦૦ થી ૭૦૦ વર્ષ રાજ્ય ભોગવવાનુંબી સમજવાનું છે. ઓછામાં ઓછા વીશથી બાવીશ શાહો એટલી મુદતમાં અમલ ભોગવી ગયલા હોંવા જોઇયે. અને તે સર્વે જમશેદી વંશના શાહો હોવાથી પહેલો મહાન શાહ જમશીદ તેજ છેલ્લો મગરૂર શાહ જમશીદ ગણાયો અને તેજ જહાકના હાથ ઉપર માર્યો ગયેલો મનાયો.

ફરીદૂનથી મિનોચેહર સુધીનાં ૫૦ વર્ષોમાંબી એજ પ્રમાણે ૧૬ થી ૧૭ શાહ થઇ જવા જોઇયે. અને બુન્દેહશ ઉપરથી જોવામાં આવે છે કે મિનોચેહર ફરીદૂનથી ૧૨ મી પહેડીએ ઉતરેલો હતો. માટે એ બન્ને વચ્ચે બીજા ૧૦ શાહ થઇ ગયા હોય, અને તે તૂર અથવા સલમના વારેસો હોય.

મિનોચેહરે ૧૨૦ વર્ષ અમલ ચલાવ્યો તે મુદતમાંબી બીજા શાહોનો સમાસ થઇ શકે, જેઓમાં નોદર છેલ્લો હોય અને તેના પછી અફ્રાસિયાબ મારફતે તૂરાની દોર ઇરાનમાં પાછો ચાલુ થયો હોય.

ગયોમર્દ ૪૦, હુશંગે ૩૦ અને તેહમુરસે ૪૦ વર્ષ રાજ કર્યા પછી જમશીદ ૭૦૦ વર્ષ, જહાક ૧૦૦૦ વર્ષ અને ફરીદૂન ૫૦૦ વર્ષની અતિ લાંબી મુદત સુધી અમલ કાં ચલાવી જાય તેની સમજણ ઉપલા ખુલાસા ઉપરથી મળી શકે છે.

એજ રીતે મિનોચેહરના ૧૨૦ વર્ષના અમલ પછી નોદરનાં ૭, જવનાં ૫ અને ગર્શાસ્પનાં ૯ વર્ષ દેખાડે છે કે આ દરેક શાહના પોતાના અમલના વર્ષો હતાં અને તેમાં બીજા કોઇના અમલનાં વર્ષ ઘુસી ગયાં ન હતાં. અગરજો જમશીદ અને જહાક અને ફરીદૂન લાંબી ઉમરના ગણાતા હોય તો ગયોમર્દ અને હુશંગ અને તેહમુરસ ટુંકી ઉમરના કાં હતા?

પેશદાદ વંશના ઓછામાં ઓછા ૨૪૯૦ વર્ષના લાંબા અમલનો ભેદ આજ છે. એજ ભેદ એકવાર ખુલ્લો પડી ગયા પછી સુવાલ ઉઠે છે કે ઉપલા સઘળા ૯ પાદશાહો "પેશદાદ વંશ" ના કહેવાય છે તેનું કારણ શું? તેઓ કાંઇ એક ચોકસ વંશના ન હતા: અગત્ય કરીને જમશીદ પછી પહેલા વંશની આખેરી આવેલી ગણાવી જોઇયે, કેજે જહાકી યાને પરદેશી વંશ હતું; ફરીદૂનનું પણ તેવુંજ જુદું વંશ હતું, કે જેણે જહાકી વંશની આખેરી આણી હતી; અને મિનોચેહરનું વંશ પણ એલાહેદુંજ ગણાવું જોઇયે, કેજે શાહે વચગાળેના તૂરાની અમલનું શેવટ આણ્યું હતું.

અવસ્તામાં શાહ હુશંગને "પરધાત" યાને પહેલા કાયદા બાંધનાર ગણ્યો છે, તે ઉપરથી પેહલવીમાં "પેશદાદ" બોલ નિકળ્યો છે, અને હુશંગ 'પેશદાદ' પછીના સઘળા શાહો એજ નામે ઓળખાયલા જણાય છે, તો જોકે તેહમુરસ, જમશીદ, ફરીદૂન કે મિનોચેહર એઓમાંના કોઇનેબી અવસ્તામાં "પરધાત" ના લકબથી ઓળખાવ્યા નથી.

ભાગ ૪ થો.

કયાની પાદશાહત.

બાબ ૧—શાહ કયકોબાદ.[1]

ફસલ ૧—રૂસ્તમની પહેલી જવાંમર્દી.

કોબાદની કહાણી.

કયાની વંશનો પહેલો પાદશાહ કોબાદ હવે તખ્તનશીન થયો. અવસ્તા જમાનામાં તે કવિ કવાત (કય કોબાદ) ને નામે ઓળખાયો છે. કયકોબાદના બાપ બપાવાનાં નામ મળતાં નથી. કોઇપણ પુરાણાં લખાણોમાં તેની નસલ આપેલી નથી. શાહનામા મુજબ તે ફરીદૂનથી ઉતરેલો હતો. અવસ્તામાં ફરવરદીન અને જમ્યાદ યસ્તોમાં આ શાહ બાબે ઇશારા મળે છે; બુન્દેહશમાં તેનાં ફરજંદોનાં નામો આપ્યાં છે; શાહનામામાં તેનું સુંદર વર્ણન ચિતાયું છે; પણ

---

૧. નવો શાહ કોબાદ ' કય ' ના એલકાબથી ઓળખાય છે, અને તેના પછીના છેક ગુશતાસ્પ સુધીના શાહો એજ લકબ ઉપરથી ' કયાની' કહેવાય છે. ફિર્દુસીએજ નહિ, તેની આગમજનાં બુન્દેહશ વગેરે પેહલવી લખાણોમાંજ નહિ, પણ અવસ્તાવાણીમાંથી કોબાદ અને તેના વારેસોને ' કવિ ' તરીકે ઓળખ્યા છે. અશો .જરતોશ્તના ગાથામાં શાહ ગુશતાસ્પને ' કવા વીશ્તાસ્પા' કહ્યો છે. એવું જણાય છે કે શાહ કોબાદ જે ખાન્દાનથી ઉતરેલો હતો તે " કવ " ને નામે ઓળખાતું હતું. વળી એ ખાન્દાન કવ્ય, કવ, અને કવિ એવાં નામે ઓળખાયું છે. જેમ અવસ્તામાંથી તેમ ઋગવેદમાંથી પણ આ નામ અને તેની જોડેનું બીજું નામ ' કરપ ' મળે છે. આ ' કરપ 'ને મળતું વૈદિક નામ ' કલ્પ ' અને ' કવ ' ને મળતું ' કવિ ' છે. વેદમાં જેઓ ' કવિ ' કહેવાયા છે તેઓ ધર્મગુરૂ ખાન્દાનના અને અગમચેતી કરનાર વર્ગના ગણાતા હતા. તેમની જોડે ' કલ્પ ' નામના ગુરૂઓ ક્રિયા કરનારા હતા. વેદનાં કવિ ખાન્દાનમાં કયા કયા ઋષિઓ થઇ ગયા છે તે આપણ જાણતા નથી, પણ અવસ્તામાં કવિ દાખલ કોબાદ, તેનો બેટો અપિવેહ, તેના દીકરાઓ, કાઉસ, અર્શ, બ્યારશ અને પીશીન, કાઉસનો બેટો સિયાવુશ અને નબીરો ખુસરૂ, પીશીનનો ચોથી પહેડીનો નબીરો લોહરાસ્પ, અને લોહરાસ્પનો બેટો ગુશતાસ્પ—એ સઘળા કવિ ગણાયા છે. કવિ એટલે રાજ્ય તેમજ દીનના પેશવા.

અવલમાં જ્યારે આર્ય ટોળાઓમાં ઇરાની અને હિંદુના વડવાઓ આર્યવત (ઇરાનવેજ) માં ભેગા વસતા હતા, ત્યારે તેઓમાં કવિ અને કરપ (કરપ) જેવાં ખાન્દાનો સાંમાન્ય હતાં, એમ જણાય છે. પણ પાછળથી અશો .જરતોશ્તે વૈદિક આર્યોના અનેક દેવતાઓને યાદ કરવાનાં કામનો તુચ્છકાર કીધો, અને એકલા એકજ મહાગ્નાની સાહેબ (આહુર મજદ)ની પરસ્તેશ શીખવી, ત્યારે જેઓ કવિને નામે મોટા વડા ધર્મગુરૂનો દરજ્જો ભોગવતા હતા અને કલ્પ (કરપ) દાખલ દેવતાઓની ક્રિયા કરનારા હતા તેઓ તેનાં આ નવાં સુધરેલાં શિક્ષણની સામે થયા, અને તેના દુશ્મન બન્યા. આથી પેગામ્બર સાહેબે આ કવિઓનો તુચ્છકાર કર્યો અને ત્યાર પછી તેઓ તેમજ કલ્પ (કરપ) ધિક્કાર પામ્યા, અને કવિઓ તે છતી આંખે નહિ જોઇ શકનારા અને કરપો તે છતે કાને રૂડાં શિક્ષણ નહિ સાંભળી શકનારા ગણાવા લાગ્યા. અશો .જરતોશ્ત પોતે તથા તેમના વડવા આ અસલ ખાન્દાનીઓથીજ ઉતરી આવેલા હતા એટલે કે જેમ કવિ અને કરપ ધર્મગુરૂ હતા તેમ પેગામ્બર અને તેમના વડવા પણ હતા.

કયકોબાદ શાહ એ રીતે ધર્મગુરૂ ખાન્દાનનો હોવાથી તેનું ખાન્દાન તેના તખ્તે બેઠા પછીથી કાવ્ય અથવા કયાનીને નામે ઓળખાતું થયું.

કયખુસરૂ સુધીના શાહો કવિ કવાત યાને શાહ કયકોબાદનાં ખાન્દાનના હતા; પણ લોહરાસ્પ જેને કવિ ગણ્યો નથી તેનો બેટો કયકોબાદનાં ખાન્દાનનો ન હતો; તે તો શાહ નોદરનાં ખાન્દાનનો હતો. નોદરના બે બેટાઓમાંના એકને પણ તખ્ત ન આપતાં જેમ કોબાદ કવિને તખ્ત મળ્યું, તેમ શાહ કયખુસરૂ કવિને ફરજંદ ન હોવાથી, નોદરના ખાન્દાની લોહરાસ્પને પસંદ કરી તેને તખ્ત આપવામાં આવ્યું હતું. કોબાદથી ચાલુ થયલા કવિઓના દોરની આખરી .જર-

કોઈપ્પી અવસ્તાઈ, પેહલવી કે ફાર્સી લખાણુ-માંથી શાહ કોબાદના માતપિતાની હકીકત કે ઇશારો મળતો નથી. ¹બુન્દેહેશમાં એ શાહના સંબંધમાં એક નવાઇ જેવી કહાણી જણાવેલી છે, જે બાબુલના બહુ પુરાણા પાદશાહ સાર્ગન-ની તેમજ યહુદી પેગમ્બર મૂસાની કહાણીને મળતી છે.[२] કુરૂશ, સિકંદર, અર્દશીર બાબકાન વગેરે પાદશાહોના જન્મના સંબંધમાં પણ એવીજ કહાણીઓ આપણ વાંચિયે છિયે. પણ એ સઘળી કહાણીઓજ છે—કાંઇ ખરી હકીકત નથી—માટે તે ઉપર આધાર બંધાય નહિ.

તે જંગમાં ઉતરે છે.

તખ્તે બેસતાંજ નવા શાહને અફ્રાસિયાબ તૂરાની સામે જંગમાં ઉતરવાનું ઇરાની સરદારો તરફથી નોતરૂં થયું. તે જમાનામાં શાહો મેહેલમાં બેસી આરામ લેતા ન હતા, પણ લશ્કરોની સરદારી લઇ જાતે લડવા ઉતરતા હતા. શાહ અને સરદાર માથે હોય તો લશ્કરો તેમની કુમક ઉપર લડતાં હતાં, અને તેમને માર્યા ગયલા કે જંગમાંથી પીઠ મરડેલા જોતાંજ લશ્કરો નાસભાગમાં પડતાં હતાં. કોબાદને તખ્ત આપ્યું તે વેળા તેની આસપાસ જાલ, કારન, કેશ્વાદ, ખરાદ, અને બર્ઝીન વગેરે સિપાહસાલારો અને સરદારો અને પેહલવાનો હાજર હતા. એ સઘળાઓ તરફનું જંગનું ઇંજન થતાંજ શાહ તૈયાર થયો, લશ્કરોની તપાસ લીધી, અને પછી વાજતે ગાજતે તમામ ફોજ આગળ વધી. એ ફોજમાં બે નવા સરદારોનો વધારો થયો હતો. લશ્કરોની સપેહ-સાલારી જવાન રૂસ્તમને મળી હતી તે, પોતાના મમાવા (કાબુલના શાહ) મેહરાબ સાથે, હવે લશ્કરમાં જોડાયો. લશ્કરની એક પાંખ મેહ-રાબની સરદારી હેઠળ મુકી, અને બીજીની સરદારી શાહ નૌદરના બેટા ગુસ્તેહમને આપવામાં આવી. જંગજોય કારન તમામ લશ્કરોની વચ્ચે ઉભો હતો, જેના જોડે કેશ્વાદ હતો.

તોશ્તી દીન જાહેર થયા પછી આવ્યા બાદ ગુશ્તાસ્પ કવિ જુદીજ દીનનો કયાની શાહ થયો હતો.

વળી એમ પણ કહે છે કે લોહરાસ્પ પણ કયકો-બાદનાં ખાન્દાનનો હતો તે આ રીતઃ—લોહરીસ્પ બિન ઓગી બીન મનુશ બિન પીશીન બિન અપીવહુ બિન કોબાદ. આ પેઢી આપીને ડૉ૦ યુસ્ટી એક લેખમાં જણાવે છે કે પ્રથમ કવિનો અર્થ "દાના અથવા ભવિષ જોનાર" થતો હતો. તે ગુશ્તાસ્પના તખ્તે બેઠા પછી પડતો મુકાયો અને કવિ એટલે ધર્મના ભલા લાભો નહિ મેળવનાર, નહિ જોઇ શકનાર (છતી આંખે આંધળો) એવો રહ્યો. એજ રીતે "કરપન" નો અસલ અર્થ "મુર્તિને માનનાર ધર્મગુરૂ" એવો થતો હતો તે પડતો મેલાઇ ધર્મની ખાલિસ વાતો તરફ બેદરકાર રહેનાર, તેનાં શિક્ષણ નહિ સાંભળનાર (છતે કાને બહેરો) એવો થયો.

२ બુન્દેહેશ મુજબ કોબાદનાં માતપિતાએ તેને જન્મ વેળા તજી દીધો હતો, અને કપડાંમાં વિંટાળી નદી કાંઠે મેલી આવ્યાં હતાં. અહીં થંડીથી અકડી ગયલી હાલતમાં આ બાળકને ઓઝવ ઉચકી લાવ્યો હતો, અને પોતાનાં મકાનમાં લાડથી ઉછેરી તેને મોટો કીધો હતો, તથા તેનું નામ કોબાદ રાખ્યું હતું. (બાબ ૩૧, ફ૦ ૨૪).

સાર્ગન (Sargon) ના પોતાના કોતરાવેલા લેખોની ઈંટ હાલ ખોદી કહાડવામાં આવી છે, તેમાં જણાવ્યા મુજબ એ પુરાણો પાદશાહ (ઇ. પૂ. ૭૨૦–૭૦૭) પોતાને માટે કહે છે તેમ તેની મા હલકાં ખાન્દાનની હતી, અને તેનો બાપ કોણ હતો તે વિશે તેને પોતાને કશી ખબર ન હતી. તેનો કાકો પહાડમાં વસતો હતો. તેનું વતન યુફ્રેટીસ નદી ઉપરનું એક ગામ હતું. માતાએ છુપી રીતે જન્મ આપ્યા પછી તેને એક ટોપલીમાં મુકી તેનું ઢાંકણ મજબૂત બંધ કરી નદીમાં તરતો કીધો. એક બાગબાને તે ટોપલી સલામત ખેંચી કહાડી, અને તેને ઉછેરીને બાગબાન બનાવ્યો. પછી ઈશ્તર દેવીની મેહરબાનીથી તેને બાબુલનું રાજ્ય મળ્યું.

મૂસા યહુદીઓનો મશહુર પેગામ્બર (ઇ૦ પૂ. ૧૬ મી સદીમાં) હતો, જેને માટે એવી કથા છે કે તેનું વતન ગોશન મિસરના રાજા જે 'ફારોહ' ને નામે ઓળખાતા હતા તેના તાબામાં હતું, અને એ રાજાને ખ્વાબમાં એમ જણાયું હતું કે તેનું રાજ્ય એક યહુદીના હાથ ઉપર ખરાબ થશે. આ ઉપરથી રાજાએ દરેક યહુદી બેટાને જન્મ વેળા મારી નાખવાનો હુકમ કહાડયો, જેથી મૂસાનાં માતપિતાએ તેને એક સંદુકમાં બંધ કરીને નદીમાં છોડી મેલ્યો, અને ફારોહની શાહજાદીને તે પટારો મળવાથી તેણીએ મૂસાને ઉછેર્યો.

આ ત્રણ ભાગમાં વહેંચાયલાં લશ્કરની પુંઠે રૂસ્તમ જુદી ફોજ લઇને ધસ્યો આવ્યો હતો, જેની સાથે પહેલવાન જાલ અને શાહ કોબાદ હતા. તેનાં આ લશ્કરમાં કાવા લુહાડનાં ચામડાંનાં બખ્તરમાંથી બનાવેલો પ્રખ્યાત ગાવ્યાની ઝુંડો ઉઠાવેલો હતો.

રૂસ્તમ અફ્રાસિયાબ સાથ લડવા માંગે છે.

આ રીતે લશ્કરો સફ સમારીને ઉભાં. અને તુરાની લશ્કરો તો ઇરાનીની વાટ જોતાંજ ઉભાં હતાં, માટે હવે જંગ શુરૂ થઇ અને આગળ વધી. આ લડાઈમાં એક મુખ્ય બનાવ એ બન્યો કે જાલની લડાઇમાંથી નાઠેલા તુરાની સરદાર શમાસાસને જેહાંજોય કારને સપડાવ્યો અને તેની જોડે લડાઇ કરીને તેનો જાન લીધો. લડાઇ ઘણી જોશમાં ચાલી, પણ રૂસ્તમ હજુ પાછળ હતો. તેણે આવી મોટી જંગ હજુ જોઇ ન હતી અને તેનો અનુભવ તેને મળ્યો ન હતો. જાલની મતલબ તરત વેળા રૂસ્તમ હતો ત્યાંજ તેને રાખીને લડાઇનો તમાશો દેખાડવાની હતી; પણ તે જવાન પેહલવાન પાછળ ઉભો રહી જંગનો રંગ જોતો કંટાળી ગયો હતો. તેણે પોતાના બાપથી સૌથી પહેલાં જે જાણવા માંગ્યું તે એ હતું કે અફ્રાસિયાબ કયો અને કયાં હતો ?. તે બોલ્યો કે

“ અય પેહલવાનોના પેહલવાન ! બુરો અફ્રાસિયાબ કયાં ઉભો છે તે તું મને બતાવ. તેના પોશાક અને તેના ઝુંડાની મને નિશાની આપ. હું તેની સામે લડવા જવાને તલબગાર છું. હું તેને કમરબંધમાંથી પકડીને ઇરાની લશ્કરમાં ધસડતો લાવવા માગું છું.”

જાલ ચમકયો. તેણે પોતાના બળવાન બેટાને આજનો દિવસ લડાઇથી દૂર રાખવા માંગ્યું. તે બોલ્યો કે—“ બેટા, મારી વાત સાંભળ. આજે તું તારાં સરપર કશો જોખમ મા ખેંચ. અફ્રાસિયાબ એક અજદહા છે; તેનો દમ આતશી છે. તેનું બખ્તર અને ઝુંડો કાળા રંગનાં છે. તેની કોલાહતું પીછું પણ સિયાહ છે. તેની આસ્નાઇ કરીશ મા—કેમકે તે બહાદુર છે અને તેનું એકબાલ કદી ઉંઘતું નથી.”

પણ આથી રૂસ્તમ ડગમગ્યો નહિ. તે પોતાના જૈફ પિતાને પતાવીને બોલ્યો કે “ તું મારી ફિકર કરીશ મા. ખુદાની મેહરથી, અને મારી બાજુ અને શમ્શીરનાં બળથી તે અજદહા હોય કે દેવ હોય તોપણ તેને કમરમાંથી પકડીને ધસડતો હું આ તરફ એવો ખેંચી લાવીશ કે પશંગનાં લશ્કરો દાંતમાં આંગળાં પકડીને માતમ કરશે.”

અફ્રાસિયાબનું છટકવું.

આમ બોલતાંજ કમાનમાંથી છુટેલા તીર મિસાલ બહાદુર રૂસ્તમ પોતાનાં લશ્કરમાંથી નીકળી તુરાનીઓની સફ તરફ ધસી ગયો, જેને ધસારાબંધ પોતાનો રક્ષ ડપટાવતો જોઇને અફ્રાસિયાબ અચરત થઇ પુછવા લાગ્યો કે “ આ ઇરાની છોકરો વળી કોણ છે ? એવા નાનકડા જવાન સિપાહને હું ઓળખતો નથી. એક અજદહા છટકેલો ધસે તેમ ધસ્યો આવેછે તે કોણ છે ?”

તરત જવાબ મળ્યો અને ખુલાસો થયો કે એ તો સામેસવારના બેટા જાલનો બેટો છે, જેના હાથમાં તેના બપાવાનો ગુર્જ ઉઠાવેલો છે. આ સાંભળતાંજ જેમ મોજા ઉપર કિસ્તી ઉછળે તેમ ઉછળીને અફ્રાસિયાબ રૂસ્તમની મુકાબેલ ગયો. તેઓ વચ્ચે ઝાઝી લડાઇ ચાલી નહિ એટલામાં રૂસ્તમે પોતાના હરીફને તેના કમરબંધમાંથી પકડયો, ને તેને ધસડતો શાહ કયકોબાદ આગળ લઇ જવાનો કસ્દ કીધો, એવું દેખાડવા કે આ મારી પહેલાજ દિવસની જંગનું ફળ છે. પણ અફ્રાસિયાબનાં મોટાં ભાગ્ય કે તેના પોતાના વજનથી તેમજ રૂસ્તમની મજબત પકડથી તે તુરાની શાહજાદાનો કમરબંધ તુટી ગયો અને તે પોતાના ઘોડા

ઉપરથી જમીન ઉપર પટકાયો. આ તમાશો જોતાંજ તેના મદદગાર સાથીઓ અફ્રાસિયાબની આસપાસ ફરી વળ્યા અને તેને ઉપાડી તુરાની સફમાં ખેંચી ગયા. આ બનાવથી રૂસ્તમ બહુ ખીજાયો.[1] તે બોલ્યો કે જો મેં એને મારી બગલમાં પકડી ઉઠાવી લીધો હોત તો તે આમ છટકી જવા પામત નહિ.

ઇરાની ફતેહ.

પેલી તરફથી ઇરાની લશ્કરોમાં ખુશખબર ફરી વળી. હાથી ઉપરના સવારોએ ઉપલો તમાશો જોઇ ખુશીના પુકાર ઉઠાવ્યા અને શાદિયાનાં વગાડયાં. એજ વેળા શાહ કયકોબાદ આગળ ખબર આવી કે જવાન રૂસ્તમના હાથ ઉપર માર ખાઇને અફ્રાસિયાબ જીવ લઇને નાઠોછે અને લશ્કરને પાછળ મુકી ગયો છે.

આ ઉપરથી શાહે હુકમ આપતાંજ ઇરાની લશ્કર શત્રુઓ ઉપર તુટી પડયું અને તેમની પુઠ પકડીને તેમનો ભારી સંહાર કર્યો. આ કામમાં રૂસ્તમે ઘણી જવાંમર્દી બતાવી. તેણે તુરાનીઓને પ્રથમ દામઘાન તરફ અને ત્યાંથી જીહૂન તરફ ઉભી પુછડીએ નસાડયા.

આટલું કામ કરીને ઇરાની સરદારો પોતાનાં લશ્કર સાથ પાછા ફર્યા અને શાહને આવી મળ્યા. તેઓ દુશ્મનોને મોટી સંખ્યામાં કેદ પકડી લાવ્યા હતા. તેઓએ રૂસ્તમની જવાંમર્દીની ભારી તારીફ કીધી, જેથી ખુશહાલ થઇને શાહ કોબાદે તે જવાન પેહલવાનને પોતાની પાસે બેઠક આપીને નવાજયો.

અફ્રાસિયાબનો બળાપો.

પેલી તરફથી અફ્રાસિયાબ રૂસ્તમના સપાટામાંથી છટકી નાઠો તે જીહૂનને કાંઠે આવીને થોભ્યો. અહીં તેણે એક હફતા સુધી આસાયશ લીધી, અને પછી ત્યાંથી ઉપડી પોતાના બાપની દરબારમાં ગયો. તેણે ભારી ગુસ્સા અને દિલગીરી તથા પસ્તાવા સાથ પોતાના તમામ હેવાલથી તુરાની દરબારને વાકેફ કીધી, અને ઇરાનીઓ સાથ એકદમ સુલેહ કરવાની ભલામણ કીધી. તે બોલ્યો કે—

"અય શાહ, આ લડાઇ બરપા કરવામાં સઘળો કસુર તારો છે. આગળા પાદશાહો આપેલા કોલ કદી તોડતા ન હતા. ઇરજની બુનિયાદનાઓ હજુ એ જમીન ઉપરથી નાબુદ થયા નથી.[2] આજે તે બુનિયાદનો શાહ કોબાદનાં નામથી ઇરાનનાં તખ્ત ઉપર બેઠો છે. વળી સામેસવારનો નબીરો—જાલનો બેટો—રૂસ્તમ નામનો પેદા પડયો છે. તેણે આપણાં લશ્કરનો ઘાણ વાળ્યો છે. મારો ઝુંડો પિછાનીને તે મારી સાથે લડવા આવ્યો, અને હું એક મચ્છર

---

૧ અફ્રાસિયાબના છટકી જવાના સંબંધમાં મિર્ખુન્દ બીજી કોઇ તવારીખ (જેનું તે નામ આપતો નથી તે) ને આધારે આ મતલબની નવી બિના જણાવે છેઃ—બન્ને લશ્કરો સફ સમારી એક બીજાની સામે જઇ ઉભાં ત્યારે રૂસ્તમે અફ્રાસિયાબની નિશાની મેળવી ને પોતે ઘોડો ઝોંકાવતો તુરાની સફ તરફ ધસી ગયો, અને તે સફ તોડીને જયાં અફ્રાસિયાબ હતો ત્યાં જઇ ઉભો. તે તુર્કી સરદાર આ હમ્નબર્દને જોતાંજ તેની સાથ લડવાને બદલે નાસી ગયો, પણ રૂસ્તમે તેની પુઠ પકડીને તેને ઘોડાપરથી નીચે નાખ્યો અને તેની ડોકીમાં કમંદનો ફાંસો નાખીને તેને ઘસડતો ઇરાની સફ તરફ ચાલ્યો. માર્ગમાં અફ્રાસિયાબ કોઇ તદબીરથી પોતાના ગળામાંનો ફાંસો કહાડી તે એક માર્યા ગયલા સિપાહીની લાશનાં ગળાંમાં પહેરાવી દીધો અને પોતે ઉતાવળો નાસીને પોતાની છાવણીમાં ભરાઇ ગયો. રૂસ્તમને આ દગા બાબે ખબર નહિ હોવાથી તે તો પોતાનાં લશ્કરની શાબાશી મેળવતો શાહના ડેરા આગળ જઇ પુગ્યો, અને ત્યાં જયારે ખરી બિનાથી તે વાકેફ થયો ત્યારે તે બહુ શર્મિંદો બન્યો. પણ શાહે તેનો ગભરાટ જોઇ ધીરજ આપી કે આજે અફ્રાસિયાબ તારા હાથ ઉપર માર ખાઇને નાઠો છે એ આપણાજ લાભની વાત છે, કારણકે હવે તે પોતાનો મુલ્ક છોડીને આપણા મુલ્કમાં પગ મુકવાની ફરીથી હિમત કરશે નહિ. રૂસ્તમે બચાવ કીધો કે આ બનાવ મારી જવાન ઉમર અને કાચી અકલથી બનવા પામ્યો છે, પણ એવી ભૂલ ફરીથી થવા પામશે નહિ.

૨—અહીં શાયર ફરીદુન શાહની બુનિયાદનો ઇશારો કરતાં તેના બેટા ઇરજનું નામ વાપરે છે.

કે મગતરૂં હોઉં તેમ તેણે મને મારા ઘોડા ઉપરથી ઉઠાવી જમીન ઉપર પટકી મારો જાન લેવા ચાહ્યું, પણ કમરબંધ તુટી ગયાથી હું બચી ગયો. હું કેવો બળવાન છું તે તો તું જાણે છે, પણ તેની મુઠીમાં હું તો એક દોરા મિસાલ છું. તેને જોઇ મારી અક્કલ હેરાન રહી છે. જાણે ફોલાદનો ઘડેલો હોય, અને પથર તથા કાંસું ખાઇ ઉછર્યો હોય એવો તે મસ્ત અને મજબૂત છે. લડાઇ તો તેની રમત છે. જો એવું જોર તેના વડવા સામનું હોત તો આજે એક પણ તૂરાની જીવવા પામત નહિ. હવે આપણા હાથમાં એકજ ઇલાજ છે અને તે એ કે સુલેહ માગવી. મારા જેવા બહાદુર અને બળવાન લડવૈયામાં રૂસ્તમ સામે જઈ લડવાની તાકત નથી. મારી સલાહ માન અને સુલેહ કર. ફરીદૂને જે મુલ્ક તુરને આપ્યો હતો તે આગળી લડાઇ વેળા ઇરાનીઓએ મારે હવાલે પાછો કરી દીધો છે તેટલુંજ આપણને બસ છે. મુલ્કની તે વહેંચણી બરાબરજ થયલી છે. હવે જુનો કીનો પાછો તાજો કરવો જોઇતો નથી. જો સરહદ ઓલંગી આપણુ ઇરાની મુલ્કમાં ફરીથી જઇશું તો આખી જેહાન આપણી સામે તંગ આવશે. સુલેહનું કામ આજે થતું હોય તો તું કાલપર રાખતો ના. કાલ કોણ જાણે શી બલા લેતી આવશે તેની કોને ખબર છે? બાગમાં ખીલી નીકળેલો ગુલાબ આજને બદલે તું કાલે તોડવા જશે તો તે કરમાઇ ગયલો જણાશે. કુબ્બાદ અને બારમાન, ખજરવાન અને શમાસાસ, એ સઘળા જંગમાં ઉખડી ગયા છે. એ ઉપરાંત બીજા દશ હજાર તૂરાનીઓ હાલની લડાઇમાં માર્યા ગયા છે. હવે તું કયકોબાદ સાથ સુલેહ કર; નહિતો ઇરાની લશ્કર ચારે બાજુએથી આપણા મુલ્ક ઉપર ચઢાઇ લાવશે: રૂસ્તમ અને કારન અને કેસ્વાદ અને મેહરાબ આપણી સરજમીનને ઘેરી લેશે."

સુલેહ માટે પશંગનું નામું.

અફ્રાસિયાબ તરફના આ રવેશબા સખુનો સાંભળીને પશંગને બારી ખેજાલત લાગી. આવા નબળા શબ્દો પોતાના બહાદુર બેટાને મૂખથી સાંભળવાની તેણે વકી રાખી ન હતી. તે વળી આજે આવો વાજબી બોલનારો અને હકઇનસાફની વાતો કરનારો થઇ બેસશે એમ તેણે ધાર્યું હતું નહિ. પણ હવે પશંગે સુલેહ કરવાની ફર્જ જોઇ. તેણે એક ડાહ્યા એલચીને નામું[1] આપી શાહ કોબાદ પાસે મોકલ્યો, જેમાં આ મતલબનું લખ્યું હતું કે—

"ઇરજ સામે લડાઇ લઇ જઇ તૂરે તેનો જાન લીધો તે માટેના કીનાની લડાઇને સદા કાળ લંબાવી રાખવી નહિ જોઇયે, કારણ કે ઇરજનો કીનો તો મિનોચેહેર લઇ ચુકયો હતો. શાહ ફરીદૂને કરેલા મુલુકના બાગલા હક વાજબી હતા. તુર્કસ્તાનથી માવર ઉન નેહર (જેની હદ જીહૂનનો દરિયા છે ત્યાં) સુધીનો હિસ્સો અમારો છે; ઇરજનો હિસ્સો ઇરાન છે. હવે જો આપણુ આ સરહદ ઓળંગીને લડાઇમાં ઉતરિયે તો તલવારો ચમકે, જેહાન તંગ આવે, ખુદા ગુસ્સે થાય, આપણુ બન્ને જેહાનનો બદલો ખોઇ બેસિયે. એટલામાટે ફરીદૂને કરી આપેલી વહેંચણી ચાલો આપણે કબૂલ રાખિયે અને ઇરજ, તૂર તથા સલ્મ એ ત્રણે ભાઇઓના નબીરાઓ દાખલ એકબીજા સાથે હળીમળીને રહિયે. પેહલવાન જાલના માથાંના બાલ બરફ જેવા સફેદ બની ચુકયા છે, અને ખાક આપણા લડવૈયાઓનાં લોહીથી લાલ બની ગઇ છે; તોપણ શેવટે તો એક

૧—આગળા પાદશાહોના સમયમાં નામાઓ ઘણા સુંદર અક્ષરે, ઉમદા કાગજ ઉપર, દિલખુશ નક્શી સાથ લખાતાં હશે, એમ ફિર્દોસીએ આ નામાના સંબંધમાં કરેલા ઇશારા ઉપરથી જણાય છે. તે લખી જાય છે કે પશંગે કયકોબાદ ઉપર મોકલેલું નામુ અંઝંગ ચિત્તારાને ઝેબ આપે એવા ખુશખત અને એક સો રંગો પુરીને નક્ષ કામથી શણગારેલું હતું.

માણસનાં કદની લંબાઇ કરતાં વધુ જગા તેને જોઇતી નથી.[1] જો કય કોબાદ અને જાલ કબૂલ થાય તો હવેથી અમો જીહૂનનું નામ પણ દેવાના નથી. ઇરાનીઓ તેની દક્ષિણે સંતોષી થઇને રહેશે, તો બન્ને મુલુક વચ્ચે ઇખલાસ વધશે અને તેઓ સુખી થશે."

ઝવેરાત, જરરીન તાજોતખ્ત, સોનેરી લેબાસ સજેલી દાસીઓ, સોનેરી સાઝ સાથના અરબી ઘોડા, રૂપેરી મ્યાન સાથની હિંદી તલવારો, અને બીજાં પુષ્કળ તુરાની અસ્બાબના હદિયા સાથ તુર્કી શાહ પશંગે ઉપલી મતલબનું નામું ઇરાની છાવણી તરફ રવાના કીધું, કે જ્યાં હજુ શાહ કોબાદ હતો. આ નામું વાંચી પોતાના દરબારીઓ અને સલાહકારો સાથ મસ્લેહત કરીને, શાહે તેનો આ મતલબનો જવાબ મોકલાવ્યો—

"આ લડાઇની આગ અફ્રાસિયાબે સળગાવી છે—તે અમે શરૂ કીધી નથી. દુશ્મનીનું બી તૂરે રોપ્યું હતું, અને આજે નવી જંગ તારા બેટાએ બરપા કીધી છે. નૌદર શાહના તેણે કેવા હાલ કીધા. તેથી તું વાકેફ તો હોવો જોઇયે, અને દાના અધીરસ સાથ એક ઇનસાનને નહિ છાજે તેવી ચાલ એજ તારા બેટાએ ચલાવી છે. પણ હવે જો તું આજે એ સઘળાં કામોને માટે પસ્તાતો હોય તો, જોકે હું તારી ઉપર કીનો લેવાને પુરતો શકિતવાન છું, અને જે કાંઇ બનવાનું હોય તેને માટે તૈયાર ઉભેલો છું, તો-પણ હું નવા કોલકરાર કરવાની ના પાડીશ નહિ."

સુલેહ તરફ શાહની પસંદગી.

આ પછી શાહે કબાલો તૈયાર કરાવ્યો અને તેમ કરીને પોતાની મોટાઇમાં વધારો કીધો. એલચી આ નામુ લઇને પશંગને જઇ મળ્યો, અને તે તુર્કી શાહ લડાઇનો તમામ અસ્બાબ ઉઠાવી, જીહૂન પસાર કરી પોતાને વતન ચાલ્યો ગયો. આ ખબર સાંભળીને શાહ કોબાદ ખુશહાલ થયો કે વધુ ખૂનરેજી વગર શત્રુનો દરોડો બંધ પડયો. પણ બહાદુર રૂસ્તમને આ સુલેહ ગમી નહિ. તે બોલ્યો કે મારા ગુર્જના પ્રતાપે તુર્કીઓને સુલેહ કરવાની ફરજ પડી છે, કેમકે આગળાં વર્ષોમાં તેઓ સુલેહની વાત કરતાજ ન હતા.

આ ઉપરથી કોબાદ શાહે આ જવાન પેહલવાનને આ પ્રમાણે દાનાઇ ભરેલો જવાબ આપ્યો કે—

"રાસ્તી સિવાય વધારે બેહતર હું કાંઇ જાણતો નથી. પશંગ શાહ ફરીદૂનનો નબીરો છે. તેને આ જંગથી અચ્છી સજા મળી છે માટે તે લડાઇનું મોં કાળું કરવા તૈયાર થયો છે. એમ છે ત્યારે દાના આદમીઓને લાજેમ નથી કે તેની સાથ ગેરઇનસાફી અને નારાસ્તીથી ચાલે. અય રૂસ્તમ, સિંધુ નદી અને જાબુલિસ્તાન વચ્ચેનો તમામ મુલ્ક હું તારાં નામ ઉપર કરી આપું છું, માટે તું જઇને નીમરૂજનાં તાજોતખ્તનો માલિક થા; મેહરાબને કાબુલમાં સલામત રાખ; અને તારા ભાલાની નોક તૈયાર રાખ, કારણકે જ્યાં શાહ વસે છે ત્યાં જંગ હાજર હોય છે."

શાહ કોબાદે જાલ અને રૂસ્તમને નવાજ્યા, જેમ કરતાં તે જાલને માટે બોલ્યો કે "પાદશાહી તખ્ત જાલ વિનાનું હોજો મા; તેનો એક બાલ આખી દુનિયાના વજન કરતાં પણ વધારે છે; એ તો આપણાં તાજોતખ્તનો પાક ખુદા તરફનો વારસો છે." શાહે સચ્ચી દિલથી પુષ્કળ કીમતી જિનસોથી જાલને ખુશહાલ બનાવ્યા જોડે

[1]—ફિર્દોસી પોતાના જમાનામાં ચાલતા રિવાજને આધારે પશંગનાં મોંમાં જે શબ્દો મેલે છે તે એમ જણાવવા કે તે વેળા ઈરાનીઓ તેમજ તુરાનીઓ લાશને દાટતા હતા. કહી શકાતું નથી કે શાહ કોબાદ અને તેની આગમજના જમાનામાં ઈરાનીઓમાં દાટવાનો રિવાજ હતો કે બાળવાનો. તેઓમાં લાશને બાળવાનો રિવાજ એક વાર હતો એવું 'દખમ' શબ્દ ઉપરથી અને વંદીદાદના ચોક્કસ ઇશારાઓ ઉપરથી જણાય છે. કદાચ એ શાહના સમયમાં લાશને પહાડ ઉપર મુકી આવવાનો રિવાજ હસ્તીમાં હોય કે નહિ હોય.

વળી કહ્યું કે "આ દુનિયામાં તારી કોઇબી ઇચ્છા હું ફેબર લાવ્યા વિના રહીશ નહિ." એજ રીતે શાહે કારન, કેશ્વાદ, ખરાદ, બર્ઝીન, પુલાદ વગેરે પેહલવાનોને પણ સારી રીતે નવાજયા અને ખુશી કીધા. કોઇને પોશાક, કોઇને શમ્શીર, કોઇને ઢાલ, કોઇને નાણાંની થેલી, અને કોઇને શમ્શીર સાથે કમરબંધની બક્ષેશ કીધી.

કયકોબાદના વારેસો.

હવે શાહ લડાઇની છાવણી ઉઠાવીને પાર્સ તરફ આવ્યો, જ્યાં પાયતખ્ત ઇસ્તખર ખાને શાહી ખજાનો રાખવામાં આવતો હતો. અહીં તમામ રૈયતોની ખુશહાલી વચ્ચે તે તખ્તનશીન થયો, અને તખ્ત ઉપરથી ભાષણ કરતાં બોલ્યો કે—"રાસ્તી સિવાય મારૂં કામ બીજું કાંઇ નથી. ખુદાના ગુસ્સાથી આફત આવી પડે છે. રંજ અને રાસ્તીથી મેં ઇરાન સરજમીનમાં સુલેહ પાંથરી છે. જ્યાં ખાક અને પાણી હશે ત્યાં મારો ખજાનો છે એમ જાણવું. મારા રક્ષક સિપાહો તે મારા તાબાના શાહો છે. શેહરી અને સિપાહી મારી નજરમાં એકસરખા છે."

શાહે પોતાનાં લશ્કરો ભેગાં કરીને તેમની તપાસ લીધી. તેણે ઘણાંએક શેહરો વસાવ્યાં. રએ શેહરની આજુબાજુ એકશો ખુશનુમા બેઠકો આરાસ્તા કરાવી. જ્યારે પોતાની અજલ આવી પુગવાની તેને બશારત થઇ ત્યારે તે એક શો વર્ષની ઉમરે[1] પુગ્યો હતો. તેના ચાર બેટાઓ હતા, એમ ફિર્દુસી જણાવી જાય છે, પણ બુન્દેહેશથી એ બિનાને ટેકો મળતો નથી. પહેલો કય કાઉસ, બીજો કય આરશ, ત્રીજો કય પશીન, અને ચોથો કય અર્મીન, એવાં આ ચાર બેટાઓનાં નામો શાયર આપી જાય છે. પણ બુન્દેહશ મુજબ કય કોબાદ શાહનો તો એકજ બેટો હતો, જેનું નામ કય અંપીવેહ હતું. એ નામ અવસ્તાના કવિ અઇપિવંઘુ નામ સાથે મળતું આવે છે કે જેનાં ફરોહરને ફરવરદીન યશ્તમાં આરાધેલું છે.[2] અને જમ્યાદ યશ્ત મુજબ તેણે ક્યાની ખોરેહ મળેલું હતું.[3] અપીવેહ શાહજાદાના ચાર બેટા હતા, જેમનાં નામો શાહનામા તથા પેહલવી અને અવસ્તામાંથી નીચે મુજબ મળે છે:—

અવસ્તા મુજબ.	પેહલવી મુજબ.	શાહનામા મુજબ.
કવિ અર્શન	કઇ અર્શ	કય અરિશ
કવિ બ્યાર્ષાન	કઇ બ્યાર્ષ	....
કવિ પિસનંઘ	કઇ પિસાન	કય પશીન
કવિ ઉસધન	કઇ કાઊસ	કય કાઉસ
....	....	કય અર્મીન

ફિર્દુસીએ જણાવેલા કય અર્મીનનું નામ અવસ્તા કે પહેલવીમાંથી મળતું નથી, તેમ કવિ બ્યાર્ષાનનું નામ શાહનામામાં નથી.

સઘળા મુસલમાન તવારીખનવેશો એકસરખું લખી જાય છે કે કય કોબાદનો વડો બેટો કાઉસ હતો, જે તેની પછી તખ્તનશીન થયો હતો. પણ અવસ્તામાં અને ત્યારબાદ પેહલવીમાં કોબાદના બેટાનું નામ અપીવેહ (અઇપિવંઘુ) જણાવેલું છે, અને તેને કવિ (કઇ) ના એલકાબથી ઓળખેલો છે, માટે તેને તેના બાપનું તખ્ત મળેલું હોવું જોઇયે, અને તેની પછી તેનો વડો બેટો કાઉસ તથા ત્યારબાદ તેના ત્રણ ભાઇઓ એક પછી એક તખ્તનશીન થવા જોઇએ. પણ કાઉસનો અમલ લાંબો અને જાણવાજોગ હોવાથી તેની આગળ અને પાછળ

1 ફિર્દુસી મુજબ કોબાદે ૧૦૦ વર્ષ રાજ્ય ચલાવ્યું હતું. પણ આ આંકડો તેના અમલનો નહિ પણ તેની ઉમરનો જણાય છે. તેના અમલનાં વર્ષ શાયર જણાવતો નથી. જો ઉપલા ૧૦૦) ના આંકડાને તેના અમલની મુદત ગણિયે તો એ સંખ્યા બુન્દેહેશ સાથ મળતી આવતી નથી. ત્યાં જણાવ્યા મુજબ કોબાદે માત્ર ૧૫ વર્ષ રાજ્ય ચલાવ્યું હતું. બનવા જોગ છે કે કોબાદના બેટો કય અપીવેહના અમલનાં વર્ષો પણ આ અમલમાં ઘુસી ગયાં હોય.

2 ફ૦ ૧૩૨. 3 ફ૦ ૭૧-૭૨.

થઇ ગયલા શાહોના અમેલ તેની મુદ્દતમાંજ સમાવી દેવામાં આવ્યા હોય અને તેઓ શાહ હતા એમ પાછળથી ભૂલાઇ જવાયું હોય. ઉપર ઇશારો કીધા મુજબ જમ્યાદ યસ્તમાં એક ઠેકાણે જે જે, કયાની શાહોને કયાની નૂર (યાને ખોરેહ) મળેલું હતું તેઓમાંનો એક અપીવેહ હતો, એટલુંજ નહિ પણ કાઉસ પછી તેના ત્રણે ભાઇઓ પણ એ નૂર ધરાવી ગયા હતા, અને તેટલામાટે તેમનાં ફ્રેોહરોને જેમ ફ્રરવરદીન યસ્તમાં આરાધ્યાં છે તેમ જમ્યાદ યસ્તમાં તેમને કય કોબાદ, કય કાઉસ અને કય ખુસરના જેવાજ "નામીચા, જોરેમંદ, સારી તનદુરસ્તીવાળા, દમદમાવાળા (અથવા નૂરમંદ), તદબીરથી કામ લેનારા અને મહાભારત કામો માથે ઉપાડનારા" ગણેલા છે.

કય કોબાદ બહાદુર, ઇનસાફી, દયાળુ અને સુલેહ પસંદ કરનારો શાહ હતો. જોકે પશંગે સુલેહ માટે માંગણી કરતી વેળા પોતાની સરકશી છોડી ન હતી, અને તૂરાનીઓ ખામખા પોતાની શિકસ્તને થકીજ સુલેહ કરવા માંગતા હતા માટે તેમને આ વેળાએ જવા મુકવા નહિ જોઇએ એવી જવાન રૂસ્તમની મજબૂત ભલામણ હતી, તોપણ શાહે લડાઇ ચાલુ નહિ રાખતાં, દુશ્મનને વધારે જેર નહિ કરતાં, તેનાં જુના ક્રૂર કામો ભૂલી જઇ, તેનાં હાલનાં કામો માટે સરજનશ કરી, તથા ભવિષમાં તેને સુધરવા માટેની શીખામણ દઇને, કય કોબાદે સુલેહની માંગણી કબૂલ રાખી. એ પછી તેણે પોતાના દેશના અને રૈયતોના સુધારા માટેના ઉપાયો લીધા, શેહરો અને કસ્બાઓ બાંધ્યાં અને મજબૂત કીધાં, અને પોતાનું તખ્ત ઉત્તરેથી ખસેડી પાર્સ પ્રાંતમાં ઇસ્તખ્ર ખાતે મુકરર કીધું.[1]

---

૧ આ વાત ખરી યા માનવાજોગ દીસતી નથી. અત્યાર સુધી ઇરાનનું પાયતખ્ત જો ઉત્તરે આમુલમાં હતું તો ત્યાંથી તે દક્ષિણે છેક ઇસ્તખ્ર ખાતે લાવવાનો કશો સબબ ન હતો. વળી એ જમાનામાં ઇસ્તખ્ર જેવું કોઇ શેહર જાણીતું હતુંજ નહિ. આ નામ તો છેક પાછળા જમાનાનું છે. તે આગમજ તો એ શેહર પર્સીપોલીસ અથવા પાર્સીગર્દ (પાર્સીઓનું શેહર) એ નામે ઓળખાયું હતું. એનું બીજું નામ ચેહલ મિનાર છે, જે નામ ત્યાં બાંધેલા અનેક મેહેલો મધેના ચાલીસ મિનારા અથવા સ્તંભોવાળા મહેલ ઉપરથી પડેલું હોવું જોઇયે. આ મહેલો કાંઇ કયકોબાદ કે તેની પછીના કયાની શાહોના વખતમાં બંધાયા ન હતા, પણ હખામની પાદશાહો મધેના કુરૂશ, દારયવુશ અને ક્ષયાર્સા વગેરેએ તે બાંધ્યા હતા, એમ તેઓ ઉપરના ખિલારોકા લેખો ઉપરથી સાબેત થાય છે. "શત્રોઇહા એ અઇરાન" નામની પેહલવી કેતાબ (ફ૦ ૪૧) મુજબ 'સ્તાખર' (ઇસ્તખ્ર) શેહર પાર્સના પાદશાહ અર્દવાને સ્થાપ્યું હતું; એટલે ત્યારે અશ્કાની વંશની આખરીના પાદશાહે આ શેહરની સ્થાપના કરી હતી. બીજા હાથ ઉપર પાછળથી શાહ ગુશ્તાસ્પનું પાયતખ્ત બલખ હતું, માટે કય કોબાદ પોતાનું પાયતખ્ત એકદમ ઉત્તરેથી ખસેડી દક્ષિણે લાવે એમ માનવામાં આવતું નથી.

બાબ ૨—શાહ કયકાઉસ.—૧

[માજન્દરાનની ફતેહ.]

ફસલ ૧—માજન્દરાની મુસીબત.

શુરૂઆતના થોડાક વિચારો.

આપણે આગળા સફામાં જોયું કે અવસ્તા મુજબ તેમજ બુન્દેહેશ મુજબ કાઉસ કાંઇ કોબાદનો બેટો નહિ પણ નબીરો હતો. તેના બાપનું નામ કવિ અઇપિવંઘુ અથવા કે અપિવેહ હતું. તે પણ ખોરેહ ધરાવતો હતો, અને કવિને નામે ઓળખાઇ ગયો છે, માટે તેણે કોબાદ પછી વધતાં ઓછાં વર્ષ રાજય કરેલું હશે. અવસ્તામાં એક ઠેકાણે [2] કય કોબાદથી કય ખુસરૂ સુધીના કયાનીઓની ટીપ આપેલી છે તેમ કોબાદ અને કાઉસની વચ્ચે અપિવેહનું નામ જોવામાં આવે છે, જેને કયાની ખાન્દાનનો જાહેર કીધો છે. આ નામ કોબાદ પછી તરતજ આવે છે, તે ઉપરથી જણાય છે કે દરજ્જામાં તે કાઉસથી વડો હતો. પણ બુન્દેહશ ઉપરથી વધુ ખુલાસો મળે છે અને તે એ કે કાઉસ અપિવેહનો બેટો હતો: અપિવેહના ચાર બેટાઓમાંનો તે એક હતો.[3] વળી અવસ્તા ઉપરથી એજ બાબતમાં એવો ટેકો મળે છે કે અપિવેહ કાઉસથી વડો હતો એટલુંજ નહિ પણ તે પાદશાહી પણ કરી ગયો હતો. ત્યાં [4] જણાવ્યા પ્રમાણે કયાની ખોરેહ અથવા નૂર, કેજે પાદશાહી અમલનું બીજું નામ છે, તે પ્રથમ કોબાદને મળ્યું, પછી અપિવેહને મળ્યું, અને ત્યારબાદ કાઉસને મળ્યું. કાઉસ પછી એજ નૂર તેના બાકીના ત્રણ ભાઇઓને મળ્યું, જેમનાં નામ ફરવરદીન અને જમ્યાદ યસ્તોમાં એક પછી એક આપેલાં છે, અને તેમને કવિ ગણેલા છે. આ ઉપરથી એમ લાગે છે કે કાઉસ પછી તેના ત્રણ ભાઇઓ કય અરીશ, કય પશીન અને કય અર્માને રાજય કીધેલું હશેજ. એટલુંજ નહિ પણ આ ત્રણ પછી આ પાદશાહી નૂર કય કાઉસના બેટા અને ઉપલા ત્રણના ભત્રિજા કય સિયાવગ્ગને પણ મળ્યું હતું. માટે કાઉસ પછી એકદમ કય ખુસરૂ ઇરાનનાં તખ્ત ઉપર આવેલો લાગતો નથી, પણ તેની આગમજ તેના બાપ સિયાવશે પણ કયાની તાજ પહેરીને પાદશાહી

૧—આ શાહ કય કોબાદનો બેટો થાય એવું શાહનામામાંથી મળે છે, પણ તે આગમજ રચાયલી પેહલવી કેતાબ બુન્દેહશ મુજબ તો કય કોબાદના બેટા કય અપિવહુનો તે બેટો હતો. અવસ્તામાં કાઉસને "કવી ઉસ" ને નામે ઓળખ્યો છે, અને વળી ઋગવેદમાંથી પણ તેનું "કાવ્ય ઉષન" એવું નામ મળે છે. અવસ્તા અને વેદમાંથી બહુ પુરાણા આર્યોનાં કેટલાંક એકમળતાં નામો મળી આવે છે તેઓ મધેનું આ એક છે. તોપણ વેદમાંથી કાઉસ બાબે કશું જાણવાજોગ વર્ણન મળતું નથી;—ફકત એટલુંજ કે તેણે અગ્નિની પરસ્તેશ બરપા કરી હતી, તેને આગુસ જાતનો વડો ગુરૂ કરી સ્થાપ્યો હતો, આકાશી ગાયો (વાદળાંઓ) ને ચરાગાહમાં તે લઇ ગયો હતો, વ્રિત્ર (વેરેથ્ર) દેવને મારનાર ઇંદ્ર (વ્રિત્રહન્=વેરેથ્રઘ્ન=બેહરામ) ને તેમ કરવા માટે પોલાદનો ગુર્જ (વજ્ર) તેણે બનાવી આપ્યો હતો, ઇત્યાદિ. આ કેવળ દંતકથા છે—તવારીખ નથી. પણ અવસ્તામાંથી કાઉસને માટે અનેક તવારીખી ઇશારા મળી આવે છે. જેમ કે—

૧—કાઉસે જાદુગરો, પરીઓ, કવિઓ અને કરપો જેવા દીન દુશ્મનોનો જોર તોડી બુરાઇનો નાશ કીધો.

૨—આકાશમાં ઉડવાની તેણે એક યુકિત શોધી કહાડી હતી.

૩—તે કુદરતી ખોરેહ ધરાવતો હતો. આ અને બીજી બાબતો જેમ જેમ આપણે આગળ વધતા જઇશું તેમ તેમ તે વધારે ખુલ્લી રીતે જોવામાં આવશે.

૨—ફરવરદીન યશ્ત: ફ૦ ૧૩૧.

૩—પ્ર૦ ૩૧, ફ૦ ૨૫

૪—જમ્યાદ યશ્ત: ફ૦ ૭૧-૭૨.

ભોગવી હોય એમ લાગે છે. કય કાઉસનો અમલ ૧૫૦ વર્ષનો હતો એમ બુન્દેહેશ તેમજ શાહનામું જણાવી જાય છે; પણ જો આપણ એમ ગણિયે કે કાઉસ ૭૫ વર્ષ રાજ્ય કરીને "આકાશની પાદશાહી લેવા" ગયો તે મુદ્દતમાં તેના બાપ અપિવેહે અને તેણે ઇરાનમાં અમલ ચલાવ્યો હતો, અને બાકીનાં ૭૫ વર્ષમાં કાઉસના ત્રણ ભાઇઓ અને બેટા સિયાવશે રાજ્ય ભોગવ્યું હતું, તો તેના ૧૫૦ વર્ષની લાંબી મુદ્દતના અમલનો કાંઇક ભેદ આપણે હાથ લાગે છે.[1]

હવે આપણાં બયાનમાં આપણ આગળ વધિયે.

માજન્દરાનની તારીફ.

કાઉસે તખ્તે બિરાજીને પહેલાં પોતાના અખૂટ ખજાનાની તપાસ લીધી. હીરા મોતીના હારો અને કાનની બાલીઓ અને તખ્તો અને તાજો, ઉચી કલગીવાળા અરબી ઘોડાઓ વગેરે સઘળું સોના અને હીરા અને મોતીનું જોઇને તેને લાગ્યું કે દોલતમાં તેના જેવો બીજો શાહ કોઇ નથી

એક દહાડે શરાબબાજીમાં પોતાના દરબારીઓ સાથ તે ચકચુર બનીને પોતાની બરાબરીનો બીજો કોઇ નથી એવી ગુમાની વાતો કરતો હતો એટલામાં એક ગવૈયો તેની દરબારમાં આવી ચઢયો.[2] શાહ કાઉસે તેને આવકાર દઇને ગાણું ગાવા ફરમાવ્યાથી તેણે માજન્દરાનના મુલકની તારીફમાં એક મધુર ગાયન રૂપી બયાન કહી સંભળાવ્યું. આ બયાનમાં તેણે માજન્દરાનને આ દુનિયાનાં બહેસ્ત જેવું વર્ણવ્યું. ત્યાંના કુદરતી દેખાવો, ત્યાંની આબોહવા, ત્યાંનાં ચરંદા પરંદા, ત્યાંના પહાડો અને ખીણો અને મેદાનો, ત્યાંના ફુલફળના બાગો, ત્યાંની નદીઓમાંથી વહેતાં ગુલાબ જેવાં પાણીની ખુશબો, ત્યાંના પ્રગણાંઓની દોલત, જરબફતનાં કાપડ, ત્યાંની રૂપસુંદરીઓ, સોનેરી તાજ પહેરેલી પુતળીઓ, વગેરે વગેરેનું એવું તો દિલકશ બયાન કીધું કે તે આખી દરબારને પસંદ આવ્યું. આ બયાનમાં પેલા ગાયનકારે એક ઠેકાણે એમ કહ્યું હતું કે માજન્દરાનમાં નથી ગરમી કે નથી થંડી, પણ સદા બહારની મોસમ જેવી રૂતુ ચાલુ રહે છે.[1] તે છેવટે પોતાના

૧—આ બાબતમાં ફિરદુસી કરતાં બિર્ણુંન્દ વધારે ભરૂસેદાર જણાય છે. ફિરદુસીએ પોતાનું યાદગાર શાહનામું રચ્યું ત્યારે તેણે બુન્દેહેશ જેવી પેહલવી કેતાબ જોઇ નહિ હોય એમ અમો માનતા નથી, કેમકે કેટલીએક બાબતોમાં શાહનામુ અને બુન્દેહેશ એકસરખાં વર્ણન આપે છે. પણ કાઉસની બાબતમાં આપણો શાયર જેમ અવસ્તાથી તેમજ બુન્દેહેશથી વેગળો જણાય છે. પણ બિર્ણુંદ, જે ફિરદુસી પછી ઘણું વર્ષ થઇ ગયો છે, તે કાઉસ કય કોબાદનોજ બેટો હતો એમ ખરેપણું નહિ જણાવતાં લખે છે કે કેટલાક તવારીખનવેશો મુજબ કાઉસ કોબાદનો બેટો હતો અને બીજાઓ મુજબ તેનો નબીરો હતો. હવે જો કાઉસ કોબાદનો નબીરો હોય તો આ છેલ્લા પાદશાહનો બેટો કોણ? પણ એ વિશે બિર્ણુંન્દ ચુપ છે, જે પરથી જણાય છે કે બુન્દેહેશ કેતાબનો તેણે અભ્યાસ કરેલો નહિ હશે. તોપણ કય કાઉસે ૧૫૦ વર્ષ અમલ ચલાવ્યાનું સઉથી પહેલું જાહેર કરનાર બુન્દેહેશ પોતેજ છે.

૨—ફિરદુસી આપણને મનાવે છે કે દેવ પોતે ગવૈયાના વેષમાં શાહ કાઉસને ફસાવવા આવ્યો હતો.

૧ સદા બહારની મોસમ જેવી રૂતુ ચાલુ રહેવાનું આ બયાન આપણ પહેલાજ બાબમાં વાંચી આવ્યા છિયે તેમ અસલી ઇરાનવેજને લાગુ પડે છે. જૅક્સન વગેરે અવસ્તાઇ અભ્યાસીઓ માજન્દરાન અને ઘીલાનનાં પ્રાંતોને અસલી ઇરાનવેજ ગોઠવી દેવા માંગેછે તેના એક સબબ ત્યાંની આ ગમોતર આબોહવા હોવી જોઇયે.

૨ માજન્દરાનને અવસ્તામાં "માઝન"ને નામે ઓળખ્યું છે. એની જોડમાંજ ઘીલાનનો પ્રાંત છે, જે અવસ્તામાં "વરેન"ને નામે ઓળખાયો છે. એ બન્ને પ્રાંતોના લોકોને અવસ્તામાં ધિક્કાર્યા છે. માજન્દરાનીઓને "દએવ" અને ઘીલાનીઓને "દ્રવંત્" (યાને દુર્વન્દ) કહ્યા છે. મઝદયસ્ની જરતોશ્તી ધર્મ તરફની બેદરકારીને લીધે તેમને આ નામો મળ્યાં હશે. માજન્દરાનમાં ઇરાનીઓને જે સરદાર સાથ લડાઇ ચાલી તેને શાહનામામાં "સફેદ દેવ" કહ્યો છે, અને તે તથા બીજા સર્વ વતનીઓ સફેદ અથવા ગોરા ચેહરાના હોવાથી એમ માનવામાં આવે છે કે તેઓ "ગોરા હુન લોકો" The White Huns) હશે. અવસ્તામાં આ હુન લોકો "હુનુ" (સંસ્કૃતમાં "હુન") ને નામે ઓળખાયા છે. પણ તેમના સફેદ ચેહરાનું

સાંભળનારાઓ મધેના શાહ કાઉસને ઉશ્કેરવ માટે બોલ્યો કે —

નથી જેણે જોયું રે માજન્દરાન,
રહે તે જેહાંનાં સુખોથી અજાણ.[1]

આ છેલ્લા બોલોથી ધારેલી અસર થઇ. શાહે લશ્કર લઇ માજન્દરાન જીતવાનો કસ્દ કીધો. તેણે પુરતાં અભિમાનથી પોતાના સરદારોને કહ્યું કે "દોલતમાં, ખુબીમાં, ખાન્દાનમાં હું જમશીદ અને કય કોબાદ જેવો છું; પણ બળમાં મારે તેઓ કરતાંબી સરસ થવું જોઇએ."

તેના આ સખુનો તેના સરદારોને ગમ્યા નહિ. માજન્દરાનમાં તો દેવ લોકો વસે છે એવી તેમને ખબર હોવાથી તેવા નાપાક લોકો સાથ લડાઇમાં ઉતરવા તેમની છાતી ચાલી નહિ. પણ તેમ વળી શાહનો તાપ એટલો બધો હતો કે તેની આગળ છતા પડીને તેની ભૂલ બતાવવાની પણ કોઇની હિમત ચાલી નહિ. તૂસ, ગુદર્જ, ગીવ, કેશ્વાદ, ખરાદ, બેહરામ,—એ સઘળા પેહલવાનો જેઓ તે વેળા હાજર હતા તેઓએ શાહ આગળ સર નમાવ્યાં અને તેના હુકમ મુજબ અમલ કરવાને તૈયાર થયા.

શાહ અને ઝાલ.

શાહ આગળ કબૂલ થયા તો ખરા, પણ સરદારો અને પેહલવાનો પોતપોતા વચ્ચે વાત કરતાં તો માજન્દરાન ઉપર લડાઇ લઇ જવાનાં કામથી બહુ કચવાયા. તેઓ અરસપરસ વાતો કરવા લાગ્યા કે જમશેદ પાદશાહ એવું તાજ અને એવી અંગુસ્તરી ધરાવતો હતો કે તેના પ્રતાપે દેવો અને જીનો અને પરીઓ તેને તાબે રહીને દરેક હુકમ બજા લાવતાં હતાં; તોપણ તેણે કોઇ દહાડે માજન્દરાનનું નામ દીધું ન હતું. વળી ફરીદુન શાહ કે મિનોચેહર શાહ પણ એ મુલ્ક સામે લડવા નીકળ્યા ન હતા. આવા આવા વિચારો કરીને તૂસની સલાહ ઉપરથી તેઓએ ઝાલને તેડાવીને તેની આગળ સર્વ બયાન કહી સંભળાવ્યું અને શાહને તેનાં કામથી પાછો ફેરવવા માટે શીખામણ દેવાની અર્જ કીધી.

પણ કાઉસે ઝાલની શીખામણ માની નહિ. ઝાલની તકરાર એજ હતી કે આગળા પાદશાહો માજન્દરાનને એટલું બધું ધિક્કારતા આવ્યા છે કે ત્યાં પોતાની દોલત અને મહેલો છતાં તેઓએ તે દેવલોકોની વસ્તીવાળા મુલ્કને જીતવાનો વિચાર

કારણ ત્યાંની આબોહવા છે. માઝન્દરાનનો પ્રાંત કૅસ્પીઅન (ઝરે વઊંરુ=અવ૦ 'વોઉરૂકષ') સમુદ્રની દક્ષિણે આવેલો છે, જેની દક્ષિણે વળી અલ્બોર્ઝ પર્વતની હાર આવેલી છે. આ રીતે ઉત્તરે દરિયા અને દક્ષિણે પહાડની વચ્ચે આ અજાયબ જેવો મુલ્ક ઘેરાયલો હોવાથી ત્યાંની આબોહવા જેમ મનહર છે તેમ વળી ત્યાં બર્ફનો વરસાદ પડે છે અને જવાળાની ગરમીથી ઝમીન સુકી રહેછે; અને તેથીજ ત્યાંની ભૂમિ અતિ ફળદ્રુપ છે. દરિયા કાંઠા ઉપર મોટાં જંગલો ઉગેલાં છે અને પહાડી ઉંચી ઝમીન ઉપર ચોખા અને શેરડીનાં ખેતરો છે. એથી વધારે ઉંચાણમાં અલ્બોર્ઝને મથાળે ઓક, પ્લેન, એલ્સ વગેરે મોટાં ઉંચાં ઝાડોનાં જંગલ છે. તરબુઝ, નારંગી, શેતુર, ઓલિવ, અંગુર વગેરેનાં દરખ્તો અને વેળાઓ બેશુમાર છે.

[1] ઉપર કહ્યું તેમ અહીંની આબોહવા જેમ ખુશનોમા છે, તેમ વળી બર્ફના વરસાદ અને હવાના ભિનાસને લીધે તથા દરિયા કાંઠાની ઝમીન જોઇયે તેવી સુક્કી નહિ હોવાથી, ત્યાંના રહેવાસીઓ ઉપર એવી અસર થાય છે કે તેમની ચામડીનો રંગ સફેદી પકડે છે, અને તેથીજ તેઓ ઇરાનીઓ જેવા ગુલાબી રંગના નહિ હોવાથી તેમને "સફેદ દેવ" કહેવામાં આવે છે, એમ જર્મન પ્રોફેસર મેકસ ડંકર પોતાની અસલી ઝમાનાની તવારીખમાં જણાવી જાય છે. "દીનકર્દ" નામની એતેબાર પેહલવી કેતાબમાં જણાવ્યા પ્રમાણે આ "દેવ" લોકો ઝમીનમાં કોતર ખોદીને અને ગુફા બનાવીને વસે છે, અને તેમની રીતભાત નજીસ છે.

ઉપર આપણે અવસ્તાઇ નઝરે દએવ (દેવ) બોલ ધિક્કાર રૂપે જોયો છે. આજે એ બોલ માઝન્દરાનમાં એટલો સાધારણ અને વળી એટલો માન ભરેલો થઇ પડ્યો છે કે ડંકર મુજબ ત્યાંના ખેડુઓ અને અમીરો "દીવ" ને નામે ઓળખાય છે!

આ બાબમાં જણાવેલો સફેદ દેવ તે ઘીલાન (વરેન) નો રાજા હોવો જોઇયે, કે જેને માઝન્દરાનના રાજાએ પોતાની મદદે બોલાવ્યો હતો. તે કદાચ માઝન્દરાનનો ખંડિયો હોય.

કીધો નથી; તે સરજમીન એવી છે કે જે તલવારથી જીતાય નહિ, સખુનબાજીથી કે ખજાનાથી હાથ આવે નહિ; અને ત્યાં જવું યા જવાનો વિચાર કરવો એથી નાસજાવાર અને અપશુકન ભરેલું છે.

કાંઉસે જવાબ આપ્યો કે—"તારી સલાહની મને જરૂર છે; પણ તું જાણ કે હિંમત, ખુબી અને ખજાનામાં હું જમશેદ અને ફરીદુન કરતાં, તેમજ મિનોચેહર અને કય કોબાદ કરતાં ચઢતો છું. મારૂં દિલ અને મારૂં લશ્કર તેઓનાં કરતાં મોટાં છે. કુલ દુનિયા મારી તેજ શમ્શીરની નીચે પડેલી છે. તારી તલવાર તેં ઉઠાવીને દુનિયા જીતી છે તો હવે અમારી તલવારને દુનિયા જીતવા દે. હું ત્યાં જઇને તેમને મારી ચુંગાલમાં ઝકડી લઇશ, અને મારૂં તથા મારી શમ્શીરનું નામ રાખીશ. પછી હું તેઓને માથે ભારી ખંડણી નાખીશ, અને તે આપવાની ના પાડશે તો સર્વનાં ડોકાં ઉરાડી દઇશ. હું તે દેવો અને જાદુગરોને એવા બુગ ગણું છું કે તેઓને મેં આ દુનિયાથી તારાજ કીધેલા તું સાંભળશે. મારી ગેરહાજરીમાં તું અને રૂસ્તમ ઇરાન સરજમીનની સંભાળ લેજો."

અંતે જાલને નમવું પડયું. તે લાઇલાજ થયો, અને શાહ ફતેહ પામે એવા આશીષ દીધા. પછી તે ઇરાની પેહલવાનો સાથે બગલગીરી કરીને પોતાને વતન પાછો ફર્યો.

માજન્દરાન ઉપર ચઢાઇ.

લશ્કરો તૈયાર થતાંજ તૂસ અને ગુદર્જ તેમની સરદારી લઇને આગળ વધ્યા. કાઉસ શાહ તેમની સાથે શામીલ હતો. તે પોતાનાં રાજ્યનો તથા ખજાનાનો કુલ એખ્તિયાર મિલાદ નામે રાજવંશીને આપી ગયો હતો, અને તેને એવો હુકમ આપી ગયો હતો કે મારી ગેરહાજરીમાં જો કોઇ દુશ્મન ઉભો થાય તો તેની સામે જાલ અને રૂસ્તમની મંજુરિયત અને મદદ વિના કદી શમ્શીર બાહેર કહાડવી નહિ. પહેલી મંજલ તેઓએ ઇસ્પુરૂજ પર્વતની તળેટી આગળ પુરી કરીને વાસો કીધો. બીજે દિને શાહે ગીવને ફરમાવ્યું કે લશ્કરમાંથી બે હજાર ચુનંદા લડવૈયાઓને લઇ આગળ વધવું અને તમામ લશ્કરને માટેનો રસ્તો તૈયાર કરવો, જેમ કરતાં જેબી દુશ્મન મળે તેને કતલ કરવો, તેમનાં ગામડાંઓને સલગાવી દેવાં, અને દુશ્મનોને આપણી ચઢાઇની ખબર મળે તે આગમજ તેમને કાપી નાખવા.

ગીવે શાહના હુકમ પ્રમાણે કીધું. માજન્દરાન જઇ પુગીને તેણે શેહેરો બાળી નાખ્યાં, તથા ઓરતો, બચ્ચાં અને જઈફ માણસો તરફથી કશી દયા બતાવી નહિ. આખો મુલ્ક તેને બહેસ્ત જેવો લાગ્યો, કેજે સઘળી ખુબીઓથી ભરપુર હતો. મહોલ્લા અને ચોક બેશુમાર ગુલામો અને માહતાબના ચેહરાની દાસીઓથી ભરપુર હતા. ઠેકઠેકાણે ખજાનો જણાતો—કેથે સોનું તો કેથે ઝવાહિર. ગાય ઢોરોનો તો શુમારજ ન હતો. તે જગા ગોયા બહેસ્તજ હતી. ગોયા આખો દેશ બુતખાના જેવો ચીનાઇ કિનખાબ અને ગુલાબના હારડાઓથી શણગારેલો હતો.

એક હફતા સુધી અહીં ઇરાની લશ્કરે લૂટ ચલાવી. માજન્દરાનના શાહને આ ચઢાઇ અને લૂટફાટ બાબે ખબર પડતાંજ તેને ભારી અંદેશો લાગ્યો. તેની દરબારમાં સંજા નામે હતો જેને બોલાવીને તેણે ઝડપથી "સફીદ દીવ" ને બોલાવવા મોકલ્યો. તેણે કહેવાડયું કે ઇરાનથી એક લશ્કર માજન્દરાન જીતવા આવ્યું છે, જેણે શેહેરોને આગ લગાડી છે, અને તેથી આપણા કીનાની આગ સલગી છે. આ લશ્કરની સરદારી શાહ કય કાઉસે પોતે લીધી છે, વાસ્તે જો તું અમારી મદદે નહિ આવશે તો અમો નાશ પામીશું.

જ્યારે સંજાને મુખથી આ સઘળો પેગામ સફીદ દીવે સાંભળ્યો ત્યારે તે બોલ્યો કે—તમો કોઇ દિલગીર થતા ના. હું એક મોટું લશ્કર

લઇ તમારી મદદે આવું છું અને શાહનો પગ માજન્દરાનમાંથી કાપી કહાડું છું. [શાયર લખે છે કે આમ બોલીને સપીદ દીવ ઉઠીને ઉભો થયો ત્યારે તે એક પહાડ જેવો ઉંચો લાગ્યો અને તેનું સર ફરતા આસ્માનની બરાબરનું જણાયું.]

શાહની ગિરફતારી.

રાત બહુ અંધારી હતી. તમામ ઇરાની લશ્કરની આસપાસ એવો કાળો અંધકાર ફરી વળ્યો કે ગોયા તેઓ ડામરના દરિયામાં હોય એમ લાગ્યું. તમામ રોશની બંધ થઇ ગઇ હતી. આનું કારણ શાયર એમ સમજાવે છે કે સપીદ દીવે તમામ ઇરાની લશ્કરને માથે ગોયા ડામરના ધુંઆનો તંબુ ઉભો કીધો હતો, જેથી હવા કાળી અને આંખો આંધળી બની ગઇ હતી. પછી તેણે આકાશમાંથી પથરા અને તીરોનો વરસાદ એવો વરસાવ્યો કે ઇરાની લશ્કર નાસભાગમાં પડયું, અને ઘણાએકો કાઉસનાં કામથી કંટાળીને ઇરાન ભણી નાઠા. એમ કરતાં જયારે સહવાર પડી ત્યારે જણાયું કે શાહ અને ઘણાખરા સોહબતીઓ આંખે અપંગ થઇ તેનું લશ્કર કેદી બન્યું હતું, તેનો ખજાનો લુટાઇ ગયો હતો, અને તેનો નસીબો ઉંધો વળ્યો હતો. જયારે કાઉસે એવો મામલો દીઠો ત્યારે તે બોલ્યો કે—ખજાના કરતાં બેહતર એક ડાહ્યો વજીર છે. અફસોસ કે મેં જાલની શીખામણ માની નહિ.

સાત દહાડા સુધી આ હાલતમાં રહ્યા છતાં તેણે કોઇબી ઇરાનીને પોતાની આગળ દીઠો નહિ. આઠમે દહાડે સપીદ દીવ તેની આગળ આવીને પુકાર્યો કે—અય શાહ, આ તારી કેવી નાચાર હાલત! તું તો અમારાં ખેતરો લુટવા અને અમને જેર કરવા આવ્યો હતોની? તારૂં બળ તને એક ગાંડા હાથીના જેવું લાગ્યું અને તેં કોઇનીબી સલાહ માની નહિ. તારે માથે તાજ છે તેથી નહિ ધરાતાં તેં ડહાપણનો ધાગે તરીકે માજન્દરાનમાં ખરાબી પાંથરી છે અને ઘણાઓના જાન લીધા છે. હવે તું તારા તખ્ત ઉપર કેટલો ગાફેલ રહેલો કે મારાં બહાદુરીનાં કામોની તને ખબર પડીજ નહિ!

આમ કહીને તે દીવે પોતાનાં લશ્કરમાંના બાર હજારને ઇરાનીઓ ઉપર નેગાહ રાખવા બેસાડયા, અને તેઓ જીવતા રહી શકે એટલીજ ખોરાકી તેમને આપવા ફરમાવ્યું. પછી તેણે શાહનો ખજાનો, તખ્તોતાજ વગેરે માજન્દરાની લશ્કરના સરદાર અર્ઝંગને હવાલે કરી તેને ફરમાવ્યું કે—આ સઘળું તારા પાદશાહને હવાલે કરજે અને તેને કહેજે કે જે કાંઇ જરૂરનું હતું તે બધું મેં બજાવ્યું છે અને તારા દુશ્મનોને ખાક બરાબરના કીધા છે. ઇરાની શાહ અને તેના પેહલવાનો હવે આફતાબ અને માહતાબની રોશની ફરીથી જોઇ શકનાર નથી. મેં એ શાહનો જીવ લેવાની ધમકી આપી નથી, પણ તેને નસીબનાં નખરાં કેવાં હોય તે શીખવ્યું છે. પોતાની આ મુસીબત પછી તે ડહાપણ શીખશે અને હવે પછી તેના જેવી ચાલ ફરીથી કોઇ ચલાવશે નહિ.

આમ કહીને સપીદ દીવ પોતાને વતન પાછો ફર્યો, અર્ઝંગ સઘળો ખજાનો અને અરબાબ પોતાના શાહ આગળ લઇ ગયો અને કય કાઉસ મનથી બબડવા લાગ્યો કે આ બધાંનો દોષ મને અને મને એકલાનેજ ઘટે છે.

કાઉસને પોતાની આ ગિરફતારીમાં એક સારો વિચાર સુઝ પડયો. તેણે એક ઇરાની સિપાહને ઉતાવળે કદમે જાબુલ જઇને જાલને સર્વ વાતોથી વાકેફ કરવા મોકલ્યો તેણે ઘણા અફસોસ અને પસ્તાવા સાથે પોતાના દુખી હાલથી જાલને વાકેફ કરતાં કહેવાડયું કે હારે-મનના હાથમાં હું તો સપડાઇ ગયો છું. તારી રૂડી સલાહ મેં બેવકુફ બનીને રદ કીધી તેનો મને બહુ ખોફ થાય છે. તે મુર્ખાઇથી આ મુસીબત આવી પડી છે. હવે જો તું તારૂં

કામ બજાવશે નહિ તો વ્યાજ અને મુદલ બન્ને હાથમાંથી જશે.

રૂસ્તમની માઝન્દરાન ઉપર ચઢાઇ.

ઝાલે જ્યારે આ હકીકત સાંભળી ત્યારે તેની છાતી ફાટી ગઇ. પણ દોસ્ત કે દુશ્મન સર્વથી એ બિના છુપી રાખીને તેણે રૂસ્તમને સર્વ વાતોથી વાકેફ કીધો, અને તેને માઝન્દરાન જવાને તૈયાર કીધો. તે બોલ્યો કે—શાહ કાઉસ અઝદહાના દમમાં ખેંચાઇ ચાલ્યો છે, માટે તું રક્ષ ઉપર સવાર થા અને તેનો કીનો લે. બેશક આવા હિંગામ માટેજ ખુદાવંદે તને સર્જેલો છે, અને માઝન્દરાન જવા માટે રસ્તામાં જે સંકટો ખમવાં પડશે તે વેઠવાને લાયક તુંજ છે. મારી ઉમર હવે બશો વર્ષ ઉપરની થઇ ગઇ છે, પણ તું આ કામ બજાવી મોટું નામ કહાડશે. આ મામલો હારેમન સામે લડવાનો છે, માટે તારે રસ્તામાં દમ ખાવા પણ થોભવું નહિ. તારૂં બબ્રેબિયાન[1] તું પહેરી લે, અને ઉંઘ અને ભુખનો વિચાર તજી દઇને તું આગળ વધ. તું અઝેંગ અને સપીદ દીવના હાથ તેમની જિન્દગીથી ધોવાડ, અને માઝન્દરાનના શાહનું સર તારા ગુર્જથી છુંદી નાખ.

પણ રૂસ્તમને માર્ગની ખબર ન હતી, માટે ઝાલે તેને સમજણ આપી કે માઝન્દરાન જવાના બે રસ્તા છે. બન્ને મુસ્કેલ અને ભયભરેલા છે. કાઉસ જે રસ્તે ત્યાં ગયો તે લાંબો હતો, પણ બીજો માર્ગ માત્ર બે હફતામાં જવાય એટલો ટુંકો છે. પણ આ ટુંકા માર્ગમાં દેવો અને સિંહો અને અંધકારનો ઉપદ્રવ ભારી છે. આમ છતાં એજ ટુંકો રસ્તો તું હાથ ધર. ખુદા તારો મદદગાર થજો. રસ્તો મુસ્કેલ છે તેનું શું? કીર્તિવંત રક્ષ તે પસાર કરી જશે, અને તારા દીદારે ફરીથી જોવા માટે હું યજદાંની બંદગી રાત દિન કરતો રહીશ. તેમ છતાં જો પરવરદેગારનો હુકમ એમજ થયો કે દેવોના હાથ ઉપર તારૂં મોત નિપજે તો તેનું બી શું? તે સાહેબના હુકમની સામે કોણથી થઇ શકાશે?

રૂસ્તમે જવાબ આપ્યો કે તારો હુકમ માથે ચઢાવીને હું જાઉં છું, તો જોકે આપણા બુઝર્ગો જાણીજોઇને દોજખની રાહ ધરવામાં ડહાપણ સમજતા ન હતા. યજદાં સિવાય બીજા કોઇની મદદની મને હાજત નથી; શાહને માટે હું મારાં તનોજાન અર્પણ કરીશ; અને પેલા જાદુગર લોકોના તિલસ્મ તોડી નાખીશ. સપીદ દીવને કે અઝેંગને, સંજાને કે બુંદીના બેટા પુલાદને કે બીદ દેવને હું જીવતા રાખીશ નહિ. હું યજદાંના કસમ લઇને કહું છું કે અઝેંગને બાંધીને તેની ગર્દને ઝુસરી લપેટું નહિ અને પોલાદનું માથું

૧ બબ્રેબિયાન તે શું? બબ્ર નામે જાનવરનાં ચામડાંનો પોશાક. એ પોશાક રૂસ્તમને ક્યાંથી—શામાટે મળ્યો? એમ કહેવાય છે કે તેણે મારેલા એક ચિત્તાનું આ ચામડું જંગમાં ઉતરતી વેળા તે સદા પહેરતો હતો. આ ચિત્તાને તેણે ક્યારે અને ક્યાં માર્યો તેનું વર્ણન મળતું નથી.

રૂસ્તમનાં આ બબ્રેબિયાન સાથ યુનાની પેહલવાન હર્કયુલીસના એવાજ એક પોશાકની વાત મળતી આવે છે. રૂસ્તમ અને હર્કયુલીસનાં લગભગ સઘળાં કામો એક બીજાને આબાદ મળતાં આવતાં જણાય છે, જે બતાવવા માટે આ તવારીખના છેલ્લા ભાગમાં બન્ને વચ્ચેની સરખામણીમાં એક ખાસ પ્રકરણ જોડવામાં આવ્યું છે.

બબ્રેબિયાન માટે એમ પણ કહે છે કે તે એક ચમત્કારિક લેબાસ હતો, જેને "બુર્હાને કાતેઅ" નામની ફરહંગમાં "બબર્યાન" નું નામ મળ્યું છે. કોઇ લખનારા કહે છે કે આ વસ્ત્ર રૂસ્તમને તેના બાપ ઝાલ તરફથી મળ્યું હતું; બીજાઓ મુજબ અકવાન દેવને મારીને તેનાં ચામડાંનો રૂસ્તમે આ ડગલો બનાવ્યો હતો. પણ વધારે માનવાજોગ તો આ લાગે છે કે ચિત્તાનું ચામડું ઉતારીને તેનો આ સાયો બનાવવામાં આવ્યો હતો, કે જે પ્રાણીને રૂસ્તમે સામ નામના પર્વત ઉપર માર્યું હતું. આ બબ્રેબિયાનની ખુબી એ હતી કે તેના ઉપર જરાપણ જખમ થતા તે ઝીલી લઇ એ ચામડું રૂસ્તમને તે જખમની ઈજા થવા દેતું ન હતું. વળી આતશમાં તે બળતું નહિ યા પાણીમાં ડુબતું ન હતું. બબ્રને માટે કહે છે કે તે વાઘની જાતનું એક વિકાળ ફાડી ખાનારૂં પ્રાણી હતું, અને સિંહ કરતાંબી તે જોરાવર હતું.

રૂસ્તમનાં બબ્રેબિયાન અથવા બબર્યાન જેવાજ પોશાક અસલી અનેક પેહલવાનો પહેરતા હતા એમ દંતકથા ઉપરથી જણાય છે. યુનાની પેહલવાન હર્કયુલીસે નીમ્યા ખાતે મારેલાં સિંહનું ચમત્કારિક ચામડું તે સદા તનપર નાખતો હતો. યુનાની અને ત્રોજન સરદારોને માટે કહે છે કે તેઓ વાઘ અને ચિત્તાનાં ચામડાં પહેરતા હતા.

બાંઝીને તેનું ભેજું બાહેર કહાડું નહિ ત્યાંસુધી હું રક્ષની પીઠ છોડીશ નહિ.

આમ કહીને રૂસ્તમ પોતાના લડાયક પોશાકમાં તૈયાર થયો. તે રક્ષની પીઠ ઉપર સવાર થાય છે એટલામાં તેની મા રૂદાબેહ રડતી તેને મળવા આવી. ઝાલની આંખમાંથીબી આંસુ ટપકયાં. જાબુલનાં લોકોબી પોતાના માનીતા શાહજાદાને છેલ્લી સલામ કરવા આવ્યાં, કેમકે તેમને લાગ્યું કે માઝન્દરાન જેવા મુલકમાંથી રૂસ્તમ પાછો ફરવાનો નથી.

ફસલ ૨—રૂસ્તમનાં હફ્તખાન.[૧]

૧લી મંજલ: સિંહ સાથની લડાઈ.

રાતને દહાડો ગણતો, અને બે દહાડાને એક બનાવતો, બહાદુર રૂસ્તમ હવે જાબુલ છોડીને માઝન્દરાન તરફ યાહોમ આગળ વધ્યો. એ મુદતમાં તેણે જેમ પોતે વીસામો લીધો નહિ તેમ રક્ષનેબી આપ્યો નહિ. બન્ને જણ ખોરાક વિના કમઝોર થઇ ગયા હતા એટલામાં એક એવાં મેદાનમાં જઇ પુગ્યા કે જ્યાં ગોરખર અથવા જંગલી ગધેડાં ઘણાં વસતાં હતાં. રૂસ્તમે તેઓ પાછળ રક્ષને ડપટાવીને પોતાની કમંદમાં એકને સપડાવ્યો, અને પછી તીરના કાપલા વડે આતશ રોશન કરીને પેલાં ગોરખરના કબાબ કરી ખાધા, અને ચરાણની જગા હતી ત્યાં રક્ષને છોડી મેલ્યો. પછી પોતે કાંઇ બિછાનું કરીને સુતો. તે જંગલમાં એક સિંહની ગુફા હતી, જેથી ત્યાં ઉગતાં સરોડાં અથવા બરાંનાં ઝાડ ખાવા માટે હાથીઓ પણ આવવાની હિમત કરતા ન હતા. મધરાતે સિંહ ત્યાં આવ્યો અને રૂસ્તમને ઉંઘેલો જોઇને પ્રથમ રક્ષ ઉપર હુમલો કરવા માંડયો. રક્ષ તેની સામો થયો, બન્ને વચ્ચે લડાઇ ચાલી અને રક્ષના હાથ ઉપર સિંહ માર્યો ગયો.

આ ગડબડ સાંભળી રૂસ્તમ જાગી ઉઠયો. તેણે સઘળો મામલો તુરત જોઇ લીધો, અને તે પોતાના ઘોડા તરફ જોઇને બોલ્યો[૨] કે—એવકુફ રક્ષ, તને કોણે કહ્યું હતું કે સિંહ સાથ તું લડજે ? અગરજો તું તેના હાથ ઉપર માર્યો ગયો હોત તો મારી કોલાહ, બબ્રેબિયાન, કમંદ, કમાન, શમ્શીર અને ગુર્જ માઝન્દરાન સુધી કોણ ઉઠાવી જાત ? તેં મારી મીઠી ઉંઘનો ખયાલ કર્યા વિના મને જગાડયો હોત તો આ સિંહ સાથની લઢાઇનું એક

૧—વૉર્નર રૂસ્તમનાં હફ્તખાનને "હફ્ત ખ્વાન" નું નામ આપીને તેનો અર્થ "સાતવાણીનું ખાણું" એવો કરે છે. કહે છે કે શાહ કાઉસે સાત પાદશાહી મકાનો બંધાવ્યાં હતાં તે રૂસ્તમનાં "હફ્ત ખ્વાન" (સાત મકાન) નું મુળ છે. પેહલવી જબાનમાં મકાનને "માન" કહે છે, અને મળતો ઈંગ્રેજી શબ્દ Mansion છે. આગળ ચાલતાં આપણુ શાહ ગુશતાસ્પનાં બયાનમાં શાહજાદા અસ્ફંદિયારની રૂસ્તમના જેવીજ બિકટ મંજલોનું બયાન વાંચીશું ત્યાં તેમને "હફ્ત ખ્વાન" ને બદલે "હફ્ત ખાન" નું નામ મળેલું છે.

૨—રૂસ્તમે રક્ષને આ રીતે અનેક વાર નસિહત દીધી હતી. તેના જેવા પેહલવાન પોતાના ઘોડા સાથ વાત કરે એમાં કશી નવાઇ નથી. એ આત્ર શાયરની સુંદર શાહરાઘાત છે. પણ બીજી કોમોના પેહલવાનોના ઘોડા તો પોતાના ધણીની શીખામણ સાંભળવાનીજ નહિ પણ તેમની સામે વાતો કરવાની પણ બુધ્ધિ ધરાવતા કહેવાય છે. ટ્રૉય ફતેહ કરવા ગયલાં યુનાની લશ્કરના એક વડા પેહલવાન એકિલીસના બે બુધ્ધિવાન ઘોડા હતા, જેઓમાંનો એક નામે "ઝેન્થુસ" તો વાચા ધરાવતો કહેવાય છે. હોમર શાયર મુજબ તેણે પોતાના ધણીનાં મરણની અગમચેતી કરી હતી ! એકિલીસના આ ઘોડાઓ ખાકી નહિ પણ આસ્માની બુન્યાદના હતા, અને તેથીજ તેમને વાચા હતી, એમ એક લખનાર કહી જાય છે. ઘોડાઓ બુધ્ધિ ધરાવે છે તે તો અનેક દાખલાઓ ઉપરથી જણાવલું છે. એરિસ્ટોટલ અને પ્લિનિ લખી ગયા છે કે લડાઇમાં માર્યા ગયલા પોતાના ધણીઓ માટે આંખમાંથી આંસુ પાડનારા પણ કેટલાક ઘોડા હોય છે. સ્વીટોન્યસ જણાવી જાય છે કે જુલ્યસ સીઝરે રુબિકન નદી પસાર કરતી વેળા મંગળ દેવતાને જ્યારે ઘોડા અર્પણ કરી તેમને છોડી મુકયા ત્યારે તેઓએ કેટલાક દહાડા સુધી અન્ન પાણી લીધું નહિ અને બહુ રડયા હતા.

સપાટામાં શેવટ આવી જાત! આ પછી રૂસ્તમ પાછો ઉંઘી ગયો, અને સહવારે ઉઠી, રક્ષની પીઠ મસળી, ખુદાની મદદ માંગી આગળ વધ્યો.

૨ જી મંજલ: પાણીની પિડાકારી.

તે જે જગાએથી રસ્તો કાપતો હતો તે તદન પાણી વગરનું બિયાબાન હતું. ત્યાં એટલી બધી સખ્ત ગરમી પડતી હતી કે પક્ષીઓ પણ પાણી વિના સુકાઇને છોડું થઇ જતાં. રક્ષ બાપડો થાકીને લુસં થઇ ગયો, અને રૂસ્તમની જીભ ગરમી અને તરસથી સુકાઇને તાલવાં સાથે વળગી ગઇ. તેણે ચો તરફ શોધ કીધી પણ કોઇબી ઠેકાણેથી તેને પાણી મળ્યું નહિ. તે પોતાના પેદા કરનારને યાદ કરી બોલવા લાગ્યો કે—અય રાસ્ત સાહેબ, મારે શિર તેં જે મુસીબત અને દુખ લાવી મુકયાં છે તેમાં જો તું રાજી થતો હોય તો તેને હું મોટો ખજાનો ગણું છું. હું તો એવી ઉમેદમાં આગળ વધું છું કે યજદાં મારા શાહનો છુટકારો કરે અને જશ્તનો સાહેબ ઇરાનીઓને જરાબી આસેબ વગર દેવ લોકોના પંજામાંથી મોકળા કરે. તેઓએ તકસીર કીધી છે, અને તેથી તેં તેમને તર્ક કીધા છે. પણ તોબી તેઓ તારા સેવક અને તારા પરસ્તાર છે.

આમ બોલીને પીલતન રૂસ્તમ તરસથી નબળો અને બેચેન બનીને આતશ જેવી ગરમ બની ગયલી જમીન ઉપર બેતાબ પડયો. તેની જીભ સુકાઇને તે ઉપર ચીરા પડયા હતા તથા તે ઉપર છાગરા ઉઠયા હતા. આ હાલતમાં તે હતો એટલામાં ત્યાંથી એક ફર્બે મેંઢો પસાર થઇ ગયો. તેને જોતાંજ રૂસ્તમ મનથી વિચારવા લાગ્યો કે અહીં કેયે આ જાનવરની પાણી પીવાની જગા હોવી જોઇયે. બેશક પરવરદેગારે એની મારફતે મને પાણી બતાવ્યું છે.

રૂસ્તમ હવે તે પ્રાણીની પુઠે પુઠે ચાલ્યો. તેના એક હાથમાં શમ્શીર અને બીજા હાથમાં રક્ષની લગામ પકડેલી હતી. એમ કરતાં તે એક ઝરા પાસે આવી ઉભો, કે જ્યાં પેલો મેંઢો પણ દોડયો ગયો હતો. શાયર લખે છે કે આ ઝરા આગળ તે પશુ રૂસ્તમ આવ્યો ત્યારે હતોજ નહિ! ખરેખર, તે માસ અને લોહી ધરાવનારો મેંઢો ન હતો. ફિર્દુસી શીખામણ દે છે કે જ્યારે તારી ઉપર દુખ આવી પડે ત્યારે તું રાસ્ત સાહેબ કે જે પાકપરવરદેગાર છે તેની આગળ તારી ફરિયાદ રજુ કરજે—તેની મદદ માંગજે. જેઓ તેમ નથી કરતા તેઓને માટે હજુ ડહાપણ શીખવાનું બાકી છે.

રૂસ્તમે પેલા પાણીનો માર્ગ દેખાડનારો પણ પાછળથી ગેબ થઇ જનારા મેંઢાને આશિષ દીધા અને પછી રક્ષ ઉપરથી ઉતરી, જીન ઉતારી તેને નહવાડયો, અને તેને આફતાબ જેવો ઝળકતો કીધો. પછી પોતે પીવાય એટલું પાણી પી લીધું અને પોતાના તીરો રાખવાના ભાથામાં પાણી ભરી લીધું. પછી એક ગોરખરનો શીકાર કરીને તેનો ખોરાક બનાવ્યો. આ રીતે તૃપ્ત થઇને તેણે આરામ લીધો, જે આગમજ રૂસ્તમે રક્ષને શીખામણ દીધી કે—કોઇ સાથે લડતો ના, અને કોઇને દોસ્ત પણ બનાવતો ના. જો કોઇ શત્રુ આવી પુગે તો મને જગાડજે, પણ દેવલોકો યા વાઘ કે ચિત્તા સાથે લડાઇમાં ઝીપલાવતો ના.

આમ કહીને તે સુતો, અને રક્ષે મધરાત સુધી ચર્યા કીધું, અને આસપાસ ફરતો રહ્યો.

૩ જી મંજલ: અઝદહા સાથ યુધ્ધ.

એટલામાં બિયાબાનમાંથી એક અઝદહા તેઓ હતા ત્યાં આવતો જણાયો. તેનું કોતર ત્યાંજ હતું અને ત્યાંથી પસાર થતો કોઇબી જીવડો તેનો શીકાર બન્યા વિના રહેતો નહિ. તેણે પ્રથમ રક્ષ ઉપર પોતાનો કીનો લેવા માંગ્યો. તે ઘોડો દોડતો રૂસ્તમ સુતેલો હતો ત્યાં ગયો અને પોતાની પોલાદની ખડી ઠોકવા તથા ખંખાર

મારવા લાગ્યો. રૂસ્તમ ચોંકીને બીદાર થયો, અને આસપાસ નિગાહ કરવા લાગ્યો પણ કશું જણાયું નહિ, તેથી રક્ષ ઉંઘમાંથી ફોકટનો ઉઠાડવા માટે તેના ઉપર ખફા થયો.

બીજીવાર પીલતન રૂસ્તમ સુતો : બીજીવારે અઝદહાએ દેખાવ દીધો : બીજીવાર રક્ષે જમીન અફાળી અને ખંખાર માર્યો; બીજીવાર રૂસ્તમ જાગૃત થયો. પણ જ્યારે તેણે જોયું કે રક્ષે બીજીવાર નાહક તેની મીઠી ઉંઘમાં ખલલ કીધી હતી ત્યારે તેણે ગુસ્સાથી રાતો પીળો થઇને તેને ઠપકો દીધો કે—રાતની અંધારી તારાથી દૂર થઇ શકતી નથી તેથી તું મને જગાડે છે તો ખરો, પણ યાદ રાખજે કે જો ફરીથી તેં આમ કીધુંછ તો હું મારી તેજ તલવારથી તત્કાળ તારો જાન લઇશ, અને જે કાંઇ ઉઠાવવાનું છે તે હું ઉઠાવી જાઇશ. મેં તો તને એમ કહ્યું હતું કે ચિત્તો આવે તો મને જગાડજે—કાંઇ રાતની અંધારીમાં મારી ઉપર ધસી આવી મારી ઉંઘમાં ખલલ કરવા કહ્યું ન હતું. ચાલ હવે મને સુવા દે.

હવે ત્રીજી મરતબે બબ્રેબિયાન પોતાની છાતી ઉપર લઇને રૂસ્તમ પોઢયો. પાછો પેલા નાપાક સર્પે દેખાવ દઇ ફુંફાડો માર્યો, જે સાંભળતાંજ રક્ષ ચરવાનું છોડી દઇને તેની આગળ આવ્યો, તોપણ રૂસ્તમની ધાકથી તે તેની નજદીક ગયો નહિ, પણ આઘેથીજ અઝદહા અને રૂસ્તમની વચ્ચે ઉભો રહીને જમીન ખોદવા તથા ખંખાર મારવા લાગ્યો. પછી તેણે રૂસ્તમની દરકાર વિના તે જિયાંગાર સર્પ સાથ લડાઇ કરવા માંડી. આ વેળા રૂસ્તમ બીદાર થયો, અને રક્ષે પોતાને ત્રીજી મરતબે વગર કારણે જગાડયો છે એમ માની લઇ તેના ઉપર ગુસ્સો ખાલી કરવા જતો હતો એટલામાં તેણે તે નાપાક અઝદહાને પોતાની નજરે દીઠો. પોતાની તલવાર એકદમ મિયાનમાંથી બાહેર ખેંચી કહાડીને તે તે અઝદહા સાથ લડવા ઉભો. આ લડાઇમાં રક્ષેબી ભાગ લીધો, કારણ કે તે નાપાક કોઇબી રીતે રૂસ્તમના કબ્જામાં આવી શકતો ન હતો. રક્ષે તેને બોચીમાંથી પકડયો, અને પેલા સિંહનું ચામડું ખેંચી કહાડયું હતું તેમ આ નાગનું ચામડું પણ તેણે પોતાના દાંત વડે ઉખાડી કહાડયું. રૂસ્તમે પોતાનાં વફાદાર અસ્પનાં આ બહાદુરીભરેલાં કામથી અચરત થઇને અઝદહાનું ડોકું કાપી નાખ્યું. પછી યજદાંની બંદગી કરીને રક્ષ જે લોહીથી ખરાબ થઇ ગયો હતો તેને ધોઇને સાફ કીધો અને નહવાડયો.

૪થી મંજલ: એક ડાકણનાં પરાક્રમ [૧]

બીજે દીને રક્ષ ઉપર સવાર થઇ રૂસ્તમ માજન્દરાન તરફ વધારે આગળ વધ્યો અને એવી જગાએ આવી પહોંચ્યો કે જ્યાં જાદુગર લોકો વસતા હતા. અહીં નદી નાળાં વહેતાં હતાં અને દરખત અને ઘાસ ઉગેલાં હતાં. એટલુંજ નહિ પણ અહીં તેણે એક એવી જગા જોઇ કે જ્યાં ખાણાનો સુફરો બીછાવેલો હતો, કે જે ગોયા તે ઉપર હાથ ચલાવનારનીજ વાટ જોતો હતો. શરાબથી ભરેલી સોનાની જામ, પહાડી મેંઢાનાં પકવાન, નાન, નિમક, અને મીઠાઇ—એ સઘળું આ ઠેકાણે હાજર હતું. રૂસ્તમ આ જોઇ ખુશહાલ થયો, ખુદાના શુક્ર બજા લાવ્યો, ઘોડા પરથી ઉતર્યો, જીન છોડયું અને પછી સુફરા આગળ આવી શરાબથી જામ ભરી, અને તે ગળે ઉતારીને પછી ત્યાં પડેલો તંબુરો ઉપાડીને તે ગાયન લલકારવા મંડી ગયો.

૧—શાહનામામાં કેટલેક ઠેકાણે જાદુગરો અને ડાકણ લોકોનાં બયાન અને ઇશારા આવે છે. અવસ્તાવાણીમાંથી એવા લોકો માટેના શબ્દો અને ઇશારા મળે છે અને માજન્દરાન તથા ઘીલાનનાં લોકોને એ પુરાતન બાબતમાં અનેક ઠેકાણે જાદુગર અને દુર્વંદને નામે ઓળખ્યાં છે. આ ઉપરથી પારસીઓમાં આજસુધી ધાસ્તી ભરેલા માણસને "માજન્દરાની" અને "દેવ" કહીને ઓળખવામાં આવે છે. તેઓની જાદુઇ જોતાં માણસને આંધળાં બનાવવાની, માણસનું રૂપ છોડી પથર વગેરે રૂપ ધારણ કરવાની, અને ઘરડાં માણસે જવાન બનવાની, વગેરે આ બાબ ઉપરથી જણાય છે. એટલું તો ખરું લાગે છે કે અસલના વખતથી જાદુનો વેહમ ઇરાનીઓમાં જાણીતો હતો, જે તરફ તેઓ છેક અવસ્તાના જમાનાથી ધિક્કાર બતાવતા અને તેવો વેહમ બરપા કરવાનો ધંધો ચલાવનારાઓને પવિત્રાઇ અને નેકીના દુશ્મન ગણતા આવેલા છે.

હવે આ ખાણું જાદુગરોની એક ટોળકીનું હતું, જેઓ રૂસ્તમના આવ્યાનો આવાજ સાંભળતાંજ નાબુદ થઇ ગયા હતા. રૂસ્તમે પોતાનાં ગાણુંમાં પોતાનાં કામોનું બયાન કીધું અને પોતાની તારીફના સખુનો ઓચર્યો. આ સઘળું ત્યાં વસતી એક ડાકણી સ્ત્રીએ સાંભળ્યા, જેણી ઘરડી હોવા છતાં એક જવાન નાજનીનનો દેખાવ કરીને રૂસ્તમની આગળ આવી સલામ કરીને બેઠી. રૂસ્તમ પરવરદેગારનો ઉપકાર માનવા લાગ્યો કે સઘળી નિયામત જોડે તેણે તેના ઉપર એક સોહબતીની પણ નવાજેશ કરી હતી. પછી પોતાને હાથે એક જામ ભરી તેણે પેલી માશુકને આપી અને પાક પરવરદેગારનું નામ જબાન ઉપર લીધું. આ નામ સાંભળતાંજ પેલી ડાકણનું મોં ઉતરી ગયું, તેનો ચેહરો સિયાહ બની ગયો, તેણીથી ખુદા પાકનું નામ બોલાઇ શકાયું નહિ. આ તમાશો જોતાંજ રૂસ્તમ ચેતી ગયો કે તેણી કોણ છે. તેણે તરત કમંદ ફેંકીને તેને પકડી લીધી અને પછી કાપીને તેના બે ટુકડા કીધા.

૫ મી મંજલઃ રૂસ્તમનો ભવિષનો ભોમિયો.

રૂસ્તમ સવાર થઇને આગળ વધ્યો અને એક અંધારી જગામાં થોકડાઇને અંતે અનાજનાં ખેતર તરફ આવી લાગ્યો. અહીં તેણે રક્ષને ચરતો મેલીને પોતે આરામ કીધો. હવે તે ખેતરના નિગેહબાને રક્ષને પોતાના પાકનું નુકસાન કરતો જોયો ત્યારે પુકાર કરતો તે દોડયો આવ્યો અને રૂસ્તમના પગ ઉપર લાકડી મારી તેણે જગાડયો, અને કહેવા લાગ્યો કે—અય હારેમન! અમો મહેનત કરીને મરી જઇયે છિયે ને ખેતરમાં તેં તારા ઘોડાને છુટો કેમ મુકયો? આનો કશો જવાબ નહિ દેતાં રૂસ્તમે તે રખેવાળના કાન પકડી એવા ચિમટયા કે તે થડમાંથી ઉખડી ગયા. તે બાપડો આ બનાવ જોઈ પુકાર મારતો અને રડતો, ગભરાતો અને જાન ભાગી બીતો પોતાના બન્ને કાન લઇને તે ભાગના મર્ઝબાન યાને સરહદના સરદાર આગળ ફરિયાદ લઇ ગયો, કેજેનું નામ ઔલાદ હતું.

એતેફાક એવો બન્યો કે તેજ જગા ઉપર ઉલાદ પોતાના સોહબતીઓ સાથ શીકાર મારવા આવેલો હતો. તેણે જ્યારે પેલા રખેવાળને મહોડેથી રૂસ્તમનાં કામની વાતો સાંભળી ત્યારે તે ગુસ્સાભરેલો થઇને જયાં રૂસ્તમ પાછો સુતેલો હતો ત્યાં ગયો. તેને આવતો જાણતાંજ તે પીલતન પોતાના ઘોડા ઉપર સવાર થયો, અને શમ્શીર મિયાનમાંથી ખેંચીને પુકાર મારતો ઉલાદની મુકાબેલ જઇ ઉભો. ઉલાદે તેના તરફ ગુસ્સાથી જોઇને તેનું નામ પુછ્યુ, અને તેને સજા કરવાની ધમકી આપી. રૂસ્તમે કહ્યું કે—મારૂં નામ વાદળ છે. પછી પોતાના પરાક્રમોની વિગત આપીને રૂસ્તમે પોતાની નજદીક જેઓ હતા તેમને કાપી નાખ્યા અને બીજાઓ નાસી ગયા તેમને જવા દઇને ઉલાદ ઉપર કમંદ છોડી તેને કેદી બનાવ્યો. પછી રૂસ્તમે તેને આ રવેશે કહ્યું—જો તું રાસ્ત બોલશે, અને તારા બોલવામાં મને દગો નહિ જણાશે; સફીદ દીવ કયાં વસે છે તે તું મને બતાવશે, અને બીદ તથા ધુંદીનો બેટો પોલાદ કયાં છે તે દેખાડશે, અને કાઉસ શાહને કયાં બંધ કરેલો છે તેની નિશાની આપશે; આ બધું તું જો સાચેસાચું અને નિમકહલાલીથી બતાવશે તો માજન્દરાનના શાહનાં તાજોતખ્ત હું હાથ કરીશ અને તે જમીનનો હું તને પાદશાહ કરીશ. જો તારા સખુનોમાં દગો જણાશે તો તારી ચશ્મોમાંથી લોહી વહેતું કરીશ.

ઔલાદ બોલ્યો કે—તું એટલો બધો ગુસ્સો મા કર. મેહરબાન થા. મારો જાન બચાવ. કયો માર્ગ લેવો, અને શાહ કાઉસને કેમ જઇ મેળવું, તેની હું તને ખબર આપીશ. સફીદ

દીવ[1] ક્યાં વસે છે અને બીદ દેવનું મકાન ક્યાં છે તે હું બતાવીશ. દેવનાં જેવાં દિલવાળા હે પેહલવાન, તું જાણ કે ખુદાએ તને ઉમદા મટ્ટીમાંથી પેદા કર્યો છે. કાઉસ અહીંથી એકશો ફરસંગ ઉપર કેદ પડેલો છે. તે જગાએથી બીજા તેટલાજ ફરસંગ ઉપર સફીદ દીવ વસે છે. ત્યાં જવાનો રસ્તો બહુ ખરાબ અને ભયંકર છે. બશો ગુફાઓમાં આ દેવો વસે છે, જેમની સલામતીને માટે ૧૨૦૦૦ દેવો પહાડને મથાળે રાત દહાડો ચોકી કરે છે, અને તેમનો વડો ધુંદીનો બેટો પુલાદ છે. બીદ અને સંજા નામના દેવો નાકાંની પાસ્બાની કરે છે. સર્વ દેવોનો સરદાર સફીદ દીવ છે, જે ચાલે છે ત્યારે પહાડો ધ્રુજે છે. તું જોશે કે તે પહાડ જેવો ઉંચો છે. તારા જેવા હાથ અને બાજુ અને લગામનો તે ધણી છે. જોકે તું તલવાર અને બાલો અને ગુર્જ ધરાવે છે, અને ગમે એવો કદાવર અને જોરાવર છે, તોપણ તારે તે દેવ સાથ લડવું સારૂં નથી. ત્યાંથી આગળ વધ્યા કે પહાડ અને પથ્થરનું એક મોટું બિયાબાન[2] આવે છે, કે જે પસાર કરવાને હરણમાં શક્તિ નથી. તે મુકયું કે એક એવી મોટી નદી[3] પસાર કરવાની આવે છે કે જેના કિનારા એકેકથી બે ફરસંગ જેટલા દૂર છે. તેના કિનારા ઉપર દેવોનું લશ્કર છે, કે જે માજન્દરાન જવાના માર્ગની ચોકી કરે છે. બુજગૂશ[4] લોકોના મુલકથી નર્મપાઇ[5] લોકોના મુલક સુધી ૩૦૦ ફરસંગ જેટલી રાહ માપવાની છે, અને ત્યાંથી માજન્દરાન જવાનું છે.' એ આખા મુલકમાં અગણિત લડવૈયા છે, જેઓ સઘળા એવા હથિયારબંધ છે અને પોતાના મળતા પગારથી એવા રાજી છે કે તેઓમાં એકપણ માણસ બેદિલ જણાશે નહિ. માજન્દ-રાનમાં વળી લડાઇમાં કામ લાગી શકે એવા ૧૨૦૦ હાથીઓ છે. એ બધાંની આગળ તું તો માત્ર એકજ આદમી છે. તું ફોલાદનો ઘડેલો હશે તોપણ હારેમન સામે તું કેમ ટકી શકશે ?

આ સખુનોથી રૂસ્તમને હસવું આવ્યું. તે બોલ્યો કે— જો તું મારો સાથી થશે તો તું જોશે કે મારા જેવો એકજ પીલતન સરદાર પાક પરવરદેગારના ફજલોકરમથી અને પોતાની બાજુનાં બળથી દુશ્મનનાં લશ્કરને કેવું પાયમાલ કરે છે. ચાલ હવે કાઉસ કયાં છે તે મને બતાવ, અને તે જ્યાંબી હોય ત્યાં મને લઇ જા.

આમ બોલીને રૂસ્તમ રક્ષ ઉપર સવાર થયો, અને ઔલાદ તેની આગળ આગળ દોડવા લાગ્યો. ઇસ્પુરૂજ પહાડ સુધી તેઓ જઇ પુગ્યા ત્યાં સુધી રાત દહાડો થોભ્યા વિના મંજલ કાપ્યાજ ગયા. એજ તે જગા હતી કે જ્યાં કાઉસ ઉપર દેવલોકો ફાવ્યા હતા. અધરાતે ત્યાં ખુશીના પુકાર થવા લાગ્યા અને આતશની મશાલો સલગેલી જણાઇ. આ જમણી અને ડાબી તરફ આતશ રોશન થવાનું કારણ રૂસ્તમના પુછવાથી ઔલાદે એવું સમજાવ્યું

૧—આગળ જણાવી ગયા તેમ આ સફીદ દીવ તે વરેન (ઘીલાન)ના પ્રાંતના અવસ્તામાં જણાવેલા દુર્વંદ લોકોનો રાજા હોવો જોઇએ. તેઓ કાઉસ અને ઇરાનીઓનો યજદાંપરસ્તી મજહબ માનનારા નહિ હોવાથી તેમને દેવ અને દુર્વન્દ ગણ્યા છે, અને તેથીજ તેમને શાહનામામાં બીઆમણા ચિતાર્યા છે.

૨—માજન્દરાન અને ઘીલાન પહાડી પ્રાંતો છે માટે ત્યાં જતાં માર્ગમાં પથર અને પહાડનાં બિયાબાનો મળવાંજ જોઇયે.

૩—આ નદી તે કઇ હશે તે મુકરર થતું નથી; પણ સફીદ દીવનો મુલક ઘીલાન હતો ત્યારે તો ત્યાં જતાં માર્ગમાં જે મોટા-માં મોટી નદી મળે તે આજની કીઝીલ ઉજન અથવા સફીદ રૂદ નામની નદી હોવી જોઇયે. એ નદીમાં બર્ફ વહેતું હોવાથી તેનાં પાણી સફેદ જણાયાથી તેને આ નામ મળ્યું છે, પણ તેના કાંઠા બે ફરસંગ જેટલા દુર હોવાની બિના માત્ર અતિશ-યોક્તિ છે. પ્રો૦ જૅકસન આ નદીને અવસ્તાની દાઇત્ય (વેહ દાઇતી) નદી ગણે છે જેમ બનવાજોગ નથી (જુઓ અગાડી— ઇરાનવેજવાળો બાબ, સફે-૧ થી આગળ). તે ઇરાન ખાતેના પોતાના ૧૯૦૩ વાળા પ્રવાસને લગતાં પુસ્તક (૧૯૦૬) માં લખે છે કે માજન્દરાનનાં કોઇ કોઇ ગામડાંના રહેવાસીઓ આજેબી દેખાવમાં શાહનામાંના દેવ જેવાજ લાગે છે.—Persia, Past and Present, સફે ૪૪૫.

૪—એટલે બકરાના જેવા કાનવાળાં લોકો.

૫—એટલે વાંકા પગવાળાં લોકો.

કે—અહીંથીજ માજન્દરાનમાં દાખલ થવાય છે. અર્ઝંગ અહીંજ છે, અને તેથી રાત્રીનો મોટો ભાગ સઘળાઓ જાગતાં રહીનેજ ગુજારે છે.

ઔલાદને ઝાડ સાથે બાંધીને રૂસ્તમ સુતો, અને બામદાદ થતાંજ ઉઠી ઉભો થયો, અને જંગ માટે તૈયાર થઇ આગળ વધ્યો.

૬ ઠી મજ઼ંલ: અર્ઝંગ દેવ સાથ જંગ.

ઔલાદને ઝાડ સાથ બાંધીને રૂસ્તમ પોતાનાં હથિયારો સજી તથા બબ્રેબિયાન શરીરે લપેટીને પાધરો દેવનાં લશ્કર તરફ ગયો, અને એક એવો જબરો પુકાર માર્યો કે જેથી કુદકો મારીને તે લશ્કરનો વડો અર્ઝંગ દેવ દોડી આવ્યો, જેને જોતાંજ રૂસ્તમ નજદીક ઘોડો ડપટાવી ગયો, અને એક હાથે તેને બોચીમાંથી પકડીને બીજે હાથે નરેંશીરની માફક તેની ડોકી મરડીને ધડથી છુટી પાડી દીધી, અને તેને તેનાં લશ્કરમાં ફેંકી. દેવો રૂસ્તમનો ગુર્ઝ જોઇને એટલા બીધા કે તેઓ ત્યાંથી નાસી ગયા, અને જેઓ રહ્યા તેમના ઉપર રૂસ્તમે પોતાની શમ્શીર ચલાવીને ઠાર કીધા.

એમ કરતાં સાંજ પડી ત્યારે રૂસ્તમ પાછો ઇસ્પુરૂજ પહાડ તરફ પાછો ફર્યો, અને ઔલાદને છુટો કરીને પછી તેની જોડે શાહ કાઉસ જ્યાં કેદ પડેલો હતો ત્યાં ચાલુ મુકયું. હજુતો પોતે રૂસ્તમને જોય તે આગમજ તેના રક્ષનો ખંખારવાનો આવાજ કાઉસને કાને પડયો, જે ઉપરથી તે સમજી ગયો કે રૂસ્તમ તેની મદદે આવી લાગ્યો છે. તેણે એ વાતથી પોતાના ઇરાની સરદારોને વાકેફ કીધા અને કહ્યું કે તુર્કોઓ સાથની કય કોબાદ શાહની લડાઇ વેળા એજ રવેશે રક્ષ ખંખાર્યો હતો.

પણ ઇરાની સરદારોએ પોતાના શાહના આ સખુનો ખરા માન્યા નહિ. તેમને લાગ્યું કે પોતાનાં સંકટોથી કાઉસનું મગજ ઠેકાણે રહ્યું નથી. પણ જ્યારે પીલતન રૂસ્તમ શાહની છાવણીમાં આવી લાગ્યો ત્યારે તેઓએ પોતાની ભુલ જોઇ, અને ગુદર્ઝ, તૂસ, ગીવ, બેહરામ, શીદુશ, ગુસ્તહમ વગેરે તેને નમન કરીને તેની આસપાસ ફરી વળ્યા. રૂસ્તમે શાહને કુર્નસ બજાવીને તેની ખેરઆફિયત પુછી. કાઉસે તેને બગલગીરી કીધી, જેફ જાલની ખબર અંતર પુછી, અને બન્ને જણુ એક બીજાની વાતોથી પુરતી રીતે વાકેફ થયા. શાયર કહેછે કે એ પછી શાહે રૂસ્તમને સલાહ આપી કે આપણા દુશ્મનો સઘળા જાદુગર લોકો છે માટે તેઓની નજર તું તારા રક્ષ ઉપર પડવા દેતો ના, નહિતો કે તારી સઘળી જેહમત ફોકટ જશે.- તું હવે સફીદ દીવની સામે જંગ કરવા જા, અને આ જાદુગર લોકોનાં સર ખાક બરાબર કરવામાં ખુદાવંદતાલા તારો મદદગાર થાઓ! સાત પર્વતો (કોહ) તને પસાર કરવા પડશે, અને આ દરેક પર્વત ઉપર તને શત્રુઓનાં લશ્કર જણાશે. અંતે એક બીઆમણો ગાર તને જણાશે, જેની પાસબાની ભયંકર લડાયક દેવ સરદારો કરે છે. એ ગારમાં સફીદ દીવ વસે છે. યજદાંની મદદથી તું તેને ઠાર કરજે. હું અને મારા સરદારો અમારી ઉપરની આફતથી અમારી ચશ્મોની રોશની ખોઇ બેઠા છિયે. અમને એવી સલાહ મળી છે કે જો સફીદ દીવનાં દિલમાંથી ખેંચી કહાડેલાં લોહીનાં ત્રણ ત્રણ ટીપાં અમારી આંખમાં પડે તો અમારો અંધાપો જાય.

આ સઘળું સાંભળ્યા પછી રૂસ્તમ પોતાની ૭મી મંજલે નીકળ્યો, જેમ કરતી વેળા તેણે શાહને તેમજ સરદારોને દિલાસો દીધો. ઔલાદ તેની આગળ ચાલ્યો, અને રૂસ્તમ રક્ષને એડી મારીને ઉતાવળો આગળ વધ્યો.

૭ મી મંજ઼લ: સફીદ દીવનો સંહાર.

દેવોની ગુફા.

ઔલાદની રેબરી હેઠળ રક્ષ વગર થોભવે

દોડતો જ્યારે હફ્ત કોહ (સાત પર્વતો) ઉપર જઇ પુગ્યો ત્યારે ત્યાં દેવોનાં લશ્કર સાથ તેમના સરદારોને જોઇને રૂસ્તમે પોતાના ભોમિયાને પુછ્યું કે—હવે આપણે કયો રસ્તો લેવો જોઇયે ?

ઔલાદે કહ્યું કે જ્યારે આફતાબ માથે આવેછે ત્યારે દેવ લોકો ઉંઘાય છે, માટે તે વખ્તે તારે તેઓ ઉપર હુમલો કરવો જોઇયે. તે વખ્તે ચોકી કરનારા દેવોજ જાગતા માલુમ પડશે.

સફીદ દીવ સાથ કુસ્તી.

બપોર સુધી પીલતન ખોટી થયો, અને પછી પોતાની તલવાર હાથમાં ઉઠાવીને તે દેવો ઉપર ધસ્યો. તેણે એક જબરો પુકાર મારી પોતાનું નામ જાહેર કીધું, અને ચોતરફ તલવાર ચલાવી તેમનાં માથાં કાપી નાખ્યાં. આ ગડબડથી સુતેલા દેવો જાગી ઉઠયા અને રૂસ્તમને તેઓએ ઘેરી લીધો, પણ તેઓમાં પીલતને એવી ખરાબી પાંથરી કે તેઓ તેની સામે નહિ થતાં નાસભાગમાં પડયા. રૂસ્તમ હવે સફીદ દીવની શોધમાં નીકળ્યો, પણ ગાર એટલો અંધારો હતો કે તેને પ્રથમ કશું માલુમ પડયું નહિ. અંતે તેણે એક પહાડ જેવા આદમીને ત્યાં પડેલો દીઠો, જે બદ શીકલ હતો અને જેનું શરીર બાલથી ભરાઇ ગયું હતું. તે ઉંઘમાં હતો માટે રૂસ્તમે તેને એજ હાલતમાં પુરો નહિ કરતાં એક ચિત્તાના જેવી બરાડથી જગાડયો. આ સફીદ દીવ પોતેજ હતો, જે જાગતાંજ ઉભો થઇ રૂસ્તમ ઉપર ધસ્યો, જેની નેમ ચુકાવીને રૂસ્તમે તેના ઉપર પોતાની શમ્શીર ઉઠાવી અને તેનો એક હાથ તથા એક પગ કાપી નાખ્યા. હવે સફીદ દીવ ખૂનપર ચઢીને રૂસ્તમને વળગી પડયો અને તેઓ વચ્ચે લાંબો વખ્ત સુધી જબરી લડાઇ ચાલુ રહી. બન્નેઓ એકબીજાને જબરા હચ-મચાવ્યા, તેથી દરેક જણ પોતે જીવતો બચવાનો નથી એમ મનથી વમાસવા લાગ્યો. એ રીતે લડાઇ ચાલતાં અંતે રૂસ્તમે પોતાના હરીફને ઉઠાવીને જમીન ઉપર એવો પટકયો કે ત્યાંથી તે પાછો ઉઠવા પામ્યોજ નહિ. તેણે ખંજર કહાડીને તેના સીનામાં ભોકયું અને તેનું દિલ કાપી કહાડયું, પછી ઔલાદને છુટો કરીને તેણે તે કાપી લીધેલું દિલ તેને સ્વાધિન કીધું. એ વેળા ઔલાદે પોતાની ચાલુ વફાદારીને માટે ઇનામની આર્જુ કીધી, જેના જવાબમાં પીલતને તેને કહ્યું કે — આજથી મેં તને માજન્દરાનની પાદશાહી આપી છે. પણ તે આગમજ હજુ મારે બીજાં કામો બજાવવાનાં છે, અને આ દેશના પાદશાહને તેનાં તખ્ત ઉપરથી જમીન-દોસ્ત કરવાનો છે. ત્યાં સુધી હું રક્ષ ઉપરથી ઉતરી જમીન ઉપર પગ મેલનાર નથી.

આંધળા જોતા થયા.

હવે રૂસ્તમ પોતે કાઉસને મળવા પાછો ફર્યો, જેને ફતેહમંદ જોઇ શાહ અને સરદારની ખુશીનો પાર રહ્યો નહિ. પણ હજુ તેઓ સઘળા અપંગ હતા, માટે રૂસ્તમે તેમની આંખમાં સફીદ દીવનાં પેલાં દિલમાંનાં લોહીનાં ટીપાં ટપકાવ્યાં, જેની અસરથી કાઉસ અને તેના સઘળા સરદારો પાછા જોતા થયા.[1]

પછી તેઓએ તાજ લટકાવીને તેની નીચે

૧ આ કાંઇ શાયરી શરેહ નથી પણ પુરાણા લોકોનો વેહમ માત્ર છે. જેને કાળું મંત્ર (Black Magic) કહે છે તેવી જાદુઇ ચાનેં નહિ અને તેવી વાતો બનાવવાનું કહાણી કીસ્સામાં આપણ વાંચિયે છિયે, તેવીજ આ કહાણી જાણાશે. તોપણ એક જાણવાજોગ સરખામણી સફીદ દીવે ઇરાનીઓને આંધળા બનાવ્યા તેમાં અને ૧૯૧૪–૧૫ નાં યુરોપીઅન મહા યુધ્ધમાં જર્મનોએ ફ્રેંચ તથા બ્રિટીશ લશ્કરોને ઝેહરી ગૅસ છોડીને અપંગ બનાવ્યા તેમાં જોવામાં આવે છે. સફીદ દીવે શાહ કાઉસની ફતેહ શિકસ્તમાં ફેરવી નાખી તે કાળું વાદળ ઉત્પન્ન કરી, તેમાંથી નીકળતા ધુંઆ વડે ઇરાની સિપાહોને ગુંગળાવી અપંગ કીધા હતા. આ તે જાદુગર કહેવાતા સફીદ ચામડીના દીવની જાદુઇ હતી. આજે જર્મનોએ તેવીજ " જાદુઇ " કીધી છે, પણ તેને કોઇ જાદુઇ ગણતું નથી. સફીદ દીવ અને તેના લોકો તે પુરાણા " ગોરા હન " (White Huns)

શાહને એક હાથીદાંતનાં તખ્ત ઉપર બેસાડયો અને એ રીતે કાઉસ માજન્દરાનનો શાહ મુકરરર થયો, અને રૂસ્તમ, તૂસ, ફરીબોર્જ, ગુદર્જ, રહામ, ગીવ, ગુર્ગીન, બેહરામ વગેરે તેની આસપાસ ગોઠવાયા.

આ રીતે તેઓએ એક હફતો ખુશી ખુર્રમીમાં ગુજાર્યો, અને પછી શાહે માજન્દરાનના રાજા ઉપર એક નામું લખી ફર્હાદ નામના પેહલવાનને આપી મોકલ્યો.

ફસલ ૩-માજન્દરાનની ફતેહ.

શાહ તરફનું નામું.

એક સફેદ રેશમી કપડાં ઉપર આ નામું એક બાહોશ નવીસંદાએ લખ્યું, જેમાં દરેક અશોઇનાં મૂળ પાક ખોદાની સેતાયશ કરીને જણાવ્યું કે પરવરદેગાર વાજબીનો ચાહનાર છે માટે બંદાએ તેનાં ફરમાન તોડવાં નહિ જોઇયે. દેવ અને જાદુગરને તેમનાં પાપને માટે તે સાહેએ ધુળ ફાકતાં કીધા છે, માટે તું જો ડાહ્યો હોય તો તારૂં તખ્ત છોડીને અમારી દરબારમાં આવ, અને રૂસ્તમ સામે શું ટકી શકે એમ નથી માટે અમોને કર તથા ખંડણી આપ. જો તું આમ નહિ કરશે તો તને તારૂં તખ્ત છોડવું પડશે અને જાનથી હાથ ધોવા પડશે.

શાહે આ નામા ઉપર પોતાની મેહોર દાબવા પછી રવાના કીધું અને પેહલવાન ફર્હાદ તે નામુ લઇને નરમપાઇ જેવા બહાદુર અરપસવારો, જેમના ચામડાં જેવા પગ ઉપરથી તેમને આ નામ મળ્યું છે, તેઓ તરફ જઇ પુગ્યો. તેણે તે નામું લાવ્યો છે એની ખબરથી માજન્દરાનના શાહને વાકેફ કીધો, અને પોતાનું બળ દેખાડવા તે શાહે એલચીને લેવા માટે એક મોટો લશ્કરી રિસાલો રવાના કીધો. ફર્હાદ તેઓની જોડે શાહની દરબારમાં ગયો, અને નામું રજુ કીધું, જે ઉપર તે શાહે શરાબ અને કસ્તુરીનો છટકાવ કરાવ્યો અને પછી દરબારના નવીસંદાએ તે નામુ શાહ આગળ વાંચી સંભળાવ્યું, જે સાંભળીને તે બહુ બખાળ્યો, તોપણ એલચીને ત્રણ દહાડા સુધી રાખીને તેની અચ્છી રીતે બરદાસ્ત કીધી. ચોથે દિને એવો જવાબ આપીને તેને ઇરાનના શાહ તરફ પાછો ફેરવ્યો કે—મારી દરબાર તે બેવકુફ જવાન (યાને કાઉસ) કરતાં વધારે દરજ્જો ધરાવે છે; મારી કને હજારો હજાર લશ્કર છે; બારસો તો લડાઇના હાથીઓ હું ધરાવું છું; પણ કાઉસ કને તો તેવો એકબી નથી. હું લડવાને તૈયાર છું, માટે તુંબી તૈયાર થા.

આ જવાબથી કાઉસ અને રૂસ્તમ બહુ ખિજાયા, તોપણ રૂસ્તમ પોતે શાહ તરફથી એક બીજું નામુ લઇ જવાને તૈયાર થયો.

માજન્દરાની દરબારમાં રૂસ્તમ.

પહેલાં નામા જેવુંજ એક બીજું લખવામાં આવ્યું, જેમાં વધારે સખ્ત અને ધમકીના શબ્દો વાપર્યા હતા. માજન્દરાનના શાહને ખબર પડી કે કાઉસે એક મસ્તાના શીર જેવા એલચી મારફતે બીજું નામું મોકલાવ્યું છે, કજે એલચીની કમંદ સાઠ આંટા ફરી વળે એવી

લોકો હતા, જે હુન લોકોની શત્રુને અપંગ કરવાની કળા આજનાં જર્મન હુન લોકોમાં ઉતરેલી હોવી જોઇએ. આ કળા ઇરાનીઓને ખબર ન હતી. પાછળથી કાઉસે આ સફેદ ચામડીમા દેવ લોકોને તાબે કરીને પોતાના મેહલો વગેરે તેમની કને બંધાવ્યા હતા, માટે આ કળાવંત લોકો પોતાની કળાને લીધેજ "દેવ" ગણાયા હશે એમ લાગેછે. કોઇનું બીજું બળવાન હોય તે "રાક્ષી બીજા"નો કહેવાય છે, તો જોકે તે પોતે કાંઇ રાક્ષસ યાને દેવ નથી. તેવા રાક્ષસ અથવા દેવ માજન્દરાની અને ગીલાની "સફેદ દેવો" પોતાની અનેક કળાઓને લીધે એ નામે ઓળખાયા હશે. રૂસ્તમે સફીદ દીવનું દિલ કાપી તેનાં લોહીનાં ટીપાંથી શાહ કાઉસને અને ઇરાનીઓને પાછા દેખતા કીધા તેનો અર્થ આ ઉપરથી એટલોજ ઉઠી શકે છે કે આ "દેવ" લોકો કનેથી નવી કળા શીખીને યાને ઇલાજ મેલવીને તે રૂસ્તમે કામે લગાડયો હતો.

લાંબી છે, અને જે એક હાથી જેવા ઘોડા ઉપર સવાર થયલો છે. તેને લેવા માટે શાહે એક મોટો રિસાલો મોકલ્યો, જેને આવતો જોઇને રૂસ્તમે તેને પોતાનું ભારી બળ દેખાડવા માટે રસ્તા ઉપર ઉગેલાં એક ઝાડને તેની બે ડાળીઓ પકડીને ઉખેડી કહાડ્યું, અને માઝન્દરાની લશ્કરીઓ તરફ તેને એવા જોરથી ફેંક્યું કે કેટલાક તે ઝાડ તળે ઢંકાઇજ ગયા. આ ઉપરથી એક મોટા માઝન્દરાની સરદારે રૂસ્તમની નજદીક જઇ તેનો પંજો પોતાના પંજામાં લઇને મજબૂત દાબ્યો, એવી મતલબથી કે રૂસ્તમને તેથી દુખ ઉપજે. પણ રૂસ્તમે તો હસવા માંડ્યું, અને હસતાં હસતાં પોતે પેલા સરદારનો પંજો એવો મજબૂત દાબ્યો કે તે બાપડાથી દુખ નહિ ખમી શકાયાથી તંમર ખાઇ ઘોડા ઉપરથી તુટી પડયો.

આ વાતની ખબર માઝન્દરાની શાહને પડવાથી તેણે કલાહુર નામના એક બહાદુર પેહલવાનને રૂસ્તમ સામે જોર અજમાવવા મોકલ્યો. તેણે આવીને રૂસ્તમનો હાથ એટલા જોરથી દાબ્યો કે દુખથી તે આસમાની રંગનો થઇ ગયો. પણ પછી રૂસ્તમે કલાહુરનો હાથ એવો સખ્ત દાબ્યો કે તેનાં નખ ઝાડનાં પાત્રાં મિસાલ ઉખડી ગયાં.

આ ખબર તેણે જઇને પોતાના શાહને કહેતાં ભલામણ કીધી કે—મારૂં દુખ હું છુપાવી શકતો નથી. આ પેહલવાન સામે તું ફાવે એમ નથી, માટે તે માંગે તેટલી ખંડણી આપ અને તારૂં તખ્ત બચાવ.

એજ વખ્તે બહાદુર રૂસ્તમ શાહની દરબાર આગળ આવી પહોંચ્યો, જેને તેણે સારી બેઠક આપી, અને ખબર અંતર પુછતાં કહ્યું કે હું જાણું છું કે તુંજ રૂસ્તમ છે. રૂસ્તમે એ વાતનો ઇનકાર લીધો અને કહ્યું કે રૂસ્તમ જેવો પેહલવાન જેહાનમાં પેદા થયોજ નથી. પછી તેની પુષ્કળ તારીફ કરીને કહ્યું કે રૂસ્તમ તે પર્વતનું પાણી અને પાણીનો પર્વત બનાવે છે. એક બહાદુર લશ્કર રૂસ્તમ પોતેજ છે. તો તેવો એક જેહાંપેહલવાન એલચી થઇને તારી દરબારમાં કયાંથી આવે ! તેણેજ મને તારી કને એમ કહેવા મોકલ્યો છે કે તું જો ખંડણી આપવા કબૂલ થશે નહિ તો તારૂં લશ્કર ફના કરીને તારૂં સર ભાલાની ટોચે લટકાવીશ.

શાહે હવે રૂસ્તમનું આણેલું નામું વાંચ્યું, જેથી બહુજ ખિજાઇને તેણે જવાબ આપ્યો કે તારા શાહને જઇને કહે કે જેવો કાઉસ શાહ છે તેવોજ હું પણ છું. મને પોતાની નજદીક બોલાવવો તેને લાયક નથી. પાદશાહોનાં તખ્તનો લોભ રાખવામાં અંતે ખરાબી છે. તું ઇરાન તરફ ઘોડાનું મોં કર, નહિતો મારૂં લશ્કર તને ફના કરશે. વળી તું રૂસ્તમને મારી તરફથી એમ કહેજે કે—અય જેહાં પેહલવાન, કય કાઉસ, તને એક આપતો હશે તેની જગાએ હું તને એકુશો આપીશ, તને સરદારોનો સરદાર બનાવીશ, તારી ખાહેશ કરતાં વધારે દોલત આપીશ, તારૂં સર આફતાબ અને માહતાબ જેટલું બુલંદ કરીશ, અને મારાં તમામ લશ્કરોનો તને સપેહસાલાર બનાવીશ. તું મારી દરબારમાં આવ.

રૂસ્તમે આ સર્વનો તિરસ્કાર કરીને કહ્યું કે—અય શાહ, રૂસ્તમને તારા ખજાના અને તારાં લશ્કરની શી દરકાર છે ? જાલનો તે બેટો તો નીમરૂજનો સાહેબ છે ; તેનો બરાબરિયો કોઇ નથી. વાસ્તે તું આ બધી લવાડી છોડ, નહિતો એજ તારી જીભલી તે આવીને ખેંચી કહાડશે.

આ સખુનથી માઝન્દરાની શાહને એટલો તો ગુસ્સો ઉપજ્યો કે તેણે તત્કાળ ઇરાની એલચીને પકડવા, તેની બેઠક ઉપરથી ઉઠાડી મુકવા અને તેને ગર્દન મારવાનો હુકમ આપ્યો.

શાહનો હુકમ બજાવવા એક જલ્લાદ તખ્તની નજદીક આવ્યો અને રૂસ્તમને ઉઠાડી મારી નાખવા માટે તેનો હાથ પકડયો. પણ રૂસ્તમે

તેજ વખ્તે બેઠાંબેઠાં તે જલ્લાદને પોતાની નજદીક ખેંચીને નીચે તોડી પાડયો, અને તેના એક પગ ઉપર પોતાનો પગ મુકીને બીજો પગ પકડીને તેનાં બે ચીરિયાં કરી નાખ્યાં. આ તમાશો કરી બતાવીને રૂસ્તમ બોલ્યો કે—અગર મને શાહની પરવાનગી હોત તો આ ઘડી તારાં લશ્કર સાથ લડાઇ કરીને હું તારી ખુઆરી કરી નાખત.

આમ બોલતો તે લાલચોળ ડોળા સાથ ત્યાંથી ચાલ્યો ગયો. પછી કાઉસને સર્વે વાતોથી વાકેફ કરી લડાઇની તૈયારીનો હુકમ આપ્યો.

લડાઇ.

હવે લડાઇ ચાલી. માજન્દરાનીઓ પહેલા લડવા આવ્યા. ઇરાની લશ્કરો જુદાજુદા સરદારોના હાથમાં આપીને કાઉસે તેઓ સર્વેની વચોવચમાં પોતાની જગા કીધી. તેને આ રીતે તમામ ઇરાની ફોજોનો વડો જોઇને જુયા નામનો માજન્દરાની સરદાર તેનીજ સામે પહેલો લડવા આવ્યો. હવે કોઇબી ઇરાની સરદાર કે શાહ જુયાની લડાઇમાં જવાને ખુશી નહિ જણાયાથી રૂસ્તમેજ કાઉસની પરવાનગી મેળવીને તેની સામે રક્ષ ડપટાવ્યો. બન્ને વચ્ચે લડાઇ થતાં રૂસ્તમે પોતાના હમ્નાર્દને ભાલા વટી ઘોડા પરથી ઉપાડી જમીન ઉપર પટક્યો.

માજન્દરાની શાહનું પકડાવું.

એજ વખ્તે માજન્દરાની શાહે હુકમ આપ્યાથી તેનું તમામ લશ્કર ઇરાનીઓ ઉપર ધસી ગયું, અને એ રીતે બન્ને વચ્ચે સાત દહાડા સુધી ખુનખાર લડાઇ ચાલુ રહી. આઠમે દહાડે રૂસ્તમ જ્યાં માજન્દરાની શાહ હતો ત્યાં ધસી ગયો અને એક જબરો પુકાર મારીને પોતાનો નેજો શાહને વિંધી નાખવા માટે છોડયો. પણ શાયર લખે છે કે માજન્દરાની પાદશાહ જાદુગર હોવાથી તે તતકાળ એક મોટા ખડકમાં બદલાઇ ગયો.[1] રૂસ્તમ તે ખડકને પોતાની પીઠ ઉપર ઉપાડીને કાઉસના ડેરા આગળ લાવ્યો અને ત્યાં તેને જમીન ઉપર પટકીને બોલ્યો કે—અય જાદુગર, એકદમ તારૂં અસલ રૂપ ધારણ કર, નહિ તો આ ખડકનો ચુરેચુરો કરી નાખીશ.

આ ધમકીથી બીહીને તે માજન્દરાનીએ પોતાનું અસલ રૂપ પાછું લીધું, પેલો પથર હવામાં પિગળી ગયો, અને રૂસ્તમે તેનું પાંખડું પકડી કાઉસ શાહને કહ્યું કે—આ ખડક હું તને નજર કરૂં છું, કે જે મારી કોડાળીથી બીધો છે અને મારી પાંખડીએ વળગ્યા છતાં ધ્રુજે છે.

કાઉસ તેનો બદસુરત દેખાવ જોઇને કમકમ્યો, અને તેના કાપીને કટકા કરવા ફરમાવ્યાથી રૂસ્તમ તેની દહાડી પકડીને પાછો લઇ ગયો, અને એ રીતે તેનો જાન લીધા પછી તેની છાવણી હાથ કીધી, જેમાંથી પુષ્કળ ખજાનો મળ્યો. જેઓ કેદ પકડાયા તેમના જાન લીધા.

ફતેહનું માનવાજોગ કારણ.

આ ફતેહ પછી શાહ કાઉસે એક હફતા સુધી યજદાની બંદગી અને શુક્રગુજારી કીધી, અને આઠમે દાહડે ખજાનાના દરવાજા ઉઘાડીને સર્વેને રાજી કીધા. બીજું એક અઠવાડિયું આ રીતે પસાર થયું, અને ત્રીજો હફતો પણ ઇરાનીઓએ માજન્દરાનમાંજ કહાડયો. એ મુદત શરાબ અને રંગરાગ અને મોજ મજામાં ગુજરી. આ પછી શાહે રૂસ્તમની બહાદુરી માટે તેનો ઉપકાર માન્યો, અને રૂસ્તમે પોતાના ભોમિયા ઔલાદને યાદ કરીને તેને શાહ પાસે માજન્દરાનની પાદશાહી અપાવી. કય કાઉસે ઔલાદને પોતાનો ખંડિયો ઠરાવ્યો, તેને શાહી દાખલ પોશાક આપ્યો,

[1] આગળ ચાલતાં મીર્ખુન્દના આપેલા હેવાલ પરથી જણાય છે કે માજન્દરાની શાહ એક ડુંગરી કિલ્લામાં ભરાઇ બેઠો હતો, તેને ફિર્દોસ પથરમાં બદલાઇ ગયલો જણાવે છે.

અને જે માજન્દરાની સરદારો તાબે થયા હતા તેમને બોલાવીને ઔલાદના હુકમ મુજબ ચાલવા ફરમાવ્યું. [1]

આ રીતે માજન્દરાન ફતેહ કરી તથા ત્યાં સમાધાની પાંથરીને શાહ કાઉસ તેહમતન રૂસ્તમ જોડે ઇરાની પાયતખ્ત ખાતે પાછો ફર્યો, ત્યારે જ્યાં જ્યાંથી તેણે માર્ગ લીધો ત્યાં તેની ખુશઆમદના દહાડા તેહવાર દાખલ પળાયા, લોકોની ખુશહાલીનો પાર રહ્યો નહિ, સઘળે ખુશી ખર્રમીનાં જશનો થયાં, શરાબ અને રંગરાગની મજલિસો મળી, અને આખા દેશમાં ભારી ધામધુમ થઇ રહી. એક ફતેહ કરવા જતો પાદશાહ ફતેહ કરીને આવે તે વેળાની ધામધુમ કરતાં, તેજ પાદશાહ ફતેહ આગમજ સંકટમાં આવી પડી તેમાંથી ફારેગ થઇ જીત મેળવે ત્યારે તે માટેની ધામધુમ જુદીજ અને ચહડતા પ્રકારની થઇ પડે છે. કાઉસને લગતી ધામધુમ આ છેલ્લા પ્રકારની હતી.

પાયતખ્તમાં આવીને શાહે ખજાનાના દરવાજા ખોલ્યા અને હાજતમંદોને, ગરીબોને, નાચારબેચારોને, અને બીજા લાયક માણસોને સખાવતથી સંતોષ આપ્યો.

રૂસ્તમને સરોપા.

જેહાંપહેલવાન રૂસ્તમની એકલે હાથની—યાને બીજા આસપાસના દેશોના કોઇબી પાદશાહોની મદદ વગરની — મહેનતથી શાહ કાઉસનો છુટકારો થયો હતો, અને તે છુટકારાને માટે તે પોતાનાં નાનકડાં રાજ્યનાં નાનાં લશ્કર સાથ ઉતાવળો જઇને શાહને ભારી જવાંમર્દીથી છોડવી લાવ્યો હતો, માટે સઘળા પેહલવાનોએ અને સરદારોએ અને લોકોએ તેને મોટું આદરમાન આપ્યું. રૂસ્તમ શાહની દરબારમાં પોતાની આગેવાન જગાએ જઇ બેઠો, અને ખુશહાલીમાં કેટલાક રોજ ગયા પછી તેણે પોતાનાં બાપ જાલની ખિદમતમાં જવા માટેની રજા માંગી. શાહ કાઉસે તેને પરવાનગી આપતી વેળાએ રૂસ્તમની સેવાઓની પિછાનમાં કીમતી સરોપાવ આપ્યો, જે આપણા શાયરના ગણાવ્યા પ્રમાણે નિચલાં નંગોથી બનેલો હતો: —મેંઢાઓનાં ડોકાં સાથનું એક તખ્ત, કેજેને કાંઇક લીલાસ સાથના બ્લુ રંગના હીરાથી મઢી લીધું હતું; ઝવેરાતોથી આરાસ્તા કરેલું એક પાદશાહી તાજ, શાહ પોતે પહેરે તેવો જરી તારનો બનાવેલો ઝભો, એક બપકાદાર સોનેરી ગળેબંદ, એક તેવુંજ બાજુબંદ; સોનેરી કમરબંદ બાંધેલા માહતાબ ચેહરાના ૧૦૦ છોકરાઓ,

---

૧—તબરી માજન્દરાનની ફતેહનું બયાન નીચલા ઇંતેખાબ મુજબ કાંઇક જુદીજ રીતે આપે છે:—માજન્દરાનનો હાકમ શાહ કાઉસને ખંડણી આપતો હતો. પાછળથી તે સરકશ થયો. તેના ઉપર શાહે સમજુતીનાં નામાં લખ્યાં અને તેને પટાવી લેવા માંડ્યા, પણ તેણે બેવફા થઇ બંદ મચાવ્યું ત્યારેજ કાઉસ તેની સામે લશ્કર લઇ ગયો, જેમાં ઇરાન ઉપરાંત અરબસ્તાનની પણ ફોજે હતી. ઇરાનના શાહને આ રીતે આવતો જોઇને માજન્દરાનનો બંદખોર હાકમ તેની સામે નહિ થઇ શકાય એમ જોઇને એક દૂરના પહાડી કિલ્લામાં ભરાઇ બેઠો, જ્યાં જઈ કાઉસે છાવણી મારી અને કિલ્લાને ઘેરી લઇ તાબે કરવા માંડ્યું. તેણે કિલ્લો તોડવા માટેનાં હથિયારો કામે લગાડીને તેને જીતવાની ઘણી કોશેશ કીધી, તેમજ કિલ્લામાંનાં લશ્કરને બાહેર ખેંચવા માંડ્યું, પણ તેમાં ઇરાનીઓ ફાવ્યા નહિ અને નિરાશ થઈ ગયા. અંતે કાઉસે એક તદબીર લગાવી. તેણે એવું જાહેર કરાવ્યું કે ઇરાની લશ્કર કિલ્લો જીતાય નહિ એમ જોઈને પાછું ફરનાર છે. તેણે આ માટે પોતાના ડેરા તંબુ ઉઠાવ્યા, અને કિલ્લો તજીને સઘળું લશ્કર કેટલીક મંજલ સુધી આગળ વધી ગયું, અને પછી એક ઠેકાણે પડાવ નાખીને ત્યાંથી સોદાગરી લેબાસ આપીને કાઉસે કેટલાક લડવૈયાઓને વેપારી જિનસો આપી વેચવા મોકલ્યા. કિલ્લાનાં લોકોએ ઇરાનીઓને પડાવ ઉઠાવી ગયલા જાણી દરવાજા ઉઘાડ્યા, અને સોદાગરો કનેનો માલ ખરીદ કીધો, અને તેઓને જોઈતા ઘઉં, જવ અને બીજાં દાનો વેચ્યો. આ દાનો જ્યાં ભેગો કર્યો હતો ત્યાં આગ લગાડીને તેનો નાશ કરવામાં આવ્યો, તે માટે પેલા સોદાગરોએ બહુ અફસોસ કીધો. આગમાં ખોરાકીનો અનાજ બળી ગયલો જાણીને કાઉસનું લશ્કર હવે પાછું ફર્યું અને કિલ્લા ઉપર હલ્લો કરીને તે જીતી લીધો.—શી: History of the Early Kings of Persia, સ૦ ૨૨૧–૨૨૩. (આ હેવાલ ફિર્દોસીનાં બયાન કરતાં વધારે માનવા જોગ લાગે છે.)

કસ્તુરી જેવા ખુશબોદાર બાલવાળી ૧૦૦ સુંદર નાજનીન, સોનેરી સાજવાળા ૧૦૦ નામીચા ઘોડા, સોનેરી લગામવાળાં કાળા વાળનાં ૧૦૦ ખચ્ચરો, કે જે સઘળાં ઉપર રૂમ, અને પહલવ (પાર્થિયા), અને ચીન (ચીનાઇ તાર્તરી) ખાતેથી પાદશાહી પોશાકને માટે મંગાવેલા જરકશીના તાકાઓ લાધેલા હતા, દીનારથી ભરેલી ૧૦૦ થેલીઓ, ઝળકતું કપડ, સુગંધીઓ, ઘરેણાંઓ, ઉત્તમ પ્રકારની કસ્તુરીથી ભરેલો માણુકનો કુજો, બ્લુ રંગનાં ઝવેરાતનો બનાવેલો ગુલાબનાં જળથી ભરેલો બીજો તેવોજ કુજો, અને એ સઘળાં જોડે વળી રેશમનાં કપડાં ઉપર કસ્તુરી, શરાબ, અંબર અને એળિયાની મેળવણીથી બનાવેલી રૂશનાઇ વડે લખેલું એક શાહી ફરમાન, કે જેમાં શાહે જોહાં પેહલવાન રૂસ્તમને નીમરોજના આખા પ્રાંતની હકુમત નવેસરથી લખી આપી હતી, એવી નેમથી કે તે વખ્ત પછી ત્યાંની હકુમત બીજા કોઇબી ધણીને મળી શકે નહિ.

આ સઘળું બક્ષેશમાં આપીને શાહ કાઉસે રૂસ્તમને આશિષ દીધા, જે ઉપરથી તે જોહાં પેહલવાને પોતાની જગાએથી કુદી પડીને શાહનાં તખ્તને બોસ્સો દીધો, અને પછી પોતાના મુલ્કની રાહ ધરી.

શાહ કાઉસે હવે દાદ ઇનસાફથી અમલ ચલાવવા માંડયો. તેણે રાજ્યની બ્યવસ્થા કરી, જેમાં શાહજાદા તૂસને લશ્કરોનો સપેહસાલાર બનાવ્યો, અને તેને ફરમાવ્યું કે “ ઇરાન સરજમીનથી આફતને દૂર રાખજે. ” વળી ઇસ્ફહાનની હકુમત ગુદર્જને સોંપીને તેને તે તરફ રવાના કીધો. કાઉસના સુખવાસી અમલમાં એક તરફ ખુશાલી અને બીજી તરફ ઇનસાફનો અમલ ચાલતો હતો. શાયર કહે છે કે દુનિયા તમામ તાજી બની ગઇ હતી, અને મોતનો વિચાર તો કોઇ કરતુંજ ન હતું: ઇરાન સરજમીન ગોયા ઇરમના બાગ જેવી બની ગઇ હતી: નાપાક હારેમનનો હાથ બુરાઇ કરવાથી અટકેલો હતો: અને શબોરોજ ઇરાની રૈયતો પોતાના પાદશાહને રૂડા આશિષ દેતી હતી.

બાબ ૩—શાહ કય કાઉસ—૨.

[હામાવરાનની ફતેહ.]

ફસલ ૧—કાઉસ કેદમાં.

રાજ્યમાં શાહી સવારી.

માજન્દરાનની ફતેહ પછી કાઉસ પોતાનાં મોટાં રાજપાટમાં મુસાફરીએ નીકળ્યો. પોતાનાં રાજ્યનો વિસ્તાર કેટલો છે, તે ક્યાં ક્યાં ફરી વળ્યું છે, રૈયતોની હાલત કેવી છે, દૂરનાં રાજ્યોમાં ખંડણી આપનારા અને શાહ તરફથી નેમાયલા હાકમો કેવો અમલ ચલાવે છે, પ્રજા પુકાર જેવું કાંઇ છે કે નહિ—વગેરે બાબતોની માહિતી જાતે મેલવવા માટે કય કાઉસે શહાન-શાહતમાં ફરવા નીકળવાનું દુરસ્ત ધાર્યું. ફિર્દૂસી મુજબ તે ઇરાનથી નીકળેલો પ્રથમ તૂરાન[1] અને ત્યાંથી ચીન[2] ગયો, અને ત્યાંથી પાછો ફરી મકરાનમાં આવ્યો, અને ઇરાનના એ દક્ષિણ ભણીના પ્રાંતના કિનારા ઉપરથી વહાણ ઉપર સવાર થઇને પાદશાહી સવારી સાથે તે દરિયાને માર્ગે બર્બર તરફ ગયો. આ બર્બરનો મુલ્ક તે ક્યો? આફ્રિકાના ઉત્તર કાંઠા ઉપર બર્બર લોકોનાં નાનકડાં રાજ્યો ગઈ સદીની શુરૂઆત સુધીમાં જાણીતાં હતાં તે, કે એદનની સામે આફ્રિકાના સોમાલી કાંઠા ઉપર આવેલાં આજનાં બર્બેરાનું રાજ્ય! ઇજીપ્ત દેશના ચિત્ર-યુક્ત લેખોમાં આ બર્બેરાને "પુન–ત" (Pun–t) ને નામે ઓળખ્યું છે, કેજે તે જમાનામાં તેમજ આજેબી મોટું વેપારી મથક ગણાય છે. ફિર્દૂસીનું ભૂગોળનું જ્ઞાન જોઇએ તેવું લાગતું નથી, અને તે કહે છે કે આગળા દેહકાનોનાં લખાણ ઉપરથી તેણે પોતાનું નામું રચ્યું છે, માટે તે દેહકાનોની આ બાબતની ખબરદારી આપણો ગુચવાડો ભાંજી શકે એવી જણાતી નથી.

બર્બરી લોકોનો બળવો.

અહીં એક બીજી બાબત આપણું ધ્યાન ખેંચે છે. આપણો શાયર શુરૂઆતમાં જણાવે છે કે શાહ કાઉસ "પોતાનાં રાજ્ય" માં ફરવા નીકળ્યો હતો. હવે આપણે જાણિયે છિયે તેમ તૂરાન અને ચીન કાંઇ તેનાં પોતાનાં રાજ્યો ન હતાં. તેમજ વળી બર્બર અથવા બર્બેરા પણ તેને તાબે હોય અથવા તેનું ખંડિયું હોય એમ લાગતું નથી. કારણકે કાઉસના દરિયાઇ કાફલાને આવેલો જોઇને બર્બરનો રાજા તેની સામે લડાઇ કરવા માટે તૈયાર થયો હતો. સવાલ ઉઠે છે કે બર્બરનું રાજ્ય કેજે રાતા સમુદ્રને કાંઠે (અથવા વધારે આગળ વધીને તપાસિયે તો ભૂમધ્ય સમુદ્રને દક્ષિણ કાંઠે અને આફ્રિકાની ઉત્તરે) આવેલું હતું ત્યાં સુધી ફરવા નીકળવાનો કાઉસને કેમ શોખ થયો? અગરજો એ રાજ્ય તેનું ખંડિયું હોય તો તેણે બળવો ઉઠાવેલો હોવો જોઇયે, અને તે બેસાડી દઇ સમાધાની પાંથરવા શાહ બર્બર ગયલો હોવો જોઇયે. અથવા તો બર્બર અને તેની આસપાસનાં રાજ્યો જીતવાનો શાહને લોભ થયો હોય અને તેથી તે છેક અહીં સુધી કાફલો લઇ લડવા આવ્યો હોય. ગમે તેમ હોય, પણ ઇરાની અને બર્બરી લસ્કરો વચ્ચે મોટી લડાઇ થાય છે, જેમાં

---

૧ મી૦ રાજર્સ મુજબ સ્કીથ્યા.—The Shah-nameh, સફે ૧૬૩.

૨ એજ લખનાર મુજબ—તાર્તરી.

છેલ્લાઓ હારે છે, તાબે થાયછે, અને સુલેહની માંગણી કરે છે. તેઓ ખંડણી આપવા કબૂલ થાયછે. ફિર્દુસી મુજબ્ તેઓ શાહને કરગરીને અર્જ ગુજારે છે કે "અમો તારા ગુલામ છિયે અને ખંડણી માટે સર નમાવિયે છિયે; અને દિર્હમને બદલે સોના અને ઝવેરાતમાં એ ખંડણી ભરીશું." આ ઉપરથી જાણુય છે કે શાહ ખાહમખાહ લડાઇ માટે આવ્યો ન હતો, પણ ખંડણી નહિ ભરી બંદ ઉઠાવ્યાથીજ તે બર્બરીઓને સજા કરવા આવ્યો હતો, જેઓને પુરતી સજા થવાથી તેઓને અસલ કરતાં ઘણી મોટી રકમની ખંડણી આપવાની ફર્જ પડી હતી.

શાહી સવારીનું આગળ વધવું.

શાહ કાઉસ ડાહ્યો હતો. તેણે આ સર્કશ લોકોને વધારે હેરાન નહિ કરતાં તેમને માયા મેહરબાનગીથી આવકાર દઇને રૂડી શીખામણ દીધી, તથા નવા કાયદા અને નવી રીતભાત શીખવી. આ ઉપરથી જણાય છે કે શાહ કાઉસનાં રાજ્યની નૈરૂત્ય ખુણા તરફની હદ આફ્રિકાના પુર્વ કાંઠાના બર્બરિસ્તાન સુધી પહોંચેલી હતી. અહીં સઘળું સમાધાન કરીને શાહ હવે પાછો ફર્યો, અને ફિર્દુસી કહે છે કે તેણે કોહેકાફ પર્વત તરફનો માર્ગ લીધો. આ વળી ભૂગોળ સંબંધી નવો ઘોંટાળો છે. કોહેકાફ પર્વત વાંચનાર જાણે છે તેમ કાળા સમુદ્ર અને કૅસ્પીઅન સમુદ્રની વચ્ચે પડેલો છે. આજના રશિયા દેશની દક્ષિણે અને ટર્કીના ઉત્તરે તે આવેલો છે. હવે બર્બર જે આફ્રિકાના પુર્વ કાંઠા ઉપર છે ત્યાંથી કોહેકાફ હજારો કોશ દૂર છે. માર્ગમાં આખો અરબસ્તાન દેશ પસાર કરવો પડે, ત્યાર પછી આજનો ટર્કીનો મુલ્ક કાપીને કોહેકાફ તરફ જવું પડે. અગર જો શાહને કોહેકાફ જવું હતું તો તુરાન (સ્કીથ્યા) તરફના પ્રવાસ વેળા તે ત્યાં સહેલથી જઇ શકત, કેમકે ત્યાંથી તે વધારે નજદીક પડત. અમને તો લાગે છે કે કોહેકાફની વાત આ જગા ઉપર લાગુ પડતી નથી. ફિર્દુસી મુજબ શાહને અહીં આવી પુગેલો જાણીને કોહેકાફનાં લોકો તેને ઇસ્તેકબાલ લેવા આવ્યાં, અને મોટો આવકાર દઇને પોતાની વફાદારી જાહેર કીધી, અને કીમતી હદિયો તથા ચોથાઇ તેના પાઉં આગળ હાજર કીધાં. આથી રાજી થઇને શાહ ત્યાંથી વિદાય થયો અને પોતાનું લશ્કર લઇને જાબુલિસ્તાન ભણી ગયો, અને જેહાં પેહલવાન રૂસ્તમનો મેહમાન બનીને ત્યાં એક મહિનો સુધી રહ્યો, જે દરમિયાન પાદશાહી શોખ મુજબ બાજ અને ચિત્તાના શિકારની મોજ મેળવી, તથા રંગરાગમાં મશગુલ રહ્યો.

તે સંબંધી એક ગુચવાડો.

અહીં કાઉસ આમ મજા ઉરાડતો હતો એટલામાં ખબર મળી કે મિસર અને શામના મુલુકમાં ફેસાદ ઉઠયો છે અને એક માતબર અને લોભી અરબ સરદારના ઝુંડા તળે લોકો જમા થવા લાગ્યાં છે, તથા કાઉસ તરફ બેવફા બન્યાં છે. આ ખબર સાંભળીને કાઉસ રૂસ્તમનાં નીમરૂજ પાયતખ્ત ખાતેથી ઉપડી દરિયા કાંઠા તરફ ચાલ્યો, અને શત્રુઓ નહિ જાણે તેમ ત્યાં એક કાફલો બાંધીને તે ઉપર લશ્કર તથા જંગનો અસબાબ ઉઠાવીને એક હજાર ફર્સંગ જેટલો આગળ વધ્યો અને જ્યાં ડાબા હાથ ઉપર મિસર, જમણા હાથ ઉપર બર્બર અને વચમાં દરિયા કાંઠા ઉપર હામાવરાન એ રીતનાં ત્રણ રાજ્યો લગોલગ આવી રહેલાં હતાં, ત્યાં જઇ પુગ્યો.[૧]

૧—ડાબા હાથ ઉપર મિસર, જમણા હાથ ઉપર બર્બર અને તેઓની વચમાં હામાવરાન : આમ જો આ ત્રણે દેશો ગોઠવાયલા હોય તો હામાવરાન તે યમન હોઇ શકે નહિ; અને વળી બર્બર તે આજનાં બર્બેરા બંદર વાળું રાજ્ય પણ હોય નહિ. આ ગોઠવણ મુજબ તો આપણે એમ ધારી શકિયે કે મિસર અને તેની ઉત્તર-આથમણુ દિશાએ (એટલે વાવ્ય ખુણે) આવેલાં બર્બરિસ્તાનનાં તે રાજ્યોની વચ્ચે કોઇ બીજું રાજ્ય કયાની

કાઉસની આ નવી મંજલ નવો ગુચવાડો ઉત્પન્ન કરે છે. ક્યાની જમાનામાં લશ્કરોને મુસાફરી કરવા માટે આજના જેવી સગવડ ન હતી, તેવા સમયમાં પાદશાહ પોતાનાં બહોળાં રાજ્યના એક છેડા ઉપરથી બીજા છેડા ઉપર અને બીજા છેડા ઉપરથી ત્રીજા છેડા ઉપર, તથા વળી પાછો પહેલા છેડા ઉપર જા આવ કરે, એ તેને માટે બહુજ બિકટ કામ ગણાય. અને તોપણ હજારો કોશની મંજલ તે ગોયા ઇરાની લશ્કરોને માટે કશી વિસાતમાં ન હોય તેમ આપણો શાયર આપણને શાહ કાઉસની જોડે એક વાર ઇરાનથી ચીન, બીજીવાર ચીનથી મકરાન, ત્રીજી વાર મકરાનથી બર્બર, ચોથીવાર બર્બરથી કોહેકાફ, પાંચમીવાર કોહેકાફથી નીમરૂજ થઇને મકરાનને કાંઠેથી દરિયા માર્ગે પાછા બર્બર તરફ, મિસર અને હામાવરાન તરફ, અતિ સહેલથી લઇ જઇ મુકે છે !

માનવા જોગ ખુલાસો.

આ બાબતમાં અમને તબરી જેવા અરબ તવારીખનવેશની ટુકી હકીકત વધારે બંધએસતી લાગે છે. તે જણાવે કે માજન્દરાનની ફતેહ પછી કાઉસ હિંદુસ્તાન તરફ લશ્કર લઇ ગયો (જે બાબે ફિર્દુસી કશું જણાવતો નથી), અને એ દેશ ફતેહ કરીને તે મકરાનને માર્ગે છો ફરીને સીસ્તાનમાં જાલ અને રૂસ્તમનો પરોણો બન્યો અને ત્યાં સઘળું માનપાન મેળવી તથા મોજ જોક કરીને તે પોતાને પાયતખ્ત (પાર્સ) ખાતે પાછો ફર્યો, જ્યાં થોડીક મુદત ગુજાર્યા બાદ યમનના પાદશાહ જુ અલ અજવાર સામે ચઢાઇ લઇ ગયો. તબરી લખે છે કે આ ચઢાઇ નહિ લઇ જવા માટે કાઉસને તેના વજીરોએ ઘણો સમજાવ્યો, પણ તેમનું નહિ માનતાં તે મોટી મુસીબત વેઠીને યમન તરફ મંજલ કાપતો ગયો. તબરી જણાવતો નથી, પણ ફીર્દુસી કહે છે કે ત્યાં જવા માટે કાઉસે એક દરિયાઇ કાફલો તૈયાર કીધો હતો, જેની ખબર અરબ પાદશાહને તેણે પડવા ન દીધી હતી. કદાચ તબરીને એવી ખબર મળી હોય કે કાઉસ જમીનને રસ્તે પોતાનું લશ્કર લઇ ગયો હતો.

ત્રણે એકજોંપી રાજાઓ.

હવે જ્યારે કાઉસના દરિયાઇ કાફલાના આવી પુગવાની ખબર મિસર, બર્બર અને હામાવરાનના રાજાઓને પડી ત્યારે તેઓએ ભેગા મળીને મસ્લહત ચલાવી અને બર્બર ખાતે પોતાની ફોજો ભેગી કીધી. કાઉસ તેમની સામે જઈ ઉભો, અને બન્ને વચ્ચે ખૂનખાર લડાઇ ચાલી, જેમાં ત્રણે એકસંપી રાજાઓની હાર થઇ. પોતાની શિકસ્ત જોઇને હામાવરાનના રાજાએ સુલેહ ચાહી. ઘોડા, લડાઈનાં હથિયારો, તાજોતખ્ત વગેરેના હદિયા જોડે ખંડણી આપવાને તે કબૂલ થયો; પણ સાથે એવી શર્ત કરવા માંગી કે દેશને વધારે ખરાબ નહિ કરતાં કાઉસ હામાવરાનથી પાછો ફરે. આ બિના દેખાડે છે કે કાઉસ હામાવરાન ઉપરજ ચઢાઇ લાવ્યો હતો. અને ત્યાંના રાજાની મદદમાં મિસર

જમાનામાં હયાત હોવું જોઇયે, કે જેને હામાવરાનને નામે ઇરાનીઓ ઓળખતા હશે. બચિત, મીo રૉજર્સ કહે છે તેમ આ બયાન આપીને ફિર્દુસી હામાવરાન ક્યાં આવ્યું હતું તેનો ગુચવાડો ભાંજી શકતો નથી.—Shah-nameh, સo ૧૬૩.

અમને લાગે છે કે આપણા શાયરની મતલબ બુમધ્ય સમુદ્રની દક્ષિણે આવેલાં બર્બરિસ્તાનનેજ બર્બરનું નામ આપવાની છે. કદાચ પ્રથમ તે જે બર્બર લોકોને સજા કરવા ગયો હતો તે એદનની સામેનું બર્બેરાવાળું રાજ્ય હોય; પણ બીજી મરતબે જે બર્બર વિશે તે બોલે છે તેનો મિસર સાથનો સંબંધ જોતાં, અને જમણા હાથપર બર્બરિસ્તાન તથા ડાબા હાથપર મિસર અને વચમાં હામાવરાનની હદ બતાવેલી છે તે તરફ નજર પહોંચાડતાં એમ લાગે છે કે શાહ કાઉસ કોહેકાફથી પાધરો ખુશ્કીને માર્ગે હામાવરાન તરફ ધસી ગયો હોય. જો તેણે આ રસ્તો—કોહેકાફથી મિસર ભણીનો—લીધો હોય તો તેને લાંબી મંજલ કરવી પડે નહિ, અને દરિયાને માર્ગે ફરીથી કાફલા પર સવાર થવું પડે નહિ.

અને બર્બરના રાજાઓ એકસંપી બન્યા હતા. આ બર્બર તે આગળ જોઇ ગયા તેજ રાજ્ય હોય તો ત્યાંનો રાજા થોડાજ વખતમાં એનફા થયલો હોવો જોઇયે. હામાવરાન તે આજનો યમન દેશ છે એમ કેટલાક તવારીખનવેશો જણાવી જાય છે. અગરજો તેમજ હોય તો બર્બરનો રાજા તેને સહેલથી મદદ આપી શકે, પણ મિસરના રાજાને એ મદદ આપવા માટે મોટી મંજલ કાપીને ઉત્તરેથી ઉતરી આવવું પડે. અગરજો બર્બર તે આજના એદનની સામે પારનું બર્બેરા ન હોય અને ભૂમધ્ય સમુદ્રવાળું બર્બરિસ્તાન હોય તો તે મિસરની લગોલગ હોવાથી એ બન્નેના પાદશાહોને પોતપોતાનાં લસ્કર ભેગાં કરવાનું સહેલ થઇ પડે. પણ તેમને યમન તરફ તે લશ્કરને લાવતાં આખો રાતો સમુદ્ર અથવા એ સમુદ્રનો આખો કાંઠો પસાર કરવો પડે. આજે હજાજનો જે મુલ્ક રાતા સમુદ્રની પૂર્વ બાજુએ આવેલો છે તે આ મિસરી તથા બર્બરી લશ્કરોએ જો ખુશ્કીનો માર્ગ લીધો હોય તો કાપવો પડે. ત્યાં સુધી તેઓથી યમનના અરબ રાજા (તબરી મુજબ જુ અલ અજધાર) ને મદદ આપી શકાય નહિ.

રાણી સુદાબેહ.

તબરી જણાવી જાય છે કે હામાવરાનનો આ રાજા શિકસ્ત પામીને કેથે નાસી ગયો, પણ તેજ વખતે કાઉસને કાને પોતાની ખુબસુરત શાહજાદીની વાત નખાવી, જે સાંભળીને તેણીને નજરે જોયા વગર શાહ તેના ઉપર મોહિત થયો, સુલેહ કીધી, અને પેલી નાજનીનને શાદીમાં આપવાની તેના બાપને ફર્જ પાડી. તબરી મુજબ તેણીનું અસલ નામ તો કાંઇ બીજુંજ હશે, પણ ઇરાનીઓ તેને સુદાબેહને નામે ઓળખી ગયા છે.

ફિર્દુસી શાયર મુજબ કાઉસ હામાવરાનના રાજાની તાબેદારી અને ખંડણીથી રાજી થઇને પોતાની મૂખ્ય છાવણી તરફ પાછો ફર્યો, જ્યાં હામાવરાની અફાસરો અને સરદારોનું એક મંડળ જર અને ઝવેરનું નજરાનું લઇ આવ્યા, અને પોતાની તાબેદારી ફરીથી કબૂલ કરી ગયા. આ છાવણીમાં એક દહાડે શાહે અરબ શાહજાદીની ખુબસુરતીની વાત સાંભળી, જે ઉપરથી લોભાઇ જઇને કાઉસે તેણીની શાદીમાં માગણી કરવા માટે એક એલચી તેના બાપની દરબારમાં મોકલ્યો. અરબ રાજાએ મોટી મુસ્કેલીથી આ માગણી કબૂલ રાખી, પણ તે આગમચ પોતાની બેટીને બોલાવીને તેની મર્જી પુછી. તેણીએ કાઉસની રાણી થવાની ખુશી બતાવી, જે ઉપરથી અરબ પાદશાહે દુખી દિલથી ૪૦ પાલખીઓ તૈયાર કરાવી, તથા ત્રણશો દાસીઓ, ૧૦૦૦ ઘોડા, તેટલાંજ ઉંઠ અને તેટલાંજ ખચ્ચર ઉપર દીનારના કોથળા તથા સોનેરી કપડાંના તાકા લાધીને પોતાની વહાલી બેટીને શાહ કાઉસની છાવણી તરફ ભારી ભપકા સાથ રવાના કીધી, જેની જોડે તેણી તરફની શાદીની રીત (યાને મેહર) પણ હતી.

આ રીતે પોતાની બેટીને મોકલી તો ખરી, પણ હામાવરાનના અરબ રાજાને મનથી તેનો આધાર તેના ખજાના પર હતો, અને તેનો ખજાનો તે તેની બેટી હતી. એટલામાટે તે બહુ દિલગીર અને દુખી થયો. તે કાંઇ એવી તદબીર શોધવા લાગ્યો કે જેથી તે પોતાની બેટીને પાછી મેળવી શકે અને પોતાની ખંડણી લેનારનું કાટલું કહાડી શકે.

સસરાની પરોણાગત.

બેટીને શાદીમાં આપ્યા પછી આઠમે દહાડે તેણે કાઉસ ઉપર નામુ લખીને તેને હામાવરાનમાં જિયાફતે આવવાનું ઇજન કીધું. કાઉસ આ મોહ્ બરેલાં નોતરાંને માન આપવાને તૈયાર

થયો; પણ તેની નવી અરબ રાણી સુદાબેહ કે જે પોતાના બાપના કાવાદાવાને સારી પેઠે પિછાનતી હતી અને જે આ ઇજનમાં માન નહિ પણ અપમાન આપવાની તેમજ જાન લેવાની તદબીર છે એમ તરત સમજી ગઈ હતી, તેણીએ શાહને સલાહ આપી કે "તું નામવરે હામાવરાન જવું નહિ; જો જશે તો જિયાફતમાં જીવ ઉપર આફત આવી પડશે. મારા બાપે મારી ખાતર આ બધો પ્રપંચ રચ્યો છે, જેનું પરિણામ તું જો તેનો મેહમાન થાય તો તારી ખરાબીમાં આવે."

પણ કાઉસ ગુમાની પાદશાહ હતો. તે પોતાના વિચાર ઉપર મુસ્તાક રહી કામ લેનાર હતો. તેણે પોતાની નવી રાણીની સલાહ માની નહિ. તેણે હામાવરાની (યમની અરબ) લોકોને નબળા પોચા માની લીધા, અને તેથી તેઓ શું કરી શકનાર છે એમ સમજીને તે પોતાના સરદારો અને પેહલવાનો સાથ પોતાના નવા સસરાનો પરોણો બન્યો. હામાવરાનના પાદશાહનું મોજ-શોક માટેનું ખાસ શેહર અથવા મથક "શાહા" નામનું હતું, જ્યાં તેનો મેહેલ હતો. આ શેહર-ને તેણે કાઉસની પધરામણી માટે ઠાઠમાઠથી શણગાર્યું હતું, અને જ્યારે શાહ ત્યાં દાખલ થયો ત્યારે સર્વે રહેવાસીઓએ તેને ભારે આવકાર દઇને મોટું આદરમાન આપ્યું. રાજા અને તેના અકાબરો શાહને આવતો જોતાંજ પાઉ પિયાદા થઇ તેને સામે જઇ મળ્યા. આખે રસ્તે તેમજ મહેલમાં દાખલ થતાંજ દરવાજાથી તે એશ્ક માટેનાં દીવાનખાનાં સુધી શાહ કાઉસપરે ઝવેરાતનો ગોયા વરસાદ વરસાવવામાં આવ્યો! હીરા, મોતી, સોનું, કસ્તુરી અને અંબર વગેરેથી ભરેલા સોનાના ખાન્યા ખાલી થઇ ગયા ત્યાં સુધી એ સર્વે ચીજોના નેસાર થયા. એક હફતો અહીં આવાંજ માનપાન મેળવવામાં શાહ કાઉસે રંગરાગ અને મોજમજાહમાં ગુજાર્યો, અને આ જગા તેને બહુજ પસંદ આવી. હામાવ-રાનનો રાજા ગોયા તાબેદારીની કમર બાંધીને ઇરાની શાહ આગળ ખિદમતમાં ખડો રહ્યો, અને તેણે ઇરાની પરોણાઓની બહુજ ખાતર બરદાસ્ત કરી. આથી કાઉસનો સઘળો શક અને વહેમ દૂર થઇ ગયો.

જિયાફતમાં આફત.

હફતો પુરો થયા પછી આ સઘળો મામલો ફેરવાઇ ગયો અને અરબ રાણી સુદાબેહની ચેતવણી ખરી પડી. હામાવરાનના શાહે બર્બ-રિસ્તાનના શાહને ખબર આપેલી હોવાથી ત્યાંનું લશ્કર કુચ કરતું આવી પુગ્યું, અને બન્ને લશ્કરોએ ઇરાનના શાહ અને તેના પેહલવાનો-વાળા મહેલને ઘેરી લઇ લડાઇનાં વાજાં વગા-ડ્યાં. ઇરાનીઓ મધરાતને વખ્તે જંગ માટે તૈયાર હતા નહિ. આથી હામાવરાની લશ્કરે કાઉસ અને તેની જોડે ગયલા સરદારો ગીવ, ગુદર્જ, તુસ, ગુર્ગીન, જંગા વગેરેને[૧] પકડીને બેડી ઠોકી, અને એક પર્વત ઉપરના એકાંત કિલ્લામાં તેઓ સર્વને કેદ કીધા, તથા તેઓ છટકી નહિ જાય તે માટે તેઓ ઉપર એક હજાર હામાવરાની સિપાહીઓની ચોકી મુકી. પછી શાહ કાઉસની જ્યાં છાવણી હતી ત્યાં દરોડો પાડીને પોતાનાં લશ્કર કને તે લુટાવી, તથા એક બંધ પાલખી મોકલાવીને તેમાં પોતાની શાહજાદીને સલામત તેડાવી મંગાવી. સુદા-બેહે પોતાની સખીઓને આવેલી જોઇને સઘળો પાદશાહી લેબાસ ફાડી તોડીને નાખી દીધો, પોતાના કસ્તુરી જેવા કેશનો તોડ પીખ ચલાવી, પોતાના ગુલાબી ગાલ નખ વડે જખમી કીધા. તેણી પોતાના પિતાના પ્રપંચ ઉપર લઆનત નાખીને ફરિયાદ કરવા લાગી કે—જેઓ મર્દાનેમર્દ હોય તેઓ આવા દગા ફટકા તરફ ધિક્કારથી જુએ છે. તમારે જો કાઉસને પકડવો હતો તો જંગ મેદાનમાં જ્યારે તેણે બખ્તર પહેરેલું હતું ત્યારેજ તેને

૧ તબરી આ સરદારોમાં ગુસ્તહમ અને બીઝનનાં નામો ઉમેરે છે.

પરહેજ કરવો હતો. ત્યારે તેનું તખ્ત તેનો અરપ હતો; પણ આજે તમે તેને તાજોતખ્તની મોજમજાના ફરેબમાં ફસાવીને તમારો દોસ્તીનો વચન તોડયો છે. આવા આવા લાયક સખુનો બોલવા જોડે સુદાબેહે કહ્યું કે—કાઉસને તમે ગમે ત્યાં છુપાવ્યો હશે તોપણ તેનાથી હું છુટી પડનાર નથી; જ્યારે તમો તેની કને નાહક બેડી ઘસડાવો છો તો મનેબી નાહક કતલ કરી તમારૂં વેર વાળો.

આ સઘળી વાતોથી હામાવરાનના શાહને જ્યારે વાકેફ કરવામાં આવ્યો ત્યારે તે બહુ છેડાયો. તેનાં દિલમાં કીનાએજ વાસો કરેલો હોવાથી તેણે પોતાની બેટી—જેની ખાતરજ તેણે આ દગો કરેલો હતો—તેને બી તેના ખાવંદવાળાજ કિલ્લામાં બંધ કરવાનો હુકમ આપ્યો. આથી તે બન્નેને દિલાસો મળ્યો, અને સુદાબેહ પોતાના ખાવંદની બરદાસ્ત કરવા અને તેને સુખ આપવા લાગી.

ફસલ ૨—ત્રણ ખંડિયા રાજાઓનો એકસંપ.

ઇરાન ઉપર પરદેશી હુમલા.

શાહ કાઉસનાં લશ્કરને તેના કેદ પકડાયાની ખબર મળતાંજ તેણે હામાવરાનીઓ સામે ચઢી જઇ તેમને સજા કરવાને બદલે ઇરાન તરફનો માર્ગ ધર્યો, અને દરિયો પસાર કરીને ઇરાનમાં તે દાખલ થયું. કય કાઉસના કેદ થવાની ખબરથી એક તરફથી તુરાની અફ્રાસિયાબ જીહૂન પસાર કરીને ઇરાનમાં ઉતરી પડયો, ત્યારે બીજી તરફથી અરબ લશ્કર ઇરાન જીતવા આવ્યું. ઇરાનીઓ પોતાના શાહ વિના આ બેવડા હુમલા વચ્ચે તદન લાઇલાજ હતા. તેઓમાં એવો કોઇ સરદાર નહિ જણાયો કે જે દેશ તરફથી લડવા મેદાન પડે અને આ બન્ને દુસ્મનોને મારી કહાડે.

હવે જ્યારે ઇરાનીઓ અફ્રાસિયાબની સામે થયા નહિ, ત્યારે તે તુરાની પાદશાહે પોતાના માર્ગ વચ્ચે અરબોને દુશ્મન તરીકે પિછાન્યા. અરબ અને તુરાની લશ્કરોઓ વચ્ચે આ ઉપરથી જંગ બરપા થયું. ત્રણ મહિના સુધી લડાઇ ચાલુ રહી, જેનાં પરિણામે અંતે અરબોને ભારો ખુઆરી સાથ નાસવું પડયું. શત્રુઓનો આ રીતે નાશ કરીને અફ્રાસિયાબે ઇરાન ઉપર બેફિકર હકુમત ચલાવવા માંડી. તેના અંધેર કારોબારથી દેશ ઉજ્જડ વળ્યો અને રૈયતોએ ફરિયાદ કરવા માંડી. હવે તેઓએ જેહાં પેહલવાન રૂસ્તમને યાદ કીધો, અને શાહની તેમજ દેશની હાલતથી તેને વાકેફ કીધો. રૂસ્તમે ભારી સંતાપ અને ખોફ સાથ સઘળી વાતો સાંભળી, અને પછી સૌથી પહેલાં શાહને છુટો કરવાનું ઠરાવ્યું. તેણે જાબુલ, કાબુલ અને હિંદ ખાતેથી લશ્કરો બોલાવી ભેગાં કીધાં અને પછી હામાવરાન તરફ ચાલ્યો.

કાઉસની મદદે રૂસ્તમ.

રૂસ્તમે પોતાની કુચ આગમજ એક ઉતાવળા ખેપિયાને ઉચાઉચ કાઉસને જ્યાં કેદ કરી રાખેલો હતો ત્યાં મોકલ્યો, અને તેને ખબર અપાવી કે રૂસ્તમ તેનો છુટકારો કરવા આવે છે માટે નિરાશ ન થતાં ખુશી થવું. રૂસ્તમ ઉતાવળે મંજલ કાપતો દરિયા માર્ગે હામાવરાનની હદમાં જઇ પુગ્યો, જ્યાંથી તેણે ત્યાંના રાજા ઉપર એક નામુ લખીને તેને ધમકી આપી કે—જો તું શાહ કાઉસને એકદમ છુટો કરી નહિ દેશે તો તારો પોતાનો જાન સલામત રહી શકશે નહિ. રાજાએ જવાબ મોકલ્યો કે—કાઉસ કેદખાના-માંથી પોતાનો પગ બાહેર કહાડી શકશે નહિ. તું પોતે બબરિસ્તાનમાં આવ્યોછે તો તારે માટે પણ જંજીર અને કેદખાનું તૈયાર છે.

બન્નો લશ્કરો લડાઇને માટે તૈયાર થયાં, જેમાં હામાવરાની સિપાહો રૂસ્તમનો સપાટો

જોઇને એટલાબધા બીહી ગયા કે તેઓ જંગ મેદાન છોડીને પોતાનાં શેહર તરફ નાસી ગયા. પોતાની શિકસ્ત જોઇને હામાવરાની રાજાએ ઝડપ ચાલના બે કાસદોને નામાં આપીને મિસર તથા બર્બરના રાજાઓ તરફ રવાના કીધા, અને તેમની મદદ મંગાવી. આ નામાંમાં હામાવરાની શાહે એક બોલ એવો લખ્યો હતો કે જે ઉપરથી તેના અને મિસર તથા બર્બરના મુલુક એક બીજાની અડોઅડ આવેલા હોય એમ જણાય છે. જો એમજ હોય તો મિસર અને બર્બરની વચ્ચે ભૂમધ્યના દક્ષિણ કાંઠા ઉપર હામાવરાન આવેલું હોવાની અમારી કલ્પનાને ટેકો મળેછે. આ ત્રણે રાજ્યોનાં લશ્કરો હવે ભેગાં થયાં અને રૂસ્તમનાં ઇરાની લશ્કર સામે લડવા આવ્યાં.

લડાઇ આગમજ રૂસ્તમે કાઉસને કહેવાડયું કે હું લડવા જાઉં છું તો ખરો, પણ મારા હાથ ઉપર શિકસ્ત ખાધાનાં વેરમાં દુસ્મન તારો જાન લે તો મને આ દુસ્મનોનાં તખ્ત શા ખપનાં ? વાસ્તે હવે તું તારી સંભાળમાં રહેજે. કાઉસે જવાબ મોકલ્યો કે—મારી તું દરકાર ના કર. દુનિયા એકલા મારેજ માટે નથી. ખુદા મારો દોસ્ત છે. તેની રહેમ તેજ મારો આશ્રો અને મારો બચાવ છે. તું બેધડક રક્ષને ડપટાવ અને શત્રુઓનાં બખ્ત ઉંધાં કર.

રૂસ્તમની ફતેહ.

રૂસ્તમ આથી સંતોષ પામીને લડાઇનાં મેદાનમાં જઇ ઉભો. પણ ત્રણ રાજ્યોનાં ભેગાં લશ્કરો છતાં દુસ્મનો તેને જવાબ આપવા આવ્યા નહિ. બીજે દિને રૂસ્તમે પાછો મેદાનમાં દેખાવ દીધો અને લડાઇની ફરીથી માંગણી કીધી. ત્રણે મુલુકના પાદશાહો હાથી ઉપર સવાર થયલા હતા. તેમનાં લશ્કરોની સંખ્યા એટલી મોટી હતી કે તેઓ બહોળાં લંબાયલાં હતાં. બર્બર ખાતેથી ૧૬૦ હાથી લડાઇમાં આવ્યા હતા. તે જમાનામાં હાથી લડાઇ જીતવાનું એક મૂખ્ય સાધન ગણાતો હતો. લશ્કરમાં જેમ હાથી વધારે તેમ ફતેહની આશા વધારે મનાતી હતી. માજન્દરાનના શાહને કાઉસ સામે લડવા ઉતરવાની હિમત આવી હતી તે તેના પુષ્કળ હાથીઓને લીધેજ હતી. બર્બરી કરતાં હામાવરાની હાથીઓની સંખ્યા ૧૦૦ જેટલી વધારે હતી. આ ૨૬૦ હાથીઓથી બે મૈલ જેટલી જગા રોકાઇ હતી. મિસરનું લશ્કર ઘણું મોટું હતું. આ ત્રણે લશ્કરો પીળા, રાતા, અને ગુલાબી રંગના ઝુંડા ઉરાડતાં હતાં.

ઇરાની લશ્કર આ ત્રણ સાથ સરખાવતાં નાનું હતું. શાહ કાઉસ સાથ જેઓ હામાવરાની જિયાફતમાં ગયા હતા તે સઘળા પેહલવાનો કેદખાને હોવાથી ગુરાજેહ અને જવારેહ જેવા સરદારોને લશ્કરી વડપણ મળ્યું હતું. પહેલાએ જમણી અને બીજાએ ડાબી પાંખની સરદારી લીધી હતી, ત્યારે રૂસ્તમ પોતે વચોવચમાં સપેહસાલાર દાખલ ઉભો હતો.

આ રીતનાં લશ્કરો વચ્ચે ચાલેલી લડાઇમાં રૂસ્તમે શામના પાદશાહને[2] પોતાની કમંદ વડે ફાંસમાં લઇને જીન ઉપરથી ઉથલાવી નાખ્યો અને લાકડી વડે દડી ઉડે તેમ તે પોતાના હાથી ઉપરથી ગબડી હેઠે પડયો. ઇરાની બેહરામે તેના હાથ બાંધી લીધા, અને ઇરાનીઓએ તેના લશ્કરમાં કતલ ચલાવીને ૬૦ નામદારોને કેદ પકડયા. બીજા હાથ ઉપર પેહલવાન ગુરાજેહે જમણી બાજુથી બર્બરી લશ્કર

૧ ફિર્દોસી કહે છે કે જમીન ઉપરની કુચ કંટાળા ભરેલી હોવાથી રૂસ્તમે દરિયાનો માર્ગ પસંદ કીધો હતો. અરબી સમુદ્રમાં ઝોકાવીને, તથા રાતા સમુદ્રમાંથી રસ્તો લઇને તે હામાવરાન તરફ ગયલો હોવો જોઇયે, કે જે જમણી બાજુએ બર્બર અને ડાબી બાજુએ મિસરની વચ્ચે આવેલું હતું, એમ આપણો શાયર જણાવી જાય છે.

૨ આ કયો શાહ ? શાયરે આપણને શામ વિશે અત્યાર સુધી કશું જણાવ્યું નથી. તેનાં મનમાં મિસરનો શાહ હોવો જોઇયે, કે જે આ વેળા શામનો પણ પાદશાહ હશે.

ઉપર હિંગામો કરીને તેના પાદશાહ તથા ૪૦ નામદારોને પોતાના બંધવા બનાવ્યા. આવો મામલો જોઇને હામાવરાની શાહ ગભરાયો. તેણે ફતેહની આશા છોડી અને પોતાની પુરેપુરી ખરાબી નજદીક છે એમ જોઇને સુલેહ માટે રૂસ્તમ ઉપર પેગામ મોકળ્યો, અને પુષ્કળ ખજાનો આપી દેવાની અર્જ ગુજારી. શાહ કાઉસ કેદમાં હતો તેની સલામતીને માટેજ જેહાં પેહલવાનને સુલેહ કરવાની જરૂર જણાઈ. હામાવરાનીએ શાહને તથા તેની જોડે પકડાયલા ઇરાની નામદારોને છોડી મુકવાની કબૂલાત આપી, જે તેણે બોલેબોલ પાળી, અને તે પછીજ રૂસ્તમે હામાવરાનને તારાજ કરવાનો વિચાર છોડી દીધો.[1]

કાઉસનો છુટકારો.

કાઉસ અને ઇરાની પેહલવાનો ગુદર્જ, તુસ, ગીવ, વગેરેનો છુટકારો કરીને રૂસ્તમે હામાવરાન, મિસર અને બર્બરના શાહોની છાવણીઓની લૂટ વગેરે ભેગું કીધું, જેમાં ત્રણે રાજ્યોનાં હથિયારો, ખજાનો, તાજો, ડેરા તંબુ અને બીજી પુષ્કળ કીમતી ચીજો હતી. કાઉસે એળિયાનાં લાકડાંની એક નવી પાલખી બનાવીને તેને મનપસંદ રીતે શણગારી, અને તેમાં રાણી સુદાબેહની બેઠક બનાવી. ત્રણે રાજ્યો—મિસર, હામાવરાન અને બર્બર—એ ઇરાનના શાહનશાહનું વડપણ કબૂલ રાખ્યું, તથા તેમનાં લશ્કરોએ ઇરાન તરફ વફાદાર રહેવાનો કોલ આપ્યો. આ સઘળું લશકર જેમાં ૪ લાખ તો ઘોડે સવારો હતા તે લઇને કાઉસ ઇરાન તરફ ચાલ્યો.

આપણને જણાવવામાં આવ્યું નથી કે હામાવરાનના શાહની માફક મિસર અને બર્બરના શાહોનેબી જીવતદાન મળ્યું હતું કે તેમને મારી નાખવામાં અથવા કેદી તરીકે ઇરાન લઇ જવામાં આવ્યા હતા. જ્યારે તેમનું લસ્કર તાબે થઇ ગયું ત્યારે આ બંદખોર શાહોને તેમનું રાજ્ય પાછું નહિ સોંપતાં લડાઇના નામીચા કેદીઓ દાખલ ઇરાન લઇ જવામાં આવ્યા હશે એમ લાગે છે. પણ ત્યારે તેમનાં રાજયમાં નવા શાહ દાખલ કોણને નેમ્યા હતા તેની કશો ખબર પડતી નથી.

હવે જ્યારે આ રીતે રૂસ્તમે પોતાના ઇરાની શાહનશાહનો છુટકારો કર્યા આગમજ જે ભારી જવાંમર્દી બતાવી હતી તે બાબેની ખબર અરબ સરદારો, જેઓ નેજા ઉહાવવામાં ઘણા કુશળ ગણાતા હતા અને જેઓએ કાઉસના કેદ પકડાયા પછી ઇરાન ઉપર હુમલો કીધો હતો, તેઓને પડી ત્યારે તેઓએ હવે એ શાહ સાથ પાછી દોસ્તી કરી દેવાની જરૂર જોઇ. તેઓએ એક નામું લખીને જણાવ્યું કે—અમો શાહ કાઉસના ફરમાનબરદાર છિયે; અફ્રાસિયાબે શાહનાં તખ્તની ખાહેશ કીધી ત્યારે અમો તેની સામે શાહ તરફથી લડવા ગયા હતા. આજે શાહ ફતેહ કરીને પાછો ફરેછે તો તેની ખિદમત બજાવવા અને તેના શત્રુઓને ઉંધા નાખવાને અમો તૈયાર છિયે.

અફ્રાસિયાબનું બીજીવાર છટકી જવું.

હવે શાહ કાઉસનું જે કામ બાકી રહ્યું હતું તે ઇરાનમાંથી તુરાનીઓને પાછા મારી કહાડવાનું હતું. ઇરાનીઓ અને અરબોને હરાવીને અફ્રાસિયાબ ઇરાનનો ધણી થઇ બેઠો હતો. કાઉસની ગેરહાજરી કેટલાં વર્ષની હતી તે આપણ જાણતા નથી; પણ એટલું ખરૂં કે એ મુદતમાં ઇરાન તુરાનીઓના કબ્જામાં હતું. આ કબ્જો છોડાવવાની મતલબથી કાઉસે પોતાના હરીફ ઉપર

૧—એક બીજા હેવાલ મુજબ ઇરાની લશ્કર સામે લડવાને હામાવરાનના શાહે સૌથી પહેલી આંચકી ખાધી, જેનાં આ હીચકારાપણાંથી શર્મિંદા બનીને મિસરનો શાહ રૂસ્તમ સામે લડવા નિકળ્યો; પણ જેહાં પેહલવાનનો એકજ જર્બ માથાં ઉપર પડતાંજ તે જંગ મેદાન છોડીને નાઠો. તે પોતાનો જાન બચાવી જવા માંગતો હતો, પણ રૂસ્તમે તેની પુઠ પકડીને તેને કમંદ વડે પકડી જમીન પર પટકયો, અને પછી બેહરામના હાથમાં તેને સોંપ્યો. આ પછી રૂસ્તમ બર્બરી શાહ તરફ દોડયો, અને જવારેહની મદદથી તેનેબી કેદપકડયો.—Aitkinson: શાહનામુ—કાઉસનું દાસ્તાન.

એક નામું લખ્યું, પણ અફ્રાસિયાબે ઇરન છોડી જવાની સાફ ના પાડી. તેણે જવાબ વાળ્યો કે—તું ઇરાનથી નહિ ધરાતાં હામાવરાન જીતવા ગયો તો મેં ઇરાન જીતી લીધું છે. ઇરાન ઉપર મારો એવડો હક છે: ૧ લો એ કે ફરીદૂનનો બેટો તૂર કે જે મારો નિયાગાન છે તેના વારેસ દાખલ સઘળી પાદશાહત મારી છે; અને ૨ જો એ કે ઇરાનમાં અરબો ઉભાઈ જતા હતા તેમને મારી શમ્શીરથી નાપેદા કરીને હું ઇરાનનો ધણી થયલો છું.

કાઉસને આવો રૂદ્દ જવાબ મળતાંજ તે અરબસ્તાનને માર્ગે ઇરાનમાં દાખલ થયો અને બન્ને લશ્કરો વચ્ચે લડાઇ બરપા થઇ. અફ્રાસિયાબે પોતાના પેહલવાનોને લડાઇ માટે ઉલટ આપતાં જણાવ્યું કે જે સરદાર સિગ્જના શીરદિલ લડવૈયા[1] (યાને રૂસ્તમ)ને પકડી લાવશે તેને મારાં રાજ્યનો એક પ્રાંત, એક છત્રી, અને મારી બેટીનો હાથ ઇનામમાં આપીશ, તથા તેને તૂરાની લશ્કરનો સપેહસાલાર બનાવીશ, તથા તેનેજ હું ઇરાનની હકુમત બક્ષીશ.

લડાઇ હુરના પહાડ આગળ થયલી લાગે છે, કેમકે ત્યાંથીજ તૂરાની અફ્રાસિયાબ રૂસ્તમના હાથ ઉપર બીજીવાર માર્યો જતો યા કેદ પકડાતો છટકીને નાસી જવા પામ્યો હતો. તે તો તૂરાન ભણી નાઠો, પણ તેનું ઘણું લશ્કર કપાઇ મરણ પામ્યું.

ફસલ ૩—શાહની એલમ પાછળ શુઘલ.

શત્રુના નાબુદ થયા પછી શાહ કાઉસ પાર્સમાં આવી તખ્તે બિરાજ્યો. આ વખ્તથી ઇરાનમાં સુલેહ, સુખ અને સંતોષનું રાજ્ય ચાલુ થયું. શાહ સર્વને વાજબી ઇનસાફ આપવા લાગ્યો, અને પરી કે દેવ કે આદમી એ સર્વે તેની તાબેદારી કરવા લાગ્યાં. તેના તાબામાં ઘણા શાહો હતા, જે સઘળા તેનાં લશ્કરમાં લડવા તૈયાર હતા. તેણે રૂસ્તમને પેહલવાનોના પેહલવાનનો ખેતાબ આપ્યો, અને તેને રાજી કરી જાબુલ રવાના કીધો.

આ રીતે શાહાનશાહતમાં સુલેહ હતી તે દરમિયાન કાઉસ શાહે અલ્બોર્ઝ પહાડ ઉપર પોતાને માટે બે મહેલો બાંધવાનું કામ માઝન્દરાની દેવોને સોંપ્યું. આ દરેક મહેલ દસ કમંદ જેટલા લાંબા હતા અને તે સખ્ત પથરના બાંધેલા હતા. આ મેહેલો માટેના પથરના સ્તંભો પથરની ખાણો ખોદાવીને તેમાંથી આખા કોતરાવી કહડાવ્યા હતા, જેમને એક બીજા સાથ પોલાદના ચાપરા અથવા લાફ્રાં આપીને જોડી લીધા હતા. અહીં તેણે લડાઇના ઘોડાઓ તેમજ ઉંટો સવારી માટે તથા પાલખી ઉઠાવવા માટે રાખ્યા. તેણે વળી એક નાનો મોજશોકનો મહેલ બંધાવ્યો, જે તમામ બીલોરનો બનાવેલો હતો, અને આ આયના મહેલમાં કીમતી પથરા યાને હીરા જડી લીધા હતા. આ મકાનનો ગુંબજ ઓનિક્સ (onyx) નામના પથરનો કોરી કહાડેલો હતો, કે જે યમનથી લાવવામાં આવ્યો હતો. અહીં પાદશાહે એલમ જાણનારા ધર્મગુરૂઓને લાવી રાખ્યા, એવી નેમથી કે એલમનાં કામો ભૂલી જવાય નહિ. વળી બે બખ્તર અથવા હથિયારખાનાં ખાણમાંથી ખોદી આણેલાં રૂપાનાં બંધાવ્યાં, તથા પોતાને માટેનો એક સોનાનો મહેલ એવો બાંધ્યો, કે જે ૧૨૦ હાથ ઉંચો હતો, અને તેને ઝવેરાતથી સંગારવામાં કશી બાકાત રાખી નહિ. આ મકાન શાહે પોતાના મનપસંદ બનાવ્યું.

અહીં ઉનાળાની ગરમી કે શિયાળાની થંડી જેવું કાંઇ હતું નહિ. અહીંની હવા કેરબા જેવી સુગંધ

૧ કહે છે કે રૂસ્તમ જાબુલિસ્તાનની પડોશમાં આવેલા સિગ્જ નામના પહાડ ઉપર જનમ્યો હતો તેથી અફ્રાસિયાબે તેને આ નામે ઓળખાવ્યો હતો. બીજાઓ મુજબ સિગ્જ એટલે સીજીસ્તાન=સીસ્તાન.

આપનારી હતી; વરસાદ પડે તે ગોયા શરાબ રેડાતો હોય એમં લાગતું. આખું વર્ષ ગોયા વસંતનોજ મહિમા હોય એમ પસાર થતું. અહીં ઉગતા ગુલાબ ગોયા નાજનીનના ગુલાબી રૂખ્સારા જેવા હતા. કોઇના જીવને દિલગીરી, દુખ કે સખ્ત મજુરી જેવું કાંઇ હતુંજ નહિ. દેવ લોકો પોતે પણ દર રોજની મહેનતથી નરમ બની ગયા હતા. શાયર કહેછે કે શાહ કાઉસ એટલો ભલો અને અદલ હતો કે નસીબ જેવું કોઈ જાણતુંજ ન હોય તેમ સઘળા સુખી હતા, અને ફક્ત દેવ લોકોજ સખ્ત•મજુરીની જેહમતને લીધે પોતાનાં નસીબને રડતા હતા.

હવામાં ઉડવાની પહેલી કોશેશ.

દેવો ઉપર પડતી સખ્તી તેઓથી ખમી નહિ શકાયાથી તેઓએ શાહને યજદાંની રાહ ઉપરથી ફેરવવાનો ઠેરાવ રાખ્યો. એ બાબે તેઓએ ખાનગીમાં મસ્લહેત કીધી, અને પોતા વચ્ચેથી એક દેવને કાઉસને ખુદાથી ફેરવવાનું કામ સોંપ્યું, અને ત તેણે ખુશીથી માથે ઉઠાવ્યું. તેણે એક ખુબસુરત ચેહરાના અને ફસાહતી જબાનના જવાનનું રૂપં ધારણ કીધું, અને શાહ કાઉસ શીકારે ગયો હતો ત્યાંથી પાછો ફરે તેની વાટ જોતો બેઠો. શાહ આવ્યો ત્યારે પેલા દેવે ગુલાબનાં ફુલ નજર કીધાં, જમીનને બોસ્સો દીધો, અને પછી બોલ્યો કે—"અય નામવર શાહ, તું એટલો તો કીર્તિવંત અને કૃપાળુ છે કે આ જમીન તો તારી ગુલામ થઇ રહેવી જોઇએ, અને આસ્માન તારૂં મકાન બનવું જોઇયે. તારા અમીરો અને દાનાઓ તારૂં ગોવાળું છે અને તું તેમનો ગોવાળ છે; હવે એકજ ચીજ બાકી છે, અને તે એ કે આ દુનિયામાં તું તારી હમેશ કાયમ રહે એવી એક યાદગારી રાખી જાય. તું જો કે આફતાબ પોતે ક્યાંથી ઉગે છે અને ક્યાં અસ્ત પામે છે તેનો ભેદ તેણે તારેથી છુપાવેલો છે. તું જાણતો નથી કે માહતાબ કોણ છે? વળી રોજોશબ (દહાડો અને રાત) કેમ બને છે અને આ ફરતા આસ્માનનો ધણી કોણ છે? એ બધું તું જાણતો નથી. તું જમીનનો શાહ છે, અને અહીં તને જે જોઇએ તે હાજર થાય છે; હવે બાકી જે રહ્યું તે આસ્માન છે. તેનેબી જીતી લે. અને તારો ફરમાનબરદાર બનાવ.[2]

આ સખુનો નવાઇ જેવા હતા. તેઓ ચપળ મનના શાહ ઉપર અસર કરવાને ચુક્યા નહિ. તે આસ્માન ઉપર ચઢાઇ લઇ જઇ તેને જીતી લેવાને તૈયાર થયો. પણ આકાશે ચઢવાનો કાંઇ ઇલાજ છે? અને પાંખ વગર માણસથી ઉડાય કેમ? તે પોતાના દાના ગુરૂઓને આ બાબે પુછતો અને વારંવાર જાણવા માંગતો કે જમીનથી માહતાબ કેટલો દૂર હશે?

૧—દીનકર્દમાં જણાવ્યા પ્રમાણે કાઉસે અલબોર્જ પર્વત ઉપર પોતાને માટે સાત મહેલ બંધાવ્યા હતા, જેઓ મધેનો એક સોનાનો, બે રૂપાંના, બે પોલાદના, અને બે બિલોરના હતા. આપણે અટકળ કરીશું કે આ છેલ્લાં કાચનાં મકાનો તે કદાચ આકાશી ગોળાઓનાં અવલોકન માટેની વેધશાળા હશે.

૨—આ બાબતમાં મી૦ એટકિન્સનની નીચલી લીટીઓ માણસની આકાશમાં ઉડવાની પહેલ વહેલી કોશેશનો આબાદ ખયાલ આપે છે:—

Thou art great as king can be,
Boundless in thy majesty.
What is all this earth to thee,
All beneath the sky?
Perils, mortals, demons, hear
Thy commanding voice with fear
Thou art lord of all things here,
But thou can'st not fly!
That remains for thee: to know
Things above and things below,
How the planets roll:
How the sun his light displays,
How the moon darts forth her rays;
How the nights succeed the days:
What the secret cause betrays,
And who directs the whole!

એક શેખચલ્લી સહી યુક્તિ.

અંતે એક યુકિત શોધી કહાડવામાં આવી, જે મુજબ અમલ કરવામાં આવે તો શાહ કાઉસ આકાશમાં ઉડી શકે! આ યુકિત કેવળ હસી કહાડવા જેવી છે, અને તેથી કાઉસ જેવો દાના પાદશાહ તેના જેવાજ દાના ઉસ્તાદો તરફની આવી તુચ્છ યુકિત સ્વીકારે અને વળી તે મુજબ અમલ કરે એ માનવા સરખી વાત નથી. શાહર મુજબ ગરૂડ પક્ષીઓના માળામાંથી તેમનાં બચ્ચાં મંગાવીને તેમને વર્ષ દહાડો સુધી સારીપેઠે ખવડાવી મોટાં કીધાં. દરેક ઘરમાં એક યા બે બચ્ચાંઓને પળાવીને તેમને મુર્ઘ, કવાબ અને બકરાંના ખોરાક આપ્યો. એમ કરતાં જ્યારે તેઓ એવાં જોરાવર થયાં કે પહાડી મેંઢાંઓને પોતાની ચાંચ વડે ઉઠાવી જઇ શકે, ત્યારે શાહે કુમાર ખાતેથી સોનાની બેઠક સાથનું એક તખ્ત એળિયાનાં લાકડાંનું બનાવી મંગાવ્યું, જેને દરેક છેડે એક લાંબો ભાલો ખોશાને તેને મથાળે બકરાંની ટાંગ લટકાવી; પછી પેલાં ફર્બે બનાવેલાં ગરૂડોમાંથી ચારને લાવીને તેમને તખ્ત સાથે બાંધ્યાં, અને શરાબની જામ લઇને પોતે તખ્ત ઉપર બિરાજ્યો. પેલાં ગરૂડો ભુખાં બની ગોસ્તની તલબમાં પાંખ પહોળી કરી ઉડવા લાગ્યાં, અને તખ્તને જમીન ઉપરથી ઉઠાવી આકાશ ભણી ચાલ્યાં.

ફિર્દુસી કહે છે કે—મારા સાંભળવા પ્રમાણે કાઉસે ફરેસ્તાઓથી પણ વધારે ઉચો જઇને આકાશની તપાસ લીધી; પણ બીજી હકીકત એવી છે કે પોતાનાં તોપખાના સાથ આકાશ ઉપર હુમલો લઇજવા માટે શાહ ઉંચો ઉડયો હતો. બીજાઓ બીજી વાતો કહેછે, પણ ખરાંનો જાણનાર તો પાક પરવરદિગાર સિવાય બીજો કોઇ નથી.

શાહ માટે શોધખોળ.

પણ હવે પેલાં પક્ષી થાકયાં. તેઓ શાહનું તખ્ત લઇને નીચે પડયાં. આમુલની પડોશમાં એક જંગલમાં તખ્ત શાહ સુધાં આવી ઉતર્યું. કોઇ કરામતથીજ શાહનો બચાવ થઇ ગયો. શરમ અને દિલગીરી સાથ કાઉસ તે જંગલમાં થોભ્યો અને પોતાના છુટકારાને માટે ખુદાની અર્જગુજારી કરવા લાગ્યો.

એક તરફથી શાહનું તખ્ત ઉડયું કે બીજી તરફથી તે ક્યાં જઇ પડશે તેની શોધ માટે સરદારો ચો તરફ દોડયા. જેહાં પેહલવાન રૂસ્તમ, ગીવ અને તુસને જ્યારે ખબર પડી કે શાહ આમુલ તરફ જઇ ઉતર્યો છે ત્યારે તેઓ લશ્કર અને નગારાં સાથ તેને સહી સલામત લાવવા માટે ત્યાં ગયા. આ વેળા ગુદર્જે કાઉસની મૂર્ખાઇ બાબે બોલતાં જણાવ્યું કે મેં ઘણાંબી પાદશાહ દીઠા છે પણ આ શાહ જેવો ભમતી અને જીદ્દી શાહ બીજો કોઈ દીઠા નથી. તેનામાં દાનાઇ કે સાધારણ અક્કલ કે ખુદા ઉપરના ઇતબાર જેવું કાંઇ નથી. ગોયા તેનાં માથાંમાં ભેજુંજ નથી. આગળા જમાનામાં કોઇબી શાહ આસ્માનની તપાસ લેવા ગયો ન હતો, પણ તેમ કરીને તો કાઉસે આ ત્રીજી મરતબે પોતાને દુખમાં લાવી નાખ્યો છે. પહેલાં માજન્દરાનમાં, ત્યારબાદ હામાવરાનમાં અને આજે આસ્માનમાં તેણે પોતાની બેવકુફી બતાવી છે, કે જેનો ભેદ શોધવાની કોશેશ માટે તેને આ સજા થઇ છે.

* * *

શાહની અગમ બુદ્ધિ.

ગુદર્જને ફિર્દુસીએ એક દાના પીરમર્દ દાખલ આપણી આગળ રજુ કીધો છે, પણ બીજી વેળાની તેની દાનાઇ સાથ સરખાવતાં તેના ઉપલા સખુનો ડહાપણથી વેગળા હતા. શાહ કાઉસની આકાશી મુસાફરીનો આ હેવાલ આજે થતી આકાશમાં ઉડવાની કોશાશને મળતો છે. એ કામ તેની મુશ્કેલી અને જેહમતને લીધે, જીવના જોખમ અને પૈસાની ખુઆરીને લીધે મૂર્ખાઇ ભરેલું આજ સુધી

ગણાતું આવ્યું છે. ગઇ સદીથી હવામાં ઉડવાની તજવીજ વધારે મજબૂતીથી થવા લાગી છે, અને આજે તો એ કોશીશમાં કાળાં માથાંનો માનવી લગભગ ફાવ્યો છે.

એવીજ કોશીશ કાઉસના જમાનામાં થઇ હોય એવું શાયરનાં ઉપલાં વર્ણન ઉપરથી જણાય છે. એ બાબતમાં ખાસ નોંધવા જોગ એ છે કે કોઇ બીજો ઓલમા કે શોધક નહિ પણ શાહ કાઉસ પોતે પોતાના વીમાનમાં બેસી હવામાં ઉડયો હતો, અને જેમ બલૂનો એક જગાએથી ઉડી કોઇ દૂરની બીજી જગાએ જઇ પડે છે તેમ કાઉસ પણ અલ્બોર્ઝ ઉપરના પોતાના મહેલ ખાતેથી ઉડીને આમુલનાં જંગલમાં જઇ પડયો હતો. જેમ ઘણાખરા ઉડનારા ચમત્કારિક રીતે બચી જાય છે તેવોજ બચાવ કાઉસનો થયલો લાગે છે. અને જેમ આજે બલૂનિસ્ટની શોધમાં ઠેકાણે ઠેકાણે માણસો દોડે છે તેમ કાઉસને શોધવા પણ અનેક પેહલવાનો દોડેલી જણાય છે. બલૂન મારફતે ઉડનારાઓનાં એ કામને અત્યાર સુધી બીકણ અથવા બેખબર લોકો મૂર્ખાઇ ભરેલું ગણતા આવ્યા છે તો શાહ કાઉસનાં હજારો વર્ષ ઉપરનાં એ કામને ગુદર્ઝ જેવો દાના પણ તેવુંજ ગણે અને શાહને હલકાં વિશેષણો વાપરે તેમાં નવાઇ નથી.

કાઉસ એલમનો શોકીન હતો.

અહીં એક બીજી વાત નોંધવા જેવી છે. કાઉસ એલમની બાબતમાં ઘણાઆગળ પડતા વિચાર ધરાવનારો હોવો જોઇયે. દેવોએ તેની સામે મન્સુબો કરી તેને ખુદાઇ રાહથી ફેરવવાની તજવીજ કરવાનો શાયરનો ઇશારો બસ એટલુંજ સાબેત કરે છે કે આ દેવ લોકો માજન્દરાનના હોય યા નામે ત્યાંના હોય, પણ તેઓ ઇરાનીઓ કરતાં વધારે વિદ્વાન અને ખગોળ વિદ્યામાં વધારે માહિતગાર હોવા જોઇયે. તેઓએ શાહને માટે અલ્બોર્ઝ ઉપર જે નવાઇ જેવા મહેલો બાંધ્યા તે કોઇ આકાશી બાબતોની તપાસ લેવા માટેની વેધશાળા હોવી જોઇયે. એવી વેધશાળા પુરાણાં બેબીલોન્યન રાજ્યમાં બાંધવામાં આવતી હતી, જ્યાં રાખેલા અમલદારો સૂર્ય, ચંદ્ર, સેતારા, ગ્રહણ વગેરેની નોંધ લેતા, દહાડો અને રાત એક સરખાં થવાની ખબર રાખતા, અને એવા સર્વ બનાવોથી પોતાના પાદશાહને વાકેફ કરતા હતા.

શાહ કાઉસે પણ પોતાનાં મકાનમાં વિદ્વાન ગુરૂઓને રાખેલા ફિર્દુસી જણાવે છે. હવે આ ઉસ્તાદો શાહનું તખ્ત આકાશમાં લઇ જવા માટે ગરૂડ પક્ષીઓવાળી યુક્તિ શોધી આપે એમ વિચારવુંજ મૂરખાઇ ભરેલું છે. લાંબા ભાલાની ટોંચે બકરાંનું ગોસ્ત લટકાવીને તે ખાવા માટે તખ્તને પાયે બાંધેલાં ગરૂડને ઉડતાં કરવાં એ કેવળ હસી કહાડવા સરખી યુક્તિમાં વિદ્યાની કોઇ યુક્તિ સમાયલી હોવી જોઇયે, કે જેથી આપણો શાયર અને તેના જમાનાના લોકો બેખબર હતા. ખુલ્લું જણાય છે કે કાઉસના જમાનામાં આકાશમાં ઉડવાની વિદ્યા પરિપૂર્ણ હાલતમાં ન હોય, પણ કેટલેક દરજ્જે આગળ વધેલી તો હશેજ. વળી આમ ઉડવામાં ફતેહ મળે છે એવી શાહ કાઉસની પુરેપુરી ખાતરી થઇ ચુકેલી હોવી જોઇયે, કારણકે તેમ જો ન હોય તો તે પોતે પોતાના પાદશાહી જાનને જોખમમાં નાખે નહિ, અને ઇરાની પેહલવાનો અને સરદારો અને રૈયતો તેને તેમ કદીબી કરવા દે નહિ. જ્યાં એક પાદશાહનું મરણ તે ઇરાનની પાદશાહતની ખલ્મ્યત ગણાય, જે લશ્કરનો પાદશાહ કપાઇ જાય તે લશ્કર તરત પરાગંદા થઇને દેશ દુસ્મનના હાથમાં જાય, તેવા એક મુલકના નામદાર શાહને તેની મર્જી મુજબ આકાશમાં ઉડવાની અને તેબી ગરૂડ પક્ષીઓની મદદથી ઉડવાની ઇરાનના નામદારો પરવાનગી આપે એ બનેજ નહિ.

પણ કાઉસ તો ઉડયો હતો, માટે એ બિના સાબેત કરે છે કે હવામાં ઉડવામાં ઘણો ભય

નથી, એમ ઇરાનીઓની ખાતરી હતી, અને શાહ પોતે એ બાબતમાં કેવળ નચિંત હતો. પણ એતેફાક એવો બન્યો કે તે પોતાની આકાશી સેલગાહમાં જોઇએ તેવો ફતેહમંદ ઉતર્યો નહિ. તેનું તખ્તરૂપી બલૂન પવનના સામસામા પ્રવાહોમાં સપડાઇને તુટી ગયું અને તે જમીનદોસ્ત થયો, પણ જરાજરામાં મરતો બચ્યો.[1]

બેઅેલમીઓને તાનો.

શાહની આ સ્થિતિ જોઇને ગુદર્જે તેને ઠપકો દીધો. તે બોલ્યો કે—અય શાહ, શેહર નહિ પણ દીવાનાશાળા તારૂં લાયક મકાન છે. તું તારૂં પાયતખ્ત દુશ્મનોને લાબે થવા દે છે અને તારા ફાંટાથી કોઇને વાકેફ કરતો નથી. ત્રણ વખ્ત તું આપદામાં આવી પડયો તોપણ તું સુધર્યો નહિ. આકાશમાં એક હાથ જેટલું ઉચું ઉડવું તે પણ ખુદા સામે ફિતુર કરવા બરાબર છે.

ખરેખર, આ છેલ્લો તાનો દર જમાનામાં નવીનવી શોધોના સંબંધમાં બુદ્ધિવાન શોધકોને મરાતો આવ્યો છે—બલકે તે બાપડાઓને જાનથી મારવામાં આવ્યા છે. કહે છે કે ૪૦ દહાડા કાઉસ પોતાની નિષ્ફળતાને લીધે મહેલમાં છુપાઇ રહ્યો, અને તખ્ત ઉપર બિરાજ્યો નહિ. એ મુદત તેણે શરમ અને તોબાહમાં ગુજારી, એમ શાયર કહે છે. કદાચ એ મુદત તેણે પોતાના વીમાનના સાંચાકામની મરામતમાં ગુજારી હોય. દુનિયાના ફાયદાનાં એક કામને આરંભવું અને તેની ખામીઓ સુધારી તેને પરીપુર્ણ બનાવવું, એ ખુદાતાલાની જેવીતેવી બંદગી નથી.

૧—દીનકર્દ મુજબ એક ફ્રવષિ અથવા ફરેશ્તહરે કાઉસને મરતો બચાવ્યો હતો. તે પાછળથી પેદા થવલા શાહ કય ખુસરૂની ફ્રવષિ હતી. કાઉસે આકાશની પાદશાહી લેવા માટે કરેલા હવાઇ હુમલામાં ખુદા સામે બળવો ઉઠાવ્યા જેવી તકસીર ગણીને યજદાંનો કાસદ નેર્યોસંગ નામનો ફરેસ્તો કાઉસનો જાન જાય એવો ફટકો તે શાહને મારવા જતો હતો એટલામાં ઉપલાં ફરેશ્તહરે પુકાર મારીને તે ફરે સ્તાને કહ્યું કે "અરે નેર્યોસંગ, જો તું આ માણસને મારશે તો પછી તુરાનના વડા ગુરૂ (પાદશાહ અફ્રાસિયાબ)નો સંપુર્ણ નાશ કોઈ કરી શકનાર નથી; કારણ કે આ મર્દની પીઠથી તે નર જન્મ પામશે કે જેનું નામ સિયાવખ્ષ છે અને સિયાવખ્ષથી હું જે ખુસરૂ છું તે જન્મ લેનાર છું. તુરાનના પાદશાહ અને તેનાં લશ્કરનો હું નાશ કરીશ અને તેને દૂર નસાડી મેળીશ (એટલામાટે તું આ મર્દને ના માર). દીનકર્દવાળો વધુ એમ કહે છે કે નેર્યોસંગે આ ઉપરથી કાઉસના જમીન ઉપર પડવા છતાં તેને જીવતો રાખ્યો હતો, જે પછી તે શાહ ઘણો ડાહ્યો બની ગયો હતો.

બાબ ૪—શાહ કય કાઉસ—૩.

[રૂસ્તમ-સોહરાબનું જંગ.]

ફસલ ૧—સરહદ ઉપર લડાઈ.

તૂરાની શાહના બગીચામાં ઇરાની નામદારો.

હવે ફિરદુસી એક અતિ શોકાતુર દાસ્તાન આપણી આગળ રજુ કરે છે; પણ તે આગમજ તૂરાનના શાહ અફ્રાસિયાબ સાથની ઈરાન અને તુરાનની સરહદ ઉપર ચાલેલી એક નાનકડી લડાઇનું બયાન આપે છે. આવી લડાઇઓ દરેક દેશની સરહદ ઉપર પાડોશી રાજ્ય સાથની દુશ્મની વેળા થાય છે, અને તેવી એક નજીવી મારામારીને આપણા શાયરે કેવું રંગીન રૂપ આપ્યું છે તે આ બયાન ઉપરથી સમજાય છે.

એક દિને જેહાં પહેલવાન રૂસ્તમે નેહાવંદ ખાતે ઇરાની પેહલવાનો અને સરદારોને જિયાફત આપી. આ નેહાવંદ શેહર છેક પાછળા યાને સાસાની જમાનાની આખેરીએ અરબો અને ઇરાનીઓ વચ્ચેની મોટી લાડાઇને માટે જાણીતું છે. પણ આપણા શાયર મુજબ રૂસ્તમના જમાનામાં નેહાવંદ મહેલોનું શેહર હતું, અને ફિરદુસીના વખ્તમાં ત્યાં આતશ બુર્જીનની દરેમહેરનું દમામદાર મકાન ઉભેલું હતું. તૂસ, ગુદર્જ, બેહરામ, ગીવ, ગુર્ગીન, જંગા, ખરાદ ગુસ્તહમ, જવારા, બુર્જીન અને ગુરાજેહ નામના સઘળા નામીચા સરદારો આ ખાણાં વેળા હાજર હતા. તેઓએ પ્રથમ કેટલોક વખ્ત દડીદાવ ('પોલો') રમવામાં, શરાબબાજીમાં, અને ત્યારબાદ શીકારગાહમાં ગુજાર્યો; અને એ રીતે મોજમજેકમાં તેઓ મસ્ત હતા તે દરમિયાન ગીવ (રૂસ્તમના જમાઇ) એ તૂરાનના શાહ અફ્રાસિયાબના બગીચામાં ઉતરી પડી ત્યાં શીકારની મજા મારવાની ભલામણ કીધી, અને રૂસ્તમે તે પસંદ કરવાથી સઘળા નામદારો બીજી બામદાદે અફ્રાસિયાબના બગીચામાં વગર પુછવે ઉતરી પડયા. આ બગીચાની એક બાજુએ પહાડોની હાર લાગેલી હતી, અને બીજી બાજુએથી નદી પસાર થતી હતી. વળી તેની ત્રીજી દિશાએ સરખ્સ શેહર આવેલું હતું, અને ચોથી દિશાએ બિયાબાન લાગેલું હતું. સરખ્સ શેહર ઉપરથી શીકારગાહની જગાનું આપણને આટલે લાંબે તફાવતે પણ ગ્નાન થાય છે, કેજે શેહર હરીરૂદ (નદી)ના ઉત્તર ભણીના બે ફાંટાઓ—નામે તેજંદ અને કાશાફ—ની વચ્ચે, પણ તેજંદના કાંઠાપર આવેલું છે. એટલામાટે અફ્રાસિયાબના બગીચાવાળી નદી તે આજ નદી હશે. આજનાં ઇરાન અને રશ્યન તુર્કસ્તાન તથા અફઘાનિસ્તાન એ ત્રણે દેશોની સરહદ ઉપર સરખ્સ આવેલું છે. હવે જો સરખ્સને અફ્રાસિયાબનો બગીચો લાગેલો હોય તો ત્યાં સુધીનો મુલ્ક તુરાનના તાબામાં હોવો જોઇયે, એટલેકે જીહૂન નદીની દક્ષિણે ચારજૂઇથી મર્વ અને મર્વથી સરખ્સ સુધીનો મુલ્ક ઇરાની નહિ પણ તુરાની હોવો જોઇયે.

આ બગીચાનાં ચોગાનમાં ઇરાની નામદારોના ડેરા તંબુ ઠોકાયા અને પછી શીકારની ગમત ચાલી. એક હફતા સુધી આ મોજમાં તેઓ મશગુલ રહ્યા પછી રૂસ્તમને લાગ્યું કે અફ્રાસિયાબને ખબર પડવાથી તે તેઓ સર્વને ઘેરી લઇ ઇરાન તરફની મદદથી જુદા પાડી દે તે આગમજ તેની પોતાની હીલચાલ તપાસવા માટે

તૂરાન તરફ એક ચોકી મુકરર કરવી જોઇયે. અને તે મુજબ આ ચોકી સ્થાપીને તપાસ રાખવાનું કામ ગીવગાન ખાન્દાનવાળા ગુરાજાને સોંપ્યું, અને પછી બીજા ઇરાની પેહલવાનો બેફિકર બની શીકારબાજીમાં મચ્યા રહ્યા.

અંતે તૂરાનના પાદશાહને રૂસ્તમ અને તેના સાથી સોહબતીઓની મજાની ખબર પડી. તેણે તેમને ઉચાઉચ પકડી લેવાની બાજી રચી. તે પોતાની જોડે ત્રીશ હજાર શમ્શીરબાજોને પસંદ કરી ગોયા શીકારે જતો હોય તેમ બિયાબાનને રસ્તે બગીચા તરફ ચાલ્યો, જેને જોતાંજ ચોકીબાન ગુરાજાએ તૂરાની લસ્કરની આ હીલચાલથી રૂસ્તમને વાકેફ કીધો. આ વેળા તે શરાબની મજલિસ સમારી બેઠો હતો. તે અને તેના સાથીઓ લડાઇને માટે તૈયાર થયા. નદી ઉપરના પુલનો કબ્જો ગીવે તરત દોડી જઇને પોતે લીધો, એવી મતલબથી કે પોતે શત્રુઓને થોભાવે તે દરમિયાન ઇરાની સિપાહો લડાઇને માટે તૈયાર થાય.

આ તો સરહદ ઉપર થતી મારામારીઓમાંની એક હતી. જે લડાઇ ચાલી તેમાં અંતે તૂરાનીઓની હાર થઇ અને તેઓ નાઠા. અફ્રાસિયાબ રૂસ્તમની કમંદમાં સપડાતો ત્રીજી મરતબે જરામાં બચી ગયો. રૂસ્તમે પોતાની આ ફતેહના સમાચાર શાહ કાઉસ ઉપર લખી મોકલાવ્યો, અને પછી બીજા પંદર દિવસ તૂરાની બગીચામાં મોજ મારીને સઘળા ઇરાનીઓ શાહી પાયતખ્ત તરફ પાછા ફર્યા.

ફસલ ૨—રક્ષની ચોરી અને તેનો ભેદ

પોતાની છેલ્લી શિકસ્તના તેમજ આગળી હારના ચમચમાટમાં શાહ અફ્રાસિયાબ હતો એટલામાં એક નવા જવાન પેહલવાનની સેવા તેને મળી. આ પેહલવાન સોહરાબ નામનો હતો. તેની મા સમન્ગાનની શાહજાદી તેહમીના હતી, પણ તેહમીનાનો આ બેટો તૂરાની તોખમનો ન હતો. તેનો બાપતો જેહાં પેહલવાન રૂસ્તમ પોતે હતો. છતાં આ બાપ દીકરા વચ્ચે અફ્રાસિયાબને લીધે ખૂનખાર જંગ થાય છે અને ઇરાન તથા તૂરાન વચ્ચે તેનાથી નવી દુસ્મનીનું બી રોપાય છે. આ એક ઘણોજ દિલ ઉસ્કેરનારો અને આંખમાંથી આંસુ પડાવનારો કિસ્સો છે. આપણી તવારીખના સિલસિલા સાથ એને કશો સંબંધ નથી; તોપણ શાયર ફિર્દુસી જણાવી જાય છે તેમ આપણેબી બાપ બેટા વચ્ચેનાં આ અકુદ્રતી જંગને તેની ઠરાવી આપેલી જગાએજ ગોઠવીશું. અને શાહનામા મુજબનું તમામ વર્ણન મુખ્તસરમાં આપીને પછી બતાવવાની તજવીજ કરીશું કે આવી અસ્વાભાવિક એક લડાઇ રૂસ્તમ અને તેના બેટા વચ્ચેજ લડવામાં આવી હોય એમ નથી, પણ તવારીખ—અથવા બરાબર બોલિયે તો પુરાણી લોકકથાઓ—માંથી એવી મારામારીના બીજા અનેક દાખલાઓ મળી આવે છે.

શાયરને મળેલાં જુનાં ઇરાની લખાણો મુજબ એક દહાડે રૂસ્તમ શીકાર માટે તૂરાનની હદ તરફ રક્ષ ઉપર સવાર થઇ ચાલ્યો, અને જંગલી ડુક્કર અથવા ગોરખર મારીને તેના કબાબ બનાવી ખાધા, અને પછી રક્ષને ચરતો મુકી આરામ કીધો.

એતેફાકથી ત્યાં થોડાક તૂરાની ઘોડેસ્વારો આવી ચઢયા જેઓએ રક્ષનાં પગળાં પારખીને તેની ચરાગાહ શોધી કહાડી, અને પછી પોતાની કમંદ છોડીને તેઓ તેને પકડી લેવા માટે તેની આસપાસ ફરી વળ્યા. આ જોઇ તે પાદશાહી અરપ ઘણો છેડાયો અને પોતાના પકડનારાઓ સાથની મારામારીમાં તેણે બે તૂરાનીઓને હેઠા પાડયા તથા ત્રીજાનું માથું ચીરી

નાખ્યું. છતાં બાકીનાઓ તેને પકડવામાં ફાવ્યા અને તેઓ તેને શેહરમાં લઇ ગયા.

સમનગાનની શાહજાદી.

પેલી તરફથી રૂસ્તમ જાગ્યો અને રક્ષ ઉપર સવાર થવા ચાહ્યું. શોધ કરવા છતાં તે નહિ મળ્યો ત્યારે તેનાં પગળાં જોઇને પડોશનાં શેહર સમન્ગાનમાં ગયો. અહીં એક સરદાર અમલ ચલાવતો હતો, જેને જ્યારે ખબર પડી કે ઇરાની જોહાં પેહલવાન રૂસ્તમ પોતાના રક્ષની શોધમાં પાંઉ પિયાદો સમન્ગાનમાં આવ્યો છે ત્યારે તેણે પોતાના સરદારોને ઇસ્તેકબાલ મોકલ્યા, તથા પુઠેથી પોતે પણ તેને મળવા ગયો. રૂસ્તમે તેમની તાબેદારી જોઇને પોતાના ઘોડાની ચોરીની વાત કહી, અને તેને શોધી કહાડવાની તાકીદ ફરમાવી. સમન્ગાનના શાહે રક્ષને શોધી આપવાનું માથે લીધું અને રૂસ્તમને પોતાના મહેલમાં ઉતારો આપ્યો.

આખા દિવસની રંજ અને શરાબ તથા ગાનતાનની ગમત પછી મોડી રાતે રૂસ્તમ પોતાને ઠરાવી આપેલાં અયવાનમાં ખ્વાબ કરવા ગયો. મધરાતે આ પેહલવાનના ઓરડા તરફ કોઈનાં પગળાં સંભળાયાં. તેનો દરવાજો ધીમેથી ઉઘડયો. એક દાસી હાથમાં કેરબાનાં સુગંધથી બળતી બતી લઇને દાખલ થઇ, જેની પુઠે એક બીજી નાજનીન હતી. આ નાજનીન કોઇજ નહિ પણ રૂસ્તમના હાથ ઉપર માર્યા ગયલા તેના બહાદુરે બેટા સોહરાબની માદર હતી.

તેણી માહતાબ ચેહરાની, આફતાબ મિસાલ ઝમકતી, ખુશબોથી તર થયલી અને ગુલાબી ગાલોની મેહબુબ હતી. આ બાનુને એકલી પોતાના અયવાનમાં જોઇને રૂસ્તમ અચરત થયો. તેની ખુબસુરતી જોઇ તે ખુદાના શુક્ર બજા લાવ્યો, અને પછી તેનું નામ પુછ્યું.

રૂસ્તમ અને તેહમીના.

તે બોલી કે—મારૂં નામ તેહમીના છે. હું સમન્ગાનના શાહની એકપુરી બેટી છું. મારે લાયકનો કોઇ શાહ નથી. મારી જોડીની નાજનીનો ધણી નથી. મારા બગીચાની બાહેર મને કોઇએ દીઠી નથી, અને મારી હકીકત કોઇ જાણતું નથી. પણ તારી બહાદુરીનાં બયાન તો મેં ઘણાં સાંભળ્યાં છે. તારેથી હું એક ફરજંદની વૃદ્ધિ ચાહું છું. મેં ખુદાથી કસમ લીધા છે કે તું જેવા મહાન પેહલવાન સિવાય બીજા કોઇને હું વરૂં નહિ. એ કારણ માટેજ મેં તારો રક્ષ પણ ચોરાવ્યો છે, એવી મતલબથી કે તેની બુનિયાદથી એક નામદાર વછેરો તવલુદ થાય અને તેનું નામબી અમારી તરફ યાદગાર રહે. હવે હું જાઉં છું; પણ આવતી કાલે તું મારે માટેનું માગું મારા પિદર ઉપર મોકલજે. તે પરવાનગી આપીને આપણું જોડું બાંધી આપશેજ.[1]

આ મતલબના મીઠા સખુનો સાંભળી જોહાં પેહલવાન અચરત રહ્યો. આવી સુંદર, આવી સદગુણી, આવી ખબરદાર શાહજાદીની આ યુક્તિએ તેને ભ્રમિત કીધો. બીજી સહવારે તેણે એક મુબદને બોલાવી તેને શાહે સમન્ગાન પાસે મોકલાવ્યો, અને શાહજાદી તેહમીનાના હાથની માગણી કીધી. શાહે આ વાત મોટી ખુશીથી કબૂલ રાખી, અને શરેસ્તાની ક્રિયા મુજબ આ બન્નેનું જોડું બાંધી આપ્યું.[1]

૧-૧—શાયર મુજબ સમન્ગાનના ધારા મુજબ ત્યાંના શાહે પોતાની બેટી રૂસ્તમને હવાલે કીધી. આ ધારા શા હતા તે આપણને જણાવવામાં આવ્યું નથી. પણ જ્યારે બહુ જુના જમાનાની બીજી પ્રજાઓના એવાજ ધારાઓ તરફ નજર પહોંચાડિયે છિયે ત્યારે જણાય છે કે સમન્ગાનના શાહ પાસેથી પરવાનગી મેળવવી અને તે પછી શાદીની કોઈપણ જાતની ક્રિયા કરવા બાજે આપણો શાયર જે કાંઈ જણાવે છે તે પોતાના જમાનાને અનુસરીને જણાવતો દીસે છે. તેહમીના જેવી શાહજાદી મધરાતે એક પારકા મર્દના ઓરડામાં જાય એ બિના તેણીને માટે સારૂં કેહેવાડનારી ગણાય નહિ—અને તેથીજ ઇરાન અને ઇરાનના સંબંધીઓ ઉપર જાન કુરબાન થયલો ભલો શાયર બીજે દિને બાપ ઉપર માંગણી મોકલવાની વાત દરમિયાન લાવી તે રૂપસુંદરીની ઇજતનો બચાવ કરેછે. પણ તે દૂરના જમાનામાં નાજનીને પારકા

રૂસ્તમને હવે ઇરાન તરફ પાછો ફરવાનો વખત આવ્યો—શાહનામા મુજબ તે શાદી પછી એકજ દહાડો સમન્ગાનમાં રહ્યો હતો[1]—ત્યારે તેણે પોતાની આશાવંત બાનુને પોતાનું બાજુબંધ કહાડી એમ કહીને આપ્યું કે જો તું એક બેટીને જન્મ આપે તો બાપની યાગારીમાં તેના બાલના અંબોડામાં આ ઝવેર બાંધજે, અને જો બેટાનું ફરજંન્દ હોય તો તેની બાજુએ આ બાંધજે. વળી તેણે કહ્યું કે આ બેટો મારા બપાવા સામ બિન નરીમાન જેવો જોરાવર, કદાવર અને નરીમાનના બાપ કરીમાન જેવો મર્દાન્ગી અને ખુબીવાળો એવો થશે કે આસ્માનમાં ઉડતાં ગરૂડને હેઠાં લાવશે તોપણ તેના એક બાલને પણ ખુરશીદ ઇજા કરી શકશે નહિ.

ત્રીજી સહવારે રૂસ્તમ પોતાની વહાલી ઓરતને મળી બેટીને તથા શાહની પરવાનગી લઇને પોતાના રક્ષ ઉપર સવાર થઇ જાબુલિસ્તાન તરફ ચાલ્યો, કેજે આગમજ તેનો માનિતો ઘોડો રક્ષ તેને આવી મળ્યો હતો. સમન્ગાન ખાતે બનેલા બનાવનો ભેદ તેણે પોતાનાં મનમાંજ છુપ્યો રાખ્યો હતો.

ફસલ ૨—બેટો બાપની શોધમાં.

સોહરાબ.

હવે એ વાતને નવ માસ પુરા થયા. માહતાબ ચેહરાના એક બેટાને રૂસ્તમની જુદાઇમાં રડતી સુંદર તેહમીનાએ જન્મ આપ્યો, જેને સોહરાબનું નામ મળ્યું. એક મહિનાનું બાળક એક વર્ષ જેવડું ઉછરી આવ્યું; ત્રીજે વર્ષે તો તે હથિયારોની તાલીમ લેતો થયો, પાંચમે વર્ષે શેરદિલ બન્યો, અને ૧૦ મે વર્ષે કોઇની તાકત નહિ કે તેની જોડે લડવાની હિમત કરે.

એક દિને તેણે પોતાને જોઇ સદા મગન રહેતી માતાને પુછ્યું કે—અય માદર, મારી ઉમરના જવાનો મારી બરાબરી કરી શકતા નથી અને હું તેઓ કરતાં ઘણો બળવાન છું, ત્યારે હવે મને ખરૂં કહો કે હું કોની ઓલાદથી છું અને કોણ નિયાગાનના ખાન્દાનનો હું છું? મારા બાપ વિશે મને સવાલ થાય છે તેનો હું શો જવાબ દેઉં?

તેહમીનાએ તેને ખુલાસો કીધો કે—તું ઇરાની પેહલવાન પીલતન રૂસ્તમનો બેટો છે અને સામ નરીમાનથી તું ઉતરેલો છે. આવી બુલંદ તારી બુનિયાદ છે તેથીજ તું તારા બીજા સોહબતીઓમાં બેમિસાલ છે.

આમ કહીને તે માતા પોતાના બેટાને માટે એક નામુ તથા ત્રણ ઝવેરાત અને સોનાના સિક્કાથી ભરેલી ત્રણ થેલીઓ લઇ આવી, કે જે રૂસ્તમે સોહરાબના જન્મ વેળા મોકલાવ્યાં હતાં. એ બધું જવાન સોહરાબને બતાવીને તેહમીના બોલી કે—અય બેટા, આ સર્વ

મેહમાનના ઓરડામાં રાતની વેળા જવાનો જે શરેસ્તો બીજી પ્રજાઓમાં હોવાના તવારીખ આપણને પુરાવા આપે છે તે દેખાડે છે કે ઇરાનમાં તેવો રવૈયો નહિ હોય, પણ તૂરાનમાં—અથવા ભાર મૂકીને બોલિયે તો સમનગાનનાં—તો હતોજ. એ બાબતમાં આ બાપ દીકરાનું દાસ્તાન પુરૂં થયા બાદ વધારા દાખલ અમે જે નવુંજ પ્રકરણ લખ્યું છે તે ઉપર અભ્યાસી વાંચનારનું ચોકસ ધ્યાન ખેંચવા માગિયે છિયે, જે ઉપરથી તેને અનેક બીજી બાબતોનું પણ જ્ઞાન થશે.

[1]—રૂસ્તમે જ્યારે શાહજાદી તેહમીના જોડે દેશના ધારા મુજબ શાદીજ કીધી હતી તો એકજ દિવસ પોતાની મોહરદાર સાથ ગુજારીને તેને સદાની છોડીને તે ચાલ્યો જાય તેનું કારણ શું? શું તે જમાનામાં એવો ધારો હતો કે એક દહાડો પોતાના નામચીન ખાવિંદ સાથ સુખમાં ગુજારીને તેની વહાલી બાનુ સદાનો રંડાપો ભોગવતી પોતાના બાપનાં ઘરમાં સબડયા કરે? રૂસ્તમ તેણીને પોતાની જોડે સીસ્તાન લઇ જવા માગત તો શું તેમ નહિ બનત? એ સર્વ સવાલોનો ખુલાસો પાછળ આપેલાં ખાસ વધારા ઉપરથીજ મળી શકશે.

બિનાની અફ્રાસિયાબને જાણ થવી નહિ જોઇયે, કારણ કે તે તારા પિદર' રૂસ્તમનો દુશ્મન છે, અને તૂરાનને હલાક કરનાર રૂસ્તમ છે. ખુદા કરે ને તે પાદશાહ બાપનો કીનો તું બેટા ઉપર નહિ લે. વળી જો તારો બાપ જાણશે કે તું આવો બળવાન છે તો તે તને પોતાની આગળ બોલાવી લેશે અને તેથી મારૂં જિગર ચીરાઇ જશે.

તેહમીનાના આ અંદેશાનું કારણ એ કે તેણીએ રૂસ્તમને એમ જણાવ્યું હતું કે તેણીએ એક બેટીને જન્મ આપ્યો હતો, જે ઉપરથી રૂસ્તમે નિરાશ થઇને સમન્ગાનનો અને તેહમીનાનો વિચાર છોડી દીધો હતો.

પણ માતાની આ વાત જવાન સોહરાબે માની નહિ. તેણે કહ્યું કે—હે માતા, આ વાત તે કાંઇ છુપી રહેવાની હતી? આવા પેહલવાની તોખમના નબીરાને છુપાવવાનો તને શો હક છે! હું તો તૂરાનીઓની એક મોટી ફોજ ભેગી કરીશ, શાહ કાઉસને ઇરાનનાં તખ્ત ઉપરથી ઉઠાડી મુકીશ, તૂસને ઇરાન સરજમીનમાંથી હાંકી કહાડીશ, અને ગુર્ગીન કે ગુદર્જ, ગીવ કે ગુસ્તહમ, બેહરામ કે બીજા કોઇબી ઇરાની પેહલવાનને જીવતો નહિ રાખીશ, અને ઇરાન સરજમીનનાં તાજોતખ્ત રૂસ્તમને હવાલે કરીશ; અને પછી ઇરાનથી કુચ કરતો અફ્રાસિયાબનાં પાયતખ્ત ઉપર ચઢાઇ લઇ જઇ તે હાથ કરીશ, તથા તું માતાને તમામ ઇરાનની રાણી બનાવીશ. જ્યાં સુધી રૂસ્તમ મારો પિતા છે અને હું તેનો બેટો છું ત્યાંસુધી બીજો કોઇ શાહ હોઇ શકેજ નહિ. જ્યારે આફતાબ પ્રકાશતો હોય ત્યારે સેતારાઓએ પોતાનાં તાજ આસ્માન ઉપર શા માટે ઝમકાવવાં જોઇયે?

તે બાપને મળવા જાયછે.

બાનુ તેહમીનાનું દિલ આ સખુનો સાંભળીને બહુ ખુશહાલ થયું. રૂસ્તમના રક્ષની બુનિયાદનો એક વછેરો સોહરાબે પોતાના અરપ દાખલ બીજાઓ મધેથી પસંદ કીધો, તેના મમાવાએ તેને હથિયારબંધ બનાવ્યો અને તેની મદદમાં કેટલાક સવારો આપીને સોહરાબને તેના બાપને મળવા માટે સમન્ગાનથી રવાના કીધો.

અલબત આથી તેહમીનાનું જિગર ચીરાઇ ગયું. પોતાના બેટાથી જુદી પડતાં તે માતાને બહુ લાગ્યું. પણ આવો સપુત પોતાનાં બાપને મળવા જાય છે એમ જાણી તેણીના હર્ખનોબી પાર રહ્યો નહિ. તેણીએ તેની મદદમાં પોતાના ભાઇ જન્દેહ રજમને સોહરાબની સાથે મોકળ્યો, અને તે મામાને ફરમાવ્યું કે તેના ભાણેજનો મેળાપ લાગ જોઇને રૂસ્તમ સાથ કરી અપાવવો.

અફ્રાસિયાબના પ્રપંચ.

પેલી તરફથી અફ્રાસિયાબને સોહરાબની લડાયક તૈયારીઓની ખબર પડી. તે ઇરાનને પાયમાલ કરવા જાય છે એમ જાણીને તે ખુશહાલ થયો, અને હોમાન તથા બાર્માન[1] નામના પોતાના વિશ્વાસુ સરદારોને ૧૨૦૦૦ ચુનંદા સરદારોનું લશકર આપી સોહરાબની મદદે મોકળ્યા. પણ અફ્રાસિયાબને આ વાતનીબી ખબર હતી કે સોહરાબ તો રૂસ્તમનો બેટો છે અને તે પોતાના બાપને મળવા જાય છે. એટલામાટે તેણે પોતાના વિશ્વાસુ સરદારોને ફરમાવ્યું કે કોઇબી રવેશે આ બાપ બેટા સાથે મળે નહિ એવી તદબીર વાપરવી, અને એ બન્નેને એક બીજાથી અજાણ્યા રાખીને

૧—આ બાર્માન કયો? શાયર આપણને આગળ જણાવી ચુકયો છે કે બાર્માન કે જે પીરાને વેસેનો ભાઇ થતો હતો તે કોહે સિપંદ ખાતે કાવે આહંગરના બેટા કારનના હાથ ઉપર માર્યો ગયો હતો. એકવાર આમ માર્યા ગયા પછી બાર્માનને ફિર્દૂસી પાછો સજીવન કરે છે ખરો, પણ ત્યારે તે પીરાનનો ભાઇ નહિ પણ કોઇ બીજોજ સરદાર બાર્માન હોવો જોઇયે. એજ રીતે ફિર્દૂસીએ કુલબાદ નામના તૂરાની સરદારને પણ એકવાર માર્યો ગયા પછી બીજી વાર સજીવન કરેલો આપણુ આગળ ચાલતાં સિયાવશના દાસ્તાનમાં જોઇશું.

લડાવી મારવા. જો રૂસ્તમ જવાન સોહરાબના હાથ ઉપર માર્યો જશે તો પછી આપણુ ઇરાન ઉપર ચઢાઇ લઇ જઇ કાકિસના અમલની આખેર લાવીશું, અને પછી સોહરાબનેબી કોઈ તદબીરથી લાંબી ઉંઘમાં નાખીશું. પણ એતેફાકથી જો બાપના હાથ ઉપર બેટો માર્યો જશે તો તેબી ઠીકજ છે, કારણકે બેટાના ગમથી રૂસ્તમનું જિગર સદા બળીને કબાબ થતું રહેશે.

અફ્રાસિયાબે એક નામુ લખીને સોહરાબને માટે એક તાજોતખ્ત તથા બીજો હદિયો મોકલાવ્યો હતો, જે સઘળું કબૂલ રાખીને તે જવાને તૂરાની લસ્કરનો પોતાની ફોજમાં વધારો થવા દીધો. આ પછી તમામ લસ્કર આગળ વધ્યું, અને માર્ગમાં મળતાં ઇરાની ગામો અને શેહરોને આગ લગાડતું અને ખેતીવાડીને તારાજ કરતું ચાલ્યું.

ફસલ ૩—શાહ અને પેહલવાન વચ્ચે તીખાસ.

સોહરાબ અને ગોર્દાફ્રીદ.

સમન્ગાની અને તૂરાની ફોજે એમ કરતાં સફીદ કિલ્લા[1] તરફ જઇ પુગી. સફેદ દેઝનો હાકમ આ વેળા હજીર નામનો હતો, કેજે દાના સરદાર ગુદર્જનો બેટો થતો હતો.[2] જોકે ગઝ-દહમના હાથમાં કિલ્લાનો એખ્તિયાર હતો તો પણ તેની કુમકમાં પેહલવાન હજીર સરદારી ચલાવતો હતો. ગઝદહમની ગોર્દાફ્રીદ નામની એક બેટી હતી, જે જોબનવંતી, ખુબસુરત, અને ઘોડેસ્વાર થઇ લડાઇ કરનારી બહાદુર હતી.

સોહરાબનાં લસ્કરને આવતું જોઇને હજીર કિલ્લેદાર તેની સામે લડવા નીકળ્યો, પણ જવાન સોહરાબે તેને હરાવી કેદ પકડ્યો. આ બનાવ જોઇને બહાદુર ગોર્દાફ્રીદ લડવા મેદાન પડી, અને તેનો હુનર જોઇ સોહરાબ અચરત રહ્યો. અંતે તે તેના હાથ ઉપર હારી અને કિલ્લામાં ભરાઇ ગઇ. એ આગમજ તેણીની રૂમી કોલાહ નીકળી પડી, જેમાં છુપાવેલા તેના સુંદર કાળા કેશ ખુલ્લા પડી ગયા અને એક નાજનીને પોતાને આટલો વખ્ત સુધી હંફાવ્યો હતો એમ જાણીને સોહરાબ લજવાયો. અગર-જો ઇરાની ઓરતો આવી બહાદુર છે તો ઇરાની મર્દો કેવા જોરાવર હશે એમ ખયાલ કરીને સોહરાબે પેલી નાસતી પેહલવાનજાદી ઉપર પોતાની કમંદ ફેંકી અને તેને કેદ પકડી. આ ફાંસા-માંથી છુટવાનાં તેણીને ફાંફાં મારતી જોઇને સોહરાબે તેને પટાવવા માંડી; પણ ગોર્દાફ્રીદ તેનાથી આલા હતી. તે બોલી કે—અરે શીરમર્દ! તું જો કે એ લસ્કરો આપણી લડાઇ જોતાં ઉભાં છે; મારો ચેહરો અને મારા કેશ તેઓએ જોયા પછી હવે તેઓ શું કહેશે તેનો ખયાલ કર. તેઓ કહેશે કે એક છોકરીને જીતવા માટે આ કેટલી બધી ધાંધલ! સરદારોએ ડહાપણથી કામ લેવું ઘટે છે માટે ચાલો આપણે તારી ઇજ્જતની ખાતર આ બિના અંધારામાંજ રાખિયે. હે સરદાર! અમારૂં લસ્કર અને અમારો કિલ્લો તારી સેવામાં હાજર છે, માટે લડાઇની કશી જરૂર નથી.

૧—શાહનામાંમાં આને "દેઝે સિપંદ"ને નામે ઓળખાવ્યો છે. આ એક ડુંગરી કિલ્લો છે, જે ડુંગર અવસ્તામાં "સ્પેન્તોદાત" ને નામે ઓળખાયો છે. (જુઓ જમ્યાદ યશ્ત, ફકરો ૬.) બુન્દેહશમાં આને "સ્પંદિયાદ"ને નામે ઓળખ્યો છે. જહાં પેહલવાન રૂસ્તમનો ફિર્દૂસીએ કલ્પેલો નરીમાન નામનો નિયાગાન આ પહાડ ઉપર માર્યો ગયો હતો; તેનું વેર લેવામાં પાછળથી રૂસ્તમે પોતાની પહેલીવારની જવાંમર્દી દેખાડી તે એજ પહાડ ઉપર હતી; અને તુરાની પેહલવાન બામાંન શાહ નૌદરની પુઠે જતાં પેહલવાન કારનના હાથ ઉપર માર ખાઇ જાનથી ગયો તેબી આજ પહાડ આગળ હતું.

૨—ગુદર્જ પેહલવાન કાવા આહંગરનો નબીરો અને કિશ્વાદનો બેટો હતો. ફિર્દૂસીના જણાવ્યા પ્રમાણે ગુદર્જના હજીર ઉપરાંત ૭૬ બેટાઓ હતા, જેઓમાં મુખ્ય ગવી, બેહરામ, રૂહ્હામ, શીદૂશ, વગેરે હતા.

આમ બોલીને તે સુંદર મેહરુએ પોતાનો ચેહરો સોહરાબને બતાવ્યો, અને તેનાં હસતાં મ્હોડાંમાંથી પ્રગટ દેખાતા મોતી જેવા દાંત, અને તેના ગુલાબી ગાલ, તથા તેની હરણીના જેવી આંખ જોઇને સોહરાબ લોભાયો. તેની વાત તેણે ખરી માની અને તેને જતી મેલી; પણ જતી મેલતાં યાદ આપી કે જે વચન આપ્યો છે તે તોડવો નહિ.

ગોર્દાફ્રીદ પોતાના કિલ્લામાં દાખલ થયા પછી તેની દીવાલ ઉપરથી નીચે નજર કરતાં સોહરાબને જોઇ બોલી કે—હે તૂરાની પેહલવાન! આટલી બધી તકલીફ શા માટે લે છે વારૂ? જા—અહીંથી ચાલ્યો જા અને લડાઇનાં મેદાન ઉપર પૂળો મૂક.

આ રીતે હસી હસીને બોલાતા સખુનોથી સોહરાબને ઘણો ગુસ્સો ઉપજ્યો. તેણે ખિજવાટમાં કહ્યું કે—હે રૂપસુંદરી! તાજોતખ્ત અને માહોખુરશીદના કસમ લઇ કહું છું કે આ કિલ્લાને તારાજ કર્યા વિના અને તું લુછીને કેદ પકડયા વિના હું અહીંથી જનાર નથી. તેં મને આપેલી તાબેદારીની કબૂલત કયાં ગઇ?

ગોર્દાફ્રીદ બાપડા સોહરાબનો આ ગુસ્સો જોઇ ખડખડ હસવા લાગી. તે હસતાં હસતાં જવાબ આપવા લાગી કે—શું તને ખબર નથી કે ઇરાની નાજનીનો સાથ તૂરાનીઓનો ભેટો કદી થતો નથી? ત્યારે તારો ને મારો ભેટો કેમ થાય? તારી ચઢાઇની ખબર શાહ કાઉસને પડતાંજ તે રૂસ્તમ પેહલવાનને લઇને લડવા આવશે, કેજેની મુકાબેલ તું કદી તકી શકનાર નથી. તારૂં તમામ લશ્કર નાશ પામશે. તારૂં પોતાનું શું થશે તે હું કહી શકતી નથી. માટે બેહતર એ છે કે તું અહીંથીજ પાછો ફર.

આથી સોહરાબને બહુ માઠું લાગ્યું. તેણે તમામ ખેતી અને જમીનની લૂટ ચલાવી અને કિલ્લો જીતવાનું કામ બીજી બામદાદ ઉપર રાખ્યું.

આ રીતે કિલ્લા આગળથી તે જવાન તૂરાની પેહલવાનના ગયા પછી ગઝદહમે પોતાની બેટીથી લડાઇની સર્વ હકીકત સાંભળી લીધી અને પોતાના સરદારોની ખાનગી બેઠક કરીને એવો ઠરાવ રાખ્યો કે રાતોરાત કિલ્લો છોડી બચી જવું. આમ કીધા આગમજ તે બુઢા ઇરાની સરદારે શાહ કાઉસ ઉપર એક નામુ લખીને તૂરાની ચઢાઇની ખબર આપી, તથા સોહરાબનાં કદ કામત અને બહાદુરીની ભારી તારીફ કીધી, જેમ કરતાં તેણે જણાવ્યું કે એ જવાન ગોયા રૂસ્તમ પોતેજ હોય, યા નરીમાનની ઓલાદનો કોઇ પેહલવાન હોય, તેવો છે.

બીજી સહવારે આફતાબ નીકળતાંજ તૂરાની લશ્કર સરીદ કિલ્લો જીતવા માટે સોહરાબની સરદારી હેઠળ આગળ વધ્યું. તેની મતલબ તે માંહેલા ઇરાની લશ્કરને કેદ પકડવાની હતી, પણ કિલ્લાના દરવાજા ભાંગી અંદર દાખલ થતાંજ તેઓએ ત્યાં કોઇબી ઇરાનીને દીઠો નહિ, કારણ કે રાતોરાત ગઝદહમ અને તેની બેટી તથા તમામ લશ્કર છુપે રસ્તે છટકી ગયાં હતાં. સોહરાબને ખુબસુરત અને બહાદુર ગોર્દાફ્રીદે દીવાનો બનાવ્યો હતો માટે તેણે તેની શોધ ચલાવી, પણ તે તેના હાથમાં આવી શકી નહિ.

રૂસ્તમનો અંદેશો.

શાહ કાઉસને ગઝદહમનું નામુ મળતાંજ સઘળા દરબારીઓ સાથ મસ્લેહત ચલાવીને રૂસ્તમને બોલાવવા માટે ગીવને જાબુલિસ્તાન મોકળવાનો ઠરાવ થયો. ગીવ રૂસ્તમનો જમાઇ થતો હતો અને ગુદર્જનો બેટો હતો. તેને તાકીદ હતી અને શાહે લખેલાં નામામાં પણ તાકીદ હતી કે રૂસ્તમે એકદમ નીકળી પડવું. પણ રૂસ્તમે સોહરાબ જેવા તૂરાની પેહલવાનની દરકાર નહિ કરતાં ગીવને એક હફતા સુધી પોતાને ત્યાં મેહમાન રાખ્યો. રૂસ્તમને લખવામાં તેમજ કહેવામાં આવ્યું હતું કે તે જવાન

તૂરાની સામ નરીમાન જેવો છે. રૂસ્તમે અચરતી સાથ કહ્યું કે એવો જવાન તૂરાનીઓમાં હોયજ ક્યાંથી? સમન્ગાનના પાદશાહની બેટી તેહમીનાએ એક બેટાને[1] જન્મ આપ્યો છે ખરો, પણ તે મારો બેટો તો હજુ માત્ર એક બાળક છે. તે લડાઇ કે ચઢાઈ કે હુમલો કે બચાવની વાત શું જાણે? મેં તેને માટે સોનું અને હીરાની ભેટ મોકલાવી ત્યારે મને કહેવાડયું હતું કે તે બચ્ચાંનો ઉતાવળો ઉધરભાવ નથી. બેશક થોડા વખ્તમાં તે ભલાં ભલાં કામો બજાવશે ખરો, પણ આજે તે હજીરને હરાવીને કેદ પકડે અને બીજાં પરાક્રમો બજાવે એમ તો બનેજ નહિ.

એક હફતા પછી રૂસ્તમ અને ગીવ શાહના હુકમને માન આપવાને તૈયાર થયા. કાઉસે રૂસ્તમનો ભારી અનાદર કીધો. જ્યારે તે તેની દરબારમાં હાજર થયો ત્યારે કાઉસે તેને બેઠક નહિ આપતાં ગુસ્સામાં આવી કેટલાક હલકા સખુનો કહ્યા. તે બોલ્યો કે—રૂસ્તમ એવો તે કોણ છે કે મારો હુકમ નહિ માને અને નિમકહલાલીનો ભંગ કરે? જો આ વખ્તે મારી કને શમ્શીર હોત તો એક લીંબુ કાપે તેમ હું એનું સર ઉરાડી નાખત. પકડો. એને જીવતો ફાંસીએ ચઢાવો. ફરીથી એનું નામ મારી આગળ દેવું નહિ.

પાદશાહ અને પેહેલવાન વચ્ચે તડાતડી

આટલેથી નહિ ધરાતાં કાઉસે તુસને ફરમાવ્યું કે રૂસ્તમ જોડે ગીવનેબી સૂળી દેવી. આ ઉપરથી તૂસ પોતાની જગાએથી ધ્રુજતો ઉઠયો અને રૂસ્તમનો હાથ પકડવા ગયો. પણ તે જેહાં પેહલવાને તૂસને આંચકો મારી બાજુએ કીધા પછી શાહને ગુસ્સામાં કહ્યું કે—એટલો તું તપી ના જા, ઓ શાહ! દિનપર દિન તારાં કામો વધારે ને વધારે ખરાબ થતાં જાય છે. પાદશાહી કરવાને લાયક તું નથી. તાકત હોય તારામાં તો પેલા તૂરાની પેહલવાનને જીવતો પકડી ફાંસી દે. ગુસ્સો કહાડવો હોય તો તારા દુશ્મનો ઉપર ખાલી કર. માજન્દરાન, સગસાર, હામાવરાન, રૂમ, મિસર અને ચીન, એ બધા દેશોને મેં તારા તાબેદાર બનાવ્યા છે. તું જે જીવે છે તે મારેથી છે.

તૂસને આંચકો મારવાથી તે જમીનપર તુટી પડયો, જે પછી રૂસ્તમ દરબારમાંથી ગુસ્સાભેર નીકળી પોતાના રક્ષ ઉપર સવાર થયો અને જતાં જતાં બરાડયો કે—

હું તો શીરોનો જીતનાર અને તાજેનો વહેંચનાર છું, પણ શાહ કાઉસ કોણ છે કે તે મને ખફા કરે છે? ને તૂસ તે એવો કોણ છે કે મને હાથ લગાડવાની સરકરી કરે છે? મારૂં બળ અને મારી ફતેહ યજદાંની બક્ષેશ છે, કાંઇ શાહ કે તેનાં લશ્કરોની નથી. જમીન મારો ગુલામ છે ને રક્ષ મારૂં તખ્ત છે: મારો ગુર્જ મારી અંગુસ્તરી છે ને મારી કોલાહ મારૂં તાજ છે. મારી શમ્શીર અને મારો બાલો મારા સોહબતી છે, ને મારી બાજુ અને મારૂં જિગર મારા શાહ છે. મારી તલવારથી હું સિયાહ રાતને રોશન બનાવું છું ને લડાઇમાં દુશ્મનોનાં ડોકાં ઉરાડું છું. છતાં કાઉસ મને શા વાસ્તે ગુસ્સે કરે છે? હું તેનો નહિ પણ ખોદા પાકનો સેવક છું. પેલવાનોએ એકવાર મને શાહી તખ્તની અર્જ કીધી હતી, પણ તેમ કરવાની મેં ના પાડીને અસલથી ચાલતા આવેલા રિવાજને કાયમ રાખ્યો છે. અય શાહ, શું તું મારો પાલનહાર છે કે? શું તને લાયક છે કે મને હલકા સખુનો તું ઓચરે! જે વખ્ત ઉપર તું

---

[1]—શાહનામાની જુદી જુદી નકલમાં આ બિના જુદી જુદી નોંધાઇ છે. કોઇમાં લખ્યા મુજબ તેહમીનાએ ઉપર મુજબ રૂસ્તમને સોહરાબના જન્મની વાત ખરેખરી જણાવ્યા છતાં તેના ઉધરભાવ વિશે ખોટું લખ્યું હતું; બીજી નકલો મુજબ તણીએ પોતાના ખાવંદને જુઠું જણાવ્યું હતું કે તણીએ બેટીને જન્મ આપ્યો હતો. આથી રૂસ્તમ છેતરાયો હતો અને લડાઇ લાવનાર તૂરાની પોતાનો બેટો હોય એવો તેને વિચાર ગયોજ ન હતો.

બેઠો છે તે તો મારૂં છે. એ ઉપર તારા બાપ કોબાદને બેસાડનાર તો હું છું. જ્યારે કોબાદને અલ્બોર્જ પ્હાડ ઉપરથી ઇરાનમાં લઇ આવ્યો ત્યારે તારી કને લડાઇનો કમરબંધ કે કીનેવર શમ્શીર હતીજ ક્યાં? સામના બેઠા જાલને એક તુકારો કહેવા જેવી મોટાઇ કે શાહી તારી કને ક્યાં હતી?

આ રીતે શાહને ઠપકાના સખુનો કહીને રૂસ્તમે ઇરાની સરદારોને શીખામણ દીધી કે—બહાદુર સોહરાબ ચઢી આવીને નાના મોટા કોઇને જીવતા રાખશે નહિ. માટે તમોં વેળાસર તમારો જાન બચાવજો અને ડહાપણને તમારો બચાવ ગણજો. હવે તમો ઇરાનમાં મને ફરીથી જોશો નહિ.

અને પાછી દોસ્તી.

આમ બોલીને રૂસ્તમે રક્ષ ડપટાવી જાબુલ તરફની રાહ લીધી. તેની જોડે જાબુલી સરદારો અને સિપાહો આવ્યા હતા તેઓબી તેના ભાઇ જવારેહ જોડે તેની પુઠે ચાલ્યા. ઇરાની પેહલવાનોને આથી બહુ લાગ્યું. તેઓએ પોતપોતામાં ઠરાવ કરીને દાના ગુદર્જને કાઉસ પાસે મોકલ્યો, જેને પોતાના ડહાપણભરેલા સખુનોથી સમજાવી લઇને, તેના હુકમથી તે બુજર્ગ સરદાર જેહાં પેહલવાનને સમજાવવા દોડયો. રૂસ્તમે કાઉસના લાભમાં બજાવેલાં કામો ગણાવીને તેની ફરીથી સેવા ઉઠાવવાની સાફ ના પાડી, ત્યારે ગુદર્જે કહ્યું કે સરદારો અને બીજાઓમાં તો એવી વાત ચાલી રહી છે કે રૂસ્તમ સોહરાબથી બીએ છે તેથી તેની સામે લડવા જવાના અખાડા કરે છે. આ તાનાથી રૂસ્તમની આંખ ઉઘડી, અને પોતે હીચકારો નથી પણ શીરદિલ છે એમ જો જરૂર હોય તો એક વાર ફરીને સાબેત કરવા માટે તે ગુદર્જનો સખુન માનીને ઇરાન તરફ પાછો ફર્યો અને શાહની દરબારમાં દાખલ થયો.

શાહ કાઉસ પોતાના ઉતાવળ્યા સખુનો માટે પસ્તાવો કરતોજ હતો. તે જેહાં પેહલવાનને જોઇને પોતાનાં તખ્ત ઉપરથી ઉઠી ઉભો થયો અને પોતાનાં કામ માટે દરગુજર ચહાવા લાગ્યો. બન્ને વચ્ચે સમજુતી થઇ ગઇ, અને તે દિવસ જિયાફતમાં ગુજારીને બીજે દિને ઇરાની લશ્કરને તૈયાર થવાનો હુકમ મળ્યો. એક લાખ સિપાહો તૂરાની સોહરાબ સામે લડવા મેદાન પડયા.

કમનસીબ રૂસ્તમની પહેલી ભૂલ.

સોહરાબનું લશ્કર જ્યાં પડયું હતું[1] ત્યાં ઇરાની ફોજ જઇ પુગી, અને રાતની વેળા શત્રુનો ચારોમારો જોવા રૂસ્તમ તૂરાની લેબાસ લઇને તૂરાની છાવણીમાં દાખલ થયો. જ્યારે સમન્ગાનથી સોહરાબ પોતાના બાપને શોધી કહાડવા અને તેને ભેટવા માટે નીકળ્યો ત્યારે તેની માતા તેહમીનાએ પોતાના ભાઇ જંદા રજમને પોતાની આગળ બોલાવીને તેને સોહરાબને સોંપી આપ્યો અને ફરમાવ્યું કે બન્ને લશ્કરો લડે તે વેળા રૂસ્તમ સાથ સોહરાબનો ભેગો કરી આપાવવો.

હવે જ્યારે રૂસ્તમ તૂરાની છાવણીમાં ફરતો ફરતો સોહરાબના ડેરા તરફ જઇ લાગ્યો ત્યારે ત્યાં તેણે ઉપલા જંદા રજમને સોહરાબની જમણી બાજુએ બેઠેલો દીઠો. બીજી બાજુએ હોમાન અને બાર્માન સરદારો બેઠા હતા, જેમને અફ્રાસિયાબે સોહરાબ અને રૂસ્તમ એક બીજાને નહિ ઓળખે અને લડી મરે એવી યુક્તિ રચવા માટે મોકલ્યા હતા. સોહરાબની આસપાસ બીજા ૧૦૦ તૂરાની નામદારો બેઠા હતા, જેઓ સઘળા નવજવાન અને લડાઇને માટે આતુર હતા. એ સઘળાઓની ખિદમતમાં ૫૦ ગુલામો ઉભેલા હતા.

આ મામલો રૂસ્તમ જોતો હતો એટલામાં જંદા રજમ કોઇ કારણસર તંબુની બાહેર આવ્યો, જ્યાં રૂસ્તમને જોતાં શક ગયો કે આ કોઇ

૧ ઇરાનીઓ અને તૂરાનીઓ વચ્ચે કયાં અથવા કયાં મેદાનમાં રૂસ્તમ અને સોહરાબ વચ્ચેની યાદગાર લડાઇ લડવામાં આવી હતી તે આપણો શાયર જણાવી ગયો નથી.

દુશ્મન તરફનો જાસુસ છે, કારણ કે તે પેહેલવાનના જેવા કદ અને કામતનો બીજો એકે સિપાહ તૂરાની ફોજમાં હતો નહિ. તેણે જેહાં પેહલવાનને પકડયો, તેનું નામનિશાન પુછયું અને તેને પીછાનવાની તજવીજ કીધી. આ તમાશો જોઇ રૂસ્તમે મીજાજ ખોઇ એક એવી થબડાક બાપડા જંદ રજમને લગાવી કે તે તતકાળ મુર્દું થઇને ત્યાંજ પડયો. એ બાબેની સોહરાબને ખબર પડવાથી તે દુખી થયો, અને બાપ બેટા વચ્ચે ઓળખાણ કરાવી આપનાર સમન્ગાની શાહજાદો આ રીતે ગુમ થયો. સોહરાબ જેવો બહાદુર બેટો ગુમાવવા માટે રૂસ્તમે કરેલી આ પહેલી કમનસીબ ભુલ હતી.

રૂસ્તમે પોતાની છાવણીમાં પાછો ફરી શાહ કાઉસને સોહરાબના દેખાવનું બયાન કહી સંભળાવ્યું અને ઉમેર્યું કે તે ગોયા સામેસવાર પોતેજ છે!

પિતાને મળવાની આતુરતા.

બીજે દીને સોહરાબે ઇરાની સરદાર હજીરને પોતાની પાસે બોલાવીને એક ઉંચી જગાએથી ઇરાની છાવણીની તપાસ લેવા માંડી. તેણે તેને કસમ આપીને સાચી વાત જાણવા માંગી, અને પોતે જે જે ડેરા તંબુ બતાવ્યા તેના ધણીઓનાં ખરાં નામનિશાન પુછ્યાં. હજીરે શાહ કાઉસ, નૌદર શાહના બેટા શાહજાદા તૂસ, કાવેઆહંગરના નબીરા ગુદર્જ બિન કિશ્વાદ, એ ત્રણેના ડેરા તંબુની સોહરાબને ઓળખાણ આપી; પણ જ્યારે તે જવાન પેહલવાને રૂસ્તમના ડેરા વિષે પુછયું ત્યારે હજીર વિચારમાં પડયો. તે બીધો કે રૂસ્તમની જો પીછાન આપીશ તો સોહરાબ તેનું છુપી રીતે કાતલું કહાડી નાખશે. એટલા માટે તેણે રૂસ્તમનું નામ છુપાવીને જણાવ્યું કે જે તંબુ વિષે સોહરાબે જાણવા માંગ્યું હતું તે ચીનથી આવેલા શાહ કાઉસના એક મદદગારનો છે.

અત્યાર સુધી રૂસ્તમના ડેરાનો પત્તો નહિ મળેલો હોવાથી સોહરાબ દિલગીર થયો. બીજા તંબુઓ વિષે પુછતાં હજીરે જણાવ્યું કે તે ગુદર્જના બેટા ગીવ, શાહ કાઉસના બેટા જવાન શાહજાદા ફરીબોર્જ અને ગીવગાનના નબીરા ગુરાજાના છે. પણ ત્યારે રૂસ્તમનો તંબુ કયાં છે? સોહરાબે હજીરને ફરીથી તેજ ડેરો દેખાડીને પુછયું કે જેને માટે તે ઇરાની સરદારે કહ્યું તે ચીનાઇ સરદારનો છે, અને હજીરે ફરીથી તેજ જવાબ દીધો. રૂસ્તમ વિષે તેણે ખરી બિના છુપાવીને જવાબ દીધો કે તે હજુ ઇરાન આવી પુગેલો લાગતો નથી. સોહરાબને આ જવાબ હસવા સરખો લાગ્યો, કારણ કે જ્યારે શાહ પોતે લડાઇ લડવા આવે ત્યારે પેહલવાનોનો પેહલવાન પોતાના જાબુલિસ્તાન મુલકમાં પડી કેમ રહી શકે? તેણે હજીરને પતાવી સમજાવીને કહ્યું કે—આ છાવણીમાં રૂસ્તમનો ડેરો કયાં છે તે જો તું મને બતાવે તો હું તારૂં સર આસ્માન સાથ લગાડું, અને ખજાનાના દરવાજા તારી આગળ ખુલ્લા કરૂં; પણ જો તું મારી સાથે દેગો રમશે તો તારૂં સર તનથી જુદું કરીશ.

પણ આ ધમકી છતાં તે ફાવ્યો નહિ. હજીરે તેને ખરી બિનાથી વાકેફ કીધોજ નહિ. હજીરે સોહરાબને ચમકાવ્યો કે—તું રૂસ્તમને લડાઇમાં મારવા માંગતો હશે, પણ તે સહેલથી તારા હાથમાં આવે તેને બદલે તેજ તારો જાન કબ્જ કરી નાખશે. આવા સખુનોથી જવાન સોહરાબને ઘણી ઝાંઝ ચઢી. તેણે હજીરને પાછળે હાથે એક મુક્કો લગાવી હેઠો નાખ્યો, અને પછી લડાઇમાં ઉતર્યો. તે એક શાહનો નબીરો હોવાથી માથે સોનાનું તાજ પહેરીને ફરતો હતો. પણ એ તાજ તેણે હવે ઉતારી નાખ્યું અને બખ્તર તથા કોલાહ પહેરી લીધાં, અને ભાલો, કમંદ, ગુર્જ, કમાન, વગેરે હથિયારો સજીને તે પોતાના તેજ ચાલના ઘોડા ઉપર સવાર થયો, અને જંગી પુકાર મારતો આગળ વધ્યો. તેણે પ્રથમ શાહ કાઉસના ડેરા તરફ ધસારો કીધો અને તેને પોતાના મામાનાં ખૂનમાં જીવતો સૂળીએ દેવાની ધમકી આપી.

ફસલ ૪—બેટાનું ખૂન.

બાપ બેટા વચ્ચે જંગ.

તે જમાનામાં કાંઇ એવો રિવાજ હશે કે એક સરદાર લડવા આવે અને પોતાનો હરીફ માંગે તો તેની મુકાબેલ તેના એકજ હરીફે જવું, પણ અનેક જણે તે દુશ્મન સરદારને ઘેરી લેવો નહિ. સોહરાબ દોડધામ કરતો આવ્યો ત્યારે તેણે કાઉસના નામદારોમાંથી પોતાનો હમ્નબર્ગ માંગ્યો. શાયર સોહરાબનું પરિબળ બતાવવા માટે ઇરાની પેહલવાનોને એટલા બધા નબળા પડી ગયલા બતાવે છે કે તેઓમાંથી કોઇ તે જવાન તૂરાની સામે લડવા નીકળવાની હિમત કરી શકયોજ નહિ. આથી રૂસ્તમને તરત ખબર આપી બોલાવ્યો.

રૂસ્તમ હવે પોતાનું બબ્રેબિયાન પહેરી તથા હથિયારો સજી લડવા આવ્યો. તે પોતાના ભાઇ જવારાને ફરમાવતો ગયો કે—જાબુલી તખ્ત અને લશ્કરની સંભાળ લેજે અને મારા સિવાય બીજા કોઇનો હુકમ માનતો ના.

રૂસ્તમ જોડે તેનો વાવટો લઇને તેના સાથીઓ દોડયા. તેને જોઇને સોહરાબે ઇરાનીઓ તરફથી પીઠ ફેરવી, અને બન્ને જણ મેદાનમાં એકલા પડયા. બન્ને પોતપોતાનાં બળની અને સામાવાળાની થનારી ખરાબીની લશ્કરી ડીંગ મારવા લાગ્યા, જે સાથ આપણને કામ નથી. પણ તેમની એ બડાઇ ઉપરથી નહિ સોહરાબે જાણી લીધું કે જેને તે શોધવા આવ્યો છે તેજ રૂસ્તમ, તેનો બાપ, તેની સામે આવીને ઉભો છે: યા નહિ રૂસ્તમ બાપની મોહબતથી પિછાની શકયો કે તે જેને મારવા માંગતો હતો તે તેનોજ પીલતન બેટો છે. રૂસ્તમે પોતાનાં બજાવેલાં મહાભારત કામોનો ઇશારો કીધો તે ઉપરથીબી સોહરાબ ચેતી શકયો નહિ કે આજ જેહાં પેહલવાન છે. વળી ઇરાની સરદારોમાં તેની સામે લડવા આવે એવો કોઇબી પેહલવાન ન હતો અને બીજા સઘળા કરતાં રૂસ્તમ કદાવર અને જોરાવર હતો એમ જોયા છતાંબી સોહરાબને પોતાના પિતાનું જ્ઞાન થયું નહિ. અલબત સોહરાબને કાંઇક વહેમ ગયો ખરો; તેને એમ લાગ્યું ખરું કે આ રૂસ્તમ હશે; કારણ કે તેણે પોતાના હમ્નબર્દથી તેનું નામનિશાન જાણવા માંગ્યું તે એટલાજ માટે કે જો તે રૂસ્તમ પોતેજ હશે તો કહી દેશે. અને ખરેખર તે જમાનાના પેહલવાનોમાં એક બીજા આગળ પોતાની વડાઇના વાતો કરતાં પોતાનાં નામો જાહેર કરવાનો ધારો હતો.

એ ધારો રૂસ્તમે બાજુએ મેલ્યો. તેનાં મનમાં એમ હોવું જોઇયે કે તેનું નામ અને તેનું જોર જેહાન આશકારા છે, માટે પોતે રૂસ્તમ છે એમ જેમ સૌ કોઇ જાણે છે તેમ સોહરાબ પોતેબી જાણતોજ હોવો જોઇયે. તોપણ કિસમતના લેખ જુદાજ હતા, માટે પોતાના બેટાએ જાણીજોઇને નામ પુછ્યા છતાં બાપે તેને ઉડાવ્યો. તેણે કહ્યું કે—હું કાંઇ રૂસ્તમ નથી, અને નરીમાનના બેટા સામથી ઉતરેલો નથી. રૂસ્તમ તો પેહલવાન છે અને હું તો તાજોતખ્ત અને પાદશાહી પોશાક વિનાનો છું.

હવે તેઓ વચ્ચેની અકુદ્રતી લડત શુરૂ થઇ. બન્નેએ એક જગા પસંદ કીધી અને ત્યાં આ બાપ બેટા વચ્ચે ભારી યુધ્ધ ચાલ્યું. પ્રથમ ભાલા, પછી તલવાર, ત્યારબાદ ગુર્જ વડે તેઓ લડયા, તેઓ ઘોડાપર સ્વાર થયલાજ લડયા, જેથી જેમ તેઓ પોતે તેમજ તેમના ઘોડા પણ થાકી ગયા. જેમ સવારોના હથિયારો બુઠાં થઇ ગયાં તેમ ઘોડાઓનાં બખ્તર પણ તુટી ગયાં. તેમનાં દિલ અને તેમના મૂખ પાણીપાણી થઇ ગયાં. થાકથી તેઓ તરસા

થયા અને જીમ ઉપર ચીરા પડયા. અંતે કુદ્રત ફાવી, અને તેઓ પોતપોતાની નેમમાં નિષ્ફળ થઇ છુટા પડયા.

અહીં શાયર બળાપો કરે છે કે દુનિયા ભેદ ભરમથી ભરપુર છે, કારણ કે જ્યારે પશુઓ પોતપોતાનાં બચ્ચાંઓને ઓળખે છે ત્યારે આ બાપ દીકરાએ એકબીજાને ઓળખ્યા નહિ.

આ પછી બન્ને પેહલવાનો તીર કમાનથી લડવા લાગ્યા, અને તેમાંથી પરવાર્યા ત્યારે એક બીજાને તેના કમરબંધમાંથી પકડીને જમીન ઉપર પટકવાને તૈયાર થયા. અહીંબી તેમનું કશું ફાવ્યું નહિ ત્યારે સોહરાબે પોતાનો ગુર્જ એક વાર ફરીને ઉઠાવીને રૂસ્તમની પિઠ ઉપર લગાવ્યો, પણ તેથી રૂસ્તમને તે હરાવી શકયો નહિ.

આ રીતની વગર ફાયદાની લડાઇ લડીને તે પેહલવાનો છુટા પડયા, પણ તે પોતપોતાના હરીફ લશ્કરો ઉપર છેડાયલા વાઘની માફક ત્રાપ મારવા માટેજ તેઓ છુટા પડયા. રૂસ્તમે તૂરાનીઓમાં અને સોહરાબે ઇરાનીઓમાં જઇ પડીને તેમનો ઘાણ કહાડી નાખ્યો. સાંજ પડી ગયલી હોવાથીજ આ ખૂનરેજી બંધ પડી, અને સૌ પોતપોતાની છાવણીમાં ગયા, જ્યાં બાપે દીકરાનાં અને બેટાએ પિતાનાં અતી જબરાં બળની ભારે તારીફ કીધી.

બન્ને લશ્કરો એકબીજાથી બે ફરસંગ દૂર છાવણી નાખી પડયાં હતાં. હજુ આ લશ્કરો એકબીજા સાથ લડાઇમાં ઉતરી શકયાં ન હતાં, કેમકે સોહરાબની માગણી ઉપરથી રૂસ્તમે કબૂલ કીધું હતું કે તેઓ બન્નેની હારજીત મુજબ ઇરાન યા તૂરાનની હારજીત સમજી લેવી. એટલામાટે પહેલા દિવસનાં જંગમાં બેઉ બાપ દીકરા એકબીજાને હરાવવા યા મારવાનાં કામમાં મશગુલ રહ્યા હતા. એજ કામ તેઓએ બીજી લડાઇમાં પણ ચાલુ રાખ્યું. શાયરી હબ્રમાં ફિર્દૂસી કહે છે કે પહેલી લડાઈ જે દિને થઇ તેની બીજેજ દિવસે બીજી લડાઇ પણ લડવામાં આવી હતી!

બાપ તરફ દોડતું બેટાનું દિલ.

પહેલી લડાઇ પછી સોહરાબનાં દિલમાં બાપ તરફના પ્યારનું કાંઇક પજરણ જણાયું. તેણે પોતાના સરદાર હોમાનને કહ્યું કે—જે ઇરાની પેહલવાન મારી સામે લડવા આવ્યો છે તે મારા જેવોજ ઉંચો ને મર્દાનો છે. તેની પીઠ, છાતી, બાજુ, એ બધાં એવાં મને મળતાં છે કે ગોયા કોઇ બાહોશ કારીગરે અમોને એકસરખા ઘડયા હોય તેમ મને લાગે છે. મારી માદર કહેતી હતી તેવીજ નિશાનીઓ હું તેનામાં જોઉં છું. મારૂં દિલ બશારત કરે છે કે આ રૂસ્તમ પોતેજ છે; કારણ કે એની બરાબરનો બીજો ઇરાનીઓમાં છેજ કોણ?

હોમાન ગભરાયો. તેને શાહી ફરમાન હતું કે બાપ બેટાનો ભેટો થવા દેવોજ નહિ-સિવાય કે જંગમાં. એટલામાટે તે જંફ તૂરાની પેહલવાન સોહરાબને છેતર્યો. તેણે કહ્યું કે-જેને માટે તું બોલેછે તે કાંઇ રૂસ્તમ નથી; મેં ઘણી વાર તેને દીઠો છે અને હું તેને ઓળખું છું; પણ આ તે નથી. આ ઘણીનો ઘોડોબી રૂસ્તમના રક્ષ જેવો છે ખરો, પણ તે કાંઇ ખરો રક્ષ નથી.

સોહરાબની આશા પાછી ભ્રષ્ટ થઇ. તેને યાદ આવ્યું કે ઇરાની હજીરના જણાવ્યા મુજબ રૂસ્તમ હજુ લડવા આવ્યોજ નથી; વળી લડાઇમાં રૂસ્તમે કહ્યું હતું કે હું રૂસ્તમ નહિ પણ તેનો એક દાસ છું; અને હાલ હોમાન વટીક કહે છે કે આ કાંઇ રૂસ્તમ નથી. એ રીતે જવાન સોહરાબની મર્જી વિરૂધ ખાતરી થઇ કે તે જેની સામે તે લડે છે તે તેના બાપ જેવો લાગે છે ખરો-તેની માદરે આપેલી નિશાનીઓને મળતો છે, અને તેનું પોતાનુ અંતઃકરણ તેને કહે છે કે આ તેજ છે-તોપણ તે તેનો પિદર રૂસ્તમ નથી!

રૂસ્તમનો દગો.

હવે બીજી લડાઇનો અવસર આવ્યો. સોહરાબ પોતાનો ગાવમૂખી ગુર્જ ખાંધે મારી મેદાનમાં જઇ ઉભો અને ગઇ રાત કેમ ગુજારી તે બાબે રૂસ્તમની ઠેકડી કરવા લાગ્યો. પછી હરખમાં આવી જઇ તેણે સૂચના કીધી કે—ચાલ આપણુ લડાઇનાં હથિયારો ફેંકી દઇ શરાબ નોશ કરવા મંડી જઇયે, અને ગઇ ગુજરી માટે પાક યજદાંની દરગુજર ચાહિયે. તારા તરફ મારી મોહબત ખેંચાય છે, વાસ્તે તારે બદલે કોઇ બીજો પેહલવાન આવે તો તેની સાથે હું લડીશ. તું કોઇ ખરો પેહલવાનબચ્ચો છે માટે તારી બુનિયાદથી તું મને વાકેફ કર. તું તો મારો શત્રુ થઇને લડવા આવ્યો છે ત્યારે તું તારી જાત બુનિયાદ શા વાસ્તે છુપાવે છે? સામના બેટા બહાદુર જાલનો બેટો અને જાબુલનો પ્રખ્યાત પેહલવાન રૂસ્તમ તે તુંજ છે.

રૂસ્તમને લાગ્યું કે આમ બોલીને સોહરાબ લડાઇ મંડી વગાવા માગે છે અથવા મારૂં બળ જોઇ બીધો છે. તેણે સોહરાબની માગણી કબૂલ રાખી નહિ, અને આ બીજી વાર બાપે બેટાથી અજાણ્યો રહી પોતાની બુનિયાદ કે પોતાનાં નામ નિશાન જાહેર કીધાં નહિ. સોહરાબ દુખી થયો. લડાઇ સિવાય છુટકો ન હતો, માટે બન્ને જણે પોતાના ઘોડા બાંધી કુસ્તી ખેલવા માંડી. લાંબો વખ્ત સુધી આ લડત ચાલી, જેનું પરિણામ એ આવ્યું કે જવાની જોરી ઉપર ગાલેબ આવી, અને રૂસ્તમને જમીન ઉપર પટકીને સોહરાબ તેની છાતી ઉપર ચઢી બેઠો. તેણે ઝટ પોતાની કમરેથી પોલાદનું ઝગઝગતું ખંજર ખેંચી કહાડી તેનું ગળું કાપી નાખવા ચાહ્યું.

આ મામલો જોઇ રૂસ્તમ ગભરાયો. અને જવાન સોહરાબને ઉંધું સમજાવીને ભમાવ્યો, અને જવાન સોહરાબ પોતાની કમઅક્કલને લીધે ભોળવાયો. રૂસ્તમે કહ્યું કે—કુસ્તી રમવામાં જો એક હરીફ બીજા હરીફને પહેલી વાર જમીન ઉપર પછાડે તો તે વેળા તે તેનો જાન લેતો નથી, પણ બે વાર તેને જમીન પર પટક્યા પછીજ નરેશોરનું નામ મેળવીને તે તેનો જાન લે છે. આવો ચાલ અમારા ઇરાનીઓનો છે; પણ તમો તુરાનીઓ તો તેવો રિવાજ જાણતા નથી.

આ સખુનો પર વિશ્વાસ લાવીને, તથા વળી પોતાનાં દિલની મોટાઇથી, તેમજ સર્જેલ એવીજ હશે તેથી, સોહરાબ ઝટ પોતાના પિદરની છાતી ઉપરથી ઉઠી ઉભો થયો, અને ખંજર મિયાન કરી રૂસ્તમને જીવતો રાખ્યો. આ કામને માટે તુરાની સરદાર હોમાને સોહરાબને પાછળથી ઘણો ઠપકો દીધો.

બીજી તરફથી રૂસ્તમ જાન બચાવી લઇને પાણીના એક ઝરા તરફ ગયો અને હાથ મહોડું ધોઇને તેણે પાણી પીધું, તથા યજદાંની બંદગી કીધી અને તનનું બળ તથા લડાઇમાં ફતેહ માંગ્યાં, અને તે તેને મળ્યાં.[૧]

ખૂની બાપ.

આ રીતે તાજો થઇને રૂસ્તમ પાછો જંગ મેદાનમાં દોડયો, જેને જોતાંજ સોહરાબ દોડયો આવ્યો. તેઓએ પોતાના ઘોડા પાછા બાંધ્યા અને કુસ્તી ખેલવા મંડી ગયા. આ લડાઇનું શેવટ જલ્દી આવી ગયું. ગોયા રૂસ્તમનું કુવત વધ્યું હોય અને સોહરાબનું ઘટી ગયું હોય તેમ બાપે બેટાને એક સપાટામાં કમરમાંથી પકડીને

૧—શાયર લખે છે કે એક દંતકથા એવી છે કે જવાનીમાં રૂસ્તમનું જોર એટલું બધું હતું કે તે પથર અને પહાડ ઉપર ચાલતો તો તેમાં તેનો પગ પેશી જતો હતો. આથી બહુજ કંટાળીને તેણે ખુદાને અર્જ કીધી કે બીજા માણસો ચાલી શકે છે તેમ તે પોતેબી ચાલી શકે એટલી હદ સુધી તેનું બળ કમી કરવું. આ ઉપરથી તેનું પહાડ જેવું બળ ઓછું થઇ ગયું. પણ ફિરદોસી લખે છે કે સોહરાબ સાથની ઉપલી લડાઇ પછી રૂસ્તમે પાક યજદાંની બંદગી કરતાં એમ માંગ્યું કે "અય સાહેબ, તારા બંદાનું આ મુશ્કેલીમાંથી રક્ષણ કર: હે ખુદા, મારૂં આગળનું કુવત તું મને ફરીથી બક્ષ!"

જમીન ઉપર પટકયો અને તેની છાતી ઉપર ચઢી બેસીને એકદમ તેનો સીનો ચીરી નાખ્યો.

સોહરાબ બરાડયો. તેણે પોતાની માદરને યાદ કીધી, બાપને પિછાનવાની તેણીએ આપેલી નિશાનીઓને યાદ કીધી, છતાં પિતા સાથ મેળાપ થયો નહિ તે માટે તે જવાન પોતાનાંજ કિસ્મતનો વાંક કાઢવા લાગ્યો. પછી તે રૂસ્તમને કહેવા લાગ્યો કે તું માછલી બની દરિયામાં છુપાશે યા રાતના અંધકારમાં ગેબ થઇ જશે, અથવા જમીન છોડી આસ્માનમાં તારો બની જશે, તો-પણુ મારો બાપ તારી ઉપર મારાં ખૂનનો બદલો લેવાને ચુકશે નહિ. આ જંગ મેદાનમાંનો કોઇપણુ સરદાર રૂસ્તમને કહેશે કે તને શોધવા આવેલા તારા બેટા સોહરાબને કાપી નાખવામાં આવ્યો હતો.

આ સખુનો સાંભળતાંજ રૂસ્તમની આંખે અંધારાં આવ્યાં. તે જમીન ઉપર બેસી ગયો અને સોહરાબ કનેથી તેની માદરે આપેલી નિશાનીઓ માગતાં પુછવા લાગ્યો કે—તું રૂસ્તમનો બેટા છે તેની સાબેતી શી છે? અરે નાબુદ થજો મારૂં નામ—કારણકે રૂસ્તમ તો હુંજ છું!

સોહરાબ બોલ્યો કે—જો તુંજ રૂસ્તમ હોય તો તેં મને કપટથી માર્યો છે. મેં તો તને મળવાનાં ઘણાં ફાંફાં માર્યાં પણુ તારી માયા હું મેળવી શકયો નહિ. મારી છાતીનું બખ્તર ઉઘાડીને તારી નિશાનીઓ જોઇ લે.

રૂસ્તમે તેમ કીધું, જે પછી તેની દિલગીરી અને ગમગીનીનો પાર રહ્યો નહિ. તેણે જીવપર કરવા માંગ્યું, પણુ મરતા દીકરાએ તેને તેમ કરતો અટકાવ્યો.

જ્યારે સાંજ પડી તોપણુ રૂસ્તમ લડાઇનાં મેદાનમાંથી પાછો ફર્યો નહિ ત્યારે ૨૦ ઇરાની સરદારો લડાઇનું પરિણામ જાણુવા ત્યાં આવી લાગ્યા. તેઓએ બન્ને ઘોડાઓને બાંધેલા જોયા, પણુ રૂસ્તમને દીઠો નહિ, જે ઉપરથી તે માર્યો ગયો છે એમ અટકળ બાંધીને શાહ કાઉસને તે બાબેની ખબર આપી, જે ઉપરથી કાઉસે તૂસને પાકટ ખબર કહાડવાનો અને રૂસ્તમ માર્યો ગયો હોય તો તૂરાની લશ્કર ઉપર એકદમ હુમલો કરવાનો હુકમ કીધો. પણ એટલામાં રૂસ્તમે ઇરાની છાવણીમાં દેખાવ દીધો. તેને તેના મરતા બેટાએ અર્જ કીધી હતી કે તૂરાની લશ્કરને ગુપચુપ પાછું ફરવા દેવું, અને તેમ થવાનો હુકમ આપવા રૂસ્તમ છાવણી તરફ મારતે ઘોડે દોડયો હતો. એજ વખ્તે પોતાના ભાઇ જવારાને જોઇ રૂસ્તમે તેને સર્વ માઠા બનાવથી વાકેફ કરી તૂરાની સરદાર હોમાનને તેડી મંગાવ્યો, જેનાં લશ્કરને જીવતદાન બક્ષી પાછું ફરવાનો હુકમ આપતાં રૂસ્તમે તેને તાનો માર્યો કે તેં કપટથી મારા બેટાને મારી સાથે મળવા દીધો નહિ. આમ છતાં રૂસ્તમે જવારાને ફરમાવ્યું કે હોમાનને તેની ફોજ સુધાં નદી સુધી મુકી આવ, અને માર્ગમાં કોઇબી તેમને હેરાન કરે નહિ તેની સભાળ રાખવી.

હોમાને પોતાનો વાંક છુપાવીને સઘળો ટોપલો બાપડા હજીરને માથે નાખ્યો, કેજે સફેદ દેઝનો સરદાર હજુ તૂરાની છાવણીમાં કેદ પડેલો હતો. રૂસ્તમે તેનો જાન લેવા માંગ્યો, તથા ત્યાર બાદ પોતાના જાન પર કરવા માંગ્યું; પણ ઇરાની સરદારોએ તેને આ બન્ને કામોથી પાછો વાળ્યો.

હવે રૂસ્તમે ગુદર્જને મોકળી શાહ કાઉસ કનેથી તે દવા મંગાવી, કેજે પીધાથી જખ્મી માસનો જખમ સંધાઇ જઇ ઘાયલ માણુસ જીવતો રહેવા પામે છે. પણ શાહે આ દારૂ યાને દવા આપવાની એમ કહીને ના પાડી કે સોહરાબ જીવતો રહેવાથી તે પોતાના બાપ સાથ મળી જઇને મારો નાશ કરશે. પછી રૂસ્તમે તેમજ સોહરાબે જુદે જુદે વખ્તે પોતાને જે ધમકી આપી હતી તે યાદ કરીને કાઉસે પેલી દવા આપવાની સાફ ના પાડી.

આથી નિરાશ થઇ રૂસ્તમે સોહરાબનાં તનને કીમતી પોશાક પહેરાવ્યો અને તેને જંગમેદાનમાંથી ઉપાડીને તેઓ આગળ વધતા હતા એટલામાં સોહરાબે જાન છોડયો. આથી તે મર્હુમ પાછળનો શોક શુરૂ થયો. રૂસ્તમ અને તેના સોહબતીઓને શોકમાં ગિરફતાર થયલા જાણીને હવે સોહરાબના મરણથી ખુશી થયલો શાહ તેમની નજદીક આવ્યો અને તે દુખી થતા પિતાને દિલાસો દેવા ગયો. અંતે લસ્કરો છુટાં પડયાં; શાહ ઇરાન તરફ, હોમાન તૂરાન તરફ, અને રૂસ્તમ જાબુલિસ્તાન તરફ પોતપોતાની ફોજો સાથ ચાલ્યા. જ્યારે સોહરાબની લાશને લઇ તેઓ જાલનાં પાયતખ્ત ખાતે જઇ પુગ્યા ત્યારે ત્યાં નવેસરથી શોકના ગીતો ગવાયાં. બાપડી તેહમીના પોતાના બેટાનાં મોત પાછળ શોક કરી એક વર્ષમાં મરણ પામી.

* * *

વધારો ૩ જો.

બાપ બેટા વચ્ચેનાં જંગના બીજી પ્રજાઓમાંથી મળતા દાખલા.

બાપની શોધમાં નીકળેલા બેટા.

રૂસ્તમ અને સોહરાબનાં આ કરૂણારસિક દાસ્તાનને મળતું એક ચોક્કસ આઇરિશ કથામાંથી મળે છે. પણ બાપની શોધમાં નીકળેલા બેટાની વાર્તાઓ તો અનેક પ્રજાની કથાઓમાંથી મળી આવે છે. જેમ કે માઓરી લોકો જેઓ ન્યુજીલૅંડ ટાપુના અસલી રહેવાસીઓ છે તેઓમાં કોકાકો અને તેના બેટા તામા-ઇતુ-પોનું બયાન; આઇરિશ પેહલવાન કુચુલૈન અને તેના બેટા કૉન્લૉખનું બયાન; રશિયન ઇલ્યા-મુરૉમ અને તેના બેટા ફૉલ્કનનું બયાન; રશિયન જૅરૂસ્લાન લૅઝૅરેવિચ અને તેના બેટા જૅરૂસ્લા જૅરૂસ્લાનોવિચનું બયાન; સ્વીડિશ ઍન અને તેના બેટાનું બયાન; ઇત્યાદિ.

આ સઘળા દાખલાઓમાંથી ફક્ત એકજ જાણવાજોગ દાખલાનો સાર અત્રે નમુના તરીકે આપીશું, કેજે દાખલો રૂસ્તમ અને સોહરાબના દાખલાને ઘણી બાબતોમાં આબાદ મળતો આવે છે.[2]

કહે છે કે બહુ પુરાણા કાળમાં આયરલંડ દેશનાં અલ્સ્ટર પ્રગણામાં કૉનૉર નામે એક રાજા રાજ કરતો હતો, જ્યાંના લડવૈયાઓની નામદારી આખા યુરોપમાં પ્રખ્યાત હતી. એઓમાંનો એક કુચુલૈન નામનો પેહલવાન હતો, જે યુરોપથી પોતાને વતન ઑલ્બની યાને સ્કૉટલંડને માર્ગે પાછો ફર્યો ત્યારે ત્યાંના એક સરદારની બેટી એફ સાથ પ્યારમાં પડયો, અને તેણીને પેટે બાળક અવતરે તે આગમજ તે પોતાને વતન ચાલ્યો ગયો, જે વેળા તે પેલી ખુબસુરત નાજનીનને કહેતો ગયો કે જો તારે પેટે બેટો અવતરે તો તેને લડાઇનો હુનર શીખવવો, અને આ સોનાની સાંકળી આપું છું તે તેને ગળે પહેરાવીને તેને મારી મુલાકાતે અલ્સ્ટર ખાતે રવાના કરવો, અને એ નિશાની ઉપરથી હું તેને પીછાનીશ. વળી તેણે તેણીને ફરમાવ્યું કે માર્ગમાં તે બેટાએ પોતાનું નામ કોઇ પણ શત્રુ આગળ જાહેર કરવું નહિ, કોઇ પણ માણસને તાબે થવું નહિ, અને કોઇ પણ લડવૈયો તેની જોડે જોર અજમાવવા માગે તો કદી ના પાડવી નહિ.

૧—શાયર લખે છે કે જાલને ખબર પડતાંજ જાબુલી નામદારો રૂસ્તમને અને સોહરાબની લાશને લેવા સામા ગયા, અને દરેક જણ તે લાશ ઉપાડવાના કામમાં મદદ આપવા લાગ્યો. આ ક્રિયા દરાનની બીજી કોમને કરતી જોઇને શાયરે આમ લખ્યું હશે, અથવા રૂસ્તમના જમાનામાં લાશને સર્વ કોઇએ ઉપાડવાનો રિવાજ હશે. પેગામ્બર જરતોસ્ત પછી રચાયલી વંદીદાદનાં પુસ્તકમાં તો લાશને એટલી અપવિત્ર ગણી છે કે તેને અડકવાની મના કીધી છે.

૨—નીચલા દાખલા બાબે વધુ હકીકત માટે જુઓ Asiatic Papers, સફે ૫૩ થી ૬૬.

હવે પેલી બાઇએ એક બેટાને જન્મ આપ્યો, જેનું નામ કૉન્લૉખ રાખ્યું. તેને લસ્કરી તાલીમ મળી, અને પુખ્ત ઉમરે તે પોતાના બાપની શોધમાં આયરલંડ ગયો. તે તમામ હથિયારોથી સજ્જ થયલો હતો માટે અલ્સ્ટરના રાજાએ જાણ્યું કે તે લડવા આવ્યો છે. રાજાએ તેનું નામ જાણવા માગ્યું, જે જો તે જણાવે તો તે બીકણ ગણાય. માટે કૉન્લૉખે નામ નહિ જણાવતાં તથા ઠરાવેલી ખંડણી નહિ આપતાં લડાઇમાં ઉતરવાનું પસંદ કીધું. હવે કૉન્લૉખ સામે લડવા માટે અલ્સ્ટરના રાજાએ પોતાના મિત્ર અને વખાણાયલા પેહલવાન કુચુલૈનને તેને વતનથી બોલાવી મંગાવ્યો. તેને તરત નીકળી પડવાનું કહેણ મળેલું હોવા છતાં કુચુલૈને ઢીલ કીધી, જેથી રાજાને ગુસ્સો ઉપજ્યો, બન્ને વચ્ચે તકરાર ચાલી, પણ અંતે રાજાએ શૂરવીરને મનાવી લીધો. કુચુલૈન આવે તે આગમજ કૉન્લૉખે રાજાના એક સરદારને હરાવી કેદ પકડયો હતો.

અત્યાર સુધી પેહલવાન કુચુલૈન જ્યાં જતો ત્યાં ફતેહ કરીનેજ પાછો ફરતો હતો, તોપણ લડાઇમાં ઉતરતી વેળા આ લડવૈયાએ પોતાના જવાન હરીફનું નામ જાણવા માંગ્યું તેમજ તેના પિતાની નિશાન પુછી, તથા તેના જોડે લડવાને બદલે સલાહસંપજથી કામ લેવા માંગ્યું. પણ કૉન્લૉખે તેમાંનું કશું નહિ જણાવતાં અખાડા કીધા.[1] છતાં તેનું દિલ તેના બાપ તરફ ખેંચાયા વિના રહ્યું નહિ. એમ કરતાં બાપ દીકરો બહાદુરીથી લડયા અને તેમાં ઘણો વખ્ત નીકળી ગયો. પહેલી લડાઇમાં કુચુલૈન (બાપ)ની હાર થઈ, તોપણ જવાન કૉન્લૉખે તેનો જાન એકદમ નહિ લેતાં તેના તરફ નરમી બતાવી., તેવીજ નરમી બીજી લડાઇમાં કુચુલૈને પોતાના બેટા તરફ બતાવી નહિ. તેણે પોતાનો નેજો આબાદ ફેંકીને કૉન્લૉખનો સીનો વીંધી નાંખ્યો.[2]

આ બધા બાપને હાથે બેટાના જખમી થવાના દાખલા છે. કેટલાક દાખલા વળી બેટાને હાથે અજાણતાં બાપનું મોત આવવાના પણ મળે છે, જેમાં જાણવાજોગ ઑઇડિપસે પોતાના બાપ લઇસ—થીબ્સના રાજા—ને અજાણપણે મારવાને લગતો છે. આ દાખલાઓમાં મુખ્ય બિના લગભગ એકસરખી જણાય છે. પેહલવાન પોતાના વતનની નહિ હોય એવી બાનુના મુલકમાં જઇ પુગે છે, ત્યાંના પાદશાહ કે સરદારની બેટી તેના ઉપર મોહીત થાય છે, છુટા પડતી વેળા પેહલવાન વીંટી યા કાંઇ યાદગારીની નિશાની આપી જાય છે; બેટો આ નિશાની લઇ બાપની શોધમાં નિકળે છે; બન્નેનું લોહી અરસપરસ દોડે છે, છતાં તેઓ લડે છે બને પોતપોતાનાં નામ છુપાવેછે, અને પરિણામ સોહરાબ કે કૉન્લૉખનાં જેવાં મરણમાં આવે છે. કોઇ કોઇ દાખલાઓમાં વળી બાપ બેટા વચ્ચે ઓળખાણ થાય છે અને તેઓ પોતપોતાની વહાલી માશુક કે માતાને જઇ મળેછે.

૧ આ એકજ બાબત એવી છે કે જેમાં ઇરાની અને આઇરિશ વાર્તાઓ વચ્ચેની સરખામણીમાં નજીવો ફેર પડે છે. શાહનામા મુજબ રૂસ્તમે નહિ પણ સોહરાબે પોતાના બાપનું નામ નિશાન જાણવા માગી તેની તરફ પોતાનું દિલ ખેંચાયાથી તેની સાથ સુલેહ કરવા માગી હતી, પણ રૂસ્તમે તેને ઉડાવ્યો હતો.

૨—એક બીજો નોંધવા જોગ ફેર બન્ને વાર્તાઓમાં આ છે કે શાહનામા પ્રમાણે જ્યારે બાપ દીકરા એકબીજાનાં નામ નિશાન કે સગપણથી, કેવળ અજાણ્યા હતા, ત્યારે આઇરિશ વાર્તા મુજબ બેટો કૉન્લૉખ જાણતો હતો કે મારો હરીફ કોઇજ નહિ પણ મારો બાપ છે. આમ જાણ્યા છતાં તે બાપ જોડે દુશ્મન થઇને લડે છે અને તે જમાનાના શુરવીરોના કાયદા પ્રમાણે અમલ કરે છે. વળી કુચુલૈન પોતાની નાજનીન મારફતે ભવિષ્યના બેટાને ફરમાવી ચુકયો હતો કે તારી સાથે જો કોઇ પેહલવાન લડવા માગે તો તારે તેમ કરવાની ના પાડવી નહિ. આ ફરમાનને માન આપતાં જવાન કૉન્લૉખે જાણી જોઇને બાપના હાથ ઉપર જાન આપ્યો એ લગાર અજુક્તી લાગે છે. કુચુલૈને તેને ગળે પોતાની આપેલી સોનાની સાંકળી જોઇને પણ શું તેને નહિ ઓળખ્યો હોય ?

લગન વિનાનાં ફર્જંન્દ.

ઉપલા સઘળા દાખલાઓમાં પેહલવાન અને નાજનીન વચ્ચે મેળાપ થઇ ફર્જંન્દની વૃધ્ધિ થવા છતાં કાંઇ લગ્ન થતાં નથી. ફિર્દુસી મુજબ તેહમીના રૂસ્તમનાં એવાનમાં તેને મળવા આવી હતી, તેમ બીજી બાનુઓ પણ પેહલવાનનાં પરાક્રમો જાણીને તેમના ઉપર મોહિત થઇ હતી. તોપણ ફીર્દુસી મુજબ રૂસ્તમે મુબદને બોલાવી મંગાવી તેહમીના સાથ શાદી કીધી હતી. આ શાદી કઇ પ્રકારની હશે તે જણાતું નથી. અલબત આજના જેવી ગંભિર ક્રીયા તે જમાનાઓમાં થતી હોય એમ લાગતું નથી, કેમકે રૂસ્તમના જમાના પછી બનેલા ઉપર ઇશારો કરેલા દાખલાઓમાં પણ અરસપરસની મોહબત ઉપરાંત શાદીની ક્રિયા જેવું કશું થયું હોય એવી નોંધ મળતી નથી.

બાપ અને બેટા વચ્ચેની લડાઇના બીજી કિસમના દાખલા મળે છે. તેઓમાં ઉપલી કિસમની મોહબતને બદલે પેહલવાન અને નાજનીનનાં લગ્ન થયલાં જણાય છે. એવાં લગ્નથી પેદા થયલા બેટા નામે તિંગને તેનો પિતા જેન કુઇ અજાણપણે કતલ કરે છે. તેહમીનાનાં રૂસ્તમ સાથ લગ્ન થવાનો ફિર્દુસીનો ઇશારો મજબુત નથી. તે જમાનામાં સ્ત્રી પોતાની રાજીખુશીથી મર્દની નજદીકીમાં જતી હતી. એવા દાખલા પુષ્કળ મળે છે, એટલુંજ નહિ પણ તે બહુ જુના જમાનામાં એવું ઘણું બનતું હતું કેજે આજે આપણને કમકમાટ ઉપજાવે છે. આપણા દેશના ખોંદ લોકો, રશિયાનાં કાલ્મક લોકો, સર્કાશ્યન લોકો, સેમોઇડ લોકો, નાટાલના કાફીર લોકો, ન્યુઝીલેંડના માઓરી લોકો, અને અમેરિકાના ઇંડિયન લોકોમાં એવો ચાલ જણાયો છે કે એક મર્દે પોતાનાંજ ગામમાં, કુટુંબમાં, કે કુળમાં પરણવું નહિ, અને એવી સ્ત્રી નહિ લેવી કે જેનો અને મર્દનો પૂર્વજ સામાન્ય હોય. આવાં લગ્નને નજદીકના ખેશીઓ વચ્ચે થતાં લગ્ન જેવાં ગણીને ધિક્કારવામાં આવે છે. આમ હોવાથી લગ્ન કરવા માટે મર્દને દેશ છોડીને પરદેશ જવું પડે છે. પણ રૂસ્તમ સમન્ગાન જઇને તેહમીના સાથ પરણ્યો અથવા પ્યારમાં પડયો તે કાંઇ ઇરાની લોકોના આવાજ કોઈ રિવાજને લીધે હતું, એવું કશું નથી, તોપણ સમન્ગાનથી ઉપડી પોતાને વતન પાછો ફરતી વેળા રૂસ્તમ તેહમીનાને પોતાની સાથે કાં નહિ લઇ ગયો, અને છોકરો અવતરે તો શું કરવું તે બાબે તેણીને તે ચોક્કસ વસીહત કાં કરી ગયો, અને તેહમીનાએ ચોક્કસ મુદત તેની સાથ ગુજારીને તેને જવા કાં દીધો, એ સઘળી બાબતોનો કશો ખુલાસો મળતો નથી.

માતાને નામે ઓળખાતાં બાળકો.

પણ આવા દાખલા આગળા જમાનામાં બન્યા હતા તેમ આજેબી ચોક્કસ અસલી પ્રજાઓમાં બને છે, જે પ્રજાઓમાં બાળકની પરવરશી કરવાનું માતાને સર હોવાનો ધારો છે, અને બાળક ખરા બાપથી અજાણ હોવાથી માતાનેજ નામે ઓળખાય છે. હિંદુસ્તાનમાં મલાબારના નૈયર લોકોમાં એવો ધારો છે કે સ્ત્રી એકજ દહાડાને માટે ભર્તાર કરે છે. ત્યાર બાદ ગમે તે ધણીને તેણી પસંદ કરે છે અને તેની જોડે ગમે તેટલી લાંબી યા ટુકી મુદત સુધી વસે છે. સુમાત્રાનાં મલાઇ લોકોમાં એવો ધારો છે કે બાપે સ્ત્રી અને બચ્ચાં કરતાં વધુ પ્રીતિ પોતાનાં ભાઇ બહેન સાથ રાખવી, અને પોતાનાં કુટુંબને તજી આ ભાઇ બહેન સાથ વસવું. તેનાં બાયડી છોકરાંનો મુરબી તે નહિ પણ તેનો સાળો હોય છે, અને તેજ બહેન અને ભાણજાનું પોષણ કરે છે. અસલી લાઇકિયન લોકોને માટે હીરોડોટસ વગેરે લખી જાયછે કે તેઓનું રાજ્ય સ્ત્રીઓથીજ ચાલતું હતું. મર્દ

કરતાં ઓરતને વધારે માન મળતું હતું, અને વારસો દીકરાઓને નહિ પણ દીકરીઓને મળતો હતો. વળી ઇજીપ્શયન ઓરતોને માટેબી હીરોડોટસ લખી જાય છે કે તેઓજ બજારમાં માલની ખરીદ ફરોખ્ત કરતી હતી, અને મર્દ તો ઘરે રહેતો હતો. ભર્તારની દરકાર વિના તેણી ઘરનો કારોબાર ચલાવતી, ખાનગી મિલ્કત ધરાવી શકતી, અને ચાહે તો તેને ઘરમાંથી કહાડી મુકતી. મિસરના પુરાતન લેખોમાં રાજા પોતાની વંશાવળિ આપતાં બાપ બપાવાનાં નહિ પણ મા, મમાઇ, માની મમાઇ, મમાઇની મમાઇ, એવી છ પહેડી મા તરફની સ્ત્રી પૂર્વજની આપે છે.

વળી આગળા જમાનાઓમાં એકજ સ્ત્રી કે એકજ મર્દ સાથ લગ્ન કરવાં, એવું કશું બંધણુ ન હતું. અનેક સ્ત્રીનો રિવાજ તો કેથે કેથે આજેબી છે. રૂસ્તમનો બેટો જેમ સોહરાબ, તેમ ફરામર્જ અને તેમ જેહાંગીર વગેરે પણ હતા, એ બધા જુદી જુદી માતાઓના બાળક હતાં. ગુદર્જના એવા સંખ્યાબંધ બેટા હતા.

સોહરાબ પોતાની મા જોડે રહ્યો અને બાપને ઘર તેને તરત મોકળી આપવામાં ન આવ્યો, તેનું કારણ આજની કેટલીક પ્રજાઓના રિવાજ ઉપરથી સમજાય છે. આપણા દેશમાં અંગામી નામે એક અસલી જાત વસે છે, તેમાં એકી વખ્તે એકજ બાયડી કરવાનો ચાલ છે, છતાં એ લોક ખુશી પડે ત્યારે વર યા બાયડી પરણે છે. બચ્ચાંને જ્યાં સુધી માતાનો ખપ હોય ત્યાં સુધી તે તેની સાથે વસે છે, અને મોટું થયા પછી બાપને ઘર જાય છે. યુકેટનની અમેરિકન પ્રજામાં માતા જોડે બાળક મોટું થયા પછી છોકરો બાપને ઘર જતો અને છોકરી મા સાથ રહેતી.

ઉત્તમથી ઉત્તમ ઉત્પન્ન કરવાનીખાહેશ.

તે જુના જમાનાઓમાં એક રિવાજ તો બચીત અનીતિને રસ્તે દોરવનારો હતો. તે એ કે કોઇ પહેલવાન યા મહાપુરૂષ યા પ્રખ્યાત પરોણો આવે તો તેની પરોણાગત બીજી સર્વ રીતે તો કરવીજ, પણ સ્ત્રીના સંબંધમાં પણ કરવી ! બીજી અસલી પ્રજાઓ જોડે બરમામાં પણ એ રિવાજ હતો અને ફ્રાન્સ, જર્મની તથા નૉર્વે દેશોમાં એ રિવાજની નિશાનીઓ આજ સુધી જળવાઇ રહેલી કહેવાય છે.

પણ આવાજ કોઇ રિવાજને આધીન થઇને તેહમીના રૂસ્તમ પાસે આવી હોય એમ નથી. ઘણી સુધરેલી ગણાતી પ્રજાઓમાંથી એવા દાખલા મળી આવ્યા છે, જેમાં સ્ત્રીએ મોહબતની પહેલી માંગણી કીધી હતી. દમયંતિ, સવિત્રિ, રૂદાબેહ, મનીઝેહ વગેરે મહાભારતના અને શાહેનામાના દાખલાઓ તો જાણીતા છે. વળી શાહનામા મુજબ અર્દવાનની રાણી ગુલનાર અર્દશીર (બાબેકાન) ઉપર ફિદા થઇ, તથા અરબ સરદાર થઇરની બેટી મલીકા સાસાની શાહપુર સાથ પરણવાને તૈયાર થઇ, એબી એવાજ દાખલા છે. મોટે ઘરની છોડી ઉતરતી ન્યાતના જવાન ઉપર ફિદા થવાના દાખલા માઓરી, ટુર્કી, રશિયન, કૅલ્ટિક વગેરે પ્રજાઓની દંત કથાઓમાંથી મળી આવે છે. એક બહાદુર લડવૈયા ઉપર, એક હુનરમંદ નવજવાન ઉપર, એક હિમતવાન શૂરવીર ઉપર નાજનીનનું દિલ ઉતાવળું દોડે છે, અને તેણીની મોહબતનો આતશ એટલો જલદી રોશન થાય છે કે તેને થંડો કરવામાં ન આવે તો તેનું મોત નિપજે છે. કોઇવાર મર્દ ઓરતની આ માગણી તિરસ્કારી તેનું અઘટિતપણું તેને સમજાવે છે—જેમ અર્જુને કરેલું મહાભારતમાં દર્શાવ્યું છે. એવી માંગણીમાં સ્ત્રી જાત ઉતમ શું છે તે તરત પિછાની લેવાની બુદ્ધિ ધરાવી, ઉત્તમ સાથ ઉત્તમનો મેલાપ થયલો જોવાની ખાહેશ ધરાવતી હોય એમ પ્રગટ થતું મનાય છે.

પુરાણા સ્વયંવર.

જેને સ્વયંવર કહે છે તેવા દાખલા જેમ હિંદુસ્તાનમાં બન્યા છે તેમ ઇરાનમાં પણ બનેલા ફિર્દુસી નોંધે છે. ક્યાની શાહજાદો ગુસ્તાસ્પ પોતાનો ખાવિંદ પોતેજ પસંદ કરવા એવાજ એક મેળાવડામાં કિતાબુન શાહજાદીને પામ્યો હતો, જે બાબે તેનાં બયાનમાં આપણ હવે પછી વિગતે વાંચીશું. દમયંતિ નળને વરી, સિતા રામને વરી, તે એમજ. સંખ્યાબંધ મોટમોટાઓની હરીફાઇ છતાં જે મનને ભાવ્યો ને આંખને ગમ્યો તે વરમાળ પામ્યો. પણ મહલનાં કામો વિના ઉમેદવાર વરમાળ ક્વચિતજ પામતો હતો. આગળું માસલ્સ શેહર જે રહોન નદીનાં મુખ ઉપર આવેલું છે તેની સ્થાપના પ્રોટિસ નામે એક ફીનિસ્યને કીધી• ત્યારે ફ્રાન્સના એ ભાગમાં રાજાની દીકરીએ સ્વયંવરથી પરણવાનો રિવાજ હતો અને આ સ્થાપના આગમજ જે શાહજાદીનો સ્વયંવર હતો તેણે પ્રોટિસનેજ પસંદ કરી રિવાજ મુજબ તેને પાણી આપ્યું હતું.

ગુસ્તાસ્પ અને કિતાબૂનને મળતોજ એક દાખલો આ મતલબનો નોંધાયલો છે. ઓલફ ત્રિગ્વાસન નામે જવાન આઇરિશ રાજા ઇંગ્લંડને કિનારે જઇ ઉતર્યો ત્યારે તેણે ત્યાં લોકોનું મોટું ટોળું ભેગું થયલું દીઠું. ખબર કહાડતાં જણાયું કે ગાઇડા નામે બાનુનો સ્વયંવર હતો. ઓલફ પોતાના મિત્રો જોડે મેલાઘેલા પોશાકમાં સજ્જ થયલોજ લોકોમાં જઇ ઉભો. રિવાજ પ્રમાણે ગાઇડા દરેક જણને જોતી અને તપાસતી ત્યાં આવી. ઓલફને તેના ચિથડયા લેબાસમાં તેણીએ જોયો, તોપણ તેનો મર્દાન્ગી ભરેલો ચેહરો જોઇ તેણીએ તેને પસંદ કીધો. તેણે પુછ્યું—તું કોણ છે? જવાબ મલ્યો— મારૂં નામ ઓલફ છે, ને હું પરદેશી છું. તેણી બોલી— જો તું પરણે તો તને મારો ખાવિંદ પસંદ કરૂં. પેલાએ જવાબ દીધો—હું ના પાડીશ નહિ. પણ તારૂં નામ ઠામ શું છે? તે બોલી— આયરલંડના રાજાની હું બેટી છું. ડબ્લિનનો રાજા ઓલફ મારો ભાઇ થાય છે. આ મુલકના ઇંગ્રેજ અમીરની હું રાણી છું. તેનાં મરણથી અહીં રાજ્ય ચલાવું છું. મારી પ્રજામાંથી એકને મારો નવો ખાવંદ પસંદ કરવા માટેનો આજનો મેળાવડો છે. ઘણાએ મારા હાથની માંગણી કીધી છે, પણ ઘણામાંથી એકને પસંદ કરવા હું અહીં આવી છું. મારૂં નામ ગાઇડા છે." બન્નેએ એકબીજાને પસંદ કીધાં, અને અદરાયાં.

મામાથી થતી પરવરશી.

હાવાઇ ટાપુ ખાતે એવો રિવાજ આજેબી ચાલુ છે કે છોકરાને બદલે છોકરીએ લગ્ન માટેની માંગણી કરવી. યુરોપમાં પણ એવોજ રિવાજ ઘણે ઠેકાણે ૧૨ મી સદી સુધી ચાલુ હતો.

સોહરાબ જ્યારે ઇરાન લડવા ગયો ત્યારે તેની માએ પોતાના ભાઇને તેની સંભાળમાં મોકલ્યો હતો. ઘણી કોમોમાં મામો બહેનના દીકરાની પરવરશી કરે છે. મધ્યકાળ સુધી એવો રિવાજ યુરોપમાંબી કેથે કેથે ચાલુ હતો. ફ્રાન્સનો રાજા શાર્લોમેનનો ભાણેજ રોલેંડ મામાનો મોટો વિશ્વાસ પામેલો હતો, અને ઇંગ્લંડના રાજા આર્થરનો વિશ્વાસ તેના ભાણેજ મૉર્ડરેડ ઉપર હતો. પણ એ બન્નેને માટે તો એમ કહે છે કે તેઓ પોતાની બહેનના બેટાઓના બાપ હતા.

ઉપલા સઘળા લગ્નના પ્રકારો ઉપરથી મી૦ મરે એન્થની પૉટર પોતાની Sohrab and Rustem નામની કેતાબમાં એવું દેખાડવા માંગે છે કે આગળા જમાનાઓમાં (તેમજ હાલ માઓરી વગેરે પ્રજાઓમાં) એવો રિવાજ હતો કે એક જવાન પોતાનાં દેશની બાહેર જઇ પારકા ટોળા કે દુશ્મન પ્રજાની નાજનીન

સાથ લગ્નના ગાંઠથી બંધાતો, અથવા તેણીનાં લોકના રિવાજ મુજબ તેણી લગ્ન કિયા વગર તે જવાનને પોતાના ઓરડામાં દાખલ કરતી, તેમને ફરજંદ થવા આગમજ—વખ્તે એકાદ દિવસ-માંજ—પેલો જવાન ગમે તે કારણે માશુક યા પ્રિયા યા બાયડીને છોડી ચાલી જતો. માતા બાળકની પરવરશી કરતી. તેણી બાપ યા ભાઇનાં મકાનમાં પોતાની કોમ જોડેજ રહેતી. પછી બાળક બેટો હોય તો મોટો થઇ બાપની શોધ-માં નીકળતો, અને ભોગજોગે ઓળખાણ નહિ થાય તો તેનાજ હાથ ઉપર માર્યો જતો યા બાપનો જાન પોતે લેતો. આવો જ્યાં રિવાજ ચાલતો ત્યાં માતાનું ફરજંદ પર ચલણ રહેતું અને દીકરો કે દીકરી માતાનેજ નામે ઓ-ળખાતાં.

નામ છુપાવવાનો રિવાજ.

બાપની શોધમાં નીકળેલો બેટો યા લડવા આવેલો બાપ પોતે, પોતપોતાનાં નામ આપતા નથી અને તેથીજ કેટલીકવાર માઠાં પરિણામ નિપજે છે. સોહરાબ અને રૂસ્તમના બાબમાં પણ એમજ થયું હતું. કેટલીક પ્રજાઓમાં નામ એટલાં પવિત્ર ગણાય છે કે તે તેઓ પોતાના હરીફને કહી દેતા નથી. અમેરિકન ઈંડિયનો લડાઇ વેળા જુદાંજ નામો રાખતા જણાયા છે, અને જુદી જુદી લડાઇમાં જુદે જુદે નામે ઓળખાતા હતા. પણ ઇરાનમાં નામો છુપાવવાનો શરેસ્તો ન હતો. સારા ઇરાની-ઓ અને તુરાનીઓ પોતપોતાનાં નામ આપીને પોતાની બડાઇ જાહેર કરતા અને હરીફને દબાવતા હતા, પણ રૂસ્તમ સોહરાબનોજ એવો કિસ્સો છે કેજેમાં બન્ને બાપ દીકરાએ એકબીજા-થી પોતાનાં નામ છુપાવ્યાં હતાં.

[ઉપલી વિગતોમાંની કેટલી મી૦ મરે એસ્થ-ની પૉટરની Sohrab and Rustam, the Epic Theme of a Combat between Father and Son; a study of its genesis and use in Literature and popular Tradition એ નામની ૧૯૦૨ માં પ્રગટ કરેલી કેતાબ ઉપરથી ઉપજાવી છે.]

બાબ ૫—શાહ કય કાઉસ—૪.

[શાહજાદા સિયાવુશનું બયાન—ભાગ ૧.]

ફસલ ૧—જનાનાની એક કહાણી.

શાહજાદો સિયાવુશ.

શાહ કય કાઉસના બેટાઓ મધેનો એક ફરીબોર્ઝ નામનો હતો, જે તેની વડી રાણીનો બેટો હોવો જોઇયે. ઇરાનના શાહોમાં એવો ધારો હતો કે જે રાણી ઇરાનનાં પાદશાહી ખાન્દાનની હોય તેની સાથે તે પરણતો હતો અને તેજ વડી રાણી ગણાતી હતી, અને બીજી સઘળી રાણીઓ ગમે એટલી માનિતી છતાં તેના તાબા તળે મેલાતી હતી. ફરીબોર્ઝ આવી કોઇ ઇરાની શાહજાદીનો બેટો હતો, જેનું નામ આપણો શાયર જણાવી જતો નથી. કાઉસનો બીજો એક બેટો સિયાવુશ [1] નામનો હતો. અલબત તે વડી રાણીનો પુત્ર ન હતો, કેમકે ફિર્દુસીએ તેની માતાનું જે કહાણી રૂપી વર્ણન આપ્યું છે તે મુજબ તે તુરાની શાહજાદી હતી. તે તુરાનના પાદશાહ અફ્રાસયાબના ભાઇ કર્સીવજના [2] મેટા શીવરની બેટી હતી. કહે છે કે શીવરની મતલબ તુરાની હાકમ પશંગને [3] પોતાની આ બેટી આપવાની હોવાથી તેણી પોતાનું ઘરબાર છોડીને ઇરાન નાસી આવી હતી, અને તૂસ તથા ગીવ શિકારે ગયા હતા ત્યાં તેમનો તેની સાથ ભેટો થયો હતો, અને તેને પોતાની રાણીને લાયકના સઘળા સદગુણો ધરાવતી જાણીને શાહ કાઉસે તેણી સાથ શાદી કીધી હતી. [4] આ રાણીને પેટે જે શાહજાદાએ જન્મ લીધો તે સિયાવુશ હતો, જે નામચીન શાહ કયખુસરૂનો બાપ થતો હતો.

સિયાવુશને લશ્કરી તાલીમ તેહમતન રૂસ્તમે પોતાને સીસ્તાન અથવા જાબુલ વતન લઇ જઇને આપી હતી. શાહને આ બાળક માટે ભારી અંદેશો હતો, કારણ કે તે જમાનાના રિવાજ મુજબ આ ફર્ઝંદનું તાલે જોતાં નજુમીઓને તેનું ભવિષ સિયાહ માલૂમ પડયું હતું. લડાઇના સર્વ હુનરો જોડે ભાષણો કરવા, ઇન્સાફ કરવા, અને રાજ્ય ચલાવવાના એલમથી પણ રૂસ્તમે

૧—અવસ્તામાં એને ક્વ સ્યાવર્षાનને નામે ઓળખ્યો છે.

૨—અવસ્તામાંથી એનું નામ "ક્રેસવઝ્દ" એવું મળે છે.

૩—આ પશંગ કયો? અફ્રાસિયાબનો એ નામનો પિતા તો ઘણાં વર્ષ આગમજનો મરણ પામ્યો હતો, અને ત્યારબાદ એ નામનો બીજો તુરાની શાહ તો હતો નહિં, ત્યારે આ ધણી કોણ? ઍટકિન્સન પોતાનાં શાહનામામાં એ નામ આપી જાય છે, જે નકલ ઉતારનારની ભૂલ હોય એમ સંભવે છે.

૪—જીહૂનની નદી જે ઇરાનની ઉત્તર તરફની સરહદ ઉપર છે ત્યાં દઘવી નામનાં જંગલમાં શિકારે જતાં તુસ અને ગીવને આ શાહજાદી ઝાડોમાં બેઠેલી માલુમ પડી હતી. તેણીએ જણાવેલી હકીકત મુજબ તેના બાપે પોતાના મરજી મુજબના ધણી (તુરાની પશંગ?) સાથ શાદી કરવાનું ફરમાવ્યાથી આ બાઇએ તેમ કરવાની ના પાડી ત્યારે શીવરે તલવાર વડે તેનું ડોકું ઉડાડી દેવાની ધમકી આપી, જે ઉપરથી તેણી કેટલોક ખજાનો લઇને સ્વાર થઇ ઇરાન તરફ આવી. માર્ગમાં નદી પસાર કીધા પછી તેનો ઘોડો થાકી ગયાથી તેને પડતો મેલ્યો અને તે ચાલતી આગળ વધી, ત્યારે ડુંગર ઉપરથી રસ્તો લેતાં ત્યાં વસતા લોકે તેને એકલી જોઇ ખજાનો લુટી લીધો. ત્રણ દહાડાની ભુખી તરસી હોવાથી તુસ તેમજ ગીવ તેને પોતાને ઘેર લઇ જવા તૈયાર થયા. પણ શાહ કાઉસે તેઓ બન્ને વચ્ચેનો કજિયો દાબી દઇ તેણીને પોતાનીજ રાણી બનાવી.

આ શાહજાદાને વાકેફ કીધો, અને સાત વર્ષની આવી તરબિયત પછી સિયાવુશનીજ ખાહેશથી તેના પાદશાહી બાપ આગળ રૂસ્તમે તેને રજુ કીધો. તેની પધરામણીને મોટો બનાવ ગણી ભારી ધામધૂમથી ઇરાની પ્રજાએ અને પેહલવાનોએ સિયાવુશને આવકાર દીધો, અને શાહ તથા દરબારીઓ શાહજાદાનું કદ તથા ખબરદારી જોઇને ખુશખુશ થઇ ગયા. રૂસ્તમને લાયક માનમરતબો આપીને કય કાઉસે પોતાના બેટાને બીજાં સાત વર્ષ સુધી વધુ તાલીમ અપાવી, અને આઠમે વર્ષે પોતાનાં તખ્તના આ વારેસને રેશમી કાગજ ઉપર એક પરવાનો લખી આપી તમામ કોહિસ્તાનનો મુલ્ક તેને હવાલે કીધો, કેજે હાલ "માવર ઉન નહર" ને અરબી નામે ઓળખાય છે.

રાણી સુદાબેહ.

આ પછી સિયાવુશની માદર ગુજર પામી, અને સુદાબેહ રાણીએ શાહને સમજાવીને શાહજાદાને રાણીઓના મહેલમાં પોતાની મુલાકાતે તેડાવ્યો. આથી સિયાવુશ ગુચવાડામાં પડયો. કય કાઉસ માનતો હતો કે સુદાબેહ શાહજાદાને એક શો માતાની માયા મોહબતથી ચાહેછે. સુદાબેહની મતલબ આપણા શાયર મુજબ નીચ હતી. શાહજાદો ઓરતોમાં ભેળાવા માંગતો ન હતો; પણ શાહનો હુકમ માથે ચઢાવીને તે સુદાબેહ તથા તેની બેટીઓ વગેરેને મળવા ગયો. શાહે હિર્બદ નામના જૈફ વફાદાર માણુસને શાહજાદા સાથે મોકળ્યો, અને સિયાવુશને જોતાંજ સઘળી નાજનીનોએ તેની આસપાસ ફરી વળીને પછી કસ્તુરી, કેસર, સોનાં અને ઝવેરાતથી તેને વધાવી લીધો. પછી તેની આગળ શર્બત, શરાબ, ગાણું વગેરે હાજર કીધાં. રાણી સુદાબેહ એક તખ્ત ઉપર સણુગાર કરીને બેઠી હતી તે તેને સામી આવીને મળી, તેને પેટમાં ચાંપ્યો, તેના રૂખ્સાર અને ચશ્મ ઉપર ઘણાએક બોસ્સા દીધા, અને તેના તરફ ઘણીએક મોહબત બતાવી.

તેનાં ફેલ—

પણ આ બધી તેણીની મોહબતનો અર્થ શાહજાદો સારી પેઠે સમજતો હતો. તે તેણી આગળથી છુટીને પોતાની સાવકી બહેનોને જઇ મળ્યો, જેઓએ તેને ઘણાએક આશિષ દઇને તખ્ત ઉપર બેસાડયો. આમ કેટલોક વખત ગુજારીને પછી સિયાવુશ ત્યાંથી પાછો ફર્યો. સુદાબેહે હવે શાહને વિનવ્યો કે શાહજાદાને લાયકની મોહરદાર શાહની પોતાની બેટીઓમાંથી યા આગળા શાહ કય આરશ અને કય પશીનનાં ખાન્દાનમાંથી પસંદ કરવી જોઇયે, અને તેને શાદી કર્યા પછીજ કોહિસ્તાનની પાદશાહી ઉપર જવા દેવો જોઇયે. કય કાઉસને એ સુચના પસંદ આવી, પણ જ્યારે તેણે પોતાના બેટાને મનગમતી બાનુ પસંદ કરવાનું કહ્યું ત્યારે સિયાવુશે પોતાના બાપની જે પસંદગી તેજ પોતાની પસંદગી છે એમ જણાવ્યું. પણ પોતાની બાનુ પોતેજ પસંદ કરવી જોઇયે એમ કય કાઉસે આગ્રહ કર્યાથી શાહજાદો રાણીઓના મહેલમાં ફરીથી ગયો. સઘળી શાહજાદીઓને તેણે નજરે દીઠી, પણ તેઓમાંની કઇને પોતે પસંદ કીધી છે તેનો ભેદ કોઇને આપ્યો નહિ. ખરી વાત તો એ હતી કે સુદાબેહે પોતાની એક બેટી સાથ સિયાવુશની શાદી કરવાની ખુશી જાહેર કીધી હતી,[1] પણ

૧—સુદાબેહની બેટીઓ તે સિયાવુશની સાવકી બહેનો થાય, અને બહેનની સાથ ભાઇની શાદી થાય એવો રિવાજ અસલી ઇરાનીઓમાં હોય એવું જણાતું નથી. ફિર્દૂસી એવા રિવાજ વિષે કશું જણાવતો નથી. તવકાલ બેમ વલદ તુલક બેમના "તારીખે દિલગુસાએ શમ્શેરખાની" નામનાં મુખ્તેસર શાહનામાના મોબેદ ફરદુનજી મર્જબાનજીએ કરેલા ગુજરાતી તરજુમા મુજબ ફિર્દૂસીએ જેને સુદાબેહની બેટી જણાવી છે તે શાહ કાઉસને પેટની તેની પોતાની જણેલી નહિ પણ રાણીએ કરી લીધેલી બેટી હતી.

તેણી પોતે કેવા કપટી રાજાની દીકરી હતી અને તેણે શાહ કાઉસને કેવો હેરાન કીધો હતો તે યાદ કરીને, શાહજાદો તેનાં ખાન્દાન સાથ જોડાવાને નાખુશ હતો. પણ એજ વખ્તે શાહ કાઉસનાં મરણ પછી સિયાવુશે સુદાબેહને પોતાની માનીતી રાણી કરવાની વાતો તેણી કરતી અને તે નામવરની હૈયાતીમાંજ હાલ પોતાની મોહબત જાહેર કરતી જોઇ ત્યારે તે શાહજાદો શરમથી પાણીપાણી થઇ ગયો અને ગુસ્સાથી તેની આંખનાં પાપણુ પણ લાલ થઇ ગયાં! તેણે તેને પોતાની સામે ભવિષ્યમાં કપટ રચતી અટકાવીને તરત વેળા સમજાવી લેવા માટે એટલુંજ કહ્યું કે તારી બેટી સાથ મારી શાદી કરવાને હું હા પાડું છું, અને તું તો મારી માદર છે.

પણ આટલેથી બુરી સુદાબેહને શાંતિ મળી નહિ. તેણીએ ત્રીજી મરતબે શાહજાદાને બોલાવી કેટલીક બેશરમી ભરેલી વાતો કરીને પછી ધમકી આપી—કેજે બાબે શાહજાદાને આગમજથી વહેમ હતો—કે તું જો મારો સખુન નહિ રાખશે તો ઇરાનનાં તખ્ત માટેની તારી સઘળી ઉમેદો હું ધુળ બરાબરની કરીશ. પણ આવી ધમકી છતાં અશો સિયાવશે આ બદફેલ સ્ત્રીની માગણીને તુચ્છકારી કાઢી અને તેના આગળથી ચાલી ગયો.

અને મક્કર.

આ તિરસ્કારનો બદલો રાણીએ મનગમતો લીધો. તેણીએ સ્ત્રી ચરિત્ર ચલાવ્યાં. તે સિયાવુશને ગળે પડી. તેના ઉપર પોતાની લાજનું તોહમત મુક્યું. કાઉસે પોતાના બેટાને તેડાવ્યો, સાચી બિના જાણવા માંગી, અને શાહજાદાએ જે કાંઇ સચ્ચાઇ હતી તે કહીને પેલી મક્કારે ઓરતને ઉઘાડી પાડી. પણ તેણી વધારે રડીને, વધારે બુમો પાડી, કપડાં અને ઘરેણાં ફાડી તોડીને બોલી કે શાહજાદો સઘળું જુઠું કહે છે. સુદાબેહનાં આ વધુ મક્કરોથી શાહની ખાતરી થઇ નહિ. તેણે ખાનગીમાં તપાસ ચલાવી. તેણે સુદાબેહના હાથ, છાતી, માથું, અને શરીરની ખુશબો સાથ સિયાવશનાં બદનના સુગંધની સરખામણી કીધી, પણ મક્કારે ઓરતના શરાબ, ગુલાબ અને કસ્તુરીના સુવાસ નિર્દોષ શાહજાદાનાં બદનમાંથી નીકળ્યાં નહિ. આ અને બીજી તપાસોથી કય કાઉસની ખાતરી થઇ કે આ બધાં ફેલ સુદાબેહનાંજ છે. તેણે તેને બેહુર્મત કીધી, અને તેનું સર તનથી જુદું કરવા ધાર્યું. પણ તેનો જાન લેવાથી હામાવરાન સાથ નવી લડાઇ જાગશે તેનો ખયાલ કરીને, તથા ત્યાંના રાજાએ પોતાને દગાથી કેદ કીધો હતો તે વેળા સુદાબેહે પોતાની કેવી બરદાસ્ત લીધી હતી તે યાદ કરીને, શાહે આ મક્કારે ઓરતને મારી નાખવાનો વિચાર માંડી વાળ્યો. તે નામદારે સિયાવશને ધીરજ આપીને કહ્યું કે તું તદન બેગુનાહ છે, માટે તું તારાં મનમાં ગભરાતો ના. આ બનાવ વિષે કોઇ આગળ કશું બોલતો ના, અને સદા ડહાપણથીજ ચાલતો રહેજે.

નિર્દોષની ફતેહ.

પણ કીનાબાજ સુદાબેહ જાન બચ્યા છતાં કીનાનો વિચાર દૂર કરી શકી નહિ. એક દાસી જેને હરામ હમેલ હતા તેને રાજી કરીને તેના હમેલ તોડી પડાવ્યા, અને તેનાં બાળકને સિયાવુશને પેટનાં બાળક દાખલ જાહેર કીધું! પણ શાહજાદા ઉપરનું આ તોહમત શેતારેસનાશોએ ખોટું પાડયું. જે ઓરતે પેલાં બાળકને જન્મ આપ્યો હતો તે એકજ બોલને વળગી રહી. સુદાબેહે શાહને ભમાવ્યો કે સિયાવુશની બીકથી સેતારેસનાશો જુદીજ વાત બોલે છે. આથી શાહ વિચારમાં પડયો. અંતે નજૂમીઓએ તેનો સંદેહ ભાંગવા સૂચવ્યું કે આ બન્ને જણને

આતશની બળતી ચેહમાંથી પસાર થવા ફરમાવો. એમાંથી જે નિર્દોષ હશે તે સલામત બચી જશે અને ગુનેહગાર હશે તે બળી મરશે. [૧]

શાહને આ તદબીર મુજબ અમલ કરવાની ફરજ પડી. સુદાબેહે ચેહમાં જવાની નાપાડીને કહ્યું કે તકસીર જેણે કીધી હોય તેણે પોતાનું નિર્દોષપણું બતાવવાનું છે; હું કાંઇ તોહમતદાર નથી માટે મારે ચેહમાં જવું નથી. પણ સિયાવુશે પોતાને માથે મેલાયલાં તોહમતને ધોઇ નાખવા માટે ચેહમાંથી પસાર થવાનું બિડું ઝડપ્યું. અને એક મોટા રોશન આતશમાં એક છેડેથી દાખલ થઇ અશો સિયાવુશ બીજે છેડેથી બાહેર નીકળ્યો. લાકડાંના બે મોટા ઢગળા એકેકની જોડમાં ઉભા કરી સળગાવવામાં આવ્યા, અને તે બન્ને વચ્ચેથી એક ઘોડો પસાર થઇ શકે એટલી જગા રાખી. એ જગાએથી શાહજાદા સિયાવુશે પોતાના કાળા રંગના વફાદાર જાનવરને ચલાવ્યું. તેણે પોતે સોનેરી કોલાહ અને તમામ સફેદ વસ્ત્ર પહેરેલાં હતાં. તે હસને ચેહરે થંડે કલેજે પોતાના બાપની રજા લઇ અને તેને ધીરજ રાખવા અર્જ કરી હિમતથી આગળ વધ્યો. તેણે પોતાનાં બદન ઉપર કપુર છાંટયો અને પેલી ભયાનક ભસ્મ કરનારી ચેહમાં ધસ્યો તે પહેલાં તેણે જગ્તના પેદા કરનારની બંદગી કીધી. તેની બંદગી, તેનું નિર્દોષપણું, તેની સત્યતા—એ બધાં ફાવ્યાં. તે અને તેના ઘોડાની પ્રથમ તો કશી નિશાન જણાઇ નહિ; પણ અંતે તેઓ ચેહને બીજે છેડેથી સલામત બાહેર નીકળ્યા. ઇરાની નામદારો તેને સામા જઇ મળ્યા. ભેગી મળેલી તમામ ઠઠે ખુશહાલીના પુકાર ઉડાવ્યા, તેના ઉપર ફુલો અને સિક્કાઓના નેસાર કીધા. સિયાવુશે નીચી મૂંડીએ પાક ખુદાનો ઉપકાર માન્યો. શાહ કાઉસે તેનું નિર્દોષપણું કબૂલ રાખ્યું, પોતાની વર્તણુકનો બચાવ કીધો, અને પછી સઘળી સવારી મહેલ તરફ ચાલી. ત્યાં જઇ કાઉસે પોતાના બેટાનાં સર ઉપર તાજ મુકયું, અને શરાબ તથા ગાણાંની મજલિસ બનાવી.

સિયાવુશે સુદાબેહને બચાવી.

ત્રણ દહાડા આવી ખુશહાલી ચાલુ રહ્યા પછી ચોથે દહાડે શાહ ગાવમુખી ગુર્જ લઇને તખ્ત ઉપર બેઠો, અને સુદાબેહને બોલાવી, તેના ફેલફરેબ માટે સખ્ત ઠપકો આપી તેને ગર્દન મારવાનો હુકમ આપ્યો. તે બદકાર ઓરતે હજુબી પોતાનો વાંક કબૂલ નહિ કરતાં સિયાવુશ ઉપર જાદુથી કામ લેવાનું તોહમત મૂકયું ! સર્વ ઇરાની દરબારીઓએ તેના જેવી બુરી ઓરતનો જાન લેવાની સલાહ આપ્યાથી શાહે ફરમાવ્યું કે તેને મહોલ્લામાં લઇ જઇ ગર્દન મારવી.

આ હુકમ આપવા છતાં શાહની છાતી ભરાઇ આવી. તેનું આ ખુબસુરત મક્કાર ઓરત ઉપરનું હેત સિયાવુશ જાણતો હતો, માટે તે વચ્ચે પડયો અને તેનો ગુનાહ માફ કરવાની બક્ષેશ માંગી. કાઉસે તેમ કીધું અને તે પાપી જીવડો જાનથી બચ્યો—તેનાજ ભોગે તેને બચાવ્યો.

અહીં આ પાદશાહી કહાણી પુરી થાય છે. એના ઉપરથી કેવો ઉત્તમ બોધ મળે છે તે દેખાડવા માટેજ આ દાસ્તાનને અત્રે આટલું લંબાવ્યું છે. તેમ ન હોતતો એની મતલબ મુખ્તેસરમાં પણ કહી શકાત.

૧—આમ આતશની મારફતે ખરા ખોટાની પરીક્ષા કરવાનું છેક અવસ્તાઇ જમાનાથી અસલી ઇરાનીઓમાં ચાલુ હશે એમ જણાય છે, એટલુંજ નહિ પણ ખુદ ગાથા વાણી ઉપરથી એ બાબેનો ઇશારો મળે છે. (જુઓ ઇંજશ્ને, હા ૪૭, ફ૦ ૬), જ્યાં આતશની મારફતે ખરું ખોટું નક્કી કરનારા હરીફો જે સારો માઠો બદલો મળે તેને વાજબી ઇનસાફ દાખલ કબુલ રાખતા જણાય છે, અને એ ચુકાદો અહુરમજદ તરફનો માનીને તેઓ તેનું વાજબી અને પસંદ પડતો લેખે છે.

ફસલ ૨—શત્રુ સાથનો કોલ અને પિતા તરફનો ખોફ.

સિયાવુશની સપેહસાલારી.

તુરાની અફ્રાસિયાબને ખબર પડી કે શાહ કાઉસ મોજમજાહમાં મશગુલ છે, રૂસ્તમ સીસ્તાનમાં છે, અને ઇરાનમાં કોઇ લડવૈયા રહ્યા નથી. આથી તે એક મોટું લસ્કર લઇને ઇરાન ઉપર ચઢાઇ લાવે છે એવી ખબર પડતાંજ શાહ કાઉસ પોતે તેની સામે લડવા જવા તૈયાર થયો. પણ માજન્દરાન તથા હામાવરાન ખાતે જે મુસીબત પડી હતી તે યાદ કરીને ઇરાની દરબારીઓ અને દાનાઓએ શાહને આ કામથી હાથ ઉઠાવવા સમજાવ્યો. છતાં અફ્રાસિયાબની મુકાબેલ જઇ શકે એવા બીજા સપેહસાલારોની ગેરહાજરીમાં કાઉસે પોતેજ લસ્કર લઇ જવાનો ઠરાવ રાખ્યો; પણ એજ વખ્તે શાહજાદા સિયાવુશે સુદાબેહના ફરેબ અને કાઉસના બેવિસ્વાસથી દૂર જવાની મતલબથી તુરાનની લડાઇમાં જવાનો ઠરાવ કીધો. તેણે શાહ પાસે માગી લીધું કે અફ્રાસિયાબનો હમ્નબર્દ થવાને લાયકનો હું ઠરી ચુકયો છું, માટે મને આ જંગની સરદારી મળવી જોઇયે. કાઉસે આ માંગણી કબૂલ રાખી, પણ સિયાવુશની રેહબરીમાં રૂસ્તમને સોંપી આપ્યો. ૧૨૦૦૦ ઇરાની સિપાહો અને તેટલુંજ બીજું પાયદળ ધીલાન અને પાર્સ, કુચ અને બલુચ અને સરૂચ ખાતેથી ભેગું કીધુ. સાથે બેહરામ અને જંગે શાવરાન તથા બીજા સરદારો કાંવેઆહંગરનો ઝુંડો લઇને ચાલ્યા. શાહ અને શાહજાદો ભેટીને છુટા પડયા ત્યારે બન્નેની આંખમાં પાણી આવી ગયાં. સર્જત હતી કે આ પછી તેઓએ એક બીજાનો ચેહરો ફરીથી જોવોજ નહિ.

શાહજાદો જૈફ જાલને મળવા માટે જાબુલિસ્તાન ગયો, અને ત્યાં જાબુલ, કાબુલ અને હિંદનું લશ્કર ભેગું કરીને તેને પોતાની ફોજમાં ઉમેર્યું. હેરાતનાં જંગલ સુધી જઇ પુગ્યા પછી આ નવી ફોજની સરદારી સિયાવુશે જંગે શાવરાનને આપી, અને પછી તાલિકાન અને મર્વ રૂદ તરફ થઇને ઇરાની ફોજ બલ્ખ ભણી ચાલી, કે જ્યાં તુરાની લશ્કરે પડાવ નાખ્યો હતો.

તૂરાન ઉપર ફતેહ.

બીજી તરફથી તુરાની ફોજના સરદારોમાં બાર્માન લસ્કરના આગળા અને સિપેહરમ પાછળા ભાગમાં હતો. તેમની જોડે તુરાની શાહનો ભાઈ કર્સીવજ કે જે બલ્ખારની હાકમી ચલાવતો હતો તેણે લસ્કરનું વડપણ લીધું હતું. બન્ને લસ્કરો એકેકની મુકાબેલ થતાંજ બલ્ખની ભાગોળ આગળ ત્રણ દહાડામાં બે લડાઇ ચાલી, અને ચોથે દહાડે ઇરાની લસ્કર બલ્ખના દરવાજા ખોલી અંદર દાખલ થયું. તુરાની સરદાર બાર્માન અને સિપેહરમ નાસી ગયા. આ ફતેહનું નામું સિયાવુશે શાહ કાઉસ ઉપર લખ્યું, અને હવે જીહૂન નદી પસાર કરીને તુરાન ઉપર સવારી કરવી કે કેમ તે બાબેનું ફરમાન મંગાવ્યું. કાઉસે જવાબમાં જણાવ્યું કે ઉતાવળ કરવી નહિ, આરામ લેવો, અને અફ્રાસિયાબ પોતેજ નદી પસાર કરીને આવે તો લડવું.

અફ્રાસિયાબ આ વેળા સુગ્દ ખાતે હતો, જ્યાં જ્યારે કર્સીવજ તેને ઉપલી લડાઇની શિકસ્ત બાબે ખબર આપવા આવ્યો ત્યારે તુરાની શાહ જંગમાં પોતે ઉતરવાને તૈયાર થયો. એજ વેળા એકાએક રાત્રે તેણે એક ભયંકર ખાબ દીઠો, જેમાં તેણે એવું જોયું કે—લડાઇનાં મેદાનમાં તુરાની લશ્કર કપાઇ ગયું છે, અને ઇરાનીઓના એકેક ભાલાની ટોંચે તુરાનીનું સર ઉઠાવેલું છે, તથા એકેક સવારના ખોળા ઉપર એકેક તુરાનીનું માથું પડેલું છે. તેઓએ અફ્રાસિયાબને તખ્ત ઉપરથી ઉઠાવી

તેના હાથ બાંધ્યા, અને તેને શાહ કાઉસ આગળ ઇરાન લઇ ગયા, જયાં ૧૪ વર્ષના એક જવાને શમ્શીર ઉઠાવીને તુરાની શાહનાં માથાં ઉપર મારી તેનાં બે કુડચાં કરી નાખ્યાં. અફ્રાસિયાબ આ સ્વપ્નાથી બહુ બીધો, પણ કર્સીવજે તેને ધીરજ આપી કે ખાબમાં આપણ જે કાંઇ જોઇએ તેથી ઉલટુંજ બને છે. પણ આ સખ્યારો સેતારેસનાશોએ ખોટો પાડયો. તેઓના ખુલાસાથી અફ્રાસિયાબ એટલો ચિંતાતુર બન્યો કે તેણે ઇરાન સાથ વધુ લડાઇ નહિ ચલાવતાં ઇરાની સપેહસાલાર સિયાવુશ સાથ સુલેહ કરવાનો ઠરાવ રાખ્યો, અને તેમજ કરવાની તેના દરબારીઓએ સલાહ આપી.

સુલેહની શર્તો.

અફ્રાસિયાબે કેટલાક કીમતી હદિયા સાથે પોતાના ભાઇ કર્સીવજને સિયાવશની છાવણી તરફ ઉતાવળે રવાના કીધો, અને એક નમનતાઇ ભરેલું નામું લખી સુલેહની ખાહેશ બતાવી. આ પત્રમાં તેણે કબૂલ કીધું હતું કે જીહૂન નદી સુધીનો મુલ્ક ઇરાનના તાબાનો છે, અને જીહૂનથી ચીન સુધીનો તેનો પોતાનો છે. તે કહે છે કે મારૂં વતન સુગ્ધ છે, એટલે એ શહેર તેનું પાયતખ્ત છે અને તે ઇરાનથી તદન અલગ છે. તૂર અને સેલ્મને લીધે દુનિયા ઉથલપાથલ થઇ ગઇ છે અને નિર્દોષ ઇરજના ખૂન પછીથી લડવૈયાઓ માથાં ખોઇ બેઠા છે. ઇરાન કાંઇ તૂરાનથી જુદું નથી, પણ લડાઇ અને ફેસાદે તેઓ વચ્ચે દોસ્તી થતી અટકાવી છે. પણ હવે મને વિશ્વાસ છે કે ખુદાની બક્ષેશથી સૌ સારૂં થશે. તે સાહેબે તને (સિયાવશને) ઇરાન સરજમીનમાં જન્મ આપ્યો છે અને બહાદુર પેહલવાનો તારી દોસ્તીમાં છે, વાસ્તે હવે તું દુનિયાને સુલેહથી નવાજ; લડાઇ અને બદીનાં મોં કાળાં કર., મેં કર્સીવજને એ બાબતમાં તારી તરફ મોકલ્યો છે, એવી મતલબથી કે બહાદુર ફરીદૂન શાહે જેમ દુનિયા પોતાના બેટાઓને વહેંચી આપી હતી તેમ આપણ બંને તે વહેંચી લઇયે.

આ મતલબનાં નામાં સાથ કર્સીવજ નદી પસાર કરીને ઇરાની છાવણીમાં આવ્યો. શાહજાદાએ હસીને તથા પોતાનાં તખ્ત ઉપરથી ઉઠીને તેને આવકાર દીધો, અફ્રાસિયાબની ખબરઅંતર પુછી, અને તેના પોતાના આવવાનું કારણ જાણવા માંગ્યું. કર્સીવજે પેલું નામુ સિયાવશ આગળ રજુ કીધું. તેનાં દિલમાં ગભરાટ હતો; તેણે પોતાની નજર નીચીજ રાખેલી હતી. તે બોલ્યો કે — તું શાહજાદાના આવ્યાની ખબર મળતાંજ તૂરાનના શાહે યાદગારી દાખલ કાંઇ મોકલાવ્યું છે. આમ કહી તેણે માણસને હુકમ કરતાંજ તેઓએ અફ્રાસિયાબનો મોકલાવેલો હદિયો, કે જે બલ્ખ શેહરની ભાગોળ બાહેર હતો ત્યાંથી તે ઇરાની છાવણી સુધી લંબાય એટલો બધો હતો, તે લઇ આવ્યા. તેમાં ચુનંદા ઘોડા, તાજ, તખ્ત, ગુલામ, દાસી, વગેરે કીમતી જિનસો હતી. આથી શાહજાદો ખુશ થયો, અને રૂસ્તમ સાથ ખાનગી મસ્લેહત કરી એવા ઠરાવ ઉપર આવ્યો કે અફ્રાસિયાબ જો પોતાના ખેશાઓ મધેથી એકશો જણને ઇરાનની દરબારને હવાલે કરે તો સુલેહના કોલકરાર માટે ખાતરી મળે. આ વાતથી કર્સીવજને વાકેફ કરવામાં આવ્યો, અને અફ્રાસિયાબને એ માંગણી સખ્ત જણાયા છતાં કબૂલ રાખવી પડી. આ રીતે સુલેહના કરાર થયા. પણ તે હજુ કાચા હતા, કેમકે શાહ કય કાઉસની તે બાબે મંજુરી મેળવવાની રહેલી હતી.

કાઉસને તે ગમતી નથી.

રૂસ્તમે ઇરાન જઇ શાહને એ બાબે સમજાવી લેવાનું માથે લીધું; પણ કય કાઉસને આ કરાર પસંદ આવ્યા નહિ. તેણે સિયાવશને નાદાન ગણ્યો, પણ પોતે રૂસ્તમને તેની

મદદમાં આપેલો છતાં એ જેહાં પેહલવાનને કેમ કરીને આવા કરાર કબૂલ કેમ રાખ્યા, એ કય કાઉસની અજાયબી હતી. શાહે જેહાં પેહલવાનને કહ્યું કે—અફ્રાસિયાબનાં બદ કામોથી શું તું અજાણો છે? તેણે તો તમો બન્નેને હદિયાથી આંજી નાખ્યા છે. એ દોલત નિર્દોષ માણસોની લૂટ ચલાવીને તેણે મેલવેલી છે. જે શો બેશીઓને તેણે જામિનગીરી દાખલ મોકલ્યા છે તે તો હલકી બુનિયાદના છે અને પોતાનાં નામથી પણ અજાણા છે! એવાઓને સાનમાં આપ્યાથી અફ્રાસિયાબને શું લાગવાનું છે? તમો બન્ને જણે કરાર કરીને કાચું કાપ્યું છે, પણ તેથી હું બંધાતો નથી. હું એક એવા દૂરઅંદેશ સપેહસાલારને મોકલું છું કે જે શાહજાદાને કહીને આ એક શો તુર્કીઓને પગે બેડી ઠોકાવશે, તૂરાની શાહ તરફથી આવેલો હદિયો બાળી ભસ્મ કરશે, શોએશો કેદીઓને મારી તરફ મોકલાવી દેશે, અને તેઓમાંના એકેએકનાં સર હું તનથી જુદાં કરાવીશ. પછી હું તે ઇરાની લશ્કરને આગળ વધવાનો હુકમ આપીશ, અને એ રીતે અફ્રાસિયાબને અંતે લડાઇમાં ઉતરવાની ફરજ પડશે.

કાઉસના આ સઘળા ઠપકા ભરેલા સખુનોથી રૂસ્તમ બહુ રંજીદા થયો. તેણે શાહને યાદ આપી કે શાહજાદાની ફતેહનાં નામાંના જવાબમાં તેં તેને જણાવ્યું હતું કે—જીહૂનનો દરિયો ઉતાવળો પસાર કરી તૂરાનમાં દાખલ થતો ના, પણ અફ્રાસિયાબ હલ્લો લાવે ત્યાં સુધી થોભજે. આમ હોવાથી તૂરાની લશ્કર આવે ત્યાં સુધી અમો થોભ્યા; પણ તેણે તો પહેલાંથીજ સુલેહની વાતો કરવા માંડી, ત્યારે તેની સાથે લડાઇ કરવા નીકળી પડવું સારૂં લાગે નહિ. તારા ખેરખાહ કદીબી એવું નહિ ઇચ્છે કે સુલેહનો કબાલો તું તોડે. સિયાવશે આ લડાઇમાં મોટી બહાદુરી બતાવેલી છે. એ લડાઇનાં પરિણામમાં તને તાજોતખ્ત, ખજાનો અને ઇરાનની સલામતી મળ્યાં છે એટલે પછી વધારે તે શું જોઇયે? અગરજો અફ્રાસિયાબ બાહેરથી સુલેહ કરી અંદરખાનેથી જંગની ધારણા રાખતો હશે તો આપણ તેની સામે લડવાને તૈયાર છિયે. તું અને શાહજાદો ઇરાનમાં તમારાં તખ્ત ઉપર નિર્ભય બિરાજજો, અને હું જાબુલથી મારી નાનકડી ફોજ લઇને તેની સામે લડવા જઇશ, અને મારા ગુર્જથી અફ્રાસિયાબનો રોશન રોજ સિયાહ કરીશ. વાસ્તે તું શાહજાદા કને આપેલી કબૂલત ના તોડાવ; એક ગુનાહનું કામ કરવાનું તેને ના ફરમાવ. લે, હું તને જે ખરી વાત છે તે કહી દઉં છું કે શાહજાદો સિયાવશ પોતાનો કોલ કદી તોડનાર નથી, અને તું જે કાંઇ કરવા ધારેછે તેથી તેને કમકમાટ ઉપજશે.

તે રૂસ્તમનું અપમાન કરે છે—

પણ આ સઘળા દાનાઇના સખુનોથી શાહ ઉપર અસર થઇ નહિ. તે વધારે છેડાયો. તે રૂસ્તમ ઉપર ઉતરી પડયો. તે બોલ્યો કે—ત્યારે ખરી વાત તો કંથી એમ દેખું. તેં મારા બેટાનાં દિલમાંથી કીનાનો આતશ બુઝવી નાખ્યો છે. તેને તાજોતખ્તની કે કીર્તિની દરકાર ન હશે અને તું આરામમાં દહાડા ગુજારવા માંગતો હશે. એમ છે ત્યારે તો તું હવે ઇરાનમાંજ રહે, અને તૂસ મારૂં નામું લઇને બલ્ખ તરફ ઉતાવળો કુચ કરી જઇ મારો હુકમ બજા લાવશે. જો સિયાવશ મારો હુકમ માથે નહિ ચહડાવશે તો લશ્કરની સપેહસાલારી તૂસને છોડી આપી તે અત્રે પાછો ફરશે, અને પછી મારો હુકમ નહિ માનવા માટેનો નતીજો તેને મળશે. તને પોતાને હવેથી કદી હું મારો દોસ્ત ગણીશ નહિ, અને મારી લડાઇઓ લડવા તને હું કદી બોલાવીશ નહિ.

અને સિયાવશને ધમકાવે છે.

રૂસ્તમને આથી બહુ માઠું લાગ્યું. તૂસને પોતાને બદલે પસંદ કરેલો સાંભળીને તેણે ખફા દિલ

સાથ દરબાર છોડી પોતાની ફોજ સાથ સીસ્તાન તરફની રાહ લીધી. પણ તેને પટાવી લેવાની દરકાર વિના કય કાઉસે તૂસને શાહજાદા જોગું નામુ આપી બલ્ખ તરફ રવાના કીધો, જેમાં તેણે રૂસ્તમને કહી સંભળાવ્યા જેવા સખુનો લખ્યા હતા. તેમાં ખુલ્લું જણાવ્યું હતું કે — અફ્રાસિયાબે સિયાવશને છેતર્યો હતો. જેમ રૂસ્તમને તેમ તને લડાઇનો વિચારજ નથી. તું તો ફક્ત શેહેનશાહી તખ્ત ઉપર બિરાજવાનોજ વિચાર રાખતો જણાય છે. તૂસ તારી તરફ આવે કે તરત સઘળા તૂરાનીઓને બેડી ઠોકી તથા ગધે સવાર કરી મારી તરફ મોકળાવી દેજે. આ સુલેહથી તારી જિંદગી ખતમ થાય એવી ગેબી ધારણા છે. તેમ નહિ થાય તે માટે તું જંગમાં ઝીપલાવ. જો આમ તારે નહિ કરવું હોય તો તારો એખ્તિયાર તૂસને સ્વાધીન કરી દેજે અને આ તરફની રાહ લેજે.

આ નામાથી સિયાવશને બહુ દુખ લાગ્યું. તેણે વિચાર કીધો કે જો મારા બાપને રાજી રાખવા હું આ દોસ્ત બનેલા એકશો તુર્કીઓને ઇરાન મોકલાવી આપીશ તો શાહ તેમને ફાંસીએ લટકાવશે, તો પછી ખુદા આગળ હું કેવું મોં દેખાડીશ? જો અફ્રાસિયાબ સામે હું લડવા જાઉં તો ખુદાનો ખોફ ઉતરે અને લોકો લેઆનત નાખે. વળી જો આ લશ્કરની સરદારી તૂસને આપીને હું ઇરાન જાઉં તો તેથીભી હું મારાં સરપર બલા ખેંચી લઇશ. રાણી સુદાબેહ પાછાં નવાં કાવતરાં ચલાવશે.

શાહજાદો કોલ તોડવા ના પાડે છે.

આ રીતે પોતાનાં મનથી તરેહવાર અંદેશા કરીને શાહજાદાએ ગુદર્જના બેટા બેહરામ અને જંગે શાવરાનની સલાહ પુછી. સઘળી બિનાથી તેમને વાકેફ કરીને તે બોલ્યો કે—તુરાનીઓને સુલેહ માટેની મેં જે કબૂલત આપી છે તેને લીધે મારો જાન જાય એવી મને ધાસ્તી છે. પણ આમ કોલ તોડીને હું મારા ખુદાથી મોં ફેરવવાનો નથી અને આપણા નેયાગાનોને પગળે ચાલવાથી ડરનાર નથી.[૧] શાહની મતલબ બન્ને દુનિયાનું સુખ મારી કનેથી છિનવી લઇને મને હારેમન બનાવવાની છે. ખુદાને હાજર નાજર જાણીને આપેલો કોલ અને કરેલો કબાલો એવા છે કે જો હું સચ્ચાઇથી પાછો ફરૂં તો દરેક બાજુએ આફત વરસે, અને મને લાયક ઠપકો મળે. તૂરાન સાથ ઇરાનને સુલેહ થવાની વાત આસ્કારા થઇ ચુકયા પછી હું મારૂં યકીન તજું અને જંગમાં ઉતરૂં તો શું નસીબ મને યારી દેશે, યા યજદાં મારૂં કામ પસંદ કરશે? એ તો બહેસ્તમાંથી જમીન ઉપર તુટી પડયા જેવું થાય. એટલામાટે, હે જંગા, તું આ સઘળા તૂરાનીઓ તથા તૂરાની શાહ તરફનો હદિયો લઇને અફ્રાસિયાબ તરફ ઉતાવળો જા, અને તેના દીનાર, તાજ તખ્ત તથા તેના સાનમાં આપેલા ખેશીઓ પાછા હવાલે કર; અને જે સઘળી બિના બની છે તેથી તેને વાકેફ કર. બેહરામ, તારે હવાલે તમામ ઇરાની લશ્કર આપું છું. તૂસ આવી પુગે ત્યારે એ સર્વ તેને સોંપી દેજે, અને સર્વ ખજાનાનો હિસાબ આપજે.

આ રીતે પોતાના માનીતા શાહજાદા ઉપર આવેલી મુસ્કેલીને લીધે તે સર્વસ્વ છોડી જવા માંગે છે એમ જાણીને બેહરામ તથા જંગા ઘણા દિલગીર થયા, અને એ બધું હામાવરાનની સુદાબેહનાં કરતૂકને આભારી છે એમ સમજીને તે દેશને શ્રાપ દેવા લાગ્યા. તેઓએ સિયાવશને પટાવી લેવા માંગ્યો, લડાઇ કરવા સૂચવ્યું, શાહની માફી માગવા ભલામણ કીધી; પણ શાહજાદાએ કશું કબૂલ કીધું નહિ.

૧—કોલ તોડવામાં કેવો જોખમ છે તે બાબે અવસ્તા વાણીમાં અનેક ઠેકાણે ઇશારા છે; પણ સઉથી વધારે ખુલાસો મેહર યસ્તમાંથી મળે છે. સિયાવશ પોતાના નેયાગાનોને પગળે ચાલવા જણાવે છે તે એજ કે અસલી ક્યાની અને પેશદાદી શાહો કોલ તોડતા ન હતા, અને તે નહિ તોડવાની તેમને તાકીદ હતી.

વજીર પીરાનની સલાહ.

તેના હુકમ મુજબ જંગે શાવરાન સઘળા તૂરાની સંવારોને લઈને અફ્રાસિયાબને જઇ મળ્યો, જે તમામ કેફિયતથી વાકેફ થઇને શાહજાદા સિયાવશને માટે બહુ બળવા લાગ્યો. તેણે પોતાના વજીર પીરાન—કેજે તેના કાકા વીસાનો બેટો હતો તે—ની સલાહ પુછી. જેમ કર્સીવજે ઇરાની છાવણીમાંથી પાછો ફર્યા પછી સિયાવશની તારીફ કીધી હતી તેમ પીરાનેબી તેની સ્તુતિ ગાઇ, અને પછી સલાહ આપી કે અફ્રાસિયાબે તેના ઉપર એક બાપ દાખલ માયાભરેલું નામું લખીને તેને તૂરાન બોલાવવો, તેને લાયકનાં એવાનમાં રાખવો, યોગ્ય મરતબો આપવો, કોઇ શાહજાદી સાથ પરણાવવો અને તેને સુખમાં જે આમ થશે તો અફ્રાસિયાબ હાલ ઇચ્છે છે તેમ તે સુલેહમાં રહી શકશે; વળી જો તે ઇરાન પાછો ફરશે તોપણ ઇરાન અને તૂરાન વચ્ચે સુલેહ જળવાયલીજ રહેશે.

અફ્રાસીયાબને આ સલાહ ઘણી પસંદ આવી, પણ તેણે અસલી કહેવત યાદ કીધી કે સિંહનું બચ્ચું મોહું થઇને પોતાના રખેવાળનોજ જીવ લે છે. પીરાને તેને આમ કહીને થંડો પાડયો કે કાઉસ શાહની ખાસિયત સિયાવશમાં ઉતરેલી નથી. અને અફ્રાસિયાબે પીરાનની સલાહ માનીને સિયાવશ ઉપર એક પત્ર લખી તેને તૂરાન બોલાવ્યો, અને પોતે તેનો બાપ થવાને કબૂલ થયા જોડે તેને ફુસલાવ્યો કે હું તારા ગુલામ દાખલ તારી ખિદમત ઉઠાવીશ. કાઉસે નથી બતાવી તેવી માયા હું બતાવીશ, મારો ખજાનો તારી આગળ ખુલ્લો કરીશ, તને રહેવાનો મહેલ આપીશ, બેટા ગણીને તારૂં રક્ષણ કરોશ, અને મારાં તખ્તનો માલીક બનાવીશ.[૧] જ્યારે તને તારા બાપ સાથે પાછી સલાહ થાય ત્યારે હું તને તાજોતખ્ત અને પાદશાહી કમરબંદ તથા લાહુ-લશ્કર સાથ ઇરાન વિદાય કરીશ, અને તારી જોડે હું પણ આવીશ.

આવા આવા ઘણાએક મીઠા સખુનો લખીને અફ્રાસિયાબે નામુ લખી ઇરાની સરદાર જંગાને આપ્યું, જે વાંચીને સિયાવશને જેમ ગમી તેમ ખુશી ઉત્પન્ન થઇ. તેને લાગ્યું કે દુશ્મન તરફની ગમે એટલી મેહરબાનગી છતાં તે શેવટે દુશ્મની બતાવ્યા વિના રહેતો નથી. તેણે અફ્રાસિયાબનાં ઇજનને માનઆપી તૂરાન જવાના વિચારથી પોતાના પિતા ઉપર એક નામું લખીને ઇરાનમાં સુલાએહના સંબધમાં પોતાની ઉપર ગુજરેલા સિતમની યાદ આપી. પછી ત્યાંથી છુટીને પોતે તૂરાન લડવા આવ્યો, અને તેને ઇરાન સાથ સુલેહ થયા છતાં શાહ કાઉસનું દિલ તો પોલાદ જેવું સખ્ત રહ્યું છે, પોતાનું કરેલું તેને ગમતું નથી અને તે સિયાવશથી કંટાળી ગયો છે, એમ જણાવીને ઉમેર્યું કે હવે હું તને કંટાળો આપીશ નહિ. તારૂં દિલ કદી આજુર્દેહ થતું મા. હું પોતે તો અઝદહાના દમ સાથ ખેંચાઇ જાઉં છું[૨]—એમાંથી શું નિપજશે તે હું જાણતો નથી.

સિયાવશ તૂરાન જાય છે.

આમ લખીને શાહજાદાએ પોતાનાં લશ્કરનું વડપણ બેહરામને હવાલે કીધું અને ફરમાવ્યું કે શાહજાદા તૂસ આવે ત્યારે તેને સર્વ હવાલે કરવું. પછી પોતે ૩૦૦ સવારો તથા પોતાને જોઇતો ખજાનો, ૧૦૦ ખિદમતગારો અને જરૂર જોગો અસ્બાબ સાથે લઇને તૂરાનની રાહ ધરી. લશ્કરને તે ચેતાવતો ગયો કે પીરાન જીહૂન પસાર કરી આવ્યો છે તેને ખાનગી મશવરત માટે મળવા જાઉં છું; તમો સઘળા બેહરામના તાબામાં રહેજો. તિર્મિદ ચાચ, કાચાર બાશી, એ સઘળે મથકે અફ્રાસિયાબે તેને માટે ઉતારાનાં સઘળાં સુખ સગવડ તૈયાર

૧ ફિર્દુસીના અસલ બોલ આ મતલબના છે કે—"તને હું અહીં (આ દુનિયામાં) મારી યાદગારી દાખલ છોડી જઇશ."

૨—વાને અફ્રાસિયાબનું ઇજન કબૂલ રાખું છું.

રખાવ્યાં હતાં. કાચાર બાશી ખાતે તે થોભ્યો, અને ત્યાંજ તુરાનનો વજીર પીરાન તેને આવી મળ્યો, જેની જોડે બગલગીરી કરીને ખેર આફ્રિયત પુછી. તેઓ વચ્ચે અનેક વાતો થતાં શાહજાદાને લાગ્યું કે પીરાન તેનો ખરો દોસ્ત છે. તેણે તેને પુછ્યું કે—તું મારી સાથે કરાર કરશે તો હું જાણીશકે કે તું તારો કોલ પાળશે અને તેમ જાણીને આ સરજમીનને મારૂં વતન ગણીશ. જો આ ભૂમિ ઉપર મારી આમદથી લાભ હોય તો મેં જે પગળું ભર્યું છે તે માટે મને અફસોસ થશે નહિ; પણ જો તેમ નહિ હોય તો મને અહીંથી જવા કહે અને મારે બીજે ક્યાં જવું તેનો રસ્તો બતાવ.

પીરાને શાહજાદાને ઘણોએક દિલાસો દઇ કહ્યું કે —જોકે અફ્રાસિયાબનું નામ આ જેહાનમાં સારી વખાણ પામેલું નથી, તોપણ તે ડાહ્યો છે અને એકદમ બદમનશ્ની તરફ દોરવાઇ જતો નથી. તે મારો પીત્રાઇ[1] છે; તેનો હું પેહલવાન અને વજીર છું; મારે તાબે એક લાખ લશ્કર છે; ખજાનાનો તો શુમાર નથી; બાર હજાર ખેશીઓની ફોજ મારી તાબેદારીમાં છે. તને હું માઠું થવા દઇશ નહિ.

આ સખુનોથી શાહજાદાને ધીરજ આવી. તેણે પીરાન ઉપર વિશ્વાસ બાંધ્યો, અને પછી તેઓ ગંગ તરફ ઉપડી ગયા, કે જ્યાં અફ્રાસિયાબ વસતો હતો.[2]

પેલી તરફ શાહજાદો તૂસ બલ્ખ ખાતે જઇ પુગ્યો ત્યારે સિયાવશના તૂરાન જવાની ખબર સાંભળી તે ઘણો દિલગીર થયો. તે પોતાનું લશ્કર લઇને ઇરાન તરફ પાછો ફર્યો, અને આ બિનાથી જ્યારે શાહ કય કાઉસને વાકેફ કરવામાં આવ્યો ત્યારે તે ફિક્કો પડી ગયો. તે જેમ સિયાવશ તેમજ અફ્રાસિયાબ ઉપર છેડાયો, પણ લડાઇ ઉઠાવવાથી હાથ ઉઠાવી ચુપ બેઠો.

૧—અફ્રાસિયાબ અને પીરાન એકેકના કાકાના દીકરા હતા. તે પાછળા ભાગ ઉપર આપેલી વંશાવળિ ઉપરથી જણાશે.

૨—આમ શાહજાદાઓ દુશ્મનની છાવણીમાં યા તેના મુલકમાં જઈ આસરો લેવાના દાખલા ખુદ ઇરાનમાં વારંવાર બન્યા છે. આજેબી તેમ બને છે, અને અફઘાનિસ્તાનના સંબંધમાં એમ અનેક વાર બન્યું છે. હાલના અમીરનો બાપ અબ્દુલ રેહમાન આગળા અમીર શેરઅલીના વખતમાં રશિયાને આસરે જઈ રહ્યો હતો. શેર અલીના બેટા અયુબને હિંદી સરકારે તે મરી ગયો ત્યાંસુધી પોતાને આસરે રાખેલો હતો.

બાબ ૬—શાહ કય કાઉસ-૫.

[શાહજાદા સિયાવુશનું બયાન—ભાગ ૨]

પ્રસંગ ૧—દુશ્મનનો દામાદ.

સિયાવુશને તૂરાનમાં માન.

અફ્રાસિયાબ સિયાવુશને પોતાનાં પાયતખ્ત ખાતે ભારી આવકાર આપે એ કુદરતી છે. તેઓ ભેટયા, અને જેમ શાહો બગલગીરી કરે અને બોસ્સાની આપ લે કરે તેમ તેઓએ કીધું. તૂરાની શાહે તેને તખ્ત ઉપર પોતાની જોડમાં બેસાડયો, તેની તારીફ કીધી, તેને વસવા માટે મહેલ અને સર્વ અસ્બાબની નવાજીશ કીધી. આ અયવાનમાં જઇ ઇરાની શાહજાદો આરામ લેતો, પણ ભોજન તો અફ્રાસિયાબ સાથેજ લેતો. ખાનાં પછી ગાયન શુરૂ થતું, અને તે વેળા શરાબનો દોર ચાલતો. તૂરાની શાહનો શીદેહ નામે બેટો હતો, જેની મારફતે તેણે બીજી સહવારે કીમતી હદિયો સિયાવુશ માટે ભેટ મોકલાવ્યો, અને એ રીતે એક હફતો ગુજરી ગયો.

દડીદાવ.

એક દહાડે શાહ અને સિયાવુશ ઘોડે બેસી દડીદાવ રમવા ગયા. અફ્રાસિયાબની મતલબ શાહજાદાની કળા જોવાની હતી, માટે તેને પોતાનો હરીફ કબૂલ રાખી બન્નેએ પોતપોતાના મદદનિશો પસંદ કીધા. સિયાવુશે પ્રથમ અફ્રાસિયાબનો મદદનિશ થવાની ખાહેશ દેખાડી, પણ તૂરાની શાહે તેને તેમ થવા દીધો નહિ. અફ્રાસિયાબની બાજુએ પીરાન, કર્સીવજ, કુલ્બાદ, પુલાદ, જહન, નસ્તીહન, અને હોમાન હતાં. સિયાવુશની બાજુમાં શાહજાદો શીદેહ, રૂઇન, અન્જરસ્પ, અંદરીમાન, વગેરેને અફ્રાસિયાબે આપ્યા; પણ તેઓ શાહજાદાને ઘણા કાચા જણાયાથી સિયાવુશે પોતાના ઇરાની સવારો મધેથી પોતાના મદદનિશો ચુંટવા માંગ્યા, અને અફ્રાસિયાબે એ માંગણી કબૂલ રાખી. આ દડીદાવમાં સિયાવુશે એવી સરસ દડી ઉડાવી કે તૂરાની શાહે પણ તેની તારીફ કીધી. આ પછી ઇરાની અને તૂરાની સરદારો બીજી રમત ખેલવા લાગ્યા, અને ઇરાન તથા તૂરાનના ધણીઓ તે જોતા બેઠા. આ દાવમાં ઇરાનીઓએ તૂરાનીઓને જીત મેળવવા દીધા નહિ તેથી સિયાવુશે અસલી ઇરાની જબાનમાં[1] પોતાના સરદારોને ઠપકો દીધો કે "આ તો રમતગાહ છે, અને તમો આપણી હાલની પરતંત્ર હાલતમાં કજિયો બરપા કરશો. તૂરાની હરીફોને એક વાર તો દડી જીતવા દો." અફ્રાસિયાબને આથી ઘણી ખુશી ઉપજી.

નિશાનબાજી.

સિયાવુશે હવે પોતાની કમાન કહાડી અને તેમાંથી તીર ફેંકવા ચાહ્યું. અફ્રાસિયાએ પ્રથમ તે જોવા માંગી, અને કર્સીવજને આપીને કહ્યું કે તું એને વાંકી કરીને દોરી પો; પણ તેનાથી આ કામ બની શકયું નહિ ત્યારે સિયાવુશે તે બજાવ્યું. પછી રમતગાહ ઉપર નિશાનો ગોઠવીને સિયાવુશે તેનાં નાકાંમાંથી પોતાનો તીર પસાર કીધો. બીજી મરતબે ચાર પીંછા સાથનો તીર

[1]—આ અસલી ઇરાની જબાન તે અવસ્તા જબાન હોવી જોઇયે, કેજે મુલબત અશોઇ જરતોશતના જમાના આગમજની જાણીતી હતી.

તેણે એજ રીતે નિશાનામાંથી આરપાર ફોડી કહાડયો. આવા કેટલાક પ્રયોગો જોઇ અફ્રાસિયાબે ખુશી થઇ કહ્યું કે —તારો હુનર તારી કોમની ખબરદારીની ગવાહી આપે છે.

અફ્રાસિયાબ સિયાવુશ માટે વારંવાર હદિયો મોકલતોજ ગયો, અને પોતાનાં લશ્કરને ફરમાવતો ગયો કે—આ શાહજાદો ગોયા તમારો પાદશાહ હોય તેમ તેને દરેક બાબતમાં માન આપતા રહેજો.

શિકારગાહ.

બીજી મરતબે અફ્રાસિયાબ શાહજાદાને શિકારગાહે લઇ ગયો, જે વેળા તેઓ બાજ અને ચિત્તાને સાથે લઇ ગયા હતા. સિયાવુશ એક ગોરખરની પુઠે લાગ્યો અને તેના એવા બે ટુકડા કીધા કે તે બન્ને વજનમાં એકસરખા ઉતર્યા. આવા આવા તમાશાથી તુરાની શાહ એટલો બધો ખુશહાલ થઇ ગયો કે હવે કર્સીવજ કે બીજાઓની સલાહ નહિ લેતાં સિયાવુશ સાથેજ ફરવા અને તેનીજ મસ્લેહત પુછવા અને તે મુજબ અમલ કરવા લાગ્યો.

શાદી.

આમ એક વર્ષ અમનચમનમાં ગુજર્યા પછી એક દિને પીરાને શાહજાદાને શાદી કરવા સૂચવ્યું. તેણે કહ્યું કે—અફ્રાસિયાબની ત્રણ શાહજાદીઓ પરણવા લાયક છે. તેના ભાઇ કર્સીવજની પણ તેવીજ ત્રણ બેટીઓ છે, જેઓ બાપ તેમજ મા તરફથી શાહ ફરીદુનની નસલની હોવાથી શાહ કાઉસની ખેશાવદીમાં આવી શકે છે. વળી પીરાને કહ્યું કે—મારી પોતાની ચાર બેટીઓ તારી ખિદમત ઉઠાવવાને હાજર છે, જેમાંની વડીનું નામ જરીર છે. સિયાવશે પીરાનનો ઉપકાર માની કહ્યું કે—હવેથી તું મને તારા બેટા (જમાઇ) લેખે ગણજે. તારાં ખાન્દાન સાથ જોડાવું મારે માટે સૌથી સરસ છે. તારી બેટી જરીરા મારાં તનોજાનને ખુશહાલ કરશે.

આ વાતથી ખુશહાલ થઇ પીરાને પોતાની બાનુ ગુલશેહરને જાણીતી કીધી, જેણીએ તે જમાનાની રસમ મુજબ જરીરને કીમતી પોશાક પહેરાવી તથા તેને માથે તાજ મુકીને પછી શાહજાદા આગળ હાજર કીધી, જેનો ચેહરો જોઈ સિયાવુશ ખુશહાલ થયો, અને આ પાદશાહી જોડું સંધાયું.

પણ આટલેથીજ અટકયું નહિ. પીરાને શાહજાદાને સમજાવ્યો કે—અફ્રાસિયાબની વડી બેટી ફરંગીસ નામની છે તેને તારી બાનુ બનાવવી જોઇયે. આ સગાઇથી તારો દરજ્જો ઘણો વધશે. તેના જેવી ખુબસુરત નાજનીન કાશમીર કે કાબુલમાં કોઇ નથી.

સિયાવશ લગાર દિલગીર થયો. તેને લાગ્યું કે જો તુરાનમાંજ મારે જિંદગી ગુજારવી હોય તો પછી પીરાન કહે છે તેમ કરવુંજ જોઇયે. પછી શાહ પાસે જઇને તેના તરફથી ખાનગીમાં પીરાને વાત છેડી, અને ફરંગીસની માગણી અફ્રાસિયાબ ગંભિર બની ગયો. તેને સેતારેસનાશોએ અગાઉ કહ્યું હશે કે તારી આ બેટી (ફરંગીસ) નો બેટો તને મોટી ઇજા પહોંચાડશે, તારાં તાજોતખ્તની ખુઆરી કરશે, અને તારો મુલક લઇ મુકીને તારી ખરાબી કરશે. એટલામાટે પોતાની બેટી સિયાવશને આપવાથી ભવિષની ખરાબી થવાના ભયની પિરાનને યાદ આપીને અફ્રાસિયાબે એ કામથી હાથ ઉઠાવવાની સૂચના કીધી, પણ પીરાને તેને સમજાવી લીધો, અને તુરાની શાહે સિયાવશને પોતાનો જમાઇ કરવાની હા પાડી. અને એ રીતે આપણો ઇરાની શાહજાદો તુરાની શાહજાદી સાથ પરણ્યો. ફીર્દુસી લખે છે કે અફ્રાસિયાબ અને પીરાને પોતાના ધર્મ અને રસમ પ્રમાણે પોતપોતાની કન્યા તેના ખાવંદને સ્વાધીન કીધી.[1]

---

૧ તુરાનીઓ તે સ્કીથ્યનો હતા એમ ગણિયે તો આ ધર્મ અને રસમ સ્કીથ્યનોની હોવી જોઇયે. પણ અવસ્તા વાણી ઉપરથી તો એમ જણાય છે કે ઇરાનીઓ

તૂરાની પ્રાંતની હાકમી.

આ રીતે સિયાવુશ સાથ સસરા જમાઇનાં અતલકનાં નાતાંથી જોડાયા પછી તૂરાની પાદશાહની મેહરબાનગી પોતાના આ માની લીધેલા બેટા અને દોસ્ત તરફ અતિઘણી વધી પડે એ કુદરતી છે. તેણે તેને પુષ્કળ કીમતી ચીજો ભેટ આપી, પણ તેમની જોડે તેણે તૂરાનની સરહદથી ચીનના દરિયા[1] સુધીનો પ્રાંત સિયાવશની હાકમી માટે મુકર્રર કરી આપ્યો, કેજે પહોળાઇમાં ૩૦૦ માઇલ જેટલો હતો. રેશમી પત્ર ઉપર આ બાબેનું ફરમાન કરી આપવામાં આવ્યું, અને તે સોનાનાં તખ્ત અને સોનાનાં તાજ સાથ સિયાવુશના મહેલમાં તૂરાનના શાહે મોકલી આપ્યું. આ વાતને એક હફતો ગુજરવા પછી શાહજાદો પોતાના નવા પ્રાંત ખાતે અફ્રાસિયાબની રજા લઇને ગયો, જે વાતને એક વર્ષ વહી ગયા પછી અફ્રાસિયાબના હુકમથી સિયાવુશ પોતાના આ તૂરાની મુલ્કમાં ફરવા નીકળ્યો, અને પ્રથમ ખૂતનના પ્રાંત તરફ આવ્યો, કે જ્યાં વજીર પીરાનની જોડે ફરતાં ફરતાં એક દિને તે એક એવી જગાએ આવી પુગ્યો કેજે સિયાવુશને ઘણીજ પસંદ આવી. આ એક ખેતીને લાયકનો ફળદ્રુપ જમીનનો કિત્તો હતો કે જેની એક બાજુએ પહાડોની હાર અને બીજી બાજુએ દરિયો આવેલાં હતાં. વળી તેની ત્રીજી બાજુએ શિકારગાહ પથરાયલો હતો. આ મનપસંદ જગા એકાંતમાં આવેલી હોવા જોડે ઝાડપાન અને નદી નાળાંથી ભરપૂર હતી. શાયર લખે છે કે આવી જગા દુનિયાના બીજા કોઇ ભાગમાં જોવામાં આવતી નથી. અહીં શાહજાદા સિયાવુશે પોતાને માટે એક સુંદર શેહર વસાવ્યું અને એક મોટો કિલ્લો બાંધ્યો. આનું નામ "કંઘદેઝ"[1] આપવામાં આવ્યું. આ કિલ્લો પહાડ ઉપર હતો, જે ડુંગરનો ઘેરાવો નીચેથી ૩૦૦ માઇલ જેટલો હતો. તેની ઉંચાઇનો તો કાંઇ ખયાલ આવી શકેજ નહિ. વળી એ પહાડી કિલ્લામાં દાખલ થવાનો માર્ગ પણ જણાતો ન હતો. આ ડુંગરની મધ્યરેષા મથાળેથી ૯૯ માઇલ જેટલી હતી, અને તે દરેક બાજુએથી સંગીન દીવાલ જેવો મજબૂત ઉભેલો હતો.

કંઘદેઝનું બયાન.

આવા એક ડુંગર ઉપર સિયાવુશે એક મોટું આબાદ શેહર બાંધ્યું, જ્યાં બાગબગીચા, ગુલાબના ચમન, મેદાન, નદીનાળાં, દીવાનખાનાં ગરમ પાણીના હમામ, ગાયન અને ખુશબો, એ સર્વેથી આ શેહર ભરપૂર હતું. ત્યાં શીકારી જાનવરો બિસિયાર હતાં. સુંદર પક્ષીઓનો પણ અહીં ટોટો ન હતો. શિયાળાના બર્ફ પછી ઉનાળાની ગર્મી જેવું અહીં કાંઇ હતુંજ નહિ— એટલે કે ત્યાં બારે માસ બહારની મોસમ જેવો દેખાવ નજર આવતો હતો. ખોરાકી, એશ આરામ કે ખુશખુશહાલીની અહીં મના ન હતી. અહીં એકબી માણસ બીમાર જણાતો નહિ. શાયર મુજબ મુખ્તેસરમાં આ દુનિયાનું તે એક બહેસ્તખાનું હતું. અહીંનું પાણી લેજતદાર, સ્વચ્છ અને ચળકતું હતું.[2] આ શેહેર જેટલું લંબું તેટલુંજ પહોળું, યાને અસલી

અને તૂરાનીઓનો ધર્મ એકજ હતો, કેમકે તેઓ એકસરખી રીતે ઇરાની ઇજદોને આરાધતા હતા. સ્કીથ્યનોના ધર્મમાંથી હોરમજદ વગેરેનાં નામો મળી આવ્યાં છે.

૧—આ 'ચીનનો દરિયા' તે કયો? ભુગોળમાં જેને આપણે 'ચાઇનીજ સી'ને નામે ઓળખિયે છિયે તે તો આ હોયજ નહિ. પાછળથી આપણને સમજ પડે છે તેમ આ 'દરિયા' તે આજનો કૅસ્પીઅન સમુદ્ર હોય એમ લાગે છે.

૧—અવસ્તાનું કંઘ્ઝ; આજનું કંગવર. ઇરાનના મુસાફરો મુજબ અસલ શેહરનાં જુજ ખંડેર આજે બાકી છે.

૨—આ વર્ણન માજન્દરાનનાં આગળ આવી ગયલાં બયાનને મળતુંજ છે, અને તે બયાન બહુ પુરાણાં ઇરાનવેજનાં વંદીદાદમાં આવેલાં વર્ણનને મળતું છે.

ઇરાની માપ મુજબ ૮૦ માઇલ ચહોળું પહોળું હતું. તેની ઉંચાઇ ૪॥ માઇલ જેટલી હતી. આટલી ઉંચાઇથી જે દેખાવ નજરે પડતો તેવો સુંદર અને મનહર દેખાવ કોઇએ કદી જોયોજ ન હોય એમ લાગતું. સંગેમરમર, પથર અને સીમેંટથી સિયાવુશે આ શેહર બાંધ્યું અને વળી કોઇ એવીબી જિનસ વાપરી હતી કેજે શાયરના જમાનામાં જાણીતી ન હતી. તેની આસપાસ ૩૮ હાથ પહોળી અને ૧૦૦ હાથ ઉંચી દીવાલ બાંધી હતી, જેથી તેના ઉપર ગોફણુ કે તીર જઇ શકતા ન હતા. આ કિલ્લા રૂપી શહેરમાં શાહજાદાએ પોતાને માટે એક ખાસ મહેલ બંધાવ્યો અને ઘણું-એક ઝાડો રોપાવ્યાં, તથા ફુલોના બાગ બનાવ્યા, અને તે જગાને બહેસ્તનું રૂપ આપ્યું.[1] ફિર્દુસી કહેછે કે આ જગા એવી હતી કે તે જોયા વિના તેનો ખયાલ આવેજ નહિ, અને જે કોઇ તે જોય તે જો ઘરડો હોય તો જવાન બની જાય!

બહેસ્તખાનું તેજ મોતખાનું.

પણ આ બાગે બહેસ્ત જેવું શેહર શાહ-જાદા સિયાવશે પોતાને મનપસંદ બનાવ્યા છતાં તે તેના ગમ અને દુખ અને મોતનું કારણ થઇ પડયું. તે જમાનાની રીત મુજબ શાહ-જાદાએ સેતારેસનાશોને પુછવાથી તેઓએ જણાવ્યું કે આ શેહર તે નામદારને માટે બખ્તાવર નિવડવાનું નથી. આ જવાબથી તે દુખી થયો. તેની આંખ ગરમ પાણીથી ભરાઇ ગઇ તેના હાથમાંથી ઘોડાની લગામ છુટી ગઇ. તેને આવો ગમગીન જોઇને પીરાન, કેજે તેની હાજરીમાંજ હતો, તેણે કારણ પુછવાથી સિયાવુશે તેની આગળ પોતાનાં દિલનો બરમ કહી દીધો. તે બોલ્યો કે—આ બધું મેં બનાવ્યું અને મેળવ્યું તે અંતે તો મારા દુશ્મનનું થવાનું. દુનિયામાં સર્વેથી સરસ જગા આ કંઘદેઝ છે; એને વધુ સણુગારવાને માટે હજુતો હુનરમંદીનાં કામો ભેગાં કરૂં છું; પણ જ્યારે આ બધો સણુગાર થઇ રહેશે અને બેમુલી ચીજોથી એ ભરાઇ જશે, ત્યારે એનો વૈભવ કોણ કરશે? મારી જિંદગી તો ટુકી છે. આ મહેલ બીજા ધણીનો થશે. એનું સુખ મારે માટે નથી તેમ મારા બેટા માટે પણ નથી; વળી મારી કોમના કોઇ પેહલવાન. માટે પણ નથી. આ મહેલ કે બીજાં સુખોની મને જરૂર પડે તે આગમજ તો મારી આફત આવશે, અને અફ્રાસિયાબ અહીં તખ્તે બિરાજશે. બિન તકસીર હું માર્યો જઇશ.

સિયાવશની ગમખારી અને આધાહી.

આ સઘળી ગમખારી સાંભળી પીરાને શાહજાદાને દિલાસો દીધો, અને તેને યાદ આપી કે—તારી આંગળીએ પાદશાહી મહોરની અંગુશ્તરી છે, અને વળી અફ્રાસિયાબ તારો નેગેહબાન છે, અને હું પોતે મારાં દિલોજાનથી તારી સેવામાં હાજર છું; માટે આવા ખરાબ વિચારો તારાં મનમાંથી દૂર કર.

આ ઉપરથી સિયાવશે તેને વધુ વાતો એમ જણાવી કે—વધુ વખ્ત પસાર થાય તે આગમજ

૧—મેશર્સ વૉર્નર ભાઇઓ એમ ધારેછે કે ફિર્દુસીએ કંઘદેઝનું વાર્ણન કરતી વેળા પોતાનાં મનમાં મખ્યાત કિલ્લો કુલાતે નાદિરીનો ખયાલ રાખેલો હશે, કેજે આજેબી હયાત છે અને મશાદ શેહરની ઉત્તરે શુમારે ૩૦ માઇલ ઉપર આવેલો છે. ફિર્દુસીનું જન્મ શોહર તુસ અહીંથી ઘણું દુર નથી. પણ શાહનામા મુજબ તો આ ગંગદેઝ ખારઝમની ભુમિમાં આવેલું છે, અને અવસ્તાવાણી મુજબ આ કિલ્લાના સૌથી ઉંચા દરવાજાનું નામ ક્ષથ્રોસુક છે, કે જેને માટે કહેછે કે તે બુલંદ પવિત્ર કંઘને મથાળે ઉંચા ઉભેલો છે (આવાં યશ્ત, ફ૦ ૫૪ અને ૫૭). "મીનો ખેરદ" મુજબ કંઘદેઝનો સ્થાપનાર સિયાવુશ હતો, અને એ શેહર ઇરાનવેજની સરહદ ઉપર ઉગમણે આવેલું હતું. બુન્દેહશ મુજબ કંઘદેઝ ઉગમણે વિશાળ દરિયા (યાને વોરૂકષ=કૅસ્પીઅન સમુદ્ર) થી કેટલાક ફરસંગ દૂર આવેલું હતું. એવું જણાય છે કે કંઘદેઝ ખારઝમનું પાયતખ્ત હતું, ત્યાંના રહેવાસીઓ ઇરાની હતા અને આજનું ખીવા તે અસલી ખારઝમ હતું.

આપણા પાદશાહના હાથ ઉપર હું નિરપરાધી ઘાતકીપણે માર્યો જઇશ.' તું તો ઇનસાફી અને સાચો નિવડશેજ, પણ ફરતા આસ્માન તરફથી જે બનવાનું હશે તેને તું કેમ અટકાવી શકશે? એક ચુગલિયાના સખુનો ઉપરથી મારૂં સર બેગુનાહ કપાશે. એ પછી ઇરાન અને તૂરાન વચ્ચે જંગ બરપા થશે, કીનાનો શોલો ઉઠશે, અને દુનિયા ઉપર આફત વરસશે. ઇરાની ઝુંડો તુરાનમાં દેખાવ દઇ આબાદ પ્રાંતોને તારાજ કરશે. તુરાની પાદશાહ પોતાના બદ સખુનો અને બદ કામોને માટે આ પછી પસ્તાશે, પણ એ મોડો પસ્તાવો કામ આવશે નહિ.

પીરાનને લાગ્યું કે શાહજાદો જે કહે છે તે જો ખરૂં પડશે તો એ બધાનો દોષ મને ઘટશે. તુરાનમાં એને લલચાવનાર હું છું, અને એને અહીં લાવીને કજિયાનાં બી મેં રોપ્યાં છે; અફ્રાસિયાબની વારંવારની ચેતવણીની દરકાર વિના મેં આ બધું કીધું છે.

આમ દિલથી ખયાલ કરતા છતાં તેઓએ કેટલાક દાહડા ખુશી રામશનીમાં ગુજાર્યા પછી પીરાન ઉપર પાદશાહનું ફરમાન આવ્યું કે—ચુનંદા લશ્કરીઓ લઇને ચીનના દરિયા તરફ જવું અને ત્યાંથી હદ વટાવીને સીંદ નદીવાળા મુલક ખાતે જઇ ખંડણી ઉઘરાવવી તથા ખજરની સરહદ ઉપર હલ્લો કરવો.[1]

સિયાવશગર્દ.

બીજી તરફથી અફ્રાસિયાબ તરફનું બીજું નામું સિયાવુશ ઉપર પણ આવ્યું, જેમાં ફરમાવ્યું હતું કે—તારા ગયા પછી મારા જીવને ચેન પડતું નથી. તેં તારે માટે જગા પસંદ કીધી છે તે બીઆબાર હશે, પણ મેં તૂરાનમાંજ તારે માટે એક એવી જગા શોધી કહાડી છે કે જે તને પસંદ આવ્યા વિના રહેશે નહિ, માટે તારો મુલક છોડીને આવ અને બદખાહોના સર જમીન ઉપર પટક.

પાદશાહના હુકમને માન આપી સિયાવુશ તૂરાનમાં પસંદ કરવામાં આવેલી જગાએ જઇ પુગ્યો અને ત્યાં એક સુંદર શેહર વસાવીને તેને 'સિયાવુશગર્દ'નું નામ આપ્યું. આ શેહેર છ માઇલ લાંબુ અને તેટલુંજ પહોળું હતું. અને તેને બાગો અને ચોગાનો, મહેલો અને મકાનોથી આરાસ્તા કરીને પોતાનાં અયવાનમાં એક તરફ ઇરાનના શાહ કાઉસ, તથા જાલ, રૂસ્તમ અને ગુદર્જ વગેરેની તથા બીજી તરફ અફ્રાસિયાબ, પીરાન અને કર્સીવજ વગેરેની તસ્વીરો ચિતરાવી. આ શેહરની નામના તૂરાનમાં ફેલાઇ, અને પીરાને હિંદથી પાછો ફરતાં આ શેહર તથા મહેલ જોઇને તેની ખુબીથી શાહ અફ્રાસિયાબને પણ વાકેફ કીધો.

ફસલ ૨—કર્સીવજનાં કારસ્તાન.

સિયાવુશગર્દમાં કર્સીવજ.

અફ્રાસિયાબે આ સિયાવુશગર્દ બારીકીથી જોઇ તેનું બયાન કરવાનું કામ પોતાના ભાઇ કર્સીવજને સોંપ્યું. તેણે પોતાના પાદશાહી જમાઇને માટે તથા પોતાની વહાલી બેટી ફરંગીસને માટે કીમતી હદિયો સાથે મોકલાવ્યો. સિયાવુશને ખબર પડતાંજ તે તેને ઇસ્તેકબાલ ગયો, બન્ને ભેટયા, જમાઇએ સસરાની ખબર અંતર પુછી, પોતાના મહેમાનોની પાદશાહી પરોણાગત કીધી, અને કર્સીવજને શેહરમાં પોતાની જોડે ફેરવીને બધું દેખાડયું.

કર્સીવજની સિયાવુશગર્દ ખાતેની આ મુલા-

૧—આ સિંદ નદી તે કઇ? પીરાન જ્યારે પોતાની ચઢાઇ અને ફતેહના કામથી પાછો ફરી તેનું બયાન અફ્રાસિયાબ આગળ કરે છે ત્યારે પોતે હિંદના મુલકમાં જઇ બુરાઓને સજા કરી આવ્યો, એમ કહે છે, તે ઉપરથી જણાય છે કે આ નદી હિંદુસ્તાનની હોવી જોઇયે, અને તે સિંદ અથવા સિંધુ હોવી જોઇયે.

કાત વેળા શાહજાદાને ત્યાં પહેલા બેટાની વૃધ્ધિ થઇ. વજીર પીરાનની બેટી જરીરાનો આ બેટો હતો, જેનું નામ ફરૂદ રાખવામાં આવ્યું. આ ખુશહાલી ગર્સીવજને વહાલી ન હતી. તેને પીરાનની અદેખાઇ લાગી. તે મનથી બડબડયો કે હવે પીરાનનો દરજ્જો એક પાદશાહની બરાબરનો થયો ખરો !

શાહ અફ્રાસિયાબનો આ ભાઇ અદેખો, કપટી, કીનાખોર સ્વભાવનો હતો. તેનાં દિલમાં સિયાવુશ વિષે અત્યાર આગમજની અદેખાઇનાં આગ સળગી હતી. તે કોઇબી રવેશે આ ઇરાની શાહજાદાને નીચો પાડવા માંગતો હતો. દર્દાવમાં, ભાલા વડે બખ્તર વિંધવામાં અને એવીજ બીજી મર્દાન્ગીની કસરતોમાં તેણે સિયાવુશને સર્વોત્તમ જોયો ત્યારે તેણે એક દહાડે શાહજાદા સાથ પોતે ઘોડાપર બેઠા બેઠા કમરબંદ પકડી હવામાં ઉઠાવી જમીન પર પટકવાની રમત ખેલવાની માંગણી કીધી. પણ આવી રમત રમતાં દુશ્મની બરપા થાયછે, લડવૈયા ઉશ્કેરાઇ જાય છે, અને માઠાં પરિણામ નિપજે છે, એમ જણાવીને સિયાવુશે ખુદ ગર્સીવજ સાથે હરીફાઇમાં ઉતરવાની ના પાડી, પણ કબૂલ કીધું કે તારા તૂરાની લડવૈયાઓ મધેથી ગમે તેને તું પસંદ કરે તેની સાથે હું મારી હુનરમંદી અજમાવીશ.

અદેખાઈના સબબો.

પણ જયારે આવા નામચીન શાહજાદા સાથ કમરબંદની લડતમાં ઉતરવાની સઘળા તૂરાની નામદારોએથી ના પાડી, ત્યારે જીરાનો બેટ ગુર્વી નામનો એક તૂરાની સિયાવુશ જેવા એક પ્રખ્યાત પાદશાહ સાથ લડવાને તૈયાર થયો. સિયાવુશને આ એક હરનબર્દ પુરતો જણાયો નહિ ત્યારે તેણે બીજાની માંગણી કીધી, જે ઉપરથી દમૂર નામનો તૂરાની નામદાર મેદાન પડયો. દમૂર અને ગુર્વી એક બાજુએ અને સિયાવુશ બીજી બાજુએ, એ રીતે તેઓ વચ્ચે કમરબંદ વડે ઘોડાપરથી ઉપાડવાની બાજી ખેલવામાં આવી. સૌથી પહેલો સિયાવુશના હાથમાં ગુર્વી આવ્યો, જેનો કમરબંદ પકડી તેણે તેને તેના ઘોડાપરથી ઉપાડયો અને મેદાનમાં પટકયો, પણ આ કાંઇ દુશ્મનો વચ્ચેની લડત હતી નહિ માટે શાહજાદાએ તેને પોતાની કમંદ વડે બાંધી લીધો નહિ યા ગુર્જ વડે તેનું સર છુંદી નાખ્યું નહિ.

કારસ્તાનની શુરૂઆત.

અહીંથી છુટીને સિયાવુશ હવે બીજા હરીફ દમૂર તરફ દોડયો અને તેને બોચીમાંથી પકડીને ઘોડા પરથી એક પક્ષી માફક ઉઠાવી લીધો, અને સર્વની અજાયબી વચ્ચે કર્સીવજ આગળ લઇ ગયો, કેજે આ તમાશો જોતો બેઠો હતો. તે તૂરાની શાહજાદો સિયાવુશને નીચો પડેલો જોવા માંગતો હતો, પણ તેમાં પોતાને નિરાશ થયલો જોઇને દુખી દિલેજ તે સિયાવુશગર્દથી કંઘ તરફ પાછો ફર્યો, અને જોકે સિયાવુશે શાહને માટે તાબેદારી ભરેલું નામું લખી આપ્યું હતું, અને કર્સીવજને કીમતી ચીજો ભેટ આપીને રાજી કીધો હતો, તોપણ આ કાવતરાંખોર કીનાબાજે અફ્રાસિયાબ આગળ તેના ઇરાની જમાઇ વિષે તદન ખોટી અને બનાવટી વાતો રજુ કરી તે શાહનું મન ભંભેર્યું. તે બોલ્યો કે—અય શાહ, સિયાવુશ તદન ફેરવાઇ ગયો છે. કાઉસના એલચીઓ છુપી રીતે તેની મુલાકાત લઇ જાય છે. તે રૂમ અને ચીન સાથ સંદેશા ચલાવે છે, અને ઇરાનના શાહની તનદુરસ્તી ઇચ્છી શરાબ નોશ કરે છે. વળી તેણે મોટું લશ્કર જમા કર્યું છે, જેથી હવે થોડાજ વખ્તમાં તે તું શાહના જાનને મુશ્કેલીમાં લાવી મુકશે.

અફ્રાસિયાબ ડાહ્યો હતો. તેણે આ સઘળી વાતો એકદમ સાચી માની નહિ. તેણે બીજી રીતે તપાસ કરવા ચાહ્યું. તેણે વળી કર્સીવજને સમજાવી લીધો. તે બોલ્યો કે—ભાઇ,

તારા સિવાય બીજું અતલક્તું મારૂં હમદર્દી કોણ છે? તને લાગે છે તેથી તું આ વાતો મારી આગળ કરે છે. છેલ્લી લડાઇ વેળા મને જે ખરાબ ખાબ આવ્યો હતો તેથી મારાં મન ઉપર કાંઇક અસર થવાથી મેં લડાઈનું મોં કાળું કીધું. સિયાવુશે મને ઈજા કીધી નહિ. પછી તેણે બાપિકું તખ્ત હરામ ગણ્યું ત્યારે મેં તેને અહીં બોલાવ્યો. તે મારો તાંબેદાર રહ્યો તેથી હું તેના ઉપર મેહરબાન થયો. મેં તેને મારા એક પ્રાંતનો પાદશાહ બનાવ્યો, ખજાનાનો ધણી કીધો, અને છેલ્લે મારો જમાઇ કબૂલ રાખ્યો. આ બધું કર્યા પછી હવે જો હું તેની સાથે છેડતી શોધું ને તેને ખરાબ કરૂં તો દુનિયાનાં લોક મારે માટે કેવું બોલશે? જરા જેટલીબી તેને ઇજા દેઉં તો તેઓ લઆનત નાખે. બીજી તરફથી જો તે બેગુનાહ માલુમ પડે તો પછી બન્ને જેહાનના સાહેબનો હું કેટલો તકસીરવાર ઠરૂં? હવે તો એકજ ઇલાજ છે, અને તે એ કે સિયાવુશને ઇરાન મોકલાવી દઉં. જો તેને તાજો તખ્ત જોઇતાં હોય તો ત્યાં જઇને તે લે અને આપણા મુલ્કમાં કજિયો બરપા થતો અટકે.

આથી કર્સીવજને ટાઢક વળી નહિ. તેણે કહ્યું કે—સિયાવુશને જો તું ઇરાન જવા દેશે તો ત્યાંથી મોટું લશ્કર લાવીને તે તૂરાન ખરાબ કરશે.

અફ્રાસિયાબને આ વાત ખરી લાગી, તોપણ ભવિષમાં શું થાય છે તે જાણવા સુધી કાંઇપણ પગળું નહિ ભરવાનો તેણે ઠરાવ જણાવ્યો. તેણે તેને પોતાની દરબારમાં બોલાવીને તેનાં મનની વાતો જાણી લેવા ચાહ્યું.

પણ કારસ્તાની ગર્સીવજે કહ્યું કે—સિયાવુશ એટલો મગરૂર બની ગયો છે કે તું જો બોલાવશે તો તે લશ્કર વિના એકલો આવનાર નથી, અને જ્યારે તે આવશે ત્યારે તારૂં લશ્કરબી તેને મળી જશે, કારણકે તે ઘણો સખી, ઘણો ભલો અને પાદશાહી લાયકનો છે. તને તેઓ છોડી જશે.

કારસ્તાનની બીજી બાજી.

આ બધું છતાં અફ્રાસિયાબે ધીરજથી સઘળું "જોવા તપાસવા અને કરવા" ઠરાવ્યું. કર્સીવજ તેને હમેશ મળતો રહ્યો, અને જ્યાર ત્યાર સિયાવુશ વિષે ખોટી વાતો જોડી કહાડી શાહનું મન ભંભેરતો ગયો. અંતે એક દિને અફ્રાસિયાબે સિયાવશને પોતાનાં પાયતખ્ત ખાતે તેની રાણી ફરંગીસ સુધાં બોલાવી લાવવા તેને મોકલ્યો. સિયાવુશ એકદમ કંગ જવાને અને તેબી કર્સીવજની સાથેજ જવાને તૈયાર થયો. પણ આથી કર્સીવજ ગભરાયો. તેને લાગ્યું કે સિયાવુશ જો આમ ઉતાવળો શાહની દરબારમાં આવશે તો મારી તદબીર ધુળ મળશે. તેણે તે ભોળા શાહાજાદાને જુદીજ રીતે જીતી લીધો. પોતાની આંખમાં આંસુ લાવીને તે રડી પડયો. તેનાં આ મક્રરથી સિયાવુશ છેતરાયો. તે શાહજાદો સમજ્યો કે અફ્રાસિયાબ પોતાના ભાઈ ઉપર ખફા થયો છે, અથવા કોઇ શત્રુએ તેની ચુગલી કીધી છે. જો તેવું કાંઇબી હોય તો કર્સીવજ તરફથી પોતે લડવા અને તેના તરફ દોસ્તી તથા ખેરખાહી બતાવવાની સિયાવુશે કબૂલત આપી. પણ તેવું તો કાંઇ હતુંજ નહિ, માટે તે કપટી તૂરાનીએ હવે પોતાનું જેહર શુરૂ કીધું. ઇરાન અને તૂરાન વચ્ચેના જુના કજિયાની યાદ આપીને તેણે અફ્રાસિયાબને કાળો ચિતાર્યો. પોતાના નિર્દોષ ભાઈ અઘીરસને તેણે કેવો કાપી નાખ્યો હતો તે જણાવીને કહ્યું કે—અય શાહજાદા, તારે માટે મારૂં દિલ બળીને કબાબ થાય છે. તું અમારા મુલ્કમાં આવ્યા પછી તેં કોઇનું માઠું કર્યું નથી, પણ તારાં ડહાપણથી દુનિયાને સણગારી છે. છતાં નાપાક હારેમને અફ્રાસિયાબનું દિલ તારી ઉપરથી ફેરવી નાખ્યું છે, તે તારા ઉપર કીનો લેવા તૈયાર થયો છે. હું તારો ખેરખાહ છું—તારાં સુખદુખમાં ભાગ લેનારો છું. પાછળથી તું એમ બોલે કે કર્સીવજ સઘળું જાણતો

હતો તોપણુ તેણે મને ચેતાવ્યો નહિ, તે મને ગમે નહિ. એટલામાટે જે હું જાણું છું તેથી તને જાણીતો કરૂં છું કે શાહનો મિજાજ આ કિસમનો છે.

પણ સિયાવુશ શાહજાદો પોતાને માટે નખાતી જાળમાં એકદમ સપડાય એવો નાદાન ન હતો. તેણે પોતાની ખેરખાહીનું ડોલ ઘાલનારને જણાવ્યું કે—ભાઇ, તું મારે માટે જરાબી દિલગીર ના થા. જેહાનનો સાહેબ મારો મેહરબાન છે. શાહ અફ્રાસિયાબ મારા રોશન રોજ.ને અંધારી રાતમાં બદલી નાખે એમ હું માનતો નથી તે જો મારા ઉપર ખફા હોત તો મને મુલ્ક, તાજ, તખ્ત, ખજાનો, લશ્કર અને બેટીની નવાજીશ નહિ કરત. હું તત્કાળ તારી સાથે શાહની દરબારે આવીને તેના ઝાંખા ચંદ્રને ઝળકતો કરીશ. જ્યાં સચ્ચાઇનો પ્રકાશ હશે ત્યાં જુઠાણું નાબુદ થશે. મારાં દિલમાં શું છે તે હું તેને બતાવીને તેની ખાતરી કરીશ.

કર્સીવજે તેને ફરીથી વાર્યો; ફરીથી તેની તરફદારીના સખુનો કહ્યા; ફરીથી પોતાના ભાઇની બદગૂઇ કીધી. સિયાવુશની આંખમાંથી હવે આંસુ આવી ગયાં. તે બોલ્યો કે—મેં મારી ખરાબી થાય એવું એકબી કામ શાહ અફ્રાસિયાબ વીરૂદ્ધ કીધું નથી. ગમે તે હોય, પણ તે મારા પાદશાહના હુકમને તાબે થઇ મારે તારી સાથેજ કંગ જવું જોઇયે.

કર્સીવજને આ વિચાર પસંદ આવ્યો નહિ. હાથે કરીને આગમાં હોમાવવા જેવું અર્થવા દરિયામાં ઝોંકાવવા જેવું, યા ભયમાં જાણીજોઇને કુદકો મારવા જેવું તેને આ કામ લાગ્યું. તેણે સલાહ આપી કે સિયાવુશે શાહજોગું એક નામુંજ લખવું બસ થશે. તું તેમાં સારૂં માઠું બધું લખ. શાહ ખુશમિજાજમાં હશે તો હું તને તુરત ખબર આપી તેડાવીશ. જો તે હજુબી તારો જાન લેવાનેજ તલબ રાખતો જણાશે તો હું એક સાંઢણી સવાર મારફતે તને ઉતાવળો ચેતાવીશ, એટલે તું આ શેહર છોડી આસપાસના મુલ્ક તરફ નીકળી જવાની તૈયારી કરી રાખજે. અહીંથી ૩૬૦ માઇલ દૂર ચીન આવેલું છે; ૧૦૨૦ માઇલ ઉપર ઇરાન છે. જ્યાંબી જશે ત્યાં તારૂં કલ્યાણ થશે. ઇરાનમાં તારો બાપ, ઇરાની લશ્કર, અને વફાદાર રૈયતો છે. ત્યાં આગમજથી નામાં લખી મોકલ અને તારી તૈયારીઓ ઉતાવળી કરી રાખ.

કર્સીવજનો ભોગ.

અંતે સિયાવુશ ફરયો. તેને કાવતરાંબાજ કર્સીવજની સલાહ પસંદ આવી. તેણે અફ્રાસિયાબ જોગા પત્રમાં એમ લખ્યું કે ફરંગીસ ઘણી બીમાર છે, અને તેને જીવવાની આશા નથી તેથી હું હાલ તારી દરબારમાં આવી શકતો નથી; પણ તે સાજી થતાંજ અમો બન્ને તારી ખિદમતમાં હાજર થઇશું. આ પત્ર લઇ વિદાય થતી વેળા કર્સીવજ ઝડપ ચાલતા ત્રણ ઘોડાઓ માંગી લીધા, અને તેઓ ઉપર સવાર થઇ બહુજ ઉતાવળો—માત્ર ત્રણ દહાડાની મંજલ કરીને ચોથે દહાડે—તે કંગ જઇ પુગ્યો. તેને આવી હાલતમાં જોઇને શાહે કારણ પુછવાથી તેણે નવાં ફેલ લડાવ્યાં. તેણે કહ્યું કે–સિયાવુશ એટલો તો ફેરાવાન થઇ બેઠો છે કે તે મને સામો લેવા આવ્યો નહિ, મારા સખુન તેણે સાંભળવાની ના પાડી, તારૂં નામું તેણે વાંચ્યું નહિ, અને પોતાનાં તખ્તની નીચે મને બેસાડયો. વળી ઇરાન સાથ તેનો વહેવાર વધી ગયો છે અને તૂરાન સામે તેણે શેહરના દરવાજા બંધ રાખ્યાછે. જો રૂમ અને ચીનથી લશ્કરો તે મંગાવે તો પછી તૂરાનની આફેબત આવી જાય. તું શાહ જો ઉતાવળ નહિ કરશે તો તારી કને કંઇ બાકી રહેવાનું નથી. તું આનાકાની કરશે એટલામાં સિયાવુશ તારી સામે ચઢાઇ લાવશે. પછી તે જેમ તૂરાનનો તેમ ઇરાનનો ધણી થઇ બેસશે.

આ સખુનોથી અફ્રાસિયાબનું આગળું કીને-બાજ દિલ પાછું ઉશ્કેરાયું. તેનું માથું ગરૂરીના પવનથી ભરાઇ ગયું. ગુસ્સાના આતશથી તે એટલોબધો બળવા લાગ્યો કે તે પોતાના ભાઇને જવાબ પણ આપી શકયો નહિ. તેણે તરત લડાઇની તૈયારીનો હુકમ આપ્યો; સિયાવુશનું લખેલું કાગજ વાચ્યા વિના ફેંકી દીધું; અને એ રીતે નવા કજિયાનું બી રોપ્યું.

સિયાવુશનો સ્વપ્નો.

પેલી તરફ સિયાવુશને સમજ પડી નહિ કે પોતાની ઉપર પિતા સમાન માયા મેહરબાની રાખનાર અફ્રાસિયાબને કર્સીવજના જણાવ્યા જેટલો ખફા થવાનું કારણ શું હશે. તેણે એ વાતથી પોતાની રાણી ફરંગીસને વાકેફ કીધી. ત્રણ દહાડા સુધી તે બહુ દિલગીરીમાં રહ્યો, અને ચોથી રાત્રીએ તેણે એક ખરાબ ખુઆબ જોયો. તે જમાનાના લોકો ખુઆબ ઉપર ઘણો વિસ્વાસ રાખતા હોય એમ જણાય છે. અફ્રાસિયાબે ભયંકર ખુઆબને લીધેજ ઇરાન સાથ લડાઇ કરવાનું પડતું નાખ્યું હતું. સિયાવુશને બીવાડનાર પણ તેવોજ ખુઆબ હતો. ફરંગીસ આગળ તેણે કહી બતાવ્યા મુજબ તે સ્વપનાનો સાર આ મુજબનો હતો: એક મોટી જોશદાર નદીના સામા કાંઠા ઉપર એક પહાડ બળતો હતો. બાજુમાં એક મોટું લશ્કર આવી ઉભું હતું. બળતા પહાડની આગ સિયાવુશગર્દ શેહેર સુધી ફરી વળી અને તેમાં તે બળવા લાગ્યું. એક તરફ પાણી, બીજી તરફ આતશ, અને ત્રીજી તરફ અફ્રાસિયાબ પોતાના હાથીઓ સાથ સિયાવુશ હતો ત્યાં આવી ઉભો.

તે અફ્રાસિયાબને મળવા જાયછે.

રાણી ફરંગીસ આ ભયાનક સ્વપ્નાનો ખુલાસો કરી પોતાના ખાવંદને દિલાસો દે તે આગમજ અફ્રાસિયાબનું લશ્કર આવી પુગવાની ખબર મળી. એજ વખતે બીજી તરફથી જે કર્સીવજને શાહજાદો પોતાનો દોસ્ત અને ખેરખાહ સમજતો હતો તેના તરફથી ખાનગી ચેતવણી મળી કે—જાન બચાવવો હોય તો એકદમ નાસ. મારા સખુનો ફોકટ ગયા છે. ફરંગીસે સલાહ આપી કે તુરાનને બદલે ચીન તરફ આશરો શોધવો. સિયાવુશે તેનેબી પોતાની સાથે લઇ જવા માંગ્યું, પણ શાહજાદીને પાંચમો મહિનો હતો માટે તેણે મુસાફરીની રંજ અને થાક માથે ઉઠાવવાનું દરૂસ્ત ધાર્યું નહિ. સિયાવુશે તેને ફર્જ નહિ પાડતાં સૂચવ્યું કે—તારે પેટે બેટો અવતરે તો તેનું નામ ખુસરૂ રાખજે (કારણ કે તે કયાની ખાન્દાનનો નબીરો છે), અને તેની જિન્દગીમાંજ તારૂં સુખ માની લેજે.[1]

હવે તે છેલ્લી મુલાકાત પછી નીકળી ચાલ્યો. જતાં જતાં પોતાના બેહજાદ નામના માનીતા ઘોડાને ભવિષની એ વાતો કહેતો ગયો. કય ખુસરૂ તેનો કીનો લેનાર છે માટે તેનેજ પોતાની પીઠ આપવી એમ કહી સિયાવુશે તેને છોડી મુકયો. બીજા ઘોડાઓને લડાઇનાં કામમાં નહિ આવે એવા રદ કીધા, તથા પોતાનું તમામ રાચરચીલું બાળી નાખ્યું. તે પોતાનું ઇરાની લશ્કર લઇ આગળ વધ્યો. તે નાસી ગયો નહિ પણ અફ્રાસિયાબની સામો ગયો. તે લડયો નહિ પણ સ્થિર ઉભો રહ્યો. ઇરાની લશ્કર નાનું હતું તોપણ તેણે લડવા માંગ્યું. તૂરાની સિપાહીઓ

૧—આ ઠેકાણે શાયર સિયાવુશનાં મુખમાં આગાહીના સખુનો મુકે છે. તેણે ફરંગીસને પોતાની છેલ્લી વસીહત દાખલ આમ કહ્યું કે—મારૂં કિસ્મત હવે શાહ અફ્રાસિયાબના હુકમથી ખાકમાં લેટશે; મારૂં બેગુનાહ સર તે કાપી નાખશે. તનેબી રસ્તા વચ્ચે ખેંચી લઇ જશે, પણ પીરાન તારો નિષ્કલંક જાન બચાવી લેશે. પોતાના મહેલમાં તને આસરો આપશે, અને ત્યાં તું બુલંદ દરજાના કય ખુસરૂને જન્મ આપશે. જેને શોધવા ઇરાનથી એક પેહલવાન આવશે, અને તે તને અને તારા બેટાને જીહુન તરફ લઇ જશે. ઇરાનમાં તારો બેટો પાદશાહ થશે, રૂસ્તમ તુરાન ઉપર લશ્કર લાવી તેને ઘુંદી નાખશે, અને એ રીત મારો કીનો લેવાશે.

સિયાવુશનાં નામનો ડર કરીને લડવા ઉતર્યા નહિ. સિયાવુશે પોતાનાં લશ્કરને સમજાવ્યું કે લડવા જેટલી આપણી સંખ્યા નથી અને લડાઇ માટે જોઇતી પુરતી જગા પણ નથી. વળી અફ્રાસિયાબ મારો પાદશાહ છે, માટે તેની સામે લડવા ઉતરૂં તો મારાં નામને એબ લાગે.

પછી સિયાવુશે અફ્રાસિયાબને આ મતલબના સખુનો કહ્યા કે—અય નેકીથી ભરપુર, બુલંદ દરજાના કીર્તિવંત શાહ! તારાં આ બચ્ચાં સામે તું શા માટે લડાઇ લાવ્યો છે? હું તદન નિર્દોષ તાબેદારનો જાન તું શા માટે લેવા માગે છે? આથી તો ઇરાન અને તૂરાન દેશો વચ્ચે મોટું જંગ જાગશે અને દુનિયામાં મોટો ખૂનખાર કજિયો બરપા થશે.

ફસલ ૩—કાચાકાનની ખરાબી.

કર્સીવજ અને સિયાવુશ.

કર્સીવજ હવે પોતાના ખરા આકારમાં જાહેર થયો. તેણે અફ્રાસિયાબ તરફથી સિયાવુશને જવાબ આપ્યો કે—જો તું નિરપરાધી છે તો બખ્તર પહેરીને શા માટે આવ્યો છે? જો તું તારા પાદશાહને ઇસ્તેકબાલ લેવા આવ્યો હોય તો લડાઇના પોશાકના હદિયા સાથ આવવું જોઇતું ન હતું.

સિયાવુશે જોયું કે આગ કયાંથી લાગી હતી. તે બોલ્યો કે—અય બદમાશ! તારે લીધેજ હું મારા સાચવટના રસ્તા ઉપરથી ગાફેલ બની આડો ફાટો. શું તેંજ મને ભમાવ્યો ન હતો કે શાહ અફ્રાસિયાબ મારા ઉપર ખફા થયો છે? એ તારી બદ ગવસ્નીને લીધે હવે હજારો બેગુનાહ માણસો કપાઇ મરશે. પણ તારાં એ પાપની સજા મળ્યા વિના રહેનાર નથી. તું જેવું કરશે તેવું પામશે. આ પછી અફ્રાસિયાબ તરફ ફરીને સિયાવુશે કહ્યું કે—તું ગુસ્સાનો આતશ રોશન રાખ ના. મારૂં ખૂન રેડવું અને બેગુનાહ સામે લડાઇ ચલાવવી એ તારે માટે કાંઇ મશ્કરી નથી. બદ મનસ્નીના કર્સીવજે જે કાંઇ તને કહ્યું હોય તે ઉપરથી તું તારૂં રાજ્ય અને તારો જાન બરબાદ કરતો ના.

અફ્રાસિયાબની નાદાની.

જો અફ્રાસિયાબ ડાહ્યો શાહ હોત તો તે આ ઉપરથી ચેતત. પણ તેની બાજુમાં કારસ્તાની કર્સીવજ હતો, જેની જેહરી ફુંકથી બેહોશ બનીને તેણે ઇરાની લશ્કર ઉપર હુમલો કરવાનો હુકમ આપ્યો. પણ સિયાવુશ પોતાના કોલને વળગી રહ્યો. તેણે પોતાના સાથીઓને આગળ નહિ વધવા ફરમાવ્યું, અને પોતેભી જ્યાં હતો ત્યાંજ ઉભો રહ્યો. હજુભી તે બદઅંદીશ શાહ સમજ્યો નહિ. તેણે ફરમાવ્યું કે સઘળા ઇરાની સિપાહીને પકડી કતલ કરે, અને તેમ થયું. તેઓની સંખ્યા એક હજારની હતી. તેઓ પોતાના શાહજાદાની ખાતર ખૂનીઓના હાથ ઉપર કતલ થયા. શાહજાદો જખ્મી થયો, ઘોડા ઉપરથી પડયો, અને પેલાજ તૂરાની સરદાર ગુર્વીએ તેના હાથ બાંધી લીધા, કે જેને કર્સીવજના દેખતાં ઘોડા ઉપરથી ઉપાડી સિયાવુશે એક દિને જમીન પર પટકયો હતો. સિયાવુશ જખ્મી થઇ પડયો ત્યારે બેભાન હતો. છતાં તેના ખૂનીઓ તેને ચલાવી સિયાવુશગર્દ તરફ લઇ ચાલ્યા.[1]

બેવકુફ અફ્રાસિયાબે ફરમાવ્યું કે જ્યાં ઘાસ પણ નહિ ઉગતું હોય ત્યાં લઇ જઇને

૧—બીજા લખનારાઓ મુજબ કર્સીવજના સમજાવ્યા મુજબ શાહજાદો સિયાવુશ પોતાનું પાયતખ્ત છોડીને નાસી ગયો હતો, અને તેની પુઠ પકડવામાં આવી ત્યારે ઈરાનીઓ અને તુરાનીઓ વચ્ચે લડાઇ થઇ જેમાં ઈરાનીઓ માર્યા ગયા અને શાહજાદો જખ્મી થઇ કેદ પકડાયો હતો.—"મુખ્તે સર શાહનામા" સિયાવુશનું દાસ્તાન.

સિયાવુશને જબે કરવો. તૂરાની સિપાહીઓ આ હુકમથી અચરત થયા. પીરાનનો નાનો ભાઇ પીલ્સમ વચ્ચે પડયો. તેણે ઉતાવળ કરી સિયાવુશંનો જાન લેવા સામે વાંધો ઉઠાવ્યો. તે બોલ્યો કે—અય શાહ, જેને માથે તાજ હોય તેવા એક શાહનું સર તનથી જુદું કરવું ભલું નથી. જો તું આ બેગુનાહ મર્દને ગર્દન મારશે, કેમકે શાહ કાઉસનાં તખ્તનો વારેસ છે અને જેને રૂસ્તમે ઉધારી મોંટો કરેલો છે, તો કાઉસ અને રૂસ્તમ તેનો કીનો લીધા વિના રહેનાર નથી. તેમ થશે ત્યારેજ આજનો બદબખ્ત રોજ તને યાદ આવશે. કાંઇજ નહિ તો કાલે વજીર પીરાન આવી પુગે ત્યાં સુધી તું થોભ.

જેહરી નાગના ફુંફારા.

અફ્રાસિયાબને આ સખુનો પસંદ આવ્યા. પણ કર્સીવજને તેથી જરામી શરમ ઉપજી નહિ. તે તો નફટ બનીને પોતાના ભાઇને ઉશ્કેરવા લાગ્યો, અને બોલ્યો કે—સિયાવુશે તારી થોડી ખરાબી કીધી નથી કે પીલ્સમ જેવા જવાનોના સખુનો ઉપર તું ધ્યાન આપે. અઝદહાની પુછડી તેં છુંદી નાખી છે અને તેનું માથું છોલી નાખ્યું છે, અને હવે તેનાં શરીરને તું કીમતી પોશાક પહેરાવે એ શું વાજબી છે ? જો તું એનો જાન બચાવશે તો હું કોઇ એકાંત જગામાં જઇને મારો જાન આપીશ.

આ પછી પેલા બન્ને ખૂનીઓ દમુર અને ગુર્વી શાહ આગળ બીતા ધ્રુજતા ગયા, અને કર્સીવજના સમજાવ્યા મુજબ સિયાવશને પુરો કરી નાખવાની અર્જ કરવા લાગ્યા. તેઓ બોલ્યા કે—જ્યારે તેં ફાંદો નાખીને એને પકડયો છે ત્યારે એને એકદમ બેજાન કર. એને કેદ રાખવો બસ નથી. એનાં લશ્કરનો તેં નાશ કર્યો છે, તો જો તું એને સલામત રાખશે તો પછી એ તને કેવો ગણશે તેનો વિચાર કર.

શાહે આ સઘળું સાંભળીને જવાબ દીધો કે—એનો કશો કસુર મેં જોયો નથી. અલબત નજુમીઓએ જાહેર કરેલું છે કે એની મારફતે મારૂં બુરૂં થશે, અને હું જો ખૂન રેડીશ તો તૂરાનમાં એવો કીનો લેવાશે કે જેથી આફતાબ પણ ઝાંખો પડી જશે; મારી અને મારા મુલ્કની કમબખ્તી બેસશે; આપણાં દુખ અને ગુલામગારીનો વખ્ત દૂર નથી; તોપણ એને કાપી નાખવા કરતાં એને છોડી મુકવાનું દુખ વધારે છે, તો જોકે એનું ખૂન રેડવાથી મને ભારી સંતાપ થશે.

ફરંગીસના કાલાવાલા.

બીજી તરફથી જ્યારે રાણી ફરંગીસને ખબર પડી કે તેના પાદશાહ જેવા ભલા ખાવંદને ગર્દન મારવાનો તેના બાપ શાહ અફ્રાસિયાબનો ઇરાદો છે, ત્યારે તેણી બાલ તોડતી અને ગાલ પીંખતી ઉઘાડે પગે તેની આગળ આંસુની ધારા ચલાવતી આવી, અને સિયાવુશ કેવળ બેગુનાહ છે એમ કહી તેને વિનવવા લાગી. તેણીએ કહ્યું કે—સિયાવુશ જેવા બેગુનાહ અને વળી પાદશાહનું સર કાપવું આફતાબ અને માહતાબનો પેદા કરનાર કદી પસંદ કરનાર નથી. તે ઇરાનથી જુદો પડીને તારે ત્યાં આવ્યો ત્યારે તેણે પોતાના બાપનો ખોફ ખેંચી લીધો હતો અને તાજેતખ્ત તથા ખજાનો ત્યાગ કરીને તેણે તારી પુસ્તપનાહી પકડી હતી; ત્યારે હવે આજે તેનામાં તેં એવું તે શું જોયું છે કે જેથી તું રાસ્તીનો માર્ગ છોડવા તૈયાર થયો છે ? કાવતરાંખોર કર્સીવજના સખુનો ઉપર કાન આપીને તું તમામ જેહાનની ઠઠા મશ્કરીનું કારણ ના થઇ પડ. જુલ્મી અરબ પાદશાહ જહાકે ફરરોખ ફરીદૂનના હાથ ઉપર કેટલું ખમ્યું છે, અને મહાન શાહ મિનોચેહેરના હાથ ઉપર તૂર અને

સલ્મના શા હાલ થયા છે તે તું સારી પેઠે જાણે છે; તો શાહ કાઉસનાં તખ્તોતાજના ટેકા દાખલ જાલ અને રૂસ્તમ, ગુદર્જ અને ગીવ, બેહરામ અને જંગે શાવરાન જીવતા છે તેઓના હાથ ઉપર તારી શી વલે થશે તેનો વિચાર કર. સિયાવુશ જેવા એક પાદશાહનું તખ્ત તું લૂટશે તો આફતાબ અને માહતાબબી તને શ્રાપ દેશે.

એજ વખ્તે પોતાના ખાવંદને મુસ્કા બાંધેલો અને ખુઆર જોઇને ફરંગીસ તેના તરફ ફરી રોવા અને ફરિયાદ કરવા લાગી, અને તેના તરફ પુર દિલસોજી બતાવવા તથા પોતાને શ્રાપ દેવા લાગી. આ સઘળાંથી કંટાળીને અફ્રાસિયાબે તેને પોતાના મહેલનાં એક ખાનગી દિવાનખાનામાં એક ગાંડા માણુસને કેદ કરે તેમ જબરદસ્તીથી બંધ કરાવી, અને એ રીતે આ માતમના દેખાવનો છેડો આવ્યો. પણ તેજ વખ્તે વધારે માતમ ભરેલો બીજો દેખાવ જાહેર થયો.

નાગનો ભોગ.

કર્સીવજે પોતાની તક જોઇને ખૂની ગુર્વી તરફ નજર કીધી, અને તે બદમાશે કશી પણ મરજાદા નહિ રાખતાં સિયાવુશની દહાડી પકડી તેને જમીન ઉપર પટકયો, કેજે વેળા તે બેગુનાહ શાહજાદાએ પાક પરવરદેગાર આગળ અર્જ ગુજારી કે–મારી રાણીને પેટે એક એવા બેટાને જન્મ આપજે કેજે મારા દુશ્મનો ઉપર મારૂં વેર લે.

એજ વખ્તે પીરાન વજીરનો ભાઇ પીલ્સમ ત્યાં આવી પુગ્યો, કે જેની આંખ ગુસ્સા અને ખૂનથી રાતી બની હતી. સિયાવુશે તેને છેલ્લી સલામ કીધી, અને પીરાનને પોતાની સલામ કહેવાડીને કહ્યું કે—તેનાથી તો હું મોટી મદદની આશા રાખતો હતો. તેણે મને કહ્યું હતું કે જયારે વખ્ત આવશે ત્યારે મારા બે લાખ સિપાહો તારી મદદમાં ખડા કરીશ. પણ આજે કર્સીવજ મને મુસ્કા બાંધીને કતલ કરવા લઇ જાય છે ત્યારે એકબી દોસ્તને હું મારી આગળ જોતો નથી.

હવે સિયાવુશને શેહરમાંથી મેદાનમાં લઇ આવ્યા, અને જે જગાએ ગુર્વીને સિયાવુશે તેના ઘોડા ઉપરથી ઉઠાવી જમીન ઉપર પટકયો હતો તેજ જગાએ તેને લઇ જઇને જીરાના તે બેટાએ આ ઇરાનના શાહજાદાને જમીન ઉપર પટકીને તેનું સર કાપ્યું અને એક સોનાની તસ્તમાં તેનું લોહી ઝીલીને તેને ફરમાવવામાં આવ્યું હતું તે જગાએ લઇ જઇ ઘોળ્યું.

પીરાન ફરંગીસને બચાવે છે.

જયારે આ બનાવની ખબર પડી ત્યારે સિયાવુશના મહેલમાં માતમ ચાલી, અને ફરંગીસને એક વાર ફરીને વધારે જોરથી રડતી અને શ્રાપ દેતી જોઇ ત્યારે અફ્રાસિયાબે તેને ખુઆરી સાથ ખેંચી મંગાવીને એકદમ મારી નાખવા કર્સીવજને ફરમાવ્યું. તે શાહજાદીને હમેલ હતા માટે ઇરાનના શાહજાદાનું ફરજંદ તવલુદ થતાં મરી નહિ જાય એવી રીતે તેણીને માર મારવાનો તે ઘાતકી બાપે પોતાના ઘાતકી ભાઇને હુકમ આપ્યો.

આ ખૂની ફરમાનથી સઘળા તૂરાની સરદારો અને અકાબરો કમકમ્યા. તેઓ પોતપોતામાં બોલ્યા કે આવો ખૂની હુકમ કોઇબી પાદશાહે કે વજીરે કે પેહલવાને આપેલો આપણે સાંભળ્યો નથી. આ દરબારીઓમાં પીલ્સમ મુખ્ય હતો, જે પોતાના ભાઇ પીરાનને મળી આ નવી આફતથી તેને વાકેફ કરવા અને બની શકે તેમ ફરંગીસને બચાવવા માટે સમજાવવા ખુતન તરફ દોડયો. તેની જોડે લહહાક અને ફર્શીવર્દ નામના બીજા બે તૂરાની સરદારો હતા. તેઓની વાતો સાંભળીને પીરાન અફ્રાસિયાબની આગળ બે દહાડા અને બે રાતની સખ્ત મંજલ કાપીને

આવી લાગ્યો, અને સાથે પોતાના બેટા રૂઇનને પણ લેતો આવ્યો.

પીરાને એકદમ તરાની શાહની મુલાકાત લઇને તેને ઘણુંએક સમજાવ્યો, અને સિયાવુશનો જાન લીધાથી નહિ ધરાતાં તે પોતાનાંજ ફરજંન્દનો જાન લેવા માંગે છે તેથી આલમમાં તેની કેવી ફજીહતી થશે તેની સમજ પાડી. તે બોલ્યો કે—ફરંગીસને મારી નાખવાથી તું જીવશે ત્યાં સુધી દુનિયાનાં લોક તને શ્રાપ દેશે અને મુવા પછી દોજખમાં તારો હાર થશે. પણ જો તું મારૂં માને તો ફરંગીસને મારા સ્વાધીનમાં આપ. તેનાં તવલુદ થનારાં બાળકથી તને કશી ઇજા થનાર નથી. છતાં એ બચ્ચું જન્મ લે ત્યાં સુધી જો તું સબર પકડશે તો હું તેને તારી આગળ હાજર કરીશ—પછી તારે ગમે તે તેને તું કરજે.

અફ્રાસિયાબને આ સખુનો પસંદ આવ્યા તેથી તેણે પીરાનને ગમે તેમ કરવા કહ્યું. તે વજીર ખુશી થઇ ફરંગીસને બચાવી પોતાના ખુતન ખાતેના મહેલમાં લઇ ગયો, જ્યાં તેણે તે દુખી બાનુને પોતાની નેકજાદ ઓરત ગુલશેહરના હવાલામાં સોંપી.

બાબ ૭—શાહ કય કાઉસ—૬.

[પેહલવાન ગીવનાં પરાક્રમ.]

ફેસલ ૧—શાહજાદા ખુસરૂનું બચપણ.

ખુસરૂનો જન્મ.

ફરંગીસે આફતાબના ચેહરાના એક બેટાને જન્મ આપ્યો, જે બાબેની ખબર પીરાને અફ્રાસિયાબને પહોંચાડી. આ તૂરાની શાહને કોઇ દાનાએ એમ કહ્યું હશે કે તૂર અને કય કોબાદનાં તોખમથી એક શાહ એવો પેદા થશે કે તેને ઇરાન તથા તૂરાન માન આપશે. આથી અફ્રાસિયાબ બીહીતો હતો કે ફરંગીસનો બેટો તે બળવાન શાહ થશે. તોપણ ભવિષની બીક દૂર કરીને તેણે પીરાનને ફરમાવ્યું કે આ બાળકને મહેલમાં નહિ ઉછેરતાં પહાડોમાં વસતા ભરવાડને સોંપી દેવો, કે જેથી મોટો થઇને તે એમ નહિ જાણે કે અફ્રાસિયાબે તેને ત્યાં મોકલ્યો હતો, અથવા શા માટે મોકલ્યો હતો, તથા પોતે કોણનું ફરજંદ છે; પણ સદા અજાણપણામાંજ ઉછરી મોટો થઇને મરણ પામે.

આ હુકમ મુજબ વજીર પીરાને કલુર નામના પહાડ ઉપર વસતા ભરવાડોને બોલાવી તેમને હવાલે પેલો પાદશાહી બુનિયાદનો બાળક આપ્યો, અને તાકીદ ફરમાવી કે તેઓએ તેને પોતાના જાનની માફક સાચવવો. તેણે તેમને સઘળી વાતે સુખી કીધા અને પેલા બાળકની માવજતને માટે એક દાયા આપી. પેલાઓએ વજીરનો હુકમ સરોચશ્મથી બજાવવાના કસમ લીધા, અને પછી તે શાહજાદાને પોતાનાં પહાડી રહેઠાણમાં લઇ ગયા.

આ પાદશાહી બાળકનું નામ ખુસરૂ પાડયું હતું. જ્યારે તે સાત વર્ષની ઉમરનો થયો ત્યારે તે એટલી બંધી હિમત અને બહાદુરી બતાવવા લાગ્યો કે તે કોઇ નામીચાં ખાન્દાનનું ફરજંદ હોય એમ તરત જણાઇ આવતું હતું. તે પોતાને હાથેજ તીરકમાન બનાવીને જંગલમાં શિકારે જતો. દસ વર્ષનો થયો ત્યારે તો જંગલી ડુક્કર (ગોરખર) અને વરૂઓનો શિકાર કરવા લાગ્યો; અને સિંહ તથા ચિત્તા ઉપર પણ પોતાનો તીર છોડવાને ડરતો નહિ.

આ સઘળાં કામોથી ખુસરૂનો રક્ષક ભરવાડ ગભરાયો. તે તેનો ઉસ્તાદ અને માતપિતા જેવો હતો. તેને આ બાળકને પોતાના જાન કરતાં વધારે સંભાળથી સાચવવાનો હતો. પણ જ્યારે તે પોતાનો તીર વરૂઓ અને ચિત્તા અને સિંહ ઉપર પણ છોડે અને તેમનાથી ડરે નહિ ત્યારે તેના જાનની સલામતી માટે તે રક્ષક ઉસ્તાદને ભારી ચિંતા પેદા થાય એ કુદ્રતી છે. વળી જો તે શાહજાદાને કાંઇ અલવલ પહોંચે તો બાપડા ભરવાડનું કુટુંબ ખુઆર થઇ જાય એ બનવાજોગ હતું. આ સઘળું ધ્યાનમાં લઇને તે વજીર પીરાન આગળ ખુસરૂની ફરિયાદ લાવ્યો. તે બોલ્યો કે:—પ્રથમ આ બાળક તો સાબરનો શિકાર કરતો હતો; ચિત્તા ઉપર હલ્લો કરતો નહિ અને સિંહના માર્ગથી દૂર રહેતો; પણ હવે તો તે સાબર અને સિંહ એ બન્નેને એકસરખાં ગણે છે; ત્યારે હવે હું એના જાનનો કેમ સંભાળ રાખું?

પીરાન આ બધું સાંભળીને હસ્યો. તે મનથી બોલ્યો કે નામીચું ખાન્દાની લોહી છુપ્યું રહી શકતું નથી. તે ખુસરૂને મળવા નીકળ્યો. તે

બાળકે પીરાનને જોતાંજ સામે આવી તેની દસ્તબુસી કીધી. વજીરે તે બાળકનો ખીલતો ચેહરો અને કદાવર બનતું તન જોઇ ખુશીનાં આંસુ પાડયાં, અને તેને ઘણો વાર સુધી પોતાની ગોદમાં દાબી રાખ્યો.

ખુસરૂ તેને મોટા તુરાની સરદાર તરીકે ઓળખતો હતો, અને પીરાન તેને કોઇ કોઇ વાર ભેટતો હતો. પણ આજે પોતાને લાંબો વખ્ત સુધી બગલગીરી કીધેલી જોઇને ખુસરૂ અચરત થયો. તે બોલ્યો કે—અય પાક એતેકાદના સાહેબ! તુરાન તારાથી રોશન હોજો. જે કોઇ તને ઓળખે છે તે તને પોતાનો દોસ્ત ગણે છે. એવો તું બુલંદ દરજ્જાનો સાહેબ, એક ભરવાડના બેટાને બગલગીરી કરતાં શરમાતો નથી કેમ?

પીરાનના ચેહરા ઉપર સુર્ખી પંથરાઇ. તેના દિલમાં ગરમી આવી. તે બોલ્યો કે—અય નાર બેટા! કેવો તું ભલો છે, અને તે છતાં દુનિયા તારી સાથે કેવા દગો રમી છે! તું કોઇ ભરવાડનો બેટો છેજ નહિ. એ બાબે મારે તને ઘણું કહેવાનું છે તે બીજી વેળા કહીશ.

આમ કહીને પીરાને ખુસરૂને પાદશાહી લેબાસ બદલાવ્યો, અને એક અરબી ઘોડો મંગાવી તે ઉપર તેને સ્વાર કીધો, અને મર્હુમ સિયાવુશની યાદ કરતો તે તેને પોતાના મહેલ તરફ લઇ ચાલ્યો. તેને જોઇ તેની માદર ફરંગીસનાં પેટમાં જીવ આવ્યો હોય તેમ તે તેને વળગી પડી, અને ખુસરૂ કોણ છે તે બાબેનો સઘળો ખુલાસો થઇ ગયો.

મમાવાની દરબારમાં.

ખુતનમાં[1] આમ કેટલીક મુદત ચાલ્યા કીધું. એટલામાં પીરાન ઉપર શાહ અફ્રાસિયાબનો પેગામ આવ્યો, જેના ઉત્તરમાં જ્યારે તે પાયતખ્ત ખાતે હાજર થયો ત્યારે સિયાવુશના બેટાથી પોતાની ખરાબી થનાર છે એવા વિચારથી પોતાનાં મનમાં વારંવાર ઉભા થતા ભયથી અફ્રાસિયાબે પોતાના વજીરને વાકેફ કીધો. પીરાને શાહજાદાના બચાવમાં જણાવ્યું કે તે બાળક ભરવાડ લોકોની સાથે વસનો હોવાથી તેમના જેવોજ બેખબર છે, એટલુંજ નહિ પણ વળી તે તો બુમખ છે. તેને ગઇગુજરીનો કશો ખયાલ નથી. તે તો જંગલી જનાવર જેવો છે. જેને મેં તેનો બાપ દરાવેલો છે તેણે મને ગઇ રાતેજ ખબર આપી છે કે આ બાળક ચેહરે-નમુન છે ખરો પણ તેનામાં બુધ્ધિ કાંઇ નથી. વાસ્તે અય શાહ, તું તારાં મનથી ના મુઝા. જો તારો હુકમ હોય તો અબઘડી હું તેને બોલાવી મંગાવું. પણ તે એક શર્તે. શાહ ફરીદૂને જેમ એક વેળા પોતાનાં તખ્તોતાજના કસમ લીધા હતા; તારા નિયાગાન તૂરે ખલકના સાહેબના સોગંદ લીધા હતા; તારા બપાવા મોટા જાદશમ શાહે પાક પરવરદેગારના કસમ લીધા હતા, તેમ તું ખુદા પાકના સોગંદ લે કે હું આ બાળકને કશી ઇજા આપું નહિ. ત્યાં સુધી તે બચ્ચાંને હું તારી દરબારમાં હાજર કરૂં નહિ.

અફ્રાસિયાબ પોતાનો સર્વ ખોફ ભૂલી ગયો. પોતાના નબીરાને જોવાની ખાહેશમાં તેણે ખુદ પાકના કસમ લીધા, જેથી રાજી થઇ પીરાના પોતાના મહેલ તરફ ચાલ્યો. તેણે ખુસરૂને સર્વ વાતે વાકેફ કીધો, અને તે સમજુ બેટાને ફરમાવ્યું કે દરબારમાં તેણે બેવકુફીભરેલા જવાબો આપવા, તે એમ કે જો શાહ જંગની વાતોકરે તો તારે જિયાફત વિષે બોલવું; તેને તું એ.ળ-ખનોજ ન હોય તેવી ઢબ રાખવી; કશી ખબર-દારી ન હોય તેમ બેવકુફીના જવાબો કરવા.

આમ સમજાવીને પીરાને તેને માથે તાજ મુક્યું, કમરબંધ બાંધ્યો, અને એક નાના ઘોડા ઉપર સ્વાર કરીને પછી તેઓ શાહની દરબાર

૧—રૉજર્સ મુજબ ખુતન તે ચીનાઇ તારતારીનો મુલક છે.—જુઓ તેનું The Shah-Nameh, સફે ૨૧૧.

તરફ ચાલ્યા. આ બેટો શાહજાદી ફરંગીસ અને બેગુનાહ માર્યા ગયલા સિયાવુશનો છે એમ જેઓ જાણતા હતા તેઓની આંખમાં તે જવાન છોકરાને જોતાંજ આંસુ આવી ગયાં. સૌ બાજુએ રહી ગયા, અને તેઓ વચ્ચેથી ખુસરૂ પીરાનની જોડે અફ્રાસિયાબની હજુરમાં ખડો ઉભો. તેને જોતાંજ તેના મમાવાની આંખમાં શર્મીંદગીનાં આંસુ ભરાઇ આવ્યાં. આ વેળા પીરાનનાં પેટમાં ગોયા જીવ હોયજ નહિ તેમ તે બીચારો ખુસરૂના જાનની સલામતીને માટે થરથર ધ્રુજતો હતો પણ અફ્રાસિયાબને તેના કસમની યાદ હતી. માટે આ બચ્ચાંનો જાન પણ તેના બાપની માફક નાહક લેવાનો સઘળો બદ વિચાર તેનાં મનમાંથી નીકળી ગયો, અને તેનું કદ તથા અદા, ચેહરો તથા પેશાની જોતો તે બેસીજ રહ્યો. થોડો વાર શાંતિ રહી, પછી અફ્રાસિયાબનાં દિલમાં મેહર પેદા થઇ. તેના ચેહરા ઉપરની કઠણાઇ દૂર થઇ. તેણે તેને નીચે મુજબના સવાલો પુછ્યા, જેમના જવાબ પીરાનનાં શિક્ષણ મુજબનાજ મલ્યા.

ગાંડાઇના જવાબો.

અફ્રાસિયાબે પુછ્યું કે—અરે ભરવાડના છોકરા! રાત દિવસ તું તારી જિંદગી કેમ ગુજારે છે તેનું મારી આગળ બયાન કર. તારાં ઢોરોનાં ગોવાળાંની તું કેવી તકેદારી રાખે છે? તારાં બકરાં મેંઢાંની સંખ્યા કેટલી છે? એ બધું મને વિગતે જણાવ.

ખુસરૂએ જવાબ દીધો—શિકાર છે ક્યાં કે શિકાર કરૂં? ગમે તો જંગલમાં આવીને જુઓ. મારી પાસે નહિ મળે તીર કે નહિ મળે કમાન. ત્યારે શિકાર તે કેમ કરૂં?

ફરી પુછ્યું કે—તારો ઉસ્તાદ કોણ છે? તારી કને કાંઇ માયાપુંજી છે કે?

'જવાબ મળ્યો કે—ચિત્તો જોઇને તો બધા બહાદુર પેહલવાનોનાં પેટમાં ફાળ પડે છે.

અફ્રાસિયાબે તે જવાનને હવે ઇરાન વિષે તેનાં માતપિતા વિષે, અને તેનાં વતન વીષે પુછ્યું. જેના જવાબમાં ખુસરૂએ બબડતું કહ્યું કે ગમે એવો બહાદુર કુતરો હોય પણ ફાડી ખાનારા સિંહ આગળ તેનું શું ચાલે? મરવાનો હોય તો તેની સામે લડવા જાય.

અફ્રાસિયાબે પુછ્યું કે—છોકરા, તું અહીંથી ઇરાન જશે? ત્યાંના લોક ઘણા બહાદુર છે. તેમના પાદશાહની દરબાર તને ગમે છે?

ખુસરૂએ જવાબ આપ્યો કે—હા, બે દહાડાની વાત ઉપર ડુંગરોપર અને મેદાનમાં એક ઘોડેસ્વારને ઝડપથી જતો મેં જોયો હતો ખરો.

આવા આવા બેહુદા જવાબો સાંભળીને અફ્રાસિયાબના ચેહરા ઉપર ખુશી પથરાઇ. તે હસ્યો અને ખુસરૂને નરમાસથી પુછ્યું કે—તને લખતાં વચતાં શીખવા ગમે છે કે? તારા કોઇ દુશ્મનો છે કે? ને તેઓ ઉપર તું કીનો લેવા માંગે છે કે?

આનો ભળતોજ જવાબ મળ્યો કે—દુધમાં મલાહી જેવું તો કાંઇ જણાતુંજ નથી, તેથી જો મારૂં ચાલે તો બધા ભરવાડોને જંગલમાંથી મારી કહાડું.

બાપનાં પાયતખ્ત ખાતે.

આ કિસમના જવાબોથી શાહનું દિલ ખુશ થયું. તે ફરીથી હસ્યો, અને પીરાન તરફ ફરીને બોલ્યો કે—આ તો બડો બુબખ નજર આવે છે. હું સર પુછું છું ત્યારે એ પગની વાતો કરે છે. ખરે, આવા છોકરાથી ભલું બુરૂં કાંઇ થવાનું નથી. કીનો લેનારા એવા નહિ હોય. જા—એને કોઇ મારફતે એની માદર પાસે પાછો મોકલ. એ મા દીકરાને સિયાવુશગર્દ ખાતે મોકલાવી દે, અને ત્યાં કોઇ બુરા ઉસ્તાદોને જવા દેતો ના. એ લોકોને જોઇયે એટલો માલ ખજાનો અને ઘોડા ખિદમતગરો વગેરે આપો ને જલદીથી રવાના કરો.

આ હુકમ મળતાંજ પીરાનને ભારી ધીરજ આવી. તે ખુસરૂને લઇ ખુતન આવ્યો, અને પોતાના મહેલમાંથી રેશમી કાપડ, દીનાર, હીરા, મોતી, ઘોડા, લડાઇનાં હથિયાર, તાજોતખ્ત, કમરબંદ, અને બીજી હમા ચીજો કે જેમની શાહજાદા અને તેની માદરને જરૂર હતી તે આપીને તેમને સિયાવુશે બાંધેલાં શેહર ખાતે રવાના કીધાં. સિયાવુશની આફેઅત પછી આ મહેલ પડત પડયો હતો, માટે તે ઉજડ જેવો હતો. ત્યાં તેઓ જઇ પુગ્યાં ત્યારે આસપાસનાં લોકોને જેમ જેમ ખબર પડતી ગઇ તેમ તેમ તેઓ તેમને મુબારકબાદી આપવા આવ્યા. અને એ રીતે ત્યાંની જમીન પાછી ખુશહાલ થઇ, અને આ માતા અને બેટો ત્યાં પોતાના દહાડા નચિંતે ગુજારવા લાગ્યાં.

ફસલ ૨—સિયાવુશનો કીનો.

રૂસ્તમનો શોક.

અહીં આ બાબત છોડીને હવે લગાર ઇરાન તરફ નજર કરિયે.[1] સિયાવુશનાં ખૂનની ખબરથી ઇરાનમાં ભારી માતમ ચાલી. ફિર્દુસી લખે છે કે સઘળાએ કાળા અને લીલા રંગનાં કપડાં પહેર્યાં. જેહાં પેહલવાન રૂસ્તમને આ બાબેની ખબર પડી ત્યારે એક હફતો શોક પાળીને તેણે કાશમીરથી જાબુલ સુધીના પોતાના મુલ્કનું લશ્કર ભેગું કીધું અને શાહ કાઉસની દરબાર તરફ કુચ કરી ચાલ્યો. ઇરાનની નજદીક આવી પુગતાં તેણે પોતાનાં કપડાં ચાક કરીને કસમ લીધા કે જ્યાં સુધી સિયાવુશનાં ખૂનનો બદલો અફ્રાસિયાબ ઉપર લઉં નહિ ત્યાં સુધી હથિયાર હાથમાંથી છોડું નહિ અને મારાં મોં ઉપરની ધુળ ધોઇને સાફ કરૂં નહિ.

અને એવીજ ખરાબ હાલતમાં તે શાહની દરબારમાં પણ હાજર થયો. માથાંથી પગ સુધી ધુળે ખરાબ થયલાં કપડાં સાથ તે શાહનાં તખ્ત આગળ ધસ્યો ગયો અને ઠડરાવી નાખનારો પુકાર મારીને બોલ્યો કે—તારાં વાવેલાં જેહરી બીમાંથી ઉગેલાં ઝાડ ઉપર હવે ફળ આવવા લાગ્યાં છે, અય શાહ! પાપી સુદાબેહ તરફના તારા હવસની ખાતર તારૂં તાજ લુટાયું છે, અને તારૂં તખ્ત દરિયાના મોજા ઉપર ડોલા ખાવા લાગ્યું છે. એક નાતરસ શાહના બેવિશ્વાસ અને બદખવાસને લીધે ઇરાનને ભારી ટોટો ગયોછે. જે પાદશાહ ઓરતના કહ્યા પ્રમાણે ચાલતો હોય તેને માટે તો ઓરતનો પોશાક બેહતર છે. એક મક્કારે ઓરતનાં કાવતરાંનો ભોગ સિયાવુશ થઇ પડયો છે. સિયાવુશ જેવો શાહ બીજો કોઇ થયો નથી. શું તેનું કદ અને શું તેનો ચેહરો! શું તેની અદા અને શું તેનો મોભો! હવે એવો શાહ થવો મુસ્કેલ છે. તે તખ્તે બેસતો ત્યારે સદા બહારની મિસાલ ખીલી રહેતો. જિયાફત વેળા તે શાહોનાં તાજ સરીખો લાગતો; જંગ મેદાનમાં તે એક ચિત્તા અને વાઘ અને સિંહ જેવો હતો; તેના જેવા ચાલાક હાથનો બીજો કોઇ જોવામાં આવતો નહિ. મારામાં જાન છે ત્યાંસુધી સિયાવુશના કીનામાં મારૂં મગજ અને દિલ હું આપી દઉંછું. રડતી આંખેજ હું લડીશ અને મારી માફક સારી જેહાનનું દિલ આતશથી ભુંજાશે.

જોકે શાહ કાઉસને પોતાના બેટાનાં કમોતથી ઘણું લાગ્યું હતું, તોપણ તેણે ઉપલા સખુનોથી જોઇ લીધું કે રૂસ્તમ સિયાવુશને ઘણોજ ચહાતો હતો. લોહીનાં આંસુ વરસાવનારા તેના ઉપલા સખુનોના જવાબમાં કાઉસ શર્મિન્દગીથી કાંઇ નહિ બોલતાં મુગોજ રહ્યો, પણ ગુપચુપ રડયા કીધો.

---

[1] ૧—શાહજાદા ખુસરૂની અત્યાર સુધીની જિન્દગીના બનાવોનું બયાન હીરોડોટસ નામના યુનાની તવારીખ નવેશે આપેલા હખામની ટોળાના પાર્સી પાદશાહ કાઇરસની જન્મ કથાને ઘણે દરજજે મળતું આવે છે, જે બાબે પાછળા સફાઓમાં એક ખાસ વધારામાં વિગતે જણાવવામાં આવશે.

કીનાનો આદેશ.

તેને તખ્ત ઉપર પડતો મુકીને રૂસ્તમ હવે સુદાબેહના મહેલ તરફ ચાલ્યો અને તેનો ચોટલો પકડીને તેની બેઠક ઉપરથી ખેંચી લાવ્યો અને સર્વનાં દેખતાં તેનો જાન લીધો. પોતાની નજર આગળ આ ખૂન થતું જોયા છતાં કાઉસ પોતાની બેઠક ઉપરથી સસડયો નહિ. રૂસ્તમ ત્યાંથી બહુ જખ્મી દિલ સાથ પોતાનાં અયવાનમાં ગયો, જ્યાં એક હફતો ગુજારીને આઠમે દહાડે તેણે ઇરાની પેહલવાનો અને સરદારોની મુલાકાત લીધી. ગુદર્જ અને તુસ, ગીવ, ફર્હાદ, શીદુશ, રહામ, શાપૂર, ખરાદ, બેહરામ, ગુરાજેહ, ગુર્ગીન અને કાઉસનો બેટો શાહજાદો ફરીબુર્જ, એ સઘળા જોદ્ધાં પેહલવાનને મળવા આવ્યા. તેઓ સર્વને રૂસ્તમે ખબર આપી કે—મારો પુરો ઇરાદો તુરાન ઉપર કીનો લેવાનો છે. સિયાવુશ જેવો નર દુનિયામાં બીજો એકે નથી. તેનું ખૂન કાંઈ મસ્ખરીની વાત નથી. તમારાં દિલથી દેહશત કહાડી નાખો અને હવે દુનિયામાં લોહીની જીહુન વહેતી કરો. હું જીવતો છુ ત્યાંસુધી સિયાવુશને માટે રડતો રહીશ. જે સુકાં બીયાબાનમાં બદકાર ગુર્વીએ તે શાહજાદાનું લોહી રેડયું છે તે તરફ મારી આંખો ચોંટી રહેલી છે. કદાચ તેથી મારાં દિલની ગમી ઓછી થાય; મબાદા તેથી મારા હાથો બંધાઇ પણ જાય અને મારી ખાંધે ઝુસરી પડે અને ગરીબ ઘેટાની માફક હું જમીનપર પટકાઇ પડુ: પણ જો તેવું કાંઇ નહિ થાય, તો મારી શમ્શીર અને મારા ગુર્જથી દુનિયામાં હું કેયામત વરસાવીસ. જંગની રંજ સિવાય બીજું કાંઇ હવે મારી ચસમ જોશે નહિ અને મોજ મજાહનો હવે હું ઇનકાર કરીશ.

આ કીનાના સખુનો સાંભળીને સઘળાઓ કીનાં માટે એકમત થયા. તેઓએ પોતાની શમ્શીર ખેંચી; જંગના પુકાર ઉઠાવ્યા; આવાની ઝુંડો ઉડતો થયો; અને લશ્કરો ભેગાં થયાં, જેમની સંખ્યા એક લાખની હતી.

ફરામર્જની દલેરી.

રૂસ્તમ પોતે આ લશ્કર લઇ આગળ વધ્યો, પણ પોતાના જવાન બેટા ફરામર્જને એક ફોજ આપીને તેને આગમજથી રવાના કીધો, કે જેણે એકદમ કુચ કરીને પંહેલો તૂરાની પ્રાંત કેજે સિપંજાબને નામે ઓળખાતો હતો તે ઉપર હુમલો કીધો. અહીંનો શાહ વરાઝાદ નામનો હતો, જેને તેણે લડાઇમાં હરાવ્યો અને તેનું ડોકું કાપી નાખ્યું. આ પછી ફરામર્જે તે મુલ્કને આગથી તારાજ કીધો. આ બિના તેણે રૂસ્તમને લખી જણાવી, પણ તે જોદ્ધાંપેહલવાન આવી પુગે તે આગમજ તો તેના આ બહાદુર બેટાને તૂરાની શાહના તેવાજ બહાદુર બેટા સુર્ખેહ સાથ લડવું પડયું.

અફ્રાસિયાબને વરાઝાદની વલેની ખબર મળતાંજ તેણે સુર્ખેહને લડવા મોકલ્યો. તેના જોડે ૩૦૦૦૦ સવારો હતા. બન્ને લશ્કરો વચ્ચે બીજી મોટી લડાઇ ચાલી, જેમાં સંખ્યાબંધ માણસો કપાઈ ગયાં. સુર્ખેહની મતલબ ફરામર્જને જંગમાં ખેંચવાની હતી, માટે તે તેની ઉપર ધસ્યો. આ વેળા ઇરાની લશ્કરનો સરદાર પોતાની ફોજની વચમાં હતો તે તૂરાની શાહજાદાને જોઇ તેની સામો ગયો અને એકજ સપાટે સુર્ખેહને તેના ઘોડા ઉપરથી ઉપાડી જમીન ઉપર પટકવા માંગ્યો. પણ ફરામર્જનો ભાલો તુટી ગયો, અને સુર્ખેહ એ તકનો લાભ લઇ નાઠો. તૂરાની સવારો પોતાના શાહજાદાને બચાવવા આવ્યા, પણ ફરામર્જે તેની પુઠ પકડી અને તેને કમરબંધમાંથી પકડી લઇને ભોંય ઉપર ઝીકયો, અને નામોસી સાથ પોતાની આગળ દોડાવીને તેને પોતાની છાવણીમાં લઇ આવ્યો.

સિયાવશના કીનાનો પહેલો ભોગ.

એજ વખ્તે રૂસ્તમ બાકીનાં લશ્કર સાથ આવી પુગ્યો, જેને જઇ મળીને ફ્રામર્જે સર્વે વાતો કહી. રૂસ્તમે તેમજ બીજા સરદારોએ આ જવાન જાબુલીની તારીફ કીધી, અને શાહજાદા સુર્ખેહને સિયાવશના કીનામાં જબે કરવાનો હુકમ આપ્યો. આ કામ બજાવવાનું શાહજાદા તૂસે માથે લીધું, પણ સુર્ખેહનો ગુલાબ જેવો ચેહરો જોઇને, તથા તેણે કરેલી કાકલુદી ભરી અર્જ ઉપર ધ્યાન આપીને તૂસ તેને કતલ કરતાં અચકાયો. સુર્ખેહનો એક બોલ આ હતો કે—હું સિયાવુશનો દોસ્ત હતો, તેને માટે મારૂં દિલ બળતું હતું, તેને માટે હું બહુ રડયો હતો, અને તેને કતલ કરનારને મેં સદા શ્રાપ દીધા હતા. પણ આવા સખુનોથી તૂસની પેઠે રૂસ્તમનું દિલ પીગળ્યું નહિ. તેણે સુર્ખેહનું માથું કાપવાનું કામ પોતાના ભાઇ જવારેહને સોંપ્યું અને તે જવાન તૂરાની શાહજાદો આ જેહાન છોડી ગયો.

જ્યારે આ દુખદાયક બનાવની ખબર તેના બાપને પડી ત્યારે અફ્રાસિયાબના ગમનો પાર રહ્યો નહિ. સુર્ખેહ તેનો વહાલો બેટો હતો, તે તેનો વારેસ બેટો હતો, તે બહાદુર અને ખુબસુરત હતો. તે સિયાવુશની ઉમરનો હતો અને સિયાવુશના કીનાનો તે ભોગ થઇ પડયો હતો. અફ્રાસિયાબ હવે જંપીને બેસે એમ હતુંજ નહિ. તે પોતે લડવા ગયો. હજુ સુધી લડાઇ સિપંજાબના પ્રાંતમાંજ ચાલ્યા કરતી હતી, માટે ત્યાંજ તે પોતાનું લશ્કર લઇ ગયો. વચોવચમાં તે ઉભો. તેની જમણી બાજુએ બાર્માન અને ડાબી બાજુએ કુહરમ પોતપોતાની લશ્કરી પાંખો સાથ સજ્જ સમારી ઉભા.

ઇરાની લશ્કરના રૂસ્તમે ત્રણને બદલે પાંચ ભાગ પાડયા. પોતે વચોવચમાં રહીને પોતાની આગળ તેણે પોતાના બેટા ફ્રામર્જને રાખ્યો અને પોતાની પાછળ પોતાના ભાઇ જવારેહને ગોઠવ્યો. પોતાની જમણી બાજુએ તેણે ગીવ અને તૂસને રાખ્યા, તથા ડાબી બાજુએ ગુદર્જ અને હજીરને ઠરાવ્યા. આ રીતે પોતાનું લશ્કર ગોઠવીને રૂસ્તમ શત્રુની સામે આવી ઉભો.

પેહલવાન પીલ્સમ.

તે જમાનાની રીત મુજબ પ્રથમ એક પેહલવાને પોતાના હરીફની માંગણી કરવી જોઇયે, તે મુજબ તૂરાની લશ્કરમાંના વજીર પીરાનનો સૌથી નાનો ભાઇ પીલ્સમ મેદાન પડયો અને તેણે પોતાના હરીફ દાખલ જેહાં પેહલવાન રૂસ્તમની આર્જુ કીધી. તેનાં આ કામ સામે પીરાને વાંધો ઉઠાવ્યો અને અફ્રાસિયાબને સમજાવ્યો કે—આ જવાનને રૂસ્તમ સામે લડાઇમાં ઉતરતો અટકાવવો, કારણકે તે પીલતનના હાથ ઉપર એ નાદાન જરૂર જાન ખોવાનો. અને તેથી તૂરાનના શાહને નામોસી લાગવાની, એટલુંજ નહિ પણ તૂરાની લશ્કર નિરાશ થઇ જવાનું.

પણ પીલ્સમે પોતાની બહાદુરીની ડીંગો મારી, અને પોતે આગળ બજાવેલાં કામો કહી સંભળાવ્યાં, અને પોતાને નિરાશ નહિ કરવાની અર્જ ગુજારી. અફ્રાસિયાબને તો પોતાની તરફથી કોઈ લડનાર જોઇતોજ હતો; તે તો પોતાના બેટાનો કીનો લેવા આવ્યો હતો; માટે તેણે પીલ્સમને હિમત આપી, તેની વખાણ કીધી, અને તેને લાલચ બતાવી કે તું જો રૂસ્તમ ઉપર જીત મેળવશે તો તને મારૂં તાજ અને મારી બેટીનાં ઇનામથી નવાજીશ.

રૂસ્તમ સાથ તેની લડાઇ.

આ વાત ખરી હતી કે તૂરાની લશ્કરમાં પીલ્સમ સર્વેથી બહાદુર હતો, અને બળ તથા કળામાં તે રૂસ્તમથીજ ઉતરતો હતો. અફ્રાસિયાબે તેને લાયકનો ઘોડો તથા હથિયારો આપ્યાં,

અને એ રીતે સજ્જ થઇને તે રૂસ્તમનો પુકાર કરતો જંગ મેદાનમાં ધસ્યો. ગીવ—રૂસ્તમનો જમાઇ અને ગુદર્જનો બેટો—તેની સામો આવ્યો અને બોલ્યો કે રૂસ્તમ કાંઇ એક તુર્કી સામે લડવા ઉતરતો નથી; તે તો સેંકડો અને હજારોને પહોંચી વળે છે. આમ કહીને તે પીલ્સમ સાથ લડવા લાગ્યો, જેમાં તેના બન્ને પગ પાવરામાંથી નીકળી ગયા અને તે ભયમાં આવી પડયો, જે જોઇને ફરામર્જ તેની મદદે દોડયો. તેણે પીલ્સમના ભાલાને પોતાની શમ્શીર વડે કાપી નાખ્યો, અને પછી બીજો ફટકો તેની કોલાહ ઉપર લગાવ્યો. આ રીતે બહાદુર પીલ્સમને બબ્બે ઇરાની સરદારો સામે એકલે હાથે લડવું પડયું. છતાં રૂસ્તમ હવે તે કમજોર બનેલા તુરાની પેહલવાન સામે ધસ્યો આવ્યો, અને પુકાર મારીને પીલ્સમને પોતાની સામે લડવા બોલાવ્યો. પીલ્સમ પેલા બેઉ ઇરાની પેહલવાનોને પડતા મુકીને રૂસ્તમ સામે જાય તે આગમજ જેહાં પેહલવાને શીતાબી કરીને તેના કમરબંધમાં પોતાનો મજબૂત ભાલો ખોસી દીધો અને એક દડી માફક તેને હવામાં ઉચકયો. પછી તૂરાની ફોજમાં જઇ ભાલાની અણીપર ઉઠાવેલા જવાન પીલ્સમને જમીનપર પટકયો, અને પોતે પોતાનાં લશ્કર તરફ પાછો ફર્યો.

જંગનું શાયરી બયાન.

પોતાના પ્યારા ભાઇની આ વલે જોઇને પીરાન વજીર કેજે લશ્કરનો સપેહસલાર હતો તે બહુ રડયો. પીલ્સમનાં મોતથી તૂરાની ફોજ-માં ભારી દિલગીરી ફેલાઇ. આ પછી બન્ને લશ્કરો એકબીજા સાથ વળગી પડયાં. શાયર આ લડાઇનું વર્ણન આપતાં શાયરી ચલાવે છે કે:—બેઉ લશ્કરોમાંથી મોટા પુકાર બરપા થયા—લડાઇને માટે આતુર બનેલા સરદારોના તથા હાથીઓની પીઠ ઉપર વાગતાં નગારાંના આવાજ ફર્સંગો સુધી આસપાસ સંભળાયા—ઘોડાઓના પગના ઢબકારાથી જમીન ધ્રુજવા લાગી—જ્યાં ટેકરીઓ હતી ત્યાં લોહીના દરિયા બની ગયા—જ્યાં મેદાન હતાં ત્યાં મુએલાઓની લોથોથી ટેકરા બન્યા—માણસોના પુકાર અને કર્નાયના આવાજથી આકાશ ધ્રુજવા લાગ્યું—પથ્થરો પરવાળાં જેવા બની ગયા—જમીનની રજ લોહી જેવી રાતી બની ગઇ—ઘણાએક સરદારોનાં માથાં ભોંયે પડયાં—તું કહેશે કે ગોયા આકાશ ઉપરથી લોહી વરસવા લાગ્યું—બાપ અને બેટા વચેની મોહબતનો તે વખ્ત ન હતો—જંગ મેદાનમાં પવન નીકળ્યો, જેથી આકાશ રજથી ઢંકાઇ કાળો બની ગયો—બન્ને લશ્કરો એકબીજા ઉપર હલ્લો કરતાં જોઇ શકયાં નહિ કે તેઓ દોસ્તને મારે છે કે દુશ્મનને—જેહાન રાતના જેવી સિયાહ બની ગઇ અને રોશન રોજ પોતાનો ઝળકાટ ખોઇ બેઠો.[1]

રૂસ્તમ અને અફ્રાસિઆબની લડાઇ.

પોતાનો બરગસ્તે દહાડો જોઇને હવે તૂરાનના શાહને પોતાને લડાઇમાં ઉતરવાની ફર્જ પડી. તેણે પોતાના સરદારોને ઉશ્કેર્યા અને તેઓ એવાં બળથી લડયા કે ઇરાનીઓ મારખાઇને નાસે એવો વખ્ત આવી લાગ્યો. અફ્રાસિયાબે તૂસનાં લશ્કર ઉપર હલ્લો કીધો અને એટલી બધી કતલ ચલાવી કે તે શાહજાદાને તો નાસવાનીજ ફર્જ પડી. પણ તરત રૂસ્તમ ફરામર્જ સાથ તૂસની મદદે આવી પહોંચ્યો. તેને જોઇને અફ્રાસિયાબ તેની સામે લડવા દોડયો આવ્યો. રૂસ્તમે તૂરાની શાહનો કાળો વાવટો જોતાંજ તેના ઉપર તીર છોડીને તેની કોલાહને તેનાં માથાં સાથ સીવી લીધી. અફ્રાસિયાબે

૧—મીરખુંદ જણાવે છે કે રૂસ્તમના હાથપર કસીવ્જ કેદ પકડાયાથી તેને પણ તેણે સિયાવશના કીનામાં કતલ કરાવ્યો હતો. પણ ફિર્દૂસી મુજબ કસીવ્જ તો છેક પાછળથી કય ખુસરૂના હાથ ઉપર માર્યો ગયો હતો.

એજ વખ્તે પોતાનો ભાલો રૂસ્તમની છાતીમાં પેવસ્ત કીધો, કે જે તેના કમરબંધનાં ચાંમડાંમાંથી આરપાર ફુટી નીકળ્યો ખરો, પણ બબ્રેબિયાનનું જે બખ્તર રૂસ્તમે પહેર્યું હતું તેણે ભાલાની અણીને વધારે આગળ વધતી અટકાવી. હવે રૂસ્તમે ગુસ્સે થઇને પોતાના હુમ્નબર્દના ઘોડાને પોતાના ભાલા વડે વિંધી જમીનપર પટકયો, જેથી અફ્રાસિયાબ અસ્પ વિનાનો થઇ પડયો. રૂસ્તમે તરત તેને કમરમાંથી પકડીને પુરો કરી નાખવા ચાહ્યું. પણ એજ વખ્તે તૂરાની સરદાર હોમાન, કે જે વજીર પીરાનનો ભાઇ થતો હતો, તેણે પછવાડેથી આવીને રૂસ્તમનાં ખભાં ઉપર પોતાનો ભારી ગુર્ઝ એવા જોરથી માર્યો કે જેહાં પેહલવાનનું હાડકું ભાંગી ગયું. આ વેળા રૂસ્તમ પોતાના દુશ્મનને જોવા પાછો ફર્યો, જે તકનો લાભ લઇને અફ્રાસિયાબ તેના સપાટામાં આવ્યા છતાં ત્રીજી મરતબે છટકી જવા પામ્યો. તે એક ઝડપી અસ્પ ઉપર સવાર થઇ નાઠો, અને હોમાન પણ અનેક તદબીર કરીને પોતાનો જાન બચાવી ગયો. રૂસ્તમ તેની પુઠે લાગ્યો પણ તે પકડાયો નહિ. રૂસ્તમની મદદે તુસ વગેરે દોડી આવ્યા, અને હોમાનના ફટકા માટે ચિંતા બતાવી; પણ રૂસ્તમે કહ્યું કે તેનો ગુર્ઝ પોલાદનો નહિ પણ મીણનો બનાવેલો હતો તેથી મને કશી ઇજા થઇ નથી।

તુરાની શાહની નાસભાગ.

હવે તૂરાની લશ્કર નાસભાગમાં પડયું. પોતાના પાદશાહ અને હોમાન જેવા સરદારને જીવ લઇને નાસતા જોઇ તૂરાનીઓ ગભરાયા. ત્રણ ફર્સંગ સુધી રૂસ્તમે તેમની પૂઠ પકડી. એ પછી તે પોતાની છાવણીમાં પાછો ફર્યો, અને ઇરાની સિપાહીઓ તૂરાની છાવણી લૂટવા પડયા.

બીજી સંહવારે રૂસ્તમે એકવાર ફરીને અફ્રાસિયાબની પુઠ પકડી, અને તે બાબેની ખબર પડતાંજ તે શાહ પોતાનું સરીર છોડીને લશ્કર સાથે ચીનના દરિયા તરફ નાઠો. આ દરિયા પસાર કરીને તે જ્યાં જવાય ત્યાં જવા તૈયાર થયો, પણ એજ વખ્તે તેણે પોતાની જોડેજ નાસભાગમાં પહેલા સપેહસાલાર પીરાનને ફરમાવ્યું કે ફરંગીસના બેટાને ત્યાં હાજર કરવો, કારણ કે અફ્રાસિયાબને ધાસ્તી પેઠી હતી કે અગર રૂસ્તમ આ શાહજાદાને પોતાની સાથે ઇરાન લઇ જશે તો ત્યાં તે તાજોતખ્તનો ધણી થશે અને તૂરાન તથા તેના શાહની ખુઆરી કરશે.

શાહજાદો ખુસરૂ

પીરાને સલાહ આપી કે આ જવાનને મારી નાખવો નહિ, પણ ખુતનમાંજ તેને છુપાવી રાખવો. અફ્રાસિયાબને એ સલાહ પસંદ આવી, અને તે મુજબ અમલ કરવાની તાકીદ ફરમાવી, જેથી પીરાને ખુસરૂને તત્કાળ બોલાવી મંગાવ્યો, અને તે આવ્યો છે એવી ખબર મળતાં અફ્રાસિયાબે ફરમાવ્યું કે તેને ચીનના દરિયાથી એટલો દૂર મોકલાવી દેવો કે ઇરાની સરદારોને તેનો કશો પત્તો મળી શકેજ નહિ. આથી પીરાને હવે ખુસરૂને તેની માદર ફરંગીસ જોડે માચીન (યાને આજના ચીન દેશ) તરફ મોકલાવી દીધો.

તૂરાનમાં રૂસ્તમનો અમલ.

હવે રૂસ્તમે અફ્રાસિયાબની પૂઠ પકડીને ખતા, ખુતન અને ચીનની સરહદ ઉપરના સઘળા મુલુક હાથ કર્યા, અને એ રીતે પોતે તૂરાનના શાહનાં તખ્ત ઉપર બેઠો. અફ્રાસિયાબના મહેલમાં ખજાનાની શોધ ચલાવી અને લોકોએ જ્યાંજ્યાં જે કાંઇ છુપાવેલું હતું તે બતાવી આપ્યું. ગુલામ, ઘોડા, ઝવેરાત, તાજોતખ્ત, પોશાક, રેશમી અને જરબફતના તાકા, વગેરે પુષ્કળ દોલત ગંગ (કંધ) પાયતખ્ત ખાંનેથી મળી આવી,

જેથી ઇરાની સિપાહીઓ દોલતમંદ બની ગયા. રૂસ્તમે ચાચની હાકમી તુસને આપી અને ફરમાવ્યું કે જેઓ બળવો ઉઠાવે તેમનાં સર તનથી જુદાં કરવાં, પણ જેઓ દાના અને સુલેહને ચાહનારા હોય તેમને આબાદ કરવા. બીજા હાથ ઉપર રૂસ્તમે દાના ગુદર્જને સુગ્ધ અને સિપંજાબની પાદશાહી આપી, અને કેટલીક સલાહ આપી ફરમાવ્યું કે સિપંજાબથી ગુદજર્યુંન નદી સુધીનો મુલક તારા કાબુમાં રહેશે. આ બન્ને સરદારોને તેમના મોટા ઓધ્ધાને બરના ખિલાઅત બક્ષીશ કર્યા, અને તેજ રીતે શાહજાદા ફરીબુર્જને પણ કેટલીક ઉમદા ચીજો ભેટ આપીને કહ્યું કે સિયાવુશ તારો ભાઇ હતો માટે તેનો કીનો અફ્રાસિયાબ ઉપર લેવાનો વિચાર તું કદાબી મનમાંથી દૂર કરતો ના.

જ્યારે ચીનમાં વાત ચાલી કે જેહાંપેહલવાન રૂસ્તમ તૂરાનનો પાદશાહ થયો છે, ત્યારે ત્યાંના લોકો દીનાર અને ઝવેરનું નજરાનું લાવ્યા, અને પોતાની તાબેદારી તથા ફરમાંબરદારી બતાવવા લાગ્યા. રૂસ્તમે તેમને અમાનત બક્ષી, અને પોતે શિકારમાં ગમત મેળવવા લાગ્યો.

ઇરાની જુલ્મ.

એક દહાડે જવારેહ ગોરખરનો શિકાર કરવા ગયો ત્યારે એકાએક એક એવી જગાએ આવી લાગ્યો કે જ્યાંથી તેને આગળ વધવા કે પાછું હટવા ગમ્યુંજ નહિ. એ જગામાં જીવને તાજગી મળતી, અને ત્યાં ખુશબો પંથરાઇ રહેતી, અને ઝરાઓ વહેતા જણાતા. તેની સાથે ભોમિયા દાખલ એક તૂરાની હતો તેણે ખુલાસો કીધો કે મર્હુમ શાહજાદા સિયાવુશની આ શિકારગાહ હતી, અને આખા તૂરાનમાં તે આ જગાને સૌથી વધારે પસંદ કરતો, તથા અહીંજ તે સદા ખુશહાલ રહેતો.

આ સખુનોથી જવારેહનાં દિલમાં પાછો કીનો પ્રગટી નીકળ્યો, અને તેની સલાહ ઉપર-થી રૂસ્તમે મોજમજાહ છોડી દઇને પાછી કીનાની આગ ચાલુ કીધી. ગામો અને શેહરો ઉજાડ કરવા માંડયાં, રહેવાસીઓની કતલ ચાલી, અને તૂરાનથી સકલાબ અને રૂમ સુધીનો મુલક ખરાબ થયો. જવાન કે જૈફ સર્વ લોકોનાં ડોકાં ઉડવા લાગ્યાં, અને ઓરતો તથા બચ્ચાંને ગુલામ કીધાં. આ રીતનો જુલ્મ એક હજાર ફર્સંગ સુધીના વિસ્તાર ઉપર ચાલ્યો. અંતે જેઓ ખાન્દાની અને દાના હતા તેઓ તાબેદારી કબૂલ રાખવા પોતાને માથે ધુળ લઇને રૂસ્તમની આગળ મિનતગુજારી કરવા આવ્યા, અફ્રાસિયાબનાં બુરાં કામો તરફ ધિક્કાર વરસાવવા લાગ્યા, અને નિર્દોષ માણસોની કતલ નહિ કરવાની અર્જ ગુજારવા લાગ્યા.

આથી રૂસ્તમનું દિલ પિગળ્યું. તેણે સઘળાં લશ્કરોને ખરાબી કરતાં અટકાવીને કાચાર બાશી ખાતે બોલાવી લીધાં, અને પોતાને તૂરાનનાં તખ્ત ઉપર બેઠાને છ વર્ષ થઇ ચુક્યાં હતાં, માટે એક દાના ધર્મગુરૂની સલાહ માનીને રૂસ્તમે હવે ઇરાન પાછા ફરવાનો મનસુબો રાખ્યો. સર્વ સરદારો અને સિપાહો પોતાથી લેવાયો એટલો અસ્બાબ અને ખજાનો લઇને ઇરાન તરફ કુચ કરી ચાલ્યા. રૂસ્તમ અને તેના ખાન્દાનીઓ અને લશ્કરીઓ પાધરા જાબુલ તરફ ચાલ્યા, અને ગુદર્જ તથા તુસ વગેરે પાર્સ ખાતે કાઉસ શાહને જઇ મળ્યા. આ રીતે શાહજાદા સિયાવુશના કીનામાં રૂસ્તમે ઉઠાવેલાં જંગનું શેવટ આવ્યું.

ઈરાનમાં અંધાધુંધી.

આનો શો સબબ? રૂસ્તમ અને ઇરાનીઓને તૂરાનમાં જાહોજલાલી ભોગવવાનું પડતું નાખીને ઇરાન દોડયા જવાનો શો સબબ? રૂસ્તમે સાત વર્ષ સુધી તૂરાનમાં અમલ ચલાવ્યો તો એટલી મુદતમાં તેણે તૂરાનને ઇરાન સાથે જોડી કાં નહિ દીધું? જ્યારે સખ્ત હાથે તેણે

તુરાની પ્રજાને દાબી દઇ પોતાની તાબેદાર બનાવી હતી ત્યારે તો તૂરાની મુલ્ક લગભગ તાબે થઇ ચુકેલોજ ગણવો જોઇયે. છતાં તેને પડતો નાખી ચાલી જવાનું શું કારણ? વળી ગુદર્જ અને તૂસને રૂસ્તમે તૂરાની ઇલાકાઓ વહેંચી આપ્યા હતા તો તે પાદશાહો ત્યાં રાજ્ય ચલાવવાને માટે રહ્યા કાં નહિ? તેઓને તૂરાન છોડી જવાનો તો કશો સબબ ન હતો.

બે સબબથી આવો મામલો બનવો જોઇયે. પહેલો એ કે ઇરાનમાં અંધાધુંધી ચાલી હોય; અને બીજો એ કે અફ્રાસિયાબે મોટું લશ્કર જમા કરીને ઇરાનીઓને તૂરાનમાંથી મારી કહાડ્યા હોય. રૂસ્તમના ગયા પછી તુરાનનો પાછો કબ્જો લઇને અફ્રાસિયાબ ઇરાન ઉપર હુમલો લઇ ગયો હતો અને ત્યાં ઘણી ખરાબી પાંથરી હતી. એ બિના ઉપરથી એમજ લાગે છે કે ઇરાનમાં જે ઘણી પાદશાહ હશે તેની આખર આવી હશે, અને તેથી ઇરાનીઓને તૂરાન છોડી જવું પડ્યું હશે; અને તેમની આ નબળી સ્થિતિનો લાભ લઇને અફ્રાસિયાબે ઇરાનમાં ખરાબી કીધી હશે. ખરી તવારીખની ગેરહાજરીમાં ઉપલા બનાવો ધ્યાનમાં લેતાં આપણને આ અનુમાન ઉપર આવવું પડે છે. અલબત શાહ કય કાઉસનો અમલ હજી સુધી ચાલુ હતો એમ શાહનામા અને પેહલવી કેતાબો જણાવે છે. પણ તેની ૧૫૦ વર્ષની પાદશાહીની લાંબી મુદતમાં બીજા અનેક "કવી" યાને કયાની નૂર ધરાવનારા પાદશાહો થઇ ગયલા અવસ્તા-વાણી ઉપરથી જાહેર થાય છે, જે બાબે આગળા સફાઓમાં આપણે લંબાણ ખુલાસો જોયો છે.

ફસલ ૩–શાહજાદાની શોધખોળ.

ગુદર્જનો ખાબ.

દાના ગુદર્જ, કેજે પ્રખ્યાત કાવે આહંગરનો નબીરો હતો અને કયાની દરબારમાં ઘણું માન મેળવતો હતો, તેણે એક રાત્રે એવો ખુઆબ દિઠો કે ગોયા ઇરાનને માથે આકાશમાં પાણી-થી ભરપૂર એક વાદળી ચહડી આવી છે, જેના ઉપર સરોષ ઇજદ સ્વાર થયલો છે, અને જેણે ગુદર્જને આ રીતે બશારત આપી કે—આ ઘાતકી તૂરાની અઝદહાથી તું છુટકારો પામવાનો હોય તો મારી વાત સાંભળ. તૂરાનમાં હાલ એક જવાન ઇરાની શાંહજાદો નામે ખુસરૂ વસે છે: તે સિયાવુશનો બેટો છે, અને શાહ કય કોબાદનાં નામીચાં ખાન્દાનનો નબીરો છે. માદર તરફથી તે તૂરનાં ખાન્દાનનો છે. જ્યારે તેનું બખ્તાવર કદમ ઇરાનમાં આવશે ત્યારેજ તેની પુર ઉમેદ બર આવશે, અને ત્યારેજ તે પોતાના બાપનું વેર લેવાની કમર બાંધશે અને તૂરાનની પાદશા-હતને ધુળ બરાબર કરશે, અને દરિયાનાં પાણીને ઉકળતાં બનાવશે, અને અફ્રાસિયાબ ઉપર કીનો લેવાનાં કામમાં રાત દહાડો મશગુલ રહીને આખું વર્ષ બખ્તર પહેરેલુંજ રાખશે. આ શાહજાદાને ઇરાની પેહલવાનો અને સરદારોમાંથી ગીવ સિ-વાય બીજો કોઇ શોધી કહાડી શકશે નહિ.

ગુદર્જ જાગી ઉઠ્યો અને પોતાની સફેદ દહાડી જમીન ઉપર મુકીને ખુદાતાલાનો ઉપકાર માન્યો, અને હક્ત કેશ્વર જમીન ઉપર અમલ ચલાવનાર એક શાહ મેળવવા માટે તેની છાતીમાં મોટી ઉમેદ પેદા થઇ.[1] બીજે દિને તેણે પોતાના બેટા ગીવને બોલાવીને પોતાના ખુઆબની બિનાથી જાણીતો કીધો, અને કહ્યું કે—સંકટ, મહેનત અને ગિરફતારીમાંથી ઇરાનને છોડવવા

૧—આ વેળા શાહ કાઉસનો અમલ હતો એમ આપણે જાણિયે છિયે; પણ રૂસ્તમ તુરાન છોડી આવ્યો, ત્યાં અમલ ચલાવનારાઓ પોત પોતાના મુલ્ક પડતા નાખી ઇરાન ગયા, અફ્રાસિયાબે ઇરાનમાં નાશ પાંથરી નાખ્યો અને પ્રજાની ખરાબી થઈ:—એ બધા બનાવો બતાવે છે અને તેને ઉપલી ઉમેદથી ટેકો મળે છે કે ઇરાનમાં આ વેળા કોઇ શાહ હરગેજ નહિ હોય તો તે કય કાઉસ નહિ પણ કોઈ બીજોજ નબળો શાહ હશે.

માટે યજદાંએ તને નિર્માણ કીધો છે. તું નામ કહાડવા માટે જંગમાં લડયો છે; પણ આજે હમેશગીની વખાણ મેળવાની તક તારા હાથમાં છે. અલબત તને મુસીબત તો વેઠવીજ પડશે, પણ કિર્તિ અને દોલત સાથની એ મુસિબત છે. આ પાંચ દહાડાની દુનિયામાં તું કાંઇ સદા જીવતો રહેવાનો નથી, માટે આ કીર્તિ મેળવવાં તું તૈયાર થા; જેહાનના શાહને શોધી કહાડ અને તેનાં મુબારક કદમ ઇરાનમાં લાવીને તમામ રૈયતનાં દુખોનું શેવટ આણ.

ખુસરૂની શોધમાં.

ગીવે પોતાના બાપનો સખુન માથે ચઢાવ્યો. તે પોતાને મકાને ગયો. તેની બાનું ખાન્દાની હતી. તે નામના ઉઠાવનારા જેહાં પેહલવાન રૂસ્તમની વ્હાલી બેટી બાનુ ગુશસ્પ હતી. પોતાનો ખાવંદ મોટાં કામમાં ઝીપલાવવા માટેની તૈયારી કરે છે એવી ખબર મળતાંજ તેણી તેને જઇ મળી, અને બોલી કે—હે નામની શોધમાં નીકળનારા સરદાર, મેં સાંભળ્યું છે કે તું શાહજાદા ખુસરૂને શોધી કહાડવા માટે તૂરાન જાય છે. એટલામાટે તારી રજા હોય તો હું મારે મહીરે જાઉં, કારણકે મારા પિતાજીનો ચેહરો જોવાની મને ઘણી ખાહેશ છે. ગીવે રજા આપી, અને તેઓ બન્ને મળી ભેટીને છુટાં પડયાં.

ગીવ પોતાની તૈયારી કરીને શાહજાદા ખુસરૂની શોધમાં જવા માટે ગુદર્જની પરવાનગી લેવા ગયો ત્યારે તેણે જાણવા માંગ્યું કે તેની જોડે કોણકોણ સોહબતીઓ છે. પણ ગીવે કહ્યું કે—મારા ઘોડા અને મારી કમંદ સિવાય બીજા કોઇ સાથી નથી. જો માણસોને મારી સાથે લઇ જાઉં તો શક પેદા થાય. માટે તલવાર અને હિંદી બખ્તર સિવાય બીજું કાંઇ મારે જોઇયે નહિ. મેદાન અને પહાડ હવે મારૂં મકાન થશે, શેહરોમાંથી હું મારો રસ્તો લઇશ નહિ, કારણ કે તેમ કરૂં તો હું ઓળખાઇ આવું. મારા નાના બેટા બીઝનની તું સંભાળ લેજે. તેને લડાઇનો હુનર શીખવજે. મારે માટે કશી ચિંતા કરશો ના. ફરીથી આપણ મળીશું કે નહિ તે તો સાહેબ જાણે. તમો બંદગી કરો ત્યારે મારે માટે દુઆ ગુજારજો.

ગીવની રખડ.

ગુદર્જે પોતાના જવાન અને બહાદુર બેટા સાથ જોશભરી બગલગીરી કીધી અને ખુદાને આસરે ગીવને આપ્યો. ગીવ હવે એકલો સવાર થઇ આગળ વધ્યો, તૂરાનમાં દાખલ થયો અને ખુસરૂ બાબે સાવચેતીથી પરપુછ કરવા લાગ્યો. પોતાના ભોમિયાથી પોતાની મતલબ જણાઇ જશે અને પોતે મુશ્કેલીમાં આવી પડશે એવું જણાતું તો ગીવ તે બાપડાને બેજાન કરતો. આ રીતે તૂરાનમાં જંગલે જંગલ અને પહાડો તથા બિયાબાનોમાં ભટકતાં અને પરપુછ કરતાં સાત વર્ષની મુદત ગુજરી ગઇ. તે ગોરખરનો શિકાર કરી ખાતો અને તેમનાંજ ચામડાંનાં વસ્ત્રો પહેરતો. કોઇ વાર તો ઝાડના પાલા અને ખારાં પાણી ઉપર સબુરી એખ્તિયાર કરતો. વારંવાર તે પાછા ફરવાનો ઇરાદો કરતો, પણ નામુસીથી ડરીને આગળ વધતો.

હવે જ્યારે રૂસ્તમ તૂરાન છોડીને ઇરાન આવ્યો અને અફ્રાસિયાબ પોતાનાં પાયતખ્ત ગંગ ખાતે પાછો ફર્યો અને પીરાન મારફતે ખુસરૂ શાહજાદાને માહ ચીનથી બોલાવીને તેની માદરને સોંપી આપ્યો ત્યાર પછી કેટલીક મુદત પસાર થયા બાદ એક દિને ગીવ ભટકતો ભટકતો એક સુંદર લીલોતરીવાળાં જંગલમાં જઇ લાગ્યો, જ્યાં ઝરા વહેતા હતા અને સઘળો દેખાવ આસાયશ અને ઉંઘને આવકાર દે એવો હતો. અહીં ગીવ પોતાના ઘોડાને છુટો મુકી પોતે આરામ લેવા સુતો. તેને વિચાર આવતા કે—મારા કોઇ સાથી ઓ લડાઇમાં નામ કહાડતા હશે, કોઇ મોજમજાહ કરતા હશે, અને હું તો વર્ષો થયાં કોઇ કલ્પિત શાહજાદાની શોધમાં ભટકું છું.

મારા બાપને ખુઆબમાં દેખાવ દેનાર કોઇ હારેમન હોવો જોઇયે, 'અને ખુસરૂ જેવો શાહજાદો કોઇ પેદા • થયોજ નહિ હશે, યા થયો હોય તો કયાંનો કયાં ખુઆર થઇ ગયો હશે. આવાં એક કામમાં વર્ષો ગુમાવ્યા કરતાં તો જેહરથી મરવું બેહતર ગણાય.

કય ખુસરૂનો પત્તો.

આવા આવા વિચારો કરતો ગીવ તે તરીતાજગી ભરેલાં જંગલમાં ભટકતો હતો એટલામાં તેણે એક દિને એક ઝરાને કિનારે એક નંવજવાનને ઉભેલો દીઠો, કેજે સર્વ જેવાં સીધાં કદનો અને ખુબસુરત ચેહરાનો હતો, અને જેણે હાથમાં જામ પકડેલી હતી. વળી તેનાં માથાં ઉપર સુગંધી ફુલપાનનો હાર પહેરેલો હતો. તેનો દેખાવ ડહાપણ અને ખુબી ભરેલો લાગતો હતો.[1]

ગીવને લાગ્યું કે જેની શોધમાં નીકળ્યો છું તેજ શાહજાદો આ તો નહિ હોય ? આમ અંદેશો કરતો તે આગળ વધ્યો. પેલા જવાને તેને દીઠો અને જોતાંજ મનથી હરખાયો. તે સમજી ગયો કે—આ તો પેહલવાન ગીવ છે. એ મને શોધવા અને ઇરાનનું તખ્ત અપાવવા આવ્યો છે.

જેવો ગીવ નજદીક આવી લાગ્યો કે પેલો જવાન જે કોઇજ નહિ પણ શાહજાદો ખુસરૂજ હતો—અને તે કયાની ખાન્દાનનો હતો માટે તેને હવેથી આમણુ કયખુસરોને નામેજ ઓળખીશું—તેણે તેનું નામ દઇને તેને આવકાર દીધો અને તે શી રીતે તે જગાએ આવી શકયો તે બાબેની હકીકત પુછી, તથા વળી શાહ કાઉસ અને પેહલવાન ગુદર્જ અને શાહજાદા તૂસની ખબર અંતર જાણવા માંગી, તેમજ પીલતન રૂસ્તમ અને જાલેજર તથા બીજાઓ વિષે જાણવા માંગ્યું.

ગીવની હવે પુરી ખાતરી થઇ. તેણે પાક પરવરદેગારનું નામ જબાન ઉપર ધર્યું, અને તેનો ઉપકાર માન્યો. તેણે જવાબ આપ્યો કે— અય મુબારક ચેહરાના જવાન, હું ધારૂં છું કે તું શિયાવુશ શાહનો બેટો છે અને કયાની ખાન્દાનનો નબીરો છે. તારા આવી પુગવાની સઘળાઓ વાટ જુએ છે. પણ તું મને કહે કે તું તે સઘળાઓને શી રીતે ઓળખે છે ?

કય ખુસરૂએ જવાબ આપ્યો કે—મારા બાપના મહેલનાં તસ્વીરખાનામાં ઇરાની તૂરાની સરદારોની તસ્વીરો છે અને તેઓ બાબે મારી માદરે મને સઘળી વાતોથી વાકેફ કરેલો છે.

ગીવે જાણવા માંગ્યું કે—જો તું કયાની ખાન્દાનનો હશે તો તારા બાપને હતી તેવી નિશાની તારી બાજુ ઉપર હોવી જોઇયે. માટે ખોલ તારી બાજુ અને દેખાડ મને તે નિશાન. તે નિશાન સર્વને જાણીતી છે.

શાહજાદાએ બાજુ ખુલ્લી કરીને તે ઉપરનો કાળો તલ બતાવ્યો,[2] જે જોઇ ગીવે કુર્નસ બજાવી, અને પોતે શા માટે આવ્યો છે, અને કેટલો રખડયો છે, તે સર્વ બિનાથી શાહજાદાને વાકેફ કીધો. ખુસરૂએ તેની સાથ બગલગીરી કીધી, અને પછી વાતો કરતા તેઓ જંગલમાંથી બાહેર નીકળ્યા. શાહજાદો ગીવના ઘોડા ઉપર સવાર થયો, અને તે પેહલવાન પોતાની ખાંધે

૧—એટકિન્સન મુજબ ગીવને માર્ગમાં કય ખુસરૂની શોધ કરવા માટે પીરાને મોકલેલા થોડાક તૂરાની સવારો મલ્યા હતા, જેઓ કઈ તરફ વળાણુ લે છે તે પોતે જાણી લઇને ગીવ તેમની આગમજ તે જગા ઉપર જઈ પુગ્યો અને શાહજાદાને જઈ મળ્યો હતો, અને તેની જોડે તે ત્યાંથી નીકળી ગયા પછીજ પીરાનના સવારો ખુસરૂને રાખેલી છુપી જગાએ જઈ પુગ્યા હતા, અને તેને ત્યાં નહિ જોઇને પાછા ફર્યા હતા.

૨—શાયર લખે છે કે આ તલની નિશાની કય કોબાદથી તે શાહનાં ખાન્દાનમાં ચાલુ હતી. પાછળી લવારીખોમાં મોટાં ખાનદાનના નબીરાઓ એવીજ ચોક્કસ નિશાનીઓથી ઓળખાતા જણાયલા છે.

હિંદી તલવાર ઉઠાવીને તેની આગળ આગળ દોડવા લાગ્યો. તેઓ સિયાવુશગર્દ ખાતે જઇ પુગ્યા, અને ત્યાં સર્વ વાતોથી રાણી ફરંગીસને વાકેફ કીધી, અને એમ ઠરાવ્યું કે કોઇ નહિ જાણે તેમ અહીંથી ઇરાન તરફ નીકળી જવું. પછી સિયાવુશે પોતાના બેહજાદ નામના જે કાળા ઘોડાને છોડી મુકયો હતો તેને ગીવે પાછો મેળવી આપ્યાથી શાહજાદો તે ઉપર સવાર થઇ તેને પોતાને મકાને લઇ આવ્યો. પછી ફરંગીસે સિયાવુશનો છુપાવેલો ખજાનો પોતાના બેટા અને ગીવને બતાવ્યો, જેમાંથી તે સરદારે સિયાવુશનું બખ્તર પોતાને માટે પસંદ કીધું, અને કેટલીક દોલત લઇને તેઓ છુપાછુપ ઇરાન તરફ ચાલ્યાં.

ઇરાન તરફ કુચ.

પણ આ વાત છુપી રહી નહિ. ગીવ આવીને ખુસરૂ તથા ફરંગીસને ઇરાન લઇ ચાલ્યો છે એની ખબર વજીર પીરાનને પડતાંજ તેને લાગ્યું કે શાહ અફ્રાસિયાબે જોયલો સ્વપ્નો ખરો પડવાનો વખ્ત હવે આવી પુગ્યો છે, અને હવે માઠું આવી બન્યું છે.

તેણે કુલ્બાદ અને નસ્તીહન નામના સરદારોને ૩૦૦ સવારો સાથ કય ખુસરૂની પુઠે દોડાવ્યા. તેઓએ જ્યારે શાહજાદાને બલ્ધારની પડોશમાં પકડી પાડયો ત્યારે તેણે અને તેની માદરે આરામ કીધેલો હતો, અને ગીવ તેમની ચોકી કરતો હતો. તેણે શત્રુઓને આવેલા જોયા, જે ઉપરથી તે એકલોજ બેહજાદ ઉપર સવાર થઇ તેમની સામે લડવા ગયો અને તેમને નામુરાદ કરીને પાછા નસાડવામાં ફતેહ પામ્યો. લોહીથી ખરાબ થઇ ગયલા હાથ અને છાતી સાથે તે કય ખુસરૂને જઇ મળ્યો અને તેને સર્વ વાતે વાકેફ કીધો.

પેલી તરફથી કુલ્બાદ અને નસ્તીહનને નાસી આવેલા જાણી પીરાને તેમના ઉપર બારી ખફગી બતાવી, અને પછી પોતે ૬૦૦૦ સવારો લઇને કય ખુસરૂની પુઠ પકડી. આ વેળા ગુલ્જર્યુન નામની નદીને કાંઠે ગીવ અને ખુસરૂ સુતેલા હતા અને રાણી ફરંગીસ ચોકી કરતી બેઠી હતી. તેણીએ તૂરાની લશ્કરને બીજી મરતબે મોટી સંખ્યામાં આવેલું જોઈ ગીવને જગાડયો, જેણે તેણીને ધીરજ આપીને કહ્યું કે ખુસરૂને લઇ સામેના પહાડ ઉપર જઇ થોબવું. કય ખુસરૂએ પોતે આ લડાઇમાં ઉતરવા માંગ્યું, પણ ગીવે તેને કહ્યું કે—મારો ધંધોજ લડાઇનો છે. અમો ઇરાનના શાહની સેવામાં કમર બાંધતા આવેલા છિયે. મારા ૭૮ ભાઇઓ છે. પેહલવાનો તો ઘણા છે, પણ શાહ થોડા છે—બલકે કોઇજ નથી. જો હું માર્યો જઇશ તો મારી જગા લેનારા ઘણા મળી આવશે; પણ તું માર્યો જશે તો પછી બીજો શાહ કયાંથી મળનાર છે?"

ગીવની જવાંમર્દી.

હવે પીરાનનું લશ્કર નદીની પેલી પારે આવી લાગ્યું, ત્યારે તેની આ પારે ગીવ એકલો તેને નદી પસાર કરી આગળ વધતું અટકાવવા ઉભો. ગીવે પુકાર મારી તૂરાનીઓને ડરાવવા માંગ્યા; પીરાને તેને ધમકીના સખુનોથી ડરાવવા માંગ્યો. બન્ને વચ્ચે દૂરથીજ પ્રથમ સખુનોની લડાઇ ચાલી. પીરાને તેને ગાળો બાંડીને પોતાનાં હજારો માણસોથી ઘેરી લેવાની ધમકી આપી, ત્યારે ગીવે તેને યાદ આપી કે તારી એક બહેન તથા એક ઓરતને તારી છાવણીમાંથી કેદ પકડી જનાર હું ગીવ હતો તે ભૂલી ગયો કે? અને આજે એકલે હાથે હું શાહજાદા ખુસરૂને ઇરાન લઈ જાઉં છું, જે વિષેનું ગાણું હવે લાયક સરદારો ગાઇને તમો તૂરાનીઓની ફજીહતી કરશે. વળી તેહમતન રૂસ્તમની લડાઇના હુનરમાં પંકાયલી વડી બેટી બાનુ ગુશસ્પ, જેનો હાથ મેળવવાને ફગફુર અને કયસર અને ખાકાને ચીન, તેમજ ઇરાનના નામીચા પેહલવાનો અને કાઉસ શાહના નજદીકના ખેશીઓ, તથા વળી શાહજાદો

રૂસ પણ ઉમેદવાર થયા હતા. પણ તે સઘળાઓનો તિરસ્કાર કરીને તુશ્રા તેમને નાલાયક ગણીને જેહાં પેહલવાને જ્યારે દુનિયામાં બીજો કોઈબી લાયક નર નહિંજ જોયો ત્યારે પોતાની તે વહાલી બેટી મને એનાયત કીધી હતી, જેથી મારૂં સર ગોયા આસમાન સાથ લાગ્યું હતું.[1] કેસ્વાદના બેટા ગુદર્જનો બેટો ગીવ તે હું છું. મારી હિંદી શમ્શીર વડે હું તારૂં સર કાપીશ, અને મારી પેચદાર કમંદમાં તને કેદી બનાવીશ.

પીરાન ગુસ્સે થઇને નદી ઓળંગી ગીવ હતો તે કિનારા ઉપર આવ્યો ત્યાં સુધી તે ઇરાની પેહલવાને તેને આવવા દીધો, અને પછી ગોયા તૂરાની સપેહસાલારથી પોતે બીધો હોય તેમ પોતાની જગા છોડીને નાસી ગયો. પીરાન આથી રાજી થઇ તેની પુઠે દોડયો, પણ આ રીતે પીરાનને પોતાનાં લશ્કરથી છુટો પડીને એકલો કિનારે આવેલો જોઇને ગીવ પાછો ફર્યો અને તેની સામો થયો. બન્ને વચ્ચે લડાઇ ચાલી, જેમાં પીરાનને નાસવું પડયું. પણ ગીવે તેની કમંદ ખેંચી લઇ તે તૂરાની સપેહસાલારનાં ગળામાં નાખીને તેને સપડાવ્યો. તેને ઘોડા ઉપરથી ખેંચી જમીન ઉપર પટકયો, અને તેને ખુઆરી સાથે ખેંચતો દૂર લઈ ગયો. અહીં તેણે તેના હાથ બાંધ્યા, તેનું બખ્તર પોતે પહેરી લીધું, અને પીરાનને ત્યાંજ લાચાર હાલતમાં પડતો નાખીને પોતે તેનો તૂરાનનો વાવટો લઇ નદી તરફ પાછો સવાર થઇ ચાલ્યો.

પેલી તરફથી જ્યારે તૂરાની લશ્કરે પોતાના સપેહસાલારનો વાવટો દીઠો ત્યારે તેઓ તેને સામા મળવા આવ્યા. પણ ગીવે હવે તેઓ ઉપર પોતાનો ગુર્જ ઉઠાવી તેમને જમીનદોસ્ત કરવા માંડયા, જેથી ભયભિત થઇ તેઓ નાસભાગમાં પડયા. તેમને આ રીતે ખુઆરી સાથ નસાડયા પછી ગીવ જ્યાં પીરાન હતો ત્યાં પાછો આવ્યો અને તેનું સર કાપવા આગમજ તેને શાહજાદા કયખુસરૂ આગળ ઘણીએક બેઇજ્જતી સાથ ખેંચી લઇ ગયો, અને જણાવ્યું કે—આ ધણીના સખુનો ઉપર વિશ્વાસ લાવીને શાહ સિયાવુશે પોતાનો જાન ખોયો હતો માટે તેના કીનામાં તું એનો જાન લે તો વાજબી છે.

પીરાનનો છુટકારો.

ગીવે આ સખુનો કહ્યા આગમજ શાહજાદા આગળ કુર્નસ બજાવી, અને તેજ વખતે પીરાને પણ પોતાના આ એક વેળાંના માનિતા શાહજાદાને તેના દરજ્જાને લાયકનો નમસ્કાર કીધો, અને પછી રડી પડીને જીવતદાન માગ્યું. તે બોલ્યો કે—અય નામવર શાહજાદા, મારી મુશ્કેલી, મારૂં સંકટ, અને તારે કાજે તૂરાનના શાહ સાથ હું કેવી તદબીર લડાવું છું, તે તું સારી પેઠે જાણે છે. જો હું તૂરાની દરબારમાં હાજર હોત તો ભલો સિયાવુશ આજે હયાત હોત. છતાં મેં તદબીર અને યુક્તિથી તને અને તારી માદરને અફ્રાસિયાબના સપાટામાંથી સલામત બચાવ્યાં છે. એટલામાટે આ નરે અજદહાના પંજામાંથી તું મને છોડવ.

પીરાનની આ કાકલુદી છતાં ગીવને તે શાહજાદા તરફનો હુકમ જોતો હતો. પણ રાણી ફરંગીસની આંખમાં પીરાનનો આ હાલ જોઇને આંસુ આવી ગયાં. તેણીએ ગીવને અર્જ કીધી કે—ખુદા સિવાય અમોને મોતમાંથી બચાવનાર આજ ડાહ્યો વજીર છે. અમારી તરફની મોહબતની ખાતર તેણે અમને કશી ઇજા થવા દીધી નથી. તે ઉપકારનો આજે એ બદલો માંગે છે, માટે એને તું અમોને બક્ષી દે.

ગીવે ઉતર વાળ્યો કે—મેં તો માહતાબના અને શાહનાં તાજોતખ્તના કસમ લીધા છે કે પીરાનને જો લડાઇમાં હું પકડું તો તેનાં ખૂનથી જમીનને લાલ બનાવ્યાં વિના રહું નહિ-

૧–પોતે રૂસ્તમનો જમાઇ હોવા છતાં ગીવે પોતાની બહેન શેહરબાનુ ઇરમને રૂસ્તમ સાથ શાદીમાં આપી હતી, એમ શાયરે જણાવી જાય છે. કોઇ કહે છે કે તે તેની પીત્રાઇ બહેન હતી.

આના જવાબમાં ખુસરૂએ કહ્યું કે—જ્યારે એમજ છે તો તું પીરાનનો કાન વિંધીને તેમાંથી ટપકતું લોહીનું ટીપું જમીન ઉપર નાખ, કે જેથી તારા કસમ મિથ્યા જાય નહિ.

ગીવે જ્યારે શાહજાદાનેબી પીરાનની તરફદારી કરતો દીઠો, કે જેની આંખમાં પણ પીરાનને માટે આંસુ આવ્યાં હતાં, ત્યારે તેણે પીરાનનો કાન વિંધીને સંતોષ પકડ્યો. પીરાને પોતાનો પવનના જેવી ઝડપ ધરાવનાર ઘોડો પાછો માંગ્યો ત્યારે ગીવે શર્ત કીધી કે—હું તારા હાથ બાંધું અને તે તારી બાનુ ગુલશેહર પોતેજ છોડે, એવી જો તું કબૂલત આપે અને કસમ ખાય તોજ તારો ઘોડો પાછો હવાલે કરૂં.

પીરાને આ કમીના શર્તે પોતાનો અસ્પ પાછો મેળવ્યો, અને એ પછી ફરંગીસ તથા ખુસરૂ સાથ ભેટીને તથા તેઓ તેમજ ગીવને આશિષ દઇને તે ત્યાંથી નીકળી ગયો.

ખુસરૂને પકડવા અફ્રાસિયાબની ઇંતેજારી.

પેલી તરફથી જ્યારે અફ્રાસિયાબને તૂરાની લશ્કરની પહેલી શિકસ્તની ખબર પડી ત્યારે તે પોતે ઝડપથી લશ્કર લઇ જ્યાં કુલ્બાદે ગીવના હાથ ઉપર પ્રથમ માર ખાધો હતો ત્યાં આવી પુગ્યો. સંખ્યાબંધ તૂરાનીઓને ત્યાં મુવેલા પડેલા જોઇને તેને એમ લાગ્યું કે—ગીવ ઇરાનથી લશ્કર લઇને આવ્યો હશે; અને જો તેમ હોય તો એ લશ્કરની ખબર તૂરાનમાં કેમ પડી નહિ ? પણ સિપેહરમ નામના સરદારે તેની ભૂલ ભાંજીને કહ્યું કે—ઇરાનથી એકલા ગીવ સિવાય બીજું કશું લશ્કર આવ્યું નથી. આ ઉપરથી અફ્રાસિયાબને દાનાઓની નસીહત યાદ આવી કે—જ્યારે ખુદાતાલા પોતાના બંદા ઉપર મેહરબાન થાય છે ત્યારે તેને તખ્ત મેળવતાં કશી મુશ્કેલી નડતી નથી.

આ વાતો ચાલતી હતી એટલામાં પીરાન પોતાનાં લશ્કર સાથ ત્યાં આવી પુગ્યો. તૂરાની શાહનાં દિલમાં ઉમેદ પેદા થઇ કે તેનો સપેહસાલાર પેલા એકલા ઇરાની પેહલવાન ગીવને પકડી લાવ્યો હશે. પણ તેને બદલે જ્યારે તેણે પીરાનના બન્ને હાથો પીઠ પછવાડે બાંધેલા અને તેને જખ્મી થયલો દીઠો ત્યારે દિલગીર અને પશેમાન થઇ આ બનાવનું કારણ પુછ્યું.

પીરાને ગીવની બહાદુરી અને બળની સ્તુતિ કરીને સઘળી બિનાથી અફ્રાસિયાબને વાકેફ કીધો, જેથી શાહનો મિજાજ ગયો. તેણે પીરાનને પોતાની નજર આગળથી દૂર કીધો અને પોતે ફરંગીસ તથા ખુસરૂને ઇરાન જતાં અટકાવી પકડી લાવવા માટે તેમની પુઠ પકડી. એ આગમજ તેણે જીહૂનનાં સઘળાં બંદરો ઉપર ખબર આપી કે ફલાનીચીની નિશાનવાળા ત્રણ મુસાફરો આવે તો તેમને નદી પસાર કરવા કિસ્તી આપવી નહિ.

એક તરફથી પીરાન પોતાના બંધ છોડાવવા પોતાનાં પાયતખ્ત ખુતન ખાતે ગયો, ત્યારે બીજી તરફથી અફ્રાસિયાબ જીહૂનના દરિયા તરફ ચાલ્યો, એવી મતલબથી કે પોતાના શત્રુઓને તૂરાન છોડી ઇરાન નાસી જતાં અટકાવે. તેણે ત્યાં જવા માટે હોમાનને આગમજથી મોકલાવ્યો. પણ તે ત્યાં જઇ પુગે તે આગમજ તો પેલા ત્રણે નામદારો આ દરિયા જેવી મોટી નદી પસાર કરી ગયાં હતાં.

ગીવ જ્યારે બંદર ઉપર જઇ પુગ્યો ત્યારે દર માણુસ દીઠ છાપો લેનારા તૂરાની અમલદારે કિસ્તી આપ્યા આગમજ દામ માંગ્યું. ગીવે ગમે એટલી રકમ આપીને જલદીથી હોડી મુકવાની ઉતાવળ કરવાથી તે અમલદારે માંગણી કીધી કે ગીવનું બખ્તર, કાળો ઘોડો (બેહજાદ) રાણી ફરંગીસ, યા શાહજાદાનું તાજ,—એ ચારમાંથી ગમે તે એક આપે તોજ નદી પસાર કરવા માટે કિસ્તી મળે.

આથી ગીવને ભારી ચીડ ચઢી. પેલા નીચ માણુસની માંગણી મુજબ તેને કશું નહિ આપ-

તાં ગીવે ખુસરૂને કહ્યું કે—અગરજો તું કયનાં ખાન્દાનનો ખુસરૂ છે તો આ મોટી નદી તને માર્ગ આપ્યા વિના રૂહેનાર નથી. જ્યારે ફરીદૂને અર્વંદ નદી પસાર કીધી ત્યારેજ તેને તખ્ત મળ્યું હતું.[1] જો તું શાહ છે તો હવે નદીમાં ઝોંકાવવાની ઢીલ કર ના. તું એક તખ્તને શણગારવા જાય છે માટે આ દરિયા તને તો રસ્તો આપશેજ; પણ જો તારી પૂઠે આવતાં હું અને તારી માદર ડુબી જઇયે તો તું દિલગીર થતો ના. તારેજ માટે હું જીવ્યો છું—મારી માદરે તારેજ વાસ્તે મને જન્મ આપ્યો છે. હવે તું થોભ ના; કારણકે મને પુર યકીન છે કે અફ્રાસિયાબ આપણી પૂઠ પકડયા વિના રહેનાર નથી. તે જો આવી પહોંચશે તો મને સૂળીએ લટકાવી શર્મિન્દગી સાથ ફના કરશે, અને તને તથા તારી માદરને માહીનો શિકાર બનાવશે અથવા ઘોડાના પગ તળે ચંપાવી મારી નાંખશે.

કય ખુસરૂએ ખુદાનું નામ જબાન ઉપર લીધું, અને ગીવની તાકીદ મુજબ પોતાના કાળા બેહજાદ ઘોડાને નદીમાં ઉતાર્યો. તેઓએ તે કિર્તારનો આસરો માંગ્યો અને તે તેમને મળ્યો. બેહજાદની પૂઠે ફરંગીસ અને ગીવના ઘોડા

૧—જ્યારે ફરીદૂન ઇરાનનું રાજ્ય પચાવી બેઠેલા બાબીલોન્યન શાહ ઝહાક સામે લડાઇ લઈ ગયો ત્યારે તેનાં લશ્કરની સરદારી કાવા લુહારે લીધી હતી, જેણે પોતાનાં ચામડાંનાં બખતરનો ઝુંડો બનાવ્યો હતો તે લઇને તે આગળ ચાલતો હતો. ઝહાકનું પાયતખ્ત ગંગે દિઝ્હૂખત ખાતે હતું, કે જે પાછળથી બયત ઉલ મુકદસ યાને પવિત્ર શેહરને નામે ઓળખાતું હતું. ત્યાં જવા માટે માર્ગમાં અર્વંદ નદી આવી હતી, કે જેને અરબો દિજલા કહે છે, અને ઇંગ્રેજીમાં તે ટાઇગ્રીસ અને પાઝંદમાં તીર રૂદ (નદી)ને નામે ઓળખાઇ છે. ફરીદૂને કિશ્તીઓ મંગાવી, પણ બંદરના રખેવાળે તે મોકલી નહિ યા પોતે ફરીદૂને બોલાવ્યા પ્રમાણે આવ્યો નહિ. આથી નહિ ડરતાં જવાન ફરીદૂને એક શાહને છાજે તેવી હિમત પકડીને પોતાનો ગુલાબી રંગનો ઘોડો પાણીમાં ઝોંકાવ્યો, અને તેની પછવાડે તેનાં લશ્કરેબી તેમજ કીધું. તેઓ આ રીતે નદી પસાર કરીને બીજે કાંઠે જઈ પુગ્યા હતા, એમ શાહનામાંમાં જણાવ્યું છે.

આ અર્વંદ નદીનું નામ પેહલવી કેતાબોમાં અરંગ અથવા અરેંગ લખવામાં આવ્યું છે. અવસ્તામાં (વંદીદાદ, આવાં—રશ્નુ-બેહરામ—રામ યશ્ત) રંઘ અથવા રંઘાને નામે જે નદી ઓળખાયલી છે તેજ આ અર્વંદ મનાય છે (વેસ્ટ: બુન્દેહશ: સફે ૭૭, નોટ ૪). પણ વંદીદાદની રંઘા તે વેદની 'રસા' છે, અને આ રસા તે પંજાબની અસલી સાત નદીઓ મધેની એક છે (જુઓ તારીખે શાહાને ઇરાન, દફ્૦ ૧, સફે) માટે અર્વંદ તે રંઘા હોય નહિ. વળી આ નદી 'અરગ' નામે પણ ઓળખાય છે. બુન્દેહશ (પ્ર૦ ૨૦, ફ૦ ૮) મુજબ અરગ નદી અલ્બુર્જ પહાડ ઉપરથી નીકળીને સૂરાકમાં વહે છે, કે જ્યાં તેને 'આમિ' કહે છે; અહીંથી વધીને તે સ્પેતોસના મુલકમાં વહે છે, કે જેને મિસ્ર કહે છે. ત્યાંના લોક આ નદીને 'નિવ' કહે છે.

ડૉ૦ વૅસ્ટ આ ફકરામાંનાં નામોનો ખુલાસો આપે છે તેમ સૂરાક તે સુગ્ધ અથવા સોગ્દિયાનાનો મુલ્ક છે, અને યુસ્ટિ મુજબ સ્પૅટોસ તે ઇજીપ્ટ છે. પાઝંદમાં સ અક્ષર અવસ્તાના ગ જેવો છેઃ માટે સ્પેટોસને બદલે ગ્પેતોસ વંચાય; અથવા આ પાઝંદ સ પેહલવી ઇક અથવા ઇગ્ વંચાય, કે જેથી સ્પેટૉસ અસલમાં ઇક્પેટૉસ થાય. 'આ ગ્પેટૉસ અથવા ઇક્પેટૉસ યુનાનીઓનાં વાંચન મુજબ 'ઇજીપ્ટૉસ'ને મળતું છે. એ રીતે આજનું ઇજીપ્ટ તેમજ મિસર બન્ને બહુ પુરાણાં નામો છે. વળી પાઝંદમાં જે શબ્દ નિવ છે તે પેહલવીમાં નીલ વંચાય છે, અને નીલ તે આજની નાઇલ નદી છે.

હવે અર્વંદ એક ઠેકાણે આમૂ અથવા ઑક્સસ યાને જીહુન તરીકે અને બીજે ઠેકાણે દજલા અને ત્રીજે ઠેકાણે નીલ નદી તરીકે ઓળખાઇ છે, તેનું કારણ શું ? ખાતરીપુર્વક કારણ કુયેથી મળતું નથી; પણ ઝાદસ્પરમના જણાવ્યા પ્રમાણે (પ્ર૦ ૫, ફ૦ ૨૦) અર્વંદ નદી સુર્ય આથમે છે તે દિશાએ અને તેની સાથની વેહ યાને સિંધુ અથવા ઇન્ડસ નદી સૂર્ય ઉગે છે તે દિશાએ વહે છે. આ ઉપરથી એમ અનુમાન થઇ શકે કે આ બન્ને નદીઓ ઇરાની રાજ્યની ઉગમણુ અને આથમણુ સરહદ બતાવનારી નદીઓ હશે; અને ઝાદસ્પરમના જમાનામાં અર્વંદ દજલા તરીકે ઓળખાઇ હશે, કેમકે તે વખતે ઇરાનની ઉગમણુ સરહદ દજલાથી ગણાતી હશે. ફિર્દૂસી પણ અર્વંદને દજલા તરીકે ઓળખાવી જાય છે. પણ બુન્દેહશમાં અરગ (=અર્વંદ)ને આમૂને નામે ઓળખાવીને વળી તેને છેક નીલ સુધી લંબાવે છે, તે ઉપરથી લાગે છે કે ટાઇગ્રીસ જેમ પાછળા વખતમાં ઇરાનની આથમણુ સરહદે હતી તેમ પુરાણા કાળમાં નાઇલ નદી પણ તે વેળાની ઇરાની શાહાનશાહતની આથમણે આવેલી હતી, અને તેથી આથમણુ ભણીની નદીને સાધારણ રીતે અર્વંદ નામ અપાયું હશે.

ઉતર્યા. તેઓ સઘળા તરતા તરતા નદીને પેલે કાંઠે ઇરાન સરજમીન ઉપર સલામત જઇ પુગ્યા. અહીં તેઓએ હાથ મોં ધોયાં, કય ખુસરૂએ ફરીથી પરવરદેગારની સેતાયશ કરી આભાર માન્યો.

તૂરાની શાહની નામુરાદી.

તૂરાની કાંઠા ઉપર જ્યારે પેલા નાકાંદારે ત્રણુ ઘોડાઓને નદીમાં ઝોંકાવી સલામત આગળ વધતા જોયા, અને બહારની મોસમ વેળા નદીમાં પાણીની ભરતી ભારી હતી તે છતાં તેમને કશી ઇજા થતી નહિ જોઇ ત્યારે તેની અચરતીનો પાર રહ્યો નહિ. તેને ગીવે ખબર આપી હતી કે ખુસરૂ એક શાહજાદો છે, માટે તેણે તેની મારી ચહાવા માટે પોતાની કિસ્તી ઉપર તે સવાર થયો, અને પોતાની તરફનો હદિયો લઇ આગળ વધ્યો. જ્યારે તે સામે કાંઠે જઇ પુગ્યો ત્યારે તેણે આ હદિયો નજર કીધો અને મારી ચાહી. પણ ગીવે તેને ઠપકો દઇ હાંકી કહાડયો અને ધમકી આપી કે એક દહાડો એવો આવશે કે જ્યારે તેં આ નામદાર શાહજાદાને હોડી નથી આપી તે માટે તને પસ્તાવો લાગશે.

નાકાંદાર પોતાના જાનથી હાથ ધોઇને પસ્તાતો અને ખિજવાતો પાછો ફર્યો ત્યારે અફ્રાસિયાબ લશ્કર સાથે ત્યાં આવી પુગ્યો હતો. નાકાદારે સઘળી કેફિયતથી તેને વાકેફ કીધો, જે સાંભળીને તુરાની શાહ ફિક્કો પડી ગયો. તોપણુ તે હિંમત હાર્યો નહિ. તેણે હોડી તૈયાર કરાવી, જેમાં બેસીને પેલે પાર જઇ પેલા ત્રણેની પૂઠ પકડી તેમને પરહેજ કરવાની ઉમેદ બાંધી. પણ હોમાન તેની જોડમાં હતો. તેણે પોતાના શાહને સમજણુ પાડી કે હવે ઇરાનમાં પગ મુકી લડાઇ જગાડવામાં સાર નથી: જીહૂનના ઉત્તર કાંઠાથી ચીન અને માચીન સુધીનો તમામ મુલ્ક તૂરાનને તાબે છે; માટે તેનોજ સંભાળ કરવો બસ છે. હવે ઇરાન લડાઇ લાવે એમ છેજ નહિ.

ખુસરૂ ઇરાનમાં.

આ સખુનો પછી ઘણીએક આનાકાનીથી અફ્રાસિયાબ પાછો ફર્યો, અને ગીવ તથા તેના સાથીઓ ઇરાનમાં દાખલ થઇ આગળ વધ્યાં. તેઓ પ્રથમ જમ શેહરમાં આવી પુગવાની ખબર આશ્કારા કરીને ગીવે નામાં લખી ઇસ્ફહાન ખાતે પોતાના બુજર્ગ બાપને સૌથી પહેલી ખબર આપી ખુશહાલ કીધો. બીજું નામું તેણે શાહ કાઉસ ઉપર લખી તેના નબીરાના આવી પુગવાની વધાઇથી તેને વાકેફ કીધો. ઝડપ ચાલની સાંઢણી આ સંદેશા લઇ પવનની ચાલે દોડી. ગુદર્ઝે સંદેશો વાંચી ખુદા પાકના શુક્ર બજા લાવ્યો. શાહ કાઉસે તો ગીવના સંદેશાવાળાં નામાને હીરામોતીથી વધાવી લીધું, સઘળે ખુશહાલી પથરાઇ. ઘેરેઘર અને શેહરે શેહર રામશની અને રંગરાગ ચાલ્યાં.

જ્યારે ગીવની જવાંમર્દી અને તેનાં કામની ફતેહની ખબર નીમરૂજમાં પથરાઇ ત્યારે તેહમતન રૂસ્તમે ભીખારીઓને સોનાની બક્ષેસ કીધી, અને પછી પોતાની બહાદુર બેટી બાનુ ગુશસપને ઝવેરાત, ખજાનો તથા કીમતી હદિયો આપીને ગીવને મળવા અને આવકાર દેવા રવાના કીધી.

'શાહનો નબીરો કય ખુસરૂ આવે છે'—એવી ખબર દેશના સઘળા ભાગો ખાતે ફરી વળી. નામીચા નરો, દાનાઓ અને સરદારો સઘળા ઇસ્ફહાનમાં શાહજાદાને હર્ષ ભર્યો આવકાર દેવા માટે ભેગા મળ્યા. ગુદર્ઝે તેના ઉતારા માટે પોતાનો મહેલ શણગાર્યો; શેહરમાં શણગાર કરાવ્યો; રમત ગમત માટેની જગા આરાસ્તા કરાવી; અને પછી સઘળા સવાર થઇને ખુસરૂના ઇસ્તેકબાલ માટે શેહરથી ૭૦ ફરસંગ જેટલા સામા ગયા.

તેઓ ગીવ અને શાહજાદાને જોતાંજ પોતાના ઘોડા ઉપરથી ઉતરી પડયા, પાઉં પ્યાદા

સામા ગયા, કુર્નસ બજાવી, ભેટયા અને આવકાર દઇ આશિષ દીધા. ગુદર્જે શાહજાદાને કહ્યું કે—તને જોયાથી મારી જૈફી છતાં મારી જિંદગી લાંબી થઇ છે.

પછી તેણે ગીવ સાથ બગલગીરી કરીને તેની ફતેહને માટે મુબારકબાદી આપી અને કહ્યું કે—બેટા, તું કોઇ ઐયાસી સરદાર નહિ પણ ખરેખરો લડવૈયો છે.

ઇસ્ફહાન ખાતે સઘળાઓએ એક હફતો શાદી રામશનીમાં ગુજાર્યો, અને આઠમે દહાડે સર્વ સવારી પાર્સ ખાતે શાહ કાઉસના મહેલ તરફ ચાલુ થઈ. તેઓ ત્યાં જઇ પુગે તે આગમજ અને ત્યાર પછી ખુશીખુર્રમી સઘળે પથરાઇ ચુકી હતી. શરાબ અને કસ્તુરીની ખુશબો સર્વ ઠેકાણે ફરી વળી હતી. મીઠાઇ અને સોના રૂપાંના સિક્કાના જ્યાં જુઓ ત્યાં નેસાર થતા હતા. શાહ કાઉસે જ્યારે પોતાના નબીરાનો ચેહરો જોયો ત્યારે તેના ગાલ ઉપરથી ખુશહાલીનાં આંસુ વહેતાં જણાયાં. તે પોતાનાં તખ્ત ઉપરથી ઉતરી શાહજાદાની નજદીક ગયો અને તેના ચેહરા તથા ચશ્મ ઉપર બોસ્સા લેવા લાગ્યો. શાહજાદા ખુસરૂએ પોતાના બપાવાની કદમ બુસી કીધી; અને પછી તેઓ બન્ને તખ્ત ઉપર જઇ બેઠા. કાઉસે અફ્રાસિયાબની હકીકત પુછી, અને ખુસરૂએ પોતાની તથા પોતાની માદર ઉપર પડેલી જફાઓનું વર્ણન કીધું, તેમજ ગીવ પેહલવાને એકલે હાથે જે બહાદુરી બતાવી હતી તેનું સવિસ્તર પણ વાસ્તવિક બયાન કહી સંભળાવ્યું.

ગીવનું ઇનામ.

આ સઘળું સાંભળીને શાહના ગાલ ઉપર સુર્ખી ચઢી આવી. તે નામદારે ગીવનું સર પોતાની ગોદમાં દાબ્યું અને તેના ચેહરા ઉપર બોસ્સા લીધા, તથા તેને આગળ કોઇએ આપી નહિ હોય એવી કીમતી ચીજો ઇનામમાં બક્ષી. રેશમી પત્ર ઉપર ખુરાસાન, કુંએ, કુમ અને ઇસ્ફહાનનો પરવાનો તેને લખીને શાહજાદા ખુસરૂને હાથે ગીવને અપાવ્યો, જેથી તે બહાદુર મર્દનું સર આસમાન સાથ લાગ્યું હોય એટલી બધી ખુશહાલી તેને ઉત્પન્ન થઇ. વળી શાહે પોતાની વહુ શાહજાદી ફરંગીસને એક સુંદર અયવાન એનાયત કીધું, અને ત્યાં તેણી સુખથી વસવા લાગી. ફરંગીસે પોતાના સસરાજીને આશિષ દીધા કે તમો વિના જેહાન અને જમાનો ખાલી હોતાં ના.

ઇરાનને જે શાહ જોઇતો હતો તેની શોધ ખોળ ચાલી અને તે આ રીતે ઇરાનને આવી મળ્યો. શાહ કાઉસે તેને પોતાની જોડે તખ્ત ઉપર બેસાડયો અને તેને પોતાનો વારેસ ઠરાવીને તેને તાબે રહેવાને સર્વને ફરમાવ્યું.

બાબ ૮—શાહ કય ખુસરૂ[1]—૧.

[તખ્તનશીની આગમજનાં કામો.]

ફસલ ૧—બહમન દેઝ[2]ની ફતેહ.

તખ્તના બે દાવાદારો.

ઇરાન સરજમીનને મળેલા ભવિષના નવા શાહના સંબંધમાં ખુશી ખુશહાલી ચાલુ હતી તે દરમિયાન ગુદર્જના બાપ કિશ્વાદનો મહેલ કે જે ઇસ્તખ્રમાં[3] હતો ત્યાં સઘળા નામાંકિત નરો એક દિને ભેગા મળ્યા, અને ત્યાં તેઓએ શાહજાદા ખુસરૂને તખ્તનશીન કરીને પોતાના ભવિષનાં શાહ દાખલ ગણવા અને તેના તરફ વફાદાર રહેવાના સોગંદ લીધા. સઘળા સરદારો અને નામદારો આ કામમાં શામેલ થયા, પણ શાહ નાદરનો બેટો તૂસ આ કબૂલત આપવાને બદલે ત્યાંથી ચાલી ગયો. હવે કાવા જેવા મહાન પેહલવાન, કે જેની ઓલાદમાં ગુદર્જ અને ગીવ હતા, તેનાં નકારાં, અને ઝુંડો તથા સોનાના જોડા તૂસના એખ્તિયારમાં હતાં. એટલા માટે તૂસની આ વર્ત્તણુકથી નારાજ થઇને ગુદર્જે પોતાના બેટા ગીવ મારફતે તૂસ જોગો પેગામ મોકલાવી તેને કહેવાડયું કે—સર્વે નામદારો સાથ એકમત થઇને આજને ખુશહાલીને દિને તું કય ખુસરૂ તરફ વફાદાર રહેવાનો વચન નહિ આપશે તો તારી મારી વચ્ચે લડાઇ જાગશે.

તૂસે ગીવને મહોડેથી સઘળી હકીકત સાંભળી લઇને જવાબ આપ્યો કે—પીલતન રૂસ્તમ સિવાય ઇરાનમાં તમામ નામદારોનો વડો અને

૧—કયખુસરૂનું દાસ્તાન ફિર્દૂસીનાં શાહનામામાં એટલું બધું લાંબું છે કે મેશર્સ વૉર્નર ભાઇઓના જણાવ્યા મુજબ તેથી શાહનામાનો પાંચમો ભાગ રોકાયો છે. મિલ્ટનનાં "Paradise Lost અને " Paradise Regained " નામનાં કાવ્યો ભેગાં કરિયે તોપણ તેઓ કરતાં લગભગ બેવડું આ શાહનું બયાન છે.

આ ભાઇઓ જણાવે છે કે કયખુસરૂ એવો છેલ્લોજ શાહ છે કે જેનું નામ જેમ અવસ્તામાં તેમજ વેદમાં મળે છે. અવસ્તામાં તે 'હુસ્રવંઘ અને વેદમાં "સુસ્રવસ"ને નામે ઓળખાયો છે.

૨—આ એક કિલ્લાનું નામ છે. શાયર લખે છે કે એ કિલ્લો અર્દબિલ જિલ્લામાં આવેલો હતો. અર્દબિલનું મંગાણું આજર આબાદગાન અથવા આજનાં આજરબાઇજાનના પ્રાંતમાં આવેલું છે. બહમનદેઝના કિલ્લામાંથી આતશ વરસતો હતો એવું ફિર્દૂસી જણાવે છે, અને બીજી જાદુઇ જેવી ચમત્કારિક બિના લખે છે તેનું સમજવાનું એ છે કે આજરબાઇજાનનો મુલ્ક તેલના ઝરાઓથી ભરપુર છે, અને કૅસ્પીઅન તથા કાળા સમુદ્રની વચ્ચે આ પ્રાંત આવેલો છે તથા તેને માથે કોહે કાફ (કૉકેસસ) પર્વત છે, કે જેની પેલી બાજુએ વસતા તુરાનીઓ અને બીજા જુદદીન લોકો ઇરાન ઉપર દરોડો પાડતા હતા. તેઓએ ઉપલો કિલ્લો ઇરાનની સરહદ ઉપર બાંધ્યો હોય અને ત્યાંથી નીકળી આવીને તેઓ તે તરફની ઇરાની રૈયતોનાં ગામો ઉપર દરોડા પાડી લુટ ચલાવતા અને ખરાબી કરતા હશે, એટલા માટે તે શત્રુઓનો આ કિલ્લો જીતવાનું કામ શાહ કાઉસે પોતાના બેટા ફરીબુર્જને અને ત્યારબાદ કય ખુસરૂને સોંપ્યું હશે. કિલ્લામાંથી નીકળતો આતશ તે તેલના ગરમ ઝરાઓના આપોઆપ સળગી ઉઠવાનો બનાવ હોય. પણ એ કિલ્લાને બહમનદેઝ નામ શાપરથી મળ્યું હશે તે જણાતું નથી.

૩—ઇસ્તખ્ર પાછળા જમાનાનું યાને હખામની તબકાના પાર્સી પાદશાહોના સમયનું શેહર અથવા પાદશાહી મથક છે. તે યા પાર્સ વગેરે કયાની જમાનામાં જાણીતાં હોય એવું સાબેત કરનારી કશી શહાદતો જણાઇ નથી. આગળ આપણે પાર્સને કય કોબાદનું પાયતખ્ત જોઇ આવ્યા છિયે, અને કય કાઉસનું મથક પણ ત્યાંજ હતું, એમ શાયર જણાવે છે. પણ એ નામ અવસ્તાવાણીમાં આવેલાં શેહરોમાં જણાતું નથી.

લશ્કરનો સપેહસાલાર હું છું; જેહાનને પોતાની શમ્શીરથી તાબે કરનાર બહાદુર મિનોચેહર શાહનો હું નબીરો અને શાહ નૌદરનો બેટો છું. ફરીદૂનનાં ખાન્દાનનો પ્રતિનિધિ હું છું. જંગમાં હું સિંહોનાં દિલ અને ચિત્તાઓનાં ચામડાં તોડનારો છું. એ સઘળું છતાં તમો મારી મરસેહત કે મારી પસંદગી મેળવ્યા વિના જેહાનનો નવો પાદશાહ ઠરાવી નીકળ્યા છો, તેને હું કબુલ રાખનાર નથી. તમો મારી આગળ ખુસરૂનું શાહ તરીકે નામ દેશો ના. તુરાની પશંગથી ઉતરેલો શાહ આપણુને જોઇતો નથી. અફ્રાસિયાબનું બચ્ચું જો આપણો શાહ બને તો પછી આપણું એકબાલ ખુઆબમાં પડેલું હોવું જોઇયે. ગોવાળાંની ચોકસી કરવાનું કામ ચિત્તાને કેમ સોંપાય? શાહ કાઉસનો બેટો ફરીબુર્જ એના કરતાં વધારે લાયક છે. તે ઇરાનના દુશ્મનોમાંથી પેદા પડયો નથી, એટલુંજ નહિ પણ તે બુલંદ દરજ્જાનો, વખણાયલો અને તખ્ત ઉપર હક ધરાવનારો છે.

ગીવ ગુસ્સામાં જવાબ આપ્યા પછી તુસને છોડી ચાલી ગયો, અને પછી વાત વધી. ૭૮ બેટાઓ અને નબીરાઓ સુધાં ૧૨૦૦ માણુસોનાં લસ્કર સાથ ગુદર્જ તુસ સાથ લડાઇ કરવા મેદાન પડયો. શાહજાદા કયખુસરૂને થયલું અપમાન તે સાંખી શકયો નહિ. તેની ફોજમાં હાથી ઉપર સવાર થઇને ખુસરૂ બિરાજયો હતો. તેને માથે તાજ અને હાથમાં ગાવાની ગુર્જ હતો.

તુસ પોતેબી પોતાનું લશ્કર લઇ મેદાન પડયો. પણ તેને લડવા ગમ્યું નહિ. તેને લાગ્યું કે—ઇરાનમાં જો આ માંહોમાંહેની લડાઇ જાગશે તો અફ્રાસિયાબને તેથી ખુશહાલી ઉપજશે, અને મબાદા ઇરાનનું તખ્ત તેના હાથમાં જશે. તેણે એક કાસદ દોડાવીને શાહ કાઉસને લડાઇ થનાર છે એવી ખબર આપીને તે બંધ પાડવા કહેવાડયું; જે ઉપરથી તે શાહે બન્ને લશ્કરોના વડાઓને પોતાની દરબારમાં બોલાવ્યા.

જ્યારે તુસ અને ગુદર્જ હાજર થયા ત્યારે નૌદરના બેટાએ અર્જ કીધી કે—અગરજો શાહ પોતે તાજોતખ્તથી કંટાળ્યો હોય તો એ નામદારના બેટાને તે મળવા જોઇયે. બેટાની હૈયાની છતાં નબીરો તાજ પહેરીને તખ્તે શા માટે બેસે?

ગુદર્જે જવાબમાં કહ્યું કે—સિયાવુશની બરાબરી કરે એવો જેહાનમાં બીજો કોઇ હતો નહિ. તેનાજ ઘાટ ઘટમનો તેનો આ બેટો છે. જો માદર તરફથી તે તુરનો ખાન્દાની થાય તો બાપ તરફથી તે શાહનો નબીરો છે. ઇરાન કે તુરાનમાં તેની સાનીનો કોઇ નથી. કિસ્તી વગર તે જીહુન પસાર કરી આવ્યો છે. અફ્રાસિયાબ ઉપર જે કીનો લેવો છે તે એના બાપનો કીનો છે.

કાઉસનો ચુકાદો.

આ પછી બન્ને નામદારો વચ્ચે સખુનબાજી ચાલી, જે પછી અંતે કાઉસે ચુકવ્યું કે—બન્ને શાહજાદાઓ મારી નજરમાં સરખા છે. જો એકની તરફેણમાં ચુકાદો આપું છું તો બીજો મારી ઉપર કીનો લેવા તૈયાર થાય એમ છે. એમ નહિ થાય એટલામાટે હું ફરમાવું છું કે અર્દબિલ જિલ્લામાં દેઝ બેહમન નામનો જે કિલ્લો છે તે એ કિલ્લા તરફ બન્ને શાહજાદાઓએ એક પછી એક લશ્કર સાથ જવું, અને તે કિલ્લો તાબે કરવો. એમાંથી જે આ કામ બજાવશે તેને મારાં તાજોતખ્ત મળશે.

આ ગોઠવણુથી બન્ને પક્ષો રાજી થઇ, અને પછી બીજે દિને તુસે શાહજાદા ફરીબુર્જ

૧—મીરખુંદ મુજબ બેહમનદેઝનો કિલ્લો ઘણાં વર્ષ આયમજનો હયાત છતાં, અને આગળા ઘણાએક બહાદુર પાદશાહોએ તે જીતવાની તજવીજ કર્યાં છતાં તેઓ તેમાં ફાવી શકયા ન હતા. તે કહે છે કે આ કિલ્લો મિસર દેશના પિરામિડ જેવો મજબુત અને નહિ તોડી શકાય એવો હતો.

સાથ હાજર થઇ બહમનદેઝ ભણી પોતે પહેલા જવા માટેની રજા માંગી, અને પછી કાવાના સોનાના જોડા પહેરીને તથા તેનો અસલી ઝુંડો લઇને પેલો કિલ્લો જીતવા ચાલ્યો. તે અને ફરીબુર્ઝ જ્યારે કિલ્લા નજદીક જઇ પુગ્યા ત્યારે તેમાંથી ગોયા આતશ બાહેર નીકળતો હોય એટલી બધી ગરમી માલુમ પડી. ભાલાની નોકમાંથી બળતાં નિકળતાં હોય અને માણસો ભુન્જાઇ મરતા હોય એવો મામલો નજર આવ્યો. કિલ્લાની દેવાલો બહુ ઉંચી હતી અને તે મધેનાં લોકો સાથ કેમ લડાઇ કરવા તે જણાતું ન હતું.

બહમન દેઝ.

આ બધું જોઇ તૂસ નાસિપાસ થઇ ગયો. સાત દહાડા સુધી તેઓ આ કિલ્લાની આજુબાજુ ભટક્યા, પણ તેમાં દાખલ થવાનો કશો માર્ગ હાથ લાગ્યો નહિ. તૂસે ફરીબુર્ઝ સાથ પાછા ફરવાનો ઠરાવ કરતાં તેને સધ્યારો આપ્યો કે— તું આ કિલ્લો જીતવામાં ફાવ્યો નથી તેથી તું ગમ ના પકડતો, કારણ કે બીજો કોઇ ધણી એ કિલ્લો જીતી શકનાર નથી.

તેઓ નિષ્ફળ થયા છે એવી ખબર મળતાંજ ગુદર્ઝ ખુસરૂને લઇ આગળ વધ્યો. તેઓ નજદીક જઇ પુગ્યા ત્યારે તેઓએ ઉપર જેવોજ મામલો દીઠો. પણ તૂસને નહિ આવડી તે તદબીર અહીં ખુસરૂ અને તેના સાથીઓએ વાપરી. તેઓએ એક પાદશાહી નામું લખ્યું, જેમાં પાક પરવરદેગારની કરમ બક્ષેશથી ખુસરૂને જેહાનની પાદશાહી મળી છે એમ જણાવીને ધમકી આપી કે—આ કિલ્લો જો હારેમનની રાહ ઉપર ચાલનારા બદકારોનો હશે તો હું તે પાક પેદા કરનારના હુકમથી તેને જમીનદોસ્ત કરી નાખીશ, અને જો જાદુગરોનું આ ઠામ હશે તો તેમનો વંગ લડાઇએ સંહાર કરીશ.

આ મતલબનું લખીને પેલાં નામાંને એક લાંબા ભાલાની નોકે લટકાવીને તેને ઝુંડા જેવું રૂપ આપ્યું, પછી ખુસરૂએ ગીવને આ વાવટો આપીને ફરમાવ્યું કે એ લઇને કિલ્લાની દીવાલ ઉપર ઉડતો કર, અને જગતના પેદા કરનાર ખુદા પાકનું નામ બોલીને તું તરત ઘોડાની લગામ ફેરવી અત્રે પાછો આવ.

ગીવ યજદાંપરસ્ત હતો. પોતાને મળેલાં શાહી ફરમાનો મુજબ તેણે કીધું, અને જેવો પાછો ફર્યો કે તરત કડાકા સમેત કિલ્લાની દીવાર તુટી પડી, એક જબરદસ્ત પુકાર ઉઠયો, જેહાન સિયાહ બની ગઇ, અને આફતાબ, માહતાબ અને સેતારા ઢંકાઇ ગયા. એજ વખ્તે ખુસરૂના હુકમથી કિલ્લામાં તીરોનો વરસાદ છુટો અને સંખ્યાબંધ શત્રુઓ નાશ પામ્યા. પછી ભભુકદાર રોશની પંથરાઇ અને તમામ અંધકાર દૂર થઇ ગયો. મધુર પવન નીકળ્યો અને ચોતરફ ખુશહાલી ફરી વળી. કિલ્લાના દરવાજા જે અત્યાર સુધી અણદિઠ હતા તે ખુલ્લા જણાવા લાગ્યા. આ ખુલ્લા દરવાજામાંથી ખુસરૂ અને ગુદર્ઝ અંદર દાખલ થયા તો ત્યાં તેમને એક આબાદ શેહર વસેલું નજર આવ્યું, જ્યાં મહેલો, બાગો અને અયવાનો બનાવેલાં હતાં.

આજર ગુશસ્પ.

જે જગાએ અંધકાર નાબુદ થઇને પહેલી રોશની જાહેર થઇ હતી ત્યાં શાહ ખુસરૂએ એક બુલંદ ગુંબજ બનાવવા ફરમાવ્યું, અને કે જેની લંબાઇ પહોળાઇ દશ દશ કમંદ જેટલી હતી, અને જેનો ઘેરાવો તેથી ત્રણ ગણો વધારે હતો. આ ગુંબજની આસપાસ ઉંચા કળસ બનાવવામાં આવ્યા. આ નામીચા મકાનમાં કય ખુસરૂએ રોશન અને નૂરમંદ આતશ આજર ગુશસ્પની સ્થાપના કીધી[1] અને એ મકાનની

[1]—આ આતશ ગુશસ્પ, ગુશનાસ્પ, અને વીશનસ્પ, એવે અનેક નામે ઓળખાય છે. બુન્દેહેશ (પ્ર૦ ૧૭, ક૦ ૭)

આસપાસ નજુમીઓ, મુબદો અને દાના મર્દોને રાખ્યા. એ આતશની વાત આસપાસ સારી ફ્રેઠે જાણીતી થઇ ત્યાં સુધી ખુસરૂ તે જગાએ થોભ્યો, અને એક વર્ષ ગુજરવા બાદ લશ્કર લઇને પાછો ફર્યો.

જ્યારે કય ખુસરૂની ફતેહની ખબર ઇરાનમાં પડી ત્યારે સર્વ કોઇ અચરત થયાં, અને એ જવાન શાહ ઉપર ખુદાતાલાની બક્ષેશ છે એમ જાણી ખુશહાલ થયાં. સરદારો અને નામદારો તેને સલામતી આપવા સામા આવ્યા, જેમની આગેવાની શાહના કાકા ફરીબુર્જે પોતે લીધી હતી. જોકે તે પોતે ઉપલો કિલ્લો જીતવામાં નિષ્ફળ થયો હતો, તોપણ પોતાનો પ્રતાપી બત્રીજો તે જીતવામાં ફતેહ પામ્યો તેથી જરાબી અદેખાઇ ન રાખતાં તેણે તેને પાદશાહી આવકાર દીધો, તેને ઓરસા લીધા અને એક સોનાના તખ્ત ઉપર બેસાડી શાહ દાખલ તેને પોતે કબૂલ રાખ્યો. એજ વખ્તે તૂસ પણ હાજર થયો હતો, જે આગળી વાતો ભૂલી જઇને કાવાનો ઝુંડો અને સોનાના જોડા તથા નકારાં લઇ આવ્યો, અને જમીનને ઓસ્સો દઇને કય ખુસરૂને તાબે થયો. તેણે પોતાની આગળી ભૂલ કબૂલ કરીને માફી ચાહી. કય ખુસરૂ જવાન છતાં દાના હતો. તે શાહ હતો. તેણે તૂસની તકસીર તરત માફ કીધી, અને કાવાના ઝુંડો, જોડા અને નકારાં તૂસનેજ પાછાં હવાલે કરીને તેને તેના આગળા સપેહસાલારીના અધિકારી ઉપર પાછો મુકરર કીધો.

શાહ કાઉસે કય ખુસરૂને બારી આવકાર આપ્યો. ખુસરૂએ પોતાના બપાવાના દસ્તને બોસ્સો દીધો. કાઉસે તેને પોતાનાં તખ્ત પર બેસાડયો, અને ખજાનચીને ફરમાવી પાદશાહી તાજ મંગાવ્યું. પછી તે જવાન ફ્રર્જંદને બોસ્સો દઇ તેને તાજ પહેરાવ્યું, અને પોતે તે બપકાદાર તખ્તની નીચે બેઠો. ત્યાર બાદ ખજાનામાંથી કેટલાંક કીમતી પાદશાહી નંગો મંગાવીને તે નવા શાહ આગળ નજરાના દાખલ મુકયાં. વારંવાર તેણે પોતાના બેટા સિયાવુશને યાદ કીધો કે જેનીજ હુબહુ નકલ શાહ ખુસરૂ હતો. સઘળા નામદારો અને સરદારો તથા ખાન્દાની અમીરોએ ભેગા થઇને નવા શાહને આશિષ દીધા અને તેના ઉપર સોનાં તથા ઝવેરાતનો નેસાર કીધો.[1]

ફસલ ૨—શાહજાદા ફરૂદની જવાંમર્દી.

નવો શાહ.

પોતાના બેવડા હકથી—યાને શાહ કાઉસના વડા *શાહજાદાના બેટા દાખલ, તેમજ બહમન દેઝનો મજબૂત કિલ્લો પોતાની બાજુનાં બળથી જીતનાર દાખલ—કય ખુસરૂ તખ્તનશીન થયા

મુજબ આઝર ગુશસ્પ આતશ કય ખુસરૂના અમલની આગમજનો હસ્તીમાં હતો, અને દુનિયાનું સંરક્ષણ કરતો હતો. પણ જ્યારે આ પાદશાહ ચેચસ્ત નામના સરોવરની આસપાસ વસતા બુતપરસ્ત લોકોની મુર્તિઓ તોડવા નીકળ્યો હતો ત્યારે એ આતશ તેના ઘોડાની યાલ ઉપર આવી બેઠો કે જેની રોશનીથી સઘળો અંધકાર દુર થઇ ગયો અને નાબુદ કરવા માટેનાં સઘળાં બુતપરસ્તીનાં મકાનો અને મંદિરો ખુલ્લાં પડી ગયાં. આ ઉપરથી તેજ ભૂમિ ઉપર મુકરર કરેલી જગાએ અરનવંદ પહાડ ઉપર આતશ ગુશસ્પ સ્થાપિત કરવામાં આવ્યો.

બુન્દેહેશનો આ ખુલાસા ઉપરથી એક વાત આ જાહેર થાયછે કે કય ખુસરૂએ બહમનદેઝનો કિલ્લો જીત્યો તેનો ભાવાર્થ એ કે તેણે તે તરફની મુર્તિઓનો નાશ કર્યો હતો, અને આતશ તખ્તનશીન કીધા તેનો સાર એ કે તે તરફના જમીનની અંદરના તેલના ઝરાઓને માથે મકાન બાંધીને તેલની મારફતે આતશ રોશન કીધા.

ચેચસ્તે સરોવર તે આજનો ઉરૂમિયા છે, જે આઝરબાઇજાનમાં આવેલો છે. એને હમ્દુલ્લા મુસ્તોફી નામનો એક અરબ લખનાર ખેજેસ્ત અથવા ચેજેસ્તને નામે ઓળખાવી જાય છે, કે જે મુળમાં અવસ્તામાં ચએચેસ્ત બોલને કેવળ મળતાં નામો છે. આ ચએચેસ્ત અથવા ચેચસ્ત સરોવરને માટે એવું જાણ્યું છે કે તેનાં પાણી તદન ખારાં છે, જેથી તેમાં કોઇ પ્રાણી જીવતાં નથી, તોપણ તેમાં વૈધક ગુણ હોવાથી માણસની તનદુરસ્તીને માટે તે સારાં છે.

૧—મીરખુંદ મુજબ શાહ કાઉસે પહેલવાન ગીવની અનેક

પછી ઘણો વખણાયો. તેણે ઇનસાફ્ એખ્તિયાર કીધો અને અન્યાય દૂર કીધો. તેની દરબારમાં દેશ પરદેશના અમીરો, શાહજાદાઓ અને તાજદાર પાદશાહો ભેગા થવા લાગ્યા. ઉજડ જમીન તેણે ખેતીવાડીમાં ફેરવી નાખી, અને દુખી હતા તેમનાં દિલ શાદ કીધાં. ઇનસાફ અને સખાવતથી જેહાનને તેણે હસતી અને સુખી બનાવી. ફિર્દુસીની શાયરી મુજબ કય ખુસરૂએ હારેમનના હાથ બુરૂં કરવાથી અટકાવ્યા.

નીમરૂજ યાને જાબુલમાં જ્યારે શાહ કય ખુસરૂના તખ્તનશીન થવાની ખબર મળી ત્યારે જાલ અને રૂસ્તમ પોતાના રિસાલા સાથ નવા શાહને નમન કરવા માટે પાયતખ્ત ખાતે આવ્યા, જેમને સામા લેવા માટે શાહના હુકમથી ગુદર્જ, તૂસ વગેરે ગયા. જાબુલના સરદારોએ તખતને કદમ બોસી કીધી ત્યારે જવાન શાહે તખ્ત ઉપરથી ઉતરી તેની સાથ બગલગીરી કીધી અને પોતાનો નાહક માર્યો ગયલો ક્યાની બાપ યાદ આવી ગયાથી તેની આંખમાંથી આંસુની ધાર ચાલવા લાગી. તેણે રૂસ્તમને મોટો આવકાર દઇ સિયાવશનો ધર્મપિતા કહ્યો. ઔર્ ઝાલને પોતાની છાતી સાથે ચાંપ્યો. પછી તેઓએ લાંબો વખ્ત સુધી વાતચિતમાં વખ્ત ગુજાર્યો અને રાત્રે શાહ સાથ તેઓએ ખાણું લીધું.

રાજ્યમાં પ્રવાસ.

હવે શાહ કયખુસરૂ પોતાની શાહાન-શાહતમાં ફરવા નીકળ્યો. ગુદર્જ, તૂસ, ગીવ, ગુસ્તહમ, ગુર્ગીન વગેરે નામદારો આગળ તેણે પોતાનો ઇરાદો જાહેર કીધો, અને શિકારબાજી-એ નીકળ્યા હોય તેમ તેઓ સઘળા પોતાના પાદશાહી રિસાલા સાથ રાજ્યની હદ મેહદૂદ તપાસવા ચાલ્યા. શાહપુર, બેહરામ, બીઝન,

સેવાઓના બદલામાં તેને કય ખુસરૂનો વડો વજીર ઠરાવ્યો," તેમજ લશ્કરના સપેહસાલારનો દરજ્જો તેને બક્ષ્યો હતો.

ફરહાદ, જંગે શાવરાન, ગુરાજે વગેરે પણ કય ખુસરૂ સાથ શામીલ હતા. શેહરેશેહર તેઓ ફર્યા, રૈયતોની અર્જ સાંભળી, ગેરકારો-બાર દૂર કીધો, શેહરો વસાવ્યાં, ખેડુતોને નાણાની મદદ આપી, અને એ રીતે લોકોને રાજી કીધાં. જ્યારે આજર આબાદગાન (આજના આજરબાઇજાન) ના પ્રાંતમાં શાહ આવી પુગ્યો ત્યારે તેણે આજર ગુશસ્પનાં આતશ-ખાનાની ભેટ લીધી, અને ત્યાં જઇને યજદાંની બંદગી કીધી. આ પછી સઘળા શાહ કાઉસના મહેલ તરફ પાછા ફર્યા.

નવા કીનાનો કરાર.

કાઉસના મહેલમાં મોટી દરબાર મળી, જે વેળા તે ઔર્ શાહે પોતાના નબીરાને કસમ આપ્યા કે તારે તારા બાપનો કીનો અફ્રાસિયાબ ઉપર લીધા વિના રહેવું નહિ, અને તારી માની તેની સાથની સગાઇની દરકાર રાખવી નહિ. આ વેળા આતશને રોશન રાખ્યો હતો તેની હજુર-માં કય ખુસરૂએ કાઉસના ફરમાવ્યા મુજબના કસમ લીધા, અને અફ્રાસિયાબ સાથ દોસ્તી નહિ બાંધતાં તેના ઉપર વેર લેવાની કબૂલત આપી. આ બાબતમાં તે જમાનાની જબાનમાં કરાર થયા, અને તે ઉપર જાલ અને રૂસ્તમે પોતાની શાખ મુકી. એજ રીતે બીજા નામદારો-એ પણ શાક્ષી દાખલ પોતાની સહી મુકી અને આ કીનાનો કરાર મજબૂત થયો. પછી આ કરાર રૂસ્તમના સ્વાધીનમાં મેલાયો. એક હફ્તા સુધી ખુશહાલી ચાલુ રહ્યા પછી કય ખુસરૂએ ખુદાની યાદમાં આખી રાત ગુજારી અને તે સાહેબની બંદગીમાં મશગુલ રહીને તે દાદાર-ની મદદ માંગી. અફ્રાસિયાબની બુરાઇ અને ખરાબી યાદ કરીને તેના ઉપર કીનો લેવામાં ખુદાની મેહરબાની ચાહી.

બીજે દિને જવાન શાહ તખ્તનશીન થઇને પોતાના નામદારો અને સરદારોની બની તૂરાની લડાઇ માટે મસ્લેહત પુછી, અને તેઓએ તેને

મદદ આપવાની તૈયારી દેખાડી. આ પછી સઘળા નામદારો અને સરદારોનાં નામોની ટીપ તૈયાર કરવામાં આવી, જેમાં શાહ કાઉસના ખાન્દાનીઓની સંખ્યા ૧૧૦ ની હતી, અને તેમનો વડો શાહજાદો ફરીબોર્જ હતો, કેજે જવાન શાહનો કાકો થતો હતો. એ પછી શાહ નૌદરના ખાન્દાનીઓ (નવજરિયાન) માં ૮૦ જણનાં નામો લખાયાં, જેમનો વડો જરાસ્પ નામનો બહાદુર હતો, કેજે તૂસનો બેટો થતો હતો. ત્રીજી ટીપ ગુદર્જના ખાન્દાનીઓની હતી, જેના બેટાઓ અને નબીરાઓની સંખ્યા ૭૮ની હતી. તેઓ પોતાના નેયાગાન કાવાનો ઝુંડો ઉઠાવનારા અને કયાની તખ્તોતાજને રોશન બનાવનારા હતા. એ ઉપરાંત ગઝદહમના નબીરાઓની સંખ્યા ૬૩ ની હતી. ગુર્ગીનના બાપ મિલ્લાદ (બરાબર લખિયે તો મિથ્રદાત-મેહરદાદ) ના ખેશીઓ ૧૦૦ ઘોડેસ્વારો હતા. અલબત તેમની સરદારી ગુર્ગીનને મળેલી હતી. આ ઉપરાંત તવાબાના ૮૫ ખેશીઓ; પશંગના ૩૩ બહાદુરો, જેમનો સરદાર રીવનીજ તૂસનો જમાઇ થતો હતો; બુર્જીનના ૭૦ ખેશીઓ, જેમનો વડો ફર્હાદ હતો; અને ગુરાજેની સરદારી હેઠળ તેના ૧૦૫ લડવૈયા ખેશીઓ હતા.

શાહ તરફનાં ઇનામો.

આ સઘળાઓ ઉપરાંત બીજા સંખ્યાબંધ લડાયક સિપાહોના નામો પાદશાહી યાદીમાં નોંધાયાં. આ રીતે લશ્કરી સરદારો અને લશ્કરોની જમાબંદી કરીને તેમને લાયકના બેશુમાર ઘોડાઓ ભેગા કીધા, અને પછી શાહ કય ખુસરૂએ દરબાર ભરીને તથા ઇનામો મુકર્રર કરીને ચોક્કસ મહાભારત કામો જાહેર કીધાં; અને જણાવ્યું કે જે જે પેહલવાનો અમૂક કામો બજાવવાનું માથે લેશે તેમને તેમને લાયકનાં ઇનામો મળશે. આ ઇનામોમાં સોનાના સિક્કા, ઝવેરાત, જરીના તેમજ રેશમી તાકા, બબ્ર જાનવરનાં ચામડાના પોશાક, ગુલામો, દાસીઓ, નામીચા ઘોડા, હીરા અને માણક, લાલ અને પોખરાજ, કસ્તુરી, તાજો અને તખ્તો, વગેરે વગેરે બેશુમાર કીમતી જિનસો હતી. આ ઇનામો માટેની શર્ત આ મુજબની હતીઃ—

૧ લું-જે ઇરાની પેહલવાન કીનાને દિવસે અફ્રાસિયાબનું સર કાપી તેને જમીન પર ગબડતું કરે અને તેની તલવાર તથા તેનો ઘોડો હાજર કરે તેને સૌથી મોટું યાને પહેલુંજ ઇનામ મળે. આ ઇનામ મેળવવાનું જવાન પેહલવાન બીઝને બિડું ઝડપ્યું, કેજે ગીવનો બહાદુર બેટો થતો હતો.

૨ જું—તઝાવ નામનો એક ઇરાની પેહલવાન ઇરાન તરફ દગાખોર બનીને અફ્રાસિયાબને જઇ મળ્યો હતો, જેને તેણે પોતાનો જમાઇ બનાવી તેનું તાજ પોતે પહેર્યું હતું. આ તાજ પાછું લાવે તેને બીજું ઇનામ આપવા ઠરાવ્યું, કેજે મેળવવાની પણ જવાન બીઝનેજ હામ બીડી.

૩ જું— ઉપલા સરદાર તઝાવની ઇસ્પન્વી નામની એક અતિ રૂપાળી મેહબૂબ હતી, જેની કમરમાં કમંદ નાખીને જે કોઇ તેને જીવતી પકડી લાવે તેને માટેનું ત્રીજું ઇનામ મેળવવાની પેહલવાન બીઝને ત્રીજી મરતબે છાતી ઠોકી.

૪ થું ઇનામ ઉપલા તઝાવને જંગ દરમિયાન લડાઇ કરીને તેનું સર કાપી લાવનારને આપવાનું હતું, જે કામ બજાવવાનું પેહલવાન ગીવે માથે લીધું.

૫ મું ઇનામ મેળવવા માટેની હરીફાઇ પણ ગીવેજ કીધી, જેની શર્ત એ હતી કે જે ધણી કાંસુ[1] નદીને કાંઠે અફ્રાસિયાબે ઉંચા બાંધેલા

૧—આ કાંસુ નદી તે કઇ? બુન્દેહશમાં કાસક નામની બે નદીઓનાં નામ મળે છે, જેને ડાૅ૦ વેસ્ટ મેહર્વાં અથવા હેંદવા નામની નદી સાથ સરખાવે છે; વળી ઇ.જલી ઇબ્ન હૌકલને આધારે મેહર્વાંને મિહરાનને નામે ઓળખીને જણાવે છે કે સતલજ અને નીચલી સિંધુ તે એજ નદી છે. (જુઓ વેસ્ટની બુન્દેહશ, બાબ ૨૦, ફ૦ ૭, ૮ (નોટ) અને ૩૦.)

બળીતણનાં ઢગની ખાક બનાવી તુરાનમાં દાખલ થાય તેને આ ઇનામ મળે.

૯ ઠાં ઇનામ માટે મિલ્લાદના બેટા પેહલવાન ગુર્ગીને હામ બિડી. તેની શર્ત એ હતી કે અફ્રાસિયાબની દરબારમાં શાહ તરફનો સંદેશો લઇ જઇ તેનો જવાબ પાછો લાવે.

આ રીતે ઇરાનમાં શાહ સિયાવુશનાં ખુન માટે કીનો લેવાની તૈયારીઓ ચાલતી હતી એટલામાં જેહાં પેહલવાન રૂસ્તમે શાહ કયખુસરૂની દરબારમાં સવાલ ઉઠાવ્યો કે—જાબુલિસ્તાનની પાડોશમાં એવો એક મુલ્ક છે કે જે ફરીદુન શાહનાં બેટા તુરના ક્બજામાં આવ્યો હતો, પણ તેની ઉપર શાહ ઇરજનો કીનો લેતી વેળા મિનોચેહર શાહે તે મુલ્ક પોતાના તાબામાં જીતી લીધો હતો. તે છેક અત્યાર સુધી ઇરાનનાજ તાબામાં રહ્યો હતો, પણ કાઉસ શાહની જૈફી વેળા તેને નબળો સમજીને તુરાનીઓએ તે પાછો હાથ કરી લીધો છે, જેથી ત્યાંના લોક જે ખંડણી ઇરાનને આપતા હતા તે તુરાનને આપે છે. એ મુલ્ક હાથીઓ અને ખજાનાથી ભરપૂર છે, અને તેથી ત્યાંના લોકને તુરાનીઓ લુટફાટ કરીને તથા કાપાકાપી ચલાવીને બહુ હેરાન કરેછે. પણ હવે જયારે કયખુસરૂ ઇરાનનો શાહ થયો છે ત્યારે તુરાનીઓ કનેથી તેણે આ મુલ્ક પાછો જીતી લેવો જોઇયે.

શાહ આ વાતથી ખુશ થયો, અને રૂસ્તમને ફરમાવ્યું કે જયારે તે મુલ્ક તારાં પોતાનાં રાજ્યની પડોશમાંજ આવેલો છે ત્યારે તો તું જ જોઇયે તેટલું લશ્કર તારા બેટા ફરામર્જને આપીને તે વિલાયત[1] તરફ રવાના કર અને તે ફતેહ કરાવ.

લશ્કરી કવાયદ; શાહની તૂસને સલાહ.

હવે લશ્કરો ભેગાં થવા માંડયાં. સર્વની હરોલમાં શાહજાદા ફરીબુર્જની ફોજ હતી; તેની પાછળ દાના ગુદર્જની ફોજ હતી, જેની જમણી બાજુ ગીવે અને ડાબી રહહામે લીધી હતી. તેમની જોડે શીદુશ અને ગુદર્જના બીજા બેટાઓ અને નબીરાઓ હતા. તેમની પુઠે ગઝદહમનો બેટો ગુસ્તહમ પોતાની ફોજ સાથ તૈયાર હતો. એ પછી બલુચિસ્તાન અને કચ્છ ખાતેની ફોજો લઇને સરદાર અશ્કશ ઉભો હતો; એ પછી ફર્હાદ, ગીવગાનનો વડો બેટો ગુરાજા, શાવરાનનો બેટો જંગા, રૂસ્તમનો બેટો ફરામર્જ (કે જે કશ્મીર, કાબુલિસ્તાન અને નીમરૂજથી લશ્કર લઇને આવ્યો હતો), વગેરે હતા. આ સર્વની કવાયદ જોવા શાહ હાથી ઉપર સવાર થઇ ઉભો, અને સઘળાઓ એક પછી એક તેને કુર્નસ બજાવી પસાર થઇ ગયા. ફરામર્જે પોતાનાં લશ્કર સાથ હિંદ તરફની રાહ ધરી, જેને થોડેક સુધી વળાવા માટે રૂસ્તમ પોતે ગયો હતો.

હવે આ સઘળાં લશ્કરોએ તુરાન તરફ કુચ કરવા માંડી. લશ્કરોનો સપેહસાલાર શાહજાદો તૂસ હતો, માટે તે કાવાના ઝુંડા સાથ આગળ વધ્યો. તૂસના હુકમ પ્રમાણે ચાલવાની શાહે લશ્કરી સરદારોને તાકીદ ફરમાવી, અને તૂસને પોતાની અંગુશતરી આપીને કહ્યું કે—મારા તરફ સદા વફાદાર રહેજે, મારા હુકમ પ્રમાણે ચાલજે, કુચના માર્ગમાં કોઇને દુખી કરતો ના; ખેડુતો ઉપર દુખ આવે નહિં, તથા કારીગર લોકોને આપદા ખમવી પડે નહિ, એમ કરજે; તારી સામે જે કોઇ થાય નહિ તેને આજાર દેતો ના. વળી તું કિલાતને રસ્તે આગળ વધતો ના; જો તેમ કરશે તો તું પિડામાં

---

[1]—આ વિલાયત અથવા મુલ્ક તે હિંદુસ્તાનનો હોવો જોઇયે. પાછળથી શાહ કય ખુસરૂએ તુરાન ઉપર ચઢાઇ જઇ જનારાં ઇરાની લશ્કરની કવાયદ લીધી ત્યારે ફરામર્જની વારી તે નામદારને નમન કરવાની આવી ત્યારે શાહે તેને કેટલાક સારા સખુનો કહેતાં એમ પણ કહ્યું હતું કે—હવે હિંદસર જમીન—કનુજથી સિસ્તાન સુધીની ભુમિ—તારી પોતાનીજ છે. ત્યાંની હાકમી મેં તને સોંપી છે તે તું કબજે રાખ, ઇત્યાદિ.

આવી પડશે. પીરાન વજીરની બેટી જરીરાને પેટે શાહ સિયાવુશનો એક બેટો પેદા થયો છે, કેજે દુનિયામાં ઝાઝો આશ્કારા થયો નથી. તે મારો ભાઇ થાય છે અને મને મળતો આવે છે. મારીજ ઉમરનો તે જવાન છે.[1] તે કિલાત ખાતે પોતાની માદર સાથે વસે છે. તે કોઇપણ ઇરાનીઓને તેમનાં નામથી ઓળખતો નથી, માટે તારે તે રસ્તો લેવો નહિ. તે બહાદુર અને લડાયક છે. તેની પાસે લશ્કર અને બહાદુર સરદારો છે. માટે તેની મુકાબેલ નહિ થતાં તું બિયાબાનનો રસ્તો લઇ આગળ વધે તો બેહતર.

તૂસે શાહનાં ફરમાન મુજબ અમલ કરવાની કબૂલત આપી ખરી, પણ કુચ દરમિયાન આગળ વધતાં માર્ગમાં બે રસ્તા આવ્યા ત્યારે તેણે બિયાબાનને રસ્તે આગળ નહિ વધતાં કિલાત, ચરમ અને મયમને રસ્તે આગળ વધવાનો પોતાનાં લશ્કરને હુકમ આપ્યો. ગુદર્ઝ સાથેજ હતો તેણે તૂસને શાહનાં ફરમાનની યાદ આપી તે છતાં તેણે તેની દરકાર રાખી નહિ.

શાહજાદો ફરૂદ.

પેલી તરફથી જયારે તૂસની ફોજને આવી પુગવાની ખબર કિલાતના સરદાર ફરૂદને પડી ત્યારે. તેણે શું કરવું તે બાબે પોતાની માદર જરીરાની સલાહ પુછી. તેણીએ કહ્યું કે—કયખુસરૂ તારો ભાઇ થાય છે. તે કાંઈ આપણી ઉપર ચહાઇ લાવતો નથી, પણ પોતાના બાપ સિયાવુશનો કીનો લેવા તુરાન જાય છે. સિયાવુશ તારો પણ પિતા હતો. તેના જેવો બીજો કોઇ હતો નથી. વાસ્તે તું બી અફ્રાસિયાબ ઉપરના કીનાનાં કામમાં શામેલ થા. ઇરાની લશ્કરના સરદારોને બોલાવી તેમની પરોણાગત કર. તુખાર કેજે તારો સલાહકાર છે તેને લઇને તું એકલો ઇરાની સપેહસાલારને મળવા જા.

ફરૂદ પોતાની માતાની સલાહ મુજબ તુખારને લઇ સપદ નામની એક ઉંચી ટેકરી ઉપર જઇ ઉભો, કે જ્યાંથી નીચે ખીણમાં છાવણી નાખીને પડેલું ઇરાની લશ્કર ખુલ્લું જણાતું હતું. આ તુખાર કોઇ એવો દાના મર્દ હતો કે જે સઘળા ઇરાની સરદારો અને પેહલવાનોને પિછાનતો હતો. તેણે તેઓના જુદા જુદા વાવટાઓ ઉપરથી તેઓ કોણ છે તે જોઇ લીધું અને તે મુજબ ફરૂદને સર્વ નામદારોથી વાકેફ કીધો. ફિર્દુસીનાં આ બાબતનાં બયાન ઉપરથી એવું જણાય છે કે તે જમાનાના ઇરાનીઓ પોતાના વાવટાઓ ઉપર આફતાબ, માહતાબ અને જુદાં જુદાં પ્રાણીઓની તસ્વીર ચિતારતા હતા; કારણ કે આ ઇરાની વાવટાઓ ઉપર સૂર્ય, ચંદ્ર, હાથી, સિંહ, વાઘ, ચિત્તા, વરૂ, જંગલી ડુક્કર, વગેરેના ચિતારો હતા, અને તે ઉપરથી તેઓ ઓળખાતા હતા.

આ સઘળા ઇરાની સરદારોને લગતી ખબરદારી આ રીતે તુખાર મારફતે મેળવીને જવાન ફરૂદે અફ્રાસિયાબ ઉપર પોતાના બાપનો કીનો લેવાનો ઠરાવ કીધો અને ઇરાની સરદારો સાથ મળી જવાનો મનસુબો કીધો.

દુધભાઇઓ વચ્ચે દોસ્તી.

આ તરફ જયારે આમ ટેકરી ઉપર ફરૂદ ભવિષના મીઠા વિચારો કરતો હતો ત્યારે ઇરાની છાવણીમાંથી સપેહસાલાર તૂસે તેને અને તુખારને જોઇને તેઓ કોણ છે તે વિષે પરપુછ નહિ કરતાં

---

[1] મિર્ખુન્દ જણાવે છે કે ફરૂદનો જન્મ પહેલો થયલો હોવા છતાં, ખુસરૂના જન્મને લીધે પાછળથી કાંઈ ખટપટ નહિ જાગે તે માટે પીરાનની સલાહથી ફરૂદ તથા તેની મા જરીરાને તેના બાપને ઘેર મોકલી દેવામાં આવ્યાં હતાં. આ તવારીખ નવેશ પ્રમાણે ફરૂદ પીરાનની બેટીનો નહિ પણ તેના એક ખેશીની દીકરીનો દીકરો હતો.

તેમને જીવતા યા મુએલા ખેંચી લાવવાનું કામ ગુદર્જના બેટા બેહરામને સોંપ્યું. બેહરામના માથા ઉપર જે લશ્કરી કોલાહ હતી તે અફ્રાસિયાબની પોતાની હતી કેજે શાહ કયખુસરૂ તૂરાનથી ઇરાન લઇ ગયો હતો. બેહરામ સાથ ફ્રૂદની મુલાકાત થઇ ત્યારે શુરૂઆતમાં બેઉ કાંઇક ગરમી ઉપર હતા, પણ પાછળથી તેઓ વચ્ચે એટલી બધી મોહબત બંધાઇ કે આ નવી દોસ્તીની નિશાની દાખલ ફ્રૂદે બેહરામને સોના અને હીરા જડિત ગુર્જ ભેટ આપ્યો. આ દોસ્તીનું કારણ એ હતું કે બેહરામ અને જંગા શાવરાન શાહ સિયાવુશની ઉમરના હતા, અને તેઓ તે શાહના દુધભાઇ હતા ફ્રૂદને આ વાતથી તેની માતાએ વાકેફ કીધો હતો, અને ફ્રૂદ સિયાવુશનો બેટો છે એમ જાણતાંજ બેહરામ તેના ઉપર ફિદા થઇ ગયો, તેને કુર્નસ બજાવી માનથી તેની સાથે વાતો કરવા લાગ્યો. તેણે ફ્રૂદની બાજુ ખોલાવીને તે ઉપરની શિયાવુશના જેવી નિશાન છે એવી પોતાની ખાતરી કીધી. આ નિશાન એક કાળો તલ હતો. એ ઉપરથી તેણે ફ્રૂદને પિછાન્યો અને તેઓ વચ્ચે દોસ્તી બંધાઇ.

શાહજાદા ફ્રૂદે હવે ખુલાસો કીધો કે—ઇરાની નામદારોથી વાકેફ થવા માટે હું આ ટેકરી ઉપર આવ્યો છું. મારી ખાહેશ છે કે ઇરાની ફોજના સપેહસાલારની મારાથી બની આવતી ખાતરદારી કરૂં, અને ઘોડા, ગુર્જ, તલવાર વગેરે લડાઇનાં હથિયારોની મદદ આપું. વાસ્તે તું તારા સપેહસાલારને મારી તરફથી ઇજન કરીને અહીં લઇ આવ, અને એક હફતો ખુશી ખુર્રમીમાં ગુજારીને પછી આપણ તૂરાની અઝદહા (અફ્રાસિયાબ)ની શોધમાં નીકળશું.

બેહરામ આ સર્વ સાંભળીને ઘણો શાદમાન થયો, પણ તૂસ કેવા પાજી સ્વભાવનો છે તે બાબે ફ્રૂદને ખબર આપીને તેણે સલાહ આપી કે આ ટેકરી છોડીને તું તારા કિલ્લામાં જા, નહિ તો સપેહસાલાર તને હલાક કરશે. તૂસ ખૂશ મિજાજમાં હોય ત્યારે ફ્રૂદનાં ઇજનથી તેને વાકેફ કરવાની કબૂલત આપીને બેહરામ છુટો પડયો.

તૂસની તુંદી.

બેહરામે ખાતરી આપ્યા છતાં તૂસે ફ્રૂદને સિયાવુશનો બેટો માનવાની સાફ ના પાડી. તેને કોઇ ઠગારો અને જાસુસ ગણીને તેનો જાન લેવાનું કામ પોતાના જમાઇ રીવનીજને સોંપ્યું. બેહરામે તેને એ કામથી અટકાવી કહ્યું કે શાહ કય ખુસરૂનો આ ખરેખરો ભાઇજ છે, માટે તેની સાથ દુશ્મની કરવી છોડી દે. પણ તેથી વધારે ઉશ્કેરાઇને તૂસે પોતાનો હુકમ બજાવવાની તાકીદ કીધી.

રીવનીજને માટે કહે છે કે તેની ૪૦ બહેનો વચ્ચે તે એકલો એકજ ભાઇ હતો. તેને હાથમાં નાગી તલવાર સાથ આવતો જોઇને ફ્રૂદે પોતાનો તીર તેનાં માથાં ઉપર છોડયો, જેથી તૂસનો જમાઇ ઘોડા ઉપરથી બેજાન થઇ પડયો. અને તેનો ઘોડો પોતાના સવાર વિના ખાલી પાછો ફર્યો. આથી બારી ગુસ્સામાં આવીને સપેહસાલારે પોતાના બેટા જરાસ્પને ફ્રૂદને મારવાનું કામ સોંપ્યું. પણ આ જવાનના હાલ પણ રીવનીજ જેવાજ થયા.

આ બધું તૂખારની સલાહથી બન્યું. તે દાના મર્દ હતો, ખબરદાર હતો, પણ રીવનીજ અને જરાસ્પનો જાન લેવાની ફ્રૂદને સલાહ આપનાર તેજ હતો. જો તેણે આવી સલાહ ન આપી હોત, અને પાછળથી જ્યારે તૂસ પોતે ફ્રૂદ સામે લડવા આવ્યો ત્યારે તૂખારે ફ્રૂદને કિલ્લામાં ભરાઇ જવા કહ્યું તેમ પહેલી મરતબે કહ્યું હોત, તો ફ્રૂદની ખરાબી જે હવે નજદીક હતી તે થાત નહિ. તૂસને પૂર ગુસ્સામાં આવતો જોઈ તૂખારની શુદ્ધ ઠેકાણે આવ્યાથી તેણે લડાઇ નહિ કરવાની ફ્રૂદને શીખામણ દીધી, પણ તે જવાને આ સલાહ જે ઘણી

મોડી મળી હતી તે માની નહિ. ફિર્દુસી જણાવે છે કે કિલ્લામાંની ૮૦ મેહબૂબો ફરૂદની લડાઇનો તમાશો જોતી હતી તેમની નજર આગળ કિલ્લામાં ભરાઇ જવાનું તે જવાનને નઓજું લાગ્યું. એટલામાટે તે સ્વાર થઇ આગળ વધ્યો, અને પોતે અચ્છો તીરંદાજ હોવાથી કમાનને ચિલ્લો ચઢાવી તૂસ ઉપર તીર છોડવા તૈયાર થયો. પણ આ વેળા તુખારે તેને સલાહ આપી કે તૂસનો જાન નહિ લેતાં તેના ઘોડાને બેજાન કરવો, કારણ કે શાહો ઘોડા વિના લડાઇ કરી શકતા નથી માટે તૂસ તારી જોડે પાંઉપિયાદો લડનાર નથી. આ ઉપરથી ફરૂદે તૂસના ઘોડાને બેજાન કીધો, અને તે સપેહસાલાર ભારી અફસોસ સાથ છાવણીમાં પાછો ફર્યો. ફરૂદે તેની પુઠ પકડીને અને પેલી ૮૦ મેહબૂબોએ ઠઠ્ઠામશ્કરીના પુકાર* ઉઠાવીને તૂસની ભારે હાંસી કીધી.

તસ જેવા સપેહસાલારને આ રીતે નિરાશ થઇ પાછો ફરેલો જોઇને પેહલવાન ગીવને ભારી ગુસ્સો ઉપજ્યો. હવે તે પોતાના સઘળા ગોઠિયાઓનું વેર શાહ કય ખુસરૂના ભાઇ ફરૂદ ઉપર લેવા જવા તૈયાર થયો. તેને સપદ પહાડ ઉપર ચઢી આવતો જોઇને ફરૂદે તુખારથી તેની માહિતી મેળવી, અને ગીવે સિયાવુશનું બખ્તર પહેરેલું હતું—કેજે તેણે રાણી ફરંગીસ કનેથી માંગી લીધું હતું—માટે તેના ઉપર તીર અસર કરી શકશે નહિ એમ જણાયાથી તુખારની સૂચના ઉપરથી ફરૂદે તેના ઘોડાનેજ બેજાન કીધો, જેથી ગીવને પણ તૂસના જેવીજ શર્મિંદગી સાથ પાછું ફરવું પડ્યું.

બીઝનની બહાદુરી.

પોતાના બાપને આ રીતે પશેમાન થઇ પાછો ફરેલો જોઇ જવાન બીઝન તેની આગળ દોડી આવ્યો. ગીવ હમેશાં પોતાના આ એક પુરા બેટાને નાદાન સમજીને તેને માટે ભારી ચિંતા રાખતો હતો, તેમ બીઝન પોતાના બાપને ઘરડો થયલો સમજીને લડાઇમાં હવે તે વધુ નામદારી કરી શકે એમ માનતો ન હતો. આ વેળા તેણે ગીવને ઘોડા વિના પાઉં પિયાદો પાછો આવેલો જોઇને કાંઇક એવા સખુનો કહ્યા કેજે ગીવને ગળે ઉતર્યા નહિ

હવે બીઝન પોતે શાહજાદા ફરૂદની સામે જવા તૈયાર થયો. ગઝદહમના બેટા ગુસ્તહમ કનેથી એક બહાદુર ઘોડો માંગી લઇને તે પહાડ ઉપર ચઢ્યો, જે આગમજ ગીવે તેને માટે પોતે પહેરેલું શાહ સિયાવુશનું બખ્તર મોકલી આપ્યું હતું તે આ જવાને પહેરી લીધું હતું. આમ હોવાથી ફરૂદે બીઝનનો જાન લેવાની તજવીજ નહિ કરતાં પોતાનો રામબાણ તીર તેના ઘોડા ઉપરજ છોડીને તેના સવારને પાઉં પિયાદો બનાવ્યો. પણ આ હોનારતથી નાસિપાસ થઇ પાછો નહિ ફરતાં બીઝન નાગી તલવાર સાથ પહાડ ઉપર ચઢ્યો, ફરૂદના તીર પોતાની ઢાલ મારફતે ચુકાવ્યા, અને પોતાના હરીફની અડોઅડ જઇને તેના ઉપર ધસ્યો. અગરજે એ વેળા ફરૂદ પીઠ ફેરવીને કિલ્લામાં ભરાઇ ગયો ન હોત તો તે બીઝનના હાથ ઉપર તત્કાળ માર્યો જાત. ફરૂદના લશ્કરીઓએ હવે બીઝન ઉપર પહાડી પથરા ગબડાવવા માંડ્યા, અને પોતાને બીજો માર્ગ નહિ જણાયાથી બહાદુર બીઝનને ઇરાની છાવણીમાં પાછું ફરવું પડ્યું.

ફરૂદનો નાશ.

બીજી સહવાર પડે તે આગમજ તો ઇરાની સિપાહોએ ફરૂદનો કિલ્લો ઘેરી લીધો. આ સરદાર પોતાના તૂરાની સિપાહીઓ સાથ જંગમાં ઉતર્યો ખરો, પણ સઘળી બહાદુરી છતાં તેના માણસો બેશુમાર ઇરાનીઓના હાથ ઉપર માર્યા ગયા, અને તે પોતેબી જખ્મી થયો તે એકલે હાથે લડ્યો; તેણે બીઝન ઉપર

હલ્લો કરી એકજ જર્બે તેને બેહોશ કરી જમીન ઉપર ગબડતો કીધો. પણ એજ વખ્તે બીઝનની મદદે રહ્હામ (તેનો કાકો) આવી પુગ્યો, જેણે ફરૂદને ખબર નહિ પડે તેમ પછવાડેથી આવી પુકાર મારીને તેના ઉપર એવો ફટકો લગાવ્યો કે તે જવાન શાહજાદાનો હાથ ખભાં-આંથી કપાઇને જમીન ઉપર તુટી પડયો.

આ લડાઇ ઘોડા ઉપર બેઠાં બેઠાં થઇ હતી. હવે ફરૂદ બુમ પાડતો કિલ્લા ભણી નાઠો પણ બીઝને પાછી તેની પૂઠ પકડી અને તેના ઘોડાને પછવાડેથી બેજાન કીધો. આમ છતાં પિયાદો બનીને દુખી ફરૂદ કિલ્લામાં ભરાઇ જવા પામ્યો, અને તેના થોડાક બચેલા સાથીઓએ ઇરાનીઓ આવી પુગે તે આગમજ દરવાજા બંધ કરી દીધા. તેની માદર અને સાહેલીઓ વગેરે દોડી આવ્યાં. ફરૂદને ખોળાપર લીધો, અને તેનું આવી બન્યું છે એમ જોઇને તેઓ બાલ પીખવા લાગ્યાં. ફરૂદે પણ પોતાની આખેરી નજદીક જોઇ, જે ઉપરથી તેણે છેલ્લી વસીહત એ કીધી કે—બીઝન યા બીજા કોઇબી ઇરાનીઓના હાથમાં મારો ખજાનો કે અસ્બાબ કે દાસીઓ જવાં નહિ જોઇયે; માટે જેમનું દિલ મારા ઉપર હોય તેઓએ કિલ્લાની દીવાલ ઉપરથી બાહેર તુટી પડી જીવપર કરવું, ખજાનો સળગાવી દેવો, અને ઘોડાઓનો નાશ કરવો.

કમબખ્ત જરીરા! તેબી પોતાના બહાદુર બેટા પાછળ જાન આપી ગુજર પામી. જ્યારે ઇરાનીઓ કિલ્લાના દરવાજા તોડી અંદર દાખલ થવા પામ્યા ત્યારે તેઓએ આ મા-દીકરાને એકેકની જોડમાં પડેલાં દીઠાં. ગુદર્જનો બેટો બેહરામ કેજે ફરૂદનો મોટો દોસ્ત થયો હતો તે પોતાના આ પ્યારા રફીકનાં અકાળ મોત માટે પોકેપોક રડયો. બીજા સઘળા ઇરાની સરદારોની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં, અને તૂસ વટીક પશેમાન થયો. ફરૂદ અને તેની માની લાશ જોડે રીવનીજ અને જરારપની લાશોને યોગ્ય રીતે પુર આદરમાન સાથ ઠેકાણે પાડી; અને એ રીતે ત્રણ દહાડા ચરમમાં ગુજારીને ઇરાની લશ્કર કાંસારૂદ નદી તરફ આગળ વધ્યું.

ફસલ ૩—તૂરાન ઉપરની ચહાઈમાં ઈરાનની હાર.

પલાશાન ઉપર બીઝનની જીત.

કાંસા નદી તરફ લશ્કરે આગળ વધવાનો સબબ એ હતો કે ત્યાંથી તૂરાનમાં દાખલ થવાનો માર્ગ અફ્રાસિયાબે લાકડાંની જબર-દસ્ત દીવાલ બાંધીને બંધ કીધો હતો તે તોડી ફના કરીને આગળ વધવું. આ દીવાલ તોડવાનું કામ પેહલવાન ગીવે માથે લીધું હતું.

હવે જ્યારે ઇરાની લશ્કરના આવી પુગવાની ખબર તૂરાની સપેહસાલાર પલાશાનને પડી ત્યારે તે આ લશ્કર કેટલું છે અને કેવું છે તેની તપાસ લેવાં માટે આવ્યો. ગીવે તેનો વાવટો જોતાંજ તેની સામે લડવા જવાની તૈયારી કીધી, પણ તેના બેટાએ તેને એ કામથી અ-ટકાવી પોતે જવા માંગ્યું, અને તેનો સબબ એ બતાવ્યો કે—પલાશાનને મારવાનું કામ નામ-દાર શાહની દરબારમાં મેં માથે લીધું છે, અને તે માટેનું ઇનામ પણ મનેજ મળેલું છે. ગીવે તેને શાહ સિયાવુશવાળું બખ્તર ફરીથી પહેરવા આપ્યું, અને તે વડે સજ્જ થઇને તે જવાન જોધ્ધો પલાશાનની છાવણી તરફ ચાલ્યો. પલાશાનના ઘોડાએ એક શત્રુને આવતો જોઇ પુકાર મારી પોતાના ધણીને વાકેફ કીધો, જે ઉપરથી ચેતવણી લઇને પલાશાન બીઝનની મુકાબેલ જઇ ઉભો.

બન્ને વચ્ચે હાથોહાથની લડાઇ ચાલી. બેઉ ઘોડેસ્વાર થયલા હતા. જ્યારે બેઉના ભાલાની નોક એકેકનો જાન લેવામાં મિથ્યા કામમાં ભાગી ગઇ ત્યારે તેઓએ તલવારથી લડાઇ ચલાવી. છેલ્લે તેઓએ ગુર્જ વડે એકેકનાં માથાં છુંદવાની તલબ કીધી. બન્ને થાકી ગયા હતા. તેમના ઘોડાઓ પરસેવાથી ભીજાઇ ગયા હતા. તેઓ પોતે ઘોડાની પીઠ ઉપર થરથર ધ્રુજતા હતા. એમ કરતાં લાગ જોઇ બીજનને પલાશાનની કમર ઉપર પોતાના ગુર્જનો એક એવો જખમ કીધો કે જેથી તેના બરડાનું હાડકું ભાગી ગયું. તે મુર્દું થઇને જમીન ઉપર પડયો. બીજને તરત ઘોડા ઉપરથી ઉતરી તેનું સર તનથી જુદું કરી દીધું, અને તેનાં હથિયારો તથા ઘોડો સાથે લઇને પોતાના બાપની આગળ જઇને ઉભો. બીજનની આ નામદારીથી સપેહસાલાર તુસ ખુશખુશ થઇ ગયો અને ગુદર્જના નબીરાને તેણે ઘણીએક આશિષ દીધી.

તૂરાનમાં ગભરાટ.

આ વિશેની ખબર અફ્રાસિયાબને પડી ત્યારે તેણે પોતાનો આગળો ખ્વાબ યાદ કરીને ખચીત ધાર્યું કે કય ખુસરૂ પોતાના બાપનો કીનો લેવા આવે છે તેનો જો અટકાવ નહિ થશે તો તૂરાનની પુરેપુરી ખરાબી થવાની. કય ખુસરૂના છટકી જવાથી તૂરાની શાહ પોતાના વજીર પીરાન ઉપર બહુ ખફા થયો હતો અને તેની કનેથી લશ્કરના સપેહસાલારનો મોટો ઓહદો લઇ મુકયો હતો. પણ હવે જ્યારે નવો સપેહસાલાર જવાન પલાશાન તો સહેજમાં બેજાન થયો હતો ત્યારે અફ્રાસિયાબે પીરાનને પાછો બોલાવ્યો અને તેને ફરીથી લશ્કરોનો વડો બનાવ્યો. પણ એજ વેળા તૂરાની શાહને ખબર પડી ગઇ કે કાંસા નદીના કાંઠા ઉપરનો લાકડાનો ડુંગર ઇરાનીઓએ બાળીને ભસ્મ કીધો છે.

એ બનાવ આ રીતે બન્યો. જ્યાં ઇરાની લશ્કરની છાવણી હતી ત્યાં એક દિને એવું સખ્ત પવનનું તોફાન થયું કે સર્વ કોઇ લડાઇ તો ભુલીજ ગયું. આ તૂફાન દરમિયાન બર્ફનો વરસાદ વરસવા લાગ્યો, જેથી દરેક સિપાહ અને દરેક તંબુ બર્ફમાં ગોયા બંધાઇ ગયો! પહાડો ઉપર બર્ફની ચાદર પથરાઇ ગઇ અને એક હફતા સુધી જમીન ઉપર બર્ફ સિવાય બીજું કાંઇ નજર આવ્યુંજ નહિ. શોધી ખોરાકી જડી નહિ, અને ઉંઘ કે થાક સૌ કોઇ ભુલીજ ગયું. સિપાહીઓ પોતાના ઘોડા કાપીને ખાવા લાગ્યા. બેશુમાર થંડીને લીધે સંખ્યાબંધ ઇનસાનો અને હેવાનો જાનથી ગયાં. સાત દહાડા સુધી આફતાબે દેખાવ દીધોજ નહિ, પણ આઠમે દહાડે સૂર્ય પ્રકાશ્યો, બરફ પિગળ્યો અને સઘળે પાણી પાણી થઇ ગયું.

ઇરાની સરદારો હવે માંહોમાંહે વિચાર કરીને આગળ વધવાનો મનસુબો કરવા લાગ્યા. પેલી લાકડાંની જબરદસ્ત દીવાલ તોડવાનું કામ ગીવે માથે લીધું હતું તે બાબે તુસે તેને યાદ આપી. ગીવ તૈયાર થયો ત્યારે બીજને તેને એ કામથી વારી પોતે તે માથે ઉઠાવવા ચાહ્યું. પણ પોતાની શર્ત પોતેજ બજા લાવવાની ગીવ હઠ લઇને આગળ વધ્યો. તેણે એક ભાલાની નોક વડે આતશ સળગાવીને તે પેલા લક્કડ કોટ ઉપર ફેંકયો જેથી તે કિલ્લો સળગી ઉઠયો. ત્રણ અઠવાડિયાં સુધી આ આગ ચાલુ રહી, અને એ મુદતમાં આ ગંજાવર કોટ ભસ્મ થતાંજ ચોથે અઠવાડિયે ઇરાની લશ્કર તેની રાખ ઉપર કદમ ચલાવી તૂરાનમાં દાખલ થયું અને ગીરવગર્દ તરફ ચાલ્યું.

દગાખોર તઝાવનાં કારસ્તાન.

આ ગીરવગર્દ ખાતે પેલોજ દગાખોર ઇરાની સરદાર તઝાવ કેજે તૂરાનની દરબારને મળી ગયો હતો તે વસતો હતો, અને અહીં તેનાં ઢોરઢાંક રાખેલાં હતાં. જ્યારે તેને ખબર

મળી કે ઇરાનથી લશ્કર ચઢાઇ લાવ્યું છે ત્યારે તેણે આ ઢોરો તેના હાથમાં નહિ સપડાઇ જાય તેની સંભાળ લીધી, અને ઇરાની લશ્કર ઉપર શબેખૂન ચલાવવા (યાને રાતને વખ્તે ચઢાઇ લઇ જઇ કાપાકાપી કરવા) નો ઇરાદો રાખ્યો. પણ તે આગમજ તેણે કબૂદા નામે સરદારને ઇરાની લશ્કરની સંખ્યા વગેરેની ખબર મેળવવા મોકલ્યો.

રાત અંધારી હતી તેનો લાભ લઇને કબૂદા ઇરાની છાવણીમાં દાખલ થયો. પણ એ વેળા તેના ઘોડાનો ખંખાર પેહલવાન બેહરામે સાંભળ્યો, કેજે તે રાત્રે લશ્કરની ચોકી કરતો હતો. બેહરામ કમાનને ચિલ્લો ચઢાવી, તથા ઘોડેસવાર થઇ અંધારાંમાં આગળ વધ્યો અને કબૂદાની નિશાન મળતાંજ તેના ઉપર તીર છોડયો. તે નીચે તુટી પડયો તેજ વેળા બેહરામે તેને પકડયો. તેણે જાનની અમાનત માંગી, અને બેહરામના પુછવાથી કહી દીધું કે મને તઝાવે મોકલ્યો હતો. તે સરદાર કયાં છે તે બતાવી આપવાનું માથે લઇને જીવતદાન માંગ્યું; પણ બેહરામે તેમ નહિ કરતાં તેનો તત્કાળ જાન લીધો.

તેની નાસભાગ.

હવે જ્યારે મરઘા બોલ્યા અને પક્ષીઓ ગાવા લાગ્યાં ત્યાં સુધી કબૂદાને પાછો ફરેલો નહિ દીઠો ત્યારે તઝાવે પોતાનું લશ્કર તૈયાર કીધું અને લડવા માટે તૈયાર ઉભો. રાત્રે શબેખૂન કરવાનો તેનો વિચાર રદ ગયો હતો. તેની સામે ગીવ લડવા ઉતર્યો. પણ તે લડવાને બદલે તઝાવને પાછો ઇરાનના શાહને તાબે થઇ ઇરાની લશ્કરમાં દાખલ થવાના ફાયદા સમજાવે છે એવું જોતાંજ બીઝને જઇ પોતાના બાપને એ કામથી વાર્યો. આ પછી તેઓ વચ્ચે લડાઇ ચાલી, જેમાં તઝાવ નાઠો અને બીઝને તેનો પીછો પકડી તેની કમરમાં ભાલાનો જખ્મ કીધો. આથી નહિ ડરતાં તઝાવ ઘોડો ડપટાવી જાન બચાવવા નાઠો. બીઝને તેની પુઠ પકડેલી રાખી તેની અડોઅડ જઇ તેના માથાંપરનું તાજ ખેંચી લીધું, કેજે તેને અફ્રાસિયાબે ભેટ આપ્યું હતું અને પોતાનો જમાઇ બનાવીને તેને શાહજાદાને પદે ચઢાવ્યો હતો. તાજ ગયા છતાંબી તઝાવ નાઠો, અને બીઝને તેનો દુંબાલો પકડીજ રાખ્યો.

તઝાવ હવે પોતાના ગીરવગર્દના કિલ્લા આગળ આવી પુગ્યો ત્યારે તેની માશુક ઇસ્પન્વીની માગણી ઉપરથી તેણે તેને પોતાની પછવાડે ઘોડાપર બેસાડી લીધી, અને પછી તેઓ બન્ને કિલ્લો છોડી જીવ લઇને પાયતખ્ત તરફ નાઠાં. પણ માર્ગમાં એક નદી આવી, ત્યાં તઝાવે આંખમાં આંસુ લાવીને તે ખુબસુરત છોકરીને ઉતારી પાડી, એવું કહીને કે ઘોડો થાકી ગયો છે, સામે નદી છે, પછવાડે દુશ્મને દુંબાલો ધરેલો છે, માટે તું ઉતરે તો હું સલામત છટકી જઇ શકું; અગર નહિ તો આપણુ બન્ને પકડાઇ જઇશું. ઇસ્પન્વી ઉતરી પડી, અને તઝાવ જાન બચાવી ગયો. બીઝન આવી પુગ્યો ત્યારે તેણે આ મેહબૂબને એકલીજ દીઠી—તઝાવ છટકી ગયો હતો. તેણે તેણીને પોતાની પીઠ પાછળ બેસાડી લીધી, અને એ રીતે બીઝન ઇરાની છાવણીમાં પાછો ફર્યો. બીજી તરફથી ઇરાની સવારોએ ગીરવગર્દનો કબ્જો લઇ ત્યાં લુટફાટ ચલાવી, અને તઝાવના ઘોડાના ગોવાળાં હાથ કરીને પોતાના જે સિપાહીઓ ઘોડા વિનાના થઇ પડયા હતા તેમને પાછા ઘોડેસ્વાર બનાવ્યા.

ઈરાનીઓનું શબેખૂન.

તઝાવે હવે શાહ અફ્રાસિયાબની દરબારમાં હાજર થઇ પોતાની ઉપર વિતેલી સર્વ કહાણીની વાતો કહી સંભળાવી, જે ઉપરથી પીરાને

લશ્કરો ભેગાં કરીને ઇરાનીઓની સામે જઇ ઉભો. લશ્કરની જમણી બાજુ તેણે બાર્માન તથા ડાબી બાજુ તઝીવને સોંપી અને પોતે વચમાં રહ્યો. આ લશ્કરનો શુમાર લેવા અફ્રાસિયાબ પોતેબી ત્યાં આવી ઉભો. ગણતરી લેતાં જણાયું કે તમામ તૂરાની લશ્કર એક લાખ માણસનું હતું. આમાંથી ૩૦ હજાર ચુનંદા માણસો લઇને પીરાન ગીરવર્ગદ તરફ શબેખૂન માટે ચાલ્યો, કારણકે તેને ખબર મળી હતી કે તે કિલ્લો કબ્જામાં લઇને ઇરાનીઓ મોજમજાહમાં પડયા હતા. પણ ગુદર્જ અને ગીવ હજુ સાવધ હતા. દુશ્મનો હલ્લો લાવ્યા છે એવી ખબર પડતાંજ ગીવ ઘોડેસ્વાર થઇ આખી છાવણીમાં ફરી વળ્યો અને તૂસ વગેરેને જગાડતો ગયો. સઘળા શરાબની ખુમારીમાંથી જાગૃત થયા અને લડાઇ માટે તૈયાર થયા. પણ તે આગમજ તો પીરાને તુટી પડીને ભલાભલા ઇરાનીઓને કાપી નાખ્યા. રાતની અંધારીમાં શબેખૂન ચાલ્યું, અને બીજી સહવારે તૂસ, ગુદર્જ અને ગીવે પોતાની આસપાસ ઇરાનીઓની લાશના ઢગલા દીઠા. ઇરાની લશ્કરને આ રીતે ખુઆર થયલું જોઇને તૂસ તૂરાનમાં વધારે આગળ નહિ વધતાં કાંસા નદી તરફ પાછો ફર્યો. પીરાને તેની પૂઠ પકડીને તેને બહુ હલાક કીધો, અને આ રીતે પોતાની પુરેપુરી ખરાબી જોઇને બચેલા ઇરાનીઓ પહાડોમાં ભરાઇ ગયા. ઇરાનીઓની છાવણી લૂટાઇ ગઇ, તેમનો સેતારો બરગસ્તે બેઠો. તેમની કને અસ્બાબ કે ઘોડા કે ખજાના જેવું કાંઇ રહ્યું નહિ. સઘળું ફના થયું. જેઓ નાઠા તે અને જખમી થયા તે ગુદર્જને જઇ મળ્યા, જેણે એક ચુનંદા સવારને જે કાંઇ બન્યું તેની ખબરથી શાહ કયખુસરૂને વાકેફ કરવા રવાના કીધો.

તૂસની બરતરફી અને નામોસી.

આ સઘળું બયાન સાંભળીને તે જવાન શાહને એવડો સંતાપ થયો. પોતાનો ભાઇ માર્યો ગયો અને લશ્કર ફના થયું એમ જાણીને તે બહુ દુખી થયો. સોનાના પાયપોશ પહેરેલા એવા ૪૦ લડવૈયાઓ સાથે પોતે તૂસને સપેહસલાર ઠરાવીને તૂરાન ખાતે લડવા મોકલ્યો હતો તેમાં તેણે પહેલી ખરાબી શાહના ભાઇ ફરૂદ અને તેની માતાની કીધી, અને ત્યાર બાદ ઇરાની લશ્કર અને બજાનાની કીધી, તેથી બહુજ કોપાયમાન થઇને કયખુસરૂએ એક ઠઠરાવનારૂં નામું લખી તૂસને તેના ઓધ્ધા ઉપરથી બરતરફ કરી ઇરાન બોલાવી લીધો, અને પોતાના કાકા શાહજાદા ફરીબોર્જને લશ્કરની સરદારી સોંપી. શાહે ફરીબોર્જ ઉપર આ નામું લખતાં જણાવ્યું કે તૂસને મેં સાફ ફરમાવ્યું હતું કે ચરમ તરફ જતો ના; કિલાત કે સર્પદ પહાડ તરફ થોબતો ના; કારણ કે ત્યાં ફરૂદ, મારો ભાઇ, પોતાની માદર સાથ વસે છે. તેમ છતાં તે તરફ જઇને તેણે તેની ખુઆરી કીધી છે, વાસ્તે હવે તું તેને આ તરફ મોકલી દેજે અને લશ્કરની સરદારી તું લેજે, તું સોનાના જોડા પહેરજે અને કાવાનો ઝુંડો તું ઉડાવજે. આ સઘળી બાબતમાં ગુદર્જ તને સલાહ આપશે. હવે તું લડાઇની ઉતાવળ કરતો ના, શરાબની મોજથી દૂર રહેજે, ખ્વાબમાં વખ્ત ગુમાવતો ના, ઝનુનમાં આવી લડવા તૈયાર થનો ના, પણ જખ્મી સિપાહીઓ સાજા થાય ત્યાં સુધી થોબજે, અને પછી ગીવને સરદારી આપી દુશ્મન સામે મોકલજે.

શાહના આ હુકમ પ્રમાણે અમલ થયો, અને તૂસ શાહની દરબારમાં પાછો ફર્યો. તેની તકસીર માટે કયખુસરૂએ તેને કેદખાને મોકલાવ્યો, અને તેનાં કામો તરફ એ રીતે પોતાની ખફગી જાહેર કીધી.

પેલી તરફ ફરીબોર્જે રહ્યામને પીરાન પાસે મોકલાવીને સુલેહની માંગણી કીધી; પણ પીરાને એક મહિનાની મોહલત આપી, એવી

મતલબથી કે એ મુદતમાં જખ્મી સિપાહીઓને આરામ મળે; અને જણાવ્યું કે એ મુદતમાં જો ઇરાનીઓ તૂરાનની સરહદ છોડી જશે તો ભલું છે, પણ જો તેઓ લડવાજ માંગશે તો તૂરાનીઓ તૈયાર છે.

નવી લડાઈ—નવી શિકસ્ત.

ઇરાનીઓ પાછા હટયા નહિ. ફરીબોર્જે છુટથી પૈસા ખર્ચીને આસપાસથી લશ્કર અને અસ્બાબ ભેગો કરવામાં આ મુદત ગુજારી, અને એ રીતે જ્યારે મેહતલ પુરી થઇ ત્યારે ઇરાની લશ્કર લડાઈ માટે તૈયાર થઇ ઉભું. પાછી લડાઇ ચાલી. ફરીબોર્જ, ગુદર્જ, ગીવ, અશ્કશ—એ સઘળા અને બીજા ઘણા ઇરાની સરદારો પીરાન, હુમાન, ફર્શીદવર્દ, લહ્હાક અને બીજા ઘણા તરાની સરદારો સાથ સામન સામન લડયા. આ લડાઇમાંબી તૂરાનીજ ફતેહ થઇ અને ઇરાનીઓ નાઠા. હુમાને ઇરાની લશ્કરના મધ્ય ભાગ ઉપર હલ્લો કીધો, કે જેની સરદારી ફરીબોર્જના હાથમાં હતી. તે સપેહસાલાર અંતે નાઠો, તેનાં લશ્કરની સફ તુટી, અને તે નાસભાગમાં પડયું. ગુદર્જ અને ગીવ બન્યું ત્યાં સુધી હિમતથી લડયા; ગુદર્જે અંતે નાસવાનો વિચાર કીધો, પણ ગીવે તેને તેમ કરતો અટકાવ્યો. ગુદર્જે પોતાના નબીરા બીજનને પહાડમાં છુપાઇ બેઠેલા ફરીબોર્જ કને મોકલીને કાવાનો ઝુંડો મંગાવ્યો. પણ ફરીબોર્જે તે બીજન જેવા જવાન લડવૈયાના સ્વાધીનમાં આપવાની ના પાડી, એવું સમજીને કે તે ઝુંડો તેના હાથમાંથી દુશ્મનો પડાવી લે તો ઇરાનની આબરૂ જાય. પણ જવાન બીજને પોતાની શમ્શીરથી ઝુંડાનો દાંડો એકજ ઝટકે કાપી પોતાની જવાંમર્દી દેખાડી આપી, અને તુરત ઝુંડો ઉપાડીને તે પોતાના નેયાગાન ગુદર્જને લઇ જઇ આપવા દોડયો. માર્ગમાં તુરાનીઓએ તેને ઝુંડા સાથ જોતાંજ હુમાન તે ઝુંટી લેવા પોતાના સરદારો સાથ બીજનની આસપાસ ફરી વળ્યો. પણ બીજને તેઓ ઉપર તીરો છોડી તેમને જમીનદોસ્ત કીધા, અને કીમતી ઝુંડા સાથ ગુદર્જને આવી મળ્યો, કેજે પોતેબી તેને બચાવવા સામો આવી લાગ્યો હતો.

હવે ઇરાની લશ્કર પોતાના બખ્તાવર ઝુંડા સાથ એક વાર ફરીને શત્રુઓ ઉપર ધસ્યું, કે જેમ કરતાં શાહ કાઉસનો માનિતો બેટો રીવનીજ માર્યો ગયો. ફરીબોર્જનો તે ભાઇ થતો હતો, જેનું તાજ ગુદર્જના બેટા બેહરામે શત્રુના હાથમાં જતું બચાવી લીધું. લડાઇમાં ગુદર્જ અને તેના નબીરા બીજન સુધાં માત્ર આઠજ ખાનદાનીઓ બચવા પામ્યા—બાકીના સઘળા ગુદર્જિયાન લડવૈયાઓ કપાઇ ગયા[1].

જોકે પીરાન અને અફ્રાસિયાબના પણ ઘણા ખાન્દાનીઓ બેજાન થયા, તોપણ છેવટે ફતેહ તો તૂરાનીઓનીજ થઇ.[2]

૧—આ મોટી ખુનખાર લડાઇમાં બેશુમાર ઇરાનીઓ અને તૂરાનીઓ માર્યા ગયા હતા, જેમના સંબંધમાં ફિર્દોસી હિસાબ આપતાં જણાવે છે કે—ગુદર્જના સંખ્યા બંધ બેટા અને નબીરાઓમાંથી તે પોતે, ગીવ અને બીજન ઉપરાંત બીજા પાંચજ જણ બચવા પામ્યા; ગીવના ૨૫) બેટાઓ માર્યા ગયા; શાહ કાઉસના ખાન્દાનમાંથી તેના બેટા રીવનીજ ઉપરાંત ૭૦ રાજવંશીઓ બેજાન થયા. બીજા હાથ ઉપર પીરાનના ૯૦૦ ખાન્દાનીઓ કતલ થયા, અને તૂરાની અફ્રાસિયાબનાં વંશમાંથી ૩૦૦ જણ ઓછા થયા હતા.

૨—મેશર્સ વૉર્નર બિરાદરો જણાવે છે કે શાહ કય ખુસરૂના અમલમાં સિયાવુશનો કીનો લેવા માટે તૂરાન ઉપર જે ચઢાઈ તુરાની સરદારી હેઠળ ગઇ હતી તેમાં ગુદર્જ, ગીવ, બેહરામ અને બીજનનાં નામો આવે છે તે પાર્થન પાદશાહો મધેના ગોતર્જીસ, વર્દનીસ, ગીવ્ઓ, વગેરેને મળતાં આવે છે, અને એટલા માટે આ લડાઇને ઉપલા લખનારાઓ પાર્થન અમલમાં ઇસ્વી ૪૨—૪૬ માં ચાલેલી પાદશાહી તખ્ત માટેની લડાઇ સાથ સરખાવે છે.

બિસિતુન પહાડ ઉપર જ્યાં મહાન હખામની પાદશાહ દારાયસ હીસ્તાસ્પીસના યાદગાર લેખ છે તેમની ૩૦૦ ફીટ નીચે એક બીજો લેખ છે, કેજે પાર્થન પાદશાહ ગોતર્જીસ (ગુદર્જ)નો છે, કેજે ઇસ્વી ૪૦—

એક ચાબુકની કહાણી.

રાત પડી ત્યારે બેહરામ પોતાનો ચાબુક શોધવા નીકળ્યો. શાહજાદા રીવનીજનું તાજ દુશ્મનોના હાથમાં જતું અટકાવવા જતાં તે આ ચાબુક ખોઇ બેઠો હતો, અને તે ઉપર પોતાનું નામ હોવાથી તુરાનીઓ પોતાની મજાક કરશે એમ સમજી બેહરામ તે ચાબુક પાછો હાથ કરવા નીકળ્યો. તેને આમ કરતાં તેના પિતા ગુદર્જે અને ભાઇ ગીવે અટકાવ્યો, અને ચામડું જડેલી એક સોટીની ખાતર મબાદા તે પોતાનો પ્યારો જાન ખોઇ બેસશે એવી ચિંતા બતાવી. પણ બેહરામ સમજ્યો નહિ. ચંદણી રાત હતી, માટે લડાઇનાં મેદાનમાં પડેલો પોતાનો ચાબુક કયેથી પણ તે શોધી કહાડી શકશે એવી તેને ઉમેદ હતી. અને તેની એ ઉમેદ પાર પડી. લડાઇમાં કપાઇ ગયલા માણસોની લાશો વચ્ચેથી રસ્તો લેતાં તેણે પોતાની ચીજ શોધી કહાડી. તે ઘોડા પરથી ઉતર્યો પણ એજ વખ્તે બીજા ઘોડાનો ખંખાર સાંભળીને તેનો ઘોડો તે તરફ દોડયો. ચાબુક ઉપાડી લઇને બેહરામ ઘોડાને પકડવા ગયો, પણ તે જાનવર પોતાની જગાએથી એક દગ પણ આગળ વધવાની ના પાડી બેઠું. શત્રુઓને ખબર પડશે તો પોતાનો જાન જોખમમાં આવી પડશે એમ સમજી બેહરામે જ્યારે ઘોડાને હઠીલો બનેલો જોયો ત્યારે ઝટ તલવાર ખેંચી કહાડી તેનો જાન લીધો અને પોતે પાછો ઇરાની છાવણી તરફ ધસ્યો. એટલામાં એકશો તુરાની સવારોએ આવી પહોંચી તેને ઘેરી લીધો. પણ

---

૫૧ માં મખ્યાત થઇ ગયો છે. આજે એ લેખ લગભગ ખવાઇ ગયો છે, પણ ૧૮૩૬ માં સર હેનરિ રોલિન્સને તેનો ઉતારો કીધો ત્યારે તે ઉપર ગુદર્જનાં નામ જોડે મિથ્રાનીસ (મેહરાન)નું નામ વાંચી શકાયું હતું. આ લેખમાં ગુદર્જે પોતાને "શત્રપોનો શત્રપ" તરીકે ઓળખાવ્યો છે. એજ લેખનાં એક ખુણામાં "ગોતાર્ઝીસ ગીઓ પોથ્રોસ" એવું નામ પણ વંચાયું હતું. આનો અર્થ "ગીવનો બેટો" થાય છે. ગીવ નામનો વેહરકાનનો રાજા અને અર્દવાન ૩ જાનો સસરો હતો. ગોતર્ઝીસ (ગુદર્જ) ના બાપનું નામ પણ ઉપલા લેખ મુજબ ગીવ હતું. જુઓ વૉર્નર: Shah-nameh, દફતર ૩, સર્ક ૯

પાર્થીઅન અમલ દરમિયાન ગુદર્જ, ગીવ, વગેરેનાં નામો મળી આવે છે તે ઉપરથી કયાનો જમાનામાં થઇ ગયલા એ નામના ધણીઓ તે પાર્થીઅન જમાનાવાળા હોય એમ ઠરતું નથી. જેમ ઉપલા લેખમાં ગુદર્જના બેટાને બદલે બાપનું નામ ગીવ જણાવેલું છે, તેમ પાર્થીઅન તવારીખમાં એક બીજો ગુદર્જ થઈ ગયો છે, કે જેના બેટાનું નામ ગીવ નહિ પણ બીઝન હતું, અને આ બીઝન પોતે એક ત્રીજા ગુદર્જનો બાપ હતો. પાર્થીઅન જમાનાનાં નામો ઉપરથી ફારસીમાં નીચે મુજબનો ફેરફાર થયલો જણાય છે ખરો, પણ આ પાર્થીઅન નામો ગ્રીકોનાં આપેલાં છે, જે અસલ પાર્થીઅન અથવા પેહલવી જબાન ઉપરથી બિગાડેલાં હોવાં જોઇયે, અને એજ નામો અવસ્તાઇ અથવા કયાની જમાનામાં વપરાતાં નામો ઉપરથી બિગડીને પેહલવીમાં દાખલ થવા પામ્યાં હોય એ બનવા જોગ છે:—

ગોતર્ઝીસ=ગુદર્જ

ગીઓ=ગીવ

બાજાનીસ=બીઝન

વર્દાનીસ=બેહરામ

મિથ્રદાતીસ=મેહરદાદ

મિથ્રાનીસ=મેહરાન.

મિથ્રાતીસ=મિહરાદ–મિલાદ

ફ્રાઅતીસ=ફરહાદ

વૉર્નર કહેવા માંગે છે કે પાર્થીઅન ગોતાર્ઝીસ વગેરેના જમાનામાં બનેલા તવારીખી બનાવોનો ફિર્દોસીએ શાહનામામાં ભાગી તુટી હાલતમાં ઉપયોગ કીધો છે, અને ઇરાનીઓની બે મરતબેની તુરાન ઉપરની ચઢાઇનાં બયાનમાં તે લાગુ પાડી દીધા છે. આ ગ્રંથકારના જણાવ્યા પ્રમાણે પાર્થીઅન રાજા વર્દાનીસ અને ગોતાર્ઝીસ વચ્ચે એરિંદ નામે નદીના કાંઠા પર લડાઈ ચાલી હતી, તેમ તૂસ અને તુરાનીઓ વચ્ચે શાહદ નામે નદી ઉપર લડાઇ થઇ હતી. જેમ રાજા વર્દાનીસ (બેહરામ) શિકારગાહમાં કપાઇ મુઓ હતો તેમ ગુદર્જનો બેટો બેહરામ લડાઈગાહમાં પોતાનો ચાબુક ખોવાઈ ગયો તે રાત્રે લેવા ગયો ત્યારે ત્યાં માર્યો ગયો હતો— Shah-nameh, દફ૰ ૩, સર્ક ૧૧.

તવારીખોના કોઇ કોઇ બનાવો મળતા આવે તે ઉપરથી એમ નહિ ઠરે કે એક બનાવ બીજા બનાવ ઉપરથી ઉપજાવી કહાડવામાં આવ્યો હતો. એમ જો સાબેત થતું હોય તો અનેક દેશોની તવારીખ લખનારાઓને માથે આ દોષ આવી શકે. છતાં ઇરાન અને તુરાન વચ્ચેની લડાઇઓ હિંદુઓના "મહાભારત" નામના ગ્રંથમાંની વર્ણવેલી લડાઇઓને કેવી આબેહુબ મળતી આવે છે તે પાછળ કામમાં ખાસ વધારામાં અમે જોતાવી આપીશું.

બહાદુર બેહરામે તીરો છોડી તેમને આજેજ કીધા. પીરાનને એ બાબેની ખબર પડતાં તેણે પોતાના બેટા રૂઇનને બેહરામને જીવતો પકડી લાવવા પુષ્કળ સવારો સાથ મોકલ્યો. પણ રૂઇન પોતાની મતલબમાં ફાવ્યો નહિ. છેલ્લે પીરાન પોતે બેહરામને સમજાવી તુરાની લશ્કરમાં લઇ જવા અને સિયાવુશ શાહજાદાના જેવું માનપાન આપવા આવ્યો. બેહરામે જવાબ આપ્યો કે—હું ત્રણ દહાડા અને રાતનો ભુખો છું, અને એટલી મુદ્દત મેં તુરાનીઓ સાથ એકલે હાથે લડવામાં ગુજારી છે; જો તું મને તરત ઘોડો આપીને ઇરાની છાવણીમાં રવાના થવા નહિ દેશે તો હું લડવાની ના પાડીશ નહિ. આ ઉપરથી તઝાવ નામનો જે ઇરાની દુશ્મનોને મળી ગયો હતો તે પોતાના સિપાહો સાથ બેહરામ સાથ લડવા આવ્યો. બેહરામે પ્રથમ તીરથી અને પછી ભાલા અને ગુર્જથી ઘણા દુશ્મનોને બેજાન કીધા; પણ અંતે તઝાવે પછવાડેથી તેને ખભાં ઉપર શમ્શીરનો જખ્મ કીધો, જેથી બેહરામ ચક્ર ખાઇ નીચે પડયો.

પેલી તરફથી પોતાના બિરાદરને ચાબુક લઈ પાછો ફરેલો નહિ જોઇને ગીવ પોતાના બેટા બીઝન સાથ તેની શોધમાં નીકળ્યો. જ્યારે તેઓએ કેટલીક મુશ્કેલી પછી તેને લોથ થઇ પડેલો જોયો ત્યારે બેહરામ હજુ મરણ પામેલો નહિ હતો. પોતાનું નામ સાંભળીને તે હાલ્યો. તેનો જમણો હાથ કપાઇ ગયો હતો. તે હુશિયારીમાં આવ્યો અને તઝાવે પોતાને આ હાલે પહોંચાડેલો હતો એમ કહ્યું, તથા પીરાને મહોબતથી ખેરખાહી દેખાડી હતી તે ટુકમાં સમજાવ્યું. ગીવે તેનો કીનો તઝાવ ઉપર લેવાના કસમ ખાધા, અને જ્યારે આ બેવફા ઇરાનીને તૂરાની લશ્કરની રખેવાળી ઉપર આવેલો ગીવે જોયો ત્યારે પોતાની કમંદ છોડીને તેના ઉપર ફેંકી અને તેને તેના ઘોડા ઉપરથી નીચે તોડી પાડીને તેના હાથ બાંધી લીધા અને તેને બેહોરમતી સાથ ખેંચતો જ્યાં પોતાનો ભાઇ મરવા પડેલો હતો ત્યાં લઇ આવ્યો. તઝાવે પ્રથમ ગીવ કને અને ત્યારબાદ બેહરામ પાસે જીવતદાન માંગ્યું. બેહરામને તે બદમાશ ઉપર દયા આવી, પણ ગીવે તઝાવની દહાડી પકડીને તેનું ડોકું ઉડાવી નાખ્યું. એજ વખ્તે બેહરામે પણ પ્રાણ છોડયો, જેની લાશને તઝાવના ઘોડા ઉપર સુવાડીને ગીવ તેને ઇરાની છાવણીમાં લઇ ચાલ્યો. પછી તેને પુરતાં માન સાથ દફનાવ્યો.[1]

હવે ઇરાનીઓએ વધુ લડાઈ નહિ લંબાવતાં કાંસા નદી તરફનો માર્ગ લીધો અને ત્યાંથી ઇરાન ભણીની રાહ લીધી. આ વાતની ખબર પડી ત્યારે પીરાને ઇરાની છાવણી હાથ કીધી, અને ઇરાનીઓની શિકસ્ત તથા પાછા ફરવાની ખબરથી અફ્રાસિયાબને વાકેફ કીધો. પીરાન ભારી ધામધુમ સાથ પાયતખ્તમાં દાખલ થયો, ત્યારે એક બહાદુર ફતેહમંદ લડવૈયાને આપવામાં આવે તેવું માન શાહ તેમજ રૈયત તરફથી તેને મળ્યું. બે હફતા પોતાના પાદશાહ જોડે ગુજારીને પીરાન પોતાને વતન ખુતન ગયો ત્યારે અફ્રાસિયાબે તેને બેહદ નવાજ્યો, અને તેની ભારી સ્તુતિ ગાતાં કહ્યું કે—ઇરાનીઓ પાછા ફર્યા છે તેથી બેદરકાર રહેતો ના, પણ તેમની હીલચાલની ખબર રાખતો રહેજે; કાંકે હવે મને ભય છે કે રૂસ્તમ લશ્કર લઇને નવી લડાઇ બરપા કરશે.

૧—શું તે જમાનામાં દખ્માનો રવૈયો ન હશે? ફિર્દૂસી બેહરામને કેમ દફનાવ્યો તેની વિગત આ મુજબ આપે છે:—ગીવે એક પાદશાહી કબર તૈયાર કરાવી, અને બેહરામનાં માથાંની ખોપરીમાં કસ્તુરી અને મસાલો ભર્યો, તેની લાશને ચીનાઇ રેશમી કપડાંમાં લપેટી, અને એક હાથી દાંતનાં તખ્ત ઉપર તેને પાદશાહી દબદબાથી સુવાડી તથા માથાં ઉપર તાજ લટકાવ્યું, અને તેની કબરના દરવાજાને લાલ તથા નીલા રંગથી રંગ્યા.

આ વિગત ઉપરથી જણાય છે કે તે જમાનામાં લાશને દખ્મે ચઢાવવાનો રવૈયો ન હશે, તેમજ તેને અગ્નિદાહ કરવામાં પણ આવતી ન હશે. અસ્તોદાન અને દખ્માંનો રવૈયો પછવાડેથી નીકળ્યો હશે, પણ કયાની જમાનામાં તો લાશને કબર બનાવીને દફનાવવાનોજ ચાલ હશે.

બાબ ૯—શાહ કય ખુસરૂ—૨.

[રૂસ્તમનું તૂરાનમાં જંગ.]

ફસલ ૧—કામૂસ કાશાનીનો કતલ.

તૂરાન ઉપર તૂસની બીજી ચઢાઇ.

તૂરાનથી પાછું ફરેલું ઇરાની લશ્કર જ્યારે પોતાને વતન જઇ પુગ્યું ત્યારે ફરીબોર્ઝ અને ગુદર્જ વગેરેની મુલાકાત લેવાની શાહ કયખુસરૂએ ના પાડીને તેમને બહુ દુખી કીધા. તેઓએ જેહાં પેહલવાન રૂસ્તમની મુલાકાત લઇ સઘળી હકીકતથી તેને વાકેફ કીધો, અને જણાવ્યું કે તૂસ પોતે શાહના ભાઇ ફરૂદ સામે લડાઇ લઇ જવાને રાજી ન હતો, પણ તેનો જમાઇ રીવનીજ અને તેનો બેટો જરાસ્પ માર્યા ગયા ત્યારેજ આમ કરવાને તે ઉશ્કેરાયો હતો. વાસ્તે જેમ તૂસનો વાંક નથી તેમ લડાઇમાં અમો હાર્યા તેમાં અમારોબી કસૂર નથી. રૂસ્તમે તૂસ તથા ઇરાની સરદારો તરફથી શાહને સમજાવી લીધો, અને તૂસે એક વાર ફરીથી લડાઇમાં ઝોકાવાનું તથા શાહના બાપનો કીનો પુરેપુરો લેવાનું માથે લેવાથી કયખુસરૂએ સર્વ વાતો માફ કીધી; અને એ રીતે એકવાર ફરીને ઇરાનીઓમાં કીનાની આગ સળગી.

જ્યારે ઇરાની લશ્કર શેહદ[1] નદીને કિનારે જઇ પહોંચ્યું ત્યારે તૂસે એ બાબેની ખબર ખુતનના માલિક પીરાનને આપી. પીરાને કહેવાડયું કે ફરંગીસ અને કયખુસરૂને બચાવવાને મેં મારેથી બનતું કીધું હતું અને તેનાં માઠાં ફળ મનેજ ચાખવાં પડે છે.

આના જવાબમાં તૂસે તેને પેગામ કહેવાડયો કે—અફ્રાસિયાબ અને તારા લાગતાવળગતા સર્વને છોડી અમારી સફમાં આવે અને શાહ કયખુસરૂની તાબેદારી કબૂલ રાખે તો તને રાજ-તાજ મળે અને તું સરદારી હાથ કરે.

પીરાન ઇરાની લશ્કરની મોટી સંખ્યા જોઇ બીધો હતો, માટે અફ્રાસિયાબને એ બાબેની ખબર આપી વધુ લશ્કર મંગાવવા માટે જોઇતો વખ્ત હાથ કરવા માટે તેણે તૂસની ઉપલી માંગણી કબૂલ રાખવાનું ડોલ દેખાડયું, અને દશ દહાડામાં તો મોટું તૂરાની લશ્કર પીરાનની મદદમાં આવી પહોંચ્યું.

તૂસની ખાતરી થઇ કે પીરાન તેની સાથ દગો રમ્યો હતો. હવે લડાઇ ચાલી. તૂસે અર્ઝંગ નામના તૂરાની લડવૈયાને કાપી નાખ્યો ત્યારે હુમાન તેની સામે લડવા આવ્યો, જેમાં બે મરતબે પોતાના ઘોડા ખોયા પછી ત્રીજી મરતબે તે શિકસ્ત પામવાની તૈયારીમાં હતો એટલામાં ત્રીજા ઘોડા ઉપર તેને સવાર કરીને તૂરાની સિપાહો હુમાનને પોતાની છાવણીમાં ખેંચી ગયા.

તૂરાની લશ્કર એટલું મોટું હતું કે તૂસની ગણતરી મુજબ તે ઇરાની કરતાં બશો ગણું હતું. હમાવન નામે એક પહાડી ટેકરી ઉપર ઇરાનનો કાવાની ઝુંડો ઉડતો હતો. તે જમાનામાં

---

[1] ૧—આ શેહદ નદી કયાં આવી હતી તે જાણાતું નથી. કેટલાકો કહે છે કે આગળ જે નદીને આપણ સેપંદને નામે ઓળખી ગયા છિયે, અથવા વળી જે સિંદ (સિંધુ ?) ને નામે ઓળખાઇ છે તેજ આ શેહદ હોવી જોઇયે.

તુસની બન્ને ચઢાઇઓવાળી લડાઇ આ શેહદ નદી અને હમાવાન પહાડ વચ્ચેનાં મુલકમાં થઇ હતી. આ પહાડ કયાં આવ્યો હતો તે પણ જાણાતું નથી.

ઇરાનીઓ તેમજ તૂરાનીઓ નજૂમીઓના કહ્યા મુજબ અમલ કરતા હતા, અને સારો વખ્ત જોઇ લડાઇમાં ઉતરતા હતા. વળી તેઓ પોતાનાં બળ, બુદ્ધિ, કળા વગેરે ઉપર વિશ્વાસ નહિ રાખતાં બસ ખુદા ઉપરજ એતેકાદ રાખી બેસતા હતા, અને તેજ જીત આપશે અને તેજ શિકસ્ત આપશે એમ માનીને કામ લેતા હતા.

લડાઇમાં જાદુઇ !

બીજે દિને પાછી લડાઇ ચાલુ થઇ. તૂરાનીઓ જાદુ માનતા હતા, અને તેનો ઉપયોગ કરતા હતા. ઇરાનીઓ જાદુને હારેમની ગણીને ધિક્કારતા હતા. તુરાની લશ્કરને સફ સમારી ઉભેલું જોઇ તુરાનીઓએ આ વેળા બાજુર નામે એક જાદુગરને ફરમાવ્યું કે— પહાડને મથાળે ચઢી જઇને ત્યાંથી ઇરાનીઓ ઉપર બર્ફનો વરસાદ વરસાવ, થંડી પેદા કર અને પવન ફુંક. આ બાજુર જાદુગરને માટે ફિર્દુસી કહે છે કે તે તુરાની ઉપરાંત ચીનાઇ અને અસલી ઇરાની જબાન (અવસ્તાઇ ભાષા) જાણતો હતો. તેણે તુફાન શુરૂ કીધું અને બર્ફનો વરસાદ વરસાવ્યો.[1] આથી ઇરાની બાલાબરદારોના હાથ ઝીકડાઇ ગયા. બીજું લશ્કર પણ નાચાર અને લાઇલાજ થઇ ગયું. આ તકનો લાભ લઇને પીરાને પોતાનાં લશ્કરને એકદમ ધસારો લઇ જવા ફરમાવ્યું. હુમાન અને બીજા સરદારો ઇરાનીઓ ઉપર તૂટી પડયા અને ઘણાઓને લાઇલાજ જોઇ કાપી નાખ્યા.

આ બનાવથી સપેહસલાર તુસ વગેરે ઘણા આજેજ થઇ ગયા. તેઓએ ખુદાતાઅલાની બંદગી કીધી અને બર્ફનું તૂફાન બંધ પાડવાની અર્જ ગુજારી. એક આબેદે દેખાવ દીધો ને તેણે રહ્યામને પહાડ ઉપર લઇ જઇને જ્યાં બાજૂર જાદુગર પોતાનો ઇલ્મ ચલાવતો હતો તે બતાવ્યું. રહ્યામને આવી પુગેલો જોઇ બાજૂર તેને મારવા ગુર્જ લઇ ઉઠયો, પણ ઇરાની સરદારે તેનો હાથ કાપી નાખ્યો, અને પછી પોતાના પિતા ગુદર્જને જઇ સર્વે વાતે વાકેફ કીધો. હવે ઇરાની લશ્કર જોર પકડીને શત્રુઓ ઉપર ધસ્યું, પણ તે બીકથી એટલું દુર્બળ થઇ ગયું હતું કે પોતાના સરદારોને આગળ ધસતા છોડીને નાસી ગયું. તુસના ફરમાવ્યાથી ગીવ તે લશ્કરને સમજાવી પાછું લાવ્યો, પણ દિવસ આખર થયલો હોવાથી લડાઇ બંધ પડી.

ઇરાની લશ્કરની ખતંગ હાલત.

તૂરાની લશ્કર ખુશીમાં આવી પોતાની છાવણીમાં પાછું ફર્યું, પણ તુસ અને ગીવે છાવણી તજી દઇને હમાવન[2] પહાડ તરફ જઇ

1—જેને મધ્ય કાળમાં જાદુ (magic) નું નામ મળ્યું છે તે સામાન્ય લોકને ખબર નહિ એવી, બીજી રીતે ખબરદાર લોકને નહિ જણાયલી, એલમ અથવા વિદ્યા હતી. આગળા જમાનાથી મનાતું આવ્યું છે કે ઇરાની અથવા આર્ય ટોળા કરતાં તુરાની ટોળી હુનર એલમમાં વધારે ખબરદાર હતી. તેહમુરસે જે દેવોને તાબે કરીને તેમની કનેથી કાંતવા વણવા વગેરેના હુનરો હાથ કીધા હતા તે આ તુરાની લોકોજ હોવા જોઇએ. બાજૂર નામે જે જાદુગરે હમાવન પહાડ ઉપરથી પવન ફુંકીને બર્ફનો વરસાદ વરસાવ્યો તે કોઇ એલમનીજ કરામત હોવી જોઇએ, કેજે તુરાનીઓમાંના કોઈ કોઇ વિદ્વાનોને ખબર હશે પણ ઇરાનીઓ તે જાણતા ન હશે. જો આ સમજણ ખોટી હોય તો જાદુથી બર્ફ વરસાવવાની ફિર્દુસીએ જણાવેલી વાત કેવળ કલ્પિત ગણાવી જોઇએ. આપણે કાઉસના સંબંધમાં જોયું છે કે તેણે પહાડો ઉપર આજના અમેરિકનોની પેઠે વેધશાળા બાંધી હતી અને તે હવાઇ વીમાનમાં સવાર થઇ ઉડયો હતો, કે જેમ આજે યુરોપ અને અમેરિકામાં થાય છે. જો બાજુરે કોઇ વિદ્યાનાં બળથી ઉપર મુજબનો પ્રયોગ કરવાની વાત ખોટી હોય તો ઇરાની લશ્કરને કુદરતી વરસાદ અને તુફાનથીજ ખમવું પડયું હશે, કે જેને જાદુઇનું નામ આપવામાં આવ્યું હોય.

2—આ હમાવન પહાડ તે કયો અને તે કયાં આવ્યો હતો તે જણાતું નથી. એ પહાડ ઇરાનમાં હતો કે તુરાનમાં હતો તેબી માલુમ પડતું નથી. પણ તુસ બબ્બે મરતબે જે ચઢાઇઓ લઇ ગયો તે તુરાન ઉપર હતી, માટે તે તુરાની મુલકમાં દાખલ થયલો હોવો જોઇએ, અને તેથી આ પહાડ કે જ્યાં ઇરાનીઓ આવી ભરાયા તે

આસરો લેવાનું દુરસ્ત ધાર્યું. રાતોરાત તેઓ નાઠા, અને ત્યાં તેમના ઠરીઠામ થયા પછીજ પીરાન લશ્કર લઇને ઇરાનીઓની પૂઠ પકડવા આવ્યો. તેણે પહાડ ઉપર જવાના સઘળા માર્ગો બંધ કરી રાખ્યા, એવી મતલબથી કે કોઇભી ઇરાની છટકવા પામે નહિ. વળી તેણે ધાર્યું કે ઇરાનીઓ ઘેરાઇ ગયા છે માટે તેઓ ખોરાકી વિના ભુખે મરશે ત્યારે લડાઇ કરવાને બદલે આપોઆપ શરણ થશે.

ઇરાની સરદારોએ આ તદબીર જોઇ લીધી. તેઓ કને માત્ર ત્રણ દહાડા ચાલે એટલીજ ખોરાકી હતી; આસપાસથી વધુ ખોરાકી લાવવાના માર્ગ બંધ થઇ ગયા હતા, અને તંબુ ડેરા કે અસબાબનાં ગાડાં જેવું તેઓ કને કાંઇ હતું નહિ. આથી ગુદર્જની ભલામણ ઉપરથી તૂસે દુશ્મનો ઉપર રાતની વેળાએ છાપો મારી શબેખૂન કરવાનો ઠરાવ કીધો: મારવું કે મરવું, એ સિવાય બીજો ઇલાજ ન હતો. જે થોડું ઇરાની લશ્કર બચ્યું હતું તેના એક ભાગની સરદારી બીઝનને, અને બીજાની શીદુશ અને ખરાદને આપી, કાવાની ઝુંડો તૂસના બેટા ગુસ્તેહમે ઉઠાવ્યો, અને પછી ગીવ રહ્હામ અને બીજા જોધ્ધાઓ સાથ તૂસ તૂરાનીઓ ઉપર તૂટી પડયો. શત્રુઓની છાવણીમાં ભારી ગભરાટ ચાલ્યો. મોટી સંખ્યામાં તેઓ માર્યા ગયા. પીરાનનો ઝુંડો કપાઇ ગયો. એક ઇરાનીએ ત્રણશો જેટલી મોટી તૂરાનીઓની સંખ્યા હતી. આખી રાત લડાઇ ચાલી. ઇરાનીઓ શકંજામાં આવી ગયા. પણ સહવાર સુધી બહાદૂરીથી લડયા. જેમ બીજી લડાઇઓ રાત પડવે બંધ થાય, તેમ આ લડાઇ સૂરજ ઉગવે બંધ પડી.[1]

ફરીબોર્જ અને ફરંગીસની શાદી.

ઇરાની લશ્કરે માર ખાઇને હમાવન પહાડ ઉપર આસરો લીધો છે એવી ખબર મોકલાવીને તૂસે શાહ કયખુસરને નવી મદદ મોકલવાની અર્જ કીધી હતી. શાહે ફરમાવ્યાથી રૂસ્તમ ત્રીસ હજાર લશ્કર લઇને તૂરાન તરફ કુચ કરી જવાને તૈયાર થયો. તેણે પોતાની આગમજ શાહજાદા ફરીબોર્જને મિલાદના ગુર્ગીન સાથ ઉતાવળો દોડી પહોંચવા ફરમાવ્યું. આ કામ માથે લેવા આગમજ તે શાહજાદાએ જેહાં પેહલવાન રૂસ્તમને પોતાનું એક ખાનગી કામ કરી આપવાની અર્જ કીધી. તેણે પોતાનાં દિલનો ભેદ જે બીજા કોઇ આગળ જાહેર કીધો ન હતો તે રૂસ્તમ આગળ ખુલ્લો કરીને કહ્યું કે—સિયાવુશ મારો ભાઇ થતો હતો, માટે તેની વિધવા ફરંગીસને તું મારી ઓરત કરાવી આપ. એ બાબે તું શાહ

તથા નદી શેહદ કે જેના કાંઠા ઉપર તુરાની લશ્કર સાથ તેમને લડાઇ થઇ હતી તે, એ બન્ને તુરાનના મુલકમાં આવેલાં હોવાં જોઇયે. આ નદી તેમજ પહાડ ઘણાં જાણીતા હોય એમ લાગતું નથી.

ઇરાનીઓ અને તુરાનીઓ વચ્ચેની આ લડાઇઓમાંની પહેલી બહુ ખુનખાર હતી અને તે લાદન અથવા જંગે પશનને નામે ઓળખાય છે. આ બન્ને જગાઓ કયાં આગળ આવી હતી તેની પણ નિશાની મળતી નથી.

૧—તૂસની તૂરાન ઉપરની બેઉ ચઢાઇ વેળા થયલી લડાઇઓને વોર્નર (Shahnama, III 15) "પશન" અને "લાદન"ની લડાઇનું નામ આપે છે તે બરાબર છે. ફિર્દોસીને શાહનામુ બનાવાનું કામ મળે તે આગમજ ગજની આવતાં બાગમાં ત્રણ શાયરો સાથની તેની મુલાકાત વેળા "જંગે પશન" નામની જે લડાઇમાં ગીવે બહાદુરી બતાવ્યા બાબેનો શાયરે ઇશારો કીધો હતો તે આ લડાઇઓ મધેની એક હતી, એમ જણાય છે. પોતાનાં નામાંના આ ભાગમાં લડાઇનું ઉપલું નામ શાયરે આપ્યું નથી, એ ખરી વાત છે; પણ આગળ ચાલતાં અનેક ઇશારા એવા મળે છે કે જે ઉપરથી ખુલ્લું જણાય છે કે તુસની ચઢાઇ વેળા થયલી બે લડાઇઓમાંની એક "જંગે પશન" અને બીજી "જંગે લાદન" હતી. પીરાને શબે ખૂન યાને રાત્રે હુમલો કરીને ઇરાનીઓની કતલ ચલાવી તે "પશન" અને જે લડાઇમાં ગુદર્જના ફરજંદો મોટી સંખ્યામાં માર્યા ગયા તે "લાદન"ની લડાઇ હતી, કે જે બન્નેમાં ગીવે જબરી બહાદુરી બતાવી હતી.

આગળ વાત કર અને મારાં માથાં ઉપર મારી આ ઉમેદનું તાજ પહેરાવ.

રૂસ્તમે આ કામ સરોચશ્મથી બજાવવાનું માથે લીધું. તે શાહ કયખુસરૂને મળ્યો અને ફરીબોર્ઝની ખાહેશથી તેને વાકેફ કીધો. તે બોલ્યો કે—અય શાહે જમાન! તારી કનેથી હું એક બક્ષેશ માગું છું, જે મળવાથી મારૂં સર માહતાબ જેટલું બુલંદીએ પહોંચશે. ખુદા પાકને મારૂં માગવું પસંદ છે, માટે તારી રજા લઇને હું અર્જ કરૂં છું. ફરીબોર્ઝ શાહજાદો સરદારો અને પાદશાહી ખાન્દાનીઓમાં જોડી વિનાનો છે. દાનાઇ અને મર્દાન્ગીમાં બેમિસાલ છે. તે તું નામદારથી એવું ચાહે છે કે સિયાવુશની જગા તેને મળે, કે જેથી કરીને જ્યારે તે પોતાના તે ભાઇનાં ખૂનનો કીનો લેવા જાય ત્યારે તેનાં મકાન અને દોલતની પાસ્બાની કરનાર તથા તેના સઘળા ભેદોની જાણનારી અફ્રાસિયાબની બેટી થઇ પડે: એટલે કે ફરીબોર્ઝ અને ફરંગીસ આફતાબ અને માહતાબનું જોડું બને.

શાહ કયખુસરૂએ રૂસ્તમની માંગણી કબૂલ રાખી. તે બોલ્યો કે—આ માંગણી મારી માદર આગળ થઇ હોત તો તે બેજા ગણાત, કેમકે તે આવાં કામથી દૂર રહેવામાંજ પોતાનું સુખ સમજે છે. પણ તે નામદાર જો મારી વાત સાંભળવાની મેહરબાની કરશે તો હું તેને સમજાવી લઇશ.

કયખુસરૂ પોતાની સાથે રૂસ્તમને લઇને રાણી ફરંગીસનાં એવાનમાં ગયો, જેણીએ તેમને આવકાર દીધો. કયખુસરૂ બોલ્યો કે—અય મારા પિદરની યાદગારી! નેક કે બદમાં મારૂં ઠામ! જોકે હું રાજ્ય ચલાવું છું તોપણ મારો પાદશાહ તો તું માતા છે. હવે મારી મકસદ એ છે કે મારા પિદરના ખૂનનો કીનો લેવા ગયલાં લશ્કરની ભારી ખરાબી થયલી હોવાથી તેહમતન રૂસ્તમ નવું લશ્કર લઇ તૂરાન જાય છે, અને તે લશ્કરના આગળા ભાગની સરદારી લઇ મારા કાકા ફરીબોર્ઝ ઉતાવળી કુચ કરી જનાર છે. રૂસ્તમ અર્જ કરે છે કે તું માદર ફરીબોર્ઝને પોતાનો પવિત્ર હાથ આપે અને તેની બાનુ થાય. હવે એ બાબતમાં તારો શો વિચાર છે? મોટાઇ અને નેકનામી તારાં હોજો!

ફરંગીસને આ વાત સાંભળતાંજ આગળાં સુખની યાદ આવી. તેણીએ કેટલુંક આંખ પાણી કીધું, દિલથી કેટલીક કચવાઇ, તોપણ રડતાં રડતાં બોલી કે—હું રૂસ્તમનો વાંક કહાડતી નથી; જો તેમ કરૂં તો તે ખોટો ગણાય, કારણ કે તેની અર્જ ખુદા સિવાય બીજા કોણથી ના પાડી શકાય?

રૂસ્તમે ફરંગીસની કેટલીક સ્તુતિ કરીને કહ્યું કે—અય બાનુઓની બાનુ, તું જાણે છે કે ઓરતને ખાવંદ વિના સુખ હોતું નથી; મર્દ ઓરતને ખાતર સરજાયલો છે; ઓરત મર્દ કરતાં વધારે આતુર હોય છે. કાઉસ શાહનો બેટો ફતેહમંદ ફરીબોર્ઝ તખ્તનો ચળકાટ અને તાજનો માલિક છે; તે સિયાવુશનો ભાઇ અને તેનો બરાબરિયો છે; ઇરાનના વધારે મોટા પ્રાંતનો હાકમ છે. નામદાર શાહની રજા, સલાહ, અને હુકમથી એવા એક તાજવર શાહજાદાની બાનુ દાખલ હું તને મંજૂર રાખું છું. હવે એ બાબતમાં તું નામવર બાનુનો શો અભિપ્રાય છે? તું પોતે પણ તેને કબૂલ રાખે છે? ફરીબોર્ઝ તારી લાયકનો મર્દ તને લાગે છે? મારી અર્જ તું ધ્યાનપર લેશે તો તેમાં ડહાપણ છે. મારા સખુનને અને નામદાર શાહની સલાહને વજન મળવો જોઇયે.

બાનુ ફરંગીસ થોડોક વાર ખામુસ રહી. તે દિલગીર જણાઇ. પોતાના પાદશાહી બેટાનાં દેખતાં બોલવાને લજવાઇ. છેલ્લે તે રોતી રોતી બોલી કે—અય જોદ્ધા પેહલવાન, જોકે ફરીબોર્ઝની

મિસાલનો ઇરાનમાં બીજો કોઇ નામવર શાહજાદો નથી, તોપણ મારા સિયાવુશની જગા તે લઇ શકે નહિ. છતાં, અય સરદાર, તારા સખુનોમાં જે ડહાપણ છે તેને લીધે મારી જબાન બંધ થઇ ગઇ છે. મારા બખ્તાવર શાહનો હવે શો હુકમ છે? તેની જે ખાહેશ હોય તે મુજબ મારે અમલ કરવો જોઇયે.

આ રીતે અચકાતી, લજવાંતી, રાણી ફરંગીસે પોતાની તરફથી હા પાડી. રૂસ્તમે આ કામ જેમ બને તેમ જલ્દી સરંજામ ઉતારવા માગ્યાથી ધર્મ ગુરૂઓને બોલાવ્યા, કબાલો થયો, અને ફરીબોર્જ શાહ કયખુસરૂનો કાકો હતો તે તેનો સાવકો પિતા બન્યો. શાહ અને રૂસ્તમે તેનો પક્ષ પકડેલો હોવાથી તેની ઇજતમાં વધારો થયો. નવું તાજ તેને માથે મુકવામાં આવ્યું અને નવો પોશાક પહેરાવ્યો. ત્રણ દહાડાની તૈયારી પછી ચોથે દિને શાદી થઇ.

આ કામ સરંજામ ઉતર્યા પછી ફરીબોર્જ ફોજ સાથ ઉતાવળી કુચ કરતો આગળ વધી ચાલ્યો અને રૂસ્તમ તેની પૂઠે નીકળ્યો.

લડાઈ આગમજની તૈયારી.

પેલી તરફથી તૂસે હમાવન પહાડ ઉપરની ઇરાની છાવણીમાં એક રાત્રે મર્હુમ શાહજાદા સિયાવુશને ખ્વાબમાં દીઠો, જેણે તેને એમ કહ્યું કે આ જગાએજ તું થોભ; અહીંજ તું ફતેહ પામશે. તૂસે આ ખ્વાબથી ગુદર્જને વાકેફ કરતાં કહ્યું કે હવે રૂસ્તમ ઉતાવળો આવી પુગતો હોવો જોઇયે. પણ રૂસ્તમ આવી પુગે ત્યાં સુધી ઇરાનીઓથી ચૂપ બેસાય એમ ન હતું. તેમને કોઇપણ રસ્તે પોતાનો માર્ગ શોધવો હતો, અને તે માર્ગ દુશ્મનની સફ તોડયા વિના મળે એમ ન હતું. એટલામાટે તેઓ લડવાને તૈયાર થયા. તૂરાનીઓ પણ સફ બાંધીને સામા આવી ઉભા. પણ બન્નેમાંના એકપી લશ્કરે લડવાની પહેલ કહાડી નહિ.

હુમાને પોતાના ભાઇ પીરાનને સમજાવીને હુમલો કરવા માંગ્યો, પણ પીરાનનો અભિપ્રાય એવો હતો કે ઇરાનીઓને ભુખે અને પિયાસેજ પુરા થવા દેવા, નહિતો છેલ્લી લડાઇમાં તેઓએ કીધી હતી તે કરતાં વધારે ખરાબી જીવપર આવીને તેઓ કરશે. લડાઇ વગર જે કામ બનતું હોય તે ખૂન રેડીને બજાવવાની શા માટે ઉતાવળ કરવી જોઇયે? દશ સવારોને મેદાનમાં ફરતા રાખો અને ઇરાનીઓ સામેના બંધ કરેલા માર્ગ મજબૂત કરો એટલે બસ.

આ સલાહ પ્રમાણે થયું અને તૂરાનીઓ પોતાની છાવણીમાં જઇ બેઠા. અને ઇરાનીઓ, પણ પોતાની પહાડી છાવણીમાં ખોરાકી અને ઘાસચારા વિના હવે શું કરવું તેનો વિચાર કરતા બેઠા.

તૂરાનીઓને મોટી મદદ.

તૂરાની ફોજમાં નવો લશ્કરી વધારો થયો. કામૂસ કાશાની અને ખાકાને ચીન[1] અફ્રાસિયાબ તરફથી લડવા આવ્યા. તેમની જોડે એક ત્રીજો જંગી મન્શૂર નામનો હતો. બીજા હાથ ઉપર વળી એજ રીતે સકલાબથી કુંદુર નામનો લડવૈયો કાટના બીર્દ, સગસારના ગર્યા અને હિંદના શંગુલ સાથે આવી પહોંચવાની ખબર પીરાનને મળી.

૧—આ ખાકાન અથવા ખાને ચીન ચીનનો દરિયા પસાર કરીને આવ્યો હતો એવું શાહનામા ઉપરથી જણાય છે. હવે આ ચીનનો દરિયા તે કયો—તે ખરેખરો દરિયા યા કોઇ મોટી નદી હશે તે જણાતું નથી. ભૂગોળ વિદ્યા પ્રમાણે તો તુરાન અને ચીન વચ્ચે કોઈ સમુદ્ર છેજ નહિ, માટે આ ચીનનો દરિયા તે કોઇ મોટી દરિયા જેવી નદીજ હોવી જોઇયે. પણ પાછળથી સાબેત થાય છે તેમ આ ચીનનો દરિયા તે વોરૂકશ અથવા કૅસ્પીઅન સમુદ્ર છે.

વળી ચધાનથી ફર્તુસ, ગહાનથી ગહાર, અને શકનથી શમીરાન નામના સરદારો આવ્યા.[1] આ સઘળાઓ સાથે મોટો ખજાનો અને બહાદુર લશ્કરો લાવ્યા હતા. પીરાને ખુશહાલ દિલથી તેઓ સર્વેની મુલાકાત લીધી, અને ખુશી ખુર્રમીમાં થોડાક દહાડા પસાર થઇ ગયા.

પેલી તરફ ઇરાની સરદારો અફસોસીમાં પડયા હતા. ઇરાનથી મદદ મંગાવ્યા છતાં તે આવી પુગી ન હતી. તેઓ થોડાજ માણુસો સાથ હમાવાન પહાડ ઉપર ઘેરાઇ ગયા હતા. તેમની કને ખોરાકી અને ઘાસચારો ન હતાં. તેઓને હવે જીવપર આવીને લડવું પડે અને દેશને ખાતર જાન આપવો પડે એમ હતું. પણુ એટલામાં ખબર મળી કે ઇરાનથી લશ્કર આવે છે. તોપણુ આ લશ્કર આવી પુગે તે આગમજ તો તુરાનીઓ પહાડની અડોઅડ આવી ઉભા. તુસે ઠરાવ રાખ્યો કે રાત્રે છેલ્લીજ વાર તેઓ ઉપર સખ્ત હુમલો લઈ જઇને તેમને મારવા યા ઇરાનીઓએ મરવું. ખાકાને ચીને લડાઇનાં મેદાનમાં આવ્યા છતાં એક દહાડો આસાયશ લેવાની ખાહેશ દેખાડી, અને હમાવન પહાડ ઉપર ઇરાનીઓની સ્થિતિ કેવી છે તે જોવા નીકળ્યો. પાંચ હાથીઓ ઉપર સવાર થઇને તે અને તેના સાથીઓ આગળ વધ્યા, તેમની હીલચાલની ખબર પડતાંજ તૂસે પોતાના સરદારો અને લશ્કરને તત્કાળ તૈયાર કરી એવી રીતે ગોઠવ્યાં કે ગોયા તેઓ લડાઇ કરવાને તત્પર હોય. આથી ખાકાન ઉપર સારી અસર થઇ. પીરાને લડાઇમાં ઉતરવાની ઉતાવળ કરવા 'ના પાડી, કેમકે તેની ખાતરી હતી કે હવે ઇરાનીઓનું આવી બન્યું છે અને તેઓને જાન આપવા યા તાબે થવા વિના છુટકો નથી. પણુ કામૂશ કાશાનીએ એકદમ લડાઇ શુરૂ કરવાની સલાહ આપી, અને આ ઇરાનીઓને કાપી નાખી ખુદ ઇરાન ઉપર ચઢાઇ લઈ જવા સૂચવ્યું. અને એ સૂચના ખાકાનને તથા બીજાઓને પસંદ આવી.

રૂસ્તમનું આવી પુગવું.

બીજી તરફથી નવું ઇરાની લશ્કર ફરીબોર્જની સરદારી હેઠળ આવી પુગ્યું. ગુદર્જ તેને જઇ મળ્યો, પણુ રૂસ્તમ પુઠેથી આવે છે એમ કહીને ફરીબોર્જે સલાહ આપી કે તેનો ઝુંડો દેખાય નહિ ત્યાંસુધી લડાઇ શુરૂ કરવી નહિ.

ઇરાની લશ્કરના આવી પુગવાની ખબરથી પીરાનને બહુ ફાળ પડી. પણુ કામૂસે અને ખાકાને તેને હિંમત આપી. કામૂસ સૌથી પહેલો લડવા ઉતર્યો, ગીવ તેની સામે ગયો, પણુ દુશ્મનના હાથ ઉપર આ બહાદુર ગુદર્જિયને માર ખાધો. આ તમાશો જોઇ તુસ પોતે કામૂસની સામો થયો, પણુ કામૂસ કાશાનીએ તેના ઘોડાનો જાન લઇને તૂસને પણુ લાચાર કીધો, છતાં ખડે પગે બહાદુર તુસ તેની સામે લડયો.

એજ વખ્તે રૂસ્તમના આવી પુગવાની ખબરથી સઘળા ઇરાનીઓમાં ખુશહાલી પંથરાઇ. ખુશીનાં શાદિયાનાં વગાડયાં, અને મુલાકાતની મજલિસ મળી. રૂસ્તમ સર્વ વાતોથી વાકેફ થયો. લશ્કરની જમણી બાજુ ગુદર્જને અને ડાબી ફરીબુર્જને સોંપી. આ બન્ને પાંખોની વચ્ચે તૂસે જગા લીધી. રૂસ્તમે ઉંચી ટેકરી ઉપર ચઢી તુરાની લશ્કરની તપાસ કીધી. આવું મોટું લશ્કર આગળ તેણે કદી જોયું ન હતું.

૧—અફ્રાસિયાબની મદદે કામૂસ કશાની, મન્શૂર, ગહાર, ફેર્તુસ, કુંદુર, હિંદી રાજા શંગુલ વગેરે આવ્યા હતા, તેઓ દેખીતી રીતે જુદા જુદા મુલકના રાજાઓ જણાય છે, તોપણુ અહીં પોતાના શાહજાદા આગળ છેલ્લી ૪૦ દહાડાની લડાઇનું બયાન કરતાં અફ્રાસિયાબ જણાવે છે કે તેઓ સઘળા (ખાને ચીન સુધાં) નું લશ્કર કશ્મીરથી સિંધુ નદી સુધી લંબાયું હતું!

અશ્કબૂસ અને રૂસ્તમ.

લડાઇની શુરૂઆત તૂરાનીઓએ કરી. તેઓની સફમાંથી "અશ્કબૂસ" નામનો એક પેહલવાન ઇરાનીઓમાંથી હમ્નબર્દ માંગતો નીકળ્યો. રૂહ્હામ તેની સામે લડવા ગયો, પણ માર ખાઇને નાઠો. આ જોઇ તૂસે મેદાન પડવા માંગ્યું, પણ રૂસ્તમ તેને તેની જગા ઉપરજ રાખીને પોતે મેદાન પડયો. તેનો ઘોડો રક્ષ થાકેલો હતો, અને રક્ષ જેવો બીજો કોઇ ઘોડો તેને લાયકનો હતોજ નહિ, માટે જેહાં પેહલવાન પાઉપિયાદોજ અશ્કબૂસ સામે ગયો. અશ્કબૂસ રૂહ્હામને નાઠેલો જોઇ પોતાની છાવણી ભણી પાછો ફરતો હતો, પણ રૂસ્તમે તેને તેમ કરતો અટકાવી પોતાની સામે લડવા બોલાવ્યો. પણ રૂસ્તમને પાઉપિયાદો અને વળી હથિયાર વગર એકલાં તીર કમાન સાથ જોઇને અશ્કબૂસ અચરત થયો, અને રૂસ્તમને નહિ ઓળખતાં તેનું નામ પુછવા લાગ્યો. રૂસ્તમે કહ્યું —મારી માદરે મારૂં નામ "તારૂં મોત" એવું પાડયું છે. મને તૂસે પાઉપિયાદો એટલા માટે લડવા મોકલ્યો છે કે અશ્કબૂસનો ઘોડો જીતી લઇ તે ઉપર મારે સવાર થવું. શું તારા મુલ્કમાં તારા જેવા સિંહો અને ચિત્તાઓ અને સુસ્વાટો ઘોડે બેસીને લડે છે કે?

આમ બોલીને રૂસ્તમે એક તીર અશ્કબૂસના સુંદર ઘોડાનાં મસ્તકમાં ટાંકી તેને ઉંધે મસ્તક હેઠો નાખ્યો. રૂસ્તમે તેને મશ્ખરીમાં કહ્યું કે — ચાલ હવે તારા પ્યારા ઘોડા આગળ બેસીને રોવા માંડ અને લડાઇને શ્રાપ દે.

આથી ઉશ્કેરાઇને પેલા તૂરાની સરદારે રૂસ્તમ ઉપર તીરોનો સખ્ત મારો ચલાવ્યો, પણ તેથી અસર થઇ નહિ. તેના જવાબમાં રૂસ્તમે પોતાના કમરબંધમાંથી એક તીર ખેંચી કહાડયો, જેની નોક ઝળઝળ થતી હતી, અને જેને ગરૂડનાં ચાર પીછ જોડેલાં હતાં. પછી પોતાની ચાચી (ચાચ શેહરમાં બનાવેલી) કમાન હાથમાં લઇને અંગુઠો હરણનાં ચામડાની બનાવેલી દોરાને વળગાડયો; પોતાનો ડાબો હાથ સીધો કીધો અને જમણો હાથ વાંકો કીધો; મરડાયલી કમાને સરોદ કહાડયા; તીરની નોક તેના કાનને લાગી; ચામડાંની દોરીએ ધ્રુંધ્રુ કરવા માંડયું; તીરનો કાપલો હવે તેનાં આગળાંમાંથી છુટો થયો; તે સીધો ઉડીને અશ્કબૂસની છાતીમાં પેઠો; આસ્માને રૂસ્તમની દસ્તબુસી કીધી; તકદીર બોલી કે— લે; કિસ્મત પુકારી કે—આપ; આસ્માને આવાજ કીધો કે—શાબાશ! ફિરસ્તાઓ બોલી ઉઠયા કે—વાહવાહ! અશ્કબૂસ આ એકજ તીરથી તત્કાળ જાન ખોઇ બેઠો, એવો કે ગોયા તેની માતાએ તેને જન્મ આપ્યોજ ન હતો.

આ લડાઇ ઇરાની તથા તૂરાની બન્ને લશ્કરો જોતાં હતાં. રૂસ્તમ આ કામ બજાવીને પોતાની સફમાં દાખલ થયો. કામૂસ કાશાની અને ચીનનો ખાન આ કામ બજાવનાર આદમીનું કદ, કામત અને બળ જોઇને અચરત થયા. તેઓ તેને ઓળખી શકયા નહિ. અશ્કબૂસનો સીનામાં પેઠેલો તીર તેઓએ કહાડી મંગાવ્યો, જે તેમને એક નાનકડા ભાલા જેવો લાગ્યો. તેઓ બીધા કે જો એક સાદો ઇરાની સિપાહ આવા ભાલા જેવા તીરો છોડી શકે છે તો પછી ઇરાની સરદારોનું બળ કેવુંક હશે. પીરાન વટીક અશ્કબૂસને મારનાર ઇરાનીને ઓળખી શકયો નહિ, કારણ કે રૂસ્તમ પોતાના ઘોડા, પોશાક કે ગુર્ઝ વિના ફકત તીર લઇને લડવા આવ્યો હતો.

રૂસ્તમની કામૂસને મળેલી ઓળખ.

પણ બીજે દિને રક્ષને પુરેપુરી આસાયશ મળેલી જોઇને રૂસ્તમ પોતાનો તમામ લડાયક પોશાક પહેરીને મેદાનમાં ઉતર્યો. અશ્કબૂસને કોણે માર્યો તે બાબે કામૂસ કાશાનીને એવો વહેમ ગયો કે તેનો જાન લેનાર રૂસ્તમ હતો.

પણ પીરાનને પુછ્યાથી જ્યારે તેણે રૂસ્તમ બાબેનું નીચલું બયાન આપ્યું ત્યારે કામૂસનો વહેમ દૂર થઇ ગયો. પીરાન બોલ્યો કે—રૂસ્તમ સર્વનાં દરખ્ત જેવો ઉંચો છે; એવી બહાદૂર પેશાનીનો છે કે અફ્રાસિયાબ પોતે તેની સાથની લડાઇમાંથી ઘણીવાર આંખમાં આંસુ સાથ પાછો ફર્યો છે; તે જંગી લડવૈયો છે; સિયાવુશ તેના બેટા સમાન ઉછર્યો હતો તેનો કીનો લેવાને તે તલબગાર છે; તેનાં હથિયાર એટલાં ભારી છે કે ઘણાઓએ કોશેશ કર્યા છતાં કોઇબી પેહલવાન તે ઉપાડી શક્યો નથી; જંગમાં તે નરે શીર જેવું બળ બતાવે છે; લડાઇમાં તેનું પડી ગયલું હથિયાર કોઇ ઉઠાવી શકતું નથી; તેની કમાનની દોરી સિંહનાં ચામડાંની બનાવેલી છે; તેની તીરના કાપલા અને અણીનો વજન દશ 'સિતીર' જેટલો છે; ચકમકનો પહાડ તેની આગળ મોમ બરાબરનો છે; લડાઇમાં ઉતરતી વેળા તે બખ્તર પહેરી તે ઉપર ગળાંથી કેડ સુધીનું બીજું બખ્તર પહેરે છે, અને તેની ઉપર વળી ચિત્તાનાં ચામડાંનો પોશાક સજે છે, કે જે 'બબ્રેબયાન' ને નામે ઓળખાય છે; આ પોશાક તેનાં વસ્ત્ર યા બખ્તર કરતાંબી વધારે કીમતી છે, કારણ કે તે જેમ આતશમાં બળી શકતો નથી તેમ પાણીથી ભિંજાતો પણ નથી; જ્યારે તે આ બબ્રેબયાન પહેરે છે ત્યારે ગોયા તેને પાંખ ઉગી હોય તેમ તે જંગ મેદાનમાં આમથી તેમ ઉડતો ફરે છે; જે ઘોડા ઉપર સવાર થાય છે તે ગોયા બીસિતૂન પહાડ ગતિમાં આવ્યો હોય તેમ રઝમગાહમાં માથાં મારે છે; લડની વેળા હમેશ ખોંખાર મારતો રહે છે, અને ધુળ કે પથર ઉપર પગળું મુકતાંજ તેમાંથી આતશની ચિંગારી નીકળે છે.

લશકરોની ગોઠવણ.

રૂસ્તમ જયારે જંગમેદાનમાં રક્ષ ઉપર સ્વાર થઇને આવ્યો ત્યારે તેણે ઉપર મુજબ પોશાક સજયો હતો. માથે ચીનાઇ પોલાદની બનાવેલી કોલાહ યાને લડાઇની ટોપી તેણે ઘાલી હતી. ઇરાની લશ્કરની જમણી બાજુ ગુદર્ઝે અને ડાબી ફરીબોર્ઝે રોકી હતી, અને તેમની વચમાં તૂસનું લશ્કર હતું. તૂરાની લશ્કરની વચોવચમાં ખાને ચીન ઉભો હતો, અને તેની જમણી પાંખે કામૂસ કશાની તથા ડાબી પાંખે હિંદનો રાજા હતો. કામૂસની પછવાડે હાથીઓની હાર અને અસ્બાબ હતાં. બન્ને લશ્કરો આ રીતે સફ સમારીને ઉભાં હતાં તે વખ્તે કર્નાય અને નકારાંના લડાયક આવાજ ચાલુ હતા. એજ વેળા કામૂસ હાથમાં ગાવની સુરતનો ગુર્ઝ લઇને મેદાનમાં ઘોડો ડપટાવતો આવી ઉભો અને પુકાર મારી કહેવા લાગ્યો કે—પેલો પાર્સિયાદો મર્દ ક્યાં ગયો કે જે બહાદુર પેહલવાનો સાથ લડવા માંગે છે? જો તેણે પોતાની જિન્દગીથી હાથ ધોયા હોય તો તે મારી કમાનમાંથી છુટેલા તીરનો જખ્મ ખમવાને આવી જાય મેદાનમાં!

જાબુલી અલ્વાનો અંત.

ઇરાની પેહલવાનોમાંથી કોઇની પણ હિંમત આ કામૂસ જંગીની સામે લડાઇમાં ઉતરવાની થઇ નહિ. તેણે તો જેહાં પેહલવાન રૂસ્તમને પોતાનો હમ્નબર્દ માંગ્યો હતો, જેણે તે મગરૂર કશાની સામે એકદમ ઉતરવાની દરકાર કીધી નહિ. પણ ત્યારે કોઇએબી તેની મુકાબેલ જવું તો જોઇયે, એમ સમજીને અલ્વા નામનો એક જાબુલી કામૂસની સામે લડવા ઉતર્યો. અલ્વા રૂસ્તમની પીઠે રહીને તેનો ભાલો ધરી ચાલનારો (નેઝેબર્દાર) લડવૈયો ને શાગેર્દ હતો. પોતાના પેહલવાનની લડાઇઓમાં હાજર રહીને તેનાથી તીર, ગુર્ઝ અને ભાલો કેમ વાપરવાં તે તે બરાબર શીખ્યો હતો; તોપણ તેની ગમે એવી ચાલાકી છતાં તે કામૂસ કશાનીનો બરાબરિયો તો નહિજ હતો. તે આ દુશ્મનનો ભયાનક પુકાર સાંભળતાંજ પોતાની શમ્શીર મિયાનમાંથી ખેંચી

કહાડીને તેનું ડોકું કાપી નાખવાના ઇરાદાથી મેદાનમાં દોડતો આવ્યો. પણ અલ્વા કાંઇપણ કરી શકે તે આગમજ કામૂસે તેને પોતાના ભાલાની નોક વડે તેના ઘોડા ઉપરથી ઉઠાવી લીધો અને તેને જમીન ઉપર પટકીને પોતાના ઘોડાના પાઉં તળે કચડી નાખ્યો.

કામૂસ કશાનીનો અંત.

આ બનાવ જોઇ રૂસ્તમનો જીવ કચવાયો. પોતાના એક સારથીનો આવો અંત જોઇને તેનો કીનો લેવાને જેહાં પેહલવાન તૈયાર થયો. તેણે પોતાની કમંદ છુટી કીધી અને ભારી ગુર્જ ઉઠાવીને કામૂસ સામે તે આવી ઉભો: તેને ગુર્જ અને કમંદ સાથ આવેલો જોઇ કશાની બખાળ્યો કે—૬૦ આંટાનું તારૂં દોરડું લઇને મને બીવાડ ના.

રૂસ્તમે જવાબ આપ્યો કે—આ દોરડું તને કેવો ઝીકડીને બાંધે છે તે તું હવે જોશે. હે કશાની મર્દ, તારૂં મોત તો અહીં ખેંચી લાવ્યું છે, કારણ કે ધૂળમાં રોળાવા સિવાય નાસવાની તારે વાસ્તે બીજી જગા અહીં છેજ નહિ.

કામૂસે પોતાની ઝળકતી શમ્શીર ખેંચી કહાડી અને એકદમ રૂસ્તમ ઉપર ધસી જઇને તેનું સર તનથી જુદું કરવા માંગ્યું, પણ તે નેમ ચુકયો, તલવારની અણી રક્ષની ગર્દન ઉપર જઇ પડી, તે શુરા ઘોડાનાં બખ્તરના ટુકડા થયા, પણ તે પોતે સલામત બચી ગયો.[1] હવે રૂસ્તમે પોતાનું જોર વાપર્યું. તેણે પોતાની કમંદનું ગુચ્છું વાળીને ઘુમાવ્યું અને તેને પોતાના હમ્નબર્દની આસપાસ ફેંકયું, જેથી કામૂસની જાંગ તેમાં ભેળવાઇ. તેણે કમંદ કાપી નાખવાની ઘણી તજવીજ કીધી, અને જોકે રક્ષ ઝડપથી દોડી તેને ઘસડી જવા માંગતો હતો, તોપણ કામૂસ પોતાના ઘોડાની પીઠ ઉપર મજબૂત થઇ બેસી રહ્યો, અને પાવરામાં પગ અછી રીતે ખોસી રાખીને તથા ઘોડાની લગામ ઢીલી કરીને તેણે બીજી તરફનો માર્ગ લેવા માંગ્યો, એવી મતલબથી કે આ ખેંચતાણથી કમંદ તૂટી જાય અને તે છટકી જાય. પણ તેમાં તે ફાવ્યો નહિ. કમંદનું ચામડું તુટ્યું નહિ, અને રૂસ્તમે રક્ષને થોભાવી એક ચક્ર લઇને કામૂસને તેના ઘોડા ઉપરથી ખેંચી હેઠે પાડયો. કામૂસ ઉંધે મસ્તક પડતાંજ રૂસ્તમે તેને કમંદમાં વિંટાળી લીધો, અને તેના બન્ને હાથો પીઠ પછવાડે બાંધીને પોતે પાઉંપિયાદો તેને ઘસડતો ઇરાની લશ્કરમાં લઇ ચાલ્યો, અને પોતાના લશ્કરીઓના હાથમાં તેને આપતાં બોલ્યો કે—મારી સાથે જોર અજમાવવા આવેલા આ શૂરવીરને જોઇ લ્યો. એ બીચારાને ઇરાન સરજમીનનો નાશ કરી તેને ખેડાણ મેદાન બનાવવાની ઉમેદ હતી; જાલના બેટા રૂસ્તમને કતલ કર્યા વિના એ પોતાના ભારી ગુર્જ હાથમાંથી મુકવા માંગતો ન હતો; પણ અંતે આ કેજે પહોંચ્યો છે. હવે એને ગમે તે સજાએ પહોંચાડો.

આમ કહીને રૂસ્તમે કામૂસને જમીન ઉપર પટકયો, અને તત્કાળ તેનો જીવ લેવામાં આવ્યો.

---

[1] —શમ્શીરખાની લખે છે કે કામૂસે રૂસ્તમની ગર્દનમાં કમંદ નાખવા માંગી હતી, પણ તેણે સર ચોરાવ્યાથી કમંદ રક્ષની ગર્દનમાં ભેળવાઇ હતી, અને કામૂસે તે પોતાની તરફ ખેંચવા માંડી અને રૂસ્તમે રક્ષને બચાવવા તજવીજ કીધી, જેમ કરતાં કમંદ તુટી ગઇ અને તેનો એક છેડો કામૂસના હાથમાં રહી ગયો, અને કમંદ તૂટવાના આંચકા સમેત કામૂસ ઘોડા પરથી તુટી પડયો. તેણે ફરીથી ઘોડાપર કુદી બેસવા માંગ્યું, પણ રૂસ્તમે તેને કમંદ નાખી ખેંચ્યો અને કેદ કરી ઇરાની લશ્કરમાં લઇ જઇ સોંપ્યો—"મોખ્તેસરે શાહનામહ," સફે ૧૪૦—૪૧.

ફેસલ ૨—ચીનનો ખાન અને પુલાદવંદ.

ચંગીઝખાનની દિલાવરી !

હજુએ તુરાનીઓને ખબર પડી ન હતી કે કામૂસને શિકસ્ત આપનાર જેહાં પેહલવાન રૂસ્તમ હતો. તેનાં બબ્રેબિયાન અને તેના રક્ષ ઘોડા છતાં તેઓ તેને પીછાની નહિ શકયા હતા. તેઓ પોતપોતામાં આ શૂરવીર માટે પરપુછ કરવા લાગ્યા, અને ખાકાને ચીને તે નક્કી કરવાનું પીરાનને સોંપ્યું, અને પીરાને પોતાના ભાઇ હુમાનને રૂસ્તમની મુલાકાતે મેદાનમાં જઇને તેનું નામ ઠામ પુછી આવવા ફરમાવ્યું. કામૂસ કશાનીને પોતાનાં લસ્કરમાં સોંપીને રૂસ્તમ તુરાનીઓમાંથી કોઈ નવો હમ્નબર્દ માંગવા મેદાનમાં રક્ષ ડપટાવતો આવી ઉભો, અને તેજ વખ્તે તેની મુકાબેલ ચંગીઝ નામનો એક તુરાની લડવૈયો જઇ ઉભો. ખાકાને ચીને તેને મોટો ખજાનો આપવાની લાલચ બતાવી હતી, અને ચંગીઝ આ ઇનામની લાલચે રૂસ્તમનું સર તનથી જુદું કરવા તેની અડોઅડ જઇ ઉભો હતો.

ચંગીઝને પોતાની તરફ દોડતો આવતો જોઇને રૂસ્તમ તેને યોગ્ય આવકાર દેવા માટે પોતાનો ગુર્જ ઉઠાવી તૈયાર થયો. ચંગીઝે તુરાની તુમાખથી તેનું નામ નિશાન પુછ્યું, અને રૂસ્તમ તેને લાયકનો જવાબ દઇ તેના ઉપર ધસ્યો. ચંગીઝે રૂસ્તમ ઉપર એકદમ તીરોનો જબરો વરસાદ વરસાવ્યો, જે તેણે પોતાની ઢાલ ઉપર ઝીલી લઇને બચાવ કીધો. શેવટે જ્યારે ચંગીઝ રૂસ્તમની બહુ નજદીક આવી પુગ્યો ત્યારે તેણે રૂસ્તમ અને તેના રક્ષને એક ડુંગર ઉપર બીજા ડુંગરને સવાર થયલી સ્થિતિમાં જોયો. આથી તેને હેબત પેઠી, તેણે નાસી જવામાં ડહાપણ જોયું, અને તુરાની લશ્કર તરફ તેણે ઘોડો ફેરવ્યો. પણ રૂસ્તમે તેને છટકવા દીધો નહિ. તેની પૂઠે દોડી તેના ઘોડાનું પૂછડું એટલા જોરથી મરડયું કે તે પ્રાણીના અકળાટને લીધે ચંગીઝ ગભરાઇને તેની પીઠ ઉપરથી તૂટી પડયો, તેની કોલાહ ઉડી ગઇ, અને તેણે જીવતદાન માંગ્યું. પણ આવા તુમાખી માણસને નહિ છોડતાં રૂસ્તમે તત્કાળ તેનું સર તનથી જુદું કીધું અને પોતે તેની આગળથી ચાલી ગયો.

તૂરાન સુલેહ ચાહે છે.

આ બનાવ રૂસ્તમનાં મનમાં કશી અગત્ય જેવો લાગ્યો નહિ, પણ અશ્કબૂસ, કામૂસ અને ચંગીઝ જેવા બહાદુરોનાં મોતથી તૂરાનીઓમાં મોટો ભય પેઠો. હવે હુમાન પીરાનના ફરમાનને માન આપી રૂસ્તમની મુકાબેલ જઇ ઉભો. પણ તે લડાઇનો નહિ પણ સુલેહનો પેગામ લઇને આવ્યો હતો. તેણે રૂસ્તમની કેટલીક સ્તુતિ ગાઇને તેનું નામ ઠામ તથા તેનું ખાન્દાન જાણવા માંગ્યાં. રૂસ્તમે નામ જણાવવાની સાફ ના પાડી, અને તૂરાનીઓએ શાહજાદા સિયાવુશની કરેલી ઘાતકી કતલ માટે પોતાનું વેર લેવા આવ્યો છે એમ જણાવીને કહ્યું કે—અગર જો તૂરાનીઓ તેના ખૂનીઓને અમારે હવાલે કરે, તેમજ સિયાવુશનો જે અસ્બાબ અને ખજાનો હોય તે મોકલી આપે, તો લડાઇ બંધ પાડીને તથા તરાનીઓને અમારા દોસ્ત ગણીને અમો ઇરાન પાછા ફરિયે. જેમના ઉપર અમો કીનો લેવા માંગિયે છિયે તેઓ મધેનો પહેલો તો અફ્રાસિયાબનો ભાઇ કર્સીવજ[1] છે, કેજે

---

[1]—મીર્ખોન્દના જણાવ્યા પ્રમાણે કર્સીવજનો રૂસ્તમે એક આગળી ચઢાઇ વેળા જાન લેવાની બિના આ ઠેકાણે ફિર્દોસી ખોટી પાડે છે. હજુ તો તે જેહાં પેહલવાન કર્સીવજને છાનો પકડી આપવાની માંગણી કરે છે, અને છેક પાછળથી તે ખુની પોતાનાં પાપની સજા પામે છે.

ઇરાનનું બુરૂં કરવા માંગતો હતો; તે પછીના તકસીરવાર તુરાની ઓલાદના જિરાનો બેટો ગુર્ગી જેવા• ખૂનીઓ• છે; તે પછીના વીસાના ખાન્દાનીઓ છે કે જેઓએ લડાઇમાં ભાગ લીધો છે, જેવા કે: હુમાન, લહૉક અને ફર્શીદવર્દ, કુલ્બાદ અને નસ્તીહન. આ સઘળાઓને જો તમો અમારે હવાલે કરશો તો અમો તમને વધારે હેરાન કરીશું નહિ. અગર નહિ તો અમો તમારા તમામ તુરાની સરદારોનો ઘાણ કહાડવા જોડે તમારા હિંદી શંગળ અને ચીની ખાન જેવા મદદગારોનેબી જીવતા રાખીશું નહિ.

હુમાન આ સર્વ વાતો સાંભળીને બહુ બીધો, કારણ રૂસ્તમ તો તેનો પોતાનો પણ જાન લેવા માંગતો હતો. તેણે રૂસ્તમની માંગણીનો જવાબ આપવાને બદલે પોતાને માટે ખોટું બયાન કીધું કે—મારૂં નામ કુહ છે અને હું બુસિપાસનો બેટો છું; હું દૂર દેશથી તુરાનની મદદે આવેલો છું. મારૂં નામ જાણ્યા પછી હવે તું જો તારૂં નામ કહેશે તો તે જાણીને હું તારો પેગામ તુરાની સરદારો આગળ રજુ કરીશ.

રૂસ્તમે તેમ કરવાની ના પાડીને હુમાનને ફરમાવ્યું કે—તું વજીર પીરાન કે જે આ લશ્કર લઇને આવેલો છે તેને મારી આગળ મોકલ.' વરાની ફોજમાં એકલો તેજ એવો એક મર્દ છે કે જેના તરફ હું મોહબત ધરાવું છું. સિયાવુશનાં ખૂનથી તેનું જિગર પણ વિંધાઇ ગયલું હું જાણું છું. આખા તુરાનમાં દયાળુ દિલનો એકલો તેજ છે. તેની સાથે મારે વાત કરવી છે માટે તેને મારી આગળ મોકલ.

રૂસ્તમ અને પીરાનની મુલાકાત.

હુમાન રૂસ્તમ આગળથી છુટેલો પોતાના મુરબ્બી બિરાદરને જઇ મળ્યો, અને ઉપલી બિનાથી તેને વાકેફ કીધો. પીરાનને ખાકાને પણ સલાહ આપી કે જો ખજાનો લઇને આ ઇરાનીઓ દૂર થતા હોય તો લડાઇનું મ્હોડું જેમ બને તેમ જલદી કાળું કરવું. પીરાન રૂસ્તમને જઇ મળ્યો, પોતાનું નામ જાહેર કીધું; અને પોતાને હુમાન પાસે બોલાવવાનું કારણ પુછ્યું. રૂસ્તમ હવે પીરાન આગળ જાહેર થયો. તેણે કહ્યું કે—હું રૂસ્તમ છું. આમ સાંભળતાંજ તુરત પીરાન પોતાના ઘોડા ઉપરથી ઉતરી પડ્યો અને રૂસ્તમને કુર્નિસ બજાવી ઉભો. રૂસ્તમે તેને પોતાના શાહ કયખુસરૂ તથા તેની માદર ફરંગીસ તરફથી શાબાશી આપી અને તેણે તેમને આપેલી મદદ માટે તારીફ કીધી. પીરાને શાહની તથા તેની માદરની તેમજ રૂસ્તમના બાપ જાલ અને બેટા ફરામર્જ વગેરેની ખેરઆફીયત પુછી. એ પછી સિયાવુશની વાત કહાડી, અને તેની ખાતર પોતાને ખમવી પડેલી અને હજુ ખમવી પડતી મુસીબતોની ફરિયાદ કીધી, અને કહ્યું કે હું તો જેમ ઇરાનમાં તેમજ તુરાનમાં ધિક્કાર પામેલો માણસ છું. બન્ને દેશનાં લોકો મને બુરો ગણે છે. તેણે કહ્યું કે—અફ્રાસિયબનાં રાજમાંથી નાસી જવાનો પણ મને માર્ગ સુઝતો નથી, કેમકે ત્યાંથી નાસીને હું ક્યાં જઇને આસરો પકડું? મારો ખજાનો, મારો મુલ્ક, મારાં જાનવરો એ સર્વે છોડીને મને જવું પડે. મારા બેટાઓ અને મારૂં હરમ એ સર્વેની મારે સંભાળ લેવી જોઇયે. અફ્રાસિયાબ ઇરાન સામે લડાઇ ઉઠાવે ત્યારે મારાથી મુગું બેસાય નહિ; મારી મર્જી ઉપરાંત મને લશ્કર લઇ આવવું પડે. એ રીતે મારો હાલ લડવા જેવો નહિ પણ દયા કરવા જેવો થઇ પડ્યો છે. મને તો હવે લડાઇના ચાંદને બદલે મોત ભલું છે. સિંધુ નદી અને આ તુરાની હદ વચ્ચેના મુલુક ખાનેથી શકનાની, કશાની, બલકાણી અને હિંદી લોકો

આજે લડવા આવ્યા છે, પણ તેઓ સિયાવુશનાં ખૂન માટે તદ્દન બેગુનાહ છે. એટલા માટે તું સખ્ત દિલ નહિ થતાં જે શર્તો કરવા માંગશે તે કબુલ રાખી અમે સુલેહ કરીશું.

રૂસ્તમે જવાબ આપ્યો કે—અય પીરાન, તૂરાનીઓમાં સૌથી ઓછો નુકસાનકારક તું છે. તૂરાનને સીધે માર્ગે ચલાવવામાં તેં રાસ્તીથી કામ લીધું છે. અમારો શાહ તો બસ કીનાનોજ ભૂખો છે. તોપણ બે શર્તે સુલેહ થઇ શકશે :—૧ લી એ કે જેઓ સિયાવુશના ખૂની હોય અને જેઓ આ લડાઇનાં મૂળ કારણ હોય તે સઘળાઓને તારે મુશ્કો બાંધીને શાહ કયખુસરૂ તરફ મોકલી આપવા. ૨ જી એ કે તારે તારી તમામ તૈયારીઓ કરીને મારી જોડે ઇરાન આવવું, અને તારા ખજાના વગેરેનો કશો અંદેશો કરવો નહિ, કેમકે તને મારા શાહ પાસે તેનો બદલો એકનો દશ ગણો હું અપાવીશ.

પીરાને કહ્યું કે—તૂરાન છોડીને કયખુસરૂ પાસે જવું તે કરતાં તો મોત ભલું. બીજું એ કે જેઓ તકસીરવાર હોય તેમને તમારે હવાલે કરવાથી અફ્રાસિયાબના ખેશીઓ અને નામદારોની ખુઆરી થાય. આમ હોવાથી એવી વાતો હું તૂરાની શાહ આગળ શી રીતે રજુ કરૂં ? આ કામમાં હુમાન, કુલ્બાદ અને ફર્શીદવર્દ જેવા નામદારો સંડોવાયલા છે, માટે એ શર્ત કદી બજાવી શકાશે નહિ. વાસ્તે તું મને મારો રસ્તો લેવા દે. તે એ કે હું મન્શૂર, શંગુલ અને ચીનના ખાનને તારી વાતોથી વાકેફ કરીશ, અને અફ્રાસિયાબ ઉપર સાંઢણીસવારને એકદમ મોકલીને તેને તેના ખાબમાંથી બીદાર કરીશ.

કીનો લેવા નિકળેલા તૂરાની મદદગારો.

આ રીતે રૂસ્તમ સાથની મસલેહતગાહ છોડીને પીરાન તૂરાની છાવણીમાં આવ્યો અને સર્વે વાતોથી પોતાનાજ ખાન્દાની નામવરોને વાકેફ કીધા. મજલિસ કેવળ ખાનગી હતી, જ્યાં તેણે પોતાનાજ ભાઇ હુમાન અને બેટા રૂઇનને કહ્યું કે તમારેજ માટે મારૂં જિગર બળીને કબાબ થાય છે, કારણ કે રૂસ્તમ કીનો લેવાને તલબગાર છે.

અહીંથી નીકળીને પીરાન ચીનના ખાનના ડેરા તરફ ચાલ્યો તો ત્યાં તેણે ભારી ગડબડ અને પુકાર સાંભળ્યાં. કામૂસ કશાનીના ખેશીઓ તેનો કીનો લેવાને તૈયાર થયા હતા અને લડવા માંગતા હતા. તેઓ કહેતા કે—અમો કશાનનું લશ્કર ચીન લઇ જઇશું, અને ત્યાંથી તેમજ બર્બર અને બુજગૂશ, અને સગસાર અને માજન્દરાન ખાતેથી ફોજો ભેગી કરીને રૂસ્તમની કતલ કરીશું, કે જે પછી ફરીથી તેનું નામ સંભળાશેજ નહિં.

બીજી તરફથી વળી એજ રીતે અશ્કબૂસ અને ચંગીજના ખેશીઓથી તેમનો કીનો લેવાની વાતો કરવા લાગ્યા. તેઓ બોલ્યા કે—સીસ્તાનને આગ લગાડીને તેમાં રૂસ્તમનું સર બાળી નાખીશું નહિ ત્યાં સુધી અમો ઠરીને બેસવાના નથી. તેનું બદન આતશમાં બાળી નાખીને તેની રાખ અમો તેના મહેલ તરફ ઉડતી કરીશું.

હીંદી શંગુલની જબાનદરાજી.

આ તમાશો જોઇ પીરાન તેમની દયા ખાતો ખાકાનના ડેરામાં દાખલ થયો અને રૂસ્તમ સાથની મુલાકાતની એકલી તે વાત જાહેર કીધી કે જેમાં ખૂનીઓ વગેરેને પકડી આપવાની માંગણી કરવામાં આવી હતી. જો તેમ નહિ થાય તો રૂસ્તમ કીનો લીધા વિના રહેનાર નથી, એમ પીરાને બીક આપ્યાથી હિંદનો રાજા શંગુલ પુકારી ઉઠયો કે—તમે એ શી વાતબોલો છો ? અમે જુદા જુદા મુલક ખાતેથી નદીઓ અને બિયાબાનો પસાર કરીને અત્રે અફ્રાસિયાબની મદદે આવ્યા છિયે, માટે જો અમો લડયા વિના

પાછા ફરિયે તો સિંહની પેઠે આવ્યા અને કોહલાંની પેઠે પાછા ફર્યા એમ કહેવાય. સિગ્જ (સીસ્તાન) ના એક આદમી જાદુથી તમો બધા એટલા બધા શેના બીઓ છો ? ભટ પડી એવી ખાલી બકવા ઉપર ! તેણે કામૂસને માર્યો તો શું થઇ ગયું ? હું તેની સામે લડવા ઉતરવાને તૈયાર છું. ચાલો આપણે સઘળા કાલ સહવારે મેદાનમાં પાછા ઉતરિયે અને શત્રુને આપણા બાણોની વૃષ્ટિથી રાતો બનાવી દઇયે. તમો બધા મારી તરફ નેગાહ રાખજો, અને જેવો હું જંગલનો પુકાર ઉઠાવું તેવા તમો દુશ્મનો ઉપર તૂટી પડજો. આપણી સંખ્યા એક લાખ માણસની છે તો શું એક માણસથી ડરી જઇશું કે ? જ્યારે હું તે સીસ્તાનીને મારા સપાટામાં લઉં ત્યારે તમો સઘળા ઇરાનીઓ ઉપર તુટી પડજો અને કોઇને છટકવા દેતા ના.

શંગુલને સઘળા સરદારોએ શાબાશી આપી ખરી, પણ પીરાન અને તેના ખેશીઓ હુમાન, બાર્માન, નસ્તીહન, વગેરેને હવે લડાઇ ચાલુ રાખવી ઠીક લાગ્યું નહિ.

પીરાન સામે ગુદર્જનો ધુજારો.

પેલી તરફથી રૂસ્તમે ફરીબુર્ઝ, તૂસ, ગુદર્ઝ, ગીવ, રહૃામ, ખર્રાદ, ગુસ્તહમ, ગુર્ગીન, બીઝન વગેરે સરદારોને ભેગા કરીને પીરાન સાથ પોતાને થયલી ગોફતેગૂથી તેઓને વાકેફ કીધા, અને તે તૂરાની વજીરની ખાતરદારીમાં કેટલાક સખુનો કહી સંભળાવતાં જણાવ્યું કે—મારા વિચાર મુજબ પીરાન, તેનો બેટો, ભાઇ વગેરે તૂરાની સરદારો ઇરાની નામદારોના હાથ ઉપર માર્યા જશે, તેમજ અફ્રાસિયાબ પોતબી શાહ કયખુસરૂને હાથે બેજાન થશે, તોપણ પીરાન જેવા સપેહસાલારને હું મારે હાથે મારીશ નહિ. તે કાવતરાંબાજ નહિ પણ પ્રમાણિક છે; તેનાં મનમાં બુરો વિચાર નથી. તેને મેં કહી છે તે શર્તો જો તે બજાવે તો આપણે તેની સાથ હવે લડવું નથી ; જો તે ખૂનીઓ અને તકસીરવારોને આપણે હવાલે કરે તો આ લડાઈમાંથી હું છુટી જઇશ. તૂરાનીઓ આપણને ખંડણી આપવાને કબૂલ થાય તો પછી લડાઇ ચાલુ રાખવી શા માટે જોઇયે ?

રૂસ્તમની આ વાત બુજર્ગ ગુદર્જને પસંદ આવી નહિ. તેણે કહ્યું કે—લડાઈ કરતાં સુલેહ સારી છે ખરી, પણ આપણે યાદ રાખવું જોઇયે કે બળદ ચામડાં વિનાનો નથી. દાનાઓ કહી ગયા છે કે બુરા માણસોને રાસ્તી પસંદ હોતી નથી. પીરાન હાલ સંકટમાં આવી ગયો છે તેથી કબૂલ તો આપે છે ખરો, પણ કોઇ દહાડો પાછો એવો આવશે કે જ્યારે તે આપણને ઉડાવશે. કિર્તારે તેને બેવડાં અંત:કરણનો બનાવ્યો છે. એક વાર અગાડી પણ મસ્લેહત ચાલી હતી ત્યારે તેણે સુલેહ કરવાની હા પાડી હતી અને લડાઇ તરફ ધિક્કાર બતાવ્યો હતો. પણ તેજ રાત્રે તેણે સાંઢણીસવાર મોકલાવીને અફ્રાસિયાબને ઇરાની હીલચાલ બાબે ખબર આપી લશ્કર તૈયાર કરાવ્યું અને જાણે અમો વચ્ચે સુલેહની વાતો થઇજ નહિ હોય તેમ દશમે દહાડે તો પીરાન લશ્કર લઇ અમારી સામે લડવા આવી ઉભો ! આજે પોતાની શિકસ્ત જોઇને પીરાન સુલેહ કરવા આવ્યો છે ખરો, પણ તે આપણી સામે લડવા આવવાને ચુકનાર નથી. તે જુઠો છે ; હારેમન તેનાં દિલમાં વસેલો છે.

રૂસ્તમે જવાબ આપ્યો કે—તું જે કહે છે તે સઘળું ખરૂં માનું છું ; પણ પીરાને આપણી સાથ ભલાઇ કરેલી છે તેટલા માટે હું શેવટ સુધી તેની સામે લડવા માગતો નથી. જો તે પોતાનો કોલ તોડતો જણાશે તો હું તેને સજા આપ્યા વિના રહીશ નહિ.

પીરાનને રૂસ્તમનો ઠપકો.

બીજી સહવારે ઇરાની લશ્કરે આગળની માફક સફ સમારીને ઉભું. રૂસ્તમ દુશ્મનોની

તપાસ લેવા બાહેર આવ્યો ત્યારે તેણે ખાનને હાથી ઉપર સ્વાર થયલો દીઠો. તે લશ્કરોની વચ્ચે હતો. તેની જમણી પાંખ કુંદ નામે લડવૈયાને આપી હતી અને ડાબી બાજુએ ગહાનનો રાજા ગહાર સફ સમારી ઉભો હતો. આગળે દિને બડાઇ માર્યા મુજબ શંગુલ પોતાની હિંદી તલવાર લઇને બન્ને ફોજોની વચ્ચે રૂસ્તમ સાથ લડવા આવી ઉભો. તેણે માથે છત્રી ઓઢેલી હતી, કેજે ગરૂડ પક્ષીનાં પીછાંની બનાવેલી હતી. તેની આસપાસ તેના હજુરિયાઓ ફરી વળેલા હતા.

પીરાને આ લડાઇમાં શામેલ નહિ થતાં તમાશો જોયા કરવાની પોતાના ભાઇ હુમાનને સલાહ આપી. પછી તે તેહમતન રૂસ્તમ જ્યાં ઉભો રહી તૂરાનીઓની હીલચાલ તપાસતો હતો ત્યાં ગયો, અને ઘોડેથી ઉતરી કુર્નસ બજાવી, અને ખબર આપી કે—મારા સરદારો તારી શર્ત કબૂલ રાખી શકતા નથી. તેઓ તું માગે એટલો ખજાનો આપવા તૈયાર છે, પણ તકસીરવારોને પકડી આપવાનું બને એમ નથી. તું જેમને માંગે છે તે સઘળા અફ્રાસિયાબના ખેશીઓ છે, તેઓ સઘળા સરદારો છે. તેમને અમો કેવી રીતે પકડી આપી શકિયે? ચીન, સકલાબ, ખલ્લાન અને તૂરાનથી આવેલાં આ મોટાં લશ્કર છતાં અફ્રાસિયાબ તારી કઠણ શર્ત કેમ કબૂલ રાખી રાખી શકે? તે સુલેહની ખાહેશ કરેજ શામાટે? તારી સામે હિંદનો રાજા શંગુલ લડવા આવનાર છે.

રૂસ્તમ પીરાનના આ સખુનોથી ખિજવાઇ ગયો. તેણે તેને કેટલાક અપશબ્દો કહ્યા, તેને જુઠો અને કાવતરાંખોર ગણ્યો, અને તેને પોતાનો કૌલ તોડવા માટે સખ્ત ઠપકો દીધો.

પીરાન જતી વેળા પાછી કબુલાત આપતો ગયો કે હું આજ રાત્રે મારા સાથીઓને લડાઇ બંધ પાડવાની ફરીવી સલાહ આપીશ. પણ એ કબૂલત તેણે પાળી નહિ.

શંગુલની શિકસ્ત.

લડાઇ ચાલી. તૂરાનીઓ તરફથી હિંદનો રાજા શંગુલ લડવા મેદાન પડયો. તેણે સિજ્જ (સગસ્તાન) ના લડવૈયાને નામે રૂસ્તમની માંગણી કીધી. રૂસ્તમે દોડી આવી, પોતાનો ભાલો ખેંચી કહાડી, તેની અણી વડે શંગુલને ઘોડા ઉપરથી જમીન ઉપર ઉંધે મસ્તક નાખી દીધો અને પોતાની તલવાર કહાડી તે વડે તેનાં તનના બે ટુકડા કરવા જાય છે એટલામાં શંગુલનાં લશ્કરમાંથી તેના સરદારો દોડી આવ્યા, અને જેહાં પેહલવાનના સપાટામાંથી તેને બચાવી લઇ ગયા. લડાઇ ઘણી જોશમાં આગળ વધી અને તૂરાનીઓની શિકસ્ત થઇ. છતાં રૂસ્તમને પોતાની તરફ રક્ષ દપટાવતો આવતો જોઇને કામૂસ કશાનીનો શાવેહ નામગો એક ખેશી તેની સામે થયો. ગુર્જને એકજ ફટકે રૂસ્તમે તેનું માથું છુંદી નાખ્યું, અને પછી જ્યાં ગહાનનો રાજા ગહાર લડવા ઉભો હતો ત્યાં ગયો. તે હિંદી પ્રથમ સામે થયો તો ખરો, પણ પછી નજર ચુકાવીને નાઠો. રૂસ્તમે તેનો પૂઠ પકડીને તેને બેજાન કીધો.

ખાને ચીનનું કેદ પકડાવું.

હવે એક હજાર સ્વારો લઇને રૂસ્તમ ચીનના ખાન સાથ લડવા દોડયો. ખાને કેટલાક અપશબ્દોથી રૂસ્તમને આવકાર દીધો. બન્નેએ પ્રથમ એક બીજા ઉપર તીરોનો વરસાદ વરસાવ્યો. આ લડાઇમાં રૂસ્તમની હાલત નબળી જોઇને ગુદર્જે રહ્હામના સરદારી હેઠળ ૧૦૦) લડવૈયાઓને રૂસ્તમનાં રક્ષણ માટે મોકલી આપ્યા. ખાન આથી પોતાની ચઢતી થયલી જોઇને બેવડાં શૂરથી લડવા લાગ્યો. તેણે છત્ર પર આવીને હવે રૂસ્તમનું કાટલું કહાડવાના વિચારથી તેના ઉપર બેવડા કાપલાનો ભાલો ફેંકયો. પણ આ ભાલાની નેમ ચુકાવીને હવે રૂસ્તમે પોતાની ફતેહમંદ કમંદ ખેંચી કહાડી, અને તેને હવામાં ઉછાળીને ખાન ઉપર ફેંકી, જેના ફાંસામાં

ખાનનું ડોકું આવી ગયું. રૂસ્તમે કમંદ ખેંચી લઇને ખાનને તેના સફેદ હાથી ઉપરથી ઉંધે મસ્તક જમીન ઉપર પટકયો, જ્યાં તેના મદદનિશોએ તુરત તેના હાથ બાંધી લીધા, અને તેને ઘસડતા શહદ પહાડ તરફ લઇ ગયા, કે જ્યાં ઇરાની મથક હતું અને જ્યાં તૂસના ચોકીદારો તૈયાર હતા તેમને સ્વાધીન કરી દીધો.

તૂરાનીઓની નાસભાગ.

ઇરાનીઓની આ સર્વથી મોટી ફતેહ ગણાઇ. તેઓએ શત્રુઓ ઉપર તુટી પડીને તેમની એટલી ભારી કતલ ચલાવી કે તેઓ નાસભાગમાં પડયા. પીરાનની શોધમાં રૂસ્તમે પોતાના સિપાહીને દોડાવ્યા, પણ તે તો હુમાન, કુલ્બાદ, રૂઇન, પુલાદ વગેરે સાથ નાસી ગયો હતો. બીજે દિને ફરીને પુઠ પકડવામાં આવી, પણ આ તૂરાની સરદારોનો પત્તો મળ્યો નહિ.

રૂસ્તમે શાહ કયખુસરૂ ઉપર નામુ લખીને કેદ પકડાયલા શત્રુઓ—જેઓમાં મુખ્ય ચીનનો ખાન હતો તેઓ—ને તથા દુસ્મનોનો જે ખજાનો હાથ આવ્યો હતો તે મોકલી આપતાં જણાવ્યું હતું તે મુજબ આ લડાઇ ૪૦ દહાડા સુધી ચાલી હતી. શાહજાદા ફરીબુર્ઝ આ નામુ તથા ખજાનો અને કેદીઓનો એખ્તિયાર લઇને ઇરાન ગયો, અને આ ફતેહ માટે ખુદાની શુક્ર ગુજારી કરીને કયખુસરૂએ ચીનના ખાનને તેને લાયકનાં એવાનમાં રાખવાનો હુકમ આપ્યો.

તૂરાની પાયતખ્ત ઉપર ચઢાઇ.

પેલી તરફથી રૂસ્તમે તૂરાની લશ્કરને નાસી ગયલું જોઇને અફ્રાસિયાબનાં પાયતખ્ત ઉપર ચઢાઇ લઇ જવાનો ઠરાવ કીધો. એ માટેની તૈયારીઓ ચાલતી હતી એટલામાં તે તૂરાની શાહને પોતાની શિકસ્તની ખબર પીરાનથી પડતાં તેણે એક નવો હરીફ રૂસ્તમ સામે લાવી ઉભો કીધો. રૂસ્તમ અને બીજા ઇરાની સરદારોને માટે શાહે કીમતી પોશાકો અને તાજેતખ્ત તથા કડાં વગેરે મોકલ્યાં હતાં તે લઇને ફરીબુર્ઝ પાછો છાવણીમાં આવી પુગ્યો. આ ઇનામોથી ખુશ થઇ હવે રૂસ્તમની સરદારી હેઠળ ઇરાની લશ્કર આગળ વધ્યું અને સુગ્દ (સમર્કન્દ) ખાતે જઇ પુગ્યું, જ્યાં એક પખવાડિયું ગુજારીને એકજ મંજલ આગળ વધતાં બીદાદ નામનો કિલ્લો[1] મળ્યો, કે જ્યાંનાં લોક માણસખાઉ હતાં. આ લોકો જેઓ ખુબસુરત હોય તેમનોજ ખોરાક કરતાં, અને તેમનો રાજા ઉધરતા જવાનોનુંજ ગોસ્ત ખાતો. પોતાના ગુલામોમાંથી જેઓ આવા નવજવાન હોય તેમના ઉપર રાજાની નજર પહેલી દોડતી અને તેમનો તે પહેલો ભક્ષ કરતો. આ રાજાનું નામ કાફુર હતું.[2]

માણસખાઉ જંગી સાથ લડાઇ.

જ્યારે માણસખાઉ લોકોની વાતોથી રૂસ્તમ વાકેફ થયો ત્યારે તેણે ગુસ્તહમ, બીઝન અને હજીરની સરદારી હેઠળ ૩૦૦૦ સિપાહીની ફોજ આપીને તેમને આ બીદાદ કિલ્લો જીતવા મોકલ્યા. કાફુર પોતાનાં લશ્કર સાથ તેમની સામે લડવા આવી ઉભો. તેના સિપાહીઓ કમંદ ફેંકનારા, પથરા ઘુમાવનારા અને બીજી રીતે લડાયક હતા.

૧—આ બીદાદ કિલ્લો કયાં આવ્યો હતો તે જણાતું નથી, પણ ફિર્દોસી પોતેજ જણાવે છે તેમ શાહ ફરીદુનના બેટા તુરે આ કિલ્લો બાંધ્યો હતો, અને તેમાં "જાદુઇ" વાપરી હતી. તેમાં લડાઈનાં સર્વ હથિયારો અને પુષ્કળ ખોરાકી જરૂર પડે ત્યારે લાવવામાં આવતી હતી કિલ્લાની દીવાલો એટલી ઉંચી હતી કે તે ઉપર છોડેલી ગોફણના પથર અસર કરી શકતા ન હતા. અને એ તુરની જાદુઇને લીધે તથા ત્યાંના ધર્મ ગુરૂઓનાં ભણતરને લીધે થતું હતું!

૨—શું આ નામ ઉપરથી એમ સમજવું કે રૂસ્તમ કાફિરિસ્તાનના મુલકમાં આવી ચઢયો હતો? સિયાહપુશ કાફિર લોકો, જેમને કાબુલના મર્હુમ અમીર અબ્દુર રેહમાને જીતી લીધા છે તેઓની રીતભાત ઘણી વિચિત્ર જાહેર થયલી છે, પણ તેઓ માણસખાઉ હતા યા છે એવું જાણવામાં નથી.

તેઓના હાથ ઉપર ઇરાનીઓની ભારી કતલ ચાલી, જે ઉપરથી ગુસ્તહમે બીઝનને મોકલાવી રૂસ્તમને ૨૦૦ લડવૈયાઓ સાથ એકદમ તેડાવી મંગાવ્યો.

હવે રૂસ્તમ અને કાફુરની લડાઇ ચાલી. માણસખાઉ રાજાએ જેહાં પેહલવાન ઉપર પોતાની તલવાર ગોયા તે તીર હોય તેમ ફેંકી, રૂસ્તમે ઢાલ ઉપર તે ઝીલી લીધી. આ પછી કાફુરે રૂસ્તમ ઉપર કમંદ ફેંકી, પણ તેણે પોતાનું સર બચાવી લીધું. આ રીતે દુશ્મનને નિરાશ કરીને રૂસ્તમે હવે પોતાનો લડાઇનો પુકાર મારી પોતાના ગુર્જના ફટકા કાફુરનાં માથાં ઉપર લગાવી તેની કોલાહ, સર અને ગર્દન એવાં છુંદી નાખ્યાં કે તેનું ભેજુ તેનું નસકોરાં વાટે નીકળી પડયું. આ રીતે તે માણસખાઉ દેવ જાનથી ગયો. અહીંથી નીકળીને રૂસ્તમ શત્રુઓને મારતો મારતો તેમના કિલ્લા સુધી જઇ પહોંચ્યો, જેના દરવાજા બંધ કરીને કેટલુંક લશ્કર અંદર પનાહ લઇ બેઠું હતું, અને તેની દીવાલ ઉપરથી તે રૂસ્તમનાં લશ્કર ઉપર તીરોનો મારો ચલાવતું હતું. રૂસ્તમે કિલ્લાને ઘેરો ઘાલ્યો, તેના પાયામાં ખાતર ખણ્યાં, દીવાલોમાં બાકોરાં પાડયાં, અને નખતેલ વડે આગ સળગાવી. આથી કિલ્લાની દીવાલ તુટી પડી, ઇરાની લશ્કર અંદર ધસી ગયું, બીઝન અને ગુસ્તહમની સરદારી હેઠળ ઇરાની સિપાહોએ એક તરફથી તીરોનો વરસાદ અને બીજી તરફથી નખતેલની આગ ચાલુ કરીને કિલ્લાના બહાદુર લોકોને આજેજ કીધા, અને ત્યાં છુપાવેલી મોટી દોલત હાથ કીધી. સોનું, રૂપું, હીરા, ગાયઢોર, ગુલામ, વગેરે લઇને હવે ઇરાનીઓ પોતાની છાવણીમાં પાછા ફર્યા.

તૂરાનીઓની નવી તૈયારી.

આ વેળા ખબર મળી કે ખૂતનની સરહદ ઉપર તૂરાની લશ્કર જમા થાય છે. તેને ત્યાં ભેગું થતું અટકાવવા માટે રૂસ્તમે ૧૦,૦૦૦ માણસો આપી ગીવને તે તરફ રવાના કીધો. ગીવે ત્યાં જઇ પુગીને ત્રંણ દહાડા સુધી તૂરાનીઓમાં લૂટફાટ ચલાવી અને તેમને હેરાન કીધા-અને તરાજ ખાતેથી કેટલીક ખુબસુરત ચેહરાની નાજનીનોને પકડી પાછો છાવણીમાં આવી મળ્યો. તે જે લૂટ લઇ આવ્યો હતો તે ઇરાની સરદારો અને સિપાહોને વહેંચી આપવામાં આવી, અને એ કામથી ફારેગ થઇને હવે રૂસ્તમ અફ્રાસિયાબની સામે આગળ વધ્યો.

અફ્રાસિયાબને જ્યારે તૂરાની લશ્કરોની વારંવારની શિકસ્તની ખબર મળી ત્યારે પ્રથમ તેણે વધુ લડાઇ ચાલુ રાખવાનું માંડી વાળ્યું, પણ તેના સલાહકારોએ તેને ઉસ્કેરવાથી, તેને પાછું શૂર છુટું. અવ્વલ તેણે ફર્ધાર નામના લડવૈયાને રૂસ્તમની હીલચાલ ઉપર નજર રાખી પોતાને વાકેફ કરવાનું કામ સોંપ્યું, અને પછી પોતાના બેટા શાહજાદા શીદેહને બોલાવી રૂસ્તમની ફતેહ અને પાયતખ્ત ઉપરની ચઢાઇ વિષેની તેને ખબર આપી[1], અને તેમ કરતાં જણાવ્યું કે— હવે હું સુગ્દ ખાતે નહિ રહેતાં મારો તમામ ખજાનો વગેરે અશ્માસ નદીના કિનારા ઉપરના મહેલમાં મોકલાવી દઉંછું અને રૂસ્તમ સામે એકવાર ફરીને નસીબ અજમાવવા માગું છું, જેમાં જો હું હાર પામીશ તો તમામ તૂરાન તેને માથે નાખીને ચીનના દરિયા તરફ કુચ કરી જઇશ. શીદેહે સલાહ આપી કે પ્રથમ લડાઇમાં

૧—પોતાના શાહજાદા સાથની આ મસ્લેહત વેળા અફ્રાસિયાબ તેની આગળ રૂસ્તમની ખુબીઓનું કેટલુંક બયાન કહી સંભળાવે છે તે મુજબ રૂસ્તમ એવા ચાલાક હાથનો છે કે સુસ્વાટનાં મોંમાં પણ તે સલામત છે. લડાઈનાં મેદાનમાં તે આદમી જેવો હોતો નથી. જખ્મ લાગ્યો હોય ત્યારે તે દુખથી મરડાઇ જતો નથી, કે દુખની બરાડ પણ મારતો નથી. ભાલા, તલવાર, તીર કે ગુર્જનો તેના ઉપર વરસાદ વરસે તેની તેને પરવા નથી. ગોયા તે પિતળ અને લોખંડનો ઘડેલો છે. તે સાંકળાનું બખ્તર ઘાલે છે, છાતી બખ્તરથી ઢાંકે છે, ચિત્તાનું ચામડું પહેરે છે, અને

નહિ ઉતરતાં ગંગ ખાતે જઇને ચીન અને માચીનથી એક મોટું લશ્કર ભેગું કરવું, અને ત્યાર પછી લડાઇમાં જોર અજમાવવું. પણ આ સલાહ પીરાનનો વિચાર પુછ્યાથી માન્ય રખાઈ નહિ, અને નવાં જંગ માટેની તૈયારી ચાલી.

પુલાદવંદ "દેવ."

અફ્રાસિયાબને એક કીમતી મદદગાર યાદ આવી ગયો. તે કોણ હતો તે જણાતું નથી, પણ એટલુંજ માલૂમ પડે છે કે તે તૂરાનની ચીન તરફની કોઇ સરહદ ઉપરના પહાડી કિલ્લામાં વસતો પુલાદવંદ નામનો સરદાર છે, જેને "દેવ"નું નામ આપવામાં આવ્યું છે. તેના ઉપર એક નામુ લખીને તુરાની શાહે તેને તેડી મંગાવ્યો અને તેને પોતાનો છુટકારો કરનાર ગણીને રૂસ્તમ સામે તેને લડવા મોકલ્યો. તેને એવી લલચ બતાવવામાં આવી કે જો તે રૂસ્તમનો જાન લેવામાં ફતેહ પામે તો તેને અફ્રાસિયાબનો અર્ધો ખજાનો અને અર્ધું રાજ્ય મળે ! આ લાલચથી લલચાઇને પુલાદવંદ "દેવ" પોતાના પહાડી પથક ખાતેથી ઉતર્યો, નદી પસાર કીધી, અને તુરાની દરબારમાં આવી ઉભો. તેની સલાહ એવી હતી કે કોઇ દગા ફટકા વિના રૂસ્તમ હાથમાં આવે એમ નથી, માટે એક તરફ લશ્કરોને લડવા ઉતારવાં ને બીજી તરફ દગાબાજીથી કામ કહાડી લેવું.

તેની ઇરાનીઓ ઉપર ફતેહ.

એ રીતે પુલાવંદ પોતાનું લશ્કર લઇને રૂસ્તમની કુચના માર્ગમાં આવી ઉભો અને તેને આગળ વધતો અટકાવવા માંડ્યું. તેણે જ્યારે રૂસ્તમને મેદાનમાં આવી તુરાની લશ્કરમાં એકલે હાથે ખરાબી પાંથરતો જોયો ત્યારે પ્રથમ તેહમતન સામે નહિ જતાં તે હાથમાં ગુર્જ અને કમંદ લઇ જ્યાં તૂસ હતો ત્યાં ધસી ગયો અને આ ઓચિંતા હુમલાની તક લઇને તેણે તૂસને કમરબંધમાંથી પકડી એક એક સપાટે ઘોડાપરથી ઉતારી પાડી જમીન ઉપર પટકયો. આ દેખાવ ગીવે જોતાંજ પોતાના "શબ્દીજ" નામના ઘોડાને આગળ દોડાવી પુલાવંદને વધુ ખરાબી કરતો અટકાવવા માંડ્યું. પણ તે નવા તુરાની સરદારે પોતાની કમંદ ગીવ ઉપર છોડી, જે જોતાંજ રહહામ અને બીજન તેની મદદે દોડી પહોંચ્યા. આ નવા આવનારા સરદારો કાંઇબી કરી શકે તે આગમજ તો પોતાના તૂસ અને ગીવ જેવા હમ્નબર્દોને પડતા મૂકી જ્યાં કાવાનો ઝુંડો હતો ત્યાં દોડયો અને તેના બે ટુકડા કરી નાખ્યા.

તેનું રૂસ્તમ સાથ જંગ.

આટલી બધી સરકશીની ખબર રૂસ્તમને પડતાંજ તે પુલાદવંદને સજા કરવા દોડયો. તેણે તૂસ, ગીવ, રહહામ અને બીજનને તેની સામે લડતાં દીઠા. તેણે ખુદાની મદદ માંગી અને પુલાદવંદ ઉપર પોતાની કમંદ ફેંકી, જેના ફાંસામાં ફસતો તેણે પોતાને બચાવી લીધો. રૂસ્તમે તેના માથા ઉપર પોતાનો ગુર્જ એવો મજબૂત લગાવ્યો કે આસપાસના સવ્વાળાઓએ તેનો આવાજ સાંભળ્યો. આ જર્બથી ધારેલી અસર નહિ થઇ. પુલાદવંદ "દેવ"ની આંખે અંધારાં આવ્યાં; તેના હાથમાંથી ઘોડાની લગામ છુટી ગઈ; અને દુખથી જમણી બાજુએ ઝોંકો ખાધો; તોપણ તે ઘોડા ઉપરથી પડયો નહિ. તેને જાણે ઉપલા જર્બથી કાંઇ લાગ્યુંજ નહિ હોય તેમ તેણે પોતાની પુલાદની તલવાર અનેક યુકિતથી રૂસ્તમ ઉપર અજમાવવા માંડી.

માથે કોલાહ ઘાલીને એવો પુકાર મારે છે કે જાણે આકાશમાં ગગડાટ થતો હોય. જબરદસ્ત હાથીઓ તેની સામે ટકી શકતા નથી. તેનો રક્ષ ઘોડો પવન જેવો શીતાબ છે અને સિંહ જેવો ભયાનક છે. પહાડો ચઢવા કે નદી પસાર કરવી તેને માટે મુશ્કેલ નથી. રૂસ્તમની છાતીનું બખ્તર ચિત્તાનાં ચામડાંનું બનાવેલું છે તે એવું સખ્ત છે કે તે ઉપર કુહાડી કે તીરના જખ્મ પેવસ થઈ શકતા નથી.

પણ બબ્રેબિયાનનાં બખ્તરમાંથી તે તલવાર રૂસ્તમની છાતીમાં પેવશ થઈ શકી નહિ. આથી ખિજવાઇને તે તુરાની સરદારે નવી દગાબાજી વાપરી. તેણે રૂસ્તમને ભલામણ કીધી કે—તું તારૂં ચિત્તાનું બખ્તર અને તારી કાળી કોલાહ કહાડી નાખીને તેમને બદલે બીજું બખ્તર તથા બીજી કોલાહ પહેરી લે, અને હુંબી તેમજ કરૂં, ને પછી આપણ લડિયે. પણ રૂસ્તમે તેની આ તદબીરને હસી કહાડી અને કહ્યું કે—મારે આમ કરવું નથી, તું પણ તેમ ના કરતો.

હવે તેઓ પાછા લડવા લાગ્યા, પણ પોતાની મતલબ વારંવાર નિષ્ફળ જતી જોઇને પુલાદવંદે રૂસ્તમને નવી દરખાસ્ત એ કીધી કે—આપણ બન્ને હવે કુસ્તી ખેલિયે અને એકબીજાનો ચામડાંનો કમરબંધ પકડીને જોર અજમાવિયે.

રૂસ્તમે આ દરખાસ્ત કબૂલ રાખી, પણ તેમ કરવામાં કેવી ખંધાઇ છે તે પામી જઇને પોતાના હરીફને કહ્યું કે—આવી પક્કાઇથી તું તારો જાન બચાવી શકનાર નથી.

કરાર તોડવાનો અફ્રાસિયાબનો ગુનાહ.

હવે તેઓ વચ્ચે કરાર થયો કે તેમની લડતમાં બન્ને પક્ષો તરફથી કોઇએ વચ્ચે આવવું નહિ. બન્ને લશ્કરો વચ્ચે અર્ધા ફર્સંગ જેટલી જગા ખાલી હતી. લડાઇનાં મેદાનમાં આ વેળા અફ્રાસિયાબ પોતે પણ હાજર હતો, અને તેની મંજુરિયાતથી પુલાવંદે કરાર કીધા હતા. શાહજાદા શીદેહને લાગ્યું કે રૂસ્તમના હાથ ઉપર પુલાદવંદ બચવાનો નથી, માટે તેણે પોતાના બાપને અર્જ કીધી કે—આ બહાદુર તૂરાનીનો જાન બચાવવો હોય તો લડાઇ બંધ પાડવી. અફ્રાસિયાબે તેમ નહિ કરવા દેતાં શીદેહને ફરમાવ્યું કે—તું જઇને પુલાદવંદને આપણી તૂરાની જબાનમાં એમ સમજાવી આવ કે તું જો રૂસ્તમના ટાંટિયા ઉંચકી તેને નીચે પાડે તો તારા ખંજરનો ઉપયોગ કરવાને ચુકનો ના. પણ શીદેહે પાદશાહની ભૂલ ભાંગી કે લશ્કરો દેખત અફ્રાસિયાબે કબાલો કબૂલ રાખ્યો છે તેમાં એવું કાંઇ નથી. તું કબાલો તોડશે તો આપણને ફતેહ મળશે નહિ.

અફ્રાસિયાબને લાગ્યું કે તેનો શાહજાદો વિશ્વાસલાયક નથી. તે બોલ્યો કે—જો રૂસ્તમ પુલાદવંદને પછાડશે તો તે એક પણ તુરાનીને જીવતો રાખનાર નથી. તું તો કેવો બોલવે બહાદર છે, પણ કરી બતાવનો નથી.

આ રીતે બેટાને ઠપકો દઇને અફ્રાસિયાબ ઘોડો દપટાવતો કુસ્તીનાં મેદાનમાં ગયો, અને બન્ને પેહલવાનોની રમત જોતો હોય તેમ તુરાની જબાનમાં પુલાદવંદને તેણે ચેતાવ્યો કે તું જો રૂસ્તમને હેઠો નાખે તો તેનું જિગર ચીરી નાખવાને થોભતો ના.

પુલાવંદ દેવ કેમ છટકી ગયો.

તૂરાની શાહની આ તદબીર ગીવે જોઈ લીધી, અને તેથી તેણે રૂસ્તમને તુરત વાકેફ કીધો. પણ તેની કશી દરકાર વિના તે જેહાં પેહલવાન તો પોતાની લડાઇનાં કામમાં મશગુલ રહ્યો. એમ કરતાં લાગ ફાવ્યો ત્યારે રૂસ્તમે પુલાદવંદને જમીન ઉપરથી ઉઠાવી હવામાં ઉંચો ધર્યો અને પછી તેને ભોંય ઉપર પટક્યો. એજ વખતે તે ખુદાના શુક્ર બજા લાવ્યો, અને એજ વખતે ઇરાની લશ્કરોમાંથી ખુશાલીના પુકાર ઉઠયા, તથા નકારાંના આવાજ થવા લાગ્યા, તથા કર્નાય અને લોઠી અને હિંદી ઘંટના નાદ સંભળાયા.

રૂસ્તમને તથા સઘળા ઇરાનીઓને એમજ લાગ્યું હતું કે પુલાદવંદ “દેવ” આ રીતે જમીન ઉપર પછડાયા પછી મરણ પામવો જોઇયે. અને આમ સમજીનેજ રૂસ્તમ કુસ્તીનું કામ ખલ્લાસ થતાંજ રક્ષ ઉપર સવાર થઇને

ઇરાની છાવણી તરફ જઇ પુગ્યો. પણ પેલો કહેવાતો "દેવ" તો ખરેખરોજ દેવ હતો. તેણે બાડી આંખે જોયું કે તેનો મહાન શત્રુ મેદાન છોડી ગયો છે ત્યારે તે ઉડીને તીરની માફક દોડતો અફ્રાસિયાબની છાવણીમાં જઈ ભરાયો। તેણે પોતાના લસ્કરનો જાન નાહક બરબાદ નહિ કરતાં નાસી જવાનું પસંદ કીધું, અને એ રીતે તે તેને લઇને જંગ મેદાન છોડી ચાલ્યો.

અફ્રાસિયાબની નાસભાગ.

નાસી જઇને જીવ બચાવ્યા સિવાંય અફ્રાસિયાબ કને બીજો ઇલાજ હવે રહ્યો નહિ. પીરાને તેને સલાહ આપી કે તુરાની લસ્કરોની છાવણી જેમ છે તેમ રહેવા દઇને શાહે પોતાના ખાનદાનીઓ સાથ ચીનના દરિયા તરફ નાસી જવું. અફ્રાસિયાબને પણ એમજ લાગ્યું કે લડાઇમાં પુરેપુરો નાશ થવા સિવાય ફતેહની કશી આશા નથી, માટે તે હવે બનતી ઉતાવળથી કુચ કરતો છુપાછુપ ચીન અને માચીન તરફ નાઠો. આ વાતની બેખબરીમાં ઇરાની લસ્કરે તુરાનીઓ ઉપર હુમલો કીધો, અને તેમની અર્ધી સંખ્યા કાપી નાખી. હવે બાકીનાં લસ્કરે જીવતદાન માંગ્યું, અને તેઓ મધેના જેઓથી નસાયું તેઓ જીવ બચાવા જેમ ગમે તેમ નાઠા. લડાઈ બંધ પડી. તુરાનીઓ શરણ થયા. તેમની છાવણીમાંથી મળેલી લૂટ રૂસ્તમે ઇરાન મોકલી આપી, અને કેટલોક ખજાનો પોતાને માટે તથા લસ્કરને વહેંચી આપવા રાખ્યો. અફ્રાસિયાબની પુઠે લસ્કર મોકલાવીને તેની ઘણી શોધ કરાવી, પણ તેનો પત્તો મળ્યો નહિ. ઇરાનીઓએ તેનાં પાયતખ્તમાંના મહેલો અને એવાનોનો નાશ કીધો અને સંસ્થાનો બાળી નાખ્યાં.

હવે આ ફતેહમંદ લસ્કર સઘળો ખજાનો અને ઉંટો, ઘોડાઓ, હથિયારો વગેરે લઇને ઇરાન તરફ કુચ કરી ગયું. ઇરાનમાં સઘળે ખુશહાલી વ્યાપી રહી. શાહ કયખુસરૂએ યજદાંની બંદગી કીધી અને કેટલાક દહાડા સુધી ખાનપાન અને રંગરાગ ચાલુ રહ્યાં. એક મહિનો ઇરાનનાં પાયતખ્તમાં ગુજારીને હવે રૂસ્તમ શાહ તરફનાં કીમતી ઇનામો અને ખેલાઅતો લઇને પોતાને વતન પાછો ફર્યો, પણ ઇરાનના શાહ તરફની તેની સેવાનો હજુ છેડો આવ્યો ન હતો.

ફસલ ૩—અકવાન દેવનું જંગ.

એક દહાડે શાહ કયખુસરૂની દરબારમાં ખેડુતો તરફથી એવી વિચિત્ર ફરિયાદ[1] ઉઠી કે એક ગોરખર ગોવાળાંઓમાં બહુ ખરાબી કરવા લાગ્યું છે. તેનો રંગ આફતાબના જેવો છે, માંથાંથી પગ સુધી તે સોનેરી છે તોપણ ગર્દનથી પૂછડી સુધી કસ્તુરી જેવો કાળો લીટો છે. પગ અને થાપા જોતાં તે ઉમદા ઘોડા જેવું લાગે છે. આ ગોરખર ગોવાળોમાં ઘણી ખરાબી કરે છે.

શાહને લાગ્યું કે આ કામ કાંઇ ગોરખરનુ હોય નહિ, પણ જે નદી આગળ ખરાબી થવાની આ ફરિયાદ આવી છે તેજ તરફ વસનારાં લોકો

૧—આ દાસ્તાનની શાહનામામાં જગા થવી જોઇતી ન હતી, એમ ઘણાં વાંચનારને લાગશે, કેમકે એમાં ગધેડાની સુરતે શેતાનને પાપી કામો કરતો દેખાડયો છે. બાઇબલમાં પણ "the Devil is an Ass" એવી એક વાત છે. આ બન્નેની ઉત્પત્તિ કેમ થઈ તે સમજવું મુશ્કેલ છે. કદાચ બાઇબલની કહાણી જુની ગણાય; પણ જે અસલ કથા સાથ ફિર્દુસીની આ દાસ્તાન મળતી આવે છે તે બાઇબલ કરતાં પણ ઘણી પુરાણી છે. અમને લાગે છે કે રૂસ્તમની અનેક દાસ્તાન હર્કયુલીસની કહાણી સાથ મળતી આવે છે, તેમ આ અકવાન દેવની વાર્તા પણ હર્કયુલીસ પેહલવાનનાં એક પરાક્રમ સાથ મળે છે. ગેર્યન નામનો જે ઘણી આસપાસના યુનાની રાજાઓના ઘોડા ચોરી જતો હતો અને જેને હર્કયુલીસે માર્યો હતો તેને મળતો આ અકવાન દેવ છે કે જેને રૂસ્તમે માર્યો હતો, અને એ દેવનાં કામો પણ ઘોડા ચોરવાનાંજ હતાં.

તરફથી પણ એનીજ ફરિયાદ સાંભળેલી હોવાથી, અને તે તરફ અકવાન[1] નામનો "દેવ" વસનો હોવાથી ક્યખુસરૂએ જાણ્યું કે ગોવાળાંની ખરાબી અને ચોરી આ અકવાન દેવજ કરતો હોવો જોઇયે. આ ઉપરથી આ નવા શત્રુને રૂસ્તમ સિવાય બીજો કોઇ સન્દાર મારી શકનાર નથી એમ જાણીને શાહે એક નામુ આપી ગુર્ગીનને જાબુલ મોકલ્યો અને જેહાંપેહલવાનને ત્યાંથી બોલાવી મંગાવ્યો. રૂસ્તમ રક્ષ ઉપર સવાર થઇને અકવાન જ્યાં ખરાબી કરતો સંભળાયો હતો ત્યાં ચાલ્યો. ત્રણ દહાડા સુધી તેને કાંઇ તમાશો જણાયો નહિ, પણ ચોથે દહાડે તેણે શાહ તરફથી સાંભળ્યા મુજબનું વિચિત્ર ગોરખર જોયું. રૂસ્તમે તેના સુંદર સુનેરી રંગ ઉપર લોભાઇને તેનું ચામડું ખરાબ નહિ કરતાં તેને જીવતું પકડવાની મતલબથી તેના ઉપર કમંદ ફેંકી. ગોરખરે તે જોઇ અને તુરત ગેબ થઈ ગયું. આ તમાશો જોઇ રૂસ્તમ સમજી ગયો કે આ કોઇજ નહિ પણ અકવાન છે.

ઇરાનીઓ તે જમાનામાં વહેમી હતા, અને વિદ્યાથી બનતા કેટલાક ચમત્કારોને જાદુથી બનતા માનતા હતા. રૂસ્તમ સોનેરી લેબાસવાળા અકવાન નામના કોઇ તેજ ઘોડાવાળા શત્રુને પોતાના સપાટામાંથી છટકી ગયલો જોઇ તેનાં તે કામને જાદુઇથી બનેલું સમજ્યો હોય.

પેલા ગોરખરરૂપી સરદારે ફરીથી દેખાવ દીધો ત્યારે રૂસ્તને તેના ઉપર તીર છોડ્યો પણ તે છુટે તે આગમજ તો અકવાન તેની નજર આગળથી છટકી ગયો. તેની પુઠે ફોકટ ભટક્ય પછી રૂસ્તમ એક ચરમા આગળ જઇ પુગ્યો, જ્યાં પાણી પીને તેણે આરામ કીધો રક્ષને તેણે પોતાની નજદીક ચરતો છોડી મુકયો.

અકવાનને ખબર પડી ચુકી હતી કે રૂસ્તમ તેને પકડવા આવેલો છે, માટે તે આ જેહાં પેહલવાનની હીલચાલ તપાસતો રહ્યો હતો. હવે જ્યારે તેણે રૂસ્તમને ઉંઘમાં પડેલો જોયો ત્યારે તેની આસપાસની જમીન કાપીને તેણે તેટલો ભાગ રૂસ્તમ સુધાં ઉપાડી હવામાં ઉઠાવ્યો. આ વેળા રૂસ્તમ જાગી ઉઠયો, અને પોતાની ધાસ્તી ભરેલી સ્થિતિથી તુરત જાણીતો થયો. તેણે ધાર્યું કે અકવાનની જાળમાં હું સપડાઇ ચુકયોછું. એના હાથ પર જો હું માર્યો જઇશ તો અફ્રાસિઆબની મુરાદ પાર પડશે અને ઇરાનની ખરાબી થવાની.

રૂસ્તમ આમ અંદેશામાં હતો એટલામાં અકવાને તેને જાગ્રત થયલો જોઇ પુછયું કે—હે તેહમતન, હું તને કયાં પટકું? કયાં પડીને મરવાની તારી ઇછા છે? તને દરિયામાં નાખું કે પહાડ પર ફેંકું?

જેહાંપેહલવાને મનસુબો કીધો કે—આ દેવ સાથ પ્રમાણિકપણે કામ લેવામાં ફાયદો નથી. હું જે કાંઇ કહીશ તેથી એ ઉલટુંજ કરવાનો. એની સાથ કોલ કરવો કે સોગંદ આપવા ફોકટ છે. જો હું કહું કે મને દરિયામાં નાખ, તો આ નાપાક મને પહાડ ઉપર નાખીને તાકાળ બેજાન કરી દેશે. વાસ્તે મારે કાંઇ એવી તદબીર લડાવવી જોઇયે કે જેથી એ મને પાણીમાંજ નાખે.

આમ મન સાથ દરિયાફ્ત કરીને રૂસ્તમે તેને જવાબ આપ્યો કે—એક ચીનાઇ દાના કહી

૧—આ અકવાન તે કોણ? અને તે ગોરખરનું રૂપ ધારણ કરે એ કેમ બને? પ્રો૦ નોલડેક કહે છે કે અકવાન નામ અસલ અવસ્તા જબાનનો શબ્દ છે. અવસ્તાવાણીમાં અહુરમજદની ૬ શકિતઓ અમશાસ્પંદને નામે ઓળખાઇ છે તેઓ મધેના પહેલા વોહુમનો (બહમન)નો જે બુરો હરીફ કલ્પવામાં આવ્યો છે તે અકેમ મનો (અકોમન) ને નામે ઓળખાયો છે. આ અકેમ મનોનું પેહલવી રૂપ અકોમન થયું અને અકોમનનું ફારસી અથવા પાજંદ રૂપ અકવાનને "દેવ" કહ્યો છે તે એ શાયરે પોતાની તરફથી નથી કહ્યો. અવસ્તામાં તેને "દએવ" (દેવ) ગણ્યો છે તે ઉપરથીજ છે.

ગયો છે કે જે પાણીમાં ડુબી મરે તેનો જાન બહેસ્તમાં સરોશ ઇજદને કદી જોઇ શકનો નથી, પણ આ દુનિયામાંજ તે ભટકીને દુખી થાયછે; વાસ્તે તું મને દરિયામાં નાખીને માછલાંનો શિકાર મા બનાવ, પણ પહાડપર નાખ કે ત્યાં સિંહો અને ચિત્તાઓ મારો ભક્ષ કરે.

આ સાંભળી અકવાને પુકાર મારીને કહ્યું કે—ત્યારે તો હું તંને એવી જગાએ નાખું કે આ તેમજ પેલી જેહાન તારે હાથ આવેજ નહિ.

અને આમ બોલીને રૂસ્તમના જવાબથી ઉલટીજ રીતે વર્તીને તેણે તેને દરિયામાંજ નાખ્યો, જ્યાંથી તે તરીને બાહેર નીકળ્યો, અને પછી જે ચસ્માને કાંઠે પોતે ખ્વાબ કીધો હતો ત્યાં જઇ રક્ષની શોધ કીધી, પણ તે તેને મળ્યો નહિ. પણ તપાસ કરતાં અફ્રાસિયાબની ઘોડ-શાળામાં તેને રક્ષ જણાયો. ચોકીદારોને ઉંઘેલા જોઇ રૂસ્તમે પોતાના ઘોડાનો કબ્જો લીધો, અને તેના ઉપર સવાર થઇને બાકીના ઘોડા-ઓને હાંકી લઇ ચાલ્યો. ચોકીદારોએ જાગી ઉઠીને તેની પુઠ પકડી, પણ તેઓ માર ખાઇ નાઠા અને ઘોડાનાં ગોવાળાં વિના પાછા ફર્યા. તેહમતને તેમને બુલંદ આવાજે જાણીતા કીધા કે તે પોતે કોઇજ નહિ પણ સામના બેટા જાલનો બેટો રૂસ્તમ હતો.

એવું જણાય છે કે તુરાનની છેલ્લી મોટી શિકસ્ત પછી કેટલીક મુદ્દતે રૂસ્તમે ઉપલું સહાસ બજાવ્યું હતું; કારણકે શાયર જણાવે છે તેમ જે મેદાનમાં તુરાની શાહના ઘોડાઓ ઉછેરવામાં આવતા હતા ત્યાં અફ્રાસિયાબ તે ઘોડશાળા જોવા માટે દર સાલ એક વાર ફેરો મારતો હતો, અને પોતાના લસ્કરી રિસાલા સાથ મોજ મારી પાછો ફરતો હતો. એક તરફથી રૂસ્તમ ઉપર મુજબ તેના પાદશાહી ઘોડાઓ હાંકી લઇ ગયો કે બીજી ગમથી અફ્રાસિયાબ ઘોડશાળા તરફ આવી ચઢયો, જ્યાં તે પોતાના નામીચા ઘોડાઓ નહિ જોઇને અચરત થયો. પણ એટલામાં રૂસ્તમની પૂઠે દોડેલા ચોકીદારો માર ખાઇને પરેસાન હાલતમાં પાછા ફર્યા, અને તેમની સર્વ બિનાથી તૂરાની શાહ વાકેફ થયો. તે ચાર હાથીઓ અને બીજી લસ્કરી સવારી સાથ ત્યાં આવ્યો હતો, માટે તે એકદમ રૂસ્તમની પૂઠે દોડયો અને તેને પકડી પાડયો, પણ રૂસ્તમે આ શત્રુઓથી નહિ ડરતાં તેમના ઉપર તીરોનો મારો ચલાવીને કેટલાકોને બેજાન કીધા અને બીજાઓને તલવારથી માર્યા, તથા તેમના ઘોડા અને ચારે હાથીઓ તેમજ તેમનો અસ્બાબ હાથ કીધો. અફ્રાસિયાબ આ નવી શિકસ્તમાંથી બહુ દુખી થઇને પોતાનાં પાયતખ્ત તરફ પાછો ફર્યો.

રૂસ્તમ આ ફતેહ કરીને થોડોક આગળ વધ્યો ત્યારે પેલો અકવાન દેવ તેને સામો મળ્યો. અકવાન તેને મરણ પામેલો માનતો હતો, પણ તેને જીવતો જાગતો જોઇ અચરત થયો અને ધમકી આપવા લાગ્યો કે હવે તું મારા હાથમાંથી કદી જીવતો પાછો જનાર નથી.

આ સખુનો સાંભળતાંજ રૂસ્તમે પુકાર માર્યો અને કમરેથી કમંદ છોડીને અકવાન ઉપર ફેંકી, જેથી તે દેવ કમર આગળથી તેનાં ફાંસમાં સપડાઇ ગયો. હવે રૂસ્તમે તેને કાંઇ-બી કરવાની તક આપ્યા વિના દેવનાં માથાં ઉપર ગુર્જના ફટકા લગાવીને તેને ટીપી નાખ્યું અને પછી રક્ષ ઉપરથી ઉતરીને તલવાર વડે અકવાનનું સર તનથી જુદું કીધું, અને શેવટે આ ફતેહને માટે ખુદાના શુક્ર બજા લાવ્યો.[1]

હવે રૂસ્તમ અકવાનનું ડોકું કાપી લઇને પોતાના સઘળા અસ્બાબ સાથ ઇરાન તરફ પાછો ફર્યો અને તેની ફતેહથી ભારી ખુશહાલી ચો તરફ ફેલાઇ.

૧—ફિર્દોસી ખુદાના શુક્ર બજા લાવવાની ફર્જ બાબે વારંવાર ઈશારા કરે છે. આ ઠેકાણે તે વાંચનારને શીખામણ દે છે કે જે કોઈ નેકીને માર્ગે ચાલતો નથી તે ઇનસાન નથી. પણ તે વળી કહે છે કે જે વાંચનાર ડહાપણ કરીને મારી વાતનો ઇનકાર કરે છે તે તેમ કરીને વાર્તાની ઉંડાણ મતલબ જે રહી છે તે સમજી શકતો નથી.

બાબ ૧૦—શાહ કય ખુસરૂ—૩.

[બીઝન અને મનીઝેહ.]

ફસલ ૧—છુપી મોહબતનો નતીજો.

ફિર્દુસીનાં મોહબતનાં દાસ્તાનો.

શાહનામામાં ફિર્દુસીએ ત્રણ ઘણી અસરકારક મોહબતનાં દાસ્તાન રજુ કીધાં છે. એઓમાંનું પહેલું જાલ અને રૂદાબેહની મોહબતનું આપણ આગળ વાંચી આવ્યા છિયે; બીજું બીઝન અને મનીઝેહની મોહબતનું આ બાબમાં વાંચીશું; અને ત્રીજું ગુસ્તાસ્પ અને કતાયૂનની મોહબતનું હવે પછી જોઇશું. આવાં દાસ્તાનો કાંઇ તવારીખ ગણાય નહિ; વળી તવારીખનો અંશ પણ કેટલીક વાર તો હોતો નથી. તોપણ તવારીખની ઉત્પત્તિ દંતકથા ઉપરથીજ હોય છે, અને દંતકથાઓ આવાં દાસ્તાનોથી ભરપુર હોય છે. ફિર્દૂસીએ આ દાસ્તાન અહીં ખામખા વગર સબબે ઘુસાડી દીધેલું લાગે છે, તોપણ તેણે તેનો સંબંધ કય ખુસરૂના અમલ સાથ જોડી આપ્યો છે, અને શાહ સિયાવુશનાં ખૂનનો કીનો તૂરાનના પાદશાહ ઉપર લેવા માટે અફ્રાસિયાબ સાથ થયલી અનેક લડાઇઓ મધેની એક બીઝન અને મનીઝેહનું આ દાસ્તાન પુરી પાડે છે, તો જોકે આ તેવી છેલ્લી લડાઇ નથી. ફિર્દૂસીના જણાવ્યા મુજબ આ દાસ્તાન[1] પુરાણી પાદશાહી તવારીખમાં નોંધેલું હતું, અને તે ઉપરથીજ તેણે તેને વિસ્તાર્યું છે.

ઇર્મેનની ફરિયાદ

એક દહાડે શાહ કયખુસરૂ દરબારમાં બિરાજયો હતો ત્યારે ઇર્મન (આર્મીન્યા) દેશના લોકોનો એક જિર્ગો અથવા "ડેપ્યુટેશન" શાહને મળવા આવ્યું અને ફરિયાદ ગુજારી કે તેમનો મુલ્ક કેજે તૂરાનની સરહદ ઉપર આવેલો છે ત્યાં ભુંડ યાને જંગલી ડુક્કરો જેમ ખેતીનો તેમજ માણુસ જાતનો નાશ કરે છે. તમામ પાક તૈયાર થયો હતો તે આ જાનવરોના ઉપદ્રવથી પાયમાલ થયો છે, ફળોનાં ઝાડ નાબુદ થયાં છે, એટલુંજ નહિ પણ ખેતીનાં ઢોર પણ પરાગંદેહ થઇ ગયાં છે. એટલામાટે આ ઇર્મની ખેડુત પ્રજાએ અર્જ ગુજારી કે આ ગોરખરોનો સંહાર કરીને રૈયતોને સુખી કરવી.

૧—નવાઇની વાત છે કે બીઝન અને મનીઝેહનાં દાસ્તાનને પુષ્કળ બાબતોમાં મળતું આવે એવું એક દાસ્તાન "મહાભારત" નામના સંસ્કૃત ગ્રંથની શેવટે જોવામાં આવેછે. એ મહાન ગ્રંથનાં ૧૮ પર્વ અથવા વિભાગો પછી ૧૯ માં હરિવંશ પર્વમાં "અનિરૂધ્ધ અને ઓખા"ની કથાનો સમાસ કરવામાં આવ્યો છે તે શાહનામામાનાં આ દાસ્તાનને બહુ મળતી આવે છે.

મોહલ નામનો નામીચો ફ્રેંચ ઉસ્તાદ, કે જેણે શાહનામાની અસલ બેતો જોડે તેમના ફ્રેંચ તરજુમાનું મોટું પુસ્તક રચ્યું છે, તેના જણાવ્યા મુજબ ફિર્દૂસીએ સર્વથી પહેલાં જે કાવ્યો બનાવ્યાં હતાં તેઓ મધેનું એક બીઝન અને મનીઝેહનું હશે. અંદર મોહબત અને જવાનીના તોરની વાતો હોવાથી કદાચ મો. મોહલને આમ લાગ્યું હોય. શાહ કયખુસરૂના અમલ વેળા બનેલા છેલ્લા બનાવ અને હવે પછી બનવાના પહેલા બનાવ સાથ આ દાસ્તાનને કશો પણ સંબંધ હોય એમ જણાતું નથી. તે ઉપરથી પણ એમજ લાગેછે કે આ દાસ્તાન શાયરે કોઇ બીજેજ સમયે રચ્યું હશે. તોપણ આપણા શાયરે છેલ્લાં દાસ્તાન અને આ દાસ્તાન વચ્ચે એક સંબંધ બતાવવાની સંભાળ લીધી છે; અકવાન દેવે રૂસ્તમને જે પથર કાપીને ઉંધતો ઉઠાવી દરિયામાં નાખ્યો હતો, તે પથરને ત્યાંથી મંગાવીને બીઝનને જે ચાહ યાને કુઆમાં બંધ કીધો હતો તેનું મોં તે પથર વડે તુરાની શાહે બંધ કરી લીધું હતું.

શાહે કાઉસ શાહના તબેલામાંથી દશ તેજદાર ઘોડા મંગાવી તેમને સોનેરી લગામ અને તેવાજ સાજથી સજ્જ કરીને, તથા સોના અને ઝવેરાતથી ભરેલી એક થાળ મંગાવીને ભરદરબાર વચ્ચે જાહેર કર્યું કે જે સરદાર આ ઇર્મન દેશ ખાતે જઇને ત્યાં ઉપદ્રવ ચલાવતાં ભુંડોનો નાશ કરે તેને આ ઇનામ મળે. જોકે ગીવ સામો થયો તે છતાં આ કામ માથે ઉઠાવવાનું બિડું તેના બેટા બહાદુર બીઝનને ઝડપ્યું, અને શાહે તેની મદદમાં મિલ્લાદના બેટા ગુર્ગીન [1] ને ભોમિયા દાખલ સાથે આપ્યો.

ગુર્ગીનની અદેખાઈ.

ગુર્ગીન પુરાણો લડવૈયો હતો માટે તેને ઇર્મેનું તરફના રસ્તાની અને બીજી ઘણી ખબર હતી. બીઝન તેની જોડે કેટલાક દહાડાની મંજલ પછી ત્યાં જઇ પુગ્યો, અને પોતે પેલાં ભૂંડો વાળાં જંગલમાં જઇ તેમનો સંહાર કરવાનું માથે લઇ ગુર્ગીનને ફરમાવ્યું કે જે ભૂંડો બચીને જંગલની બાહેર નીકળી જવા માગે તેમને કતલ કરવાં. પણ ગુર્ગીને પહેલાંથીજ તેના તરફ અદેખાઇ અને દુશ્મની બતાવવા માંડી. તેણે કહ્યું કે—શાહ તરફનું ઇનામ તો તેં લીધું છે, માટે ભૂંડોને મારવાની ફરજ તારી છે; હું તો તને માર્ગ બતાવવા આવેલો છું.

આ જવાબથી બીઝનને લગાર અચરતી લાગી, પણ તેની દરકાર વિના તે એકલો જંગલમાં દાખલ થયો અને પોતાની શમ્શીર અને તીર અને ગુર્જથી ઘણાએક નાશકારક પ્રાણીઓનો સંહાર કીધો, અને કેટલાંક ભયંકર દાંતવાળાં ભૂંડનાં ડોકાં શાહની ખાતરીને માટે તથા કેટલાક મોટા દાંત નમુના તરીકે પાયતખ્ત ખાતે મોકલી આપ્યા.

આ સઘળું જોઇને ગુર્ગીન વધારે અદેખો પડયો. તેણે જંગલમાં જઇને જોયું તો બેશુમાર જાનવરોના ડુંગર પડેલા હતા. તેને લાગ્યું કે આ બધાનું માન આ જવાન છોકરો ખાટી જવાનો અને મારા જેવો પેહલવાન તો નકામો ગણાવાનો. તેનાં દિલમાં હારેમન વસ્યો હોય તેમ તેણે બીઝનનું કાટલું કહાડીને તેની સઘળી કીર્તિ પોતે હાથ કરવાનો વિચાર રાખ્યો. તેણે બીઝનનો વિશ્વાસ મેળવવા માટે પ્રથમ તેનાં બહાદુરી ભરેલાં કામની તારીફ કીધી, અને પછી તેને પોતે રૂસ્તમ અને ગીવ, ગુસ્તહમ અને તૂસ, અને બીજા અનેક નામવર પેહલવાનો સાથે આગળાં વર્ષોમાં કેવાં કેવાં બહાદુરીનાં કામો કીધાં હતાં તેનાં રંગીન દાસ્તાનો કહી સંભળાવી ઠાલી ડીંગ મારવા માંડયું. આ રીતે જવાન બીઝનના નાદાન જાનને એકલાવી તથા તેનો વિશ્વાસ મેલવીને ગુર્ગીને નીચે મુજબની નવી બાજી શુરૂ કીધી.

ગુર્ગીન બીઝનને ઉસ્કેરે છે.

તે બોલ્યો કે—આ જંગલની લગોલગ તૂરાનની સરહદ આવી રહેલીછે, અને એ સરહદ ઉપર એક એવું ચોગાન છે કેજે એક સુંદર બાગ મિસાલ ખીલી રહેલું છે. આ ચોગાન તૂરાની શાહના આ તરફના મહેલથી ફકત બે દહાડાની મંજલ જેટલું દૂર છે. તેનો રંગ લાલ અને પીળો છે—એવો કે જેથી તારા જેવા એક પેહલવાનજાદાનું દિલ ખુશ થયા વિના રહેજ નહિ. અહીં બગીચાઓ અને લીલોતરી પંથરાયલાં છે, અહીં મેહરામદાર માંડવાઓ પાસેથી નાળાંઓ વહે છે, અને જમીને એવો ચિત્રવિચિત્ર દેખાવ ધારણ કરેલો છે કે ગોયા રેશમી કપડાં ઉપર રંગીન નક્ષ ચિતાર્યા હોય, અને

1—આ ગુર્ગીન તે કોણ ? શાહનામાના અનેક પેહલવાનો વિશે અવસ્તામાંથી કાંઇ પણ ઈશારો મળતો નથી, તેઓ મધેનો આ એક છે. પણ આ ઘણો કોઇ પાદશાહી ખાનદાનનો નબીરો જણાય છે, કેમકે જયારે કાઉસ માજન્દરાન ઉપર ચઢાઇ લઇ ગયો હતો ત્યારે ખજાનાની ચાવી તે આ ગુર્ગીનના બાપ મિલ્લાદને સોંપી ગયો હતો.

આ મિલ્લાદ નામ મેહરદાદ નામનું બિગડેલું છે. અવસ્તાઇ નામ "મિથ્રોદાતો" ઉપરથી મેહરદાદ નીકળેલું છે, અને તે ઉપરથી બિગડીને "મિલ્લાદ" બનેલું લાગે છે,

હવા ગોયા કસ્તુરીથી મધમધી રહી હોય. નાળાંમાંથી વહેતાં પાણી વળી એવો સુગંધ આપેછે કે તું કહેશે કે એ તો ગુલાબજળ છે. યાસ્મીન અને ગુલાબનો ત્યાં ટોટો નથી, કે જેના ઉપર મોહી પડીને બુલબુલ પોતાનો જાન સદકે કરે છે. આ કુદ્રતી બુત (મૂર્તિ)ની પરસ્તેશ કરતાં હોય તેમ બુલબુલ સર્વનાં ઝાડ ઉપર બેસીને પોતાનું મીઠું કોમળ ગાણું લલકારે છે. આ બધી મજા ભોગવતી ગુલબદન નાજનીનો અહીં તહીં ડમકતી તારા દીઠામાં આવશે. આ બધી પરીસુરત મેહબૂબો તૂરાની શાહની બેટી મનીઝેહની સાહેલીઓ છે. આ બગીચામાં તે શાહજાદી હવે આવી પુગીને તેને બહેસ્તના બાગ જેવો પોતાની હાજરીથી બનાવશે અને પોતાના ડેરા તંબુ અને શામિયાના નખાવીને અહીં પોતાની છાવણી બનાવશે. એક ચીનાઇ બૂતના મંદિરને જેવી તરેહવાર ચિત્રકળાથી શણગાર્યું હોય તેવી રીતે આ બગીચાને શણગારેલો તું ચંદરોજમાં જોઇ શકશે. અગર આપણ ત્યાં જઈ પહોંચિયે તો શાયદ કે થોડીક પરીસુરત તૂરાની માશુકોને ઉઠાવી જઇને શાહની દરબાર શોભાવિયે.

બીઝન ફસ્યો !

આ સઘળું બયાન ગુર્ગીનને મહોડેથી સાંભળીને બીઝનનો જવાન જાન લલચાયો. તેણે પેલા જૈફ ઇરાની દરબારીની વાતો ઉપર એકદમ લક્ષ આપ્યું, અને તૂરાની શાહના બગીચા તરફ તે ગુર્ગીનને સાથે લઇને ચાલ્યો. તેઓ એક જંગલમાં જઇ પુગ્યા કે જ્યાં થોડાક દહાડા શિકારની મોજમાં પડયા, એટલામાં તેમને ખબર મળી કે અફ્રાસિયાબની બેટી મનીઝેહ પોતાની ગુલબદન સાહેલીઓ સાથ તૂરાની બગીચામાં આવી વસેલી છે. આ ઉપરથી બીઝને તે શાહજાદીના શામિયાના તરફ જવાનો પક્કો ઠરાવ રાખ્યો અને તેની મોહબ્બતમાં ચકચુર બની ગયો. શાહ તરફથી પોતાને જે ઝવેરાતો ઇનામમાં મળ્યાં હતાં તે પોતાની સાથે રાખ્યાં, પોતાના પિતાનું તાજ માથે પહેરી લીધું તથા ગીવનું ઝવેરાતથી મઢી લીધેલું બાજુબંદ પોતાને હાથે બાંધ્યું. પછી રૂમી પોશાક પહેર્યો, તાજમાં ગરૂડનું એક ભભુકદાર પીછ ખોસ્યું, અને આ રીતે બનીઠનીને તે પોતાના "શબરંગ" ઘોડા ઉપર સવાર થયો. તે ઉતાવળે કદમે આગળ વધી ગયો અને સઘળો અસબાબ પોતાની પાછળ લેતા આવવાનું પોતાના ખજાનચીને સોંપ્યું.[1]

મનીઝેહનું નોતરૂં.

બીઝન તૂરાની હદમાં દાખલ થયો, શાહજાદીવાળા બગીચામાં પેવસ થયો, અને મનીઝેહના શામિયાનાની નજદીક જઈ પહોંચીને એક મોટાં દરખ્ત નીચે થાક ખાતો ઉભો. અહીં ગાણા અને વજંત્રના સરોદ તેને કાને આવ્યા, અને આખું ચોગાન ગોયા તે જવાંમર્દને આવકાર દેતું હોય એમ તેને લાગ્યું. થોડાજ વખતમાં પેલી શાહજાદીની નજર પોતાના ડેરાની સામેનાં એક ઝાડની નીચે આવી ઉભેલા જવાન ઉપર પડી, જે ઉપરથી તેણે પોતાની દાસીને મોકલીને પરપુછ કરાવી. મનીઝેહ ઉપર જેમ બીઝન ગુર્ગીનનાં બયાન પછી મોહીત થયો હતો તેમ આ તૂરાની નાજનીન આ જવાન ઇરાનીને જોઇને તેના ઉપર ફિદા થઇ હતી. તેણીએ તેને જણાવ્યું કે દર બહારની મોસમ ઉપર હું આ બગીચામાં મોજ કરવા આવું છું, પણ તારા જેવો મેહમાન મેં કોઈ દહાડો જોયો નથી. તું

૧—જોકે બીઝન ભુંડોનો નાશ કરવા એકલો ગયો હતો એમ આપણે જોયું છે, તોપણ આ દાખલા ઉપરથી એવું સમજવાનું છે કે જેમ મોટાં લશ્કરો તેમજ સરદારો પોતાની જોડે પોતાનો તમામ ખજાનો અને અસ્બાબ લઈને લડાઈમાં જાય છે. તૂરાની છાવણીઓ વારંવાર લુંટાયલી આપણે આ તવારીખમાં જોઇ છે, તે પણ બતાવે છે કે તે જમાનાના શાહો ઝવેરાત અને ખજાના સાથ લડાઇમાં ઉતરતા હતા.

મને મર્હુમ શાહજાદા સિયાવુશ જેવો લાગે છે. તું કોણ છે અને ક્યાંથી આવ્યો છે, અને તારૂં અહીં શું કામ છે? તારૂં નામ ઠામ બતાવ, અને તું ગમે તે હોય તોપણ મારી મજલિસમાં હું તને નોતરૂં છું, માટે ખુશીથી આવ.

બીઝન આ પેગામથી ખુશ થઇ ગયો. એકદમ ઇજન કબૂલ રાખીને મજલિસમાં ઉતરી પડવાનું તેને દુરસ્ત લાગ્યું નહિ. તેણે જવાબ કહેવાડયો કે—હું સિયાવુશ તો નથીજ, તેમ મારી માદર કોઇ પરી બાનુ પણ નથીજ.[1] હું તો ઇરાન સરજમીનથી અહીં આવેલો છું, કેજે છુટાપણાની ભૂમિ છે. નામ મારૂં બીઝન છે અને પેહલવાન ગીવનો હું બેટો છું. જંગલી ડુકરાઓનો સંહાર કરવાનું કામ ઉઠાવીને હું આ તરફ આવ્યો છું, જેમના દાંત અને ડોકાં મારા જવાન શાહ ઉપર મોકલી આપી ચુકયો છું. પણ આ તારા બગીચાનાં મજાહની ખબર સાંભળીને ઇરાન તરફ પાછો ફરવાની ઉતાવળ નહિ કરતાં હું આ તરફ આવ્યો છું, એવી નેમથી કે શાહ અફ્રાસિયાબની બેટી મનીઝેહ કોણ અને કેવી છે તે મારી નજરે જોઇને મારા જાનને ખુશહાલ કરૂં.

સ્ત્રી શાસ્ત્ર.

મનીઝેહ શાહજાદી તરફનાં બીજાં ઇજનને માન આપીને બીઝન તેના ડેરામાં દાખલ થયો. સાહેલીઓએ તેના પગ ગુલાબ જળ અને કસ્તુરીથી ધોયા, અને પછી ખાણાંનો સુફરો તૈયાર થયો. પછી ગાણું ચાલ્યું, અને એ રીતે બીઝનનું દિલ ખુશ ખુશહાલ થઇ ગયું. બિલોરી જામમાં જુના શરાબનો દોર ચાલ્યો. આ રીતે કેટલાક દહાડા મોજમ્જોકમાં પસાર થયા પછી જ્યારે મનીઝેહને પોતાના બાપના મહેલમાં પાછી ફરવાનો વખ્ત આવ્યો ત્યારે બીઝને પણ ઇરાન પાછા ફરવાની ખાહેશ બતાવી. આ કામ બને એવું તેને લાગ્યું નહિ. મોહબતે બન્નેને એવાં ગુલામ બનાવી દીધાં હતાં કે મર્દ પોતાની મર્દાન્ગીનાં બળથી છુટો પડવામાં ફાવે તો ઓરત પોતાનાં સ્ત્રી શાસ્ત્રની મદદથી તેને પોતાની જંજીરમાં ઝીકડેલો રાખી શકે. અંતે બીઝનને પોતાનાં વતનની આર્ઝૂ કરતો જોઇને મનીઝેહે તેને બેહોશીનો શરાબ આપ્યો, અને એ હાલતમાં તેણી તેને ઉઠાવી મહેલમાં લાવી. તેણીએ તેને ઓરતનો લેબાસ આપ્યો, અને રાત્રીની વેળાએ મહેલમાં દાખલ થઇ તેને માટે ખાસ ઓરડો તૈયાર કરી તેના કાનમાં કોઇ દવા પેવસ કરીને તેને પાછો હોશમાં લાવી.

બીઝન પોતાને અફ્રાસિયાબના મહેલમાં જાણીને પોતાનાં કામથી બહુ પસ્તાયો. તેને લાગ્યું કે આ નાપાક મોહબતની સજામાં જાન બરબાદ કર્યા વિના છુટકો નથી. તેણે પોતાના ખુદા યજદાં આગળ પોતાનાં કામની તોબેશ કીધી, અને ખુદા ગુર્ગીને પોતાને આ બલામાં ફસાવ્યો હતો માટે તેને સજા કરવાની મિનત્ત કીધી. મનીઝેહે પોતાના આશ્નાને સમજાવી લીધો, પણ તેમની છુપી અને તેટલામાટે પાપી મોહબતની વાત જાહેર થયા વિના રહી નહિ. અફ્રાસિયાબને કાને એ વાત આવ્યાથી તેણે કુરાખાન નામે તૂરાની પેહલવાનની સલાહ પુછી, અને સાંભળેલી વાત સદા ખરી હોતી નથી એમ તેણે જણાવ્યાથી શાહે પોતાના ભાઇ કર્સીવજને તેહકીક કરવા મોકલ્યો, એટલુંજ નહિ પણ તેને ફરમાવ્યું કે—એક બેટીને ઇરાની શાહજાદા સાથ પરણાવીને તૂરાને થોડું દુખ જોયું નથી. જો આ નાપાક દુખ્તી[2] નાં એવાનમાં કોઇ મર્દ જણાય તો તેના મુસ્કા બાંધીને મારી આગળ ઘસડી લાવ.

૧—બીઝનનો બાપ ગીવ જેહાંપેહલવાન રૂસ્તમનો જમાઇ થતો હતો, જેની બેટી બાનુ ગુશસ્પ બીઝનની માદર હતી. વળી કહેછે કે ગીવની બહેન સાથ રૂસ્તમે શાદી કીધી હતી, જેમને પેટે ફરામ્મુર્જનો જન્મ થયો હતો.

૨ દુખ્તર (=બેટી) ઉપરથો 'બિગડેલું' અથવા તુચ્છકારનું રૂપ.

કર્સીવજ્નો દગો.

કર્સીવજ પોતાની ભત્રીજીનાં અયવાન આગળ આવ્યો ત્યારે તેણે ગાણાં અને રંગરાગના સરોદ સાંભળ્યા. તેણે અયવાનને લગતા સઘળા દરવાજા અને માર્ગ ઉપર મજબૂત ચોકી મુકી, અને એ રીતે નાસી જવાનો કોઇ માર્ગ નથી એમ ખાતરી કીધા પછી તે કશા પણ મુલાહેજા વગર અંદર દાખલ થયો અને પેલાં બે જ્યાં બેઠેલાં હતાં ત્યાં જઇ ઉભો. તેણે પુકાર મારી બીઝ્રનને તાબે થવા કહ્યું. પોતાના શબરંગ ઘોડા વિના તથા પોતાનાં હથિયારો વિના પોતે તૂરાનીઓ સામે કેમ લડી શકશે, એવો અંદેશો કરીને બીઝ્રને ખુદાપર એતેકાદ બાંધ્યો. તે હમેશાં પોતાના પાયપોશ (બૂટ) માં એક નાની કટારી રાખતો હતો તે ખેંચી કહાડી તે વડે હથિયારબંધ થઇને તે દરવાજા બાહેર જ્યાં કર્સીવજ ઉભો હતો ત્યાં ગયો, અને તેને પુકાર મારીને કહ્યું કે—કિસ્વાદનાં ખાન્દાનનો નબીરો હું બીઝ્રન છું. તું મને અને મારા મુરબીઓને ઓળખે છે. તું લડવા આવ્યો હોય તો હું તૈયાર છું. પણ જો તું સલુક વાપરીને મને અફ્રાસિયાબ આગળ હાજર કરશે તો હું ખરો ખુલાસો કરવાની ના પાડીશ નહિ. બસ મારો જાન બચાવવાનીજ તું કબૂલત આપ.

આમ કબૂલત નહિ આપે તો બીઝ્રન લડીને ઘણાએકનું ખૂન રેડયા વિના રહેશે નહિ, એવો અંદેશો કરીને કર્સીવજે તેની જોડે કરાર કીધા, અને તેની કનેથી પેલી કટારી મુકાવી દીધી. આમ થતાંજ કોલ તોડીને કર્સીવજ પોતાના સાથીઓ સાથ તે જવાન ઉપર તુટી પડયો અને તેના હાથ પગ બાંધી લીધા, અને એ હિનપસ્તી ભરેલી હાલતમાં બોડે માથે તે તેને અફ્રાસિયાબ આગળ લઇ ગયો, જ્યાં બીઝ્રને શાહ આગળ ખરી વાત છુપાવીને એવો કિસ્સો જાહેર કીધો કે જે કોઇના માન્યામાં આવ્યો નહિ. અફ્રાસિયાબે તેને તાનો માર્યો કે તૂરાન ઉપર ચઢી આવતી વેળા તું ગુર્જ અને કમંદ વડે કીર્તિ અને ઇજત મેળવવાની વાતો કરે છે; પણ આજે હાથે પગે બંધાઇ ગયો છે ત્યારે ખ્વાબ અને પરી અને જાદુઇના ઢોંગ કરી જાન બચાવવાનાં ફાંફાં મારે છે!

ફાંસીની ટેપ.

બીઝ્રનને આથી ચટકો લાગો. તેણે કહ્યું કે-મારૂં બળ જોવું હોય તો મને હથિયારો આપ. મને બેડીમાં ઝીકડીને પછી હથિયારબંધ માણસો પાસે સજા કરાવશે તેમાં ઇનસાફ નથી—તેમાં ઇજત નથી. મને ફકત એક ઘોડો અને એક ગુર્જ આપ, અને મારી સામે તારા એક હજાર ચુનંદા તૂરાનીઓને ખડા કર, અને જો એઓમાંના એકને પણ હું જીવતો રાખું તો તું મને મર્દ ગણતો ના.

અફ્રાસિયાબે કર્સીવજને ફરમાવ્યું કે-બીઝ્રનને તત્કાળ ફાંસી દઇને પુરો કરે, અને આવી સજા જોઇને ફરીથી કોઇની ઇરાની તૂરાન ઉપર નજર ફેંકવાની હિમત કરશે નહિ.

અંધારા ગારમાં બીઝ્રનનો ઠાર.

આ હુકમ મુજબ અમલ થતો હતો એટલામાં વજીર પીરાન ત્યાં આવી ચઢયો. તે ખુતનથી પોતાના રિસાલા સાથ અફ્રાસિયાબની મુલાકાતે આવતો હતો, માટે તેણે પરપુછ કરવાથી તેને જણાયું કે બીઝ્રનને ફાંસી દેવાની આ તૈયારીઓ ચાલતી હતી. પીરાને બીઝ્રનના બન્ને હાથો તેની પીઠ પછવાડે બાંધેલા જોયા. તેના પુછવાથી તે કમનસીબ જવાને સર્વે બિનાથી વજીરને વાકેફ કીધો, અને ગુર્ગીને પોતાને ફસાવ્યો હતો એમ કહ્યું. પીરાન ફાંસીનું કામ તરત વેળા અટકાવીને પોતાના શાહને જઇ મળ્યો, અને બીઝ્રન કેજે ગીવનો બેટો અને રૂસ્તમનો નબીરો છે તેનો જાન લેવાનાં કામથી

વાર્યો. તેણે કહ્યું કે સિયાવુશના જાન માટેનો કીનો ઇરાનીઓ હજુ ભૂલ્યા નથી, અને અનેક વાર ચઢાઇ લાવીને તૂરાનની ખરાબી કીધી છે, તેમ આ નવજવાન ઇરાનીનો જાન લેવાથી નહિ થવું જોઇયે. અંતે રૂડી સલાહ ફાવી અને અફ્રાસિયાબે પીરાનની સૂચના મુજબ બીઝનને ભારી બેડી સાથ કેદ કરવાનો હુકમ આપ્યો. તેણે ફાંસીનું કામ અટકાવ્યું અને કર્સીવજને નવેસરથી ફરમાવ્યું કે—એક ઉંડા અંધારા કુવામાં ભારી બેડી સાથ બીઝનને ઉંધે મસ્તક કેદ કરવો, અને પછી હાથીઓ પાસે ઘસડાવીને પેલો અકવાન દેવવાળો પથર[1] કે જે ચીનનાં જંગલમાં પડેલો છે તે લઈ આવવો અને તે આ ચાહનાં મોં ઉપર ઢાંકવો, કે જેથી તે કુવામાં આફતાબ કે માહતાબની રોશની દાખલ થવા પામે નહિ. પછી મનીઝેહનાં સર્વ તાજો તખ્ત તથા ખજાનો અને અસબાબ જપ્ત કરી તેને મહેલમાંથી બાહેર કહાડી રઝળતી કરવી અને બીઝનની જે વલે થઇ છે તે તેને દેખાડીને હેરાન કરવી. મનીઝેહના સંબંધમાં અફ્રાસિયાબે પ્રથમ એવો હુકમ આપ્યો હતો કે તેને પણ બીઝનની સાથેજ કેદ કરવી; પણ શબિસ્તાન (જનાનખાન)માં આ હુકમથી ભારી રડાપિટ ચાલી અને એવો કકળાટ થયો કે આ હુકમ ફેરવવો પડયો, અને તેને બદલે એવું ફરમાવવામાં આવ્યું કે ઉપલા કુવાની નજદીક તેને વસવા દેવી, પણ ઢંઢેરો ફેરવી સર્વ પ્રજાને તાકીદ આપવી કે કોઇએ તેણીની મુલાકાત લેવી નહિ યા ભોજન પુરૂં પાડવું નહિ.

આ હુકમ મુજબ સઘળું થયું. બાપને બેટી ઉપર દયા આવી નહિ. કપટી કર્સીવજ આવાં ક્રુર કામમાં સદા કુશળ હતો, માટે શાહજાદી મનીઝેહને કેવળ નગ્ન હાલતમાં તેનાં અયવાનમાંથી બાહેર કહાડતાં તેને જરાબી દિલગીરી ઉપજી નહિ. તે જવાન માશુક બીઝનનાં અંધારાં કેદખાનાં આગળ રડતી અને ચોકી કરતી ભમવા લાગી. ચાહમાં પોતાનો હાથ દાખલ થાય એટલું બાકોરૂં તેણે બનાવ્યું, અને પછી આખો દહાડો અહીં તહીં ભટકી, ભીખ માગીને તે ખોરાક ભેગો કરી લાવતી અને પેલાં બાકોરાં વાટે પોતાના વહાલાને ખાવા આપતી, કે જે કમનસીબ જવાનને દાગાથી ખેંચી લાવીને તેને તેણીએ આ કંગાળ હાલતે પહોંચાડયો હતો, તથા પોતાને માથે આવી બલા ખેંચી લીધી હતી.

આમ કેટલીક મુદત સુધી ચાલ્યા પછી મનીઝેહ મારફતે બીઝનને તેનાં અસહ્ય દુખો વચ્ચે ખબર મળી કે ઇરાનથી લશ્કર લઇ જેહાં પેહલવાન રૂસ્તમ તેને છોડવવા માટે તૂરાન આવ્યો છે. આથી તેની તમામ નિરાશામાં તેને મોટી આશા પેદા થઇ.

ફસલ ૨—બીઝનના બચાવની તૈયારી.

ગુર્ગીનના ગપાટા.

હવે ઇરાનમાં શું બને છે તે જોઇયે.

બીઝનને મોહબતમાં ફસાવ્યા પછી એક હફતા સુધી ગુર્ગીને તેના તરફના કશા સમાચાર સાંભળ્યા નહિ ત્યારે તેને અંદેશો લાગ્યો. તેને હવે પોતાનાં કામનો પસ્તાવો થયો. તે તેની શોધમાં નીકળ્યો, અને જ્યારે બીઝનનો "શબરંગ" અસ્પ વગર સ્વારે તેના દીઠામાં આવ્યો ત્યારે ગુર્ગીને માની લીધું કે હવે તે જવાન જીવતો ઇરાનમાં કદી પાછો ફેરનાર નથી; તે જો તૂરાન ગયો હશે તો તે

૧—કહે છે કે આ પથર અકવાન "દેવ" મહા સાગરને તળિયેથી ખેંચી લાવીને ચીનનાં જંગલમાં નાખ્યો હતો. હવે આ પથરને પાણીને તળિયેથી શામાટે ખેંચી લાવવો પડયો અને તે કયો મહાસાગર હતો તે જણાવવામાં આવ્યું નથી. ઈરાનની અને તૂરાનની ચતુર્સીમા જોતાં ત્યાં કોઈ પણ મહાસાગર આવેલો જણાતો નથી. આ પથરનો વિસ્તાર પણ જણાવ્યો નથી.

ત્યાં સપડાવાનો અને તેની અજલની ઉતાવળ થવાની.

હવે ઇર્મન છોડીને ગુર્ગીન પાયતખ્ત તરફ પાછો ફર્યો. શાહને તેમજ ગીવને ખબર પડી ચુકી કે બીઝન વગર ગુર્ગીન એકલોજ આવે છે. ગીવ તેની સામે ગયો, જેને ગુર્ગીને કેટલાક દિલગીરીના ઢોંગ કરીને જવાબ આપ્યો કે બીઝન જાનથી ગયો નથી એવી મારી ખાતરી છે. ગીવે ખુલાસો માંગવાથી તેણે આ મતલબની ખોટી વાતો કહી સંભલાવી :—

અય બહાદુર પેહલવાન! અમે એટલે મેં પોતે અને બીઝને ઇર્મનનાં જંગલમાંથી એક એક ભુંડને મારીને તેનો નાશ કીધો, અને એ બદબખ્ત પ્રાણીઓનાં ડાચાં ફાડીને તેમાંથી તેમના મોટા દાંત કહાડી લીધા. આ રીતે ફતેહ મેળવી તથા ઇર્મની લોકોને ખુશ કરી તથા તેમના આશીષ લઇને અમો પાયતખ્ત તરફ પાછા ફરતા હતા એટલામાં એક ગોરખર અમારી નજરે પડયો. આહા! તેનો દેખાવ કેવો આંખે ઉડી વળગે તેવો હતો! તેના વાળનો રંગ ગુદર્જના ઘોડા "ગુલગૂન" ના જેવો હતો; તેની સુરત ફર્હાદના "શબાહંગ" અસ્પ જેવી હતી; તેનાં શરીરના અવયવો સીમુર્ધ[*] જેવાં અને તેની ખડી પોલાદની હતી; માથું, કાન અને પૂછડું બીઝનના "શબરંગ" મિસાલનાં હતાં; તેની ગર્દન સિંહના જેવી અને તેની ઝડપ પવન મિસાલની હતી. તું કહેશે કે તે ખર ગોયા રૂસ્તમના રક્ષની નસલનો તો ન હતો? તે નાપાક એક મસ્ત હાથી મિસાલ બહાદુર બીઝન ઉપર ધસ્યો, અને તે જવાન પેહલવાને પોતાની કમંદ વડે તેને સપાટામાં લીધો. પણ જેવી તેની ડોક કબ્જામાં આવી તેવોજ તે જીવ લઇને નાઠો અને ગોયા બીઝનને પોતાની સાથે ખેંચી જતો હોય તેમ તે જવાન બહાદર પણ તેની પુઠે દોડયો ગયો. હું તરત તેમની પુઠે દોડયો, પણ થોડાજ વખ્તમાં તેઓ મારી નજરમાંથી ગેબ થઇ ગયા, અને ઘણી-શોધ કરવા છતાં હું તેમનો પત્તો મેળવી શકયો નહિ. અંતે તેનો આ ઘોડો મારી નજરે પડયો, જેની પીઠ ઉપરથી તેનો સાજ નીચે પડી ઘસડાતો હતો. ચો તરફ ખોળ ચલાવ્યા છતાં હું મારા બહાદુર સોહબતીની નિશાન મેળવી શકયો નહિ, તેથી દુખી જિગરે પાછો ફરવાની મને દુખ ભરેલી ફર્જ પડી. આ વિચિત્ર ગોરખર તે સફેદ દેવ[૧] હોવો જોઇયે!

આ ઘણી ચતુરાઇ ભરેલી ઠગવિદ્યા હતી, પણ તેથી ગીવ જેવો પેહલવાન ઠગાયો નહિ. તેણે તત્કાળ ગુર્ગીનનો જાન લેવા ચાહ્યું, પણ તેને લાગ્યું કે હારેમનની ઉશ્કેરણીથી હું આ બુઢ્ઢાને મારીને શો ફાયદો હાસેલ કરીશ? તેથી બીઝનનો છુટકારો કેમ થશે? એ મારા સપાટામાંથી જાય એમ નથી, વાસ્તે બેહતર એજ છે કે શાહની હજુરમાં ઉભો કરી એનો ગુનાહ પુરવાર કરૂં.

બીઝન માટે શોધ.

આમ ઠરાવ કરીને ગીવ શાહ આગળ ફરિયાદ લઇ ગયો. કય ખુસરૂએ એ આગમજ મુબદાન મુબદોથી રમલ મારફતે ખબર મેળવી હતી માટે તે નામદારે ગીવને ધીરજ આપી કે બીઝન મરણ પામ્યો નથી પણ સલામત છે, અને હું સિયાવુશનો કીનો લેવા માટે તૂરાન ઉપર ફરીથી ચઢાઇ લઇ જનાર છું, તેમાં તે જવાંમર્દ એક બહાદુર લડવૈયા દાખલ શામેલ થશે એવી મને ખબર મળી છે. માટે તું બેફિકર રહે અને તારા જાનને રોશન રાખ.

૧—સફેદ "દેવ" કેટલા હતા? એવા એકનું બયાન આપણે વાંચી આવ્યા છિયે.

[*] એટકિન્સન મુજબ ગુર્ગીને ઉપલા ગોરખરને "સીમુર્ધ" જેવો વર્ણવ્યો હતો. સીમુર્ધ વિષે આપણે આગળા ભાગમાં ખુલાસો કરેલો છે (જુઓ સફે ૧૭૨, નોટ ૨ જી).

ગીવના ગયા પછી ગુર્ગીન શાહની દરબારમાં હાજર થયો, અને પોતે જે ભૂંડોનાં ડોકાં તથા તેમના મોટા લાંબા દાંત ફતેહની નિશાની દાખલ લાવ્યો હતો તે હાજર કીધા. શાહે બીઝન બાબે તેને કેટલાક સવાલો પુછયા, પણ ગુર્ગીનનું અંતઃકરણ અત્યાર આગમજનું તેને ડંખતું હતું માટે તેનાથી સીધા જવાબ આપી શકાયા નહિ. તે ગુચવાઇ ગયો, અને શાહની નજરમાં તકસીરવાર સાબેત થઇ ચુકયો. આ ઉપરથી કયખુસરૂએ તેને હાથે પગે બેડી નખાવીને કેદ કીધો. પછી શાહે ગીવને કહ્યું કે—બીઝનની શોધ માટે હુ ચોતરફ માણસો મોકલાવું છું, તેમ તું પણ શોધ ચલાવ. પણ જો આ કોશેશમાં તું અને હું ફાવીશું નહિ તો ફરવરદીન મહિનો આવી પુગે ત્યાંસુધી તારે ધીરજ રાખવી જોઇશે, કેજે મહિનામાં આફતાબ તેજસ્વી બને છે, કે જ્યારે ગુલાબ બાગને ખુશહાલ કરે છે, કે જ્યારે ફુલો પવનપર સવાર થઇને આપણાં સર પર આવી ઉતરે છે, કે જ્યારે જમીન લીલો લેબાસ ધારણ કરે છે, અને જ્યારે વસંતનો ખુશકારક પવન કેજે આથમણ તરફથી વાય છે,[1] ત્યારે હું પાક યજદાંની બંદગી કરીશ, ત્યારે હું "જામે જેહાંનુમા" મંગાવીને તેમાં નજર કરીશ તો મને હફ્ત કેશ્વર જમીનના સઘળા મુલુક દેખાશે, ખેતરો અને મેદાનો અને સઘળાં શેહરો અને પ્રગણાંઓ મારી નજરે પડશે, અને ત્યારેજ તું જાણશે કે તારો બેટો કયાં છે. આ જામ દુનિયાની તમામ વાતોથી મને જાણીતો કરશે.[2]

આથી ગીવ ખુશહાલ થયો; પણ જેમ શાહ તેમજ તે બીઝન માટેની પોતાની શોધમાં નિષ્ફળ થયા.

"જામે જેહાનુમા."

એમ કરતાં જ્યારે નવાં વર્ષનો હિંગામ આવી પુગ્યો—એટલે ફરવરદીન મહિનો ને હોરમજદ રોજ આવ્યો—ત્યારે શાહે રૂમી લેબાસ ધારણ કીધો, આતશ ખાનામાં જઇ યજદાંની એબાદત કીધી, અને પછી કયાની તાજ સરપર મુકીને દરબારમાં આવી બિરાજયો. જામે જેહાંનુમા મંગાવી તે નામદારે તેમાં નજર કીધી, જેમાં તેણે હફ્ત ઇકલીમ પ્રગટ થયલા જોયા, બુલંદ આસમાનની ચાલ તેમાં નજર આવી, મેષથી

૧—ફરવરદીન મહિનાનું આ વર્ણન હાલના માર્ચ મહિનાને મળતું છે. માર્ચમાં વસંતનો હિંગામ છે, તે કયખુસરૂના જમાનામાં (અથવા ફિર્દોસીના વખતમાં ઇસ્વી ૧૦૦૦ માં) ફરવરદીન મહિનામાંજ આવતો હોવો જોઇયે. આજે ફરવરદીન મહિનામાં વસંત હોતી નથી. આજે તો એ માસમાં આપણ ચોમાસું અનુભવિયે છિયે. અગર જો ૯૦૦ વર્ષની વાત ઉપર આફતાબ ફરવરદીનમાં મેષના બુર્જમાં દાખલ થતો હતો તો આજે તે મેહર"મહિનામાં દાખલ થાય છે તેનો સબબ શો? એજ કે આપણ દર વર્ષે નીકળતી ૦ા દહાડાની કસર વર્ષની ગણતરીમાં લેતા નથી, જેથી આપણ આજે ૧૦ મહિના ને ૧૦ દહાડા જેટલા આગળ વધી આવ્યા છિયે, ને આપણું રૂફપા દહાડાનું; આફતાબી વર્ષ એટલા મહિના જેટલું ઉપલી મુદતમાં ટુકું બની ગયું છે.

તે જમાનામાં ફરવરદીન મહિનાનો હોરમજદ રોજ નવાં વર્ષનો પહેલો મુબારક રોજ ગણાતો હોય એમ ફિર્દોસી ઉપરથી જણાય છે. કદાચ તેમ હોય, યા શાયરના પોતાના વખ્તમાંજ ઇરાનમાં એવો રવૈયો હોય.

૨—"જામે જેહાંનુમા" ("the cup that mirroreth the world." શાયર જણાવે છે તેમ શાહે આ જામનું બયાન આપતાં વિશેષ એમ કહ્યું હતું કે આ ઝળકતી જામમાં જે કાંઇ અંધકાર હશે તે રોશન થશે; જમીનની ઉપર અને અંદરની સઘળી ચીજો, અથવા જે કાંઇ ગુમાયું હોય તે સર્વ આ જામમાં દેખાઇ આવે છે. ફિર્દોસી મુજબ અવ્વલ આ જામ શાહ જમશેદના સ્વાધીનમાં આવી હતી, જેમાં જોઇને દુનિયાનો સઘળો છુપો ભેદ તે કહી શકતો હતો. પ્રથમ સાતે કેશ્વરો તેની નજર આગળ ખુલ્લા પડતા હતા, અને ગુમ થયલી યા ગેબ થયલી ચીજ દરિયાનાં પેટાંમા હોય યા આકાશી સેતારામાં જઇ પડી હોય, તો તે સર્વ ગુપ્ત વાતો આ જામમાં પ્રગટી નીકળતી હતી.

આ જામ તે શું અને કેવી બનાવટની હશે તે સમજી શકાતું નથી. કોઇ લખનારા સમજાવવા માગે છે કે તે નજુમ વગેરે વિદ્યાઓની કેતાબ હતી.

મીન સુધીની સઘળી રાશી તેમાં તેણે જોઇ. આ જામમાં નામદાર શાહ ભવિષ જોતો હતો તેમ બીજન ક્યા મુલ્કમાં અને ક્યાં છે તે ધ્યાનથી જોવા માંડતાં જ્યારે તેની નજર કર્ગસારના મુલ્ક ઉપર પડી ત્યારે ત્યાં તેણે એક કુવામાં ભારી બેડી સાથે પડેલો તેને દીઠો. તે મોત માંગતો હતો. તેની સેવામાં એક પાદશાહી ખાન્દાનની મેહબુબ હતી.

શાયર લખે છે કે આ સઘળું જોઇને કયખુસરૂએ ખુશહાલ થઇ ગીવ તરફ જોયું અને કહ્યું કે બીજન સલામત છે. તુરાનમાં તે કેદ પડેલો છે. તે ભારી દુખમાં છે. તેની ખિદમત કરનારી ખાનદાની નાજનીન અને તે બન્ને રડે છે. ખેશી કે દોસ્ત કોઇને પણ જોવાની તેને આશા નથી. તે મોત માગે છે. આ દુખમાંથી જેહાં પેહલવાન રૂસ્તમ સિવાય તેને કોઇ ઉગારી શકનાર નથી; વાસ્તે અય ગીવ, તું કમર બાંધ અને ઉતાવળો નીમરૂજ તરફ જા. હું નામુ આપું છું તે લેતો જા.

રૂસ્તમની નવી ચઢાઇ.

આ નામું કે જેમાં બીજનનું બયાન વિસ્તાર્યું હતું તે લઇને ગીવ રૂસ્તમને જઇ મળ્યો. હીર્મંદ નદીના કાંઠા ઉપર ગીવ પોતાના રસાલા સાથ જઇ પુગ્યો કે તે વિષેની ખબર જાબુલમાં પહોંચી ગઇ, અને જાલ કોઈ શત્રુ આવે છે એમ સમજીને તેની સામે લડવા ગયો; પણ જ્યારે તેણે ગીવને પરેસાન હાલતમાં જોયો ત્યારે તે બુજર્ગવાર ઘણો દિલગીર થયો. રૂસ્તમ ગોરખરના શિકારે ગયો હતો તે સાંજે પાછો ફર્યો અને ગીવથી સર્વ હકીકત જાણી. તેણે લડાઇમાં નહિ ઉતરતાં પુરતી આસાયશ લેવાનો ઇરાદો રાખેલો હતો પણ બીજનને બચાવવાને તે તૈયાર થયો. ત્રણ દહાડામાં સઘળી તૈયારી કરીને તે ગીવ સાથ શાહની દરબારમાં જઇ પુગ્યો, અને તે નામદારને આશિષ[1] દઇ તેના હુકમ મુજબ જવાન બીજનને સલામત બચાવી લાવવાનું માથે લીધું. એજ વખ્તે કેદ પડેલા ગુર્ગીનને રૂસ્તમને અર્જ કરવાથી તે જેહાંપેહલવાને કેટલીક આનાકાની સાથ શાહનું મન મનાવીને તેને છુટો કરાવ્યો, અને તેને પોતાની જોડે રાખીને તુરાન તરફની રાહ ધરી.

ઇરાની સોદાગર.

રૂસ્તમે શાહને જાહેર કીધું હતું કે ઇરાનીઓએ શત્રુ દાખલ નહિ પણ સોદાગર દાખલ તુરાનમાં દાખલ થવું જોઇશે, કેજેથી અમો બીજનને બચાવવા આવ્યા છિયે એવી તુરાની અફ્રાસિયાબને ખબર પડે નહિ, અને તેનો જાન લેવાની ઉતાવળ કરે નહિ. આ કારણ માટે વેચવા તેમજ ભેટ આપવા માટે રૂસ્તમે પોતાની સાથે કેટલીક કીમતી અસબાબ રાખ્યો, અને તે માટે ઉંટોનો મોટો કાફલો તૈયાર કીધો, કે જેની દેખરેખનું કામ ગુર્ગીન, જંગા, ગુસ્તહમ, ગુરા-

---

[1]—આપણા શાયરે અહીં જે દુઆના સખુનો ખાસ કહ્યા છે તે ઉપરથી જણાય છે કે ફિરદોસીને અવેસ્તાના દુઆના અવસ્તાઇ કલામોની ખબર હતી. જે પેહલવી નામાં ઉપરથી તેણે પોતાનું શાહનામુ રચેલું કહેવાય છે તે પેહલવી ગ્રંથમાં કદાચ આ દુઆના સખુનો નોંધેલ કહેવાય પણ હોય. અમારા દાના વાંચનારા અવસ્તામાં આવેલા આશિરના સખુનોની અને નીચલા સખુનોની દળાજામ વચ્ચે ઘણું મળતાપણું જોઇ શકશે :—

તું તખ્ત ઉપર આખી જિંદગી સુધી બિરાજમાન હોજો; દાદાર હોરમજદ પોતે આ દરબારમાં હાજર હોજો; તારાં તખ્તોતાજનો રક્ષક બહુમન હોજો; ભલો અર્દીબેહેસ્ત, બેહરામ અને તીર તારા નિગેહબાન હોજો; શેહરેવર તને ફતેહ, નુર, મોટાઇ, બળ અને નેકનામી બક્ષજો; સપંદારમદ તારો ચોકીબાન થજો; ડહાપણ (સ્પેન્તાર્મદ) તારા ઝળકતા જાનની જિંદગી થજો; દય અને ફરવરદીનના તને આશિષ હોજો અને બુરાઇના દરવાજા તારી સામે બંધ હોજો; આદર તારે માટે રાતની અંધારીને દિવસની રોશની જેવી ઝળકતી કરજો, તે તને ખુશાહાલ કરજો, અને તારૂં તાજ દુનિયાને રોશન બનાવજો; આવાં તારાં સર્વ કામોને કીર્તિવંત કરજો; ફરતો આસ્માન તારી સેવા ઉઠાવજો; અમરદાદ તારાં ગાય ઢોર વગેરેનાં ગોવાળાંઓનું રક્ષણ કરજો; ખુરદાદ તારાં ખેતરો અને મેદાનો ઉપર ખુશહાલી પાથરજો.

જેહ, રહામ, ફર્હાદ, અને અસ્કરા નામના સાત સરદારોને સોંપ્યું. આ કાફલા જોડે એક હજાર સ્વારોનું લશ્કર હતું, જેને તૂરાનમાં દાખલ નહિ કરતાં ઇરાનની સરહદ ઉપરજ રાખીને રૂસ્તમ પોતાના સાત સરદારો જોડે તૂરાનમાં દાખલ થયો. તેઓએ લશ્કરી લેબાસ તર્ક કરીને સોદાગરી પોશાક ધારણ કીધો. રૂપાંના કમરબંધ કહાડી નાખીને તેઓએ ઉનનાં કપડાં પહેરી લીધાં. આ રીતે આઠ ઇરાની સોદાગરો દશ ઉંટો ઉપર ઝવેરાત અને એકશો ઉપર લશ્કર માટેના પોશાક લાધીને તૂરાનમાં દાખલ થયા. તેઓએ ખુતન શેહરનો માર્ગ લીધો, કેજે વજીર પીરાનનું પાયતખ્ત હતું. પીરાન આ વેળા શિકારે ગયો હતો, જ્યાંથી તે પાછો ફર્યો ત્યાં સુધી થોભી જઇને પછી રૂસ્તમ કેટલીક કીમતી હદિયો તેને નજર કરવા માટે પોતે જાતે તે લઇને પીરાન આગળ હાજર થયો. પીરાને તેને આ વેળા સોદાગરી લેબાસમાં ઓળખ્યો નહિ, અને પરપુછ કરતાં ખબર મેળવી કે ઇરાનથી સોદાગરો ઝવેરાત વેચવા અને ગાય ઢોર ખરીદ કરવા આવ્યા છે. રૂસ્તમે પીરાનનો આસરો માંગ્યો અને તે તેને મળ્યો. પીરાને તેને પોતાના બેટા રૂઇનનાં અયવાનમાં ઉતારો આપવા માગ્યો, પણ રૂસ્તમે પોતાની કને કીમતી ઝવેરાતો છે એમ કહીને પોતાના તંબુમાંજ પાછો ફરવાની રજા મેળવી, અને પછી એક મકાન ભાડે રાખીને તેમાં તે પોતાના સાથીઓ સાથ જઇ રહ્યો. શેહરમાં ઝડપથી સમાચાર ફરી વળ્યા કે ઇરાની સોદાગરે વજીર પીરાનની મુલાકાત લીધી છે અને તે કીમતી અસ્બાબ વેચવા અને ખરીદ કરવા આવ્યો છે. આથી તૂરાની સોદાગરો ખરીદી કરવા ઉતરી પડયા. આ રીતે કેટલાક દહાડા પસાર થઇ ગયા.

ફસલ ૩—છુટકારો: જંગ અને ફતેહ.

મનીઝેહની મુસીબત.

જે જંગલમાં બીઝનને ભારી બેડીઓ સાથ કેદ કીધો હતો ત્યાં તે બાપડાની હાલત દિનબર દિન બહુ માઠી થતી જતી હતી. વફાદાર મનીઝેહ, પાદશાહની બેટી હોવા છતાં, તેને માટે ખોરાક માંગવા શેહરે શેહેર અને બારે બાર રખડતી હતી. તેણીને જ્યારે ખબર પડી કે ઇરાનથી સોદાગરો આવ્યા છે ત્યારે તેને કુદરતી ઉમેદ પેદા થઇ, અને ઇરાનમાં બીઝન બાબે શી વાતો ચાલે છે તે જાણવા અને મદદ મેળવવા તે રૂસ્તમને જઇ મળી. ઇરાનને આશિષ દઇને તે શાહજાદી રડતી આંખે તેને પુછવા લાગી કે—શાહ કયખુસરના લડવૈયા ગીવ અને ગુદર્ઝની શી ખબર છે? બીઝન કેદમાં પડયો છે તેની તેમને ખબર છે કે નહીં? તેના બંધ છુટા કરવા માટે ઇરાનીઓ કાંઈ કોશેશ કરશે કે કેમ? તે બાપડાને હાથે પગે ભારી બેડી ઠોકેલી છે જેથી તે ભાગો સુઝી આવ્યા છે અને લોહીથી તેનાં કપડાં ખરડાઇ ગયાં છે. તેને વાસ્તે હું ભીખ માંગતી ફરૂં છું ને તેનું દુખ જોઇને મારૂં હૈયું ભરાઇ આવે છે.

રૂસ્તમે તેને ધમકાવીને કહાડી મુકી. પાદશાહ કે બીઝન, ગુદર્ઝ કે ગીવ, કોઇને પોતે ઓળખતો નથી ને તેઓ વિષે કશું જાણતો નથી એમ કહીને તેણે મનીઝેહને પોતાની સીડી ઉપરથી નીચે ઉતારી. આથી પેલી શાહજાદી બહુ રંજીદા થઇ અને લોહીનાં આંસુ વરસાવવા લાગી. તે કરગરીને કહેવા લાગી કે—અય ભલા સાહેબ, ખરે આવા ઘાતકી સખુનો બોલવાં તને છાજતા નથી. તું મારી સાથે વાત કરવા માંગતો નથી તો ખેર. પણ તું મને અહીંથી કહાડી ના મૂક. કારણકે હું પુરેપુરી દુખી

અબળા છું. શું તમારા ઇરાનીઓમાં એવો શરેસ્તો છે કે કોઇ નાચાર ખબર પુછવા આવે તો તેને ધમકાવી કહાડે ?

આથી લગાર શાંત પડયો હોય તેવો ઢોંગ કરીને હવે રૂસ્તમે તે શાહજાદીને થડે પેટે પુછયું કે—હે બાઇ, તારૂં શું દુખ છે તે તું કહે. શું હારેમને તને દુખી બનાવી છે ? મારાં સોદાગરીનાં કામમાં તારેથી હરકત થઇ તેથી મેં તને કહણુ સખુનો કહ્યા હતા, પણ તેથી તું કાંઇ મનમાં લાવતી ના. વળી કયખુસરૂની સલ્તનતમાં મારૂં ઘરબાર નથી, અને ગુદર્જ કે ગીવ બાબે મને કશી માહિતી નથી.

આમ કહીને રૂસ્તમે ફરમાવ્યાથી મનીઝેહને કેટલોક ખોરાક આપવામાં આવ્યો. પછી આસ્તેથી પરપુછ ચલાવી, ત્યારે તે દુખી નાજનીને પોતાનો હેવાલ કહી સંભળાવ્યો અને પોતે અફ્રાસિયાબની બેટી છે એમ કબૂલ કીધું. તે બોલી કે—આફતાબે મારો ચેહરો કદી જોયો ન હતો, પણ આજે લોહી જેવી લાલ આંખોમાંથી આંસુ ટપકાવતી, દુખી દિલે અને સુકાયલે ચેહરે હું બારેબાર અન્ન વસ્ત્ર માંગતી ફરૂં છું. પેલા ઉંડા કુવામાંથી બીઝન આફતાબ કે માહતાબની રોશની વટીક જોઇ શકતો નથી. તેનાથી દુખ ખમાતું નથી તેથી તે રાત દહાડો મોત માંગે છે, અને તેથી મારૂં દુખ બેવડું વધે છે. અય ભલા સાહેબ, જ્યારે તું ઇરાન પાછો ફરે ત્યારે અગર તું ગુદર્જ કે ગીવ કે બહાદુર રૂસ્તમ વિષે સાંભળે તો ખબર આપજે કે બીઝન કુવામાં કેદ પડેલો છે અને તેને તમો જલદી આવીને બચાવશો નહિ તો તેનું આવી બનશે.

રૂસ્તમની અંગુશ્તરી.

રૂસ્તમે તદન નરમ પડી જઇને કહ્યું કે—અય ખુબસુરત બાનુ, તું આ મોહબતનાં આંસુ ના ખેરવ. તું તારા વરાની સરદારોને વચ્ચે નાખીને તારા શાહને કાં નથી સમજાવી લેતી ? કદાચ તેને દયા છુટશે, કદાચ તારી ખાતર તેનું કલેજું બળશે. જો તારા શાહની મને દેહશત ન હોત તો હું તને બેશુમાર ચીજો બેનાયત કરત.

આમ બોલીને રૂસ્તમે હુકમ કર્યાથી મનીઝેહ માટે જે કાંઇ તાજો પકાવેલો ખોરાક હતો તે હાજર કીધો, અને પછી એક શિકાર કરેલાં પક્ષીનાં પુડાંમાં પોતાની સહીમોહર કરવાની અંગુસ્તરી શિફતથી છુપાવીને તેને રોટીમાં વિંટાળી મનીઝેહને હવાલે કીધી, અને કહ્યું કે આ ખોરાક તારા બીઝનને ખાવા આપજે. આ હુકમ મુજબ તે શાહજાદીએ પેલો ખોરાક બીઝનને આપ્યો, જેમાં રૂસ્તમની વીટી જોઇને તે પામી ગયો કે હવે તેના છુટકારાનો વખ્ત નજદીક આવ્યો છે. તેણે મનીઝેહથી જાણી લીધું કે આ ખોરાક તેણી ઇરાની સોદાગરો કનેથી લાવી છે. વીટી જોઇને તેને પોતાનાં અત્યંત દુખ છતાં બેએખ્તિયાર હસવું આવ્યું. મનીઝેહે તેનો સબબ જાણવા માંગ્યો ત્યારે તેણે તાનો માર્યો કે ઓરતજાતનું મોં સીવી લીધું હોય તોપણ તેણી કોઇ વાત છુપી રાખી શકતી નથી. તેણે તેણીને ગંભિર કોલ કરવા અને કસમ ખાવા કહ્યું; પણ આવા સખ્ત સખુનોની મનીઝેહને બહુ લાગ્યું. તે રડવા લાગી અને બોલી કે—મેં બીઝન ઉપર મારૂં જિગર અને મારૂં મકાન અને મારી તમામ દોલત સદકે કીધાં છે, છતાં તે આજે મારો બેવિશ્વાસુ બન્યો છે. મારો બાપ અને સગાં મારાંથી જુદાં પડયાં છે; વગર નિકાબે હું રવડતી ફરૂં છું. હું તો તેના ઉપર મારી ઉમેદ બાંધી બેઠી હતી, પણ હવે તે ઉમેદ રહી નથી. મારી જેહાન અંધારી બની છે અને મારી ચશ્મ ઝાંખી થઇ ગઇ છે, કાંકે મારો બીઝન મારેથી પોતાનો ભેદ છુપાવે છે, પણ અય મારા ખુદા, તું મને બીઝન કરતાં વધારે સારી રીતે પીછાને છે.

આથી બીઝનનું દિલ પિગળ્યું. તેણે પોતાનો ભેદ કહ્યો. તેણે મનીઝેહની કેટલીક તારીફ કરીને કહ્યું કે—અય મારી વહાલી, તું જાણ કે જે ધણી ઝવેરાતનો વેપારી છે તે અત્રે મારી ખાતર આવેલો છે. ખુદાએ મારી કદર કીધી છે અને હવે હું તેની પેદા કરેલી જમીન ઉપરની ખલ્કતને જોઇ શકીશ. પેલો સોદાગર મને અને તને આ દુખ અને આફતમાંથી હવે છોડવશે. તું તેને ફરીથી જઇ મળ, અને તેને પુછ કે—ક્યાની સરજમીનના અય પેહલવાન! માયાળુ દિલના અને બરવખ્તે મદદ આપનાર! મને જણાવ કે રક્ષનો નામવર સવાર તું પોતેજ છે કે નહિ?

રૂસ્તમ અને મનીઝેહ—છુપી ગોઠવણ.

મનીઝેહ ખુશહાલ થઇ અને આ સંદેશો રૂસ્તમને જઇ કહ્યો. રૂસ્તમ સમજી ગયો કે બીઝને તેને પીછાન્યો ખરો. તેણે મનીઝેહને હવે પુરતી ધીરજ આપી, અને કહી મોકલી કે—હું જાબુલથી ઇરાન જઇ શાહને મળીને તૂરાન આવ્યો છું. તું આ વાત ખાનગી રાખજે, અને રાત્રે કાંઇ સંસારો સંભળાય તે ઉપર કાન ધરતી રહેજે. આજ તું જંગલમાંથી સુક્કાં લાકડાં ભેગાં કરી રાખ, અને રાત્રે તેમનો બનેલો ઢગલો સળગાવી મોટો આતશ રોશન કરજે કે જેથી બીઝનને બંધ કીધો છે તે કુવો કયાં છે તેની અમને પારખ મળે.

અહીં શાયર ઇશારો કરે છે તે ઉપરથી જણાય છે કે બીઝનને એક પહાડને મથાળેના આડા અથવા ગુફામાં કેદ કીધો હતો. ત્યાં જઇ મનીઝેહે તેને રૂસ્તમના પેગામથી વાકેફ કીધો. બીઝન ખુદાના શુક્ર બજા લાવ્યો, તથા પોતાની આશુકને કબૂલત આપી કે હું જો સ્વતંત્ર થઇશ તો તારી સર્વ વફાદારી અને સેવાનો બદલો વાળી આપીશ.

મનીઝેહ આ સઘળું સાંભળવા ખોટી રહી નહિ. તે તો જંગલમાંથી સુક્કાં લાકડાં ભેગાં કરી લાવીને હવે રાત પડવાની આતુરતાથી વાટ જોવા લાગી. અને જ્યારે રાત પડી ત્યારે સર્વ આલમને ઉંઘમાં પડેલી જાણીને તેણીએ ઠરાવ મુજબ આતશ રોશન કીધો, અને રક્ષના કદમના આવાજની ઇંતેજાર બની.

અંતે છુટકારો.

પેલી તરફથી રાત પડયા પછી રૂસ્તમે પોતાનો લસ્કરી લેબાસ પહેરી લીધો, અને ખુદાનું નામ જબાન પર લઇને પોતાની બેટીના બેટા બીઝનને બચાવવા પોતાના સાતે સાથીઓને લઇ પેલી પહાડી ગુફા તરફ આગળ વધ્યો. દૂરથી દેખાતા આતશની નિશાન પકડીને તેઓએ રાહ માપી અને જ્યારે અંતે ગુફાનાં મોં આગળ આવી પુગ્યા ત્યારે જેહાંપેહલવાને પોતાના સરદારોને ફરમાવ્યું કે મોં ઉપર ઢાંકેલો અકવાનવાળો પથર ખસેડી નાખો. પણ તેઓએ એક પછી એક તેમજ ભેગી જેહમત ખેંચ્યા છતાં પેલો પથ્થર તેઓથી ઉપાડી શકાયો નહિ. અંતે રૂસ્તમે ખુદાની મદદ માંગી અને પોતાનું તમામ બળ ભેગું કરીને એક એવી કોશેશ કીધી કે જેથી પેલો પથ્થર તે ઉપાડી શકયો. પછી તેણે એટલા બધા જોરથી તેને ફેંકી દીધો કે (શાયરની અતિશયોક્તિ મુજબ) તે પથ્થર અસલ હતો તેમ પાછો ચીનનાં જંગલમાં જઇ પડયો! [1]

૧—શાયરો શરાહધાત જે આપણને શાહનામામાં જગેજગ જણાય છે તેવીજ આ પણ છે. અહીં વળી એમ પણ જણાવ્યું છે કે રૂસ્તમે અકવાન દેવને માર્યો હતો માટે બાપનું વેર લેવા માટે તેનો બેટો કુંજે પોતાના સાથીઓ સાથ બીઝનનાં કેદખાના નજદીક વસતો હતો તેણે રૂસ્તમનો માર્ગ રોકયો અને પોતાનો કીનો લેવા તૈયાર થયો. ફિર્દોસી કહેછે કે તેને રૂસ્તમના આવ્યાની ખબર પડી ચુકી હતી; પણ વાત બનવાજોગ નથી. જો તેને ખબર પડી હોય કે રૂસ્તમ બીઝનને બચાવવા આવ્યો છે તો તે બીઝન ઉપર પહેલો કીનો લે, મનીઝેહને સપડાવે, અફ્રાસિયાબને આગમજથી ખબર આપે; ઇત્યાદિ. આ "દેવ" રૂસ્તમ સામે લડવા આવ્યો, પણ તેમાં તે જાન ખોઇ બેઠો હતો.

હવે રૂસ્તમે જોયું કે બીઝનની જમીન તે તેની લોખંડની બેડી અને તેનો આસ્માન તે ઉપલો પથ્થર હતો. રૂસ્તમે તેની પાસે ભારી મુશ્કેલીથી કબૂલ કરાવ્યું કે જે કાંઇ બન્યું છે તે માટે મનમાં કશો ખોફ નહિ રાખતાં ગુર્ગીનનો સર્વ ગુનાહ તે માફ કરે છે. આ કબૂલત પછીજ જેહાંપેહલવાને પોતાની કમંદ ગુફામાં ઉતારીને બીઝનને બાહેર ખેંચી કહાડયો. તેનું શરીર તમામ નગ્ન હતું; તેના બાલ અને નખ વધી ગયાં હતાં; દુખ અને તંગીથી તે તમામ ગળાઇ ગયો હતો. પોતાના નબીરાને આવી હાલતમાં જોઇને રૂસ્તમ બહુ કળવાયો. તેના બંદ તેણે તોડી નાખીને તેને છુટો કીધો. પછી એક બાજુએ બીઝન અને બીજી બાજુએ મનીઝેહને ઘોડાપર સ્વાર કરીને તેમની વચ્ચે પોતે રક્ષપર બેઠક લઇ સઘળાઓ રૂસ્તમને મકાને જઇ પુગ્યા. માર્ગમાં આ બન્ને આસ્નાઓએ પોતાના હેવાલથી રૂસ્તમને વાકેફ કીધો, જેણે હાથ મોં ધોવાડીને તેઓને નવા પોશાક પહેરાવ્યા.

તૂરાની મહેલ ઉપર ધુજારો.

હવે ગુર્ગીન શરમાતો પસ્તાતો બીઝન આગળ આવી જમીન ઉપર પડયો અને પોતાની સર્વ તકસીર કબૂલ કરીને માફી ચહાવા લાગ્યો. બીઝને તેનો જાન લેવાના કસમ ખાધા હતા છતાં રૂસ્તમને આપેલી કબૂલત મુજબ ગુર્ગીનનો ગુનાહ માફ કીધો આ પછી સઘળાઓ અફ્રાસિયાબ ઉપર ચઢાઇ લઇ જવા માટે તૈયાર થયા. અશ્કશની સરદારી હેઠળ રૂસ્તમે સર્વ ઝવેરાત અને અસ્બાબ મુકયાં અને મનીઝેહ તથા બીઝને ખમેલાં સંકટોને લીધે તેણે તેમને થાક ખાવા અશ્કશ સાથેજ રાખવા માંગ્યા, પણ બીઝન તો લડાઇમાં ઉતરવા તૈયાર થયો. તેને લઇને સઘળા સવારો મહેલ ઉપર ચઢી ગયા.[1] માર્ગમાં મળતી સર્વ નડતર રૂસ્તમે દૂર કીધી, દરવાજા તોડયા, ચોકીદારોના જાન લીધા, અને અફ્રાસિયાબને પુકાર મારીને તેના ખ્વાબમાંથી ભડકાવ્યો. તેના તરફથી તૂરાની સિપાહો લડવા ઉતર્યા, પણ તેઓ સઘળા કપાઇ મરે તે આગમચ તૂરાની શાહ મહેલ છોડી નાસી ગયો. રૂસ્તમ મહેલમાં ઘોડો દપટાવી દાખલ થયો અને જે કાંઇ કીમતી ચીજો હતી તે હાથ કીધી. હવે તે મહેલ અને શેહર છોડીને પાછો નીકળી ગયો અને સરહદ ઉપર ઇરાની લશ્કરને તૈયાર રાખ્યું હતું તેને લડવા માટે બોલાવ્યું; કારણકે અફ્રાસિયાબ થોડા દહાડામાં લશ્કર લઇ લડવા આવશેજ, એવી રૂસ્તમની ખાતરી હતી.

નવી લડાઈ.

બેશક ઉપલા સઘળા બનાવો બનતાં લાંબી મુદત લાગવી જોઇયે; પણ શાયર મુજબ આ બધું એકજ રાતમાં બની ગયું અને બીજી સહવારે તો તૂરાની લશ્કર પોણી ડજન ઇરાનીઓ સામે લડવા આવી પુગ્યું ! અને તેબી કયાં ? ઇરાનની સરહદ વટાવીને તેના માહેલા ભાગમાં ખુતનથી ઇરાનમાં દાખલ થતાં દરિયા જેવી મોટી જીહૂન નદી પસાર કરવી જોઇયે; મંજલો કાપવી જોઇયે, લશ્કરને ભેગાં કરતાં વિલંબ લાગવો જોઇયે, અસ્બાબ અને ખોરાકી જમા કરતાં દહાડા પસાર થવા જોઇયે. પણ તે સઘળું આપણા શાયરને આંખના પલકારામાં તૈયાર થઇ જતું જણાયું છે ! તે જણાવે છે, કે આ વેળા

[1] ૧—આપણે જોયું છે કે રૂસ્તમ તો ખુતન શેહરમાં છે, કેજે વુઝર પીરાનના પ્રાંતનું પાયેતખ્ત છે. અહીં અફ્રાસિયાબ આવી રહ્યો હોય એવું તો જણાવવામાં આવ્યું નથી ત્યારે એકજ રાતમાં રૂસ્તમ ખુતનથી નીકળી બીઝનનાં કેદખાનાંવાળાં જંગલમાં જઈ ત્યાંના પહાડ ઉપરથી તેને સલામત બચાવી લાવી પોતાને મકાને પાછો ફરે, અને ત્યાંથી સઘળાઓ અફ્રાસિયાબનાં પાયતખ્ત (પછી તે ગમે ત્યાં હોય) માં દાખલ થઇ તેના મહેલ ઉપર ચહડી જાય, એ શી રીતે બની શકે તેની સમજ પડતી નથી. બેશક અનેક બનાવોના બાબમાં બન્યું છે તેમ અહીં પણ શાયરે વખતની ગણતરી ધ્યાનમાં રાખી નથી.

ઇરાની લશ્કર દેશના એટલા બધા માહેલા ભાગમાં હતું કે તેની પીઠે બીસતૂન પહાડ આવી રહ્યો હતો. હવે આ પહાડ કે જે બીજા કોઇજ નહિ પણ હખામની જમાનામાં મહાન પાર્સી પાદશાહ દારયવુશના યાદગાર લેખોને માટે વખણાયેલો છે, તે હમદાનની પડોશમાં આવેલો છે. શું આટલી બધી હદસુધી ઇરાનીઓ માર ખાઇને નાઠા હશે કે છેક અહીં તેઓ શત્રુ સામે લડવા જમા થાય ? ખરેખર, ફિર્દૂસીનું ઇરાની ભૂગોળનું જ્ઞાન જેવું જોઇયે તેવું દીસતું નથી.

તૂરાની લશ્કર જ્યારે આવી પુગ્યું ત્યારે ઇરાની લશ્કર તેની સામે લડવા માટે સફ સમારીને તૈયાર ઉભેલુંજ હતું. વચમાં રૂસ્તમ અને બીઝન, જમણી પાંખે અશ્કશ અને ગુસ્તહમ, અને ડાબી પાંખે જંગા અને રહ્હામ હતા. તૂરાની લશ્કરનો મધ્ય ભાગ કર્સીવજ અને શીદેહ (અફ્રાસિયાબના ભાઇ અને શાહજાદા) ની સરદારી હેઠળ મુકાયો, જમણી પાંખે હુમાન અને ડાબીએ પીરાન રહ્યા, અને અફ્રાસિયાબ તેઓની લડાઇ તપાસતો ઉભો. આ લડાઇમાં તૂરાનીઓ હાર્યા; જ્યારેબી રૂસ્તમ હોય ત્યારે તૂરાનીઓને કદી ફાવતા આપણ જોતા નથી. તેમ આજે પણ તેમની શિકસ્ત થઇ. એક હજાર તૂરાનીઓ કેદ પકડાયા, ઘણા કતલ થયા, અને બાકીના પોતાના શાહની પૂઠે મેદાન છોડી તૂરાન તરફ નાઠા. તૂરાની છાવણીની લૂટ ચાલી, અને તેમાંથી મળેલો ખજાનો હાથીઓ ઉપર લાધીને રૂસ્તમ શાહ કયખુશરૂની ખિદમતમાં જઇ ઉભો. તેને ઇસ્તકબાલ લેવા ગુદર્જ, ગીવ વગેરે પેહલવાનો ગયા હતા. શાહે તેની સાથ બગલગીરી કીધી અને તેની ઘણી સ્તુતિ ગાઇ. રૂસ્તમે કુર્નસ બજાવી, અને શરમમાં ગિરફતાર થયલા પોતાના નબીરા બીઝનને શાહની આગળ રજુ કીધો, તથા ૧૦૦૦ તૂરાની કેદીઓ અને તૂરાની ખજાનો હાજર કીધાં.

સૌ સારૂં જેનુ શેવટ સારૂં.

શાહે આ વેળા રૂસ્તમને રૂડા આશિષ દેતાં કહ્યું કે—ખુદા તારી ખાહેશ સદા બર લાવજો, તારો દસ્ત ફતેહમંદ અને તારૂં જિગર ખુશહાલ હોજો, તારૂં પવિત્ર તન દુશ્મનો તરફનાં સત્રળાં સંકટોથી મુક્ત હોજો ! ઝાલ કેવો સુખી હોવો જોઇયે, કે જેણે તારા જેવી એક યાદગારી દુનિયાને વારસામાં આપી છે ! ઝાબુલ કેવું ખુશહાલ હોવું જોઇયે, કે જેણે તારા જેવા બહાદુર નરોને દુધ પાઇ ઉછેર્યા છે ! ઇરાન પણ ખુશહાલ છે—તેના લડવૈયા જંગીઓ પણ ખુશહાલ છે, કે જેઓ તારા જેવો એક જેહાંપેહલવાન ધરાવે છે ! પણ આ સઘળાઓ કરતાં મારૂં નસીબ વધારે બુલંદ છે, કારણ કે મારૂં તખ્ત તારા જેવો નામચીન મદદગાર સેવક ધરાવેછે ! ઇરાનનું તાજ તે તુંજ છે, ઇરાની જંગીઓનો ટેકો તે પણ તુંજ છે. તું વગર દુનિયા મારે મનથી નકામી છે.

હવે શાહે પાદશાહી જિયાફત આપી, કે જેમ કરવાનો ઇરાની શાહોનો શરેસ્તોજ હતો. રૂસ્તમે પોતાને વતન જવાની રજા માંગી ત્યારે કયખુસરૂએ તેને નવા ખેતાબો અને નવા ખેલાઅતો, નવા સરપા અને નવા ખજાના ભેટ આપ્યા. એજ વખ્તે વળી રૂસ્તમ સાથ લડવા ગયલા સરદારોને પણ શાહે તેમની લાયકાત મુજબનાં ઇનામો આપી રાજી કીધા.

આ બધું કામ પુરૂં થયા પછી શાહે બીઝનને પોતાની નજદીક બોલાવીને તેનો તમામ હેવાલ સાંભળી લીધો, અને પછી તેને તેમજ મનીઝેહને કીમતી પોશાક અને ખજાનો બક્ષી ખુશહાલ કીધાં. તેણે બીઝનને શીખામણ દીધી કે મનીઝેહે તારે માટે બહુ ખમ્યું છે માટે તેને હવે તું તાના મારતો ના યા સખ્ત શબ્દોથી તેનું દિલ આજુર્દેહ કરતો ના.'

[ગુદર્જની તૂરાનમાં ફતેહ.]

ફસલ ૧—લશ્કરોની ઘુરકાઘુરકી.

નવી તૂરાની ચઢાઈ.

લડાઇમાંથી નાઠેલો અફ્રાસિયાબ ઘણોજ ફજીહત થયલો હતો. તે ઇરાન ઉપર ચઢી આવીને જીત મેળવવાને બદલે હાર ખાઇ નાઠો હતો. માર્ગમાં બીજા શાહોને મળ્યા વિના તેણે પોતાની નાસભાગ ચાલુજ રાખી, અને ખલ્લુખ ખાતે જઇ પુગ્યો ત્યારેજ તેણે વિસામો ખાધો. તેની જોડે વજીર પીરાન, સલાહકાર કર્સીવજ, તખ્ત વારેસ શીદેહ, હુમાન (પીરાનનો ભાઇ), રૂઇન (વજીરજાદો), અને કુગાખાન, કર્સિયૂન, કુલબાદ અને ફર્શીદવર્દ નામના બીજા સરદારો હતા. તૂરાન, ચીન અને માચીન ખાતેથી ૧૦ લાખ લશ્કર ભેગું કરવાનો તેણે કરદ કીધો, અને જીહૂન પસાર કરીને આમ્વી ખાતે છાવણી નાખવા ઠરાવ્યું. તેણે ચીનના ફગફૂર અને ખુતનના શાહ ઉપર નામાં લખ્યાં અને આસપાસથી મદદ ભેગી કીધી. આમાંથી ૫૦ હજાર ચુનંદા સિપાહીને ચુંટી કહાડીને તેમની સરદારી તેણે પોતાના શાહજાદા શીદેહને આપી, અને ખારજમની સરહદ ઉપર મોકલ્યો. અને બીજું એટલુંજ ચીનાઇ લશ્કર પીરાનને આપીને તેને ઇરાન લડવા મોકલ્યો અને તેને તાકીદ ફરમાવી કે લડાઇ સિવાય સુલેહની વાત કરવીજ નહિ.

ઇરાનીઓની તૈયારી.

આ તૂરાની લશ્કરોની ખબર મળતાંજ કયખુસરૂએ પોતાના સઘળા સરદારોને ભેગા કરી તેમની સલાહ પુછી અને લડાઇ માટેની તૈયારી કરવા માંડી. દેશમાં ઢંઢેરો ફેરવીને તાકીદ ફરમાવી કે જે માણસ ઘોડેસ્વાર થઇ શકતો હોય તેણે આળસુ બેસી નહિ રહેતાં જંગ માટે તૈયાર થવું. વળી રૂમ અને હિંદ અને અરબસ્તાન ખાતેથી પણ શાહે મદદ મંગાવી, કારણકે ઇરાનમાં એવી ખબર મળી હતી કે પીરાન ત્રણ લાખ માણસોનું લશ્કર લઇને આવે છે. એટલામાટે કયખુસરૂએ પણ એટલુંજ લશ્કર તૈયાર કરવાની જરૂર જોઇ.

આ લડાઇમાંથી શાહે રૂસ્તમને બાકાત રાખ્યો નહિ. ૩૦ હજાર લશ્કર તેને આપીને સીસ્તાન તથા હિંદુસ્તાન તરફ તે નામદારે રવાના કીધો, અને ફરમાવ્યું કે ગઝની જઈ પુગ્યા પછી ઉત્તરનો માર્ગ લેવો.[1]—અલાની અને ઘર્ચા લોકોની સરદારી તેણે એક નવાજ ઇરાની જવાનને આપી, કેજે આજ વખ્તે પહેલો આપણી જાણમાં આવે છે. તે શાહજાદો લોહરાસ્પ હતો, કેજે જોકે ભવિષ્નો શાહ હતો, તોપણ તેની નસલ બાબે આ ઠેકાણે

[1]—એટકિન્સન અને શમ્શીરખાની મુજબ શાહ કયખુસરૂએ રૂસ્તમને નહિ પણ તેના બેટા ફરામ.ર્જને એક લશ્કર આપી હિંદુસ્તાન મોકલ્યો, અને ફરમાવ્યું કે એ મુલક જીતીને ત્યાંથી તું ચીન અને માચીન તરફ કુચ કરી જજે, અને ગુદર્જનાં લશ્કર સાથ મળી જઇને અફ્રાસિયાબને પકડવાનાં કામમાં મદદ આપજે. એવું જણાય છે કે એટકિન્સને શાહનામાનો જે ઇંગ્રેજી તરજુમો કર્યો છે તે શમ્શીરખાનીને આધારે કીધો છે, કારણકે તૂરાન ઉપરની આ ગુદર્જની ચઢાઇને લગતું વર્ણન આ બન્નેમાં એકસરખુંજ જણાયછે.

શાયરે કશો ઇશારો કીધો નથી.—અસ્કશને શાહે ૩૦ હજાર સિપાહો સાથ શીદેહની સાથે ખારઝમની સરહદ ઉપર રવાના કીધો—બાકીનું તમામ લશ્કર ગુદર્જની સરદારી તળે મુકયું અને તેની મદદમાં જંગા, ગુર્ગીન, ગુસ્તહમ, શીદુશ, ફરહાદ, ખરાદ, ગીવ, ગુરાઝેહ અને રહહામને આપ્યા. શાહે ગુદર્જને તાકીદ ફરમાવી કે—સંભાળ રાખજે કે તારૂં લશ્કર કોઇપણ વસ્તીવાળાં ઘરોનો નાશ કરે નહિ; વળી યાદ રાખજે કે જેઓ લડવા આવ્યા ન હોય તેમને જરાબી ઇજા પહોંચે નહિ.' મગજ અને દિલ બન્ને શાંત રાખજે; તુસ જેવો ઉતાવળો બનતો ના; દરેક બાબતમાં દરેક તરફ ઇનસાફી થજે; પીરાન કને કોઇ ડાહ્યા સરદારને મોકલી અને તો તેની સાથ દોસ્તી કરી દેજે.

આ સઘળાં લશ્કર સાથ ૬૦ હાથીઓ પણ હતા, જેઓમાંના ચારને પાદશાહી સાજ સાથ તૈયાર કીધા હતા, એવી મતલબથી કે શાહ તેઓ ઉપર સવારી કરે. પણ કયખુસરૂએ પોતાની બેઠક ઉપર ગુદર્જને બેસાડયો અને એ રીતે ઇરાની લશ્કર આગળ વધ્યું. જ્યારે તે રૈબદ ખાતે જઇ પુગ્યું ત્યારે ગુદર્જે તેમાંથી ૧૦૦૦ ભાલેદારોને ચુંટી કહાડયા, તથા ૧૦ ઇરાની નામદારોને પસંદ કીધા, અને એ નાની ફોજની સરદારી પોતાના બેટા ગીવને આપીને જ્યાં પીરાન છાવણી નાખી પડયો હતો ત્યાં તેને મોકલ્યો, અને જો સુલેહ થઇ શકતી હોય તો તેમ કરવાનું કામ ગીવને સોંપ્યું.

પીરાન જોગો ગુદર્જનો સંદેશો.

ગુદર્જે પીરાન જોગો જે સંદેશો ગીવ મારફતે મોકલાવ્યો તેની મતલબ આ રવેશની હતી કે—નામદાર શાહના હુકમથી હું રૈબદ આવી પુગ્યો છું. સઘળા તુરાનીઓમાં તું ભલો અને સુલેહને પસંદ કરનારો ગણાય છે. જોકે તારી દોસ્તીના અને દિલસોજીના સખુનો હું પોતે તો જુઠા ગણું છું; તારાં દિલમાં માયા કે સુલેહની કાળજી હોય એવું હું કાંઇ માનતો નથી; તોપણ નામદાર શાહનો મને હુકમ છે કે તારી સાથે નરમાશથી વર્તવું, કારણકે અશો સિયાવુશનાં ખૂનમાં તારો હાથ નથી. તારી આગળી પાછળી વર્તણુક અમારો ભલો શાહ દરગુજર કરે છે—તારી બુરાઇને પણ ભલાઇ માની લે છે—કારણકે તેં અમારા કોઇપણ નામવર શાહ સાથ દુશ્મની બતાવી નથી. હું તારો જાન લેવા માંગતો નથી, કારણકે શાહ કયખુસરૂની તને પનાહ છે. પણ જો અફ્રાસિયાબની અમારી નવી લડાઇમાં તું સામો થશે તો તેમાં તારો જાન જાય તો તેનો ગુનાહ તારે સર રહેશે. મેં ઇરાની નામદારોને મારા બેટા ગીવ સંગાથે મોકલાવ્યા છે તેઓ મારી તને શી સલાહ છે તે તને કહી સંભળાવશે. તેઓ સાથ તું છુટથી મસલેહત ચલાવજે,' અને તેમાં જો તું દાનાઇ વાપરશે તો તારો જાન સલામત છે. અને તારા વજીફા અને તારા ખેશીઓને કશી અલવલ આવશે નહિ. પણ જો સારી સલાહ ફાવશે નહિ તો યાદ રાખજે કે તારો જાન ભયમાં રહેશે, અને આ કીનેવર જંગમાં હું અને મારો ગુર્જ અને જંગ મેદાન અને અફ્રાસિયાબ છિયે.[1] અમો ઉંઘ કે આરામ લેનાર નથી. અમારો કીનો લેવા માટે અમારા શાહને મોટું લશ્કર લાવવાની પણ કાંઇ જરૂર નથી. અગર મારી સલાહ તું માનતો હોય તો તારે જે કાંઇ કરવાનું છે તે એ કે જે બદમાશોએ સિયાવુશનાં ખૂન માટે બાંહે

૧—ચાર શબ્દોની એક સતરમાં શાયરે પેહલવાન ગુદર્જનાં મોંમાં નીચલા જે સખુનો મુકયા છે તે એક મોટા વાકયની ગર્જ સારે એવા છે:—

"ન ખાયમ બરીં કીને આરામો ખાબ,
મનો ગુર્જ મેદાનો અફ્રાસિયાબ."

પાછળથી આ બેત ગઝનીના સુલતાન મહમુદે પોતાના એક દુશ્મનનાં નામાના જવાબમાં વાપરીને તેને ઠઠરાવી નાખ્યો હતો. એજ સુલતાનનાં હુકમથી ફિર્દોસીએ શાહનામુ બનાવવાનું માથે લીધું હતું.

ચઢાવી તેનો નિર્દોષ જાન બરબાદ કીધો છે તેમના મુસ્કા બાંધીને મારી તરફ મોકલી આપવા, અને હું તેમને શાહ તરફ રવાના કરીશ—પછી તે નામદાર ગમે તો પોતાને હાથે તેમનાં સર કાપી તનથી જુદાં કરે યા તેમને જીવતદાન બક્ષે. તે બદમાશોનાં નામો શાહે મને આપેલાં છે. બીજી શર્ત એ છે કે તારી કને જે કાંઇ ખજાનો છે તે તારો દુશ્મન છે, માટે હીરા મોતી સોનું રૂપું, તાજોતખ્ત, લશ્કરી હથિયાર અને અસ્બાબ, તથા નામીચા ઘોડા એ સર્વ તું મારી તરફ મોકલાવી દે: એઓમાંથી જે કાંઇ શાહને લાયક હશે તે હું તે નામવરને માટે મોકલાવી દઇશ, અને બાકીનું મારા સિપાહોને વહેંચી આપીશ. ત્રીજી શર્ત એ છે કે તું ઇમાનદાર છે અને મારી સાથે દગાવિદ્યા વાપરતો નથી એમ સાબેત કરવા માટે તરાની નામદારો જોડે તારા બેટા રૂઇનને તથા બન્ને ભાઇઓને મારી પનાહ હેઠળ સાનમાં તારે આપવા. જો તું અફ્રાસિયાબને તજીને ઇરાન આવશે તો નામવર શાહ તારૂં સર આસ્માન સાથ પહોંચાડશે. તે કેવો મોટાં દિલનો છે તે તું સારી પેઠે જાણે છે. અગર અફ્રાસિયાબનો ડર કરીને તું ઇરાન આવવા માંગતો ન હોય તો એટલુંજ કર કે તૂરાનથી તારૂં લશ્કર ખેંચી લઇ ચાલી જા ને ત્યાં રાજ્ય કર. વળી જો તારૂં દિલ અફ્રાસિયાબ તરફ ખેંચાયલું હોય તો તારે માટે આ રસ્તો છે કે તું આ નવાં જંગમાં અમારી સામે ના લડ. પણ જો આ મારી સઘળી સ્લાહ તને પસંદ આવતી ન હોય તો ચાલ હવે થોભ ના, ઉઠ અને મારી સાથ લડાઇમાં ઉતર.

પીરાનનો જવાબ.

આ સંદેશો લઇને ગીવ બદખ તરફ ચાલ્યો, અને ત્યાંથી પોતે મળવા આવે છે એવી ખબર આપવા પીરાન તરફ એલ્ચિ મોકલ્યો, અને પછી પોતે પીરાનનાં મથક વીસગર્દ[1] તરફ સવાર થઇ ગયો. અહીં તેનું લશ્કર છાવણી નાખી પડેલું હતું. પીરાનને ગીવનાં લશ્કરની આવી પુગવાની ખબર મળતાંજ તે હવે પડાવ ઉઠાવી જીહૂનના દરિયા કાંઠા ઉપર આવી ઉભો અને ત્યાંજ તેણે ગીવની મુલાકાત લીધી. અહીં બે હફતા સુધી ઇરાની અને તરાની નામદારો વચ્ચે સમજુત ચાલી. ઇરાનીઓને જે કાંઇ કહેવાનું હતું તે તેઓએ પોતાની જીભલી ચલાવીને તમામ કહી દીધું. પણ પીરાને એટલું બધું ખુલ્લું દિલ દેખાડ્યું નહિ. તેણે ગુપચુપ સંદેશો મોકલાવી પોતાના શાહને ખબર આપી કે ગુદર્જ શાહ તરફથી સર્વ સત્તા લઇને લડવા આવ્યો છે, અને તેનો બેટો ગીવ તેના તરફથી એલચી દાખલ સુલેહની શર્ત કહેવા મારી છાવણીમાં આવ્યો છે. પણ હું તેની વાત ઉપર લક્ષ આપનાર નથી—તારા હુકમથી હું સર ફેરવીશ નહિ.

અફ્રાસિયાબે આ સંદેશા ઉપરથી પીરાનની મદદે ૩૦૦૦૦ માણસોનું વધુ લશ્કર મોકલી આપ્યું, તો જોકે પીરાન કને ૧ લાખ ને ૧૦ હજાર માણસો તો હતાજ. તેણે પોતાના વજીરને તાકીદ આપી કે ગુદર્જ, ગીવ કે બીજા કોઇબી ઇરાનીને તું જીવતો જવા દેતો ના. આપણને આસપાસથી ઘણી મદદ મળનાર છે, જેની સરદારી લઇને હું પોતે તારી મદદે આવી પુગું છું

આ સમાચારથી પીરાનને ભારી હિમત આવી. તેણે હવે ગીવને રવાના કીધો; અને ગુદર્જને કહેવડાવ્યું કે—તું મારા નામદારોને બંધાવી મંગાવે છે, મારો ખજાનો હાથ કરવા માગે છે, મારા બેટા અને ભાઇઓને જામિન દાખલ માંગે છે, તે બધું મૂર્ખાઇભરેલું છે અને કોઇ

---

[1] ૧—પીરાનનો નિયાગાન વીસા નામનો હતો, તેનાં નામ ઉપરથી આ શેહરનું નામ પડેલું હોવું જોઇયે. જેમ સિયાવુશગર્દ, દારાબગર્દ, બાસાગર્દ, તેમ વીસાગર્દ.

પણ દાના માણસ તે કબૂલ રાખે નહિ. તું આપવા માંગે છે તેવી જિંદગીએ જીવવા કરતાં તો મરવું મારે માટે બેહતર ગણાય. હું શાહજાદો છું તે તારી અક્કલ મુજબ વર્તીને ગુલામ બનું કે? વળી બીજું એ કે અફ્રાસિયાબ તરફથી મને નવી લશ્કરી મદદ સાથે એવો હુકમ મળ્યો છે કે મારે સુલેહ નહિ કરવી પણ લડવુંજ.

ઇરાની તૂરાની લશકરોની ગોઠવણ.

આ જવાબ સાંભળી એક તરફથી ગીવ બલ્ખ તરફ વળ્યો કે બીજી તરફથી પીરાનનું લશ્કર જીહૂન પસાર કરીને કનાબદ[1] તરફ આગળ વધ્યું. ગુદર્જે પોતાનું લશ્કર રૈબદનાં મેદાનમાં સફસમારી ઉભું કીધું, કે જેની પછવાડે પહાડો આવેલા હતા. બીજી તરફથી પીરાનનું લશ્કર પણ કનાબદથી આગળ વધી ઇરાનીઓની સામે આવી ઉભું. ઇરાનીઓની જમણી પાંખ ટેકરી ઉપર ગોઠવાઇ હતી; ડાબી પાંખ તરફથી એક નદી વહેતી હતી. ગુદર્જે જમણી પાંખની સરદારી શાહજાદા ફરીબોર્જને આપી, અને તેની મદદમાં ગીવગાન ખાન્દાનના વડા ગુરાજેહ તથા રૂસ્તમના ભાઇ જવારેહને આપ્યા. ગુસ્તહમ અને ગઝદહમ અને ફરહિલ જોડે રહામને ડાબી પાંખની સરદારી મળી. ગીવની સરદારી તળે દશ હજાર સવારો મુકયા, અને તેની મદદમાં ગુર્ગીન અને જંગાને આપ્યા. નદી તરફની કિનારી સાચવવા માટે ૩૦૦ સવારો પુરતા જણાયા, અને એટલાજ સવારોને પહાડની હદ ઉપર રાખ્યા. આખાં લશ્કરની તપાસ ગુદર્જે પોતાના હાથમાં રાખી. તેની જોડે આગળ ફરહાદ અને પાછળ શીદૂશ હતા. હજીરને અસ્બાબ સાથ પાછળા ભાગમાં રાખ્યો.

સામી તરફ પીરાને પોતાનાં બહોળાં લશ્કરનો મધ્ય ભાગ હુમાનના સ્વાધીનમાં આપ્યો; અંદરીમાન અને અર્જાસ્પ નામના સરદારોની મદદ સાથ લશ્કરની ડાબી પાંખની સરદારી ખુર્જાસ્પ નામના તૂરાની સરદારને ગળી; અને જમણી પાંખ લહાક અને ફર્શીદવર્દને હવાલે કીધી. આ દરેક ભાગમાં ૨૦ હજાર લશ્કર હતું. આ સઘળાઓની મદદમાં ૧૦ હજાર ભાલેદારોની ફોજને ફરતી રાખી, અને તેમની સરદારી જંગૂલા, કુલ્બાદ અને સિપેહરમને આપી. ખુતનના ૧૦ હજાર સિપાહો સાથ પીરાને પોતાના બેટા રૂઇનને ઝાડોમાં છુપાઇ રહેવા ફરમાવ્યું, એવી મતલબથી કે જો ગુદર્જ પોતાની હદ ઓળંગી પીરાન ઉપર ધસી આવે તો પછવાડેથી રૂઇન તેને ઘેરી લઇ સપડાવે.

ત્રણ દહાડા સુધી બન્ને લશ્કરો એકબીજાની સામે ધુરકાધુરકી કરતાં ઉભાં. તેઓ મધેનાં કોઇએ પણ લડવાની ઉતાવળ કીધી નહિ. ગુદર્જે એમ ધાર્યું કે પવન જો તૂરાનીઓનાં મોં ઉપર ફુંકે તો પછી ધૂળ તેમની આંખોમાં જતી જોઇને હું તેઓ ઉપર હલ્લો કરૂં; પણ જો હમણાજ ચઢાઇ લઇ જાઉં તો મારી પાછળનાં લશ્કરને દુશ્મનો છુંદી નાખે. પીરાન પણ ગુદર્જને આગળ વધવાની વાત જોતો હતો, અને તે એટલામાટેજ કે તેની પીઠ પાછળનાં ઇરાની લશ્કરનો સંહાર કરવાને બની આવે.

બીઝન બાપને લડવા ઉસ્કેરે છે.

જ્યારે ત્રણ દિવસ આ રીતે વહી ગયા અને ચોથો રોજ ઉગ્યો ત્યારે જવાન બીઝન પોતાના બાપને લડાઇ શુરૂ કરવા માટે ઉસ્કેરવા આવ્યો. આગળ તૂસની બબે વારની ચઢાઇ વેળા ગુદર્જનાં ખાન્દાનના સંખ્યાબંધ બેટાઓ અને નબીરાઓ માર્યા ગયા હતા તે વેળા થયલી લડાઇનું આપણા શાયરે ત્યારે કશું નામ જણાવેલું ન હતું. પણ અહીં બીઝને બાપને લડવા માટે આગ્રહ કીધો ત્યારે તેનાં મૂખમાં ફિર્દૂસી એકદમ બે લડાઇઓનાં નામ મૂકે છે કે જેમાં ગુદર્જિયાનીઓનો નાશ થયો હતો.

૧ આ નામનો એક પહાડ હતો એમ ફિર્દુસી આગળ ચાલતાં જણાવે છે.

બીઝન ગીવને કહે છે કે રૂસ્તમથીજ ઉતરતો બહાદર ગુદર્જ છે, પણ પશનની લડાઇમાં ચાલેલી કતલ, કે જેમાં લાદન[1] ખાતે પોતાના સંખ્યાબંધ બેટાઓને કપાઇ ગયલા અને ઇરાનનું કિસ્મત ઉંધું વળેલું તેણે જોયું હતું, તે પછી તેણે લડાઇથી હાથ ધોયા છે. હવે એ જૈફ થયો છે, એનું ધ્યાન હવે બહેસ્ત તરફ લાગ્યું છે; હવે એ ગોયા પોતાનું લશ્કર ગણતો નથી પણ આકાશમાંના તારા ગણે છે. પણ મારી અજાયબી તો તારે વિષેની છે કે તું મારો બળવંત બાપ પણ લડાઇની તલબગારી કાં કરતો નથી. હાલની સારી મોસમ વીટી જશે ને શિયાળો બેસશે, જ્યારે હથિયારો પકડાશે નહિ, અને જ્યારે આપણી સન્મૂખ લડાઇ ઉભી રહેશે અને પીઠે બર્ફ વરસશે, ત્યારે કયો પેહલવાન લડવા ઉતરવા તૈયાર થનાર છે? અગર હાલ તું શત્રુઓ છુપાઇ બેસી પાછળથી ધસી આવી ખરાબી પાંથરશે એવી બીક રાખતો હોય તો હું પસંદ કરૂં તેવા ૧૦૦૦ સિપાહો તું મારી સરદારી હેઠળ આપ કે હું છુપાઇ બેઠેલા તૂરાની દુશ્મનો ઉપર ધુબારો લઇ જઇ તેમનાં સર આસ્માન તરફ ઉરાડું.

ગીવે બેટાના આ મિસાલના બહાદુરી ભરેલા સખુનો સાંભળીને ખુદાવંદના શુક્રાના કીધા, પણ તેને કહ્યું કે—ગુદરર્જને માટે તારે આવા સખુન બોલવા ઘટે નહિ, કારણ કે તેનું કામ ડહાપણથી ભરેલું છે. તે નામદારને કોઇ ઉસ્તાદની જરૂર નથી. તે પુરેપુરો ખબરદાર અને અનુભવી છે. જ્યારે શત્રુઓ ટેકરી છોડી આપણી ઉપર ધસ્યા આવશે ત્યારેજ આપણુ તેઓ ઉપર હલ્લો કરીશું. ત્યારેજ તું જોશે કે આ બુજર્ગવાર લડાઇમાં કેવી જવાંમર્દીથી વર્તે છે.

જવાન બીઝનને આ જવાબથી ધિરજ આવી નહિ. તે બોલ્યો કે—જો મારા બપાવાનો એવોજ ઇરાદો હોય ત્યારે તો ફમી પોશાક સજીને જંગ માટે ખોટી થવા કરતાં શરાબ નોશ કરી રંગીલા બનવું જોઇયે.

હુમાનની અધીરાઈ.

પેલી તરફથી તૂરાની લશ્કરમાં પણ હુમાને બીઝનના જેવીજ લડાઇ માટે અધિરાઇ બતાવી. તેણે પીરાન આગળ જઇને ફરિયાદ ઉઠાવી કે ચાર દહાડા થયા બખ્તર પહેરી અને હથિયારો સજીને તૂરાનીઓ લડવા માટે આતુર ઉભા છે, છતાં જો તારે લડવું નથી તો પાછો કાં નથી ફરતો? આ તેજ ઇરાની લશ્કર છે કેજે આપણા હાથ ઉપર શિકસ્ત પામી અને બેહોરમત થઇ નાસી ગયું હતું.[2] તેના માર્યા ગયલા સિપાહોથી ખેતરો અને મેદાનો ભરાઇ ગયાં હતાં, જેમનાં લોહીથી જમીન તર બની હતી. તે લડાઇમાં આપણી એવી ફતેહ થઇ હતી કે આપણો એક પણ નામદાર માર્યો ગયો ન હતો. આજની લડાઇમાં રૂસ્તમ શામેલ નથી. તું જો લડાઇ કરવા રાજી ન હોય તો એક લશ્કર મારી સર-

---

૧—આ રીતે અહીં સિદ્ધ થાય છે કે તૂરાન ઉપરની ચઢાઇ વેળા પહેલી લડાઇ કે જેમાં ગીવ ભારે બહાદુરી બતાવી હતી તેનું નામ પશન હતું, અને જે લડાઇમાં ગુદર્જના બેટાઓ કપાઇ મુઆ હતા તે બનાવ લાદન ખાતે બન્યા હતો. એ બાબતમાં જુઓ અગાડી, સફે ૭૪૩ ની નોટ ૧ લી.

૨—ગુદર્જ જે લડાઈને માટે સરહદ ઉપર આવી ઉભો છે તે ફિર્દોસીનાં શાહનામામાં જણાવ્યું છે તેમ બીઝનનો છુટકારો કર્યા પછી રૂસ્તમે અફ્રાસિયાબને તેના મહેલમાંથી નહસાડ્યા પછીની લડાઇ હોવી નહિ જોઇયે. એટકિન્સને તેમજ શમ્શીરખાનીએ બીઝનનાં દાસ્તાન પછી બીજી બે લડાઈઓનાં વર્ણન આપ્યાં છે, જેમાંની એક સુસન રામશાગરનાં કર્તુક પછી ઉઠી હતી અને બીજી અફ્રાસિયાબે બરજોને ઇરાન લડવા મોકલ્યો ત્યારે ઉઠી હતી. આ બન્ને દાસ્તાનો વૉર્નરે પોતાના તરજુમામાંથી બાદ કીધાં છે (જુઓ તેનાં Shahnama નાં દફતર ૩ જાની આખેરી અને ૪થાંની શુરૂઆત), પણ એ બે દાસ્તાન પછીબી હાલની લડાઇ ચાલી હોય એમ લાગતું નથી. હુમાને પોતાના વડા ભાઈ પીરાનને આ મિસાલના જે સખુનો કહ્યા છે તે બતાવે છે કે જે લડાઇમાં ઇરાનીઓ તુરાનીઓના હાથ ઉપર માર ખાઇને નાઠા હતા (અને તેમ પશન અને લાદનની લદાઇઓ વેળા બન્યું હતું) તે પછી હાલની લડાઇ જાગેલી જણાય છે. હુમાનના સખુનો આમ અનુમાન કરવાને આપણને કારણ આપે છે.

દારી તજી મૂક અને તું બેઠો બેઠો તમાશો જોયા કર.

પીરાનનો જવાબ પણ ગીવે બીઝનને આપ્યો હતો તેવોજ દાનાઇ ભરેલો હતો. તેણે કહ્યું કે—જેમ કયખુસરૂ મારા શાહ અફ્રાસિયાબ કરતાં બળવાન છે તેમ ગુદર્જ ઇરાની નામદારોમાં બરાબરી વિનાનો છે. તે ડાહ્યો, ધીરો, મોભાવાળો, બહાદુર અને ચતુર છે. બીજું એ કે તેના બેટાઓ અને નબીરાઓ માર્યા ગયલા હોવાથી તેમનો કીનો લેવાને તે આતુર છે. વળી તેણે બે લશ્કરો બે પહાડોની વચ્ચે ભેગાં કરેલાં છે. એ રીતે તેના ઉપર ચઢાઇ લઇ જવાનો આપણી કને કશો માર્ગ નથી. તેઓને અધીરા પાડીને આપણી ઉપર ધસી આવવા માટે આપણે તેમને લલચાવવા જોઇયે. તેઓ જો પોતાનું પહાડી મથક છોડીને નીચે ઉતરી આવે તો પછી આપણે તેમને ઘેરી લઇશું. અગરજો આપણે લડાઇ માંગિયે અને ગુદર્જ કોઇ ખુણે પડેલા હમ્નબર્દને તારી સામે લડવા મોકલે તો તેને મારવામાં તારી નામદારી વધે નહિ.

આ જવાબથી હુમાનને સંતોષ મળ્યો નહિ. તેણે તો બીજી સહવારે જંગ મેદાનમાં ઉતરી લડાઇની તલબગારી કરવાનો ઠરાવ કીધો.

ઇરાની નામદારોનો તેને જવાબ.

બીજી સહવારે હુમાન પોતાના ઇરાદા મુજબ લડવા મેદાન પડયો. તેણે પોતાની જોડે એક દુભાષ્યો લીધો, કેજે તુરાની તેમજ ઇરાની જબાન જાણતો હતો. આ દુભાષ્યાએ ઇરાની સરદારોને જઇને હુમાન સામે લડવા ઉતરવા માટે કહ્યું ત્યારે તેઓએ જવાબ આપ્યો કે ગુદર્જના હુકમ વગર અમો લડાઇ કરીશું નહિ. આ જવાબ સાંભળીને હુમાન ખુદ ગુદર્જ સામે લડવા ગયો. માર્ગમાં તેણે રહ્હામનને જોયો, કેજે ડાબી પાંખની સરદારી ઉપર હતો. તેણે તે ઇરાની સરદારને પોતાનો હમ્નબર્દ માંગ્યો, અને તે જો નહિ ઉતરે તો ગુસ્તહમ અને ફરૂહિલને ભેગા થઇ પોતાની સામે આવવા કહ્યું. તેઓ તરફથી રહ્હામે જવાબ દીધો કે—અમો સઘળા લડવાને તૈયાર છિયે, પણ અમારા સપેહસાલારનો હુકમ મળ્યો નથી. તું તેની આગળ જા અને પરવાનગી મેળવ, અને પછી જો કે અમો કેવી રીતે લડિયે છિયે.

ડાબી તરફથી નીકળેલો હુમાન હવે જમણી પાંખ તરફ ચાલ્યો, કે જેની સરદારી ફરીબુર્જના હાથમાં હતી. તેણે આ ઇરાની શાહજાદાને તાનો માર્યો કે—તુરાન ઉપરની ચઢાઇ વેળા તું કાવાના ઝુંડા સુધાં પહાડ ઉપર જઇ ભરાયો હતો, અને તુરાનીઓની જીત થવા દીધી હતી. તારા સોનાના જોડા અને હાથીઓ અને સવારો લડાઇને દહાડે તુરાનીઓના હાથમાં આવ્યાં હતાં. તું ત્યારે સપેહસાલાર હતો, પણ આજે તો તારો દરજજો ઉતરતો છે, વાસ્તે હવે તારે એક ગુલામના જેવો કમરબંધ બાંધવો જોઇયે. નામદાર સિયાવુશનો બિરાદર હોવાથી તું તારા સપેહસાલાર કરતાં પણ ઉંચી પાયરી ભોગવે છે, તો હું પણ તારી બરાબરીનોજ દરજજો ભોગવું છું. ચાલ, હું તને લડવા બોલાવું છું, માટે તૈયાર થા.

ફરીબુર્જે જવાબ આપતાં કહ્યું કે—શાહે મારી કનેથી દરફશે કાવા લઇને ગુદર્જને આપ્યો તે બરાબરજ કીધું છે. ગુદર્જ જેવો દાના અને બહાદુર બીજો કોણ છે? ગુદર્જ હુકમ આપે તેમ અમારે ચાલવાનું છે. જો તે નામદાર તારી જોડે લડવાને મને ફરમાવે તો તું જોઇ લેજે કે હું કેવી બહાદુરી દેખાડી શકું છું.

ગુદર્જનું લડાઇ નહિ કરવાનું બહાનું.

આ રીતે નાસિપાસ થઇને હુમાન હવે ગુદર્જ આગળ ગયો. તેણે તેને ઠપકો દીધો કે—તું તો કહેતો હતો કે પીરાન ઉપર મારી

નજર પડતાંજ હું તેનો જાન લેઉં, તો હવે કંગાલ પહાડી ઘેટાની માફક પહાડો પછવાડે મોં છુપાવીને કાં બેઠો છે? ગુદર્જે લડાઇમાં ઉતરવાનો શાહનો હુકમ નથી, એમ કહેવાથી હુમાન વધારે છેડાયો. તેણે તાનો માર્યો કે—પશનની લડાઇ પછીથી તું જંગમાં ઉતરતાં બીએ છે. લાદન ખાને મને લડતો જોઇને તેં મારી તારીફ કીધી હતી, તો હવે તારા નામદારો માંથી એકને મારી મુકાબલે મોકલ. જો તું અત્રે લડવા આવ્યો છે તો લડાઇની ઢીલ શા માટે કરે છે?

ગુદર્જે મનથી ઘણો વાર વિચાર કરતાં તેને એમજ લાગ્યું કે હાલ લડાઇ કરવામાં ઇરાની લશ્કરને ફાયદો નથી. તેને લાગ્યું કે જ્યારે તુરાની લશ્કર કંટાળશે ત્યારે તેજ લડાઇની તલબગારી કરશે, અને ત્યારેજ જીત મેળવવાનો વખ્ત આવશે. તેણે હુમાનને બિન અનુભવી જવાન ગણીને પોતાની આગળથી હાંકી કહાડયો. તેણે તેને કહ્યું કે બે નામદારો લડે ને બન્ને લશ્કરો કે જે લડાઇ માટે તલબગાર છે તે જોયા કરશે કે? જો લડાઇજ તું માંગતો હોય તો બન્ને લશ્કરને મેદાન પડવા કહે. હવે તું જા, અને બડાઇ માર તારા તુરાનીઓમાં કે એકપણ ઇરાની પેહલવાન મારી સામે લડવા ઉતરવાની હિમત ધરાવતો નથી!

હુમાન બડબડતો અને ગુદર્જનાં બહાનાને વખોડતો પાછો ફર્યો ત્યારે અનેક ઇરાની નામદારોએ પોતાના સપેહસાલારને કહ્યું કે અમો હુમાન સામે લડવા ઉતરવાને તૈયાર છિયે. પણ ગુદર્જે તેમને એટલોજ જવાબ દીધો કે—આજે નહિ. પણ હુમાન તો લડવાને એટલો તત્પર હતો કે તેણે કોઇ તરફ પોતાના તીરો છોડીને ઇરાની સિપાહોમાં ગભરાટ પાથર્યો, અને કોઇ તરફ પુકાર મારીને પહાડોને ધ્રુજાવ્યા. તેનાં આ કામોથી બેચેન બનીને ગુદર્જે પોતાના નામદારો તરફ નજર કીધી અને તેઓ મધેથી કોણને હુમાન સામે લડવા મોકલવો તે બાબે દરિયાફ્ત કીધો.

ફસલ ૨—બીઝનની બહાદુરી.

બીઝનનો ગુસ્સો.

હુમાનનાં આ સઘળાં કામોની ખબર જ્યારે ગીવના બેટા બીઝનને પડી, અને તેણે જાણ્યું કે તેના બપાવા સામે તે હમ્નબર્દ માંગવા આવ્યો હતો પણ કોઇ તેની સામે નીકળ્યું નહિ ત્યારે તેણે ચાર ઇરાની સવારોને તીરથી વીંધી નાખ્યા, ત્યારે બીઝનના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેણે રૂમી બખ્તર પહેરી લીધું અને પોતાના માનિતા શબરંગ ઘોડા ઉપર સવાર થઇને તે પોતાના બાપ ગીવને જઇ મળ્યો, અને બપાવાનો શેકવો કરીને અર્જ કરવા લાગ્યો કે—મને તારી કનેનું શાહ સિયાવુશવાળું બખ્તર આપ, કે તે પહેરીને હું હુમાન સામે લડવા જાઉં.

ગીવે તેને થંડો પાડવા માંગ્યો, પણ તેની સલાહ નહિ માનીને બીઝન હવે ગુદર્જની રજા માંગવા ગયો. તેણે તેને અર્જ કીધી કે ગીવ કનેથી સિયાવુશનું બખ્તર મને અપાવ કે તે પહેરીને હું હુમાન સામે લડવા જાઉં. પણ ગુદર્જે પોતાના આ નબીરાની હિમત માટે તેને શાબાશી આપ્યા છતાં હુમાન સામે તેને બદલે કોઇ બીજા ઇરાની સવારને લડવા મોકલવાની ઇચ્છા બતાવી. આથી છેડાઇ પડીને બીઝન બોલ્યો કે—તું મને લડાઇના હુનરમાં ઓછો અનુભવી સમજતો હશે; પણ ફરૂદ સાથની લડાઇમાં મેં થોડી જવાંમર્દી બતાવી ન હતી; વળી પશનની લડાઇમાં મેં કેવું નામ કહાડયું હતું! હવે તું મને હુમાન સામે લડવા મોકલીને જો કે હું શું બજાવી શકું છું. જો તું નામદાર મને આ લડાઇમાં ઉતરવા નહિ દેશે તો હું નામદાર શાહને સર્વ વાતોથી વાકેફ કરીને આ લશ્કરમાંથી રૂખ્સત લઇશ.

અંતે ગુદર્જને પોતાના નરજવાન અને ઉ-ચ્છમંદ નબીરાની ખાહેશ મુજબ કરવાની ફર્જ પડી. તેણે ગીવને બોલાવી બીઝનની માંગણી કહી સંભળાવી. ગીવે પોતાના બેટાને હુમાન સામે લડવા ઉતરવા દેવાની નામરજી બતાવી. પણ ગુદર્જે તેને સમજાવી લીધો અને આવા નામવર બેટાને ખુદા ફતેહ આપે એવું ઇચ્છીને બીઝનની ખાહેશ તૃપ્ત કરવા કહ્યું. ગીવે વાંધો લીધો કે—બીઝન કને તેનું પોતાનું બખ્તર છે ત્યારે તે મારૂં શા માટે માંગે છે? મારૂં બખ્તર; એને આપીને એની ખાતર હું મારી જિન્દગીનો ભોગ શા માટે આપું?

આ મતલબના કડવા શબ્દોથી જવાન બીઝનને બહુ માઠું લાગ્યું. તે બખ્તરની ફરીથી માંગણી કર્યા વિના ગુસ્સામાંજ ચાલી ગયો, જે જોઇ ગીવનું દિલ પિગળ્યું. તે તેની પુઠે ગયો, તેને થંડો પાડયો, અને તેને શાહ સિયાવુશવાળું બખ્તર આપ્યું, એટલુંજ નહિ પણ પોતાનો ઝડપી ચાલનો ઘોડો "શબાહંગ" પણ સવારી માટે આપ્યો. આથી બીઝન ખુશ થયો, અને સઘળી રીતે તૈયાર થઇને હુમાન સાથ લડવા નીકળી પડયો.

લશ્કરી દુભાષ્યા.

હવે તે જમાનામાં એવો રિવાજ હોય એમ જણાય છે કે સામસામા સરદારો એકબીજાની જબાન જાણતા ન હોય તો પોતાની સાથે દુભાષ્યો લઇ જાય. હુમાનને એવો દુભાષ્યો લઇ ગયલો આપણે ઉપર જોયો છે. બીઝન પોતે પણ પોતાની સાથે તુરાની ભાષા જાણનાર ઇરાની દુભાષ્યો લઇ હુમાન આગળ ગયો, અને તેને ખબર આપી કે હું તારી જોડે લડવા માંગું છું. આ વેળા સાંજ પડવા આવી હતી, અને પોતાની સામે હમ્નબર્દી કરે એવો કોઇ ઇરાની સરદાર નહિ જણાયાથી આ તુરાની સરદાર, પોતાની છાવણી તરફ પાછો ફરતો હતો. તે બીઝનની સાથે લડવાને કબૂલ થયો, અને બન્ને જણે આવતી કાલ ઉપર પોતાનું જંગ મુલતવી રાખ્યું.

હુમાન અને બીઝનનું જંગ.

બીજે દિને બીઝન અને હુમાન પોતપોતાના દુભાષ્યા લઇને બન્ને લશ્કરોથી દૂર એકાંત જગામાં લડવા ગયા. લડાઇ આગમજ તેઓએ કોલ કીધા કે જે પેહલવાન જીતે તે પોતાના હરીફના દુભાષ્યાને મારે નહિ, પણ માર્યા ગયલા શૂરવીરનાં મોત બાબેની ખબર તેનાં લશ્કરને પુગાડવા માટે સલામત જવા દે. આ ગોઠવણ કરીને બન્ને લડવૈયાઓએ પોતાના લશ્કરી પોશાક, હથિયાર, ઘોડાનાં જીન, રિકાબ, વગેરે સઘળું ઠીકઠાક કીધું, અને પછી લડાઇ શુરૂ કીધી.

પ્રથમ તેઓએ તીર ફેંકયા, પછી ભાલાથી લડાઇ ચલાવી; થોડો વાર વિસામો લઇને તેઓ હવે તલવાર અજમાવવા લાગ્યા. તેઓ થાકી ગયા તોપણ કોઇ કોઇનું લોહી વરીક ખેંચી શકયું નહિ. શમ્શીર છોડીને તેઓએ ગુર્જ ઉઠાવ્યા, અને એ લડાઇથી પરવાર્યા ત્યારે હાથોહાથની બાઝમબાઝી ઉપર આવ્યા. એકેકનો કમરબંધ પકડીને તેને ઘોડા ઉપરથી નીચે તોડી પાડવા જેહમત ખેંચવા લાગ્યા. આ ખેંચાખેંચીમાં રિકાબનાં ચામડાં તુટી ગયાં, તોપણ બન્ને પોતપોતાની બેઠક ઉપરથી ખસ્યા નહિ. અંતે તેઓ ઘોડા ઉપરથી ઉતરી પડી થાક ખાવા બેઠા, જે વેળા તેમના દુભાષ્યાઓ તેમના ઘોડા પકડી ઉભા. થોડા વારમાં તેઓ પાછા ઉઠીને ઉભા થયા, અને કુસ્તી ખેલવા લાગ્યા. આ રીતે સહવારથી નમતા પહોર સુધી તેઓ લડયા, અને બહુ થાકી ગયા ત્યારે સમજુત કરીને પાસેથી વહેતાં એક નાળાંમાં જઇ હાથ મોં ધોઇ, પાણી પી તન્દુરસ્ત થયા. આથી તેમની સુકાઇ ગયલી જબાન પાછી તાજી થઇ અને તેમને ઘણી રાહત મળી.

બીઝનના હાથ ઉપર હૂમાનનું બેજાન થવું.

તેઓ પાછા પોતાનાં કામમાં મશગુલ થયા. બન્ને જખ્મી થઇ ચુકયા હતા—બેઉ થોડા થોડા નબળા પડી ગયા હતા. આથી કોઇ વાર એક જમીનને સલામ કરતો તો કોઇ વાર બીજો નમસ્કાર કરતો. આ બન્નેમાં હૂમાન ઉમરે તેમજ બળમાં ચઢતો હતો તોપણ તેનો આફતાબ હવે ગુર્બ થવાની તૈયારીમાં હતો. બીઝન તેને કોઇબી યુક્તિથી પોતાના પંજામાં પકડવાની બાજી શોધતો હતો. અતે તેણે ડાબે હાથે હુમાનની ગર્દન પકડી અને જમણે હાથે તેની જાંગ પકડીને એક એવો જોર કીધો કે હૂમાન કમાન વળી ગયો, અને એજ હાલતમાં તેને પોતાના બન્ને હાથો વડે ઉચો ઉઠાવીને તેટલાજ જોરથી તેને જમીન ઉપર પટકયો, અને તે પાછો ઉઠીને ઉભો નહિ થાય એટલા માટે તેની ઉપર એકદમ ચઢી બેસીને બીઝને ખંજર ખેંચી કહાડી તત્કાળ તેનું સર તનથી છુટું પાડી દીધું.

આ કામ પુરૂં થતાંજ તેણે પોતાના પેદા કરનારનો પાડ માન્યો, અને પછી હુમાનનું સર પોતાના ઘોડાના જીન સાથ બાંધી લઇ તેનું ધડ ફેંકી દીધું. ફતેહમંદ બીઝનનું આ મહાભારત કામ જોઇને બન્ને દુભાષ્યાઓ તેને કુર્નેસ બજાવી શાબાશી આપવા લાગ્યા.[૧] બીઝને તૂરાની દુભાષ્યાને સધ્યારો આપ્યો કે—કોલ પ્રમાણે હું તને કશી ઇજા કરીશ નહિ; માટે બીહીશ મા.

બીઝનને મળેલી બેવડી શાબાશી.

હવે આપણા બહાદુર પેહલવાને આસપાસ જોયું તો તેને ઇરાની લશ્કર તરફ જવાનો માર્ગ તૂરાની લશ્કર ભણી જવા સિવાય બીજો કશો જણાયો નહિ. તે બીધો કે પોતાનો સરદાર માર્યો ગયો છે એમ જાણીને તૂરાની લશ્કર મારા ઉપર કીનો લેવા તુટી પડશે તો મારો જાન નાહક બરબાદ થશે. એટલામાટે તેણે સિયાવુશવાળું બખ્તર કહાડી નાખ્યું અને તેની જગા ઉપર હૂમાનનું બખ્તર તેનાં તનમાંથી કહાડી લઇને તે પોતે પહેરી લીધું અને ઘોડેસ્વાર થઇ તે તૂરાની સરદારનોજ કાળો વાવટો પોતાના હાથમાં ઉચો ઉઠાવી તૂરાની લશ્કર જે કનાબાદ પહાડ આગળથી લંબાયલું હતું તે તરફ ચાલ્યો. તેણે પોતાની કમાનનો ચિલ્લો ગઢાવેલોજ રાખ્યો હતો કે જરૂર જણાતાંજ કોઇ શત્રુને વિંધી નાખે. તૂરાની લશ્કરનાં રક્ષણ માટેના ચોકીનાં મથક ઉપરથી તે તેનાં બખ્તર અને કાળા વાવટાને લીધે હૂમાન જેવો જણાયો, અને તેથી ચોતરફથી ખબર ફરી વળી કે પીરાનનો ભાઇ પેહલવાન હૂમાન ફતેહ કરીને પાછો ફર્યો છે. આખાં લશ્કરે તેને ખુશહાલીના પુકારો કરીને મુબારકબાદી આપી ; પણ તેમની આ ખુશહાલી થોડાજ વખતની હતી. એક તરફથી બીઝન કાળા વાવટા સાથ તૂરાની હદ પસાર કરી ગયો કે બીજી તરફથી તૂરાની દુભાષ્યો છાવણીમાં આવ્યો, અને ખરી હકીકતથી તેણે પીરાનને વાકેફ કીધો, જેથી આખાં લશ્કરમાં ભારી ગમગીની ફેલાઇ, અને ફરિયાદ અને જારીના પુકારો સંભળાયા.

જયારે બીઝન ઇરાની લશ્કર કેજે રૈબદ તરફ હતું તેની નજદીક જઇ પુગ્યો ત્યારે તેણે પેલા કાળા તૂરાની વાવટાને ઉંધો પકડયો, કે જેથી ઇરાની દીદબાનો ચેતી ગયા કે આ બીઝન છે અને તે ફતેહ કરીને પાછો ફર્યો છે. ગીવ તેને સૌથી પહેલો જઇ મળ્યો, ભેટયો, અને પછી આ

૧—ફિર્દોસી લખે છે કે "ચીનમાં જેમ બ્રાહ્મણો મૂર્તિની પુજા કરે તેમ "આ દુભાષ્યાઓ બીઝનની પુજા કરવા લાગ્યા હતા." ચીનમાં મુર્તિપુજા હતી અને છે, પણ તે પુજા કરનારા કાંઈ બ્રાહ્મણો હોતા નથી. કદાચ હિંદ કહેવાની મતલબ છતાં શાયરે "ચીન" શબ્દ વાપર્યો હશે.

બન્ને બાપદીકરા નામદાર નિયાગાન ગુદર્જની આગળ ગયા, જેણે પોતાના નબીરાને પેટમાં ચાંપી, તેની ફતેહને માટે શાબાશી આપીને તેને લાયકનું ઘોડા અને ગુલામ તથા ઝવેરાતનું ઇનામ બક્ષ્યું.

હુમાનનો કીનો: તૂરાનીઓની હાર.

પેલી તરફથી પીરાને પોતાના ભાઇનો કીનો લેવા માટે નસ્તીહન નામનાં સરદારની મદદ માંગી. તેણે તેને સલાહ આપી કે ઇરાનીઓ ઉપર રાતની વેળાએ હલ્લો કરીને શબે ખૂન જગાડવી. આ મુજબ તે સરદારે બે પહોર રાત ગુજરવા પછી ગુપચુપ તૂરાની સવારોની ફોજ લઇને ઇરાની છાવણી તરફ ચાલવા માંડયું, પણ એ બાબતની ખબર ગુદર્જને મળતાંજ તેણે બીઝનને ૧૦૦૦ ચુનંદા સવારો આપી તૂરાનીઓની સામે લડવા મોકલ્યો. બન્ને લશ્કર સામસામા આવી ઉભાં ત્યારે તૂરાની ફોજ અંધારા વધારે અંધકારમાં વિંટળાયલી જણાઇ. બીઝને તેના ઉપર તીરો છોડવાનો હુકમ આપ્યો, અને નસ્તીહનના હાથમાં વીસાના ખાન્દાનનો કાળો વાવટો જોઇ તેને ઓળખીને તેના ઘોડાને તીર વડે પુરો કીધો અને પછી દોડી જઇ તે તૂરાની સરદારનું માથું ગુર્જના જર્બ લગાવી છુંદી નાખ્યું. હવે ઇરાની સવારોએ એજ રીતે ગુર્જ અને શમ્શીરથી લડાઇ ચલાવીને પોતાનાં શત્રુઓને ટીપી નાખ્યા તથા તેમનાં ડોકાં ઉરાડી દીધાં. ઘણાઓ આ રીતે માર્યા ગયા અને ઘણાઓ નાસી ગયા. ઇરાનીઓએ તેમની પુઠ પકડી, અને તૂરાનીઓને બહુ હંફાવ્યા.

જ્યારે નસ્તીહનની આ હાલતની પીરાનને ખબર પડી ત્યારે હવે તેણે લડાઇ ચાલુ કરવાનો હુકમ આપ્યો. ગુદર્જે પણ લડાઇને માટે તૈયારજ હતો. આ લડાઇનું પરિણામ ઇરાનીઓની તરફેણમાં આવ્યું. તેઓએ રૈબદનો ઇરાની કિલ્લો પાછો હાથ કીધો. તોપણ તૂરાનીઓ હજુ ઇરાનની સરહદ છોડીને પાછા ફર્યા ન હતા.

ગુદર્જનું શાહ જોગુ નામું.

આ એક દહાડાની એકજ લડાઇનું જોકે ફિરદૌસીએ કશું લંબાણ વર્ણન આપ્યું નથી, તોપણ તે ઘણી ખૂનખાર લડાઇ સંભવે છે, કારણકે એ લડાઇમાં ગોયા ઘણાખરાં ઇરાનીઓ અને તેથી વધારે તૂરાનીઓ માર્યા ગયા હોય, અને બન્ને લશ્કરો માણસો વિનાના થઇ પડયાં હોય તેમ એક તરફથી ગુદર્જે અને બીજી તરફથી પીરાને પોત પોતાના શાહો ઉપર નામાં લખાને નવાં લશ્કરોની માંગણી કીધી. ગુદર્જે શાહ ઉપર પીરાન સાથની મસ્લેહત, બીઝનની હૂમાન તથા નસ્તીહન ઉપરની ફતેહ, અને શબેખુન તેમજ બીજા દિવસની લડાઇનું સર્વ બયાન કરીને પછી એમ લખી જણાવ્યું કે—અફ્રાસિયાબ જીહૂનના ઉત્તર કિનારા સુધી આવી ઉભો છે. જો તે લશ્કર લઇ નદી પસાર કરી ઇરાનમાં ઉતરી પડશે તો તેની સામે લડવા જેટલું અમારી કને લશ્કર નથી, માટે શાહને પોતાને આ તરફ આવીને અમોને સરફરાજ કરવા જોઇશે. પણ પીરાન અત્રેથી નાસી ગયો છે તે પોતેજ જો પાછો લશ્કર લઇને લડવા આવશે તો તેની સામે થવાને અમો પુરા શક્તિવાન છિયે.

શાહ તરફની જાણવાજોગ બાતમી.

આ નામુ આપીને ગુદર્જે પોતાના એક બેટા હજીરને શાહ તરફ રવાના કીધો. પેગામ ભારી ઉતાવળનો હતો માટે હજીર રસ્તામાં કેથે ઉંઘ લેવા પણ થોભ્યો નહિ. થોડે થોડે ખટકે નવા નવા ઘોડા તૈયાર રાખવામાં આવતા હતા, તેમ તેવા તાજા ઘોડાઓ ઉપર સવાર થઇને તે વગર થોભવે વધ્યોજ ગયો, ત્યારે સાતમે દહાડે તે શાહની ખિદમતમાં જઇ ઉભો. સવળી

બિનાથી વાકેફ થઇ કય ખુસરૂએ હજીરને તેની જેહમત માટે તથા તેણે આણેલી ખુશ ખબર માટે મોટું ઇનામ બક્ષ્યું, અને પછી બીજી બામદાદે નાહી ધોઇ પાક બની શાહે જગતના પેદા કરનારની પરસ્તેશ કીધી અને બલી દુઆ ચાહી. હવે તેણે નવીસંદાને બોલાવી ગુદર્જે ઉપર જવાબ લખાવ્યો, જેમાં નવી ખબર એ આપી કે—અફ્રાસિયાબ જીહૂનના કાંઠા ઉપર આવી ઉભો છે તે કાંઇ તુરાની લશ્કરને મદદ આપવા માટે નથી, પણ ચીનનો ખાન તેના ઉપર ચઢાઇ લાવ્યો છે તેથી, તેમજ રૂસ્તમ અને લોહરાસ્પ અને અશ્કશે તેને ચોતરફથી ઘેરી લેવા માંડયો છે તેથી પોતાના બચાવને માટે નાસીને તે તુરાની શાહ નદી કિનારે આવી ઉભો છે. અગર તે ત્યાંથી આગળ વધશે તો તેનો મુલ્ક તેના દુશ્મનોના હાથમાં જશે. બીજા હાથપર રૂસ્તમે કશ્મીર અને હીંદ સર કર્યાં છે, અશ્કશને ખારેજમ ખાતે મોકળ્યો હતો તેણે શાહજાદા શીદેહને હરાવી ગુર્ગંજ તરફ નસાડયો છે. વળી લોહરાસ્પ જ્યાં જ્યાં લશ્કરો લઇ ગયો ત્યાં ત્યાં તેને ફતેહ મળી છે, માર્ગમાં સઘળા રાજાઓએ તેની તરફ દોસ્તી બતાવી છે; અને એ રીતે એલાની લોકોનો મુલ્ક તેમજ ધજ આપણા તાબામાં આવ્યાં છે. એટલામાટે અગર અફ્રાસિયાબ જીહૂન વટાવીને ઇરાનમાં દાખલ થવા માંગશે તો આ સઘળા નામદારો તેની પૂઠ પકડીને તેને હલાક કરશે. ખાતરી રાખ કે તે આ પગળું કદી ભરનાર નથી. હવે હું તુસને અત્રેથી રવાના કરૂં છું તે દહીસ્તાન, ગુર્ગાન અને આસપાસના બીજા મુલ્કો તાબે કરશે. તેની પૂઠે અમો પોતે પણ લાહોલશ્કર લઇ તારી મદદે આવી પહોંચીશું. તે આગમજ તું સફ સમારીને પીરાનને લડાઇમાં ઘસડ. જો તે આપણા પેહલવાનોને હમ્નબર્દ માગે તો તું ના પાડતો. એ તે લડાઇ માટે તલબગાર થાય તો હિમતથી સામે થજે. અગર અફ્રાસિયાબ પોતે લડવા આવે તોપણ તું બીતો રખે. હિમતથી તેની સામે થજે; વિશ્વાસથી કામ લેશે તો ખુદા તને મદદ આપશે.

શાહ તરફની નવી લશ્કરી તૈયારી.

હજીર આ શાહ તરફનું નામુ લઇને ગયો કે કયખુસરૂએ તૂસને બોલાવી તેને દહીસ્તાન તરફ એકદમ ઉપડી જઇ ખારેજમનો મુલ્ક હાથ કરવા તથા અશ્કશને મદદ ઘટે તો તે આપવા ફરમાવ્યું. તૂસના ઉપડી ગયા પછી એક પખવાડિયું રહીને શાહ પોતે ગુદર્જની મદદે એક લાખ માણસોનું મોટું લશ્કર લઇને આગળ વધ્યો. શાહ કયખુસરૂ ઘણે વર્ષે આ પહેલીજ વાર જંગમાં ઉતરેલો જણાય છે. અત્યાર સુધી તો તૂસ અને ફરીબર્જ, રૂસ્તમ અને ગુદર્જે લશ્કરોની સરદારી લઇને ઇરાનની અને શાહની સેવા બજાવી હતી; પણ આજે તો હવે ક્યાની શાહ પોતેજ લડવા જાય છે. તે નામદારનું નામું જે હજીર લાવ્યો તે વાંચીને ગુદર્જે તથા તમામ લશ્કરને મોટી ખુશહાલી ઉત્પન્ન થઇ, અને લડાઇનાં મેદાનમાં રંગરાગ અને રામશનીની જિયાફતો ચાલી.

પીરાન સુલેહ ઇચ્છે છે.

પીરાનને ખબર પડી કે ગુદર્જની મદદે શાહ કયખુસરૂ પોતે આવે છે, ત્યારે તે બહુ ગભરાયો. તેણે ઇરાની સપેહસાલારૂ ઉપર સુલેહ માટે નમનતાઇભરેલું નામું લખી લડાઇનું મોં કાળું કરવા અર્જ કીધી. તેણે ઇરાન અને તૂરાન વચ્ચે મુલકની વહેંચણી જેમ શાહ કયખુસરૂ ફરમાવે તેમ કરવાની કબૂલત આપી. તેણે ગર્ચાથી બસ્ત સુધીની અને તાલીકાનથી અંદરાબ સુધાં ફારિયાબ સુધીની ઇરાની સરજમીન, બામિયાન સુધીનાં પાંચ શેહરો અને નદીના સઘળા કિનારાઓ, ગુર્ગાનનો મુલ્ક, તેમજ

બલ્ખથી બદક્ષાન સુધીનો પ્રાંત છોડી જવાની ખુશી બતાવી, પણ સાથે તેણે એવો દાવો કીધો કે, જમ અને આમ્બીનું જંગલ ખત્લાન સાથે જોડી દેવું, અને શિગ્નાન, તિર્મિદ અને વીસાગર્દ, બોખારા અને તેની આસપાસનાં શેહરો અને ત્યાંથી સુગ્દના પ્રાંત સુધીની સરજમીન તૂરાનના કાબૂમાં રહેશે. વળી પીરાને વિશેષ એમ જણાવ્યું કે—નીમરૂજ ખાતેથી હું મારૂં લશ્કર બોલાવી લઇશ અને એ વિલાયત બહાદુર રૂસ્તમના હવાલામાં જવા દઇશ, તેમજ હિંદ સુધીનો મુલ્ક તેનાજ હાથમાં રહેશે, કે જેમાં કાસ્મીર, કાબુલ અને કંદહાર, તથા સિંધની સરહદનો મુલ્ક એ રીતે રૂસ્તમના કાબૂમાં આવશે. એજ રીતે લોહરાસ્પે અલાની મુલ્ક જીત્યો છે તે અને કાફ પહાડની વચ્ચેનો મુલ્ક શાહ કયખુસરૂને સ્વાધીન કરવાને હું તૈયાર છું, કે જે સઘળો મુલ્ક અસ્કશ પાછો જીતી લેવા આવ્યો છે. આમ થયું કે હું સઘળેથી મારાં લસ્કર બોલાવી લઇશ, અને એ રીતે આપણુ બન્ને દુસ્મન નહિ પણ દોસ્ત બનીશું. આ બાબેની ખબરથી જેમ હું અફ્રાસિયાબને વાકેફ કરીશ તેમ તું શાહને જાણીતો કરજે. જ્યારે આ કબાલા ઉપર આપણુ સહી મુકીશું ત્યારે શાહે માંગેલો સર્વ ખજાનો હું અત્રેથી મોકળી આપીશ. પછી તું માગે છે તેવા સરદારોને પણ જામિનગીરી દાખલ હું મોકળી આપીશ.

વાંચનાર યાદ કરશે કે ગુદર્જે પોતાના બેટા ગીવને એલચી દાખલ મોકલીને પીરાન કને જે માંગણી કીધી હતી તેમાંની કેટલીક તે પોતેજ હવે આપવા કબુલ થાય છે. તેણે ઉપલાંજ નામાંમાં વિશેષ એમ જણાવ્યું કે—હું નબળો છું એમ સમજતો ના. તારા કરતાં તો હું દોલતે પૂર છું. હું તો ખુદાનો ડર કરીનેજ આ નાશકારક લડાઇ બંધ પાડવા માંગુ છું. જો મારી આ સઘળી માગણી તને કબૂલ નહિ હોય અને તું લડવાજ માંગતો હોય તો ચાલો આપણુ એમ કરિયે કે આપણાં લસ્કરોમાંથી ચુનંદા નામદારોને ચુંટી કહાડી તેમની જોડી બનાવીને તેઓ વચ્ચે જંગ કરાવિયે. તું અને હું લડિયે. આથી જે નિર્દોષોની કતલ થાય છે તે નહિ થશે. જેમને તું સિયાવુશના ખૂની લેખે ગણે છે તેમનેજ હું લડાઇનાં મેદાનમાં રજુ કરીશ; પણ તારે મને આ કબૂલત આપવી કે અગર અમો તુરાનીઓ હાર પામિયે તો તારે મારાં લસ્કરને હેરાન નહિ કરતાં તેને સલામત પાછું ફરવા દેવું, અને મારો દેશ લૂટવો કે આગથી ફના કરવો નહિ. અગર હું જીતું તો હું પણ આવું કોઇ કામ કરીશ નહિ. જો તું મારો આ માગણી પણ કબૂલ રાખતો ન હોય અને મોટું જંગ કરવાનેજ તલબગાર હોય તો ચાલ તેમ કર, કે જેના ગુનાહનો બોજો તારી ગર્દન ઉપર રહેશે.

આ નામું આપીને પીરાને પોતાના બેટા રૂઇનને ગુદર્જ તરફ રવાના કીધો, જેણે તે જવાનને બગલગોરી કીધી અને ખેરઆફિયત પુછી. પછી તેને એક હફતા સુધી પોતાનો મેહમાન બનાવીને તેની અચ્છી મદારત કીધી, અને ત્યાર બાદ તેનાં નામાનો જવાબ આપી રવાના કીધો.

ગુદર્જનો જવાબ.

પીરાન તરફથી મળેલાં નામાનો જવાબ એક હફતા પછી ગુદર્જે લંબાણુથી મોકલાવ્યો, જેનો ઇતેખાબ એટલોજ હતો કે—તું આજે સુલેહની ખાંહેશ બતાવે છે, પણ એજ સુલેહ માટે મેં લડાઇ આગમજ મારા બેટા ગીવને તારી પાસે મોકલ્યો હતો ત્યારે તેં મારા સલાહનો તુચ્છકાર કરીને લડાઇ પસંદ કીધી હતી. દરેક લડાઇમાં પહેલ તારીજ છે. તું મુલ્ક આપવા અને જામિનગીરી દાખલ તુરાની નામદારો મોકલવા તેમજ ખજાનો રજુ કરવા લખે છે; પણ હવે એવું કાંઇપણ કબૂલ રાખવાની અમને નામ-

દાર શાહ તરફની મના છે. અમો તો હવે સિયાવુશનાં ખૂનનો બદલો ખૂનથીજ લેવા માંગિયે છિયે. તારે ગમે તો તું લહ્રાક અને રૂઇનને ખજાના સાથ શાહ તરફ રવાના કરી તે નામદારની મેહરબાનગી મેળવ. તું અમારા ઇરાની મુલુક ખાલી કરી આપી તુરાન પાછો ફરવા કહે છે તેનું જાણવું એ જે એ મુલ્કો તો અમારા હાથમાં અત્યાર આગમજના આવી ચુકેલા છે. ખજરની આથમણુ સુધીનો મુલ્ક શાહજાદા લોહરાસ્પ જીતી ચુકયો છે; દક્ષિણે સિંધ સુધીનો મુલ્ક જેહાંપેહલવાન રૂસ્તમે તાબે કરી લીધો છે, તથા હિંદુસ્તાનના મહારાજાને તેના કાળા વાવટા સુધાં શાહ તરફ બંધવા દાખલ મોકલી આપ્યો છે. દહીસ્તાન ખારજમ અને બીજા જે પ્રાંતોમાં તુરાની અમલ હતો ત્યાંનાં મેદાનોમાંથી દરોડો પડનારાઓને હાંકી કહાડીને સમાધાની પાંથરી દીધી છે. અમારા ઇરાની નામદાર અશ્કશે તારા તૂરાની શાહજાદા શીદેહને માર મારી નસાડયો છે અને ઘણીએક લુટ તથા સંખ્યાબંધ બંધવાઓને ઇરાન મોકલી આપ્યા છે. હવે તો આપણુ બન્ને વચ્ચેનીજ લડાઇ બાકી છે. અગર તારે વધારે બિના જાણવી હોય તો મને જાતે મળ. તારા બોલ ઉપર મને મુતલક વિશ્વાસ નથી. તેં ઘણીવાર કોલ તોડયા છે. તારેજ લીધે સિયાવુશ જાનથી ગયો છે. અમો તો મોટું જંગ કરવા માંગિયે છિયે. તારી કને પુરતું લસ્કર નહિ હોય તો તારા શાહ તરફથી મંગાવ. જો તું લડવા નાજ પાડતો હોય તો પછી તું સુચવે છે તેમ ચુનંદા નામદારોનાં જોડકાં ઠરાવી તેઓ વચ્ચે લડાઇ કરાવીશું.

આ નામું રૂઇનને સપોર્દ કરતી વેળા ગુદર્જે તે જવાન તૂરાનીને તેના ઓધ્ધાને લાયકનો પોશાક તથા હદિયો એનાયત કીધો, તેમજ તેની સાથે જે તુરાની રસાલેદાર આવ્યા હતા તેમને પણુ નવાજ્યા. પીરાને ગુદર્જે તરફનો જવાબ વાંચીને અફ્રાસિયાબ ઉપર પેગામ મોકલાવી કહેવાડયું કે, ઇરાનનો શાહ પોતે લડવા આવે છે વાસ્તે તારે, પોતે પણ આવવું. પણ અફ્રાસિયાબે ૩૦૦૦૦ નવું લસ્કર મોકલાવી પીરાનને જણાવ્યું કે—કયખુસરૂ પોતે આવતો નથી પણ તૂસની સરદારી તળે તેણે નવું લસ્કર મોકળાવ્યું છે.

બન્ને લશ્કરો વચ્ચે મોટું જંગ.

નવી મદદો પીરાનને તેમજ ગુદર્જને આવી મળે તે આગમજ, ઇરાની અને તુરાની લસ્કરો વચ્ચે અંતે એક મોટું જંગ જામ્યું. ફિર્દૂસી મુજબ તે એવું ભયંકર જંગ હતું કે બહમન[1] મહિનાની રાતના જેવું અંધારૂં ધોળે દિસે થઇ પડયું. આ ભયંકર લડાઇ દરમિયાન પીરાને પોતાના બે નામદારો લહ્રાક અને ફર્શીદવર્દને ફરમાવ્યું કે તમારાં લશ્કરને ત્રણ ભાગમાં વહેંચી નાખો, અને સૌથી સરસ લડવૈયાઓને પાછળા ભાગ ઉપર શેવટની મદદને માટે રાખીને બાકીના બેઉ ભાગો લડતાં લસ્કરની બન્ને પાંખે લઈ જાઓ. વળી તેણે ફરમાવ્યું કે લહ્રાકનું લસ્કર પહાડ તરફ અને ફર્શીદવર્દનું નદી તરફ લઇ જવું.

તૂરાની લસ્કરની આ નવી હીલચાલની ખબર ગુદર્જને પડતાંજ તેણે ગીવને ફરમાવ્યું કે પહાડ અને નદી તરફનાં ઇરાની લસ્કર ઉપર તૂરાનીઓ ચઢી આવે છે માટે ત્યાં મદદનાં લશ્કરો મોકલી આપવાં અને તારે પોતે લસ્કરના આગળા ભાગ ઉપર ધસી જઇ તુરાનીઓ ઉપર હલ્લો કરવો.

૧—વાર્નર આને બદલે "શિયાળાની રાત" જેવા અંધકાર" એમ તરજુમો કરે છે. આ ઉપરથી જણાય છે કે આપણા શાયરના જમાનામાં બહમન મહિનો શિયાળામાં પડતો હતો. આજે આપણી તરફ બહમન મહિનામાં વરસાદ પડે છે. વરસાદમાં કાંઇ લડાઇ ચાલતી નથી. જો બહમનમાં આ રીતે શિયાળો હોય તો ફરવરદીન વસંત યાને બહારની મોસમ ઉપર આવતો હોવો જોઇએ. એક હજાર વર્ષ ઉપર જો આમ ફરવરદીન માર્ચની મુકાબેલ આવ્યો હોય તો આજે કબીસાની કસર ગણતરીમાં નહિ લેવાયાથી બહમન જે થંડીનો મહિનો હતો તે ચોમાસામાં પડે છે.

ગીવે ફરહાદને પોતાનાં લશ્કરની સરદારી સોંપી, અને જંગાને બશો ચુનંદા સવારો આપીને ફર્શીદવર્દની સામે મોકલ્યો, ગુર્ગીનને તેટલાજ સવારો સાથ બીજા ભાગ ઉપર રવાના કીધો, અને બીઝનને તૂરાની લશ્કરના મધ્ય ભાગમાં પીરાન ઉપર હુમલો કરવાનું સોંપ્યું.

આ રીતે પીરાનની બાજી ગીવે ફેરવી નાખી, અને પરિણામ તૂરાનીઓની ભારી શિકસ્તમાં આવ્યું. રૂઇન પોતે પણ ઇરાનીઓ સામે ટકી નહિ શકાયાથી નાસી ગયો અને એ રીતે જ્યારે ગીવે પીરાનને એકલો પડી ગયલો જોયો ત્યારે તે તેના ઉપર ધસ્યો. તેઓ બન્ને વચ્ચે જબરી મારામારી ચાલી, અને અનેક વાર ગીવના હાથમાં પીરાન આવ્યા છતાં તે છટકી જવા પામ્યો. ગીવનો ખિજવાટ આથી બહુ વધી ગયલો જોઇને તેના બેટા બીઝને તેના કાનમાં ફુક મારી કે—અય પિદર, શાહ કયખુશરૂની આ વાણી છે કે પીરાન અનેક લડાઇઓમાંથી સલામત બચી જશે, કારણ કે ગુદર્જના હાથ ઉપર તેનું મોત છે.

ફસલ ૩—"જંગે યાજદેહ રૂખ."

અગ્યાર પેહલવાનોનાં જોડકાં.

પીરાન છટકી ગયો ત્યારે લહાક અને ફર્શીદવર્દ ગીવ સામે લડવા આવ્યા. આ હાથો હાથની લડાઇમાં બીજા અનેક ઇરાની તથા તૂરાની સરદારોએ પણ ભાગ લીધો. અંતે રાત પડી ત્યારેજ આ લડાઇ બંધ પડી. બીજે દિને બેઉ લશ્કરો પાછાં સામસામાં આવી ઉભાં. એ વેળા ગુદર્જ અને પીરાન વચ્ચે મુલાકાત થઇ, અને એવું ઠર્યું કે નીચે મુજબના ઇરાની તથા તૂરાની પેહલવાનોનાં જોડકાં બનાવીને લડાઇનો અંત આણવો:—

૧—ગુદર્જ અને પીરાન.
૨—ગીવ અને ગુર્વી.
૩—ફરીબોર્જ અને કુલ્બાદ.
૪—રહામ અને બાર્માન[1].
૫—ગુરાજેહ અને સિયામક.
૬—ગુર્ગીન અને અંદરીમાન.
૭—બીઝન અને રૂઇન.
૮—બર્તેહ અને કોહરમ.
૯—ફરૂહિલ અને જંગુલા.
૧૦—જંગા અને અખાસ્ત.
૧૧—હજીર અને સિપેહરમ.

આ જોડકાંઓની લડાઇ "જંગે યાજદેહ રૂખ" યાને "૧૧ હાથીઓ (નામદારો) વચ્ચેનાં યુદ્ધ" દાખલ ઓળખાઇ છે.

બન્ને લશ્કરો—ઇરાની અને તૂરાની—જ્યાં સફ સમારી ઉભાં હતાં ત્યાં બે ડુંગરો હતાઃ ઇરાનીઓને મૂખડે રૈબદ અને તૂરાનીઓને મૂખડે કનાબદનો ડુંગર હતો. આ બન્ને ડુંગરો વચ્ચેનાં મેદાનમાં હાલનાં લશ્કરોની લડાઇઓ ચાલી હતી. અહીં આ લશ્કરોને ઉભેલાં રાખીને ઉપલાં જોડકાં એલાહેદી જગા ઉપર લડવા ચાલ્યાં. બન્ને પક્ષના લડવૈયાઓને હુકમ હતો કે તેઓએ પોતાના શત્રુને ઠાર કીધા પછી તેનો વાવરો લઇ ડુંગર ઉપર આવીને પોતાની જીત સાબેત કરવી.

"યાજદેહ રૂખ" ની લડાઇ.

આ ગોઠવણ મુજબ સઘળાં ૧૧ જોડકાં એક પછી એક લડયાં. પ્રથમ કાઉસ શાહનો બેટો ફરીબુર્જ અને પીરાનનો ભાઇ કુલ્બાદ લડયા, જેમાં પહેલાએ બીજાનું બદન છેક ઉપરથી કમર સુધી ચીરી નાખ્યું, પછી કમંદ વડે તેને પોતાના ઘોડા સાથ બાંધી લઇ ડુંગર તરફની રાહ ધરી.

આ પછી ગીવ અને ગુર્વી લડયા, જેમાં પહેલાના ગુર્જના જરબથી બીજો બેહોશ બની જમીન ઉપર પડયો. ગીવે તેના હાથ તેની પિઠ

[1] ૧—આ કયો બાર્માન ? પીરાનનો એ નામનો ભાઇ તો અત્યાર આગમજનો માર્યો ગયો હતો. જુઓ અગાડી, સફે ૨૦૯.

પાછળ બાંધી લીધા, અને પછી તેને પોતાના ઘોડાની આગળ દોડાવતો ડુંગર ઉપર લઇ ગયો.

એજ રીતે ગુરાજેહ સિયામક ઉપર ફાવ્યો જેમાં ઇરાની નામદારે પોતાના હરીફને જમીન ઉપર એવો પટકયો કે તત્કાળ તેનો જાન નીકળી ગયો. ગુરાજેહે તેને પોતાના ઘોડા સાથ બાંધી લીધો, અને પછી સિયામકનો વાવટો તથા તેના ઘોડાની લગામ પોતાના હાથમાં લઇને તે સુધાં ટેકરી ઉપર ચઢી ગયો.

આ લડાઇ બાદ ફરૂહિલ અને જંગુલાનાં જંગની વારી આવી, જેમાં જંગુલાનું સર કાપી લઇને ઇરાની સરદાર ટેકરી ઉપર જઇ પુગ્યો.

પાંચમું યુદ્ધ રહ્હામ અને બાર્માન વચ્ચે થયું, તેમાંબી ઇરાની નામદાર, કેજે ગુદર્જનો બેટો હતો, તેનીજ ફતેહ થઇ. બાર્માને પોતાને જખ્મી થયલો જોઇ નાસવા માંગ્યું, પણ રહ્હામે તેનાં કાળજામાં ભાલો ભોકી દઇ તેને પુરો કીધો. તેણે તેનાં તાજા ગરમ લોહીથી પોતાનો ચેહરો ધોયો, અને પછી તેનાં લટકતાં માથાં અને પગ સાથ તેને ઘોડા ઉપર ઉઠાવીને ડુંગર ઉપર પોતાના સોહબતીઓને તે જઇ મળ્યો.

બીઝન અને રૂઇનનું જંગ પણ ભારી હતું. આ છઠી જોડકીવાળા તૂરાની નામદારને પોતાના ગુર્જ વડે બીઝને જમીનદોસ્ત કીધો અને તેનું માથું કાપી તેને પોતાની જોડે લઇ તે ડુંગર ઉપર ચઢી ગયો.

સાતમી જોડીવાળો હજીર ગુદર્જનો બેટો અને સિપેહરમ શાહ આફ્રાસિયાબનો ખેશી હતો. ઇરાની નામદારે પોતાના તૂરાની હરીફનું માથું ચીરી નાખ્યું અને પછી તેને ઘોડા સાથ બાંધી લઇ ડુંગર ઉપર દેખાવ દીધો.

ગુર્ગીન અને અંદરીમાન આઠમી લડાઇ લડયા. ગુર્ગીનના તીરથી તેનો શત્રુ વિંધાઇ બેજાન થયો, જેનું મુડદું ઘોડાપર ઉઠાવીને આ બુઝર્ગ સરદાર ઇરાની સાથીઓને જઇ મળ્યો.

નવમી લડાઇમાં ઇરાની સરદાર બર્તા પોતાના તૂરાની હરીફ કોહરમ ઉપર ફાવ્યો. કોહરમે નાસવા માંડયું ત્યારે બર્તાએ પુઠે જઇ તેનું માથું ફાડી નાખ્યું અને પછી તેની લાશ ઉપાડીને ટેકરી તરફનો રસ્તો લીધો.

દશમું જંગ જંગેહ શાવરાન અને અખાસ્ત વચ્ચે મચ્યું, જેમાં જંગેહ જીત્યો અને અકહાસ્તને ઉપાડી તેના ઘોડા સુધાં મેદાન છોડી ગયો.

ગુદર્જ અને પીરાનનું જંગ.

હવે સૌથી છેલ્લું જંગ બાકી રહ્યું, અને તે ગુદર્જ અને પીરાન વચ્ચેનું હતું. પીરાને જ્યારે મેદાનમાં પોતાના સઘળા નામદારોને કપાઇ ગયલા જોયા ત્યારે તેને લાગ્યું કે હવે તેની પોતાની પણ આખેરી આવી છે. શાયર લખે છે કે દિવસને નવમે કલાકે તેઓ વચ્ચે જંગ શુરૂ થયું. લાંબો વખ્ત સુધી તેઓ લડયા, પછી તેઓએ એકેક ઉપર તીર છોડવા માંડયાં. ગુદર્જે પ્રથમ પીરાનના ઘોડાને માર્યો, જે જેવો પડયો તેવોજ પીરાન તેની નીચે તુટી પડયો અને તેના ભારથી તેનો જમણો હાથ ભાગી ગયો. જેમ તેમ કરીને પીરાન ઉભો થયો, અને પોતાની આવી બની છે એમ જાણવા છતાં તેણે જીવ બચાવવા નાસવા માંડયું. તે પોતાના લશ્કર ભણીના પહાડ ઉપર ચઢી ગયો, કે જયાં કોઇ ન હતું. પણ ગુદર્જે તેની પૂઠ પકડી. તેણે પીરાનને પુકાર મારીને કહ્યું કે—અય નામદાર, એ તને શું થયું છે કે એક શિકાર નાસે તેમ તું મારી આગળ આગળ દોડે છે? અય સપેહસાલાર, તારાં લશ્કર કયાં ગયાં! તારૂં બળ અને તારો ખજાનો, તારી જવાંમર્દી અને તારૂં ડહાપણ, એ બધાં કયાં ગયાં! હવે તારો ફરેબ ચાલવાનો નથી. તારી આવી બની છે માટે જીવતદાન માંગ, કે હું તને મારા નામદાર શાહ આગળ જીવતો પકડી લઇ જાઉં. તું જઇફ છે વાસ્તે તે નામવર દયા કરીને તારો જાન બક્ષશે.

પીરાને હવે જાન માંગવાની ના પાડી, અને લડાઇમાંજ જીવ આપવાની ખુશી બતાવી. ગુદર્જે ટેકરી ઉપર ચઢવા ચાહ્યું, પણ તેને માર્ગ જણાયો નહિ. તે ઘોડાપરથી ઉતરી, હાથમાં ઢાલ તથા ભાલો લઇને પહાડ ઉપર ચઢયો. આ જોઇને પીરાને ટેકરીને મથાળેથી તીર ફેંકે તેમ એક ભાલો ગુદર્જ ઉપર એવા જોરથી ફેંકયો કે જેથી તેનો હાથ જખ્મી થયો. હવે ગુદર્જ બહુ ખિજાયો. તેણે નીચેથી એક તીર પીરાન ઉપર એવો સાએત છોડયો કે જે તેનાં પેટમાંથી કાલજામાં થઇને બાહેર નીકળી ગયો. પીરાન ચક્ર ખાઇને પડયો અને તેનો પ્રાણ નીકળી ગયો. ગુદર્જે મથાળે જઇને પોતાના હરીફનો આ હાલ જોયો. તેણે તરત પોતાનો હાથ લંબો કરી પીરાનનું લોહી ઝીલીને તે પીધું, તથા પોતાના ચેહરા ઉપર મસળ્યું, અને પછી પોતાના હરીફનું ડોકું કાપી લેવાનો વિચાર કીધો. પણ તેમ કરવું પોતાને લાયક નહિ જણાયાથી દાના ગુદર્જે પીરાનનો વાવટો તેની લોથની નજદીક ઉડતો કીધો, અને તેના છાંયડામાં આ તૂરાની સપેહસાલારને પડતો મેલીને પોતાના જખ્મી હાથ સાથ તે પોતાના સાથીઓને જઇ મળ્યો.

ઇરાનીઓની જીત.

તેના આ નામદારો તો ગુદર્જને કેટલોક વખત સુધી પાછો ફરેલો નહિ જોઇને ભારી ગભરાટમાં પડયા હતા. ગુદર્જે પોતાના બેટા રહ્હામને નિશાની આપીને ટેકરી ઉપર મોકલાવી પીરાનની લાશ ત્યાંથી મંગાવી, અને તે લાવ્યા પછી સઘળાઓ પોત પોતાના હરીફ તુરાનીઓનાં સર તથા મુર્દા લઇને ટેકરી ઉપરથી ઉતર્યા અને ઇરાની છાવણી તરફ ચાલ્યા. આ સઘળા શત્રુઓમાં એક ગુર્વીજ એવો હતો કે જે જીવતો પકડાયો હતો. તેનાં ગળાંમાં તોક હતી અને તેનાં હાથ પિઠે બાંધેલા હતા. તેને આગળ ચલાવી સઘળા પુઠે ચાલ્યા. છાવણીની સરદારી ગુસ્તેહમને સોંપવામાં આવી હતી, તેણે તેનો કુલ એખ્તિયાર પાછો સપેહસાલારને હવાલે કીધો.

તૂરાની લશ્કરની તાબેદારી.

પેલી તરફથી જ્યારે તૂરાનીઓને પીરાન સુધાં પોતાના સઘળા નામદારો માર્યા જવાની ખબર મળી ત્યારે તેઓમાં મોટી દિલગીરી અને દેહશત પેદા થઇ. લહ્હાક અને ફર્શીદવર્દ નામના પીરાનના બે ભાઇઓજ જીવતા રહેવા પામ્યા હતા, જેમને તેમના વડા ભાઇની એવી નસીહત હતી કે—જો આપણી શિકસ્ત થાય તો લડાઈ ચાલુ રાખતા ના; લશ્કરને ભરૂસે રહેતા ના; પણ તમો બન્ને તૂરાનની રાહ લેજો.

આ ઉપરથી આ બન્ને તૂરાની સરદારોએ પોતાનાં લશ્કરમાં જાહેર કીધું કે—તમારે માટે ત્રણ રસ્તા છે; જો તમો ઇરાની શાહની પનાહ માંગવા ચહાતા હો તો તેમ એકદમ કરો; પીરાનને ઇરાની સપેહસાલાર સાથ કરાર થયલા છે કે શિકસ્ત પામનાર લશ્કરને વધારે હલાક કરવું નહિ, વાસ્તે તમો જો તૂરાન જવા માંગતા હો તો તમને અટકાવનાર કોઇ નથી; અને છેલ્લે, અગર તમો લડાઇ ચાલુ રાખવા માંગતા હો તો તેમ કરો. આ ત્રણમાંથી ગમે તે રસ્તો એખ્તિયાર કરો. જો લડવા ચહાતા હો તો પીરાનની મદદે શાહ અફ્રાસિયાબે નવું લશ્કર મોકળાવ્યું છે તે આવી પુગે ત્યાંસુધી સબુરી પકડજો.

આના જવાબમાં તૂરાની લશ્કરે જણાવ્યું કે અમો તો શાહની પનાહ માંગીશું, કેજે પોતાના લશ્કર તરફ ભારી મમતા બતાવે છે. —

પીરાનના ભાઇઓની નાસભાગ.

આ જવાબ સાંભળીને લહ્હાક અને ફર્શીદવર્દે તૂરાનની રાહ ધરી. તેમની જોડે બીજા ૧૦ તૂરાની સિપાહો હતા. માર્ગમાં ઇરાની ચોકી વટાવતાં આ સઘળા સાથીઓ લડાઇમાં કપાઈ

ગયા, અને ઇરાનીઓના આઠ માણુસો બેજાન થયા તોપણુ ઉપલા બન્ને સરદારો તો છટકી જવા પામ્યા.

આ બાબેની ગુદર્જને ખબર પડતાં તેની માંગણી ઉપરથી ગુસ્તેહમ ઉપલા નાઠેલા સરદારોને પકડવા દોડયો. બીઝનને ગુસ્તેહમ સાથ ઘણી મોહબ્બત હતી, માટે પોતાના દોસ્તની મદદમાં તેણે જવા માંગ્યું, પણ ગુદર્જ અને ગીવ એ બન્ને મુરબ્બીઓએ તેને આ કામથી વાર્યો. અંતે તે જવાનની બોહોસ ફાવી અને તે ગુસ્તેહમની મદદે ગયો.

ગુસ્તેહમે પ્રથમ ફર્શીદવર્દ અને ત્યારબાદ લહ્હાક સાથ લડીને તેમને પુરા કીધા, પણ તે પોતે પણ લહ્હાકના હાથ ઉપર મરણતોલ જખ્મી થયો. તેને બેભાન હાલતમાં બીઝને દીઠો. તેનો જખ્મ ધોઇ સાફ કરી તે ઉપર પાટો બાંધ્યો, અને એક તુરાનીની મદદથી લહ્હાક તથા તેના બાઇનાં ડોકાં કાપી લઇ ગુસ્તેહમને તેમના ઘોડા ઉપર સુવાડી બીઝન પાછો છાવણી તરફ આવ્યો.

શાહ કયખુસરૂની પધરામણી.

બીઝન પોતાના મરતા દોસ્તને લઇને ઇરાની છાવણીમાં આવી પુગો તે આગમજ શાહ કયખુસરૂ પોતે લશ્કર લઇને રૈબદ ખાતે બારી દાદમાદથી આવી પુગ્યો હતો. આથી લશ્કરમાં બારી ખુશહાલી પથરાઇ. ગુદર્જ અને સઘળા નામદારો પગે ચાલતા તેને ઇસ્તેકબાલ ગયા, અને પછી મોટી સવારી સાથ તેઓ છાવણીમાં આવ્યા, જ્યાં શાહને દિલોજાનની બર્યો આવકાર મળ્યો.[1] શાહ પાદશાહી હાથી ઉપર સવાર થયલો હતો, એવી મતલબથી કે સર્વે કોઇ તેને જોઇ શકે. પ્રથમ તમામ લશ્કર કયખુસરૂને નમન કરતું પસાર થઇ ગયું, અને તે બાદ ગુદર્જ તથા તેની સાથના નામદારો જેઓએ પોતાના તુરાની હરીફો ઉપર જીત મેળવી હતી તેઓ તેમનાં સર ઘોડાની દુમચીએ લટકાવીને શાહ આગળ હાજર થયા. ગીવે પેલા ખૂની ગુર્વીને જીવતો રજુ કીધો, કેજે ચંડાળે શાહ સિયાવુશને જબેહ કીધો હતો.

આ ફતેહની વાતો સાંભળીને શાહ ખુદાના શુક્ર બજા લાવ્યો, અને એટલો બધો ખુશ થઇ ગયો કે તેણે ઉપલા નામદારોને કહ્યું કે—મારો પાદશાહી ખજાનો તમને ઇનામમાં આપીશ, અને મારો જમણો હાથ તમારા હાથમાં આપવાને ખુશી થઇશ.

પીરાન માટે શાહની દિલગીરી.

કપાઇ ગયલા તુરાની સરદારોની તપાસ લેતાં જ્યારે શાહની નજર બુજર્ગ વજીર પીરાન ઉપર પડી ત્યારે તેને બહુ લાગ્યું. પીરાને પોતાની તરફ પોતાના જન્મ આગમજથી બતાવેલી રહેમ શાહને યાદ આવી. તેની ખુબીમાં કેટલાક સખુનો કહીને શાહે પીરાનની લાશને કસ્તુરી અને ચોખ્ખા કપુર તથા ગુલાબ જળથી ધોઇ સાફ કરવા ફરમાવ્યું, અને પછી તેમાં કસ્તુરી અને કપુર બરીને તેને રૂમી પોશાક પહેરાવ્યો, અને પહાડ ઉપર તેનું દખ્મુ બનાવ્યું, અને એક બીજું દખ્મું બાંધીને તથા તેમાં ઉંચા દરજ્જાના શાહજાદાઓને લાયકનાં તખ્ત ગોઠવાવીને તે ઉપર સઘળા કપાઇ ગયલા તુરાની નામદારોની લાશ

[1] ૧—ફિર્દુસી જણાવે છે કે આવકાર દેતી વેળા સર્વેએ શાહને એવા શબ્દોથી વધાવી લીધો હતો કે—ભલે પધાર્યા અમારા નામદાર શાહ અને વડા ધર્મગુરૂ !

એક શાહ તેજ વડો ગુરૂ પણ હોય, એ બિના વાંચનારને નવાઇ જેવી લાગશે, પણ ફિર્દુસીનાં શાહનામાની અનેક સચ્ચાઇઓની આ પણ એક છે. આગળા કયાની પાદશાહો જેમ દેશના તેમજ દીનના, પણ પેશવા હતા. રૈયતના તેમજ ધર્મના તેઓ રક્ષક હતા, એટલુંજ નહિ પણ વડા ધર્મગુરૂનો ઓહ્દો પણ તેઓજ ધરાવતા હતા. તેઓ priest-kings હતા. પવિત્ર અવસ્તામાંથી એ બાબેની સાબેતી મળે છે. આગળ બેબીલોન્યન અને એસીર્યન પાદશાહો જેઓ ઇરાની નહિ પણ સેમિટિક ટોળાના હતા, તેઓમાં પણ પાદશાહનો દરજ્જો ઉપર મુજબ બેવડો હતો.

મુકાવી, જેમની કમરે કમરબંદ અને માથે તાજ પહેરાવેલાં હતાં.

ખૂની ગુર્ગીનું માથું કપાવી તેની લાશના ટુકડા કરીને શાહના હુકમથી તેમને નદીમાં ફેંકી દીધા.[1]

તૂરાની લશ્કર શાહને તાબે થાય છે.

હવે શાહે પોતાના નામદારોને ઇનામો આપ્યાં. ઇસ્ફહાનના તાજોતખ્ત ગુદર્જને એનાયત થયાં, અને બાકીનાઓને તેમનાં કામ મુજબના પોશાક અને ઇનામ મળ્યાં.

આ પછી તુરાની લશ્કરે શાહને તાબે થવા માટેનો પેગામ મોકલ્યો, જે લઇને તેના તરફથી એક સરદાર હાજર થયો, અને માફી ચાહી. કયખુસરૂએ તેમની તકસીર એકદમ માફ કીધી, અને કહ્યું કે—તમો સર્વેનું હું રક્ષણ કરીશ; તમોમાંથી જેઓ પોતાને વતન પાછા ફરવા ઇચ્છતા હોય તેઓએ બેફિકર તૂરાનની રાહ પકડવી, તેમને કશી અડચણ આવશે નહિ; અને જેઓ અહીં રહેવા માંગતા હોય તેઓને તેમ કરવાની છુટ છે.

આ હુકમ સાંભળીને સઘળાઓએ શાહની નોકરીમાં રહેવાની ખુશી બતાવી. આ ઉપરથી પ્રથમ તેમનાં હથિયાર અને બખ્તર છોડાવવામાં આવ્યાં, જેથી બનેલા ગંજાવર ઢગલાની આસપાસ પોતાના રંગ બેરંગીન વાવટા અને ઝુંડા ફરતા ગોઠવીને તેઓએ કસમ લીધા કે—અમો જિંદગી સુધી શાહના સેવક અને ગુલામ થઇને રહીશું અને તેના તરફ અંતઃકરણથી વફાદારી બતાવીશું.

શાહે તેમની જે કાંઇ કસુર હતી તે માફ કીધી, અને તેઓને પોતાના જુદા જુદા મુલ્કો ખાતે વહેંચી નાખ્યા.

ગુસ્તેહમની જખ્મી હાલત.

હવે ગુસ્તેહમને મરણતોલ હાલતમાં લઇને શૂરો બીઝન છાવણીમાં આવી પુગ્યો અને શાહને કુર્નસ બજાવી તેણે પોતાનો હેવાલ જાહેર કીધો. ગુસ્તેહમ મરણ કાંઠે છે અને તે નામદાર શાહના દીદાર જોવાની ખાહેશ ધરાવેછે એમ જાણીને કયખુસરૂએ તેને પોતાની આગળ ઉચકાવી મંગાવ્યો, જેણે તે નામદાર ઉપર પોતાની નજર કરીને ખુશી બતાવી. તેનો આ હાલ જોઇને શાહનું હૈડું ભરાઇ આવ્યું. પછી પાદશાહ હુશંગ અને જમશેદ અને તેહમુરસના જમાનાનું એક બાજુબંદ કયાની શાહોને વારસામાં મળેલું છે એવી કયખુસરૂને યાદ આવી ગયાથી પોતે પોતાની બાજુએથી તે છોડીને ગુસ્તેહમની બાજુએ બાંધ્યું. કહેછે કે આ ઝવાહિરની ખુબી એ હતી કે જખ્મી માણસનો જખ્મ તેથી રૂઝાતો હતો. આમ કર્યા ઉપરાંત શાહે હિંદી, રૂમી, ચીનાઇ, તુરાની અને ઇરાની એ સઘળા હકીમો જે પોતાની જોડે હતા તેમની બરદાસ્ત હેઠળ તે ઇરાની પેહલવાનને મુકયો, એટલુંજ નહિ પણ તેના જાનની સલામતી માટે સઘળી જાતનાં પવિત્ર મંત્રો પઢાવ્યાં[1] તથા પોતે જાતે યઝદાંની બંદગી કીધી અને ગુસ્તેહમને માટે દુઆ ચાહી.

૧—આ ઉપરથી એવું જણાય છે કે લાશને નહિ અડકવા અને તેનો ભક્ષ કરવા માટે પક્ષીઓને આપી દેવાનો જે રિવાજ હાલ છે અને સાસાની જમાનામાં હતો તે શાહ કયખુસરૂના સમયમાં ન હતો. વળી લાશને પાણીમાં નાખવાનો તે જમાનામાં ગુનાહ ગણાતો ન હતો. લાશમાંથી ખલીચો કહાડી નાખીને તેમાં મસાલો અને સુગંધી ભરવાનો તે સમયમાં રિવાજ હશે, તેમજ વળી હાડકાં સલામત રાખવાનો વિચાર પણ તે વેળા હોવો જોઇયે. જે મકાન શાહ કયખુસરૂના ફરમાવ્યાથી પહાડ ઉપર બાંધવામાં આવ્યું તે પાછળા જમાનામાં જણાયલું "અસ્તોદાન" યાને હાડકાં જાળવી રાખવાની જગા જેવું હશે. વળી વંદીદાદમાં લાશને ઉંચી જગાએ બાંધકામ કરીને રાખવાનું જણાવ્યું છે તેને મળતુંજ આ અસ્તોદાન હશે.

૧—અસલી આર્યોને મંત્ર ઉપર વિશ્વાસ હોય એમ જણાય છે. ઇરાની આર્યોમાં હિંદુ આર્યો જેવાં મંત્રો હોય એવું અવસ્તાવાણી ઉપરથી જણાતું નથી પણ ખોરદાદ યશ્ત, બેહરામ યશ્ત, વગેરે તેમજ અર્દીબેહશ્ત યશ્તમાં જે માંથવાણી છે તે ઉપરથી જણાય છે કે ઇરાની આર્યો પણ પોતાનાં મંત્ર યાને માંથ ધરાવતા હતા અને તેની ખુબી સમજતા હતા.

ખરી દોસ્તીની ફતેહ.

એક પખવાડિયું સુધી ગુસ્તેહમની માવજત ચાલુ રહ્યા પછી તેની હાલત સુધરતી ગઇ અને એ રીતે તે મરતો બચ્યો. જો જવાન બીઝન તેની પુઠે ગયો ન હોત તો તુરાની જંગલમાં ગુસ્તેહમ પોતાના જખ્મનો ભોગ થઇ પડયો હોત. ગુસ્તેહમ ઘોડા પર સવાર થઇને શાહને નમસ્કાર કરવા ગયો, જેણે ખુશ થઇને બીઝનના હાથમાં તેનો હાથ આપી તેમની ખરી દોસ્તીની સ્તુતિ ગાઇ.

નવી લડાઇની તૈયારી.

બીજું એક અઠવાડિયું શાહ રૈબદ ખાતેજ રહ્યો અને લાયક માણસોને નવાજયા. આ પછી તેણે કાસદો અને પેગામીઓ મોકલીને આસપાસના મિત્રાચારી ધરાવનારા અમીરો અને રાજવંશીઓને પોત પોતાનાં લશ્કર તૈયાર કરીને શાહની દરબારમાં હાજર થવાનો હુકમ કીધો, અને તેમને ખબર આપી કે—ગંગના શાહ સાથ જંગમાં ઉતરવાનો અમારો ઇરાદો છે.

આ કંગ તે તુરાની અફ્રાસિયાબનું પાયતખ્ત હતું, જ્યાં ચઢાઇ લઇ જવાનો અને હવે તેના ઉપર પોતાના નિર્દોષ બાપ શાહ સિયાવુશનો ખાસ કીનો લેવાનો ઇરાદો હતો. આ નવી લડાઇનું બયાન આપણે નવાં પ્રકરણમાં વાંચીશું.

[અફ્રાસિયાબનો અંત.]

ફસલ ૧—અંતની શુરૂઆતઃ શીદેહની કતલ અને અફ્રાસિયાબની પહેલી નાસભાગ.

ઇરાની લશ્કરોની ગોઠવણ.

ઇરાનીઓ ઉપરની છેલ્લી મોટી ફતેહ ઉપરથી હિમ્મત પકડીને શાહ કયખુસરૂએ હવે અફ્રાસિયાબે જીતી લીધેલા પોતાના તૂરાનની સરહદ ઉપરના મુલ્કો હાથ કરી લેવા તેમજ ખુદ તૂરાનનાં પાયતખ્ત ઉપર ચઢાઇ લઇ જવાનો ઠરાવ રાખ્યો, અને તે માટે જોઇતાં લશ્કર તૈયાર કરવા માંડયાં. રૂસ્તમ અને લોહરાસ્પ અને અશ્કશ ઉપલા અસલ ઇરાની મુલ્કોમાં અત્યાર આગમજની ફતેહ મેળવી હતી, માટે ત્યાં સવારી લઇ જવાના ઇરાદાથી તેમજ અફ્રાસિયાબ ઉપર પોતાના બાપના કીનો લેવા માટે આસપાસના મદદનિશ રાજાઓ ઉપર નામા લખીને એલચીઓ મોકલ્યા. શાયર કહે છે કે આ નામા અસલી જબાનમાં લખ્યાં હતાં, કે જે અવસ્તાઇ જબાન હોય; અથવા તે પુરાણી આર્યભાષા હોય, કેમકે કયખુસરૂનું નામ ઋગ-વેદમાંથી મળી આવે છે, માટે આ વેળા વેદિક અને ઇરાની આર્યો એકબીજાની જોડે વસતા હોવા જોઇયે, અને મૂળ આર્ય ભાષા વાપરતા હોવા જોઇયે, કેજે ઉપરથી અવસ્તાઇ જબાન નીકળી હતી.

આ રીતે શાહે એક મોટું લશ્કર તૈયાર કરીને તેને અનેક ભાગોમાં વહેંચી નાખ્યું અને તેને રૂસ્તમ, ગુદર્જ અને તુસની સરદારી હેઠળ મુકયું. તૂસના હાથમાં કવાનેઃ પ્રખ્યાત ઝુંડો રહેતો હતો, અને તેથી તેને સોનાના જોડા પહેરવાનો હક હતો. શાહ નૌદરના બેટા આ તૂસ શાહજાદાને શાહે પોતાની જમણી બાજુએ રાખ્યો અને તેની મદદમાં મનૂશાન અને ખૂજાન નામના પાર્સના બે શાહોનાં લશ્કર રાખ્યાં. ઉપરાંત વળી ખૂજિયાન લોકોના શાહ આરશ અને કિર્માનના શાહ ગૂરાનને વધુ મદદ માટે રાખ્યા; એટલુંજ નહિ પણ, આજ ભાગમાં યમનના શાહ સમ્બાખને તથા કાબુલના શાહ ઇરજને, તથા સૂરના રાજા શમ્માખ અને ખાવરના શાહ કારનને તેમનાં લશ્કરો સાથ મુકર્રર કીધા. પોતાની ડાબી બાજુએ શાહે શાહ કયકોબાદની નસલના સઘળા ખાન્દાનીઓને દિલાફુજની સરદારી હેઠળ મુકયા. એજ ભાગમાં ગુદર્જનાં તોખમવાળાઓ રહ્હામ અને બીઝન, તથા વળી મિલ્લાદનો ગુર્ગીન, રએથી આવેલાં લશ્કર સાથ ગોઠવાયા. શાહની જમણી અને ડાબી બાજુ આ રીતે મજબૂત થયા બાદ વળી તે નામદારની પિઠ પાછળ જરરપના ખાનદાનીઓ મુકર્રર થયા, અને એ રીતે મોટાં ઇરાની લશ્કરનો વચલો ભાગ નક્કી થયો, કે જેની સરદારી શાહ કયખુસરૂએ પોતાના હાથમાં રાખી હતી.

આ મોટાં લશ્કરની જમણી પાંખની સરદારી જેહાંપેહલવાન રૂસ્તમને આપી હતી, કેજેમાં જાબુલથી આવેલું લશ્કર જાલના ખાન્દાનીઓ સાથ ગોઠવાયું હતું. ડાબી પાંખની સરદારી ગુદર્જને આપી, કેજેની મદદમાં હજીર અને

ફર્હાદ ઉપરાંત બર્ટેહ અને અર્દબિલના સરદારો હતા. વચલાં લશ્કરની હરોલમાં હાથીઓને રાખ્યા, જેમની ઉપર લશ્કરી બુર્જ ગોઠવીને તેમાં તિરંદાજોને રાખ્યા, અને વળી આ હાથીઓનાં લશ્કરની આગમજ બગદાદ અને કખ ખાતેના પાયદળોને ગોઠવ્યું. ખાવરનાં પાયદળની સરદારી ફરીબોર્ઝને આપી અને તેની મદદમાં દહીસ્તાનના રાજા તુખારને રાખ્યો, કેજે દશ્મ નામના નામીચા લડવૈયાની ઓલાદનો હતો. બીદુઇન અરબો પોતાના સરદાર જહીર સાથે આવ્યા હતા તેમને નસ્તૂહની સરદારી તળે મુકયા. વળી બઝરિસ્તાન અને રૂમ ખાતેથી પણ મદદ માટે લશ્કર આવ્યું હતું. ખુરાસાન ખાતેનું લશ્કર આરશના બેટા મિનોચેહરની સરદારી હેઠળ હતું. શાહ કયકોબાદની ઓલાદનો ફીરૂજ નામે એક શાહ તથા ધ્રયેહનો રાજા, કેજે હાથી ઉપર નીચેથી કુદકો મારીને ચઢી બેસતો હતો, તે પણ મિનોચેહરની સરદારી તળે ગોઠવાયા. કોહેકાફ તરફથી આવેલાં લશ્કરની પણ મદદ આ ભાગનેજ માટે રાખી હતી. એક લશ્કર શાહે ગીવના એખ્તિયારમાં સોંપ્યું અને તેની મદદમાં આવેહ બિન શમ્કુનાનની ફોજ આપી. ગીવનીજ મદદમાં વળી બર્તેહ નામે સરદારને તેનાં પહાડી લશ્કર સાથ રાખ્યો. એક ફોજ જવારેહની સરદારી હેઠળ ડાબી બાજુની મદદમાં આપી. ખાવરના શાહ કારનની મદદમાં ગઝદહમના બેટા ગુસ્તેહમને મુકયો, અને તૂસના એજ નામના બેટાને લશ્કરમાં ફરતો રાખી ખોટું કામ નહિ થાય તેની તપાસ રાખવા ફરમાવ્યું.

તૂરાનીઓની તૈયારી.

આ રીતે ઇરાનનો શાહ લશ્કરી ગોઠવણ કરવા પડયો છે અને તેની ધારણા તૂરાન ઉપર ચઢી આવવાની છે એવી ખબર અફ્રાસિયાબને મળતાંજ તેનાં દિલમાં પીરાન અને તેના બહાદુર ભાઇઓ માટેનો કીનો પેદા થયો, અને તેણે જે લશ્કર પીરાનની મદદે મોકલવા તૈયાર કીધું હતું તેમાં ઉતાવળો નવો વધારો કરીને ફાર્સીમાં શાયરોની લખવાની રૂઢી છે તેમ "એક અજીમ ફોજ" એકઠી કીધી, અને કયખુસરૂ જીહૂન નદી પસાર કરીને તૂરાન ઉપર ચઢાઇ લાવે તે આગમજ પોતેજ નદી ઓળંગીને ઇરાન ઉપર ઉતરી પડવાની તૈયારી કરવા માંડી. આ વેળા અફ્રાસિયાબ ગંગ પાયતખ્ત ખાતે નહિ પણ બૈગંદ ખાતે હતો, કેજે આજનાં શેહરનું અસલ નામ કુન્દુજ હતું એમ ફિર્દૂસી કહેછે. તે વળી ઉમેરે છે કે આ કુન્દુજ શેહર શાહ ફરીદૂને વસાવ્યું હતું, અને ત્યાં તે નામદારે એક આતશનું મકાન બાંધીને તેમાં તમામ જંદ અવસ્તાના કલામો સોનેરી હરફે ચિતરાવ્યા હતા. આ શેહર ખાતે અફ્રાસિયાબ પોતાનાં નવાં મોટાં લશ્કર સાથ પડેલો હતો, જ્યાં તેને પીરાન અને બીજા નામીચા તૂરાની પેહલવાનોના માર્યા ગયાની ખબર મળતાંજ તેણે કસમ લીધા કે એ સઘળાનો કીનો કયખુસરૂ ઉપર લઉં નહિ ત્યાં સુધી હું તખ્ત ઉપર બેસું નહિ, સરપર તાજ મુકું નહિ, પણ બખ્તરને મારો લેબાસ કરૂં અને ઘોડાને મારૂં તખ્ત અને કોલાહને મારૂં તાજ બનાવું.

અફ્રાસિયાબે લડાઇની તૈયારી કરતી વેળા સર્વથી પહેલું કામ એ કીધું કે ઇરાનીઓને જીહૂન નદી પસાર કરીને તૂરાનમાં પગ મુકતા અટકાવવા માટે નદી ઉપર ચોકસી રાખવા માટે એક ફોજ મોકળાવી. પછી તેણે તમામ લશ્કરને બે ભાગમાં વહેંચીને એક ભાગ પોતાના પાંચ શાહજાદાઓ મધેના વડા કુરાખાનને સ્વાધીન કીધો, અને તેને ફરમાવ્યું કે બુખારા જઇ ત્યાં પાદશાહની કુમક માટે તૈયાર રહે. બીજો ભાગ પોતાને હસ્તક રાખીને અફ્રાસિયાબ જીહૂન તરફ જઇ પુગ્યો અને આમ્વી ખાતે છાવણી ઠોકી.

અહીં લસ્કરની ગોઠવણ કરતી વેળા તૂરાની શાહે ડાબી બાજુંની સરદારી પોતાના વચલા બેટા શિદેહને સોંપી. આ શાહજાદાનું ખરૂં નામ તો પશંગ હતું, એટલે કે તેના બપાના ઉપરથી તેનું આ નામ રાખવામાં આવ્યું હતું; પણ અફ્રાસિયાબે તેને "શિદેહ"નું લાડકું નામ આપ્યું હતું, કે જેનો અર્થ "ઝળકતો" થાય છે. આ રીતે તેનું આખું નામ પશંગ ઉર્ફે શીદેહ હતું અને એ બન્ને જુદે જુદે નામે શાયરે તેને ઓળખાવ્યો છે. તેને તથા તેનાથી ઉતરતા ભાઇ જહનને એકેક ફોજની સરદારી મળી હતી, અને બન્નેને એકેકની મદદમાં રહેવાનો હુકમ હતો. અફ્રાસિયાબના પાંચ બેટાઓ મધેના ૪ થાનું નામ શાયરે જણાવ્યું નથી; પણ પાંચમાનું નામ ગુર્દગીર હતું, અને તેને તાતાંરી, ખલ્લુખ, બલ્ખ વગેરેની ફોજોની સરદારી આપી હતી. શીદેહના હાથ તળે નસ્તૂહ સરદાર અને નસ્તૂહના મદદનિશ દમૂર અને જરન્જાસ નામના લડવૈયા હતા.[૧] એક બીજો તૂરાની સરદાર ઇદ્રીરસ[૨] નામનો હતો જેના હાથમાં તોપખાનું[૩] અને કર્શીવજની સરદારી હેઠળ હાથીઓનું લસ્કર હતું.

સામસામે આવી ઉભેલાં લશ્કરો.

અફ્રાસિયાબની આ સઘળી હીલચાલની ખબર મળતાંજ કયખુસરૂએ હવે ઉતાવળ કીધી. તેણે ખારેઝમ તરફ એકદમ કુચ કરી જવાનો હુકમ આપ્યો, કે જ્યાં લડાઇ કરવાની કુશાદે જગા પડેલી હતી. ત્યાં જમણી બાજુએ જીહૂન, ડાબી બાજુએ દહીસ્તાનનું જંગલ, આ બેની વચ્ચે રેતીનું બિયાબાન અને સામી બાજુએ અફ્રાસિયાબનું લશ્કર છાવણી નાખી પડેલું હતું. અહીં લશ્કરમાં રૂસ્તમ, ગુદર્ઝ, તૂસ, ગીવ વગેરે સાથ કયખુસરૂ જઇ પુગ્યો, અને લસ્કરનાં સંરક્ષણની સઘળી તદબીર રાખ્યા જોડે અફ્રાસિયાબની અને પોતાની વચ્ચે એક નેહર ખોદાવીને તેને પાણીથી ભરી દીધી અને એ રીતે શત્રુઓથી પોતાની છાવણીનો બચાવ કીધો.

આ વેળા વસંત રૂતુનો હિંગામ હોય એવું શાયરનાં લખાણ ઉપરથી જણાય છે; અને લડાઇની જે ઢીલ થઇ હતી તેનું કારણ આ ઉપરથી સમજ પડે છે. બહારની મોસમ આગમજ ઇરાન અને તુરાનમાં સખ્ત થંડી જોડે બર્ફ વરસેછે, પણ પછી મેષ રાસીમાં આફતાબ દાખલ થયા પછી રૂતુ સુધરી જાયછે અને રસ્તા મુસાફરી લાયકના બને છે.

બન્ને લસ્કરો ત્રણ દહાડા સુધી કરીપણ લડાઈની નિશાની વિના સ્થિર ઉભાં, જેમાં સવારો ઘોડા ઉપર અને પાયદળ હથિયાર સજીને સામ સામા ઉભાં હતાં. બન્ને શાહો નજુમીઓને આધારે હતા. તેઓ સારૂં મુહુર્ત કહે ત્યારેજ લડાઇ થાય એમ હતું. આથી અફ્રાસિયાબનો બેટો પશંગ ઉર્ફે શીદેહ બહુ કંટાળી ગયો અને બાપ આગળ જઇ લડાઇની ઉતાવળ કરવા લાગ્યો. તેણે કહ્યું કે—લસ્કરોને નજુમીઓ સાથ શું કામ છે? બહાદુરો તો શમ્શીરથી આબરૂ શોધે છે. તેણે શાહ કયખુસરૂ સાથ કુસ્તી ખેલવાંની ખાહેશ બતાવી, પણ તેને તેમ કરવાને ઉત્તેજન નહિ આપતાં અફ્રાસિયાબે એક તદબીર શોધીને શીદેહને ઇરાનના શાહ પાસે મોકલાવ્યો.

૧—આગળા જાણીતા તુરાની સરદારો માર્યા ગયલા હોવાથી આ સઘળાં નવાં નામો આપણ અહીં પહેલીજ વાર વાંચિયે છિયે. જેમ ઇરાની લશ્કરમાં તેમજ તુરાની ફોજમાં પણ નસ્તુહ નામનો સરદાર હતો એમ જણાય છે.

૨—આ ઇદ્રીરસ તે કોણ? અફ્રાસિયાબનો એ નામનો એક ભાઇ હતો તે તો ઘણાં વર્ષ આગમજનો તેનાજ હુકમથી માર્યો ગયો હતો; ત્યારે આ એજ નામનો સરદાર કોણ હતો તેની શાયરે ઓળખાણ આપી નથી.

૩—આ તોપખાનું તે શું? તે જમાનામાં દારૂગોળાની શોધ થઇ ન હતી, માટે બંદુક કે તોપ જેવું કાંઇ હતુંજ નહિ.

શાહ જોગો તૂરાની પેગામ.

તેણે પોતાના બેટાને કહ્યું કે—તું મારો એક સંદેશો લઇને કયખુસરૂ પાસે જા અને તેને બીજી બાબતો જોડે એમ સમજાવ કે લડાઇ લડવાનું ગુદર્જ અને કયકાઉસને માટે રહેવા દે અને તેઓ મારી સામે લશ્કર લઈ લડવા આવે તો આવવા દે; પણ ઓ મારા બેટા, તારે મારી સામે લડાઇ ઉઠાવવી નહિ જોઇએ. જો તું મારી સામેનું આ જંગ બંધ પાડશે નહિ તો તનેજ નામુસી લાગશે. જો તું મારી વાત માનીને મારી સાથે કરાર કરી તે પાળશે તો હું તારો બીજો સિયાવુશ થઇશ, અને મારા બેટા શીદેહ અને જહન તારા બિરાદર થઇ રહેશે અને જે જે ઇરાની મુલુક અમારા કબ્જામાં છે ત્યાંથી મારૂં લશ્કર પાછું બોલાવી લઇશ અને જે કાંઇ ખજાનો મારી કને છે તે હું તારે સ્વાધીન કરીશ. અગર તારી ખાહેશ લડવાનીજ હોય તો મેદાનમાં આવ, હું તારી મુકાબેલ થવાને તૈયાર છું. જો તારા હાથ પર હું માર્યો જાઉં તો તારે મારાં લશ્કરને અમાનત બક્ષવી, અને જો તું માર્યો જાય તો તારાં લશ્કરને હું છેડીશ નહિ. અગર તું મારી સાથે લડવાની ખાહેશ રાખતો ન હોય તો આ મારો બેટો શીદેહ તારી સાથે હાથ મેળવવાને તૈયાર છે. તે જો લડાઇની માંગણી કરે તો તું ડરી ના જતો; પણ જો આવી જંગબાજી તને ગમતી ન હોય તો ચાલ લશ્કરી યુદ્ધ કરવાને તૈયાર થા.

ઇરાની સરદારો સુલેહની તરફેણમાં.

આ પેગામ લઇને શીદેહ ઇરાની છાવણીમાં ગયો, જ્યાં તેના આવ્યાની ખબર મળતાંજ કયખુસરૂએ કાવાના નબીરા કારનને તેને લેવામાટે સામે મોકલ્યો, અને એ રીતે તેના પેગામનું કારણ જાણી લીધું. કયખુસરૂએ પોતાના દરબારીઓ સાથ મસ્લેહત કીધી અને અફ્રાસિયાબની સુલેહની માગણીનો શો જવાબ દેવો તે પુછ્યું. તે નામદારે પોતે તો કીનો લેવાનો પોતાનો ઇરાદો જાહેર કીધો, પણ દરબારીઓએ કહ્યું કે તું નામદારે પોતે તો લડાઇમાં ઉતરવુંજ નહિ, કારણ કે શીદેહ જેવો એક બેટો તારા હાથ ઉપર માર્યો જશે તેથી અફ્રાસિયાબ લડાઇ બંધ પાડનાર નથી પણ વધારે ખૂનપરં ચઢશે; પણ જો તેના હાથ ઉપર તું માર્યો જશે તો ઇરાનનું તમામ બખ્ત ઉંધું વળશે અને તારો કીનો લેનાર બીજો ક્યાંની તોખમનો કોઇ શાહ મળનાર નથી. એટલામાટે અમારી સલાહ તો એ છે કે તારો મમાવો જે મુલ્ક અને ખજાનો આપવા માંગે છે તે લઇને લડાઇનું મહુડું કાળું કરવું અને ગઇ ગુજરી ભૂલી જવી.

શાહનો ઠપકો.

આ સલાહ આપનારાઓ સાથ રૂસ્તમ એકમત થયો નહિ. તેણે તો સિયાવુશનો કીનો લેવાનાજ કસમ ખાધા. શાહે પોતાનો નક્કી ઇરાદો જાહેર કરતાં જણાવ્યું કે—અત્રેથી લશ્કર લઇ પાછું ઇરાન જવાનું કામ આપણું નથી. જો અફ્રાસિયાબના સખુનો ઉપર ઇતબાર રાખીને આપણ એમ કરિયે તો પછી શાહ કાઉસને શું નાક દેખાડિયે ! અને આ કપટી તૂરાની પાછો ઇરાનમાં ઉતરી આવી ખરાબી નહિ પાંથરે તેની શી જામિનગીરી ? ઇરજ અને નોદર અને સિયાવુશનાં ખૂન આ તૂરાનીઓએ નાહક કેવાં રેડયાં છે તે શું તમો ભુલી ગયા ? કીના માટે કમર બાંધીને તમો અહીં આવ્યા છો અને તે માટે શાહ કાઉસને તમે વચન આપેલો છે તે બધું કયાં ગયું ? અફ્રાસિયાબે મહોડેથી કહેવાડેલા એક પેગામ ઉપર ઇતબાર રાખીને તમો લડાઇથી હાથ ઉઠાવવા માંગો છો કે ?

શાહના આ ઠપકારૂપી સખુનોથી તેના દરબારીઓ અને સરદારો ઉપર ભારી અસર થઇ. તેઓ પોતાની મજકુર સલાહ માટે પસ્તાયા અને માફી ચાહી. શાહે તેમને જણાવ્યું કે શીદેહ મારી સાથે લડવા માંગે છે તો તેને મારો

હમ્નબર્દ થવા દો. જેમ સિયાવુશને મારીને અફ્રાસિયાબે કાઉસનું દિલ બાળ્યું છે તેમ હું અફ્રાસિયાબનું કલેજું બાળીને ઠંડો લઇશ.

પેગામનો જવાબ.

આમ કહીને શાહે કારન મારફતે અફ્રાસિયાબના પેગામનો જવાબ આ મતલબનો કહેવાડયો:—મને તારો તૂરાની મુલ્ક કે તારો ખજાનો જોઇતો નથી; એ ચીજો આ દુનિયામાં રહેતી નથી. તારાં તાજોતખ્ત, તારી સરજમીન, તારો ખજાનો, તારૂં લશ્કર, એ સઘળું મારૂંજ છે. જે નામદાર લડવૈયો હોય તે લડાઇમાં મોં છુપાવતો નથી. તારો બેટો શીદેહ અમારી સાથ લડવા માંગે છે તો આવતી કાલે સહવારે અમો તેની મુકાબેલ થવાને તૈયાર છિએ. જો આ લડાઇમાં હું ફતેહ પામીશ તો હું તેથી સબુરી પકડનાર નથી, પણ મોટું જંગ ઉઠાવીશ.

શાહે અફ્રાસિયાબ માટેનો આ સંદેશો છાવણીની બાહેર શીદેહ હતો તેનેજ કહેવાડયો, અને કારનને મોંથી આવો જવાબ સાંભળીને શીદેહે જઇ પોતાના પિતાને તેથી વાકેફ કીધો.

શાહ કુસ્તી ખેલવા ઉતરે છે.

બીજી સહવારે પશંગ ઉર્ફે શીદેહ પોતાની જોડે એક સાથી લઇને ઇરાની લશ્કર તરફ ચાલ્યો. આ વિષેની ખબર પડતાંજ કયખુસરૂ લશ્કરી લેબાસ સજી તૈયાર થયો અને પોતાનો ઝુંડો રેહામને આપી તેને પોતાની સાથે લીધો. બહમન દેઝની લડાઇ પછી કયખુસરૂએ જંગમાં ઝીપલાવ્યું ન હતું માટે આ વખતે તે નામદારને પોતાના ક્રુર મામા સામે હાથોહાથની લડાઇમાં ઉતરતો જોઇને સઘળા ઇરાની નામદારો દુખી થયા અને સિપાહો આંસુ પાડવા લાગ્યા. પણ એ સઘળાંની દરકાર વિના શાહ પોતાના "બેહજાદ" નામના ઘોડા ઉપર સવાર થયો, જેનો રંગ રાતની અંધારી જેવો કાળો હતો. તેણે લશ્કરને પોતાની તરફનો એવો ઢંઢેરો જાહેર કરાવ્યો કે કોઇ પણ સિપાહે યા ફોજે પોતાની નેમી આપેલી જગાએથી ખસવું નહિ, અને રેહામના હુકમ પ્રમાણે ચાલવું. અગરજો આ લડાઇમાં હું માર્યો જાઉં તો જેહાંપેહલવાન રૂસ્તમ ફરમાવે તે રવેશે સઘળાં લશ્કરોએ ચાલવું.

લડાઇ.

હવે બન્ને હરીફો એકેકની સામે આવી ઉભા. શીદેહની સૂચના ઉપરથી બન્ને જણે એક એલાહેદી જગા જંગ માટે પસંદ કીધી, અને કરાર કીધા કે બન્ને હરીફોને તેમના કોઇપણ સાથીઓએ મદદ કરવી નહિ, તથા બન્નેના ઝુંડાવાળાઓનો જાન લેવો નહિ. આ પછી લડાઇ શુરૂ થઇ. પ્રથમ તેઓ ભાલા વડે લડયા. તેમની નોક ભાગી ગઇ ત્યારે તેઓએ ગુર્જ અને શમશીરથી લડત ચલાવી. શીદેહ પોતાનો હરીફ આટલો બધો બળવાન છે એમ જાણતો ન હતો. પણ જ્યારે તેણે તેનું બળ જોયું ત્યારે તેની આંખમાંથી દુખના આંસુ ટપકવા લાગ્યાં. તેણે પોતાની અજલ નજદીક આવેલી જોઇ. તે પોતે થાકી ગયો હતો અને તેનો ઘોડો પિયાસો બન્યો હતો. એટલામાટે તેણે શાહને ઘોડા પરથી ઉતરી કુસ્તી ખેલવાની સૂચના કીધી. કયખુસરૂ તેનો આ ફરેબ સમજી ગયો, અને વળી તેની સાથ રેહામે તેને સલાહ આપી કે—અય નામદાર, તમો ઘોડેથી ઉતરીને તમારાં ખાનદાનને નામુસી લગાડશો ના. અગર જમીનપર ઉભા રહી લડાઇ કરવી હોય તો તે લડાઇ માટે તમારા નામદારો તૈયાર છે. તમો નામદાર હુકમ આપો તો હું પોતે શીદેહ સાથ કુસ્તી ખેલવાને હાજર છું. પણ કયખુસરૂએ શીદેહની ફરેબ ભરેલી માંગણી કબૂલ રાખવાની ના પાડી નહિ.

ફતેહ.

પણ બીજી તરફથી શીદેહની સ્થિતિ જોઇને તેના સાથીએ નાસી જવાની અને જાન બચાવવાની તેને સલાહ આપી. શીદેહ નામુસીથી બીધો અને મારવા કે મરવાને તૈયાર થયો.

શાહે પોતાના મામાને ગુચવાતો જોઇ પુકાર મારીને કહ્યું કે—જોકે ક્યાની તોખમના કોઇબી નબીરાએ ઘોડેથી ઉતરીને લડાઇ કરવાનો રવૈયો નથી, તોપણ તારી જ્યારે એવીજ ખાહેશ છે તો તે બર લાવવાને હું નાપાડીશ નહિ.

આમ કહીને તે ઘોડેથી ઉતર્યો, અને ઘોડો બેહ-જાદ તથા કોલાહ રહ્હામના એખ્તિયારમાં સોંપ્યાં. શીદેહ તેનું જોઇને પોતેબી ઉતરી પડયો, અને પછી બન્ને લડવૈયા એકેકને બાઝી પડયા. આ બાઝમબાઝીમાં શીદેહે જોઇ લીધું કે તેને કેવા જોરાવર નર સાથ કામ લેવું પડે છે. તેણે તેના હાથમાંથી છટકી જવાનો હવે નક્કી ઇરાદો કીધો, અને તે માટેની બાજી શોધવા લાગ્યો. તેની આ તદબીર કય ખુસરૂ સમજી ગયો, અને તેથી ખુદાનું નામ લઇને તેણે એક જોર કરીને ડાબે હાથે શીદેહની ગર્દન અને જમણે હાથે પીઠ પકડીને તેને હવામાં ઉઠાવી જમીન ઉપર એવો પટકયો કે જેથી તેના ટાંટિયા અને બરડાનું હાડકું ભાંગી ગયાં. એપછી તરત પોતાની કટારી કહાડીને શીદેહનો સીનો ચીરી નાખી તેને પુરો કીધો. તેનું છાતીનું બખ્તર ચુરી નાખીને શાહે તેની કોલાહ પર ધૂળ છાંટી, અને પછી રહ્હામને ફરમાવ્યું કે—આ બહાદુર દુર્વેદ મારી માદરનો ભાઇ થતો હતો, વાસ્તે હવે જ્યારે એનો જાન નીકળી ગયો છે ત્યારે એની લાશને અપમાન થવું નહિ જોઇયે. એ લાશને પાદશાહી રવેશે અવલમંજલ પહોચાડવી. એને માથે કસ્તુરી, ગુલાબ જળ વગેરે ચોપડવાં અને એનાં બદનમાં ચોખ્ખો કપુર ભરવો. એને ગળે સોનાનો બંદ બાંધી એને માથે અમ્બર સાથની ટોપી મુકવી.

પોતાના શાહજાદાના આ હાલ જોઇને તેના તૂરાની સાથીએ શાહ કનેથી જીવતદાન માગ્યું. કયખુસરૂએ તેને કહ્યું કે—તેં જે કાંઇ કરતાં મને જોયો છે તેથી તું મારા મમાવાને વાકેફ કરજે.

બન્ને લશ્કરો વચ્ચે મોટું જંગ.

જ્યારે અફ્રાસિયાબ સર્વ વાતોથી વાકેફ થયો ત્યારે તેની દિલગીરીનો પાર રહ્યો નહિ. હવે તેણે રસ્તાખેજ જેવું જંગ કરવાના કસમ લીધા, અને ઉપલી લડાઇ પછી બીજે મહિને (આફતાબ વૃશભ રાસીમાંથી પ્રકાશતો થયો ત્યારે) બન્ને લશ્કરો વચ્ચે ભારી યુદ્ધ જામ્યું. શાહજાદો જહન પોતાનું લશ્કર લઇ ઇરાનીઓ ઉપર ધસી આવ્યો, પણ કારને તેને મારી કહાડયો. લડાઇ ચાલુ રહી અને બેશુમાર સિપાહીઓ માર્યા ગયા. તૂરાનીઓ હાથીઓની પછવાડે રાખેલાં ઇરાની લશ્કર ઉપર ધસારો લઇ ગયા, પણ હાથીઓ ઉપરનાં બુર્જમાંથી તીરંદાજોએ તેમને વધાવી લીધા. અફ્રાસિયાબ પોતે પોતાનું હાથીઓનું લશ્કર લઇ આ ભાગ ભણી દોડયો આવ્યો, અને ત્યાંથી પોતાનાં લશ્કરને ખેંચી લઇ ચોગરદમ વિખેરી નાખ્યું. એ રીતે તેણે મોટું યુદ્ધ બરપા કીધું કેજેમાં બન્ને લશ્કરો ગોયા માણસોનો એકજ ઝુમખો હોય તેમ ભેળાઇ ગયાં. આ જંગમાં જેમ અફ્રાસિયાબ શામેલ હતો તેમ કયખુસરૂ અને રૂસ્તમ પણ હતા. ફર્તૂસ અને કુહીલા નામના તૂરાની સરદારો માર્યા ગયા, અને એવીજ બીજી મોટી શિકસ્ત જોઇને કર્સીવજે પોતાના પાદશાહને કહ્યું કે—લડાઇમાંથી તું હવે પાછો ફર, કારણ કે આપણું લશ્કર હવે નાસવા માંડશે તો આપણ એકલા પડી જઇ સપડાઇ જઇશું. પણ અફ્રાસિયાબ તેની આવી હીચકારી સલાહ તરફ લક્ષ ન આપતાં આગળ ધસ્યો અને જ્યાં કયખુસરૂ હતો ત્યાં તેની સામે આવી ઉભો.

અહીં અફ્રાસિયાબ ઇરાનના શાહ સાથ લડવાને તૈયાર થયો, પણ કર્સીવજે અને જહને તેને આ કામથી વાર્યો. તેઓએ તેના ઘોડાની લગામ પકડીને તેને ફેરવી દીધો, અને પછી આમ્લીનાં જંગલમાં તૂરાની છાવણી તરફ તેઓ ચાલ્યા. આ જોઇને ઉસ્તુકીલા, ઇલા અને બુજૂયલા નામના ત્રણ તૂરાની સરદાર શાહ સામે લડવા આવી ઉભા. શાહે તેમને જોતાંજ પ્રથમ

ઉસ્તુકીલાને તેના ઘોડા ઉપરથી ઉંધે મસ્તક નાખી પુરો કીધો. રાજા ઇલાએ શાહના કમરબંધ ઉપર ભાલો ભોકી તેને હવામાં ઉડાવી લેવા ચાહ્યું, પણ શાહે શમ્શીર વડે તેના ભાલાના ટુકડા કરી નાખ્યા, જે જોઇને તે રાજા તેમજ ધ્રુજતૂંયલા ઉભી પુછડીએ નાઠા, અને તુરાની લશ્કરે પણ હવે નાસવા માંડયું હતું તે છતાં અફ્રાસિયાબે એવું જાહેર કરાવ્યું કે રાત પડી ગયાથીજ લડાઇ બંધ કરવી પડે છે.

અફ્રાસિયાબ નાઠો.

તેના આ દાવપેચનું ખોટારૂં બીજે દિને ખુલ્લું ઉઘાડું પડયું. મધરાતે આસિયાબ લડાઇનું મેદાન છોડીને નાઠો. તે પોતાનાં થોડાંક લશ્કરને છાવણીમાં રાખી તેને એમ હુકમ આપી ગયો કે—હું જીહૂન નદી પસાર કરી તૂરાનમાં પગ મુકું ત્યારેજ તમો મારી પૂઠે નીકળી આવજો. શાહ કયખુસરૂને જ્યારે તૂરાનીઓની નાસભાગની ખબર પડી ત્યારે ખુદાના શુક્ર બજા લાવ્યો, અને પછી લશ્કરમાં જાહેર કર્યું કે—અહીં આપણુ પાંચ દહાડા સુધી થોભીશું, અને છઠ્ઠે દહાડે હોરમજદ રોજ છે માટે સાતમે દહાડે તૂરાન ઉપરની આપણી કુચ શુરૂ કરીશું.[1]

પાંચ દહાડા સુધી માર્યા ગયલા ઇરાની સિપાહોની તલાશ ચાલી, જેમની લાશને નહવાડીને પછી અવલમંજલ પુગાડવામાં આવી.

શાહ કાઉસ જોગું નામુ.

પોતાની ઉપલી મોટી ફતેહની ખબર શાહે લડાઇનાં મેદાન ખાતેથી જૈદ્દ શાહ કાઉસ ઉપર લખી મોકલાવતાં જણાવ્યું કે—ઇરાનથી નીકળેલો ફરબનાં રેતાળ જંગલમાં જઇ પુગ્યા પછી દુશ્મનો સાથ મને ત્રણ મોટી લડાઇ થઇ છે, જેમાં અફ્રાસિયાબનુ ઘોડેસ્વાર લશ્કર બહુ મોટું હતું. તેના ૩૦૦ નામદારોનાં સર શાહની ખાતરી માટે મોકલી આપ્યાં છે, જેઓ મધે અફ્રાસિયાબનો બેટો, તેનો ભાઇ અને બીજા અમીરો અને ખેશીઓ છે. વળી ૨૦૦ બીજા નામદારોના બંધ બાંધીને કેદી દાખલ મોકલી આપું છું. ખારેજમનાં મેદાનમાં અમો લડયા અને જીત્યા છિયે, અફ્રાસિયાબ નાઠો છે, પણ તેની પૂઠ પકડવા અમે જીહૂન પસાર કીધી છે.

ફસલ ૨—બીજો તબક્કો: નવી શિકસ્ત અને નવી નાસભાગ.

તૂરાની હીલચાલ.

અફ્રાસિયાબ ખારેજ્મથી નાઠો ત્યારે તેના વડા બેટા • કુરાખાનનું લશ્કર તેનાં પોતાનાં નાસભાગમાં પડેલાં લશ્કર સાથે જોડાઇ ગયું. તુરાની શાહે થોડા દહાડા બોખારામાં કહાડયા, કે જ્યાં તેને નક્કી ખબર મળી કે તેનાં મોટાં લશ્કર મધેથી સેંકડે ૨૦ માણુસ બચવા પામ્યાં હતાં. તેના સાથીઓએ સલાહ આપી કે આ બચેલું લશ્કર લઇને શાહે ચાચ ખાતે જવું, અને જો વાજબી જણાય તો ગુલ્ઝર્યુન નદી પસાર કરીને કંગદેઝ અથવા કંગબહેસ્ત ખાતે જઇને આરામ લેવો.

આ સલાહ દુરસ્ત લાગ્યાથી અફ્રાસિયાબ સર્વ બચેલાં લશ્કર સાથ ફુમી દિશે ગુલ્ઝર્યુન તરફ કુચ કરી ગયો, અને ત્યાંથી ગંગબહેસ્તમાં જઇ થોભ્યો.

કયખુસરૂની તૂરાન પર સવારી.

ઇરાની શાહ જીહૂન પસાર કરીને પોતાના નાઠેલા શત્રુનીજ શોધમાં રહ્યો. તૂરાનમાં પગ મુકતાંજ લોકોએ તેને આવકાર દીધો, જેઓમાં જેઓ ગરીબ હતાં તેમના તરફ બક્ષેશનો હાથ લંબાવીને તે સુગ્દ ગયો, કેજે તદન ઉજડ વળી ગયું હતું. તેને પાછું

[1]—કયખુસરૂના જમાનામાં હોરમજદ અને તેને મળતા બીજા ત્રણ દહાડાઓને પવિત્ર ગણીને તે દહાડે આસાએશ લેવાનો રવૈયો હોય એવું આ ઉપરથી જણાય છે. અગર તેમ નહિ હોત તો હોરમજદ રોજને મુબારક દહાડે કુચ કરવાનો હુકમ મળત.

આબાદ કરવાને માટે શાહે છુટથી ખજાનો ખર્ચ્યો. પોતાની કુચ દરમિયાન જ્યાં જ્યાં તે થોભતો ત્યાં ત્યાં તે જગાના અકાબરો અને આગેવાનો તેને આવકાર આપતા અને અમાનત માગતા, જે તેમને મળતી હતી. સુગ્દ ખાતે શાહ એક મહિનો રહ્યો તે દરમિયાન અફ્રાસિયાબની હીલચાલની તેને ચાલુ ખબર મળતી રહી. તેણે પકડેલી પૂહની સામે થવા માટે ચાચ ખાતે તૂરાની લશ્કર તૈયાર ઉભું છે, અને વળી શાહની કુચ અટકાવવા માટે બીજે ઠેકાણે તૈયારીઓ ચાલે છે, એવી એવી ખબરો જેમ મળતી ગઇ તેમ તે માટેના ઇલાજો શાહ કયખુસરૂ લેતો ગયો. શાહે પોતાના સરદારોને લશ્કરો આપી આસપાસ રવાના કરતી વેળા તેમને ફરમાવ્યું હતું કે—જે તુર્કમાન લોકો તાબે થાય અથવા જેઓ પોતાના કામને માટે પસ્તાય તેઓ સામે લડવું નહિ યા તેમની મારફાડ કરવી નહિ. વળી કોઇપણ ઇરાની સિપાહીને આડે રસ્તે જવા દેવા નહિ. પણ જો કોઇ શત્રુ સરકશી કરે અને કોઇ સરદાર લશ્કર લઇને સામો થાય તો તેને બેલાસક સજા કરવી.

આ હૂકમ મુજબ ઇરાની લશ્કર કુચ કરતું આગળ વધ્યું. જે કિલ્લાઓ ઇરાનીઓને દખલ આપતા નહિ તેમનો નાશ થતો અને તેમના સરદારો સજા પામતા. આ રીતે ૧૦૦ ફરસંગ સુધી શાહ તૂરાનમાં આગળ વધ્યો, અને ગુલ્જર્યુન તરફ જઇ પુગ્યો. અહીં કયખુસરૂએ તમામ જમીન બાગ જેવી ખીલી રહેલી દીઠી. ગોયા બહારની મોસમનો બહાર ત્યાં ખીલી રહેલો હતો. ખીણો, જંગલો, ડુંગરો અને ખેતરો સઘળાં હસી રહેલાં હતાં. મેદાનો ઝાડપાનથી અને પહાડો જાનવરોથી ભરપુર હતાં. અહીં શાહે પડાવ નાખ્યો, જ્યાંથી એક નદી વહેતી હતી.

અહીંથી કંગ ઘણું દૂર ન હતું, માટે અફ્રાસિયાબને ચિંતા પેદા થઇ. તે બોલ્યો કે દુશ્મન મારા પલંગ સુધી આવી પુગ્યો છે તો હવે મારાથી કંગમાં કેમ રહી શકાશે? તેને સલાહ મળી કે હવે તો વધારે આગળ જવાય એમ નથી, માટે શત્રુને જો મારી કહાડવો હોય તો તેને લડાઇમાં ઉતારવોજ જોઇએ.

નવી લડાઇ.

આ સલાહ મુજબ અમલ થયો. કંગથી મોટું તૂરાની લશ્કર ગુલ્જર્યૂન તરફ ઉતરી આવ્યું, જેની સરદારી જહન અને કુમર્દ અને કર્સીવજના હાથમાં હતી. ઇરાની લશ્કર લડાઇ માટે તૈયારજ હતું. બન્ને વચ્ચે જોશમાં જંગ ચાલ્યું, જે દરમિયાન તૂરાનીઓનાં મોં સામે તૂફાની પવન ફુંકવાથી તેમની શિકસ્ત થઇ અને ઘણાએક દુશ્મનો માર્યા ગયા ઉપરાંત કેદ પકડાયા. રાત પડવે લડાઇ બંધ પડી, તે બીજે દિને ચાલુ રહેનાર હતી; પણ તે આગમજ તો બીજી તરફથી પણ ફતેહના સમાચાર ફરી વળ્યા. શાહે ગુસ્તહમને ચાચ તરફ અને રૂસ્તમને નીમરૂજ તરફ શત્રુઓ સામે મોકલ્યા હતા ત્યાંથી ખબર મળી કે ચાચ ખાતે કરાખાનની ફોજને ગુસ્તહમે રાત્રીનો હુમલો કરીને કતલ કીધી હતી, અને રૂસ્તમ દુશ્મનોને શિકસ્ત આપીને શાહની મદદે આવનો હતો. આ બન્ને વાતોની ખબર પડવાથી અફ્રાસિયાબ શાહ સામે ગુલ્જર્યૂન ખાતે લડવાનું પડતું મેલીને રૂસ્તમ ઉપર ઉચાઉચ હલ્લો કરવાના ઇરાદાથી ચુપચુપ દોડયો. પણ રૂસ્તમને લડાઇ માટે કેવળ સાવધ જોઇને તૂરાની શાહ ગભરાયો અને કંગ બહેસ્ત[1] તરફ પાછો નાઠો, અને

[1]—કંગ, કંગદેઝ અને કંગ બહેસ્ત,—એમ ત્રણ જુદા જુદા નામો શાહનામામાં વાંચવામાં આવે છે. કંગદેઝ ઉંચા ડુંગર ઉપર બાંધેલા કિલ્લાનું અને કંગબહેસ્ત તે કંગના સુંદર બગીચાવાળાં શેહેરનું નામ હોય એમ લાગે છે. શાયર મુજબ કંગ એવડું મોટું શેહેર હતું કે જેની લંબાઇ આઠ ફરસંગની અને પહોળાઇ ચાર ફરસંગની હતી. તેનાં રક્ષણને માટે ઉંચા કિલ્લા અને બુર્જ બાંધેલા હતા, અને આ કિલ્લાની આસપાસના બાગબગીચાને લીધે તથા

અહીં આસરો લઇને તેણે શેહરના સઘળા દરવાજા ઉપર લશ્કરી ચોકી રાખી, અને કિલ્લાના રક્ષકોને ફરમાવ્યું કે આસપાસ નજર રાખતા રહે તથા દુશ્મની હીલચાલ તપાસતા રહે. અહીંથી તેણે ફગફૂર ઉપર નામું લખીને તેની મદદ માંગી, અને જણાવ્યું કે જો તારેથી અવાતું નહિ હોય તો દુશ્મનની સામે થવા માટે તારૂં લશ્કર મોકલવાને ચુકતો ના.

પાયતખ્ત કંગ.

અફ્રાસિયાબે કંગમાં રહીને તેને મજબૂત બનાવવાના સઘળા ઇલાજ લીધા. કિલ્લાની દીવાલો ઉપર પથર કે લોખંડના ગોળા ફેંકવા માટેનાં યંત્રો ગોઠવ્યાં, અને બુર્જો શત્રુના ઘેરા સામે ટકી શકે એવા બનાવ્યા. વળી તેણે કારીગરો કામે લગાડીને તેમની મારફતે મોટા પથર મંગાવી કિલ્લાની દીવાલોને વધારે ઉંચી બનાવી, અને ફરતા લડવૈયાઓ રાખ્યા તથા લડાઇનાં હથિયારો ગોઠવ્યાં. તેણે લોહાડોની એક ફોજ ભેગી કરીને તેઓ મારફતે નવાં નવાં હથિયારો જોડે લાંબા ભાલા તૈયાર કરાવ્યા, એવી મતલબથી કે ઇરાનીઓ કિલ્લાની દીવાલ ઉપર ચઢી આવે તો તે ભાલા વડે તેમને બેજાન કરવામાં આવે.

પણ આ સઘળી તૈયારી ફોકટ જનાર હતી. એક પંખવાડિયું અફ્રાસિયાબ કંગમાં ઠર્યો, એટલામાં કયખુસરૂ તેની શોધ કરતો ત્યાં આવી ચઢયો. તપાસ કરતાં તેને જણાયું કે શેહરના બચાવમાં એક બાજુએ ડુંગર ઉભેલો છે, અને બીજી બાજુએ નદી વહે છે. અહીં ઇરાનીઓ છાવણી નાખી પડયા. લશ્કરે કિલ્લાને ઘેરી લીધો, અને અફ્રાસિયાબને મદદ આપવા આવનારાં લશ્કરોના માર્ગ બંધ કરી દીધા.

અફ્રાસિયાબની સુલેહ માટે નવી માંગણી.

આ રીતની ગોઠવણોમાં ઇરાનીઓ હતા એટલામાં એક દહાડે અફ્રાસિયાબ તરફથી સંદેશો લઇને તેનો બેટો જહન શાહને આવી મળયો. કયખુસરૂએ તેને પોતાનાં હાથીદાંતનાં તખ્તની પાસે સોનાના પાટલા ઉપર બેસાડયો. જહને પોતાના બાપ તરફથી જે સંદેશો કહ્યો તેનો સાર એ હતો કે—અફ્રાસિયાબ દિલગીરીમાં ગિરફતાર છે; તું શાહ તારા માતપિતા તરફથી બહુ ઉંચી બુનિયાદનો છે; સિયાવુશનો જાન નાહક લેવાયો હતો, પણ તે કામ કરવા તૂરાની શાહને હારેમને ઉશ્કેર્યો હતો. લડાઇઓ ઘણી થઇ છે, ઘણા જાન ગયા છે, ઘણાં શેહરો વેરાન થયાં છે, કીનો પુરતો લેવાઇ ચુકયો છે, છતાં તું હજુ લડવા ચહાશે અને મને કેદ પકડવા માગશે તો તેમ હરગેજ બનશે નહિ. હું જાદશમનો નબીરો છું, જમશેદ અને ફરીદૂનથી ઉતરેલો છું, ખુદા તરફથી મને દાનાઇ અને નૂર મળેલાં છે, સરોષના જેવી પાંખ હું ધરાવું છું. ખાબગાહને વખતે હું કીમાક નદી પસાર કરીને કંગ છોડી જઇશ. ત્યારે અહીં જે સઘળું છે તે તારૂં થશે. પણ જ્યારે કીનાનો વખ્ત આવશે ત્યારે ગમે એવો જેર હું છું તે છતાં મારૂં લશ્કર ભેગું કરીને મારૂં વેર લઇશ અને સઘળે મારો તરીકો ચાલુ કરીશ. પણ જો તું જંગનો વિચાર છોડી દે તો શાહ ઇરજનો જે ખજાનો તૂરે જપ્ત કરેલો મારી કને છે તે સઘળો તારે સ્વાધીન કરવાને હું તૈયાર છું. એ બધું તું લે અને કીનાનો વિચાર છોડી દે. તને ચીન અને માચીન જોઇતાં હોય, તને મકરાન અને ખુરાસાનની જરૂર હોય તો તે બધાં તું લે; હું તેથી રાજી થઇશ. તારી ભવિષની સર્વે લડાઇઓમાં હું તને મદદ આપીશ અને

મોજમજા સુલેહ અને સુખને લીધે તે કંગબહેશ્તને નામે ઓળખાતું હતું. તેની સઘળી બાજુએ કુંવારાઓ ઉડતા અને નદી નાળાં વહેતાં હતાં, અને હિંદ તથા રૂમ ખાતેથી હુશિયાર કારીગરોને બોલાવીને તે ફળફુપ સરજમીનને બહેશ્તનું રૂપ આપવામાં આવ્યું હતું. કંગદેઝ યાને કિલ્લો એટલો ઉંચો હતો કે ૨૦ ફરસંગ સુધી આસપાસની સર્વ હીલચાલ નજર આવતી હતી.

સર્વે આલમ સન્મુખ તને મારો શાહ કબૂલ રાખીશ. જો આ મારી શર્ત તારે કબૂલ ન હોય તો લડાઇ માટે તૈયાર થા.

શાહનો તુચ્છકાર.

શાહ કયખુસરૂએ આ સુલેહના પેગામનો એવો જવાબ કહેવાડયો કે—તું ચોખ્ખાં દિલનો અથવા ખુદાપરસ્ત નથી. તેં મારા બાપને નાહક મારીને મારી માદરનો ગર્ભ તોડી પાડવાને થોડો જુલ્મ તારી બેટી ઉપર ગુજારેલો નથી. તેં વળી શાહ નોદરનું સર કાપી તનથી જુદું પાડયું હતું, તારા નેક બિરાદર અઘીરસનો તેં જાન લીધો હતો, અને એવાંજ બીજાં બુરાં કામો તેં બેશુમાર કરેલાં છે. તું છેક મિનોચેહર શાહના ઐયામથી નાસ્તિક લેખે જણાઇ ચુકેલો છે. તેં તારા બેટા શીદેહને મારી સામે લડવા મોકલાવીને એવી ઉમેદ બાંધી હતી કે તે મને મારે તો તું ઇરાનનો નાશ કરે. એ બધામાં તું નિષ્ફળ થયો ત્યારે તું આજે મારી અને મારાં તખ્તોતાજની તારીફ કરે છે. આજથી કિયામત સુધી મારે તારી સાથે તલવાર સિવાય બીજી વાત કરવી નથી.

આ મતલબનો જવાબ મોકલતાં શાહે શાહજાદા જહનને હીરાનું તાજ, કાનનાં લુલખ અને સોનાની કંઠીથી નવાજયો. અને અફ્રાસિયાબે જ્યારે આ જવાબ સાંભળ્યો ત્યારે તેને ભારી ક્રોધ ઉપજયો.

કંગદેઝ ઉપર ઇરાની હુમલો.

હવે કિલ્લા ઉપર હલ્લો થયો. શાહ, રૂસ્તમ, ગુદર્ઝ અને ગુસ્તહમ બિન નોદરે જુદે જુદે ઠેકાણેથી પોતપોતાનાં લશ્કરો મારફતે કિલ્લાની દીવાલ તોડવાની તજવીજ કીધી. હાથીઓ અને ઘોડાઓ મારફતે હથિયારો કામે લગાડયાં. વળી કિલ્લાની આસપાસ ખાતર પાડીને અંદર દાખલ થવાની કોશેશ કીધી. શાહે બે બાલાની લંબાઇ જેટલી ખાડી ખોદાવી, અને કિલ્લા પરથી શત્રુઓ જણાતાંજ તેમના ઉપર મોટા પથરા ફેંકવા માટેનાં યંત્રો ગોઠવાવ્યાં, અને તે યંત્રો ચલાવવા માટે રૂમી લશ્કરીઓને કામે લગાડયા. ખાતર ખોદીને તેમાં લાકડાંના ઢગલા બનાવી તે ઉપર નપ્થ તેલ નાખી તેમને સળગાવી દીધા, અને એ રીતે ચોતરફથી કિલ્લો તોડવાની યુક્તિઓ કામે લગાડી. આ કામમાં ઇરાનીઓ ફાવ્યા અને કિલ્લો નીચે આવ્યો. ઘણા તુર્કમાનીઓ તેમાં નાશ પામ્યા.

રૂસ્તમની નામદારી.

પણ એટલાથી કાંઇ તૂરાની શાહની શિકસ્ત થયલી કહેવાય નહિ. કિલ્લાની દીવાલ તુટવાથી ઇરાનીઓને માંહે દાખલ થવાનો માર્ગ મળ્યો ખરો, પણ અફ્રાસિયાબ તેમનો કેદી બની શકયો નહિ. તૂરાની લશ્કર હવે લડવા આવ્યું અને બન્ને વચ્ચે અહીં ભારી યુદ્ધ ચાલ્યું. રૂસ્તમે કિલ્લાપરનો તૂરાની કાળો વાવટો તોડી પાડીને તેની જગા ઉપર શાહનો વાવટો ઉડતો કીધો, કેજે ખુલ્લા જાંબુડા રંગનો હતો. રૂસ્તમે એજ વખ્તે એક બીજી નામદારી એ કીધી કે અફ્રાસિયાબના બેટા જહન અને ભાઇ કર્સીવજને તેણે જીવતા કેદ પકડયા.

હવે તૂરાનીઓની હાર બરાબર થઇ ચુકી હતી. ઇરાની લશ્કર શેહરમાં દાખલ થયું અને લૂટફાટ કરવા પડયું. ખૂનરેજી પણ ભારી થઈ. બાયડી અને છોકરાંની કલાપીટ કાન ફાડી નાખે એવી હતી. આ ભાપડાંઓમાંનાં કેટલાંક તો હાથીઓના પગ તળે ચંપાઇ ગયાં. એક મોટાં રાજયના બહેસ્ત સરીખાં પાયતખ્તની આ કેવી દશા!

તૂરાની શાહની નાસભાગ.

અફ્રાસિયાબ પોતાનું બખ્ત ઉધું વળેલું જોઈ નાઠો. કિલ્લામાં તેનો મહેલ હતો તેનાં ભોંયતળિયાંમાંથી એક છુપો રસ્તો બાંધેલો હતો, જે વડે બિયાબાનમાં નીકળાતું હતું. પોતાની

સાથે ૨૦૦ સરદારોને લઇને તે આ છુપે માર્ગે બચી ગયો. આ બાબે બીજા કોઇને કશી ખબર પડી નહિ."

તૂરાની તખ્ત ઉપર ઈરાની શાહ.

શાહ કયખુસરૂ મહેલમાં દાખલ થયો અને એક ફતેહમંદ લડવૈયા દાખલ તૂરાની તખ્ત ઉપર બિરાજ્યો. પદભ્રષ્ટ શાહની ઘણી ખોળ કીધી પણ તેની લાશ વગેરે મળી આવી નહિ. શાહે એ બાબે કેદ પકડાયલા જહન અને કર્સીવજને પુછ્યું, પણ કશી બાતમી મળી શકી નહિ. શાહે પોતાના નામદારોને કહ્યું કે—મારો દુશ્મન મરી ગયો છે કે જીવતો છે તેની આપણને હવે થોડીજ પરવા છે. તેનાં તખ્તોતાજ, મુલ્ક અને લશ્કર આપણા હાથમાં આવી ચુક્યાં છે.

શાહના ફરમાવ્યાથી અફ્રાસિયાબની રાણીઓને દરેક વાતની માફી બક્ષવામાં આવી. વડી રાણીએ પોતાની બેટીઓ સાથ શાહ આગળ આવીને સિયાવુશનાં ખૂન બાદના પોતાના તિરસ્કારની અને તે નહિ કરવા માટે અફ્રાસિયાબને પોતે સમજાવ્યો હતો તે બાબેની સર્વ વાતો જાહેર કીધી અને દયા ચાહી. કયખુસરૂએ તેઓ સર્વેને ધીરજ આપી અને દરેક રાણીને પોતપોતાનાં અયવાનમાં જઇ પોતાનું તન મન ખુદાને અર્પણ કરીને ભલી જિંદગી ગુજારવાની શીખામણ દીધી.

પોતાના સિપાહોને શાહે તૂરાનની સર્વ લૂટ વહેંચી આપી અને ફરમાવ્યું કે તૂરાનના તમામ મુલ્કને ઇરાનની માફકનો વસવા લાયક કરવો, અને કીનો દિલમાંથી કહાડી નાખીને આ મુલ્ક જે શિયાળા જેવો કઠોર બની ગયો છે તેને વસંત જેવો દિલખુશ બનાવવો. અહીંનાં લોક આપણાથી બીતાં હોય તો તેમના તરફ દયા અને મેહરબાનગી બતાવીને તેમને રાજી રાખવાં. પડેલાને પાડવો અને બેગુનાહને મારવો એ આપણું કામ નથી. હવે આ સરજમીન મારી છે માટે તેને કોઇએ ખરાબ કરવી નહિ.

જે તૂરાની લશ્કર બચવા પામ્યું હતું તે શાહ કને થી અમાનત મેળવી તેની ખિદમત કરવા કબૂલ થયું. તેણે દરેક તૂરાની સરદારને તૂરાનનું એક એક શહેર બક્ષ્યું, અને જે પ્રાંતમાં હજુ બળવાખોર હાકમો બાકી રહ્યા હતા તેમને પનાહ નહિ આપતાં શિકસ્ત આપી. આ રીતે સઘળું તૂરાની લશ્કર, રૈયત, અને સરદારો શાહ કયખુસરૂને તાબે થયાં.

આ રીતની સર્વ સમાધાની કરીને પછી કયખુસરૂએ જૈફ શાહ કાઉસ ઉપર એક નામુ લખી પોતાનાં છેલ્લાં ફતેહમંદી ભરેલાં કામોથી તેને વાકેફ કીધો. અફ્રાસિયાબનું કંગ પાયતખ્ત હલ્લો કરીને કેવી રીતે તાબે કરવામાં આવ્યું, તથા તેના હજારો માણસો ગુદર્જુનની એકજ લડાઇનાં કેવાં કપાઇ મુવાં અને એક સખ્ત વંટોળિયો થઇને દુશ્મનોની શિકસ્તમાં તેથી કેવી મદદ મળી તથા દુશ્મન કેવી રીતે જીવ બચાવી નાઠો તે સર્વનું આ નામામાં બયાન કીધું, અને તે રવાના કીધા પછી બહારની મોસમ આવી ત્યાંસુધી પોતે કંગમાંજ રહ્યો.

ફસલ ૩—ત્રીજો તબક્કો: ત્રીજી નાસભાગ અને કીનાની પૂઠ.

ડુબતો ફીણને વળગે છે.

અફ્રાસિયાબ નાઠો ખરો, પણ નાસિપાસ થયો ન હતો. ચીનનો ખાન તેનો સદાનો દોસ્ત અને મદદગાર હતો. તેણે એક મોટું લશ્કર ઉભું કરવાથી, અને પોતાને વજીર પીરાનનો તમામ ખજાનો મળ્યો હતો તે ખર્ચીને ખુતન અને ચીન મધે મોટી ફોજ ભેગી કરેલી હોવાથી, અફ્રાસિયાબને પોતાનો જીતાયલો મુલ્ક પોતાના નમીરાના હાથમાંથી પાછો હાથ કરવાની ભારી હિંમત આવી. તે પોતેજ આ ગંજાવર લશ્કરની સરદારી લઇને કંગ ઉપર ધસ્યો આવ્યો, અને એ

આમેની ખબર મળતાંજ જે તૂરાની લશ્કરોને શાહ કયખુસરૂએ અમાનત બક્ષી હતી તેઓ બળવો ઉઠાવી પોતાના શાહને મળી ગયાં.

આ રીતે અફ્રાસિયાબનું જોર વધી પડેલું જોઇને કયખુસરૂએ કંગની પાસબાનીનું કામ ગુદર્જને સોંપ્યું, અને પોતે લશ્કરની સરદારી લઇને કંગની બાહેર આવેલાં મેદાનમાં છાવણી નાખી. બન્ને હરીફો વચ્ચે લડાઇ ચાલે તે આગમજ અફ્રાસિયાબે કયખુસરૂ ઉપર એક છેલ્લો પેગામ મોકલાવીને પોતાની જિંદગી માગી લીધી. પોતે શાહનો મમાવો થાય તથા વળી એકજ નિયાગાન ફરીદૂનથી જેમ શાહ તેમ પોતેબી ઉતરેલો છે તે જણાવીને તથા હવે પુષ્કળ ખૂન રેડાયું છે તે બાબે ઇશારો કરીને અફ્રાસિયાબે જીવતદાન માંગ્યું. લડાઇમાં પોતે પહેલો ઉતર્યો તે વાતને આજે ૬૦ વર્ષ પુરાં થયાં છે પણ શાહ તો પોતાની આગળ બચ્ચાં જેવો છે એમ જણાવીને પદભ્રષ્ટ શાહે કહેવાડયું કે જો કયખુસરૂની ખાહેશ લડવાના અને કીનો લેવાનીજ હોય તો આપણાં લશ્કરથી દુર એકાંત જગામાં મારી સામે આવીને જોર અજમાવે.

કયખુસરૂ આ માગણી કબૂલ રાખવા તૈયાર થયો, પણ રૂસ્તમે તેને તેમ કરતો અટકાવીને સલાહ આપી કે આપણે તુરાની લશ્કર ઉપર સામાન્ય હુમલો કરીને લડાઇ બરપા કરવી. આ સલાહ પ્રમાણેનો શાહે અફ્રાસિયાબને જવાબ કહેવડાવ્યો, અને પછી લડાઇ ચાલુ થઇ.

શબે ખૂનનો તૂરાની બાજી.

આ લડાઇ જાણવાજોગ પરિણામ વિના રાત્રે બંધ પડી. એજ રાત્રે તુરાની શાહ ઇરાની લશ્કર ઉપર હુમલો લાવશે એવો કયખુસરૂને વેહમ ગયો, જે ઉપરથી તે નામદારે તુરાની લશ્કર જે રસ્તેથી ચઢાઇ લાવે એમ હતું તે રસ્તાં ઉપર એક ઉંડી ખાઇ ખોદાવી રાખી, અને પોતાનાં લશ્કરોને ફરમાવ્યું કે તેઓએ પોતપોતાની છાવણીમાં રોશની કરવી નહિ યા ઉંટનાં ગળાંમાં ઘાંટરડી વાગતી રાખવી નહિ. આ ગોઠવણની મતલબ તૂરાનીઓ અંધારી રાતે આપોઆપ માર્યા જાય એવી હતી. બીજી ગોઠવણ શાહે એવી કીધી કે રૂસ્તમ અને તુસની સરદારી હેઠળ ચુનંદા સિપાહોની ટુકડીઓ આપીને એકને મેદાનમાં અને બીજાઓને ટેકરીઓ તરફ તૈયાર રાખી અફ્રાસિયાબનાં લશ્કરને આગળથી તેમજ પાછળથી ઘેરી લઇને તેનો નાશ કરવા માટે મોકલ્યા. અફ્રાસિયાબનું લશ્કર ઉપર જણાવેલી ખાઇના માથાંપર આવી પહોચતાંજ ઇરાની લશ્કર પુઠેથી તેના ઉપર હલ્લો કરે તો પછી તુરાનીઓ બે તરફથી પોતાની બાજી બિગડી ગયલી જોઇ પશેમાન થયા વિના રહે નહિ. વળી કયખુસરૂએ ઠરાવ્યું કે એજ વખ્તે તેણે પોતેબી હાથીઓ અને લશ્કર સાથ તુરાનીઓ ઉપર તુટી પડવું.

પેલી તરફથી અફ્રાસિયાબે શબેખૂન માટેની તૈયારીઓ કરીને ખબર કહાડી તો કોઇ પણ ઇરાની ચોકીબાનો જાગતા જણાયા નહિ. આથી બહુ ખુશ થઇને અફ્રાસિયાબ હજારો માણસોનાં લશ્કર સાથ દોડયો આવ્યો. આ વેળા તદન અંધકાર હોવાથી પેલી ખાઇને માથે આવતાંજ કેટલાક તુરાનીઓ જેઓ આગળા ભાગમાં હતા તેઓ તેમાં ગબડી પડયા, અને એ બનાવ જોઇને બાકીનાઓ વધારે આગળ નહિ વધતાં પાછા ફર્યા ત્યારે એક તરફથી રૂસ્તમ અને બીજી તરફથી તૂસ અને ગીવ તેઓ ઉપર તુટી પડયા, અને વળી બીજી તરફથી શાહ કયખુસરૂ પોતે કાવાનો દરફશ અને હાથીઓનું લશ્કર લઇ તુરાનીઓને છુંદી નાખવા લાગ્યો. લડાઇ ખુબ જોશમાં ચાલી અને તેમાં તુરાનીઓની એટલી મોટી કતલ ચાલી કે અફ્રાસિયાબ પોતાનો કાળો ઝુંડો કે જે લશ્કરની વચોવચમાં હતો ત્યાંથી ઉપાડી લઇ થોડાક ચુનંદા લડવૈયાઓ સાથ નાસી ગયો, જે જોઇને બીજા તુરાનીઓ હથિયાર છોડી દઇ શરણ થયા.

આ ફતેહથી ખુશહાલ થઇ શાહ ખુદાતાલાની બંદગીમાં મશગુલ થયો, અને પછી કંગ બહિશ્તના મહેલ તરફ પાછો ફર્યો.

અફ્રાસિયાબની છેલ્લી નાસભાગ.

ચીનના ખાન અને માચીનના ફગફૂર, જેઓએ અફ્રાસિયાબને છેલ્લી લડાઇમાં મોટી મદદ આપી હતી, તેમને જ્યારે તેની ઉપલી શિકસ્તની ખબર પડી ત્યારે તેઓ પોતાનાં રાજ્ય માટે ધ્રુજવા લાગ્યા. ફગફૂરે મોટો કીમતી હદિયો મોકલાવીને શાહ કયખુસરૂની દોસ્તી ચાહી, જેના જવાબમાં શાહે કહેવાડયું કે—અફ્રાસિયાબને તારા મુલકમાં આસરો મળવો નહિ જોઇયે. ફગફૂરે આ ઉપરથી તે નાસભાગમાં પડેલા તૂરાની શાહને ચીન અને ખુતનની સરહદ છોડી જવા ફરમાવ્યું. આથી અફ્રાસિયાબ બહુ દુખી થયો. રાજતાજ તો ગયું, પણ હવે જો જાન પણ સલામત રહેશે નહિ એમ તેને લાગ્યું. તે ઇસ્પુરૂજ પહાડ તરફ ચાલ્યો, અને ઇરાની દુશ્મનોથી નાસતો ભાગતો, શિકાર ઉપર ગુજારો કરતો, અંતે મોટા દરિયા તરફ જઇ લાગ્યો, કે જેને શાયર ફિર્દૂસી ચીનના દરિયાને નામે ઓળખાવી જાય છે.[૧] આ દરિયો પસાર કરીને આથમણુ ભણી અફ્રાસિયાબે નાસી જવા માંગ્યું અને તેટલા માટે બારકસો તૈયાર કરવા ફરમાવ્યું. જે બંદરે તે આવી ચઢયો હતો તેના રખેવાળે કહ્યું કે—મારી ૭૮ વર્ષની ઉમરમાં મેં આ દરિયામાંથી બારકસોને પસાર થઇ જતાં દીઠાં નથી. પણ શત્રુના હાથ ઉપર માર્યા જવાને બદલે દરિયામાં ડુબી જવાનું વધારે પસંદ કરીને અફ્રાસિયાબે બારકસો તૈયાર કરાવ્યાં; અને તે ઉપર પોતાના સાથીઓ સાથ સવાર થઇને તે કંગદેઝ ખાતે જઇ પુગ્યો અને ત્યાં ઠરીઠામ થઇ વસ્યો.

શાહની ગોઠવણ.

આ વાતની ખબર જ્યારે કયખુસરૂને પડી ત્યારે તેણે પણ કંગદેઝ જઇ અફ્રાસિયાબને પકડવાનો ઠરાવ રાખ્યો. હવે ચીન અને માચીન પણ પોતાના તાબામાં આવી ચુકયાં હતાં માટે મક્રાનનો મુલ્ક કેજે માર્ગમાં આવતો હતો ત્યાંના રાજાની કશી મદદની જરૂર વિના ઇરાની શાહે ચીનનો દરિયા—કૅસ્પીઅન સમુદ્ર—પસાર કરવાનું બિડુ ઝડપ્યું. જોકે આ કામ મહેનતનું હતું અને મંજલ કાપવી બહુ લાંબી હતી તોપણ કયખુસરૂ તે બજાવવાને તૈયાર થયો. તે નામદારનો આ ઠરાવ જોઇ ઇરાની સરદારો બબડવા લાગ્યા. તેઓ બોલ્યા કે—દરિયો ઘણો ખરાબ છે અને સારો પવન હશે તોપણ કંગદેઝ પુગતાં આપણને છ મહિના લાગશે. પણ તેમની સઘળી હરકતો છતાં કયખુસરૂ પોતાના ઠરાવને વળગી રહ્યો, અને રૂસ્તમના સમજાવ્યાથી ઇરાની સરદારો પણ શાહ સાથે જવાને રાજી થયા.

ચીનનાં દરિયા તરફ ઉપડી જવા આગમજ શાહે ગીવની સરદારી હેઠળ લડાઇમાં પકડાયલા તૂરાની સરદારો, શાહજાદાઓ, રૂપસુંદરીઓ, ખજાનો વગેરે શાહ કાઉસ તરફ રવાના કીધાં. સાથે એક નામું લખી આપી તેમાં જણાવ્યું કે—હુ ચીન અને માચીનમાં થઇને મક્રાન ઉપર ચઢી જઇશ, અને પછી ચીનનો દરિયા વટાવીને કંગદેઝ ઉપર ઉતરી અફ્રાસિયાબને પકડીશ.

ગીવની જોડે અફ્રાસિયાબનો બેટો જહન અને ભાઇ કસીર્વજ પણ કેદી હાલતમાં હતા. જ્યારે ગીવ સર્વ અસ્બાબ અને અફ્રાસિયાબની રાણીઓ અને બેટીઓ, તથા કેદીઓ સાથ શાહ કાઉસની

૧—આ કાંઇ ખરેખરો ચીનાઇ દરિયો નથી, કુંજે ચીન દેશની ઉગમણે આવેલો છે. જેમ અહીં તેમ, આગળ ચાલતાં "મક્રાન"ના મુલ્કના સંબંધમાં શાયરે મોટું ગોતું ખાધેલું જણાય છે. આ "ચીનનો દરિયા" તે આજનો કૅસ્પીઅન સમુદ્ર છે, કે જે અવસ્તાવાણીમાં "વાઉરૂ કષ"ને નામે ઓળખાયો છે.

દરબારમાં જઇ પહોંચ્યો ત્યારે સર્વ હકીકતોથી વાકેફ થઇને કાઉસે ખુદાના શુક્રાના કીધા, અને પછી કર્સીવજ ઉપર લિયાનત નાખી તથા તૂરાની બાનુઓને તેમને લાયકનાં અયવાનમાં રાખવા ફરમાવ્યું. ગીવ જે ખજાનો લાવ્યો હતો તે જંક શાહે સર્વ ઇરાની નામદારોને વહેંચી આપ્યો. જહન શાહજાદાને તેને લાયકના મકાનમાં સઘળાં સુખ છતાં નજર કેદ રાખ્યો, પણ કર્સીવજને તો એક કિલ્લામાં કેદ કીધો.

અફ્રાસિયાબની પુઠે કયખુસરૂ.

સર્વ કામોના બંદોબસ્ત કરીને, તથા દૂરના મુલ્કોના તાબેદાર રાજાઓને તુરાન તથા ચીન પોતાની શાહાનશાહતમાં આવી ચુકવાની ખબર આપીને, કયકાઉસે ગીવને તેને લાયકનો કીમતી પોશાક અને મોટું ઇનામ નવાજેશ કીધું, અને પછી એક નામુ ક્યખુસરૂ ઉપર લખી આપીને ગીવને પાછો રવાના કીધો. તેના તરફથી કાઉસના આશિર્વાદ જાણી લઇને હવે કયખુસરૂ ચીનના દરિયા તરફ કુચ કરી ગયો, અને કંગ બહેશત ખાતે રૂસ્તમ અને ગુદર્જ વગેરે નામદારોને રાખી ગયો. પ્રથમ તે સિયાવુશગર્દ ખાતે પોતાના બેગુનાહ માર્યા ગયલા પિતાની આરામગાહની ભેટ લેવા ગયો, અને ત્યાંથી આગળ વધ્યો. એજ વેળા તેણે સઘળા તાબેદાર હાકમો જોડે ચીનના ફગફૂર અને મકાનના રાજા ઉપર નામાં લખીને તેમને ખબર આપી કે—હું ચીનના દરિયા તરફ કુચ કરૂં છું, માટે મારાં લશ્કરને તમોએ ખોરાકી પુરી પાડવી; પણ તમોમાંથી જે કોઇ મારો હુકમ બજા લાવશે નહિ અથવા મારી આગળ હાજર થશે નહિ તેનું સર તલવારથી ઉડી જશે. આ હુકમથી જોકે સઘળા તૂરાની હાકમો દુખી થયા તોપણ તેઓએ તેમજ ખાન અને ફગફૂરે શાહનો આ હુકમ માથે ચઢાવ્યો અને લશ્કરને કુચ કરવા માટેના સઘળા માર્ગો દુરસ્ત કરાવવા, તેને ખોરાકી પહોંચતી કરવા અને બીજી જોઇતી મદદ આપવાની તૈયારી બતાવી.

આ રીતે સઘળા તૂરાની શાહાનશાહતને તાબેના રાજાઓએ તાબેદારી બતાવી, પણ તે તરફના મકાન[1] નામે મુલકના રાજાએ ભારી સરકશી બતાવી. તેણે શાહના એલચીને એવો જવાબ આપ્યો કે—તારા શાહને જઇને કહે કે અમારી ઉપર નવી સત્તા ચલાવવા માંગશે તો તેમ બની શકનાર નથી. ત્યારે મારી સરહદ ઉપર રહીને આગળ વધવું હોય તો મને વાંધો નથી, પણ મીરાં શેહરોમાં જો તારૂં લશ્કર દાખલ થશે તો હું તને આગળ વધવા દઇશ નહિ, તેમજ તું ગમે એટલી ફતેહ સાથ પાછો ફરશે તોપણ તને મારા મુલ્કમાં પગ મુકવા દઇશ નહિ.

૧—આ મકાનનો મુલ્ક તે કયો ! કેટલાકો આજે ઇરાનની દક્ષિણે દરિયા કાંઠે આવેલા મકાનના પ્રાંતને આ અસલી તૂરાની પ્રાંત સમજી ગયા છે. પણ આજનું મકાન તે તે નથી. તે તો કેસ્પીઅન સમુદ્રના પુર્વ કાંઠા ઉપર આવેલો કોઇ મુલ્ક હોવો જોઇયે. આ મુલ્ક ચીનના દરિયા અને ચીન તથા માચીનની વચ્ચે હોવો જોઇયે. ચીનનો દરિયા તે કેસ્પીઅન અને ચીન માચીન તે તાર્તારીનો મુલ્ક છે, માટે શાહનામાનું મકાન તે આ બેની વચ્ચેનું કોઇ પુરાણું તૂરાનને તાબેનું નાનું રાજ્ય હોવું જોઇયે. જો ઇરાની મકાન તેજ આ હોય તો કયખુસરૂને તાર્તારીથી પાછું ઇરાન તરફ દક્ષિણે આવવું પડે, ત્યાર પછી મકાન જીતીને ચીનનો દરિયા પસાર કરવો પડે, કેજે નામે મકાનનો દરિયા ઓળખાતો નથી. એ દરિયા પસાર કરીને કંગદેઝમાં જવાતું હોય તો એ શેહરને કયાં મુકવું એ સવાલ મોટી મુશ્કેલી ભરેલો થઇ પડે. મકાનથી અરબી સમુદ્ર પસાર કરી સીલોન આગળથી હિંદી મહાસાગર પસાર કરી, બરમા અને સિયામ વટાવીને આજના ચીન દેશના દરિયા (ચીનાઇ સમુદ) માં દાખલ થવાય ખરૂં, પણ આવી મહાભારત મંજલ કયખુસરૂને માથે ઉઠાવવી પડી હોય એમ લાગતું નથી. મકાન ઇરાનની લગોલગ અને સીસ્તાનની પાસેજ હોવાથી તે તૂરાનને બદલે ઇરાનને તાબે હોવું જોઇયે. અને અફ્રાસિયાબ કંગથી નાઠેલો આજના મકાન ભણી આવીને ત્યાંથી ચીનાઇ સમુદ તરફ લંબાણ મુસાફરી કરી જાય એ કેવળ અકલ્પિત કલ્પના છે. મકાન નામે જો કોઇ પણ મુલ્ક હોય તો તે અમે ઉપર જણાવ્યું તેમ કેસ્પીઅન સમુદના ઉગમણ કાંઠા પરનો તૂરાનને તાબેનો મુલ્ક હોવો જોઇયે.

હવે શાહ ખૂતનથી આગળ વધ્યો ત્યારે ચીન અને માચીનના ખાન અને ફગફૂર તેને ઈસ્તકબાલ આવ્યા, અને પોતાની તાબેદારી જાહેર કરી દરેક મદદ આપી. કોઇપણ શેહર તરફ ઇરાની લશ્કર જઇ પુગતું તો ત્યાંના લોકો તેને શણગારતા, અને પોતાની ખુશહાલી જાહેર કરી યોગ્ય આવકાર દેતા. ફગફૂરે શાહને પોતાના મહેલમાં લઇ જઇને ત્રણ મહીના સુધી તેની પરોણાગત કીધી, અને પછી કયખુસરૂ મકાન તરફ ચાલ્યો. અહીં સુધી જેહાં પેહલવાન રૂસ્તમ શાહની સંગાથે હતો, પણ અહીંથી તેઓ બન્ને છુટા પડયા.

મકાનના રાજાને સજા.

જ્યારે શાહ મકાનની નજદીક જઇ પહોંચ્યો ત્યારે તેણે ત્યાંના રાજાને પોતાની તાબેદારી કબૂલ રાખવાની ફરીથી તક આપી. પોતાનાં લશ્કરને પસાર થવા માટે રસ્તો તૈયાર કરવાની તથા તેને ખોરાકી પહોંચતી કરી શાહ તરફ પોતાની દોસ્તી જાહેર કરવાની કયખુસરૂએ આપેલી આ બીજી વારની તક પણ મકાનનો રાજા ચુકયો, અને તેના એલચીને તોછડાઇ ભરેલો જવાબ દઇ પોતાની દરબારમાંથી હાંકી કહાડયો, એટલુંજ નહિ પણ પોતે લડાઇને માટે તૈયાર થઇ ઇરાની લશ્કરનાં આવી પુગવાની વાટ જોતો ઉભો. આથી જ્યારે કયખુસરૂ ત્યાં આવી પુગ્યો ત્યારે તેને લડાઇમાં ઉતર્યા વિના ચાલ્યુંજ નહિ. પહેલાં એક મકાની અને બીજા તુખાર નામના ઇરાની પેહલવાનો વચ્ચે જંગ ચાલ્યું, જેમાં મકાનીના બેજાન થયા પછી બન્ને લશ્કરો વચ્ચે ભારી યુધ્ધ થયું. આ લડાઇમાં મકાનનો રાજા કેજે પોતાનાં લશ્કરની વચમાં સલામતી ભરેલી જગાએ હતો તે છતાં એ કાપલાના એક તીરથી તે માર્યો ગયો. શાહ કયખુસરૂએ તેનું સર તનથી જુદું કરવાની ઇરાની સરદારો તરફની માંગણી ના પાડી, અને તેની લાશને ગુલાબ જળથી ધોઇને તથા તેમાં કસ્તુરી વગેરે ભરીને એક ખાસ કબરમાં તેને મુકી, જ્યાં તે લાશને માટેનો એક ખાસ ઓરડો બાંધવામાં આવ્યો હતો. આ રાજાના શરીરમાં પેવસ્ત થએલો તીર તેનાં બખ્તરમાં થઇને ઉંડો ગયો હતો, માટે તે જંગમેદાનમાં એક પેહલવાનને છાજતાં મોતથી માર્યો ગયો છે એવું ભવિષને બતાવવા માટે શાહ કયખુસરૂએ ફરમાવ્યું કે તેનો પોશાક જેમ છે તેમજ રહેવા દેવો, અને તેનો ચેહરો ચીનાઇ રેશમી કાપડથી ઢાંકવો.[1]

ઇરાની ફોજે મકાની લશ્કરની છાવણી લૂટી અને પછી તે શેહર લૂટવા ગઇ. આથી શેહરીઓ તરફથી ફરિયાદનો પુકાર ઉઠયો. કિલ્લાઓ અને કસબાઓ તારાજ થયા તથા ઓરતો અને બચ્ચાંઓ ગુલામ બન્યાં. જે મર્દો હતા તેમાંના સંખ્યાબંધ માર્યા ગયા, બીજાઓ કેદ પકડાયા, અને બાકીના જીવ લઇને નાઠા. ઘણી ખરાબી નહિ થવા દેતાં શાહે લશ્કરના સરદાર અસ્કશને પાછો બોલાવી લઇ લૂટ અને ખરાબીનાં કામો અટકાવ્યાં, અને એ રીતે શેહરોના આગેવાનો વગેરેની તાબેદારી કબૂલ રાખી તેમને જીવતદાન બક્ષ્યું અને તેમના મુલ્કમાં શાંતિ પાંથરી.

ચીનના દરિયા તરફ કુચ.

આ સઘળાં કામો બજાવતાં તેમજ ચીનનો દરિયા—યાને કૅસ્પીઅન સમુદ્ર—પસાર કરવા માટે

૧—તુરાનીઓને માટે કહે છે કે તેઓ યુનાનીઓમાં સ્કીથ્યનને નામે ઓળખાતા હતા. આ સ્કીથ્યનોના ધર્મમાંની કેટલીક બાબતો જરતોશ્તી ધર્મને મળતી આવતી જણાય છે, કે જે પહેલી પ્રજાએ બીજી ઉપરથી નકલ કરેલી હશે. આ તુરાની રાજાઓમાં એક રિવાજ એવો હતો કે તેમની લાશને ગોઠવવા માટે એક મોટી કબર બાંધી તેમાં ઓરડો બનાવતો. ત્યાં તેને તખ્ત ઉપર સુવાડતી, અને સાથે તેમનાં માનીતાં હથિયારો, સોના તથા હીરાનાં ઘરેણાં વગેરે જિનસો મુકતી, અને પછી તે કબરો બંધ કરી લેતી. ફિર્દોસી મકાનના રાજાને ભુમિદા કરવાનો આ ઠેકાણે જે ઇશારો કરે છે તે યુનાની તવારીખનવેશ હીરોડોટસ અને બીજાઓ સ્કીથ્યન રાજાઓના એજ રિવાજના સંબંધમાં જે કાંઇ લખી ગયા છે તને ઘણી રીતે મળતું આવે છે.

જોઇતાં પુષ્કળ બારકસો તૈયાર કરતાં એક વર્ષ પસાર થઇ ગયું. અને પછી જ્યારે બહારની મોસમ બેઠી અને (શાયરનાં કરેલાં બયાન મુજબ) જ્યારે જમીને લીલા રંગનો લેબાસ પહેર્યો, ટેકરીઓ ઉપર ટ્યુલિપ ફુલો અને વેરાન જગાઓ ઉપર ઘાસ ઉગી નીકળ્યાં, જ્યારે જંગી ઘોડાઓ ચરાગાહમાં ભેગા થવા લાગ્યા અને શિકારીઓ શિકારની શોધમાં નીકળ્યા, જ્યારે બાગોમાં ફુલો અને ફળોનાં ઝાડો ખલી અને ઝુકી રહ્યાં, ત્યારે, યાને વસંત બેઠા પછી, શાહ કયખુસરૂએ ફરૂદશને મકરાનની હાકમી ઉપર મુકરર કીધો અને તેને ફરમાવ્યું કે તેણે રૈયત ઉપર ઢીલી દોરી રાખીને દયા તથા ઇનસાફથી રાજ્ય કરવું. આ પછી તે નામદાર ખુશહાલ દિલથી શેહેર છોડીને જંગલમાં જવા નીકળ્યો અને ભવિષ્યમાં નવી જેહમત આવી પડે તે સહેલથી ઉપડી લેવાને રાજી જણાયો. ખોરાકીનાં ગાડાંઓ લશ્કરની આગળ ચાલતાં થયાં, કેજે ગાડાંને પાડા જોડેલા હતા. આ જાનવરો માંટે ઘાસ-ચારો જંગલોમાંથી પુરતો મળતો હતો, છાવણી માટેની જગાઓ ઠેકાણે ઠેકાણે પુરતી જણાતી હતી, અને જમીન નદીનાળાંથી તથા આકાશ વાદળાંથી ભરપુર હતાં.[1]

ફસલ ૪—અફ્રાસિયાબનો અંત.

દરિયાઇ મંજલની મુશ્કેલીઓ.

જ્યારે શાહ પોતાનાં લશ્કર સાથ દરિયાને કિનારે આવી લાગ્યો—તે કયું બંદર હતું તે શાયરે જણાવ્યું નથી—ત્યારે ચીન અને મકરાનથી તે પોતાની સાથે જે કેટલાક ચુનંદા નાવિકોને લાવ્યો હતો તેમની મારફતે દરિયાઇ મુસાફરીને લગતી સઘળી તૈયારીઓ કરાવી. કૅસ્પીયન સમુદ્ર ઘણો ઉંડો અને તુફાની કહેવાય છે, અને વળી તે પસાર કરવાનું બિકટ હોવાથી શાહે એક વર્ષ ચાલે એટલી ખોરાકી પોતાની સાથે ભરી લીધી, અને જ્યારે સઘળું તૈયાર થયું ત્યારે ખુદાતાલાની બંદગી કરી તે સાહેબની મદદ માંગીને શાહ વહાણ ઉપર સવાર થયો. દરિયો તુફાની હોવાથી અને તે પસાર કરતાં છ મહિના લાગે છે એવી વાતો સાંભળેલી હોવાથી ઇરાની સરદારોમાંના કેટલાક એકવાર પાછા નાસિપાસ થઇ ગયા. ગમે તેમ હોય તોપણ તેઓ સઘળા રાહે પડ્યા, અને એ રીતે છ મહિના પુરા થઇ ચુકયા તોપણ દરિયાનો બીજો કિનારો તો દેખાયોજ નહિ. સાતમે મહિને ઉત્તર તરફથી પવન ફુંકવા માંડ્યો જેથી સઢ છોડી નાખવા પડ્યા, અને બારકસો આગળ વધવાને બદલે પાછળ હઠતાં હોય તેમ લાગ્યું.[2] આ રીતે તેઓ પોતાને ખરે રસ્તે નહિ જતાં ભટકતાં થઇ પડ્યા, અને છેવટે એક એવી જગાએ જઇ પુગ્યાં કે જેને નાખુદાઓ "સિંહનું મહોડું" એ નામે ઓળખે છે. પણ આ નવી મુસીબત છતાં શાહનો સિતારો એટલો બુલંદ હતો કે તુફાન નરમ પડી ગયું, અને બારકસોને કશી ઇજા થઇ નહિ. સાતમો મહિનો પુરો થવા આગમજ તેઓ પાછા સીધી રાહે પડી ગયાં અને દરિયાને બીજે કિનારે પોતાની ધારેલી જગાએ જઇ લાંગર્યાં.[3]

૧—આ દેખાવ ચીનાઇ દરિયા તે કૅસ્પીયન સમુદ્રજ હોવો જોઇએ એવી આપણી તકરારને ટેકો આપનારો છે. આ સમુદ્રવાળી જગા નદીનાળાંથી ભરપુર રહે છે.

૨—ઇરાની બારકસો દક્ષિણેથી ઉત્તર ભણી નહિ પણ પૂર્વથી પશ્ચિમ જતાં હતાં, એવું આપણે અટકળવું જોઇયે, કારણકે અફ્રાસિયાબનું હવે પછીનું જે બયાન આવે છે તે તેને ઇરાનના વાયવ્ય ખુણા તરફ આઝરબાઇજાનના મુલકમાં આવેલા ઉરૂમિયા (યાને ચયચેસ્તે) સરોવર તરફ નાઠેલો દેખાડે છે. આ જોતાં શાયરે બારકસોને ઉત્તર ભણી હંકારતાં કલ્પવામાં ભુલ કરેલી લાગે છે.

૩—શાયર આ ઠેકાણે કલ્પનાને બહુ આગળ વધારીને કાંઇક અશક્ય વાતોનું બયાન કરે છે. તેના જણાવ્યા મુજબ દરિયામાં સિંહો અને બળદો લડતા ઇરાની સિપાહોને જણાયાં; કેટલાક માણસો પેહલવાનોની કમંદ જેવા બાલનાં જણાયા; બીજા કેટલાક મેંઢાંની માફક તમામ ઉન જેવા બાલથી ભરાઇ ગયલા હતા. વળી તેઓએ

અફ્રાસિયાબનો પત્તો મળે છે.

જ્યારે શાહ કિનારે ઉતર્યો ત્યારે તેને એક મોટું મેદાન નજર આવ્યું, જેનો એક ભાગ રેતાળ અને બીજો બિયાબાન જેવો હતો. આ રેતી અહીંથી તહીં ઉડી એક તરફ ટેકરો તો બીજી તરફ મેદાન કરતી હતી. આ મેદાન પસાર કરીને શાહ શેહરમાં દાખલ થયો, કેજે ચીનનાં શેહરોને મળતું હતું અને જ્યાં મક્રાનના જેવી ભાષા બોલાતી હતી. આ કિસમનાં અનેક શેહરોમાં એક પછી એક દાખલ થઇને તેઓ કને લશ્કરને માટે ખોરાકી ભેગી કરાતી. આ સર્વ મુલક કયખુસરૂએ જીતને સ્વાધીન કીધો. પછી ત્યાં વપરાતી જબાન જાણનારા એક આગેવાનને બોલાવી તેની મારફતે ત્યાંના રાજાઓ ઉપર પેગામ મોકલાવી તેમની તાબેદારી કબૂલ રખાવી, જેઓ સઘળા કીમતી હદિયા લઇ દરબારમાં હાજર થયા. શાહે તેઓથી કંગદેઝ જવાનો માર્ગ પુછી લીધો, કેજે ત્યાંથી એકશો ફરસંગ જેટલું દૂર હતું અને જ્યાં જવાનો રસ્તો પહાડ કે દરિયા વિનાનો સિધો હતો. વળી શાહને વધુ ખબર એ મળી કે અફ્રાસિયાબ ત્યાંજ વસે છે અને થોડાક સાથીઓ સિવાય બીજું કોઇ તેની સાથે નથી.

આ તરફના રાજાઓ અને આગેવાનોને તેમને લાયકનાં માન અક્રામ અને ઇનામ આપીને કયખુસરૂ આગળ વધ્યો અને ઉતાવળી કુચ કરી કંગદેઝ જઇ પુગ્યો. આ કિલ્લાને માટે કહે છે કે શાહ સિયાવુશે તે બાંધ્યો હતો. અહીં શાહે અફ્રાસિયાબની ઘણી ખોળ કીધી પણ તે ત્યાં જણાયો નહિ, કારણ કે કયખુસર લશ્કર લઇને તેને પકડવા આવ્યો છે, એવી ખબર પડતાંજ તે પદભ્રષ્ટ શાહ રાત પડી ત્યાંસુધી છુપાઇ બેઠો અને પછી પોતાના સાથીઓને કશી ખબર આપ્યા વિના તે ગુપચુપ કેથે નાસી ગયો હતો. બાગો, મહેલો કે મેદાનમાંથી કેથેથી તેનો પત્તો મળ્યો નહિ. આથી શાહ નિરાશ થયો નહિ. તે એક વર્ષ દહાડો સુધી ગંગમાં રહ્યો અને અફ્રાસિયાબની ખોળ ચાલુ રાખી.

કંગદેઝની મોહિની.

અહીં કયખુસરૂને એવી મોહિની લાગી કે તેને આ બહેસ્ત જેવું શેહર છોડીને ઇરાન તરત પાછું ફરવાનું મન થયુંજ નહિ. કંગદેઝ પોતાના નામદાર પિદરનું બાંધેલું તથા વસાવેલું હતું[1] તેથી,

કેટલાક એવા માણસો દીઠા કે જેમનાં સર ભેંસના જેવાં, અને હાથ પિઠ પછવાડે તથા પગ આગળા ભાગ ઉપર હતા! એક માછલી એવી હતી કે જેનું માથું ચિત્તાના જેવું હતું, મગરમછનું ડોકું જંગલી ડુંકરાના જેવું, અને બકલ્યાંનું માથું કુક્કર જેવું હતું!

[1] વૉર્નર ગંગદીઝ અથવા કંગદેઝના સંબંધમાં આ મતલબની નોટ આપે છે:—આ કિલ્લાનું વર્ણન કરતી વેળા ફિરદૂસીનાં મનમાં કલાતે નાદિરી નામનો પ્રખ્યાત કિલ્લો હશે, કેજે મશહદની ઉત્તરે ૩૦ માઇલ ઉપર આવેલો છે અને તે શાયરનાં જન્મ શેહર તૂસથી ઘણો દૂર નથી. પણ જે પુસ્તકોને આધારે તે ચાલ્યો છે તે પ્રમાણે તો કંગનો કિલ્લો કેસ્પીઅનની પશ્ચિમે હતો, અને તેથીજ તેને શાયર દરિયાની પેલી બાજુએ આવેલો જણાવે છે. દંતકથા મુજબ આ કિલ્લો ખારઝમ (આજના ખીવા દેશ) માં હતો. અવસ્તાવાણીમાં ક્ષથ્રો-સુક નામના કિલ્લાનું નામ છે, જેને માટે જણાવ્યું છે કે તે પવિત્ર બુલંદ કંઘ શેહરની માથે આવેલો છે. "દીનાએ મઈનોગે ખિરદ" નામના પેહલવી ગ્રંથ મુજબ કંગદેઝનો સ્થાપનાર સિયાવુશ હતો, અને વળી તેમાં જણાવ્યું છે કે તે ઇરાનવેજની સરહદ ઉપર ઉગમણે આવેલો હતો. બુન્દેહેશમાં પણ તેને ઉગમણે આવેલો જણાવ્યો છે. અબૂ રૈહાન મોહમ્મદ (યાને અલબીરૂની) કે જે ખારઝમનો વતની હતો તેના જણાવ્યા પ્રમાણે સિકંદરની ૯૮૦ વર્ષ આગમજ યાને ઇસ્વી પુર્વે ૧૪ મી સદીથી ખારઝમી લોકોએ ત્યાં વસવાટ શુરૂ કીધો હતો, અને ત્યારપછી ૯૨ વર્ષે સિયાવુશે ત્યાં પોતાનો અમલ શુરૂ કીધો હતો, અને તેના પછી તેની બુનિયાદના શાહો ત્યાં રાજ્ય ચલાવતા હતા.

ખારઝમી લોકોને માટે કહે છે કે તેઓ ઝરતોસ્તી મઝહબ પાળનારા હતા, અને તેઓ ઇરાનીઓની બુનિયાદના હતા. કંઘને અવસ્તામાં "પવિત્ર" કહ્યું છે તે ઉપરથી અને બીજા સબબો ઉપરથી એમ અટકળ થાય છે કે અવસ્તાનો ક્ષથ્રો-સુક, પેહલવીનો કંગદેઝ, અલબીરૂની જેને "અલફીર"ને નામે ઓળખાવી ગયો છે તે અને શાહનામાનો "ગંગદીઝ" એ સઘળાં એકજ કિલ્લાનાં નામો છે—The Shahnama of Firdausi, ૬ઠ્ઠું રજું, સફે ૧૮૯—૧૯૦.

તેમજ ત્યાંના દિલને રાહત અને મનને તાજગી આપે એવા બગીચાઓ અને ચોગાનો, દરખ્તો અને ફુવારાઓ, ફુલો અને પક્ષીઓથી તેનું દિલ એટલું બધું ખુશીમાં આવી ગયું કે ગોયા જિંદગી સુધી સુખમાં અહીંજ વસિયે એવું તેને લાગ્યું. દિલ જીતી લેનાર બહેસ્ત જેવીજ આ જગા હતી, તેથી શાહે આખું વર્ષ મોજ મજાહમાં પસાર કીધું. પણ ઇરાની સરદારો જેઓ તેની સાથે આવ્યા હતા તેઓ હવે અધીરા પડી ગયા. તેઓ એવો સબબ બતાવી ઇરાન પાછા ફરવા તૈયાર થયા કે ઇરાનમાં શાહ કાઉસ ઝૈફ છે, ત્યાં પુરતું લશ્કર નથી, અફ્રાસિયાબ હજુ જીવતો છે, તે શાહની ગેરહાજરીનો લાભ લઇને ઇરાન ઉપર હુમલો લઇ જાય તો તેમાં ફાવે અને ઇરાનનો શાહ થઇ બેસે એ બનવા જોગ છે. આ તકરાર કયખુસરૂને વાજબી લાગી. તેણે કંગના બુજર્ગવારોને બોલાવી નવાજ્યા, તેઓમાં જે વડો હતો તેને સરોપા બક્ષી કંગનો હાકમ ઠરાવ્યો, અને પછી પોતે ત્યાંથી પાછો ફર્યો. આ વેળા સઘળા સરદારો અને અકાબરો, રાજાઓ અને હાકમો શાહની ખિદ્‌મત બજાવવા ભેગા થયા, અને પોતપોતાની તરફથી ખોરાકી અને ઘાસચારો હાજર કરીને પોતાની તાબેદારી જાહેર કીધી. દરિયા સુધી આખે રસ્તે ગોયા બાજારો વસ્યાં હોય તેમ સર્વ જિનસો જોઇયે એટલી મળવા લાગી. જેઓ પોતાને માન આપવા દરિયા સુધી આવવાને તૈયાર થયા હતા તેમને કશી તસ્દી નહિ આપતાં શાહ આગળ વધ્યો ત્યારે ગીવને દરિયા પારના જે મુલકની હકુમત સોંપી હતી તેના વડા તરીકે તે પેહલવાન લશ્કર લઇ શાહને સામો આવી મળ્યો અને શાહને છાજતું માન આપ્યું. દરિયાએ ચીન—કેસ્પીઅન સમુદ્ર—ને જે બંદરે પોતે ઉતર્યો હતો તે બંદર ઉપર પાછા આવી પુગીને શાહે એક પખવાડિયું ત્યાંજ ગુજાર્યું, કે જે મુદતમાં બારકસોને ખોરાકી વગેરેથી પાછાં તૈયાર કરવામાં આવ્યાં.

શાહની પાછી ફરતી સવારી.

આ રીતે સઘળું તૈયાર થયા બાદ બે વહાણોને પ્રથમ આગળ ચાલતાં કીધાં, જેમની પછવાડે સેંકડો વહાણો લશ્કર સાથ આગળ વધ્યાં. પાછા ફરતાં શાહને સાત મહિના લાગ્યા[1] અને માર્ગમાં તૂફાન જેવું કાંઇ જણાયું નહિ. નાખુદાઓ વગેરેને ઇનામો અને પોશાકોથી ખુશ કરીને શાહ દરિયો છોડી આગળ વધ્યો ત્યારે મક્રાનનો નવો ઠરેલો રાજા અસ્કશ, કે જેને શાહ ત્યાં રાખી ગયો હતો, તે લશ્કર લઇને માન આપવા સામો આવી મળ્યો. મક્રાનમાં શાહની પધરામણી માટે તેહવાર જેવો દેખાવ થઇ પડયો હતો. અકાબરો અને રૈયતનો તરફનો ભારી આવકાર મેળવીને પછી શાહે ત્યાંનાજ એક આગેવાન હકદારને મક્રાનનો હાકમ ઠરાવ્યો અને તેની તાબેદારી તથા વફાદારીની ખાતરી મેળવીને પોતે ચીન તરફ ચાલ્યો. અહીં જેહાંપેહલવાન રૂસ્તમ શાહને ઇસ્તકબાલ આવી મળ્યો અને ચીનની વિલાયત તરફનું ભારી માન આપી તેની તાબેદારી જાહેર કીધી. ચીન અને માચીન ત્યાંના ખાન અને ફગફુરને હવાલે કરી તથા તેઓ તરફની વફાદારીની ખાતરી ફરી ફરીથી મેળવીને કયખુસરૂ સિયાવુશગર્દ તરફ ચાલ્યો કે જ્યાં તેના નામવર પિદરનું

૧—અહીં શાયર લખે છે કે દરિયાની આ મુસાફરી ૧૨ માસ જેટલી લાંબી હોવા છતાં શાહે તે સાત મહિનામાં પુરી કીધી. પણ એજ મુસાફરીનો પહેલો ઇશારો કરતાં ફિર્દોસીએ જણાવેલું છે કે તે છ માસની હોવા છતાં તૂફાન નડવાથી સાત માસ લાગ્યા હતા (જુઓ અગાડી, સફે ૪૧૦) કેસ્પીઅન સમુદ્ર ઉગમણુથી આથમણુ ભાગ્રી વધતાંમાં વધતો ૨૮૦ માઇલ જેટલો પહોળો છે. આટલી મંજલ આજે રશિયાની સ્ટીમરો થોડા દહાડામાં કાપી શકે છે, પણ જે જમાનાની આપણે હાલ વાત વાંચિયે છિયે તે જમાનાનાં વહાણો વિધાની પુરતી માહિતગારી વિના લાંબી મુદત લેતાં હોવાં જોઇયે.

દફનું હતું. ફિર્દૂસી ગણાવે છે કે એ દહાડે સ્પંદારમદ મહિનાનો અર્દરોજ[1] હતો. જે જગા ઉપર ખૂની ગુર્વી અને કર્સીવજે સિયાવુશનું નિર્દોષ લોહી રેડયું હતું ત્યાં જઇને તેનાં ખૂનનો કીનો લેવાના સંબંધમાં આ મતલબના સખુનોથી તેણે સોગંદ લીધાઃ—"તું, અય મારા સાહેબ, મને તારી યાદગારી તરીકે મૂકી ગયો છે; તારો કીનો લેવામાં મેં કાંઇ બાકી રાખ્યું નથી અને મારી જિંદગી છે ત્યાં સુધીમાં તે લેતો રહીશ. અફ્રાસિયાબને મેં તખ્ત ઉપરથી ઉઠાડી મૂકયો છે અને તેને મારા પંજામાં સપડાવવાની ઉમેદથી ભુખ અને ઉંઘની દરકાર રાખીશ નહિ અને તેને વસવા માટે જેહાન અંધારી અને બતંગ કરીશ."

'સિયાવુશગર્દ' ખાતે શાહ થોડા દહાડા રહ્યો ત્યાં તે તરફનો ઇરાની હાકમ ગુસ્તહમ બિન નૌદર લશ્કર લઇ તેને માન આપવા આવ્યો. અહીંથી સઘળા હવે કંગબહિશ્ત ખાતે જઇ પુગ્યા. હજુ સુધી શાહને અફ્રાસિયાબ કયાં છે તે બાબે કશા સમાચાર મળ્યા ન હતા. તૂરાનનાં આ પાયતખ્ત ખાતે શાહે નિરાંતે એક વર્ષ ગુજાર્યું, અને પછી તેને પોતાના નિયાગાન શાહ કાઉસને ભેટવાની ખાહેશ થઇ, જે ઉપરથી પોતાને માટે અનામત રાખેલા સર્વ ખજાનો અને અસ્બાબ બળદનાં ગાડાંઓમાં ભરીને ઇરાન તરફ રવાના કીધો, અને ચીનના દરિયાથી તે કિબ્ચાક સુધાનો[2] મુલક ગુસ્તહમ બિન નૌદરના સ્વાધિનમાં સોંપીને તેને ફરમાવ્યું કે—ચીન અને માચીન તથા મકરાન ઉપર નજર રાખતો રહેજે અને અફ્રાસિયાબની ખબર મેળવવાનું ચાલુ રાખજે. અહીંથી નીકળીને શાહની સવારી ચાચ ખાતે જઇ પુગી, જ્યાંથી તે સુગ્દ, ખૂજા અને તલીમાન ખાતે થોભીને બુખારા ખાતે જઇ પુગ્યો, કે જ્યાં ફરીદૂન શાહના બેટા તૂરના બાંધેલાં આતશકદેહની[3] તેણે ભેટ લીધી, જ્યારે તે મુબદોને તેણે અશોદાદ આપીને નવાજ્યા અને આતશ ઉપર સંખ્યાબંધ ઝવેરાતનો નેસાર કીધો. અહીંથી તેણે આગળ વધીને જીહૂન નદી પસાર કરીને બલ્ખમાં પગ મૂકયો.

કયખુસરૂની પાર્સમાં પધરામણી.

હવે ફતેહમંદ શાહને શેહરેશેહર મોટું આદરમાન મળવા લાગ્યું, અને તેને ધામધુમથી આવકાર દઇ લોકો તેહવાર પાળવા લાગ્યા. તાલિકાન અને મર્વરૂદ અને નિશાપૂર, દામઘાન, રએ, અને છેલ્લે બગદાદ જઇ ત્યાંથી કયખુસરૂ પાર્સ જઇ પુગ્યો, કે જ્યાં શાહ કાઉસ હતો. માર્ગમાં કેથે ઘોડા, હાથી અને લશ્કરની તપાસ કરતો, કેથે મોજમજાહમાં દહાડા પસાર કરતો, અને સઘળે ગરીબો અને અશો માણસને નવાજતો તે અંતે પાયતખ્ત પાર્સ ખાતે આવી પુગ્યો, કેજે માટેની ખબર બગદાદથી તેણે શાહ કાઉસને કહેવાડી હતી. શેહરમાં ભારી ધામધુમ ચાલી રહી હતી અને તમામ પ્રજા તેના દીદાર જોવા ભેગી મળી હતી.

શાહ કાઉસે લાંબી મુદતે પોતાના નબીરાને પાછો પોતાની ગોદમાં ચાંપ્યો અને તેના ચેહરા ઉપર બોસ્સા દીધા. કયખુસરૂએ સર્વ હકીકત કહી સંભળાવી અને સર્વ નજરાતું નજર કીધું. અરસપરસનાં માન અક્રામ અને મુલાકાતોમાં કેટલાક દહાડા ગુજર્યાં પછી અફ્રાસિયાબ

૧—અસ્પંદાદ મહિનો ને અર્દીબેહેસ્ત રોજ.

૨—આમૂ દરિયા અથવા જીહુન નદીના કાંઠા ઉપર, ખીવા શેહરથી થોડાક માઇલ ઉત્તરે કિબ્ચાક શેહર આવેલું છે. અહીં ચીનના દરિયાનો ઇશારો છે તે, ઉપરથી વધુ સાબેત થાય છે કે એ દરિયા કોઇજ નહિ પણ કેસ્પીઅન સમુદ્ર હોવો જોઇએ.

૩—તૂરાનીઓ ઇરાનીઓના રાજદારી દુશ્મન હતા પણ દીનદુશ્મન ન હતા. બન્ને ફરીદુનશાહની ઓલાદના હતા અને તેમનો મજહબ એકજ યાને યજદાંપરસ્તી હતો, એવું અવસ્તાવાણી ઉપરથી જણાય છે. ચરતેશ મુજબ જે જે ઇજદોની અરાધના ઇરાની પાદશાહોએ કરેલી તેમની અફ્રાસિયાબે પણ કરી હતી; પણ તે જમાનામાં આતશખાનાંઓ બનાવવામાં આવ્યાં હોય એવું જણાતું નથી.

ફરીથી કોઇ દહાડે ફંગમાં આવીને આપણને મહેનતમાં નાખે, એવો કયખુસરનો અંદેશો જોઇને ફાઉસે ખાહેશ બતાવી કે આપણે આઝર ગુશસ્પના આતશખાનાંને સેજદો કરવા જઇયે, અને તેમ કીધાથી યજદાં આપણને આપણો દુસ્મન કયાં છે તેનો પત્તો બતાવશે.

આઝર ગુશસ્પનું એબાદતખાનું.

ફિર્દૂસી લખે છે કે આ ખાહેશ મુજબ બન્ને શાહો સવાર થઇ અને સફેદ જામા પહેરીને ઉપલા આતશ કદેહને સેજદો કરવા નીકળી પડયા. હવે પાર્સ અને આઝરઆબાદગાન (આઝરબાઇજાન) ના પ્રાંતો વચ્ચે લાંબો તફાવત છે, અને ઘણા દિવસની મંજલ વિના ત્યાં જઇ પુગાય એમ નથી. છતાં જાણે પાર્સથી આ આતશકદેહ ખાતે જવાનું સહેલ હેય તેમ શાયર જણાવે છે કે બન્ને બાપ દિકરા સવાર થઇ ત્યાં ગયા, અને ત્યાં એક મહિનો સુધી રહ્યા એટલામાં અનેક અગત્યના બનાવો બની ગયા.

"અફ્રાસિયાબની ગુફા."

આઝરઆબાદગાનમાં જેમ આઝર ગુશસ્પ નામના આતશનું મકાન છે તેમ ત્યાંજ ચયચસ્ત નામનો સરોવર પણ છે, કે જેને ફિર્દૂસી ખન્જસ્તને નામે ઓળખાવી જાય છે, અને આજે તે ઉરમિયાને નામે ઓળખાય છે. અહીંજ વળી આર્મીન્યા (અર્મીન) અને આઝરબાઇજાનની સરહદ ઉપર એક પુરાણું શેહર વસેલું હતું કેજે આજે બર્દઅને નામે ઓળખાય છે. એજ શેહરની પડોશમાં કયે એક એવી પહાડી ગુફા હતી, કે જ્યાં તૂરાની શાહ અફ્રાસિયાબ કંગદેઝથી નાસીને ભરાયો હતો. શાહ કયખુસરૂએ તેની પૂઠ પકડીને આ કિલ્લામાંથી તેને નસાડયા પછી તે પદભ્રષ્ટ તરાની ઉંઘ અને ભુખ ખોઇને જાન બચાવવા અહીંથી તહીં ભટકતો બર્દઅની પડોશમાં આવેલા એક પહાડની ટોંચ ઉપર માણસજાતથી દૂર છુપો આવીને વસ્યો હતો. અહીં તેને પૂઠે લાગેલા શત્રુનો કે ફાડી ખાનારાં જાનવરોનો કશો ડર ન હતો. શાયર આને "અફ્રાસિયાબની ગુફા" ને નામે ઓળખાવી જાય છે, કે જ્યાં પોતાની ખોરાકી ભરી રાખીને તેને પોતાનું અયવાન અને મહેલ ગણીને તે છુપો રહેતો હતો.

અહીં તૂરાની શાહ કેટલીક મુદત સુધી એકલો વસ્યા પછી એક દહાડે તે હોમ નામના ઇરાની પરહેજગાર નરના હાથ ઉપર પકડાઇ ગયો. હોમ શાહ ફરીદૂનની ઓલાદનો હતો. તે સદા પાદશાહી કમરબંદ કમરે બાંધીને ફરતો હતો. જે પહાડ ઉપર તે પાક યજદાંની બંદગી કરવા જતો હતો, અને જ્યાં તેનું રેહઠાણ પણ હતું, તેજ પહાડ ઉપર અફ્રાસિયાબની ગુફા પણ હતી. એતેફાક એવો બન્યો કે એક દહાડે હોમ પહાડને મથાળે યજદાંની બંદગી કરતો હતો ત્યારે તેને કાને કાંઇક ઉંડા દૂરનો આવાજ પડયો. બારીકીથી ધ્યાન આપતાં તેને લાગ્યું કે કોઇ માણસ ફરિયાદ અને જારી કરે છે. આ દુખિયો માણસ કોણ છે, તે કયાં છે, અને તેનું દુખ શું છે, તે જાણવાની ખાહેશથી હોમે ઘણીએક શોધ કીધી. અંતે તેને માલુમ પડયું કે આ દુખનો પુકાર કરનાર અને રડનાર ધણી કોઇજ નહિ પણ તુરાનનો નાસભાગમાં પડેલો શાહ અફ્રાસિયાબ પોતેજ છે કે જેને પકડવા માટે ઇરાનનો કયાની શાહ કયખુસરૂ છેક કંગદેઝ સુધી આવી ગયો હતો. હોમને આ સર્વ વાતોની ખબર હતી; તે પોતાની બંદગી પછી સદા દુઆ ગુજારતો હતો કે કયાની શાહ પોતાની ખાહેશમાં ફતેહ પામે અને અફ્રાસિયાબ તેના હાથમાં આવે.[1]

---

[1] જુઓ ૪ થો "વધારો," જેમાં હોમની શી ઉમેદ હતી તે અવસ્તાને આધારે બતાવી છે.

હોમ અને અફ્રાસિયાબ.

હવે જ્યારે હોમે પોતાની ખાતરી કીધી કે પહાડી ગુફામાં રડનાર બીજો કોઇજ નહિ પણ તુરાની શાહ છે ત્યારે તેને જીવતો પકડી શાહ કયખુસરૂ આગળ લઇ જવાની તેને હિમત પેદા થઇ. તેણે પેલી ગુફાનું મહોડું શોધી કહાડયું, અને પછી પોતે જે ઉનનું કપડું પહેરીને ફરતો હતો તે કહાડી નાખ્યું અને જે કમરબંદ કમરે બાંધી રાખતો હતો તે છોડયો, અને ફકત એટલાંજ હથિયારથી યઝદાં પોતાને ફતેહ આપશે એમ ઠરાવ રાખીને તે પેલી ગુફામાં બહાદુરીથી દાખલ થયો. અફ્રાસિયાબ તેને જોતાંજ પોતાની જગાએથી ઉઠી ઉભો થયો અને તેને પોતાનો શત્રુ સમજી જઇને તેની સામે જઇ ઉભો. બન્ને વચ્ચે લાંબો વખત સુધી ઝપાઝંપી ચાલી, જેમાં હોમે તે શાહને આજેજ કરી હેઠો નાખ્યો, અને તેના હાથ પોતાના કમરબંધ વડે મજબુત બાંધી દીધા, અને પછી તેને ખુશાલી સાથ ગુફામાંથી બાહેર કહાડી શાહ કયખુસરૂ આગળ લઇ જવા ચાહ્યું, કે જે શાહ અને શાહ કાઉસ આજર ગુશસપનાં એબાદતખાનામાં આવેલા છે એવી તેને ખબર હતી.

અફ્રાસિયાબે હવે હોમને પિછાનીને પોતાની બતંગ હાલતથી તેને વાકેફ કીધો, અને પછી તેની દયા મેળવવા માટે કરગરીને પોતાના હાથના બંધ લગાર ઢીલા કરવાની અર્જ ગુજારી, જે ઉપરથી દયાળુ હોમે તેમ કીધું. આ વેળા તેઓ બન્ને પહાડ ઉપરથી નીચે આવ્યા હતા, અને ચયચેસ્તે સરોવર નજદીકમાંજ હતો. પણ હોમે અફ્રાસિયાબના બંધ જેવા ઢીલા કીધા તેવોજ તે કાંઇક સિફતથી પોતાના હાથ બંધમાંથી છુટા કરીને નાઠો અને બીજી કોઇ છુપાવાની કે બચવાની જંગા નજર આવી નહિ તેથી સરોવરમાં કુદકો મારીને બેમાલુમ થઇ ગયો!

ચયચસ્ત સરોવરમાં અફ્રાસિયાબ.

આ બનાવ ઉપર હોમ અચરતી સાથ વિચાર કરે છે એટલામાં ગુદર્જ અને ગીવ કે જેઓ બન્ને નામવર શાહો સાથ એબાદતગાહ ખાતે આવ્યા હતા તેઓ ફરતા ફરતા ત્યાં આવી લાગ્યા, અને હોમથી અફ્રાસિયાબના ડુબી જવાની ખબર સાંભળી લઇને તેઓએ એ બિનાથી કયખુસરૂ અને કાઉસ શાહને વાકેફ કીધા. તે બન્ને નામવરો હવે ચયચસ્તે સરોવરને કાંડે જ્યાં હોમ હતો ત્યાં આવી લાગ્યા, અને આ બનાવ શો છે અને તે કેમ બનવા પામ્યો તેનું બયાન તેમના ફરમાવ્યાથી હોમે ફરીથી કહી સંભળાવ્યું, જે સાંભળીને સઘળા વિચારમાં પડયા કે આ ખુની માણસ પાણીમાં ડુબી ગયો હશે કે હજુ જીવતો હશે; અને તે પાછો પાણી ઉપર કેવી યુકિત કરિયે તો આવી શકે, તે બાબે સઘળાઓ અંદેશામાં પડયા. અંતે પરહેજગાર હોમે સૂચવ્યું કે અફ્રાસિયાબના ભાઇ કર્સીવિજને અત્રે લાવીને બળદનાં ચામડાંમાં ડોકાં સુધી સીવી લઇ ખડો કરો, અને તે જ્યારે પોતાના જાન માટે પુકાર કરશે ત્યારે અફ્રાસિયાબમાં જો દયાનો જરાબી કતરો હશે તો તે પાણીની સપાટી ઉપર આવી[1] પોતાના ભાઇને બળદનાં ચામડાંના

[1]—તે જમાનામાં ઇરાનીઓ તેમજ તુરાનીઓ જાદુ માનતા હતા, અને ફિર્દોસી ઉપરથી અનેકવાર આગળ સફાઓમાં આપણુ જોઈ ચુકયા છિયે કે વિદ્યાથી કે યુકિતથી બનતા બનાવોને પણ જાદુ ગણવામાં આવતા હતા. અફ્રાસિયાબને માટે કહે છે કે તે જાદુગર હતો, અને જાદુના જોરથી તેણે ખન્જસ્ત સરોવરમાં એવું મકાન બાંધ્યું હતું કે જેને તેનાં પાણી હરકત કરી શકતાં ન હતાં. ખન્જસ્ત સરોવરને માટે કહે છે કે તેનાં પાણી ખારાં હતાં, અને એવાં ખારાં પાણીમાં એકવાર ડુબેલો માણસ પાછો જીવતો બાહેર આવી શકે નહિ, તો પણ કોઈ તદબીરથી તેણે તેમાં પોતાનું મકાન બનાવ્યું હતું. આ બાબતમાં વધુ ખુલાસો શાહ કયખુસરૂનું આ બયાન પુરું થયા પછી અવસ્તાને આધારે આપેલાં એ શાહનાં બયાનમાં અમે આપ્યો છે તે જુઓ.

બંધમાંથી છુટો કરશેજ, અને તેમ કરતી વેળા તેને આપણુ પાછો પકડી શકીશું.

આ યુકિત મુજબ થયું; કર્સીવજ જેને પાર્સ ખાતે એક કિલ્લામાં કેદ રાખ્યો હતો તેને ત્યાંથી લાવી બળદનાં ચામડાંમાં સીવી લઇ ચયચસ્તે સરોવરના કાંઠા ઉપર ફરિયાદ અને જારી કરતો ખડો કીધો. તેનું રોવું અને જારી કરવું અફ્રાસિયાબે સાંભળ્યું, અને તે પાણીની સપાટી ઉપર આવ્યો. અલબત, આ વેળા સઘળા ઇરાની નામદારો ત્યાં હોવા નહિ જોઇયે, કારણ કે તેમને હાજર જોઇને અફ્રાસિયાબ પાછો છુપાઇ જાય એમ હતું. હવે જ્યારે તે ઉપર આવ્યો અને પોતાના ભાઇની બતંગ હાલત તેણે જોઇ ત્યારે તેને તેના તરફ દયા આવી, અને બન્ને વચ્ચે અરસ-પરસ વાતો ચાલ્યા પછી પદભ્રષ્ટ શાહ પોતાનો જાન સલામત છે એમ સમજીને ભાઇને બચાવવા તૈયાર થયો. એજ વખતે હોમે ગુપચુપ અફ્રાસિયાબની નજદીક જઇ તેનાં ગળાંમાં પોતાની કમંદ નાખીને તેને પકડી લીધો, અને પછી તેને ધસડીને કિનારે ખેંચી લાવી બન્ને શાહો આગળ ખુઆરી સાથ ઉભો કીધો. અહીં તેણે પોતાનું કામ પુરૂં થયલું જોયું, અને શાયર મુજબ હવે તે ત્યાંથી તરત ચાલી ગયો તે પાછો દેખાયોજ નહિ.

અફ્રાસિયાબનો અંત.

શાહ કયખુસરૂએ પોતાનો કીનો યાદ કરીને પોતાની શમ્શીર ખેંચી કહાડી. અફ્રાસિયાબે બચી જવા માટે ઘણા કાલાવાલા કીધા, અને છેલ્લે પોતાની બેટી ફરંગીસને જવા માંગી, પણ તેની કોઇ પણ માંગણી કબૂલ નહિ રાખતાં શાહે તેને તેજ જગા ઉપર ઠાર કીધો, અને એ રીતે પોતાના બાપ શાહ સિયાવુશનાં ખૂનનો કીનો લીધો. પાપી કર્સીવજ કે જેનાં ક્રૂરતાનને લીધે આ સઘળા ખનખાર બનાવો અને જંગો બરપા થયાં હતાં, તેનું શેવટ પણ જલ્લાદના હાથ ઉપર આવી ગયું, અને એ રીતે ઇરાન અને તૂરાન વચ્ચેનાં લાંબા મોટાં જંગનું શેવટ ઇરાનની સંપૂર્ણ ફતેહમાં આવ્યું. શાહ કયખુસરૂએ ઇરાન સાથ તુરાનને જોડી દીધું, અને ત્યાર પછી તુરાનમાં ઇરાની પાદશાહી અમલ ચાલુ થયો.

સિયાવશના કીનાનું શેવટ.

શાયર લખે છે—અને તે અવસ્તાવાણીને આધારેજ લખેછે—કે જ્યારે શાહની તમામ ખાહેશ[1] બર આવી યાને તેની ઉમેદ પાર પડી ત્યારે તે નામદાર શાહ કાઉસ અને સઘળા ઇરાની સરદારો સાથે આજર ગુશસ્પની દરગાહમાં ગયો, અને ત્યાં એબાદત્ કરીને પોતાની ફતેહ માટે યઝદાંના શુક્ર બજા લાવ્યો, અને પોતાના ખજાનચી જરરપ મારફતે આતશકદેહમાં તેમજ ત્યાંના મુબદોને તથા અશો મર્દો અને વળી ગરીબોને લાયકાત પ્રમાણે ખજાનો બક્ષીને પછી તખ્ત ઉપર બેસી દરબાર ભરી અને જેઓને જે કાંઇ કહેવાનું હતું તે સાંભળી લઇ ફરિયાદની દાદ લીધી. આ પછી દરેક પ્રાંત અને મુલકમાં જ્યાં પોતાની હકુમત ચાલતી હતી યા જ્યાં પોતાના દોસ્તો અને મદદગારો અમલ ચલાવતા હતા ત્યાં નામાં લખીને તેમને પોતાના શત્રુના અંતની વાતથી વાકેફ કીધા. આ કામથી ફારેગ થઇને પછી ૪૦ દહાડા સુધી ખાનપાન અને રંગરાગમાં ગુજાર્યા અને છેલ્લે માર્ગમાં મળતાં દરેક શેહર ખાતે લોકોના આશિષ મેળવતા તેઓ પાયતખ્ત પાર્સ ખાતે જઇ પુગ્યા. આખે રસ્તે ખુશી ખુશહાલી અને ધામધુમ, માન અકરામ અને બક્ષેશ ચાલુજ હતાં.

---

[1] જુઓ હાશિયો "વધારો", જેમાં આ ખાહેશ શી હતી તે અવસ્તાને આધારે સમજાવ્યું છે.

બાબ ૧૩—શાહ કયખુસરૂ—૬.

[શાહનું અજાયબજેવું ગુજર પામવું.]

કાઉસનો ૧૫૦ વર્ષનો અમલ.

શાહ કયખુસરૂનાં બયાનનું હવે શેવટ આવે છે. શાયર પેહલવી પુસ્તકો સાથ એકમત થઇ જણાવે છે કે શાહ કાઉસ, કેજે હજુ સુધી હૈયાત હતો તેણે ૧૫૦ વર્ષ પાદશાહી ભોગવી હતી. આપણને વળી એમ પણ જણાવવામાં આવ્યું છે કે શાહ કયખુસરૂએ ૬૦ વર્ષ પાદશાહી ભોગવી હતી. આ પાદશાહી તેણે પોતાના બપાવા કાઉસનાં મરણ પછી નહિ પણ કાઉસની સાથે સાથેજ ભોગવેલી જણાય છે, કારણ કે એક તરફ શાહ કાઉસનું મરણ નિપજે છે કે બીજી તરફ શાહ કયખુસરૂ દુનિયાનો વૈભવ છોડીને એકાંત ઝિંદગી ગુજારવાનો ઠરાવ અમલમાં મુકે છે. આ ઉપરથી જણાય છે કે કાઉસનો ૧૫૦ વર્ષનો નહિ પણ ૯૦ વર્ષનોજ અમલ હોવો જોઇયે; પણ અમે આગળ લંબાણુથી તકરાર ચલાવી છે અને દલીલો રજુ કીધી છે તે પ્રમાણે જોતાં કાઉસે ૯૦ નહિ પણ વધારે ઓછાં વર્ષ રાજ કર્યું હતું, કેમકે તેના બેટા શાહ સિયાવુશનો તથા કાઉસના ત્રણ ભાઇઓનો અમલ કાઉસનાજ અમલમાં ઘુસાડી દેવામાં આવ્યો હતો, અને જેમ ઇરજનો કીનો મિનોચેહરે લીધો ત્યાં સુધી શાહ ફરીદુનને જીવતો રાખવામાં આવેલો આપણ આ ગ્રંથની શુરૂઆતમાં વાંચી આવ્યા છીયે, તેમ સિયાવુશનો કીનો લેવામાં આવે ત્યાં સુધી તેના બાપ શાહ કાઉસને પણ જીવતો રહેલો આપણ અહીં જોઇયે છિયે.

પણ હવે કાઉસે વધુ વર્ષ જીવવાની જરૂર રહી નથી, માટે શાયર જણાવે છે કે ૧૫૦ વર્ષના રાજપાટ પછી અને પોતાનાજ નબીરાએ પોતાના બેટા અને તેના બાપનો કીનો પુરેપુરો લીધા પછી કાઉસ શાહનું મરણ નિપજે છે અને શાહ કયખુસરૂ તખ્તનશીન થાય છે. કાઉસના ગુજર પામવાનાં બયાનમાં ફિર્દૂસી તે જમાનાના ઇરાનીઓની લાશને લગતી ક્રિયા વગેરેને લગતી રસમની આ મતલબની સમજણ પાડે છે.

તેનું દખ્મું.

તે લખે છે કે સઘળા ઇરાની નામદારોએ અવલમંજલ પુગાડતી વેળા જે જામા પહેર્યા તે આજે રિવાજ છે તેમ સફેદ રંગના નહિ પણ કાળા અને આસ્માની રંગના, સાદા અને ઝગકતા રંગ વિનાના હતા. તેઓએ બે હફતા સુધી કાઉસનો સોગ પાળ્યો; અને પછી એક બુલંદ દીવાનખાનું બાંધ્યું, કે જેની ઉંચાઇ દશ કમંદની લંબાઇ જેટલી હતી.[૧] રૂમી કાળાં કપડાંને એબિરો, કસ્તુરી અને કપુરથી તર કરીને પછી તે વડે લાશને ઢાંકી, અને તેને એક હાથીદાંતનાં તખ્ત ઉપર ગોઠવીને માથાં ઉપર કસ્તુરી અને કપુર બાંધી લીધાં, અને પછી એ રીતે તે દીવાનખાનાંને બંધ કરીને સઘળાઓ ત્યાંથી પાછા ફર્યા. ચાલીશ દહાડા સુધી

૧—એક કમંદની લંબાઇ કેટલી હોય તે આગળ જણાવવામાં આવેલું છે, તેમ જોતાં આ મકાન ઉંચું હોવું જોઇયે; એટલે જમીનની સપાટીથી ઉંચા મહાડ ઉપર તે બાંધેલું હોવું જોઇયે. આવાં મકાન વંદીદાદ પ્રમાણે દરેક માણસની શક્તિ મુજબ ચુના, ઈંટ કે પથરનાં બંધાતાં હતાં, એવી મતલબથી કે ત્યાં માસ ખાનારાં પક્ષીઓજ જઇ શકે, પણ હાડી ખાનારાં જાનવરો ત્યાં ચઢી શકે નહિ.

કાઉસ શાહનો શોક પાળવામાં આવ્યો, અને ૪૧ મે દહાડે કયખુસરૂ તખ્તનશીન થઇને તાજ પહેરી દરબારમાં બિરાજ્યો, જે બનાવની ખુશાલીમાં મોજમજાહ અને રંગરાગ ચાલુ થયાં. શાયર કહે છે કે ૬૦ વર્ષ પુરાં થયાં ત્યાં સુધી એ પ્રમાણે ચાલ્યું.

કયખુસરોનાં ૬૦ વર્ષ.

આ ૬૦ વર્ષ તે કયાં? અફ્રાસિયાબ ઉપર જીત મેળવી ત્યાં સુધીનાં, કે કાઉસ શાહનાં મરણ પછીનાં? ફિર્દૂસી ખુલ્લા શબ્દોમાં આ વર્ષો બાબે લખતો નથી; પણ જ્યારે કાઉસનાં મરણનું બયાન કરી તરતજ બીજી ગમથી કયખુસરૂએ દુનિયાથી કંટાળો ખાવાનું વર્ણન કરે છે, ત્યારે આપણને માલુમ પડે છે કે આ છેલ્લા શાહનો ૬૦ વર્ષનો અમલ કાઉસની જોડેજોડ આખર થાય છે; એટલેકે કાઉસ કયખુસરૂના તખ્તે બેઠા આગમજનો મરણ પામ્યો હતો, અને તેનાં મરણ પછીજ કયખુસરૂએ તુરાન ઉપર ચઢાઇ લઇ જઇ તેને તાબે કરી પોતાના મુલ્ક સાથ જોડી દીધો હતો. બનવાજોગ છે કે અફ્રાસિયાબ શેવટસુધી જીવતો નહિ હોય; અને કયખુસરૂએ તુરાન સર કરીને જેની પૂઠ પકડી હોય તે તેનો ભમાવો નહિ હોય અને તેનાં વંશનો કોઇ પાદશાહ હોય. શાહનામામાં જણાવ્યું છે કે કયખુસરૂએ તુરાનનું રાજ્ય ઇરાન સાથ જોડી દીધા છતાં પાછળથી અફ્રાસિયાબના કેદ પકડાયલા બેટા જહનને ત્યાંનો ખંડિયો રાજા ઠરાવ્યો હતો. મૅશર્સ વૉર્નેર ભાઇઓ આ બનાવ ભરૂસેદાર ગણતા નથી.[1] અમોને પણ એમજ લાગે છે. પણ ફિર્દૂસી થોડાજ વખ્ત પછી ઇરાનને તુરાન સાથ જંગમાં ઉતરેલું દેખાડે છે, અને તુરાની અર્જાસ્પને રૂઇનદેઝ નામનાં પાયતખ્તમાં રાજ્ય કરતો અને શાહ ગુસ્તાસ્પ સામે લડાઇ ઉઠાવતો બતાવે છે. ત્યારે સવાલ ઉત્પન્ન થાય છે કે અગર તુરાન ઇરાન સાથ જોડાઇ ગયું હતું તો ત્યાં વળી તુરાની અમલ પાછો ચાલુ કેવારથી થયો હોય? અવસ્તાને આધારેજ ફિર્દૂસી લખે છે કે બન્ને રાજ્યોને જોડી નાખવામાં આવ્યાં હતાં; તો પછી જહનને તખ્તનશીન કરવાની બિના નાપાયદાર ઠરે છે. અર્જાસ્પ તુરાનમાં રાજ્ય કરતો જણાયો છે તે વાતને પણ અવસ્તા ઉપરથી ટેકો મળે છે; પણ અવસ્તા મુજબ અર્જાસ્પ તુરાની વંશનો ન હતો—તે ખીઓન ટોળાનો હતો—અને ઋગ વેદમાંથી મળી આવેલાં ગુસ્તાસ્પ અને અર્જાસ્પ વગેરેનાં નામો ઉપરથી એવું જણાય છે કે અર્જાસ્પ તુરાની નહિ પણ આર્ય તોખમનો હતો.

આટલા ખુલાસા પછી હવે આપણે આગળ વધીશું.

દુનિયા છોડી જવાનો શાહનો ઇરાદો.

કયખુસરૂ શાહનું મન હવે આ દુનિયાઇ કારોબાર પરથી ઉઠી ગયું. પાક ખુદા સાથ મળવાને તે આતુર બન્યું. અવસ્તાવાણીમાં એ બાબે કશો ઇશારો નથી; પણ પેહલવી પુસ્તકો મુજબ એ શાહ હજુ હૈયાત છે. તે દુનિયા તજી ગયો, તોપણ હજુ દુનિયામાંજ છે. ફિર્દૂસી મુજબ તે ગુમ થયો છે—કાંઇ મરણ પામ્યો નથી. ઉગમણે હિંદ અને ચીનથી આથમણે રૂમ સુધીનો પોતાનો તમામ મુલ્ક આબાદ છે; દુશ્મનો નાશ પામ્યા છે; પોતાની તમામ ઉમેદ પાર પડી છે; માટે હવે પોતે જહાક કે જમશીદ, તૂર કે સૅલમના જેવો બુરો વિચાર ઉત્પન્ન કરીને તે પોતાના પાક જાનને બરબાદ કરે, એ કયખુસરૂને ગમ્યું નહિ. પોતે અજાણપણે રખે ખુદા તરફ બેવફા અને નિમકહરામ બને અને એ રીતે જાનની બેમાલુમ ખરાબી કરે, એવો તેને ભય ઉત્પન્ન થયો. હું મારૂં ખોરેહ (નૂર) ખોઇ બેસીશ, જુદાઈ અને બદ

[1] The Shahanama of Firdausi, વૉ૦ ૪, સફે ૨૭૨, નોટ૧.

વિચારથી દુનિયામાં ખરાબ નામ મુકી જઇશ, અને બીજી જેહાનમાં મારો રોશન જાન અંધારો બની જશે. હું મારા બાપનું વેર લઇ ચુકયો, જેઓ બુરા હતા તેમનો નાશ કરી ચુકયો, દુનિયાને નેકી અને ભલાઇથી શણગારી ચુકયો, અને સર્વે મોટા રાજાઓને મારે તાબે કરી ચુકયો, ત્યારે હવે મને શું જોઇયે? શુક્ર ખુદાતાલાના, કે જેણે મને આ બોરેહ આપ્યું; અને હવે મારી તમામ કીર્ત્તિ સાથ મારે તે સાહેબની દરગાહમાં જવું બેહતર છે.

દરબારીઓનો ગુસ્સો અને ગુચવાડો.

આવા આવા વિચારો કરીને શાહે હુકમ આપ્યો કે—દરબારમાં જેઓ આવે તેમને નરમાશથી પાછા વાળવા. પછી પોતે બગીચામાં જઇ બદન સાફ કરીને નવો સફેદ જામો પહેર્યો, અને એબાદતમાં વખ્ત ગુજારવા લાગ્યો. એક હફતા પછી દરબાર પાછી જારી થઇ, અને ઇરાની નામદારોના પુછવાથી શાહે કહ્યું કે—હું તો હવે ખુદા પાકની હજુરમાં જવા માગું છું.

બીજે હફતો શાહે ફરીથી ખુદાની એબાદતમાંજ ગુજાર્યો, અને કોઇપણ નામદારની મુલાકાત લેવાની સાફ ના પાડી. આથી બહુ દિલગીર થઇને ગુદર્જે પોતાના બેટા ગીવને જાબુલ મોકલાવીને જાલ તથા રૂસ્તમને ખબર અપાવી કે—શાહ કયખુસરૂ ખુદાઇ રાહથી ફરી બેઠો છે અને દેવ સાથ સંબંધ રાખે છે, માટે શાહ કાઉસ જેવો તે ખુદાથી ફરી બેસે અને ઇરાનની ખરાબી કરે તે આગમજ તમો કનુજ, દમ્બર, મર્ઘ અને માઇ બાતેના પંડિતો તથા કાબુલના સેતારેશનાસો અને જાબુલના દાનાઓને લઇને અત્રે આવો અને આ મામલો દરૂસ્ત કરો.

શાહનો ખુલાસો.

શાહ કયખુસરૂ એબાતગાહમાં હફતા સુધી બેસી રહે અને રાજકાજમાં ધ્યાન નહિ આપે, એ તેનાં કામને ઇરાની દરબારીઓ હારેમની ભરેલું ગણે એ અર્થસૂચક છે. પાદશાહો દુનિયા સાથ સંબંધ ધરાવનારા છે ત્યાં સુધી તેઓ યજદાંની રાહ ઉપર ચાલનારા છે, પણ જો તેઓ દુનિયા તજી બેસે અને સાધુનો અવતાર ધારણ કરે તો તે કામને આગળા ઇરાનીઓ ખુદાઇ રાહથી વેગળું ગણતા હોય એમ જણાય છે. જોકે શાહ કયખુસરૂ તો ખુદાને મળવા ચહાતો હતો, તે તો આ જેહાનથી જલદી ફારેગ થવા—ગુજર પામવા—માંગતો હતો, તે તો ખુદાની એબાદતમાં રાતદિન મશગુલ હતો; તોપણ ખુદાની બંદગીમાં દહાડાઓ સુધી ગુતાઇ રહેવાથી દુનિયા અને દીનનાં કામો અટકી પડે છે, તેમ થવું નહિ જોઇયે. શાહને જહાકની પેઠે કોઇએ ભંભેર્યો છે, યા કાઉસની પેઠે કોઇએ તેને આડે રસ્તે ઉતાર્યો છે, એવું માનીને ગુદર્જ જેવા નામદારોએ જાલ અને રૂસ્તમને બોલાવ્યાથી તેઓ આવી પુગ્યા, જે આગમજ કયખુસરૂએ એક વાર ફરીને તખ્તનશીન થઇ પોતાના નામદારો અને દરબારીઓની મુલાકાત લીધી, અને તેમના ચિંતાભરેલા સવાલોના જવાબમાં જણાવ્યું કે—મારી એક છુપી ખાહેશ છે કેજે બર-લાવવા માટે જગતના બાપને હું અર્જ કરૂં છું. જ્યારે તે સાહેબ મને એ બાબેનો જવાબ દઇ મારી જિંદગીને ખુશહાલ કરશે ત્યારે તે મારો ભેદ હું તમો આગળ જાહેર કરીશ. આખી રાત હું મારી ઉમેદ પાર પાડવાની ઇંતેજારીમાં ગુજારૂં છું. તે પાર પડવે જે કાંઇ હાલ હું કહી શકતો નથી તે હું તમને કહીશ; માટે કશી પણ ચિંતા કે આતુરતા વિના તમારે કામે તમો ખુશીથી વળગો.

આ મુલાકાત પછી હવે તો એકને બદલે પાંચ હફતા શાહે એકાંતવાસમાં ગુજાર્યા, કેજે દરમિયાન તે એમજ માગતો કે—આ પાદશાહીથી મને કશો લાભ નથી: મારા બાપદને આવી મળું એમાંજ મારો લાભ

છે. આ દુનિયામાં રહીને મેં ભલું કીધું હોય કે ભૂલ કીધી હોય તોપણ મને તું બહેસ્તમાંજ બેઠક બક્ષ!

સરોષની બશારત.

આ કિસમની અર્જગુજારીમાં કેટલાક હફતા ગુજર્યા બાદ એક રાત્રે ખાબમાં શાહ કયખુસરૂએ સરોષ ઇજદને દીઠો. યજદાંનો આ પેગામી આ રીતે તે નામદારને કહેતો જણાયો કે—અય ભાગ્યશાળી શાહ, જો દુનિયા ત્યાગ કરવાને તું તૈયાર હોય તો તારી તમામ મુરાદ બર આવેલી જાણ. પાક ખુદાતાલાનાં તખ્તની નજદીક તારી જગા થશે. તારો ખજાનો લાયક હોય તેમને તું બક્ષી દે, કારણકે હવે તને ઘણા દહાડા અહીં રહેવાનું નથી. તારાં તખ્તને માટે એક એવો વારેસ પસંદ કર કેજે કોઇને દુખ દઇ નહિ શકે. લોહરાસ્પ એ માટે લાયક છે. પાદશાહી, તખ્તોતાજ અને કમરબંદ તેને સોંપી આપ. ખુદા કનેથી માંગેલી જગા હવે તારીજ છે. આ ખાકી દુનિયા છોડ, અને અમર રહીને તું બહેસ્તી થા.

આ મતલબના બીજા ઘણાએક સખુનો સાંભળીને કયખુસરૂ બીદાર થયો. તે શુક્ર બજા લાવ્યો અને પછી તખ્ત ઉપર જઇ બેઠો. તેણે પોશાક સજ્યો, પણ બાજુબંદ, અંગુસ્તરી કે તાજ તેણે પહેર્યાં નહિ. જાલ અને રૂસ્તમ આ વેળા સીસ્તાનથી પાયતખ્ત ખાતે આવી પહોંચ્યા હતા તેમની શાહે હેત પ્રીતથી મુલાકાત લીધી, અને હિંદ તથા જાબુલથી જે દાનાઓ અને સેતારેશનાસોને તેઓ લઇ આવ્યા હતા તેમને લાયકની બેઠક આપી માનથી બેસાડ્યા. પછી જાલે શાહની ફેરવાયલી વરાણ બાબે પોતાની દિલગીરી તમામ નામદારો તરફથી જાહેર કીધી. આના જવાબમાં કયખુસરૂએ દુનિયાની માયા તરફનો પોતાનો તિરસ્કાર અને ખુદાની દરગાહમાં જવાનો પોતાનો ઇરાદો જાહેર કીધો. તેણે કહ્યું કે આગળા શાહો તખ્ત છોડીને એબાદતગાહમાં જિંદગી ગુજારતા હતા તેમ મારે કરવું નથી. મારી ખાહેશ મુજબ થવાનું છે ત્યારે હવે મારે કુચ કરવીજ જોઇએ.

જાલનો શેકવો અને પસ્તાવો.

શાહના આવા સખુનોથી જેમ ઇરાની સરદારોને તેમ જાલને પણ લાગ્યું કે શાહનું ભેજું ઠેકાણે નથી, અને તે ખુદાની રાહથી ફરી બેઠો છે. જાલે એજ મતલબના સખુનો હિમતથી અને સ્વતંત્રપણે કહી સંભળાવ્યા, અને ઉમેર્યું કે જો કયખુસરૂ સઘળું છોડી બેસશે તો તેનું ખોરેહ જતું રહેશે અને કોઇ તેનો હુકમ માનશે નહિ. જાલે તેને કરગરીને કહ્યું કે—દેવોના ફરમાવ્યા મુજબ તું ના ચાલ, અને ખુદા કેજે નેક કામો માટે આપણો રાહબર છે તેના તરફ પાછો ફર.

જાલના સખુનો ઘણા કડવા હતા જેથી શાહને માઠું લાગ્યું. પણ તેવાજ કડણ શબ્દોમાં તેને પાછો જવાબ નહિ દેતાં કયખુસરૂ બોલ્યો કે—ખુદાના કસમથી કહું છું કે દેવનાં ફરમાન અને રસમથી હું સદા દૂર છું. મારૂં રવાન ખુદા તરફજ છે, કારણકે મારી રંજ અને જેહમતનો દારૂ મેં તેનામાંજ જોયો છે. પછી જાલના સખુનોનો એક પછી એક જવાબ આપતાં પોતે તખ્તોતાજ છોડવાનું કારણ એમ સમજાવ્યું કે—મારા નામવર બાપનો કીનો હું લઇ ચુકયો છું, દુનિયાને આબાદ બનાવી શકયો છું, ત્યારે હવે મારે માટે બીજું કોઇ કામ બજાવવાનું રહ્યું નથી. હવે હું મારી બહોળી પાદશાહત અને લાંબા અમલ ઉપર દરિયાફત કરૂં છું ત્યારે જમશીદ અને કાઉસ જેમ પોતાનો માર્ગ ચુકયા અને લપસી પડયા હતા તેવી હાલતમાં હું પોતાને જોઉ છું. મને ભય લાગે છે કે હું જૈફીએ પહોંચીશ ત્યારે જહાક અને તુર જેવાં કામો કીધાથી મારો ઠાર દોજખમાં

થશે. એટલામાટે પાંચ હફતા સુધી રાત દહાડો જગતના બાપની એબાદત કરીને મેં એજ દુઆ ગુજારી છે કે તે સાહેબ આ અંધારી દુખી દુનિયાથી મારો છુટકો કરે. તું (જાલ) એવું કહે છે કે દેવે મારી મતિ ફેરવી નાખી છે; પણ તેવું કશું નથી. હું જો મારી જિંદગી ખરાબ માર્ગે ગુજારૂં તો મને ખુદા તરફથી કેવી સજા થવી જોઇયે વારૂ?

જાલ શાહના સખુનોથી બહુ પશેમાન થયો, અને દીવના ભમાવ્યાથી પોતે સખ્ત સખુનો બોલ્યો હતો એમ કહીને તે માટે પસ્તાવો કરવા લાગ્યો. શાહ ખુદાઇ રાહ ઉપરજ ચાલનારો છે એમ તેણે કબૂલ કીધું અને માફી ચાહી. કયખુસરૂએ ખુશી થઇ તેનો હાથ પોતાના હાથમાં લીધો, અને એ રીતે તેઓ વચ્ચે સમાધાની થઇ.

શાહની છેલ્લી દરબાર.

થોડીક મુદત ગુજર્યા પછી શાહના હુકમથી પાસનાં મેદાનમાં એક મોટી છાવણી તૈયાર કરવામાં આવી, જ્યાં કાવાના ઝુંડા સુધાં લશ્કરી નામદારો અને પેહલવાનો તથા દરબારીઓ અને નગરશેઠો વગેરેનો મોટો મેળાવડો જમા થયો, અને વાવટા તથા લશ્કર અને હાથીઓ વગેરેથી આખું મેદાન હળમળી રહ્યું. અહીં રંગ બેરંગી ડેરા તંબુઓ ઉભા થયા અને શાહના ડેરાની બન્ને બાજુએ જાલ તથા રૂસ્તમના તંબુઓ ઠોકાયા. અહીં એક રોશન રોજે મોટી દબદબાભરેલી દરબાર વચ્ચે કયખુસરૂએ પોતાનું છેલ્લું યાદગાર ભાષણ કરીને પોતે તાજોતખ્ત છોડી જવા બાબેની ખબરથી સર્વ કોઇને વાકેફ કીધા, અને પોતાનું સર્વસ્વ જુદા જુદા નામદારો વગેરેને વહેંચી આપવાનું જાહેર કીધું. આથી સર્વમાં ભારી દિલગીરી ફેલાઇ. એક હફતા સુધી ખાનપાન ચાલ્યું, જે પછી આઠમે દહાડે પાછી દરબાર ભરીને કયખુસરૂએ બુઝર્ગ ગુદર્જને પોતાની તરફથી સર્વ હુકમ આપનાર અને દેખરેખ રાખનાર ઠરાવ્યો. તૂસ નામના કસ્બામાં કાઉસ શાહનો ભરેલો ખજાનો જાલ, રૂસ્તમ અને ગીવને સ્વાધીન કીધો. પોતાનો તમામ લસ્કરી પોશાક રૂસ્તમને, તથા લસ્કરી હથિયારો—કોલાહ, બખ્તર, ગુર્જ, વગેરે—તૂસના ભાઇ ગુસ્તાહમને, ચુનંદા નામીચા ઘોડાઓ તૂસને, બાગબગીચા અને ચોક્કસ મહેલો ગુદર્જને, જે બખ્તર અને હથિયારોથી પોતે જંગમાં ફતેહ મેળવેલી તે સઘળાં ગીવને, તથા એક મહેલ અને છાવણીનો સર્વ અસબાબ અને ઘોડાઓ, બખ્તરો, કોલાહ વગેરે પોતાના કાકા ફરીબોર્જને, અને છેલ્લે પોતાનાં નામ સાથની હીરાની બે અંગુસ્તરી તથા ચકચકિત કોલાહ વગેરે બીજનને હવાલે કીધાં.

આ સઘળી વહેંચણી કરીને વળી શાહે મોટા અધિકારીઓને જણાવ્યું કે આ જેહાન છોડી જવાનો મારો વખ્ત પાસે આવી લાગ્યો છે માટે તમારે જે કાંઇ અર્જગુજારી કરવી હોય તે કરવી. આ ઉપરથી છુટા પડવાના મોટા અફસોસ છતાં જાલની માંગણી ઉપરથી શાહે રૂસ્તમને નીમરૂજનો પ્રાંત, ગુદર્જની અર્જ ઉપરથી કુમ અને ઇસ્ફહાન ગીવને, તૂસની પોતાની ખાહેશ ઉપરથી કાવાનો ઝુંડો તથા સોનાના જોડા પહેરી લશ્કરની સપેહસાલારી કરવાના અખ્તિયાર સાથે, વળી ખુરાસાનનો પ્રાંત, તૂસને એ રીતે મુલ્કોની વાંટણી કીધી, તથા સર્વ સરદારોને ફરમાવ્યું કે તેઓએ ગુદર્જના દાનાઇ ભરેલી સલાહ પ્રમાણે ચાલવું.

નવા શાહ માટેની પસંદગી.

આ રીતની સર્વ વહેંચણી કરવા પછી હવે એકજ કામ બાકી રહ્યું હતું અને તે પોતાના તખ્તનો વારેસ ઠરાવવાનું હતું. શાહ કયખુસરૂના કોઇ ફર્જંદ હોય એમ જણાતું

નથી. સઘળા શાહજાદાઓ અને રાજવંશીઓમાં તેને લોહરાસ્પ નામે એક જવાન શાહજાદા ઉપર વધારે મોહબત હતી. આ ધણી કોણ છે, તેનાં માત પિતા કોણ, અને તેને શાહની સાથ શો સંબંધ હતો, તે કશું શાહનામા ઉપરથી જણાતું નથી. આપણને એટલુંજ જણાવવામાં આવેલું છે કે કયખુસરૂએ એક વાર લોહરાસ્પને અલાની લોકો સામે લડવા મોકલ્યો હતો, જ્યાંથી તે ફતેહ સાથ પાછો ફર્યો હતો. આમ હોવાથી તેના જેવા એક જવાનને પોતાનાં તખ્તોતાજ સ્વાધીન કરવાના શાહના વિચાર તરફ ગુદર્જ અને તમામ ઇરાની નામદારો નાપસંદગી બતાવે એ કુદરતી છે. શાહે બીઝનને મોકલાવીને લોહરાસ્પને બોલાવી મંગાવ્યો, અને પોતાને માથેથી તાજ ઉતારીને પોતાને હાથે તે જવાનનાં સર ઉપર મુક્યું ત્યારે આ નામવરોના ગુસ્સાનો પાર રહ્યો નહિ. લોહરાસ્પ લડાઇની કોલાદ સુધાં દરબારમાં દાખલ થયો, ત્યારે કયખુસરૂએ પોતાનાં તખ્ત ઉપરથી ઉતરીને તેને આવકાર દીધો અને પોતાની જગા ઉપર શાહ મુકરર કીધો, અને કેટલીક દુઆ સાથ શીખામણ દીધી કે—સચ્ચાઇને કદી છોડનો ના, કારણકે સત્યથીજ તને ફતેહ મળશે અને ખુશહાલી હાસેલ થશે; તારાં એકબાલની બુલંદી ચહાતો હોય તો દીવની રાહ ઉપર ચાલતો ના; ડહાપણથી કામ લેજે અને કોઇને નાહક ઇજા દેતો ના; અને તારી જબાન ઉપર સદા કાબુ રાખજે.

લોહરાસ્પ સામે ઇરાનીઓની સરકશી.

આ રીતે પોતાનો વારેસ ઠરાવીને શાહે ઇરાનીઓને કહ્યું કે—લોહરાસ્પના એકબાલ અને તખ્ત સાથ તમારાં દિલની ખુશહાલી જોડાયલી રાખજો.

પણ આ હુકમ તેમને ગળે ઉતર્યો નહિ. તેઓ બોલી ઉઠયા કે—શું આવા કાચા જવાનને અમોએ શાહ ગણીને નમવું જોઇયે.

તેઓમાં બડબડાટ વધી પડયો, જે જોઇને જૈફ જાલ શાહને અર્જ કરી હિમતથી અને જુસ્સાથી બોલ્યો કે—અય શાહ તું ખાકને પણ સોનાને મુલની બનાવી શકે એમ છે. પણ આ ધણીનાં સર ઉપર તો ખાકજ હોજો! અને જે ધણી એમ કહેવા માંગે કે લોહરાસ્પ હકદાર શાહ છે તેનાં મોંમાં જેહરનો ઉતાર હોય તે જેહરી બની જજો! આવો અન્યાય અમો કદી સાંખી જઇશું નહિ. જ્યારે જરસ્પની સાથે લોહરાસ્પ ઇરાન તરફ આવ્યો ત્યારે મેં એને કંગાલ હાલતમાં જોયો હતો અને એની કને એક કરતાં વધારે ઘોડા ન હતા. એ કોણ ખાન્દાનનો છે તે તો હું જાણતો નથી; એનામાં કશી ખુબી મેં જોઇ નથી. અલાનીઓ સામેની લડાઇમાં લશ્કર, ઝુંડા અને કમરબંદ આપીને તેં એને મોકલ્યો હતો, એટલીજ એની નામદારી. આવો એક ધણી શાહ થયો હોય એવું મેં કદી સાંભળ્યું નથી. પાદશાહી ખાન્દાનમાં શાહજાદાઓનો કાંઇ ટોટો નથી, તોપણ તું નામવર શાહે તેઓ મધેના એકને યાદ કીધો નથી તેનું કારણ શું?

જાલના આ સખુનોને ટેકો આપી ઇરાની સરદારોએ એક આવાજે કહ્યું કે—અય શાહ, અગર તું લોહરાસ્પને તખ્તનો વારેસ ઠરાવશે તો હવેથી અમો જંગ મેદાનમાં કમર બાંધી લડવા જનાર નથી.

કયખુસરૂએ તેમને કેમ જીતી લીધા.

શાહ કયખુસર કને ઉપલી મજબૂત ફરિયાદનો કશો મજબૂત જવાબ હતો નહિ. ફકત સરૂષે ખાબમાં લોહરાસ્પની ભલામણ કીધી હતી તે ઉપરથીજ પોતે તેને મુકરર કીધો હતો, અને તે શાહને છાજતાં સભ્યતા, ખાન્દાન, એતેકાદ અને ખોરેહ ધરાવે છે, તથા પોતાના અદલ ઇનસાફથી તે ફાવશે,—એજ કયખુસરૂનો બચાવ હતો. વળી તે નામવરે કહ્યું કે—લોહરાસ્પ શાહ હુશંગથી ઉતરી આવેલો છે, અને કય પશીનનાં

ખાન્દાનનો અને કયકોબાદની ઓલાદનો છે.[1] એ સર્વ ખબરદારી ધરાવે છે, અને સચ્ચાઇનો સાથી છે. તમામ જાદુગરોનો નાશ કરીને એ પાક ખુદાની રાહ જાહેર કરશે. ખુદા તરફથી એની બલામણ થઇ છે અને તે મુજબ મેં અમલ કીધો છે. હવે તમો સઘળા એને શાહ ગણીને માન આપો: મને ચહાતા હો તો મારી સલાહ માનો. છુટા પડતી વેળા મારૂં કહ્યું નહિ માનશે તેની આગળી સર્વ સેવાઓ બર્બાદ જશે.

શાહના આ સખુનો સાંભળીને જાલ એક વાર ફરીને પસ્તાયો. તેણે પોતાની ભૂલ જોઇ હોય તેમ એકદમ પોતાની બેઠક ઉપરથી ઉઠીને વાંકો વળી નમ્યો અને નવા શાહ લોહરાસ્પને કુર્નસ બજાવી મુબારકબાદી આપી, અને બોલ્યો કે—ફતેહમંદ અને નામવર શાહ કયખુસરૂ સિવાય બીજું કોણ જાણતું હતું કે લોહરાસ્પ પાદશાહી ખાન્દાનનો છે?

જાલની પેઠે બીજા સર્વ ઇરાની નામદારોએ પણ નવા શાહને વાંકા વળી નમન કીધું અને તેને કબૂલ રાખ્યો.

આ કામ પાર પડયા પછી કયખુસરૂએ સર્વને ભેટી, દરેકનાં મોં ઉપર બોસ્સો લઇ, તેઓથી છુટો પડયો. તેની આંખો આ વેળા બિંજાયલી હતી. દરેક સાથ બગલગીરી કરતાં તે બોલ્યો કે—અરે, તમો સઘળા પણ હું જાઉં છું ત્યાં મારી સાથે આવો તો કેવું સારૂં!

જેહાનગુજર માટેની તૈયારી.

આખાં શેહેર અને દેશમાં શાહની જુદાઇ માટેની ખબર પડી, અને ચોતરફથી એ માટે પુકારો ઉઠયો. હવે શાહ પોતાના કાળા રંગના બેહજાદ ઘોડા ઉપર સવાર થઇ પોતાના રંગ મહેલમાં આવ્યો, અને ત્યાં પોતાની ચાર રાણીઓ હતી તેમને બોલાવીને પોતાના ઇરાદાથી તેમને વાકેફ કીધી, જેથી તેઓ માતમ કરવા લાગી અને શાહની સાથે પોતે પણ તે જ્યાં જાય ત્યાં જવા માંગ્યું. શાહે તેમને દિલાસો દીધો, અને ઇરાની નામવરોને ખુશહાલ ચેહેરે પોતપોતાને મકાને જવાની આગ્ના આપી. પણ જ્યારે શાહ લોહરાસ્પને શીખામણ દઇને પોતાથી જ્યાં જવાય ત્યાં જવા નીકળ્યો ત્યારે આ નામદારોમાંના થોડાકે તેની સાથે જવા માંગ્યું. જાલ, રૂસ્તમ, ગુદર્જ, ફરીબોર્જ, તૂસ, ગુસ્તહમ અને બીજન તેની સાથે ચાલ્યા. તેઓ એક પહાડ ભણી વળ્યા ત્યાંસુધી તેમની જોડે લશ્કરી ટુકડીઓ પણ એક પછી એક આગળ વધી.

છેલ્લી વિદાયગીરી.

એક હફતા સુધી તેઓ પહાડને મથાળે જઇ થોભ્યા, અને એ મુદત દરમિયાન એક લાખ ઇરાની મર્દ અને ઓરતો શાહને છેલ્લો જોવા અને પોતાનો શોક જાહેર કરવા ત્યાં આવ્યાં. તેણે પોતાની સાથે આવેલા નામદારોને પણ સલાહ આપી કે—હવે તમો અહીંથી પાછા ફરો, કારણકે રસ્તો પાણી અને ઘાસચારા વિનાનો છે માટે તમને ઘણું સંકટ વેઠવું પડશે. હવે જે જંગલ આવે છે તે સર્વ કોઇથી પસાર થઇ શકે એવું નથી.

જાલ, ગુદર્જ અને રૂસ્તમે આ સલાહ માથે ચંહડાવી, પણ તૂસ, ગીવ, ફરીબોર્જ, બીજન, અને ગુસ્તહમ તો શાહ ચાલ્યો તેની પૂઠે પૂઠે આગળ વધ્યા. એક દહાડો અને રાતની મંજલ પછી એક સુંદર ઝરો વહેતો જણાયો ત્યાં તેઓ ઘોડેથી ઉતરી હાથ મહોડું ધોઇ, ખાણું ખાઇ સંતોષ પામ્યા. અહીં તે રાત ગુજારી આગળી વાતો તાજી કરવાનો શાહે ઇરાદો બતાવ્યો અને પાંચે સાથીઓને ચેતવણી આપી કે—બીજી

૧—આ વાકય ઉપરથી જણાય છે કે લોહરાસ્પ પહેલા કયાની શાહ કોબાદના બેટા શાહ પશીનનો નબીરો અથવા વારેસ હતો. ફરીબોર્જ શાહ કાઉસનો બેટો હતો, પણ તે હવે ઘરડો થયલો હોવો જોઇયે, અને લોહરાસ્પ જવાન હોવાથી કયાની કુટુંબમાં કયખુસરૂની નજરમાં તેજ લાયક ગણાયો હોય, એવું આ વાકય ઉપરથી સિદ્ધ થાય છે. કય પશીને પાદશાહી કીધી તે બિના પ્રતે જણાવેલી નહિ હોવાથી ફિર્દોસીને એમજ લાગ્યું કે લોહરાસ્પ રાજવંશી ન હતો, તેમ તેણે જાલ પાસે બોલાવ્યું છે.

બામદાદ પછી મને કોઇ ફરીથી જોઇ શકશો નહિ, કારણકે આફતાબ તલુ થતાંજ અશો સરોષ ઇજદ સાથ હું આ ફાની જેહાનથી ગુજર પામીશ.

કયખુસરૂનું ગુમ થવું.

બામદાદ થવા આવતાંજ કયખુસરૂએ ઝરાનાં પાણી વડે સ્નાંન કરી પોતાના કિર્તારની એબાદત કરવા માંડી અને અવસ્તાના કલામો[1] ભણ્યો. પછી એકવાર ફરીથી તે નામવરે પોતાના વફાદાર સાથીઓને ચેતવણી આપીને પાછા ફરવા સૂચવ્યું કે—આફતાબ રોશન થયા પછી ખાબ સિવાય બીજી કોઇરીતે તમો મને ફરીથી જોઇ શકશો નહિ. આ રેતાળ સુકી ભૂમિ ઉપર તમો આવતી કાલ ગુજારશો ના, કેમકે પહાડો ઉપર એવું સખ્ત તુફાન થશે કે ઝાડો ઉખડી જશે, અને આકાશમાંથી એવો ભારી બર્ફ વરસશે કે ઇરાન તરફ પાછા ફરવાનો માર્ગ પણ તમને સુઝશે નહિ.

બરાબર શાહના કહ્યા મુજબ સઘળું બન્યું. પહેલાં તો આકાશમાં સૂર્ય ઉગતાંજ શાહ પોતાની આરામગાહમાં જણાયો નહિ. ચોતરફ શોધ ચલાવ્યા છતાં તેનો પત્તો તેઓ મેળવી શકયા નહિ. દીવાના માફક તેઓ ભટકવા અને ધુંડવા લાગ્યા. દુખ અને ગુસ્સા સાથ તેઓ પેલા ચસ્મા આગળ પાછા ભેગા થયા. ફરીબોર્ઝે શાહના છેલ્લા સખુનોની તેમને યાદ આપી ને જલદીથી પાછા ફરવા સૂચવ્યું, પણ થાકને લીધે બાકીના-ઓએ તે દિવસ ત્યાંજ ગુજારવા ચાહ્યું. તેઓ પેલા સ્વચ્છ ઝરાને કિનારે બેઠા અને કયખુસરૂ વિષેજ વાતો ચલાવવા લાગ્યા કે—તેના જેવો બનાવ આગળકદી બન્યો ન હતો; કોઇપણ માણસ જીવતો છતાં ખુદાને જાઇ મળે એ વાત કોઇ દાના પુરૂષ માને નહિ.

ઈરાની નામદારોનો નાશ.

ખાણું લઇને તેઓ થાક ઉતારવા સુઇ ગયા. આ વેળા આકાશ ખુલ્લો હતો તેનો રંગ બદલાઇને કાળો થઇ ગયો, વંટોળિઓ ફુકવા માંડયો અને બર્ફ વરસતો થયો. પવનનું જોર એટલું ભારી હતું કે પાંચે નામદારોના ભાલા પણ ઉડીને ગેબ થઇ ગયા છતાં તેઓ આ બર્ફમાંજ રહ્યા, અને અંતે તેનાજ ભોગ થઇ પડયા.

પેલી તરફથી જાલ અને રૂસતમ અને ગુદર્ઝ અને બીજાઓ જેઓ શાહની સલાહ માનીને પાછા ફર્યા હતા તેઓ કેટલાક દહાડા સુધી શાહના સાથીઓને પાછા ફરવાની વાટ જોતા પહાડ ઉપરજ થોભ્યા, પણ શાહની આગાહી મુજબ બર્ફનું સખ્ત તુફાન થયા બાદ જ્યારે ગીવ અને તુસ વગેરે પાછા ફર્યાજ નહિ ત્યારે બુઢો ગુદર્ઝ પોતાના બેટા ગીવ અને નબીરા બીઝનને માટે વીલાપ કરવા લાગ્યો અને બોલ્યો કે—કાઉસનાં ફર્ઝન્દથી (એટલે કે શાહ કય ખુસરૂને લીધે) મારા જેવો દુખ્યો બીજો કોઇ થયો ન હશે. સિયાવુશનો કીનો લેવા જતાં મારા સઘળા બેટાઓ અને નબીરાઓ જાનથી ગયા છે.

જાલે ગુદર્ઝને ધીરજ આપી અંતે કોઇ દહાડે સઘળા પાછા આવી મળશે એમ જણાવી તેમની શોધમાં માણસો મોકલ્યાં, અને પછી તેઓ ઇરાન તરફ પાછા ફર્યા.

નવો શાહ અને ઇરાની નામદારો.

જ્યારે લોહરાસ્પ શાહને કયખુસરૂના ગુજર પામવાની પાકી ખબર મળી ત્યારે તે તે નામદારનાં તખ્ત ઉપર બિરાજ્યો, અને સર્વ દરબારીઓને એલતેમાસ કીધી કે—શાહની છેલ્લી શીખામણ તમોએ સાંભળી છે માટે તમોમાંથી

[1]—આ કયા કલામો હશે ? શાયર જંદ અવસ્તા અથવા અવસ્તા વ જંદ એવા લોગત વાપરે છે, પણ એ નામે જે કલામો આજે મોજુદ છે તે તો અશો જરતોશતના અને તેના જાયેનશીનોના રચેલા છે; અને પેગમ્બર સાહેબનો જન્મ તો હજુ થવાનો હતો. ગથા અને અવેમના કેલામો સર્વથી પુરાણા ગણાય છે.

જે સરદાર મને શાહ તરીકે કબૂલ રાખશે નહિ તે તે નામદારને ભૂલી ગયલો ગણાશે. તેણે જે કાંઇ કરવા મને ફરમાવ્યું છે તે પ્રમાણે હું કરીશ. નેકીને માટે હું કોશેશ કરીશ અને તેની ખાહેશ બર લાવીશ. તે નામદારની છેલ્લી વસીહત મુજબ તમો પણ અમલ કરજો અને તમારી ખાનગી સલાહથી મને વાકેફ રાખજો. શાહનાં છેલ્લાં ફરમાનને જે ઘણું માન આપતો નથી તે ખુદાની નજરમાં ગુનેહગાર છેઃ વાસ્તે તમારાં મનમાં જેવી કાંઇ ભલું બુરૂં હોય તે મારી આગળ કહી દેજો.

જાલે સર્વ ઇરાની નામદારો તરફથી નવા શાહને કબૂલ રાખ્યો અને પોતે તથા જેહાં પેહલવાન રૂસ્તમ જાબુલી રૈયતો સાથ તેની ખિદમત બજાવવાને ચુકશે નહિ તેની ખાતરી આપી.

લોહરાસ્પ આથી ખુશહાલ થઇ જાલને ભેટ્યો, અને ગુદર્જનો વિચાર પુછ્યો. તે દાનાવર તો પોતાના ગીવ અને બીઝન જેવા બેટાઓ ગુમાવી બેઠેલો હોવાથી નવેસરથી વિલાપ કરવા લાગ્યો. અંતે જાલના સખુનોને ટેકો આપી તેણે તેમજ બીજા સર્વ સરદારોએ લોહરાસ્પ તરફ વફાદારી બતાવવાનો એકરાર કીધો અને તેને કુર્નસ બજાવી પોતાનો શાહ કબૂલ રાખ્યો.

આ રીતે સર્વની વફાદારી જોઇને લોહરાસ્પે પોતાને માથે તાજ મૂકવાનો એક મુબારક રોજ પસંદ કીધો, અને જેમ શાહ ફરીદૂન મેહરગાનનાં મોટાં જશનને દિને તાજવર થયો હતો તેમ નવા શાહે પોતાને માટે પણ તેજ મુબારક દહાડો ઠરાવ્યો, કેજે દિને આફતાબ તોલા રાશીમાં દાખલ થઇ દહાડો અને રાત સરખાં થાય છે.[1]

૧—ફરવરદીન મહિનો પહેલો ગણતાં આમ બને, અને શાયર તેનેજ પહેલો મહિનો ગણે છે. દએ 'મહિનો પહેલો હોવો જોઇયે એ ખયાલ તે જમાનામાં ન હતો.

અહીં શાહ કયખુસરૂનું બયાન તમામ થાય છે. હવે શાહ લોહરાસ્પનું દાસ્તાન શુરૂ કરીશું. પણ તે આગમજ અમારી કબૂલત મુજબ અવસ્તાવાણીમાંથી 'કયખુસરૂ' જે ટુક બયાન મળે છે તે અહીં ટપકાવી લઇશું, એટલુંજ નહિ પણ તુરાની શાહ અફ્રાસિયાબના સંબંધમાં અવસ્તામાંથી મળતી હકીકત પણ ત્યાર પછી ઉતારીશું.

* * * *

વધારો ૪ થો.

અવસ્તા મુજબ કયાની શાહ કયખુસરૂનું બયાન.

કવિ હુસ્રવહ (કયખુસરૂ.)

કયખુસરૂ કોનો બેટો હતો?

શાયર ફિર્દૂસી અને બીજા મુસલમાન લખનારાઓ મુજબ, તેમજ વળી પેહલવી કેતાબ "બુન્દેહેશ" મુજબ, આ પાદશાહ કવિ સિયાવર્શાન (સિયાવુશ)નો બેટો હતો, અને તેણે પોતાના બાપના કીનામાં તૂરાન ઉપર ચઢાઇ લઇ જઇને તથા તેમાં ભારી જવાંમર્દી બતાવીને ત્યાંના શાહ ફ્રંઘ્રસિયાન (અફ્રાસિયાબ)ને મારી તેનું રાજ્ય પોતાનાં રાજ્ય સાથ જોડી દીધું હતું. હવે અવસ્તા જબાનના કેટલાક યુરોપીઅન અભ્યાસીઓ એમ જણાવી જાય છે કે અવસ્તાવાણીમાં આવેલા "કવતે સ્યાવર્ષાનહે" લોગત ઉપરથી કયખુસરૂ સિયાવુશનો પોતાનો નહિ પણ તેની બેટીનો બેટો હતો, તેમજ વળી ઉપલાની જોડેજ આવેલા બીજા લોગત મુજબ તે અફ્રાસિયાબના ભાઇ અઘ્રીરસના દીકરાનો દીકરો હતો. આ લોગતો વાળો આખો અવસ્તાઇ ફકરો (જમ્યાદ યસ્ત, ફકરો ૭૭) આ મુજબનો છેઃ—

"મઇરીમ્ તૂઇરીમ ફ્રંઘ્રસ્યાનેમ્ બંદયત કેરેસવઝ્દેમ્ પુથ્રો કએન સ્યાવર્શાનાઇ જુઘ્ને-જમહે, નરહે, અઘ્રેરથહેચ નરવહે."

આનો અર્થ એ થાય છે કે—(કયખુસરૂ પાદશાહે) દીકરા તરીકે જુલ્મથી માર્યા ગયલા (પોતાના બાપ) સિયાવુશના કીનામાં, (તેમજ) નરૂ ખાન્દાનના શૂરા અઘ્રીરસના કીનામાં, ઘાતકી તૂરાની અફ્રાસિયાબને (તથા તેના ભાઇ) કર્સીવજને બંધ કીધા." [1]

જમ્યાદ યશ્ત મધેના ઉપલા ફકરાને ગોશ યશ્તના એક ફકરા (૨૨ મો)થી ટેકો મળે છે. તેમાં જણાવ્યા પ્રમાણે શાહ કયખુસરૂ ગોશ દ્રુજદ કને આ પ્રમાણેની બક્ષેશ માગેછે:—

દજદિ-મે વંઘુહિ સેવિસ્તે દ્રવાસ્પે તત્ આયપ્તેમ્, યથ અજેમ્ નિજનાનિ, મઇરીમ્ તઇરીમ્ ફ્રંઘ્રસ્યાનેમ્, પસ્ને વરૌઇથ્ચએચિસ્તહે, જફ્રહે દર્બ્યા પહે, પુથ્રો કએન સ્યાવર્ષાનાઇ, જુરો-જતહે નરહે, અઘ્રરથ-હેચ નરવહે.

એટલે કે—

અય ભલી (તથા) ઘણોજ ફાયદો કરનારી દ્રવાસ્પ! [2] (તું) મને આ મુરાદ બક્ષ કે ઉંડાં તથા બહોળાં પાણીવાળા ચએચસ્ત (નામના) સરોવરની પેલી પાર (અથવા પછવાડે), ખુની તૂરાની અફ્રાસિયાબને હું મારૂં, જુલમથી માર્યા ગયલા સિયાવુશના કીનામાં, (તથા) નરૂ ખાન્દાનના શૂરા અઘ્રીરસના કીનામાં, (હું જે સિયાવુશનો) છોકરો (છું તે). [3]

ઉપલા ફકરાના ટેકામાં વળી ગોશ યશ્તના બીજા બે ફકરા (૧૭ મો તથા ૧૮ મો) મદદગાર થઇ પડે છે. ત્યાં જણાવ્યા મુજબ, હોમ ફ્રાષ્મિ નામે પેહલવાને ગોશ દ્રુજદ કનેથી એક મુરાદ ચાહી હતી અને તે અફ્રાસિયાબને પકડી, બાંધીને શાહ ખુસરૂ આગળ લઇ જવાને લગતી હતી. તે ફકરો આ પ્રમાણેનો છે:—

દજદિ-મે વંઘુહિ સેવિસ્તે દ્રવાસ્પે તત્ આયપ્તેમ્, યથ અજેમ્ બન્દયેનિ, ઉત બસ્તેમ્ ઉપનયેનિ બસ્તેમ્ ક્વોઇશ હઓસ્રવંઘ્હે, જનાત્ તેમ્ કંવ હઓસ્રવ, પસ્ને વરૌઇથ્ ચએચિસ્તહે જફ્રહે ઉર્વાપહે, પુથ્રો કએન સ્યાવર્ષાનાઇ જુરો-જતહે, નરહે અઘ્રએરથહેચ નરવહે.

એટલે કે—

"અય ભલી (તથા) ઘણોજ ફાયદો કરનારી દ્રવાસ્પ, (તું) મને આ મુરાદ બક્ષ કે ખૂની (અથવા ઘાતકી) તૂરાની અફ્રાસિયાબને હું બાંધું, તથા બાંધીને ચલાવું, તથા બાંધીને કયખુસરૂ (પાદશાહ) આગળ લઈ જાઉં, (જેથી) કયખુસરૂ (પાદશાહ) ઉંડા (તથા) બહોળાં પાણીવાળા ચએચસ્ત (નામના) સરોવરની પેલી પાર (અથવા પછવાડે) તેને (યાને અફ્રાસિયાબને) મારે, જુલ્મથી માર્યા ગયલા સિયાવુશના કીનામાં, તથા નરૂ ખાન્દાનના શૂરા અઘ્રીરસના કીનામાં છોકરો (કયખુસરૂ)." [4]

આ સઘળા અવસ્તાઇ ફકરાઓ એટલુંજ બતાવે છે કે કએખુસરૂએ અફ્રાસિયાબને એક બેટા દાખલ પોતાના બાપના કીનામાં માર્યો હતો. પણ ઉપર ઇશારો કીધા પ્રમાણેના યુરોપીઅન અભ્યાસીઓ, જેવાકે યુસ્ટી, હાર્લે, સ્પીગલ વગેરે ઉપલા ફકરાઓમાં જ્યાં સગાઇના શબ્દો છે ત્યાં એવો અર્થ છે કે

"જુલ્મથી માર્યા ગયલા સિયાવુશની દીકરીના દીકરા અને નરનાં ખાન્દાનના અઘ્રીરસના દીકરાના દીકરા કયખુસરૂએ ઘાતકી, અને અદેખાઇથી ઇજા દેનાર તૂરાની-અફ્રાસિયાબને કેદ કીધો."

૧. કા. એ. કાંગાઃ યશ્ત બા માએની, સફે ૩૭૫.

૨. અેરવદ શે૦ દા૦ ભરૂચા મુજબ ગોશ ઈજદ, કે જેનું અવસ્તાઈ નામ દ્રવાસ્પ છે.

૩. કા. એ. કાંગાઃ ખોરદેહ અવસ્તા બા માએની, સફે ૨૫૯-૨૬૦

૪. તેજ, સફે ૨૫૮.

ઉપલા વિદ્વાનોએ "કએન" શબ્દનો અર્થ "કન્યા" અથવાં છોકરીનો કીધો છે, પણ એ શબ્દનો બીજો અર્થ "કીનો" થાય છે, અને તેજ અર્થ આ ફકરાઓમાં બંધબેસનો છે. ફિર્દૂસી પોતાનાં શાહનામામાં સઘળે ઠેકાણે જણાવી જાય છે તેમ ઇરાનીઓ અને તુરાનીઓ વચ્ચેની લડાઇ એક બીજા ઉપર કીનો લેવા માટેજ થતી હતી. આ "કએન" શબ્દ ઉપરથીજ ફારસીમાં "કીન" અથવા "કીનેહ" શબ્દ વપરાય છે, અને એજ શબ્દ આપણો શાયર જામજા વાપરી ગયો છે. જહાક ઉપર જમશેદનો, તૂર અને સલ્મ ઉપર ઇરજનો, નૌદર ઉપર તૂરનો, સિયાવુશ ઉપર સોહરાબનો, અફ્રાસિયાબના બેટા શીદેહ ઉપર સિયાવુશનો, અને તેમ ખુદ અફ્રાસિયાબની પોતાની ઉપર અવસ્તા પ્રમાણે સિયાવુશ અને અઘ્રીરસનો કીનો લેવાયો હતો.

સિયાવુશ સાથના કયખુસરૂના સંબંધ વિષે આટલું જણાવ્યા પછી આગળ ચાલતાં જણાય છે કે શાહ કયખુસરૂ ઉપર ખોરેહ અથવા પાદશાહીની બક્ષીશ થઇ હતી, અને તે વડે તેણે અફ્રાસિયાબને મારવા ઉપરાંત બીજાં જે મહાભારત કામો કીધાં તેમનું જમ્યાદ યસ્તમાં બયાન જોવામાં આવે છે. ત્યાં (ફ૦ ૭૪થી ૭૭) જણાવ્યા પ્રમાણે હિમત, ફતેહ, સરસાઇ, અને દુશ્મનોને જમીનદોસ્ત કરવા માટે જોઇતું કુવત વગેરે આ ખોરેહને લીધે કયખુસરૂને મળ્યાં હતાં.

કયખુસરૂનો શત્રુ ઔર્વસાર.

આ રીતે આકાશી ખોરેહની બરકતથી મળેલી ઉપલી બક્ષેશોની મદદથી આ શાહે પોતાનો એક ઘાતકી દુશ્મન લડવા સામે આવ્યો ત્યારે તેને "જંગલના નવ 'ફ્રાથ્વેરેસ' જેટલા લાંબા રસ્તા સુધી" પુઠે લાગીને આ પાદશાહે તે જુલ્મગાર માણસને જેર કીધો હતો, અને એજ રીતે આ શાહે પોતાના તમામ દુશ્મનો ઉપર ગાલેબ થઇ ફતેહ મેળવી હતી. હવે આ ઠેકાણે "ઘાતકી" અને "જુલ્મગાર" દુશ્મન વિષે જે ઇશારો છે તે કોણ હતો તેનો ખુલાસો આવાં યસ્ત (ફ૦ ૫૦) અને રાંમ યસ્ત (ફ૦ ૩૧) ઉપરથી મળે છે. શાહ કયખુસરૂએ આવાં કનેથી જે મુરાદ ચાહી હતી તે ઉપરથી જણાયછે કે તેના ઉપલા દુશ્મનનું નામ ઔર્વસાર હતું, અને એ બિનાને આજ નામના ધણીએ રામ અથવા વાએ ઇજદ કનેથી માગેલી મુરાદની શહાદત ઉપરથી ટેકો મળે છે. આ છેલ્લે ઠેકાણે આવેલાં અવસ્તાઇ લખાણનો અર્થ આ મુજબનો છેઃ—

> "(૩૧) તેને (યાને વાએ ઇજદને) ઔર્વસાર (નામના) દેશપતિએ સફેદ જંગલો તરફ (જતાં) રપએતિત (નામનાં) જંગલમાં (તથા) જંગલની હદમાં, સોનેરી બેઠક ઉપર, સોનેરી ગાલીચા ઉપર, (તથા) સોનેરી છત્ર તળે (બેસીને) પાંથરેલી બર્સમથી (તથા) પુષ્કળ અને તાજાં દોહોવારેલાં (દુધની ભેટો)થી આરાધ્યો.
>
> (૩૨) (ત્યારે) તેનાથી (યાને વાએ ઇજદથી) માંગ્યું કે અય જોરેમંદ વાએ ઇજદ! આ મુરાદ મને તું બક્ષ કે, ઇરાનના દેશોની પાદશાહીને સાથે જોડી નાખનાર બહાદુર (કય) ખુસરૂ (પાદશાહ) હમોને નહિ મારે, પણ હું કયખુસરૂના (પંજામાં)થી છુટી જાઉં.[1]

એવું જણાય છે કે ઔર્વસાર તુરાની શત્રુની આ મુરાદ કબૂલ રખાઇ ન હતી, પણ તેની વિરૂધમાં એવી મુરાદ ઇછવામાં આવી હતી કે "કયખુસરૂ (તથા) તમામ ઇરાનીઓ (લડાઇનાં) જંગલમાં તેને (ઔર્વસારને) મારે," અને તે મુરાદ પાર પડી હતી એવું આવાં યસ્ત (ફ૦ ૫૦) ઉપરથી માલુમ પડે છે. ત્યાં જણાવ્યા પ્રમાણે કય ખુસરૂએ આવાં કનેથી એવી મુરાદ ચાહી હતી કે—

૧—કા. એ. કાંગાઃ યશ્ત બા માએનીઃ સફે ૨૮૦—૨૮૧.

"હમણા જ્યારે (પેલો) ધાતકી મનનો (ઑર્વસાર) ઘોડા (ની પીઠ) ઉપર (યાને ઘોડેસ્વાર થઇને) મારી સાંમે લડે છે (ત્યારે હું) જંગલમાંથી નવ ફ્રાશ્વેરેસ જેટલા લાંબા રસ્તામાં તમામ ઘોડાઓને ફેરોલમાં દોડાઉ."[1]

આ રીતે કય ખુસરૂના તુરાની શત્રુનું નામ ઑર્વસાર હતું એમ સિદ્ધ થાય છે, પણ ઉપલા ફકરાઓમાં જે "સફેદ જંગલો" વિષે ઇશારો છે તે કયાં આવ્યાં હતાં તે જણાતું નથી. સઘળાં જંગલો ઝાડપાનથી ભરેલાં હોવાને લીધે લીલાં રંગનાં હોય છે, ત્યારે આ અમુક જંગલોને "સફેદ" કાં જણાવ્યાં છે તેની પણ સમજ પડતી નથી. વળી એવું જણાય છે કે આ સફેદ જંગલો મધેનાં એકનુ નામ "સ્પતિત" હતું, અને તેજ જંગલમાં હુસ્રવંહ્‌ હ અને ઑર્વસાર વચ્ચે લડાઇ થઇ હતી. બુન્દેહશમાં જણાવ્યા પ્રમાણે (બાબ ૨૪, ફ૦ ૧૬) સઘળાં જંગલોમાં આ સફેદ જંગલ મુખ્ય ગણાતું હતું, અને પેહલવી બહમન યસ્ત પ્રમાણે (બાબ ૩, ફ૦ ૯) શાહ ગુસ્તારપ અને શાહ અર્જાસ્પ વચ્ચે જે છેલ્લી લડાઇ થઇ હતી તેનું મુખ્ય મથક આ સફેદ જંગલ હતું. આ ઉપરાંત વધારે ખુલાસો કશો મળતો નથી.

અહીં શાહ કય ખુસરૂ સંબંધી અવસ્તામાંથી મળતું બયાન પુરૂં થાય છે.

આ શાહ બેશક ઘણો પુરાણો હોવો જોઇયે, અને વળી તે ઇરાની અને હિંદુ આર્યો સાથે વસતા હતા તે વેળાનો તેમનો એક રાજા હોય એમ લાગે છે, કારણકે ઋગવેદમાંથી જેમ કાઉસ વગેરેનાં નામો મળે છે તેમ આ શાહનું પણ નામ મળે છે. ત્યાં તેને "સુસ્રવસ" ને નામે ઓળખ્યો છે. પણ આ બે નામો હુસ્રવંહ્‌ હ અને સુસ્રવસ એકબીજાને મળતાં છે તે સિવાય આ પાદશાહો બીજી કાઇ રીતે મળતા જણાતા નથી. સુસ્રવસના સંબંધમાં વેદમાં એટલુંજ જણાવ્યુ છે કે તે એક સ્વતંત્ર રાજા હતો, અને તેના પક્ષમાં કોઇ મિત્ર રાજાઓ ન હતા તેથી તેના ઉપર આસપાસના વીશ જુદાજુદા રાજાઓએ હુમલો કરીને તેનું રાજ્ય જીતી લેવા ધાર્યું હતું, પણ મોટા ઈંદ્ર દેવતાએ તેની મદદે આવીને આ સઘળા દુશ્મનોનો પરાજય કીધો અને તેમના સંખ્યાબંધ કિલ્લાઓ અથવા લશ્કરો તારાજ કીધાં, એટલુંજ નહિ પણ કુત્સ, અતિથિગ્વ અને આયુ નામના રાજાઓને જવાન રાજા સુસ્રવસના ખંડિયા બનાવ્યા.[1] ઋગવેદ મધેના આ ટુક હેવાલની મુકાબેલ અવસ્તા મધેનો બુન્દેહશ ઉપર ટાંકેલો હેવાલ વધારે છે; પણ ત્યાર બાદ અને શાહનામામાંથી હુસ્રવંહ્‌ હ (ખુસરૂ) નું જે વધુ વર્ણન મળે છે તેવું પુરાણો કે બીજા પુસ્તકોમાંથી સુસ્રવસનું મળતું જણાતું નથી.

શાહનામામાં કયખુસરૂની માતાનું નામ ફરંગીસ જણાવેલું છે; બુન્દેહશ મુજબ તે વિસ્પાન-ફ્રયા હતું. અવસ્તામાંથી આ નામ મળતું નથી, અને ત્યાં ખુસરૂ અફ્રાસિયાબની દીકરીનો દીકરો હતો એવું પણ જણાવેલું નથી. ઇરાન અને તુરાનનાં રાજ્યો જે ફરીદૂન શાહ પછી છુટાં પડયાં હતાં તે બન્નેને પાછાં જોડી દેનાર તરીકે અવસ્તામાં કય ખુસરૂને જણાવ્યો છે તેમજ શાહનામું પણ જણાવે છે. પણ શાહનામામાં જણાવ્યું છે કે કય ખુસરૂએ ૬૦ વર્ષ રાજ્ય ભોગવ્યા પછી દુનિયાથી કંટાળી જઇને એકાંતવાસ પકડયો અને સાધુ અથવા ઋષિના જેવી જિન્દગી એખ્તિયાર કીધી, તેવું કશું અવસ્તા ઉપરથી તો નહિજ પણ પેહલવી લખાણો ઉપરથી પણ માલુમ પડતું નથી. ફિર્દૂસી કયખુસરૂને અમર બનાવી જાય છે, પણ બુન્દેહશમાં[2] 'અમર

[1] ૧—અવસ્તા બા માએની: સફે ૧૮.

[1] ૧ મંડળ ૧૧ સુકત ૫૩, શ્લોક ૯—૧૦.

[2] ૨ બાબ ૨૯, ફ. ૫—૯.

દાખલ ૧૨ નામો આપ્યાં છે[1] તેમાં શાહ કયખુસરૂનું નામ જણાતું નથી. વળી "દાદેસ્તાને દીની" નામે પેહલવી કેતાબમાં જણાવ્યું છે કે રસ્તાખેજ કરતી વેળા જે જે નામીચા નરો મદદગાર થઇ પડશે તેઓમાંનો એક કયખુસરૂ પણ છે; પણ આ મદદગારોનાં જે આઠ નામો બુન્દેહેશમાં આપ્યાં છે તેઓમાં કયખુસરૂનું નામ નથી. કયખુસરૂ આ દુનિયામાંથી ગયબ થયો હતો એવી બિના "દાદેસ્તાન" નો બનાવનાર કબૂલ રાખનો જણાય છે, અને "આફ્રીને જરતોશ્ત" નામનું અવસ્તા જબાનમાં લખાયલાં એક બહુજ પાછળાં લખાણમાં એક ફકરો આ મતલબનો છે કે "કયખુસરૂના જેવો બિમારી યા મોત વગરનો થજે." આ ઉપરથી આ પાદશાહ અમર હતો એવી કલ્પનાને જન્મ મળ્યો હોય એ બનવાજોગ છે.

હવે શાહનામામાં ઇરાનીઓ અને તુરાનીઓ વચ્ચેનાં છેક ફરીદુન શાહના બેટા ઇરજનાં તેના ભાઇઓ તૂર અને સલમના હાથ ઉપર થયલાં ખૂન પછી કીનાની જે લડાઇઓનાં વર્ણનો આપણ વાંચિયે છિયે તે બયાનોને લગભગ અનેક રીતે મળતાં વર્ણનો હિંદુઓનાં "મહાભારત" નામે સંસ્કૃત કાવ્યમાં લખાયલા ગ્રંથમાં આપણા જોવામાં આવે છે, અને શાહ કયખુસરૂનું જે બયાન ફિર્દુસીએ આપ્યું છે તે મહાભારતમાંના પાંડવ વંશના યુધિષ્ઠિર નામે રાજાનાં વર્ણનને હુબહુ મળતું આવે છે, તે અહીં સુધી કે જેવો વનવાસ આ પાંડવ રાજાએ લીધો તેવોજ એકાંતવાસ કયખુસરૂએ પણ લીધેલો જોવામાં આવે છે. આ સર્વનો મુકાબલો બહુ રસીલો અને મનન કરવા જોગ છે, તે ઉપરથી જણાય છે કે કયખુસરૂને ફિર્દુસીએ અમર ચિતાર્યો છે તેનું કારણ એ કે તે મહાભારતવાળા યુધિષ્ઠિર મહારાજાનાં વર્ણનની નકલ માત્ર છે. આ અનુકરણથી આપણાં શાયરે કયખુસરૂનાં અસલ વર્ણનને બહુ લંબાવ્યું છે અને બેશક દીપાવ્યું છે, પણ તેથી ભવિષના જમાનાના જરતોશ્તીઓનાં દિલમાં એક એવો ખયાલ અથવા વહેમ ઉત્પન્ન કર્યો છે કે શાહ કયખુસરો આજ સુધી હૈયાત છે!

* * * *

વધારો પં મો

અફ્રાસિયાબ વિષે અવસ્તામાંથી મળતી હકીકત.

અફ્રાસિયાબે નદીઓનાં મૂખ ફેરવ્યાં.

શાહનામા મુજબ શાહ ફરીદૂનના બીજા બેટા તૂરનાં વંશમાં અફ્રાસિયાબ ઉતરેલો હતો. બુન્દેહશ મુજબ તેની વંશાવળિ આ રીતની મળે છે:—ફ્રાસિયાવ બિન પશંગ બીન જએશ્મ બિન તૂરક બિન સ્પએન્યસ્પ બિન તૂજ બિન ફ્રેદૂનઃ એટલેકે અફ્રાસિયાબ શાહ ફરીદૂનથી ૮ મી પહેડીનો હતો. પેહલવીવાળા તેને ફ્રાસીયાવને નામે અને તેના ભાઇને કર્સેવજને નામે ઓળખાવી ગયા છે. આને વળી કદાન અથવા કીદાન પણ કહેતા હતા. આ એનો ત્રીજો ભાઇ તે અઘ્રેરદ (ઇઘ્રીરસ) હતો. કહેછે કે અઘ્રીરસ તેજ ગોપતશાહ હતો; પણ બુન્દેહશ મુજબ ગોપતશાહ તો આ "અશો" ગણાયલા તૂરાની શાહજાદાનો બેટો હતો.

હવે અવસ્તામાંથી આ ત્રણ ભાઇઓનાં નામ સિવાય તેમના વંશવેળા બાબે કશો ખુલાસો મળતો નથી. અવસ્તામાં અફ્રાસિયાબને સાંપની ખસલતનો જણાવ્યો છે. તેણે ઇરાનની પાદશાહી માટે વારંવાર ચઢાઇ લાવીને એ દિશની

---

[1] ૧—(૧) નરસીંહ; પાદશાહ જમશેદનો ભાઇ; (૨) તૂસઃ શાહ નોદરનો બેટો; (૩) ગીવઃ ગુદર્જનો બેટો; (૪) ઇબરાજઃ (આ ધણી કોણ હતો તે જાણાવ્યું નથી); (૫) અશાવજદઃ પૌરૂધાક્તનો બેટો; (૬) પેશોતન (પેષ્યોતનુ); (૭) ઇઘ્રીરસ (ગોપતશાહ): અફ્રાસિયાબનો ભાઈ; (૮) પર્શદગા; (૯) ખંબ્ય; (૧૦) યખ્માયાશ્તઃ ફ્રયાનોનો બેટો; (૧૧) ઉર્વતત નરઃ અશો જરતોશ્તનો બેટો; (૧૨) દહાક (જહાક).

બરાબી કીધી હતી તેણે ત્રણ વખતએ કયાની નૂર ઇરાનીઓ કનેથી છીની લેવાની કોશેશ કીધી હતી, જેમાં તે દર વેળા નિષ્ફળ નિવડયો હતો. આ દર વેળા આ તુરાની પાદશાહે ઇરાની મુલકને વેરાન કરવાની મતલબથી ત્યાં વહેતી નદીઓના માર્ગ ફેરવી નાખી તેમને પોતાના મુલકમાં વહેતી કીધી હતી. આ નદી નાળાંઓને વોરૂકશ દરિયા તરફ વહેતાં કીધાં હોય એવું અવસ્તા ઉપરથી જણાય છે, પણ બુન્દેહશ મુજબ તેણે આ નદીઓનાં મુખ ફેરવીને તેમને કાંસૂ (હામૂન અથવા જરેહ) સરોવરમાં ખાલી થતી કીધી હતી. હવે કાંસૂ સરોવર તો અજના અફઘાનિસ્તાનની નૈરૂત્ય ખુણે આવેલો છે, કે જયાં તુરાનીઓને કશું લાગતું વળગતું ન હતું. બુન્દેહશ મુજબ અફ્રાસિયાબે એક બે નદિ પણ એક હજાર યાને સંખ્યાબંધ નદીઓનાં મુખ ફેરવ્યાં હતાં, જેઓમાંની એક જરીનમંદ (હેલમંદ—હીલમંદ) યાને સોનેરી મૂખવાળી નદી પણ હતી. વળી તેણે વચેએની (વતએની) નદીની સાત શાખાઓને પણ ઉપલાજ સરોવર અથવા સમુદ્રમાં ખાલી થતી કીધી હતી. કેજે શાખાઓ વહાણો ચાલી શકે એવી મોટી હતી. આમ કરીને તેણે ત્યાં વસ્તી વધારેલી કહેવાય છે, અને તેમ જો હોય તો તેણે ઇરાનીઓનું બુરૂં કરવા જતાં બીજું ભલું કામ કીધું હતું એમ ગણી શકાય. અવસ્તા મુજબ ઇરાની ખોરેહ મેળવવા જતાં તેણે ત્રણ નવા સરોવરને બનવાનું કારણ આપ્યું હતું, જેઓનાં નામ આ પ્રમાણેનાં મળે છેઃ—હુસ્રવ (યાને ચશ્મે ખુસરૂ), વંઘુજદાઓ અને અવજદાનુ.

તેની છુપાવાની ગુફા.

અફ્રાસિયાબનું પાયતખ્ત બકીર નામના પહાડ ઉપરનો મજબૂત કિલ્લો હતું એમ બુન્દેહશ ઉપરથી જણાય છે, જેને આજના દામ્ગાન નામે પહાડ સાથ સરખાવવામાં આવે છે. પણ અવસ્તા મુજબ આ તુરાની શાહનું મથક તો હંકન નામનું હતું, કે જ્યાંથી તેણે ઇરાનીઓ ઉપર ફતેહ મેળવવા માટે પ્રાર્થના કીધી હતી. આ હંકન તે કોઇ પાયતખ્ત શેહર નથી પણ એક ગુફાનું નામ છે, કે જ્યાં અફ્રાસિયાબ શાહ કયખુસરૂના હાથ ઉપર માર ખાધા પછી નાસી જઇને ભરાઇ બેઠો હતો. "હંકન"નો અર્થ "ખોદી કહાડેલી જગા" થાય છે, અને અફ્રાસિયાબ જ્યાં છુપાઇ બેઠો હતો તે ગુફા અથવા ગારનું નામ "હંગ" હતું તે ઉપરથી આ બન્ને એકજ હોય એમ સૂચવવામાં આવ્યું છે. આ ગુફા "હંગે અફ્રાસિયાબ" ને નામે ઓળખાય છે. આ ગુફા અથવા ગારને માટે જુદાં જુદાં મત પડે છે. ફિર્દોસી કહે છે કે પહાડની કહણ આગળ એક પાણીના ચશ્માને કિનારે તે બાંધેલો હતો. બીજી તરફથી એમ સૂચવાયું છે કે આ ગાર અથવા ગુફા તે કાંઇજ નહિ પણ જમીનની અંદર બાંધેલું મોટું વસવા લાયક ભોંયરૂં હતું; તે ધાતુનું બાંધેલું હતું, તેને ૧૦૦ થાંભલા હતા અને તે બહુ ઉંચું હતું. જેને આ રીતે ભોંયરૂ અથવા ગુફા કહેવામાં આવે છે તેને માટે કહે છે કે તે જગા ચએચસ્ત સરોવરની પડોશમાં આવેલી હતી. ચએચસ્ત સરોવર સાથ કયખુસરૂએ અફ્રાસિયાબ ઉપર ફતેહ મેળવવાના બનાવને ઘણો સંબંધ છે. અવસ્તામાં જણાવ્યા પ્રમાણે કયખુસરૂએ 'અફ્રાસિયાબને ચએચસ્ત સરોવરની બીજી બાજુએ માર્યો હતો તે ઉપરથી તેઓ વચ્ચેની લડાઇને આ સરોવર સાથ અતલકનો સંબંધ જણાય છે.

તેનાં ફર્જન્દો.

અફ્રાસિયાબ પણ લાંબી ઉમરનો હતો. બુન્દેહશ મુજબ તેના અનેક ફર્જંદ હતાં, જેમકે ફ્રસ્પએચૂર, શાન, શેદક, વગેરે બેટાઓ, અને વીસ્પાન—ફ્રયા નામની બેટી. શેદક તે શાહનામાનો શીદેહ, જેને કયખુસરૂએ કુસ્તીમાં માર્યો હતો,


ચીરપાન-ફ્ર્યા તે શાહનામાની ફરંગીસ, કે જે તે નામદારની મા હતી. આ શાહજાદીનો પોતાનો બાપ તે ફ્રસ્પએચૂર, એકલો હતો, માટે શાહ ખુસરૂએ શીદેહ નામના અફ્રાસિયાબના બેટાને માર્યો તે કાંઇ તેનો ખરો મામો ન હતો એવું બુન્દેહશ. ઉપરથી જણાય છે. પણ આ સઘળી સગાઇ બાબે અવસ્તામાં કશું નથી. કવિ હુસ્રવંઘ તુરાની ફ્રઘ્રસિયાનની દીકરીનો દીકરો હતો એવું કશું અવસ્તા ઉપરથી સાબેત થતું નથી. વળી અફ્રાસિયાબનો વજીર પીરાન કે જે તેના કાકા વીસાનો બેટો હતો, જેણે શાહજાદા ખુસરૂ અને તેની માનું શુરૂઆતમાં રક્ષણ કીધું હતું, તે વિષે પણ અવસ્તામાં કશોજ ઈશારો નથી. આ બધી શાહનામાની કથાનું મૂળ જુદુંજ જણાય છે, અને યુનાની તવારીખનવેશ હીરોડોટસે હખામની ટોળાના પારસી પાદશાહ કાઇરસ (કુરૂશ) ના જન્મ અને બાળપણનું જે વર્ણન આપ્યું છે તેની જોડે ફિર્દુસીએ આપેલું શાહ કય ખુસરૂનું તેજ વર્ણન આબાદ મળતું આવે છે. હીરોડોટસ શાહ કુરૂશ સંબંધી જે બાળકથા લખી ગયો છે તેની સરખામણી કયખુસરૂની ફિર્દુસીએ આપેલી બાળકથા સાથ ઘણી સહેલથી કરી શકાય એમ છે.

તેની લાંબી ઉમરનો ભેદ.

આટલા ખુલાસા પછી હવે આપણ ખુદ અફ્રાસિયાબની ઉમરના સવાલ ઉપર આવિયે. આપણા શાયર મુજબ તે ઘણી લાંબી ઉમર—આશરે ૩૫૦ વર્ષ—જીવેલો હોવો જોઇયે. આપણે જોયું છે કે તે શાહ મિનોચેહરના અમલ પછી ઇરાન ઉપર ચઢાઇ લાવી ૧૨ વર્ષ રાજ કરી શકયો હતો. ત્યારબાદ જો શાહ કયખુસરૂના હાથ ઉપર તે માર્યો ગયો હતો તો આ બે શાહો વચ્ચેની મુદ્દત લગભગ ત્રણસેંથી સાડી ત્રણસેંની ફિર્દુસીની ગણતરી પ્રમાણે થતી જાય છે. શું આવડી મોટી ઉંમર તેણે ગુજારી હશે ? આપણે સહેલથી કહી શકીશું કે જેમ જમશેદ, જહાક, ફરીદૂન, મિનોચેહર, કોબાદ અને કાઉસના અમલનાં વર્ષોમાં જબરી અતિશયોક્તિ થઇ છે તેવીજ અફ્રાસિયાબના અમલના સંબંધમાં પણ થઇ છે; એટલે કે તેની આગમજના અને તેથી પછીના તુરાની શાહોના અમલની મુદ્દત આ એકજ નામીચા શાહને આગળા જમાનાના તવારીખની નોંધ રાખનારા દેહકાનોએ અર્પણ કરી દીધી છે, જેનું કારણ આગળા પાછલા બીજા શાહોનાં નામો અને કામો સંબંધી બેખબરીનું હોવું જોઇયે. અથવા મિનોચેહરથી કયખુસરૂ સુધીના શાહોના અમલ દરમિયાન તુરાનમાં અફ્રાસિયાબ નામના અનેક શાહો હસ્તી ભોગવી ગયા હોય, અને તેઓ સર્વના અમલનો જુમલો અફ્રાસિયાબ નામના એકજ બળવાન શાહના અમલ દાખલ નોંધાયો હોય. વધારે માનવાજોગ તો એજ લાગે છે કે જેમ જમશેદ, જેમ જહાક, અને જેમ ફરીદૂન તેમ અફ્રાસિયાબ નામના એક આખા તુરાની વંશને એજ નામે આપણી આગળ રજુ કરવામાં આવ્યું છે.

તેની વંશાવળિ.

અવસ્તામાં અફ્રાસિયાબ વિષેના ઇશારા નેક ઠેકાણે જુદા જુદા જોવામાં આવે છે. ઇજશ્નને પ્રમાણે હઓમ ઋષિએ (હોમ પેહલવાને) અફ્રાસિયાબને "જમીનના ત્રીજા મધ્ય ભાગમાં" લોઢાંની સાંકળથી બાંધ્યો હતો. આબાં યસ્ત મુજબ અફ્રાસિયાબ સાપની ખસલતનો હતો અને તેણે કયાની ખોરેહ માટે ફાંફાં માર્યાં હતાં. જમ્યાદ યસ્ત મુજબ આ ખોરેહ યાને ઇરાનની પાદશાહી હાથ કરવાની તેની જેહમતો નિષ્ફળ નિવડી હતી, અને ગોશ તથા અશીશવંઘ યસ્તો મુજબ હોમના હાથ ઉપર તે કેદ પકડાયો હતો. અફ્રાસિયાબની જો. કયખુસરૂ, ઉતરેલો હોય તો તે વંશાવળિ ફરીદૂનથી આ, પ્રમાણેની બને:—.


ફરીદુન
તૂર
દુરોશસ્પ
સ્પએન્યસ્પ
તુરક
જએશ્મ
પશંગ
વિશક
અફ્રાસિયાબ
ઇઘ્રીરસ
કર્સીવજ
વિસ્પાન-ફ્રયા (બેટી)
(ફરંગીસ)
ગોપતશાહ
કયખુસરૂ
પીરાન
હુમાન
બાર્માન
પીલ્સમ

બાબ ૧૪—શાહ લોહરાસ્પ.

[શાહજાદા ગુશ્તાસ્પની કહાણી.]

ફસલ ૧—એક શાહજાદાનો દેશવટો.

લોહરાસ્પ કોણ હતો ?

ફીર્દૂસી શાયર આ શાહના સંબંધમાં આપણને કશી તવારીખ આપી જતો નથી. લોહરાસ્પના અમલમાં તેના વડા શાહજાદા ગુશ્તાસ્પની એક કહાણી સિવાય શાહનામામાં બીજું કશું જણાતું નથી. 'લોહરાસ્પ' નામ પણ તેણે જુદીજ રીતે ઉપજાવી કહાડેલું લાગે છે. બુન્દેહશ વગેરે પેહલવી લખાણોને આધારે તેણે આ નામ કાયમ રાખ્યું છે. પણ અસલ અવસ્તાઇ નામ "ઔર્વતસ્પ"નું જો ફાર્સીમાં અપભ્રંશ થયું હોય તો તે "અર્વંદઅસ્પ" જેવું કાંઇ થાય. લોહરાસ્પને માટે ફીર્દૂસી જણાવે છે કે તે શાહ પશીનનો વંશજ હતો. "તારીખે જેહાનઆરા"[1] મુજબ લોહરાસ્પનો બાપ અર્વંદશાહ શાહ કયકોબાદના બેટા કયપશીનનો બેટો થતો હતો. કયકોબાદના ચાર બેટાઓ મધેનો એક કયપશીન નામનો હતો જે અવસ્તાવાણીમાં કવીપિશનંઘને. નામે ઓળખાયો છે. તેનો એક બેટો ઔર્વતઅસ્પ નામનો હોય તેને લોહરોસ્પને નામે યા તે ઔર્વતઅસ્પના બેટાને લોહરાસ્પને નામે ફીર્દૂસી ઓળખી ગયો હોય.

શાહ કયખુસરૂને પેટે બેટાનું ફર્જંદ નહિ હોવાથી તેણે લોહરાસ્પને તખ્તનો વારેસ ઠરાવવાનો સબબ એજ કે પોતાના બાપ સિયાવુશના કાકા કયપિશીનના બેટાનો તે બેટો થતો હતો.

નવું પાયતખ્ત બલ્ખ.

આપણને જણાવવામાં આવે છે કે લોહરાસ્પે પોતાનાં રાજ્યમાં લડાઇને બદલે સુલેહ જાળવી રાખીને રૂમ, હિંદ અને ચીન તથા બીજા મુલુક ખાતે એલચીઓ મોકલાવીને ભણેલા જ્ઞાનીઓને બોલાવ્યા તથા જેઓ હુનરમંદ અને જાત જાતનો એલમ જાણતા હતા તેઓ બલ્ખ ખાતે ભેગા થયા. બલ્ખ તેનું પાયતખ્ત હતું એવું જણાય છે, તો જોકે અત્યાર સુધી તો આપણુ પાર્સને ઇરાનનું પાયતખ્ત જોતા આવ્યા છિયે.

---

[1]—લોહરાસ્પને "તારીખે જેહાનઆરા"વાળો અર્વંદ શાહનો બેટો કહે છે આ તવારીખ નવેશ મુજબ લોહરાસ્પનો અર્વંદ શાહ કએકોબાદના બેટા કયપશીનનો બેટો થતો હતો લોહરાસ્પનું અસલ મુકામ બલ્ખમાં હોવાથી તે "બલ્ખી" ની અટકથી ઓળખાવ્યો છે. લશ્કરીઓને પગાર આપવાનું તેના વખતથી ચાલુ થયું હતું—ઉ.જલી: ઇરાનની તવારીખ, સફે ૧૯—૨૦.

મિર્ખુન્દ મુજબ જ્યારે કયખુસરૂએ લોહરાસ્પને પોતાનો વારસ ઠરાવ્યો ત્યારે ઇરાનના અમીરો સામા થયા, જેઓમાં મુખ્ય ઝાલ હતો, પણ જ્યારે શાહે તેને લોહરાસ્પની વિરૂધ બોલતો અટકાવ્યો અને તે જવાન શાહની પસંદગી કબુલ રાખી તેના તરફ ભક્તિભાવ બતાવવાને તેને સમજાવ્યો ત્યારે ઝાલ પોતાની વિરૂધતા માટે પસ્તાવો કીધો. વળી બીજાઓ મુજબ ઝાલે લોહરાસ્પની હકુમત કદી કબુલ રાખીજ નહિ અને તેને શાહ તરીકે માન આપ્યુંજ નહિ, અને તેથીજ આયંદેહ એ બન્નેનાં ફર્ઝંદોની ખરાબી થઈ.

વળી મિર્ખુન્દ વિશેષ એમ જણાવી જાય છે કે લોહરાસ્પે તખ્તનશીન થયા બાદ એક સોનાનું તખ્ત બનાવ્યું, તેમાં હીરા જડાવ્યા, અને પોતાનું પાયતખ્ત બલ્ખમાં સ્થાપ્યું. ઇરાન અને તુરાનને કયખુસરૂએ જોડી નાખીને એકજ રાજ્ય બનાવ્યા પછી કોઇ મધ્ય સ્થળે રાજધાણી હોવી જોઇયે એમ જણાયાથી આ ગોઠવણ રાખવામાં આવી હોય. તેમ જો હોય તો ગુશ્તાસ્પના વખતમાં બલ્ખ તેનું પાયતખ્ત હતું અને અશો ઝરતોશ્ત પેગમ્બર દાખલ તે શાહની દરબારમાં બલ્ખ ખાતે ગયા હોય એ બનવાજોગ છે.

મિનોચેહર શાહના અમલ વેળા આમોલ પાયતખ્ત હતું, કેજે બલ્ખ કરતાં પણ વધારે ઉત્તરે આવ્યું હતું, તે બલ્ખ અને એખારાની વચ્ચે આથમણે તથા જીહૂન નદીના દક્ષિણ કાંઠા ઉપર આવેલું હતું. આજે તે ચારજુઇને નામે ઓળખાય છે. પાયતખ્તની આ ફેરબદલીનું ખરૂં કારણ જણાતું નથી. તારીખે જેહાનઆરા એવું કહે છે કે લોહરાસ્પ બલ્ખનો રહેવાસી હતો અને તેથી તે બલ્ખીને નામે ઓળખાતો હતો. પણ એજ કારણ માટે તેણે પાર્સ પડતું મુકી બલ્ખ પસંદ કીધેલું હોય એમ નથી. ખરૂં કારણ તો એજ માલુમ પડે છે કે ઇરાન અને તુરાનના મુલુક કયખુસરૂએ એકબીજા સાથ જોડી દઇને તેમના ઉપર જોઇતી દેખરેખ રાખવા માટે બલ્ખને પાયતખ્ત દાખલ પસંદ કીધેલું હોવું જોઇયે; અથવા તેમ કરવાની લોહરાસ્પને પોતાને જરૂર જણાઇ હોય. લોહરાસ્પનાં નોતરાંને માન આપીને દેશ દેશના નામીચા નરો બલ્ખમાં આવીને એલમનો વધારો કરતા. અહીં શાહે એક મોટું શેહેર વસાવ્યું અને ત્યાં મહોલ્લાઓ, બાજારો અને ચોકો બનાવ્યા; અને એક આતશનું મોટું મકાન બાંધીને તેમાં આતશ બુર્જીનની સ્થાપના કીધી, તથા જસ્ને સદેહની માટેની જગા તૈયાર કીધી.

એક ઉછાછળો શાહજાદો.

શાહના બે બેટા હતા. વડો ગુસ્તાસ્પ પોતાના બાપને શાહ કાઉસના બીજા નબીરાઓ તરફ વધારે ધ્યાન આપતો અને વહાલ બતાવતો જોઇને બહુ દિલગીર થતો હતો. તેને એમ લાગતું હતું કે આ રીતે પોતાની તરફ બેદરકાર રહીને શાહ તખ્તનો વારેસ મને પોતાને નહિ પણ ઉપલા નબીરાઓમાંથીજ કોઇને ઠરાવશે અને મારા બાપિકા હક ઉપર પાણી ફરી વળશે. આ ઉપરથી એક દહાડે તક જોઇને તેણે પોતાને વારેસ ઠરાવવા માટેની માંગણી કીધી, પણ તે હજુ જવાન છે એમ કહીને લોહરાસ્પે તેને પટાવી લીધો.[૧]

આથી નાખુશ થઇને ગુસ્તાસ્પ હિંદુસ્તાન તરફ ચાલ્યો ગયો, પણ તે બાબેની ખબર પડતાંજ શાહે પોતાના નાના બેટા જરીરને તેની પૂઠે મોકલાવ્યો, જેણે કાબુલથી પોતાના વડા ભાઇને સમજાવીને પાછો દરબારમાં હાજર કીધો. પણ થોડીજ મુદતમાં લોહરાસ્પ શાહને પોતાનાં ફર્જંદો તરફ પાછો બેપરવા જોઇને અને કયકાબાદના નબીરાઓ ઉપર ફિદા જોઇને ગુસ્તાસ્પનો મિજાજ ગયો અને તે એકલો આથમણે રૂમ તરફ નીકળી ગયો, એવી મતલબથી કે ત્યાં જઇ પોતાનું નસીબ અજમાવે. તે જેમ દેખાવે પેહલવાની તોખમનો તેમજ બાજુનો જોરાવર અને અક્કલનો બાહોશ હતો. લોહરાસ્પે એકવાર ફરીને તેની શોધમાં જરીરને મોકલાવ્યો, પણ તે તેમજ બીજા અનેક સરદારો જેઓ ચોતરફ ફરી વળ્યા હતા તેઓ ગુસ્તાસ્પને લીધા વિના નિરાશ થઇ પાછા ફર્યા, અને એ રીતે લોહરાસ્પ પોતાની ચાલને માટે બહુ પસ્તાતો ચૂપ બેઠો.

પેલી તરફથી તેના બેટા ઉપર બાપ તરફની નાફરમાનીને માટે થોડું સંકટ વિત્યું નહિ. રૂમનાં પાયતખ્ત ખાતે જઈ પહોંચતાં નદી પસાર કરવાની આવી, જ્યાં એક અમલદાર દાખલ

૧ તબરી મુજબ ગુશ્તાસ્પને ઇરાન છોડી રૂમ જઇ વસવાનું કારણ આ પ્રમાણેનું મળ્યું હતું :—પોતાના બે બેટાઓ ગુશ્તાસ્પ અને જરીર બધી રીતે પાદશાહીને લાયકના હોવા છતાં લોહરાસ્પ શાહ કયકાઉસના બેટાઓને વધારે આગળ પાડતો અને નવાજતો હતો, અને પ્રાંતોની પાદશાહી તેમનેજ આપતો તથા રાજ્યનાં મહત્વનાં કામો તેમનેજ સોંપતો હતો. આથી દુખી થઇને ગુશ્તાસ્પે પોતાની બાજુમાં થોડાક અમીરોને લઇને તેમની મારફતે લોહરાસ્પ ઉપર અસર કરવા ચાહ્યું. પણ એ વાતની ખબર શાહને આગમજથી પડી ગઇ અને પોતે ઉઘાડા પડી ગયા એમ જોઇને શાહનો ખફગાનો વિચાર કરી ગુશ્તાસ્પ ઇરાન છોડી થોડાક મિત્રો સાથ રૂમ જઇ વસ્યો, અને ત્યાં ફરૂખઝાદનું નામ ધારણ કરીને પોતે કોણ છે તે બાબેની કશી ખબર કોઇને પણ પડવા દીધી નહિ.

ચનાર ધણી કનેથી વેરો લેતો હતો. તે ઉમરે પુગેલો હતો અને તેનું નામ હીસ્ત્રી હતું. ગુસ્તાસ્પે તેને પોતાનું વર્ણન આપતાં ખુલાસો કીધો કે—હું ઇરાનથી આવું છું અને મુનશીપણું મારો ધંધો છે. વેરો લેનાર દુનિયાનો ખાધેલો હતો. તેણે ગુસ્તાસ્પનાં દેખાવ ઉપરથી તેને પિછાની લીધો કે તે એક લડવૈયો છે. તેના માગવાથી શાહજાદાએ હીસ્ત્રીને સિક્કા આપીને રાજી કીધો અને તેના બદલામાં હીસ્ત્રીએ તેને હોડીમાં બેસાડી નદીની પેલી બાજુએ શેહરમાં ઉતાર્યો.

ફિર્દુસીની બેખબરી.

આ શેહરનું નામ, નદીનું નામ કે બીજી કશી વિગત શાયર જણાવતો નથી. અમને "રૂમ" નામ પણ શક ભરેલું જણાય છે. જે જમાનાની આપણ હાલ વાતો લખિયે છિયે તે બહુ પુરાણો જમાનો છે—અશો જરતોસ્તની પણ આગમજનો આ જમાનો છે—કેજે વેળા રૂમ અને રૂમીઓ એ બન્નેની હસ્તી હોવી નાહ જોઇયે. રૂમી તવારીખ મુજબ અસલ રોમ શેહર ઇસ્વી સનની પૂર્વે ૭૫૩નાં સાલમાં સ્થાપાયું હતું, અને તે રોમ શેહર ઇટાલી દેશના આથમણુ કાંઠા ઉપર વસેલું હતું. તે એટલું દૂર હતું કે જ્યાં એક ઇરાની શાહજાદો પણ સહેલથી જઇ શકે નહિ. અમને લાગે છે કે ફિર્દૂસી જેને રૂમનેં નામે ઓળખાવે છે તે ઇરાનની આથમણે નજદીકીમાંજ આવેલો મુલ્ક હતો, કેજે પાછળથી રૂમશામ (સીર્યા)ને નામે ઓળખાયો હતો, કે જેનાં ખરાં નામ અને ખરી સરહદ બાબે શાયર અજાણ્યો દીસે છે.

હવે નદી કાંઠે આવેલાં ઉપર ઇશારો કરેલાં જે શેહરમાં શાહજાદો ગુસ્તાસ્પ જઇ ચઢયો હતો તેને માટે ફિર્દૂસી ખુલાસો કરે છે કે તેને શાહ ફરીદૂનના બેટા સલ્મે વસાવ્યું હતું, અને સાથે એમ પણ જણાવે છે કે ત્યાં બહાદુર કયસરો રાજ્ય કરતા હતા. હવે આ બિનાં ઉપરથી એમ જણાય છે કે આપણા શાયરને રૂમની અસલી તવારીખનું કશું જ્ઞાન ન હતું. રોમના ઇસ્વી પૂર્વે ૮ મી સદીમાં વસાયા પછી ત્યાં રાજાઓનું રાજ્ય ચાલતું હતું, કે જે ૨૪૪ વર્ષ ચાલુ રહેવા બાદ પ્રજાસત્તાક રાજ્ય ચાલુ થયું, અને આ છેલ્લા પ્રકારના રાજ્યનો અમલ ઘણાં વર્ષો સુધી ચાલ્યા પછીજ રૂમમાં રાજ્ય ચલાવનારા પાદશાહો "કયસર" ને નામે ઇસ્વી પૂર્વે પહેલી સદીથી ઓળખાવા લાગ્યા. એવા કોઇ પણ કયસરના અમલ વેળા ગુસ્તાસ્પ રૂમમાં ગયો હોય નહિ, કારણ કે એ વેળા તો ઇરાનમાં કયાની શાહોનો અમલ આખર થઇ ચુકયો હતો, સિકંદરની ચઢાઇ અને લડાઇના બનાવો વહી ગયા હતા, અને ઇરાનમાં અશ્કાની પાદશાહોનો અમલ ચાલતો હતો, એટલે કે ગુસ્તાસ્પ પછી સેંકડો વર્ષે રૂમમાં કયસરો અમલ ચલાવવા લાગ્યા હતા.

ગુશ્તાસ્પની મુશ્કેલીઓ.

ગુસ્તાસ્પ રૂમનાં પાયતખ્ત શેહરમાં ઘણે ઠેકાણે ભટકયો પણ તેને લાયકનો ધંધો કે નોકરી તેને મળી નહિ. તે પોતાની કને જે કાંઇ નાણું લાવ્યો હતો તે સઘળું ખાનપાનમાં અને છુટે હાથે બીજાઓને આપી દેવામાં પુરૂં થઇ ગયું. તેણે ઠેકાણે ઠેકાણે માથાં માર્યાં, અને મુનશીની, ગોવાળની, ઉંટવાનની, લુહાડની, વગેરે હલકી નોકરીઓ માટે ઘણી તજવીજ કીધી, તોપણ તેમાં તે મેળવી શકયો નહિ. આથી નિરાશ થઇને એક દિને શેહરની નજદીકીમાં આવેલાં એક ગામડાંમાં તે ગયો, જ્યાંના અકાબર જેવા એક ધણીએ તેનો દુખી હાલ જોઇ તેને પોતાની સાથે રાખ્યો અને તેની પરવરશ કીધી. ગુસ્તાસ્પે તેની આગળ પોતાનો સઘ અહેવાલ કહ્યો, અને તે અકાબરે પોતાને માટે જણાવ્યું કે—હું શાહ ફરીદૂનની ઓલાદનો છું.

રૂમમાં હિંદુ સ્વયંવર !

કેટલીક મુદ્દત આ ઠેકાણે ગુજર્યા બાદ એક બનાવ બન્યો, અને ગુશ્તાસ્પનું ભાગ્ય તે

વખ્તથી સુધરવા માંડ્યું. શાયર લખે છે કે રૂમના કયસરોનો એવો શરેસ્તો હતો કે જ્યારે તેમની શાહજાદી પરણવા લાયકની થાય ત્યારે દેશના સઘળા શેઠ સાહુકારો અને સોદાગરો, શ્રીમંતો અને અકાબરો, દાનાઓ અને દરબારીઓ વગેરે મોટા મોટિયારોને પોતાના મહેલમાં ભેગા કરે, અને તેમની બનાવેલી આ મહાન મજલિસમાંથી પરણનાર શાહજાદી જેને પસંદ કરે તેની સાથે તેણીની શાદી કરી આપવામાં આવતી હતી. અહીં ફિર્દૂસીનું બયાન પાછું ભુલ ભરેલું જણાય છે. રૂમના કયસરોની તવારીખમાં તેમની બેટીઓની શાદી આવી રાજવંશીઓની મજલિસ બનાવીને તેમાં ભેગા મળેલા હર કોઇ શાહજાદા યા નામીચા રાજવંશી કે મોટા શ્રીમંત સાથ કરવાનો તેઓમાં રિવાજ હોય એવું જણાતું નથી. પણ હિંદુસ્તાનમાં આવો રિવાજ હતો એમ પુરાણિક વાર્તાઓ વગેરે ઉપરથી જણાય છે. એવા મેળાવડાઓ "સ્વયંવર" ને નામે ઓળખાય છે, જેનો અર્થ એવો થાય છે કે કન્યાએ પોતે વર શોધી પરણવું. આ મેળાવડાઓ વેળા દેશપરદેશના રાજાઓ અને કુંવરોને નોતરવામાં આવે છે, અને તેઓ મધેથી રાજકુંવરી જેનાં ગળાંમાં "વરમાળ" (યાને વરને પહેરાવવાની માળા) નાખે છે તેની જોડે તેણી વરે છે અને તે તેનો પસંદ કરેલો ખાવંદ ઠરે છે, અને રાજા પોતાની પુત્રી સાથ તેનાં લગ્ન કરી આપે છે. આવો રિવાજ જેમ રૂમમાં ન હતો તેમ ખુદ ઇરાનમાં પણ તે હોય એમ જણાતું નથી—ફિર્દૂસીએ તેવો એક પણ દાખલો ગુસ્તારપનાં દાસ્તાન સુધીમાં કેથે આપેલો નથી.

કતાયૂનનો ખાબ.

રૂમના કયસરની ત્રણ બેટીઓ હતી, જેઓમાંની વડીનું નામ કતાયૂન હતું. આ શાહજાદીને ઉપર ઇશારો કરેલા રિવાજ મુજબ પરણાવવા માટે કયસરે પોતાના મહેલમાં મજલિસ ભેગી કીધી, અને સઘળાઓ વચ્ચે ફરી-વળીને તેઓ મધેથી એકને પસંદ કરવાની તેણીને છુટ મળી. પણ આ સ્વયંવર આગમજ કતાયૂને ખાબમાં કોઇ એવા પુરૂષને દીઠો હતો કે જેની સાથેજ શાદી કરવાનો તેણીએ ઠરાવ રાખ્યો હતો. તેણીએ ખાબમાં એવું જોયું હતું કે ગોયા આખો દેશ આફતાબની રોશનીથી પ્રકાશી રહેલો છે અને ઘણાએક નવજવાન, ખુબસુરત ચહેરાના અને નામીચા સરદારો અને શાહજાદાઓ ભેગા મળેલા છે, જેઓમાં એક અજાણ્યો મર્દ પણ છે. તે દિલે દુખી પણ ડાહ્યો, સર્વ જેવાં સીધાં કદનો અને માહતાબ જેવા ગોરા ચેહરાનો, તથા દેખાવ અને ટેકમાં એક પાદશાહ જેવો છે. આ ધણી ઉપર કતાયૂન શાહજાદીની નજર ઠરી. તેણીએ રિવાજ પ્રમાણે પોતાના હાથમાં પકડેલો ફુલનો ગજરો અથવા ઝુમખો તેની તરફ ધર્યો, જે તેણે ખુશીથી કબૂલ રાખ્યો. આ ખાબ પછીજ કયસરે ઉપલી મજલિસ સમારી હતી. કતાયૂન પોતાની સાહેલીઓ અથવા સખીઓની સાથે આખી મજલિસમાં ફરતી ચાલી અને સઘળે ફરી વળી, પણ ખાબમાં જે પરદેશીને તેણીએ દીઠો હતો તે તેને ત્યાં બિરાજેલો જણાયો નહિ. તેણીએ ફુલનો ગજરો કોઇ પણ રાજવંશીને નજર કીધો નહિ, અને પોતાનાં અયવાનમાં જઇ રોતી બેઠી.

ખાબમાં જોયલો માશુક.

હાજર થયલો કોઇ પણ નવજવાન તેણીને પસંદ આવ્યો નથી એમ જાણીને કયસરે બીજી મજલિસ બોલાવી, અને તેમાં હાજર થવાની પોતાનાં રાજ્યના સર્વ અમીરોને છુટ બક્ષી. આ બાબેના ઢંઢેરાની ખબર જ્યારે પેલાં ગામનો અકાબર, કે જેની સાથે ગુસ્તારપ વસતો હતો, તેને પડી ત્યારે તે આપણા ઇરાની શાહજાદાને પોતાની સાથે લઇને કયસરની સભામાં હાજર થયો. તે ગુસ્તારપની બુનિયાદથી વાકેફ થઇ ચુકેલો હતો માટે હવે તે ક્યાં સુધી છુપો

પડી રહેશે એમ સમજીને તેનો ગમ વિસરાવવા તે તેને પોતાની સાથે લઇ ગયો ગુશ્તાસ્પ મહેલમાં જઇ લગાર છુપ્યો બેઠો. તે હજુ પોતાનો ગમ ભુલ્યો ન હતો. દાસીઓ અને સખીઓની વચ્ચે કતાયૂન પાછી ફરવા નીકળી અને તેમ કરતાં જ્યારે તેણીએ દૂરથી ગુશ્તાસ્પને દીઠો ત્યારે તેણી મનથી સમજી ખુશી થઇ કે—ખાબમાં દીઠેલો અજાણ્યો મર્દ તે આજ છે. તેને તે પોતાનું દિલ વગર જોવે આપી ચુકેલી હતી માટે હવે તેને નજરોનજર જોયા પછી તેની નજદીક આવી લાગી ત્યારે તેણીએ પોતાની સખીઓએ થાળમાં ધરેલો ભભકાદાર અને કીમતી ફુલોનો ગજરો લઇને તે જવાન પારકા મર્દનાં કપાળ ઉપર મુક્યો.

ગમગીન ગુશ્તાસ્પનો નવો ગમ.

આ બનાવ જોતાંજ કયસરનો ધર્મગુરૂ કે જે કતાયૂનનો ઉસ્તાદ હતો તે પોતાના શાહની નજદીક ગયો અને ખબર આપી કે તેણીએ એક એવા નામીચા નરને પસંદ કીધો છે કે જે બધી રીતે લાયક છે, છતાં તે કોણ છે તે અમો જાણતા નથી. આથી ગુસ્સે થઇ કયસર બરાડયો કે—મારાં ખાન્દાનને નામોસી લગાડનારી આ છોકરી અને તેના પસંદ કરેલા ખાવંદ એ બન્નેને ગર્દન મારો! પણ પેલા ધર્મગુરૂએ કયસરને સમજાવી લીધો, જે ઉપરથી તેણે પોતાની બેટી ગુશ્તાસ્પને આપી ખરી, પણ તેની જોડે કશો ખજાનો નહિ આપતાં તેને ખાલી હાથેજ જવા દીધી.

ગુશ્તાસ્પની દિલગીરીમાં આથી ઘણો વધારો થયો. તેણે કતાયૂનને કહ્યું કે—અય બુલંદ તોખમની બાનુ, આવા નામીચા તાજવર અમીરો અને નામદારો મધેથી મારા જેવા એકને પસંદ કરવાને તું કેમ લલચાઇ! હું તો એક પરદેશી છું, અને મારી કને કશો ખજાનો નહિ હોવાથી તને પસ્તાવો થશે. આ અમીરો મધેથી તારી બરાબરીના એકને પસંદ કર, અને તારા નામવર પિતાની મેહરબાનગી પાછી હાથ કર.

કતાયુને જવાબ આપ્યો કે—અય ખોટો વહેમ લઇ જનારા, ફરતા આસ્માન સામે તારો ખોફ ના કહાડ! જો તારાથી મને સંતોષ મળતો હોય તો પછી તાજોતખ્ત અને ખજાનાને શું કરવું છે?

હવે તેઓ બન્ને દુખી દિલે મહેલ છોડીને પેલા ગામના અમીરને જઇ મળ્યાં, જેણે તેમને માટે એક મકાન શણગારી આપ્યું, અને ત્યાં કતાયૂનનાં ઘરેણાં ખર્ચીને તેઓ જિંદગી ગુજારવા લાગ્યાં. ગુશ્તાસ્પ શિકાર મારી લાવતો અને એ રીતે પોતાનો વખ્ત ગુજારતો. પેલા નદીનો વેરો વસૂલ કરનાર અમલદાર હીસ્વી સાથ તેને દોસ્તી પડી હતી, માટે પોતાના મારેલા શિકારમાંથી એક ભાગ તેને આપતો, બીજો ભાગ ગામના અમીરને ત્યાં મોકલતો, અને બાકીનો પોતાના ઉપયોગમાં લેતો.

ફસલ ૨—રૂમમાં ગુશ્તાસ્પનાં પરાક્રમો.

મીરીનની માંગણી.

કયસરની બીજી બેટીનું નામ દિલંજામ હતું, જેને પોતાની શાદીમાં આપવા માટે મીરીન નામે એક મોટા રૂમી અમીરે માગું મોકલ્યું. પણ કતાયૂને એક અજાણ્યા ભીખારીને પોતાનો ખાવંદ પસંદ કીધા પછી કયસરે પોતાની બાકીની દીકરીઓ એવા બહાદુર નરોને આપવાનો ઠરાવ રાખ્યો હતો કે જેઓ તેની અને તેની રૈયતની કોઇ મોટી સેવા બજાવીને કયસરના જમાઇ થવાની પોતાની લાયકાત બતાવી આપે. તેણે મીરીનને કહ્યું કે—ફાસ્કનનાં જંગલમાં એક રાક્ષી કદનું વરૂ વસે છે, કે જેનાં બે શીંગડાં છે અને જંગલી ડુકરાના જેવા જેના લાંબા દાંત છે. હાથી, સીંહ, વાઘ અને બહાદુર

મર્દો આ વરૂના ભયને લીધે જંગલમાં જઇ શકતા નથી; એટલામાટે જે ધણી આ વરૂને મારી તેનું ચામડું લાવી આપે તેજ મારો જમાઇ, મારો હમશરીક, અને મારો દોસ્ત થઇ શકે.

આથી ખિજાઇને મીરીન કેજે નજુમમાં કુશળ હતો તેણે રમલથી જોયું તો તેને એવું જણાયું કે—ઇરાનથી એક નામીચો નર રૂમમાં આવીને ત્યાં ત્રણ મહાભારત કામ બજાવશે, જેથી રૂમના પેહલવાનો હેરત પામશે; તે કય સરનો જમાઇ થશે; રૂમમાં બે જંગલી જાનવરો દેખાવ દઇને દેશમાં ઘણી ખરાબી કરશે, અને એ બેઉને પેલો ઇરાની નામદાર બેજાન કરશે.

ગુશ્તાસ્પે વરૂને કેમ માર્યું.

નજુમમાં આવી બિના જોઇને મીરીન સમજી ગયો કે આ કામ ગુશ્તાસ્પથીજ બનશે. ગુશ્તાસ્પ સાથ હીશ્વી અને ગામના અકાબર વગેરેને મોટી દોસ્તી છે એમ તે જાણતો હતો. ગુશ્તાસ્પની કતાયૂન સાથની સર્વ વાતોથી પોતે જાણીતો હોવાથી હીશ્વીની મારફતે તેણે તે જવાન શાહજાદા સાથ ઓળખાણ પાડી, અને પેલાં વિકાળ વરૂને લગતી સર્વ હકીકત સાંભળી લઇને ગુશ્તાસ્પ તેનો જાન લેવા જવાને કબૂલ થયો, મીરીનની બુનિયાદ શાહ ફરીદૂનના બેટા સલમથી હતી, જેની એક શમ્શીર તેની કને હતી. આ શમ્શીર તથા તીર કમાન અને કમંદથી હથિયારબંધ થઇને ગુશ્તાસ્પ તેનાજ એક નામીચા અસ્પ ઉપર સવાર થયો, અને તેની જોડે હીશ્વી તથા મીરીન પણ ઘોડે બેસીને ફાશ્કૂનનાં જંગલ તરફ ગયા, અને દૂરથી વરૂનું ઠેકાણું બતાવીને આ બન્ને સાથીઓ પિઠ ફેરવી ચાલ્યા; પણ ગુશ્તાસ્પ કશી પણ બીક વગર આગળ વધ્યો અને તેનો પુકાર સાંભળીને વરૂ પોતાની ગુફામાંથી બાહેર નીકળી ગુસ્સા ભર પોતાના શિકારી ઉપર ધસ્યું. ગુશ્તાસ્પે તેના ઉપર પ્રથમ તીરોનો વરસાદ વરસાવીને તેને જખ્મી કીધું. છતાં વધારે ગુસ્સે બનીને એક કુદકા સમેત વરૂએ ગુશ્તાસ્પના ઘોડાને તેની દુમ આગળથી ચીરી નાખ્યો. આથી ઇરાની શાહજાદો ઘોડેથી ઉતરી પડયો અને સલમની શમ્શીર ખેંચી કહાડીને વરૂનાં સર ઉપર ફટકો મારીને તેને ધડથી જુદું પાડી નાખ્યું. પછી તેના લાંબા દાંતો મહોડાંમાંથી ખેંચી કહાડી તે લઇને તે પાછો જંગલની બાહેર નીકળ્યો, અને જ્યાં હીશ્વી અને મીરીન ગુશ્તાસ્પને માટે શોક કરતા બેઠા હતા ત્યાં જઇ પુગ્યો. તેઓ તો એમજ જાણતા હતા કે આ વિકાળ વરૂનાં સપાટામાંથી જેમ આગળ કોઇ જીવતું પાછું આવ્યું નથી તેમ ગુશ્તાસ્પ પણ માર્યો જવાનોજ. પણ તેને પગે ચાલતો, લોહીથી તમામ ખરડાઇ ગયલો, હાથમાં બે દાંત લઇને આવતો જોઇને તેઓ ગમગીન તેમજ ખુશી થયા, તેને ભેટી પડયા, અને વરૂનો તેણે નાશ કીધો છે એમ જાણી તેને જોવા દોડયા. પછી ખાતરી થવા બાદ મીરીને ગુશ્તાસ્પ આગળ અનેક કીમતી વસ્તુઓ ઇનામ દાખલ હાજર કીધી, જેમાંથી કોઇપણ ચીજ કબૂલ નહિ રાખતાં તે એક ઘોડો લઇ તે ઉપર સ્વાર થઇને પોતાને ઘેર ચાલ્યો ગયો.

દુખીનો દિલાસો.

પોતે તો શિકારે જાઉંછું એમ કહીને કતાયૂનથી છુટો પડયો હતો, પણ પાછો ફર્યો ત્યારે તેનાં દિલમાં લશ્કરી બખ્તર વગેરે જોઇને તે શાહજાદી અચરત થઇ પુછવા લાગી કે તે તે કયાંથી લાવ્યો હતો. ગુશ્તાસ્પે પોતાની માશુકને હજુ પોતાની ખરી બુન્યાદથી જાણીતી કીધી ન હતી, તેમ તેણે વરૂ મારવાની વાતથી પણ તેને અજાણીજ રાખીને કહ્યું કે—મારે વતનથી માતબર સોદાગરો આવ્યા છે તેઓએ મને આ બખ્તર, તલવાર અને કોલાહ ભેટ આપી છે.

રાત્રે ગુશ્તાસ્પને ચમકતો અને વરૂ સાથની લડાઇ વિષે બોલતો સાંભળીને કતાયૂને પુછવાથી તે બોલી પડયો કે—હું તો મારાં તખ્તોતાજનો ખાબ જોતો હતો. આ ઉપરથી તે ચતુર નાજ—

નીન સમજી ગઇ કે ગુસ્તાસ્પ કોઇ રાજવંશી બુનિયાદનો અને બુલંદ બખ્તનો શાહજાદો છે, જેણે મારાથી પોતાની બુનિયાદ છુપી રાખી છે અને કયસર આગળ તે જાહેર પાડતાં ડરે છે. બીજે દિને ગુસ્તાસ્પે પોતાની બાનુને ઇરાન જઇ ત્યાંનો વૈભવ ભોગવવા માટે તૈયાર થવા કહ્યું, પણ કતાયૂનને તેની એ વાતો મૂર્ખાઇભરેલી લાગી.

પેલી તરફથી મીરીને પોતે વરૂ મારવાની ખબરથી કયસરને વાકેફ કીધો, જે ઉપરથી તેણે માણસો મોકલી તે પશુ દૈત્યને જંગલમાંથી ખેંચી મંગાવી પોતાની ખાતરી કરી લીધી, અને ખુશી થઈ પોતાની બેટી દિલંજામ મીરીનને શાદીમાં આપી પોતાનો વચન પાળ્યો, અને એ રીતે ગુસ્તાસ્પને ભોગે મીરીન નામદારી પામ્યો.

અઝદહા સાથ ગુસ્તાસ્પની લડાઇ.

એક બીજા અમીરની સેવા પણ ગુસ્તાસ્પે એમજ બજાવી. રૂમી લડવૈયાઓમાં અહરન નામે એક નવજવાન લશ્કરી સરદારે કયસરની સર્વથી નાની બેટી સાથ શાદી કરવાની ખાહેશ બતાવી ત્યારે તેને જણાવવામાં આવ્યું કે—શકીલેહ પર્વત ઉપર એક અઝદહા વસે છે અને તે ઘણો જિયાંગાર હોવાથી લોકોમાં મોટો ત્રાસ બેઠો છે; વાસ્તે તેને જો તું મારે તો મારી બેટી તને મળે.

અહરને આ કામ માથે ઉઠાવ્યું ખરૂં પણ મીરીને વરૂને કેવી તદબીરથી માર્યું હતું તે જાણવા માટે તે તેને જઇ મળ્યો. મીરીને સઘળી વાત સદાકાળ છુપી રાખવાના સખ્ત કસમ ખવાંડીને તે તેને કહી, અને હીસ્વી ઉપર એક પત્ર લખી આપ્યો, જેની રૂએ ગુસ્તાસ્પે અઝદહા મારવાનું કામ માથે ઉઠાવ્યું. તેણે પ્રથમ મૂઠ સુધાં પાંચ હાથ લાંબી તલવાર તૈયાર કરાવી, અને તેને બન્ને બાજુએથી સર્પના દાંત જેવી દાંતાદાર બનાવી. આ શમ્શીરની અણી કાંટા જેવી બારીક હતી. એ ઉપરાંત એક ગુર્જ, ઘોડો, અને પાદશાહી પોશાક મંગાવીને ગુસ્તાસ્પે તે પહેરી લીધો અને હથિયારો સજ્યાં. હીસ્વી અને અહરન પહાડ સુધી તેની જોડે ગયા, અને રસ્તો બતાવીને તેઓએ પાછી પિઠ ફેરવી. ગુસ્તાસ્પે પહાડ ઉપર જઇ પુકાર માર્યો, અને અઝદહાએ દેખાવ દઇ તેને પોતાના દમથી ખેંચી લેવા માંગ્યો. ગુસ્તાસ્પે આગળ વધી તેના ઉપર તીરો ફેંકી તેને જખ્મી કીધો અને પછી પોતાની લાંબી તલવાર તેનાં મોમાં આપી, જેને ચાવવા જતાં તે જેહરી પ્રાણીનું જડબું કપાઇ ગયું. પછી ઘોડેથી ઉતરી ગુસ્તાસ્પે તેનું ડોકું કાપી નાખ્યું અને તેના બે દાંત ખેંચી કહાડયા. પછી એક ઝરામાં સ્નાન કરી હાથ મહોડું ધોઇ ખુદાના શુક્ર બજા લાવ્યો, અને છેવટે પોતાના સાથીઓને જઈ મળ્યો. અહરને તેની આ જવાંમર્દી માટે ઇનામ દાખલ અનેક કીમતી ચીજો હાજર કીધી, જેમાંથી એક તેજ ચાલનો ઘોડો પસંદ કરીને બાકીનું સઘળું હીસ્વીને આપી દીધું, અને પોતે પોતાની વહાલી ઓરતને જઇ મળ્યો.

હવે અહરન પેલા અઝદહાને ગાડાંમાં નાખી કયસરને જઇ મળ્યો, જેણે ખુશી થઇને તેને પોતાની બેટી સાથ પરણાવ્યો, અને એ રીતે પોતાના બે જમાઇઓ આવા બહાદુર મળ્યા તેથી તેને મોટો હર્ષ પેદા થયો.

સચ્ચાઇની ફતેહ.

આ બન્ને જમાઇઓ જોકે ગુસ્તાસ્પની બહાદુરીથી પોતાનાં કામમાં જશ પામ્યા હતા તોપણ તેઓએ કયસર આગળ કદી તેનું નામ દીધું ન હતું, અને કોઇ પણ જાણતું ન હતું કે ઉપલાં બહાદુરીનાં કામો બજાવનાર તેનો વડો જમાઇ હતો.

કયસરનાં રમતગમતનાં મેદાનમાં આ બન્ને જમાઇઓ સારા સારા માણસોને નોતરીને દડી

દાવ અને બીજી રમત ઘોડે સવાર થઇને ખેલતા હતા અને પોતાના સસરાનો જીવ ખુશ કરતા હતા. એક દહાડે કતાયૂને આ રમતમાં ભાગ લેવાની ગુસ્તાસ્પને ભલામણ કરવાથી તે પણ રમતમાં ઉતર્યો અને મેદાનમાં એવી નામદારી મેળવી કે કયસર તેને જોઇ બહુ ખુશ થઇ ગયો અને તેને પોતાની નજદીક બોલાવીને તેનું નામ ઠામ પુછવા લાગ્યો.

ગુસ્તાસ્પે પોતાને થતો ગેરઇનસાફ જાહેર કરવાની આ તક જોઇને કહી દીધું કે—હું તો એક એવો કંગાળ બીગાનો છું કે જેને કયસરે શેહરની બાહેર હાંકી કહાડયો છે. તેનો જમાઈ થયા પછી કોઈ મારૂં નામ પણ યાદ કરતું નથી. કતાયૂને એક બીગાનાને પોતાનો ખાવંદ પસંદ કીધો તેથી કયસર તેના ઉપર ખફા થયો છે, તો જોકે તેણી તો પોતાના દેશના રિવાજ પ્રમાણે ચાલી છે, અને મને પસંદ કરવામાં વાજબી કીધું છે. જંગલમાંનાં પેલાં વિક્રાળ વરૂને અને પહાડ ઉપરના પેલા જિયાંગાર અઝદહાનાં સર તનથી જુદાં થયાં તે તો મારી બાજુનાં બળથી છે. હીસ્વીને એ બાબેની સર્વ ખબર છે. જો વધારે ખાતરી જોઇતી હોય તો તે નાપાક પ્રાણીઓનાં દાંત મારી કને મોજુદ છે.

આ સર્વ હકીકત સાંભળીને કયસર અને તેના દરબારીઓ અજાયબ થયા. પરપુછ કરતાં ગુસ્તાસ્પની કહેલી સર્વ વાતો ખરી ઠરી, જેથી કયસરે પોતાની બેદાદીને માટે પસ્તાવો કીધો અને ગુસ્તાસ્પ તથા પોતાની બેટીની માફી-ચાહી તેમના ઉપર પાછી મેહરબાનગી બતાવવા લાગ્યો. કતાયૂનથી તેણે જાણ્યું કે તેનો ખાવંદ પોતાનું નામ ફરૂખ્જાદ છે એમ કહેવા સિવાય વધાર કશું જણાવતો નથી. કયસરે હવે ગુસ્તા-સ્પને મહેલમાં બોલાવી તખ્ત ઉપર બેસાડયો અને પોતાના જમાઇને લાયકનું તાજ તેને માથે પહેરાવ્યું, તથા તેને વીંટી અને કમરબંદ આપી સરફરાજ કીધો.

ખજરનો મુલ્ક ગુસ્તાસ્પ તાબે કરેછે.

કયસરના જે મુલ્કને ફિર્દોસીએ રૂમનું નામ આપ્યું છે તે રૂમ કયાં આવ્યું હતું તે હવે સિદ્ધ થાય છે. આ કાંઇ ખરેખરૂં ઇટાલી દેશનું રોમ શેહર અને તેને લગતું રાજ્ય નથી; વળી પાછળા જમાનામાં કૉન્સ્ટાન્ટિનોપલ શેહર અને તેને તાબેનું રાજ્ય રોમ ગણાતું હતું તે પણ આ રૂમ નથી. શાયર જણાવે છે કે ગુસ્તાસ્પના સસરા કયસરના રૂમ દેશની સૌથી વધારે નજદીકનો રાજા ઇલ્યાસ બિન મેહરાસ નામનો હતો, અને તેનો મુલ્ક ખજરને નામે ઓળખાતો હતો. આ ખજર તે કૉકેસસ અથવા કોહેકાફ પર્વતની ઉત્તરે આવેલા મુલ્ક અને ત્યાં વસનારાં લોકોનું નામ છે. એ રીતે ત્યારે ફિર્દો-સીના કયસરનો મુલ્ક તે ઇરાન દેશની ઉગમણે આવેલા આજના તુર્કસ્તાન અથવા અસલના જમાનામાં રૂમશામ (સીર્યા વગેરે) ને નામે ઓળખાયલો દેશ હતો. કયસરની છાતી પોતાના બહાદુર જમાઇ ફરૂખ્જાદને લીધે બહુ ખીલી રહી હતી, અને તેનીજ કુમક ઉપર તેણે પોતાના ઉપલા પડોશી ખજરના રાજા ઇલ્યાસ ઉપર નામું લખી તેની કનેથી ખંડણી મેળવવાની માંગણી કીધી, અને ધમકી આપી કે જો ખંડણી નહિ આપશે તો મારો બહાદુર પેહલવાન ફરૂખ્જાદ તારા મુલ્ક ઉપર ચઢાઇ લાવશે.

ઇલ્યાસે આના જવાબમાં ગુસ્સાથી કહેવાડયું કે હું પોતેજ લશ્કર લઇ આવું છું. આથી કયસરના બન્ને જમાઇઓ મીરીન અને અહરન જેઓનું ભોપાળું ફુટી ગયું હતું તેઓએ કય-સરને ચેતાવ્યો કે ઇલ્યાસ સામે લડાઇમાં ઉતર-વાનું કામ કાંઇ વરૂને મારવા કે અઝદહાને કાપવા જેવું સહેલ નથી, અને તારા લાડકા પેહલવાનને હવે લોહીનાં આંસુ રડવાં પડશે.

પણ આ અદેખા સરદારોની દરકાર વિના ફરૂખ્જાદ ઉર્ફે ગુસ્તાસ્પે લડાઇમાં ઉતરવાની હિમત કીધી, અને કયસરને ધીરજ આપી, દુશ્મનને

આવવાની વાટ જોતો બેઠો. જ્યારે સામસામાં લશ્કરો સફ સમાંસીને લડવા માટે તૈયાર થઇ ઉભાં, ત્યારે ઇલ્યાસુ પોતાના ઇરાની હરીફનું કદ અને દેખાવ જોઇને બીધો, અને તેને મુલ્ક તથા દોલતની લાલચ બતાવીને પોતાની બાજુએ ખેંચી લેવાની બાજી રમ્યો, પણ ફરૂખ્જાદે તેને તેની આ મતલબમાં નિરાશ કીધો, અને લડાઇમાં ઇલ્યાસને જીવતો પકડી કયસરને હવાલે કીધો. આ પછી બન્ને લશ્કરો વચ્ચે લડાઇ ચાલી, જેમાં ચઢાઇ લાવનારા ખજર લોકો માર ખાઈ નાઠા અને તેમની ભારી ખુઆરી થઇ. ગુસ્તાસ્પની આ ફતેહ જોઇ કયસર તેને ઇસ્નેકબાલ ગયો, તેને છાતી સાથે ચાંપ્યો, અને તેનાં કપાળ તથા આંખો ઉપર બોસ્સા દઇ તેને ભારી મરતબો આપ્યો.

કયસરનો નવો લોભ.

કયસરનો લોભ હવે વધી પડયો. તેનો બીજો પાડોશી ઇરાનનો શાહ લોહરાસ્પ હતો, જેના ઉપર એલચી મોકલાવીને તેણે ખંડણી માંગી. ફરૂખ્જાદ ઉર્ફે ગુસ્તાસ્પને એ બાબે પુછતાં તેણે ઇરાન સામે લડવા જવાની હા પાડી હતી, જે ઉપરથી કયસરે કાલૂસ નામના પોતાના એક બુજર્ગવારને બલ્ખ ખાતે ખંડણીની માંગણી કરવા મોકલ્યો, અને કહેવાડયું કે જો ખંડણી નહિ આપવાનો હોય તો મારા બહાદુર પેહલવાન ફરૂખ્જાદ સામે લડવાને તૈયાર થવું.

લોહરાસ્પને કયસરની માંગણી સાંભળીને દિલગીરી તેમજ ગુસ્સો ઉપજ્યો. છતાં તેણે એલચીને પોતાની દરબારમાં રાખીને લાયક માન આપ્યું, તથા જિયાફત અને ખેલાઅતથી તેને ખુશ કરી નાખ્યો. પછી એલચી કાલૂસને ખાનગી ખેલવતગાહમાં બોલાવી તેને પુછયું કે—અય દાનાઇભિરેલા મર્દ, રૂમના આગળા કયસરો ઇરાનને ખંડણી આપતા આવેલા છે, પણ ખંડણીની માગણી તેઓ મધેથી કોઇએ આજ સુધી કરી નથી; ત્યારે આજે કયસર એવા તે કોણ પેહલવાનની કુમક ઉપર કુદાઇને ઇરાન કનેથી ચોથાઇ મેળવવાની સરકશી કરે છે? ખજરના રાજા ઇલ્યાસને કયસરે કેદ પકડયો છે, તે નામદારી મેળવી આપનાર એવો તે કોણ સરદાર છે?

કાલૂસે જવાબ આપ્યો કે—આવો સવાલ મને ખજરના રાજા ઇલ્યાસે કદી પુછયો નથી. પણ તું શાહ, કે જેણે મારી મોટી મદારત કરીને ભારી માન આપ્યું છે, વાસ્તે હું તને છેતરવાને બદલે જે છે તે ખરૂં જ કહીશ. કયસરને એક એવો જવાંમર્દ આવી મળ્યો છે કે જે શરાબની જામ બેધડક ઉડાવે છે, જંગમાં બહાદુર નામદારોની હાંસી કરે છે, અને શિકારગાહમાં તેના જેવી બહાદુરી બીજું કોઇ બતાવી શકતું નથી. કયસરે તેને પોતાની શાહજાદી આપી છે, અને તેણે નાશકારક વરૂ તથા અજદહા જેવા દૈત્યોનો સંહાર કર્યો છે.

લોહરાસ્પની આશા.

આ બયાન સાંભળીને લોહરાસ્પનાં દિલમાં આશાનું કિરણ પ્રગટી નીકળ્યું, અને થોડાજ વખ્તમાં તેણે જાણી લીધું કે તેનો વહાલો બેટો ગુસ્તાસ્પ ગુમ થયો છે તેજ કયસરનો સપેહસાલાર છે. કાલૂસ એલચી સાથ ઉપલી ખાનગી મસ્લેહત ચાલતી હતી તે વેળા શાહના નાના બેટા જરીર સિવાય બીજું કોઇ નજદીક હતું નહિ. શાહ લોહરાસ્પે ફરૂખ્જાદ વિષેની ઉપલી બિના જાણ્યા પછી એલચીની સ્તુતિ કીધી અને તેને ફરીથી પુછયું કે—આ જવાન સપેહસાલારનો ચેહરો કોના જેવો છે?

એલચીએ જરીર તરફ આંગળી બતાવીને કહ્યું કે—આબાદ આ શાહજાદાના જેવાજ ચેહરા અને કદનો તે જવાન લાગે છે.

આટલું જાણ્યા પછી શાહે એલચીની વધારે બરદાસ્ત કીધી, અને તેને ઘણુંએક ઇનામ આપીને વિદા કરતી વેળા કયસરના

પેગામનો એટલોજ જવાબ કહેવાડયો કે હું તારી સામે લશ્કર લઇ આવી પુગું છું.

ગુશ્તાસ્પ બાબે જરીર ખાતરી કરે છે.

એલચીના ગયા પછી શાહ લોહરાસ્પના ફરમાનથી જરીર લશ્કર લઇ તૈયાર થયો અને કયસરનો સપેહસાલાર ગુશ્તાસ્પ પોતેજ છે કે કોઇ બીજો, તે જાણવાની પેરવી કરવા લાગ્યો. શાહે તેને ફરમાવ્યું જો તે ગુશ્તાસ્પ હોય તો તેને તખ્ત આપવાની મારી પુરેપુરી ખાહેશ છે એમ જણાવીને પાયતખ્ત ખાતે બોલાવી લાવવો.

જરીર પોતાની જોડે કાઉસ અને ગુદર્જના નબીરાઓ જેઓ લડાઇમાં ઘણા નામીચા હતા તેમને લઇ ગયો. એઓમાં ગીવના બેટા બીઝનના બે બેટાઓ અર્દશીર અને શીરૂયેહ નામના હતા. વળી તૂસના બેટા જરસ્પના બેટા બેહરામ અને રીવનીજ પણ જરીર સાથ શામેલ હતા. આ સઘળાઓની સરદારી હેઠળ જરીર દરફશે કાવા લઇને આગળ વધ્યો અને હલબ (આજનું ઍલૅપ્પો) શેહર સુધી જઇ પુગ્યો, અને ત્યાં પોતાની છાવણી કીધી. પછી બેહરામને પોતાનાં લશ્કરની સઘળી સરદારી સોંપી જરીર પાંચ નામદારોને સાથે લઇને રૂમશામના મુલકમાં દાખલ થયો અને એલચી દાખલ કયસરની દરબારમાં જઇ ઉભો. અહીં તેણે કયસરને કુર્નસ બજાવી અને બીજા સઘળા રૂમી નામદારોને તેમની યોગ્યતા મુજબનું માન આપ્યું, પણ ગુશ્તાસ્પ તરફ જોયું નહિ. આથી કયસર ખિજાયો અને જરીરને કહેવા લાગ્યો કે—તું દરબારી રીતભાત તોડે છે, કારણકે તું ફરૂખ્જાદને લાયક માન આપતો નથી.

જરીરે નમીને જવાબ દીધો કે—એ તો અમારી ઇરાની દરબારનો એક ગુલામ છે, કે જે પોતાની નોકરીથી કંટાળીને નાસી ગયો છે અને આજે તારી દરબારમાં નામદારી પામ્યો છે.

કયસર આ જવાબથી ઘણો ચિંતાતુર જણાયો, અને જરીરની મુલાકાતનું પરિણામ બન્ને લશ્કરો વચ્ચે લડાઇ ઉઠવામાંજ આવ્યું.

ગુશ્તાસ્પની ઉમેદ.

જોકે જરીરને પોતાની સામે લડવા આવેલો જોઇને ગુશ્તાસ્પ મનમાં રાજી થયો હતો, તોપણ તેને અપમાન થવા છતાં તેણે જરીરને કશો ઉત્તર દીધો ન હતો તેનું કારણ જ્યારે કયસરે જાણવા માંગ્યું ત્યારે તે બોલ્યો કે—જ્યારે ઇરાનના શાહની ફરમાનબરદારીમાં હું હતો ત્યારે મેં જે કામો બજાવેલાં છે તે ઇરાની લશ્કર અને ઇરાની રૈયત સારી પેઠે જાણે છે. હું તેઓને જઇ મળીને મસ્લેહત કરવા ધારૂં છું, એવી નેમથી કે તારી ખાહેશ મુજબની વાત તેઓ પાસે કબૂલ કરાવું કે જેથી જેહાનમાં તારી નામદારી વધે.

કયસરને આ વાત પસંદ આવી, અને તેના એલચી દાખલ ફરૂખ્જાદ જરીરની છાવણીમાં જઇ ઉભો. બન્ને ભાઇઓ એકબીજાને ખરાં હેતથી ભેટયા, અને તખ્તે બિરાજીને પોતાની જુદાઇ માટે ઘણો બળાપો કરવા લાગ્યા. પછી સર્વ નામદારોની હાજરીમાં જરીરે પોતાના બાપ તરફનો પેગામ ગુશ્તાસ્પને કહ્યો અને તખ્તો તાજ તથા લશ્કર સર્વ તેનાંજ છે એમ જાહેર કીધું. જરીર આ તખ્તોતાજ પોતાની સાથે લેતો આવ્યો હતો તે જોઇ ગુશ્તાસ્પનું દિલ પિગળ્યું. તે પોતાના બાપનાં તખ્ત ઉપર બેઠો અને તેનું તાજ માથે મુક્યું. આ વેળા જરીર પોતે, તેમજ કાઉસ શાહના સર્વ નબીરાઓ, તેમજ બેહરામ, અર્દશીર, શીરૂયેહ, રીવનીજ વગેરેએ ગુશ્તાસ્પની ખિદમતમાં સર નમાવી તેને પોતાનો શાહ કબૂલ રાખ્યો. એજ વેળા ભેગાં મળેલાં તમામ ઇરાની લશ્કરે પણ લોહરાસ્પના વડા બેટાને પોતાના નવા શાહ દાખલ મુબારકબાદી આપી. સઘળાઓ તેની ખિદમતમાં કમર બાંધીને ઉભા.[1]

1—ફિર્દોસી જણાવી જતા નથી તે મિર્ખુન્દ લખી જાય છે કે લોહરાસ્પ ગુદર્જના બેટા રહામ કે જેને કેટલાકે

નવો શાહ ગુસ્તાસ્પ.

આ બનાવ પછી ગુસ્તાસ્પે એક એલચી મોકલાવીને કયસરને સર્વ બાબત જાહેર કીધી, અને તેને પોતાની છાવણીમાં આવી મોજ કરવા માટેનું ઇજન કીધું. એલચીથી ગુસ્તાસ્પની તખ્તમુશીનીની વાતો જાણીને કયસર પોતાના જમાઇને મુબારકબાદી આપવા માટે દોડતો આવ્યો, જેને ગુસ્તાસ્પે સામો જઇ બગલગીરી કીધી અને કુર્નસ બજાવી. કયસરે તેને ઇરાનનો નવો શાહ ગણીને તેનાં કામોની તારીફ કીધી અને શાહને લાયકનો મરતબો આપ્યો, તથા આગળી બેદરકારી માટે માફી ચાહી. ગુસ્તાસ્પે માયાથી તેનો હાથ દાબ્યો અને પોતાની ખાતર બહુ દુખ ખમનારી પોતાની સખરવંતી માશુકને મોકલી આપવાની અર્જ ગુજારી, કેજે કયસરે પોતાના મહેલમાં પાછો જઇ પુગતાં એકદમ પાર પાડી. તેણે કતાયૂન શાહજાદીને મોટો ખજાનો અને દાસીઓ તથા ગુલામો, તાજ અને ઝવેરાત આપીને તેના ધણી શાહ ગુસ્તાસ્પની દરબારમાં મોકલી આપી.

જ્યારે નવી રાણી કતાયૂન પોતાનાં ફરેલાં નસીબથી અજાયબ અને ખુશહાલ થતી ગુસ્તાસ્પની છાવણીમાં જઇ પુગી ત્યારે કર્નાય અને નકારાંના આવાજથી તેને વધાવી લેવામાં આવી, અને પછી તમામ લશ્કરે પાયતખ્ત તરફની રાહ ધરી. રૂમનો કયસર વડીક નવા શાહને વળાવા આવ્યો હતો, જેને બે મંજલ આગળ વધ્યા પછી ગુસ્તાસ્પે દોસ્તીની મોટી મોટી કબુલત સાથ તેના મુલક તરફ પાછો રવાના કીધો અને કહ્યું કે હું જીવતો છું ત્યાં સુધી હું રૂમ કનેથી ખંડણી માંગીશ નહિ, કારણકે તારા મુલકે મને ખુશહાલ કીધો છે.

બલ્ખ ખાતે ગુસ્તાસ્પના આવી પુગવાની ખબર મળતાંજ બુજર્ગ શાહ લોહરાસ્પે પોતાના નામદારો સાથ તેને આવકાર દીધો, બન્ને જુદાં પડેલા બાપ દીકરા એકબીજાના પિતા પુત્રનાં હેતથી ભેટયા, અને પછી ગુસ્તાસ્પનાં સર ઉપર પોતાને હાથે તાજ મુકીને તેને શાહ તરીકેનું માન આપ્યું. ગુસ્તાસ્પે તેને કુર્નસ બજાવી, અને શાહ દાખલ હજુ ઘણાં વર્ષ તે અમલ ચલાવે એવી ખાહેશ બતાવી.

ગુશતાસ્પની કહાણીની સરખામણી.

લોહરાસ્પનો અમલ અહીં ખતમ થાય છે. ખરેખર ફિર્દોસીએ તેના સંબંધમાં કહેવાતા રૂમી કયસર સાથની અધુરે ગયલી લડાઇના શક ભરેલા બનાવ સિવાય બીજું કશું નોંધવા જોગ જણાવ્યું નથી. ગુસ્તાસ્પ અને કતાયૂનની કહાણી પણ કોઇ હિંદુ કથા જેવીજ ભાસ આપે છે. પણ મૅશર્સ વૉર્નર બિરાદરો આ કથાને મળતીજ એક વાર્તા જણાવી જાય છે, કેજે સિકંદર શાહના એક દરબારી માઇટીલીનીવાળા ચારીસે પોતાના ગ્રંથમાં ઉતારેલી છે,[1] તે ઉપરથી

બખ્તનસર (નેબૂખદનજર) તરીકે ઓળખાવી જાય છે, તેને ઇરાકે અજમ (ખુ.જીસ્તાન) ની પાદશાહી આપીને એવું ફરમાવ્યું હતું કે—એક લશ્કર લઇને તું આથમણી બાજુ આગળ વધ, અને ત્યાં જે જે દેશો તું જીતશે તે તારા તાબા તળે રહેશે. આ બાબત સંબંધે તવારીખનવેશ તબરી એવી મતલબનું જણાવી જાય છે કે બખ્તનસર (રહામ) ફતેહ કરતો કરતો શામ (સીર્યા) સુધી જઇ પુગ્યો, અને ત્યાંથી દમશ્ક (દમાસ્કસ) જઇને તેનો ધણી થઇ બેઠો. અહીંથી તેણે પોતાના એક સરદારને લશ્કર આપી જરૂસુલમ જીતવા મોકલ્યો, જ્યાં આ વેળા દાઉદ (ડેવિડ) નાં ખાનદાનનો એક રાજા રાજ કરતો હતો. આ રાજાએ ઉપલા ઇરાની સરદાર સાથ દોસ્તીના કરાર કીધા, અને તેની જામિનગીરી દાખલ ઇસ્રાયલ લોકોમાંથી કેટલાક મોટા માણસોને પોતાના તાબામાં લીધા અને પછી તે સરદાર ત્યાંથી પાછો ફર્યો. પણ ઉપલા કરારથી નારાજ થઇને જરૂસલમના લોકોએ રાજા સામે બંડ મચાવી તેને મારી નાખ્યો. તેમનો વાંધો એ હતો કે રાજાએ ઇરાની સરદાર સાથ લડાઇ કરવી જોઇતી હતી. હવે તેઓ પોતેજ લડાઇ માટે તૈયાર થયા. બખ્તનસરને આ બાબે ખબર મળી ત્યારે તે પોતે લડવા ગયો, પેલા જામિનગીરીમાં અપાયલા માણસોને મારી નખાવ્યા, અને પછી જરૂસલમ જઇને ત્યાંના પવિત્ર ગણાતાં મંદિરને લુટી લીધું.

1—આ કહાણી ટુંકમાં આ મતલબની છે:—હીસ્તાસ્પીસ (=ગુશતાસ્પ) અને જરિયાદ્રીસ, (=જરીર) ઘણા ખુબસુરત દેખાવના ભાઇઓ હતા. એફ્રોડીટે અને એડોનિસના તેઓ બેટા હતા એમ લોકો બોલતાં. હીસ્તાસ્પીસ

જાણાય છે કે ગુસ્તાસ્પ અને તેની માશુકની વાર્તા ફિર્દૂસીની ૧૫૦૦ વર્ષ આગમજ ઇરાનીઓમાં જાણીતી હતી; તોપણ એ વાર્તા ઇરાનની સ્વદેશી હોય એમ માનવાનું મજબૂત કારણ મળતું નથી.

મીડયાનો અને તેનો ભાઈ કૅસ્પીઅન સમુદ્રથી ડૉન નદી સુધીના મુલકનો પાદશાહ હતો. ડૉન નદીની પેલી બાજુએ મરાથી નામે પ્રજા વસતી હતી, જેનો રાજા ઓમાર્ટીસ નામનો હતો, અને તેની બેટીનું નામ ઓડાટીસ હતું. તેણીએ ખાબમાં જરિયાદ્રીસને દીઠો અને આ જવાન રાજાએ તેણીને સ્વપ્નમાં જોઇ, અને તેઓ બન્ને એકબીજા ઉપર મોહીત થયાં. જરીયાદ્રીસે ઓડાટિસની માંગણી કીધી. પણ પોતાને પેટે બેટાનું ફરજંદ નહિ હોવાથી પોતાના કોઈ સ્વદેશી સરદાર યા અમીર સાથ પોતાની બેટીની શાદી કરીને તેણીને પોતાનો વારસ ઠરાવનાર હોવાથી ઓમાર્ટીસે રાજા જરિયાદ્રીસની માંગણી કબુલ રાખી નહિ. આ પછી તેણે પોતાનાં રાજ્યના અમીરો અને અકાબરોની એક મજલિસ ભેગી કીધી, અને તેઓ મધેથી ગમે તેને પસંદ કરવાનું પોતાની બેટી ઉપર રાખ્યું. ઓડાટીસ શરાબથી ભરેલો સોનાનો લોટો લઈને આખી મજલિસમાં ફરી, એવી મતલબથી કે પોતે જેને પસંદ કરે તેને પોતાનો ભર્તાર કબુલ રાખવાની નિશાની દાખલ તેને પેલો શરાબનો લોટો આપે. પણ આ શાહજાદીને પોતાનો ખાબમાં પસંદ કરેલો શાહજાદો જરિયાદ્રીસ તે મેળાવડામાં જણાયો નહિ, તો જોકે આવી મજલિસ ભેગી મળનાર છે એવી તેણીએ તેને ખબર આપી હતી. જરિયાદ્રીસને આ ખબર મળતાંજ તે ડૉન નદી સુધી દોડતો આવ્યો, અને પોતાના સારથી અને ગાડી હાંકનાર સાથ છુપી રીતે નદી પસાર કરીને આખી રાત મંજલ કાપતો પોતાની માશુકની શાદી માટેની ધામધુમ જે શેહરમાં ચાલી રહી હતી 'ત્યાં જઇ પુગ્યો', અને પોતાના સારથીને એક ઠેકાણે વાટ જોતો ઉભો રાખીને પોતે રાજા ઓમાર્ટીસના મહેલ તરફ ચાલ્યો. તેણે છુપો રહેવા માટે સ્કીથ્યન પોશાક પહેરેલો હતો. મહેલમાં તેણે પોતાની વહાલીને રડતી આંખે શરાબનો લોટો ધીમે ધીમે ભરતી દીઠી. તેણે પોતાનું નામ તેને જાહેર કીધું, અને તેને જોતાંજ પોતે ખાબમાં જે ખુબસુરત શાહજાદાને દીઠો હતો તેજ આ ધણી છે એમ ખાતરી થતાંજ તેણી ખુશીમાં આવી ગઈ અને પેલો ભરેલો લોટો તેને આપ્યો. એજ વખતે તે તેણીને ઉઠાવીને પોતાનો રથ હતો ત્યાં લઈ ગયો, અને તેઓ બન્ને ત્યાંથી નાસી ગયાં. આ વેળા શાહજાદી આગળ જે સખીઓ અને દાસીઓ હતી, તેઓ પોતાની શેઠાણીની સર્વ વાતોથી જાણીતી હતી, માટે જ્યારે રાજાએ પોતાની બેટી વિષે પરપુછ કીધી ત્યારે તેઓએ કેવળ બેખબરી બતાવી.—વૉર્નરનું શાહનામુ દફતર ૪, સફે ૩૧૬.

આ રીતે ઓડાટીસ જરિયાદ્રીસની રાણી થઈ, પણ જોકે તેણીનું નામ કતાયુનને મળતું આવતું નથી, તેમ તેના ખાવંદનું નામ અહીં આપણુ ગુસ્તાસ્પને બદલે જરીર જોઇયે છિયે. ફિર્દૂસીએ આ વાર્તા ઉપરથીજ પોતાની કહાણી ઉપજાવી કહાડી હોય એ બનવાજોગ છે, પણ ત્યારે તેણે જો કતાયૂન જેવાં નામને બદલે "ઓડાટીસ" જેવુંજ કાંઇ નામ ("હુદાદ" અથવા "વોહુદાદ") રાખ્યું હોત તો અવસ્તાવાણીમાં જણાવેલી શાહ ગુસ્તાસ્પની રાણી "હુતોસ"ને તે કાંઈક મળતું આવતું જણાત.

બાબ ૧૫—શાહ ગુશ્તાસ્પ—૧.

ફસલ ૧—નવો દીન.

ફિર્દુસી અને દકીકી.

લોહરાસ્પ પછીનું શાહનામામાં જે બયાન આવે છે તેને માટે આપણો શાયર કહે છે કે તેનો શુરૂઆતનો કેટલોક ભાગ દકીકી નામના બીજાજ શાયરનો લખેલો છે. ફિર્દુસીના જણાવ્યા પ્રમાણે તેણે ખાબમાં દકીકીને જોયો અને તે તેને પોતાની રચેલી એક હજાર બેતો શાહનામામાં દાખલ કરવાની વિનંતિ કરી ગયો હતો. દકીકી એક જરતોસ્તી શાયર હતો—શાહ મેહમુદની દરબારના સાત કવિઓ મધેનો તે એક હતો. તેણે શાહનામુ રચવાનું માથે લીધું હતું, પણ તેના ગુલામના હાથ ઉપર તેનું ખૂન થવાથી આ કામ ફિર્દુસીને મળ્યું હતું એમ કહેવાય છે. વળી એમ પણ કહે છે કે દકીકીની ૧૦૦૦ બેત ફિર્દુસીની બેતોથી ઉતરતી કિસમની હતી. ઉતરતી કિસમની તે બેતો હતી તો આપણો શાયર તેમને પોતાના મોટા યાદગાર ગ્રંથમાં દાખલ કરવાને કેમ રાજી થયો હશે! વળી પોતે ૬૦ હજાર બેતો બનાવી હતી તો આ એક હજાર ઉતરતી કિસમની બેતોનો ઉપયોગ કરવાની તેને શી ગર્જ પડી હતી! વળી શાહ મોહમુદે દર બેતે જે રકમ ફિર્દુસીને આપવાની શર્ત કીધી હતી તે રકમ આ એક હજાર બેત જો તેની પોતાની નહિ પણ પારકી હોય તો તે માટે આપણો શાયર શી રીતે દાવો ઉઠાવી શકે? વળી દરબારમાં શાહનો વજીર હસ્ન મેહમંદી ફિર્દુસીનો શત્રુ હતો અને તેણેજ તે નામચીન શાયરને શાહનાં ફરમાન મુજબના સુનાને બદલે રૂપાંના સિક્કા આપ્યા હતા, તે જો દકીકીની આ એક હજાર બેતોનું બહાનું લઇને એવું તોહમત મુકવા માંગત કે ફિર્દુસીની સઘળી નહિ તો ઘણી ખરી બેતો દકીકી જેવા બીજા શાયરોની તફડાવેલી છે તો તે શું નહિ ચાલી શકત?

દકીકીની એક હજાર બેતો.

આ સઘળા સવાલો ઉપરથી ફિર્દુસીના ઉપલા એકરારનો ખરો સબબ વધારે દૂર જાય છે. બીજા કોઇ આગળા કે પાછળા શાયરે પોતાના ભાઇબંધ શાયરનું લખાણુ પોતાના ગ્રંથમાં આવા કોઇ સ્વપ્નાને આધારે દાખલ કરવાનો બનાવ અમને ખબર નથી. પણ નવલ કથા રચનારાઓ પોતાનાં લખાણને કાંઇક નવું રૂપ આપવા, તેમાં જણાવેલા વિચારો, કે આપેલા અભિપ્રાયો, કે વર્ણવેલા બનાવો, કે મનાવવામાં આવેલા વહેમો અને ક્રિયાઓ વગેરે તરફની પોતાની માન્યતા છુપાવવા માટે તેઓ શુરૂઆતનાં પ્રકરણમાં એવી મતલબની કલ્પિત બિના જણાવી જાય છે કે તે વાર્તા તેમને કોઇ જુદાજ ધણી તરફથી મળી છે, તે કથા કોઇ ગુફામાંથી મળી આવેલા દસ્તાવેજો ઉપરથી ઉતારી છે, તે કથા કોઇ દૂરના બેશીને મોઢેથી સાંભળી છે, તે કથાનું બંડળ ટપાલ મારફતે કોઇ અજાણ્યા ધણી તરફથી મળ્યું છે, ઇત્યાદિ. વળી એજ કિસમના કથાકારોમાંના કોઇ એમ પણ જણાવી જાય છે કે આ કથા કોઇ પુરાણી લાવણીઓ, કે લોકગીત, કે લોકકથા ઉપરથી રચી છે. આ સઘળા કથાકારોના માત્ર નિર્દોષ ઢોંગ છે: ખરી વાત તો એજ હોય છે કે તેમની પ્રગટ કરેલી કથા તેમની પોતાનીજ લખેલી હોય છે; અને તે માંહેલા વિચારો, અભિપ્રાયો, બનાવો,

વહેમો વગેરે વગેરેને લગતી માન્યતા તેમનાં પોતાનાંજ મગજની કલ્પનાઓ હોય છે. તેમને તે કથા કોઇ અણુદીઠ ફરેસ્તા તરફથી, કે પુરાણા ઋષિ તરફથી કે ગુમ થયલા જુના લેખોમાંથી કે બીજા કોઇ પણ કલ્પિત માર્ગે મળેલી હોતી નથી.

તે ફિર્દુસીનીજ હોવાના સબબો.

અમારૂં માનવું આ ઉપરથી એવું છે કે દકીકીને નામે આપણા શાયરે જે ૧૦૦૦ બેતોનો ઉપયોગ આ ઠેકાણે—યાને શાહ ગુસ્તાસ્પના અમલના પહેલા ભાગમાં—કીધો છે તે બેતો ફિર્દુસીની પોતાનીજ રચેલી છે, અને તેમાં જે કાંઈ બયાન છે તે શાયરનું પોતાનુંજ રચેલું બયાન છે, અને તેમાં જે કાંઈ બનાવો કે પુરૂષો તરફ પસંદગી બતાવવામાં આવેલી છે તે દકીકી તરફની નહિ પણ ફિર્દુસી તૂસી તરફની તે નામવર શાયરની પોતાનીજ ખાસ પસંદગી છે.

સવાલ થશે કે ત્યારે ફિર્દુસીએ આ વાત છુપાવવાનો શો સબબ? પોતે દકીકીને નામે આખા ગ્રંથના ૬૦ માં ભાગ જેટલી બેતો ઉતારી લેવાનું શું કારણ? કાં નહિ તેણે એ બેતો તેની પોતાનીજ રચેલી છે એમ જાહેર થવા દીધું? એક ખામની શકભરેલી શહાદત ઉભી કરવામાં તેને પોતાને લાભ શો? દકીકીની એક હજાર બેતોનો તેણે ઉપયોગ કીધો છે એમ તેના જમાનાના લોકો જાણે તો તેઓમાં તેની શાયરીને કાંઇક કલંક લાગવા જેવું થાય તે છતાં આ નાની સરખી બદનામી પણ શાયરે પોતાને માથે શા માટે ખેંચી લીધી હશે?

આ અદના લખનારને લાગે છે કે આ સઘળાંનું એક કારણ હતું. તે મોતેબર કારણ હતું. તે ધર્મસંબંધી એક કારણ હતું. ફિર્દુસી છુટા વિચારનો શાયર હતો. તે શાયરે શાયરાન હતો, તોપણ તેનાં ચોક્કસ ધર્મમત માટે તેના શત્રુઓએ તેના ઉપર અનેક તોહમતો જોડી કહાડયાં હતાં. ફિર્દુસીની જિંદગીનો હેવાલ વાંચતાં[1] આ તોહમતો કેવાં જબૂન હતાં તે માલુમ પડી આવે છે. આ સઘળાં તોહમતો ખોટાં હતાં, ખોટાં પાડવામાં આવ્યાં હતાં, અને તે તેના દુશ્મનો અથવા અદેખા હરીફોના જોડી કહાડેલાં હતાં. આ તોહમતોમાં એવું તોહમત ન હતું કે ફિર્દુસી "રાફઝી" "દેહરી", "અએતેઝાલી", ફિલસુફ વગેરે વગેરે હતો તેમ તે "મજૂસી" પણ હતો. "મજૂસી" એટલે જરતોસ્તી; અશો જરતોસ્તનો મજહબ પાળનાર. જો આ તોહમત તેને માથે આવ્યું હોત તો બીજાં સઘળાં તોહમતો એક બાજુએ રહી જાત અને આપણા શાયરને શાહનામાનું મહાભારત કામ પડતું નાખીને, વતન અને કોમથી દેશવટે થવું પડત, અથવા પાછળથી તેને હાથીને પગે કચડી નાખવાનો જે હુકમ નીકળ્યો હતો તે તેજ વખતે નીકળત અને અમલમાં મેળાત. જે જમાનામાં એક મજૂસી એક ઇસ્લામી શાહની દરબારમાં કદી માન પામે નહિ, તેજ જમાનામાં એક ઇસ્લામી મજૂસી મજહબ તરફ એતેકાદ ધરાવતો જણાય તો તેના કેવા હાલ થવા પામે તેનો ખયાલ કરવો મુશ્કેલ નથી. આખાં શાહનામામાં જોશો તો શુરૂથી આખર સુધી એક યકીનદાર યજદાંપરસ્ત, એક ચુસ્ત જરતોસ્તી, એક ઇમાનદાર પાર્સીને છાજે તેવા ભાવથી, તેવા ઉત્સાહથી, તેવાં યકીનથી શાયર ફિર્દુસીએ પોતાની એકેએક બેત રચી છે. તે પાર્સી ન હતો, તે જરતોસ્તી ન હતો, તે યજદાંપરસ્ત ન હતો, તોપણ તે તેવો એક ખરેખરો અને સાચેસાચો પુરૂષ હોય તેમ તેને ઇરાન સરજમીનના પુરાતન નામદારો અને નેયાગાનો, પાદશાહો અને પેહલવાનોના કિસ્સા અને તવારીખનો ભેળસેળ ગ્રંથ રચ્યો છે. આ દેખાડે છે કે તેનો ભાવ કયાં હતો

[1] જુઓ "સાસાની શાહનામું," સફે ૨૮૧.

અને કેવો હતો. તોપણ તેણે આ ભાવ એટલી બધી હદ સુધી જાહેર થવા દીધો નહિ કે જેથી તે પકડાઇ આવે, પરખાઈ આવે, અને રૂસ્વા થાય. તે એક શાયર હતો—મહાન શાયર હતો—અને સાથે ધર્મ સંબંધી તથા રાજદ્વારી ખટપટોથી સારી પેઠે વાકેફ હતો. માટે નાહક બલા પોતાને માથે ખેંચી લેવામાં મહા-ભારત જોખમ છે એમ તે સમજતો હોવો જોઇયે, અને તેથીજ તેણે શાયર દકીકીને લગતો ખાબ જોયો, અને તેજ ખાબ તેને દકીકીનું રચેલું શાહ ગુસ્તાસ્પના અમલ વેળાની ધર્મ સંબંધી લડાઇ અને તે લડાઇના ધાર્મિક કારણ વગેરેને લગતું બયાન પોતાના ગ્રંથમાં ઉતરી લેવાનો સબબ થઇ પડયો. સારાંશ એ કે આપણા મહાકવિને પોતાને જે કાંઇ કહેવાનું હતું તે તેનાથી ખુલ્લેખુલ્લું કહી શકાયું ન હશે તેથીજ તેણે એક મજૂસી શાયરને નામે તે કહ્યું છે. આ માત્ર એક અનુમાન છે, જેના સબબ અમે ઉપર બતાવ્યા છે. જર્મન વિદ્વાન સ્પીગલ પણ આ બાબતમાં આવોજ શક જણાવી જાય છે.

બલ્ખનું આતશકદેહ.

લોહરાસ્પ શાહે છોડી આપેલાં તખ્ત ઉપર હવે ગુસ્તાસ્પ બેઠો. પોતાના વડા બેટાને આ રીતે તખ્તનશીન કીધા બાદ લોહરાસ્પ ૩૦ વર્ષ જીવ્યો હતો, પણ એ સઘળી મુદત તેણે શેહેરમાં અને મેહેલમાં વસીને રાજકાજમાં ગુજારી નહિ. શાયર મુજબ તે "નવ બહાર"[1] નામનાં ધર્મસ્થળમાં જઇ વસ્યો. આ શાહ લોહરાસ્પ યા તેની આગમજના શાહોનું સ્થાપેલું આતશકદેહ હતું. તે બલ્ખ શેહેરમાં આવેલું હતું, અને દંતકથા મુજબ બલ્ખ ગુસ્તાસ્પનું પાયતખ્ત હતું. પાછળથી ધર્મ સંબંધી લડાઇ ચાલી ત્યારે કહે છે કે પેગમ્બર જરતોસ્ત બલ્ખનાં આતશ બેહેરામનાં મકાનમાં બંદગી કરતા હતા ત્યાં તેમના જાન ઉપર ત્રાપ મારવામાં આવી હતી, અને કહેછે કે તેજ મકાનમાં શાહ લોહરાસ્પ પણ ગોસેનશીન થયો હતો.

ગુસ્તાસ્પને રાજપાટ સોંપીને લોહરાસ્પ ગોસે-નશીન થયો. તે હવે ખુદાની પરસ્તેશમાં જિંદગી ગુજારવા લાગ્યો. જેમ અરબો મક્કાને હાલમાં પવિત્ર ગણી માન આપે છે તેમ તે જમાનાના લોકો નવ બહારનાં ધર્મસ્થળ માન આપતા હતા. આ મકાનના દરવાજા તેણે બંધ કીધા, અને કોઇપણ પરધર્મવાળાને તેમાં દાખલ થવા દીધો નહિ. એક ભકતને છાજે તેવાં ઉનનાં કપડાંનો લેબાસ તેણે ધારણ કીધો. પોતાનાં બાજુબંદ વગેરે તેણે કહાડી નાખ્યાં, બાલ લાંબા વધવા

---

[1] આ નવ બહાર તે શું છે? સાધારણ વિચાર એ છે કે તે બલ્ખનું પવિત્ર આતશકદેહ હતું. બલ્ખ કયાની શાહોનું યા ગુસ્તાસ્પ શાહનું પાયતખ્ત હતું એ જેમ અવસ્તા વાણીમાંથી મળતું નથી, તેમ બલ્ખમાં કોઇપણ કયાની શાહે આતશખાનું બનાવ્યું હોય અને તેને "નવબહાર" જેવું નામ આપ્યું હોય એમ પણ જણાતું નથી.

ડૉ૦ યુસ્ટિ મુજબ આ તો બુદ્ધ ધર્મની ચઢતી કળા વેળા બલ્ખમાં તેનો પગપસારો થયો હતો તે વેળા ત્યાં "નવ વિહાર" (યાને નવું મઠ) એ નામથી એક નવું બુદ્ધિસ્ત મંદિર બંધાયું હતું. વંદીદાદમાં બલ્ખ (બાખ્ધી)ને "ફડફડ થતી ધજા સાથનું" (એરેક્ટો દરફ્ષ) એવો વિશે-ષણ લગાડેલો છે. નવ વિહાર ઉપર પણ લીલા રંગનો રેશમી વાવટો ઉડતો હતો, તેની સમજાણમાં યુસ્ટિ જણાવે છે કે બુદ્ધિસ્તો જ્યાં જ્યાં પોતાનાં સ્તૂપ (એટલે તેમના ધર્મ સ્થાપક ગોતમ બુદ્ધનાં શરીરની જુદી જુદી વસ્તુઓ—હાડકાં, દાંત વગેરે બુમિદા કીધી હોય તે) ઉપર ધર્મસ્થળો બાંધીને તે ઉપર ઘણું કરીને આવીજ ધજા ઉડતી રાખતા હતા, અને "બુદ્ધ ગયા" નામે હિંદી શેહર ખાતે પણ આવા એક સ્તૂપ ઉપર આવીજ એક ધજા આજે પણ ઉડતી કહેવાય છે. યુસ્ટિ વિશેષમાં એમ પણ જણાવે છે કે બગદાદના ખલીફ હારૂન અર રશીદના વડા વજીર જાફર અને તેના ખેશીઓ જેઓ બર્મકીને નામે ઓળખાઇ ગયા છે તેમનો વડવો બર્મક ઇસ્વી ૮ મી સદીમાં આ 'નવ વિહાર' મઠનો વડો હતો—જુઓ Avesta, Pahlavi and Ancient Persian Studies" નામના ગ્રંથમાં ડો૦ ફર્ડિનાન્ડ યુસ્ટિનો લેખ: The Life and Legend of Zarathushtra."

દીધા, અને એ રીતે ઘુનસાફના ધણીની પરસ્તેશમાં મન લગાડયું.[1]

શાહ ગુશ્તાસ્પ.

તખ્તે બેસતાં ગુસ્તાસ્પે જાહેર કીધા મુજબ તે પોતે યજદાંપરસ્ત હતો, અને પાક દાદારે તેને તખ્તોતાજ બક્ષ્યાં હતાં, તથા બુરા લોકોને ખુદાના તરીકા ઉપર લાવવાને જેમ આગળા શાહો મથેલા હતા તેજ માર્ગ તેણે પણ એખ્તિયાર કીધો હતો. તે પોતાના અદલ ન્યાયથી પ્રથમથીજ વખાણાવા લાગ્યો. તેની રાણી નાહીદ, તે રૂમશામના કયસરની બેટી, જેનું શાહ તરફનું નામ કતાયૂન હતું, તેણે બે બેટાઓને જન્મ આપ્યો, જેમાંનો વડો અસ્ફંદિયાર અને નાનો પેશૂતન નામનો હતો, જેઓ બન્ને પાછળથી ઘણા બહાદુર પેહલવાનો નિવડયા હતા.

શાહ ગુસ્તાસ્પની વખાણ બીજો શાહ ફ્રૂરીદૂન આ દુનિયામાં આવ્યો હોય તેવી થવા લાગી. આસપાસના સઘળા શાહો તેને ખંડણી આપતા હતા અને તેની તરફ વફાદારી બતાવતા હતા; પણ તેઓમાંનો એકજ બેવફા હતો. તે તૂરાનનો શાહ અર્જાસ્પ હતો. તે ખંડણી આપતો ન હતો, તે સારી સલાહ પસંદ કરનારો ન હતો. તે સામો ગુસ્તાસ્પ કનેથી ખંડણી લેતો હતો, તો જોકે બન્નેનું બળ એકસરખું હતું.

પેગમ્બર જરતોશ્તનું જાહેર થવું.

આમ કેટલોક સમય પસાર થઇ ગયા બાદ એક દરખ્ત શાહની દરબારમાં ઉગી નીકળ્યું. તે મહેલનાં છાપરાં સુધી ઉંચું વધ્યું, જેનાં મૂળ્યાં આસપાસ ઘણાં આગળ વધેલાં હતાં, અને જેની શાખાઓ અનેક લંબાયલી હતી. તેનાં પાદડાં ફર્માન અને તેનાં ફળ તે ડહાપણ હતાં. શાયર કહે છે કે આવું ફળ જે કોઇના ખાવામાં આવે તે કેમ મરી જાય? તે ઝાડ ખરૂં ભાગ્યશાળી હતું અને તેનું નામ જરદહસ્ત હતું. નાપાક ગનામિનોને મારનારો તે હતો. જેહાનના શાહ ગુસ્તાસ્પની દરબારમાં દેખાવ દઇને તેણે કહ્યું કે "હું પેગમ્બર છું અને ખુદા તરફનો માર્ગ દેખાડનાર તારો રાહબર છું."

તે પોતાની સાથે એક ધુપદાન લાવ્યો હતો જેમાં આતશ બળતો હતો. તે બોલ્યો કે— "બહેસ્તમાંથી હું આ મારી સાથે લાવ્યો છું. જગતના પેદા કરનારે કહેવાડયું છે કે—'આ તું લે; જમીન અને આસ્માન તરફ તું જો; ખાક અને આબ વગર મેં તેમને બનાવ્યાં છે. તું જો કે મેં આ બન્ને કેમ બનાવ્યાં હશે! મારા વિના

૧—"નવ બહાર" એ નામ પાજંદ અથવા ફારસી ભાષાનું છે, જે ઉપરથી પ્રો૦ યુસ્ટી "નવ વિહાર" યાને નવાં મઠનો અર્થ ઉઠાડે છે. પાછળા જમાનાઓમાં બલ્ખ અને મધ્ય એશિયા ખાતે બુદ્ધ ધર્મનો ફેલાવો થયો હતો એ ખરી વાત છે, અને બાકુ ખાતેનાં જે મકાનને ત્યાંનું આતશખાનુ ગણવામાં આવે છે તે આજે બુદ્ધ ધર્મનું મંદિર જણાયું છે એ વાતબી ખરી છે. પણ બુદ્ધ ધર્મ તો ખુદા જેવી કોઇ શકિત કબુલ રાખતો નથી, ત્યારે લોહરાસ્પ ખુદાપરસ્તીમાં મશગુલ થયો એમ કેમ કહી શકાય? બીજા હાથ ઉપર શાહ કયખુસરૂ, જેણે લોહરાસ્પને પોતાનો વારેસ ઠરાવીને રાજપાટ છોડયું હતું તેણે અનેક ઠેકાણે આતશ કદેહો બાંધ્યાં હતાં અને આતશો રોશન કીધા હતા, તે સર્વનો તિરસ્કાર કરીને લોહરાસ્પ બુદ્ધિસ્ત મંદિરમાં દાખલ થાય એમ કેમ બને? અમને લાગે છે કે બુદ્ધ ધર્મના જન્મ આગમજ બલ્ખમાં આતશ કદેહ બંધાયાં હશે, અને તેઓ મધેનાં એક પાદશાહી આતશ ખાનામાં તે શાહે પોતાનો વસ્વાટ કીધો હશે, અને પાછળથી ઘણે ઘણે વર્ષે બુદ્ધ ધર્મના ફેલાવા વેળા તેજ મકાનને બુદ્ધિસ્ટ સાધુઓએ પોતાનાં મંદિરમાં ફેરવી નાખ્યું હશે, તેને "નવ વિહાર"નું નામ આપ્યું હશે અને તે ઉપરથી આપણા શાયરના જમાનામાં તે "નવ બહાર"ને નામે ઓળખાયું હશે.

વળી શાયર જણાવે છે કે લોહરાસ્પે પરધર્મવાળા સામે આ મકાનના દરવાજા બંધ કીધા હતા. આ પરધર્મ વાળા તે કોણ? તે પોતે તો યજદાંપરસ્ત હતો; તે વળી જુની દીનવાળો યાને "પોર્યોદકેશી" હતો. બુદ્ધિસ્ત બની જઇને તેણે જુની દીનવાળા યજદાંપરસ્તોને પોતાનાં મંદિરમાં દાખલ થતા અટકાવ્યા હશે? શાયર એમ તો જણાવતોજ નથી કે આ વેળા યા તેની આગમજ ઇરાનમાં કોઇ નવો ધર્મ બરપા થયો હતો. શાયર મુજબ તે તો જમશેદ શાહના રિવાજ મુજબ ખુરશેદની આરાધના કરતો હતો. બુદ્ધ ધર્મમાં આવી આરાધના નથી.

આવી ચીજો બીજો કોઇ બનાવી શકશે? જો તું એમ કબૂલ રાખે કે આસમાન અને જમીન મેં પેદા કીધાં છે તો તારે મને સર્વના સાહેબ તરીકે કબૂલ રાખવો જોઇયે. આ મારા પેગામ લાવનારની ચઢતી દીન તું કબૂલ રાખ અને તેનાથી તે દીનની રાહ રીતિ શીખી લે. તે જે કાંઇ કહે તે ઉપર તું નજર પુગાડ અને તે મુજબનાં કામ કર. આ દુનિયાને તુચ્છ ગણ અને ભલી દીન એખ્તિયાર કર, કારણકે મજહબ વિના પાદશાહી હોતી નથી.

૧—જરતોશ્તી ધર્મની જે સમજણ આ ફકરાઓમાં છે તે શું પુરતી છે—શું તે દીનને અને દીનના સ્થાપકને ઇનસાફ આપનારી છે? જો દકીકીએજ પોતાની ૧૦૦૦ બેતોમાં જરતોશ્ત પેગમ્બરની દીનની આ સમજણ આપી હોય, અને દકીકી એક જરતોશ્તી હતો, તો તેના જેવા એક જરતોશ્તી શાયરને શાહ મેહમુદ ગજનવીના જમાનામાં કેટલું બધું ઓછું—બલકે નહિ સરખું જ્ઞાન હોવું જોઇયે! દકીકી આ હજાર બેતોનો લખનાર ન હતો તે તકરારને આ તેની નવી દીનનાં ફરમાનો સમજાવવાની અધુરી અને ગેરઇનસાફી ભરેલી રીતથી ટેકો મળે છે. સારાંશ એજ કે આ બેતો તેની નહિ હોય.

બીજા હાથ ઉપર સવાલ ઉઠે છે કે જેઓ "બાસ્તાન નામુ" નામના કોઈ બેમાલુમ ગ્રંથની જ્યાર ત્યાર વાતો કરે છે તેઓ જરતોશ્તના ધર્મની ઉપલી તુચ્છ સમજણનો શો જવાબ આપે છે? આપણને વારંવાર કહેવામાં આવે છે કે ફિર્દોસીએ "બાસ્તાન નામા"ને આધારે અથવા તે ઉપરથી શાહનામું લખ્યું હતું, તો તે નામામાં શું જરતોશ્તી ધર્મની ખુબી ઉપર મુજબની અધુરી અને વગર સમજની સમજાવવામાં આવી હશે? પેહલવીના જમાનાના દસ્તુરો અને દાનાઓ જેઓએ જરતોશ્તી ધર્મ પુસ્તકો સજીવન કીધાં હતાં તેઓ પોતાના ધર્મથી આટલા બધા ગાફેલ તો નહિજ હતા. "દીનકર્દ" અને "જાદસ્પરમ" વગેરે પેહલવી ગ્રંથોમાં નવી દીન બાબે તે જમાનાને અનુકુળ પડે એવું ઘણું સારૂં જ્ઞાન આપવામાં આવેલું છે, તો તેજ જમાનાનો ઉપલી અણદીઠ કેતાબમાં તેવુંજ જ્ઞાન આપવામાં આવેલું હોવું જોઇયે અને જો હોય તો આપણો શાયર તેનો પુરતો ઉપયોગ કર્યા વિના રહેજ નહિ. પણ તેમ તેણે કીધું નથી, કારણ કે તેવી કોઈ કેતાબ હતીજ નહિ, એટલે તેમાં તેવું વર્ણન હોયજ શેનું? ફિર્દોસી જ્યાં જ્યાં "પેહલવી" શબ્દ વાપરી ગયો છે ત્યાં તે એ નામની ભાષાને માટે નહિ પણ "પુરાણી" ભાષાના અર્થમાં વાપરી ગયો છે.

તેણે નવી દીન કબૂલ કીધી.

જ્યારે શાહ ગુશ્તાસ્પે આ સઘળી વાતો સાંભળી, અને સાંભળીને પછી જરતોસ્તે જાહેર કરેલી નવી દીનનાં ફરમાનો અને રાહરીતિઓ વિષેની ખબરદારી મેળવી, ત્યારે તેને પોતાની ચાલુ દીન કરતાં તે વધારે મોતેબર અને બુલંદ તથા અક્કલપસંદ અને ફેલાવો કરવા લાયક જણાઇ. આ ઉપરથી તેણે તે દીન કબૂલ રાખી એખ્તિયાર કીધી, અને તેની પછી તેના ભાઇ જરીરે[2] પણ પેગમ્બરની દીન કબૂલ રાખી. એજ રીતે વળી સઘળા પ્રાંતોના શાહો નામીચા નરો અને મહાપુરૂષો, હકીમો અને લડવૈયાઓએ ગુશ્તાસ્પની દરબારમાં હાજર થઇને કમરબંધ[3] બાંધ્યો અને દીન કબૂલ રાખી.

૨—આ શાહજાદાનું અવસ્તાઈ નામ "જઇરિવઇરિ" છે. પેહલવીમાં તેનું નામ "જરીરાન" છે, અને તેણે પાછળથી લડવામાં આવેલી ધર્મ સંબંધી લડાઇમાં જે પરાક્રમો કરી બતાવ્યાં હતાં તે ઉપરથી રચાયલી એક પેહલવી કેતાબને "ઐયાદગારે જરીરાન" એવું નામ મળ્યું છે. એ કેતાબમાં કે બીજી કોઇપણ કેતાબમાં "બાસ્તાન નામુ" કે "ખુદાઇ નામુ" જેવા ગ્રંથો વિશે ઇશારો નથી.

૩—આ કમરબંધને આપણા લોકો કુશ્તીનો કમરબંધ ગણે છે. કેટલાકો કહે છે કે કુશ્તી બાંધવાનો રિવાજ છેક શાહ જમશીદના જમાનાથી છે. વળી બ્રાહ્મણોમાં જનોઇ પહેરવાનો રિવાજ આ કુશ્તીના રિવાજને મળતો ગણાય છે, અને એ રીતે તે પુરાણો મનાય છે. ત્યારે જરતોશ્ત સાહેબના દીન લાવવા સાથે આ રિવાજને કાંઇ નિસ્બત હોવી નહિ જોઇયે, તોપણ શાયર આપણને આ મતલબનું કેમ જણાવે છે કે સઘળાઓ કુશ્તી બાંધીને દીનમાં દાખલ થયા? આ ઉપરથી તો એમજ ઠરે છે કે કુશ્તી બાંધવાનો રિવાજ પેગમ્બર જરતોશ્ત પછીજ ઇરાનમાં દાખલ થયો હતો. ગાથા કે અવસ્તાવાણીના બીજા કોઇપણ ભાગમાં કુશ્તી બાબેનો ઇશારો નથી; ફક્ત હોરમજદ યશ્તમાં (ફકરો ૧૭) "અઇવ્યાઓંઘહનેમ" શબ્દ છે જેનો અર્થ કોઇ તરજુમો કરનારા કમરબંધનો અને કોઇ કુશ્તીનો કરી ગયા છે. મૅશર્સ વૉર્નર ભાઇઓનાં રચેલાં શાહનામા (દફ્તર ૫, સફે ૩૪) માં કમરબંધનોજ અર્થ મુકયો છે, પણ દસ્તુર મિનોચેહર જામાસ્પજીએ પોતાના તરજુમો કરેલાં "શાહનામાં" (દફ્તર ૩, સફે ૬) માં કુશ્તીનો અર્થ કીધો છે, કારણકે શાયર પોતે કુશ્તી શબ્દ વાપરી ગયો છે.

એટલુંજ નહિ પણ માજી શાહ લોહરાસ્પ જે "નવ બહાર" માં ભક્તિમાં કાળ ગુજારતો હતો, જેણે દુનિયાની મોજ મજાહ અને લોભ લાલચનો ત્યાગ કીધો હતો, અને જે હાલ બહુ જૈફ અને નાતવાન થઇ ગયો હતો, તેણે પણ અશો જરતોસ્તની દીન કબૂલ રાખી. આ ઇશારા ઉપરથી જણાય છે કે નવ બહાર તે કોઇ બુદ્ધિસ્ત દહેરૂં ન હતું પણ ગોસેનશીની માટેનું મકાન હતું; બુદ્ધ ધર્મ તે વેળા ઇરાનમાં ફેલાયો ન હતો, કારણ કે તે ત્યારે જન્મ પામ્યો ન હતો; અને નવ બહારનાં મકાન નીચે બુદ્ધ પેગમ્બરનાં હાડકાં કે દાંત દાટીને તે ઉપર ડૉ૦ ગુસ્ટીના જણાવ્યા જેવી બુદ્ધિસ્ત ધજા ઉડતી ન હતી, પણ તે બલ્ખની પાદશાહી ધજાજ હતી.

જરતોશ્તે રોપેલું સર્વનું ઝાડ.

આ રીતે ઇરાનમાં જરતોશ્તી ધર્મ દાખલ થયા પછી તેનો આસપાસ ફેલાવો કરવા માટે શાહે મોટા ધર્મગુરૂઓને પરદેશો ખાતે મોકળાવ્યા અને જ્યાં જ્યાં દીન કબૂલ રખાઇ ત્યાં ત્યાં આતશકદેહો બનાવવામાં આવ્યાં. તે નામદારે સૌથી પહેલાં મેહર બુર્જીન [1] નામનો આતશ રોશન કીધો અને ગુંબજ સાથનું તેને માટે મકાન બાંધ્યું. આ આતશકદેહના દરવાજાની સામે જરતોશ્તે એક સર્વ અથવા સરોવરનું ઝાડ રોપ્યું, અને તે સીધી ડાળીનાં દરખ્ત ઉપર લખ્યું કે "બસ્તી દીનમાં ગુસ્તાસ્પ શાહ દાખલ થયો છે." [2] આ દરખ્તનું બયાન આપતાં ફિર્દુસી બહુ

૧—અથવા બુર્જીન મેહર. બુન્દેહશ મુજબ પેગમ્બર જરતોશ્ત ગુશ્તાસ્પ શાહની દરબારમાં જે આતશ લાવ્યો હતો તે આ આતશ હતો, અને તેની ખુબી એ હતી કે તે કાઠી, લુખડ, ખુશબો કે બીજાં કોઈપણ બળતણ વિના હમેશ રોશન રહેતો હતો અને કદી બુઝાઇ જતો ન હતો. વળી કહે છે કે આ બુર્જીન મેહર આતશને શાહ ગુશ્તાસ્પે ખુરાસાનમાં આવેલા રએવંદ પહાડ ઉપર સ્થાપી તે માટેનું મકાન બાંધ્યું હતું. આ પહાડને "પોસ્તે વીશ્તાપાન"ને નામે પણ ઓળખવામાં આવ્યો છે.

આતશ વિષે બોલતાં આતશ-ચાયશમાં અનેક આતશોનાં નામ આપવામાં આવ્યાં છે તે અત્રે ઉતારી લઇશું. એવું જણાય છે કે પેહલવી જમાનાના દસ્તુરોએ અનેક આતશોને જુદી જુદી પંક્તિનાં લોકોના ધંધાઓ ઉપર મવક્કલ કરી આપ્યા હતા. જેમકે "આદર ફરોહબા" અથવા "આદર ફરાહ" નામે આતશ મુબદો, દસ્તુરો અને પરહેજગાર લોકો ઉપર મવક્કલ જણાવ્યો છે. આ આતશને, જીહુન નદીના કાંઠા ઉપરનાં ખારજમ (આજનું ખીવા) પ્રાંતમાં આવેલા ગદમન-હોમંદ નામના પહાડ ઉપર તખ્તનશીન કીધો હતો. બુન્દેહશ મુજબ આ આતશની હસ્તી છેક જમશેદ પાદશાહના વખતથી છે, અને જહાક પાદશાહને તેનો નાશ કરવા દીધો ન હતો. ત્યારબાદ શાહ ગુશ્તાસ્પના અમલ વેળા કાબુલિસ્તાનમાં આવેલા રોશન નામે પહાડ ઉપર નવેસરથી આ આતશની પ્રતિષ્ઠા કીધી હતી, જ્યાં તે બુન્દેહશના જમાના સુધી હૈયાત હતો.

બીજો આતશ આદર ગુશસ્પ નામનો હતો, જેને શાહ કયખુસરૂએ બહમન દેઝનો કિલ્લો જીત્યા પછી રોશન કીધો હતો. કહે છે કે આ આતશ પેહલવાનો અને સિપાહો ઉપર મવક્કલ હતો, અને તે વિજળીના આતશને નામે પણ ઓળખાય છે.

ત્રીજો આતશ તે ગુશ્તાસ્પ શાહે સ્થાપેલો રએવન્ત પહાડ ઉપરનો આદર બુર્જીન મેહર છે, કે જે ખેડુતો ઉપર મવક્કલ છે.

૨—આમ કાંઇ લખાતું નથી અને લખાયલું રહેતું નથી. આની સમજ એજ કે જે વર્ષમાં શાહ ગુશ્તાસ્પ જેવા પાદશાહે જરતોશ્તી મજહબ એખ્તિયાર કીધો તે વર્ષની યાદગારી જાળવી રાખવા માટે, અથવા બરાબર કહિયે તો તે મહાભારત બનાવની યાદમાં, પેગમ્બરે આ ઝાડ રોપાવ્યું હતું. આવી રીતે મોટા બનાવોની યાદગારીમાં ઝાડો રોપાવવાનો શરેસ્તો આજે પણ છે. કહે છે ઇસ્વી ૮૪૬—૮૬૦ માં થઇ ગયલા મુતવક્કલ નામના ખલીફે આ સરોવરનું ઝાડ કપાવી નાખ્યું હતું. પણ તેને માટે તો કહે છે કે તે કિશ્મર ખાતેનું સરોવર હતું, અને જરતોશ્તે રોપેલું ઝાડ તો રએવંત પહાડ ઉપર હતું. "દબેસ્તાને મઝાહેબ" નામની કેતાબમાં જણાવ્યા પ્રમાણે ખોરાસાનમાં આવેલા નીશાપુરને તાબેનાં કિશ્મર નામે પ્રગણાંમાં જરથુશ્ટ્રે ગુશ્તાસ્પને માટે સર્વનું એક ઝાડ રોપ્યું હતું, જેની ખુબીઓની વાત ઉપલા ખલીફને કાને આવવાથી તે નજરે જોવાનું તેનું મન થયું; પણ તે જ્યાં હતું ત્યાં પોતાથી જવાય એમ ન હોવાથી તેણે ત્યાંના અધિકારી અબ્દલ્લાહ તાહિર જવલિમિનને ફરમાવ્યું કે આ સરોવરને કાપી નાખીને બગદાદ ખાતે મોકળી આપવું. આ આફતની ખબર નીશાપુરનાં લોકોને પડવાથી તેઓએ ઉપલા હાકમને આ દરખ્તનો નાશ નહિ કરવા માટે કરગરીને આજીજી કીધી અને ૫૦ હજાર દીનારનું નજરાનું આપવા માંગ્યું, જે તેણે કબૂલ રાખ્યું નહિ. અંતે ઝાડને કાપી નાખ્યું ત્યારે

અતિશયોક્તિ વાપરે છે, અને તેના ઉધરભાવની ખુબી ગાઇને વળી લખે છે કે તે ઉપર શાહ ગુસ્તાસ્પે પાણી અને ખાકની મદદ વિના સોનાનો મહેલ ઉઠાવ્યો હતો અને તે ઉપર જઇને તે વસ્યો હતો. અહીં જમ્શીદ અને ફરીદુન વગેરેની તસ્વીરો ચિતારવામાં આવી હતી. આ મહેલમાંથી શાહે એની મતલબનું ફરમાન કહાડેલું તે જણાવે છે કે—કિશ્મરના સરોવરની બરાબરી કરી શકે એવું જગતમાં બીજું શું છે? ખુદાએ બહેસ્તમાંથી એ મારે માટે મોકલાવીને ફરમાવ્યું છે કે 'આ ઉપરથી તું બહેસ્તમાં જા.' હવે તમો મારી આ શીખામણ માનો અને કિશ્મર ખાને પગે ચાલતા જાઓ, જરતોસ્તને પગળે ચાલો, ચીનની મૂર્તિઓની પૂજા કરવાથી પાછા ફરો, ઈરાનના શાહનાં નૂર અને પ્રતાપ જોઇને હવે તમો કમરે કુસ્તી બાંધો, આગળા નિયાગાનોના રિવાજ તરફ નહિ જોતાં આ સર્વનાં ઝાડના છાયડાથી નિપજતા ફાયદાનો ખયાલ કરો, અને રાસ્ત પેગમ્બરના ફરમાવ્યા મુજબ આતશનાં આ મકાન ઉપર તમારી નજર ઠેરવો.

આ મતલબનું ફરમાન શાહ ગુસ્તાસ્પે પોતાનાં રાજ્યમાં જાહેર કીધું, અને તે ફરમાનને માન આપીને જેઓ તાજદાર શાહ અથવાં સરદારો હતા તેઓ પણ કિશ્મરનાં સરોવર તરફ નવી દીન કબૂલ કરવા માટે ગયા અને એ રીતે અદના અને આલા સર્વે જરતોસ્તના શાગેર્દ બન્યા.

તેની સમજણ.

અહીં સમજવાનું છે કે સર્વેવરનું ઝાડ તે કાંઇ ખરેખરૂં કોઇ ઝાડ ન હતું, અને એ ઝાડ છેક પાછળા વખ્ત સુધી સલામત હોવાની વાત માત્ર કથા જેવી છે. આ માત્ર શાયરની શાયરીનો એક અસરકારક નમૂનો છે—આ માત્ર એક રૂપક અથવા મિસાલ છે. કિશ્મર ખાતેનું સરોવર તે જરતોસ્તી મજહબનું મૂળ મથક છે એટલુંજ આ ઉપરથી સમજવાનું છે. તે ઝાડ ઉપરનો શાહ ગુસ્તાસ્પનો સોનાનો મહેલ તે તે ઉપરની તેની પુરેપુરી આસ્થા અથવા સંપૂર્ણ વિશ્વાસ છે. તે વિશ્વાસ ઉપરથીજ તેણે આ નવી દીન તરફ પ્રજાનાં લોકોને ખેંચવા માટેના હુકમ કહાડયા, અને તેના તે હુકમને માન આપીને નાના મોટા લોકો પોતાના મૂર્તિપૂજાના જુના તરીકાને છોડવા લાગ્યા, તથા આતશને ખુદાઇ નૂર ગણીને તેની મારફતે નૂરી ખુદા જે એકજ છે તેની પરસ્તેશ કરવા લાગ્યા. ઉપલી શાયરી મિસાલનો અર્થ અમો તો એટલોજ સમજિયે છિયે, અને એટલીજ સમજણ બસ છે. શાહ પોતાનાં ફરમાનમાં લોકોને ચીનાઇ મૂર્તિપૂજા તર્ક કરવા ફરમાવે છે તે ઉપરથી ફિર્દૂસી એમ ધારતો જણાય છે કે ગુસ્તાસ્પના અમલનાં પહેલાં વર્ષોમાં અને તેની આગમજ ઈરાની લોકો ચીનાઇ મૂર્તિઓને પૂજતા હશે. આમ નથી. તે લોકો બુતપરસ્ત હશે, પણ જેટલા બુતના પૂજારી હશે તે કરતાં વધારે તેઓ સારા માઠા અનેક દેવો અને દેવીઓને માનતા, તેમને ભોગ આપી સંતોખતા, તેમની મેહરબાની અને માયાની આર્જુ કરતા, તેમને જેમ સારૂં તેમજ માઠું

ત્યાંની ઇમારતો અને નદીનાળાંઓ ખરાબ થયાં, તેમાં માળા બાંધનારાં જાત જાતનાં પક્ષીઓના ઉડવાથી હવા અંધારી થઇ ગઇ, અને તેઓ દુખની ચિચારી પાડવા લાગ્યાં. એજ રીતે તેના છાયા તળે આસરો લેનારાં પ્રાણીઓ પણ કાન ફાટી જાય તેવા બરાડા અને પુકાર મારવા લાગ્યાં. આ ઝાડને બગદાદ મોકલી આપવાનો ખર્ચ પાંચ લાખ દીનારનો થયો. ઝાડની ડાળીઓ ઉપાડવા માટેજ ૧૩૦૦ ઉંટો રોકવાં પડયાં. હવે એક ચમત્કાર બન્યો. ઝાડને હજી તો એકજ મંજલ આગળ લઇ જવામાં આવ્યું હશે એટલામાં ખલીફ મુતવક્કલને તેનાજ સિપાહો તરફથી કાપી નાખવામાં આવ્યો, જેથી તે સર્વનાં ઝાડને જોઇ શકયોજ નહિ.

એક બીજા હેવાલ મુજબ જરતોશત બહેસ્તમાંથો સર્વનાં બે ઝાડ લાવ્યો હતો, જેમાંનું એક કિશ્મરમાં અને બીજું તૂસ ખાતે રોપ્યું હતું.

ફિર્દૂસી આગળ ચાલતાં જણાવે છે તેમ ઈરાનમાં કિશ્મર ખાતે જ્યાં સર્વ રોપ્યું હતું ત્યાંજ આઝર બુ.જીનનું આતશકદેહ પણ હતું.

કરવા માટે એક કરતાં એક સરસ હોય એવા બળવાન લેખતા, અને આમ કરીને તેઓ એકલા એક સર્વ શક્તિમાન ખુદાની હસ્તીનો વિચાર રાખતા ન હતા. આવી દેવપરસ્તી (જેને અવસ્તાવાણીમાં "દયવયસ્ની" નું નામ મળ્યું છે તે) દૂર કરાવીને ખુદાપરસ્તી ("મજદ-યસ્ની") દાખલ કરવા કરાવવાનો અશો જરતોસ્તનો મૂળ હેતુ હતો.

ફસલ ૨—દીન માટે લડાઈ.

દીનદુશ્મન અર્જાસ્પ.

હવે આ રીતે મજદયસ્ની મજહબનો ફેલાવો જેમ જેમ વખ્ત વહેતો ગયો તેમ તેમ આગળ વધતો ગયો. શાહનો સેતારો તેમ તેમ વધારે બુલંદી ઉપર ચઢતો ગયો. હજુ પેગમ્બર સાહેબ હૈયાત હતા. તેઓ જૈફીએ પુગ્યા જતા હતા. દરમિયાન તેમણે શાહ ગુસ્તાસ્પને અર્જ કીધી કે—ઇરાન તરફથી ચીનના શાહને જે ખંડણી અપાય છે તે નવા મજહબ પ્રમાણે લાયક નથી, અને રિવાજથી પણ ઉલટું છે. આગળા કોઇપણ ઇરાની શાહ તૂરાનીઓને ખંડણી આપતા ન હતા, માટે મારો વિચાર પણ આ કામની વિરૂધ છે.

અહીં ચતુર વાંચનારનાં મનમાં સવાલ પેદા થશે કે મહાન શાહ કય ખુસરૂએ ઇરાન અને વરાનનાં રાજ્યો જોડી દઇને મોટી શાહાનશાહતનો પાયો રચ્યા પછી અને લોહરાસ્પ શાહે પોતાનું પાયતખ્ત બન્ને રાજ્યોની વચ્ચેનાં બલ્ખ શેહરમાં મુકરર કીધા પછી, ગુસ્તાસ્પના વખ્તમાં એવો માઠો વખત તે કયો આવી પડયો હોય કે તૂરાનીઓ ઇરાનથી પાછા છુટા પડી ગયા હોય અને તેઓએ પોતાની પાદશાહત નવેસરથી સ્થાપીને ઇરાન કનેથી ખંડણી લેતી કીધી હોય? આવો નઠારો વખ્ત આવવાનો ઇશારો જેમ શાયરે પોતે કીધો નથી તેમ બીજી કોઇ પણ તરફથી તેવું બનેલું જણાતું નથી. ત્યારે આ ખંડણીની વાત કયાંથી આવી? અને વળી ફિર્દુસી ગુસ્તાસ્પના શત્રુને કોઇ વાર ચીનનો, કોઇવાર વરાનનો અને કોઇવાર આ બન્નેનો શાહ કરી ઓળખાવે છે તેનો શો સબબ? આ સવાલનો જવાબ અવસ્તાવાણી ઉપરથી આપણને મળે છે. જો ફિર્દુસીના હાથમાં ખરેખર કોઇ "બાસ્તાન નામું" આવ્યું હોત, અને તેવું કોઇ નામું જો ખરેખર પેહલવી ભાષામાં લખાયલું હોત તો આ ઠેકાણે આપણા મહાન શાયરે જે ગોથું ખાધું છે તે તે ખાત નહિ. ગુસ્તાસ્પના દુશ્મનનું નામ અર્જાસ્પ છે, અને તેને અવસ્તાવાણીમાં વરાન કે ચીનના શાહ તરીકે ઓળખાવ્યો નથી, પણ "ખ્યઓની લોકોના સરદાર" તરીકે ઓળખાવ્યો છે. પેહલવી ગ્રંથ "બુન્દેહશ"માં પણ તેને "ખ્યોન"નો શાહ જણાવ્યો છે. આ ઉપરથી જણાય છે કે અર્જાસ્પ તુરાની કે તૂર્કી કે ચીનો ન હતો, પણ ખ્યોની હતો. કદાચ "ખ્યોન" શબ્દ ઉપરથી આપણા શાયરે ભૂલાવો ખાઇ અર્જાસ્પને ચીનનો શાહ ગણ્યો હશે અને આ ભૂલ બનવા પામે તેનો સબબ છે. પુરાણા યુનાની લખનારાઓ આ અવસ્તાઇ અને પેહલવી "ખ્યોની" લોકોને "ચ્યોનાઇટ્સ" (Chionites) ને નામે ઓળખાવી ગયા છે, માટે "ચ્યોની"ને "ચીની" વાંચવામાં આ ભૂલ થઇ હોય.

તેનું નામુ.

હવે આ ચ્યોની અથવા ખ્યોની જોઇયે તો ખ્યોની લોકોનો મુલક ચીનમાં કે ચીનાઇ તારતરીમાં આવેલો ન હતો. મધ્ય એશિયામાં જીહૂન નદીની ઉત્તર ભણી જ્યાં પુરાતન વરાનનો મુલક હતો ત્યાં આ ખ્યોની લોકોનો મુલક ન હતો. તે બલ્ખના કાબૂવાળા મુલકની બાહેર હતો. તે ઇરાનની બાહેર હતો અને વરાનની પણ બાહેર હતો. પુરાણા યુનાની લખનારાઓ મુજબ

તે અવસ્તાઇ વોરૂકષ અથવા કૅસ્પીઅન સમુદ્રના કિનારાવાળો ભાગ હતો. આવી એક અર્ધજંગલી પ્રજાના સરદારને શાહ ગુસ્તારપ જેવો આર્ય અથવા ઇરાની પાદશાહ ખંડણી આપે એ માનવામાં આવે એવી બિના નથી. અને આપણા શાયરે તેમ જણાવ્યું છે તે માત્ર અર્જાસ્પને મોટા ગણી તેના જેવા મોટા શાહનું રાજ્ય ગુસ્તાસ્પે અંતે જીતી લીધું તે માટે તેની નામદારી વધારવા થકીજ હોઇ શકે.

ગુસ્તાસ્પે હવે પેગમ્બરની સલાહ માનીને અર્જાસ્પને ખંડણી આપવાની ના પાડી અને એ બાબેના તેના ઠરાવની ખબર અર્જાસ્પને પડી. આથી તે છેડાયો; પણ પોતાનો ગુસ્સો એકદમ જાહેર નહિ કરતાં તેણે બીદરફ્રશ ("વાવટા વિનાનો") અને નામખાસ્ત ("નામદારીનો શોધનાર") નામના બે ખ્યોની એલચીઓને એક નામુ આપીને બલ્ખની દરબારમાં મોકળ્યા. પ્રથમ તેણે પોતાના નામદારોને બોલાવી તેમની આગળ પોતે સાંભળેલી બિના જાહેર કરતાં જણાવ્યું કે—ઇરાનમાં કોઇ ઘરડા જાદુગરે દેખાવ દઇને પોતે ખુદા તરફનો પેગામ લાવનાર છે એમ જાહેર કીધું છે, જંદ અવસ્તાની કેતાબ રજુ કીધી છે, બહેસ્ત જોઇ આવવાનો તે દાવો કરે છે, અને કહે છે કે હારેમનને દોજખમાં મેં દીઠો છે. વળી ગુસ્તાસ્પે અને જરીરે તે બુઢ્ઢાની દીન કબૂલ રાખી છે. એટલામાટે હું ઇરાનના શાહ ઉપર એક નામુ લખી તથા વગર માગ્યે હદિયો મોકલાવીને તેને આ નવી દીનથી પાછો ફરવા સમજાવું છું, પણ જો તે નહિજ સમજશે તો પછી લસ્કર લઇ જઇ તેને કેદ પકડી જીવતો સુળીએ ચઢાવું છું.

ચીની અથવા બરાબર બોલિયે તો ખ્યોની સરદારોને પોતાના શાહની આ વાત પસંદ આવી, જે ઉપરથી અર્જાસ્પે એક નામુ તુર્કી ભાષામાં લખ્યું,[૧] જેમાં ગુસ્તાસ્પને નવા તરીકાથી પાછો ફેરવવાના સંબંધમાં કેટલીક વાતો લખ્યા પછી તેને લાલચ બતાવી કે જો તું આ દીન તર્ક કરશે, કમરેથી કુસ્તી છોડી નાખશે, જુનો રવૈયો ચાલુ રાખશે, તો તને મારા તરફથી કશી આસેબ પહોંચશે નહિ, એટલુંજ નહિ પણ કશાન અને ચીનના મુલુક જાણે ઇરાનનાજ મુલુક હોય એવી રીતના થઇ પડશે, તથા હું તને બેશુમાર ખજાનો આપીશ, તથા સોનારૂપાના તેમજ ઝવેરાતથી મઢેલા સાઝ અને જીનથી શણગારેલા ઘોડા અને ગુલામો અને દાસીઓ, વગેરે તું માગશે તે આપીશ. પણ જો તું મારી શીખામણ નહિ માનશે તો એકાદ બે મહિનામાં ચીન અને તુર્કી લશ્કર લઇ ઇરાન ઉપર ઉતરી પડીશ, તારા નવા મહેલને સલગાવી મુકીશ, તારા મુલ્કને બાળી નાખીશ, તેને વેરાન કરીશ, ઘરડા ઇરાનીઓને કેદ પકડીશ, બૈરાં છોકરાંને મારે વતન ખેંચી જઇ ગુલામ બનાવીશ, અને એ રીતે ઇરાનની ખરાબી કરીશ.

ગુસ્તાસ્પનો જવાબ.

આ મતલબનું નામુ લઇને પેલા બે એલચીઓ, જેઓમાંનો એક બિદરફ્રશ[૨] બુજર્ગ ઉમરનો પણ બહાદુર લડવૈયો હતો અને બીજો નામખાસ્ત જેને શાયર "જાદુગર" નું નામ આપે છે, તેઓ બલ્ખ આવ્યા. શાહ ગુસ્તાસ્પ અર્જાસ્પનું નામુ વાંચી બહુ છેડાયો. તેણે પોતાના વજીર જામાસ્પને બોલાવ્યો, તથા બીજા ચુનંદા સરદારો અને પ્રધાનો અને મુબદોને ભેગા કીધા. તેણે વળી અશો જરતોસ્તને પણ હાજર રાખ્યા. શાહનો ભાઇ જરીર કેજે આ વેળા ઇરાની લસ્કરોનો સપેહસાલાર હતો તે પણ આ

૧—વૉર્નર આ ભાષાને "પઇવુ" નું નામ આપે છે.—શાહનામુ, દફ્તર ૫, સફે ૩૮.

૨—આ બીદરફ્રશનું અવસ્તાઇરૂપ દર્વિક છે, જે નામનો ખ્યોનના અર્જાસ્પનો એક ભાઇ હતો, જેને અવસ્તામાં બુતપરસ્ત કહેલો છે. આપણા શાયર પ્રમાણે બીદરફ્રષ પણ જાદુગર હતો, અને પેહલવી લખાણો મુજબ ખ્યોનો બુતપરસ્ત હતા તે સઘળા જાદુગર હતા.

દરબારમાં હાજર હતો. આ વેળા શાહનો બેટો અસ્ફંદિયાર હજી બાળક હતો. ગુસ્તાસ્પે આ સઘળા નામદારો આગળ અર્જાસ્પનું નામુ વાંચી સંભળાવ્યું[1]. આથી ઉસ્કેરાઇને જરીરે તેમજ શાહજાદા અસ્ફંદિયારે પોતાની શમ્શીર ખેંચીને પેગમ્બર જરતોસ્તની દીન તરફથી લડવાના કસમ લીધા, અને પછી જરીરે શાહના હુકમથી અર્જાસ્પનાં નામાનો જવાબ ઘડી કહાડયો, જેમાં એવી મતતલબનું જણાવ્યું હતું કે—તારાં અપમાન ભરેલાં નામાના જવાબમાં અમો જલદીથી લશ્કર લઇ લઢવા આવિયે છિયે. લાખો લાખ શૂરવીરો જેઓ લડવૈયા છે, જેઓ નામદારો છે, જેઓએ નવી દીન એખ્તિયાર કીધેલી છે, તેઓને લઇને હાથીઓ ઉપર નકારાં ઠોકતો હું આવી લાગું છું, અને તારૂં સર કુટી નાખુંછું." [2]

શાહે આ નામુ પેલા તુર્કી કાસદોને હવાલે કરતાં જણાવ્યું કે જો પેગમ્બર જરતોશ્તની દીનમાં મના કરેલી નહોત તો તમને જીવતા સુળીએ ચઢાવી દીધા હોત એવી કિસમનું નામું તમો લાવ્યા છો. આ પછી શાહે જરીરને ફરમાવ્યું કે ઉંચા પહાડો ઉપર આતશ રોશન કરીને શેહરે શેહર અને પ્રાંતે પ્રાંતનાં લોકોને ખબર આપ કે લડાઇ જાગી છે માટે આતશના પૂજારી તરીકે આરાધના કરનારા મુબદો સિવાય દેશના ૧૦ થી ૮૦ વર્ષના સર્વ મર્દોએ લડાઇમાં ઉતરવું, અને બે મહિનામાં જેઓ લડાઇ માટે આવી પુગશે નહિ તેમને તેમનાંજ વતનમાં ફાંસી દેવામાં આવશે.[3] આ કિસમના પાદશાહી હુકમને લીધે ઇરાનીઓનું એક મોટું લશ્કર જમા થયું અને લડાઇનાં મેદાન તરફ ચાલ્યું, જેની જોડે શાહ પોતે પણ હતો.

ઇરાન ઉપર ચઢાઈ.

પેલી તરફથી જ્યારે શાહ અર્જાસ્પને પાછો જવાબ મળ્યો ત્યારે તેણે પણ પોતાનું લશ્કર તૈયાર કીધું. તેણે ત્રણ લાખ માણસોની સરદારી પોતાના બે ભાઇઓને આપી, જેઓ મધેના એકનું નામ કોહરમ અને બીજાનું અન્દરીમાન હતું.[4] આ બન્નેને બે પાંખોની સરદારી આપીને અર્જાસ્પે તેઓની વચ્ચેનાં લશ્કરનું વડપણ લીધું. વળી ફિર્દૂસી પ્રમાણે તે શાહે આખાં સૈન્યની સપેહસાલારી ગુર્ગસાર નામના બુજર્ગ સરદારને આપી, અને તેના ભાઇ બીદરફૂશને વરૂની શિકલવાળો ઝુંડો આપ્યો, તથા સિંહો સાથ હાથોહાથ લડનાર ખશાશ નામના બહાદુરને લશ્કરોની હરોલમાં રાખ્યો, અને વળી હુશદીવ નામના ધણીને લશ્કરના પાછળા ભાગની તકેદારી સોંપી. આ રીતે લશ્કરી તૈયારીઓ કરીને અર્જાસ્પ ઇરાન જીતવા અને લુટવા આગળ વધ્યો, અને જેમ જેમ આગળ વધ્યો તેમ તેમ તે ગામો અને

૧—નાયબ દસ્તુર મિનોચેહરજી જામાસ્પજી પોતાના તરજુમાવાળા શાહનામાનાં ૩ જાં દફતર (સફે ૯) માં જણાવે છે કે અર્જાસ્પે લખેલાં નામાવાળા ભાગથી જે હકીકત ફિર્દૂસીનાં શાહનામાંમાં જોવામાં આવે છે તે "ઐયાદગારે .જરીરાન" નામની પેહલવી કેતાબમાં આવેલી તમામ હકીકતને સહેજ ફેરફાર સાથ મળતી આવે છે.

૨—ફિર્દૂસી પ્રમાણે શાહે દશે મહિનામાં લડાઈ કરવા જણાવ્યું હતું. "ઐયાદગારે .જરીરાન" મુજબ લડાઇ માટે "હુતોશે ર.જુર" નામે જંગલનાં મેદાનમાં લડાઈ ચાલી હતી, જેને માટે લખે છે કે ત્યાં ઊંચા પહાડો કે ઉંડી ગુફાઓ (ખીણો) નથી.

૩—ઐયાદગારે .જરીરાન.

૪—અવસ્તા પ્રમાણે અર્જાસ્પના ઘણા ભાઇઓ હતા, જેઓ મધેનો એક વન્દરેમનિશ નામનો હતો, તે અન્દરીમાનને મળતો આવે છે, પણ કોહરમ નામનો તેનો ભાઈ જણાતો નથી. આગળ ચાલતાં કોહરમ તો અર્જાસ્પના ભાઇને બદલે બેટો હોય એમ જણાય છે. મી૦ હોડીવાળા પ્રમાણે આ કોહરમ તે ગાથામાં જણાવેલો "ગ્રેહ્મ" શબ્દ છે, કે જે વિશેષ નામ છે, અને એ નામવાળો ધણીજ અશો .જરતોશ્તનો મોટો શત્રુ હતો. ગાથામાં અર્જાસ્પનું નામ નથી, પણ, મી૦ હોડીવાળા મુજબ ત્યાં તેને "દ્રેગ્વન્ત"ને નામે ઓળખાવ્યો છે.—જુઓ અગાડી સફે ૧૧૬.

શેહરો વેરાન કરતો અને આગમાં બાળી નાખતો ચાલ્યો.[1]

ભવિષ્યવાણી.

ગુશ્તાસ્પે પોતાનાં લશ્કરોને બે વર્ષનો પગાર આગમજથી આપી દીધો હતો તે ઉપરથી જણાય છે કે લડાઇ લાંબી મુદ્દત ચાલશે એવો સંભવ હતો. તે જ્યારે બલ્ખથી ઉપડીને જીહૂન નદીના દક્ષણ ભણીના યાને ઇરાન તરફના કાંઠા ઉપર જઇ પુગ્યો ત્યારે ત્યાં છાવણી નાખી, અને પછી પોતાના વજીર જામાસ્પને[2] પોતાની નજદીક બોલાવીને તેણે પુછ્યું કે—આપણે માથે ઉઠાવેલી આ લડાઇ કેવી નિવડશે અને આપણા-માંના કોણ કોણની ઉપર આફત વરસશે.[3] આ સેવાલ સાંભળતાંજ બુઢો[4] જામાસ્પ બહુ રંજીદા થયો. તેણે કહ્યું કે—દાદાર હોરમજદે મને આ ખબરદારી નહિ આપી હોત તો હું સારૂં, કે તું શાહ મને આવો સવાલ નહિ પુછત. તોપણ મારે જવાબ આપવોજ જોઇયે; જો નહિ આપું તો શાહ મને જીવતો રાખે નહિ.[5] ગુશ્તાસ્પે જવાબ આપ્યો કે—હોરમજદ-ના, પેગામ લાવનાર જરતોસ્તના, અને બહાદુર જરીર તથા તેહમતન અસ્ફંદિયારના કસમ લઇ કહું છું કે હું તને ઇજા કરીશ નહિ તેમ કોઇને કરવા દઇશ પણ નહિ. માટે બેફિકર બનીને જે કાંઇ હોય તે કહી દે કે જેથી મને મદદ થાય.

આ રીતની ખાતરી મળ્યા પછી જામાસ્પે શાહને જે કાંઇ કહ્યું તે શાહનામને બદલે ઐયાદગારે જરીરાનને આધારે અહીં ટુંકમાં જણાવીશું. તે દાના નજુમી નજુમ જોતો હોય તેવી ઢબમાં આ મતલબનું બોલ્યો કે—

મહિના દહાડામાં બહાદુર લશ્કરો એક બીજા સાથ અને પેહલવાનો પેહલવાનો સાથ લડશે. ઘણા બેટાઓ બાપ વિનાના અને બાપો બેટા વિનાના, ભાઇઓ ભાઇ વિનાના અને ઓરતો ખાવંદ વિનાની થશે. ઘણા ઇરાની સવારો

1—જ્યારે ઐયાદગારે જરીરાન મુજબ અર્જાસ્પની આગમજ ગુશ્તાસ્પ લડવા નીકળ્યો હતો ત્યારે ફિર્દુસી મુજબ અર્જાસ્પ ચઢાઇ લાવે છે એવી ખબર મળ્યા પછીજ ઇરાનનો શાહ તેની સામે લડવા ગયો હતો.

2—ગાથામાં જરતોશ્ત તેને "દે-જામાસ્પ" ને નામે ઓળખાવે છે, જેનો અર્થ ગ્નાની અને ડાહ્યો થાય છે. "ઐયાદગારે જરીરાન" માં તેને જામાસ્પ બખ્એતાસ ને નામે ઓળખાવ્યો છે, અને તે કેવો ખબરદાર હતો તે દેખાડ્યું છે. શાહે તેનાથી લડાઇનું શેવટ શું આવશે તે જાણવા માગતી વેળા તેને આમ કહ્યું હતું કે—"હું જાણું છું કે તું જામાસ્પ દાના અને દુરઅંદેશ તથા નજુમ જોનાર છે. તું વળી એ પણ જાણે છે કે જયારે દસ દહાડા વરસાદ આવે છે ત્યારે કેટલા છાંટા જમીન પર પડે છે, અને છાંટા ઉપર છાંટા કેટલા પડે છે. વળી તું જાણે છે કે કયાં ઝાડો ખીલશે; કયું દિવસે, કયું રાતે અને કયું ચંદણીમાં ખીલશે. તું એ પણ જાણે છે કે પવનની કઇ લહેકી ભીની છે અને કઇ સુકી છે. વળી તું આ પણ જાણે છે કે અ.ઝદહાના નક્ષત્રમાં મહિનો કેવો નિવડશે." ફિર્દુસી જામાસ્પની આ સઘળી ખુબી વિષે કશું જણાવી જતો નથી.

3—ઐયાદગાર મુજબ શાહે એટલુજ જાણવા મગ્યું કે "હું ગુશતાસ્પના બેટાઓ અને ભાઇઓમાંથી કોણ જીવતા રહેશે અને કોણ માર્યા જશે?"

4—ફિર્દુસી જામાસ્પને મોટી ઉમરે પુગેલો જણાવે છે, કારણ કે ઉમર સાથ દાનાઇ અને ગ્નાનને નિસ્બત છે.

પણ અવસ્તાઇ ભણતર મુજબ જામાસ્પ ખબરદાર હોવા છતાં આ તેળા ઘરડો થયો ન હતો.

5—ઐયાદગાર વધારે ખુલાસો કરે છે. શાહનો સવાલ સાંભળી જામાસ્પ બોલ્યો કે—હું ઇચ્છું છું કે હું માને પેટે જન્મ્યોજ ન હોત અને જન્મ્યો તો બચગીમાં મરણ પામ્યો હોત અથવા આફતમાં આવ્યો હોત, યા દરિયામાં પડયો હોત કે તું શાહ મને આ સવાલ નહિ પુછત. પણ જ્યારે તું પુછેછે ત્યારે રાસ્તી સિવાયે બીજું કાંઇ કહીશ નહિ. પણ તે સાંભળીને તું ચાહે તો ખંજર વડે મારો જાન લઇ શકે; માટે હોરમજદનાં નુરના, માજદયસ્ની દીનના, અને તારા ભાઇ જરીરના જાનના કસમ ખા. ફ્વારૂપ અને ગોશ ઇજદનું નામ લઇને પાણી પાયલી ચળકતી શમ્શીર તથા જડબાંનાં હાડકાંમાંથી બનાવેલો તીર ત્રણ મરતબે મસલ અને સોગન ખા કે હું તને મારૂં નહિ અને તને તારો બચાવ કરવાની હાલતમાં મેળું નહિ. ગુશ્તાસ્પે આ મુજબનાં કસમ ખાધા હતા.

ખ્યોનના શાહનું લોહી રેડવા ચહાશે, પણ તેમાં ફાવશે નહિ. પેલો જાદુગર બીદરફ્શ લડાઇને જોશમાં લાવશે, તારા ભાઇ બહાદુર જરીરને મારશે, તથા તેનો લોખંડની ખડીનો કાળો ઘોડો લઇ લેશે. પેલો નામખ્વાસ્તે હજારાન લડવા આવી તારા ભાઇ પાતખુસ્રુ, કેજે મજદયસ્નાનોમાં અશો છે તેને મારશે અને સોનેરી હાથા સાથનો તેનો ઘોડો લઇ મુકશે; વળી તેજ દુશ્મન તારા બેટા ફર્શહવર્દને મારશે, કેજે જન્મ્યો ત્યારથી કયખાના કિલ્લાવાળા મુલકમાં વસે છે, અને જે તને ઘણોજ પ્યારો છે; એ ઉપરાંત તારા ૨૩ બેટાઓ અને ભાઇઓ માર્યા જશે.

ઉપલી વિગતમાં ફિર્દુસી વધારો કરતાં જણાવે છે કે શાહના અર્દશીર, શીદસ્પ અને નીવજાર નામના બેટાઓ, ખુદ જામાસ્પનો ગિરામી નામનો બેટો, જરીર પોતે અને તેનો માત્ર સાત વર્ષનો બેટો વસ્તુર લડાઇમાં માર્યા જશે એવું જામાસ્પે નજુમ જોઇ જણાવ્યું હતું. આ સઘળું જાણ્યાથી શાહ બેહોશ થઇ તખ્ત ઉપરથી પડી ગયો અને પછી હોશમાં આવી બોલ્યો કે—જ્યારે આ કિસમની આફત વરસવાની છે ત્યારે આ તખ્તોતાજ શા કામનાં? જો મારો બહાદુર ભાઇ અને શાહજાદાઓનો આ જંગમાં નાશ થનાર છે ત્યારે મારે આ જંગમાં ઉતરવુંજ નથી. મારાં જૈફ માતાજી હજી હૈયાત છે તેમને મારા ભાઇનાં મોતથી મારે વધારે દુખી કરવાં નથી. જામાસ્પે[1] શાહની ભૂલ ભાંજીને કહ્યું કે જો તારા સરદારોને તું લડાઇમાં ઉતરવા નહિ દેશે તો દુશ્મનો ઇરાનની કેવી ખરાબી કરશે તેને વિચાર કર. વળી પાક દીનનું રક્ષણ કેમ થશે? માટે હવે તું ભોંય પરથી ઉઠ અને પાછો તખ્તે બિરાજ. દિલગીરી અને ગમથી લાભ થનાર નથી; જે કાંઇ થશે તે ભલુંજ થશે; માટે હોરમજદ ઉપર વિશ્વાસ રાખ અને તેનો હુકમ કબૂલ રાખ.

લડાઇની તૈયારી.

અનેક શીખામણ પછી શાહ ગુસ્તાસ્પે લડાઇમાં ઉતરવાનું મન કીધું. તેના હુકમથી ઇરાની લશ્કરની એક પાંખની સરદારી અસ્ફંદિયારને મળી, જેમાં ૫૦ હજાર સિપાહો હતા. બીજી પાંખના તેટલાજ લડવૈયાઓની સરદારી પોતાના બીજા બેટા શીદસ્પને આપી. વચલા ભાગમાં જરીર પેહલવાન પોતે ઉભો, અને પાછળા ભાગ ઉપર નસ્તૂરને રાખ્યો. આ રીતે લશ્કરોની ગોઠવણ કરીને ગુસ્તાસ્પ એક ઉંચી ટેકરી ઉપર જઇ બેઠો.

પેલી તરફથી અર્જાસ્પ, જેને ફિર્દુસી વારંવાર જુદા જુદા મુલકના શાહ તરીકે ઓળખાવતો આવ્યો છે તેમ હાલ વળી "ચિગિલના શાહ" તરીકે ઓળખાવે છે, તે પણ પોતાનાં લશ્કરો ગોઠવીને એક ઉંચા ડુંગર ઉપર લડાઇનો તમાશો જોતો બેઠો. બીદરફ્શ નામના સરદારને તેણે ખલ્લુખના એક લાખ સિપાહોનાં માથાં ઉપર રાખ્યો, અને હજારાનના બેટા નામખારતને તેટલાજ લડવૈઓની સરદારી આપી." વચોવચમાં તેણે પોતાના બેટા કોહરમને[2] રાખ્યો.

૧—ઐયાદગારે જરીરાન મુજબ શાહે એક હાથમાં શમ્શીર અને બીજા હાથમાં છરી પકડીને જામાસ્પને જાદુગર વગેરે અપશબ્દો કહી તેને મારી નાખવા ચહાયું, પણ પોતે આપેલો કોલ યાદ કીધો, અને જામાસ્પને માર્યો નહિ. જરીર, પાતખુસ્રો, ફર્શહવર્દ, અને અસ્ફંદિયારે એક પછી એક આવીને શાહને વિનંતી કરી તખ્તે બિરાજવા સમજાવ્યો. તખ્તે પાછો બેસી શાહે જામાસ્પને કહ્યું કે હું એક ત્રાંબાનો કોટ બનાવી તેમાં મારા ભાઈ તથા શાહજાદાઓને બંધ કરી રાખીશ કે તેઓ જંગમાં જાયજ નહિ અને ખુઆર થાયજ નહિ.

૨—આમળ ફીર્દોસીએ આ કોહરમને અર્જાસ્પના ભાઈ તરીકે ઓળખાવ્યો છે, પણ અહીં તે તેને બેટા તરીકે જણાવે છે.

ફસલ ૭—દીનની ફતેહ.

ખૂનખાર લડાઇ.

એવું જણાય છે કે દીન માટે બે લડાઇ ચાલી હતી, જેમાંની પહેલીમાં ગુસ્તાસ્પની મોટી હાર થઇ હતી. ઇરાની અને ખ્યોની લશ્કરો વચ્ચેની આ લડાઇમાં સૌથી પહેલો શાહનો બેટો અર્દશીર માર્યો ગયો. તેની બહાદુરી છતાં શત્રુ તરફના એક તીરે પીઠથી તેને જખમી કરીને બેજાન કીધો. તે પછી શીરૂ નામનો શાહનો બીજો બેટો મેદાનમાં આવ્યો. તેણે ઘણી જવાંમર્દી બતાવી, અને એક હજાર શત્રુઓને મારી તે ઇરાની લશ્કર તરફ પાછો ફરતો હતો એટલામાં તેબી પાછળથી ફેંકાયલા તીરનો ભોગ થઇ પડયો. હવે શાહજાદા શીદસ્પે તેની જગા લીધી, અને અર્જાસ્પના બેટા કોહરમનું નામ પુકારી તેને પોતાનો હમ્નમર્દ માગ્યો. એક શત્રુ તેને બદલે શીદસ્પની સામે આવી ઉભો, જેને ભાલો મારી, ઘોડેથી પાડી નાખી, શાહજાદાએ તેનું માથું કાપી નાખ્યું. પણ શત્રુઓ તરફના એક ત્રીજા ઝેહરી તીરે શીદસ્પને પણ જમીનદોસ્ત કીધો.

ત્રણ ત્રણ શાહજાદાઓ દુશ્મનોની ભયંકર ખુઆરી કરવા છતાં માર્યા ગયા પછી હવે વજીર જામાસ્પનો બેટો ગિરામી મેદાનમાં ઉતર્યો. તેણે નામખારત હજારાનને લડવા બોલાવ્યો. તે આવ્યો અને બન્ને વચ્ચે જબરી લડાઇ ચાલી. ગુર્જ અને ભાલા, તીર અને શમ્શીર વડે તેઓ લડયા, જેમાં અંતે પેલા તુરાનીથી ટકી શકાયું નહિ ત્યારે તે નાઠો. ગિરામી તો પોતાના શાહના બેટાઓનો કીનો લેવા માગતો હતો માટે શત્રુને છટકી ગયલો જોઇ તે બહુ ગુસ્સે થયો. હવે બન્ને લશ્કરો એકબીજાની સામસામા જઇને હાથોહાથની લડાઇમાં રોકાયાં. આ જંગમાં એવું બન્યું કે કાવાનો ઝુંડો ઇરાની સરદારના હાથમાંથી પડી ગયો અને ધુળમાં ખરાબ થયો. ગિરામીએ આ બનાવ જોતાંજ ઘોડાપરથી ઉતરીને પોતે તે પાછો ઉઠાવી લીધો અને તે ઉપરની ધુળ ખંખેરી નાખી. આ જોઇ ખ્યોની સિપાહો તેની આસપાસ ફરી વળ્યા અને તેના હાથમાંથી ઝુંડો પાછો મુકાવી દેવા જતાં એક જણે બહાદૂર ગિરામીનો હાથ કાપી નાખ્યો. આથી નહિ ડરતાં તે શૂરા સરદારે ઝુંડો પોતાના દાંત વચ્ચે પકડયો અને પોતે બેજાન થયો ત્યાં સુધી શત્રુના હાથમાં જવા દીધો નહિ. એક હાથ કપાઇ ગયા છતાં તેણે બીજે હાથે શત્રુઓ ઉપર ગુર્જનો માર ચાલુ રાખ્યો. પણ અંતે સંખ્યાબંધ શત્રુઓ આગળ તે બહાદુર નાચાર થયો અને માર્યો ગયો.

હવે સપેહસાલાર જરીરના બેટા નસ્તૂરની વારી આવી. તેણે શત્રુઓનો ભારે સંહાર કીધો; છતાં તેજ એક શાહજાદો હતો કે જે તેમના હાથ ઉપર જાન ખોયા વિના પોતાના બાપને પાછો આવી મળ્યો. પણ તેની પછી જ્યારે શાહ ગુસ્તાસ્પનો બેટો નીવઝાર લડવા ઉતર્યો ત્યારે અંતે તે બહાદુર પણ દુશ્મનના તીરનોજ ભોગ થઇ પડયો. એક વાર ફરીને બન્ને લશ્કરો એકબીજાને વળગી પડયાં, અને એ રીતે શાયર જણાવે છે કે એક પખવાડિયું સુધી લડાઇ એવી ચાલુ રહી કે કોઇ સિપાહોને રાત્રે આસાયશ મળીજ નહિ.

હવે સપેહસાલાર જરીરે આ જંગમાં ઉતરવા ચાહ્યું. તેણે આણીગમથી પેલીગમ પોતાની શમ્શીર અને ગુર્જના ફટકા ચાલુ રાખીને સંખ્યાબંધ શત્રુઓના જીવ લીધા. કોઇ એવો તુરાની ન હતો કે તેની સામો આવીને લડે. આ મામલો અર્જાસ્પે જોયો ત્યારે તેણે પોતાનાં લશ્કરમાં હુકમ મોકલ્યો કે જરીરને તમો ખરાબી કરતો અટકાવી શકશો નહિ તો તે આયાસ, ખલ્લુખ અને ચીનના એક સિપાહને પણ જીવતો રહેવા દેશે નહિ;

માટે જે પેહલવાન તેની સામે જઇ તેનો જાન લેવાને ભાગ્યશાળી થશે તેને હું મારી શાહજાદીનો હાથ શાદીમાં આપીશ અને મારાં લશ્કરનો સપેહસાલાર બનાવીશ.

પણુ આ મોટી લાલચ છતાંબી કોઈ એવો ચીની કે તૂરાની કે તુર્કી કે ચિગિલી કે ખ્યોની નજર આવ્યો નહિ કેજે જરીરની લડાઇમાં પોતાનો પ્યારો જાન આપવા જવાની હિમત વટિક કરી શકે. આથી અર્જાસ્પની આંખે અંધારાં આવ્યાં. તેણે ગુસ્સાથી બીજી મરતબે કહેણુ મોકલાવ્યું પણુ તેબી રદ ગયું; અને જયારે ત્રીજી મરતબે તેણે પોતાના શૂરા કહેવાતા સરદારો અને સિપાહોને વિનવ્યા ત્યારેબી કોઇ મેદાન પડયું નહિ.

તેનો અંત.

અંતે બિદરફ્શ, જેની શાયર ઓળખ આપતો નથી, પણુ જે આપણે આગળથી જણાવતા આવ્યા છિયે તેમ, અર્જાસ્પનો ભાઇ થતો હતો, તે તેની નજદીક આવ્યો, અને એટલીજ શર્ત કીધી કે જો હું જરીરને મારૂં તો તું મને તારાં લશ્કરનો સેનાપતિ ઠરાવજે. અર્જાસ્પ બહુ ખુશ થયો. તેણે આ તુર્કીની બહાદુરીની તારીફ કીધી, તેને સવાર થવા માટે પોતાનો ઘોડો આપ્યો અને તેની જોડે બે માથાંનો પોલાદનો એવો મજબૂત તીર આપ્યો કેજે "લોખંડી પહાડને પણુ ફોડી કહાડે !" આ રીતે સજ્જ થઇને બિદરફ્શ જરીરની સામે લડવા ઉતર્યો, જે આગમજ તે ઇરાની બહાદુર ચાહે તેટલી ખરાબી કરી ચુકયો હતો. છતાં તેનો વિકાળ ચેહરો, તેની દાઢી અને આંખો ધુળથી ભરાઇ ગયલાં તેણે જોયાં, તથા તેના હાથમાં સામ પેહલવાનના જેવો ફતેહમંદ ગુર્જ દીઠો, ત્યારે તે તુર્કી સરદારનાં પેટમાં ફાળ પડી. તે તેની સામે બહાદુરીથી જઇ શકયો નહિ, પણુ તેની નજર ચોરાવીને તેની આજુબાજુ ભમ્યા કીધો, અને લાગ મળતાંજ પેલો બે માથાંનો તીર તેના ઉપર છોડયો. જરીરને આ દગાબાજીની ખબર ન હતી. જો તે જાણુત તો પોતાનો જાન બચાવ કરી શકત. પણુ તે નહિ જોય તેમ છુટેલા પોલાદી તીરથી તેનું બખ્તર વિંધાઇ ગયું અને તેનું બદન ખૂનથી ભીંજાઇ ગયું. તે પોતાના ઘોડા ઉપરથી તુટી પડયો. આ જોતાંજ બિદરફ્શે તેનો કમરબંધ ઉતારી લીધો અને તેના ઘોડા સુદ્ધાં અર્જાસ્પ શાહ આગળ જઇ ઉભો. જરીરનો ઝુડો અને તેનું ઝવેરાતથી મઢેલું તાજ પણુ તે ઉઠાવી ગયો. આ ફતેહથી તુર્કીઓના હર્ષનો પાર રહ્યો નહિ. તેઓએ એક હાથી ઉપર ઇરાની ઝુંડો (દરફ્શે કાવા) ઉપાડીને તમામ લશ્કરમાં ફેરવ્યો, એવું બતાવવા કે ઇરાન તેઓએ ફતેહ કીધું હતું અને તેના સપેહસાલારને માર્યો હતો.

તેનો કીનો.

બીજી તરફથી શાહ ગુશ્તાસ્પ અને ઇરાની સિપાહોની દિલગીરીનો પાર રહ્યો નહિ. જામાસ્પ વજીરને બોલાવીને શાહે તેની આગળ પોતાનો ગમ જાહેર કરતાં કહ્યું કે હવે હું મારા જૈફ પિદર લોહરાસ્પને શો જવાબ દઇશ ? હું તેના ઉપર જરીરના માર્યા ગયાનો પેગામ શી રીતે મોકલાવી શકીશ ! આમ કહીને શાહે પોતાના બાપનો ગુલગુન નામનો બખ્તાવર ઘોડો મંગાવ્યો અને તે ઉપર સવાર થઇને ભાઇનો કીનો લેવા જંગમાં ઉતરવા ચાહ્યું. પણુ જામાસ્પે તેને આમ કરતો અટકાવ્યો, જે ઉપરથી ગુસ્તાસ્પે લશ્કરમાં જાહેર કીધું કે જે પેહલવાન મારા બહાદુર ભાઇનો કીનો લેશે તેને મારી શાહજાદી હુમાય શાદીમાં આપીશ. પણુ આ મોટાં ઇનામ છતાં કોઇની છાતી ચાલી નહિ કે તે જંગમાં ઉતરે અને જરીરને મારનાર ઉપર કીનો લે.

અંતે જ્યારે શાહજાદા અસ્ફંદિયારને આ બાબે ખબર પડી અને તેણે જાણ્યું કે તેનો

પિદર પોતે જરીરનો કીનો લેવા લડાઇમાં જવા માગે છે, ત્યારે તે પોતે આ કામ બજાવવા નીકળ્યો. પોતાને મળેલી લશ્કરની જમણી પાંખની સરદારી પોતાના એક ભાઇને સોંપીને તે જંગમાં ઉતર્યો અને શાહાનશાહી (કાવાની) ઝુંડો ઉપાડીને શત્રુઓની મુકાબેલ જઇ ઉભો. તેના પાંચ ભાઇઓ હતા[1] તેઓને એકઠા કરીને તેણે આ મતલબની વસીહતં કીધી કે—મારી વાત ધ્યાનથી સાંભળો અને સર્વ શક્તિમાન હોરમજદ તરફની દીન ઉપર ઇમાન લાવો. જાણો કે આજનો દિવસ તે છે કે જે દિને ખોટી દીનવાળાઓ કોણ છે તે પરખાઇ આવશે. તમો મોતથી કે બીજા કશાથી ડરતા ના; કારણકે પોતાની આ-કેબત સિવાયે કોઇ મરનાર નથી. જો તમારૂં મોત આ લડાઇમાંજ હોય તો દીનને માટેની આ જંગમાં મરવા કરતાં વધારે કીર્તિ ભરેલું બીજું શું છે ? જેઓ કપાઇ ગયા છે તેમની તરફ નજર રાખતા ના; વધુ મદદ મેળવવાની આર્જુ કરતા ના; જંગથી ડરતા ના. તમારા ભાલાની નોક નીચીજ રાખજો. આગળ અને આગળ ધસવાનોજ પ્રયત્ન કરજો, જો આમ કરશો તો આજની લડાઇમાં હું ફાવી શકીશ, અને જગતમાં તમારી વાહવાહ થશે.

તખ્ત આપવાની શાહની પહેલી કબૂલત.

પોતાના વડા શાહજાદાને લડાઇ લડવા જતો જાણીને તથા તેના તરફના ઉપલા બહાદુર સખુનો સાંભળીને શાહ ગુસ્તાસ્પને ઘણી હિમત આવી. તેણે પોતે પણ પોતાનાં લશ્કર જોગો પેગામ મોકલાવ્યો, જેમાં તેણે પોતાના આ બેટાને લડાઇ પુરી થવે અને તેમાં ફતેહ મળવે તખ્ત હવાલે કરવાની કબૂલત આપીને પોતાની અને અસ્ફંદિયારની ખરાબીનો પાયો નાખ્યો ! તેણે કહેવાડ્યું કે—અય મારા બહાદુરો ! તમો જેઓ મારાં તન અને મારા જાન જેવા છો, તેઓ તીરથી કે તલવારથી કે ભાલાથી ડરશો ના, કારણકે તકદીરની સામે ઇલાજ નથી. ખુદાની દીનના, બહાદુર અસ્ફંદિયારના, અને પ્યારો પેહલવાન કે જે હાલ બહેસ્તમાં જઇ ઉતર્યો છે તેના જાનના કસમ ખાઇ બુજર્ગ શાહ લોહરાસ્પે મને લખ્યું છે અને મેં તે નામદારને કોલ આપ્યો છે કે જો આ જંગમાં મને નસીબ યારી દેશે તો જંગ મેદાન છોડી ગયા પછી હું મારૂં તાજ અને મારૂં તખ્ત અસ્ફંદિયારને હવાલે કરીશ; જે મિસાલે પોતાનાં તાજોતખ્ત મારા પિતાએ મને આપી દીધાં હતાં તે મિસાલે હું મારૂં પાદશાહી તાજ આ બહાદુર બેટાને સોંપીશ, અને મારા બીજા બેટા પશતનને લશ્કરોની સરદારી આપીશ.

હવે તેહમતન અસ્ફંદિયાર પોતાના પાદશાહ આગળ આવ્યો, તે નામદારને નમ્યો, અને પછી કમાનમાંથી તીર છુટો હોય તેવી ઝડપથી જંગ મેદાનમાં દોડયો. તેને એટલું બધું શૂર છુટયું હતું કે આસેપાસે કે સામે જોયા વગર તેણે ચોગરદમ પોતાની શમ્શીર ચલાવવા માંડી અને શત્રુઓને ગોયા ભયથીજ મારી નાખ્યા.

નસ્તૂરનાં પરાક્રમ.

એક તરફથી તે આ યુધ્ધમાં મચ્યો રહ્યો હતો ત્યારે બીજી તરફથી જરીરનો બેટો નસ્તૂર પોતે પણ પોતાના બાપનો કીનો લેવા મેદાન પડયો. પેહલની લખાણમાં જણાવ્યા પ્રમાણે આ વેળા આ શાહજાદાની ઉમર માત્ર સાત વર્ષની હતી, અને તે લડાઇના હુન્નરથી જોઇયે તેવો માહિતગાર ન હતો, માટે શાહ ગુસ્તાસ્પે આ બાળકને જંગમાં ઉતરવાની રજા આપી ન

[1] ૧—શાહનામા તથા ઐયાદગારે જરીરાન મુજબ અસ્ફંદિયારના સંખ્યાબંધ ભાઇઓ હતા, પણ લડાઇમાં તેઓ સઘળા માર્યા ગયા પછી હાલ માત્ર પાંચજ બાકી રહ્યા હોય, જેઓમાંનો એક પશુતન હતો.

[2] ૨—ઐયાદગારે જરીરાન. આ ગ્રંથમાં તે બસ્તુરને નામે ઓળખાયો છે, જે અવસ્તાના બસ્તુવઇરિ ઉપરથી બનેલું રૂપ છે.

હતી, તોપણ તેણે ગુપચુપ ઘોડેસ્વાર થઇ જંગમાં ઝોકાવ્યું. પ્રથમ તેણે પોતાના બહાદુર બાપની લાશ જ્યાં પડેલી હતી ત્યાંથી તેને શોધી કહાડી, અને તેનાં અકાળ મોત માટે ગમ કીધો, અને પછી ગુસ્તાસ્પ આગળ પાછો આવીને તેને અર્જ કીધી કે તે નામદારે પોતાના પેહલવાન ભાઇનો કીનો લેવો જોઇયે. શાયર કહે છે કે શાહે તુરત પોતાનો કાળો ઘોડો[1] તૈયાર કરાવ્યો, પણ જામાસ્પ અને બીજા પ્રધાનોએ તેને તેમ કરતો અટકાવ્યો, અને નસ્તૂર પોતે જંગમાં જવા માંગતો હતો માટે તેને તેમ કરવાની પરવાનગી અપાવી. શાહે પોતાનો બેહજાદ ઘોડો તથા પોલાદની કોલાહ અને બખ્તર તે શાહજાદાને આપ્યાં, અને આ રીતે જરીરનો બેટો શાહી અસ્પ ઉપર સવાર થઇ રણસંગ્રામમાં એવા જુસ્સાથી ધસ્યો અને એવી બહાદુરીથી લડ્યો કે ખ્યોનના શાહને એમજ લાગી ગયું કે આ તો જરીર પોતેજ પાછો જીવતો થઇને લડવા આવ્યો હતો! તેણે પોતાના બાપના ખૂની બીદરફ્શને લડવા બોલાવ્યો, અને અર્જાસ્પના ફરમાવ્યાથી તે તુર્કી નસ્તૂરની સામે જઇ ઉભો. તેના હાથમાં પેલો કાવે આહંગરવાળો ઇરાની ઝુંડો હજી ઉઠાવેલો હતો, કેજે તેણે સપેહસાલાર જરીરને મારીને હાથ કીધો હતો. તે જરીરનાજ ઘોડા ઉપર સવાર થયલો હતો અને તેનુંજ બખ્તર તેણે પહેરેલું હતું. વળી તેણે તેજ તલવાર ખેંચેલી હતી કેજે વડે તેણે જરીરનો જાન લીધો હતો.[2]

જરીરનો કીનો.

નસ્તૂર અને બીદરફ્શ ઘણો વખ્ત સુધી લડયા, પણ તેઓની જંગનું શેવટ આવે તે આગમજ રોઇનતન અસ્ફંદિયારને નસ્તૂરની લડાઇની ખબર મળતાંજ તે દોડતો તેના હરીફની સામો આવ્યો. આ જોઇ તે તુર્કી પોતાના નવજવાન હરીફને પડતો મુકી આ નવા હમ્નબર્દ ઉપર ભાલો લઇને ધુમ્યો, પણ અસ્ફંદિયારે તેનો ભાલો પકડી લીધો અને તે વડે બીદરફ્શને પોતાનેજ વીંધી નાખ્યો. જેવો તે ઘોડાપરથી તુટી પડ્યો તેવોજ તે શાહજાદાએ ઉતરી પડી તેના બદન ઉપરથી જરીરનું બખ્તર ઉતારી લીધું, અને પછી તેનું સર તનથી જુદું કરીને તેનું ડોકું તથા તે બખ્તર તેમજ જરીરનો ઘોડો તથા ઇરાની ઝુંડો એ સર્વ હદિયા તરીકે લઇને શાહ ગુસ્તાસ્પની આગળ જઈ ઉભો. માર્ગમાં તેને ઇરાની લશ્કરોએ ખુશહાલી અને શાબાશીના પુકારોથી વધાવી લીધો.

આ ફતેહ પછી અર્જાસ્પની પુરેપુરી શિકસ્ત દૂર ન હતી. જરીર જેવા નામદાર કાકાનો કીનો લઇને હવે બહાદુર અસ્ફંદિયાર પાછો જંગમાં ઉતર્યો. તેણે લશ્કરોની નવેસરથી વહેંચણી કીધી: એક ભાગ નસ્તૂરની અને બીજો ભાગ પોતાના ભાઇ નૂશઆજરની સરદારી તળે મુક્યો, અને તેમની વચ્ચેનો વિભાગ પોતાના હાથમાં રાખ્યો. તેઓ સર્વેએ પક્કો ઠરાવ રાખ્યો કે જંગમાં પુરેપુરી ફતેહ મેળવ્યા વિના મેદાનમાંથી જીવતા પાછું ફરવું નહિ. આ પછી લડાઇ બહુ જોશથી ચાલી, અને ત્રણે બહાદુરોએ ઘણી નામદારી મેળવી. અર્જાસ્પ પોતાના સિપાહો સાથ સામો થયો, પણ અંતે તેઓ સઘળા માર્યા ગયા, જખ્મી થયા અને નાસી ગયા, અને સાંજ

૧—ફાર્સી જરતોશ્ત નામા પ્રમાણે "અસ્પે સિયાહ". આગળ ચાલતાં ફિર્દોસી જણાવે છે તેમ આ કાળા ઘોડાનું નામ "બેહજાદ" હતું.

૨—અહીં શાયરે ગફલત ખાધી છે. જરીરને તો અર્જાસ્પે આપેલા બે માથાના તીર વડે મારવામાં આવ્યો હતો એમ ફીર્દોસીને આધારે આપણે આગળ જોયું છે. અહીં તલવારનો ઈશારો છે. હવે જામાસ્પે ભવિષની વાતો શાહ ગુસ્તાસ્પને કહી ત્યારે જરીરનું મોત તીરથી નિપજવાનું જણાવેલું છે, તો જોકે શત્રુના હાથમાં જેહરી તલવાર પણ હતીજ. દાદમારે જરીરાન તીર નહિ પણ તલવાર વડેજ જરીરને માર્યો ગયલો જણાવેછે.

પડવે પોતાને તદન એકલો જોઇને આ ખ્યોની શાહ પોતે પણ નાઠો.[1]

ગુશ્તાસ્પની મોટી ફતેહ.

પોતાના શાહને નાઠેલો જાણીને બીજા ભાગો ઉપર લડતાં ખ્યોની લશ્કરોએ અસ્ફંદિયારથી પનાહ માગી, નવી યાને જરતોસ્તી દીન કબૂલ રાખવાને કોલ આપ્યો, અને હથિયારો નાખી દઇ શરણ થયાં. શાહજાદાએ તેમની વધુ કતલ બંધ કરાવી અને ઢંઢેરો ફેરવીને પોતાના સરદારોને ફરમાવ્યું કે વધુ તુર્કીઓને બંધવા નહિ પકડતાં યા તેમની કાપાકાપી નહિ કરતાં, જેઓ જખ્મી થઇ પડેલા છે તેમની ગણતરી કરવી અને તેમની માવજત કરી બને તેમ તેમના જાન બચાવવા. આ પ્રમાણે થયું. ફતેહની આ રાત ઇરાનીઓએ ખુશી ખુર્રમીમાં ગુજારી, અને બીજે દિને શાહ ગુસ્તાસ્પ જંગ મેદાનમાં ફરવા નીકળ્યો. આ વેળા તે પોતાના શબ્દક નામે ઘોડા ઉપર સવાર થયો હતો. તપાસ લેતાં જેઓ પોતાના ખેશી અથવા ઓળખાણવાળા માલુમ પડ્યા તેમને માટે શાહે ગમ કીધો, પણ સૌથી વધારે દિલગીરી તેણે પોતાના ભાઇ જરીરની લાશ જોઇને બતાવી. આ સઘળાઓની લાશને ધોઇ સાફ કરી તેમને યોગ્ય રીતે ઠેકાણે પાડવા માટે ઇરાની છાવણી તરફ લઇ ગયા. એજ રીતે મેદાનમાં, ખીણમાં અને ટેકરીઓ ઉપર તપાસ કરતાં જેટલા જખ્મી સિપાહો જણાયા તેમને, પણ યોગ્ય માવજત માટે ઉપાડી લઇ જવામાં આવ્યા.[2]

આ રવેશે ફતેહ મેળવીને શાહ ગુસ્તાસ્પ ભારી ધામધુમ સાથ પાયતખ્ત બલ્ખ ખાતે પાછો ફર્યો, જ્યાં તેને મોટો હર્ષભર્યો આવકાર મળ્યો. જખ્મીઓની માવજતનું કામ તમીબો વગેરેને સોંપવામાં આવ્યું, અને બીજાં શાહી કામો જોડે શાયર જણાવે છે કે ગુસ્તાસ્પે પોતાની શાહજાદી હોમાય શાહજાદા અસ્ફંદિયારને શાદીમાં આપી,[3] અને નસ્તૂરને ઇરાનીઓના રિવાજ મુજબ લશ્કરોનું વડપણ મળ્યું. તેણે તેને ૧૦ હજાર સિપાહો આપીને ફરમાવ્યું કે આયાસ અને ખલ્લુખને માર્ગે તુરાન ઉપર ચઢી જઇને ત્યાંના શાહનો પરાજય કરવો. પછી શાહ ગુસ્તાસ્પે જેમને ઇનામો આપવાનાં હતાં તેમને તે આપી ખુશ કીધા, અને સઘળાં લશ્કરો તથા તેમના સરદારોને તેમને વતન પાછાં રવાના કીધાં. પછી તે નામદારે દીનની આ મોટી ફતેહની યાદગારીમાં આતશનું એક મકાન બાંધ્યું, જેને તેણે "ગુસ્તાસ્પનું મકાન" એવું નામ આપીને જામાસ્પને તેનો વડો ધર્મગુરૂ અથવા મગૂપત ઠરાવ્યો.[4] તેણે પોતાના

૧—ઐયાદગારે જરીરાન મુજબ તેણે પહેલી વાર પોતાની એક બેટી નામે જરસ્તુન જરીરને મારનારને અને બીજી વાર બીજી બેટી નામે બશસ્તુન બસ્તુરને મારનારને આપવાનું જાહેર કર્યું હતું.

૨—ફિર્દોસી ગણાવે છે તેમ ઇરાનીઓના ૩૦ હજાર સિપાહો માર્યા ગયા હતા જેમાંના ૧૧૬૬ નામદારો હતા, અને ૧૦૪૦ જખ્મી સિપાહો હતા. શત્રુઓના ૧ લાખ સિપાહો કતલ થયા હતા, જેઓ મધેના ૮૦૦ સરદારો અને નામદારો હતા. એ ઉપરાંત ૩૨૦૦ જખ્મી થયા હતા.—ઐયાદગારે જરીરાનમાં આ ખુઆરીની સંખ્યા લાખોથી ગણવામાં આવી છે.

૩—આ શાહજાદીને શાદીમાં આપવાનું શાહે એક વાર જાહેર કીધું હતું તે જેમ શાહનામામાં તેમ ઐયાદગારે જરીરાનમાં પણ જણાવેલું છે. પણ છેલ્લા ગ્રંથમાં આ ભાઇ બહેનની શાદી વિષે કશું જણાતું નથી. આનું કારણ એ કે શાહે જાહેર કરેલો વચન કાંઇ બહેનને ભાઇ સાથ પરણવા આપવા માટેનો ન હતો. અસ્ફંદિયારની જગા ઉપર કોઇ બીજા પેહલવાને બીડું ઝડપ્યું હોત તો તેની સાથની આ શાદી વાજબી ગણાત. દસ્તુર મિનોહર પોતાનાં "શાહનામું" માં હોમાય અને અસ્પંદિયારના સંબંધમાં એમ લખે છે કે "જેહાનના પાદશાહે પોતાને મકે પાછા ફરતાંજ પોતાના વડા બેટાને હોમાય પક્ષી જેવું મુબારક તાજ આપ્યું."

૪—એક "મકાન" અથવા મહેલને માટે જામાસ્પ જેવા દાના અને દીનઆગાહ દસ્તુરની ધર્માધ્યક્ષ તરીકે શી જરૂર હોય? આ નામ બંધબેસતું નથી. શાયરના

હાકમો વગેરેને લખી જણાવ્યું કે હોરમજદે આપણને ફતેહ બક્ષી છે માટે આતશના રખેવાળ ધર્મગુરૂઓને માટે અશીર્વાદ મોકલજો.

હવે જ્યારે આ ફતેહની ખબર રૂમના કયસરને પડી ત્યારે કીમતી હદિયા સાથ તેણે પોતાના જમાઇ ગુસ્તાસ્પની દરબારમાં એલચીઓ મોકલ્યા, અને એજ રીતે બરબરિસ્તાનના તથા સિંધના રાજાઓએ પણ ચોથાઇ મોકલી આપીને પોતાની તાબેદારી કબૂલ રાખી.

નવી દીનનો ફેલાવો.

આ પછી શાહના ફરમાવ્યાથી રોઇનતન યાને કાંસાંની દેહનો બહાદુર અસ્ફંદિયાર ગુસ્તાસ્પને તાબેના તમામ મુલુકમાં નવી દીનનો ફેલાવો કરવા નીકળ્યો. શાહે તેને પોતાના ભાઇ જરીરનો કીનો લેવા મોકલ્યો ત્યારે પોતાનાં તાજોતખ્ત ફતેહ પછી આ શાહજાદાને હવાલે કરવાનો જાહેર વચન આપ્યો હતો, પણ ઉપલું નવું ફર્માન આપતી વેળા ગુસ્તાસ્પે તેને કહ્યું કે—તખ્ત માટેનો તારો વખ્ત હજી આવ્યો નથી.

અસ્ફંદિયાર આથમણે રૂમથી ઉગમણે હિંદ સુધી ફરી વળ્યો. જમીનં તેમજ દરિયાને માર્ગે અનેક મુલુકમાં જઇ ખુદા પાક તરફથી મળેલી દીનનો ફેલાવો કીધો. જેમ જેમ પ્રજાનાં લોકોને ખબર પડતી ગઇ તેમ તેમ તેઓ નવી દીનમાં દાખલ થયાં અને તેનો સ્વીકાર કરવા લાગ્યાં. તેઓ તેની તાલીમ લેતાં થઇને પોતાનો બુતપરસ્તીનો જુનો ધર્મ તજવા લાગ્યાં, મુર્તિઓ ભાંજી નાખી, તેની જગા ઉપર આતશકદેહ બાંધ્યાં, અને શાહને લખી જણાવ્યું કે—અસ્ફંદિયાર મારફતે અમે નવી દીન કબૂલ રાખી છે અને અમારી કમરે કુશ્તી બાંધી છે. હવે તું અમારી કનેથી ખંડણી લેતો ના, પણ અવસ્તા વ જંદની કેતાબ જે જરતોસ્ત લાવ્યો છે તે અમારાં શિક્ષણ માટે મોકલજે.

આ રીતે થયું. અસ્ફંદિયાર સામે લડાઇ કરવાની કોઇપણ શાહ કે રાજામાં તાકત રહી નહિ. તેઓએ નવી દીન કબૂલ રાખી અને એ રીતે જરતોસ્તી દીનની ફતેહ પુરેપુરી થઇ ચુકી.

પોતાનાજ જણાવ્યા પ્રમાણે શાહે આતશનું મકાન બાંધ્યું હતું, માટે તેનું નામ એ મકાનને છાજતું હોવું જોઇયે. આગળ આપણે જોઈ ગયા તેમ આ મકાનનું યોગ્ય નામ "આતશ ગુશનસ્પ" હશે. બુન્દેહશ મુજબ શાહ ગુશ્તાસ્પે એજ નામનું આતશ કદેહ બનાવ્યું હતું.

બાબ ૧૬—શાહ ગુશ્તાસ્પ—૨.

[તેહમતન અસ્ફંદિયારનાં પરાક્રમં.]

ફસલ ૧—કાચા કાનની નવી ખરાબી.

અસ્ફંદિયારનું કેદખાનું.

દીનની ફતેહ પછી દેશની શિકસ્ત પુઠેજ આવી. શાહજાદા અસ્ફંદિયારની દીન માટેની સેવાનું ઇનામ ગુસ્તાસ્પ શાહ પોતાનું તખ્ત છોડીને તેને આપે તે આગમજ તે બહાદુર પેહલવાનને હાથે પગે બેડી ઠોકાઇ. દરેક મુલકમાં દીનનો ફેલાવો કરી તથા અવસ્તા વ જંદ કેતાબનું શિક્ષણ દાખલ કરીને તે બહાદુર ઇરાની પોતાના બાપની ખિદમતમાં પાછો ફરવા આગમજ એક ઠેકાણે પોતાનાં લશ્કર સાથ છાવણી નાખીને આરામથી રહેલો હતો, કારણકે તેની સામે થઇ લડવાની કોઇ પણ રાજા કે શાહમાં તાકત ન હતી, ત્યારે એકાએક તેને ખબર મલી કે નામદાર શાહ તરફથી એક એલચી શાહજાદાને બોલાવવા માટે આવે છે. આ એલચી કોઇજ નહિ પણ વજીર જામાસ્પ હતો. ગુસ્તાસ્પે તેને મોકલ્યો હતો, અને તેમ કરવા માટે તે નામદારની મતલબ સારી ન હતી.

એવું જણાય છે કે ગુરજમ નામનો એક કયાની ખાન્દાનનો શાહજાદો[1] તેહમતન અસ્ફંદિયારની ભારે અદેખાઇ કરતો હતો. તે પોતે પણ લડવૈયો હતો, પણ ગુસ્તાસ્પ શાહના આ ખેશને અસ્ફંદિયાર શાહજાદા જેટલું માન મળતું ન હતું તેથી તે બહુ બળતો હતો. આથી તે તેની સામે છુપી દુશ્મનીથી કામ લેતો હતો, અને તેનું કાટલું કહાડવાની તક શોધતો હતો. અને જ્યારે અસ્ફંદિયારને સરહદ ઉપર લશ્કર સાથ છાવણી નાખી પડવાની તેને ખબર પડી ત્યારે સારો લાગ આવ્યો છે એમ સમજીને તેણે શાહને ખાનગીમાં એવું અફડાવી માર્યું કે—શાહજાદો તારી સામે લડાઇ ઉઠાવવા માગે છે. તેણે અતિ મોટું લશ્કર જમા કીધું છે. તે તને બંદીવાન બનાવીને પોતે માથે તાજ પહેરી શાહી તખ્ત ઉપર બેસવા માગે છે. આમ મેં પાકે પાયે સાંભળ્યું છે. માટે નામદાર શાહે પોતાની હુશિયારીમાં રહેવું.

આ સઘળી વાતો કશી પણ તેહકીક વિના ગુસ્તાસ્પ જેવા ડાહ્યા પાદશાહે અને શૂરા અસ્ફંદિયાર જેવા બહાદુર બેટાના બાપે એકદમ ખરી માની દીધી, એ અજાયબ જેવું છે. તેણે જામાસ્પને મોકલાવી તે બેટાને પોતાની દરબારમાં બોલાવ્યો, અને જ્યારે તે આવ્યો ત્યારે ભર દરબારમાં તેના ઉપર બેવફાઇનું તોહમત મુકી તેને કેદ કરવાનો હુકમ ફરમાવ્યો. જોકે તે શાહજાદાએ પોતાની ઉપર મુકાયલા વાંકનો સાફ ઇનકાર કીધો, તોપણ શાહના હુકમને તાબે થવાની ના પાડી નહિ. શાયર કહે છે કે તેને હાથે પગે બેડી ઠોકાઇ અને એક કાળા હાથી ઉપર તેને નાખીને પહાડને મથાળે બાંધેલા ગુમ્બદાન[2] નામના

૧—અવસ્તા મુજબ તે ગુશ્તાસ્પનો એક બેટો હતો. ફરવરદીન યશ્તમાં તેને "કવારસ્મો" નામથી ઓળખાવ્યો છે.—ક૦ ૧૦૩.

૨—જમ્યાદ યશ્તમાં સ્પેન્તોદાત નામે એક પહાડનું નામ છે. તે આ ગુમ્બદાન કિલ્લાવાળો પહાડ કહેવાય છે.

કિલ્લામાં બંધ કીધો. વળી તે નાસી નહિ જાય તે માટે મજબૂત ચોકી પાહરા રાખ્યા.

આ હાલતમાં ઘણા દિવસ વહી ગયા. બાપ બેટા વચ્ચેની કારસ્તાની પકડાયાં કે સજા પામ્યા વિના ફાવી ગઇ. ગુસ્તાસ્પ હવે પોતાને મોટો ફતેહમંદ પાદશાહ સમજીને શત્રુઓથી બેદરકાર બની રૂસ્તમ પેહલવાનના સીસ્તાનના મુલ્ક ખાતે ગયો. ત્યાં તેની મતલબ રૂસ્તમ અને જાલ અને તેમના ખાન્દાનીઓ કને નવી દીન કબૂલ કરાવવાની હતી. તેને આવેલો જાણી જાલ અને રૂસ્તમ તેને આવકાર દેવા સામા ગયા, તેને વાજતેગાજતે પાયતખ્ત જાબુલમાં લાવ્યા, તેની ખિદમત બજાવી, અને નવી દીન તેઓએ કબુલ રાખી. અહીં શાહ બે વર્ષ સુધી મોજમજાહમાં રહ્યો, પણ એજ વખ્તે જેઓ તેહમતન અસ્ફંદિયારની બીકથી તાબે થયા હતા તે હાકમો તેને કેદ પડેલો જાણીને શાહથી ફરી બેઠા, તથા તેને મોજશોકમાં સીસ્તાન ખાતે પડેલો જાણીને તેની સામે બંદ મચાવવા તૈયાર થયા. તેઓને વળી ખબર પડી ચુકી હતી કે ઇરાનનાં પાયતખ્ત બલ્ખમાં આતશના ૭૦ પરસ્તાર મુબદો અને બુજર્ગ શાહ લોહરાસ્પ સિવાય બીજું કોઇ નથી.

ઇરાન ઉપર નવો હુમલો.

આ બંદખોર રાજાઓ મધેનો એક ચીન (ચોન—ખ્યોન) નો શાહ અર્જાસ્પ હતો. તેણે પોતાના સરદારોને ઇરાન ઉપર હુમલો લઇ જવા અને છેલ્લી લડાઇનો કીનો લેવા માટે ઉશ્કેર્યા. આ કામ સિતૂહ નામે એક ભટકતા "જાદૂગર" તૂરાનીએ માથે લીધું. પ્રથમ તો તેને બલ્ખ ખાતે છુપા જાસૂસ તરીકે મોકલ્યો અને ઉપલી સાંભળેલી સર્વ વાતોની તેહકીક કરાવી. સઘળી વાતો ખરી પડેલી જણાયા પછી અર્જાસ્પે લશ્કર જમા કીધું.[1] પછી કોહરમ નામના પોતાના વડા બેટાને સરદારી આપીને પોતાની આગમજ રવાના કીધો, અને ફરમાવ્યું કે—સઘળા શત્રુઓને કાપી નાખવા, તેમનાં મકાનોને આગ લગાડવી, અને અસ્ફંદિયારને તેનાં કેદખાનાંમાં પણ જીવતો રાખવો નહિ. હું પણ ખલ્લુખથી મોટું લશ્કર લઇ તારી પૂઠે આવી લાગું છું.

કોહરમ એક લાખ ખ્યોનીઓ અને તૂરાનીઓ અને ચીનીઓ અથવા ચિગિલીઓ સાથ બલ્ખ તરફ મારફાડ કરતો આગળ વધ્યો. એ બાબેની ખબર શાહ લોહરાસ્પને તેની એબાદતગાહમાં પડતાંજ તે દુખી થયો. તેણે દાદાર હોરમજદને યાદ કીધો, તેની મદદ માગી, પોતાની નવી દીનની પોસ્તપનાહી ચાહી, અને કોઇ પણ પેહલવાન હાજર ન હોવાથી પોતાની જૈફી છતાં પોતેજ લશ્કરી લેબાસ પહેરીને શત્રુની સામે લડવા ઉતર્યો. તેણે એકલે હાથે ઘણા શત્રુઓને અને બુતપરસ્તોને ઠાર કીધા. પણ અંતે તુર્કીઓના તીરનો તે ભોગ થયો. તેને જમીનદોસ્ત થયલો જોતાંજ દુશ્મનો તેના ઉપર તુટી પડયા, તેના તનની બોટી બોટી કીધી. તેઓ તેને કોઇ નવજવાન પેહલવાન સમજ્યા હતા, કેમકે તેવીજ રીતે તેણે છેલ્લું જોમ બતાવ્યું હતું. પણ તેની કોલાહ ઉપાડતાં તેઓએ તેને શાહ લોહરાસ્પ તરીકે પિછાન્યો અને તેનુ બળ જોઇને અચરત થયા. હવે તેઓ બલ્ખનાં દાખલ થયા, નૂશઆજર નામના આતશકદેહનો નાશ કીધો, તે મધેનાં ઝવેરાતની લુટ ચલાવી, એંસી

કે જેને અસ્ફંદિયારનાં કેદખાનાને લીધે આ નામ મળેલું મનાય છે. પેહલવી લખાણોમાં આ પહાડને રૂપ-દીઆદને નામે ઓળખાવ્યો છે. વળી કહે છે કે આગળ આપણ સિપંદ નામે જે પહાડ વિષે વાંચી આવ્યા છિયે કે જયાં જેહાં પેહલવાન રૂસ્તમના સૌથી પહેલાં પરાક્રમોની શુરૂઆત થઇ હતી તે પણ આજ પહાડ છે. વળી શાહ-જાદા ફરૂદનાં પરાક્રમવાળો સપદ પહાડ પણ આજ પર્વત મનાય છે. આ પહાડ કયાં આવ્યો હતો તે બાબે ઘણો મતફેર છે.

1—અહીં ફિર્દુસી જણાવે છે કે શાયર દકીકીએ ખાબમાં પોતાની જે બેતાનો ઉપયોગ શાહનામામાં કરવાની મને ભલામણ કીધી હતી તે આ ઠેકાણે પુરી થાય છે. એ પછીનું બયાન આપણા શાયર તરફનું છે. દકીકીની બેતાનો ઉપયોગ કર્યા છતાં ફિર્દુસીને તે બહુ નબળી જણાઇ છે.

ધર્મગુરૂઓને કતલ કીધા, તેમનાંજ લોહીથી આતશ બુઝવી નાખ્યો, તથા પેગમ્બર અશો જરતોસ્તે પણ એજ વેળા જાન ખોયો. શાયર લખે છે કે તેને કોણે કાપી નાખ્યો તે હું જાણતો નથી.

ગુશ્તાસ્પ સામો થાય છે.

શાહ ગુસ્તાસ્પને આ સર્વ વાતોની ખબર સીસ્તાનમાં જાબુલ ખાતે તેની ડાહી રાણી હુતોસ તરફથી મળી. તેણીં પોતે એક તૂર્કીનો લેબાસ લઇ ઘોડેસ્વાર થઇ જાબુલ તરફ બે દહાડાની મંજલ એક દહાડે પુરી કરતી આગળ વધી. અંતે ત્યાં જઇ પુગી શાહને મળી, તેની પાયતખ્ત તરફની તેમજ રાજ્ય તરફની બેદરકારી માટે તેને ઠપકો આપ્યો અને પછી જે આફત ગુજરી હતી તેથી તેને વાકેફ કીધો. વળી તેણે ખબર આપી કે શાહની બેટીઓને પણ શત્રુ ખેંચી ગયા છે, જેમનાં નામ હોમાય અને બેહઆફ્રીદ હતાં.

ગુસ્તાસ્પને પ્રથમ કોહરમની ચઢાઇ એક નાનકડા ફેસાદ જેવી લાગી, પણ જ્યારે સર્વ હકીકત તેના જાણવામાં આવી ત્યારે તેણે પોતાના તાબાના મુલકના હાકમો ઉપર નામા લખી તેમને બલ્ખ ખાતે ભેગા થવા ફરમાવ્યું અને પોતેબી પાયતખ્ત ભણી કુચ કરી ગયો. ત્યાંથી તેણે બનતી ઉતાવળે એક લશ્કર તૈયાર કરી પોતાના બેટા ફર્શીદવર્દને તેની જમણી બાજુની સરદારી આપી, અને ડાબી બાજુએ જરીરના બેટા નસ્તુરને રાખ્યો, તથા વચલા ભાગની ફોજનું વડપણ શાહે પોતે લીધું.

ઇરાનનો શાહ આ રીતે લશ્કર લઇ સામો આવે છે એવી ખબર પડતાંજ ખ્યોનના રાજાએ પણ પોતાનાં લશ્કરની ગોઠવણ કીધી. જમણી પાંખની સરદારી તેણે કુન્દુર નામે લડવૈયાને સોંપી, જેનાં પાયદળ લશ્કરની પછવાડે અસ્બાબ અને ખોરાકી રાખ્યાં હતાં. ડાબી પાંખની સરદારી અર્જાસ્પે પોતાના વડા બેટા કોહરમને આપીને પોતે વચલાં લશ્કર સાથ રહ્યો.

આ રીતે સફ સમારી ઉભેલાં લશ્કરો વચ્ચે ત્રણ દહાડા અને ત્રણ રાત સુધી લડાઇ ચાલી, તોપણ તેનો અંત ન આવ્યાથી શાહજાદો ફર્શીદવર્દ કોહરમને હમ્નબર્દ માંગીને તેની સાથ લડયો, જેમાં તેનો જાન ગયો. આ બનાવથી ઇરાનીઓ વધારે શૂરથી લડયા, પણ આ ખુંનખાર જંગમાં શાહ ગુસ્તાસ્પના ૩૮ બેટાઓ માર્યા ગયા અને બીજી એટલી બધી કતલ ચાલી કે અંતે શાહને પીઠ ફેરવી નાસવું પડયું. બે મંજલ સુધી તેનો પૂઠ પકડેલી રાખીને દુસ્મનો તેને પકડી પાડવાની તૈયારીમાં હતા એટલામાં ઘાસ અને લીલોતરીથી ભરપુર એક પહાડ જણાતાંજ ગુસ્તાસ્પ તે ઉપર ચઢી ગયો અને બચ્યો. આ પહાડ ઉપરથી એક નાળું વહેતું હતું અને તે ઉપર જવાનો એકજ માર્ગ હતો. અર્જાસ્પ ત્યાં આવી પુગ્યો ત્યારે તેને પહાડ પર જવાનો માર્ગ જડયો નહિ, જેથી તેણે તેને ઘેરી લઇ ગુસ્તાસ્પને ભુખમરાથી તાબે કરવા યા કેદ પકડવા ધાર્યું. પણ શાહની જોડે જેટલા સવારો હતા તેઓએ એક પછી એક પોતાના ઘોડા કાપીને ખાવા માંડયા.

કેદી અસ્ફંદિયારના બખાળા.

પોતાને આવી મુસ્કેલીમાં આવી પડેલો જોઇને ગુસ્તાસ્પે અસ્ફંદિયાર શાહજાદાને યાદ કીધો. વજીર જામાસ્પે તેને નજુમ જોઇ ખબર આપી કે આ પેહલવાન સિવાય બીજા કોઇથી શાહનો બચાવ થનાર નથી. શાહે એક વાર ફરીને પોતાના તાજેતખ્ત અસ્ફંદિયારને આપી દેવાની કબૂલતથી તેના ઉપર નામુ લખી જામાસ્પને ગુમ્બદાન પર્વત ઉપર તે કેદ પડેલા શાહજાદા પાસે મોકળાવ્યો અને પોતાની ભૂલ કબૂલ કરી તે માટેની માફી ચાહી. જામાસ્પ ખ્યોની સિપાહનો લેબાસ ધારણ કરી અર્ધી રીતે

દેશે ગુમ્બદાન તરફ જવા નીકળ્યો. કેટલીક મુશ્કેલી પછી તે ત્યાં જઇ પુગ્યો અને શાહના સર્વે હેવાલથી તેણે અસ્ફંદિયારને વાકેફ કીધો. પણ તે શાહજાદો લડાઇમાં ઉતરવાની સાફ ના પાડી બેઠો. તેણે જામાસ્પને કહ્યું કે—મારા જેવા કેદ પડેલા અને બેડીઓથી બંધાયલા હારેમનને તું શા માટે કુર્નસ બજા લાવે છે? શું અર્જાસ્પે ઇરાનીઓની બારે કતલ ચલાવી છે તેથી મને યાદ કરવામાં આવ્યો છે કે? શું ગુરજમ શાહનો બેટો હતો કે હું તદન નિર્દોષ હોવા છતાં મારે હાથે પગે બેડી ઠોકી છે? આ બંધ મારા શાહેદ છે કે ગુસ્તાસ્પે મને ગેરઇનસાફ આપ્યો છે.

જામાસ્પે પોતાનું તમામ ડહાપણ ખર્ચીને આ વાજબી રીતે છેડાયલા શાહજાદાને ઘણું સમજાવ્યો. પણ તે સઘળું ફોકટ ગયું. વજીરે કહ્યું કે—જો ગુસ્તાસ્પને ખાતર નહિ તો લડાઇમાં શત્રુઓના હાથ ઉપર બેજાન થયલા પાક શાહ લોહરાસ્પને ખાતર, તેમજ અવસ્તા વ જંદ હાથમાં લઇને બંદગી કરનારા ૮૦ ધર્મગુરૂઓ કે જેમનાં લોહીથી રોશન આતશને થંડો કરવામાં આવ્યો છે તેમને ખાતર તું ઉઠ અને તેમનો કીનો લે. પણ તેને જવાબ મળ્યો કે—લોહરાસ્પનો કીનો લેવાનું કામ તો તેનું તખ્ત હાથ કરનાર તેના બેટાનું છે, મારૂં નથી.

ફરીથી જામાસ્પે કહ્યું કે—હુમાય અને બેહઆફ્રીદ જેવી તારી બહેનોને તુરાન ખાતે પકડી લઇ જવામાં આવી છે તેમને છોડવી લાવવાની તારી ફર્જ છે. પણ છેડાયલા શાહજાદાએ જવાબ આપ્યો કે—મારા ઉપર આ આફ્‌ત વરસી ત્યારે હુમાયે કે બેહઆફ્રીદે મારી ખબર પુછવાની પણ દરકાર કીધી છે કે હું તેમને છોડવવા જાઉં? તેમનો છુટકારો તેમના બાપેજ કરવો જોઇયે.

એક વાર ફરીને જામાસ્પે અસ્ફંદિયારને સમજાવીને કહ્યું કે—તારો બાપ શી રીતે પોતાના પિદરનો કીનો લે અને શી રીતે પોતાની બેટીઓને છોડાવી લાવે? તે તો પોતાના થોડાક સરદારો સાથ પહાડ ઉપર ઘેરાઇ ગયો છે. તેનો દહાડો તો અફસોસમાં અને ભુખમરામાં ગુજરે છે. તેને માથે હવે તું તાજ જોવાનો નથી કે તેને તખ્તનશીન થયલો પણ જોઇ શકશે નહિ. તારા ૩૮ ભાઇઓ મારી ગયા છે, તો તેઓનો કીનો શું તારે નહિ લેવો જોઇયે? અસ્ફંદિયારે જવાબ આપ્યો કે મારા ભાઇઓ અને ખેશીઓ તો ઘણાએ હતા, પણ મને બંધમાં પડેલો જોઇને તેઓમાંના એકે પણ મારી દયા ખાધી નથી. સઘળા ખુશી ખુર્રમીમાં મશગુલ હતા, પણ હવે જ્યારે શત્રુએ તેમને ધુળ ચાટતા કીધા છે ત્યારે તેમનો કીનો લઇને હું શું ફાયદો કહાડું?

હકીમ જામાસ્પે જોયું કે બહાદુર અસ્ફંદિયાર પોતાનાં દુખને એવડું મોટું ગણે છે કે બીજાનાં દુખની તેના ઉપર અસર થતીજ નથી. પોતાની તરફ કોઇએ દિલસોજી બતાવી નથી એજ તેનો મોટો ગમ હતો એમ જોઇને જામાસ્પને યાદ આવી ગયું કે શાહજાદો ફર્શીદવર્દ અસ્ફંદિયારનો લાડકો હતો, તે તેનાં દુખથી દિલગીર હતો, તે તેના તરફ પુરતો દિલસોજ હતો, ગુરજમએ શાહના કાન ભરીને કારસ્તાન કીધાં તે માટે તે શાહજાદો આ ચુગલીખોર ઉપર શ્રાપ વરસાવતો હતો. તેવો ગમગોસાર શાહજાદો પણ શત્રુના હાથ ઉપર બેજાન થયો છે એમ ખબર આપીને ડાહ્યા જામાસ્પે અસ્ફંદિયારને ઉશ્કેરવા માંગ્યો, અને વિજળીનો ઝટકો લાગ્યો હોય તેમ ચોંકીને આ છેડાયલો પેહલવાન એકદમ ઉશ્કેરાયો અને કોઇનો નહિ પણ પોતાના આ લાડકા ભાઇનો કીનો લેવાને તૈયાર થયો.

તુરત લુહાડોને બોલાવી બેડી તોડવાનો હુકમ થયો, અને છુટો થઇને તથા સ્નાન કરીને તે

જંગમાં ઉતરવા કબૂલ થયો. પોતાના ઘોડાની તેણે માંગણી કીધી અને જ્યારે તેને પણ પોતાની માફક દુબળો પડી ગયલો જોયો ત્યારે તે બબડ્યો કે—મેં ગુનાહ કીધો હતો તેથી મને બંધમાં નાખ્યો હતો, તો મારા આ બચેરી ઘોડાએ શો ગુનાહ કીધો કે તેનાં પેટમાં આવડા મોટા ખાડા પડયા છે?

તેનાં નવાં પરાક્રમો.

હવે અસ્ફંદિયાર હાથમાં હિંદી તલવાર ઉઠાવીને પોતાના બે બેટાઓ બેહમન અને નુશઆજર સાથ ગુસ્તાસ્પને મળવા આગળ વધ્યો. તેમ કરતાં તેણે અહુરમજદ આગળ કસમ લીધા કે— અગર આ નવાં જંગમાં હું ફાવું અને ફતેહ મેળવું, અય આદેલ પાદશાહ! જો શાહ લોહરાસ્પનો કીનો હું અર્જાસ્પ ઉપર લઇ શકું, મારા આડત્રીશ ભાઇઓ વગેરેનું વેર હું આ તુર્કી શાહ ઉપર લેવામાં ફતેહ પામું, તો હું કસમ લઇ બંધાઉં છું કે મારા બાપ ઉપર હું કશું વેર લઇશ નહિ, પણ આતશનાં એકશો મકાનો બંધાવીશ અને જેહાનને દુખથી છોડવીશ. વળી બિયાબાનમાં એકશો ધર્મશાળાઓ હું બંધાવીશ નહિ ત્યાંસુધી જાજમ ઉપર ચાલતો મને કોઇ જોઇ શકશે નહિ. વળી જ્યાં રેતાળ મેદાન હશે, જ્યાં પાણી વિના મુસાફરો ટવળતા હશે ત્યાં હું દશ હજાર કુવા ખોદાવીશ અને તેમના મૂખડા ઉપર ઝાડો રોપાવીશ; વળી મારા ખજાનામાંથી ગરીબોને તથા જેઓ માંગશે તેમને એક લાખ દિર્હમ બક્ષીશ આપીશ; જેઓ ભૂલમાં ગોથું ખાતા હશે તેમને પાક દીનમાં લાવીશ અને જાદૂગરોનાં સર નીચાં કરીને દાદાર હોરમજદની ખડેપગે પરસ્તેશ કરીશ.

હવે તે પોતાનો ભાઇ ફર્શીદવર્દ જ્યાં પડયો હતો ત્યાં જઇ પુગ્યો, કે જે હજી જીવતો હતો. તેઓ બન્ને વચ્ચે થોડીજ વાતચીત થઇ, જે પછી જખ્મી શાહજાદો મરણ પામ્યો. તેની લાશને પોતાના ઘોડા ઉપર ઉઠાવીને તે એક ટેકરી ઉપર લઇ ગયો, જ્યાં તેને ઠેકાણે પાડવાનો પોતાની કને કશો ઇલાજ ન હોવાથી અસ્ફંદિયારે ફર્શીદવર્દનું બખ્તર કહાડી લઇ તેની પાઘડી તથા તેનાં પેરાહનથી તેનાં શરીરને ઢાંકયું. અહીંથી આગળ વધી તેણે પેલા કાવતરાંબાજ ગુરજમની લાશ પડેલી દીઠી, જેના સંબંધમાં કેટલાક શબ્દો બોલતો અને બીજા નામદારોની લાશ પિછાની તેમને માટે વિલાપ કરતો તે આગળ વધ્યો અને જે પુહાડ ઉપર શાહ ગુસ્તાસ્પ ઘેરાઇ ગયો હતો ત્યાં આવી લાગ્યો. તે પર્વતની આસપાસની પહોળી ચર જેમ તેમ પસાર કરીને અસ્ફંદિયાર પહાડની ચોકી કરનારા તૂરાની સિપાહોની નજદીક જઇ પુગ્યો. તેઓના પુછવાથી પોતે કોણ છે તેની ઓળખ આપતાં અસ્ફંદિયારે તેમને કહ્યું કે—તમો બરાબર ચોકી રાખતા નથી પણ ખાઇ પી મજાહ કરો છો અને આળસુની પેઠે ઉંઘો છો તેથી રોઇનતન અસ્ફંદિયાર તમારી ચોકી છતાં પહાડ ઉપર જવા પામ્યો છે એવી ખબર શાહજાદા કોહરમને કાને આવી છે અને તેણે મને તમો સર્વનાં સર તનથી જુદાં કરવા માટે મોકલ્યો છે. આમ કહીને તેણે પોતાથી મરાયા એટલા શત્રુઓને ખાક ચાટતા કરીને પછી પોતે પહાડ ઉપર ચઢી ગયો અને શાહ ગુસ્તાસ્પને જઇ મળ્યો.

બાપ બેટા વચ્ચેની મુલાકાત મિત્રાચારી ભરેલી હતી. ગુસ્તાસ્પે પોતાના કાચા કાન માટે પસ્તાવો કીધો, અને એક વાર ફરીને પોતાના બેટાને કબૂલત આપી કે જો દુશ્મનો સામેની લડાઇમાં હું ફતેહ પામીશ તો મારૂં રાજ, તાજ અને તખ્ત હું તને (અસ્ફંદિયારને) આપી દઇશ. શાહજાદાએ કહ્યું કે—જો શાહ મારાથી સંતોષ પામનો હોય તો તેજ મારે મનથી રાજતાજ છે. ગુરજમને લડાઇનાં મેદાનમાં ખાક ચાટતો પડેલો જોઇને મારી આંખમાં આંસુ આવી ગયાં કે તે ચુગલીખોર ધણીનાં કામથી નામદાર શાહને કેટલું બધું દુખ ઉપજ્યું હશે!

હવે લડાઇની તૈયારીઓ થવા માંડી. લશ્કરો ભેગાં થતાં ચાલ્યાં. અસ્ફંદિયાર બંદથી છુટો થયો છે અને તે લડવા ઉતર્યો છે એવી ખબર મળતાંજ અર્જાસ્પ દુખી થયો. તે તો આ શાહજાદાને તેનાં કેદખાનાંમાંજ કતલ કરાવવા માંગતો હતો. તે બાબેનો હુકમ તેણે પોતાના બેટા કોહરમને આપ્યો હતો, પણ તેને બદલે તો અસ્ફંદિયાર પોતેજ છુટો થઇને ઘેરી લીધેલા પહાડની ચોકી કરનારાઓને કાપી નાખી તથા બાકીનાઓને નસાડી મુકીને પોતાના બાપને જઇ મલ્યો છે અને હવે તેઓ લશ્કર ભેગું કરી લડવા આવે છે એવા સમાચારથી અર્જાસ્પના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેના ચાર બેટાઓમાં સૌથી વડો અને બહાદુર કોહરમ હતો, પણ આ વેળા લશ્કરોની સરદારી તેને ન આપતાં ગુર્ગસાર નામે તુરાની પેહલવાનને આપી અને તેણે અસ્ફંદિયાર સાથ બાથ ભીડવાનું માથે લીધું.

ઇરાની લશ્કરના મધ્ય ભાગમાં શાહ ગુશ્તાસ્પ પોતે શામેલ હતો. તે અર્જાસ્પ ઉપર પોતાના બાપ અને બેટાઓનું વેર લેવા માંગતો હતો. જમણી પાંખ નસ્તૂરના હાથમાં અને ડાબી પાંખ ગર્ગવી નામે સરદારના હાથમાં હતી. આખાં લશ્કરની સપેહસાલારી તેહમતન અસ્ફંદિયારે પોતે લીધી હતી.

તુરાની લશ્કરની જમણી બાજુ કોહરમની સરદારી તળે અને ડાબી ચિગિલનાં શાહનાં વડપણ હેઠળ મુકાઇ હતી, અને વચલાં મોટાં લશ્કરની સરદારી શાહ અર્જાસ્પના પોતાના હાથમાં હતી.[1] આ રીતે પોતે લડાઇ માટે કમર બાંધી હતી તે છતાં અર્જાસ્પને લાગતું હતું કે અસ્ફંદિયારના હાથ ઉપર તેની પોતાની શિકસ્ત થવાનીજ. આથી તેણે ઝડપ ચાલની એકસો સાંઢણીઓ એવી મતલબથી તૈયાર રખાવી કે હાર થવાનો સંભવ જણાતાંજ તે ઉપર સવાર થઇને થોડાક સાથીઓ સાથ નાસી જવું.

અસ્ફંદિયાર કીનો લે છે.

અને ખરેખર તેમજ થયું. બહાદુર અસ્ફંદિયાર ગોયા જંગ મેદાન તે તેનો લડાઇનો ઘોડો હોય તેમ અહીંથી તહીં અને ત્યાંથી હ્યાં એ રીતે તે આખાં મેદાનમાં ગાયમૂખી ગુર્જ ઘુમાવતો શત્રુઓની સેનામાં ખરાબી પંથરવા લાગ્યો. સૌથી પહેલો તે તૂરાની લશ્કરના વચલા ભાગ ઉપર ધસ્યો અને ત્રણસો લડવૈયાઓને જમીનદોસ્ત કરતાં બોલ્યો કે—મારા ભાઇ ફર્શીદવર્દના કીનામાં આજે હું દરિયામાંથી પણ ધુળની વાદળીઓ આકાશમાં ઉડતી કરીશ. અહીંથી નીકળેલો તે જમણી પાંખ ઉપર ધસ્યો કે જ્યાં કોહરમ હતો. તે શાહજાદો પોતાના આ બળવાન હરીફને ઝડપથી આવતો જોતાંજ પિઠ ફેરવીને નાઠો. તેનાં લશ્કરનો ખુદો કરતાં અસ્ફંદિયાર બોલ્યો કે—આ કીનો મારા બપાવા શાહ લોહરાસ્પનાં ખૂન માટેનો લઉં છું. હવે તે શત્રુની ડાબી પાંખ ઉપર ઉતરી પડયો અને ૮૫ લડવૈયાઓને બેજાન કરતાં બોલ્યો કે—મારા ૩૮ બહાદુર ભાઇઓનો આ કીનો છે.

અર્જાસ્પે જ્યારે આ રીતની ખરાબી જોઇ ત્યારે સપેહસાલાર ગુર્ગસારને પુકાર મારીને અસ્ફંદિયારની સામે જવા માટે ઉસ્કેર્યો. તે તૂરાની સરદાર બાહેર આવ્યો. તેના હાથમાં પાદશાહી કમાન અને પોલાદની અણીવાળા તીર હતા. ઇરાની શાહજાદાની નજદીક જઇ પુગતાંજ તેણે એક તીર એવો છોડયો કે તે અસ્ફંદિયારની છાતીને જઇ અથડયો. તે શાહજાદો પોતાના ઘોડાનાં જીન ઉપર વાંકો વળ્યો, જે જોઇને ગુર્ગસાર સમજયો કે મારો છોડેલો તીર તેનું બખ્તર ફાડીને છાતીમાં પેઠો છે અને તે જખ્મી થયો છે. આમ માની લઇને તેણે પોતાની શમ્શીર ઇરાની પેહલવાનનું ડોકું કાપી નાખવા

---

[1]—આ ઉપરથી એમ જણાય છે કે ચિગિલનો શાહ કોઇ જુદોજ હતો. આગળ આપણને જણાવવામાં આવ્યું હતું કે અર્જાસ્પ પોતેજ તુરાનનો તેમજ ચિગિલનો શાહ હતો. જુઓ અગાડી સફે ૪૬૬.

આરે ખેંચી કહાડી. પણ એજ વખ્તે અસ્ફંદિયારે પોતાની કમંદ છોડી હોરમજદનું નામ જબાન ઉપર લઈને પોતાના હરીફ ઉપર એવી રીતે ફેંકી કે જેથી ગુર્ગસારનું માથું અને ગર્દન તેમાં લપેટાઇ ગયાં. આ રીતે શત્રુને બંધમાં સપડાયલો જોઇને શાહજાદાએ તેને તેના ઘોડા ઉપરથી ખેંચી હેઠો પાડયો, અને તેના બન્ને હાથો પીઠ પછવાડે બાંધી લીધા, તથા તેની ગર્દનમાં બાગડોર બાંધીને તેને જંગ મેદાનમાંથી ઘસડતો ઘસડતો. લાવી માણસોને સ્વાધીન કીધો, અને ફરમાવ્યું કે શાહ ગુસ્તાસ્પની સેવામાં એને લઇ જાઓ, અને એને તત્કાળ મારી નહિ નાખતાં છાવણીમાં કેદ કરી રાખજો.

અર્જાસ્પ નાઠો.

આ રીતે પોતાને ફતેહ મળેલી જોઇને હવે અસ્ફંદિયારે ઇરાની લસ્કરોને શત્રુની ફોજો ઉપર ધસી જઇ જંગ મચાવવાનો હુકમ આપ્યો. તેણે હવે કોહરમ અને કુંદુર જેવા હરીફોને પોતાના હમ્નબર્દ માગ્યા, પણ તેઓમાંના કોઇએ દેખાવ દીધો નહિ. અર્જાસ્પને આ રીતની પોતાની મોટી શિકસ્તની ખબર પડતાંજ થોડાક સાથીઓ સાથ પેલી તૈયાર રાખેલી સાંઢણીઓ ઉપર ચઢી બેસીને તે લડાઇનું મેદાન છોડી નાઠો. અસ્ફંદિયારે શત્રુની આવી નાસભાગ જોઇને ખુશહાલીનો પુકાર ઉઠાવ્યો, જે આખાં ઇરાની લસ્કરે ઉપાડી લીધો, અને પછી તેના હુકમથી તે લસ્કરે નાસતા શત્રુઓની પૂઠ પકડી અને તેમની કતલ ચલાવી. અંતે તૂરાનીઓ આજેજ થયા, જીવતદાન માંગ્યું, અને તે તેમને બક્ષવામાં આવ્યું. તેમના રક્ષણનું કામ એક સરદારને સોંપીને શાહજાદો પોતાનાં ખરાબ થયેલાં બખ્તર અને કોલાહ અને તલવાર સાથ શાહને જઇ મળ્યો. તેના હાથ અને તેની શમ્શીરને દુધથી ધોવામાં આવ્યાં, તેનાં બખ્તરમાં પેઠેલા તીર ખેંચી કહાડવામાં આવ્યા, અને પછી શાહજાદાએ સ્નાન કીધું, સ્વચ્છ કપડાં પહેર્યાં અને યુઝદની બંદગી કીધી. શાહ ગુસ્તાસ્પે એક હફતા સુધી આ બંદગી ચાલુ રાખી અને તેમાં અસ્ફંદિયાર શામેલ રહ્યો.

આઠમે દહાડે બંધવા પકડાયલા ગુર્ગસારને તેની નજદીક લાવ્યા ત્યારે પોતાના જાનથી તેણે હાથ ધોયા, તોપણ શાહજાદા કને જીવતદાન માગીને તેણે ઓજરખાહી કીધી કે જો મારો જાન બક્ષવામાં આવશે તો અર્જાસ્પના રૂઇનદેઝ નામના કિલ્લાનો છુપો રસ્તો હું બતાવી આપીશ. તુરત વેળા આ તૂર્કીને જેનીતે સ્થિતિમાં રહેવા દેવાનું ફરમાવીને શાહજાદાએ ખ્યોની રાજાની પકડાયલી છાવણીમાંથી મળેલો ખજાનો વગેરે પોતાના લસ્કરીઓમાં વહેંચી આપ્યો અને જેઓએ છેલ્લી લડાઇને કારણ આપ્યું હતું તેવા કેદ પકડાયલા દુશ્મનોના જાન લીધા.

તેની પુઠ પકડવાનો ઇરાદો.

આ રીતે અર્જાસ્પ ઉપરના કીનાની લડાઇનું શેવટ આવ્યું, પણ હજી ખ્યોનીઓ ઉપરનો તમામ કીનો લેવાઇ ચુકયો ન હતો. શાહ ગુસ્તાસ્પને તેની બન્ને શાહજાદીઓ જેઓ કેદ પકડાઇ હતી તે યાદ આવ્યા કરતી હતી. એટલામાટે શત્રુનાં કિલ્લા ઉપર ચઢી જઇ તેનો નાશ કરી પોતાની બહેનોનો છુટકો કરવાનું કામ તેણે પોતાના પેહલવાન બેટાને સોંપ્યું, અને તેમ કરતાં તેણે તે ત્રીજી બરતબે વચન આપ્યો કે આ લડાઇ જીતી આવતાંજ શાહજાદાને તખ્તો તાજ અને રાજપાટ હવાલે કરી દેવામાં આવશે. અસ્ફંદિયારે આ કામ માથે લેવાની હા પાડતાં જણાવ્યું કે—મને રાજપાટ જોઇતું નથી. શાહને હું ગુલામ છું અને તનોજાનથી તેની ફરમાંબરદારીમાં બંધાયલો છું. તખ્તે બેસવાને હું રાજી નથી, પણ અર્જાસ્પ ઉપર કીનો લેવા જવાને તૈયાર છું. દુનિયાના પાદશાહ ગુસ્તાસ્પશાહનાં એકબાલની મદદથી મારી બહેનોને

બેડીમાંથી છોડવીને તખ્ત ઉપર લાવી બેસાડીશ. આ ઉપરથી ફરીથી શાહે તેને વચન આપ્યો કે— ખુદા તારૂં રક્ષણ કરજો, અને તને ફતેહ સાથ પાછો ફરતાંજ તખ્ત તારૂં થજો!

ફસલ ૨—અસ્ફંદિયારનાં હફતખાનો.

ગુર્ગસારનો કોલ.

શાહના હુકમથી હવે એક નવું લસ્કર ભેગું થયું. તેની સંખ્યા બાર હજાર કરતાં વધારે ન હતી. પણ આ સઘળા ચુનંદા બહાદુરો હતા. તેઓ સઘળા સવારોજ હતા. બલ્ખ પાયતખ્તની બાહેરનાં ચોગાનમાં છાવણી નખાઇ અને સઘળા ત્યાં જમા થયા. અસ્ફંદિયારે ખાનાનો સુફરો તૈયાર કરાવ્યો, અને સઘળા લસ્કરી સરદારો પોતાના સપેહસાલાર શાહજાદા સાથ જમવા બેઠા. આ વેળા અસ્ફંદિયારે પેલા તૂરાની કેદી સરદાર ગુર્ગસારને બોલાવી મંગાવ્યો અને તેને સોનાની જામમાં ચાર મરતબે મનગમતો શરાબ પાઇ ખુશહાલ કીધો. પછી તેણે તેને કહ્યું કે—અય કમનસીબ! અગર જે કાંઇ હું તને પુછું તે તું મને ખરેખરૂં કહેશે તો રૂઇનદેઝ ફતેહ કરીને પાછો ફર્યા પછી હું તને તાજોતખ્ત બક્ષીને તુર્કીઓનો શાહ બનાવીશ અને તારાં બેશ કુંટુંબનું રક્ષણ કરીશ; પણ જો તું મને જુઠ્ઠું કહી ભમાવશે અને ઠગશે તો હું તારૂં માથું એવી રીતે ચીરી નાખીશ કે તારો હાલ જોઇને તારા જેવા બીજા બુરાઓનાં દિલમાં ફાળ પડશે.

રૂઇનદેઝનું વર્ણન.

ગુર્ગસારે સર્વ સાચા જવાબ આપવાનો કોલ આપ્યાથી શાહજાદાએ તેનાથી જાણવા માંગ્યું કે—રૂઇનદેઝ ક્યાં આવેલું છે, ત્યાં જવાના માર્ગ ક્યા છે, તે કેટલું દૂર છે, કોઇ પણ જાતની આફત વિના ત્યાં કેવી રીતે જઇ પુગાય, તે કિલ્લામાં કેટલું લસ્કર છે, અને તે કેટલો ઉંચો છે? જવાબ મળ્યો કે—ત્યાં જવાના ત્રણ રસ્તા છે. એક રસ્તે જતાં લસ્કરને ત્રણ માહના લાગે છે, પણ તે રસ્તો પાણી ઘાસચારા વગેરેથી ભરપુર છે, તે શેહેરો અને કસ્બાઓથી વસાયલો છે, અને તૂરાની નામદારો ત્યાં વસે છે. બીજો રસ્તો બે મહિનામાં પસાર કરી શકાય એટલો ટુંકો છે, પણ તે રસ્તે જતાં લસ્કરને ખોરાકી વગેરેની મુસ્કેલી પડશે તથા જાનવરોને પાણી અને ઘાસચારાની વેહેલા પડશે, તેમજ તે રસ્તે છાવણી નાખવાની પણ કાંઇ જગા નથી. ત્રીજો રસ્તો માત્ર સાત દહાડાનો છે અને આઠમે દહાડે તો લસ્કરી સવારો કિલ્લા આગળ જઇ પુગી શકે એમ છે. પણ આ રસ્તો હર કિસમની મુશ્કેલીઓથી ભરપુર છે. ત્યાં સિંહ, વરૂ અને અઝદહા વસે છે, જેમના સપાટામાંથી કોઇ છટકી શકતું નથી. વળી આ ત્રણ કરતાં વધારે નઠારી બલાઓ તો ત્યાંની જાદુગર ઓરતો છે. વળી આ રસ્તા ઉપર ઉજડ બિયાબાનો આવેલાં છે, જ્યાં સીમુર્ગ વસે છે અને જ્યાં કાતેલ ઠાર વરસે છે. અહીં વળી પવન એવો વાય છે કે તે મોટાં દરખ્તોને પણ ઉખેડી નાખે છે. આ સઘળી બલાઓ જો પસાર થઇ શકી તો પછી આઘેથી રૂઇન દેઝનો કિલ્લો દેખાવા માંડે છે. તે વાદળ સુધી ઉંચો ગયલો છે. તે હથિયારબંધ લસ્કરોથી ભરપુર છે. તેની આસપાસ પાંણીની ચર છે અને પરોશમાંથી એક નદી વહે છે, જેથી જીવને તાજગી મળે છે. શાહ અર્જાસ્પ શિકારે જવાનો હોય ત્યારે હોડીમાં બેસીને બીજે કાંઠે જાય છે. અગર શાહ કિલ્લામાં એકસો વર્ષ વસવું કરે તો આસપાસની રસાળ ભૂમિમાં પાકતી કોઇપણ જિનસની તેને જરૂર પડતી નથી, કારણ કે ખુદ કિલ્લામાં ખેતી થાય છે, ઘાસચારો ઉગે છે, ફળફુલનાં પુષ્કળ ઝાડો છે અને પાણીના ધોધ પડે છે.

આ સર્વ બયાન સાંભળીને અસ્ફંદિયાર લગાર વિચારમાં પડયો. પછી તેણે એક હફતામાં જઇ પુગાય તે માર્ગે જવાનો ઠરાવ રાખ્યો, તો જોકે ગુર્ગસારે તેને તે માર્ગ લેવાની સલાહ આપી નહિ.

૧ લી મંજલ: બે વિક્રાળ વરૂઓ.

ગુર્ગસારે બતાવેલા ભયની દરકાર વિના હવે અસ્ફંદિયાર છાંવણી ઉઠાવી ઇરાનની સરહદ સુધી આગળ વધ્યો અને જ્યાંથી "હફતખાન" અથવા સાત દહાડાની મંજલવાળો માર્ગ શરૂ થતો હતો ત્યાં આવી પુગ્યા પછી પોતાના ભાઇ પશુતનને બોલાવી તેને તમામ લશ્કરની તકેદારી રાખવા ફરમાવ્યું, અને કહ્યું કે—હું તો આ હફતખાનની મંજલ કરતો આગળ વધીશ, પણ જે જોખમ ખેડવાનું હું માથે લઉ છું તે જોખમમાં મારા લશ્કરીઓને નાખવાનું હું દરૂરત ધારતો નથી. તું તેમની સંભાળ લેજે અને તેમને કાબુમાં રાખીને આગળ વધજે.

અસ્ફંદિયાર એકલો આગળ વધ્યો અને લશ્કર પૂઠેપૂઠે ચાલ્યું. તેના જેવા હથિયારબંધ સવારને મસ્ત હાથી માફક આગળ વધતો જોઇને બે વિક્રાળ નરમાદા વરૂઓ તેની ઉપર ધસી આવ્યાં અને તેનો ખોરાક કરવા ચાહ્યું. શાહજાદો સિંહના જેવો પુકાર મારીને તેમની સામો ગયો અને તેઓ ઉપર તીરોનો વરસાદ વરસાવ્યો અને સવારો પોતાનાં તનને છુપાવે તેમ તેણે પોતાનું રક્ષણ કીધું. તીરોથી જખ્મી થયાને લીધે પેલાં વરૂઓ સુસ્ત બની ગયાં અને એ તકનો લાભ લઇને તેણે શમ્શીર વડે તેઓનાં સર તનથી જુદાં કીધાં. પછી તે પ્રાણીઓનું લોહી પોતાના હાથ અને બદન ઉપરથી ધોઇ નાખીને એક સુકી જગાએ જઇ રોશન થતા આફતાબ સામે ઉભો રહી મઝંદની શુક્રગુજારી કીધી અને તેની વધુ મદદ ચાહી.

જ્યારે પશુતન પોતાના સવારો સાથ તે જગા ઉપર પાછળથી આવી પુગ્યો ત્યારે તેણે પોતાના બહાદુર ભાઇને બંદગીમાં મશગુલ દીઠો.

૨ જી મંજલ: સિંહો સાથ લડત.

બીજે દિને ગુર્ગસારના જણાવ્યા પ્રમાણે અસ્ફંદિયારની મુકામેલ પેલાં વરૂઓનાં જોડકાંની માફક સિંહોનું જોડું આવી ઉભું. તેમના હુમલા સામે પોતાનો બચાવ કરતાં અસ્ફંદિયારે પ્રથમ નરને માર્યો અને ત્યારબાદ વધારે વિક્રાળ બનેલી સિંહણને ઠાર કીધી. પછી ખુદાનો ઉપકાર માન્યો.

અસ્ફંદિયારે ધારો રાખ્યો હતો તેમ ખાણું લેતી વેળા તે દર મંજલ વેળા ગુર્ગસારને પોતાની નજદીક બોલાવતો અને હફતખાનની નવી બલા શી આવી પુંહનાર છે તે બાબે ખબર મેળવતો હતો. દર વેળા તે આ તુરાની કેદીને ત્રણ જામ ભરીને શરાબ નોશ કરાવતો અને બલા પોતે દફે કરી શકશે તેની ખાતરી આપી તેને દિલગીર કરતો હતો, કારણ કે તે તુર્કી અસ્ફંદિયારની ચઢાઇથી નારાજ હતો અને હફતખાનની બલામાં તે ગિરફતાર થાય એવું ઇચ્છતો હતો.

૩ જી મંજલ: અઝદહા સાથ જંગ.

ત્રીજી બલા એક જિયાંગાર અઝદહાની હતી, જેનું દેહશત ભરેલું વર્ણન કરીને ગુર્ગસારે શાહજાદાને વિનંતિ કીધી કે તેણે હજીબી પાછું ફરવું અને પોતાનો પ્યારો જાન બચાવવો.

શાહજાદાએ લશ્કર સાથ રાખેલા સુથારોને બોલાવીને એક લાકડાંનું ગાડું બનાવ્યું અને તેમાં તલવારો જડી લીધી. પછી પોતાને માટે તે ગાડાં ઉપર એક બેઠક બનાવીને તેમાં પોતે બેઠો. ગાડાંને બે ઘોડા જોડી આગળ ચલાવ્યું. આ જોઇ એક મોટો અઝદહા ભારે ગુસ્સા સાથ દોડયો આવ્યો, અને શાયરી ઢબથી ફિર્દોસી લખે છે કે તેણે એક એવો દમ ખેંચ્યો કે તે સમેત નાસી જવા માટે તુફાન કરતાં ઘોડાઓ જોડે ગાડું પણ તે અઝદહાનાં મોંમાં ખેંચાઇ ગયું. આ બનાવથી અસ્ફંદિયાર લગાર ગભરાયો, પણ જ્યારે ગાડાંની બાહેરથી જડી લીધેલી તલવારો તે અઝદહાનાં મોંમાં

અને પેટમાં જઇને તેનું તન અંદરથી જખ્મી બનાવવા લાગી ત્યારે તેણે તે ગાડું પાછું ઓકી કહાડવાની તજવીજ કીધી. પણ તેમાં નહિ ફાવતાં તે વધારે જખ્મી થતો ગયો અને સુરત બનતો ગયો. આમ જોઇને બહાદુર અસ્ફંદિયાર પોતે જે પેટીમાં બેઠો હતો તેમાંથી બાહેર નીકળ્યો અને ગુર્જ વડે તેનું માથું છુંદી ભેજું બાહેર કહાડવા લાગ્યો. આમ કરતાં તેમાંથી એવો જેહરી દુર્ગંધ નીકળ્યો કે તે નહિ ખમાયાથી શાહજાદો ગબડી પડયો અને બેહોશ થઇ ગયો.

જ્યારે પશુતને ત્યાં આવી પુગીને તેને આ હાલતમાં દીઠો ત્યારે તેનાં મોં ઉપર ગુલાબ જળ રેડયું અને તેથી તે હુશિયાર થયો. તન પાક કરીને પોતાનું રક્ષણ કરવા માટે અસ્ફંદિયારે ખુદાની બંદગી કરી ઉપકાર માન્યો.

૪ થી મંજલ: એક ડાકણની મોહબત.

શાહજાદાએ એવી ગોઠવણ રાખી હતી કે રાત્રે કુચ કરવી અને દિવસે પડાવ નાખવો. દર મંજલ વેળા શાહજાદો પશુતનને લશ્કરની સરદારી સોંપીને પોતે એકલો આગળ વધી જતો અને લશ્કર પૂઠેથી આવતું. તે આવી પુગે તે આગમજ તો અસ્ફંદિયાર પોતાની મંજલનું મહાભારત કામ બજાવીને પરવારી જતો. લશ્કરના આવી પુગ્યા પછી સર્વ ખાણું લેતાં અને તે પછી ગુર્ગસારને બોલાવી શાહજાદો તેને ત્રણ જામ ભરીને શરાબ પાઇ ખુશ કરતો, અને પછી નવી બલા શી છે તે બાબેની હકીકત પુછતો. તે તુરાની બંધવો પુછયા પ્રમાણેનો જવાબ આપતો અને પછી શાહજાદાને ફરેબ આપતો કે તે જો પાછો નહિ ફરશે તો તેનો જાન નવી બલા મારફતે ખચિત જશે.

આ વેળા તેણે જવાબ આપ્યો કે ચોથી મંજલ દરમિયાન શાહજાદો એક નાપાક જાદુગર ઓરતના ફરેબમાં ફસ્યા વિના મુતલક રહેનાર નથી, કે જેનું બળ એટલું બધું છે કે તે બિયાબાનને દરિયો બનાવી દે છે અને મધબપોરે સૂર્યને ગુમ થવાની ફરજ પાડે છે. લોકો તેને ધુલ યાને જંગલના દૈત્યને નામે ઓળખે છે.

બીજે દિને અસ્ફંદિયાર પોતાની જોડે શરાબની સોનેરી સુરાહી તથા એક કીમતી તંબુરો લઇને એકલો આગળ વધ્યો. જોકે તે તો લડાઇ પર જતો હતો તોપણ તેનો દેખાવ તો મોજ મારવા જેવો હતો. જે જંગલમાંથી તે પસાર થતો હતો તે બહેસ્ત જેવું ખુશનુમા હતું. તેનાં ઉંચાં અને વિખરાયલાં દરખ્તોને લીધે આફતાબમી ઢંકાઇ ગયો હોય તેમ લાગતું હતું. આજુબાજુ નાનકડા ઝરાઓ ગુલાબજળ હોય તેમ વહેતા હતા. તે પોતાના "શબક" નામના કાળા ઘોડા ઉપરથી ઉતરી પડયો અને એક નાળાંના કાંઠા ઉપર ગોઠવાઇ શરાબ પીવા તથા ગાણું ગાવા લાગ્યો, અને પોતાની બહાદુરીનાં કામો યાદ કરનારૂં તથા માશુકની તલબગારી બતાવનારૂં ગાણું તે ગાતો હતો એટલામાં તુરાની ખુબસુરત નાજનીનો જેવી એક પરીસુરત મેહબૂબ ત્યાં આવી ઉભી. ચીનાઇ રેશમી લેબાસ અને કસ્તુરીના પમરાટમાં સીવા સર્વ જેવી તે બાનુને જોઇ શાહજાદો વધારે હરખથી પોતાનું ગાણું લલકારવા લાગ્યો. તે નાજનીનના લાંબા કેશ તેનાં સર પરથી છુટા લટકતા હતા અને તેના ગાલોના ગુલાબ મોહ પમાડનારાં હતી. તેને જોઇ અસ્ફંદિયારે ખુદાનો ઉપકાર માન્યો કે તે જેની તલબગારી કરતો હતો તે તેને આ જંગલમાં પણ મળી આવી છે. પછી તેણે તે બાનુને પોતાની નજદીક બેસાડી, તેને પોતાનો શરાબ પાયો અને તે નહિ જોય તેમ પોતાની કને પોલાદની એક સાંકળ હતી તે ગુપચુપ કહાડીને તે વડે તેણીને સપાટાબંધ બાંધી દીધી, કેજે સાંકળને માટે શાયર કહે છે કે પેગમ્બર જર-

તોસ્ત તે બેહેસ્તમાંથી શાહ ગુસ્તાસ્પને માટે લઇ આવ્યો હતો, અને તેજ સાંકળ શાહે અસ્ફંદિયારની બાજુએ બાંધી હતી.[1]

અસ્ફંદિયારે આ સાંકળ અથવા દંત કથા પ્રમાણે કહિયે તો જરતોસ્તી દીનની નિશાની દાખલ ગણાતી કુસ્તી તે ડાકણની ગરદને લપેટી દીધી ત્યારે તત્કાળ તેનું સર્વ બળ જતું રહ્યું અને તેણીએ એક સિંહણનું રૂપ ધારણ કીધું. શાહજાદાએ તલવાર કહાડી તેનો જાન લેવાની ધમકી આપીને તેને પોતાનું ખરેખરૂં રૂપ લેવા ફરમાવ્યું ત્યારે એક કદરૂપી ડાકણ સાંકળ વડે બંધાયલી તેની આગળ રજુ થઇ. તે કાળા ચેહરાની અને સફેદ બાલની બદસુરત દદા હતી. શાહજાદાએ તેજ ઘડી તેનો જાન લીધો, અને લશ્કર લઇ પશૂતન આવી પુગ્યો તેને સર્વ હેવાલથી વાકેફ કીધો.[2]

૫ મી મંજલઃ એક રાક્ષી સીમુર્ઘ.

આ મંજલમાં એક પહાડી સીમુર્ઘ રસ્તો રોકશે અને શાહજાદાનો ભક્ષ પોતાનાં બે બાળકો સાથ કરશે એવી ખબર અસ્ફંદિયારને ગુર્ગસાર તરફથી મળી હતી. આખી રાત કુચ કર્યા પછી આફતાબ તલુ થયો ત્યારે શાહજાદાએ પેલા અઝદહાને મારવા માટે બનાવ્યું હતું તેજ ગાડું તેને જડી લીધેલી તલવારો સાથ પોતાની જોડે લીધું. સીમુર્ઘ પહાડ ઉપરથી આ જોતાંજ નીચે ઉડી આવ્યું અને પેલાં ગાડાંને પોતાના પંજા વડે ઉપાડી જવા ચાહ્યું, પણ તેમાં જડેલી તલવારોથી તેની પાંખો અને પગો એવાં સખ્ત જખ્મી થયાં કે તેનું તમામ જોર જતું રહ્યું. કેટલોક વખ્ત સુધી તેણે અફાળ પછાડ કીધી પણ અંતે તે થંડું પડી ગયું. શાહજાદાએ હવે પોતાને સંતાવાની પેટીમાંથી બાહેર નીકળીને તેના ઉપર તલવારના ઘા કરવા માંડયા, અને તે મરી ગયું ત્યાં સુધી આ ફટકા ચાલુજ રાખ્યા.

૬ ઠી મંજલઃ સખ્ત બર્ફનો વરસાદ.

ગુર્ગસારના જણાવ્યા પ્રમાણે આ મંજલમાં મળતી બલા અસ્ફંદિયારને ભારે વમાસનમાં નાખે તેવીજ હતી, કારણકે તે કુદરતી આફત હતી. આ બલા કાંઇ તલવાર કે ગુર્જ કે યુકિત કે કુસ્તીથી દફે થાય એવી ન હતી. આ બલા સાથ લડાય કે તેની ગિરફતારીમાંથી નાસી જવાય એમ પણ ન હતું. જ્યાં એક ભાલાની ઉંડાઇ જેટલો બર્ફ વરસે તેની સામે અસ્ફંદિયાર કે તેનું આખું લસ્કર પગુ કેવી રીતે લડી શકે, અને તે કાતેલ વરસાદના ત્રાસમાંથી કેમ છટકી શકે?

પણ એટલુંજ નથી. ગુર્ગસારે વળી ઉમેર્યું કે આ બર્ફનું બિયાબાન પસાર કરવામાં ફતેહ મળશે તોપણ ત્યાંથી બીજા ૩૦ ફરસંગ એવા કાપવા પડશે કે જે માર્ગ તમામ ધુળ અને રેતીથી ભરેલો છે, જ્યાંથી પક્ષીઓ કે તીડો કે કીડીઓથી પણ પસાર થવાતું નથી; ત્યાં વળી પાણીનો એક છાંટો મળનાર નથી, અને જમીન સદા એટલી તપેલી રહે છે કે આ રેતાળ ભૂમિ ઉપરથી સિંહ પણ કદમ લંબાવી શકતો નથી કે ગીધો પણ હવામાં ઉડી શકતાં નથી. ત્યાં વનસ્પતિ તો કશીજ ઉગી શકતી નથી, અને બારીક રેતી ઉડયાજ કરે છે. આ રીતના ૪૦ ફરસંગ કાપવા પડતા હોવાથી મુસાફરો આજેજ થાય છે અને ઘોડાઓ બેદિલ બને છે.

આ રીતની બે મુસીબતોમાંથી જો અસ્ફંદિયાર સલામત બાહેર નીકળે તોપણ રૂઇનદેજ

---

[1] આ સાંકળની બિના ભેદ ભરેલી લાગે છે. ગાથામાં, અવસ્તામાં, પેહલવીમાં કે ફારસીમાં આ સાંકળ બાબેનો કશો ઈશારો નુથી. જો કહેવાતાં "બાસ્તાનનામા" માં આ સાંકળનો ઈશારો હોય તો તેની સમજણ શી? દસ્તુર મિનોચેહર જામાસ્પ આસાના પોતાનાં શાહનામાં (પુ. ૩, સફે ૯૨) માં નોટ આપી જણાવે છે કે "ફીરદોસીએ અતરે 'અઇવયાંઓંઘેહેન'નો અર્થ સાંકલ કીધેલો લાગે છે, પણ તે સાંકલ નહી પણ કશ્તીનો અર્થ થવો જોઈએ." આ સમજણ ધ્યાનમાં ઉતરે એવી છે. "અઇવ્યાઓંઘહન"નો અર્થ જેમ કુશ્તીનો કરવામાં આવે છે તેમ વળી કમરબંધનો પણ કરવામાં આવે છે.

[2] —અશો જરતોશ્તને લલચાવનારી ઓરતની કથા સાથ આ કથાને સરખાવો—જુઓ અગાડી, સફે.

તેનાથી જીતાવાનો નથી. ગુરગસારે તેનું કારણુ બતાવ્યું કે તે કોઇ ફળદ્રૂપ જમીન ઉપર બાંધેલો કિલ્લો નથી. જગા તદન વેરાન છે, અને કિલ્લાનું સર આસ્માનને લાગેલું છે. કિલ્લાનાં ઢોરો બાહેરનો ચારો ચરવા જતાં નથી, તેમ ત્યાંનો એક સ્વાર પણુ કિલ્લાની બાહેર રહેતો નથી. જો ઇરાન અને તુરાનના લાખો લડવૈયા તેને ઘેરો ઘાલી જીતવા માગે તોપણુ એકશો વર્ષની મુદત પુરી થયા છતાં કિલ્લાના દરવાજા તેઓ ઠોકયાજ કરે અને પોતાના તીરો કે હથિયારોથી તેઓ તેને તાબે કરી શકે નહિ.

ગુર્ગસારની આં સર્વે અતિશયોકિતમાં ઇરાની સરદારોને એટલીબધી સચ્ચાઇ લાગી કે તેઓએ જ્યાં હતા ત્યાંથીજ ઇરાન પાછા ફરવાની અસ્ફંદિયારને સલાહ આપી, પણુ તે શાહજાદાએ તેમનાં હીચકારાપણાં માટે ઠપકો આપી જેઓ પાછા ફરવા માંગતા હોય તેમને તેમ કરવાની છુટ મુકી, અને પોતાના સંબંધમાં જણાવ્યું કે ગમે તે થાય તોપણુ હું તો કદી પાછો નહિ ફરતાં આગળ વધવાનોજ અને અર્જાસ્પ ઉપર કીનો લેવાનોજ.

પોતાના સપેહસાલારનો આ પક્કો ઠરાવ જોઇને બીકણુ ઇરાનીઓ પાછા હિમતવાન બન્યા. તેઓએ મારી ચાહી, અને હવે લશ્કર આગળ વધ્યું. બીજી સહવાર કેજે વસંતની એક ખુશનુમા બામદાદ હતી તે દિને તંબુ ઠોકાયા અને લશ્કરે છાવણી નાખી. પછી સઘળા ખાણું લેવા બેઠા નહિ એટલામાં પહાડો તરફથી સખ્ત પવન ફુંકાવા માંડયો, ચોતરફ અંધકાર ફરી વળ્યો, અને પહાડ તથા મેદાન એકાકાર થઇ ગયાં. પુષ્કળ બર્ફ વરસવા લાગ્યો, તથા કકડતી થંડીના જેવો તુફાની પવન ફુંકાયો. આ રીતે તે બિયાબાનમાં ત્રણુ દિવસ અને રાત સુધી સઘળો ગભરાટ ભરેલો મામલો થઇ રહ્યો. આખી છાવણી પાણીથી ભીંજાઇ ગઇ, અને સખ્ત થંડીને લીધે કોઇથી બાહેર નીકળાયુંજ નહિ.

આ જોઇને અસ્ફંદિયાર લાઇલાજ થયો. તેને કાંઇ રસ્તો સુઝયો નહિ. તેણે પોતાના ભાઇ સાથે મસ્લેહત કીધી, અને પછી આખાં લશ્કરે ભેગા થઇ દાદાર હોરમજદની પ્રાર્થના કરી આ સંકટમાંથી ઉગારવા માટે તે સાહેબની મદદ માંગવાનો ઠરાવ થયો. આ તેના હાથમાં એકજ ઇલાજ હતો અને તેમાં તે ફાવ્યો. તુફાન નરમ પડી ગયું, ધીમા પવન વડે વાદળાં વિખરાઇ ગયાં, આકાશ ખુલ્લો થયો, અને એ રીતે ભયભિત મામલો સદંતર બદલાઇ ગયો.

ચોથે દિને તેઓએ કુચ શુરૂ કીધી. પણુ હવે તેમને અન્ન પાણી વિનાનાં તથા સખ્ત તાપથી બળતાં બિયાબાનમાંથી આગળ વધવાનું હતું, માટે અસ્ફંદિયારે ફરમાવ્યું કે—સવારોએ પોતાની જોડે પોતાનો અસ્બાબ નહિ લેતાં ત્યાંજ રહેવા દેવો અને માત્ર લડાઇનોજ સામાન સાથે લેવો. જે જે સરદારો કને એકશો ભારબરદારી જાનવરો હોય તેમાંનાં અર્ધાં ઉપરજ પોતાની ખોરાકી, પાણી અને બીજો સામાન લાધવો, અને બાકીનાં જાનવર તથા સામાનને અહીંજ રાખી જવું.

આ રીતની ગોઠવણુ કરી સઘળા આગળ વધ્યા ત્યારે તેમની રાતની મુસાફરી દરમિયાન આકાશમાં ઉડતા કેટલાક બગલાઓનો સાદ સંભળાયો. આ ઉપરથી અસ્ફંદિયારને ગુર્ગસારના સખુન ઉપર શક ગયો. તેણે કહ્યું "હતું કે બિયાબાનમાં પાણી મુતલક મળનાર નથી," ત્યારે આ બગલાં અહીં ક્યાંથી હોય? ગુર્ગસારે આના જવાબમાં ખુલાસો કીધો કે—અહીં જાનવરોને પીવા માટે ખારૂં પાણી મળશે, અને એક કુવો એવો આવશે કે જેનાં પાણી કડવાં ઝેહર જેવાં જણાશે, કેજે પક્ષીઓ અને ઢોરોજ પી શકે. અસ્ફંદિયારને લાગ્યું કે તેના બંધવાએ તેને આ બાબતમાં ખામખા ખોટી ખબર આપી હતી અને તે એક દુશ્મન તરીકે વર્તતો હતો.

૭ મી મંજલ: ત્રાંબાંનો કિલ્લો.

અંધારી રાતની વેળા કુચ દરમિયાન એક એવો બનાવ બન્યો કે જેથી ગુર્ગસારનો દગો ખુલ્લો પડયો અને તે પોતાને ફજે પુગ્યો. એક સાંઢણીસ્વાર આગળ આગળ ચાલતો હતો તેનું જાનવર એકાએક એક ઉડાં નાળાંમાં તુટી પડયું. પુકાર ઉઠયો અને શાહજાદાએ જઇ તે ઉંટને બાહેર ખેંચી કહાડયું. પછી ગુર્ગસારને સવાલ થયો કે આ બિયાબાનનું તેણે જે વર્ણન કીધું હતું તેવું તો કાંઇ જણાતુ નથી અને અહીં તો નદી નાળાં ઘણાં છે, તેનું કારણ શું? તેણે હવે જીવપર આવીને જવાબ દીધો કે—તારાં લશ્કરનો નાશ કરવાનો મારો ઇરાદો હતો. તું મને બેડીમાંથી છોડતો નથી તો પછી તારૂં બુરૂં કર્યા સિવાય હું બીજું શું કરૂં?

શાહજાદાએ કશો ગુસ્સો નહિ દેખાડતાં તેને ફરીથી કબૂલત આપી કે—હું મારાં કામમાં ફતેહ પામ્યા પછી તને આ કિલ્લાની હાકમી આપીશ, તને નવાજીશ, તારા બચ્ચાં છોકરાંની પરવરશી કરીશ. તું ગભરા ના.

આથી તે દગાખોરનાં દિલમાં નવેસરથી ઉમેદ પેદા થઇ. તેણે માફી ચાહી, અને શાહજાદાના ફરમાવ્યાથી તેને છુટો કીધા પછી તેણે નદીમાંથી પસાર થઇ જવાનો સહેલો માર્ગ બતાવ્યાથી તેની પૂઠેપૂઠે સઘળા સવારો તે નાળું પસાર કરી બીજે કાંઠે સલામત જઈ પુગ્યા. અહીંથી તેઓએ આગળ વધીને કિલ્લો દશ ફર્સંગ દૂર રહ્યો ત્યાં સુધી કુચ કીધી. પછી છાવણી નાખીને સઘળાઓએ ખાણું લીધું. તે પુરૂં થતાં અસ્ફંદિયારે ગુર્ગસારને પોતાની નજદીક બોલાવીને તેને સવાલ કીધો કે—હું જો અર્જાસ્પનું માથું કાપીને મારા બપાવા લોહરાસ્પનાં ફરોહરને ખુશહાલ કરૂં, અગર મારા ભાઇ ફર્શીદવર્દના કીનામાં કોહરમનું શીર છેદું, અગર મારા ૩૮ ભાઇઓનાં વેરમાં હું અંદરીમાનનો જાન લઉ, અને પછી તુર્કીઓનો પરાજય કરી તેમની ઓરતો અને બચ્ચાંઓને ગુલામ બનાવું તો એ સઘળાં મારાં કામથી તું ખુશી થાય કે દિલગીર?

આ સવાલથી છેડાઇ પડી ગુર્ગસારે શાહજાદાને અનેક શ્રાપ દીધા અને તેનું સર્વ ખરાબ થાય એમ ઇછયું. શાહજાદો આથી બહુ ગુસ્સામાં આવ્યો અને તેણે ગુર્ગસારનો તતકાળ જાન લીધો. પછી ઘોડેસવાર થઇ તે એક ઉંચી ટેકરી ઉપર જઇ દૂરથી દેખાતા રૂઇનદેઝના કિલ્લાની તપાસ લેવા લાગ્યો. તેની દીવાલ અથવા કુરનો કોટ ચાલીશ ફર્સંગની પહોળાઇ અને ત્રણ ફર્સંગની ઉંચાઇનો હતો.[૧]

આ દીવાલ એટલી જાડી બાંધેલી હતી કે તે ઉપરથી ચાર સવારો સહેલાઈથી પસાર થઇ શકે. ત્યાં તેને ખાક કે પાણી જેવું કશું જણાયું નહિ. તેને લાગ્યું કે તેની સઘળી જેહમત અહીં વેર આવ્યા પછી ફોકટ જાય એમ છે. આવા અંદેશામાં તે હતો એટલામાં તેણે બે તુર્કી સવારોને ચાર શીકારી કુતરા લઇ જતાં દીઠા. અસ્ફંદિયારે નીચે ઉતરી તેમને ભાલાની ધમકી આપી તાબે કીધા, ઘોડેથી ઉતાર્યા, અને પછી ટેકરી ઉપર લઇ જઇને દૂરથી દેખાતા કિલ્લાને લગતી વાતો પુછી. તેઓએ કહ્યું કે—તેની એક બાગોળ ઇરાન તરફ અને બીજી ચીન તરફ છે. તેમાં એક લાખ શમ્શીરબાજો અર્જાસ્પ શાહની સેવામાં ખડા ઉભેલા છે. વળી તેમાં એટલો બધો દાનો પાણી છે કે દશ વર્ષ સુધી જવાબ દઇ શકે. જો શાહ ચાહે તો ચીન અને માચીનથી બીજા એક લાખ સવારો મદદ માટે બોલાવી શકે.

---

૧ ત્રણ માઇલનો એક ફર્સંગ ગણિયે તો ઉંચાઇ ૯ માઇલનો અને પહોળાઇ ૧૨૦ માઇલની થવા જાય! એક ફર્સંખ અથવા ફર્સંગ ૧૮૦૦૦ ફીટની લંબાઇનો ગણાય છે, તે જોતાં શાયરે આપેલું રૂઇનદેઝના કિલ્લાનું આ માપ કાંઇજ નહિ પણ અતિશયોક્તિ માત્ર છે.

ફસલ ૩—દીનની છેલ્લી ફતેહ.

ઈરાની સોદાગર.

આ ખબર મેળવ્યા પછી અસ્ફંદિયારે પશુતન સાથ ખાનગી મસ્લેહત ચલાવી અને પછી તેઓ એવાં શેવટ ઉપર આવ્યા કે—પશુતને પોતાના ૧૨૦૦૦ સવારો સાથ જ્યાં છે ત્યાંજ છાવણી રાખીને પડી રહેવું, અને અસ્ફંદિયારે સોદાગરના લેબાસમાં કિલ્લામાં દાખલ થવું. પશુતને આસપાસ ખેપિયા ફરતા રાખી બાતમી મેળવતા રહેવું. એમ કરતાં કોઇ દહાડે જો તેમને કિલ્લામાંથી ધુંઓ નીકળતો જણાય, અથવા રાતની વેળાએ હોળી સલગેલી દેખાય, ત્યારે ખાતરીથી જાણવું કે આ અસ્ફંદિયાર તરફની નિશાન છે, અને તે જોતાંજ પશુતને તમામ સવારો સાથ કિલ્લા ઉપર ચઢી જવું, અસ્ફંદિયારનો ઝુંડો ઉડતો કરવો, તેનો ગાવ મૂખી ગુર્જ વાપરવો, અને પશુતન તે અસ્ફંદિયાર પોતેજ છે એમ દુશ્મનો સમજી જાય એવી રીતે કામ લેવું.

આ પછી એકશો સારા દેખાવનાં ઉંટ મંગાવી તેઓમાંનાં વીશ ઉપર ઝવેરાત, ચીનાઇ રેશમી કાપડ, સોનાનાં તખ્ત અને તાજ વગેરે લાધ્યું. બાકીનાં ૮૦ ઉંટો ઉપર બબે પેટીઓ ગોઠવી, જેઓમાંની દરેકની અંદર એકેક બહાદુર લડવૈયો છુપાયલો હતો. બીજા વીશ સવારોને શાહજાદાએ ઉંટોના આ વેપારી કાફલાની નેગેહબાની માટે રાખી તેમને ઉંટબાન બનાવ્યા. આ રીતે પોતાનો સોદાગરી કાફલો તૈયાર કરી તથા પોતે સોદાગરનો લેબાસ ધારણ કરી શાહજાદો હવે કિલ્લા ભણી ચાલ્યો.

આમ કરતાં જ્યારે તે કિલ્લા આગળ જઇ પુગ્યો ત્યારે ઉંટોને બાંધેલા ઘંટના આવાજ સાંભળીને કિલ્લામાંનાં લોકો સમજી ગયાં કે સસ્તી કીંમતે માલ વેચવા માટે કોઇ સોદાગરી કાફલો આવ્યો છે. પ્રથમ તો ત્યાંના માતબર અમીરોએ સોદાગર કને આવીને માલની વિગત જાણવા માગી, પણ તેણે પોતાનો સર્વ અસબાબ પ્રથમ શાહને પોતાને દેખાડવાની ખાહેશ બતાવી. એમ કરતાં તેને શાહની આગળ લઇ જવામાં આવ્યો ત્યારે તેને માટે કીમતી સામાન ભેટ તરીકે તે લેતો ગયો તથા આસપાસના માણસોમાં છુટથી નાણું વેર્યું. અસ્ફંદિયારે પોતાની ઓળખાણ આપતાં કહ્યું કે—મારો બાપ તુર્કી અને મા ઇરાની હતાં. હું તુરાનનો માલ ઇરાન લઇ જાઉંછું અને ઇરાનથી ત્યાંનો સામાન લાવુંછું. પછી તેની અર્જ ઉપરથી શાહે તેના કાફલાને કિલ્લામાં દાખલ કરવા અને પોતાનો આસરો આપવાની હા પાંડી અને શાહજાદાના ઉતારા માટે એક મોટું મકાન આપ્યું, જેને લગતી વખારમાં સઘળો અસ્બાબ સલામત રાખવામાં આવ્યો. અહીં એક બાજાર ભરાયું હોય તેમ ઇરાની માલ ખપવા લાગ્યો.

બીજે દિને શાહજાદાએ અર્જાસ્પના મહેલમાં જઇને કીમતી ઝવેરાતો વગેરેનો નાદર હદિયો નજર કીધો અને તે શાહની એવી મેહરબાનગી મેળવી લીધી કે આ પછી અસ્ફંદિયાર—અથવા શાહજાદાએ પોતાનું ખોટું નામ આપ્યું હતું તેમ ખુર્રાદ—ને અર્જાસ્પે કશી પણ હરકત વિના પોતાની દરગાહમાં આવવા જવાનો હક બક્ષ્યો. શાહના પુછવાથી ખુર્રાદે ઇરાનને લગતી હકીકત જાહેર કરતાં જણાવ્યું કે—કોઇ કહે છે કે અસફંદિયારે પોતાને થયલા ગેરઇનસાફ માટે બાપ સામે બળવો ઉઠાવ્યો છે, અને કોઇ વળી એમ કહે છે કે તે શાહજાદો હફતખાનને માર્ગે તુરાન ઉપર ચઢાઇ લાવે છે.

તુર્કી નામદારોને ખાણું.

એક રાત્રે સઘળું શાંત જોઇને અસ્ફંદિયારની કેદ પડેલી બન્ને બહેનો હુમાય અને

બેહઆફ્રીદ ઇરાનને લગતી ખબર પુછવા અને પોતાની બતંગ હાલત છતાં ગુસ્તાસ્પ તેમને છોડવવાની કશી તજવીજ કરતો નથી તે બાબે ફરિયાદ કરવા આવી. તેમનો ચેહરો તદન લેવાઇ ગયો હતો અને તેમને ઉઘાડે પગે પાણી ભરવું પડતું હતું. વળી તેઓ નિકાબ વિના ખુલ્લે ચેહરે ફરતી હતી. તેમની આ સઘળી ફરિયાદો સાંભળી લઇને અસ્ફંદિયારે તેમને ધમકાવી કહાડી, પણ તેના આવાજ ઉપરથી હુમાયે તેને પિછાન્યો, અને પછી ભાઇએ તેમને પોતાના વિશ્વાસમાં લઇને પોતાના આવવાનું ખરૂં કારણ તેમને સમજાવી રાજી કરીને વિદાય કીધી.

હવે ખુર્રાદ શાહ અર્જાસ્પની પરવાનગી મેળવીને કિલ્લાની દિવાલ ઉપર લશ્કરી અમલદારોને ખાણું આપ્યું અને ત્યાં મોટી રોશની કીધી. દીવાલનો મોટો ઓસાર હોવાથી ત્યાં લાકડાંઓની ચેહ સલગાવવામાં આવી, અને ત્યાંજ ઘોડા અને મેંઢાંનું ગોસ્ત પકાવવામાં તથા કબાબ ભુંજવામાં આવ્યા. અહીંજ શરાબનો દોર ચાલ્યો. અહીંજ સઘળા તૂરાની નામદારો ખાઇ પીને રંગીલા બની ગયા.

લડાઈ: કિલ્લાની બાહેર.

પેલી તરફથી પશુતને કિલ્લા ઉપર રોશની જોઇ અને તરત લશ્કર તૈયાર કરી વાજતે ગાજતે કિલ્લો જીતવા દોડયો આવ્યો. અર્જાસ્પને ખબર પડી કે ઇરાનથી અસ્ફંદિયાર મોટાં લશ્કર સાથ ચઢાઇ લાવ્યો છે, જે ઉપરથી તેણે પોતાના બેટા કોહરમને લશ્કરની સરદારી આપી, અને તુરખાન નામે સરદારને ૧૦ હજાર સિપાહો સાથ પહેલો લડવા મોકલ્યો. તેણે હમ્નમર્દ માર્યાથી અસ્ફંદિયારનો બેટો નૂશઆજર તેની સામો ગયો, જેના હાથ ઉપર તુરખાનનો જાન ગયો. કોહરમને આ બાબેની ખબર પડતાંજ તેણે પોતાના બાપને વાકેફ કીધો અને પછી મોટી લડાઇ કિલ્લાની બાહેર ચાલુ થઇ.

અસ્ફંદિયાર હજી કિલ્લામાંજ હતો. તેણે પેલી પેટીઓમાંથી ૧૬૦ ઇરાની નામદારોને બાહેર કહાડયા, સારી પેઠે જમાડી તથા શરાબ પાઇને તનદુરસ્ત બનાવ્યા, અને તેમને ત્રણ ભાગમાં વહેંચીને એક ભાગને કીલ્લામાં જે શત્રુ જણાય તેને પુરો કરવાનું કામ સોંપ્યું, બીજાને કિલ્લાના દરવાજા આગળ સાવચેત રહેવા ફરમાવ્યું, અને ત્રીજાને કહ્યું કે જે તૂરાની સરદારો આપણી જિયાફત ખાઇ ગયા છે તેઓમાંના એકને પણ જીવતો રાખવો નહિ. આ રીતની ગોઠવણ કરીને અસ્ફંદિયાર અર્જાસ્પના મહેલમાં ઘુસી ગયો અને લડાઇનો પુકાર ઉઠાવીને તેને તેના ખાબમાંથી જગાડયો. તેની બહેનો તેનો આવાજ સાંભળીને દોડી આવી તેમને તેણે પોતાનાં રહેઠાણ ખાતે આસરો લેવા મોકલાવી દીધી, અને પોતે અર્જાસ્પની મુકાબેલ તેનાજ અયવાનમાં જઇ ઉભો અને પોતે કોણ છે તેનો ખરો ખુલાસો આ શબ્દોથી કીધો કે—તને પેલો ઇરાની સોદાગર મોટી કીમતની શમ્શીર ભેટ આપવા આવ્યો છે. શાહ લોહરાસ્પ તરફની આ ભેટ છે અને તેના ઉપર શાહ ગુસ્તાસ્પની મોહર છે. આ શમ્શીર લેતાંજ તારાં દિલનું લોહી વહેવા માંડશે અને તુરતજ તું ધૂળ ચાટતો થશે.

લડાઇ: કિલ્લાની અંદર.

અર્જાસ્પ ગુસ્સામાં આવ્યો અને બન્ને વચ્ચે જબરૂં જંગ બરપા થયું. તલવાર અને બડછી વડે આ લડાઇ ચાલી. કોઇ વાર માથાં પર તો કોઇ વાર કમરમાં જખ્મ થવા લાગ્યા. અંતે અર્જાસ્પ લાચાર થઇ પડયો અને અસ્ફંદિયારે તેનું સર તનથી જુદું કરી નાખ્યું. આ પછી તેણે મસાલ સલગાવીને મહેલને આગ લગાડી. પછી ચુનંદા ઘોડાઓ ઉપર પોતે સવાર થઇને તથા પોતાના સાથીઓને સવાર કરીને ૧૬૦ ઇરાની નામદારોની દમામદાર સવારી કિલ્લાના દરવાજા તરફ ચાલી. એ આગમજ શાહજાદાએ પોતાની બન્ને બહેનોને

પણ ઘોડે બેસાડી પોતાની પનાહમાં લીધી તથા સાવેહ નામે એક વિશ્વાસુ તુરાની સાથ થોડાક ઇરાની સવારોને રાખી જતાં તેણે ફરમાવ્યું કે—અમારા નીકળી ગયા પછી તમો કિલ્લાના દરવાજા બંધ કરી દેજો અને તુરાનીઓ નાસીને પાછા કિલ્લામાં ભરાઇ જવા માગે તેમને તેમ કરવા દેતા ના. પછી તમો ચોકીખાનને કહીને તુરાની લશ્કરમાં અર્જાસ્પનું આ સર ફેંકાવજો.

આમ કહીને અસ્ફંદિયાર પોતાના સાથીઓ સાથ કિલ્લામાંથી બાહેર પડયો, જે શત્રુઓ સામા થયા તેમને કાપી નાખ્યા, અને એ રીતે પોતાનો માર્ગ મોકળો કરીને તે પશુતનને જઇ મળ્યો.

રાત્રીના ત્રણ પોહર ગયા પછી કિલ્લા ઉપરથી ચોકીખાને બુમ પાડી કે—ફતેહ શાહ ગુસ્તાસ્પની થઇ છે, અસ્ફંદિયારે શાહ લોહરાસ્પનો કીનો અર્જાસ્પને મારીને લીધો છે.

આ સખુનોથી કોહરમ ગભરાટમાં પડયો. ઉપર મુજબનો પુકાર ચોકીખાન તરફથી ચાલુ રહ્યો અને તેથી તુરાની સિપાહોમાં ભય પેઠો. કોહરમ જંગ મેદાન છોડીને કિલ્લા તરફ ચાલ્યો અને તેના સિપાહો પણ નાઠા. અસ્ફંદિયારે તેમની પૂઠ પકડી હાથમાં આવ્યા તેટલાને માર્યા આ જોઇ કોહરમ પાછો ફર્યો અને બન્ને લશ્કરો વચ્ચે કિલ્લા આગળ નવી લડાઇ બરપા થઇ તે સહવાર સુધી ચાલુ રહી, અને તેનું પરિણામ શત્રુઓની શિકસ્તમાં આવ્યું. તેઓ વચ્ચે આવી પડેલાં અર્જાસ્પનાં ડોકાંથી તેમની દિલગીરીનો પાર રહ્યો નહિ. લડાઇ પાછી ચાલી અને એ રીતે જીવપર આવીને તુર્કીઓ લડયાજ કીધા

રૂઇનદેઝની ફતેહ.

હવે અસ્ફંદિયાર આગળ વધ્યો અને જયાં કોહરમ હતો ત્યાં તેની સામે જઇ ઉભો, પછી બન્ને એક બીજાને વળગી પડીને જાણે એકજ જબ્બૈ આદમી હોય તેમ છુટા નહિ પડતાં લડયા કીધા. અંતે અસ્ફંદિયારે પોતાના હરીફને કમરમાંથી ઉઠાવી પોતાનાં સર પર ફેરવીને જમીન ઉપર પટકયો જે ઉપરથી ઇરાની લશ્કરે શાબાશીના પુકાર ઉઠાવ્યા. થોડાક જણે તુરંત આવી કોહરમના હાથ બાંધી લીધા અને તેને ખુઆરી સાથ ખેંચતા પોતાની ફોજમાં લઇ ચાલ્યા. હજી લડાઇ ચાલુજ રહી, જેનું શેવટ ઇરાનીઓની સંપૂર્ણ ફતેહમાં આવ્યું. જેઓ જીવતા રહેવા પામ્યા તેઓએ જીવતદાન માંગ્યું, પણ અસ્ફંદિયારે તે તેમને બક્ષ્યું નહિ. તેણે એકપણ શત્રુને જીવતો રાખવાની ના પાડી. તે જમાનો એવોજ ખુની હતો. ત્યારે જંગ મેદાનમાં દયા કે ગુનેમાફ જેવું કાંઇ ઝાઝું સમજવામાં આવતું ન હતું, અને આના જેવી જયારે કીનાની લડાઇ હોય ત્યારે તો કીનાનું કામ અધુરું રખાતું ન હતું. અંદરીમાન અને તેના ભાઇ કોહરમને શાહજાદાએ ફાંસી દીધા, જે વેળા તેમનાં સર નીચે લટકતાં રાખ્યાં હતાં. આ પછી અસ્ફંદિયારે બીજાં તુરાની શેહરો ઉપર ચઢાઇ લઇ જઇ તેમનો નાશ કીધો. આ રીતે આખું તુરાન અથવા બરાબર કહિયે તો ખ્યોનનો તમામ મુલક ઇરાનને તાબે થયો.

અસ્ફંદિયારે આ સર્વ ફતેહની વાતોથી પોતાના પાદશાહને વાકેફ કીધો, અને શાહ ગુસ્તાસ્પે તેના દીદાર જોવાની ખાહેશ બતાવ્યાથી શાહજાદો બલખ ખાતે પોતાના બાપને જઇ મળવા નીકળ્યો. તે પોતાની જોડે દુસ્મનનો મોટો ખજાનો લેતો ગયો. શત્રુના દશ હજાર ઘોડા અને ઉંટ ઉપર સોનું, ચીનાઇ કાપડ, તખ્તોતાજ, પહેરવાની ટોપ, કસ્તુરી, અંબર, ઝવેરાત, પાકાં તેમજ કાંચા ચામડાં, ચીનાઇ દાસીઓ, વગેરે લાધેલાં હતાં. હુમાય અને બેહઆફ્રીદની ખિદમતમાં એકશો નામીચાં ખાન્દાનોની તુરાની બાનુઓ હતી. અર્જાસ્પની મા, બે બહેનો અને બે બેટીઓને પણ આ લૂટના અસબાબ તરીકે ઇરાન લઇ જવામાં આવી. જે કાંઇ લેવા જોગ હતું તે સર્વ લીધા બાદ અસ્ફંદિયારે રૂઇન.

દેઝને બાળી ભસ્મ કરવાનો હુકમ આપ્યો. તેણે પોતાના ત્રણ બેટાઓને થોડાં થોડાં લશ્કર સાથ ત્રણ રસ્તે બલ્ખ જઈ પુગવા ફરમાવ્યું અને પોતે જે હફતખાનને રસ્તે આવ્યો હતો તેજ રસ્તે પાછો ફર્યો. આ રસ્તે તે શીકાર કરતો આગળ વધ્યો, પણ હવે તેને કશી બલા નડી નહિ અને આખો રસ્તો ખુશનોમા જણાયો. પછી ત્રણે બેટાઓ આવી મળ્યા તેમને લઇને સઘળાઓ બલ્ખ જઇ પુગ્યા.

શાહજાદો રૂઇનદેઝ ફતેહ કરી તથા પોતાની બન્ને ખુબસુરત બહેનોને લઇ પાછો ફર્યો. તેની ખબર મળતાંજ શેહરેશેહરનાં લોકોએ તેને મોટો આવકાર દઇ પોતાનો ભારે હર્ષ જાહેર કીધો. શાહને ખબર મળતાંજ તે પોતાના નામદારો અને ધર્મ ગુરૂઓને સાથે લઇને પોતાના બહાદુર બેટાને સામે લેવા ગયો. તેઓ મળ્યા, ભેટયા, વાજતે ગાજતે મહેલમાં આવ્યા, ખાણીપીણી અને રંગ રાગ ચાલ્યા અને આખી પ્રજાએ તેમાં ભાગ લીધો.

બાબ ૧૭—શાહ ગુશ્તાસ્પ—૩.

[અસ્ફંદિયાર અને રૂસ્તમનું જંગ.]

ફસલ ૧—તખ્ત માટે રકઝીક.

શાહની કબૂલતની કસોટી.

શાહ ગુસ્તાસ્પે એક નહિ પણ અનેક મરતબે પોતાના પેહલવાન બેટાને ઇરાનનું રાજતાજ હવાલે કરવાની કબૂલત આપી હતી. અને આ કબૂલત બહાદુર અસ્ફંદિયારની માગણી વિના તેણે પોતેજ અમુક સેવા બજાવવામાં આવે એવી મતલબથી આપી હતી. પ્રથમ જ્યારે શાહનો ભાઇ સપેહસાલાર જરીર માર્યો ગયો ત્યારે તેનો કીનો લેવા માટે, બીજી વાર જ્યારે પોતે એક પહાડ ઉપર ઘેરાઇ ગયો ત્યારે, અને ત્રીજી મરતબે અર્જાસ્પ ઉપર શેવટનો કીનો લેવાનો અને બન્ને શાહજાદીઓનો છુટકારો કરવાનો હતો ત્યારે ગુસ્તાસ્પ શાહે આ પાદશાહી કબૂલત આપી હતી. પણ આ કબૂલત તેણે કોઇ પણ મરતબે પાળી નહિ, અને પોતાના કોલ ઉપર પાણી ફેરવ્યું. શાયર ફિર્દુસી આ બાબતમાં એક નવું દાસ્તાન રજુ કરીને તે બુલંદ શાહનાં નામને ખેજાલત લાગવા દે છે કેજે શાહને અવસ્તાવાણીમાં દીનનો મોટો પોસ્તપનાહ ગણેલો છે. તેનાં આ દાસ્તાનમાં સચ્ચાઇ હોય કે નહિ હોય, પણ આ ઠેકાણે તેનું થોડુંક બયાન આપવું તો જોઇએ.

હવે જે તખ્ત માટે અસ્ફંદિયારે આગળ કદી ખાહેશ બતાવેલી નહિ તે માટે હવે તે પોતેજ લોભી બન્યો. અર્જાસ્પનો નાશ કરી પરવાર્યા પછી તેણે આ ખાહેશ કીધી. તેણે પોતાના માદરને પ્રથમ આ ખાહેશથી વાકેફ કીધી, અને ત્યારબાદ ધીમે ધીમે શાહ ગુશ્તાસ્પના કાન પર આ વાત આવી. શાહ તખ્ત છોડવાને રાજી ન હતો. તેણે હકીમ જામાસ્પની સલાહ લીધી અને અસ્ફંદિયારનું ભવિષ જાણવા માગ્યું. વજીરે કહ્યું કે તે જેહાં પેહલવાન રૂસ્તમના હાથ ઉપર માર્યો જશે અને રાજતાજ ભોગવવા પામનાર નથી. આથી શાહ બહુ દુખી થયો, અને પોતાના બહાદુર બેટાને તખ્ત સ્વાધીન કરી રૂસ્તમના હાથ ઉપર માર્યો જતો બચાવવા માગ્યો. પણ નજુમીએ કહ્યું કે ગમે તે તદબીરથી તકદીરનો હુકમ રદ જનાર નથી. આ ઉપરથી જ્યારે થોડી મુદત પછી અસ્ફંદિયારે પોતેજ શાહની હજુરમાં આદાબ બજા લાવી નમનતાઇથી કબૂલત મુજબ તખ્તની માગણી કીધી ત્યારે ગુસ્તાસ્પે જાણી જોઇને તેને મોતને ઘેર મોકલવા જેવો સખુન કહાડયો. તેણે ફરમાવ્યું કે—સઘળા નાના મોટા શાહો અને સરદારો મને માન આપે છે, પણ એક રૂસ્તમ મારૂં વડપણ કબૂલ રાખતો નથી, માટે તેને બાંધીને મારી હજુર લાવે તો હું તને મારૂં તખ્ત હવાલે કરૂં.

રૂસ્તમની તારીફ.

અસ્ફંદિયાર જેવો બહાદુર તેવોજ અક્કલમંદ હતો. તે સમજી ગયો કે આમ કરીને શાહ મને પોતાની આગળથી દૂર કરવા અને પોતાની કબૂલત ઉપર પાણી ફેરવવા માગે છે. તોપણ તેણે તકરાર લીધી કે—રૂસ્તમ જેવા વૃધ્ધ શૂરવીરને મારવો શાહને સજાવાર નથી. ગમે એવા દીનદુશ્મનને કે બીજા શત્રુને મને દેખાડ, તેને હું તારો તાબેદાર બનાવું. પણ રૂસ્તમ જેવો નામદાર કેજે “શીરોનો

પકડનાર," "રક્ષનો માલિક" "તાજ બક્ષનાર," "જેહાનનો જીતનાર," વગેરે એલકાબો ધરાવે છે, મિનોચેહરથી. કયકોબાદ સુધીના તમામ શાહો જેના ઉપર રાજી હતા, જેણે કયકાઉસની મોટી સેવાઓ બજાવેલી છે, જેને શાહ કયખુસરૂએ અભય વચન આપેલો છે, અને જે ઇરાનના શાહોથી ઉલટો ચાલતો નથી, તો તેવા નામદાર સાથ વગર વાંકે શા માટે લડાઇ શોધવી જોઇયે?

પણ લોભી ગુસ્તાસ્પ પોતાના બોલને વળગી રહ્યો. તેણે છેલ્લી વાર કબૂલત આપી કે—રૂસ્તમ અને તેના ખાન્દાનીઓને તેમની સરકશીને માટે પકડી લાવવામાં આવે તો દાદાર હોરમજદના કસમથી, જરતોસ્ત અને અવસ્તા વ જંદના કસમથી, દીનના કસમથી, રોશન આતશ નૂશ આજરના કસમથી કહું છું કે મારૂં તાજ, મારૂં તખ્ત, મારો ખજાનો, એ સર્વ તારાંજ છે. રૂસ્તમ ખુદાઇ માર્ગથી ફર્યો છે માટે તેની સાથનો આગળો કોલ પણ ફરવોજ જોઇયે.

છેડાયલો શાહ જાદો.

આ મતલબના શાહના સખુનો સાંભળી અસ્ફંદિયાર છેડાઇ પડયો. તેણે છેલ્લો જવાબ એવો દીધો કે—આજનો મારો સવાલ રૂસ્તમ કે જાલને પકડી લાવવાનો નથી, પણ અત્યાર આગમજનાં કામો બજાવવા માટે શાહે આપેલી કબૂલત પાળવાને લગતો છે. તું મને ખેરવવા માંગે છે, કારણકે તારૂં તખ્ત તને છોડવા ગમતું નથી. ત્યારે રાખ તારાં તાજ અને તખ્ત તારી કને; નથી જોઇતાં મને તે; દુનિયામાં ખોળી ખાવાનું મારે માટે ઘણું છે. હજી હું તારો ગુલામ છું અને તારો હુકમ માથે ચઢાવું છું. તું મને દૂર કરવા માગે છે તો હું દૂર થાઉં છું, પણ જો તેમાં મારી આકેબત આવશે તો કેયામતને દહાડે તેનો જવાબ તને દેવો પડશે.

ટુંકમાં અસ્ફંદિયાર દુખી દિલે પણ પૂર ગુસ્સા સાથ દરબાર છોડી ગયો અને થોડુંક લશ્કર પોતાની જોડે રાખી જાબુલ તરફ પોતાના બેટાઓ અને થોડાક સાથીઓને લઇને ચાલ્યો. પણ આમ તે કરે તે આગમજ તેની માદર રાણી હુતોસ (કતાયૂન) એ તેને રૂસ્તમ સામે લડવા જતો વારવા માગ્યો, રૂસ્તમની સેવાઓની યાદ આપી તેની બહાદુરીને વખાણી, અને રાજતાજનો લોભ નહિ કરતાં વખ્ત આવવે શાહ થઇ તખ્તે બિરાજવા જેટલી ધીરજ રાખવા સમજાવ્યું.—અસ્ફંદિયારે કહ્યું કે "હે વહાલી માતા! તારા સખુનો અવસ્તા વ જંદ જેવા સાચા છે." રૂસ્તમ કરતાં બેહતર બીજો કોઇ નર ઇરાનમાં નથી, પણ શાહનો હુકમ મેં માથે ચઢાવ્યો છે, માટે હું તેનો તિરસ્કાર કરૂં નહિ.—હુતોસે તેને લશ્કર લઇ જવાની સલાહ આપી અને કહ્યું કે તારાં બચ્ચાં છોકરાંને તારી સાથ ખુઆર થવા ના લઇ જા—શાહજાદાએ જવાબમાં જણાવ્યું કે લશ્કરની તો જરૂર નથી પણ મારાં બચ્ચાં તો મને મારાં કામમાં ઉપયોગી છે.

ફસલ ૨—રૂસ્તમ ઉપર ચઢાઇ.

નરમ ઘી જેવી વાત!

હવે આ લાંબી વાત ટુકમાં જણાવિયે તો અસ્ફંદિયાર પોતાનાં કેટલાંક લશ્કર સાથ બલ્ખથી નીકળેલો સીસ્તાન તરફ ચાલ્યો ત્યારે માર્ગમાં તેને બે રસ્તા મળ્યાઃ એક ગુમ્બદાનના કિલ્લા તરફનો, અને બીજો જાબુલનો. અહીં પહેલા અપસુકન નડયા! એક ઉંટ બેસી પડયું તે ઉઠયુંજ નહિ. તેને ઉઠાડવાની અનેક કોશેશ રદ ગઇ ત્યારે શાહજાદાના હુકમથી તેને ત્યાંજ કતલ કરવામાં આવ્યું. તેણે કહ્યું કે—સારૂં અને માઠું ખુદા તરફથી છે, માટે જેનું એકબાલ રોશન હોય તેણે ગમ નહિ ખાતાં સદા ખુશહાલ રહેવું જોઇયે. પછી તેણે આગળ વધીને હીર્મન્દ નદીના કાંઠા ઉપર છાવણી નાખી, અને વધારે આગળ વધવા આગમજ પોતાના જાડા બેટા બેહમનને

પોતાના પેગામી તરીકે જાબુલ મોકલાવી કહેવાડયું કે—અય રૂસ્તમ, બધી રીતે તું નામદારી ભરેલો છે, પણ શાહ લોહરાસ્પે જેટલો વખ્ત તખ્ત ભોગવ્યું તેટલો વખ્ત તું તેની ખિદમત બજાવવા આવ્યો ન હતો, તેમજ શાહ ગુસ્તાસ્પને પણ તેં શાહ તરીકે કબૂલ રાખ્યો નથી, તેં તેના ઉપર તાબેદારીનું નામું વટીક લખ્યું નથી, તથા વળી રિવાજ પ્રમાણે ખંડણી પણ આપી નથી, યા તેની ખિદમત બજાવવા તું તેની દરબારમાં ગયો નથી. ગુસ્તાસ્પ જેવો નામદાર શાહ બીજો કોઇ નથી, જેણે પાક બેહતર દીન કબૂલ રાખીને દુનિયામાંથી અન્યાયને નાબુદ કીધો છે, અને બુતપરસ્તીનો નાશ કીધો છે. તૂરાનથી એક તરફ રૂમ (રૂમશામ) અને બીજી તરફ હિંદ સુધીની તમામ ભૂમિ ગુસ્તાસ્પના હાથમાં આવી ચુકી છે. ત્યાંના રાજાઓ તેમજ બિયાબાનના વઝીરો એ શાહને ખંડણી આપી તાબેદારી કબૂલ રાખે છે. આ સઘળું છતાં એકલો તું જેહાંપેહલવાન ગુસ્તાસ્પની ખફગીનું કારણ થઇ પડયો છે. તું તેની લડાઇઓમાં તેમજ તેની જિયાફતોમાં પણ શામેલ નહિ રહેતાં તારાં જાબુલમાં ભરાઇને શરાબની જામ ઉડાવ્યા કરે છે. એટલામાટે તેણે કસમ લીધા છે કે રૂસ્તમ હાથે પગે બેડી નખાવીને આવે નહિ ત્યાંસુધી હું તેને આ દરબારમાં જોઇશ નહિ. આ તેનો હુકમ બજાવવાનું કામ મેં માથે લીધું છે ને તેથીજ હું ઇરાન છોડી આ તરફ આવ્યો છું. તું મારો સખુન રાખ. તારા ખાન્દાનીઓ સાથ મસ્લેહત કર, અને તારૂં નામીચું ખાન્દાન નાશ નહિ પામે તેની સંભાળ રાખ. જો તું શાહની આહેશ મુજબ બંધાઇને મારી જોડે પાયતખ્ત ખાતે આવશે તો તારી તરફથી મારે જે કાંઇ કહેવાનું હશે તે કહીને શાહનો વહેમ ખોટો પાડી આપાશ.

પોતાના પિતા તરફનું સર્વ કહેણ સાંભળીને અને તેણે આપેલી શીખામણ મુજબ સભ્યતાથી કામ લેવાની હા પાડીને શાહજાદો બેહમન હિર્મેન્દ નદી પસાર કરી સીસ્તાનમાં દાખલ થયો. આ વેળા રૂસ્તમ શીકારે ગયો હતો માટે કોઇ શત્રુ આવે છે એમ સમજીને બુઢો જાલ લડાઇનો પોશાક પહેરીને બેહમનની સામો ગયો. તેણે બેહમનને આગળ દીઠેલો નહિ, પણ જ્યારે તે જવાન શાહજાદાએ પોતાની ઓળખાણ આપી અને પોતે રૂસ્તમને મળવા માગે છે, અને શાહજાદો અસ્ફંદિયાર જાબુલમાં આવી પહોંચ્યો છે, એમ કહ્યું ત્યારે જાલે તેને માનમરતબાથી ઘોડેથી નીચે ઉતાર્યો અને તેની પરોણાગત કરવા માગી, પણ રૂસ્તમ પોતાના ભાઇ જવારા અને બેટા ફરામર્ઝ સાથ જ્યાં શીકારે ગયો હતો ત્યાં જવા માંગ્યું, કેમકે અસ્ફંદિયારનો પેગામ ઉતાવળનો હતો, માટે જાલે ભોમિયા સાથ બેહમનને રૂસ્તમ હતો ત્યાં રવાના કીધો.

રૂસ્તમનો જવાબ.

રૂસ્તમને દૂરથી જોતાંજ બહમનને લાગ્યું કે—પેલો રૂસ્તમ પોતે છે અથવા તો તે તલુ થનો આફતાબ છે, કારણ કે આવી ઝળકતી પેશાનીનો બીજો કોઇ નર હોય નહિ. બેહમન રૂસ્તમને જઇ મળ્યો, પોતાની ઓળખ આપી, અને જેહાં પેહલવાને તેને પેટમાં ચાંપ્યો. અહીંથી તેઓ રૂસ્તમની છાવણીમાં ગયા, અને ત્યાં રૂસ્તમને એક આખા ગોરખરનું ભોજન લેતો જોઇને જવાન શાહજાદો આશ્ચર્ય પામ્યો. બેહમને થોડુંજ ખાધું અને શરાબ પણ થોડોજ નોશ કીધો.

આ પછી શાહજાદાએ પોતાના બાપ તરફનો પેગામ કહી સંભળાવ્યો. પણ તેથી જરાએ નહિ ઉશ્કેરાતાં યા ગુસ્સે થતાં, રૂસ્તમે પાછો પોતાનો જવાબ કહેવાડયો, જેનો ટુક સાર એવો હતો કે—આપણ પેહલવાનોએ તો ખુદાની પરસ્તેશ કરવી અને સચ્ચાઇની તરફદારી કરવી સજાવાર છે. એક પણ શબ્દ એવો બેચરવો નહિ જોઇયે કે જેમાંથી ફિત્નો ઉઠે. તારા સેવક દાખલ હું તો સદા એમ હરખાતો હતો કે

અસ્ફંદિયાર જેવો માનો પુત બીજો કોઇ હોય નહિ. હિંદુસ્તાન, ચીન અને રૂમમાં તારૂં નામ, તારી હિમત, નેકી, બહાદુરી અને ફતેહને માટે મશહુર છે. શાહનો શો હુકમ છે તે તારે મોઢેથી સાંભળવા માટે હું એકલો તારી હજુરૂ આવું છું, અને શાહ કયકોબાદથી તે શાહ કયખુસરૂ સુધીના શાહો તરફથી મને જે પરવાના મળેલા છે તે પણ હું મારી સાથે લેતો આવું છું. મેં આ શાહોની કેવી કેવી સેવા બજાવેલી છે તે તું જાણે છે, પણ તેનો બદલો જો મારે હાથેપગે બેડી ઠોકવાનો મળે તો પછી દુનિયામાં જીવવું કામનુંજ શું છે? આજ સુધી મને કોઇએ બેડીમાં જોયો નથી. તું ખુશીથી નદી પસાર કર અને મારાં મકાનમાં ઝિયાફતે આવ. હું તો તારો ગુલામ છું. તું તારાં તમામ લસ્કર સાથ આવી બે મહિના અહીં ગુજારશે તો હું તને શાહ કયકોબાદ જેવાજ દરજ્જાનો ગણીને તારી ખિદમત બજાવીશ. આપણી દોસ્તી જોઇને શત્રુઓનાં દિલ અદેખાઇના આતશથી ભુંજાઇ કબાબ થશે.

બે તેહમતનોની મુલાકાત.

આ કિસમનું ઘણુંએક કહેવાડી રૂસ્તમે શાહજાદા બેહમનને વિદાય કીધો. પછી તેણે જાલ ઉપર પેગામ મોકલાવી શાહજાદા અસ્ફંદિયારની ખાતરબરદાસ્ત માટે તૈયારીઓ કરાવી અને પોતે એકલોજ રક્ષ ઉપર સવાર થઇને હિર્મન્દ નદીના કાંઠા ઉપર જઇ ઉભો. પેલી તરફથી બેહમને પાછો ફરી રૂસ્તમને લગતી સર્વ વાતોથી તથા તેના તરફના જવાબથી પોતાના બાપને વાકેફ કીધો, અને સર્વનાં દેખતાં રૂસ્તમની એટલી બધી તારીફ કીધી કે તે અસ્ફંદિયારને ગમી નહિ. તોપણ રૂસ્તમને નદીને પેલી પારે આવી ઉભેલો જાણીને તે પોતે પણ ત્યાં જઇ પુગ્યો, અને બન્ને નામદારો વચ્ચે મુલાકાત થઇ અને શાહનો હુકમ શો છે તે બાબેનો ખુલાસો થઇ ગયો. બન્નેએ એકબીજાની તારીફ કીધી, મુલાકાત માટે ખુશી બતાવી, અને પછી રૂસ્તમે અર્જ કીધી કે શાહજાદાએ એક શાહને છાજે એવા દમામથી જાબુલમાં દાખલ થઇ માન આપવું. અસ્ફંદિયારે તેમ કરવાની પ્રથમથીજ ના પાડીને શાહના હુકમ પ્રમાણે અમલ કરવાની તાકીદ ફરમાવી અને કહ્યું કે—શાહ તરફની બેડી તે કાંઇ નામોસી નથી. તું તેમ કરશે તો તેથી શાહને પોતાનેજ નડારૂં લાગશે. તને હું ઝાઝોવાર બંધમાં રાખીશ નહિ, તારી સેવામાં હું ખડો ઉભો રહીશ, અને તારા જાનને અલવલ આવવા દઇશ નહિ. મને તે નામદારે કહેલું છે કે "રૂસ્તમને તું બાંધીને લાવશે તો તારે માથે તાજ મુકી હું તને તખ્તનશીન કરીશ." માટે જ્યારે હું હાથીદાંતનાં તખ્ત ઉપર બિરાજીશ ત્યારે હું દુનિયાની સરદારી તારે હાથ સોંપીશ, અને તું જાબુલ ખાને પાછો ફરશે ત્યારે પુષ્કળ ખજાનો આપીશ.

રૂસ્તમે આવું કાંઇ પણ કરવાની ના પાડી. તેણે કહ્યું કે—આપણુ બન્ને નામદારો છિયે, એક બુજર્ગ અને બીજો જવાન. તો આ વાત કેમ બને? તાજ અને તખ્તની લાલચે હારેમને તને ભમાવ્યો છે. હું જીવતો છું ત્યાંસુધી તો કોઇ મારા પગ બેડીમાં જોશે નહિ.

શાહજાદાની તુંદી.

અંતે બન્ને છુટા પડયા. અસ્ફંદિયારે જાબુલ જઇ રૂસ્તમનો મેહમાન થવાની ના પાડી, પણ-તને તેની સાથ દોસ્તી રાખવાની સલાહ આપી તે કબૂલ રાખવાની પણ નાપાડી, અને શાહ આગળ રૂસ્તમ વિના જવાની પણ ના પાડી; એટલુંજ નહિ પણ પોતાના પાદશાહી સુફરા ઉપર રૂસ્તમ સાથ જમવાની પોતે તેને કબુલત આપેલી છતાં તેણે તેને જમવા પણ બોલાવ્યો નહિ. જોકે છુટા પડતી વખ્તે અસ્ફંદિયારે રૂસ્તમને એવો ભરૂસો આપ્યો હતો કે આપણુ બન્ને એક દહાડે મજાહમાં પસાર

કરીશું. આ ઉપરથી રૂસ્તમ સમજ્યા હતા કે શાહજાદો મને પોતાની છાવણીમાં જમવા બોલાવશે; તેટલામાટે તેણે ઇજનની ઘણી રાહ જોઇ. પણ શાહજાદાએ પોતાનો બોલ પાળ્યો નહિ તેથી જેહાંપેહલવાનને બહુ બેજાલત લાગી. તે રક્ષ ઉપર સવાર થઇ આ બાબે તેને તાનો મારવા ગયો. અસ્ફંદિયાર સામે મળવા આવ્યો ત્યારે રૂસ્તમે તેની કબૂલતની યાદ આપી, તેની ગફલી માટે ઠપકો આપ્યો, અને પોતે ઘરડો થયો છે તોપણ હિમત હાર્યો નથી અને લડવાને તૈયાર છે એમ જણાવ્યું.

અસ્ફંદિયારે તેને સમજાવી લીધો, તેને પોતાની છાવણીમાં લઇ જઇ જમવા બેસાડયો, તેને શરાબ લેવા આગ્રહ કીધો, તોપણ તેને પોતાના ડાબા હાથ ઉપર જગા આપી. આ ઉતરતી બેઠક લેવાની રૂસ્તમે ના પાડી, અને જમણી બાજુએ બેહમન શાહજાદો બેઠો હતો તે જગા ઉપર દાવો ઉઠાવ્યો. અસ્ફંદિયારે તે જગા તેને આપીને રાજી કરવા માગ્યું. રૂસ્તમે જમણા હાથ ઉપર જગા લીધી ખરી, પણ તેનો ગુસ્સો નરમ પડયો ન હતો. આમ છતાં અસ્ફંદિયારે તેના બાપ જાલની જન્મ વેળાની કહાણી યાદ કરાવીને રૂસ્તમનો ગુસ્સો ઘણો વધારી દીધો. આવા એક બાપથી રૂસ્તમનો જન્મ થયલો હોવાથી તેની બુનિયાદ પોતાનાં પાદશાહી તોખંમ કરતાં કેટલી બધી ઉતરતી છે તે જણાવી.[1] પોતાને હલકો પાડવાની શાહજાદાની મતલબ છે એમ પામી જઇને બુજર્ગ જેહાંપેહલવાને પાછો જવાબ દેતાં જણાવ્યું કે—મારો બાપ જાલ સામનો બેટો હતો, સામ નરીમાનનો બેટો હતો, નરીમાનનો બાપ કરીમાન હતો, અને અમારો વેળો એ રીતે ફેરશારપ સુધી ગયલો છે, તથા અમો અવા શાહ જમશેદથી ઉતરી આવેલા છિયે. સામે તૂસ શેહર ખાતે એક એવા જિયાંગાર અઝદહાને માર્યો હતો કે જેના સપાટામાંથી પાણીમાંની સુસ્વાટ કે જમીન પરનો ચિત્તો છટકી શકતો ન હતો. વળી તેણે ચીનના દરિયા ભણી વસતા એક નાપાક દૈત્યને માર્યો હતો, કે જેણે આસપાસ બહુ ત્રાસ અને ભય બેસાડી દીધો હતો, અને જે માણસજાતને બહુ હેરાન કરતો હતો. વળી મારી મા જહાક-ની પાંચમી પેઢીએ ઉતરેલા મેહરાબ શાહની બેટી હતી, જેણે સિંધના મુલકને આબાદ કીધો હતો.[1] મારી સેવાઓ માટે મને શાહ કાઉસે સૌથી પહેલો જાબુલિસ્તાનની હકુમતનો પરવાનો લખી આપેલો છે, અને બીજો પરવાનો અશો કયખુસરૂ શાહ તરફથી મને મળેલો છે.

તે પોતાનાં કામો ગણાવે છે.

આ રીતે રૂસ્તમને મોહોડેથી તેના વડવાઓની તેમજ તેની સેવાઓની વાત સાંભળીને અસ્ફંદિયારે પોતાની બુનિયાદ જણાવતાં કહ્યું કે—મારો બાપ ગુસ્તાસ્પ લોહરાસ્પ શાહનો બેટો થાય છે, અને લોહરાસ્પ ઓરંદ[2] શાહનો બેટો હતો, અને ઓરંદ કયપશીનનું ફરજંદ હતો, જેના બાપ કયે કોબાદ હતો. કોબાદ શાહ ફરીદૂનથી ઉતરેલો હતો. મારી મા રૂમના

૧—આ વેળા ફિર્દોસી શાહજાદાનાં મુખમાં પોતે આગળ આપેલાં વર્ણન કરતાં કાંઇક જુદાજ શબ્દો મુકે છે. અહીં જણાવ્યા પ્રમાણે સીમુર્ઘ જાલને પોતાની ખાધેલી મુર્દાર વસ્તુઓનાં હાડકાં ચામડાં વગેરે ખવાડતું હતું, તેને નાગો ઉધારતું હતું, અને નગ્ન હાલતમાંજ તેને સીસ્તાન લઇ ગયું ત્યારે સામે વગર ઓળખવે જાલને બેટો કરી લઇ આવ્યો હતો, ઇત્યાદિ.

૧—અહીં આપણે પહેલીજ વાર જોઇયે છિયે કે મેહરાબ કે જેને કાબુલનો હાકમ જાણેલો છે તે સિંધનો પણ હાકમ હતો.

૨—આ નામ ખરૂં જોતાં ઔર્વન્દ હોવું જોઇયે. અવસ્તાઇ નામ "ઔર્વંત"નું અર્વન્દ ફારસી રૂપ થાય. પણ "ઔર્વંતસ્પ" નામ ઉપરથી જો અર્વન્દસ્પ બન્યું હોય તો લોહરાસ્પ નામ શા ઉપરથી બન્યું હશે? સાધારણ રીતે તો એમજ મનાય છે કે ઔર્વંતસ્પ ઉપરથી લોહરાસ્પ નામ બન્યું છે.

કયસરની બેટી થાય છે, અને આ કયસર ફરીદૂનના બેટા સલ્મની ઓલાદથી ઉતરેલો છે.

આ સઘળું જણાવતાં અસ્ફંદિયારે પોતે બજાવેલાં કામો ગણાવવા માંડયાં ત્યારે રૂસ્તમે પોતાની બહાદુરીનાં કામોની ગણતરી આપી. અસ્ફંદિયારે કહ્યું કે—રૂઇનદેઝનો કિલ્લો જીતીને મેં જરતોસ્ત બહેસ્તમાંથી જે આતશ લાવ્યો હતો તે ત્યાં રોશન કીધો છે, અને બુતપરસ્તીનો નાશ કીધો છે, અને ત્યાં મેં એકપણ બ્રાહ્મણને તેનાં મૂર્તિનાં દહેરાંમાં બાકી રાખ્યો નથી.[1] રૂસ્તમને પોતાનાં મહાભારત કામો દર્શાવતાં જ્યારે ગુસ્તાસ્પે રૂસ્તમને બેડી ડોકી પોતાની દરબારમાં લાવવા ફરમાવ્યું છે એવા સખુનો ઉપર અસ્ફંદિયાર આવ્યો ત્યારે રૂસ્તમ તે સાંભળીને બહુ તપી ગયો અને બોલ્યો કે—જો હું કોબાદને અલબોર્જ પહાડ ઉપરથી બોલાવી લાવ્યો ન હોત તો કયખુસરૂ પાદશાહ લોહરાસ્પને કયાંથી રાજતાજ આપી જાત, અને ગુસ્તાસ્પ કયાંથી શાહ થવા પામત, અને તે મને કયાંથી બાંધી મંગાવત? મને બુલંદ આસ્માન પણ બાંધી શકે નહિ. આવા હલકા સખુન મારી આખી જિંદગીમાં મેં કદી સાંભળ્યા નથી.

હાથનાં જોરની આજમાયશ.

અસ્ફંદિયારે તેને થંડો પાડવા તેનો હાથ પોતાના હાથમાં લીધો, અને પછી તેનું બળ કેટલું છે તે જોવા તેનો પહોંચો સારી પેઠે દાબ્યો. આથી રૂસ્તમનાં આંગળાંનાં નખમાંથી લોહી ટપકયું, પણ તેને કશી ઈજા થઇ નહિ. આ પછી રૂસ્તમે શાહજાદાનો હાથ એજ રીતે દાબ્યો, જેથી તેનો ચેહરો લોહી જેવો લાલ થઇ ગયો અને તેનાં આંગળાંમાંથી લોહી તેમજ પાણી નીકળી પડયાં. આથી અસ્ફંદિયારને લાગ્યું ખરૂં, પણ કાંઇજ બન્યું ન હોય તેમ તેણે રૂસ્તમને તે દિવસે શરાબ લેવા આગ્રહ કીધો અને બીજે દિને લડાઇનો ઠરાવ રાખ્યો. તેણે કહ્યું કે—જો આવતી કાલની લડાઇમાં હું તને હરાવીને તારા હાથ બાંધી લઈ જઇશ તો હું શાહને કહીશ કે તારામાં કશી ખામી નથી અને તું બધી રીતે પુરો છે. પછી હું તારી તરફથી વચ્ચે પડી તને છોડાવીશ અને તને ખજાનાથી નવાજીશ. આના જવાબમાં રૂસ્તમે કહ્યું કે—જો હું આ લડાઇમાં જીતીશ તો હું તને તારા ઘોડા ઉપરથી ઉઠાવી, મારી બગલમાં લઇને મારા પિતા જાલ આગળ લઇ જઇશ, અને હાથીદાંતનાં મારાં તખ્ત ઉપર તને બેસાડીને જે તાજ શાહ કોબાદે મને બક્ષેલું છે તે તારાં માથાં ઉપર મુકીશ, મારા ખજાનાની ચાવી તારા હાથમાં આપીશ, અને તારાં તમામ લશ્કરને કાંઇબી વાતે હાજતમંદ નહિ રાખીશ. આ પછી હું તને શાહ ગુસ્તાસ્પ આગળ વાજતે ગાજતે લઇ જઇશ, તાજ તારે માથે પહેરાવીશ, અને તને શાહ બનાવીને તારી ખિદમતમાં કમર બાંધીને હું ખડો થઇશ. તું શાહ અને હું તારો પેહલવાન!

રૂસ્તમનું ખાનપાન.

હવે તેઓ જમવા બેઠા, અને રૂસ્તમ કેટલું બધું ખાતો હતો તેનો અહીં શાયર આપણને પહેલીજ વાર ખયાલ આપેછે. લાલમલાલ શરાબથી ભરેલો કુજો તેણે એક સપાટામાં ખાલી કરી આપ્યો, અને શરાબ લાવનાર સાકીને તેના કાનમાં કહ્યું કે—અમને આ સુફરા ઉપર પાણી

---

[1] —અહીં એક નવી વાત જાહેર થાય છે. અસ્ફંદિયારે જેમને શિકસ્ત આપી તે તુરાની નહિ પણ ખ્યોની લોકો હતાં એવું અવસ્તા ઉપરથી સિદ્ધ થાય છે. તે બાબે આગળા સફાઓમાં ખુલાસો આપણે વાંચ્યો છે. હવે અહીં આપણે બ્રાહ્મણ અને તેની મૂર્તિનાં દહેરાંનો ઇશારો જોઇયે છિયે. શું ત્યારે ખ્યોની લોકો જેઓ મૂર્તિપુજક હતા તેઓ બ્રાહ્મણ ધર્મ પાળનારા હતા? આ ઇશારાથી એમ સિદ્ધ થાય છે કે ગુશ્તાસ્પને જે લડાઇઓ લડવી પડી હતી તે ખ્યોની લોકો સાથે હતી, અને તેટલામાટેજ તેમના રાજા અર્જાસ્પ તથા તેના ભાઇઓ વગેરેનાં નામો, જેમ અવસ્તામાંથી તેમજ ઋગવેદમાંથી મળી આવે છે. (જુઓ અગાડી, સફે ૧૧૬ થી ૧૨૩).

જોઇતું નથી; તું મારી જામમાં પાણી ભેળીને આ જુના શરાબને પોચો કેમ બનાવી દે છે? આ વેળા રૂસ્તમની આગળ મેંઢાનાં લવારાંઓનું ગોસ્ત જથ્થાબંધ મુકયું હતું તે સઘળું તે ખાઇ ગયો, અને તે જોઇને ઇરાની શાહજાદાઓ હેરત પામ્યા.

જતી વેળા પણ રૂસ્તમે શાહજાદાને સુલેહ જાળવવા માટે ફરીથી નેક સલાહ આપી, જેનો એટલોજ ઉત્તર મળ્યો કે "જે બીમાંથી ફણગો નહિ ફુટી નીકળે તે વાવવું નહિ."

તેનો અંદેશો.

રૂસ્તમને એકાંતનાં વિચાર કરતાં એવડો અંદેશો પેદા થયો. પોતાના હાથ પગ બંધાવીને શાહની દરબારમાં જવામાં તેણે પોતાની પુરેપુરી નામોસી જોઇ, તેમ વળી અસ્ફંદિયારને મારવામાં પણ તેને પોતાની ફજીહતી સિવાય બીજું કાંઇ દેખાયું નહિ. તે મુનથી બડબડયો કે—હું મરી જઇશ ત્યારે લોકો મારે માટે કહેશે કે પેલો બદ કરદાર ધરડો નાસ્તિક[1] ગુમ થયો. વળી જો એના હાથ ઉપર હું માર્યો જઇશ તો જાબુલિસ્તાનની પુરી ખરાબી થવાની. આ ઉપરથી તેણે ફરીફરીથી શાહજાદાને વિનવ્યો, તેના જાન માટે પોતાની ચિંતા બતાવી, ગુસ્તાસ્પે તખ્તોતાજ નહિ છોડવા ગમ્યાથી તેને ભમાવીને મોકલ્યો છે એમ કહ્યું. પણ એ સઘળાંથી તે જવાન પાદશાહી ખાન્દાની ઉપર કશી અસર થઇ નહિ. અસ્ફંદિયાર આ સઘળાંને રૂસ્તમની છટકી જવા માટેની દગાઇ સમજ્યો, અને તેને બીજી સહવારે લડાઇ માટે તૈયાર રહેવાની તાકીદ ફરમાવી.

ફસલ ૩—અસ્ફંદિયારની કતલ.

સુલેહ માટેની સલાહ.

અને આ લડાઇ થઇ. રૂસ્તમ નિરાશ થઇ પોતાના બાપને જઇ મળ્યો. સઘળી વાતો સાંભળ્યા પછી જાલે તેને સલાહ આપી કે—અસ્ફંદિયાર ફરમાવેછે તેમ કરવું, અથવા મકાન છોડીને થોડી મુદત દૂર જઇ વસવું, અને જ્યારે તે શાહજાદો પોતાનું લશ્કર લઇને રૂસ્તમ વગર ઇરાન પાછો ફરે ત્યારે તેની પૂઠે જઇને તાબેદારીના વચનોથી અને કીમતી હદિયાથી તેની મેહરબાની પાછી મેળવવી અને પાયતખ્ત ખાતે જઇ શાહની દરબારમાં હાજરી આપવી. રૂસ્તમને આ સલાહ પસંદ આવી નહિ. તેણે પોતાનું લશ્કર તૈયાર કીધું, પોતાના ભાઇ જવારાને તેની સરદારી આપી, અને રક્ષ ઉપર પોતે સ્વાર થઇ હીરમંદ નદી તરફ ચાલ્યો.

પેલી તરફથી રૂસ્તમના ગયા બાદ અસ્ફંદિયારને તેના ભાઇ પશુતને લડાઇ નહિ શોધવા માટેની રૂડી સલાહ આપી. હીરમંદના કાંઠા ઉપર છાવણી નાખ્યા પછી તેણે જે સલાહ આપી હતી તેજ આ વેળા ફરીથી આપી. તેણે કહ્યું કે—આજે તું વીસામો લે, અને આવતી કાલે રૂસ્તમને એકલો જઇ મળ, અને તેની જોડે પાછી દોસ્તી કરી નાખાને મજાહ માર. આપણ તેના દરેક વાંધાનો જવાબ આપીને તેની પાસે હા ભણાવીશું. તે તારા તરફ ઘણો દિલસોજ છે, માટે તારાં મનમાંથી કીનો અને ચશ્મમાંથી ગુસ્સો દૂર કર. પણ વડા ભાઇ ઉપર આવા દાનાઇના સખુનો કશી બલી અસર કરી શકયા નહિ. તેણે પશુતનને ટોંનો માર્યો કે—જરતોસ્તનું ફરમાન છે કે શાહના હુકમથી જે ફરે તેનુ મુકામ દોજખ છે તે શું ખોટું

[1]—"નાસ્તિક" કાંય? રૂસ્તમ પોતાના અનેક સખુનોમાં ખુદાને યાદ કરતો જણાયો છે. વળી ગુશતાસ્પ જાબુલ ગયો હતો ત્યારે શાયરના જણાવ્યા પ્રમાણે જાલના આખાં કુટુંબે નવી દીન કબુલ રાખી હતી. એમ છે તે છતાં ફિર્દોસી રૂસ્તમનાં મોમાં ઉપલો બોલ મુકે છે તે એમ સુચવે છે કે જેહાંપેહલવાને નવી દીન હજી કબુલ રાખી ન હતી, તે અસ્ફંદિયાર જે એકજ રાસ્ત ખુદા (અહુરમજદ)ને માનતો હતો તેને રૂસ્તમ માનતો ન હતો, અને તેથીજ તે પોતાને "નાસ્તિક" ગણતો હોવો જોઇએ.

છે? તું મને ગુસ્તાસ્પના હુકમથી પાછો ફરવા શીખવેછે ખરો, પણ એવા તારા સખુનો ભલી દીન એખ્તિયાર કરનારને છાજતા નથી.

રૂસ્તમ જ્યારે નદીને આ કિનારે જઇ પુગ્યો ત્યારે તેણે પોતાના ભાઇ જવારાને ફરમાવ્યું હતું કે જાબુલી લશ્કરને લડાઇમાં ઉતારીને ખરાબ કરવું નહિ. હું પેલી પાર જઇને પેલા ગુમાની શાહજાદાને ફરીથી સમજાવીશ અને જો તે નહિજ સમજશે-તો પછી અમો બે વચ્ચે લડાઇ ચાલશે. પણ તું તો અહીંજ રહેજે.

આમ કહીને તેહમતન રૂસ્તમ નદી પસાર કરી પેલે કિનારે જઈ પુગ્યો અને એક ઉંચી ટેકરી ઉપર ચઢી જઇને તેણે અસ્ફંદિયારને લડાઇ માટે બોલાવ્યો. પણ તે આવ્યો ત્યારે રૂસ્તમે ફરીથી તેને વિનવ્યો અને તેઓ બેને બદલે તેમનાં બન્ને લશ્કરો વચ્ચે લડાઇ થાય તે જોવાની સલાહ આપી. આથી ઇરાની શાહજાદાને ગુસ્સો ચઢયો. તે એમજ સમજ્યો કે કાંઇપણ કરીને રૂસ્તમ મારા હાથમાંથી છટકી જવા માંગે છે. તેણે કહ્યું કે—લડાઇ આપણ બે વચ્ચે છે, કાંઇ ઇરાનીઓ અને જાબુલીઓ વચ્ચે નથી. તેં મને લડવા બોલાવ્યો ને હું આવ્યો, તો હવે લડવાથી ડરે છે કેમ? જો તને એકલું લડતાં પરવડતુ ન હોય તો બોલાવ તારા મદદગારોને; મને એવી મદદ જોઇતી નથી. મારો મદદગાર તો મજદ છે.

પહેલી લડાઇ: બન્ને એકસરખા.

હવે કોઇપણ જાતની સમજુતી બાકી રહી ન હતી, માટે રૂસ્તમને લડયા વિના ચાલ્યું નહિ. પ્રથમ તેઓ વચ્ચે ભાલાની લડાઇ ચાલી, અને તેમની નોક ભાગી ગઇ ત્યારે તેઓ તલવારથી લડયા, અને છેલ્લે ગુર્જ વડે એકેકનાં માથાં ભાંગવા લાગ્યા. અંતે તેઓ એકેકને બાઝી પડયા અને એકેકના કમરબંધ પકડી તેને ઘોડાની પીઠ ઉપરથી ઉઠાવી જમીન ઉપર પટકવાની તજવીજ કરવા લાગ્યા. બન્ને થાકી ગયા, તેમના લડાયક અસ્પોનાં મોં પણ ફીણુ ફીણુ થઇ ગયાં, તેઓબી લુલા તુટલા થઈ ગયા, અને તેમના સવારો પણ જખ્મ થવાથી લોહીલુહાન થઈ પડયા.

બે શાહજાદાઓની કતલ.

આ રીતે આ બન્ને નામદારો એક તરફથી ટેકરી ઉપર એકલા લડતા હતા ત્યારે બીજી તરફથી તેમનાં લશ્કરો વચ્ચે જુદી લડાઈ ચાલતી હતી. આ લડાઇનું બીજ રૂસ્તમના ભાઇ જવારાએ વાવ્યું. તેને મના થઇ હતી તે છતાં તે પોતાના જાબુલીઓને નદી ઓલંગીને ઇરાનીઓની સામે લઇ ગયો, અને તેઓ ઉપર હુમલો કીધો. એક જાબુલી સરદાર અલવા નામનો હતો તે અસ્ફંદિયારના બેટા નૂશઆજરના હાથ ઉપર માર્યો ગયો, ત્યારે જવારાએ નૂશઆજર સાથ લડી તેનો જાન લીધો. આ જોઇને તેનો ભાઈ મેહરનૂશ તેનો જાન લેવા આવ્યો ત્યારે રૂસ્તમના બેટા ફરામર્ઝના હાથ ઉપર તે પણ જાન ખોઇ બેઠો. ઘણા ઇરાનીઓ માર્યા ગયા ત્યારે આવો મામલો જોઇ અસ્ફંદિયારનો વડો બેટો બેહમન ટેકરી ઉપર દોડી ગયો અને સઘળી બિનાથી પોતાના બાપને વાકેફ કીધો.

અસ્ફંદિયાર પોતાના બે બેટાઓને માર્યા ગયલા જાણીને બહુ ખિજાયો. તેણે રૂસ્તમને તરેહવાર અપશબ્દો કહીને ઠપકો આપ્યો કે—અય દેવજાદ! તેં રાસ્તીનો માર્ગ કેમ છોડયો? તું તો લશ્કર લાવનાર ન હતો ને આ લશ્કર લાવી તું દગો રમ્યોછે, તેં કોલ તોડયો છે, અને બે જાબુલી કુતરાઓએ મારા બે બેટાઓના જાન લીધા છતાં હજી તારૂં લશ્કર લડયું જાય છે તેનું શું કારણ?

રૂસ્તમ બહુ દુખી થયો. ભાઇને નદીને પેલે કિનારે થોભવા ફરમાવ્યા છતાં તેણે નાફરમાની

કીધી તેથી તેને તેમજ ફરામર્જને મુશ્કો બાંધીને અસ્ફંદિયારની આગળ બંધવા તરીકે લાવી હાજર કરવાની તેણે કબૂલત આપી અને જણાવ્યું કે આ બન્ને નાફરમાનોને તું તારે હાથે કાપી નાખજે. પણ રૂસ્તમ જેવા સર્પનાં બચ્ચાં કાંઇ શાહજાદા જેવા મોરનાં બાળકોની બરાબરી કરી શકે નહિ, અને આવી રીતે કીનો લેવાનો શાહનો તરીકો નથી, માટે અસ્ફંદિયારે આમ કરવાની સાફ ના પાડી, અને બીજી મરતબે બન્ને વચ્ચે લડાઇ ચાલુ થઇ.

બીજી લડાઈ: રૂસ્તમની હાર.

આ વેળા તેઓ તીરો ફેંકીને એકેકને આજેજ કરવા લાગ્યા. આ લડાઇમાં રૂસ્તમ અને તેના ઘોડાને બહુ ખમવું પડયું. અસ્ફંદિયારના તીરોથી તેઓ જખ્મી થયા, પણ રૂસ્તમના તીરોના વરસાદ છતાં તેના હરીફને કશી અલવલ આવી નહિ. આ ઉપરથી રૂસ્તમ બડબડયો કે—આ તો કેથો કાંસાંની દેહનો છે! હવે તે પોતાના રક્ષને બહુ નબળો પડી ગયલો જોઇને તેની પીઠ ઉપરથી ઉતરી પડયો, અને તે જાનવરે પોતાના તબેલા તરફનો રસ્તો લીધો. રૂસ્તમ પોતે પણ બહુ ઝડપથી જંગ છોડીને ટેકરીને મથાળે ચઢી ગયો, જે ઉપરથી તેની ઠેકડી કરવાની તેના હરીફને તક મળી.

રક્ષને તેના સવાર વિના જોઇ જવારા પોતાના તેહમતન બિરાદરની આશા છોડતો ટેકરી ઉપર ગયો. રૂસ્તમનો હાલ જોઇ તેણે તેને પોતાના ઘોડા ઉપર બેસી જાબુલ જવાની ભલામણ કીધી, અને પોતે અસ્ફંદિયારની સામે લડવા જવા માંગ્યું. રૂસ્તમે તેમ નહિ કરવા દેતાં પોતાના જખ્મ માટેના કાંઇ ઇલાજની પેરવી કરવાનો સંદેશો જવારા મારફતે જાલને કહેવાડયો.

પેલી તરફથી અસ્ફંદિયારે રૂસ્તમને પાછો લડવા, નહીતો તાબે થવા બોલાવ્યો, પણ રૂસ્તમે રાત પડી ગયાથી લડાઇ બીજા દહાડા ઉપર મોકુફ રખાવી અને શાહજાદાએ કેટલાક કડવા સખુનો કહીને તેને એક રાત આસાયશ માટે બક્ષી. રૂસ્તમ જેમ તેમ નદી ઓલંગી ગયો અને અસ્ફંદિયારે પોતાના બન્ને બેટાઓની લાશને સોનાની પેટીમાં મુકી શાહ ગુસ્તાસ્પ તરફ મોકલાવી, જેમ કરતાં કહેવાડયું કે—તારી ધારણાનું એક ફળ આ છે તે તું જો. રૂસ્તમને પકડાવી માંગ્યો તેનું આ પહેલું પરિણામ છે. હવે બીજું શું નિપજે છે તેની મને ખબર નથી.

રૂસ્તમ કેવો જબરો છે તેનું બયાન કરતાં શાહજાદાએ પશુતનને જણાવ્યું કે—મારા તીરોથી પુષ્કળ જખ્મી થયા છતાં, સઘળા તીરો તેનાં શરીરમાં પેઠા છે તે છતાં, તે પહાડ ઉપર ચઢી ગયો, ત્યાંથી પગે ચાલતો નદી કાંઠે ગયો, અને એક હોડી તરે તેમ તરીને બીજે કાંઠે જઇ પુગ્યો છે. છતાં મને લાગેછે કે આજની રાત તેની છેલ્લીજ છે.

સીમુર્ઘની મદદ.

અને જો ઉતાવળા ઇલાજ નહિ લેવાયા હોત તો રૂસ્તમ જીવવા પામત નહિ. તેની જખ્મી હાલત જોઇ તેના મહેલમાં રડાપીટ ચાલી. રૂસ્તમે પ્રથમ રક્ષને મદદ અપાવી, અને પછી અસ્ફંદિયારની બહાદુરીની તારીફ કરીને શેવટે એમ સુચવ્યું કે કાલે રક્ષને પડતો મુકીને હું કોઇ એવી જગાએ જઇશ કે જ્યાં મને કોઈ છેડશે નહિ. પણ જાલને તેના અસલ મદદગાર સીમુર્ઘની યાદ આવી. તે પોતાની જોડે ત્રણ ધુપદાનમાં આતશ લઇને પહાડ ઉપર ગયો તેની જોડે ત્રણ મદદનિશ હતા. તેણે પોતાની કને રાખેલાં સીમુર્ઘનાં પીછાંમાંથી એક કહાડીને તે સળગાવ્યું. સીમુર્ઘ આવ્યું ત્યારે જાલે આતશ ઉપર સુગંધી વસ્તુઓ મુકી અને પછી તેની સ્તુતિ ગાઇ. તેના પુછવાથી જાલે તેને સર્વ વાતે વાકેફ કીધું અને રૂસ્તમનો બદ હાલ કહી

સંભળાવ્યો. સીમુર્ઘ—જે કોઇ દાના તબીબ હોવો જોઇયે, એમ આપણુ આગળ કહી ગયા છિયે તે—ની ખાહેશથી રૂસ્તમને તથા રક્ષને પહાડ ઉપર બોલાવી મંગાવ્યા. રૂસ્તમનાં બદનમાંના આઠ તીર તેણે ખેંચી કહાડયા, જખમ ચુસી લીધા, અને શાયર તેને એક પક્ષી તરીકે ઓળખાવીને જણાવે છે કે સીમુર્ઘે પોતાનાં પીછ તે ઉપર મસળ્યાથી રૂસ્તમનું તમામ ગયલું કુવત પાછું આવી ગયલું હોય તેમ તે હુશિયાર થયો. પછી તેણે જખમ ઉપર પાટા બંધાવ્યા અને એક હફતા સુધી આરામ લેવા ફરમાવ્યું, અને કહ્યું કે—એક પીછ દુધમાં બોળીને તે જખમ અંદર ફેરવ્યા કરવું. એજ રીતે સીમુર્ઘે રક્ષની ગર્દનમાંથી છ તીરો ખેંચી કહાડયા. રક્ષ ખંખાર્યો અને તેથી રૂસ્તમ ખુશ થયલો જણાયો.[1]

સીમુર્ઘે રૂસ્તમને કહ્યું કે—અસ્ફંદિયાર જેવા મર્દ આગળ નમવું તેમાં નામોસી નથી; તે તો ત્રાંબાની દેહનો પેહલવાન અને શાહજાદો છે; તે દીનદાર છે અને ખુદાઇ નૂર ધરાવે છે. લડવાનો વિચાર તું છોડી દે, અસ્પંદિયાર ઉપર જીત મેળવવાનો ખ્યાલ ના રાખ અને કીનો ના શોધ. આવતી કાલે તેની તાબેદારી કબૂલ રાખી તેનાથી તારાં તન અને ખાનનો છુટકારો માગ. આમ છતાં જો તેનો અંત નજદીક હશે તોજ તે તારી માગણી કબૂલ રાખશે નહિ. જો તેમ થશે તો પછી તને હું એક એવો ઇલાજ દેખાડીશ કે જેથી તારું સર આસ્માન સુધી પુગશે. રૂસ્તમને પોતાના ફરમાવ્યા મુજબ કરવા માટે તૈયાર થયલો જોઇને સીમુર્ઘે વધાર્યું કે—આકાશની ગેબી વાત હું તને કહું છું તે સાંભળ: જે ધણી અસ્ફંદિયારનું ખૂન રેડશે તે પણ ખુઆરીથી મરશે; જીવશે ત્યાં સુધી દુખી થશે, અને દોલત દુનિયા ખોઇ દેશે.

પરસ્તાનના જેવી એક વાર્તા.

આ રીતની દાનાઇની વાતો સાંભળ્યા છતાં અસ્ફંદિયારનું કેમ કાટલું કાઢવું તેનો ઇલાજ જાણવાની રૂસ્તમે ખાહેશ બતાવ્યાથી તે સીમુર્ઘે તેને બતાવ્યો. રાતોરાત તેણે રૂસ્તમને રક્ષ ઉપર સવાર થવા ફરમાવ્યું અને તે તેને પોતાની જોડે ચીનના દરિયા[1] તરફ લઇ ગયું, અને ત્યાંનાં જંગલમાં "ગેજ" નામનું જાડાં થડનું ઝાડ બતાવીને તેની એક સીધી ડાળી કપાવી, અને તેમાંથી તીર બનાવી તે વડે અસ્પંદિયારની આંખ વીંધવા ફરમાવ્યું. સીમુર્ઘે વળી ઉમેર્યું કે—આમાં 'અસ્ફંદિયારનું' મોત છે. તું તેની સામે લડવા માટે નહિ પણ તેની માફી ચહાવા જજે. તું અર્જ કરી તેનાથી ઇનસાફ ચહાજે, અને એકપણ વાંકો સખુન બોલતો ના. કદાચ તારી મીઠી વાતોથી તેનું દિલ રિઝશે અને તે લડાઇ બંધ પાડશે. પણ જો તે લડવાજ માંગે તો દ્રાક્ષનો રસ પાઇને ઉધારેલાં આ ગેજનાં ઝાડની ડાંખળીમાંથી બનાવેલો બે કાપલાનો તીર તેની આંખમાં છોડજે. તે આંધળો થશે અને તેનું મોત નિપજશે.

આ સર્વ કાર્ય પછી સીમુર્ઘે પોતાનાં મકાન તરફ પાછું ફર્યું અને રૂસ્તમે એકજ રાતમાં ઉપલાં સઘળાં કામોનો અનુભવ મેળવ્યો! ઉપલી તમામ વાર્તા ગોયા "અરેબ્યન નાઇટ્સ" માંની વાર્તા વાંચતા હોઇએ તેવી લાગે છે. રૂસ્તમ અને રક્ષનું જખમી હાલતમાંથી તુરતાતુરત તનદુરસ્ત હાલતમાં આવી જવું અને રાતોરાત "ચીનના દરિયા" જેવે દૂરદરાજ ઠેકાણે જઇ તેજ રાતે પાછું ફરવું, અને બીજી સહવારે લડાઇ માટે

1—બીજાઓ મુજબ સીમુર્ઘે રૂસ્તમનાં બદનમાંથી ૧૬૦ અને રક્ષની પીઠ ઉપરથી ૬૦ તીર ખેંચી કહાડયા હતા—"શાહાનામુ," દફ૦ ૩, સફે ૧૮૪.

1—આ દરિયો કયાં હતો તેની કશી નિશાની નહિ આપતાં શાયર તેનો ઇશારો વારંવાર કર્યો જાય છે. આપણે જોઈ ચુકયા છિયે કે આ ઇશારો આગળ જેને માટે થયો હતો તે આજના કેસ્પીઅન સમુદ્ર માટે હતો. પણ હાલનો દરિયો તે સીસ્તાનની પડોશમાંના હામુન સરોવર માટે હોય એમ લાગે છે.

તૈયાર થવું, એ સઘળું કોઇ પરસ્તાન જેવા મુલ્કમાંજ બની શકતું હોય! વળી સીમુર્ગે રૂસ્તમને એક હફતા સુધી આસાયશ લેવા ફરમાવ્યા છતાં તેણે તેમ કીધું નહિ, અને સીમુર્ગે પોતે તેને તેજ રાત્રે પોતાની જોડે લાંબી મુસાફરીએ લઇ જઇને તેમ કરવા દીધું નહિ, એ બનાવ પણ વાર્તામાં કેટલી બધી અતિશયોક્તિ કરવામાં આવી છે તે બતાવે છે. જો શાયર ચાહત તો એમ દર્શાવી શકત કે સીમુર્ગ નામના દાના હકીમે રૂસ્તમના તથા રક્ષના જખ્મો ઉપર મલમ પટા કીધો, અને તેમના સાજા થવા પછી રૂસ્તમને લડાઇમાં ઉતરવાની રજા આપી.

રૂસ્તમ શાહજાદાને વિનવે છે.

હવે રૂસ્તમ સીમુર્ગના ફરમાવ્યા મુજબનો બે કાપલાનો તીર બનાવીને નદી પસાર કરી ટેકરી ઉપર જઇ ઉભો, અને પુકાર મારી પોતાની હાજરી બાબે અસ્ફંદિયારને વાકેફ કીધો. તે શાહજાદાએ સાંભળ્યું હશે કે બુઢો જાલ એક જાદુગર છે અને આફતાબ સુધી પોતાની જાદુઇ લંબાવી શકે છે, માટે તેણે ખચીત માન્યું કે મરવા પડેલો રૂસ્તમ અને તેનો રક્ષ જીવતા થઇ પાછા આવ્યા છે તે જાલની જાદુઇની અસરથીજ હોવું જોઇયે! તેણે લડવા માટે સામો આવ્યા પછી પોતાના હરીફને આમ કહી પણ બતાવ્યું કે જાલની જાદુગરીથી તું જીવવા પામ્યો ન હોત તો તારે માટે ભૂમિદાનો ખાડો તૈયારજ હતો!

રૂસ્તમે શાહજાદાના ગમે એવા અપમાન ભરેલા શબ્દોની દરકાર નહિ રાખતાં સીમુર્ગની શીખામણ મુજબ તેની તાબેદારીની વાતો કરવા માંડી તથા તેને લડાઇથી પાછો ફેરવવા માગ્યો. તેણે "સાચા જરતોસ્ત" અને "ભલી દીન" ના તેમજ નૂશઆજર આતશના અને ખુદાઇ ખોરેહના, તથા વળી આફતાબ અને માહતાબ જોડે અવસ્તા વ જંદના કસમ ખાઇને અર્જ ગુજારી કે જંગથી પાછું ફરવુ, ગઇ ગુજરી ભૂલી જવી, તથા જાબુલના મહેલમાં બિરાજવું. રૂસ્તમે વળી ઉમેર્યું કે—મારો તમામ ખજાનો તું તારાં લશ્કરને વહેંચી આપ. અને તું જો ફરમાવશે તો તારા ઘોડાની જોડેજોડ હું પગે ચાલતો તારી સાથે શાહની હજુરમાં હાજર થઇશ. જો તે મારી ગર્દન કાપવાનો હુકમ આપશે અથવા મને બેડી ઠોકવા ફરમાવશે તો હું તેથીબી રાજી થઇ સંતોષ પામીશ.

બે કાપલાના તીરનું કાર્ય.

અસ્ફંદિયારને આ સઘળા સખુનો ઠગાઇ જેવા લાગ્યા. રૂસ્તમે ફરીથી તેને સમજાવ્યો કે આ કામથી ખરાબી સિવાય બીજું કશું પરિણામ નિપજવાનું નથી. અંતે પુષ્કળ કાલાવાલા છતાં શાહજાદો સમજ્યો નહિ અને એકજ બોલને વળગી રહ્યો કે રૂસ્તમે બેડી સાથ શાહની દરબારમાં હાજર થવું, ત્યારે જહાં પેહલવાન માટે લડવા વિના બીજો ઇલાજ હતો નહિ. તેણે પોતાની કમાન ઉપર પેલો નવો બનાવેલો તીર ચઢાવેલો તૈયાર રાખ્યો, યજદાંની બંદગી કરી પોતે કેટલો બેગુનાહ છે તે જાહેર કીધું, અને જ્યારે આ વાતની ઢીલથી કંટાળી જઇને અસ્ફંદિયારે તેના ઉપર તીર ફેંકવાની ચેતવણી આપી ત્યારે રૂસ્તમે એકદમ ઝડપથી પોતાનોજ તીર તે શાહજાદાની આંખો ઉપર ટાંકયો અને તત્કાળ તેને આંધળો બનાવી દીધો.[1]

રૂસ્તમે તેને લાઇલાજ જોઇ કહ્યું, કે—આ આફત તેં પોતેજ તારા સર ઉપર આણી છે. તું તો કહેતો હતો કે તું તો રૂઇનતન

૧—બીજાં શાહનામાઓમાં જણાવ્યા પ્રમાણે રૂસ્તમે છેલ્લી અ.જ પશુતનને કીધી અને તેને જણાવ્યું કે મારા કાલાવાલા છતાં તારો ભાઇ સમજતો નથી માટે જો એ મારા હાથ ઉપર માર્યો જાય તો તેમાં મારો વાંક નથી તેનો તું શાહેદ રહેજે.

વળી બીજે ઠેકાણે આમ પણ જણાવ્યું છે પહેલો તીર અસ્ફંદિયારે છોડયા પછીજ રૂસ્તમે તેના ઉપર પોતાનો તીર છોડયો હતો.

(કાંસાંની દેહનો) છે અને આસ્માનને પણ ઝીરોજબર કરે છે. પણ તું તો માત્ર એકજ તીરનો ભોગ થઇ પડયો છે!

અસ્ફંદિયારનું મોત.

પેલી તરફથી અસ્ફંદિયારની બતંગ હાલતની ખબર પડતાંજ પશુતન, બેહમન વગેરે ઇરાની નામંદારો દોડયા આવ્યા અને માતમ કરવા લાગ્યા. મરણતોલ જખ્મી થયલા શાહજાદાએ તેમને ધીરજ આપી, તીરનો કાપલો આંખમાંથી ખેંચી કહાડયો, અને કહ્યું કે જાલના રૂસ્તમે મને પોતાનાં બળથી માર્યો નથી. જુઓ આ ગેજના લાકડાંનો તીર! જાલ અને રૂસ્તમ અને સીમુર્ગની જાદુઇથી આમ બન્યું છે.

મરતા શાહજાદાએ રૂસ્તમને પોતાની નજદીક બોલાવીને તેને પોતાના બેટા બેહમનનો રક્ષક ઠરાવ્યો, અને તેની રાહનુમાઇનું કામ તેને સોંપ્યું. રૂસ્તમની આંખમાં પણ પાણી આવી ગયાં. જાલ, જવારા, ફરામર્ઝ વગેરેને ખબર પડવાથી તેઓ સઘળા પણ ત્યાં આવી પુગ્યા, અને તે સર્વની ગમખારી વચ્ચે અસ્ફંદિયારે કહ્યું કે—આ કામમાં રૂસ્તમનો કે મોતનો કે તીર કમાનનો કસુર નથી, પણ શાહ ગુસ્તાસ્પને લીધે મારો આ હાલ થયો છે. અને આ બાબતમાં અસ્ફંદિયારે પોતાના બાપને ખુલ્લા શબ્દોમાં પોતાના ભાઇ પશુતન મારફતે કહેવાડી સઘળી ખરાબીનો દોષ તેનેજ માથે મુકયો. રૂસ્તમે શાહજાદા બેહમનને લગતી સઘળી વસીહત કબૂલ રાખી અને છાતી ઠોકીને તે બજા લાવવાનો કોલ આપ્યો. "ગુસ્તાસ્પથીજ મને સીતમ પહોંચ્યો છે" એવા છેલ્લા બોલ બોલતાંજ અસ્ફંદિયારે જાન છોડયો.

હવે ટુંકમાં કહિયે તો અસ્ફંદિયારની લાશને સારીપેઠે ગોઠવી ઉંટ પર લાધીને બલ્ખ ખાતે લઇ ગયા, જ્યાં સઘને ખબર પડતાંજ ત્યાં તેમજ આખાં ઇરાનમાં ભારે ગમગીની પેદા થઇ અને એક વર્ષ સુધી તેનો શોક પળાયો.

શાહજાદો બેહમન.

આ વેળા શાહજાદો બેહમન તો પોતાના મર્હુમ બાપનાં ફરમાન મુજબ જાબુલમાં રૂસ્તમની પનાહ હેઠળ રહેલો હતો, જ્યાં તેને પેહલવાન તેમજ પાદશાહને લાયકના સર્વ હુનરો શીખવવામાં આવતા હતા. આના સંબંધમાં રૂસ્તમ અને ગુસ્તાસ્પ વચ્ચે કાગળપત્રો ચાલતાં હતાં અને શાહ આ પેહલવાન ઉપર ખુશ હતો. આ શાહજાદાને લીધે તેઓ વચ્ચે કીના જેવું કાંઇ રહેવા પામ્યું નહિ. શેવટે શાહના ફરમાવ્યાથી રૂસ્તમે શાહજાદા બેહમનને ભારી ધામધુમ સાથ અને પુષ્કળ હદિયા અને નજરાના સાથ તેના બાપાવાની દરબારમાં મોકલી આપ્યો.

બાબ ૧૮ – શાહ ગુશતાસ્પ—૪.

[કયાની વંશની આખર.]

ફસલ ૧—રૂસ્તમનું દગાભરેલું મોત.

શઘ

હવે આપણી આ વાર્તાઓ રૂપી તવારીખનાં શેવટ ઉપર આપણ આવિયે છિયે. અસ્ફંદિયારનાં રૂસ્તમના હાથ ઉપર નિપજેલાં મરણ પછી આ જેહાં પેહલવાન પોતે ઝાઝા દિવસ જીવવા પામ્યો નહિ. સીમુર્ઘે આપણા શાયર મુજબ રૂસ્તમને ચેતવણી આપી મુકી હતી કે તે જો પોતાનાં મોતને માટે તૈયાર હોય તોજ તે અસ્ફંદિયારને મારી શકે. રૂસ્તમે આ જોખમ ખેડવાની હા પાડી હતી, અને તે પછીજ તેની કને અમુક ઝાડનાં લાકડાંનો તીર બનાવી ને શાહજાદાની આંખમાં મારવાનું સીમુર્ગે તેને શીખવ્યું હતું. આખા શાહનામામાં આ કિસમના ભવિષ અને નજૂમ અને સેતારેશનાસીના દાખલા જાબજા મળે છે. તેવોજ એક દાખલો રૂસ્તમના મોતનાં સંબંધમાં પણ મળે છે.

એવું જણાય છે કે બુજર્ગ જાલનો એક ગુલામ સ્ત્રીને પેટે શઘાદ નામનો બેટો પેદા થયો હતો, જેનું ફાલ જોતાં એવું જણાયું હતું કે જ્યારે તે મોટો થશે ત્યારે તે સામ નરીમાનનાં ખાન્દાનના નાશનું કારણ થઇ પડશે અને તેને લીધે સીસ્તાન ખાતેનું તેમનું રાજપાટ નાશ પામશે, ઇરાનમાં રીવર ઉઠશે, અને આ જવાન પોતે પણ ભરજવાનીમાં મરી જશે. આ ભવિષવાણીથી દુખી થઇ જાલે આ બેટાને કાબુલની દરબારમાં મોકલી આપ્યો, જ્યાંના રાજાએ તેને પોતાના બેટા દાખલ ઉછેર્યો, અને તેને પેહલવાનને લાયકનો હુનર શીખવ્યો. પછી આ રાજાએ તેને લાયક જોઇ પોતાનો જમાઇ કીધો, અને એ રીતે આ બન્નેની જોડી સુખસંતોષથી વસવા લાગી.

રૂસ્તમના નાશની યોજના.

હવે કાબુલનો પ્રાંત જાબુલના તાબા હેઠળ હતો, અને જેહાંપેહલવાન રૂસ્તમ ત્યાંના રાજા કનેથી ખંડણી લેતો હતો. પણ હવે જ્યારે તેનો ભાઇ શઘાદ આ રાજાનો દામાદ થયો છે માટે રૂસ્તમ તેની કનેથી લેવામાં આવતી ખંડણી માફ કરશે એવો આ રાજાને ભરોસો હતો, અને શઘાદે પણ તેને એવીજ ઉમેદ આપી હતી. પણ રૂસ્તમે ખંડણી માફ નહિ કરતાં તે લેવી ચાલુ રાખી. આથી ને સસરા જમાઇને બહુ ગુસ્સો ઉપજ્યો, અને શઘાદની ઉશ્કેરણી ઉપરથી તેઓએ રૂસ્તમનું કાટલું કહાડવાનો કરદ કીધો. તેણે રાજાને શીખવ્યું કે—તું એક મોટી જિયાફત બનાવ, કાબુલના મોટા મોટિયારોને દાવત કર, અને શરાબની ઝુમમાં હું કાંઇ બોલું તેના જવાબમાં તું મારું અપમાન કરજે, જે ઉપરથી રીસે ભરાઇને હું જાબુલ ચાલ્યો જઇશ. મારા ભાઇ અને બાપ આગળ તારી નાલેસી કરી તારી સામે તેમનો ગુસ્સો ઉશ્કેરીશ, પછી રૂસ્તમ તને સજા કરવા આવે ત્યારે તું કરગરીને માફી ચાહજે, અને પછી રૂસ્તમને શીકારગાહનું દાવત કરી તેની સારી પેઠે મેહમાનદારી કરજે. જ્યારે શીકારે જવાનો સમો આવે ત્યારે તું શીકારગાહ ખાતે આગમજથી ઉંડા ખાડા ખોદાવીને તેઓમાં ભાલાં, તલવાર, વગેરે હથિયારોને ઉભાં દટાવજે, અને તે ઉપર એવી રીતનું ઘાસનું પડ બનાવી લેજે કે નીચે ખાડો છે એવું કોઇને

માલુમ પડેજ નહિ. આ ખાડામાં રૂસ્તમ પડશે અને એ રીતે તેનું શેવટ આવી જશે.

સસેરા જમાઇ વચ્ચે તડાતડી.

શઘાદની આ કારસ્તાની કાબુલના રાજાને બહુ ગમી. તેની સૂચના મુજબ તેણે જિયાફત આપી, જેમાં શરાબની લહેરમાં આવી શઘાદ બડાઇ મારવા લાગ્યો કે—આ બધા જેઓ અહીં ભેગા થયા છે તેઓમાં હું સૌથી બુલંદ દરજાનો છું—કાબુલના રાજા કરતાં પણ મારો દરજ્જો ચઢતો છે—કારણ કે જાલ જેવો દાના મારો પિદર છે, અને રૂસ્તમ જેવો જોહાં પેહલવાન મારો બિરાદર છે. આથી ચઢતો દરજ્જો કોણનો હોઇ શકે?

આ સખુનોથી ગોયા કાબુલના રાજાને બહુ માઠું લાગ્યું હોય તેમ આગમજથી કરી રાખેલા પ્રપંચ મુજબ તે શઘાદ ઉપર ઉતરી પડ્યો અને તેનું અપમાન કરવા લાગ્યો. તેણે જવાબ આપ્યો કે—તું કોણ છે તે હવે મારે ઝાઝો વાર છુપું રાખવું નથી. તું કાંઇ સામ નરીમાનની ઓલાદનો નથી, તેમ તું રૂસ્તમનો ભાઇ પણ નથી. જાલ તો તારૂં નામ પણ લેતો નથી. તું તો તેની ગુલામડીને પેટનો છે, પણ રૂસ્તમની મા તો અમારા કાબુલના આગળા શાહની શાહજાદી છે.

પ્રપંચની ફતેહ—રૂસ્તમનો અંત.

આ તાને, શઘાદને કાબુલ છોડી જવા માટે પુરતો ગણાયો. તે જાબુલ ચાલી ગયો, રૂસ્તમ અને જાલને જઇ મળ્યો, કાબુલના શાહની ફરિયાદ કરી દાદ માગી અને રૂસ્તમ લસ્કર લઇ તેને સજા કરવા તૈયાર થયો. પણ રૂસ્તમ આવે છે એમ જાણતાંજ પેલો બેવકુફ શાહ ઉઘાડે પગે અને ખોડે માથે રૂસ્તમને અધવચ રસ્તે જઇ મળ્યો, પુષ્કળ માફી ચાહી, અને છાકટપણાંમાં હલકા સખુનો બોલવાનો એકરાર કરી પસ્તાવો કરવા લાગ્યો. રૂસ્તમે શઘાદના માગી લેવાથી તેની તકસીર માફ કીધી, અને પછી શાહના મેહમાન તરીકે રૂસ્તમ કાબુલમાં થોડા દહાડા રહેવાને રાજી થયો. એક દિને તેઓ શિકારે નીકળ્યા. ટોળકી મોટી હતી, પણ બીજાઓ જ્યારે અહીંતહીં વિખરાઇ ગયા ત્યારે રૂસ્તમ અને તેનો ભાઇ જવારા જે તેની જોડેજ હતો તેઓ પેલા છુપા ખાડાઓવાળે રસ્તે આગળ વધ્યા. રૂસ્તમ રક્ષ ઉપર સવાર થયલો હતો. તેની ખાંધે તીર કમાન તથા કમરે હથિયારો હતાં. રક્ષ જમીન સુંઘતો આગળ વધ્યો ત્યારે તેને તૈયાર કીધેલી જમીનની માટીનો સુંઘાર ગમ્યો નહિ. તે ગોળ ફરી જવા લાગ્યો અને જે રસ્તે રૂસ્તમ તેને ચલાવવા માંગતો હતો તે રસ્તે આગળ વધવાની ના પાડતો જણાયો. રૂસ્તમને તેની આ વર્તણુક ગમી નહિ, તેણે ચાબુક લગાવ્યો, રક્ષ ગમે એવો નામરજી છતાં તાબેદારીથી આગળ વધ્યો, ખાડામાં તે સપડાયો, અને તે અને તેનો સવાર તે માંહેલાં વહેતાં હથિયારોથી લોહીલુહાન થઇ ગયા.

આ મામલો રૂસ્તમ પામી ગયો. શઘાદ તેની નજદીકીમાંજ હતો તેણે આ દગો કરેલો છે અને તેની જોડે તેનો સસરો મળેલો છે એમ રૂસ્તમ ચેતી ગયો. તેના પગ કપાઇ ગયા અને છાતી સુધી તે સખ્ત જખ્મી થયો. રક્ષની હાલત એ કરતાં પણ વધારે ખરાબ હતી. હવે બચવાનો માર્ગ હતોજ નહિ. તેઓથી ખાડામાંથી બાહેર નીકળાયું નહિ. જોહાંપેહલવાને પોતાનું મોત નજદીક જોયું. તેણે શઘાદને ઠપકો આપ્યો અને કહ્યું કે—આ ગુનાહનો બદલો તને જલદીથી મળ્યા વિના રહેનાર નથી.

શઘાદે કપટી દિલથી જવાબ આપ્યો કે—ખુદાએ તને વાજબી સજા કીધી છે, કારણ કે તેં કાંઇ લડાઇ, લુટ અને ખૂનરેજીનાં થોડાં કામો કીધાં નથી.

આ વખતે કાબુલનો રાજા ખબર પડ્યાથી ત્યાં આવી લાગ્યો અને બનેલા બનાવને અફસ-

બાત ગણીને રૂસ્તમને માટે મદદ મંગાવવાની કોશીશ કરવા લાગ્યો. પણ જેહાંપેહલવાને તેને તેવું કાંઇ પણ કરતો અટકાવીને કહ્યું કે—મારો બેટો, મારી ચશ્મ, ફરામર્જ આ ખૂનનો બદલો તારી કનેથી લેવાને ચુકશે નહિ.

કર ને જો !

પછી રૂસ્તમે શધાદને કહ્યું કે—મારા આ હાલ થયા છે તો ખેર. પણ સિંહો મને પોતાનો શીકાર બનાવવા આવી મને હલાક કરે અને જીવતો ખાઇ જાય તેમને મારાથી દૂર રાખવાને મને બની આવે તેટલામાટે" તું મારી કમાન મારી બાંયેથી છોડીને મારી આગળ બે તીર સાથે મુક.

શધાદે ધ્રુજતે હાથે રૂસ્તમની કમાન છોડીને બે તીર સાથ તેની આગળ મુકી. એજ વખ્તે રૂસ્તમે ચીલ્લો ચઢાવીને એક તીર એટલા તો જોરથી શધાદ તરફ ફેંક્યો કે તે બદબખ્ત માણસ એક મોટાં ઝાડની પછવાડે છુપાઇ ગયો હતો તે ઝાડને આરપાર વીંધી તે તીર તેનાં બદનમાં પેઠો અને એ રીતે તે તીરે તેને ઝાડ સાથ સીવી લીધો. આ રીતે પોતાનું છેલ્લું વેર લઇને રૂસ્તમ મરણ પામ્યો. અને શધાદની પણ આખર આવી. તેનો ભાઇ જવારા બીજા ખાડામાં પડયો હતો તે પણ જખ્મી થઇને મરી ગયો.

આ રીતે જાલનાં ખાન્દાનની નામદારીની આખર આવી. રૂસ્તમનો બેટો ફરામર્જ લશ્કર લઇ કાબુલ ઉપર ચઢી ગયો, પણ ત્યાંનો રાજા અને બીજા સરદારો વગેરે સઘળા નાસી ગયલા જણાયા. લોકો રૂસ્તમનાં ખૂન માટે વિલાપ કરતાં જણાયાં. ફરામર્જે પોતાના બાપ અને કાકાની લાશ ખાડાઓમાંથી બાહેર કહડાવી અને તેમને ગુલાબ જળથી ધોવાડી, સાફ કરાવી, તથા કસ્તુરી વગેરે સુગંધીથી તર કરીને તેમને સ્વચ્છ કપડાં પહેરાવ્યાં, અને પછી સઘળાઓ જાબુલ તરફ ચાલ્યા. રક્ષની લાશને પણ બાહેર કહાડીને એક હાથી ઉપર ચઢાવી હતી. એક બાગમાં દખ્મું બનાવીને ત્યાં બે તખ્ત ઉપર રૂસ્તમ અને જવારાની લાશોને સામસામે ગોઠવી, અને તેના દરવાજા આગળ રક્ષને ભૂમિદા કીધો.

આ પછી ફરામર્જ કાબુલના રાજાને સજા કરવા લશ્કર લઇ ગયો, ત્યારે તે ખૂની બની આવ્યું તેટલું લશ્કર લઇ સામો થયો. લડાઇ ચાલી તેમાં આ રાજા જીવતો કેદ પકડાયો, તેનું લશ્કર માર ખાઇ નાસી ગયું. શીકારગાહમાં ખાડા ખોદાવી ત્યાં ફરામર્જે આ રાજાને ઉંધે મસ્તક લટકાવ્યો, અને તેની તથા શધાદ વગેરેની લાશોને બાળીને ભસ્મ કીધી. પછી એક જાબુલી અમીરને કાબુલનો હાકમ ઠરાવવામાં આવ્યો.

રૂસ્તમની લાંબી ઉમર.

રૂસ્તમ પાનશો વર્ષ જીવ્યો હતો, પણ તેનાં માબાપ—જાલ અને રૂદાબેહ—જેઓ હજી હયાત હતાં, તેમની ઉમર તો તેના કરતાં વધારે હતી. અહીં પાછો સવાલ ઉભો થાય છે કે શું રૂસ્તમ આટલાં બધાં વર્ષ જીવ્યો હશે ? જો તે લડાઇ, રંજ, અને મારફાડ છતાં આટલાં વર્ષ જીવે તો કયકોબાદથી કયગુસ્તાસ્પ સુધીના શાહો એટલી લાંબી ઉમર કાં નહિ ગુજારી શકે ! અમને તો લાગે છે કે જો રૂસ્તમ જેવો જેહાં પેહલવાન હસ્તી ભોગવી ગયો હોય અને તે ખરેખરો તવારીખી પુરૂષ થઇ ગયો હોય તો તેની લાંબી ઉમરની મુદતમાં એક નહિ પણ અનેક રૂસ્તમ હસ્તી ભોગવી ગયલા હોવા જોઇયે—એક આખા રૂસ્તમી વંશના અમલની આ મુદત હોવી જોઇયે. જે રૂસ્તમ તેના ભાઈ શધાદના હાથ ઉપર દગાથી માર્યો ગયો તે શાહજાદી રૂદાબેહનું પેટ ચીરીને બાહેર કહાડેલો પીલતન નહિ પણ તેની ઓલાદનો કોઇ છેલ્લો રૂસ્તમ હોવો જોઇયે.

ફસલ ૨—ગુસ્તાસ્પ પછી ઇરાનની હાલત.

શાહ બેહમન.

શાયરના જણાવ્યા પ્રમાણે રૂસ્તમની આખર પછી શાહ ગુસ્તાસ્પ ઝાઝો વખ્ત જીવવા પામ્યો નહિ. પોતાના રોઇનતન બેટાનાં અકાળ મરણથી તેને બહુ ગમ લાગ્યો, તો જોકે તેને જાણી જોઇને મોતને ધરે તેણેજ મોકળ્યો હતો. તેણે જામાસ્પ વજીરને બોલાવીને કહ્યું કે—મારી પછી તખ્તનો ધણી શાહજાદો બેહમન થશે અને પશુતન તેને રૂડી સલાહ આપશે. તું બેહમનના હુકમ પ્રમાણે ચાલજે, વફાદારીથી સેવા બજાવજે; અને દરેક બાબતમાં તેનો રાહબર થજે.

આ પછી શાહે બેહમનને ખજાનાની ચાવી હવાલે કરી તેને પોતાનો વારસ ઠરાવ્યો. શાયર કહે છે કે ગુસ્તાસ્પે ૧૨૦ વર્ષ રાજ્ય ભોગવ્યા પછી તેનું મરણ નિપજ્યું. તેનું દખ્મું બનાવવામાં આવ્યું, જ્યાં તખ્ત ગોઠવીને તેને માથે તાજ લટકાવ્યું, અને આ રીતે તેની આખર આવી.[1]

કયાની અને હખામની શાહોની ભેળસેળ.

ફિર્દૌસી ગુસ્તાસ્પ પછી તેના નબીરા બેહમનને કયાની શાહ ગણાવે છે અને ત્યારબાદ, હોમાય ચેહરી, દારાબ, દારા અને સિકંદરના અમલોનું વર્ણન કરે છે, પણ અહીં તેણે મોટું ગોથું ખાધું છે અને તેજ ગોથું કેટલાક ગ્રંથોમાં આજીખી ખવાતું જોવામાં આવે છે. આપણ કબૂલ કરીશું કે ગુસ્તાસ્પ પછી ઘણી મુદ્દત સુધી કયાની વંશની જાહોજલાલી ઇરાનમાં ચાલુ રહી હતી. પણ બેહમનથી દારા સુધીના શાહો તે કાંઇ ગુસ્તાસ્પ પછીના કયાની શાહો નથી. તેઓ તો કયાની પછી લાંબી મુદ્દતે રાજ ભોગવી ગયલા હખામની ટોળીના પાર્સી પાદશાહોના વંશના છેલ્લા શાહો છે, જેમને ફિર્દૌસીએ કયાની વંશમાં ગોઠવી આપ્યા છે. અવસ્તાવાણીમાં છેક ગયોમર્દ અને હોશંગથી ગુસ્તાસ્પ સુધીના શાહોના ઇશારાઓ મળે છે; પણ ગુસ્તાસ્પ પછીથી આ ઇશારાઓ સદંતર બંધ થાય છે. જાણે કે ગુસ્તાસ્પ પછી કયાની વંશ નાબુદ થયો હોય તેમ એ શાહ પછી જેમ જરતોસ્તી મજહબની તમામ હકીકત બંધ થાય છે તેમ કયાની બોરેહની વાતો પણ બંધ થાય છે. આ ધર્મ-સાહિત્યમાંથી ગુસ્તાસ્પ પછી કોઇપણ શાહનાં ફરોહરને માન સાથ યાદ કરવામાં આવ્યું નથી. ત્યાં તેના બહાદુર બેટા સ્પેન્તોદાત (અસ્ફંદિયાર) નું નામ ધર્મનો ફેલાવો કરનાર તરીકે મળે છે ખરું, પણ તેણે શાહ તરીકે રાજ કીધેલું જણાતું નથી. ત્યાં બહમનનું કે તેના પછીના શાહોનું નામ મળતું નથી. તે તો નહિજ મળે, કારણકે તેઓ કાંઇ કયાની શાહો ન હતા. પણ ગુસ્તાસ્પ પછી બીજા કયા કયા કયાની શાહો હતા, અથવા હતા કે નહિ, અને તેના પછી એ વંશની આખર આવી હતી કે કેમ તે વિષે કશું મળતું નથી. કયાની શાહો બાબેના ઇશારા અગત્ય કરીને થોડીક યસ્નોનાં ભણતરમાંથીજ મળે છે, પણ આ યસ્નો ગુસ્તાસ્પની છેલ્લી વખાણ ગાઇને ચુપ થઇ જાય છે. જેમ શાહનામુ તેમજ બુન્દેહશ પણ એકસરખી ભૂલ કરીને હખામની વંશના છેલ્લા ચાર પાદશાહોને કયાની વંશના ગણાવે છે. પણ આ ભૂલ અત્યાર આગમજની અનેક ઠેકાણે બતાવી આપવામાં આવી છે.[2] આ બે એકેકથી

[1] ૧—અશો જરતોસ્તે લાશને ઠેકાણે પાડવા માટેનાં કેવા ફરમાનો આપ્યાં હશે તે આપણ જાણતા નથી. જરતોસ્તીઓ તેમના પેગમ્બર પછી, અને માજદયસ્નાનો પેગમ્બર સાહેબની આગમજ લાશને ઠેકાણે પાડવાની કેવી ગોઠવણ કરતા હતા તે અવસ્તાવાણીમાંથી મળતું નથી. શાયર જે કાંઇ જણાવી જાય છે તે ઉપર ભરૂસો મુકવા જેવી શહાદતો આપણને મળી નથી.

[2] ૨—જુઓ અમારી "તવારીખે હખામનીઆન," બાબ ૫, ફસલ ૨. વળી જુઓ અમારી "તારીખે શાહાને ઇરાન", દફતર ૧, બાબ ૩૫.

જુદાં વંશો છે, અને તેઓ વચ્ચે આશરે બે હજાર વર્ષનો ગાળો જણાય છે. તોપણ ઇ૦ પૂ૦ ૮ મી સદીથી ઇરાનની તવારીખ પાછી સજીવન થતી જણાય છે, અને તે હખામની વંશ આગમજ મીડયન વંશની પાદશાહતની તવારીખ છે. પણ ત્યારે તે આગમજનાં વર્ષોમાં ઇરાનની હાલત કેવી હતી? ત્યાં કોણનું રાજ્ય ચાલતું હતું? કહેવામાં આવે છે તેમ ત્યાં ઍસીર્યન અમલ કયારથી ચાલુ થયો હતો? આ પરદેશી અમલની આખરી ઇરાનમાંથીજ નહિ પણ ખુદ ઍસીર્યા દેશમાંથી પણ લાવનારાં અને એ શાહાનશાહતના ભાગલા પાડી લેનારાં રાજ્યોમાં બે ઇરાનને લગતાં હતાં:—એક મીડયન રાજ્ય અને બીજું પાર્સી રાજ્ય. પાર્સી રાજ્ય આ વેળા ખીલી નીકળ્યું ન હતું, તો જોકે તે આ આગમજનું હસ્તીમાં હતું. વળી તે આ વેળા ઇરાનમાં હરીફામ થયું ન હતું, પણ ઍસીર્યાનું ખંડયું રાજ્ય હતું, અને ઉરૂમિયા (ચયચેસ્ત) સરોવર તરફ ફેલાયલું હતું. આ નાનકડાં પાર્સી રાજ્યની મદદ લઇને મીડ રાજ્યના પાદશાહ કયક્ષરીસે ઍસીર્યા ફતેહ કરી તેનો અંત આણ્યો. (ઇ૦ પૂ૦ ૬૦૬)

મદા અને મન્દા.

હવે આ મીડયાનાં રાજ્યની તવારીખ જે અમો અગાડી[1] આપી ગયા છિયે, જેના સંબંધમાં એક અગત્યની બાબતની ટુંક નોંધ આ ઠેકાણે લેવી જોઇયે. આ બાબત નવીજ છે, કારણ કે તે હમણાજ અજવાળાંમાં આવી છે, અને તે એ કે જેમને આપણ "મીડ"ને નામે યુનાનીઓને આધારે ઓળખતા આવ્યા છિયે તેઓ કાંઇ સઘળાજ મીડ અથવા મજુસી ધર્મવાળા ન હતા. પાદશાહ દારાયસ હીસ્તાસ્પીસના નક્ષે રૂસ્તમ પહાડ ઉપરના લેખોમાં જેઓ "મીદ" હતા તેમને "મદઇ"ને નામે ઓળખ્યા છે. હાલ બેબીલન ભણી થતાં જુનાં ખંડેરોનાં ખોદકામોમાંથી ત્યાંના પુરાણાં લોકોની તવારીખ મળી આવી છે તેમાંથી મદા નામ મળે છે અને તે મીડ લોકો માટે છે. પણ તેમાંથી "મન્દા" જેવું એક નવું નામ પણ મળી આવ્યું છે, જે ઉપરથી જણાય છે કે "મદા" (મીડ) અને "મન્દા" નામના બે જુદા જુદા ટોળાઓ હતા. ત્યારે આ મન્દા તે કોણ? મદા યાને મીડ આર્ય ટોળો હતો, પણ "મન્દા" તે તુરાનીઓના ભટકતા ટોળાઓમાંનો એક હતો. આ ભટકતા લોકોએ મીડ લોકો (તખ્તી પ્રમાણે "મદા") લોકોનાં રાજ્ય મીડિયા ઉપર દરોડો પાડયો હતો અને મદા લોકોએ આ મન્દા લોકોને પોતાના પાદશાહ કયક્ષરીસની સરદારી હેઠળ મારી કહાડયા હતા. હવે હખામની ટોળાના પાર્સી પાદશાહ કુરૂશ અથવા ખુસરૂ (ગ્રીકરૂપ "કાઇરસ") એ એસ્ટાયજીસ નામના જે મીડ રાજાને હરાવી તેનું રાજ્ય પોતાનાં રાજ્ય સાથ જોડી દીધું તે કાંઇ મીડિયાનું મોટું રાજ્ય ન હતું, અને એસ્ટાયજીસ કાંઇ મીડ રાજા ન હતો. છેલ્લી શોધ મુજબ આ ઍસ્ટાયજીસ પાદશાહનું અસલ નામ "ઇસ્તવેગુ" હતું, જે ઉપરથી યુનાનીઓએ તેનું નામ ઉપર મુજબ બિગાડી નાખ્યું હતું, એટલુંજ નહિ પણ તે "મન્દા" યાને ભટકતા તુરાની ટોળાનો હોવા છતાં "મદા" અને "મન્દા" નામો એક બીજાને મળતાં આવતાં હોવાથી એ બંન્નેને એકજ સમજીને યુનાની લખનારાઓ, મન્દાના રાજા ઇસ્તવેગુને મીદ લોકોનો રાજા સમજી તથા સમજાવી ગયા છે. હાલ ખોદી કહાડવામાં આવેલી બૅબીલોન્યન તખ્તીઓ મુજબ મદા અને મન્દા એક નહિ પણ જુદા ટોળા હતા. મદા તે મીડ લોકો હતા, જેમની મોટી પાદશાહત હતી; મન્દા તો મધ્ય એશિયા ખાતેથી મસ મોટી સંખ્યામાં ખોરાકી શોધવા અને મુલકગીરી કરવા ઉતરી પડેલા લુટારાઓ હતા. હવે હીરોડોટસ જણાવી ગયો છે તેમ જો

---

[1]—જુઓ "તારીખે શાહાને ઇરાન," દફતર ૨ જું, સફે ૧ થી ૧૭.

ઍસ્ટાયજીસ પાર્સી પાદશાહ મહાન કુરૂશનો મમાવો હોય તો તે મીડ અથવા આર્ય વંશનો નહિ પણ તુરાની વંશનો રાજા હતો.[૧] આ મન્દા લૂટારાઓ મીડિયામાં ઉતરી પડી ૨૮) વર્ષ સુધી તેના ધણી થઇ બેઠા હતા, જેમને યુનાનીઓ સ્કીથ્યનને નામે ઓળખાવી ગયા છે, અને તેમનો છેલ્લો રાજા ઇસ્તુવેગુ—ઍસ્ટાયજીસ—કુરૂશના હાથપર માર્યો ગયો હતો. પણ આમ છતાં કુરૂશે મીડિયા પણ જીત્યું હતું અને તેને પોતાનાં રાજ્ય સાથ જોડી દીધું હતું.

હવે આ બધી તો પાછલી તવારીખ છે. ઇસ્વી પૂર્વે ૮ મી સદી આગમજની તવારીખ આપણને જોઇયે, અને તે ક્યાની શાહ ગુસ્તાસ્પ પછીથી ચાલુ થવી જોઇયે. તે આપણને ક્યાંથી મળે? અત્યાર સુધી માત્ર દંતકથા અથવા કલ્પનાથી એમ મનાતું આવ્યું છે કે એસીરીયાના રાજા નેનસે ઇ. પુ. ૨૦૬૮ માં ઇરાનનાં રાજ્યની સમાપ્તિ આણી ત્યારે ત્યાં હુક્ષથ્ર નામે પાદશાહ હતો. વળી એમ પણ જણાવવામાં આવ્યું છે કે આ સમાપ્તિ જુદાજ પાદશાહના વખતમાં જુદાજ એસીરીયન રાજાએ આણી હતી, અને તે માટેનું વર્ષ પણ જુદું છે.[૨] આમ હોયાથી આ બાબત આપણ અહીંજ પડતી મુકીશું.

પણ બૅબીલોન્યન તવારીખનવેશ બૅરોસસ પોતાના દેશની તવારીખમાં જણાવી ગયો છે કે તેનાં વતનમાં „આઠ પરદેશી રાજાઓ ૨૨૪ વર્ષ સુધી રાજ્ય ભોગવી ગયા હતા. કહે છે કે તેઓમાંના પહેલાનું અથવા સઘળાઓનું નામ "જરતોસ્ત" હતું. જો આમ હોય તો બૅબીલન ખાતે સવા બશો વર્ષ સુધી જરતોસ્તી પાદશાહોનો અમલ ચાલેલો હોવો જોઇયે. આ પાદશાહોએ આ અમલ ક્યારે ચલાવ્યો હશે તે બાબેની કલ્પના અમે અત્યાર આગમજની કરી ચુકયા છિયે.[૩] પણ ત્યારબાદ બાબુલી તખ્તીઓનાં ઉકેલાણ ઉપરથી આ બાબત ઉપર વધુ રોશની પડતી જણાય છે, માટે તેને આધારે આ ઠેકાણે બહુ ટુંક ખુલાસો કરીશું.[૪]

બાબુલના જરતોશ્તી પાદશાહો.

ઇસ્વી પૂર્વે ૨૮૦૦ થી ૨૫૦૦ સુધીની ત્રણ સદી તુલીક યુફ્રેટીસ નદીના પશ્ચિમ કાંઠા ઉપર આવેલાં ઉર નામે શેહરમાં એક પ્રજા અમલ ભોગવી ગયા પછી તેના અમલની આખરી બાદ તે રાજ્યનું શું થયું તેની નોંધ મળી નથી. પણ ઇ. પૂ. ૨૪૦૦ ને શુમારે બૅબીલોન્યાના દક્ષણ ભાગ ઉપર ચઢાઇ લઇ જઇ પાછળથી એ આખા મુલકના પોતે ધણી થઇ બેસનારી એલામી નામે એક પ્રજા જાહેર થઇ છે. બાઇબલમાં એલામ નામે જે મુલ્કનું નામ આવે છે તેજ નામ બાબુલી તખ્તીઓમાંથી પણ મળે છે, અને તેજ મુલ્કમાં રાજ્ય કરનારી આ પ્રજા હતી. તે બહુ પુરાણી પ્રજા જણાય છે, કારણકે ઇ. પૂ. ૪૦૦૦ વર્ષથી તે પોતાના અક્કડી અને શુમીરી નામના પાડાશીઓ સાથ સંબંધમાં આવી ચુકી હતી, કેજે બન્ને પ્રજાઓ આ કરતાં પણ વધારે જુના કાળમાં ટાઇગ્રિસ અને યુફ્રેટીસ નદીઓવાળા મુલ્કની માલેક હતી. આ એલામ તે આજનો

૧—અસ્ટાયજીસ મદા નહિ પણ મન્દા ટોળાનો રાજા હતો તે તેની બેટી અને કુરૂશની માતા "મન્દાને" નાં નામ ઉપરથી પણ નહિ શાબેત થઇ શકે?

૨—આ સર્વ બાબતના વધુ ખુલાસા માટે જુઓ અમારી "તારીખે શાહાને ઇરાન," દફ્‌૦ ૧, ફસલ ૧.

૩—જુઓ વધુ ખુલાસા માટે અમારી "તારીખે શાહાને ઇરાન," દફ્‌૦ ૧, ફસલ ૨.

૪—આ બાબતના લંબાણ ખુલાસા માટે "ઇરાનની તવારીખમાં નવો સફો; બેબીલોન્યામાં રાજ કરી ગયેલા આઠ જરતોશ્તી પાદશાહો; જરતોશ્તી સનેનાં પુરાતનપણાં બાબે મળતો જાણવાજોગ સાબેતી," એવાં નામથી "કયસરે હિંદ" પત્રના જાન્યુઆરિ, ફેબ્રુઆરિ અને મે ૧૯૧૫ નાં જુદા જુદા અંકોમાં પ્રગટ થયેલા "તવારીખનો એક અભ્યાસી" એવા તખલ્લુસથી અમે લખેલા વિષય જુઓ.

૫—ગૉડસ્પીડ: History of the Babylonians and Assyrians, સફે ૬૬-૬૭.

ખુઝીસ્તાન અને અસલી સુસિયાનાનો પ્રાંત છે. અહીંના રાજાઓ કોઇ વાર પોતાના ઉપલા હરીફોનું રાજ્ય લઇ મુકતા અને કોઇવાર એમના મુલકમાં તે શત્રુઓનો અમલ ચાલતો. આમ અવારનવાર બનતું, તેમ એલામી લોકો ઇ. પૂ. ૨૩૦૦ માં ઉરના રાજ્યનો પરાજય કરી નદીઓવાળા મુલક (યાને આજના મૅસોપોટેમ્યાના પ્રાંત)'ના ધણી થયા. અમને લાગે છે કે આ એલામી લોકોના આઠ યા વધતા ઓછા રાજાઓએ બૅબિલોન્યામાં જે અમલ ભોગવ્યો તેજ અમલ બાબે બૅરોસસ ઇશારો કરી ગયો છે. તેના જણાવેલા મીડ રાજાઓનો અમલ રૅાલિન્સન વગેરે મુજબ ઇ. પૂ. ૨૪૪૮ થી ૨૨૨૪ સુધી અમલ ૨૨૪ વર્ષ ચાલ્યો હતો; અને ગૉડસ્પીડ પ્રમાણે તે અમલ ઇ. પૂ. ૨૪૫૦થી ૨૨૫૦ સુધી ૨૦૦ વર્ષ ચાલુ રહ્યો હતો.[૧] બાબુલી તખ્તી પ્રમાણે એલામે ઉરનાં રાજ્યની સમાપ્તિ ઇ. પૂ. ૨૩૦૦ ને શુમારે આણી ત્યાં પોતાનો સ્વતંત્ર અમલ ચાલુ કીધો હતો તે વાત બૅરોસસની બિનાને લગભગ મળતી આવે છે.

એલામ અને મીડિયા.

પણ સવાલ ઉઠશે કે એલામ તે કાંઇ મીડિયા નથી; માટે બૅરોસસ મુજબ મીડ રાજાઓનો અમલ તેજ તખ્તી મુજબના એલામી રાજાઓનો અમલ હતો એમ કેમ કહી શકાય? આનો જવાબ એ છે કે એલામ અને મીડિયા એકેકથી ઘણાં દૂર નથી, અને બૅરોસસના જમાનામાં એલામીઓનાં રાજપાટની યાદ ભૂલી જવાઇ હશે અને તેમની પછી પ્રખ્યાત થયલા મીડ લોકોની પાદશાહતની યાદ તાજી હશે, અને તેથી બૅરોસસે એલામી રાજાઓને બદલે મીડ રાજાઓનો અમલ જાહેર કીધો હશે

હવે જો આં એલામી અમલ તેજ મીડ અમલ સાબેત થાય તો એલામી રાજાઓનો ધર્મ જરતોસ્તી હોવો જોઇયે, અને તેઓ આર્ય ટોળાના ઇરાની હોવા જોઇયે. ઉપલાં દૂરનાં રાજ્યની આખરી આણનાર એલામી રાજા કુદુર-નન્ખુન્દી (કુતિર-નખ્ખુન્તે, કુદુર-નખુન્તા) ને નામે ઓળખાયો છે, જેણે ઇ. પૂ. ૨૨૮૫ થી ૩૦૦૦ સુધીમાં બાબુલનો મુલક સર કરેલો હોવો જોઇયે[૨]. જેમ આ રાજાનાં નામમાં પહેલો શબ્દ "કુદુર" છે તેમ બીજા અનેક એલામી રાજાઓ જેઓ તેની પછી બાબુલમાં અમલ ચલાવી ગયા છે તેમનાં નામનો પહેલો શબ્દ પણ "કુદુર" છે. જેમકે કુદુર-નન્ખુન્દી, કુદુર-લગમર, કુદુર-મબુગ ઇત્યાદિ.[૩] શું તેઓનાં અસલ નામ આપણ આવાંજ હશે? આ તો બાબુલી લેખોમાં જણાવેલાં નામો છે—એ તો સૅમિટિક નામો છે; જો એલામીઓ જરતોસ્તી ટોળાના હોય તો તેમના ઉપલા પાદશાહોનાં નામો જુદાંજ હોવાં જોઇયે; જો તેઓ ઇરાની હોય તો આ કાંઇ ઇરાની નામો નથી. તે નામો તો ભવિષ્યમાં નવાં ખોદકામ ખુદ એલામમાં થાય ને તેમાંથી મળે તો મળે. પણ આ ઉપરથી આપણને તુટેલી સાંકળનું એક વળું મળ્યું છે કે બાબુલી તવારીખમાં ૩૦૦ વર્ષનો ગાળો એલામી અમલથી પુરાય તેમ છે.

ગુસ્તાસ્પ શાહ પછીની ઇરાનની હાલત સંબંધે

૧—સર્ફે ૬૭.

૨—ગોડસ્પીડ મુજબ ઇ. પૂ. ૨૨૮૦ માં આ બનાવ બન્યો હતો.—સર્ફે ૬૭. બીજાઓ ૨૨૬૦ નું વર્ષ આપે છે.

વળી મી૦ રૅગોઝિન જણાવે છે કે બાબુલમાં એલામી અમલ ઇ. પૂ. ૨૨૮૫ થી ૨૦૦૦ સુધીનાં ૨૮૫ વર્ષ ચાલુ રહ્યો હતો.—Chaldea: સર્ફે ૨૧૯.

૩—આ નામોનો શો અર્થ થાય છે તે અત્યારે જણાતું નથી, પણ નન્ખુન્દી તે બાબુલી નના અથવા ઇશ્તર દેવીનું નામ છે, અને કુદુરનો અર્થ "દાસ" અથવા "ચાકર" થાય છે, તેથી આખાં નામ કુદુર-નન્ખુન્દીનો અર્થ "નના દેવીનો દાસ" એવો થવો જોઇયે; જેમકે હિંદુઓમાં અંબા દેવી ઉપરથી અંબાઈદાસ," કાળી દેવી ઉપરથી "કાળીદાસ," તેમ નન્ખુન્દી ઉપરથી "કુદુર-નન્ખુન્દી" એટલે નના-દાસ. એજ રીતે ઉપલાં બાકીનાં નામોના અર્થની શેવટે "દાસ" જેવા બોલ આવવા જોઇયે.

એક પુરાવો મળ્યો છે કે જરતોશ્તી દીન તે શાહ પછી ત્રણસો વર્ષમાં આખર થવાનું પેહલવી પુસ્તકોમાં જણાવ્યું છે તે સત્ય ન હતું; તે પછી તો ઘણાં ઘણાં વર્ષો સુધી કયાની અમલ જોડે તે દીન ચાલુ હતી, અને તે દરમિયાન જરતોશ્તી ટોળાએ બાબુલી મુલકમાં ત્રણ સદી સુધી રાજપાટ ભોગવ્યું હતું. તોપણ આ બાબતમાં વધુ સાબેતીઓ મળવી જોઇયે.

હુઆફ્રીદ.

આ પછી અને મીડિયન પાદશાહત શુરૂ થાય (ઈ૦ પૂ૦ ૮ મી સદી) તે આગમજ ઇરાનમાં એક જરતોશ્તી ટોળો "હુઆફ્રીદ" નામનો જાહેર થયો છે. દીનકર્દ મુજબ આ નામના પાદશાહે સ્થાપેલો વંશ ઇરાનમાં પાદશાહી ભોગવી ગયો છે. આ બાબેનો ઇશારો આવાં પસ્તમાંથી મર્હુમ પ્રસિધ્ધ ધર્માભ્યાસી એરવદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચાએ શોધી આપ્યો છે. પણ આ ધણી કોણ હતો, તેણે કયાં પાદશાહી કીધી, અને તેના વશનો અમલ કેટલી મુદતનો હતો તે હાલ નક્કી થઇ શકે એમ નથી.[1]

૧—આ બાબેના વધુ ખુલાસા માટે જુઓ "તારીખે શાહાને ઇરાન," દફ્૦ ૧, બાબ ૩૭, ફસલ ૨.

તમામ.

કયાની શાહોની વંશાવળિ.

- **શાહ ફરીદૂન** (મૂળ પુરૂષ)
  - **કય કોબાદ (૧)**
    - કય અપીવહુ*
      - **કય કાઉસ (૨)** (=હામાવરાનના રાજાની બેટી સુદાબેહ)
        - કયસિયાવુશ (કર્સીવજની બેટીનો બેટો)
          - (કય ખુસરૂ (૩) અફ્રાસિયાબની બેટી ફરંગીસનો બેટો)
          - ફરૂદ (પીરાનની બેટી જરીરાનો બેટો)
        - ફરીબોર્જ
        - રીવનીજ
      - કય આરશ
      - કય પશીન
        - માનૂશ
          - ઔજવ
            - **કય લોહરાસ્પ (૪)**
              - **કય ગુશતાસ્પ (૫)**
                - અસ્ફંદિયાર (રૂમના શાહની બેટી કતાયૂનના બેટાઓ)
                  - બેહમન
                    - હોમાય
                  - મેહરનૂશ
                  - આજરઅફ્રુજ
                  - નૂશઆજર
                - પશુતન (રૂમના શાહની બેટી કતાયૂનના બેટાઓ)
                - હુમાય (બેટી)
                - બેહઆફ્રીદ (બેટી)
                - નીવજાર
                - અર્દશીર
                - શીદરપ
              - જરીર
                - નસ્તૂર
      - કય અર્મીન

*અવસ્તા (કવિ એપિવંઘુ) અને બુન્દેહશ પ્રમાણે.

કયાની પેહલવાનોની વંશાવળિ.[1]

૧—રૂસ્તમના નિયાગાનો :—

- **શાહ જમ્શીદ,** (મૂળ પુરૂષ)
  - અત્રત
    - કર્શાસ્પ (કેરેશાસ્પ નૈર્યમનાઓ)
      - કરીમાન
        - નરીમાન
          - સામ
            - જાલ (=રૂદાબેહ) (=એક ગુલામડી)
              - રૂસ્તમ
                - સોહરાબ (સમન્ગાનના રાજાની બેટી તેહમીનાનો બેટો)
                - ફરામર્જ
                - બાનુ ગોશસ્પ (ગુદર્જની બેટી શેહરબાનુ ઇરમનો બેટો તથા બેટી)
                  - બીઝન (ગીવનો બેટો)
              - જવારા
              - શઘાદ

૨—કાવે આહુંગારના નબીરાઓ :—

- **કાવા** (મૂળ પુરૂષ)
  - કિશ્વાદ
    - ગુદર્જ
      - બેહરામ
      - રેહહામ
      - ગીવ
        - બીઝન (બાનુ ગોશસ્પનો બેટો)
          - શીરૂઇહ
          - અર્દશીર
          - (શાહ અફ્રાસિયાબની બેટી મનીઝેહના બેટાઓ.)
      - નસ્તૂહ
      - શીદૂશ
      - હજીર
      - (બીજા ઘણા બેટાઓ, જેઓ લાદનની લડાઇમાં માર્યા ગયા હતા.)
      - શેહરબાનુ ઇરમ (રૂસ્તમ સાથ પરણી હતી.)
        - ફરામર્જ
        - બાનુ ગોશસ્પ

---

૧ શાહનામા પ્રમાણે.

શુદ્ધિ પત્ર

સફે.	અશુદ્ધ.	શુદ્ધ.
	જહાક	જહાક
૬૨ (નોટ ૧)	પુ૦	પુ૦ ૧૨ મું: જુનથી સપ્ટેમ્બર ૧૮૮૨.
૬૬	જઇદો	ઇજદો
૧૧૭	...	બન્ધુ૧
૧૨૧	અંગરિસ	અંગિરસ
૧૨૨	ગઓતેમ છે૧	ગઓંતેમ છે.
૧૨૪	ઇ. પૂ. ૬ઠી અને ૭ મી	ઇ. પૂ. ૫ મી અને ૬ઠી
૧૨૬	છે, માટે	નથી, તોપણ
૧૨૬	છે ખરું, પણ	છેજ નહિ. વળી
૧૨૬	આવી તે કાંઇ જરતોસ્ત પછીની ત્રણ સદી નથી.	આવી એમ કહેવું ખરૂં નથી.
૧૨૭	ત્યાં	તેને
૧૩૩ (નોટ)	દૂરાસ્રોબો	દૂરાસ્રોબો
૧૩૬ (નોટ)	વઇવોઇસ્ત	વઇદોઇસ્ત
૧૩૭ (નોટ)	અઇરિચો અથવા અઇારચો	અઇરિચો
૧૪૩	જરનોસ્ત	જરતોશ્ત
૧૪૪	આર્દિતહેશ્ત	આર્દિબહેશ્ત
૧૪૯	દીનકર્દમાં શાહ	દીનકર્દમાં જણાવ્યા પ્રમાણે ત્યાં શાહ
૧૪૯	કલામથી	કલામની
૧૪૯	બળાત્કારીથી	બળત્વારીથી
૧૫૦	રાખી હતી	રાખ્યું હતું
૧૫૧	વરર્ષ	વર્ષ
૧૫૧	અપ્તજાંદુ	અપ્તજાદુ
૧૫૭	શત્રઓ	શત્રુઓ
૧૭૩	Firdaushi	Firdausi
૨૫૨	ત્રણી એકજેંપી રાજાઓ	ત્રણ એકસંપી રાજાઓ
૪૭૩	સફે.	સફે ૧૫૭
૩૭૭	ગુર્જો	ગુર્જો

પા૦ બ૦ દેશાઇકૃત ગ્રંથો.

૧ તવારીખે સાસાનીઆન: યાને ઇરાનના સાસાની તખ્તના પાર્સી પાદશાહોની તાવરીખ (૧૮૮૦) [મળતી નથી.] ૪

૨ શાહજાદો શાહપુર: અથવા મળતા ચેહરાની મુશ્કેલી (નાટક ૫ અંકી—૧૮૮૨)... ... ... ૪

૩ સરોશ: અવસ્તામાંથી મળતું તેનું બયાન; તેની શક્તિ, તેની કીર્તિ, અને બીજા ધર્મના ફરેસ્તાઓ સાથ તેની સરખામણી અને ફર્ક (ઇનામનો રિસાલો—૧૮૮૩). [મુફત વહેંચી.]

૪ નવસારીના મોટા દેશાઇનાં ખાનદાનની તવારીખ (૧૮૮૭). [મુફત વહેંચી.]

૫ પુરાતન જમાનાના પાર્સીઓ; તેઓ વિષે હીરોડોટસનું લખાણ, અને અવસ્તા-વાણી સાથ તેની સરખામણી અને ફર્ક (રિસાલો—૧૮૮૮). ૦ ૧૨

૬ તવારીખે હખામનીઆન: યાને હખામની તખ્તના પાર્સી પાદશાહોની તવારીખ (૧૮૮૯). [મળતી નથી]. ૪

૭ દિલખુશ: અથવા રમુજે પુરસત (૧૮૯૨) [મળતી નથી].... ... ૧ ૪

૮ તારીખે શાહાને ઇરાન: યાને કદીમ જમાનાથી તે પાર્સીઓ હિંદુસ્તાનમાં આવી વસ્યા ત્યાં સુધીની ઇરાનની સંપૂર્ણ તવારીખ (બે દફતરોમાં: રૂ. ૭૦૦ નાં ઇનામનો ગ્રંથ: ૧૮૯૬). [ફુલ ગિલ્ટની જુજ બાકી છે] ૧૨ ૦

૯ અરેબ્યન ટેલ્સ: મનોરંજક અને નીતિ બોધક વાર્તાઓનો સંગ્રહ (દફતર ૧ લું—૧૮૯૭) ૩ ૦

૧૦ નવું જરતોસ્તનામુ: યાને પેગમ્બર સાહેબ અશો જરતોસ્તની જિંદગીનો અહેવાલ (પ્રૉ૦ જૅકસનના ગ્રંથનો તરજુમો), ખુલાસાવાર નોટો સાથે (૧૯૦૦)

૧૧ જરતોસ્તી ઝવાહિરો: અવસ્તામાંથી ચુંટી કહાડેલા દરરોજ ભણવા માટેના ચુનંદા ફકરાઓ, તેમના તરજુમા સાથે (૧૯૦૧). [મળતી નથી] ... ૧ ૮

૧૨ ઍડવર્ડ અને ઍલૅકઝાંડ્રા: યાને બ્રિટિશ શાહાનશાહતનાં રાજારાણીની જિંદગીનું દાસ્તાન (રાસ્ત ગોફતારનો તાજપોશી ગ્રંથ—૧૯૦૩) ... ...

૧૩ અરેબ્યન ટેલ્સ: મનોરંજક અને નીતિબોધક વાર્તાઓનો સંગ્રહ (દફતર ૨ જું—૧૯૦૭) ૩ ૦

૧૪ ગુજરાતી ભાષાનો વૃત્તાન્ત: જેમાં એ ભાષાના જન્મ તથા નવી અને જુની ગુજરાતી, નવા વર્ણો, ગુજરાતીમાં વપરાતા ફાર્સી શબ્દો, વગેરેનું વર્ણન છે (મુફત આપવામાં આવે છે—૧૯૦૮). ... ...

૧૫ ક્રિસ્સે સંજાણુ તથા સંજાણનું પાર્સી સંસ્થાન: એક તવારીખી તપાસ
(૧૯૦૮). [મુફ્ત આપવામાં આવે છે.] ... ...
૧૬ જ્યૉર્જ અને મેરી: યાનો બ્રિટિશ શાહાનશાહતનાં રાજા રાણીની જિંદગીનું
દાસ્તાન (રાસ્ત ગોફ્તારનો તાજપોષી ગ્રંથ—૧૯૧૧)... ... ...
૧૭ અશો જરતોસ્ત: યાને ગાથા, અવસ્તા, પેહલવી અને ફાર્સી એહવાલો ઉપરથી
ઉપજાવેલાં ત્રણ જુદાં જુદાં જરતોસ્તનામાં (૧૯૧૫)... ... ... ૧ ૦
૧૮ તવારીખે કયાનીઆન: યાને કયાની શાહનામુ (૧૯૧૬) ૫ ૦